ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૮૨ • વર્ષ ૨૦૨૬



કિંમત : ₹ ૪૦/-


કાન તારી મોરલિયે મોહીને...
હસમુખ રાવલ
મો. ૯૪૨૭૭૧૦૭૧૧

ગુજરાત

દીપોત્સવી અંક વિક્રમ સંવત : ૨૦૮૨ । વર્ષ : ૨૦૨૬

તંત્રી : માહિતી નિયામક

સહતંત્રી : ડૉ. સંજય કચોટ

સંપાદક : જયેશ દવે

ઉપસંપાદક : ડૉ. ઉર્વી રાવલ, શિરીન સૈયદ

સહસંપાદક : શ્રેયા સાઠે

રેખાંકન : જસ્મીન દવે

વિતરણ વ્યવસ્થા : મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા
પ્રકાશન શાખા, ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરીઓ


પ્રકાશક : માહિતી નિયામકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ

વેબસાઇટ : www.gujaratinformation.gujarat.gov.in

કિંમત : ₹ ૪૦/-

આ અંકમાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત થયેલા
વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં.



સંદેશ

પ્રગતિનો નવો અજવાસ પાથરીએ;
'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત'ના મહાસંકલ્પને સાકાર કરીએ...

જેમ એક દીવો અનંત અંધકારને ભેદીને પ્રકાશનો નવો અજવાસ પાથરે છે, તેમ છ કરોડ ગુજરાતીઓની સામૂહિક ઊર્જા, આત્મનિર્ભરતા અને કૌશલ્યનો પ્રકાશ આજે 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત'ના સંકલ્પનું આલેખન કરી રહ્યો છે. દીપાવલીનું આ પાવન પર્વ આજે આપણાં ઘરોમાં રોશનીની સાથે-સાથે આપણી આર્થિક સમૃદ્ધિ, સુશાસન અને સુરક્ષાના અજવાસ થકી દરેક ગુજરાતીના હૃદયમાં એક નવો આત્મવિશ્વાસ ભરે છે. **"सर्वे भवन्तु सुखिनः"**ના મંત્રને ચરિતાર્થ કરતો આ ઉત્સવ આપણને સૌને સાથે મળીને રાજ્યના પ્રગતિપથ પર વધુ ઝડપથી આગળ વધવાની નવી ઊર્જા અને નવું જોમ પૂરું પાડે છે.

આનંદ અને ઉત્સાહના આ શુભ અવસરે, ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા ખાતે યુનેસ્કો દ્વારા આપણી દીપાવલીને માનવતાના **'અમૂર્ત સાંસ્કૃતિક વારસા'** તરીકે આપેલી વૈશ્વિક માન્યતા એ આપણી સંસ્કૃતિનું મોટું ગૌરવ છે. આ વૈશ્વિક સ્વીકૃતિ **માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના** 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનનો સાક્ષાત્કાર છે. આપણી આજની નવી પેઢી અને યુવાનો જ્યારે આધુનિક ટેક્નોલૉજી અને વૈશ્વિક વિચાર સાથે પોતાનાં મૂળિયાં અને તહેવારોને ગૌરવભેર અપનાવે છે, ત્યારે આપણી સાંસ્કૃતિક અસ્મિતા વધુ બળવત્તર બને છે.

ગુજરાતના આજના આ ઉત્કૃષ્ટ અને ઉત્સાહવર્ધક વાતાવરણનો પાયો **માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા ૨૦૦૧થી શરૂ કરાયેલી સેવા અને સુશાસનની ૨૫ વર્ષની અવિરત તપશ્ચર્યામાં રહેલો છે. 'સંકલ્પ થી સિદ્ધિ'ના માર્ગે ચાલીને તેમણે ગુજરાતને વિશ્વ સમક્ષ 'ગ્રોથ એન્જિન' તરીકે પ્રસ્થાપિત કર્યું છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના શાસનમંત્ર થકી આજે રાજ્યના દરેક ક્ષેત્રમાં થયેલી ક્રાંતિના બળે જ આપણે આ દિવાળી વધુ આનંદ અને ઉલ્લાસભેર ઊજવી રહ્યા છીએ.

રાજ્ય સરકારના 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' (GYAN)ના સશક્તીકરણના વિઝન હેઠળ ગુજરાતના દરેક ક્ષેત્રમાં નવસર્જન થયું છે. કૃષિ અને પશુપાલન ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા 'અમૂલ' અને ડેરી ઉદ્યોગમાં ઉત્પાદકતાનો નવો અધ્યાય શરૂ થયો છે. આ સાથે 'ખેત બચાવો અભિયાન' અને ક્લસ્ટર આધારિત પ્રાકૃતિક ખેતી મૉડેલ દ્વારા રાજ્યના લાખો ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવીને તેમના જીવનમાં સમૃદ્ધિનો અજવાસ પથરાયો છે.

પર્યાવરણની જાળવણી અને ધરતીમાતાના જતન માટે માનનીય વડાપ્રધાનશ્રીના 'મિશન લાઇફ' (LiFE)ના સંદેશને આત્મસાત્ કરીને ગુજરાતે 'ગ્રીન ક્રેડિટ' અને 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન દ્વારા હરિયાળી ક્રાંતિ સર્જી છે. કચ્છના રણથી લઈને ધોલેરા જેવા સ્માર્ટ સિટી ક્ષેત્રમાં ૧.૩૫ કરોડ લિટરથી વધુ વરસાદી પાણીના સંગ્રહ માટે 'ડ્રમ પ્લાન્ટેશન' જેવા

સફળ પ્રયોગો થકી પર્યાવરણીય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી છે, જેમાં આપણી યુવા પેઢી આગળ વધીને નેતૃત્વ કરી રહી છે.

ઔદ્યોગિક ક્ષેત્રે પણ 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પ સાથે ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે દેશનું નેતૃત્વ લીધું છે. 'ઇન્ડિયા સેમિકંડક્ટર મિશન' હેઠળ સાણંદ અને ધોલેરા ખાતે ૦૬ અત્યાધુનિક સેમિકંડક્ટર પ્લાન્ટ્સ આકાર લઈ રહ્યા છે, જે ભવિષ્યમાં આપણા હજારો યુવાનો માટે હાઈ-ટેક રોજગારીની તકો ઊભી કરશે. ભરૂચ આજે 'કેમિકલ કૅપિટલ'ની સાથોસાથ ગ્લોબલ મેન્યુફેક્ચરિંગનું મોટું કેન્દ્ર બનીને અર્થતંત્રને નવી મજબૂતી આપી રહ્યું છે.

નાગરિકોની સુખાકારી માટે 'આરોગ્યપ્રદ ગુજરાત'ના વિઝન હેઠળ પીએમ-જેએવાય મા યોજના દ્વારા રૂા. ૧૦ લાખ સુધીનું મફત સારવાર કવચ પૂરું પાડવામાં આવ્યું છે, જેનાથી ૧૦૦% સંસ્થાકીય પ્રસૂતિ અને માતૃ-શિશુ સુરક્ષામાં અભૂતપૂર્વ સફળતા મળી છે. શિક્ષણ ક્ષેત્રે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦'ના અમલ દ્વારા 'પીએમ શ્રી' શાળાઓ અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર થકી ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરી આપણા વિદ્યાર્થીઓને કોડિંગ અને રોબૉટિક્સ જેવા આગામી સમયના કૌશલ્યોથી સજ્જ કરવામાં આવી રહ્યા છે.

વિદેશી પ્રવાસીઓના આગમનમાં દેશમાં ત્રીજું સ્થાન મેળવીને ગુજરાતે વર્ષ ૨૦૨૬-૨૭ને 'પ્રવાસન વર્ષ' તરીકે જાહેર કર્યું છે. સુરક્ષા, શાંતિ અને સૌહાર્દની ભૂમિ ગુજરાત આગામી સમયમાં કૉમનવેલ્થ રમતોની ભવ્ય મેજબાની કરવા જઈ રહ્યું છે, જે આપણી યુવાશક્તિને વિશ્વમંચ પર રમતગમત ક્ષેત્રે નવી ઊંચાઈઓ પ્રદાન કરશે.

આપણી આ યુવાશક્તિ જ 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરનારી સૌથી મોટી તાકાત છે. નવીનતા, સાહસિકતા અને સંસ્કારોના સમન્વય થકી આપણા યુવાનો જ્યારે પ્રગતિના નવા આયામો સર કરે છે, ત્યારે સમગ્ર રાજ્યમાં ઉત્સવનો ઉલ્લાસ બે ગણો થઈ જાય છે.

दीपावल्याः सहस्रदीपैः भवतां जीवनं सुखेन,
संतोषेण, शांत्या, आरोग्येण च प्रकाशयन्तु ॥

આવો, આપણી આ સફળતાઓ, સમૃદ્ધિ અને વિકાસના પાયા પર ઊભા રહીને 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત'ના નિર્માણ માટે નવી ઊર્જા અને પૂર્ણ સમર્પણ સાથે આગળ વધીએ. આપણો યુવાન અને દેશનો પ્રત્યેક નાગરિક પોતાના જ્ઞાન અને કૌશલ્યથી પ્રગતિનો એવો અદભુત દીપ પ્રગટાવે, કે જેનો પ્રકાશ સમગ્ર સમાજને દિશા આપે અને આપણી વિરાસત તથા સુશાસનની જ્યોત સદા પ્રજ્વલિત રહે એ જ અભ્યર્થના.

આ દીપોત્સવી પર્વે આપણે સ્થાનિક કારીગરો અને સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત વસ્તુઓને પ્રાધાન્ય આપીને 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને વધુ મજબૂત બનાવી જ્ઞાન, પ્રગતિ અને જનકલ્યાણનો નવો અજવાસ પાથરીએ. સૌ નાગરિકો અને વાચક મિત્રોને દીપાવલીના પાવન પર્વ તથા નૂતન વર્ષની હાર્દિક મંગલકારી શુભકામનાઓ!

સદાય આપનો,

ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



આજની ઘડી તે રળિયામણી
જગદીશ જોશી
મો. ૯૪૨૭૯૮૭૭૪૦

સંદેશ



“दीपज्योतिः परब्रह्म दीपज्योतिर्जनार्दनः।
दीपो हरतु मे पापं दीपज्योतिर्नमोऽस्तुते ॥”

દીવાનો પ્રકાશ સ્વયં પરબ્રહ્મ (ઈશ્વર) છે, એ જ વિષ્ણુરૂપ છે, દીપ સર્વ પાપોને હરી લે છે, તેવી દીપજ્યોતિને નમસ્કાર!

દિવાળીનો દરેક દીવડો સ્વયં પ્રજ્વલિત થઈને બીજાના જીવનમાં અજવાળું પાથરવાની પ્રેરણા આપે છે. આપણું પુણ્યવંતું ગુજરાત પણ આજે સર્વસમાવેશક અને સર્વતોમુખી વિકાસની, તપ અને સમર્પણની ભાવના સાથે જનવિકાસનાં નવાં શિખરો સર કરી રહ્યું છે. ગુજરાતીઓના સંસ્કાર છે, તે જ્યાં જાય ત્યાં ગુજરાતી અસ્મિતાનાં દર્શન થાય. “જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત” - કવિવર અરદેશર ખબરદારના આ શબ્દોને સાકાર કરતા ગુજરાતીઓ આજે માત્ર વ્યાપાર કે ઉદ્યોગમાં જ નહીં, પરંતુ માનવીય મૂલ્યો અને સર્વાંગી સુશાસનમાં દેશ-દુનિયા માટે એક દૃષ્ટાંત બની રહ્યા છે. ગુજરાતીઓનાં પુરુષાર્થ અને રાજ્ય સરકારના વિકાસાભિમુખ પારદર્શી રાજ્ય વહીવટને કારણે આજે સમગ્ર વિશ્વની નજર ગુજરાત તરફ મંડાઈ છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘વિકસિત ભારત’ના સંકલ્પને ચરિતાર્થ કરવા માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સમર્થ નેતૃત્વમાં ગુજરાત પ્રગતિના સુવર્ણપથ પર અવિરત આગળ વધી રહ્યું છે. ખેડૂતોનાં ખેતરોમાં 'કિસાન સૂર્યોદય' થકી પથરાયેલી સમૃદ્ધિની રોશની હોય કે 'આયુષ્માન' કવચ હોય, સેવા-સંકલ્પ અભિયાનની ઉજવણીના કેન્દ્રમાં લોકસેવાને પણ સ્થાન અપાયું છે.

જન-જનને મળેલું આરોગ્યનું અભયદાન હોય, કે પછી GIFT City અને ગ્રીન એનર્જી થકી વૈશ્વિક પટલ પર કંડારાયેલું આધુનિકતાનું ભવ્ય શિખર હોય - આજે રાજ્યના ખૂણે-ખૂણે સ્વર્ણિમ ભવિષ્યની સાક્ષી પૂરે છે. પરંપરાના ગૌરવવંતા વારસા સાથે ટેક્નૉલૉજી અને ઈનોવેશનનો આ અદ્ભુત સમન્વય એ જ આપણા 'વિકસિત ગુજરાત'ની સાચી ઓળખ છે. વોકલ ફોર લોકલ અને 'વિકાસ ભી વિરાસત ભી'નો વિચાર ગુજરાતે મૂર્તિમંત કર્યો છે.

માહિતી અને પ્રસારણ વિભાગ પ્રજાના વિશ્વાસ અને સરકારના સાકાર થતા લોકકલ્યાણકારી સંકલ્પો વચ્ચેનો એક સશક્ત અને સ્નેહભર્યો સેતુ છે. ‘ગુજરાત દીપોત્સવી’નો આ વિશેષ અંક રાજ્યના ભવ્ય સંસ્કૃતિ-સાહિત્ય અને વિકાસની સુવાસ આપ સુધી પહોંચાડવાનો એક અક્ષરયજ્ઞ છે.

આવો, આ મંગળ પર્વે આપણી ભવ્ય સંસ્કૃતિના વારસાને હૃદયસ્થ કરીને, એક સમૃદ્ધ, સુરક્ષિત અને સર્વસમાવેશી ગુજરાતના નિર્માણ માટે પુનઃ સંકલ્પબદ્ધ થઈએ. પ્રકાશ, પ્રીતિ અને ચૈતન્યના મહાપર્વ દીપોત્સવના પાવન અવસરે દેશ-વિદેશમાં વસતા સમસ્ત કલાપ્રેમી, અક્ષર-આરાધક અને કર્મનિષ્ઠ ગુજરાતી બાંધવોને માહિતી અને પ્રસારણ વિભાગ વતી હૃદયના ઊંડાણથી સસ્નેહ નૂતન વર્ષાભિનંદન....

ડૉ. વિકાંત પાંડે, આઇ.એ.એસ.
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ

અનુક્રમણિકા

અભ્યાસલેખ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં ?
૧.	જટાયુવૃત્તિ વિનાનું રાષ્ટ્ર નબળું !	ગુણવંત શાહ	૧૭
૨.	ગુજરાતની સરહદ, સેના, સત્યાગ્રહ અને સાવધાની	ડૉ. વિષ્ણુ પંડ્યા	૨૦
૩.	'હેમયુગ'ના સર્જક શ્રી હેમચંદ્રાચાર્યની પરંપરા અને પ્રભાવ	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૭
૪.	'શિક્ષાપત્રી' : સનાતની સાહિત્યનું સંગમતીર્થ	બળવંત જાની	૩૧
૫.	આધુનિક મૅનેજમૅન્ટસંહિતા... ભગવદ્‌ગીતા પર એક નજર...	ભાગ્યેશ જહા	૩૯
૬.	આપણા પત્ર-સાહિત્યનો ઇતિહાસ	નરોત્તમ પલાણ	૪૦
૭.	પાર્થિવ પ્રેમના રંગદર્શી કવિ નિરંજન	પ્રસાદ બ્રહ્મભટ્ટ	૪૨
૮.	આખરી શસ્ત્ર	યશવન્ત મહેતા	૫૦
૯.	રક્તપિત્ત દર્દીઓના નગરના ફકીરી સેવક 'પદ્મશ્રી' શ્રી સુરેશ સોની	ભદ્રાયુ વછરાજાની	૫૪
૧૦.	આદિવાસી સમાજનો સાધુ અને તેનું લોકસાહિત્ય	ભગવાનદાસ પટેલ	૬૧
૧૧.	ગુજરાતનું પત્રકારત્વ અને વાસુદેવ મહેતા	વસંત ગઢવી	૬૬
૧૨.	આપણું અદ્‌ભુત વિશ્વ (બ્રહ્માંડ)	ડૉ. જે. જે. રાવલ	૭૨
૧૩.	નાટકનો પડદો પડે ને ઊપડે: પ્રાચીનથી અર્વાચીન ગુજરાતી રંગભૂમિની ઝલક	સંજય છેલ	૭૮
૧૪.	આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો હાઉ : ખરેખર ડરવાની જરૂર છે ખરી?	કૃષ્ણકાંત ઉનડકટ	૮૨
૧૫.	નવી શિક્ષણ નીતિનો અમલ અને શિક્ષકોની સજ્જતા...	અજય મો. નાયક	૮૬
૧૬.	ગુજરાતીમાં લુપ્ત થયેલું શિકારકથા સાહિત્ય	લલિત ખંભાયતા	૯૩
૧૭.	કથા : મહાન આત્મકથાઓની...	જ્વલંત છાયા	૯૮
૧૮.	રૂડું રૂડું માધવપુર રૂડું રે...	ડૉ. જયેન્દ્રસિંહ જાદવ	૧૦૨
૧૯.	પ્રવાસ અને પ્રવાસી : નરોત્તમ પલાણ	મહેન્દ્રસિંહ પરમાર	૧૦૪
૨૦.	રાણી છાપ રૂપિયાનો ઇતિહાસ	ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર	૧૦૭
૨૧.	ગુજરાતમાં પક્ષીઓ વિષયક પુસ્તકો	રાજુલ દવે	૧૧૨
૨૨.	ગાંધી વિચારધારા - નવી નજરે	ડૉ. માણેક પટેલ 'સેતુ'	૧૨૧
૨૩.	જળક્ષેત્રે મહિલાઓનું બળૂકું યોગદાન	ભૂપેન્દ્ર મો. દવે	૧૨૪
૨૪.	દલિત સાહિત્યને સમર્પિત : હરીશ મંગલમ્	નટુભાઈ પરમાર	૧૨૯
૨૫.	અક્ષરદેહે રાષ્ટ્રીય ચેતના પ્રગટાવનારા મહાયોગીનું પત્રકારત્વ	પુલક ત્રિવેદી	૧૩૮
૨૬.	મેઘદૂતમાં પ્રતિબિંબિત કાલિદાસનું જીવનદર્શન	ડૉ. યોગિની હિમાંશુ વ્યાસ	૧૪૨
૨૭.	ગુજરાતનું વિરલ સ્થાપત્ય : નવલખા મંદિર	ગોહિલ હરિઓમ પી.	૧૪૫
૨૮.	ભારત-આયર્લેન્ડ મૈત્રીના શિલ્પી : વિઠ્ઠલભાઈ પટેલ અને વૈશ્વિક સ્વતંત્રતા સંગ્રામ	રસેશ પટેલ	૧૪૯



ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં ?
૧.	વેદના-સંવેદના	ડૉ. દિનકર જોષી	૧૫૭
૨.	હાઈજેકર	મધુ રાય	૧૫૯
૩.	અણસાર	ડૉ. શરદ ઠાકર	૧૬૪
૪.	...ન આવતા	ડૉ. કેશુભાઈ દેસાઈ	૧૬૭
૫.	સ્વમાન	રાઘવજી માધડ	૧૭૨
૬.	આઓ મા, એક દીપ જલાયે	ડૉ. ચંદ્રકાન્ત મહેતા	૧૭૭
૭.	ચીલો	નટવર ગોહેલ	૧૮૦
૮.	ભીંસ	રમેશ ત્રિવેદી	૧૮૪
૯.	બધું જ ભૂલી ગયો... બેટા ?	ભી. ન. વણકર	૧૮૮
૧૦.	ડિટેચમેન્ટ	નીતિન ત્રિવેદી	૧૯૨
૧૧.	સમીસાંજની મુલાકાત	દશરથ પરમાર	૧૯૪
૧૨.	માવતરનો ત્રીજો છેડો	નટવર પટેલ	૧૯૮
૧૩.	તથાગત	ગિરીશ ભટ્ટ	૨૦૧
૧૪.	પ્રેમનો વારસો	રેખાબા સરવૈયા	૨૦૯
૧૫.	નૂતન પરિપ્રેક્ષ્ય	અવિનાશ પરીખ	૨૧૪
૧૬.	પોતાનું ઘર	માવજી મહેશ્વરી	૨૧૮
૧૭.	વહુઘેલો	દર્શનાબેન ભગલાણી	૨૨૨
૧૮.	અભય	પિનાકીન દવે	૨૨૭
૧૯.	જીત	પ્રફુલ્લ કાનાબાર	૨૨૯
૨૦.	ધરારસ	પ્રેમજી પટેલ	૨૩૨
૨૧.	ગુલમહોર	અન્નપૂર્ણા મેકવાન	૨૩૪
૨૨.	છત્રી	ડૉ. પન્ના ત્રિવેદી	૨૩૯
૨૩.	હૃદયનું સરનામું	પરીક્ષિત જોશી	૨૪૪
૨૪.	ખળભળાટ	ઉત્તમ મેવાડા	૨૫૩
૨૫.	સાયરન પછીનો સન્નાટો.!	સંજય થોરાત 'સ્વજન'	૨૫૭
૨૬.	એકદા નૈમિષારણ્યે	ડૉ. રીતા ત્રિવેદી	૨૬૨
૨૭.	ખેલાડી	કલ્પેશ પટેલ	૨૬૫
૨૮.	કચરો	મોના આર. જોષી	૨૬૭

અનુક્રમણિકા

વિનોદિકા સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં ?
૧.	સ્ત્રીપુરુષ-(વિ)સંવાદ	રતિલાલ બોરીસાગર	૨૭૩
૨.	કવિ સંમેલન	શાહબુદ્દીન રાઠોડ	૨૭૫
૩.	એક હતો જગો	જગદીશ ત્રિવેદી	૨૭૮
૪.	ઊંઘેશ્વરી દેવીનો જય હો!	પ્રવીણ દરજી	૨૮૧
૫.	કબજિયાતના દર્દીની કબૂલાત - 'ખુલાસી'ને!	હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'	૨૮૪
૬.	સુજ્ઞ મહાશય	ડૉ. નલિની ગણાત્રા	૨૮૭
૭.	બાથરૂમની બહાર આવીને નવાય નહિ!	અશોક દવે	૨૮૯
૮.	આપણી શરીરરચના	અધીર અમદાવાદી	૨૯૧
૯.	મૂળાક્ષર મંથન...	દિલીપ આર શાહ 'રસીલા'	૨૯૪
૧૦.	કડછી	નગીન દવે	૩૦૧
૧૧.	મારે આંગણે ગર્દભરાજ	વિનય દવે	૩૦૩
૧૨.	અથ શ્રી પૌંઆ મહાકથા	સુષમા શેઠ	૩૦૬
૧૩.	નીડર પતિ એ કેવળ કલ્પનાનો વિષય છે?	કિશોર અંધારિયા	૩૦૯
૧૪.	તેઓશ્રી 'બે શબ્દ' કહેશે !	રમેશ પટેલ 'ક્ષ'	૩૧૧
૧૫.	બાલો - સદા ભરાયતે	જીતેન્દ્ર ઠક્કર	૩૧૩
૧૬.	લગ્નની દસમી એનિવર્સરીએ	પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી	૩૧૫

નાટિકા સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં ?
૧.	મન તું કાહે ના ધીર ધરે	પ્રકાશ લાલા	૩૨૧
૨.	ઊલટી ગંગા (એકાંકી)	રવીન્દ્ર પારેખ	૩૨૭
૩.	ત્રણ કલાક	ડૉ. શૈલેશ ટેવાણી	૩૩૪
૪.	ભાડાનું મકાન	દુર્ગેશ ઓઝા	૩૩૮
૫.	ડ્રૉપઆઉટ ક્લબ	નમન મુનશી	૩૪૪
૬.	ક્ષણ માત્ર એક જ	યામિની વ્યાસ	૩૫૭
૭.	યશોધરા	ગિરિમા ઘારેખાન	૩૬૦
૮.	સેટિંગ સેટિંગ	ધ્વનિલ પારેખ	૩૬૬
૯.	ઘરનું ઘરેણું - દીકરી	સંજીવ વોરા	૩૬૯



અનુક્રમણિકા

કાવ્ય સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં ?
૧.	જલમય જગ	રઘુવીર ચૌધરી	૩૭૭
૨.	ઝીલજો હો જી!	રાજેન્દ્ર શુક્લ	૩૭૭
૩.	ક્યારેક	માધવ રામાનુજ	૩૭૮
૪.	બેસ, મારી બાજુમાં...	વિનોદ જોશી	૩૭૮
૫.	ગઝલ	હરીશ મીનાશ્રુ	૩૭૯
૬.	વરસાદ, તડકો અને તું	મનોહર ત્રિવેદી	૩૭૯
૭.	એ કઈ રેખા?	રાજેશ વ્યાસ 'મિસ્કીન'	૩૮૦
૮.	માટી મારો વાસ છે...!	દલપત પઢિયાર	૩૮૦
૯.	જનારાં	મણિલાલ હ. પટેલ	૩૮૧
૧૦.	એકાકી દેવાલય	ધીરેન્દ્ર મહેતા	૩૮૧
૧૧.	૨૩ના મહિમાનું ગીત	તુષાર શુક્લ	૩૮૨
૧૨.	પરમ સનેહીનું પદ પામ્યો	નીતિન વડગામા	૩૮૩
૧૩.	ગઝલ	રઈશ મનીઆર	૩૮૩
૧૪.	ડોસલા	કૃષ્ણ દવે	૩૮૪
૧૫.	એક હવેલી ગીત	હર્ષદ ત્રિવેદી	૩૮૫
૧૬.	પાનખર ઉજવણી	યોગેશ જોષી	૩૮૫
૧૭.	ગીત	રમણીક સોમેશ્વર	૩૮૬
૧૮.	ચિનગારી કોઈ...	મુસાફિર પાલનપુરી	૩૮૬
૧૯.	તેંડુલકર	બકુલેશ દેસાઈ	૩૮૭
૨૦.	આવૃત્તિમાં	લલિત ત્રિવેદી	૩૮૭
૨૧.	એ વાત હવે કોને કહીએ..?	સંજુ વાળા	૩૮૮
૨૨.	ચિત્રોક્તિ	દિલીપ જોશી	૩૮૮
૨૩.	પ્રેમમાં ના હોય કૈં એવી શરત	અઝીઝ ટંકારવી	૩૮૯
૨૪.	સમયની ધૂળ લાગી છે	ઉર્વીશ વસાવડા	૩૮૯
૨૫.	નથી તો નથી	ડૉ. એસ. એસ. રાહી	૩૯૦
૨૬.	જુબાની	કિશોર જિકાદરા	૩૯૦
૨૭.	ગીત	અનિલ ચાવડા	૩૯૧
૨૮.	ગઝલ	ભાવેશ ભટ્ટ	૩૯૧
૨૯.	અવળચંડા મનનું ગીત	ડૉ. અશોક ચાવડા 'બેદિલ'	૩૯૨
૩૦.	ઝરણાં રે	હરદ્વાર ગોસ્વામી	૩૯૨



અનુક્રમણિકા

કાવ્ય સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં ?
૩૧.	સમજાય ના	મનીષ પરમાર	૩૯૭
૩૨.	શરબતિયાં	સ્નેહી પરમાર	૩૯૭
૩૩.	મીંઢળબંધાં	પ્રશાંત કેદાર જાદવ	૩૯૮
૩૪.	ગઝલ	રમેશ ઠક્કર.	૩૯૮
૩૫.	બોલ્યું	મનીષ પાઠક ‘શ્વેત’	૩૯૯
૩૬.	ગઝલ	સતીન દેસાઈ ‘પરવેઝ દીમિ ગુરુ’	૩૯૯
૩૭.	સ્વપ્નો, તરંગો	કિસન સોસા	૪૦૦
૩૮.	ઢોલિયો ઢાળું	શિવજી રૂખડા	૪૦૦
૩૯.	દિવસો આવ્યા	રક્ષા શુક્લ	૪૦૧
૪૦.	પીળી આંખડી ખૂલી	વિવેક મનહર ટેલર	૪૦૨
૪૧.	ક્યાંય ગતિ ના થાતી...	ડૉ. મનોજ જોશી ‘મન’	૪૦૨
૪૨.	આપણે તો શૂન્યવત્...	દીપક ત્રિવેદી	૪૦૩
૪૩.	પ્રતીક્ષા	પ્રજ્ઞા પટેલ	૪૦૩
૪૪.	કારણ વિના	ડૉ. પ્રદીપ આઝાદ “ઈશત્”	૪૦૪
૪૫.	ગઝલ	તેજસ દવે	૪૦૪
૪૬.	ગઝલ	ભાવિન ગોપાણી	૪૦૫
૪૭.	હું માર્ગ શોધું	દર્શક આચાર્ય	૪૦૬
૪૮.	એમ જ ખરતાં પાન	રમણ વાઘેલા	૪૦૬
૪૯.	શ્વાસની સોગાત	ડૉ. મુકેશ જોષી	૪૦૭
૫૦.	અકળામણ	જયંતિ ધોકાઈ	૪૦૭
૫૧.	ગઝલ	પ્રશાંત સોમાણી	૪૦૮
૫૨.	ગઝલ	વિપુલ માંગરોલિયા ‘વેદાંત’	૪૦૮
૫૩.	કથા સત્યકામ જાબાલની	પ્રતાપસિંહ ડાભી ‘હાકલ’	૪૦૯
૫૪.	ગઝલ	જિગર ઠક્કર ‘ગઝલનાથ’	૪૧૦
૫૫.	સન્માન બીજે જાય છે	કિરણસિંહ ચૌહાણ	૪૧૦
૫૬.	એ પણ રજવાડું છે	મધુસૂદન પટેલ ‘મધુ’	૪૧૧
૫૭.	તાન્કા....	ઉમેશ જોષી	૪૧૧
૫૮.	હું શું કહું!	ડો.પ્રણવ ઠાકર - ‘પાગલ’	૪૧૨
૫૯.	ગઝલ	જિગર જોષી ‘પ્રેમ’	૪૧૨
૬૦.	હું હજી ઊભો જ છું...	હાર્દિક વ્યાસ	૪૧૭



અનુક્રમણિકા

કાવ્ય સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં ?
૬૧.	ગઝલ	ભરત વિંઝુડા	૪૧૮
૬૨.	ગીત	યોગેશ પંડ્યા	૪૧૮
૬૩.	રમ્યો છું	કુમાર જૈમિનિ શાસ્ત્રી	૪૧૯
૬૪.	પંખી ઊડ્યું પાંખાળું	પુષ્કરરાય જોષી	૪૧૯
૬૫.	ગીત	કેતન પી. જોશી	૪૨૦
૬૬.	એની લટમાં	હરજીવન દાફડા	૪૨૦
૬૭.	સૉક્રેટિસની ઉક્તિ	ઉદયન ઠક્કર	૪૨૧
૬૮.	પણે ઊંડે મારી	મંગળ રાવળ 'સ્નેહાતુર'	૪૨૨
૬૯.	જીવન પતંગ જેવું	દિનેશ દેસાઈ	૪૨૨
૭૦.	ગઝલ	મિલિન્દ ગઢવી	૪૨૩
૭૧.	સ્વયંની શોધમાં...	રિન્કુ રાઠોડ	૪૨૩
૭૨.	ચડતી અને પડતી	ડૉ. મનહર ઠાકર	૪૨૪
૭૩.	મારો અવાજ	રમેશ પટેલ	૪૨૪
૭૪.	જોઈએ	ગણપત પટેલ " સૌમ્ય"	૪૨૫
૭૫.	ગામનું લોહી	ગોવિંદ દરજી "દેવાંશુ"	૪૨૫
૭૬.	અભરે ભરેલું આંગણું	પ્રદીપ રાવલ 'સુમિરન'	૪૨૬
૭૭.	આભ કેવળ	હરીશ જસદણવાળા	૪૨૬
૭૮.	કાવ્ય	પારસ એસ. હેમાણી	૪૨૭
૭૯.	શેઢે ઊભો...	ભગીરથ બ્રહ્મભટ્ટ	૪૨૭
૮૦.	ગઝલ	સોલંકી કરમસિંહ "આબાદ"પાલનપુરી	૪૨૮
૮૧.	ઝીલોજી	લતા હિરાણી	૪૨૮
૮૨.	મારી વાત	હરીશ ધોબી	૪૨૯
૮૩.	ધારણા	રેણુકા દવે	૪૨૯
૮૪.	તડકે...	ડૉ. ઘનશ્યામ દવે	૪૩૦
૮૫.	આભના રે...	વિજયસિંહ ચાવડા	૪૩૦
૮૬.	તમે જતા રહેશો પછી...	મૃગાંક શાહ	૪૩૧
૮૭.	મારી દિવાળી	પ્રવીણ સરવૈયા	૪૩૧
૮૮.	મારે કામ રહે છે આવું....	અલકા નવીનચંદ્ર મહેતા	૪૩૨
૮૯.	ફાવશો નહીં	નટવર આહલપરા	૪૩૨

ફોટોગ્રાફ્સ અને ચિત્રો

હસમુખ રાવલ
જગદીશ જોશી
શીતલ પી. સરવૈયા
દર્શન પુરાણી
બિપિન પટેલ
કેશવ ટંકેલ
ડૉ. તેજસ દોશી
દુર્ગેશ ઉપાધ્યાય
મુકેશ પટેલ
પ્રિતેશ પટેલ
નટુભાઇ મિસ્ત્રી
આનંદ પટેલ
જયદીપ દવે
બિલ્વા જાની
ભાર્ગવી ભટ્ટ
જાહ્નવી ભટ્ટ

જગદીશ મેવા
શુભાંગી પાટીલ
અર્પણ કાપડિયા
નિકુંજ વૈશ્યક
નિખિલ પીલોજપરા
અશોક ખાંટ
પશાભાઈ મકવાણા
ધર્મેન્દ્ર વસાવડા
બિપિન દવે
નટુ ટંકેલ
કૌશિક પટેલ
સુરેશ પટેલ
મનીષા વી. ભટ્ટ
ડો. વિમલ હેમાણી
ભાટી એન.
હેતલ દવે
વિનય પંડ્યા

જગદીશ વૈરનાણી
ઉષા પાઠક
રાકેશ ઉજ્જૈનિયા
વિપુલ લહેરી
ચિરાગ પરમાર
દેશળ પગી
જય પંચોલી
મેહુલ શુક્લ
ડૉ. અશોક પટેલ
અમુલ પરમાર
હેમાલી શાહ
મનીષ ચૌહાણ
જિગ્નેશ ગોંડલિયા
પ્રશાંત પટેલ
કમલ ગોસ્વામી
ગજુ પટેલ
નલીન સૂચક

: મુખપૃષ્ઠ - ૧ :
જસ્મીન દવે
મો. ૯૯૦૯૯ ૫૫૧૧૭

: મુખપૃષ્ઠ - ૨ :
સંગીતા ગડા
મો. ૯૨૨૮૪ ૩૮૦૪૩



શ્રમેવ જયતે
શીતલ પી. સરવૈયા
મો. ૭૬૨૧૮૪૨૦૭૨





અભ્યાસલેખ

ગુણવંત શાહ

ડૉ. વિષ્ણુ પંડ્યા

ડૉ. કુમારપાળ દેસાઈ

બળવંત જાની

ભાગ્યેશ જહા

નરોત્તમ પલાણ

પ્રસાદ બ્રહ્મભટ્ટ

યશવન્ત મહેતા

ભદ્રાયુ વછરાજાની

ભગવાનદાસ પટેલ

વસંત ગઢવી

ડૉ. જે. જે. રાવલ

સંજય છેલ

કૃષ્ણકાંત ઉનડકટ

અજય મો. નાયક

લલિત ખંભાયતા

જ્વલંત છાયા

ડૉ. જયેન્દ્રસિંહ જાદવ

મહેન્દ્રસિંહ પરમાર

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

રાજુલ દવે

ડૉ. માણેક પટેલ 'સેતુ'

ભૂપેન્દ્ર મો. દવે

નટુભાઈ પરમાર

પુલક ત્રિવેદી

ડૉ. યોગિની હિમાંશુ વ્યાસ

ગોહિલ હરિઓમ પી.

રસેશ પટેલ



દલપતરામ
બિપિન પટેલ
મો. ૮૭૮૦૩૭૭૯૦૮



અભ્યાસલેખ

ગુણવંત શાહ

ડૉ. વિષ્ણુ પંડ્યા

ડૉ. કુમારપાળ દેસાઈ

બળવંત જાની

ભાગ્યેશ જહા

નરોત્તમ પલાણ

પ્રસાદ બ્રહ્મભટ્ટ

યશવન્ત મહેતા

ભદ્રાયુ વછરાજાની

ભગવાનદાસ પટેલ

વસંત ગઢવી

ડૉ. જે. જે. રાવલ

સંજય છેલ

કૃષ્ણકાંત ઉનડકટ

અજય મો. નાયક

લલિત ખંભાયતા

જ્વલંત છાયા

ડૉ. જયેન્દ્રસિંહ જાદવ

મહેન્દ્રસિંહ પરમાર

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

રાજુલ દવે

ડૉ. માણેક પટેલ 'સેતુ'

ભૂપેન્દ્ર મો. દવે

નટુભાઈ પરમાર

પુલક ત્રિવેદી

ડૉ. યોગિની હિમાંશુ વ્યાસ

ગોહિલ હરિઓમ પી.

રસેશ પટેલ



દલપતરામ
બિપિન પટેલ
મો. ૮૭૮૦૩૭૭૯૦૮

જટાયુવૃત્તિ વિનાનું રાષ્ટ્ર નબળું !

ગુણવંત શાહ

'ક્ષત્રિય' શબ્દ કાને પડે ત્યાં ધનુષબાણ ધારણ કરીને ઊભેલો શૂરવીર આપણી આંખ સામે ખડો થાય છે. એનાં ત્રણ મહત્ત્વનાં લક્ષણો મનમાં રમતાં થાય: નિર્ભયતા, પરાક્રમ અને ધર્મરક્ષા માટેની તત્પરતા. આપણે ત્યાં બ્રહ્મતેજની સાથોસાથ ક્ષાત્રતેજનો મહિમા થયો છે. ઉપનિષદના ઋષિ કહે છે કે ચાર વર્ણોનું સર્જન કર્યા પછી પણ બ્રહ્માને સંતોષ ન થયો તેથી તેમણે ધર્મને જન્મ આપ્યો. એ ધર્મ તો ક્ષત્રિયનું પણ રક્ષણ કરનારો છે. ઋષિ તો ત્યાં સુધી કહે છે કે ધર્મ એટલે જ સત્ય (એતત્ ઉભયમ્ એતત્ એવ ભવતિ). ક્ષત્રિયત્વ સાથે સદીઓથી ધર્મરક્ષણ જોડાઈ ગયું છે. આવા ધર્મયુક્ત ક્ષત્રિયત્વ વગર સમાજને ચાલે ખરું ? ચાતુવર્ણ્યનો સંબંધ 'ગુણકર્મવિભાગ' સાથે હોવાનું અહીં અભિપ્રેત છે. (આજની જ્ઞાતિપ્રથા સાથે એને નહાવા કે નિચોવવાનો સંબંધ નથી)

ઉપરોક્ત મંત્રમાં ઋષિ કહે છે : 'ક્ષત્રિયથી ચડિયાતું કોઈ નથી. રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણ નીચે બેસીને ક્ષત્રિયની પૂજા કરે છે, પરંતુ યજ્ઞ પૂરો થાય પછી બ્રાહ્મણ કરતાં નીચે આસને બેસીને ક્ષત્રિય તેનો આશ્રય લે છે.' પછીના મંત્રોમાં ચારે વર્ણોની ઉત્પત્તિની વાત કરીને અંતે 'સૌનું પોષણ કરનારા શૂદ્ર વર્ણનું' (પૂષણમ્ શૌદ્રમ્ વર્ણમ્) સર્જન થયું એમ ઋષિ કહે છે. મંત્રમાં શૂદ્ર વર્ણ સાથે પોષણ કરનારી પૃથ્વી (પૂષા)નો અનુબંધ રચીને ઋષિએ શૂદ્રને ખાસા ઊંચા આસને બેસાડ્યો છે. ઋષિ ક્ષત્રિયત્વને સૌથી ચડિયાતું કેમ ગણાવે છે ?

મંત્રોમાં ચારે વર્ણોની ઉત્પત્તિની વાત કરીને અંતે 'સૌનું પોષણ કરનારા શૂદ્ર વર્ણનું' (પૂષણમ્ શૌદ્રમ્ વર્ણમ્) સર્જન થયું એમ ઋષિ કહે છે. મંત્રમાં શૂદ્ર વર્ણ સાથે પોષણ કરનારી પૃથ્વી (પૂષા)નો અનુબંધ રચીને ઋષિએ શૂદ્રને ખાસા ઊંચા આસને બેસાડ્યો છે.

શ્રી અરવિંદના એક લેખમાં ઉપરોક્ત જવાબ મળે છે. છેક સન ૧૯૦૬-૦૭ના અરસામાં લખાયેલા એ લેખનું મથાળું છે : 'The Bourgeois and the Samurai.' એ લેખનો સાર અહીં ટૂંકમાં ભાવાનુવાદરૂપે પ્રસ્તુત છે :

- ઓગણીસમી સદીમાં પૂર્વેનાં બે રાષ્ટ્રો પશ્ચિમી વિચારથી ભારે પ્રભાવિત થયાં: ભારત અને જાપાન. પરિણામો સાવ જુદાં આવ્યાં. જાપાન સબળ રાષ્ટ્ર બન્યું, જ્યારે સમૃદ્ધ વારસો ધરાવનારું ભારત નબળું રહ્યું !
- જાપાને આટલી પ્રશંસનીય રીતે પોતાનું રૂપાંતરણ શી રીતે કર્યું ? ભારત એમ કરવામાં નિષ્ફળ કેમ ગયું ? પશ્ચિમી જુવાળ આવ્યો ત્યારે જાપાન પોતાના અસલ મિજાજને વળગી રહ્યું. એ મિજાજને પ્રગટ કરતો શબ્દ છે : સમુરાઈ ! જાપાનના લશ્કરી જાતિના માણસને કે લશ્કરી અધિકારીને 'સમુરાઈ' કહે છે.
- ભારતમાં યુરોપીય અસરને કારણે જે વર્ગ પેદા થયો તે 'બુર્ઝવા ' હતો. બુર્ઝવા એટલે સરેરાશ-સંતુષ્ઠ એવા મધ્યમવર્ગનો માણસ. એ સાદીસીધી લાગણીઓ ધરાવનાર, છીછરું વ્યક્તિત્વ ધરાવનાર, સગવડપ્રેમી અને સલામતીપ્રિય એવો સરેરાશ માણસ. શાંતિપ્રિય, મધ્યમમાર્ગી અને ભદ્ર ખરો તોય એ બાપડાની મર્યાદાઓ ઘણી. એ સાહસ ન કરે. એ રાષ્ટ્રના કસોટીકાળમાં પરાક્રમ કરવા માટે કે તાણ વેઠવા માટે સાવ નકામો ગણાય. એ બુર્ઝવા વર્ગનો માણસ સમાજને સ્થિરતા આપે. એ રાષ્ટ્રના રાજકારણમાં સલામતી, શોભા અને પ્રતિષ્ઠા અર્થે, પણ રાષ્ટ્ર મહાન કે મુક્ત બને તેવું કશુંય કરી ન શકે. એ સમાજને સુધારી ન શકે કે એમાં ક્રાંતિ આણી ન શકે.
- ઓગણીસમી સદીમાં આવો અતિ નમ્ર અને સાવ નમાલો એવો બુર્ઝવા વર્ગ કારભાર કરતો હતો. જાપાન અને ભારત વચ્ચે જે તફાવત પડી ગયો તેમાં સમુરાઈ અને બુર્ઝવાનાં સાવ વિરોધી લક્ષણો જવાબદાર છે.
- થોડીક કળા, થોડીક કવિતા, થોડોક ધર્મ અને થોડીક વિદ્વત્તા ધરાવનારો ભદ્ર વર્ગ તૈયાર થયો. એ બુર્ઝવા

સમાજ પૈસા રળતો રહ્યો. સંતાનોને ઊંચી ડિગ્રી મળે તેવું શિક્ષણ આપતો રહ્યો અને દીકરીને યોગ્ય વર મળે તેવી ગોઠવણ કરતો રહ્યો. આવો બુઝર્વા બ્રિટિશ લોકોની રાજનીતિનું, અંગ્રેજી શિક્ષણનું અને પશ્ચિમી સંસ્કૃતિનું વિચિત્ર ફરજંદ ગણાય.

- પુરાતન ભારતનો મિજાજ કેવો હતો ? બ્રાહ્મણો ગરીબીને આવકારીને કામનાઓને કચડી નાખનારા હતા. ક્ષત્રિયો પોતાના ક્ષાત્રધર્મ માટે 'સુત-વિત-દારા-શિશ-સમરપે' જેવો મિજાજ ધરાવનારા હતા. હરિશ્ચંદ્ર, પ્રહ્લાદ, બુદ્ધ, મહાવીર અને (એક હોલાનો જાન બચાવવા માટે બાજપક્ષીને પોતાનું શરીર અર્પી દેનાર) રાજા શિબિનું સ્મરણ કરો. કર્ણના ત્યાગનું અને પતિને યમ પાસેથી પાછો મેળવનારી સાવિત્રીનું સ્મરણ કરો. એ હતો ભારતનો મિજાજ.

- બુઝર્વા વર્ગ માટે સ્વવિકાસ (ઉત્ક્રાંતિ)ની કોઈ જ શક્યતા ન હતી. બ્રિટિશરાજ બુઝર્વા વર્ગના વિકાસ માટે સૌથી અનુકૂળ બાબત હતી. અંગ્રેજો રાષ્ટ્રપુરુષોને કે ક્ષત્રિયોને વેઠી જ ન શકે. મહાભારત અને રામાયણ ભુલાઈ ગયાં. અંગ્રેજોને મહાજનો નહીં, નાના દુકાનદારો જ ખપે. યુનિવર્સિટીની ડિગ્રી, અંગ્રેજીનું જ્ઞાન, સરકારી નોકરી, સરકારી ખિતાબ, અંગ્રેજી પોષાક અને યુરોપિયન ફર્નિચરવાળું ઘર હોય એટલે ભયો ભયો ! સંપૂર્ણ સલામતીવાળી જીવનશૈલીમાં બુઝર્વા વર્ગ રાચતો હતો. વાંચવાનું અને વિચારવાનું ખૂબ ચાલ્યું, પરંતુ જીવવાનું બાજુ પર રહી ગયું! કૃત્રિમ જીવનને કારણે આપણી મૌલિકતાના ઝરા સુકાઈ ગયા. શિક્ષણ આટલું પરાયું ક્યારેય ન હતું.

- ભારતે ત્યાગનો મિજાજ ફરી કેળવવો પડશે. એ માટે નવા રાષ્ટ્રવાદની આવશ્યકતા છે. નવો રાષ્ટ્રવાદ એટલે ઓગણીસમી સદીના ભારતીય જનનું આધ્યાત્મિક રૂપાંતરણ, બુઝર્વાવૃત્તિ ત્યજીને અશક્ય બાબતોને બાથમાં લેવાની હિંમત કેળવવી પડશે. એ માટે આત્યંતિક વલણ ધરાવનારા, બળવાખોર, સાહસિક અને નિષ્ઠુરપણે કર્મઠ એવા ક્રાંતકારીઓની જરૂર પડશે. આવું બને તે માટે ક્ષત્રિયના, એટલે કે સમુરાઈના પુનર્જન્મની ભારતને જરૂર છે.

એક સદી પહેલાં 'શ્રી અરવિંદ મંદિર મૅન્યુઅલ'માં પ્રગટ થયેલા આ દર્શનની પ્રસ્તુતતા આજે પણ ઓછી થઈ નથી. ઉપનિષદયુગના ઋષિએ અને આ યુગના ઋષિ શ્રી અરવિંદે આપણી સમક્ષ તેજસ્વી અને ઓજસ્વી ક્ષત્રિયત્વ કેવું હોય તેનું દર્શન પ્રગટ કર્યું. તે જેટલું મનભાવન છે તેટલું જ કલ્યાણકારી છે. ક્ષત્રિયની શોભા અભય દ્વારા પ્રગટ થાય છે. અભય વગરની અહિંસામાં તેજ ન હોય. સંપૂર્ણ સલામતી એટલે સંપૂર્ણ જીવનશૂન્યતા. જ્યાં સાહસ છે ત્યાં પરાક્રમ છે અને પરાક્રમ અભય વિના ન સંભવે. સાત્ત્વિક પરાક્રમોમાં જ રાષ્ટ્રની ઓજસ્વિતા પ્રગટ થાય છે.

અહીં કોઈને પ્રામાણિક પ્રશ્ન થાય કે ક્ષત્રિયત્વની શોભા સાથે ગાંધીજીની અહિંસાને મેળ પડે ખરો ?



ગાંધીજીની અહિંસા પણ અભયમાંથી ઊગેલી અહિંસા હતી. એમણે ક્યારેય કાયરતા સાથે અહિંસાને જોડી ન હતી. જીવનના આખરી દિવસોમાં એમને પોતાની એક ભૂલ સમજાઈ હતી. તા. ૨૫મી જુલાઈ, ૧૯૪૭ના દિવસે ભંગીનિવાસ, દિલ્હીમાં એમણે કહેલું : 'મેં ભૂલ કરી છે તે કબૂલ કરી લીધી છે. હું એવું માની બેઠો કે નબળા લોકો અહિંસક થઈ શકે છે, પણ તે સાવ ભૂલભરેલી માન્યતા હતી. હવે તમે સૌ બહાદુર બનો. નામદાઈ ખંખેરી નાંખો. મુસલમાનોને તમારી નીડરતાનો પરચો બતાવો, તો તેઓ આપોઆપ તમને હેરાન કરવાનું છોડી દેશે.' (બિહાર પછી દિલ્હી, મનુબેન ગાંધી, નવજીવન, પાન-૪૧૪) આ શબ્દોમાં નીડરતાનો મહિમા થતો જણાય છે. ગાંધીજીની અહિંસાના મૂળમાં જે અભય હતો તે લોકોની અહિંસામાં ન હતો. આમ વ્યક્તિગત કક્ષાએ ગાંધીજીની અહિંસા પણ ક્ષત્રિયત્વની શોભારૂપ હતી કારણ કે એના પાયામાં અભય હતો. (મેઘકુમારને ઉપદેશ આપતી વખતે મહાવીર સ્વામીએ પણ અભય વિના અહિંસા ન શોભે તેવી સ્પષ્ટ વાત કરી હતી.) સન ૧૯૨૧ની આસપાસ ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન' પત્રોમાં, 'હિંદુ-મુસ્લિમ તંગદિલી-એનું નિદાન અને ચિકિત્સા' મથાળે એક જબ્બર લેખ લખેલો. તેમાં એવું લખ્યું કે 'સરેરાશ હિંદુ સ્વભાવે જ બાયલો અને મુસલમાન લાંઠ છે.' ('ધરતીની આરતી', સ્વામી આનંદ, લોક મિલાપ, ભાવનગર, પાન-૪૬૨) સ્વામી આનંદ નોંધે છે કે : 'આ અભિપ્રાયને પાછળથીયે એમણે કદી બદલ્યાનું કે મોળો કર્યાનું જાણમાં નથી.'

રાણા પ્રતાપનું ક્ષત્રિયત્વ યુદ્ધમેદાન પર શોભે છે. મીરાંનું ક્ષત્રિયત્વ સમાજમેદાન પર શોભે છે. આપણને રાણા પ્રતાપની બહાદુરી સમજાય છે, પરંતુ મીરાંની બહાદુરી નથી સમજાતી. રાજકુળની પુત્રવધૂ હાથમાં એકતારો ઝાલીને અધરાત-મધરાત સાધુઓ સાથે એક ગામથી બીજે ગામ ઘૂમે એમાં ઓછી બહાદુરી ન હતી. મીરાં નિર્ભયપણે ઘૂમતી રહી અને કૃષ્ણમગ્ન થઈને ગાતી રહી :

म्हांने चाकर राखोजी !
गिरिधारी लाला ! म्हांने चाकर राखोजी !
चाकर रहसूँ, बाग लगासूँ, नित ऊठ दरसन पासूँ ।
वृंदावन की कुंज गलिन में गोविन्द-लीला गासूँ ॥

રાણા પ્રતાપના અભયનો જયજયકાર કરનારી પ્રજાએ મીરાંના અભયની આરતી પણ ઉતારવી પડશે. રળિયામણું ક્ષત્રિયત્વ નીડરતાથી શોભે છે. ગીતાએ દૈવી સંપત્તિનાં લક્ષણોમાં પ્રથમ સ્થાને અભયનો મહિમા કર્યો છે. અહિંસાની ધજા પણ અભયના ઘુમ્મટ પર જ શોભે. ભારતીય સમાજને 'ગંગાસ્વરૂપ' અહિંસાની નહીં, પરંતુ ક્ષત્રિયને શોભે એવી નિર્ભયતાથી રસાયેલી અહિંસાની જરૂર છે. મહાત્માની અહિંસા ક્ષત્રિયોચિત વીરત્વથી શોભતી અહિંસા હતી. એમાં લાચારી કે કાયરતાને સ્થાન ન હતું. આવા વ્યાપક અર્થમાં ઉપનિષદમંત્રમાં જેનો મહિમા થયો તેવા ક્ષત્રિયની ભારતને જ નહીં સમગ્ર વિશ્વને જરૂર છે.

ગીતાએ દૈવી સંપત્તિનાં લક્ષણોમાં પ્રથમ સ્થાને અભયનો મહિમા કર્યો છે. અહિંસાની ધજા પણ અભયના ઘુમ્મટ પર જ શોભે. ભારતીય સમાજને 'ગંગાસ્વરૂપ' અહિંસાની નહીં, પરંતુ ક્ષત્રિયને શોભે એવી નિર્ભયતાથી રસાયેલી અહિંસાની જરૂર છે.

ક્ષત્રિયત્વને હિંસા અને અહિંસાને કાટલે તોલવાનું નથી. અનેકવાર મેં 'ક્ષત્રિયત્વ'ના પર્યાય તરીકે **'જટાયુવૃત્તિ'** શબ્દ પ્રયોજ્યો છે. જટાયુવૃત્તિ વિના કોઈ સમાજ ટકી ન શકે. જો એવો નિર્વીય સમાજ ટકી જાય, તો પણ એવા સમાજમાં અધર્મની જ બોલબાલા હોવાની. રામાયણનું સૌથી સુંદર પાત્ર મારે મન જટાયુનું છે.

ટહુકો, ૧૩૯, વિનાયક સોસાયટી,
જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૪૦૬૭૩



ગુજરાતની સરહદ, સેના, સત્યાગ્રહ અને સાવધાની

ડો. વિષ્ણુ પંડ્યા

ગુજરાતની સીમા પર પાકિસ્તાની આક્રમણ અત્યારે તો ભૂતકાળ બની ગયાં છે, પણ તેનું સ્મરણ ઈતિહાસ-બોધ તરફ લઈ જાય છે. સરહદ અર્થાત્ સીમા માત્ર ભૌગોલિક નથી હોતી, સાંસ્કૃતિક રીતે પણ મૂલ્ય ધરાવે છે. ગુજરાતના સરહદી છેડા પર સિંધ-પાકિસ્તાન છે, માત્ર યુદ્ધ જ નહિ, ત્યાંની પ્રજાકીય ગતિવિધિનો પણ પડઘો આપણા પર પડે છે. ભારત-વિભાજન થયું ત્યારે મોટા પાયે હિજરત શરૂ થઈ. સિંધમાં તમામ મિલકત, ઘર અને મંદિરો- શાળાઓ છોડીને આવેલા ઘણા સિંધીઓ કચ્છ થઈને ગુજરાતનાં અનેક સ્થાનોએ વસી ગયા. શરૂઆતમાં તો તેમને સ્થાનિક પ્રજા "નિર્વાસિત" તરીકે ઓળખતી. પણ સિંધી પ્રજામાં જિંદગીના અસ્તિત્વનો જુસ્સો કાયમનો છે. તમામ સુખ-દુઃખ વેઠીને, પ્રબળ પુરુષાર્થ સાથે તેઓ ગુજરાતના "પુરુષાર્થી" બનીને ભારતીયતાનો પરિચય આપી રહ્યા છે. કચ્છમાં તો આદિપુર એક નગર પણ ઊભું કર્યું, અમદાવાદમાં સરદારનગર વસ્યું. જૂનાગઢ, જેતપુર, રાજકોટ, બાંટવા, માણાવદર વગેરે એવાં સ્થાનો છે. તેઓએ માત્ર વ્યવસાયી નહિ, સમાજસેવી, ધારાશાસ્ત્રી, પત્રકાર, રાજકારણી તરીકે પણ સ્થાન મેળવ્યું છે. સિંધુ નદી અને સિંધુ સંસ્કૃતિ તેમની ઐતિહાસિક વિશેષતા છે. કચ્છ અને બનાસકાંઠાથી સિંધ નજદીક થાય, તેમને માટે હૈદરાબાદમાં સિંધ યુનિવર્સિટી પણ છે. જ્યારે પાકિસ્તાન-ભારત યુદ્ધ દરમિયાન સુઈગામ અને બીજે હિજરતીઓની છાવણી ઊભી કરવામાં આવી હતી તેમાંના ઘણાખરા હવે ભારતમાં સ્થાયી થઈ ગયા છે, નાગરિકતા પણ મળી છે. સિંધમાં "જિયે સિંધ" ચળવળ ચાલે ત્યારે સ્વાભાવિક રીતે જ અહીંના સિંધીઓની નજર જાય છે. એક દલીલ તો એવી પણ થાય છે કે રવીન્દ્રનાથ ટાગોરે લખેલા આપણા રાષ્ટ્રગીતમાં હજુ સિંધ (પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા..) શબ્દ છે જ, તો શા માટે તેણે ભારતનો હિસ્સો બનાવવાની ચળવળને ટેકો ન આપવો જોઈએ?

> કચ્છ અને બનાસકાંઠાથી સિંધ નજદીક થાય, તેમને માટે હૈદરાબાદમાં સિંધ યુનિવર્સિટી પણ છે. જ્યારે પાકિસ્તાન-ભારત યુદ્ધ દરમિયાન સુઈગામ અને બીજે હિજરતીઓની છાવણી ઊભી કરવામાં આવી હતી. તેમાંના ઘણાખરા હવે ભારતમાં સ્થાયી થઈ ગયા છે.

ગુજરાતની સરહદ પર સાવધ રહેવાની પહેલી ચેતવણી ૧૯૪૭ના નવેમ્બરમાં જૂનાગઢ-મુક્તિની સભામાં સરદાર વલ્લભભાઈ પટેલે આપી હતી. ૧૯૬૫ અને ૧૯૭૧માં સરહદો સળગી ઊઠી. ભારતીય જવાનોએ નગરપારકર સુધી વિજય મેળવ્યો. યુદ્ધના રણનીતિકારોના અભિપ્રાય પ્રમાણે તે જ સમયે ભારત સરકાર અડગ રહી હોત અને મંત્રણાના ટેબલ પર માથું ઝુકાવ્યું ન હોત તો સિંધ ભારતનો પ્રદેશ સ્થાપિત થયો હોત!

પણ તેવું બન્યું નહિ. ૧૯ ફેબ્રુઆરી, ૧૯૬૮ના કચ્છ ટ્રિબ્યૂનલનો ચુકાદો આવ્યો. છાડબેટ, ધાર બન્ની, કંજરકોટ પાકિસ્તાનને સુપરત કરવાં તેમ જણાવાયું. આ વિસ્તાર ૩૫૦ ચોરસ માઈલનો હતો. શિમલા કરાર પછી, નગરપારકર અને સિંધી પ્રદેશ - જ્યાં ભારતીય સૈનિકોની છાવણી પર રાષ્ટ્રધ્વજ ફરકતો હતો- તે પણ હાથમાંથી ગયો. ૧૯૬૫ની ૯ એપ્રિલે કચ્છની સરહદ પર છાડબેટ સહિત બીજે પાકિસ્તાની હુમલો થયો, તેને ભારતીય જવાનોએ મારી હઠાવ્યો પણ વળી આક્રમણ થયું, ૧૪ કલાક સુધી સામસામી રાઈફલો ચાલી. પાકિસ્તાની ૧૩૪ સૈનિકોની લોથ ઢળી. ભારતીય સેનાના પ્રથમ પાંચ સૈનિકો શહીદ થયા, ભુજમાં તેઓને અંતિમ વિદાય આપવામાં આવી ત્યારે ૧૯૬૨ના યુદ્ધ પછીનું કવિ પ્રદીપનું ગીત (જે લતા મંગેશકરે ગાયું હતું)નું સ્મરણ થઈ આવ્યું;

કોઈ શીખ, કોઈ જાટ, મરાઠા,
કોઈ ગુરખા, કોઈ મદ્રાસી,
સરહદ પર મરનેવાલા
હર વીર થા ભારતવાસી..

શહીદીને વરેલા આ સૈનિકોનાં નામ હતાં: નાયક કિશોર સિંહ, સી. આઇ. જ્ઞાનચંદ, સમશેરસિંહ. સી. આઇ. જદુરામ અને સી. આઇ. સતીશ પ્રધાન.

૧૯૬૫ના યુદ્ધનો સામાન્ય ક્રમ આવો હતો. નવમી નવેમ્બર, ૧૯૬૫ના સરદાર ચોકી બોર્ડર પર હુમલો થયો. ભારતીય સૈનિકો માત્ર ૨૦૦ અને પાકિસ્તાની ૩૫૦૦ છતાં CRPFના જવાનોએ બહાદુરીપૂર્વક સામનો કર્યો. છ જવાનોની શહીદીને પ્રત્યેક વર્ષે શહીદ શૌર્ય દિવસ તરીકે મનાવવામાં આવે છે. એપ્રિલમાં પાકિસ્તાની સૈન્યની ૫૧મી ઇન્ફન્ટ્રીનું આક્રમણ થયું. ૯થી ૨૧ એપ્રિલ ઘમાસાણ સંઘર્ષ થયો. બીજા તબક્કામાં છાડબેટ પર હુમલો થયો. ૨૦-૨૧ કંજરકોટને નિશાન બનાવવામાં આવ્યું. સરદાર ચોકી, વીઘાકોટ, છાડબેટ, ડીગ, સુરઈ, બિયારબેટ, વગેરે અપરિચિત નામો ગાજતાં થયાં. ભારતીય સૈનિકોની વીરતા અદ્‌ભુત હતી. ૪ ડિસેમ્બર, ૧૯૭૧ વળી એક વધુ યુદ્ધ, તે ૧૮ ડિસેમ્બર સુધી ચાલ્યું. ૧૯૭૧નો અનુભવ વધુ ભયાવહ હતો, બૉમ્બ પડ્યા પણ ભારતીય સેનાએ અપ્રતિમ સાહસ દેખાડ્યું. પાકિસ્તાન હેઠળનો ૨૨૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર યુદ્ધ પૂરું થયું ત્યારે ભારતીય સૈનિકોની પાસે હતો.

નવમી નવેમ્બર, ૧૯૬૫ના સરદાર ચોકી બોર્ડર પર હુમલો થયો. ભારતીય સૈનિકો માત્ર ૨૦૦ અને પાકિસ્તાની ૩૫૦૦ છતાં સી. આર. પી. એફના જવાનોએ બહાદુરીપૂર્વક સામનો કર્યો.

અસમે તો બાંગ્લાદેશી ઘૂસણખોરીને લાંબા સમયથી સહન કરી છે, તે પછી ૧૯૮૦માં અસમ આંદોલન થયું, તેનો હું સાક્ષી રહ્યો છું. અંતરિયાળ ગામડાઓનો પરિચય થયો. દરેક થોડા અંતરે અલગ વનવાસી બોલી સાંભળવા મળે. વીર લચિત, મણિપુરના વીર રાજવીની ફાંસી, આચાર્ય શંકરદેવનો ઉપદેશ અને દરેક ગામડે નામઘર, મણિપુરી નૃત્ય, નેતાજી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજની શૌર્ય ગાથાનું સાક્ષી મોઈરાંગ સ્મારક, ચીની આક્રમણની યાદ કરાવતું તેજપુર, બ્રહ્મપુત્રના કિનારે માતા કામાખ્યાનું મંદિર, ચાના બગીચા.. આ સ્મરણીય સંસ્કૃતિ સાથે પ્રજાની પીડા અને મહત્ત્વાકાંક્ષા ભળી ગયાં છે.

કચ્છનાં સંસ્મરણોમાં પાકિસ્તાની યુદ્ધ પછીના દિવસો ઉમેરાય છે. કચ્છ-સત્યાગ્રહ અને સીમા સંમેલનો, એ બે સ્મૃતિ-સ્તંભો છે. ૧૯૬૮માં ટ્રિબ્યૂનલની સમીક્ષા એમ. સી. ચાગલા, અટલબિહારી વાજપેયી અને ડૉ. રામમનોહર લોહિયાએ કરીને કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય ચુકાદાને આપણા સાર્વભૌમત્વના ભોગે સ્વીકારવાની કોઈ જરૂરત નથી. ટ્રિબ્યૂનલના ત્રણ સભ્યો હતા, યુગોસ્લાવિયાના ન્યાયમૂર્તિ એલેક્સ બેબ્લર, ઈરાનના નસરૂલ્લાહ ઇન્તેઝામ, સ્વીડનના ગુનાર. બે વિરુદ્ધ એકના ચુકાદામાં ભારતીય સૈનિકોએ જ્યાં લોહી વહાવ્યું હતું તેવો ૩૫૦ કિલોમીટર વિસ્તાર ભારતે પાકિસ્તાનને સોંપી દેવાની વાત હતી. તેમાં છાડબેટ પણ આવી જતું હતું, જે મૂળ કચ્છનો જ ભાગ હતું અને ગોપાલકો, પશુઓના ઘાસચારા માટે તે સ્વર્ગ હતું.

તેની સામે વિરોધપક્ષોએ નક્કી કર્યું કે સત્યાગ્રહ કરવો. જનસંઘના પ્રદેશ સંગઠન મંત્રી વસંતરાવ ગજેન્દ્ર ગડકર અભ્યાસી વકીલ અને આયોજક હતા. દિલ્હીથી સૂચના આવી કે કચ્છમાં સત્યાગ્રહની સ્થિતિ તપાસવા માટે જઈ આવો. મને કહે, "આવવું છે?" આપણે તો તૈયાર. કદાચ તે મારું પ્રથમ કચ્છ-દર્શન. પાલનપુર થઈને ટ્રેનમાં બાર-તેર કલાકે ભુજ પહોંચ્યા. કેટલાંક નગરજનો અને અખબારોના તંત્રીઓને મળી, મહારાજ કુમાર હિંમતસિંહજીને મળ્યા. રાજપરિવાર દૃઢ હતો કે વર્ષોથી છાડબેટ કચ્છનો જ એક ભાગ હતો અને છે. બિહારીપ્રસાદ અંતાણી સ્વતંત્ર પક્ષના રાજ્યસભાના સભ્ય



હતા. લોકસભામાં બલરાજ મધોકે અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો. વિપક્ષોએ ટેકો આપ્યો. ચુકાદાના બીજા દિવસે સમગ્ર કચ્છમાં હડતાળ પડી હતી.

સત્યાગ્રહ અઘરો એટલા માટે હતો કે એક જ ટ્રેન ભુજ આવતી. રસ્તાઓનાં કોઈ ઠેકાણાં નહિ. ભુજથી ખાવડા- જ્યાંથી ભારત દ્વારા વિજિત ધર્મશાળા, સરદાર ચોકી સુધી રોજ સત્યાગ્રહ થવાનો હતો- ત્યાં કોઈ મજબૂત રસ્તો જ નહોતો. કોઈનેય કલ્પના નહોતી કે આ સરહદે પાકિસ્તાન નુક્તેચીની કરે. ભુજથી અમે નીકળ્યા ત્યારે કોઈ પાકો રસ્તો નહિ, બંને બાજુ રણનો તાપ, ઊબડખાબડ રસ્તો. લોકોએ કહ્યું કે ચાર પાંચ કલાકે પહોંચો તો ભાગ્યશાળી! જે જીપમાં અમે આગળ વધી રહ્યા હતા તે મુંબઈના એક મિત્રની હતી અને તે પોતે જ ચલાવી રહ્યા હતા. મુંબઈ અને કચ્છના રસ્તાઓનો ભેદ તેમને સમજાયો હશે કે નહિ, આવા ખરાબ રસ્તે ઝડપથી ચલાવી રહ્યા હતા, બાકી માણસ ભાગ્યે જ જોવા મળે. ત્યાં અચાનક મોટો આંચકો આવ્યો. જીપ ત્રાંસી થઈ ગઈ. પાછલા ભાગમાં ખરરર... ખટાક જેવો મોટો અવાજ થયો અને લાગ્યું કે શીર્ષાસનની સ્થિતિ ઊભી થઈ. એવી ભીષણ પરિસ્થિતિ કે કોઈને કશું વિચારવાનો સમય જ ના મળ્યો. વસંતભાઈ એક તરફ ફેંકાઈ ગયા, ડ્રાઈવર અને હું બીજી તરફ. તેમણે સ્ટિયરિંગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ તો કર્યો પણ પાછળ વ્હીલ નીકળીને છૂટ્ટાં પડી ગયેલાં, એટલે ત્રણે રેત-શરણ ! બૂમ પાડો પણ સાંભળનારું જોઈએ ને? રેતી અને ધૂળ અને પથ્થરોની



સત્યાગ્રહ અઘરો એટલા માટે હતો કે એક જ ટ્રેન ભુજ આવતી. રસ્તાઓનાં કોઈ ઠેકાણાં નહિ. ભુજથી ખાવડા- જ્યાંથી ભારત દ્વારા વિજિત ધર્મશાળા, સરદાર ચોકી સુધી રોજ સત્યાગ્રહ થવાનો હતો- ત્યાં કોઈ મજબૂત રસ્તો જ નહોતો.

થોડીઘણી ચોટ અમને વાગી હતી. વૉટરબૅગનું પાણી તો ઢોળાઈ ગયું હતું, ત્રણેયે એકબીજાના સહારે ઊભા થવાનો પ્રયાસ કર્યો. દૂરથી નીકળેલા કોઈ ગોપાલકે ધડાકો સાંભળ્યો હતો એટલે દોડીને આવ્યો, રસ્તાને પેલે પાર તેનું ઝૂંપડું હતું, ત્યાં દોરીને લઈ ગયો, પાણી પાયું, કોટનથી હાથપગના ઘાવ પર મલમ લગાડ્યો. બસ, એક ક્ષણની મહેરબાનીથી બચી ગયા. સુમરાસરમાં કોઈ કારીગર હતો તેણે આવીને જીપ ઠીકઠાક કરી.

બે દિવસ વ્યવસ્થાઓ જોઈને (હવે જૂના) રેલવેસ્ટેશન પાસે કાર્યકર્તાઓની સાથે જઈને ધર્મશાળાનું મકાન નક્કી કર્યું. નગરવાસી મહિલાઓ ત્યાં જ રસોઈ કરશે અને રોજ અલગ અલગ પ્રદેશોથી આવનાર સત્યાગ્રહીઓને જમાડશે એવું આયોજન કર્યું.

બે સપ્તાહ પછી વળી પાછા કચ્છ તરફ! પણ હવે તો સત્યાગ્રહીઓની ટુકડીઓ અમદાવાદ રેલવે સ્ટેશનેથી નારા ગજવતી - કચ્છ કી માટી, દેશ કી માટી-પ્રયાણ કરી રહી હતી. દરેક ટુકડીની સાથે તેના નેતા. જનસંઘ, સમાજવાદ, સ્વતંત્ર પક્ષ.. નેતાઓમાં બૅરિસ્ટર નાથપાઈ, નાનાસાહેબ ગોરે, મૃણાલ ગોરે, જગન્નાથરાવ જોશી, મધુ લિમયે, હેમ બરૂઆ, અટલબિહારી વાજપેયી, રાજનારાયણ , આરીફ મોહમદ બેગ, કર્પૂરી ઠાકુર, બાળાસાહેબ ઠાકરે, વિજયારાજે સિંધિયા, ઈન્દુલાલ યાજ્ઞિક, લાડલીમોહન નિગમ, ઉપરાંત ગુજરાતમાં હરિસિંહજી ગોહિલ, મ.કુ હિંમતસિંહજી, ચીમનભાઈ શુક્લ, સૂર્યકાંત આચાર્ય, છ મહિનાની દીકરીને લઈને નારસિંહ પઢિયાર અને તેમનાં પત્ની, સનત મહેતા, કેશુભાઈ પટેલ, ગુલાબશંકર ધોળકિયા, અમૃતપ્રસાદ અંતાણી, પ્રાણલાલ શાહ, ઈંદુભાઈ જાની અને બીજાં. બસ, એક ધૂરંધર નેતાની ખોટ સાલતી હતી, તે ડૉ. રામમનોહર લોહિયાની. થોડા સમય પૂર્વે તેમનો દેહાંત થયો હતો, પણ નેતા ઝૂઝારુ સમાજવાદી જ્યોર્જ ફર્નાન્ડીઝ અલગ તરી આવે તેવા સત્યાગ્રહ માટે આવી ગયા હતા. પોલીસને જાણ કર્યા વિના, ખાવડાનો રસ્તો ચાતરીને રણપ્રદેશમાં તેની ટુકડી પાકિસ્તાની સરહદે

પહોંચવા નીકળી ગઈ. આ રણમાં કોઈ જવાનું સાહસ કરતું નહિ, કેમ કે ત્યાંથી કોઈ જીવતું પાછું આવી શકે એ અશક્ય હતું. કચ્છથી અમદાવાદ ટેલિપ્રિન્ટર પર સંદેશા છૂટ્યા કે જ્યોર્જનો કોઈ પત્તો નથી.. ક્યાંક...

સત્યાગ્રહના મોરચે આવડા મોટા ગજાના નેતાનું મોત થાય તો સરકારના કપાળે કાળી ટીલી લાગી જાય. છેવટે પોલીસે મહામહેનતે પત્તો લગાવ્યો ને જ્યોર્જ મળી ગયા.

બીજો બનાવ તો એકદમ ગમગીનીનો હતો, ભુજની તોતિંગ જેલમાં કર્ણાટકના સત્યાગ્રહીઓને પકડીને રાખવામાં આવ્યા હતા. સત્યાગ્રહીઓએ જગન્નાથરાવ જોશીને કહ્યું કે કૈંક ઉદ્બોધન કરો. જેલમાં બૌદ્ધિક! વક્તા તરીકે જગન્નાથ રાવ જાણીતા, અને તેમના વ્યાખ્યાનમાં રમૂજ આવે. વ્યંગ આવે. મેં તે દિવસે અલગ જગન્નાથરાવને નિહાળ્યા. જેલ, ગીતા, શ્રીકૃષ્ણ અને ચેતના જેવા અઘરા વિષય પર એટલું પ્રભાવી બોલ્યા કે સૌ સ્તબ્ધ. ગોવા સત્યાગ્રહની જેલને યાદ કરીને તેમણે ગીતાનો યથાર્થ સમજાવ્યો હતો. સત્યાગ્રહીઓએ બૅરેકની દીવાલો પર "શહીદ દમયંતિ અમર રહો''નાં સૂત્ર લખ્યાં હતાં, કોણ આ દમયંતિ? રોજ આવનાર સત્યાગ્રહીઓના નિવાસ ધર્મશાળામાં ભોજનની વ્યવસ્થા કેટલીક બહેનો કરી રહી હતી, તેમાં દમયંતિ પણ હતી, રસોઈ કરતાં કરતાં દાઝી ગઈ અને મૃત્યુ પામી હતી. કચ્છ સત્યાગ્રહની તે હુતાત્મા. કોણ હશે તેનો પરિવાર? ક્યાં હશે ? કોઈ સંસ્થાઓ કે નેતાઓ યાદ કરતા હશે તેને?

ભુજના ચૉકમાં થતી સભામાં જાણે કે વિરોધ પક્ષોનો મંચ વ્યક્ત થતો, છેલ્લો વારો, બાર-એક વાગે અટલબિહારી વાજપેયીનો આવે. ખુલ્લા આકાશ નીચે જનમેદની સમક્ષ ભારત દર્શનથી શરૂઆત કરે.

યાદગાર અને ઐતિહાસિક દિવસો હતા તે. ભુજ અને બીજે, રોજ રાતે નેતાઓની સભાઓ થાય. બધા જ પ્રભાવી નેતાઓ. ભુજના ચૉકમાં થતી સભામાં જાણે કે વિરોધ પક્ષોનો મંચ વ્યક્ત થતો, છેલ્લો વારો, બાર-એક વાગે અટલબિહારી વાજપેયીનો આવે. ખુલ્લા આકાશ નીચે જનમેદની સમક્ષ ભારત દર્શનથી શરૂઆત કરે : યે કોઈ જમીં કા ટુકડા નહિ, જીતા જાગતા રાષ્ટ્રપુરુષ હૈ.. અને શ્રોતાઓને પ્રચંડ ભાવનાની દુનિયામાં દોરી જાય. એક સાંજે માંડવીની જાહેરસભા હતી ત્યારે હું તેમની સાથે હતો અને પંડિત શ્યામજી કૃષ્ણવર્માના જર્જરિત મકાને લઈ ગયો હતો. બીજા દિવસે રાજ્યપાલ અને મુખ્યમંત્રીને આ મકાનની જાળવણી માટે પત્ર લખ્યો. આ વિપક્ષી મંચનો દૂરગામી પ્રભાવ પડ્યો. ૧૯૬૭માં ડૉ. લોહિયા-પંડિત દીનદયાળના પ્રયાસોથી બિન-કૉંગ્રેસવાદને લીધે કેટલાંક રાજ્યોમાં સરકારો બદલાઈ હતી. ભારતીય રાજનીતિમાં પહેલીવાર બદલાવનો આંચકો જરૂર હતો, પણ કચ્છ કરાર સામેના સત્યાગ્રહે તેને ૧૯૭૫ના વર્ષની ભૂમિકા પૂરી પાડી.

મને સત્યાગ્રહનો પહેલો દિવસ બરાબર યાદ છે. ખાવડાથી જે ચેકપોસ્ટ ચુકાદાને લીધે પાકિસ્તાનને સોંપવાની હતી, ત્યાં પહેલી ટુકડી તૈયાર હતી. સમાજવાદી નેતા રાજનારાયણ અને ગુજરાત જનસંઘના પ્રદેશ અધ્યક્ષ હરિસિંહજી ગોહિલ ટુકડીના નેતા હતા. ચારેતરફ પોલીસોનો કાફલો ગોઠવાઈ ગયો હતો. ટુકડીનો ઈરાદો બાંદી બ્રિજ પસાર કરીને ધર્મશાળા ચોકીથી આગળ વધવું તેવો હતો. પણ બી. એસ. એફની બીજી ચિંતા એ હતી કે અફાટ રણમાં ક્યાંક સત્યાગ્રહીઓ ભૂલા પડી જાય તો તેમને શોધવા મુશ્કેલ પડે. શક્ય છે કે કેટલાક પાછા જ આવી ન શકે. ભારત સરકારના ગૃહખાતાએ અને રાજ્ય સરકારે ચેતવણી જાહેર કરી હતી કે આ રણમાં પ્રચંડ તાપ, જીવલેણ જીવજંતુ અને રસ્તા ન હોવાને કારણે ભૂલા પડી જવાની શક્યતા છે માટે કોઈએ આગળ વધવું નહિ, અને



જો તેમ થશે તો ધરપકડો થશે. ખાવડાના રણ તરફ જતાં રસ્તે સત્યાગ્રહી ટુકડી અને પોલીસની વચ્ચે ગજગ્રાહ શરૂ થઈ ગયો. કદાવર પહેલવાન જેવા રાજનારાયણનું જેવું શરીર તેવી જ તેમની જીભ! જમીન પર ચત્તાપાટ સૂઈ જઈને તેમણે તો ગરમાગરમ ભાષામાં બોલવાનું શરૂ કર્યું! પોલીસ આ કદાવર નેતાને ઉપાડીને વાનમાં બેસાડે કઈ રીતે? અમે સૌ એક ટેકરી પર ઊભા હતા. હું હેમ બરૂઆની નજીક હતો. આસામના સુખ્યાત સમાજવાદી નેતા. અસમ સાહિત્યસભાના પ્રમુખ પણ અગાઉ બન્યા હતા. તેમનાં પત્ની અનુ બરૂઆ પણ ખ્યાત અસમિયા કવયિત્રી. હેમ ગઈ રાતે ભુજની સભામાં બોલ્યા હતા. બડો ખુશમિજાજી જીવ. તંદુરસ્ત દેહયષ્ટિ. આંખો પર ચશ્માં. અસમિયા-અંગ્રેજી-બંગાળી-હિન્દીમાં મિશ્ર બોલે. સભામાં જ તેમણે કહ્યું હતું કે, છેક ગુવાહાટીથી આવ્યો છું, અમારા પ્રદેશમાં (તે સમયના) પૂર્વ પાકિસ્તાનથી હજારોની સંખ્યામાં ઘૂસપેઠિયા પેસી ગયા છે. જમીન, મકાન, ખેતી, નોકરીમાં વર્ચસ્વ ધરાવે છે અને સત્તા પક્ષ તેને વોટ બૅન્ક સમજીને બચાવે છે. તમે પણ સરહદી વિસ્તાર ધરાવો છો. તમે બધા સાવધાન બની જાઓ તેવી ચેતવણી આપવા આવ્યો છું. આજે નહિ તો કાલે, આક્રમણ અને ઘૂસપેઠની સમસ્યાનો સામનો કરવો પડશે. આસામથી કચ્છ સુધી એક થઈને આ સમસ્યાની સામે લડી લઈએ. કેટલા સાચા હતા હેમ બરુઆ? આસામને તો એક દીર્ઘ આંદોલન ચલાવવું પડ્યું હતું. કચ્છની જેમ અસમ પણ હું તેના પ્રજાકીય આંદોલનનો અભ્યાસ કરવા ગયો છું. એકવાર જસ્ટિસ તારકુન્ડે અને કુલદીપ નાયરની સાથે અનેકોની મુલાકાત લીધી હતી. ત્યારે જ અનુભવ્યું કે દરેક સરહદી વિસ્તારોને સમજવાની રાષ્ટ્રીય કોશિશ થવી જોઈએ.

૧૯૮૪માં સરહદી ગામડાઓની સમસ્યાઓ જાણવા આરતીએ અને મેં દીર્ઘ પ્રવાસો કર્યા હતા. નિમિત્ત હતું ગુજરાત બિરાદરીના નિર્ણયનું. બાબુભાઈ જ. પટેલ અભ્યાસ સમિતિના અધ્યક્ષ અને હું સંયોજક હતો.

કચ્છ પણ સીમાવર્તી મુલક. ૧૯૮૪માં સરહદી ગામડાઓની સમસ્યાઓ જાણવા આરતીએ અને મેં દીર્ઘ પ્રવાસો કર્યા હતા. નિમિત્ત હતું ગુજરાત બિરાદરીના નિર્ણયનું. બાબુભાઈ જ. પટેલ અભ્યાસ સમિતિના અધ્યક્ષ અને હું સંયોજક હતો. કચ્છમાં પણ કીર્તિ ખત્રી, રમેશ સંઘવી વગેરેનો સીમા સંમેલનોમાં સહયોગ મળ્યો. આ સંમેલનોમાં વિમલાતાઈ ઠકાર, આચાર્ય રામમૂર્તિનો પ્રવાસ પણ થયો. તેની અનુભૂતિ અખંડપણે જળવાઈ છે. જે મળ્યાં તે વાહનોમાં, બસ, મોટરકાર, બળદગાડી, ઊંટનો ઉપયોગ ૧૯૮૫ની અભ્યાસ સમિતિ દરમિયાન થયો. બી.એસ. એફના વડા શ્રી સકલાણી મિત્ર હતા. તે પણ કેટલીક જગ્યાએ સરહદી પોસ્ટ પર જીપમાં જોડાયા હતા. ભૂજ, માધાપર, દયાપર, લખપત, નારાયણસર, કોટેશ્વર, ખાવડા, બાંદી બ્રિજ, ધર્મશાળા પોસ્ટ, કોટેશ્વર સુધી જવાનું બન્યું. રણપ્રદેશની ભૂગોળ સહેલી નથી હોતી. ક્યાંક કોઈ ગામ વસેલું હોય તે ફરીવાર જઈએ ત્યારે ન પણ હોય! આ ભૂમિ પર પાકિસ્તાની યુદ્ધ દરમિયાન ગુજરાતે પોતાના મુખ્યમંત્રી બળવંતરાય મહેતા



અને તેમનાં પત્ની સરોજબહેન તેમજ પત્રકાર પી.કે. શાહને વિમાની દુર્ઘટનામાં ગુમાવ્યાં હતાં, ૭ સપ્ટેમ્બર, ૧૯૬૫. પાકિસ્તાની રડાર મથકથી વિમાનને તોડી પાડવામાં આવ્યું હતું. જમીન માર્ગે બેડિયા બેટ આંતરરાષ્ટ્રીય સરહદથી ૭ કિલોમીટર દૂર ખાવડાથી આગળ છે. પાકિસ્તાની ચેકપોસ્ટ બેગી, ભરાટ છે. બનારલા, બિયાર, કુરા, સર્બેલા વગેરે બેટ રણની વચ્ચે સુરક્ષા કર્મીઓ સંભાળે છે, અહીં અને ત્યાં પાકિસ્તાનમાં. સરક્રીકને વિવાદમાં બદલાવી નાખવાની પાકિસ્તાનની વર્ષોથી વ્યૂહરચના છે.

કચ્છ એકલો સીમા-સમસ્યા અને બીજા અભાવ-પ્રભાવનો પ્રદેશ નથી. તેનો ઇતિહાસ છે. સાહિત્ય છે. સમૃદ્ધ બોલી છે. યુસુફ મહેરઅલી, શ્યામજી કૃષ્ણવર્મા, એમ. સી. ચાગલા, જયંત ખત્રી, હરીન્દ્ર દવે.. બધા આધુનિક સદીના અહીંનાં ખ્યાત વ્યક્તિત્વો છે. કચ્છની આ સૌથી ઊંચી- ૪૫૦ મીટર- પહાડીની ટોચે પહોંચતા કરાલકાલ ખીણો અને દરેક પગલે અસાવધાનીથી સર્જાતાં જોખમનો ભય. આ વળાંકો પર વાહનચાલકો જીપ ચલાવતા હોય ત્યારે ઍવૉર્ડ આપવાની ઇચ્છા થાય. કાળા ડુંગરની ટોચે અમે પહોંચ્યા ને જોયું તો ખરેખરું કચ્છ તો આ રહ્યું, એમ અનુભવ્યું. સાંજનો દુર્દાન્ત અંધાર, આકાશમાં ભૂરા અને શ્યામ રંગોનું ભળી જવું, હવાના ઝપાટા, ચોતરફ નીચે રણની સત્તા અને દૂર સુધીની રહસ્યમય વિરાની. ડુંગર ટોચે ગુરુ દત્તાત્રેયની સ્મૃતિ એક નાનકડા મંદિરમાં પ્રતિષ્ઠિત છે. પૂજારી ખોરાક લઈને નજીક જાય એટલે શિયાળવાંઓ તેના અવાજથી દોડ્યાં આવે. ઝગમગતા આરતી-અજવાળે અંધારાંને થોડું ઝાંખું પાડી દીધું. ને ઘંટારવથી વાતાવરણ ગાજી ઊઠ્યું.

ગુજરાતની એક સરહદ કચ્છની જેમ બનાસકાંઠાની. સરહદ પરનું છેલ્લું ગામ સૂઈગામ. આગળ જાઓ તો પાકિસ્તાનનો પ્રદેશ શરૂ થઈ જાય.

સમગ્ર કચ્છ અતીતથી વર્તમાનનું પ્રતીક છે. બીજા છેડે નારાયણસર,. આદિ શંકરાચાર્ય અહીં આવ્યા હતા. સ્વામી વિવેકાનંદ પણ. લખપતમાં ગુરુ નાનકનું ગુરુદ્વારા, (અમે ગયા ત્યારે ઊંચેરો ગઢ, પાકાં મકાનો, ત્રણ તળાવો, અને સૂમસામ શેરીઓ. દરેક ઘરને તાળું. અહીં જ દરિયાઈ સમૃદ્ધ વેપારી મથક હશે? દસ્તાવેજો તો એવું કહે છે : દરિયાઈ રસ્તે આ વેપાર થતો. ૧૯૭૧ના ગુજરાત સ્ટેટ ગેઝેટિયરમાં નોંધ છે : ૨૯૮ સ્ત્રીઓ, ૨૪૧ પુરુષો, કુલ વસતિ ૫૩૯. (૧૯૮૪માં આમાં કોઈ ફરક જોવા મળ્યો નહોતો). હવે તો અહીં ઉદ્યોગો વિકસ્યા છે, નર્મદાનું પાણી પહોંચી ચૂક્યું છે, રણોત્સવ દુનિયાને આકર્ષે છે, એક યુનિવર્સિટી છે, સીમા-સુરક્ષા કેન્દ્ર છે. ભૂકંપમાંથી ઊભાં થયેલાં ગામડાઓના દરવાજા શોભે છે. મસ્કા, માંડવીમાં ક્રાંતિકાર પંડિત શ્યામજીનું ભવ્ય ક્રાંતિતીર્થ સ્મારક છે. એવું લાગે છે કે કચ્છનો અભાવ-પ્રભાવ તેની બે નદીઓ જેવો છે. એક માતાના મઢથી નીકળીને અબડાસાના તેરા ગામડા સુધી પહોંચતી "ખારી" નદી છે, ત્યાં તે "મીઠી" ને મળે છે અને પંદરેક કિલોમીટર ચાલીને જખૌ રણના અખાતમાં વિલીન થઈ જાય છે!

ગુજરાતની એક સરહદ કચ્છની જેમ બનાસકાંઠાની. સરહદ પરનું છેલ્લું ગામ સૂઈગામ. આગળ જાઓ તો પાકિસ્તાનનો પ્રદેશ શરૂ થઈ જાય. ભારતીય સૈનિકોએ ૧૯૬૫ના યુદ્ધ દરમિયાન છેક નગરપારકર સુધી વિજયકૂચ કરી હતી. સમજૂતીમાં આ વિજિત મુલક પણ પાછો આપવો પડ્યો. તે પહેલાં અહીં પણ ખ્યાત રાષ્ટ્રવાદી અર્થશાસ્ત્રી અધ્યાપક ભાઈ મહાવીરના નેતૃત્વમાં સત્યાગ્રહ થયો. પ્રમાણમાં નાની ટુકડી અને એક દિવસનો અંદાજ. પણ ખતરનાક અનુભવ કચ્છ જેવો જ. સૂઈગામ ખોબા જેવડું ગામ, પાલનપુર- ગાંધીધામ મીટરગેજ રેલવે લાઇન પરનું




ટપકા જેવું સ્ટેશન. કચ્છના નાના રણથી થોડીક ઊંચાઈ પર દસેક કિલોમીટર પરના આ અભિશાપિત ગામમાં ડહોળું-કાળું પાણી, ચામડીના રોગનો ઉપદ્રવ. આ પરિસ્થિતિ ૧૯૬૮ની હતી. હવે તે ચિત્ર બદલાયું હોવું જોઈએ. સૂઈગામથી સત્યાગ્રહ ટુકડી આગળ વધી. જલોયા ગામ આવ્યું. વેરાન ગામડું. ૬૦૦ની વસતિ. વૃક્ષો પરના ગુંદરનો વ્યવસાય. બોર્ડર સિક્યૉરિટીની જીપો અહીંથી નીકળે. આગળ વધ્યા તો નજર સામે સફેદ જમીનનો વિસ્તાર. સફેદીથી એવું લાગે કે અરે વાહ! સરકારે કેવો રાજમાર્ગ તૈયાર કરી આપ્યો છે. પણ એ તો આભાસ હતો. ચેતવણી મળી ગઈ કે આગળ ન જશો. ખારો પટ ભરાયો છે. ફસાઈ જશો. ઉત્સાહી સત્યાગ્રહીઓનો જવાબ : "થર(પારકર) કી ધરતી, દેશ કી ધરતી!" પણ જલોયથી અફાટ રણ શરૂ થઈ ગયું હતું. આજે તો નડા બેટને પ્રવાસી કેન્દ્ર તરીકે વિકસાવ્યું છે એટલે કોઈ તકલીફ નથી. તે દિવસો જુદા હતા. ઉપર તપતો બપોર. વચ્ચે ચૅકપોસ્ટ આવે તે રોકે. જ્યાં પ્રતિબંધ હશે ત્યાંથી પાછા ફરીશું એમ કહેવામાં આવ્યું. થાકેલા ડગલે સૌ આગળ ચાલ્યા અને બે-ચાર, દસ-બાર એમ ટુકડીમાં છૂટા પડતા ગયા. નડા બેટ આવ્યું. સિક્યૉરિટી સૈનિકો જ ત્યાં આરતી-પૂજા કરે. માતાનો ધ્વજ ફરકે તે શક્તિ પૂરી પાડે. બે-ત્રણ માઈલના અંતરે એક વધુ ચેક-પોસ્ટ આવી, ત્યાંથી સરહદપાર ભારતીય જવાનોએ જીતેલી સિંધભૂમિ હતી. પણ લશ્કરી જવાનોએ કહ્યું, જીવનું જોખમ, છે. ખાડીમાં ખારું પાણી ભરાયું છે. જીપ નહિ જાય, ચાલવું પણ મુશ્કેલ છે. ઉપર તડકો, નીચે નમકીન પાણી, ઉપરની સપાટી તૂટે એટલે પગમાં ખારાશની ધાર વાગે, લોહી નીકળે. પાંચ માઈલની સફેદી હજુ પાર કરવાની હતી. ટુકડીઓ આગળ-પાછળ હતી. કોઈ દેખાતું નહોતું. જમીન પરનો ખારો કાદવ વધતો ચાલ્યો. ચંપલ પણ બોજો લાગે. ગળામાં શોષ. પાણી તો સાથે હતું નહિ. શરીર એકદમ ગરમ. આંખે અંધારાં. એક કાર્યકર્તા નરેશ બાગડીએ જોયું કે હમણાં પડી જશે એટલે પાસે આવ્યા, બનિયન અને ટોપી ઉતારીને પોતાના પગે બાંધ્યા. ચંપલ હાથમાં લીધાં અને મને કહે કે જ્યાં હું પગ માંડું તે પગલામાં જ ચાલજો, જેથી અંદરનું ગરમ પાણી સહન થાય. એક ખુલ્લી જગ્યા આવી, એક ઝાડી-ઝાંખરું હતું, માથું જ રહે એટલો છાંયડો સ્વર્ગ જેવો લાગ્યો. આસપાસ જોયું તો કોઈ કુમળા પ્રાણીની હાડકાંની ખોપરી પડી હતી. પણ એક સિક્કો દેખાયો. સિંધથી હિજરત કરીને નીકળેલા હિજરતીઓના કાફલાએ અહીં વિશ્રામ લીધો હશે ને કોઈ બાળકના હાથમાંથી આ સિક્કો સરી પડ્યો હશે. ૫૮ વર્ષ પહેલાનો સાચવી રાખેલો એ સિક્કો જોઉં છું ને રણ-કથાનું સ્મરણ થાય છે. છેવટે વડતલૈયા ગામ આવ્યું, સિંધ પાકિસ્તાનનું એ સરહદી ગામ. ત્યાંથી ઢળતી સાંજે નગરપારકરની ભારતીય સેનાની છાવણીમાં લશ્કરી જીપ લઈ ગઈ. ધીરે ધીરે બીજા સત્યાગ્રહીઓ પણ આવી ગયા, બધાની કરમકહાણી એકસરખી હતી, પણ જુસ્સો યથાવત્. દત્તાત્રેય ચિરંદાસે તો શાખા લગાવી. સાથે ભગવો ધ્વજ લાવ્યા હતા. પહેલાં રાષ્ટ્રગીત અને પછી નમસ્તે સદા વત્સલે...

ભારતીય સેનાની છાવણીમાં લશ્કરી જીપ લઈ ગઈ. ધીરે ધીરે બીજા સત્યાગ્રહીઓ પણ આવી ગયા, બધાની કરમકહાણી એક સરખી હતી, પણ જુસ્સો યથાવત્.

એ જ રાતે થોડા અંતર પર ઊંટ પર અને પછી જીપમાં વાપસ પહોંચ્યા. સરહદ, સમાજ, યુદ્ધ પછીની સ્થિતિ અને સત્યાગ્રહનો આ એવો અનુભવ દરેક સરહદી પરિસ્થિતિનો આંશિક અહેસાસ કરાવે છે.

૫૦૧-ઈ, કાસા વ્યોમા એપાર્ટમેન્ટ,
સરકારી વસાહત માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૫૨.
મો. ૯૪૨૭૮૦૪૭૨૨



'હેમયુગ'ના સર્જક શ્રી હેમચંદ્રાચાર્યની પરંપરા અને પ્રભાવ

ડૉ. કુમારપાળ દેસાઈ

ગુજરાતની વિદ્વત્તાનો અપ્રતિમ માનદંડ સ્થપાય છે કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યથી. વિદ્વત્તા, રાજસત્તા, લોકવ્યવહાર, જનજીવન, ભાષા, સાહિત્ય, સભ્યતા અને સંસ્કારિતા આ સઘળાં ક્ષેત્રો પર સોલંકીયુગમાં એમનો પ્રભાવ જોવા મળે છે. વળી પોતાના સંયમ, સાહિત્ય અને સાધુતાના બળે ગુજરાતના જયસિંહ સિદ્ધરાજ અને કુમારપાળના સમયમાં સન્માનનીય રાજગુરુ તરીકે મોખરે રહ્યા અને ગૂર્જર સંસ્કૃતિના પાયામાં શ્રી અને સરસ્વતીની સ્થાપના કરી.

સામાન્ય રીતે કોઈ રાજવીને નામે યુગ ઓળખાય છે, પરંતુ બહુમુખી પ્રતિભાવાળા શ્રી હેમચંદ્રાચાર્યના વ્યક્તિત્વને કારણે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના આ સુવર્ણયુગને 'હેમયુગ' કહેવામાં આવે છે. કાવ્ય, ન્યાય, કોશ, યોગ, અલંકાર, છંદ, ઇતિહાસ, પુરાણ અને વ્યાકરણ એમ અનેક વિષયો પર એમણે શાસ્ત્રીય પાંડિત્યપૂર્ણ ગ્રંથોની રચના કરી. એ ગ્રંથો દ્વારા એમની સર્જકતા, ચિંતનશીલતા અને ભાવયિત્રી પ્રતિભાનો પરિચય સાંપડે છે. વળી એમની લેખિનીએ સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, અપભ્રંશ અને દેશ્ય ભાષાના વાઙ્મયમાં પણ એમની લેખિનીએ સહજ વિહાર કર્યો હતો.

સંસ્કૃત અને પ્રાકૃત 'દ્વયાશ્રય'માં હેમચંદ્રાચાર્યે ગુજરાતી ભાષા, ગુજરાતી સંસ્કારિતા અને ગુજરાતી અસ્મિતાનો આહ્લાદક ત્રિવેણીસંગમ રચી આપ્યો છે.

ગુજરાતી સાહિત્યના સમર્થ નવલિકાકાર અને નવલકથાકાર ધૂમકેતુ કહે છે, 'હેમચંદ્રાચાર્ય વિના ગુજરાતી ભાષાનો જન્મ કલ્પી શકાતો નથી, એમના વિના વર્ષો સુધી ગુજરાતને જાગ્રત રાખનારી સંસ્કારિતા કલ્પી શકાતી નથી; અને એમના વિના ગુજરાતી પ્રજાનાં ખાસ લક્ષણો - સમન્વય, વિવેક, અહિંસા, પ્રેમ, શુદ્ધ સદાચાર અને પ્રામાણિક વ્યવહારપ્રણાલિકા- કલ્પી શકાતાં નથી. હેમચંદ્રાચાર્ય માનવ તરીકે મહાન હતા; સાધુ તરીકે વધારે મહાન હતા; પણ સંસ્કારદ્રષ્ટા તરીકે તો એ સૌથી વધારે મહાન હતા. એમણે જે સંસ્કાર રેડ્યા, એમણે જે ભાષા આપી, એમણે લોકોને જે રીતે બોલતા કર્યા, એમણે જે સાહિત્ય આપ્યું - એ સઘળું આજના ગુજરાતની નસમાં હજી વહી રહ્યું છે, અને એટલે, એ મહાન ગુજરાતી તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધિ પામવાયોગ્ય પુરુષ છે.'

શ્રી હેમચંદ્રાચાર્યે પોતાની કલ્પનાથી સર્જેલું ગુજરાત એમના 'દ્વયાશ્રય' ગ્રંથમાં પ્રગટ થાય છે. સંસ્કૃત અને પ્રાકૃત 'દ્વયાશ્રય'માં હેમચંદ્રાચાર્યે ગુજરાતી ભાષા, ગુજરાતી સંસ્કારિતા અને ગુજરાતી અસ્મિતાનો આહ્લાદક ત્રિવેણીસંગમ રચી આપ્યો છે અને સાથોસાથ આવતીકાલના ગુજરાતની ઝાંખી પણ આપી છે. જ્યારે 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' નામનો એક જ ગ્રંથ એમના કલિકાળસર્વજ્ઞ બિરુદને સિદ્ધ કરે તેવો વિશાળ, ગંભીર અને સર્વદર્શી છે.

તેઓ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના મહાન સર્જક, સંગ્રાહક અને સંયોજક હતા. એમની રચનાઓમાં એક બાજુ પોતીકી અસ્મિતા, સોલંકીયુગની ગરિમા અને સરસ્વતીપૂજકની યુયુત્સા પ્રગટ થાય છે, તો બીજી બાજુ તર્ક, વિચાર, વ્યાકરણ, સાહિત્ય અને દર્શન સુધીનો વ્યાપ મળે છે. કવિ, સંપાદક, કોશકાર, વ્યાકરણશાસ્ત્રી, ઇતિહાસકાર અને સમાજસુધારકથી માંડીને યોગનાં ઊંચાં શિખરો સુધી એમની દૃષ્ટિ ફેલાયેલી છે અને બધે જ એમની પ્રતિભા સમર્થપણે વિહરે છે. એમનો વિપુલ ગ્રંથભંડાર વિશાળ જ્ઞાનકોશ જ લાગે. એમની કૃતિઓ એટલી બધી છે કે કોઈ એક વ્યક્તિ આજીવન નહિ બલ્કે કેટલીયે વ્યક્તિઓ એકસાથે મળીને જીવનભર સંશોધન કરે એટલું રચનાસામર્થ્ય એમાં છે.

શ્રી હેમચંદ્રાચાર્યનું ગંભીર જ્ઞાન, ઉચ્ચ સાધુતા, સ્વ-

પરશાસ્ત્રોમાં પારંગતતા, વ્યવહારકુશળતા અને રાજનૈતિક દક્ષતા દૃષ્ટિગોચર થાય છે. એમણે વિદ્વત્તા સાથેની સાધુતાની ઊંચી કિંમત અંકાવી. હેમચંદ્રાચાર્યના શિષ્ય દેવચંદ્રના શબ્દોમાં કહીએ તો "विद्यांभोनिधिमंथमंदरगिरिः श्री हेमचन्द्रो गुरुः ।" છે. વિ. સં. ૧૨૨૯માં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય કાળધર્મ પામ્યા. એ અંગે 'કીર્તિકૌમુદી'નો રચયિતા સોમેશ્વર કહે છે, 'वैदुष्यं विगताश्रयं श्रितवति श्री हेमचन्द्रे दिवम् ।' અર્થાત્ હેમસૂરિનો સ્વર્ગવાસ થતાં વિદ્વત્તા આશ્રયવિહોણી બની ગઈ છે. ૮૪ વર્ષની વયે શ્રી હેમચંદ્રાચાર્યે એમનું ક્ષરજીવન સંકેલી લીધું, પરંતુ એમનું વિપુલ અક્ષરજીવન જોતાં આદરપૂર્ણ આશ્ચર્ય સિવાય બીજો કોઈ ભાવ થતો નથી.

આમ, હેમચંદ્રાચાર્યના સમયમાં વિદ્યા, વિવેકપૂર્ણ જીવનસંસ્કાર અને સાહિત્યની એક એવી આબોહવાનું સર્જન થયું કે જેની ચિરસ્થાયી અસર ગુજરાતની સાહિત્યિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક શૈલીમાં પ્રગટ થઈ. હેમચંદ્રાચાર્યની પરંપરાનો વિચાર કરીએ તો સૌપ્રથમ એમના શિષ્યમંડળનું સ્મરણ થાય. એમના શિષ્ય રામચંદ્રે પોતાના ગુરુ હેમચંદ્રાચાર્યની માફક ઉપલબ્ધ સાહિત્યનો સંચય અને દોહન કરવાની પરંપરા અનુસાર 'નાટ્યદર્પણ' લખ્યું. રામચંદ્રે લખેલું આ 'નાટ્યદર્પણ' નાટ્યશાસ્ત્ર પર આંગળીને વેઢે ગણાય તેટલા સંસ્કૃત ગ્રંથોમાં સ્થાન ધરાવે છે. આમાં એમણે ૪૪ નાટકોનાં અવતરણો ઉદ્ધૃત કર્યાં છે, તે કેટલાંક લુપ્ત નાટકોની ઓળખ માટે મહત્ત્વનાં બની રહ્યાં છે. નાટ્યશાસ્ત્ર, રસશાસ્ત્ર અને અભિનયકલા વિશેનાં રામચંદ્રનાં પ્રણાલિકાભંજક વિધાનો એમની મૌલિક વિચારધારા દર્શાવે છે. એમણે નાટ્ય અને અભિનયનાં વિવિધ અંગોનું વ્યવહારુ દૃષ્ટિએ અવલોકન કર્યું છે. શબ્દશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના 'ત્રિવિદ્યવેદી' રામચંદ્રની સાહિત્યપ્રવૃત્તિ એમના સમયમાં સાહિત્યસર્જનમાં સૌથી વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે. એ સમયે ગુજરાતમાં લખાયેલાં બાવીસ જેટલાં નાટકોમાંથી અડધાં નાટકો એકલા રામચંદ્રરચિત છે. રામચંદ્રે લખેલા ગ્રંથોમાં 'નાટ્યદર્પણ', 'સત્યહરિશ્ચંદ્ર', 'નિર્ભય ભીમવ્યાયોગ', 'કૌમુદીમિત્રાણન્દ' અને 'નલવિલાસ' પ્રસિદ્ધ છે. 'સત્યહરિશ્ચંદ્ર'નું ઈ. સ. ૧૯૧૩માં ઇટાલિયન ભાષામાં થયેલું ભાષાંતર મળે છે. રામચંદ્રની એક આગવી વિશેષતા એ છે કે એમણે ધાર્મિક કરતાં વિશેષ સામાજિક વિષય આધારિત સાહિત્ય સર્જ્યું છે અને પોતાનાં કેટલાંક નાટકોનું વસ્તુ લોકકથામાંથી લીધું છે. એ સમયે રામચંદ્રનાં નાટકો ભજવાતાં હશે અને વિષય લોકગમ્ય ભાષાની સરળતા, રચનાની પ્રવાહિતા અને પ્રસંગયોગ્ય રસનિષ્પત્તિને કારણે લોકપ્રિય થયાં હશે એમ માની શકાય.

> **ગ્રંથસર્જન માટે ઠેર ઠેરથી હસ્તપ્રતો મંગાવવાની હેમચંદ્રાચાર્યની ભાવનાને કારણે ગ્રંથભંડારોમાં રહેલી હસ્તપ્રતોનું મહત્ત્વ સમજાયું અને એને પરિણામે ગુજરાતના સાહિત્યવારસાનું વ્યવસ્થિત જતન અને સંવર્ધન થયું.**

કવિ રામચંદ્રના ગુરુભાઈ અને તેમની સાહિત્યિક પ્રવૃત્તિમાં અનેક પ્રકારે સહાય કરનાર ગુણચંદ્રે 'નાટ્યદર્પણ' અને 'દ્રવ્યાલંકારવૃત્તિ' જેવા ગંભીર અને વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો તૈયાર કરવામાં એમને સાથ આપ્યો હતો અને બંનેએ સાથે કાર્ય કર્યું હતું. હેમચંદ્રાચાર્યના ચાર કોશ પર એમના શિષ્ય મહેન્દ્રસૂરિએ લખેલી ટીકા મળે છે. આ ઉપરાંત શ્રી હેમચંદ્રાચાર્યના શિષ્યોમાં વર્ધમાનગણિએ લખેલી 'કુમારવિહાર' પ્રશસ્તિ, દેવચંદ્રે લખેલું 'ચંદ્રલેખાવિજયપ્રકરણ' નાટક, ઉદયચંદ્રે લખેલા 'ઉપદેશગ્રંથ'ની વિગતો, યશશ્ચંદ્રની રચનાઓ વિશે પ્રબંધોમાં મળતા ઉલ્લેખો તથા બાલચંદ્રની 'સ્નાતસ્યા' જેવી રચનાઓ મળે છે. રાજા કુમારપાળ પછી અસહિષ્ણુ અજયપાળ ગાદીએ આવ્યો તેને પરિણામે હેમચંદ્રાચાર્યની આ શિષ્યમંડળી વિશેષ પ્રદાન કરી શકી નહીં, પરંતુ આ સર્વમાં રામચંદ્ર આગવું સ્થાન ધરાવે છે.

ગ્રંથસર્જન માટે ઠેર ઠેરથી હસ્તપ્રતો મંગાવવાની હેમચંદ્રાચાર્યની ભાવનાને કારણે ગ્રંથભંડારોમાં રહેલી હસ્તપ્રતોનું મહત્ત્વ સમજાયું અને એને પરિણામે ગુજરાતના સાહિત્યવારસાનું વ્યવસ્થિત જતન અને સંવર્ધન થયું. આથી આજે આપણને ૧૨મીથી ૧૯મી સદી સુધીનાં ગુજરાતી ભાષા-સાહિત્યોનો દસકાવાર ઇતિહાસ મળી શકે છે. જગતનાં ભાષા-સાહિત્યોમાં આવી વિપુલ

સાહિત્યસમૃદ્ધિનાં વિરલ દૃષ્ટાંત મળે છે. ભારતીય આર્યકુળની એકમાત્ર સિંહાલી સિવાય કોઈ ભાષાનો આવો તબક્કાવાર ઇતિહાસ સાંપડતો નથી. વળી જૈન ભંડારોમાં જૈનેતર કૃતિઓ સચવાઈ છે. કાવ્ય, કાવ્યશાસ્ત્ર અને અન્ય દર્શનના ગ્રંથો પણ મળે છે. જ્યારે આ ગ્રંથભંડારોમાંથી 'કાન્હડદે પ્રબંધ' જેવી જૈનેતર કૃતિઓ પણ મળે છે. ગ્રંથભંડારોના મુદ્રિત ગ્રંથસંગ્રહમાં ગીતા, ઉપનિષદ જેવી કૃતિઓ મળે છે. આ બાબતનો ઘણો મોટો લાભ ઊગતી અને વિકસતી ગુજરાતી ભાષાને મળ્યો. આથી આજે આપણને મધ્યકાલીન સમયમાં થયેલા ૧,૬૦૦ જેટલા જૈન અને ૫૦૦ જેટલા જૈનેતર કવિઓની વિગતો પ્રાપ્ય છે. ૩,૦૦૦ જેટલી જૈન કૃતિઓ મળે છે. અજ્ઞાતૃ કર્તૃક જૈન બાલાવબોધો પણ વિપુલ સંખ્યામાં મળે છે.

ગુજરાતી ભાષા અંગે વિચારીએ તો હેમચંદ્રાચાર્ય-રચિત અપભ્રંશ વ્યાકરણથી આરંભીને ગુજરાતી ભાષા સુધીની પરંપરા જોઈ શકાય. આ અપભ્રંશ વ્યાકરણને ગૂર્જર અપભ્રંશ સાથે કોઈ પ્રત્યક્ષ સંબંધ નથી, પરંતુ એમાં તત્કાલીન લોકબોલીની છાંટ આવી છે, પરિણામે અપભ્રંશ વ્યાકરણમાંથી મળતાં ભાષાપ્રક્રિયાનાં ચાર વલણો ગુજરાતી ભાષાની પૂર્વભૂમિકા રૂપે જોઈ શકાય. હેમચંદ્રીય અપભ્રંશમાં જોવા મળતું સંયુક્ત વ્યંજનને એકવડો કરવાનું અને કેટલીક વાર પૂર્વનો હ્રસ્વ સ્વર દીર્ઘ કરવાનું વલણ લાક્ષણિક રીતે ગુજરાતી-હિન્દી વગેરે અર્વાચીન ભાષાઓમાં મળે છે. વળી હેમચંદ્રીય અપભ્રંશમાં વપરાયેલું ક્રરંતુ એવું વર્તમાન કૃદંત એ અપભ્રંશ અને અર્વાચીન ભાષાની કડીરૂપ લાગે છે. એ જ રીતે હેમચંદ્રીય અપભ્રંશમાં પ્રથમા એકવચનનું રૂપ 'આ' કારાન્ત અને 'ઉ' કારાન્ત - એમ બંને મળે છે. આ વલણ હિન્દી અને ગુજરાતી, એમ બે જૂથમાં જોવા મળે છે. આ રીતે ૧૨મી સદીના હેમચંદ્રીય અપભ્રંશના સમયથી ભાષાના વિકાસનાં બીજ વવાઈ ચૂક્યાં હોવાનું જણાય છે. વળી જૈનપરંપરામાં લોકભાષામાં સાહિત્ય રચવાનો ઉપક્રમ હોવાથી અપભ્રંશની થોડી છાંટવાળી લોકબોલીમાં જૈન સાહિત્ય રચાવા લાગ્યું. આને કારણે ગુજરાતી ભાષાની પ્રાચીનતમ કૃતિઓ જૈન લેખકો પાસેથી મળે છે.

ગુજરાતી ભાષાના સાહિત્યનો પ્રારંભ શાલિભદ્રસૂરિએ ઈ. સ. ૧૧૮૫માં લખેલા 'ભરતેશ્વર-બાહુબલિરાસ'થી થયો એમ કહેવાય છે. ઈ. સ. ૧૧૭૦ પૂર્વે વજ્રસેનસૂરિકૃત 'ભરતેશ્વર-બાહુબલિધોર' લખાયાનું મનાય છે. આ કૃતિ પછી છેક બે સૈકા બાદ ગુજરાતી ભાષામાં ઈ. સ. ૧૩૭૧માં જૈનેતર સર્જકે લખેલી અસાઈતની 'હંસાઉલી' મળે છે. આ રીતે હેમચંદ્રીય અપભ્રંશના પ્રભાવ હેઠળ જૈન સાધુઓની સાહિત્યરચના વહેલી કોળી ઊઠી. વળી હેમચંદ્રાચાર્યે શૌર્ય અને શૃંગારના, પ્રેમ અને પરાક્રમના જે દુહાઓ આપ્યા છે તેમાં ગુજરાતી ભાષાના પરોઢનાં કિરણો જોઈ શકાય છે. આ દુહાઓમાં એ સમયના ગુજરાતના પ્રેમશૌર્યની ઝાંખી મળે છે.

ઢોલ્લા સામલા ધણ ચંપાવણ્ણી
ણાઈ સુવણ્ણરેહ, કસવટ્ટઈ દિણ્ણી.

ઢોલો-નાયક તો શામળો છે, ધણ (પ્રિયા-નાયિકા) ચંપાવર્ણી છે જાણે કે સુવર્ણની રેખા કસોટીના પથ્થર પર લગાવી હોય તેમ!

ચંપાવરણી ગુજરાતણ અને અફાટ દરિયાનાં ઊંચાં મોજાં સાથે ખેલીને, લાખોનાં મોતી લાવી એ નારીને શણગારનારા સાહસિક ગુજરાતીની છબી જોવા મળે છે. એ જ ગુજરાતની વીરતા હેમચંદ્રાચાર્યે નોંધેલા આ દુહામાં મળે છે :

જઈ ભગ્ગા પારક્કડા, તો સહિ મજ્જુ પિએણ;
અહ ભગ્ગા અમ્હહં તણા, તો તેં મારિઅડેણ.

જો પારકા શત્રુઓ ભાગ્યા હશે તો ખરેખર, મારા પિયુથી એ પરાક્રમ થયું હશે, અને અમારા ભાગ્યા હોય તો તે (મારો પિયુ) મૃત્યુ પામેલ હોય તેથી.

હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમ' વ્યાકરણ પછી બીજાં પુસ્તકો રચ્યાં, જેને પરિણામે ગુજરાતની સાહિત્યકીર્તિ વધી અને વિશેષ તો એમને સાહિત્યકાર 'ધૂમકેતુ'ના શબ્દોમાં કહીએ તો "લોકોને વાણી આપી અને બોલવાની શૈલી આપી." હેમચંદ્રાચાર્યે રચેલા કોશો એ પછી સંસ્કૃતમાં અને પ્રાકૃતમાં રચાતા રહ્યા. ભુજમાં જૈન યતિઓની કવિતાની 'શાળા'એ વ્રજ કોશસાહિત્યમાં નોંધપાત્ર ફાળો આપ્યો. ૧૪મા સૈકામાં કુલમંડનગણિકૃત 'મુગ્ધાવબોધ ઔક્તિક'થી માંડીને ૧૮મા સૈકા સુધી નાના-મોટા ઔક્તિકો રચાયા છે. એ પછી કોશ વિશે અંગ્રેજી સાહિત્યના અધ્યયનને કારણે વિભાવના બદલાઈ અને કોશસામગ્રી પણ પ્રજાની જરૂરિયાત પ્રમાણે બદલાઈ. ઈ. સ. ૧૮૦૮માં આર. ડ્રમંડ નામના અંગ્રેજ અમલદારે પોતાની નિવૃત્તિ પૂર્વે પશ્ચિમ ભારત પ્રત્યેના

પ્રેમને દાખવવા માટે 'ગ્લોસરી' શીર્ષક હેઠળ મોટા કદનાં ૯૮ પાનાંમાં ૪૬૩ ગુજરાતી શબ્દોની વિસ્તૃત સમજૂતી આપી હતી. ભાષાદૃષ્ટિએ અને એ સમયની સામાજિક પરિસ્થિતિની ઓળખ માટે આ મૂલ્યવાન શબ્દકોશ ગણાય. એમ તો અર્વાચીન સમયમાં હેમચંદ્રાચાર્યના જીવન અને સાહિત્ય પર સૌપ્રથમ સુંદર સમીક્ષા લખનાર જર્મન વિદ્વાન ડૉ. બુહ્લર છે.

ગુજરાતમાં કોશપ્રવૃત્તિનો પ્રારંભ શ્રી હેમચંદ્રાચાર્યથી થયો. સંસ્કૃતમાં 'દ્વયાશ્રય' અને પ્રાકૃતમાં 'કુમારપાલચરિત્ર'માં ચૌલુક્યવંશનો ઇતિહાસ મળે છે અને તેની સાથોસાથ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'ના મહાવીરચરિતમાં રાજા કુમારપાળ સંબંધી નોંધ મળે છે અને એમાંથી એમની અપૂર્વ ઇતિહાસસેવા જોઈ શકાય. એમણે ચૌલુક્યવંશનો ઇતિહાસ રચીને ગુજરાતનું ગૌરવ પ્રગટાવ્યું, જે એક અપૂર્વ પ્રયત્ન કહેવાય. અપભ્રંશ ભાષામાં થયેલું છંદસ્વરૂપોનું સર્જન, પરંપરાપુનિત કાવ્યરીતિનું પ્રભુત્વ અને જુદાં જુદાં સાહિત્યસ્વરૂપોની પરંપરા પ્રાચીન ગુજરાતી ભાષામાં ચાલુ રહી છે અને તેમાંથી એણે નવો વિકાસ સાધ્યો છે. હેમચંદ્રાચાર્ય પછી ગુજરાતમાં જૈન કવિઓ થયા તે તેમની પાસેથી પ્રેરણા પામે છે. યોગી આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, જિનહર્ષ, ઉદયરત્ન, પદ્મવિજય, જ્ઞાનચંદ્ર, સહજસુંદર, દેવચંદ્ર, લાવણ્યસમય, વીર વિજયજી જેવા કવિઓ મળે છે. ગુજરાતી ભાષાના મધ્યકાળના સોળસો જેટલા જૈન કવિઓમાં ૧,૫૫૦ જેટલા જૈન સાધુઓ છે અને આ સાધુઓ એમના અધ્યયનકાળમાં કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના વિપુલ સાહિત્યસર્જન પાસેથી ઘણાં પ્રેરણાપીયૂષ પામ્યા હશે. સામાન્ય રીતે પ્રત્યેક સાધુ હેમચંદ્રાચાર્યના અપભ્રંશ વ્યાકરણનું પોતાના દીક્ષાજીવનના પ્રારંભે અધ્યયન કરતા હોય છે.

જૈનચરિત્રાત્મક કથાનકોના મૂળ સગડ હેમચંદ્રાચાર્યની કૃતિઓમાં જોઈ શકાય છે. ગુજરાતની સંસ્કૃતિ પર સર્વધર્મસમભાવના સંસ્કારો ધર્મના સાંપ્રદાયિક સ્વરૂપથી પર એવા હેમચંદ્રાચાર્યે સોમનાથના મંદિરમાં મહાદેવની સ્તુતિ કરતાં બ્રહ્મા વા વિષ્ણુર્વા મહેશ્વરો વા નમસ્તસ્મૈ। - આમ કહીને પ્રણામ કરી સ્તુતિ કરતાં હેમચંદ્રાચાર્યે એમના સમયમાં સર્વધર્મસમન્વયનો નવીન આદર્શ આપ્યો. 'અમારિ ઘોષણા' દ્વારા લોકકલ્યાણ અને અહિંસાની વાત કરી. આજે એના પરિણામસ્વરૂપ ગુજરાતની સંસ્કૃતિમાં અહિંસા, ઉદાર દૃષ્ટિ અને સર્વધર્મસમન્વયની ભાવના વિશેષ રૂપે જોવા મળે છે. શ્રી કનૈયાલાલ મુનશીએ હેમચંદ્રાચાર્યની પ્રતિભાને અંજલિ આપતાં કહ્યું, "ગુજરાતના સાહિત્યનો નવયુગ સ્થાપ્યો. એમણે જે સાહિત્યપ્રણાલીઓ સ્થાપી, જે ઇતિહાસદૃષ્ટિ કેળવી, એકતાનું ભાન સર્જાવી જે ગુજરાતની અસ્મિતાનો પાયો નાખ્યો તેના પર આજે અગાધ આશાના અધિકારી એવા એક અને અવિભાજ્ય ગુજરાતનું મંદિર રચાયું છે." કેટલાંય વર્ષો સુધી સાધુ અને સર્જકો 'विद्यांभोनिद्दिमंथमंदरगिरिः श्री हेमचन्द्रो गुरुः ।' ઉચ્ચારીને પ્રાતઃકાળમાં એમનું સ્મરણ કરતા હતા.

શાસ્ત્રીય અને અભ્યાસપૂર્ણ આવા ગ્રંથો આપનાર શ્રી હેમચંદ્રાચાર્યની જેમ એમના પૂર્વે કોઈ સાહિત્યપ્રતિભાએ આટલું વિપુલ સાહિત્ય રચ્યું નથી. ગ્રંથભંડારોમાં એમની અનેક કૃતિઓ મળે છે અને આ કૃતિઓની રચના પાછળ યશ, અર્થ કે નામનાને બદલે વિદ્યાસેવીઓને એ સુગમ અને સુબોધ બને એવો હેતુ રહેલો છે. જુદા જુદા મંત્ર, તંત્ર, શિલ્પ, વૈદક, યંત્ર, જ્યોતિષ, યુદ્ધશાસ્ત્ર, વનસ્પતિવિદ્યા, સામુદ્રિક શાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, રત્નવિદ્યા વગેરે વિદ્યાઓના તેઓ જ્ઞાતા હતા અને તેથી ઘણા વિષયોમાં એમણે ખેડાણ કર્યું. અંતે જ્ઞાનજ્યોતિએ દૂર કરેલા અજ્ઞાનના અંધકાર વિશે શ્રી સોમપ્રભાચાર્ય કહે છે -

क्लुप्तं व्याकरणं नवं विरचितं छंदो नवं द्व्याश्रया-
लंकारौ प्रथितौ नवौ प्रकटितं श्रीयोगशास्त्रं नवम्।
तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवं
बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः ॥

"નવું વ્યાકરણ કલ્પ્યું, નવું છંદશાસ્ત્ર રચ્યું, દ્વયાશ્રય મહાકાવ્ય અને અલંકારશાસ્ત્રને વિસ્તાર્યાં અને નવાં જ પ્રકટ કર્યાં. શ્રી યોગશાસ્ત્રને પણ નવું રચ્યું, નવા તર્કશાસ્ત્રને જન્મ આપ્યો, જિનવરોનાં ચરિત્રોનો નવો ગ્રંથ રચ્યો, કઈ કઈ રીતે શ્રી હેમચંદ્રાચાર્યે અજ્ઞાનને દૂર કર્યું નથી ?"

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ પાસે,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૮૭૯૨૭૮૮૮૧

‘શિક્ષાપત્રી’ : સનાતની સાહિત્યનું સંગમતીર્થ

બળવંત જાની

‘શિક્ષાપત્રી’ ગ્રંથચતુષ્ટ્યૂ અર્થાત્ સહજાનંદ સ્વામીકૃત ‘શિક્ષાપત્રી’ સંસ્કૃત ગ્રંથ તથા એના વિશે સંસ્કૃત ભાષામાં રચાયેલા શતાનંદ સ્વામીકૃત ‘અર્થદીપિકા’, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજકૃત ‘શિક્ષાપત્રી ભાષ્ય’ અને આચાર્યશ્રી ભાગવતપ્રસાદજી મહારાજકૃત ‘ભાષ્ય ટીકા’ ગ્રંથો, સનાતન ધર્મગ્રંથોમાંના હાર્દનો શિક્ષાપત્રીમાં ક્યાં-ક્યાં નિર્દેશ થયો છે તેનો બૃહદ પરિચય ઉક્ત ત્રણ ગ્રંથો ભારતીય શાસ્ત્રપરંપરા પ્રમાણે પ્રસ્તુત કરે છે. આ બધા ગ્રંથોના અનુધાવન પછી મને બે-ત્રણ ઘટકોને આલેખતો સ્વાધ્યાયલેખ તૈયાર કરવાની સ્પૃહા થઈ. મેં લેખન આરંભ્યું એટલે મને પૂર્વાનુભાવના પ્રસંગો સ્મરણે ચઢ્યા. એમાંના ચારેક પ્રસંગોનું અનુકથન અને પછી ભારતીય સનાતન ધર્મના તથા ન્યાયસંહિતાના ઘટકોને આર્ષદ્રષ્ટા ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રી ગ્રંથમાં ક્યાં-ક્યાં સમાવિષ્ટ કર્યા છે, એનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તુત કરીને ‘શિક્ષાપત્રી’માંના સનાતન ધર્મના પ્રાચીન ગ્રંથોનાં તત્ત્વો અને તથ્યોને સદૃષ્ટાંત ‘અર્થદીપિકા’, ‘ભાષ્ય’ અને ‘ભાષ્યટીકા’ જેવા સંસ્કૃત ગ્રંથો દ્વારા પ્રચલિત કરવાના તત્ત્વનિષ્ઠ પ્રયત્નોનો નિર્દેશ કરીને ભારતીય તત્ત્વદર્શન પરંપરાના એક ઉજ્જ્વળ પ્રકરણ વિશે ‘શિક્ષાપત્રી’ ગ્રંથ સર્જનના દ્વિશતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે સનાતન ધર્મના મહત્ત્વના ગ્રંથોનું સંગમ સ્થાન જણાયું હોઈને એ વિશે મારો સ્વાધ્યાય રજૂ કરવાનો ઉપક્રમ અહીં જાળવ્યો છે.

॥ ૧ ॥

પ્રસાદીના અણિયાળી-કમળાપુરના સ્વામિનારાયણમંદિરના પૂજારી તરીકે હું તરુણાવસ્થાથી ‘વચનામૃત’ અને ‘શિક્ષાપત્રી’નો સત્સંગ કરાવતો હોઈને મને એ બધામાં અપાર રસ પડતો. સહજાનંદ સ્વામીની આર્ષદૃષ્ટિ ‘શિક્ષાપત્રી’ દ્વારા ભાવિનું-ભવિષ્યની સાહિત્યશાસ્ત્રીય, સમાજશાસ્ત્રીય, દર્શનશાસ્ત્રીય અને કાયદાશાસ્ત્રીય ઘટકોને સમાવતું આચારસંહિતાના રૂપનું એક પ્રબોધન પ્રસ્તુત કરે છે. આવી વિભાવનાને વણી લેતા અભ્યાસલેખની પાર્શ્વભૂમિમાં રહેલી ભૂમિકા અહીં પ્રારંભે પ્રસ્તુત કરી છે.

૧. ૧૯૭૬માં હું ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ રાજકોટમાં અધ્યાપક હતો. ત્યારે ફિલોસોફીના પ્રોફેસર નટુભાઈ ઉપાધ્યાય અને પછી ભાયાણીસાહેબના પડોશી, ફિલોસોફીના પ્રોફેસર જયેન્દ્રભાઈ યાજ્ઞિક સાથે પણ ભારતીય તત્ત્વદર્શનના પાયાનાં મૂલ્યો ‘શિક્ષાપત્રી’માં ક્યાં જળવાયાં છે, અને એનો લોકસંતોનાં ભજનો, લોકગીતોમાં પણ પડઘો કેવો પડ્યો છે, એની ચર્ચા ભાયાણીસાહેબ સાથે થતી, એ સમયે હું એનો શ્રોતા હતો. એ બધું મારા હૃદયગવહરમાં અકબંધ છે.

૨. અમારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં બેસતા સમાજશાસ્ત્ર વિષયના પ્રોફેસર અને અધ્યક્ષ પી.એચ. જેઠવાસાહેબ ભારે ધાર્મિક હતા. સહજાનન્દ સ્વામીની છબી, ‘શિક્ષાપત્રી’, ‘વચનામૃત’ એમના ટેબલ પર હંમેશાં હોય અને એમના જાહેર વ્યાખ્યાનમાં પણ અનેક વખત ‘શિક્ષાપત્રી’નો કોઈ શ્લોક ટાંકીને સામાજિક જાગૃતિયુક્ત વિચારણાની વાત કહેતા. એ મારા સ્મૃતિકોશમાં નિહિત છે.

૩. ત્રણ ચાર વર્ષ પૂર્વે ડૉ. હરિસિંહ ગોર કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, સાગરમાં કુલાધિપતિપદે સેવારત હતો, ત્યારે મારે ભારતીય કાયદાશાસ્ત્રવિદ અને ભારતીય સંવિધાન સમિતિમાં પણ સેવારત રહેલા ડૉ. હરિસિંહ ગોરે રચેલા ‘ભારતીય ન્યાયસંહિતા’ ગ્રન્થનું અવલોકન, વ્યાખ્યાન આપવા માટે કરવાનું બનેલું, એના રચયિતારૂપે ડૉ. હરિસિંહ ગોરે ભારતીય સાહિત્યના પ્રાચીન ગ્રન્થોને આધારે પ્રથમ વખત જ ‘ભારતીય ન્યાયસંહિતા’ ગ્રંથ આલેખેલ. આપણે ત્યાં ન્યાયાલયમાં તો એ ગ્રન્થ અત્યંત શ્રદ્ધેય ગણાયો, પરંતુ વિદેશમાં પણ ‘મેગ્નાકાર્ટા’ ‘ટેન કમાન્ડમેન્ટ’ અને ‘રિપબ્લિક’ જેવાની સરખામણીમાં ભારે ઊંડાણથી માનવીય મૂલ્યોની સમજણ - આચારસંહિતા પ્રસરાવનાર તરીકે સ્વીકૃતિ પામ્યો છે, એવું મેં વક્તવ્યમાં કહેલું. પછી બીજું વ્યાખ્યાન ‘ભારતીય ન્યાયસંહિતા’ની કઈ કઈ કલમો ‘ભારતીય ન્યાયસંહિતા’ ગ્રન્થ રચાયા

પૂર્વે સંસ્કૃતમાં સહજાનન્દ સ્વામીએ પોતાના ભારતીય સાહિત્યનાં મર્મજ્ઞ અને અભિજ્ઞ બુદ્ધિમત્તાના ઉદાહરણ રૂપે આર્ષદ્રષ્ટા બનીને એ બધી કલમોને ૨૧૨ શ્લોકોની 'શિક્ષાપત્રી'માં વણી લીધેલી! એનાં ભરપૂર ઉદાહરણો પ્રસ્તુત કરીને કાયદાશાસ્ત્રના અભ્યાસીઓને એના અભ્યાસ માટે નૂતન વિષય નિર્દેશેલો. ફિલોસોફીના પ્રોફેસર અંબિકાદત્ત શર્માજી ભારે રાજી થયેલા.

|| ૨ ||

શિક્ષાપત્રીને સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મગ્રન્થ તરીકે માત્ર સીમાબદ્ધ કરવો સમુચિત નથી. એનો ઊંડાણથી અભ્યાસ કરતાં મને એમાં વિશેષ પ્રકારની વૈશ્વિક કક્ષાની મહત્તા જણાઈ છે. જેમ બાઈબલમાંના 'ટેન કમાન્ડમેન્ટ' 'મેગ્નાકાર્ટા' અને પ્લેટોના 'રિપબ્લિક' ગ્રન્થ તથા ઇસ્માઈલી પીર સદરુદ્દીન કૃત 'સો કિરિયા' અને 'બાવન બોધ' આદર્શ સમાજ-સભ્ય સમાજનાં લક્ષણોને નિર્દેશે છે. તેમ 'શિક્ષાપત્રી' પણ સદાચારી સમાજ, સહૃદયી સમાજ અને સમરસ સમાજના શાણપણ સમ્પન્ન વ્યક્તિત્વને ચિત્રિત કરે છે. અધ્યાત્મવિદ્યાનું અધ્યયન અને યોગસાધનાની ઉપાસના પછી ભારતીય સમાજ વચ્ચે વિહરતા-વિહરતા સંસ્કૃતિ તીર્થોની યાત્રા કરીને નીલકંઠવર્ણી, સોમનાથ જ્યોતિર્લિંગની સમીપના લોજ નામક ગામે રામાનંદ સ્વામીના ઉદ્ધવ સંપ્રદાયના મઠમાં સ્થિરવાસ માટે નિવાસી બને છે. ગુજરાતનું તત્કાલીન સમાજજીવન અવલોક્યું પછી રામાનંદના ઉત્તરાધિકારી બનીને સંપ્રદાયને નૂતન મુદ્રા અર્પીને, સમાજલક્ષિતાને અનુલક્ષીને દોઢ બે દાયકાના અનુભવ અને ચિંતન પછી પોતાની રીતે સંપ્રદાયના સંતો અને અનુયાયીઓ માટેના આવશ્યક ગુણો ધારણ કરવાનું પ્રબોધન સૂત્રાત્મક રીતે 'શિક્ષાપત્રી' ગ્રંથ સ્વરૂપે આલેખ્યું. એને સંસ્કૃતમાં આબદ્ધ કરી એના વિશે શતાનન્દ સ્વામીએ 'અર્થદીપિકા ટીકા' અને પછી રઘુવીર મહારાજ આચાર્યજીએ 'શિક્ષાપત્રી ભાષ્ય' રચ્યું. એ પછી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના અનુજ બંધુ બદ્રીનાથજીના સુપુત્ર ભગવતપ્રસાદને દત્તક લઈને એનું પ્રાચ્યવિદ્યાકીય ઘડતર કરીને ઈ.સ. ૧૮૬૩માં આચાર્યપદે સ્થાપેલા. તેમણે રઘુવીરજી મહારાજકૃત 'શિક્ષાપત્રીભાષ્ય' નો 'ટીકાગ્રન્થ' રચીને ગૂઢ અર્થઘટનથી પોતાની વિદ્વત્તાનો પરિચય કરાવ્યો. વિવિધ નંદસંત કવિઓએ પણ વ્રજ, હિન્દી, ગુજરાતીમાં 'શિક્ષાપત્રી'ના પદ્યાનુવાદો કર્યા. ન્હાનાલાલ અને ત્રિભુવન વ્યાસ જેવા લબ્ધપ્રતિષ્ઠ અર્વાચીન કવિઓએ પણ છંદોબદ્ધ રચના તરીકે એનું અનુસર્જન કર્યું.

|| ૩ ||

આપણે જેને કાયદાઓ -Law- કહીએ છીએ, જેનું નાગરિકને પાલન કરવાનું કહીએ છીએ, એનું પાલન ન કરે તેને ગુનાહિત માનસ ધરાવતી વ્યક્તિ ગણીએ છીએ. સજાને પાત્ર ગણીએ છીએ. આવું બધું સમાજ નિરીક્ષણ સહજાનન્દ સ્વામીએ પોતાના વિચરણને કારણે કર્યું અને વિચાર્યું કે સંપ્રદાયનો મારો અનુયાયી આવા દુર્ગુણોથી મુક્ત રહે તેવી સિસૃક્ષા સેવી, એ એમની સહૃદયી સમાજાભિમુખતાનું મોટું દૃષ્ટાંત 'શિક્ષાપત્રી' ગ્રંથ છે. આમ ભવિષ્યમાં જે કાયદાઓ પીનલકોડ તરીકે ઘડાવાના હતા તે બધી વિગતોને - ભાવિને ઓળખનારા આર્ષદ્રષ્ટા સહજાનન્દ સ્વામીએ સામાજિક અનુશાસન સંહિતા રૂપનાં બિન્દુઓ તરીકે દર્શાવીને "શિક્ષાપત્રી"માં એને સ્થાન આપ્યું. સાંપ્રત સમયે તો એવી માન્યતા પ્રવર્તે છે કે તમારે જેલવાસ ન ભોગવવો હોય તો 'શિક્ષાપત્રી'ને અનુસરો.

એમાંના પ્રાચીન ભારતીય સાહિત્ય શાસ્ત્રમાં નિરૂપાયેલ તાત્ત્વિક સંદર્ભોને શતાનંદ સ્વામીએ, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે અને આચાર્યશ્રી ભગવત્પ્રસાદજીએ ખૂબ જ વિગતે અને વિશદ રીતે મૂલવ્યા છે. એ સનાતનીય ગ્રંથ ગરિમાને નિર્દેશતા શ્લોકોને ઉદ્ધૃત કરીને સ્વામિનારાયણ સંપ્રદાય સનાતની ધર્મથી અનુપ્રાણિત છે, એનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તુત કરવા ધાર્યો છે. ઉપરાંત એમાંના સામાજિક સંદર્ભની પણ સરાહના થઈ છે એટલે એ ઉપરાંત અહીં મારો આશય ઇન્ડિયન પીનલ કોડના કયા ક્રમના ઘટકો 'શિક્ષાપત્રી'ના કયા શ્લોકમાં નિહિત છે, તે નિર્દેશીને તત્કાલીન બ્રિટિશ શાસન વ્યવસ્થાએ એનો કેવો પ્રતિભાવ, પ્રતિઘોષ-પડઘો પાડ્યો, આવી બે વિગતોને આ શોધપત્ર દ્વારા આલેખવાનો ઉપક્રમ યોજ્યો છે.

ભારતીય ગ્રંથોમાં કથિત સનાતન સંદેશાને સૂત્રાત્મક રીતે પ્રબોધ્યો છે. ગ્રંથોના નામ પણ નિર્દેશ્યાં છે. એ કારણે સંપ્રદાયમાં ભારતીય સનાતન ધર્મબોધ કેવો વિપુલ માત્રામાં છે તેનો પરિચય પ્રાપ્ત થાય છે.

॥ ૪ ॥

પ્રારંભે 'શિક્ષાપત્રી'માંથી પ્રાપ્ત થતું સનાતન ધર્મથી અનુપ્રાણિત સ્વામિનારાયણ સંપ્રદાયનું અનુસંધાન સંક્ષિપ્તમાં દૃષ્ટાંતો સાથે અહીં નિર્દેશેલ છે. ચોખમ્બા પ્રકાશનનું ડૉ. ઉમેશચંદ્ર પાંડેનું 'યાજ્ઞવલ્કયસ્મૃતિ' (વિ.સં. ૨૦૫૦) પ્રકાશનમાંથી પસાર થતાં શ્રીહરિએ શા માટે જે સાત-આઠ સત્શાસ્ત્રોનું અધ્યયન કરવાનું સૂચવેલું તે સંદર્ભે એમાંના નીત્તિમતાનાં ધોરણો અવલોકતાં સમજાયેલું. 'શિક્ષાપત્રી'ના ૯૫ અને ૯૭ ક્રમાંકના શ્લોકોમાં એનો મહિમા શ્રી હરિએ ચીંધેલ છે તે અવલોકીએ. ખાસ તો 'મિતાક્ષરા' ટીકાને પણ એમાં સાંકળેલ છે.

ભારતીય સાહિત્ય શાસ્ત્રમાં નિરૂપાયેલ તાત્ત્વિક સંદર્ભોને શતાનંદ સ્વામીએ, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે અને આચાર્યશ્રી ભગવત્પ્રસાદજીએ ખૂબ જ વિગતે અને વિશદ રીતે મૂલવ્યા છે.

धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः।
एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥ ९५॥

ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી છે એવી જે 'યાજ્ઞવલ્ક્ય (ઋષિની) સ્મૃતિ', એ જે આઠ સત્શાસ્ત્ર છે તે અમને પણ ઇષ્ટ છે. ॥૯૫॥

तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये।
ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ॥ ९७॥

તે આઠ સત્શાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત; એ ત્રણનો જે નિર્ણય કરવો, તેને વિશે તો 'મિતાક્ષરા ટીકા'એ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, તેનું ગ્રહણ કરવું. અહીં આચાર, વિચાર અને ઉચ્ચાર - વ્યવહારમાં અને પ્રાયશ્ચિત સંદર્ભે સનાતની સંદર્ભ પરત્વેની પ્રતિબદ્ધતા પ્રગટે છે.

આ ઉપરાંત ૯૯મા શ્લોકમાં વિશેષ શાસ્ત્રગ્રંથોમાં 'શ્રીમદ્ ભાગવત પુરાણ'ના પાંચમા અને દશમા સ્કંધોનો વિશેષ મહિમા કર્યો છે. અહીં પણ યાજ્ઞવલ્કયસ્મૃતિનો પુનઃ નિર્દેશ કર્યો છે. તે અવલોકીએ.

दशमः पञ्चमः स्कन्धो याज्ञवल्क्यस्य च स्मृतिः।
भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥ ९९॥

દશમસ્કંધ, પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ; એ જે ત્રણ; તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે-કહેતાં દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૯૯॥

સનાતન ધર્મના મૂળભૂત શાસ્ત્રનો મહિમા સ્વામિનારાયણ સંપ્રદાયમાં કેટલો પ્રતિબદ્ધપણે પ્રસ્તુત છે. એના પુનઃ કથનરૂપનાં બળવાન ઉદાહરણો આ ત્રણ શ્લોક છે.

આ ઉપરાંત પણ 'નારાયણ કવચ' 'કલ્પ વેદાન્ત'નું 'ગુહ્યસૂત્ર' અને 'વિદુરનીતિ' જેવા હિન્દુ ધર્મના સનાતન અને શાશ્વત મૂલ્યોની માવજત કરતા ગ્રંથોની મહત્તા શિક્ષાપત્રીના ૮૫, ૯૧ અને ૯૪માં શ્લોકમાં દર્શાવાઈ છે, તે શ્લોકો અવલોકીએ.

भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम्।
जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदेवतः ॥८५॥

જો ક્યારેક ભૂત પ્રેતાદિકનો ઉપદ્રવ થાય તો નારાયણ જેનું સ્વરૂપ છે એવું જે 'નારાયણ કવચ', 'શ્રીમદ્ ભાગવત'ના છઠ્ઠા સ્કંધમાં કહ્યું છે, તેનો જપ કરવો. અને 'શ્રીહનુમાનજીના મંત્ર'નો જપ કરવો પણ બીજા કોઈ ક્ષુદ્ર ભૈરવાદિ દેવ-દેવીના મંત્રનો જપ કરવો નહિ. ॥૮૫॥

બધે 'સ્વ' નહીં પણ સનાતન પરંપરાને પ્રયોજી જણાય છે. ભારતીય હિન્દુ વિધિ વિધાનોનું આચરણ કરવાનો નિર્દેશ તથા મહાભારત અને સ્કંદ પુરાણના અનુસરણનો નિર્દેશ કરતા શ્લોકો અવલોકીએ. અહીં પણ ચુસ્ત સનાતની આચરણનો મહિમા પ્રગટપણે પ્રયોજ્યો છે.

संस्काराश्चात्त्रिकं श्राद्धं यथाकालं यथाधनम्।
स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ॥ ९१॥

દ્વિજોએ-બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યોએ ગર્ભાધાનાદિ સંસ્કાર તથા સ્નાન, સંધ્યા વંદનાદિક નિત્યકર્મ અને શ્રાદ્ધ; આ ત્રણ પોતપોતાની શાખાના ગુહ્યસૂત્રોમાં કહ્યા પ્રમાણે જેવો સમય હોય તે પ્રમાણે લોભ કર્યા વિના કરવાં. ॥ ૯૧ ॥

तथा श्री भगवद्गीता नीतिश्च विदुरोदिता।
श्रीवासुदेवमाहात्म्य स्कान्दवैष्णवखण्डगम् ॥ ९४॥

મહાભારતમાં 'ભીષ્મ પર્વ'માં રહેલી 'શ્રી ભગવદ્ગીતા' તથા 'ઉદ્યોગ પર્વ'માં પ્રસિદ્ધ ધૃતરાષ્ટ્રના પ્રરત્વે વિદુરજીએ કહેલી નીતિ 'વિદુરનીતિ', આ રીતે મહાભારતમાં રહેલા આ ગ્રંથ તથા 'સ્કંદપુરાણ'ના 'વિષ્ણુખંડ'માં રહેલું એકત્રીશ અધ્યાયવાળું 'શ્રીવાસુદેવમાહાત્મ્ય' સતત અવલોકવું ॥ ૯૪ ॥

શ્રીહરિ ભગવાન સ્વામિનારાયણે અનુયાયી હરિભક્તોને પ્રબોધેલ ઘટકો 'શિક્ષાપત્રી'નું મહત્ત્વનું અંગ છે. એમાંથી સંપ્રદાયનું સનાતન ધર્મ સાથેનું તીવ્ર અનુસંધાન ઉદ્ઘાટિત થાય છે. એ રીતે ખૂબ જ સંક્ષિપ્તમાં પાંચ-છ શ્લોકમાંથી શિક્ષાપત્રીમાં ભાવ પ્રબોધન માટેના ભારતીય સનાતન ધર્મના અનુસરણીય અંશોને અવલોક્યા. હવે એમાં નિહિત ભારતીય ન્યાયશાસ્ત્રના સંદર્ભોને વિગતે અવલોકીએ.


|| ૫ ||

બ્રિટિશ શાસનકાળમાં વિવિધ કાયદાઓનું અનુપાલન થાય એ પ્રકારે અંગ્રેજ શાસન-તંત્ર ક્રિયાશીલ હતું. તેઓની વિભાવના મુજબ આઉટલોઝ અર્થાત્ કાયદાના નિયમોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિઓને તેઓ ગુનેગાર ગણતા હતા. અને એમને સુધારવા માટે સજા કરવામાં આવતી હતી. રવિશંકર મહારાજ આદિ સમાજસુધારકો સદુપદેશ દ્વારા - સંવાદ દ્વારા આ પ્રજાને, પ્રજા સમૂહને સભ્ય અને શિસ્તબદ્ધ બનાવવા માટે એમની સાથે સંવાદ સ્થાપીને માણસાઈ, માનવીય સદ્ગુણોનું સ્થાપન કરતા. પણ એમની પૂર્વેના ઘણા દુષ્કર સમયમાં, સહજાનન્દ સ્વામીને, વિચરણ સમયના સૂક્ષ્મ નિરીક્ષણથી અહીંના સમાજના, પ્રજાના આ બધા દુર્ગુણો ધ્યાનમાં આવી ગયેલા. એથી "વચનામૃત" માં સૈદ્ધાન્તિક તાત્ત્વિક ઉપદેશાત્મક કથન કર્યું, પણ પછી "શિક્ષાપત્રી" નામનો ૨૧૨ શ્લોકનો સંસ્કૃત ગ્રન્થ રચ્યો. એમાં નિહિત સદુપદેશનાં તત્ત્વ અને તંત્ર આ સંદર્ભે સમજવા જેવાં છે.

શ્રી હરિ ભગવાન સ્વામિનારાયણે અનુયાયી હરિભક્તોને પ્રબોધેલ ઘટકો 'શિક્ષાપત્રી'નું મહત્ત્વનું અંગ છે. એમાંથી સંપ્રદાયનું સનાતન ધર્મ સાથેનું તીવ્ર અનુસંધાન ઉદ્ઘાટીત થાય છે.

હકીકતે તો એમણે પોતાના ચિત્તમાં પોતાને ધ્યાનમાં આવેલા દુર્ગુણો અને સમાજને સદાચારી સત્સંગી તથા સદ્વિદ્યા પરત્વે દોરવા માટે થોડાં-થોડાં ટૂંકાં સૂત્રાત્મક કથનોની યાદી ઘડેલી. એનું શિષ્ટ, શ્લોકબદ્ધ સ્વરૂપ 'શિક્ષાપત્રી' ગ્રંથ છે. એ સત્સંગીઓને ઉપરાંત સમાજને અનુલક્ષીને રચાયેલ હોઈને એમાં સરળ સહજ સ્ફુરેલા ઉદ્ગારો સૂત્રાત્મક શ્લોકબદ્ધ રૂપે પ્રયોજાયેલા જણાય છે. એની અભિવ્યક્તિ પણ પ્રબોધનાત્મક રૂપની સરળ, સાદી અને સચોટ હોઈને હૈયા સોંસરવી ઊતરીને સ્પર્શી જાય એ પ્રકારની છે. સમકાલીન તત્ત્વવેત્તા સંતો તથા આચાર્યોને એમાંના ભારતની હિંદુ સનાતનધર્મ પરંપરા ઉપનિષદ, પુરાણોમાંનાં સૂત્રો ભારોભાર અવલોકવા મળ્યા. 'શિક્ષાપત્રી'માંનો એમાંનો મૂળભૂતરૂપનો બૃહદ્ સમાજલક્ષી શુભાશય, શુભ હેતુ અંગ્રેજ અમલદારોને - અધિકારીઓને - લોર્ડ્સને એ સમયે તુર્ત જ સમજમાં આવી ગયો. જે કામ તેમનું શાસન નહોતું કરી શકતું, એમના કાયદાઓ દ્વારા થતું ન હતું, તે સહજાનન્દ સ્વામીના આ કાયદાસમાન ગ્રન્થ- સદુપદેશગ્રન્થના માધ્યમે થતું હતું, તે જોયું અને જાણ્યું. ચોરી, લૂંટફાટ, મારપીટ, અપહરણ, વ્યભિચાર, હિંસા, વિશ્વાસઘાત, તકરાર-ઝઘડો શાસનની દરકાર ન કરવી - અવહેલના કરીને બખેડો હુલ્લડ કરીને કોઈની વસ્તુ પચાવી પાડવાની વૃત્તિ જેવાં અપલક્ષણોને ડામવામાં શાસન નિષ્ફળ જતું હતું. ત્યાં અવલોકવા મળ્યું કે સહજાનન્દ સ્વામીના સદુપદેશનું અનુકથન કરતો આ ગ્રન્થ 'શિક્ષાપત્રી' આચરણશાસ્ત્ર તરીકે સફળતા અને સમાદર પ્રાપ્ત કરતો. તેઓ, જ્યાં સહજાનન્દ સ્વામી કહે ત્યાં, જે કહે તે સમયે એમની મુલાકાત માટે જતા, આદર પ્રગટાવતા. અંગ્રેજ અમલદારો પણ ભારે આદર-સમ્માન પ્રાપ્ત કરતા હતા. આવો સમાદર-સન્માનભાવ અંગ્રેજોને લગભગ તે સમયે મળતા ધિક્કાર અને અવગણના સંદર્ભે આગવો જણાયો. પરિણામે આ સંપ્રદાયને જ શાસન તરફથી જમીન ઉપરાંત વિવિધ પ્રકારની સામગ્રી, વસ્તુઓ બાંધકામ માટે સહેલાઈથી ઉપલબ્ધ થતી રહી. અંગ્રેજો પરત્વેનો સહજાનંદ સ્વામીના પરસ્પર આદરભાવનો પ્રભાવ, નાના-નાના રજવાડાં-ગરાસદારો ઉપર પણ પડ્યો. સાનુકૂળ વાતાવરણ સર્જાયું. એનો સમાજશાસ્ત્રીય અને રાજકીય દૃષ્ટિકોણથી અભ્યાસ બહુ થયો નથી. બ્રિટિશ લાઈબ્રેરીમાં, ઈન્ડિયા ઑફિસ કલેક્શનમાં એ બધું નોંધ રૂપે સંગ્રહિત છે. અનેક લોર્ડ તથા માલ્કમ જેવા વિવિધ અધિકારીઓ સાથેના સંવાદો (હું આને સત્સંગ તરીકે ઓળખાવું છું) અને મહત્ત્વની પ્રશ્નોત્તરીઓ પરસ્પર પ્રાપ્તિઓ એ ભારતના-ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું વિશિષ્ટ પ્રકરણ છે. માલ્કમને ભેટ ધરેલી 'શિક્ષાપત્રી'ની રૂપરેખા સન્માન સાથે બ્રિટિશ લાઈબ્રેરીમાં સ્થાન-માન સાથે જતન કરીને રક્ષિત સ્વરૂપે રાખેલ છે.





॥ ૬ ॥

મારી દૃષ્ટિએ 'શ્રીમદ્ભગવદ્ગીતા' ભારતીય અધ્યાત્મવિદ્યાનો તર્કપૂત સદુપદેશ ગ્રન્થ છે. જ્યારે "શિક્ષાપત્રી" અધ્યાત્મવિદ્યા ઉપરાંત સમાજ અને સંસ્કૃતિનાં વૈશ્વિક મૂલ્યો-ધારણોનો અર્થપૂર્ણ રીતે સદુપદેશ કરતો ગ્રન્થ છે, તેથી આ બન્નેને ભારતીય સંસ્કૃતિના સનાતન ધર્મના પાયાના ગ્રન્થો ગણવાના રહે.

જસ્ટિસ રાનડે સહજાનન્દ સ્વામી-શ્રીહરિનાં જીવન અને કાર્યોથી પરિચિત હોઈને એમણે સહજાનન્દ સ્વામીને Last of the Reformers કહીને નવાજેલા. સમાજને વ્યસનમુક્ત, કજિયા-કંકાસમુક્ત અને સદાચારી બનાવ્યો એટલે ખરા અર્થમાં ડહાપણ દાખવતો શાણો સમાજ, સદાચારી, સમરસ અને સહૃદયી ગુણોને આચરણ અને ઉચ્ચારણ દ્વારા ઉદ્ઘાટિત કરે અને એવા જ વિચારોને ચિત્તમાં ધારણ કરે, એવો શાણો સમાજ. એમાંના ૨૧૨ શ્લોકમાંની વિષયસામગ્રી માત્ર ભારતને જ નહીં પણ સમગ્ર વિશ્વના સમાજને સ્પર્શે છે. એને વિશ્વ અપનાવતું પણ થયું છે, અર્થાત્ 'શિક્ષાપત્રી'ને વિશ્વનું નાગરિકત્વ મળેલ છે. એ આપણું માત્ર આપણા દેશને - રાષ્ટ્રને જ નહીં પરંતુ વિશ્વને સંદર્ભે આપણું અનોખું-આગવું પ્રદાન છે.

'શ્રીમદ્ભગવદ્ગીતા' ભારતીય અધ્યાત્મવિદ્યાનો તર્કપૂત સદુપદેશ ગ્રન્થ છે. જ્યારે "શિક્ષાપત્રી" અધ્યાત્મવિદ્યા ઉપરાંત સમાજ અને સંસ્કૃતિનાં વૈશ્વિક મૂલ્યો-ધારણોનો અર્થપૂર્ણ રીતે સદુપદેશ કરતો ગ્રન્થ છે.

મેં અહીં છ ઘટકોમાં 'શિક્ષાપત્રી'ના શ્લોકોનું વિભાગીકરણ કરીને શ્લોક, એનો અનુવાદ અને પછી શ્લોકમાં નિહિત ઇન્ડિયન પીનલ કોડનો ક્રમાંક તથા એમાંની વિષયસામગ્રી સંક્ષિપ્તમાં નિર્દેશી છે.

'કસ્યાપિ પ્રાણિનો હિંસા નૈવ કાર્યાઽત્ર મામકૈઃ ।
સૂક્ષ્મયૂકામત્કુણાદેરપિ બુદ્ધ્યા કદાચન' ॥૧૧॥

આ (મારા સત્સંગ)માં રહેલા મારા આશ્રિતોએ (અનુયાયીઓએ), કોઈ પણ પ્રાણીની હિંસા ક્યારેય ન જ કરવી. સૂક્ષ્મ જીવો જેવા કે જૂ, માંકડ, વગેરેની પણ હિંસા જાણીબૂઝીને (બુદ્ધિપૂર્વક) ન જ કરવી.

'સ્ત્રિયા ધનસ્ય વા પ્રાપ્ત્યૈ સામ્રાજ્યસ્યાપિ વા ક્વચિત્।
મનુષ્યસ્ય તુ કસ્યાપિ હિંસા કાર્યા ન સર્વથા' ॥ ૧૩॥

પ્રિયતમ સ્ત્રી માટે, સંપત્તિ માટે કે તત્ક્ષણ સમગ્ર પૃથ્વીનો રાજા બનવાની લાલસામાં પણ કોઈ પણ માનવ પ્રત્યે હિંસાનો વિચાર સુધ્ધાં મનમાં ન આવવો જોઈએ. ॥૧૩॥

આ બંને શ્લોકોમાં નિહિત ભાવાર્થબોધને જુદા-જુદા ઇન્ડિયન પીનલ કોડ ક્રમાંક અને એમાં સમાવિષ્ટ ગુનાના નામકરણને ચાર ભાગમાં વર્ગીકૃત કલમોમાંની વિગતને દર્શાવતી વિષયસામગ્રી સંક્ષિપ્તમાં અવલોકીએ -

૧) ૨૯૯થી ૩૦૪ મુજબ મનુષ્યની હત્યા ન કરે
૨) ૩૧૨થી ૩૧૮ - જીવાત્મા કે પ્રાણીની ભ્રૂણ હત્યા ન કરવી.
૩) ૩૧૯થી ૩૫૮ કોઈને ઈજા ન પહોંચાડવી કે ખોટી રીતે અટકાવીને હિંસા ન કરવી.
૪) ૩૦૫થી ૩૧૧ - આત્મહત્યા - અપરાધ ન કરવો

આ બધી પીનલ કોડની વિગતોને આર્ષદ્રષ્ટા શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આવરી લઈને સદાચારી સમાજ માટેનાં એમાં લક્ષણો બાંધી આપ્યાં જણાય છે.

'સ્તેનકર્મ ન કર્તવ્યં ધર્માર્થમપિ કેનચિત્।
સ્વસ્વામિકાષ્ઠપુષ્પાદિ ન ગ્રાહ્યં તદનાજ્ઞયા' ॥ ૧૭॥

કોઈ પણ વ્યક્તિએ – ભલે તે શૂદ્ર જ હોય અને ધાર્મિક કાર્ય માટે જ કેમ ન હોય – કદાપિ ચોરી ન કરવી. એટલે કે સ્વામીએ ન આપેલું પરાયું ધન કે સામાન પોતાના કબજામાં લઈ લેવો તે ચોરનું કર્મ છે, એ કદી ન કરવું. અને જે લાકડું, ફૂલ વગેરે વસ્તુઓનો માલિક કોઈ બીજો હોય, તેને માલિકની પૂરેપૂરી પરવાનગી કે પૂછ્યા વિના કદી લેવી નહીં. ॥૧૭॥

'વ્યભિચારો ન કર્તવ્યઃ પુમ્ભિઃ સ્ત્રીભિશ્ચ માં શ્રિતૈઃ।
દ્યૂતાદિવ્યસનં ત્યાજ્યં નાદ્યં ભઙ્ગાદિ માદકમ્' ॥ ૧૮ ॥

અમારા આશ્રયમાં રહેલાં પુરુષો તથા સ્ત્રીઓએ કદાપિ વ્યભિચાર ન કરવો. એટલે કે પુરુષોએ કોઈ પરાઈ સ્ત્રી સાથે સંબંધ ન રાખવો અને સ્ત્રીઓએ કોઈ પરપુરુષ સાથે સંબંધ ન રાખવો. એ ઉપરાંત જુગાર જેવાં બધાં વ્યસનોનો સંપૂર્ણ ત્યાગ કરવો. તેમજ ભાંગ, મફર, માજમ વગેરે કોઈ પણ પ્રકારના નશીલા કે માદક પદાર્થો ખાવા કે પીવા પણ નહિ. (મફર અને માજમ એ ભાંગ-તમાકુ વગેરેમાં અફીણ કે અન્ય નશીલાં બીજ મેળવીને તૈયાર કરેલાં માદક મિશ્રણો છે.) ॥૧૮॥

આ બંને શ્લોકોના ભાવબોધને ઇન્ડિયન પીનલ કોડની

નીચે દર્શાવેલ જે-જે કલમોમાં સમાવિષ્ટ છે. તે સંક્ષિપ્તમાં અવલોકીએ.

૧) ૩૭૮થી ૪૦૮ - ચોરી કે લૂંટફાટ ન કરવી.
૨) ૪૧૦થી ૪૧૪ - ચોરીની વસ્તુ ન રાખવી.
૩) ૫૧૬થી ૨૯૮ - વ્યભિચાર ન આચરવો.
૪) ૩૫૯થી ૩૭૭ - અપહરણ અને બળાત્કાર ન કરવો.

પોતાનો અનુયાયી હરિભક્ત આવા નિયમો ધારણ કરીને સમાજમાં કેવી આગવી ઓળખ પ્રગટાવીને પ્રેરક બની રહે, એનું સહજ રીતેનું સરળ દૃષ્ટિબિંદુ આમાં - શિક્ષાપત્રીમાં - સ્થપાયેલું અવલોકવા મળે છે.

'દેવતાતીર્થવિપ્રાણાં સાધ્વીનાં ચ સતામપિ।
વેદાનાં ન ચ કર્તવ્યા નિન્દા શ્રવ્યા ન ચ ક્વચિત્' ॥ ૨૧॥

કોઈ પણ સ્થિતિમાં દેવતાઓ, તીર્થો, બ્રાહ્મણો, પતિવ્રતા સ્ત્રીઓ, સત્પુરુષો-સાધુઓ તથા વેદોની નિંદા કદી ન કરવી અને નિંદા સાંભળવી પણ નહીં. ॥

'દૃષ્ટ્વા શિવાલયાદીનિ દેવાગારાણિ વર્ત્મનિ।
પ્રણમ્ય તાનિ તદ્દેવદર્શનં કાર્યમાદરાત્' ॥ ૨૩॥

માર્ગમાં ચાલતાં ચાલતાં જ્યારે શિવાલય કે કોઈ પણ દેવમંદિર આવે, ત્યારે તેને દૂરથી જ પ્રણામ કરવા, અને શક્ય હોય તો મંદિરની અંદર જઈને ત્યાં વિરાજમાન દેવતાનાં ભક્તિભાવપૂર્વક દર્શન કરવાં તથા તેમને નમસ્કાર કરવા. ॥૨૩॥

'કૃષ્ણભક્તેઃ સ્વધર્માદ્વા પતનં યસ્ય વાક્યતઃ।
સ્યાત્તન્મુખાન્ન વૈ શ્રવ્યાઃ કથાવાર્તાશ્ચ વા પ્રભોઃ' ॥ ૨૫॥

જે વક્તાનાં વચન સાંભળવાથી શ્રોતાના હૃદયમાં શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ઘટી જાય કે પોતાના સ્વધર્મથી વિમુખ થઈ જાય, એવા વક્તાના મુખેથી નીકળતી શ્રીકૃષ્ણ ભગવાનની કથા-વાર્તા પણ કદી સાંભળવી નહીં; આ બાબત એકદમ નિશ્ચિત છે. ॥૨૫॥

'ચોરપાપિવ્યસનિનાં સઙ્ગઃ પાખણ્ડિનાં તથા।
કામિનાં ચ ન કર્તવ્યો જનવઞ્ચનકર્મણામ્' ॥ ૨૭॥

ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી-વ્યભિચારી તથા છળ-કપટ અને ઠગવિદ્યા વગેરે દ્વારા લોકોને છેતરનારા – એ છ પ્રકારની વ્યક્તિઓનો સંગ અને સહવાસ કદી ન કરવો. ॥૨૭॥

'કૃષ્ણકૃષ્ણાવતારાણાં ખણ્ડનં યત્ર યુક્તિભિઃ।
કૃતં સ્યાત્તાનિ શાસ્ત્રાણિ ન માન્યાનિ કદાચન ॥ ૨૯॥'

અને જે શાસ્ત્રોમાં શ્રીકૃષ્ણ ભગવાન તથા તેમના વરાહાદિક અવતારોનું યુક્તિ-તર્ક કરીને ખંડન કરેલું હોય, એવાં શાસ્ત્રોને કદી પણ ન માનવાં અને તેનું શ્રવણ પણ કદી ન કરવું. ॥૨૯॥

'જ્ઞાનવાર્તાશ્રુતિર્નાર્યા મુખાત્ કાર્યા મુખાત્ કાર્યા ન પૂરુષૈઃ।
ન વિવાદઃ સ્ત્રિયા કાર્યો ન રાજ્ઞા ન ચ તજ્જ્ઞૈઃ' ॥ ૩૪॥

અમારા આશ્રયમાં રહેલા પુરુષોએ કોઈ પણ સ્ત્રી વક્તા હોય તો તેના મુખેથી થતી જ્ઞાનવાર્તા કે ધાર્મિક વાતો કદી સાંભળવી નહીં. તેમજ કોઈ પણ સ્ત્રી સાથે વાદ-વિવાદ કે તર્ક-વિતર્ક ન કરવો, અને રાજા કે તેના અમલદારો-રાજપુરુષો સાથે પણ કોઈ પ્રકારનો વિવાદ કરવો નહીં. ॥૩૪॥

'વિષ્ણુઃ શિવો ગણપતિઃ પાર્વતી ચ દિવાકરઃ।
એતાઃ પૂજ્યતયા માન્યા દેવતાઃ પઞ્ચ મામકૈઃ' ॥ ૮૪॥

વિષ્ણુ, શિવજી, ગણપતિ, પાર્વતી તથા સૂર્ય – આ પાંચ દેવતાઓને મારા આશ્રિતોએ પૂજ્ય માનીને તેમની ભક્તિપૂર્વક પૂજા કરવી અને તેમનું સન્માન કરવું; કદી તેમનો અનાદર કરવો નહીં. ॥૮૪॥

ઉપર્યુક્ત સાત શ્લોકોમાં આલેખાયેલ ભાવને પ્રગટાવતી વિગતો જે ઈન્ડિયન પીનલ કોડ કલમોમાં ગુનાઓ સાથે સંકળાયેલી છે, તે કલમ ક્રમાંક અને એમાં સમાવિષ્ટ ગુનાની વિગતો અવલોકીએ.

૧) એ ૨૯૫થી ૨૯૮ - રાજ્યના નાગરિક રાજવીનો ધર્મ અને કાયદાની વિરુદ્ધ ન જવું.
૨) ૧૬૧થી ૧૭૧ આઈ - લાંચ રિશ્વત ન લેવી.
૩) ૧૦૭થી ૧૪૦ - કોઈને ગુનાના આચરણમાં મદદરૂપ ન થવું અને રાષ્ટ્રવિરુદ્ધ ગુનો ન આચરવો. કોઈના ધર્મની નિંદા ન કરવી, નુકસાન ન કરવું.
૪) ૨૯૫થી ૨૯૮ - કોઈ ધર્મને નુકસાન ન પહોચાડવું અને એના વિરુદ્ધ ન બોલવું.

અહીં સમાજ-વ્યક્તિનું વ્યક્તિત્વ ધાર્મિક હોવા ઉપરાંત કેવું સદાચારી હોવું જોઈએ એના ઉપર ભાર આપીને ચીંધેલાં આચરણ દર્શાવેલ દૃષ્ટિગોચર થાય છે.

'સ્થાનેષુ લોકશાસ્ત્રાભ્યાં નિષિદ્ધેષુ કદાચન।
મલમૂત્રોત્સર્જનં ચ ન કાર્યં જીવનં તથા ॥ ૩૨॥'

લોકવ્યવહારમાં તથા શાસ્ત્રોમાં જ્યાં વર્જન કરેલું હોય એવાં સ્થળો – જેમ કે જૂનાં દેવાલયો, નદીના ઘાટ કે કાંઠા, રસ્તા, વાવેલાં ખેતરો અને સારી રીતે સજાવેલી જમીન – આવાં સ્થળોએ કદી પણ મળ-મૂત્ર વિસર્જન કરવું નહીં, થૂંકવું નહીં અને શરીરનો મેલ (લીંટ) પણ કાઢવો નહીં. ॥૩૨॥

'ગુરુદેવનૃપેક્ષાર્થં ન ગમ્યં રિક્તપાણિભિઃ।
વિશ્વાસઘાતો નો કાર્યઃ સ્વશ્લાઘા સ્વમુખેન ચ ॥ ૩૭॥'

ભગવાનની મંત્રદીક્ષા આપનારા ગુરુ, દેવતા તથા રાજાનાં દર્શન કરવા જવું હોય ત્યારે કદી ખાલી હાથે ન જવું. પોતાની શક્તિ પ્રમાણે ફળ વગેરે કોઈ ભેટ અવશ્ય લઈને જવું અને તે ભેટ અર્પણ કરીને તેમનાં દર્શન કરવાં. તેમજ કોઈનો પણ વિશ્વાસઘાત કદી ન કરવો. અને પોતાના મુખે પોતાના વખાણ પણ કરવા નહીં. ॥૩૭॥

ઉપરના બંને શ્લોકમાંનુ સારતત્ત્વ ઇન્ડિયન પીનલ કોડની નીચે દર્શાવેલ કલમોમાંના વિષયોની સાથે સંકળાયેલું છે. તેનો પરિચય મેળવીએ.

૧) ૨૬૮થી ૨૭૮ - આરોગ્યને અડચણરૂપ ગંદકી ન કરવી, ગમે ત્યાં થૂંકવું નહીં અને મળમૂત્રનો જાહેરમાં ત્યાગ ન કરવો.
૨) ૪૪૧થી ૪૬૨ - કોઈની સ્થાવર-જંગમ મિલકતમાં પ્રવેશવું નહીં અને સંમતિ વગર લેવું નહીં.
૩) ૨૭૯થી ૨૯૪ - વગર વિચાર્યે અને ઉતાવળે-જલદીથી કોઈ પણ કામ ન કરવું.
૪) ૪૦૫થી ૪૦૯ - કોઈનો વિશ્વાસઘાત ન કરવો.
૫) ૪૧૫થી ૪૨૪ - કોઈની સાથે છેતરપિંડી ન કરવી.

આવી વ્યક્તિકેન્દ્રી વિગતોને પોતાના અનુયાયી સમક્ષ મૂકીને એમાં રહેલી સર્વહિતાવહતાની વાત મને ભારે દૃષ્ટિપૂર્ણ અને અર્થપૂર્ણ લાગે છે.

'યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા માતુઃ પિતુર્ગુરોઃ।
રોગાર્તસ્ય મનુષ્યસ્ય યથાશક્તિ ચ મામકૈઃ' ॥ ૧૩૯॥

મારા આશ્રિત ગૃહસ્થોએ પોતાનાં માતા-પિતા તથા ગુરુ-આચાર્યોની આજીવન સેવા કરવી અને કોઈ પણ વ્યક્તિ રોગગ્રસ્ત હોય તો પોતાની શક્તિ પ્રમાણે તેની પણ સેવા કરવી. ॥૧૩૯॥

'સસાક્ષ્યમન્તરા લેખં પુત્રમિત્રાદિનાપિ ચ ।
ભૂવિત્તદાનાદાનાભ્યાં વ્યવહાર્યં ન કર્હિચિત્' ॥૧૪૩॥

કોઈ પણ વ્યક્તિ સાથે – ભલે તે પોતાનો પુત્ર કે મિત્ર જ હોય – જમીન (ખેતર) કે ધન (સોનું-ચાંદી) વગેરેની લેવડદેવડનો વ્યવહાર કદી પણ મૌખિક રીતે કે વગર લેખિત કરારમાં ન કરવો. ઓછામાં ઓછા ત્રણ અલગ-અલગ સાક્ષીઓના હસ્તાક્ષર સાથેના લેખિત દસ્તાવેજ કર્યા વિના આવો કોઈ વ્યવહાર કરવો નહીં. ॥૧૪૩॥

'કાર્યે વૈવાહિકં સ્વસ્યાન્યસ્ય વાર્ણધનસ્ય તુ।
ભાષાબન્ધો ન કર્તવ્યઃ સસાક્ષં લેખમન્તરા' ॥ ૧૪૪ ॥

પોતાના લગ્ન પ્રસંગે કે પરાઈ વ્યક્તિના વિવાહ કાર્યમાં કન્યાદાન વખતે આપવાના પારિવારિક (ભેટ-દહેજ) રૂપે આપવાના ધન કે ઘરેણાં વિશે કદી પણ માત્ર મૌખિક વચન આપીને ન રહેવું; તે માટે અવશ્ય સાક્ષીઓ સાથેનો લેખિત દસ્તાવેજ કરવો જોઈએ. ॥૧૪૪॥

'આયદ્રવ્યાનુસારેણ વ્યયઃ કાર્યો હિ સર્વદા।
અન્યથા તુ મહદ્દુઃખં ભવેદિત્યવધાર્યતામ્' ॥ ૧૪૫ ॥

પોતાના વ્યવસાય કે ધંધામાંથી જે આવક થતી હોય તેના પ્રમાણમાં જ ખર્ચ કરવો, અને આવક કરતાં ખર્ચ કદી વધારે ન કરવો. જો વધુ ખર્ચ કરવાથી દેવું લેવું પડે, તો લેણદારોના ઉપદ્રવથી અપાર દુઃખ વેઠવું પડે છે. ॥૧૪૫॥

'દ્રવ્યસ્યાયો ભવેદ્યાવાન્ વ્યયો ભવેદ્યાવાન્ વા વ્યાવહારિકે।
તૌ સંસ્મૃત્ય સ્વયં લેખ્યૌ સ્વક્ષરૈઃ પ્રતિવાસરમ્' ॥ ૧૪૬॥

પોતાના વ્યવહાર અને વેપાર-ધંધામાં જેટલી આવક થાય તથા જેટલો ખર્ચ થાય, તે બંનેનો રોજમેળ બરોબર યાદ કરીને સુંદર અક્ષરે હિસાબના ચોપડામાં નિયમિત લખી રાખવો. ॥૧૪૬॥

આ ચારેય શ્લોકમાં ગૂંથાયેલા સદાચારી વ્યક્તિનાં બિંદુઓ ઇન્ડિયન પીનલ કોડના ક્રમે એમાંના પ્રસ્તુત કરેલા વિષયને અવલોકીએ.

૧) ૪૫૦ થી ૪૯૨ - લેખિતમાં કે વ્યવહારમાં ખોટું ન કરવું.
૨) ૪૯૦ થી ૪૯૧, ૪૬૩ થી ૪૮૯ - કાયદાકીય રીતે અને નૈતિક રીતે માતા-પિતા અને રોગિષ્ઠને તરછોડીને ત્યાગ ન કરવો. જોઈ શકાય છે કે માનવતા, સદ્ભાવ અને કરુણા દાખવવી એ નૈતિક ફરજ છે, એવું ભાવપૂર્વકનું ભાવવિશ્વ એમના ઉપદેશમાં કેન્દ્રસ્થાને હતું.



'શ્રીકૃષ્ણગુરુસાધૂનાં દર્શનાર્થં ગતૌ પથિ ।
તત્સ્થાનેષુ ચ ન ગ્રાહ્યં પરાન્નં નિજપુણ્યહૃત્' ॥ ૧૫૧ ॥

શ્રીકૃષ્ણ ભગવાન, પોતાના ગુરુ, તથા સાધુનાં દર્શન કરવા જતાં માર્ગમાં અને તેમના સ્થાનમાં પારકું અન્ન ખાવું નહીં. તે પારકું અન્ન પોતાના પુણ્યને હરી લે છે. ॥ ૧૫૧ ॥

'ગાલિદાનં તાડનં ચ કૃતં કુમતિભિર્જનૈઃ ।
ક્ષન્તવ્યમેવ સર્વેષાં ચિન્તનીયં હિતં ચ તૈઃ' ॥ ૨૦૧ ॥

સાધુ અને બ્રહ્મચારીઓએ કોઈ પણ દુષ્ટબુદ્ધિવાળો પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું. પણ તેને સામી ગાળ દેવી નહીં અને મારવો નહીં. અને તેના હિતનું જ મનમાં ચિંતન કરવું. ૨૦૧॥

આ બંને શ્લોકના ભાવવિશ્વ સાથે ઇન્ડિયન પીનલ કોડની નીચે દર્શાવેલી કલમો અને એની સાથે દર્શાવેલી વિગતો અવલોકીએ.

૧) ૨૬૪ થી ૨૬૭ - મજૂરી-શ્રમકાર્યનું વેતન કે વેચાણથી જેટલું નક્કી કર્યું હોય તેટલું આપવું. તોલમાપમાં પણ છેતરપિંડી કરીને ઓછું ન આપવું.

૨) ૧૪૧થી ૧૬૦ - કોઈ સાથે કજિયો કંકાસ ન કરવો કે સામૂહિક હુલ્લડ-તોફાનો ન કરવાં.

વ્યક્તિએ સમાજ વચ્ચે કેવો વ્યવહાર કરવો, કેવું વલણ દાખવવું જોઈએ એ બધું અહીં સમાવિષ્ટ થયેલું અવલોકવા મળે છે. આ છ ખંડમાં નિર્દેશેલા શ્લોકો અને એમાં નિહિત ભારતીય ન્યાયસંહિતા સંદર્ભે નિર્દિષ્ટ ઇન્ડિયન પીનલ કોડના વિવરણમાંથી શ્રીહરિની આર્ષદ્રષ્ટા વ્યક્તિમત્તાનો પરિચય પ્રાપ્ત થયો.

|| ૭ ||

વડતાલધામ વિદ્યાતીર્થ પણ છે. સૌથી વિપુલ અને સત્ત્વશીલ સંસ્કૃતગ્રંથો અહીં નિર્માયા. એટલે બે સૈકાથી વડતાલ એ ભારતનું પ્રાચીન વલભી ગણાય છે. 'શિક્ષાપત્રી' (ઈ.સ. ૧૮૨૩) અહીં રચાઈ. શતાનંદમુનિએ ભારે વિશ્લેષણ કરીને પ્રત્યેક શ્લોકને સમજાવતી સંસ્કૃતમાં અન્વયાર્થ પ્રકાશિકા 'અર્થદીપિકા' (ઈ.સ. ૧૮૨૫) ગ્રન્થની રચના કરી. ઉપરાંત શતાનંદમુનિનાં બીજાં ભારે મહત્ત્વનાં બે કામ છે, એક શ્રીહરિનું અધિકૃત ચરિત્ર 'સત્સંગીજીવન' અને બીજું 'વચનામૃત' અનુપ્રાણિત 'હરિવાક્યસુધાસિન્ધુ' ગ્રન્થ આલેખન. એમણે સહજાનન્દીય-સનાતનીય દૃષ્ટિકોણ એ સમયે સંસ્કૃતમાં પ્રસ્તુત કરીને ભારતીય તત્ત્વદર્શનની મોટી સેવા કરી. પછીનો બીજો મહત્ત્વનો સર્જાયેલ ગ્રંથ 'શિક્ષાપત્રી ભાષ્ય' (ઈ.સ. ૧૮૨૬) છે. 'શિક્ષાપત્રી' ગ્રન્થ વિશે ભગવાન સ્વામિનારાયણ દ્વારા આચાર્યપદે સ્થાપિત કરેલા રઘુવીરજી આચાર્ય મહારાજજી પણ સંસ્કૃત ભાષા તત્ત્વદર્શન અને આલોચના-ટીકાગ્રન્થ રચનામાં પ્રાવીણ્ય ધરાવતા હતા.

આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના અનુજબંધુ બદ્રીનાથજીના સુપુત્ર ભગવદપ્રસાદજી (૧૮૩૮)ને આચાર્યશ્રી રઘુવીરપ્રસાદજીએ દત્તકપુત્ર તરીકે સ્વીકારેલા. ભારતીય તત્ત્વદર્શન, સંસ્કૃતસાહિત્ય અને સાંપ્રદાયિક ક્રિયાકલાપોથી દીક્ષિત કરીને એમનો ઈ.સ. ૧૮૬૩માં આચાર્યપદે અભિષેક કરેલો. રઘુવીરપ્રસાદજી દ્વારા રચાયેલ સાહિત્યનો ઊંડાણથી અભ્યાસ કરીને એમના વિશે વિગતે સ્વાધ્યાયપૂર્ણ ટીકા ગ્રન્થોની રચના કરેલી. આમાં 'શિક્ષાપત્રી ભાષ્યટીકા' (ઈ.સ. ૧૮૮૩) ગ્રન્થ ભારે મહત્ત્વનો છે. 'શિક્ષાપત્રી' અંતર્ગત હિન્દુ ધર્મશાસ્ત્રગ્રન્થોના નિર્દેશોનો વિમર્શ કરાવેલો તેને વિશેષ પ્રમાણ સાથે વિશિષ્ટાદ્વૈતના સંદર્ભે સમુચિત તાત્ત્વિકપીઠિકાના જનક તરીકે પ્રસ્તુત કરેલ. 'શિક્ષાપત્રી'ની સમજ આ નિમિત્તે ભારે સૂક્ષ્મતાથી, ઊંડી શાસ્ત્રનિસ્બતથી અને સમકાલીન-તત્કાલીન સામાજિક સંદર્ભે હિન્દુસ્તાન માટે અત્યંત આવશ્યક કારણો સાથે એમણે દર્શાવી. મારી દૃષ્ટિએ 'શિક્ષાપત્રી' ગ્રન્થને ભારતીય તત્ત્વદર્શન મીમાંસાના તેજસ્વી અનુસંધાન તરીકે સ્થાપી આપતા આ ત્રણેય ગ્રન્થો - 'અર્થદીપિકા', 'ભાષ્ય' અને 'ભાષ્યટીકા' આપણી તાત્ત્વિક જ્ઞાન સમૃદ્ધિના પણ પરિચાયક છે.

શિક્ષાપત્રીગ્રન્થમાં વૈશ્વિક કક્ષાનાં શાશ્વતમૂલ્યો, ચિરંતન સનાતન તત્ત્વો અને સદાચારી માનવના નિર્માણ માટેના ઘટકોનું જનપ્રબોધન પાસું 'શિક્ષાપત્રી'માં છે. પણ એનું વિશદ વિશ્લેષણ અહીં નિર્દેશેલ ત્રણ ગ્રંથોમાંથી ઉદ્ધાટિત થાય છે. સનાતનીય સિદ્ધાંતો એના કેન્દ્રમાં છે. સંસ્કૃત ભાષાના એ ભારતીય ગ્રન્થનિર્માણ વિશેના પ્રાચીન ભારતીય ગ્રન્થોમાં નિહિત તથ્યોને તારવી બતાવતી આ સંસ્કૃત ગ્રન્થચતુષ્ટય, ભારતીય સંસ્કૃતિની જીવંતતાનું, બે સૈકાનું જ્ઞાનગૂંથણ છે. એને આજના અભ્યાસીઓ માટેનું પાથેય ગણું છું, કારણ કે એમાં પ્રાચીન ભારતીય સનાતન ધર્મનું સંગમતીર્થ અવલોકવા મળે છે.

'તીર્થ', ૨૬૪ - જનકપુરી,
યુનિવર્સિટી રોડ, ઑફ સાધુ વાસવાણી રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫. મો. ૯૮૨૫૦૭૫૦૬૮

આધુનિક મૅનેજમૅન્ટસંહિતા... ભગવદ્‌ગીતા પર એક નજર...

ભાગ્યેશ જહા

આધુનિક મૅનેજમૅન્ટ વિજ્ઞાનના જેમને ભીષ્મપિતામહ કહેવામાં આવે છે તેવા પિટર ડ્રકરનું એક વાક્ય મને હંમેશાં આકર્ષતું રહ્યું છે, એમનું એક અદ્‌ભુત વાક્ય સ્મરણમાં આવે છે; "Management is not just about techniques and skills; it is about wisdom, judgement and character." જોઈએ છીએ કે આજકાલ ચારે બાજુ ખૂબ જ ઝડપથી ૯૦ મિનિટના સેમિનારમાં કે ત્રણ દિવસના વર્કશોપમાં વ્યક્તિઓને ખૂબ મહાન થઈ જવું હોય છે. સોશિયલ મીડિયાના આ જમાનામાં તમને એવી લોભામણી જાહેરાતો જોવા મળે જ્યાં તમે અચાનક મહાન થઈ શકો અથવા સફળ થઈ શકો અથવા દુનિયાના શ્રેષ્ઠ વ્યક્તિ થઈ શકો. શોર્ટકટમાં બધું મળી જશે અથવા મળે છે એવી ભ્રમણા ફેલાવવાની એક જગજાળ ફેલાઈ રહી છે. ત્યારે ભગવદ્‌ગીતા તમને સમજાવે છે કે જીવનમાં જે સત્ય છુપાયેલું છે એ એ છે કે દરેક વ્યક્તિમાં સૌથી શ્રેષ્ઠ થવાની ક્ષમતા છુપાયેલી છે, અને મૅનેજમૅન્ટ વિજ્ઞાનમાં એ જ તાકાત રહેલી છે કે એ વ્યક્તિને એની ક્ષમતા જેટલા મહાન થવાની તક આપે છે. પણ આ મૅનેજમૅન્ટના વિજ્ઞાનને જો પૂર્ણપણે સમજીએ નહીં તો શક્ય છે કે આપણે જેમ અગાઉ કહ્યું એમ ટેકનિક અને સ્કીલના આટાપાટામાં ગુંચવાઈ જઈએ. આજના બિઝનેસ મૅનેજમૅન્ટમાં આવાં સૂત્રો સાંભળવા મળે છે, 'નફાને મહત્તમ બનાવો, આપણું ધ્યેય માત્ર પૈસા કમાવાનું છે, આપણું ધ્યેય માત્ર સફળ થવાનું છે.' અહીં જરા રોકાવા જેવું છે, અહીં મારે ભગવદ્‌ગીતા વિશે વાત કરવી છે. ગીતા પણ શ્રેષ્ઠતાની ઉપાસના કરવાનું ચોક્કસ કહે છે, પણ કોઈ પણ વાત શોર્ટકટથી સિદ્ધ થઈ જાય એવું નથી. જે લોકો શ્રેષ્ઠ છે એ અચાનક નથી બન્યા, એ કોઈ ડિગ્રીને કારણે પણ નથી બન્યા. એમના શિક્ષણે ચોક્કસ એમના ઘડતરમાં બહુ મોટો ભાગ ભજવ્યો છે, એ પણ સાચું કે અનુભવે પણ એમને કશુંક શિખવાડ્યું છે. ભગવદ્‌ગીતા પ્રમાણે કર્મ એ માત્ર ફળ કે સફળતા માટે નહીં, પરંતુ પોતાની ક્ષમતા દ્વારા પોતે વ્યક્તિ કોઈ અગોચર વૈશ્વિક શક્તિનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે તે મૅનેજમૅન્ટસંહિતા છે. ભગવદ્‌ગીતા એ આ મૅનેજમૅન્ટ સંહિતાનો પાયાનો ગ્રંથ છે. મારા મનમાં કેટલાક આધુનિક ખ્યાલો ઊભરી આવે છે. દાખલા તરીકે ભગવદ્‌ગીતા કેટલીક વ્યાખ્યાઓ બદલી નાખે છે. યજ્ઞ એટલે આપણા મનમાં એક યજ્ઞકુંડ હોય, સમિધ હોય. પણ કૃષ્ણ કહે છે કે જ્ઞાન પણ યજ્ઞ છે અને જપ પણ યજ્ઞ છે, એટલે આ ગ્રંથ જુદી જુદી વ્યાખ્યાઓ નવેસરથી કરવાની પ્રેરણા આપે છે. આધુનિક ચિંતક ડેનિયલ પિંક એ પ્રખ્યાત થયા એમની થિયરી 'The puzzle of motivation'. એમનું કહેવું છે કે જે રૂઢ થયેલો સિદ્ધાંત છે કે બદલો આપો અથવા ઈનામ આપો તો એ મોટિવેશન બની શકે. પણ ડેન કહે છે કે આ તો બહારના આવરણને એટલે કે વ્યક્તિત્વના સૌથી બહારના ભાગને અસર કરે છે જ્યારે સૌથી અંદર એટલે કે જે વ્યક્તિત્વનું અંદરનું કોમળ પાસું છે એ તો સ્વતંત્રતા, હેતુ સ્પષ્ટતા અને ક્ષમતાવર્ધક વલણથી જ બદલાય છે. જ્યારે વ્યક્તિને પોતાને જ નિર્ણય કરવાનો હોય, નિર્ણય કરવાની સ્વતંત્રતા આપવામાં આવતી હોય ત્યારે એનું મોટિવેશન એકદમ જુદી અને ઊર્ધ્વ કક્ષાનું હોય છે. જેમ કે ભગવદ્‌ગીતામાં બધું કહ્યા પછી ભગવાન એમ કહેતા હોય છે કે મારે જે કહેવાનું હતું તે મેં કહ્યું હવે તને યોગ્ય લાગે એમ કર. यथेच्छसि तथा कुरु ડેનિયલ પિંક આ સિદ્ધાંતને તદ્દન આધુનિક મોટિવેશનનો સિદ્ધાંત ભણાવે છે અને એટલા માટે હું કહું છું કે ભગવદ્‌ગીતા મનુષ્યને અંદરથી મજબૂત બનાવે છે. ભગવદ્‌ગીતા એક કેરિયર નિર્માણનો કે કારકિર્દી ઘડવાનો કીમિયો બતાવનાર ગ્રંથ નથી પણ વ્યક્તિનિર્માણનો ગ્રંથ છે. તમારે સૌથી ઊંચું ધ્યેય રાખવાનું છે, સૌથી શક્તિશાળી અને સનાતન તત્ત્વની ઉપસ્થિતિનો અનુભવ કરાવે એવી માનસિકતા તૈયાર કરવાની તાલીમ ભગવદ્‌ગીતા આપે છે. જેને આધુનિક ચિંતક ડેનિયલ પિંક intrinsic motivation કહે છે તેવું ઊર્મિ ઘડતર કરવા માટે ભગવદ્‌ગીતા સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો અને ભક્તનાં લક્ષણો જણાવે છે. આ માર્ગે સમ્યક જ્ઞાન, અનાસકત કર્મ અને સમજણપૂર્વકની ભક્તિથી મૅનેજમૅન્ટના માર્ગે વિચારણા કરવામાં આવે તો આધુનિક યુગની કેટલીક સમસ્યાઓને આપણે મૂળભૂત રીતે હલ કરી શકીએ એમ છીએ.

બી-૧૦૧, ઝેડ પ્લસ સિદ્ધરાજ,
સરગાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧
મો. ૯૯૭૮૪૦૭૬૦૧

આપણા પત્ર-સાહિત્યનો ઇતિહાસ

નરોત્તમ પલાણ

એક માણસે બીજા માણસને લખેલા પત્રસાહિત્યનો ઇતિહાસ ભારે રોમાંચક છે. આપણે પ્રથમ વિશ્વ, પછી ભારત અને છેલ્લે ગુજરાતી ભાષાના પત્ર-સાહિત્યની એક ઊડતી તવારીખી નોંધ લઈએ.

આ તો સ્પષ્ટ છે કે માણસમાં ભાષા જન્મી ચૂકી છે અને પછી કાળક્રમે 'લિપિ' ની શોધ થઈ છે; અને પછી જ પત્રસાહિત્યનો ઇતિહાસ આરંભાયો છે. પત્રની પ્રાથમિક આવશ્યકતા લિપિની છે, અને 'લિપિ' માણસના હાથમાં કયા કાળે આવી તેના વિશે સંખ્યાબંધ મતમતાંતરો છે લિપિ વિશે આપણે તો આપણા ઘરઆંગણાની જ વાત કરીએ તો કચ્છનું ધોળાવીરા, મૂળમાં ખડીર વિસ્તારમાં આવેલો એક બેટ છે. આ બેટ ચારે તરફથી ઘેરાયેલો છે. એક કાળે પાણી હશે, આજે રણ છે. આ બેટની શોધ ૧૯૭૦ આસપાસ થઈ અને ૧૯૯૧માં કેન્દ્ર સરકારના પુરાતત્ત્વ ખાતા દ્વારા તેનું ઉત્ખનન આરંભાયું. ક્રમશ: એક પછી એક અતિ પ્રાચીન અવશેષો નજરમાં આવતા ગયા. અને આખર ૨૦૨૧માં તે વિશ્વની પ્રાચીનતમ ધરોહર તરીકે યુનેસ્કો દ્વારા જગજાહેર થયું.

> **પત્ર પરત્વે માત્ર ભારતની (સંસ્કૃતિની) નોંધ લઈએ તો ભારતનો પ્રથમ પત્ર એક પ્રેમપત્ર છે. અને તે ભારતના પૂર્વ ભાગમાં આવેલી રુક્મિણી દ્વારા ભારતના પશ્ચિમમાં, એટલે કે આપણા ગુજરાતના મુ. દ્વારકાના શ્રીકૃષ્ણને લખાયેલો છે.**

ધોળાવીરાનું મુખ્ય આકર્ષણ ત્યાં નજરે ચડેલું વિશાળ 'લિપિ ફલક' છે. આ લિપિ સિંધુ સભ્યતાથી પણ પૂર્વેની હોવાનો એક સર્વસંમત મત મનાય છે. આપણે આશરે એમ કહી શકીએ કે આ લિપિ દશેક હજાર વર્ષ જૂની છે. સ્પષ્ટ છે કે જગતભરની આ મહાન વિસ્મયકારી શોધ છે. શું લખેલું છે તેનું અર્થઘટન હવે પછી થશે પણ હાલ એટલું નિશ્ચિત છે કે જગતભરની લિપિઓની ગંગોત્રી ધોળાવીરા છે.

અત: ધોળાવીરાથી અથવા ધોળાવીરા પછી જ પત્રસાહિત્ય છે. આપણે બીજી બાજુ નજર કરીએ તો, હાલ આપણી પાસે (આખા જગત પાસે) જે જૂનામાં જૂના પત્રના નમૂના છે, તે આશરે બે હજાર વર્ષ જૂના બાઈબલમાં મળે છે. ગુજરાતી ભાષામાં જે શકવર્તી બાઈબલનું પ્રકાશન થયું છે તેના મુખ્ય અનુવાદકો નગીનદાસ પારેખ અને ઈસુદાસ કવેલી છે. આની પ્રથમ આવૃત્તિ ૧૯૮૧માં આણંદના ગુજરાત સાહિત્ય પ્રકાશન દ્વારા થયેલી છે. આમાં પત્રાવલિ, નવો કરાર અને જૂના કરાર તેમજ પ્રાચીન સ્તોત્રો સાથેનું એક ઐતિહાસિક સંપૂર્ણ બાઈબલ આપણને મળે છે. અહીં સંત પાઉલના કુલ એકવીસ પત્રો આપણને મળે છે, જેમાં પહેલો પત્ર તિમોથી નામના એક ભક્તને લખાયેલો છે. આ તિમોથી યહૂદી માતા અને ગ્રીક પિતાનો પુત્ર હતો, જેને એફેસસના સંઘની જવાબદારી સોંપાઈ હતી. આ પત્ર પણ સંઘની જવાબદારી વિશેનો છે. આ પત્રોમાં ઈસુ અને ઈસુના યોહાન વગેરે શિષ્યો મુખ્ય છે. ઈસુનો સમય ઈ.સ.ની શરૂઆતનો છે એટલે આજથી 2026 વર્ષ જૂના આ પત્રો છે.

અત: જગતભરના પત્રસાહિત્યનો આરંભ છેલ્લા બે હજાર વર્ષથી છે. પત્ર પરત્વે માત્ર ભારતની (સંસ્કૃતિની) નોંધ લઈએ તો ભારતનો પ્રથમ પત્ર એક પ્રેમપત્ર છે. અને તે ભારતના પૂર્વ ભાગમાં આવેલી રુક્મિણી દ્વારા ભારતના પશ્ચિમમાં, એટલે કે આપણા ગુજરાતના મુ. દ્વારકાના શ્રીકૃષ્ણને લખાયેલો છે. આ પત્ર હાલ શ્રીમદ્ ભાગવતના દશમ્ સ્કંધના બાવનમા અધ્યાયમાં મળે છે. પત્ર 'વસંતતિલકા' છંદમાં લખાયેલો છે. 'શ્રુત્વા ગુણાન ભુવનસુંદર શ્રૃણ્વતાં તે...' (હે ભુવન સુંદર, હે પ્રિય, શ્રવણ કરતા જનોના કર્ણોનાં છિદ્રો દ્વારા અંતરમાં પ્રવેશીને અંગોનો તાપ હરી લેતા આપના ગુણોનું - શ્રવણ કરીને હું આપના પ્રેમમાં પડી છું. આપ મારા દ્વારા પતિરૂપે વરણ કરાયા છો. આવી સ્થિતિ છે, તેમાં સંકટ એ આવ્યું છે કે મારા લગન

બીજા સાથે થઈ રહ્યા છે તો તમો અહીં આવીને મારું વરણ (હરણ) કરો... શ્રીકૃષ્ણ પહોંચે છે અને રુક્મિણીનું હરણ કરે છે તથા આજના પોરબંદર જિલ્લાના માધવપુર ગામે આવીને લગન કરે છે. આ મહાન ઘટના પાછળ એક પત્ર છે. તે પત્ર સાહિત્યની અમૂલ્ય ઉપયોગિતા સૂચવે છે.

સંસ્કૃતમાં લખાયેલો રુક્મિણીનો પત્ર, પત્ર-સ્વરૂપનો પ્રથમ નમૂનો છે. અન્યત્ર ઋગ્વેદ આદિમાં પત્રના અંશો મળતા હોવાનું વિદ્વાનો તારવે છે પણ રુક્મિણીનો પત્ર તે સંસ્કૃત સાહિત્યનો પ્રથમ પત્ર છે.

આશ્ચર્ય સાથે યોગાનુયોગ પણ જુઓ, જેમ ભારતભરનો પ્રથમ પત્ર દ્વારકા મુકામે છે, તેમ ગુજરાતી ભાષાનો પ્રથમ પત્ર પણ શામળિયાશેઠને દ્વારકા મુકામે લખાયેલો છે. આ પત્ર લખનાર જૂનાગઢનો નાગર નરસિંહ છે અને તેણે 'કેદારા' રાગમાં 'હૂંડી' નામથી ઓળખાતો આ પત્ર લખ્યો છે. "સ્વસ્તિ શ્રી મંગળ... લિખિતંગ દાસ નરસૈંયો..." એમ કુલ આઠ પદો મળે છે. આ પત્રો ૧૪૦૦ થી ૧૫૦૦ વચ્ચે એટલે કે ૧૫ મી સદીમાં લખાયેલા છે, આ પછી આપણા ચારણી સાહિત્યમાં નાયિકા દુહા રૂપે પત્ર લખતી હોય તેનાં ઉદાહરણો મળે છે.

ગુજરાતી સાહિત્યનો અર્વાચીનયુગ તો પત્રસાહિત્યથી ભર્યો પડ્યો છે. માત્ર ગુજરાતી ભાષામાં નહિ, સમગ્ર ભારતીય સાહિત્યમાં હજારોની સંખ્યામાં પત્ર લખનાર, મનુષ્યના ગૌરવસમા મહાત્મા ગાંધી છે.

આપણું સંતસાહિત્ય, કહો કે 'ભજન' રૂપે લખાયેલા પત્રોથી ભર્યું પડ્યું છે. હમણાં ભજન-સાહિત્યના અભ્યાસી વિદ્વાન નાથાલાલ ગોહિલે 'સંતની જ્ઞાનગોષ્ઠિ' રૂપે પત્રો પ્રસિદ્ધ કરેલા છે, જેમાં 'રવિભાણ સંપ્રદાય'ના રવિસાહેબ પોતાના શિષ્ય પ્રીતમદાસને પત્ર લખે અને પ્રીતમદાસ તેનો ઉત્તર વાળે તેનાં ભજનો મળે છે. સુપ્રસિદ્ધ પત્રસંગોષ્ઠિ ઘોઘાવદરના દાસીજીવણ અને આમરણના ભીમસાહેબ વચ્ચેની છે. પત્ર અધ્યાયનું પણ કેવું માર્ગદર્શક સ્વરૂપ છે તે આ પત્રોથી પ્રમાણિત થાય છે.

જુઠીબાઈના પોતાના ગુરુ જેરામદાસને લખાયેલા પત્રો, જેમાં સાધક જીવનના 'હદ-બેહદ કેને કહીએ તે મુને બતાવો' – અને ગુરુ ઉત્તરવાળે કે 'હદ એ તો દેહ છે અને આત્માને બેહદ કહીએ.' અતિ વિશિષ્ટ પત્રસાહિત્ય છે.

ગુજરાતી સાહિત્યનો અર્વાચીનયુગ તો પત્રસાહિત્યથી ભર્યો પડ્યો છે. માત્ર ગુજરાતી ભાષામાં નહિ, સમગ્ર ભારતીય સાહિત્યમાં હજારોની સંખ્યામાં પત્ર લખનાર, મનુષ્યના ગૌરવસમા મહાત્મા ગાંધી છે. ગાંધીજીએ લખેલા પત્રોના એકથી વિશેષ સંગ્રહો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે અને હજુ એટલા જ કે વધુ પત્રો સંગ્રહાયા વિનાના મળે છે. ગાંધીજીના પત્રસાહિત્યની વ્યાપકતા એ છે કે તે પ્રથમ રજસ્વલા બનતી કન્યાને પત્ર લખે અને દુનિયાના મહાન સરમુખત્યાર હિટલરને પણ પત્ર લખે. આ ગાંધીજીનું અને ગુજરાતી પત્રસાહિત્યનું શિખર છે.

કવિ નર્મદ, કવિ કલાપી અને કવિ મેઘાણીના પત્રો સાથે એક શિક્ષિકાબહેન દિવાળીબહેને કવિ મનીષી મણિલાલ નભુભાઈને લખેલા પત્રો સાવ જુદા તરી આવે છે. ચાલુ વર્ષે જેની જન્મશતાબ્દી આપણે ઊજવી રહ્યા છીએ તે કવિ નિરંજન ભગત આ દિવાળીબહેનના પત્રોને ગુજરાતી સાહિત્યના સર્વશ્રેષ્ઠ પ્રેમપત્રો કહે છે. આ પત્રો ધીરુભાઈ ઠાકર સંપાદિત મણિલાલ નભુભાઈના 'આત્મવૃત્તાંત'માં પરિશિષ્ટ રૂપે મુકાયેલા છે.

શ્રીમદ્ રાજચંદ્ર, કેદારનાથ, કિશોરલાલ મશરૂવાળા સાંઈ કવિ મકરંદ દવે અને હમણાંના પ્રાર્થનાભીના પત્રો જૈન આચાર્યશ્રી વિજયશીલ ચંદ્રજી મહારાજ સામાન્ય વહેવારથી વેંત ઊંચા પત્રો લખનાર મહાનુભાવો છે.

અર્વાચીન કવિતામાં પણ પત્રો મળે છે, જેમાંથી કવિ ઈન્દુલાલ ગાંધી લિખિત 'આંધળી માનો પત્ર' એક સુંદર કરુણાસભર ગેય રચના છે.

રવીન્દ્રનાથ, જવાહરલાલ નેહરુ, રિલ્કે વગેરેના અનુવાદિત પત્રો પણ ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે. આમ, આપણા પત્રસાહિત્યનો ભવ્ય ઈતિહાસ વિવિધરંગી અને માતબર છે. છેલ્લે ગુજરાત સાહિત્ય અકાદમીએ 'શબ્દસૃષ્ટિ'નો જે પત્રસાહિત્ય વિશેષાંક પ્રસિદ્ધ કર્યો તેની સાદર નોંધ સાથે વિરમું છું.

"દર્શન", ૩, વાડી પ્લૉટ,
પોરબંદર-૩૬૦૫૭૫
મો. ૯૫૩૭૮૭૭૦૭૦

પાર્થિવ પ્રેમના રંગદર્શી કવિ નિરંજન

પ્રસાદ બ્રહ્મભટ્ટ

નિરંજન ભગતનો જન્મ ઔદ્યોગિક મહાનગર અમદાવાદમાં શહેરના હૃદય સમા ખાડિયા વિસ્તારમાં તા. ૧૮-૫-૧૯૨૬ના રોજ થયો હતો. પ્રાથમિક શિક્ષણ અમદાવાદની કાલુપુર શાળા નં-૧માં તથા માધ્યમિક શિક્ષણ પ્રોપ્રાઇટરી હાઇસ્કૂલ અને નવચેતન હાઇસ્કૂલમાં. ૧૯૪૨ની આઝાદી માટેની લડતમાં અભ્યાસ છોડ્યો. ૧૯૪૪માં મૅટ્રિક થયા. ૧૯૪૪થી '૪૬ સુધી અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરી ૧૯૪૮માં મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં એન્ટાયર અંગ્રેજી સાથે બી.એ. થયા પછી ફરી અમદાવાદ આવી એલ.ડી. આર્ટ્સ કૉલેજમાંથી મુખ્ય વિષય અંગ્રેજી અને ગૌણ વિષય ગુજરાતી સાથે ૧૯૫૦માં એમ.એ. થયા. ૧૯૫૦થી એમણે અમદાવાદની વિવિધ કૉલેજોમાં અંગ્રેજી સાહિત્યનું અધ્યાપન કર્યું. ૧૯૫૭-૫૮માં 'સંદેશ' દૈનિકના સાહિત્ય વિભાગનું સંપાદન કર્યું. ૧૯૭૭માં 'ગ્રંથ' માસિકના અને ૧૯૭૮થી '૭૯ દરમિયાન ત્રૈમાસિક 'સાહિત્ય'ના તંત્રી રહ્યા. ૧૯૪૯માં એમને કુમારચંદ્રક, ૧૯૫૭માં નર્મદચંદ્રક તથા ૧૯૬૯માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયા. ૧૯૯૪માં ગુજરાત સાહિત્ય અકાદમીએ મૂર્ધન્ય સાહિત્યકાર તરીકે તેમનું બહુમાન કર્યું. તેમને નરસિંહ મહેતા ઍવૉર્ડ પણ એનાયત થયો હતો. ૨૦૦૦માં તેમને સચ્ચિદાનંદ સન્માનથી સન્માનિત કરવામાં આવેલા. તેમના વિવેચન સંગ્રહ 'સ્વાધ્યાયલોક' માટે તેમને સાહિત્ય અકાદમી ઍવૉર્ડ અર્પણ થયેલો.



૧૯૯૭-૯૮ દરમિયાન તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ રહ્યા હતા. બ્રેઇનસ્ટ્રોકને કારણે પાંચ દિવસ હૉસ્પિટલમાં રહ્યા બાદ ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

> નિરંજનના કવિવ્યક્તિત્વની લાક્ષણિક છબી જેમાં ઝિલાય છે એ સંગ્રહ છે 'અલ્પવિરામ', જે ૧૯૫૪માં 'કવિલોક' દ્વારા પ્રકાશિત થાય છે. 'છંદોલય'ના અંતિમ કાવ્ય 'સંસ્મૃતિ'માં જેનો આરંભ થાય છે.

નિરંજને ગુજરાતી કવિઓમાં સૌપ્રથમ કવિ ન્હાનાલાલનું દર્શન કર્યું, પછી ઉમાશંકર-સુન્દરમ્નું ૧૯૪૧માં રવીન્દ્રનાથના અવસાન પછી નિરંજને અંગ્રેજી 'ગીતાંજલિ'નું વાચન કર્યું અને એના અનુકરણરૂપે એમણે અંગ્રેજીમાં સો ગદ્યકાવ્યો લખ્યાં. એવામાં સરોજિની નાયડુનાં અંગ્રેજી કાવ્યોનું વાચન કર્યું ત્યારે ક્યાંક વાંચ્યું કે પરભાષામાં કવિતા ન કરવી. તે પછી તેમણે ગુજરાતીમાં લખવાનું શરૂ કર્યું. ૧૯૪૩થી કાવ્યસર્જનમાં પ્રવૃત્ત થયેલા નિરંજનનો પ્રથમ કાવ્યસંગ્રહ 'છંદોલય' ૧૯૪૯માં પ્રગટ થાય છે. બીજા જ વર્ષે એમનો ગીતસંગ્રહ 'કિન્નરી' બહાર પડે છે. ૧૯૪૯-૫૦માં પ્રગટ થયેલા આ સંગ્રહયુગ્મ અને ૧૯૫૧-૫૨માં પ્રગટ થયેલ રાજેન્દ્ર શાહના સંગ્રહયુગ્મ 'ધ્વનિ'-'આંદોલન' દ્વારા અનુગાંધીયુગ- રાજેન્દ્ર-નિરંજન યુગની પ્રસ્થાપના થાય છે એમ કહી શકાય.

નિરંજનના કવિવ્યક્તિત્વની લાક્ષણિક છબિ જેમાં ઝિલાય છે એ સંગ્રહ છે 'અલ્પવિરામ', જે ૧૯૫૪માં 'કવિલોક' દ્વારા પ્રકાશિત થાય છે. 'છંદોલય'ના અંતિમ કાવ્ય 'સંસ્મૃતિ'માં જેનો આરંભ થાય છે તે પ્રકારની

આધુનિક કવિતા આ સંગ્રહમાં મળે છે. અહીં કવિ'સ્વ'ના કોચલામાંથી બહાર નીકળી આસપાસના વિશ્વમાં વિહરે છે. કવિના કીર્તિદા કાવ્યગુચ્છ 'પ્રવાલદ્વીપ'ની મોટાભાગની રચનાઓ આ સમયે લખાય છે. આ ગુચ્છ સાથે અગાઉના સંગ્રહોમાંથી ચૂંટેલાં કાવ્યો સહિત 'છંદોલય'ની સંવર્ધિત આવૃત્તિ ૧૯૫૭માં પ્રગટ થાય છે. આ સંગ્રહ કવિની સર્જકતાનું સર્વોચ્ચ શિખર છે. ૧૯૫૮માં તેમનો પાંચમો સંગ્રહ '૩૩ કાવ્યો' આધુનિક કવિતા શ્રેણીમાં બહાર પડે છે. એમાં સમાધાનના સૂર હોવાથી કે ગમે તે કારણે પણ કવિની સર્જકતાની ઓટ અનુભવાય છે. કવિ સભાન થઈ જાય છે અને કાવ્યસર્જન અટકાવી દે છે. ૧૯૬૯નો રણજિતરામ સુવર્ણચંદ્રક સ્વીકારતી વખતે તેઓ 'છંદોલય'ની બૃહત્ આવૃત્તિ (૧૯૭૪) બહાર પાડે છે. જીવનના અંતિમ દાયકામાં તેઓ પુનઃકાવ્યસર્જન કરે છે અને એ કાવ્યોને ગ્રંથસ્થ પણ કરે છે.

'છંદોલય'-'કિન્નરી'ના નવયુવાન કવિની મુખ્ય અનુભૂતિ સ્વાભાવિક રીતે જ પ્રણયની છે. આ પ્રણયભાવ પ્રકૃતિથી પરિવેશિત છે. 'છંદોલય'નું પ્રથમ કાવ્ય જ આની શાખ પૂરે છે. 'જાગૃતિ' શીર્ષકવાળા આ કાવ્યમાં કવિએ બે ઋતુઓ પ્રત્યેનો પક્ષપાત પ્રગટ કર્યો છે: વસંત અને વર્ષા. વસંત કવિની હૃદયસૃષ્ટિને પ્રફુલ્લિત કરી રહે છે. એથી રગેરગે નવાણો ખળભળી ઊઠે છે અને નયન અદીઠાં સ્વપ્ને દૂર મુલકે સરે છે. સૌંદર્યની રસસભર સૃષ્ટિમાં કવિનો પ્રેમ પાંગરે છે. તેથી કવિને બે ઋતુ ગમે છે.

'છંદોલય'-'કિન્નરી'ના નવયુવાન કવિની મુખ્ય અનુભૂતિ સ્વાભાવિક રીતે જ પ્રણયની છે. આ પ્રણયભાવ પ્રકૃતિથી પરિવેશિત છે. 'છંદોલય'નું પ્રથમ કાવ્ય જ આની શાખ પૂરે છે.

નિરંજનના પ્રણયનું પ્રથમ સ્વરૂપ મુગ્ધાવસ્થામાં 'સોણલું' બનીને આવે છે. આથી જ ઉમાશંકરે નિરંજનની કવિતાને 'સ્વપ્નનો સુરમો' તરીકે ઓળખાવી છે. 'કિન્નરી'ના પ્રથમ ગીત 'સોણલું'માં આવતી આ ઉઘાડની પંક્તિઓ સંગ્રહદ્વયની પણ ધ્રુવપંક્તિઓ બની શકે તેમ છે:

મારી પાંપણને પલકારે હો રાજ ! મેં તો દીઠું'તું સોણલું,
મારા અંતરને અણસારે હો રાજ ! મેં તો દીઠું'તું સોણલું.

ગીતમાં 'સોણલું' શબ્દ આઠ વાર પ્રયોજાયો છે, પણ તેની વિશેષતા એ છે કે દરેક આવર્તને તે નવી જ અર્થચ્છાયા પ્રગટ કરે છે. ગીતમાં આ શબ્દનું જ નહીં, રોમેન્ટિક ઉદ્વેગનું પણ આવર્તન થયું છે. પરંતુ સોળ વર્ષના મુગ્ધ કિશોર કવિની દૃષ્ટિ કેવી વ્યાપક છે કે ધસમસતા ઊર્મિ-ઉછાળની વચ્ચે પણ માનવવેદના સ્મરવાનું ભૂલતી નથી ! ગીતની પદાવલિ અને ભાવસૃષ્ટિ પર ન્હાનાલાલની અસર સ્પષ્ટપણે વરતાઈ આવે છે. ગીતમાં અતીન્દ્રિય સૃષ્ટિ અવતરિત થઈ છે.


પ્રહ્લાદ પારેખના 'વિદાય' કાવ્યની સહજ યાદ આપે તેવા ઉદાત્ત ભાવથી પૂર્ણ સૉનેટ 'વિદાય'માં પણ સ્વપ્ન અને કલ્પનાનું અદ્વૈત અનુભવાય છે. કલ્પનાને ઉદ્દેશી કવિ કહે છે:

વિદાય પ્રિય કલ્પના, અવ વિદાય દેવી, સખી !

અહીં નવી જ ભાવગતિ અનુભવાય છે. કવિ હવે કલ્પનાની (એટલે કે સ્વપ્નની) વિદાય લેવા માગે છે. પ્રશ્ન થશે– શા માટે? હવે કવિ માનવહૃદયને પામવા ઇચ્છે છે. પાંપણને પલકારે કવિએ જે સોણલું દીઠું હતું તેને હવે તેઓ અંતરને અણસારે પ્રગટાવવા માગે છે. કલ્પનાના સૌન્દર્યનો માનવ સત્યરૂપે સાક્ષાત્કાર કરવાની મનીષાથી કવિ સ્વેચ્છાએ અંગત ઊર્મિજગતને બાજુ પર હડસેલી 'મનવ્યથા' સહેવાનો સંકલ્પ કરે છે.

વિદાય, પ્રિય જા ! તને મન કથાય કહેવી નહીં,
હવે ગહન મૌનમાં મનવ્યથા ય સ્હેવી રહી !

પ્રહ્લાદના કાવ્યમાં જે ઔદાર્ય, ખુમારી, ઉદાત્તતા



વ્યક્ત થયાં છે તે સહેજ જુદા સંદર્ભમાં પણ એવી જ ઉત્કટતાથી અહીં વ્યક્ત થયાં છે. નિરંજન પણ મનવ્યથાને ચુપચાપ સહન કરવામાં માને છે. તેમની કવિતામાં આ મનવ્યથાના વ્યક્તિ પ્રીતિ અને જનપ્રીતિના સંદર્ભમાં જુદા જુદા પહેલુ જોઈ શકાય છે. નિરંજનના પ્રેમાનુભવના અનેક આયામો છે. સ્વપ્નિલ મુગ્ધ કવિ પ્રેમના પ્રથમ સ્પર્શથી 'અકારણે' ગાઈ ઊઠે છે. કવિ કહે છે કે અળવીતરું મન વણજોયાને વહાલ કરે છે ને પોતાના છે તેને ચાહતું નથી. ગીતનાં ભાવ અને ભાષા પર રવીન્દ્રનાથની અસર જોઈ શકાય છે. કવિ ભલે કહેતા કે 'અકારણે' મારું મન ઘેલું થાય; કવિના ચિત્તને ચકડોળે ચડાવનાર તો છે પ્રિયાની નૈનના બે 'ધ્રુવતારા', જેને કવિએ જોયા છે ત્યારથી તેમને સૌ રૂપ ન્યારાં લાગી રહ્યાં છે. એકવાર દૃષ્ટોદૃષ્ટ મળ્યા પછી ધીમે ધીમે 'પરિચય' થાય છે અને પછી પરિચય વિનાનું વદન પરિચિત બની જાય છે. પરિચય થઈ ગયા પછી તો પ્રેમીઓનું હળવા-મળવાનું થવાનું જ અને પ્રિયતમને મળવા જતી પ્રેમિકા સાજ સજ્જા તો કરવાની જ. પ્રિયાની સજ્જા જોઈ પુલકિત થયેલો પ્રેમી બોલી ઊઠે છે :

રે શી સજ્જા ! પ્રિય શિર પરે
સિંદૂરે રમ્ય રેખા
ને અંબોડે અલકલટમાં પુષ્પવેણીય ઝૂલે...

પ્રિયાની સજ્જાનું આ વિગતપ્રચુર વર્ણન નિરંજનની પ્રેમકવિતાને નક્કરતા પ્રદાન કરે છે. કવિની પ્રિયા કેવળ ભાવનાની પૂતળી નથી, પણ હાડમાંસની રક્તધબકતી માનવ-સ્ત્રી છે એની પ્રતીતિ આવાં વર્ણનો કરાવે છે. પ્રિયાની રૂપલીલાનું સુરેખ વર્ણન કર્યા પછી કવિ કહે છે કે આ પ્રેમની પૂર્ણ સજ્જા પણ અધૂરી ગણાય, જો પ્રિયાના મુખ પર સહેજ લજ્જા ન હોય, એટલે કે બાહ્ય સૌંદર્યની સાથે લજ્જાનો ભાવ પુરુષને આકર્ષવા જરૂરી છે. લજ્જામિશ્રિત સજ્જાયુક્ત પ્રિયા એકાંતમાં આવી મળે પછી માત્ર વાતો કરીને થોડા છૂટા પડાય? યૌવનના ઉન્માદમાં મત્ત પ્રેમી 'સુધામય વારુણી'ની સુધા પીધા વિના રહે ખરો? મત્ત પાગલ મેહુલા જેવું ઝૂમી તે એક ચૂમી ભરે છે, જાણે સ્વર્ગની સુધા પીએ છે!

નિરંજનના પ્રેમાનુભવના અનેક આયામો છે. સ્વપ્નિલ મુગ્ધ કવિ પ્રેમના પ્રથમ સ્પર્શથી 'અકારણે' ગાઈ ઊઠે છે. કવિ કહે છે કે અળવીતરું મન વણજોયાને વહાલ કરે છે ને પોતાના છે તેને ચાહતું નથી.

રાજેન્દ્રના 'શ્રુતિ' સંગ્રહનું 'ભાલ ઉપરની' કાવ્ય અહીં યાદ આવે છે. અલબત્ત નિરંજનનું કાવ્ય પહેલાં (૧૯૪૭માં) લખાયું છે અને રાજેન્દ્રનું તે પછી છ વર્ષે. છતાં ભાવની દૃષ્ટિએ નિરંજનનું કાવ્ય વધારે આધુનિક લાગે છે. રાજેન્દ્રમાં ચુંબન આવે છે પણ એ મહદંશે ભાવનાત્મક હોય છે. નિરંજનનું ચુંબન વધારે વાસ્તવિક, યથાર્થ છે. સમગ્ર ગુજરાતી પ્રેમકવિતાના સંદર્ભમાં પણ આપણે કહી શકવાની સ્થિતિમાં છીએ કે સાચા અર્થમાં માનવીય પ્રેમની, પાર્થિવ પ્રેમની કવિતા પહેલવહેલી નિરંજન પાસેથી મળે છે. અગાઉના કવિઓએ મુખ્યત્વે તો પ્રેમની ભાવનાની કવિતા કરી છે, પ્રેમની નહીં. ઉમાશંકર, સુન્દરમ્, રાજેન્દ્ર વગેરેમાં પ્રેમનું આદર્શીભૂત સ્વરૂપ પ્રાપ્ત થાય છે. ગુજરાતી કવિતામાં પ્રથમ વાર નિરંજન હાડોહાડ અનુભવેલા પ્રેમની કવિતા લઈ આવે છે. આ સંદર્ભમાં 'મૃત્તિકા' કાવ્ય અવલોકનીય છે.

શીર્ષક 'મૃત્તિકા' છે અને કાવ્યમાં કવિએ વાત કરી છે બે ફૂલ કૂટવાની. પ્રશ્ન થશે કે કવિ કહેવા શું માગે છે ? કાવ્યનો ધ્વનિ સમજતાંની સાથે જ સ્પષ્ટ થશે કે કવિને માટી કે ફૂલ બેમાંથી એકેયની વાત નથી કરવી. તેમને તો વાત કરવી છે પ્રિયાનાં બે સ્નિગ્ધ કઠોર સ્તનોની. પણ આવી શૃંગારિક વાત અભિધામાં કરે એવા સામાન્ય કવિ નિરંજન નથી. કવિ પોતાની વાત વ્યંજના દ્વારા વ્યક્ત કરે છે. કાવ્યની વ્યંજના દૂરાકૃષ્ટ નથી. પોતાને જે કહેવું છે તે પૂરતી સ્પષ્ટતાથી સમજાય તે માટેના સંકેતો કવિએ સભાનતાપૂર્વક આપ્યા છે જ. પ્રથમ શ્લોકમાં આવતી બીજી પંક્તિ સહેજ ઈંગિત કરે છે. બીજા શ્લોકમાં 'પરાગ શા ચંદનલેપ ઘૂંટ્યાં' પંક્તિ વિશેષ સ્પષ્ટતા કરે છે અને અંતિમ શ્લોક કશી અસ્પષ્ટતા રહેવા દેતો નથી. 'મૃત્તિકા' શબ્દ અહીં વિશેષ અર્થચ્છાયા પ્રગટાવી રહે છે. શબ્દકોશમાં પડેલો આ નિર્જીવ શબ્દ અહીં જીવંત બની ઊઠ્યો છે. આ જ તો છે કવિકૌશલ.

'હે કૃષ્ણા', 'છંદોલય'માં તો 'રાધાની ઉક્તિ' હતું પણ પછી કવિને લાગ્યું હશે કે આ તો કોઈ પણ ઉદાત્ત પ્રેમીની

ઉક્તિ બની શકે તેમ છે, તેથી કદાચ શીર્ષક બદલ્યું હશે. વ્યક્તિની ચિર સુંદરની ઝંખના, તૃષ્ણા પ્રેમીજનના દર્શનથી જ તૃપ્ત થાય છે, એ આ કાવ્યનો ભાવ છે. પ્રેમીજનો પ્રારંભમાં તો પરસ્પરના દર્શનથી તૃપ્તિ અનુભવે છે, પણ પછી પ્રેમચેષ્ટાઓ વધતી જાય છે. સ્પર્શ, ચુંબન, આલિંગન એક એક ક્રિયાનું મુગ્ધ પ્રેમીઓ માટે કેવું મૂલ્ય છે તે તો અનુભવ કર્યો હોય તે જ જાણી શકે. 'મૌન'માં પ્રિયાના જે મૌનની વાત છે એ વસંતના સ્પર્શથી મુદિત બનેલા પ્રેમીના સ્પર્શની પ્રતિક્રિયારૂપ મૌનની છે જેનું અવર્ણ્ય લાવણ્ય આ પંક્તિઓમાં કંઈક પમાય છે:

તને મેં સ્પર્શી રે જીવનરસની શીય તરસે,
વસંતે મ્હોરેલા મુદિત મનના મુગ્ધ પરશે !
અરે, ત્યાં તો તારું મુખ શરમથી તેં નત કર્યું,
ન કીધા શૃંગારો, ગીત પણ નહીં મૌન જ ધર્યું.

ત્રીજી પંક્તિમાં 'શરમથી' એમ ન લખ્યું હોત તોપણ ચાલત. મુખ નત કરવાની ક્રિયા દ્વારા જ શરમનો ભાવ સૂચવાઈ જાય છે. 'કુમારસંભવમ્'માં કાલિદાસે કમળપત્રો ગણવાની પાર્વતીની ક્રિયા દ્વારા તેનો લજ્જાનો ભાવ વ્યંજિત કર્યો છે જ. પ્રિયાના મધુરતમ મૌનમાં શું શું વસ્યું છે એ કવિએ નથી કહ્યું તે યોગ્ય જ છે; કારણ કે તેમાં ઘણું બધું વસ્યું છે: આશા, ઉલ્લાસ, ઉમંગ, વ્યથા, વેદના, સ્મિત અને બીજું ઘણું, જેમાં 'અશ્રુ' પણ આવી જાય. એ મૌનમાંથી માત્ર સ્મિત પામવાની ઇચ્છા ફળીભૂત ન થાય. કવિ પ્રિયા પાસે યાચે છે તો અધરસ્મિત, પણ પ્રિયા દાન કરે છે અશ્રુનું. એ અશ્રુનું બિન્દુ સામાન્ય બિન્દુ નથી. કવિ વિસ્મિત થઈ પૂછે છે:

રે તારું એ અરવ સરતું અશ્રુનું એક બિન્દુ
જાણે સપ્ત સ્વરે શું છલછલ પ્રણયોન્માદનો મત્ત સિન્ધુ !?

'સુધામય વારુણી'માં બિન્દુની 'ઘોર વડવાનલ જલ્યો સિન્ધુ' સાથે સરખામણી થઈ છે. કવિ જે કોઈ ભાવ અનુભવે છે તે એટલો બધો તીવ્રતાથી અનુભવે છે કે એની અભિવ્યક્તિ માટે તેમને અતિશયોક્તિનો કે શ્રેષ્ઠતાવાચકનો સહારો લેવો પડે છે. કવિએ પ્રિયાને કેવી ઉત્કટ રીતે ચાહી છે એ 'તને ચ્હાતાં ચ્હાતાં' કાવ્યમાં સુપેરે પ્રગટ કર્યું છે. આ પ્રેમાનુભવના મધુર ભાવો 'કિન્નરી'નાં ગીતોમાં સુંદર રીતે ઝિલાયાં છે. પ્રેમનો સ્પર્શ થતાં કવિનાં 'ઉરનાં દ્વાર' ઊઘડી જાય છે, પણ પછી ગમ્મત એ થાય છે કે અંદર માનવનો મેળો ભરાય છે અને ખુદ કવિ બહાર રહી જાય છે. અંદર રસની ધાર વહે છે અને પોતે બહાર ખાલી ખોખું ઊભા રહે છે. કવિ આખરે પોતાના હૈયાને પૂછે છે:

હળવે પૂછું હૈયા, તારો હું જ ન પામું પાર ?

જો પોતાના હૈયાનો, મનનો તાગ પામી ન શકાતો હોય તો અન્યના મનને તો કેવી રીતે જાણી શકાય ? જાણી ન શકાય, પણ માણી શકાય. કારણ કે પ્રેમ લાખ પ્રયત્ન છતાં છુપાવી શકાતો નથી. 'મન ભલે ના જાણું'નો નાયક તેથી તો ખાતરીપૂર્વક કહી શકે છે :

એટલું તો હું તોય જાણું
કે પ્રેમનું છે આ ટાણું !
તારું મન ભલે ના જાણું !

પ્રિયાના મનને જાણો કે ન જાણો, એને ઈજન આપશો તો તે આવ્યા વિના નહિ રહે. ઘરમાં રહેવાની વ્યવસ્થા નહીં કરી આપો તો 'મનમાં' આવી સૂરનો સેતુ બાંધીને રહેશે. મનમાં આવીને કોઈ રહે પછી એને મળ્યા વિના ચાલે જ નહીં. પોતાના મનને ગમે તેટલું સમજાવો પણ કવિ કહે છે કે 'કોઈ બ્હાને હવે મારું મન નહીં માને !'

કવિએ પ્રિયાને કેવી ઉત્કટ રીતે ચાહી છે એ 'તને ચ્હાતાં ચ્હાતાં' કાવ્યમાં સુપેરે પ્રગટ કર્યું છે. આ પ્રેમાનુભવના મધુર ભાવો 'કિન્નરી'નાં ગીતોમાં સુંદર રીતે ઝિલાયાં છે.

મિલનાતુર મન કવિને ખેંચી જાય છે 'કૂવાને કાંઠે' પ્રિયાને જોવા. આછેરી રાતી ઓઢણી ઓઢી પ્રિયની લગનીમાં લાવણી ગાતી, મેંદીની મીઠી મ્હેક પ્રસરાવતી પ્રિયાને કવિએ કૂવાને કાંઠે દીઠી. એના ફાટફાટ થતા રૂપને વર્ણવતાં કવિ કહે છે:

કીકીએ કામણનું કાજળ આંજી,
એની પાંપણ ઢળે છે લાજી લાજી,
એના મુખની મરકથી
પૂનમની રાત થાય રાજી !

છેલ્લી પંક્તિનો સજીવારોપણ પ્રિયાના રૂપાતિશયને વ્યક્ત કરી રહે છે. આવી રૂપયૌવના હોવા છતાં તે છે લજામણી. રૂપને તે અવગુંઠનમાં રાખે છે. તેના રૂપ પર

મોહી પડેલો તેનો પ્રિયતમ પ્રિયાને માત્ર ઘૂમટો હટાવવા જ નથી વીનવતો, પોતાના સમદર સરખા ઉર સંગાથે ખેલવા અને મોજાંની સહેલ માણવા પણ આમંત્રે છે. પ્રિયનું આમંત્રણ સ્વીકારી પદમણી ઉત્સાહભેર નીકળી પડે છે ત્યારે તેની દમામભરી ગતિ જોઈ તેનો પ્રિયતમ જ તેને 'હળવેથી પગલું મેલ' એમ કહે છે. પણ 'ઘડૂલિયો' લઈ જમુનાજીના કાંઠે નીકળી પડેલી ઘેલી ક્યાં કોઈની સલાહ સાંભળવા નવરી છે? જેને ઘેલી કહી એ તો પોતાને જ ઘેલો કરી ગઈ! માત્ર પોતે જ નહીં, પવન પણ ઘેલો બનીને પ્રિયાની આસપાસ ઘૂમે છે અને તેના ગવનને પોતાની લહેરમાં લહેરાવે છે. ગોરીનું તો ગવન લહેરાય છે, પણ પોતાનું ? નાયક કબૂલાત કરે છે:

'આખુંયે અંગ તારું અદકું હેરાય છે,
મારી આંખોનું અજવાળું એમાં ઘેરાય છે,
ચંદા ને સૂરજનું નૂર જે વેરાય છે,
એમાં અંજાય મારા મનનું ભવન !'

પ્રેમની પ્રક્રિયાની કેવી અદ્ભુત છે આ અભિવ્યક્તિ! વર્ણાનુપ્રાસ, અંત્યાનુપ્રાસ, રૂપક કેટકેટલા અલંકારોથી કવિએ સજાવ્યું છે પ્રેમનું આ નમણું રૂપ ! કવિ માટે તો સ્નેહ શું, સ્નેહની 'સ્મૃતિ' પણ આયુષ્યનાં એકાંતોની અલંકૃતિ છે. સ્નેહની 'સ્મૃતિ'નું કવિ માટે આટલું બધું મૂલ્ય છે તો પ્રિયાના નામનું તો કેટલું બધું હોય તે કલ્પી શકાશે. પ્રિયાના નામને નિરંતર અંતરમાં ધારણ કરીને કવિ કહે છે કે હવે સ્વર્ગમાં પણ નહીં જાઉં, સામ પણ નહીં ગાઉં, કારણ કે પ્રિયાના નામના તાલથી તરંગિત થઈ સ્વર્ગંગાનાં પાણી ડોલે છે અને એને સ્વરે વેદ ઋચાની વાણી પણ પડઘાતી બોલે છે. તેથી કવિ કહે છે કે મારે હવે એક અક્ષરનું કામ નથી. પ્રિયાને ઉદ્દેશી કવિ આટલું જ કહે છે:

દૂર થકી તું દૂર હશે વા પાસ થકીયે પાસે,
પણ એનું બસ રટણ થશે મુજ અંતિમ શ્વાસોચ્છ્વાસે!
એ અમૃત પર મૃત્યુ મ્હોશે, રાધા શું ઘનશ્યામ !

માનવપ્રેમનું કદાચ આ ઉચ્ચતમ, ઉદાત્ત ગાન હશે. પ્રેમને કવિ અમૃત કહે છે. ઉમાશંકરે પણ તેમના પ્રસિદ્ધ સૉનેટ 'રહ્યાં વર્ષો તેમાં'માં પ્રેમને જ અવનિનું અમૃત કહ્યું છે. છેલ્લી પંક્તિનું દૃષ્ટાંત પ્રેમને આપાર્થિવ ભૂમિકા પર પહોંચાડી દે છે.

મહાભારતના પુરાકલ્પન પર આધારિત 'વસંતવિજય' ખંડકાવ્યમાં કાન્ત જે પ્રસંગ અપૂર્વ કલાત્મકતાથી વિસ્તારપૂર્વક વર્ણવે છે તે પ્રસંગ નિરંજન 'પાંડુનો પ્રણય'માં લાઘવમાં વર્ણવે છે. પ્રારંભનું ઉદ્દીપન વિભાવ તરીકેનું પ્રકૃતિનું જીવંત વર્ણન કવિની વર્ણનશક્તિના સુભગ નિદર્શનરૂપ છે. પ્રકૃતિના માદક વાતાવરણમાં વહેલી સવારે પ્રિયનેત્રની ઝલકમાં મૂક ઈંગિતનું ઈજન વાંચીને પાંડુ પ્રિયાને ગાઢ આશ્લેષમાં લે છે, પરંતુ જે અવશ્યંભાવી હતું, અપરિહાર્ય હતું તે મૃત્યુ આવીને ઊભું રહ્યું ! બંને જાણતાં હતાં. તેથી પ્રિય વિદાયનું વચન ઉચ્ચારે તે પહેલાં જ તેને વારતાં પ્રિયા બોલી ઊઠે છે :

નહીં પ્રિય ! નહીં નહીં !
વિદાયનું વચન તું રખે પ્રિય, જાય કહી !

પ્રથમ પંક્તિ દ્વારા 'વસંતવિજય'ની પ્રથમ પંક્તિ 'નહીં નાથ, નહીં નાથ'નું સ્મરણ જાગૃત કરી આખો ભાવસંદર્ભ કવિ કુશળતાથી સૂચવી શક્યા છે. પાંડુની પ્રણય ખાતરની ફનાગીરી જોઈ તેની સાથે એકરૂપતા અનુભવતો કવિ એવી જ ખુમારીથી મૃત્યુને સંભળાવે છે:

હે મૃત્યુ, મારી પ્રેયસીના વેષમાં તું આવ,
તો ધારું તનેયે એ જ આ આશ્લેષમાં !

પ્રેયસીની ખાતર મૃત્યુને પણ અપનાવવાની તૈયારી દાખવી. બદલામાં શું મળ્યું ? અને સ્મિત સુધ્ધાં નહીં. 'એક સ્મિત'માં આ ભાવ બળકટ રીતે વ્યક્ત થયો છે.

ઝંખના હતી આખી સ્નેહસૃષ્ટિ સર્જવાની, પણ સ્નેહભરી એક દૃષ્ટિ સુધ્ધાં ન મળી. જેટલી મોટી અભિલાષા હતી તેટલો મોટો વિષાદ આવી પડ્યો. આ વિષાદનું રૂપાંતર થાય છે વ્યંગ કટાક્ષમાં. પોતાની જીવનસૃષ્ટિને ઉજ્જડ કરી મૂકનાર પ્રીત પ્રત્યેનો કાતિલ ઠંડો રોષ કવિ સબળ રીતે પ્રગટ કરે છે: 'રે પ્રીત'માં. જે પ્રીતને કવિએ વસંત માની સ્પર્શ કર્યો તેણે પાનખરની ઝાળ બની તેમને દઝાડ્યા. એક પછી એક શ્લોકમાં તીવ્રતર, તીક્ષ્ણતર બનતો કવિનો રોષ છેલ્લી પંક્તિઓમાં નાટ્યાત્મક આરોહ અવરોહના સૂરમાં ભર્તૃહરિના ફલને મિષે સનાતન પ્રણયવંચનાનો સંકેત કરી ભભૂકી ઊઠ્યો છે. બીજી પંક્તિમાં ભર્તૃહરિના ''ધિક્તામ્ ચ મદનં ચ ઈમાં ચ માં 'ચ'નો પ્રતિઘોષ સાંભળી શકાય છે. પ્રણયવંચનાથી નિર્ભ્રાંત બનેલો નાયક પ્રિયાને હવે સામે ચાલીને સંભળાવે છે: 'હવે આ હૈયાને હરખ નથી કે હેત કરજે.'

સાવ સરળ સહજ લાગતા આ વિધાન પાછળ કેટકેટલી વેદનાની પીઠિકા પડી છે ! હૃદયના અતલ ઊંડાણમાંથી આવેલો આ ઉદ્‌ગાર છે. તેથી અલંકારોનો કે ભારેખમ શબ્દોનો ઠઠારો થયો નથી. હવે પોતાનું હૈયું એવું શુષ્ક કઠોર બની ગયું છે કે આ પ્રેમી જણાવે છે કે તે ધિક્કારોની પ્રબળતમ ઝંઝા પણ સહી શકશે, એટલું જ નહીં તો એ ધિક્કારમાં જ પ્રણયતૃપ્તિ અનુભવશે. પોતાનું હૈયું ચિર અચલતાની સાથે રમે છે, તેથી પ્રિયાનાં ક્ષણિક શમણાંઓની તેને હવે તમા નથી. તેથી ખુમારીપૂર્વક તે કહે છે:

મને ચાંચલ્યોની તરલ રમણામાં રસ નથી,
પછી છાયા જેવી તવ પ્રણય માયા ક્યમ ગમે ?

પ્રથમ પંક્તિનો ભાવ બીજી પંક્તિની સમુચિત ઉપમા અને પછીની પંક્તિઓનાં ભાવાનુરૂપ કલ્પનોથી સબળ બને છે.

પ્રેમનાં કાલ્પનિક અને વાસ્તવિક રૂપો વચ્ચેના અંતરને અનુભવ્યા પછી પમાય છે પ્રેમનું, જીવનનું દર્શન. કયું છે એ દર્શન? જીવનમાં વેદનાનો સહજ સ્વીકાર. એ છે કવિને લાધેલું દર્શન. 'ઘડીક સંગ' કાવ્યમાં એ દર્શન અત્યંત સાહજિક રીતે વ્યક્ત થયું છે. 'રે ભાઈ' સંબોધનમાં આત્મીયતાનો રણકો છે, તો ક્રૂર વાસ્તવજનિત વેદનાનો અણસારો પણ છે; પરંતુ મુખ્ય તો છે સમાધાનનો, સ્વીકારનો ભાવ. 'ઘડીક સંગ' એમ કહીને કવિએ મિલનની ક્ષણજીવિતાનું સૂચન કર્યું છે. 'મિલનમેળા' થાય ન થાય ત્યાં તો આવી પહોંચે છે 'વિદાયવેળા'. પણ એ તો અનિવાર્ય છે. તેથી તેનો શોક કરવાનું રહેવા દઈ જેટલું માણવા મળે તેટલું પૂરેપૂરું માણી લેવા કવિ કહે છે.

પ્રેમનાં કાલ્પનિક અને વાસ્તવિક રૂપો વચ્ચેના અંતરને અનુભવ્યા પછી પમાય છે પ્રેમનું, જીવનનું દર્શન. કયું છે એ દર્શન? જીવનમાં વેદનાનો સહજ સ્વીકાર. એ છે કવિને લાધેલું દર્શન.

અહીં સ્ત્રી-પુરુષ વચ્ચેના જ નહીં, પણ માનવી માનવી વચ્ચેના પ્રેમની વાત છે. કવિની પ્રેમની ક્ષિતિજો હવે વિસ્તરી છે. એક વ્યક્તિમાં નિબદ્ધિત પ્રેમ હવે 'ધરતીની પ્રીત'માં પરિણમ્યો છે. હવે કવિની મનમોરલી 'ધરતીની ધૂળનાં ગીત' છેડે છે; ફૂલ કે સ્મિતને જ નહીં, કંટક અને આંસુને પણ આવકારે છે. નિર્ભ્રાન્ત બનેલા કવિ કહે છે કે મારે સૂરગંગાના નીરમાં ન્હાવુંયે નથી અને સુધા પણ નથી પીવી. હવે તો કવિ જગજમુનાના તીરે ઝૂરી ઝૂરી મૃત્યુમાં જીવી જવા ઝંખે છે. દયારામ અને રવીન્દ્રનાથને આત્મસાત્ કરીને કવિ કહે છે :

વૈકુંઠ મેલીને વ્રજમાં મોહ્યો તે નથી ભૂલ્યો હું ભીંત રે !
મને તો ધરતીની પ્રીત રે !

મુગ્ધ પ્રેમના પ્રથમ અંકુરો, પ્રિયજનોનું મિલન, સ્પર્શ, ચુંબન, વિદાય, વિરહ-વ્યથા, મિલનની ઝંખના, પ્રણયવંચના, ભ્રમનિરસન, એકલતા, વૈયક્તિક પ્રેમનું માનવપ્રેમમાં, ધરતીના પ્રેમમાં ઊર્ધ્વીકરણ– પ્રેમની યાત્રાનું આખું વર્તુળ પ્રારંભના બે સંગ્રહો– 'છંદોલય'-'કિન્નરી'માં પૂરું થાય છે. 'છંદોલય'ના અંતિમ કાવ્ય 'સંસ્મૃતિ'થી વળાંક લેતી કવિતાનું નવું રૂપ પ્રગટે છે 'અલ્પવિરામ'માં, જેનું ઉન્નત શિખર જોવા મળે છે 'પ્રવાલદ્વીપ'માં. 'ઉ૩ કાવ્યો'નું તો ભાવવિશ્વ જ અલગ છે. તેમ છતાં આ પરવર્તી સંગ્રહોમાં પણ પ્રેમવિષયક થોડાંક છૂટાં-છવાયાં કાવ્યો મળે છે, જેમાં મુખ્યત્વે તો આપણે જોઈ ગયા તે ભાવો જ સહેજ જુદી જુદી ભંગિ સાથે અભિવ્યક્ત થયા છે. 'અલ્પવિરામ'માં 'પ્રેમનું ગીત' મળે છે જે ખરેખર ગીત નથી ! તેમાં કવિ જાહેર કરે છે કે 'હું પ્રેમનું ગીત હવે રચીશ.' હવે રચાનારા આ વિશિષ્ટ પ્રેમગીતમાં, કવિ કહે છે કે અલ્પવિરામ કે પૂર્ણવિરામ નહીં મૂકું; ક્યાંક ક્યાંક પ્રાસ પણ ચૂકી જઈશ ને છંદમાં પણ શિથિલતા આવે તો વાંધો નહીં. પ્રશ્ન થાય કે છંદ, લય, પ્રાસને ચુસ્તતાથી આરાધનાર હવે આમ કેમ કહે છે? વધુ પડતો ઊંચો આદર્શ જ નિષ્ફળતાને નોતરે છે એવા અનુભવ પરથી હવે કવિ પ્રેમની બાબતમાં બહુ ઊંચો આદર્શ સેવવાનું માંડી વાળે છે. ગીતના સંદર્ભમાં જ પ્રેમનું મૂલ્યાંકન 'એક ઘડી'માં પણ છે. પોતે જેને પામી શક્યા નથી એ પરિપૂર્ણ પ્રણય શું છે તે હવે કવિ સમજી શક્યા છે:

પરિપૂર્ણ પ્રણયની એક ઘડી,
જાણે મધુર ગીતની ધ્રુપદ કડી.


મધુર ગીતની ધ્રુપદ કડી અણજાણે, અનાયાસ જડી જાય તેના સૌ પ્રાસ સહજ સરલ હોય; પરિપૂર્ણ પ્રણયનું પણ

તેવું જ છે. તેમાં પ્રેમીઓનાં અંતરમાં 'તુંહી તુંહી' નો જ ભાવ હોય છે. આવો પ્રેમ તો ઉત્તમ ગીતના અંતરાની જેમ આવી ચડે ત્યારે ખરો. તે પ્રયત્નથી પરાણે પ્રાપ્ત ન થાય.

'માનુનીને', 'મિલનોન્મુખીને', 'તને જોઈને' તથા 'નથી નીરખવી ફરી'- આ ચાર સૉનેટો ગહન, ગંભીર સૂરમાં પ્રણયના ભિન્ન ભિન્ન પહેલુઓ પ્રગટ કરે છે. પહેલાં બે સૉનેટો બિનંગત છે, છેલ્લાં બે અંગત, એમ ઉપલક દૃષ્ટિએ કહી શકાય. જોકે કાવ્યમર્મજ્ઞો જાણતા જ હોય છે કે કવિતામાં કશું પૂરેપૂરું અંગત નથી હોતું, કશું સંપૂર્ણપણે બિનંગત નથી હોતું. 'માનુનીને' કાવ્યમાં સંબોધાયેલ માનુની જગતની કોઈ પણ (એટલે કે હરેક) માનુની હોઈ શકે. કવિ માનુની સ્ત્રીને તેના પગ પાસે પડેલ પાષાણ બતાવી કહે છે કે આ રુક્ષ, કઠોર લાગતો પાષાણ કાલાંતરે, ઉત્ક્રાંતિના ક્રમમાં કોઈ કાળે મૃદુ મંજરી થઈ પ્રફુલ્લશે, કારણ કે પથ્થરમાં પણ પ્રાણ છે. માટે, માનુનીને ચેતવતાં કવિ કહે છે:

સંભાળ, જાણે અથવા અજાણે
એને જરી ચરણ રે તવ જો,
અડે ના,
ને ભૂતકાળ નિજનો સ્મરણ ચડે ના !

આ પંક્તિમાં તીક્ષ્ણ, ધારદાર, કાતિલ વ્યંગ-કટાક્ષ કવિ ઠંડી હળવાશથી કરી શક્યા છે. આ વ્યંગ પામી શકાય તો પાષાણ એ શાનું પ્રતીક છે એ સમજતાં વાર નહીં લાગે. બીજા સૉનેટ 'મિલનોન્મુખીને'ના આરંભમાં મૂકેલું મિલનોન્મુખી મુગ્ધાનું ચિત્ર ચિત્તમાં રમ્યા કરે તેવું મધુર છે. જેનું હૃદયપાત્ર પ્રીતિથી પૂર્ણ છે અને જેને પ્રણયમાં



અપાર વિશ્વાસ છે એવી, મૃદુ હાસ વેરતી પરંતુ પ્રણયની જુદી રીતથી અણજાણ આ મુગ્ધાને અનુભવી કવિ કહે છે:

લહ્યો પ્રણયથી કદાપિ પરિતોષ પ્રેમીજને?

માટે તો જ્યાં સુધી પ્રિયનું આગમન થયું નથી ત્યાં સુધીમાં માનપૂર્વક મુખ ફેરવી નયન વારી લેવાની તેઓ સલાહ આપે છે.

પ્રેમવિષયક આ ચાર સૉનેટોમાં એના સ્વરૂપને અનુરૂપ ગંભીર ભાવો છે તો 'પાર ન પામું', 'પ્રેમની લિપિ', 'ફાગણ કેરું ફૂમતું' તથા 'વાંકું મ જોશો' એ ચાર ગીતોના ભાવ તરલ મધુર છે. 'ફાગણ કેરું ફૂમતું'માં નાયિકાની ઉક્તિ છે તો 'વાંકું મ જોશો'માં નાયક-નાયિકા વચ્ચેનો સંવાદ છે. પ્રથમ રચનામાં પોતાના પ્રિયતમ પાતળિયાની પાસે 'ફાગણ કેરું ફૂમતું' જોઈ ઘેલીનું ઉર ત્યાં ઘૂમે છે. પ્રિયતમને ઉપાલંભ આપી તે ઘૂંઘટ ત્યાગે છે, હવે પાતળિયાની નજર હાથમાં રહે ખરી? આ ગીતોના પ્રણયના મુગ્ધ મનોહર ભાવો અને ચબરાકિયા સંવાદ 'કિન્નરી'નાં રાધાકૃષ્ણ વિષયક ગીતોનું સ્મરણ કરાવે છે. 'એટલો રહેજે દૂર'ના ઉઘાડની પંક્તિઓ–

સાંભળું તારો સૂર
સાંવરિયા એટલો રહેજે દૂર !

પ્રહ્લાદ પારેખના 'અંધ' કાવ્યની યાદ અપાવે છે. પ્રેમતત્ત્વનો તાગ મેળવવો મુશ્કેલ છે. તેથી તો પ્રેમના અનુભવમાંથી પસાર થયા પછી પણ કવિને કહેવું પડે છે, 'તારો પાર ન પામું પ્રીત.' અલબત્ત પ્રેમીજનો પોતાના પ્રિયપાત્રને પ્રેમની વાત સમજાવવા ઘણા ઉત્સુક હોય છે. તેથી તો ચીપીચીપીને 'પ્રેમની લિપિ' લખતાં હોય છે. આ 'પ્રેમની લિપિ' સાથે 'અલ્પવિરામ'નાં પ્રેમકાવ્યો પૂરાં થાય છે. 'છંદોલય'ની ૧૯૫૭ની આવૃત્તિમાં અને 'પ્રવાલદ્વીપ'માં પ્રેમકાવ્યો નથી, તેથી હવે '૩૩ કાવ્યો'માં સંગ્રહિત થોડીક પ્રેમવિષયક રચનાઓ અવલોકી લઈએ. આ સંગ્રહમાં મુખ્યત્વે માનવ-માનવ વચ્ચેના પ્રેમની કવિતા છે. સ્ત્રી-પુરુષ વચ્ચેના પ્રેમની વાત 'પૂર્ણાંશ' તથા 'પુનશ્ચ' એ બે મુક્તકોમાં આવે છે, પરંતુ આવો વૈયક્તિક પ્રેમ પણ સમાજની ઉપેક્ષા કરનાર હોય તો તે કવિને પસંદ નથી. એવા પ્રેમની રટણા કરનાર પ્રેમીજનને તો વ્યંગપૂર્ણ બાનીમાં કવિ સંભળાવે છે : 'પ્રેમ! પ્રેમ! શું ધૂણો!

પ્રેમ પ્રેમ ધૂણનારાં ઘણીવાર તો પોતે ખરેખર પ્રેમ કરે

છે કે નહીં એ પણ જાણતા નથી હોતાં. 'સંવાદ'માં આવાં પ્રેમીઓનો વિસંવાદ કવિએ કુશળતાપૂર્વક છતો કર્યો છે. દંભી પ્રેમીઓ ખરેખર સંવાદ નહીં પણ આત્મસંભાષણ કરતાં હોય છે. સંવાદ સાધવા માટે પહેલાં તો બંનેએ હાથ મેળવવા પડે, ખાલી હાથ નહીં, ઉષ્મા અને થડકાથી ભરેલા હાથ મળે તો એના વડે પરસ્પરના હૃદયનો ભાવ ભળી શકે. એમ થઈ શકે તો મૃત્યુ પર પણ વિજય મળી શકે. સંગ્રહની પહેલી અને છેલ્લી રચના આ ભાવને વ્યક્ત કરે છે. પ્રથમ રચના 'હાથ મેળવીએ'માં કોઈ અણજાણ વ્યક્તિ સાથે હાથ મેળવવાની અભિલાષા પ્રગટ થઈ છે. હાથ મળ્યા પછી પોતાનો હાથ કેવો બન્યો છે તે છેલ્લી રચના 'આ હાથ'માં કવિએ દર્શાવ્યું છે.

સાચો નિર્વ્યાજ પ્રેમ મૃત્યુને પણ અતિક્રમી જાય છે એવી શ્રદ્ધા અહીં પ્રગટ થઈ છે. આવો પ્રેમ પામવો એ જીવનની સાચી ધન્યતા છે. એવી વ્યક્તિ માટે પછી સ્વર્ગનું સુખ પામવા અન્યત્ર જવાની જરૂર નથી. 'વિદાયવેળા'માં કવિ આવો ભાવ વ્યક્ત કરે છે. પ્રેમની ધન્યતા જેણે જીવનમાં અનુભવી છે એને વિદાયવેળા કોઈ વ્યથા ન થાય એ સ્વાભાવિક છે. આવી ધન્યતા હર કોઈ પામી શકે, જો માથા પર ઊંચકેલો નિરર્થક બોજ ફગાવી દઈ હળવાશથી કહી શકે, અનુભવી શકે :

'હું તો બસ ફરવા આવ્યો છું !'

ગહન-ગંભીર વાત પણ કવિ સહજ રીતે, સાદી-સીધી સરળ બાનીમાં કહી શક્યા એનું કારણ એ જ છે કે તેમણે આ ભાવ આત્મસાત્ કર્યો છે. છેલ્લી પંક્તિમાં, 'મૈત્રી સપ્તપદી પ્રોક્તા'નો વેદકાલીન સંદર્ભ પણ અનાયાસ ગૂંથાઈ ગયો છે. આટલું સહજ રીતે જે ચાહી શકે, ગાઈ શકે એ જ પૃથ્વીના કર્ણપટે પ્રેમનું ગીત ધરી શકે. કવિ પોતે એવું ગીત ધરી સંતોષ નથી પામતા, અન્યને પણ પોતાની સાથે ખેંચતા કહે છે :

ચાલ ફરીએ !
માર્ગમાં જે જે મળે તેને હૃદયનું વ્હાલ ધરીએ !

બધાને વ્હાલ કરવું એટલે પોતાના હૃદયને વિસ્તારવું. જે હૃદયને વિસ્તારી શકે તેના માટે સૃષ્ટિ પણ વિસ્તરી શકે.

અહીં પૂરો થાય છે. નિરંજનની પ્રેમકવિતાનો બીજો આયામ. આ પછી તો કવિએ કાવ્યલેખન અટકાવ્યું એટલે બીજો કોઈ નવો આયામ સાંપડવાની શક્યતા ન રહી. પણ 'છંદોલય'ની બૃહદ્ આવૃત્તિમાં ૧૯૫૭ પછીની જે ત્રણ કૃતિઓ સંગ્રહિત થઈ છે તેમાંની ૧૯૬૧માં રચાયેલી 'પ્રિયતમ મારો' તેમની કવિતાનું શાંત, નીતર્યું રૂપ પ્રગટ કરે છે. પ્રભુતા પ્રેમ રૂપે જ જાણી શકાય, માણી શકાય એ ભાવ કંઈક મુખર પણ સૌમ્ય સ્વરૂપમાં અહીં વ્યક્ત થયો છે. પ્રેમનો અનુભવ બૃહદ્ પરિણામમાં કવિએ જાણ્યો, માણ્યો, પ્રમાણ્યો છે એ તેમનાં પ્રેમકાવ્યો પરથી જોઈ શકાય છે.

નિરંજનની પ્રેમકવિતા રાજેન્દ્રની પ્રેમકવિતાથી જુદી પડે છે. રાજેન્દ્રનાં પ્રેમકાવ્યો નિરંજનનાં પ્રેમકાવ્યો કરતાં સંખ્યાની દૃષ્ટિએ વિશેષ હોવા છતાં નિરંજનમાં પ્રેમનો જેવો વિકાસ અને વિસ્તાર છે તેવો અને તેટલો રાજેન્દ્રમાં નથી. રાજેન્દ્રનો પ્રેમ મુખ્યત્વે સ્ત્રી-પુરુષ સંબંધ પૂરતો મર્યાદિત રહ્યો છે. નિરંજનમાં એ પ્રેમ માનવ-માનવ વચ્ચેના પ્રેમ સુધી વિસ્તર્યો છે એ એની વિશેષતા છે. ૧૯૪૩થી ૪૮ સુધીના અર્ધા દાયકાની નિરંજનની પ્રેમકવિતા રોમૅન્ટિક છે. આ કાવ્યોનો નાયક રોમૅન્ટિક પ્રેમીજન છે. એનામાં મુગ્ધતા અને ભાવમયતા છે. એનામાં ઉદ્રેક અને ઉગ્રતા છે, ઉત્સાહ અને ઉન્માદ છે... પછીથી વાસ્તવિકતા અને વસ્તુલક્ષિતાને કારણે પ્રેમના અનુભવમાં ક્રમે ક્રમે એનામાં વિફલતા અને વિકલતા, વિષાદ અને વેદના પ્રગટ થાય છે. આ લક્ષણોથી યુક્ત કવિની પ્રેમકવિતા પ્રેમનાં અનેક સ્થિત્યંતરોનો ખ્યાલ આપી આપણી પ્રેમની સમજને વ્યાપક અને નક્કર બનાવી રહી છે અને ગુજરાતી પ્રેમવિષયક કવિતામાં પોતાની આગવી ઓળખ ઊભી કરે છે.

બં. નં. એ-૨, જીત રેસિડેન્સી,
પાલજ, ગાંધીનગર-૩૮૨૩૫૫
મો. ૯૯૨૫૧૫૯૭૫૧



આખરી શસ્ત્ર

યશવન્ત મહેતા

ભારતના એક સમયના વડાપ્રધાન અટલબિહારી બાજપાઈનો એક કવિતાસંગ્રહ 'મેરી ઈક્યાવન કવિતાએં' ૧૯૯૫માં પ્રગટ થયો હતો. એમાં 'હિરોશિમા કી પીડા' નામની એક કવિતા હતી. કવિતાનો મૂળ પાઠ તો મારી પાસે નથી, પણ એનો અંગ્રેજી અનુવાદ હાથવગો છે, જેનો અંશ આ પ્રમાણે છે:

પરંતુ એ 'આખરી શસ્ત્ર'
ઓગણીસસો પિસ્તાળીસની
છઠ્ઠી ઑગસ્ટની અંધારી રાતે
ઝીંકાયું અને એણે
હિરોશિમા-નાગાસાકીમાં
બે લાખ માનવીનો ભોગ લીધો
અને હજારો હજારોને
જિંદગીભરને માટે અપંગ બનાવ્યાં...

અટલ બિહારી બાજપાઈએ ફેબ્રુઆરી, ૧૯૯૯માં દિલ્હી-લાહોર બસયાત્રા કરીને એક ભવ્ય પ્રારંભ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય ભાઈચારાનું એક ઉજ્જવળ પ્રકરણ શરૂ થયું હતું.

ગત કેટલાંક વર્ષમાં દેશના શસ્ત્ર-ઉત્પાદન તંત્રના વડા તરીકે કામ કરનાર અને પછી દેશના રાષ્ટ્રપતિપદે પ્રેરક કામ કરનાર ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ૧૯૯૮ના મે માસમાં કરવામાં આવેલા ઉપરાછાપરી અણુધડાકાઓના 'પિતા' ગણાયા હતા. એ પણ અટલ બિહારી બાજપાઈની જેમ કવિ હતા અને એમણે પોતાની માતૃભાષા તમિળમાં 'રમઝટ' (અંગ્રેજીમાં 'ટ્યુમુલ્ટ' Tumult) નામે કાવ્યસંગ્રહ પ્રગટ કરેલો. એ સંગ્રહના એક કાવ્યમાં એમણે કાંઈક આવું લખ્યું છે:

અવકાશી ખોજ મેં શા માટે આદરી?
વિજ્ઞાનને વિકસાવવા માટે
કે વિનાશનાં શસ્ત્રો પૂરાં પાડવા માટે?

ઉપર્યુક્ત બંને ઉદાહરણો સૂચવે છે કે ભારતના જનનાયકો જ્યારે કાવ્યાત્મક મૂડમાં હોય ત્યારે બરાબર સમજે છે કે અણુશસ્ત્રો શી બલા છે. સારી પેઠે કલ્પી શકે છે કે જો આ શસ્ત્રોનો ઉપયોગ થાય તો કેટકેટલાં નિર્દોષ માનવીનો મહાસંહાર થાય. મે, ૧૯૯૮ પછી સરહદની બંને બાજુએ ઊહાપોહ થયો હતો. આ બાજુ વિજયોત્સવ જેવો માહોલ હતો. બમ્બઈયા ફિલ્મોની જેમ, 'દે ધનાધન' વાતાવરણ જન્મ્યું હતું. એ પછી બરાબર એક વર્ષ મે-જૂન-જુલાઈમાં કારગિલ ઘટનાઓ બની પછી એ જ 'દે ધનાધન'ની લૉંગ પ્લે રીપ્લે સાંભળવા મળી હતી.

અટલ બિહારી બાજપાઈએ ફેબ્રુઆરી, ૧૯૯૯માં દિલ્હી-લાહોર બસયાત્રા કરીને એક ભવ્ય પ્રારંભ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય ભાઈચારાનું એક ઉજ્જવળ પ્રકરણ શરૂ થયું હતું. જોકે ત્યારેય આપણી આજુબાજુ કેટલાક ખોખરા અવાજ ખોંખાર્યા હતા કે આપણી પાસે જ્યારે અણુશક્તિનું વરદાન છે ત્યારે આવી બસની શી જરૂર છે.

વાસ્તવમાં, મે, ૧૯૯૮માં અને એ પછી ત્રણ-ચાર દાયકા પછી આજે પણ કેટલાક ભોળા નાગરિકોને એ જ ખબર નથી કે અણુશક્તિ અને અણુબૉમ્બ શું કરી શકે! એ આદરણીય નાગરિક મિત્રોએ ક્યાંકથી મેળવીને હિરોશિમા-નાગાસાકીના વિસ્તૃત અહેવાલ વાંચવા જોઈએ. અહીં આગળ એ વિનાશની કેટલીક વિગતો રજૂ કરીએ છીએ. ૧૯૪૫ના ઑગસ્ટમાં છઠ્ઠી અને નવમી તારીખે જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી નગરો પર એક એક અણુબૉમ્બ ઝીંક્યા છતાં તે એક-એક બૉમ્બની કેટલી પ્રચંડ અસરો થઈ એ જોઈને વિશ્વની બહુમતી માનવતા તો અણુશસ્ત્રોનો વિરોધ કરતી થઈ ગઈ છે. જે ભારતમાં જાણીબૂઝીને તો કીડી-મકોડી પર પણ પગ નહિ મૂકવાના મહાન સંસ્કાર છે, એ જ દેશના માનવી અણુશક્તિ નામના રાક્ષસની ભક્તિ ન જ કરે એવી શુભ નિષ્ઠાથી

આ થોડાક શબ્દો લખવા લીધા છે. સાચું તો એ છે કે ગૌતમ અને ગાંધીની, જનક વિદેહી અને મહાત્માની આ ધરતી શસ્ત્રવિરોધી અને યુદ્ધવિરોધી ઝુંબેશમાં દુનિયાભરમાં સૌથી આગળ હોવી જોઈએ.



અણુશસ્ત્રો વ્યાપક નુકસાન અને જીવહત્યા માટેનાં શસ્ત્રો છે. આ શસ્ત્રો માત્ર સૈનિકોને નથી મારતાં. નિર્દોષ નાગરિકોને પણ મારે છે. વાસ્તવમાં, આ શસ્ત્રો નાગરિકોને જ વધારે મારે છે. રાસાયણિક શસ્ત્રો, જૈવિક શસ્ત્રો અને મિસાઈલ જેવાં અસ્ત્રો પણ આવું જ કરે છે; પરંતુ અણુશસ્ત્રોથી થતો વિનાશ આ ઇતર પ્રકારનાં શસ્ત્રો કરતાં અનેકગણો વધારે હોય છે. આ અણુશસ્ત્રો ગત આઠેક દાયકા પછી વપરાયાં નથી; કારણ કે, એમના ૧૯૪૫ના એક જ વારના ઉપયોગે એવી વ્યાપક વિનાશલીલા ખેલી છે કે એણે વિશ્વભરની શાણી માનવતાને તો અણુશસ્ત્ર-વિરોધી બનાવી દીધી છે. સત્ય તો એ છે કે ખુદ અમેરિકાના વિજ્ઞાનીઓએ પણ અમેરિકી સરકારને જણાવ્યું છે કે અણુશક્તિ અમે શોધી છે પણ એનો શસ્ત્રોમાં ઉપયોગ કરવાના અમે વિરોધી છીએ. આ શક્તિનો ઉત્પાદક ઊર્જા તરીકે અને ઔષધીય ઉપયોગ થઈ શકે છે. પરંતુ સદાય પારકે પાદર યુદ્ધ ખેલવાને ટેવાયેલા અમેરિકી સત્તાવાળા વિજ્ઞાનીઓના અનુરોધને ઘોળીને પી ગયા. એમણે છઠ્ઠી અને નવમી ઑગસ્ટ ૧૯૪૫ના દિવસોમાં જાપાનમાં બે નગરો પર અણુબૉમ્બ ઝીંકી જ દીધા.

હિરોશિમા પર ફેંકાયેલો બૉમ્બ કોઈ પ્રયોગો પછી બનાવેલો નહોતો. એમાં વિસ્ફોટક દ્રવ્ય તરીકે ૭૦૦ ગ્રામ પરિષ્કૃત એનરિચ્ડ (Enriched) યુરેનિયમ હતું. એણે સર્જેલા વિસ્ફોટ, અગ્નિ અને અણુવિકિરણ (રેડિયેશન) ને પ્રતાપે નગરનાં ૩,૫૦,૦૦૦ રહેવાસીઓમાંથી ૨,૦૦,૦૦૦ જેટલાં ક્રૂરતમ રીતે મર્યાં હતાં. નાગાસાકી પર ફેંકાયેલા બૉમ્બમાં વિસ્ફોટક દ્રવ્ય પ્લુટોનિયમ હતું. એણે શહેરની એ સમયની ૨,૭૦,૦૦૦ની વસતિમાંથી ૧,૪૦,૦૦૦ના જાન લીધા હતા. હિરોશિમા પર ફેંકાયેલા બૉમ્બનું લાડકું નામ લિટલ બૉય હતું અને નાગાસાકી પર સંહાર વરસાવનારનું નામ ફૅટ મૅન હતું! કોણ કહે છે કે અમેરિકનોમાં સેન્સ ઑફ હ્યુમર નથી !

હિરોશિમા પર ત્રાટકેલા બૉમ્બનું ઊર્જા-ઉત્પાદન ટ્રાઇનાઇટ્રો ટોલ્યુઇન ટીએનટીના ધોરણથી માપતાં ૧૫ કિલો ટન હતું, અને ફૅટમૅન હતો ૨૧ હજાર કિલો ટનનો. એ વાત ખરી છે કે બીજા વિશ્વયુદ્ધનાં ૧૯૩૯થી ૧૯૪૫ સુધીનાં વર્ષો દરમિયાન કુલ છ કરોડ જેટલાં માનવીના જાન ગયા હતા અને એમાંય નાગરિક વસતિનો સમાવેશ થતો હતો. પરંતુ એકીસાથે અત્યંત ક્રૂર રીતે બાળી-પ્રજાળીને આટલાં બધાં નિર્દોષ નાગરિકોની હત્યા પૃથ્વીના ઇતિહાસમાં પહેલી જ વાર કરાઈ હતી. માનવજાત માટે આ ભયંકર નવો અનુભવ હતો. જોકે એ પછી તો અમેરિકાએ વિશ્વની 'લોકશાહી' બચાવવા માટે કોરિયા, વિયેતનામ, અંગોલા, ઇરાક, ઈરાન... કયાં કયા લોકહત્યાઓ કરી. ૨૦૨૬ના વર્ષની શરૂઆતમાં ઈરાનની એક પ્રાથમિક શાળા પરના મિસાઈલ હુમલામાં ૧૫૦ જેટલી કુમળી બાળકીઓને મારી... પણ વાત આપણે અણુશક્તિની કરીએ.

હિરોશિમા અને નાગાસાકી પર ફેંકાયેલો બૉમ્બ ફાટતાં જ પ્રથમ તો એક મોટોમસ અગનગોળો (ફાયર બૉલ) જન્મ્યો હતો, તે વધુ ને વધુ વિસ્તરતો આકાશમાં ચડે છે. ધરતી પર પણ ફેલાય છે. એ વેળા ત્રણ ચાર કિલોમીટર સુધી પણ એ વિસ્ફોટનો તેજસ્વી પ્રકાશ જોનારની આંખો નકામી થઈજાય છે. હિરોશીમા અને નાગાસાકી પર અણુબૉમ્બ રાતે ઝીંકાયા હોવાથી બહુ લોકો આકાશમાં નજર કરી રહ્યા નહોતા.

અણુશસ્ત્રોથી થતા વિસ્ફોટને પરિણામે સખત વિદ્યુતતરંગો અને વિદ્યુતચુંબકીય ક્ષેત્રો (ઇલેક્ટ્રોમૅગ્નેટિક

ફિલ્ડ) જન્મે છે, જે સજીવોને નુકસાન નથી કરતાં પરંતુ વીજળીની અને વીજાણુ સંચાલિત સામગ્રીને ખોરવી નાખે છે. આધુનિક યુગમાં આનો અર્થ થાય તમામ પ્રકારનાં સંદેશાવ્યવહારનાં અને માહિતી પ્રસારનાં સાધનોનો નાશ. જોકે એ જમાનામાં આ શહેરોએ રેડિયો સેટ્સ સિવાય વિશેષ સામગ્રી ગુમાવવાની નહોતી.

પરંતુ હિરોશિમા-નાગાસાકીમાં સૌથી વધુ નુકસાન તો ઉષ્માવિકિરણ (રેડિયેશન) અને આઘાતના મોજાએ કર્યું, બૉમ્બ આકાશમાં ફાટ્યા, પરંતુ એની પ્રચંડ ઊર્જાથી નીચેની ધરતીને જબ્બર ધક્કો લાગ્યો, એથી કેટલાં મકાન-પુલ-રસ્તા ખતમ થઈ ગયાં હશે, એની કલ્પના જ કરવી રહી.

પરંતુ વધુ નુકસાન તો વિસ્ફોટથી પેદા થયેલી ઉષ્માથી થાય. હિરોશિમામાં બૉમ્બના વિસ્ફોટના કેન્દ્રથી એક કિલોમીટર દૂર સુધી અને નાગાસાકીમાં દોઢ કિલોમીટર દૂર સુધી ૬૦૦ અંશ સેન્ટિગ્રેડ જેટલી ગરમી પેદા થઈ હતી. આટલી ગરમી ઘણીખરી ધાતુઓને પણ ઓગાળી નાખે, ત્યારે માનવીની તો શી વિસાત! અગણિત માનવી તો રીતસર સળગીને વરાળ બનીને ઊડી ગયાં હતાં! કેન્દ્રથી જેમ દૂર તેમ અગ્નિની આંચ ઓછી લાગી હતી, પણ કેન્દ્રથી નજીક કેટલાંક માનવીની ત્વચા તો કેટલાંકની ચરબી બળીને હવા થઈ ગઈ હતી. માત્ર હાડકાંનું માળખું રહ્યું હતું. આ નગરો તો નાનાં હતાં, પણ માત્ર એક મેગા ટનનો વિસ્ફોટ ૧૦ કિમીની ત્રિજ્યામાં લગભગ તમામ માનવીને ત્રીજી કક્ષાની આંચ (થર્ડ ડિગ્રી બર્ન્સ) આપી શકે છે, જે જીવલેણ બની શકે છે.

હિરોશિમા-નાગાસાકીમાં સૌથી વધુ નુકસાન તો ઉષ્માવિકિરણ (રેડિયેશન) અને આઘાતના મોજાએ કર્યું, બૉમ્બ આકાશમાં ફાટ્યા, પરંતુ એની પ્રચંડ ઊર્જાથી નીચેની ધરતીને જબ્બર ધક્કો લાગ્યો.

ઉષ્માવિકિરણે ઘડીના છઠ્ઠા ભાગમાં જો સળગી ઊઠે તેવા બધા પદાર્થોને આગ લગાડી હતી. મકાનોમાં વપરાયેલ લાકડું, વૃક્ષો અને એવું બધું જ બળીને ખાખ થઈ ગયું હતું. આની સાથે જ પેલું આઘાતનું મોજું આવ્યું, એની ગતિ કેન્દ્ર ખાતે કલાકદીઠ ૧૫૦૦ કિલોમીટરની હતી અને ૩ કિલોમીટર દૂર પણ ૧૦૦ કિલોમીટરની હતી. આપણા કંડલા અને કચ્છ પર ૧૯૯૮માં ૧૨૦-૧૪૦ કિલોમીટરની ઝડપે ફૂંકાયેલા પવને બંદર પરના ગંજાવર ઊંટડા (ક્રેઇન્સ)ને પણ વાળી-નમાવી દીધા હતા અને કેટલાં બધાં મકાનો-વૃક્ષોને ઉડાડી મેલ્યાં હતાં! એટલે ૧૫૦૦ કિલોમીટરની ઝડપના મોજા સામે તો ચીનની દીવાલ જેવી કોઈક જ રચનાઓ ટકી શકે. હિરોશીમા અને નાગાસાકીમાં પણ આમ જ બન્યું. મકાનો તૂટવા-ફૂટવા લાગ્યાં અને સર્વત્ર આગ ફરી વળી. એ દિવસોમાં આ નગરોનાં ઘણાં ખરાં મકાન લાકડાનાં હતાં. એને સળગી ઊઠતાં શી વાર!

અને અણુબૉમ્બથી માનવીની જાનહાનિ કેટલી થઈ શકે એની તો કલ્પના કરતાં પણ ધ્રૂજી જવાય છે. ૧૯૪૫માં હિરોશીમાની વસતિ ૩,૫૦,૦૦૦ અને નાગાસાકીની વસતિ ૨,૭૦,૦૦૦ હતી. નગરોનો વિસ્તાર પણ સીમિત હતો, આજે આપણી આસપાસનાં નગરોનો વિચાર કરીએ તો-અમદાવાદ! આશરે એક કરોડ, દિલ્હી: આશરે ૨.૫ કરોડ, કરાંચી: આશરે ૬૦ લાખ, લાહોર: આશરે ૫૦ લાખ... અણુબૉમ્બનાં ગાણાં ગાનારે, જો બની શકે તો કલ્પના કરી લેવી.

હા, એક દલીલ જરૂર થઈ શકે છે કે હિરોશીમા અને નાગાસાકી પર બૉમ્બ ઝીંકાયા તે કશી જ ચેતવણી કે આગાહી વગર ઝીંકાયા હતા. વાસ્તવમાં, એ અણુબૉમ્બનો પ્રથમ જ ઉપયોગ હતો. (અને હજુ તો છેલ્લો) આવું શસ્ત્ર નાગરિક વસતિ પર ફેંકાય એવી કલ્પના પણ નહોતી; એથી નાગરિક સંરક્ષણ (સિવિલ ડિફેન્સ)ની કશી તાલીમ કે તૈયારીઓ નહોતી. ધડાકો થતાં જ જો લોકો સલામત ભોયરામાં (બૉમ્બ શેલ્ટરમાં), દોડી જાત તો ઘણાં બચી જાત. દાઝેલાંને સારવાર ન મળવાથી પણ ઘણાં મરણ પામ્યાં હશે.

આ બૉમ્બ શેલ્ટરની વાત પણ સમજવા જેવી છે. વિજ્ઞાનીઓ કહે છે કે માણસ જો સમયસર શેલ્ટરમાં ઊતરી જાય તો બચી શકે. ત્યાં કમ સે કમ એકાદ અઠવાડિયું રોકાવું પડે. એ પછી બહાર નીકળીનેય વિકિરણ (રેડિયેશન)ની અસર પામેલ દૂધ, પાણી, જાનવર, લોટ, વગેરે ખાવા-પીવાથી અનેક ગંભીર રોગ થઈ શકે છે. એથી શરીર-વિકૃત બની જાય છે. જાપાનમાં ૧૯૪૫ પછી દાયકાઓ સુધી શરીર વિકૃતિવાળાં માનવી જોવા મળતાં હતાં. વળી,

લાખો-લાખોની વસતિવાળાં શહેરોમાં શેલ્ટર ક્યાં અને કેટલાં બની શકે એ પણ યક્ષપ્રશ્ન છે.

આ અણુવિકિરણ (રેડિયેશન અથવા રેડિયોઍક્ટિવિટી) બૂરી બલા છે. એની અસરો વળી ઓર વ્યાપક છે. આ રેડિયોઍક્ટિવિટી હવા, પાણી, વનસ્પતિ, પ્રાણી, પંખી, સમુદ્રજળ... બધાંને અસર કરે છે. એને ઍટમ બૉમ્બનો ફૉલ આઉટ કહે છે.

રેડિયોઍક્ટિવિટી બે પ્રકારની અસરો જન્માવે છે આત્યંતિક અને આનુષંગિક, અણુવિસ્ફોટના સ્થળ પર અને પડોશમાં તરત ને તરત અસરો થાય તે આત્યંતિક હોય છે. અને તે કેટલાંક અઠવાડિયાં કે મહિનાઓમાં પોતાનો રંગ દેખાડે છે. બીજી બાજુ, જરાક દૂર પરંતુ લાંબા સમય સુધી ધીમી અસર હેઠળના વિસ્તારોમાં પરિણામે લાંબા કાળ સુધી જોવા મળે છે. હિરોશિમા અને નાગાસાકીના વાતાવરણમાં દિવસોના દિવસો સુધી રેડિયોઍક્ટિવ અસર રહી હતી અને દિવસો પછી એ નગરોમાં દાખલ થનારને પણ અસર પહોંચી હતી.

રેડિયોઍક્ટિવિટી બે પ્રકારની અસરો જન્માવે છે આત્યંતિક અને આનુષંગિક, અણુવિસ્ફોટના સ્થળ પર અને પડોશમાં તરત ને તરત અસરો થાય તે આત્યંતિક હોય છે. અને તે કેટલાંક અઠવાડિયાં કે મહિનાઓમાં પોતાનો રંગ દેખાડે છે.

જેમને વિકિરણની આત્યંતિક અસર થઈ હોય તે બે-એક અઠવાડિયામાં મરણ પામે છે. ઓછી અસરવાળા છ-સાત અઠવાડિયામાં મરણ-શરણ થાય છે. લાંબા ગાળાની અસર પામનારને કૅન્સર અને ખાસ કરીને લોહીનું કૅન્સર થાય છે.

અણુવિકિરણ શરીરના એ કોષોને સૌથી વધુ અસર કરે છે, જેમણે જૂના કોષોની પૂર્તિ કરવાની હોય છે. પણ વિકિરણથી નવા કોષો બનતા અટકી જાય છે. આથી બાળકો અને શિશુઓને એની સૌથી ગંભીર અસર થાય છે, અને ગર્ભસ્થ શિશુઓ સૌથી વિશેષ ભોગ બને છે. સંશોધનોએ જણાવ્યું છે કે વિકિરણથી ઘણે દૂર અસર પામેલ ગર્ભવતી સ્ત્રીઓએ જે સંતાનોને જન્મ આપ્યા તે શિશુ અતિશય નબળાં, રોગક્ષમ, માનસિક ક્ષતિવાળાં અને અપંગાવસ્થાવાળાં જણાયાં હતાં.

સંશોધનોએ એ પણ દર્શાવ્યું કે હિરોશિમા અને નાગાસાકીના ધ્વંસ પછી દાયકાઓ સુધી નજીકના દરિયાની માછલીઓને વિકિરણોની અસર જણાઈ હતી, અને એ માછલી ખાનાર લોકોના સ્વાસ્થ્યની બરબાદી થઈ ગઈ હતી.

હિરોશિમા અને નાગાસાકી પર તો એક-એક અણુબૉમ્બ હવામાં ફોડાયો હતો. અણુબૉમ્બ જો જમીનની નજીક કે જમીન પર ફોડાય તો માટીમાં જીવલેણ અસરો દાયકાઓ સુધી રહે અને તાત્કાલિક સંહાર અનેક ગણો થાય, અને.... જો એકસાથે અનેક અણુબૉમ્બ ફેંકાય તો ક્રમશઃ આખી પૃથ્વીને ન્યૂક્લિઅસ વિન્ટર (પરમાણુગત હિમયુગ) નામની અસર થાય, જે ક્રમશઃ આખી માનવતાને હણી નાખે, અને સમગ્ર જીવસૃષ્ટિને નષ્ટ કરે.

અંતમાં,

નાગાસાકી મહાસંહારમાંથી બચી રહેનાર એક મહિલાની પૌત્રી (ત્રીજી પેઢી) ડૉ. મારિકો કીતાનોએ ૧૯૯૮માં પાકિસ્તાનમાં થયેલા પ્રાયોગિક અણુ-વિસ્ફોટોના માનમાં થયેલા ઉત્સવોના સમાચાર જોઈને એક પત્ર લખેલો. આવો, એ પત્રના કેટલાક અંશ જોઈએઃ મારા પગ વિકૃત છે. એક આંખ જોઈ શકતી નથી. અને ડાબો હાથ માત્ર નિષ્ક્રિય લટકતો રહે છે... જે મારે માટે દોઝખ સમાન છે... પાકિસ્તાનના અણુ પ્રયોગોની ઉજવણી કરતા પાકિસ્તાનીઓના ચહેરા જોઈને મારા પેટમાં ઉકરાટા આવે છે... આ ચહેરા બેશરમ અજ્ઞાનના છે. આ ચહેરાઓએ ઘડીકેય વિચાર નથી કર્યો કે આણ્વિક શસ્ત્રોમાં કેવી ભયનાક શેતાનિયત ભરેલી છે.

આ પત્ર શું માત્ર પાકિસ્તાની ઉત્સવઘેલાઓને સ્પર્શે છે? વિચાર પૃથ્વી પરના દરેક વિચારશીલ માનવીએ કરવાનો છે. દુનિયાના કેટલાક દેશોએ પૃથ્વીનું ત્રણવાર નિકંદન કાઢી શકે એટલા અણુબૉમ્બ બનાવીને સંઘર્યા છે. માટે પ્રતિજ્ઞા કરીએ કે, નો મોર હિરોશિમાઝ! નો મોર નાગાસાકીઝ!

'ઋત', ૪૭/એ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
મો. ૯૪૨૮૦૪૬૦૪૩

રક્તપિત્ત દર્દીઓના નગરના ફકીરી સેવક ‘પદ્મશ્રી’ શ્રી સુરેશ સોની

ભદ્રાયુ વછરાજાની

શ્રી સુરેશ સોનીએ સંકલ્પ કર્યો હતો કે તેઓને પંચોતેર વર્ષ થાય ત્યારથી તેઓ પોતાનું સેવા-કેમ્પસ છોડીને ક્યાંય બહાર જશે નહીં... વાત માન્ય રાખ્યા સિવાય છૂટકો ન હતો, પણ અમારે તો “અસ્મિતા વિશેષ સંવાદ”માં તેમની સેવા-જીવન-યાત્રા અંગે સંવાદ કરવો જ હતો અને એટલે અમે તો કેમેરા-લાઈટ્સ લઈને ઊપડ્યા તેમના નિવાસ કમ સેવાક્ષેત્રે... રક્તપિત્તવાળા લોકોનું એક આખું નગર! અદ્‌ભુત કાર્યના દર્શન થવાનાં હતાં તેની તો ખાતરી જ હતી પણ અમે શ્રી સુરેશભાઈ સાથેના સંવાદથી તો જાણે અવાચક જ થઈ ગયા ! આવો એ દિવ્ય સંવાદના સાક્ષી બનીએ...

‘મારો જન્મ ૧૯૪૪માં નર્મદા કિનારે સિનોર ગામમાં થયો. એ ગામથી એક બે કિમી આગળ માલસર



ગામ પ્રસિદ્ધ છે પૂજ્ય ડોંગરેજી મહારાજને કારણે. મારા પપ્પાને અમે મોટાભાઈ કહીને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી બોલાવતા અને મારાં માતુશ્રીને અમે બધાં સાનીબા કહેતાં. મારા દાદા વહેલા ગુજરી ગયેલા એટલે મારા પિતાશ્રી હરિલાલભાઈને ચૌદ પંદર વર્ષની ઉમરે ભણવાનું છોડી અને એમના બાપાની સોના ચાંદીની દુકાનમાં બેસવાનું થયું. એ દુકાનમાં બેઠા. ધંધો ચાલવા મંડ્યો. બેએક વર્ષ પછી એક દિવસ એમને ઓચિંતો વિચાર આવ્યો, એ જમાનામાં એવું હતું કે, તમે પાંચ ગ્રામ સોનુ આપો છો અને અમે તમે દાગીના પાછા આપીએ ત્યારે પાંચ ગ્રામ વજન કરીને આપવાનું. તમારે મજૂરીના પૈસા આપવાના. પણ એકલા સોનાના દાગીના કોઈ દિવસ થાય નહીં, એમાં તાંબું તો ઉમેરવું જ પડે. એટલે પાંચ ગ્રામની સામે પાંચ ગ્રામ આપીએ એટલે જેટલું તાંબું ઉમેરાયું એટલું સોનુ અમને મળ્યું ! એમના મનમાં વિચાર આવ્યો કે ભલે આખી દુનિયામાં આ બધું ચાલે અને તે કાયદેસર પણ ગણાય છે પણ આ નૈતિક રીતે બરાબર નથી. એટલે એમણે સંકલ્પ કર્યો કે હું આવું નહીં ચલાવી લઉં. અને એના કરતાં એમની મહાનતા એ છે કે જે થોડોઘણો વારસો મારામાં આવ્યો એમણે જે નિર્ણય કર્યો તે અગાઉની તારીખથી અમલમાં મૂક્યો, તે દિવસથી નહીં. તેમણે ગણતરી કરી કે હું દુકાનમાં બેઠો ત્યારથી આજ સુધી આવું હું કેટલું કમાયો એનો હિસાબ કર્યો. અને પછી ધીમે ધીમે એટલા પૈસા બચાવ્યા અને અમારા ઘરની નજીક રામજી મંદિર હતું ત્યાં આગળ દાગીના કરીને ભેટમાં આપી આવ્યા અને ત્યાર પછી એ બિલકુલ પ્રામાણિકતાથી જીવ્યા.

અમે સાત ભાઈ-બહેનો, એમાં હું સૌથી નાનો અને આજે મને ૭૮મું વર્ષ (૨૦૨૫ની સાલ, આ સંવાદ સમયે..) ચાલે છે એટલે તમે કલ્પના કરી શકો કે કયા જમાનાની આ બધી વાતો છે. એમણે એ જમાનામાં નર્મદાની પગે

ચાલીને પરિક્રમા કરેલી. તે વખતે હું સિનોરમાં પ્રાથમિક શાળામાં, પણ પિતાશ્રી માંદા પડ્યા એટલે એમને થોડી મદદ થાય એ હિસાબે હું બે-ત્રણ મહિના વડોદરા આવીને રહ્યો. ભાઈને ઘરે હું રહેવા આવ્યો અને તે વખતે એમને થોડી મદદ કરું, પણ એમણે તે વખતે મને ગણિત પાકું કરાવડાવ્યું એને કારણે છેવટે હું M.Sc. વિથ મૅથેમૅટિક્સ થયો અને વડોદરા યુનિવર્સિટીમાં મેથેમેટિક્સનો અધ્યાપક થયો. અમારા ગણિત-શિક્ષકે ભણાવતાં ભણાવતાં ક્યારેક ઈનડાઈરેક્ટલી વાત કરી હશે કે, આપણે માણસ છીએ તો આપણે માણસો માટે કશુંક તો કરવું જોઈએ. અને ભગવાનની કૃપાથી આ વાત મારા મગજમાં ઊતરી ગઈ. કશું કરવું છે એ વિચાર કરવા મંડ્યો, શું કરવું છે એ કશું સૂઝતું નહીં. એ જમાનાનું ઓલ્ડ એસ. એસ. સી. થયો અને મેં નોકરી સ્વીકારી લીધી. પણ મારા મનમાં બહુ સ્પષ્ટ હતું કે, જ્યારે મારું મનગમતું ક્ષેત્ર મળે ત્યારે નોકરી છોડી દેવી. શોધ ચાલુ હતી. આ ૧૯૬૬ની વાત. ૧૯૬૬થી ૧૯૭૦ નાનાં નાનાં કામો હું કરતો. દા.ત. વડોદરા એચસીજી હૉસ્પિટલમાં અઠવાડિયામાં એક દિવસ જવાનું ને કોઈને કાગળ લખવો હોય તો લખી આપવાનો, કોઈને ખાવું હોય તો લાવી આપવાનું, કોઈ બે-ચાર મહિના હૉસ્પિટલમાં જ રહેવાનું હોય તો એને મનગમતી ચોપડીઓ લાવીને વાંચવા આપવાની અને રજા પડે ત્યારે ચોપડી પાછી લઈ આવવાની. ૧૯૭૦માં વડોદરામાં સરકારી લેપ્રસી હૉસ્પિટલ હતી. એનું નામ અનસૂયા





અત્રી ઋષિને રક્તપિત્ત થયેલો ત્યારે અનસૂયા માએ માટી લગાડીને એ રોગ મટાડેલો અને એ જે જગ્યાએ રહેલા એ નર્મદા કિનારાના ગામનું નામ પણ અનસૂયા.

લેપ્રસી હૉસ્પિટલ. એક જમાનામાં એવું કહેવાતું હતું કે, અત્રી ઋષિને રક્તપિત્ત થયેલો ત્યારે અનસૂયા માએ માટી લગાડીને એ રોગ મટાડેલો અને એ જે જગ્યાએ રહેલાં એ નર્મદા કિનારાના ગામનું નામ પણ અનસૂયા. અને માટીથી તો રોગ મટાડેલો એટલે એ જમાનામાં વડોદરાની ગાયકવાડ સરકારે ત્યાં લેપ્રસી હૉસ્પિટલ ઊભી કરેલી અને એનું નામ પાડેલું અનસૂયા લેપ્રસી હૉસ્પિટલ. ત્યાં મારા મિત્રનો બનેવી કમ્પાઉન્ડર. અમે લોકો પંદર દિવસે ભેગા થઈએ ને પિકચર જોવા જઈએ અને કોઈકને ઘરે જઈને ટોળટપ્પા મારીએ. ૧૯૭૦માં મને વિચાર આવ્યો કે, આપણે એને ઘરે જઈએ છીએ જ્યાં હૉસ્પિટલમાં એનું ક્વાર્ટર છે પણ હૉસ્પિટલ આપણે તો જોઈ જ નથી. એટલે થયું કે ચાલો હૉસ્પિટલ જોઈએ. ત્યારે મારી દીકરી પણ ત્રણ ચાર મહિનાની હતી. અમે હૉસ્પિટલ જોઈ ખાટલે ખાટલે ફર્યા ત્યારે થયું કે આ કામ તો કરવા જેવું છે. હું કશું કામ શોધું છું તે આવું હોવું જોઈએ. એકાદ મહિના પછી રક્ષાબંધનનો તહેવાર આવતો હતો. અમદાવાદમાં સદ્વિચાર પરિવાર નામની સંસ્થા અને એનો હું મૅમ્બર હતો. એટલે એના હિસાબે વડોદરા સેન્ટ્રલ જેલમાં અમે રાખડી બાંધવા જતા એટલે એના પછી મને વિચાર આવ્યો કે આ લેપ્રસી હૉસ્પિટલમાં આવવાવાળા એક વખત ઘર





છોડે પછી પાછા ક્યાંય જતા નથી. મહિના પછી રક્ષાબંધન આવે છે તો આપણે ત્યાં જઈને રક્ષાબંધન કરીએ. એટલે અમે ગયા, રાખડી બાંધી પછી મેં પૂછ્યું, હું તમને કેવી રીતે મદદરૂપ થાઉં ? ત્યાં એક ભાઈ હતા એમણે કહ્યું કે સુરેશભાઈ તમારી મદદની જરૂર અહીં હૉસ્પિટલમાં નથી. અહીંથી આ લોકો પાછા ઘરે જઈ શકવાના નથી. બહાર નીકળીને એમણે ભીખ માંગવી ન પડે તેવું કશુંક કરો. શરીર પરના જખ્મ કરતાં દિલ પરના જખ્મ એમના વધારે હતા. ત્યાં અમે કામ શરૂ કર્યું. થોડા વખતમાં મારી પત્ની ઈન્દિરા પણ ત્યાં આવતી થઈ. લોકોનું માથું ઓળી આપે. કોઈ એમ કહે, મારે આજે શીરો ખાવો છે તો ઘરેથી લાવીને શીરો ખવડાવે.'

'અને આમ, અમારો સેવા યજ્ઞ શરૂ થયો અને મેં મૅથ્સના પ્રોફેસરની નોકરી છોડી દીધી. આજે તો રક્તપિત્ત અને મંદબુદ્ધિના લોકોનું એક આખું નગર અહીં અમે વસાવ્યું છે. અહીં સૌ સ્વતંત્ર છે અને છતાં સૌ સાથે છીએ.'

"અગાઉની એક વાત કહું. અહીં આવ્યા પહેલાં અમે સિંધરોટ ગામ પાસે શ્રમ મંદિર સર્જેલું. એક ઉદ્યોગપતિ અમારું કામ જોઈને મળવા આવ્યા અને એમણે ટ્રસ્ટ બનાવ્યું કે હવે આપણે જમીન શોધીએ અને પછી આ લોકોને ત્યાં આગળ લઈ જઈએ. એમણે કહ્યું, સુરેશભાઈ, તમને ટ્રસ્ટી તરીકે લીધા છે અને તમે સેક્રેટરી અને એ પ્રેસિડેન્ટ. એટલે પછી જમીન શોધવાની. અને સરકારે છેવટે ૧૯૭૮માં વડોદરાથી ૧૫ કિલોમીટર દૂર મહીસાગરના કિનારે ઊંડા ઊંડા કોતરોવાળી જમીન આપી.

કોતરો સરખા કરાવતાં કરાવતાં નાકે દમ આવી જાય. હવે ત્યાં આગળ અમે મકાનો બાંધવાનું ચાલુ કર્યું. સયાજીવાળા ઉદ્યોગપતિ ઈન્દુભાઈ પટેલ. એમની જવાબદારી પૈસા ભેગા કરવાની, મારી જવાબદારી પૈસા વાપરવાની. ત્યાં બધાનો વહીવટ, કોને ક્યાં ઘર આપવાનું, શું કામ કરવાનું, માંદા પડે તો શું કરવાનું. ત્યાં વહીવટની જવાબદારી મળી. એટલે ૧૯૭૮માં મેં નોકરી છોડી દીધી. ધીમે ધીમે અમે લોકો પણ સિંધરોટ રહેવા ગયા આ લોકોની જોડે.

અમારે ત્યાં લૅપ્રસીવાળા બધા લોકો રહેતા હતા શ્રમ મંદિરમાં. ત્યાં ઘણું સારું કામ થયું. નામ પણ ઘણું પહોંચ્યું. પ્રમુખ સાહેબ બહુ સારા, મજાના હતા. કુટુંબ જેવો સંબંધ હતો. પછી ભગવાનના મનમાં એમ થયું કે સુરેશ, અહીંયાં બહુ કામ કર્યું, હવે તું બીજે. મને એક ગીત બહુ ગમે છે, "ઘાટે બંધાણી મારી હોડી, વછોડી જા, સાગરની સ્હેરે ઉતારી તું જા, મનના માલિક તારી મોજમાં આવે છે, આવે તેને હંકારી તું જા." ભગવાનના મનમાં અહીંયાં બહુ કર્યું, હવે બીજે. ત્યાં ટ્રસ્ટીઓ જોડે થોડા મુદ્દા ઊભા થયા એટલે છોડવાનું સ્વીકારી લીધું.

ફરી પ્રશ્ન આવ્યો કે, જવું ક્યાં? પૈસા તો હતા નહીં. હવે જમીન શોધવાનું ચાલુ કર્યું. પણ શ્રમ મંદિરમાં અથવા વડોદરા ઝૂંપડપટ્ટીમાં જેમના દ્વારા મેં ચરખાનું કામ ચાલુ કરેલું, એ મહેસાણા જિલ્લામાં વિજાપુરમાં ખાદીની સંસ્થા, સર્વોદય આશ્રમ. એમને જેવી ખબર પડી કે હું જમીન શોધું છું, એટલે એમનો મારા પર સામેથી ફોન આવ્યો કે સુરેશભાઈ, હું તમને ૩૧ એકર જમીન ભેટમાં આપવા તૈયાર છું. મારી કોઈ શરત નથી. ભગવાનની મોટામાં મોટી કૃપા. ૩૧ એકર જમીન સામે ચાલીને. તેમણે ૧૦ વર્ષ પહેલાં પૈસા આપીને આ જમીન ખરીદેલી હતી. એટલે આમ જુઓ તો, ૧૦ વર્ષથી જમીન અમારી રાહ જોઈને બેઠી હોય એવું. થોડાંક મકાનો તૈયાર હતાં. એ અહીંયાં

ખેતી કરતા હતા એટલે ખેતી માટે પાણીની સગવડ હતી. એટલે ૧૯૮૮માં ૧૪મી સપ્ટેમ્બરે મારી જોડે ત્યાંથી જ રક્તપિત્તવાળા ૨૦ અને એમનાં ૭ બાળકો, અમે અહીંયા બધા જોડે આવ્યા. આમ તિથિ પ્રમાણે સંવત ૨૦૪૫, ગણપતિ ચોથ.

હા. એટલે અત્યારે ૩૩ વર્ષ અહીં પૂરાં થયાં, આ ૩૪મું વર્ષ ચાલે છે. ૨૦ રક્તપિત્તવાળા અને ૭ બાળકો એમ સંખ્યા ૨૬થી શરૂ કરેલ. આજે અહીંયા ૯૯૧ લોકો છે.

આ એક નવું ઊભું કરેલું ગામ છે. અહીંયા ઇલેક્શન બૂથ, સ્મશાન, હૉસ્પિટલ, સરકારી એકથી આઠ ધોરણ સુધીની પ્રાથમિક શાળા, આંગણવાડી પણ છે. ૩૫ ઘરડી, વસૂકી ગયેલી ગાયો. અમે પાંજરાપોળ પણ ચલાવીએ છીએ. દૂધ આપે એવી ગાયો રાખતા જ નથી, લેતા પણ નથી.

એટલે નજીકનાં ગામોમાં જે કોઈની ગાય વસૂકી જાય, એની દશા ખરાબ ના થાય માટે અમે એને રાખીએ છીએ. તો એ ૩૫ ગાયો છે. રક્તપિત્તવાળાથી કામ શરૂ કરેલું. આજે ભારતભરમાંથી અહીંયાં આવેલા લોકો છે. આ એક મિની ઇન્ડિયા છે.

પછી બે-એક વર્ષ પછી ખબર પડી કે આખા ગુજરાતમાં મંદબુદ્ધિવાળા મોટી ઉંમરના ભાઈઓને રાખે એવી સંસ્થા એકેય નથી. કાં તો ડે-કેર સેન્ટર છે. મોટાને રાખે એવી કોઈ સંસ્થા નહોતી. અને મારા પર એક ભાઈનો કાગળ આવ્યો કે એમનો ભાઈ મંદબુદ્ધિનો છે અને ક્યાં મૂકવો એ શોધે છે. એમને ખબર કે, આ લેપ્રસીનું કામ કરે છે તો ક્યાંકથી શોધી લાવશે. એમ રક્તપિત્તવાળા આવ્યાં, બાળકો ભણવા આવ્યાં. પછી મેં કહ્યું તે પ્રમાણે ૧૯૯૨માં મંદબુદ્ધિ ભાઈઓનું ચાલુ કર્યું. ત્યાર પછી મંદબુદ્ધિ દીકરીઓ માટે પણ સંસ્થા શરૂ કરી. એ જમાનામાં કોઈ કોર્ટમાં ગયું ત્યારે લોકોને ખબર નહોતી કે મંદબુદ્ધિ અને માનસિક બીમાર બે જુદી વસ્તુ છે. એટલે અમદાવાદમાં શાહીબાગમાં સરકારી હૉસ્પિટલ છે, ત્યાં આગળ બન્નેને રાખતા હતા. કોઈ સુપ્રીમ કોર્ટમાં ગયું કે આવું ન ચાલે. અને તરત ને તરત એમને કહેવામાં આવ્યું કે તમારા જે મંદબુદ્ધિવાળા હોય એને બીજે ક્યાંક વ્યવસ્થા કરો. એટલે એ લોકો પણ અહીંયાં આવતા થયા. અને એને કારણે આજે પણ અમારો એમની જોડે સંબંધ સારો છે.

આજે મંદબુદ્ધિવાળા લગભગ ૨૫૦ ભાઈઓ છે, ૧૮૦ની આસપાસ બહેનો છે, રક્તપિત્તવાળા ૨૦૦ની આસપાસ છે. પણ છેલ્લાં બે-ત્રણ વર્ષથી અમે નક્કી કર્યું, "જેનું નથી કોઈ, એનું છે સહયોગ." એટલે શારીરિક રીતે દિવ્યાંગ હોય, એચ.આઈ.વી.વાળા હોય, ઘરમાંથી કોઈ એકલા મૂકી ગયેલા હોય, પ્રજ્ઞાચક્ષુ હોય, કોઈ પણ હોય, માનસિક બીમાર ન હોય, તો એ બધાને અમે અહીંયાં રાખવાનું શરૂ કર્યું. અને એને કારણે આજે ૯૧૧ છે. કોરોનાને કારણે થોડાંક નોર્મલ બાળકો ઘટ્યાં છે, નહીં તો ૧૦૦૦ ઉપરાંત સંખ્યા થઈ ગયેલી હતી. એટલે આ એક આખું નવું ગામ છે. આ લોકોની સેવા નથી કરતા, પ્રેમ કરીએ છીએ.

આજે મંદબુદ્ધિવાળા લગભગ 250 ભાઈઓ છે, 180ની આસપાસ બહેનો છે, રક્તપિત્તવાળા 200ની આસપાસ છે. પણ છેલ્લા બે-ત્રણ વર્ષથી અમે નક્કી કર્યું, "જેનું નથી કોઈ, એનું છે સહયોગ."

નૅશનલ હાઇવે પર અમારી સંસ્થા આવેલી છે. એટલે એવો વિચાર કર્યો કે અહીંયાં આપણે યાત્રી નિવાસ બનાવીએ. નૅશનલ હાઇવે પર છીએ એટલે ઘણા લોકો લક્ઝરી બસમાં, અથવા વાહન ભાડે કરીને નીકળતા હોય છે. એમની પાસે ગેસનો બાટલો, રાંધવાનો સામાન, કાચું સીધું બધું જ હોય છે. એમને જોઈએ છે પાણી અને બે-ચાર કલાક રોકાવાની જગ્યા. એટલે અમે અહીંયાં યાત્રીનિવાસ બનાવ્યા છે. લોકો અવારનવાર આવતા હોય છે. અમે એમને પાણીની સગવડ આપીએ છીએ. સંડાસ-બાથરૂમ જવું હોય તો ભાઈઓ અને બહેનો માટેનાં સંડાસ-બાથરૂમ જુદાં છે. એટલે એ રીતે એનો પણ ઉપયોગ થાય છે. ભાદરવી પૂનમે અંબાજી લોકો ચાલતા જતા હોય છે, ત્યારે તમે અહીંયાં આવીને જુઓ. કોરોનાના કારણે ઘટ્યું, નહીં તો અહીંયાં રાત્રે આવો તો ચાર-પાંચ હજાર લોકો સૂતેલા હોય.

ત્યાર પછી અમે કહ્યું કે આ તો દૂરના લોકો માટે કામ થયું, નજીકના લોકો માટે શું? એટલે ત્યારે અમે જોયું કે નજીકના ગામના લોકો બે-પાંચ કિલોમીટર દૂરથી મોટરસાઇકલ પર, મોપેડ પર અહીંયાં આવે. અને એમની

જે નોકરીનો ટાઈમ હોય એ પ્રમાણે કોઈની રાતની હોય, કોઈની દિવસની હોય, ૪૦-૫૦ કિલોમીટર દૂર જવાનું હોય. ત્યારે મોપેડ, મોટરસાઇકલ પર જાય નહીં અને અહીંયાંથી બસ પકડીને જાય. પાછા નોકરી પૂરી થાય એટલે પાછા અહીંયાં, એ લોકોએ મને કહ્યું નથી, પણ મને વિચાર આવ્યો કે આ લોકો માટે પણ કશું કરવું જોઈએ. એટલે એમના માટે મેં પાર્કિંગ સ્ટેન્ડ બનાવ્યાં હતાં.

એમણે નહોતું કહ્યું, મને વિચાર આવ્યો માટે અમે અહીંયા કર્યું. અમે કોઈ પૈસો લેતા નથી. ત્યાં એમની રીતે વાહન મૂકી જાય છે, સ્ટેન્ડ બનાવી આપ્યું છે, એમની રીતે જતા રહે છે. અહીંયાં અમારા જૂના સાંસદ ડૉક્ટર મહેન્દ્રસિંહ ચૌહાણ, બહુ મજાના માણસ, અહીંયાં એક હૉલ બનાવવા માટે અમને એ જમાનામાં ગ્રાન્ટ ફાળવી. મુંબઈના એક દાતા આવ્યા એટલે અમને એમ લાગ્યું કે આ હૉલ થોડોક મોટો બનાવીએ. પેલા દાતાએ પૈસા આપ્યા અને અમે ૨૦૦ માણસ બેસી શકે એવો એ.સી. હૉલ અહીંયાં બનાવ્યો છે. એટલે એમાં જે કોઈ માણસ સારું કામ કરતા હોય, એને અહીંયાં બધાને ભેગા કરવા હોય તો મિટિંગ માટે અમે હૉલ વગર ભાડે આપીએ છીએ. કોઈ પણ સારું કામ કરતું હોય તો ભાડા લીધા વગર અમે આવી મિટિંગ અહીંયાં રાખતા હોઈએ છીએ. એ હૉલનું અમે ટ્રેનિંગ હૉલ નામ પાડ્યું છે.

નજીકના ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાંથી આયુર્વેદના વિદ્યાર્થીઓ, નર્સિંગના સ્ટુડન્ટ્સ, હોમિયોપેથીના વિદ્યાર્થીઓ, ઇવન એમ.બી.બી.એસ.ના ઇન્ટર્ન્સ વિદ્યાર્થીઓ, એ બધા અહીંયાં લેપ્રસી શું છે, મંદબુદ્ધિ શું છે એ શીખવા માટે આવે છે, કે જેથી પ્રૅક્ટિકલ પણ જોઈ શકે. એમાં બે પ્રકારના લોકો. એક રસ્તે રખડતા નિરાધાર ગાંડા લોકો, જેનું કોઈ છે જ નહીં, એવા લોકોને પણ રાખીશું. અને બીજું સ્કિઝોફ્રેનિયા નામની બીમારી છે. એમાં પણ લાંબો સમય સારવાર રાખવી પડે. એટલે જેના સગાં છે અને સારવાર માટે અટકી ગયેલાં છે, એવા લોકોને પણ અમે રાખીશું. તો આ અમારી નવી પ્રવૃત્તિ ટૂંક સમયમાં શરૂ થશે. અમારી બીજી મજાની વાત એ છે કે ભગવાનની અનહદ કૃપા છે. વર્ષે ત્રણ કરોડ ચોર્યાસી લાખ રૂપિયાનો ખર્ચો છે.

એટલે રોજના એક લાખ પાંચ હજાર. અમે સરકારી ગ્રાન્ટ લેતા નથી. ડોનેશન ભગવાનની કૃપાથી આવ્યા કરે છે. અમારે કંઈ લેવા જવું પડતું નથી. મારી દીકરી ધનસુરા કૉલેજમાં પ્રોફેસર છે, પણ બાકીના ટાઈમમાં અહીંયા મદદ કરે છે. જમાઈ ફૂલટાઈમ અહીંયાં ઑનરરી છે. મારો દીકરો પહેલાં વડોદરા હતો. એ વડોદરાની એની પ્રાઈવેટ પ્રૅક્ટિસ છોડી અને એ પણ અહીંયાં આવી ગયો છે. નવા મકાનનું બાંધકામ, અત્યારે ટેકનૉલૉજી વગર ચાલે નહીં. આખું અમારું કુટુંબ આમાં જોડાઈ ગયેલું છે.

અહીં મંદિર પણ તદ્દન નોખા પ્રકારનું છે. આખું સહયોગ નોખું છે. આ મંદિરમાં માત્ર ભારતના નહીં, આખી દુનિયાના ધર્મોના સિમ્બૉલ્સ લગાડેલા છે. અને મને ૩૨ મહાપુરુષો ગમે છે, જેમના જીવનમાંથી મને કશુંક મળ્યું છે. દાખલા તરીકે હેલન કેલર, ચુનીલાલ મહારાજ, રક્તપિત્તવાળાની સેવા કરતા ગાંધીબાપુ, પરચુરે શાસ્ત્રી.

અહીંયાં ઘરે ઘરે તુલસીક્યારા છે અને રોજ સાંજે સાત પચ્ચીસે ઘંટ વાગે એટલે તુલસીક્યારે ભેગા થઈને ગ્રૂપમાં પ્રાર્થના કરે. અને પ્રાર્થનામાં, “સહયોગ કો સહયોગ દેને, દિલાને, વાલે કો ભગવાન સુખી કરે. હમ જિન સબકો છોડ કે આયે હૈં...” કારણ કે લેપ્રસી થયો, ઘર બધું છોડી દીધું. કેટલાક મંદબુદ્ધિવાળાનાં સગાં ક્યારેય મળવા પણ આવતાં નથી. “હમ જિન સબકો છોડ કે આયે, ભગવાન





ઉનકો સુખી કરો ઔર ભગવાન હમકો સદબુદ્ધિ દો.” એટલે આવું નવું નવું ક્યાંકથી ને ક્યાંકથી સૂઝે છે.

રોજ સાંજે સાડા પાંચ વાગ્યે મંદિરમાં પ્રાર્થના થાય. ૯૧૧ લોકોમાંથી ૪૦૦ લોકો આવી શકે એવા છે. એ લોકો બધાં અહીંયાં પ્રાર્થનામાં આવે. રોજ કોઈને કોઈ ભજન ગાય. મજાની વાત એ છે કે એક ચિઠ્ઠી ઉપાડીએ છીએ. પ્રાર્થના પછી બે જણા આવી અને જોક (પ્રેઝન્ટેબલ) રજૂ કરે. એટલે માણસે હસવું બહુ જ જરૂરી છે, પ્રાર્થનામાં છેલ્લે, “શક્તિ સે કમ કામ કરના પાપ હૈ.” ભગવાને આપણને જેટલી શક્તિ આપી છે એટલે પૂરેપૂરું કામ આપણે કરવું જ જોઈએ. ત્યાં આગળ, “હમ રોજ કિસી અચ્છે કો, દૂસરે કામ મેં મદદ કરેંગે.” કોઈ પણ સારું કામ આપણે ન કરીએ, થોડીક મદદ કરીએ. “ભગવાન આપકા શુક્રિયા, સબકા શુક્રિયા.” એવી રોજ પ્રાર્થના.

અહીં રહેતા લોકો માટે કોઈ કૉમન રસોડું નથી હોતું. એ લોકો પોતપોતાના કુટુંબ તરીકે રહે. એમાં એમની પાસે ઓપ્શન હોય છે. એ લોકોએ રસોડે ખાવું હોય તો રસોડે ખાય, પોતાની જાતે રાંધવું હોય તો પોતાની જાતે રાંધે. અહીંયાં એક ગવર્નમેન્ટ ઑફિસર આવેલા અને એમણે કહ્યું, સુરેશભાઈ, તમને ખબર નથી, પણ લૅપ્રસી જેને થયો હોય અને એચ.આઈ.વી.વાળા જે હોય, એની આવક જોવાની નહીં. એને બીલો પોવર્ટી લાઈન પ્રમાણે રેશન મળે. સુપ્રીમ કોર્ટે ઑર્ડર કરેલો છે અને ઑર્ડરની કોપી એમણે મને મોકલી. ત્યારે ગુજરાત સરકારને પણ ખબર નહોતી. એટલે ગુજરાત સરકારમાં મેં કાગળ મોકલ્યો અને ઘણા બધા લૅપ્રસીવાળાને એનો લાભ મળવા લાગ્યો. એટલે અત્યારે ઓપ્શન એમની પાસે છે કે તમારે જાતે રાંધવું હોય તો રાંધો.

રક્તપિત્તવાળા જે લોકો અહીંયાં છે તેમાંથી મોટા ભાગનાને રક્તપિત્ત મટી ગયો છે, પણ એમના ગામમાં કામ મળતું નથી, માટે આવ્યા છે. હવે સ્ટિગ્મા ઓછો છે. અત્યારે તો એવું છે કે કેટલાક લોકોના ગામમાં એમની મા કે બાપ એકલા છે, ત્યાં કોઈ રાખે એવું નથી. એમને લૅપ્રસી નથી, તો એમના ગામમાંથી એવા લોકોને પણ અહીંયાં લાવે છે. જે સ્ટાફ છે, એમાં લગભગ લૅપ્રસી મટી ગયેલા ૧૫૦ જણા અહીંયાં કામ કરે છે. મંદબુદ્ધિવાળાને રાત્રે સાચવવા પડે. કેટલાક તો મલ્ટિપલ હેન્ડિકેપ છે અને એમાં ભાઈઓ, બહેનો બેય છે.

આટલા બધા લોકોનું રાંધવાનું. ગેસ ને બધું છે જ, સગવડ હોય છે. રોટલીનો લોટ બાંધવાનું મશીન પણ છે. એટલે કેટલાક લોકો ચાર વાગ્યે સવારે જોડાય, એક વાગ્યે એમની નોકરી પૂરી થાય. એક વાગ્યે જોડાય, એ રાત્રે આઠ વાગ્યે પૂરું થાય. આ લૅપ્રસીવાળા જે સંસ્થાના રસોડેથી ખાય છે, એમને અમે જમવા માટે ત્યાં બોલાવતા નથી. લારી રાખી છે અને એમને ઘેર જઈને આપી દેવાનું. કારણ કે કોઈને આંગળા ના હોય તો એને ખાતાં એક કલાક લાગે અને આંગળા હોય તો, ફટાફટ ખાઈ લે, તો સારું ન લાગે.

તેઓને “પદ્મશ્રી”થી સન્માન આપવાની ઘોષણા થઈ. આજે સુરેશભાઈ વિદ્યમાન નથી પરંતુ આ સુરેશ સોનીનો અડીખમ ટેકો તે શ્રીમતી ઇન્દિરા સુરેશ સોની. પત્ની માટે વપરાતો એક ઉત્તમ શબ્દ તે “સહ ધર્મચારિણી”.

અહીંયાં કેટલાક લોકો એવા છે જે કશું કામ કરી શકતા નથી. એ લોકોને અમે ખાવાનું, ચા-નાસ્તો, માંદા પડે તો અમદાવાદ પ્રાઈવેટ હૉસ્પિટલ, ગમે ત્યારે લઈ જવાના, એ તો છે જ. પણ એ ઉપરાંત અમે દર મહિને એમને ૨૨૦ રૂપિયા રોકડા આપીએ છીએ. અને કહીએ છીએ કે, તમને ત્રીજી વખત ચા પીવાનું મન થાય, તમારે જેમાં વાપરવા હોય એમાં વાપરવા. એવું પણ કદાચ આ ગુજરાતમાં એક જ સેન્ટર છે.”

સુરેશ સોનીને હવે સૌ કોઈ ઓળખે છે કારણ કે ગત ૨૬, જાન્યુઆરીએ ભારત સરકાર તરફથી તેઓને “પદ્મશ્રી”થી સન્માન આપવાની ઘોષણા થઈ. આજે સુરેશભાઈ વિદ્યમાન નથી પરંતુ આ સુરેશ સોનીનો અડીખમ ટેકો તે શ્રીમતી ઇન્દિરા સુરેશ સોની. પત્ની માટે વપરાતો એક ઉત્તમ શબ્દ તે “સહ ધર્મચારિણી”, આ શબ્દના અર્થને ચરિતાર્થ કરે છે શ્રીમતી ઇન્દિરા સોની. આપણે આ દંપતીનો પરિચય પછીથી મેળવીશું પણ આજે ઇન્દિરાબેન પાસેથી એ જાણીએ કે, સેવાનો મારગ કેટલી કસોટીઓ ઊભી કરે છે !

“ઑગસ્ટ, ૧૯૯૫થી અહીં વણાટનું કામ કરતા રક્તપિત્તગ્રસ્ત નટુ માંગલાએ સુરેશને કહ્યું કે ‘મહેનતાણું

વધારો', તેમણે કહ્યું કે, 'ગણતરી કરીશું પછી સંસ્થા પ્રમુખશ્રી મુરબ્બી ઈન્દુભાઈ સાથે ચર્ચા કરીશું,' પણ તેને ધીરજ ન રહી. એક દિવસ સવારે ઑફિસમાં, નીચે બેસી કામ કરતા સુરેશ પર, ચૂપચાપ આવી નટુએ એના પાકીટમાંથી પારિયું કાઢી કપાળ પર ઘા કર્યો, લોહીનો ફૂવારો ઊડ્યો, ચશ્માં પડી ગયાં, કુદરતી રીતે સુરેશનો ડાબો હાથ ઊંચો થઈ ગયો. કોણી પર બીજો ફટકો મારી, પારિયું વીંઝતો બહાર નીકળીને બોલ્યો: "સુરેશ સોની મરી ગયો." આ સાંભળી બાજુની રૂમમાંથી સ્ટાફના મિત્રો દોડ્યા. નટુ તેઓને પણ મારવા દોડ્યો. તેઓ ગભરાઈને ભાગ્યા. પટાવાળાએ ઘંટ વગાડવા માંડ્યો, સ્ટાફના - મિત્રો ઑફિસમાં ગાદી પર પાથરેલી ચાદર કાઢી માથે હાથે લપેટવા માંડ્યા. ચાદર-કપડાં લોહીથી લથબથ હતાં.

એમ્બ્યુલન્સમાં સુરેશ જાતે બેઠા અને બધાને સ્પષ્ટ સૂચના આપી કે, કોઈ તેને મારશો નહિ. ખેતરમાંથી નટુને પકડી લાવી રૂમમાં પૂરી દીધો, વડોદરા હૉસ્પિટલમાં ઓળખીતા ડૉક્ટર મળી ગયા. સુરેશને જોતાં જ સ્ટ્રેચર મંગાવી ઇમર્જન્સી વૉર્ડમાં દાખલ કર્યા.

હું દીકરી પારૂલને મૂકવા વડોદરા સ્કૂલમાં ગઈ હતી. સુરેશે સ્ટાફનાં બહેનને કહ્યું, ઈન્દિરાને જણાવો. હું હૉસ્પિટલમાં આવી. સ્ટ્રેચર પર સુરેશને સુવાડેલા - પાટા બાંધેલા જોયા, હું રડવા લાગી. "તમને કોણ માર્યા ?" તો હસીને કહે, "જો તને દાઢી નહોતી ગમતી ને ! માથાના - દાઢીના વાળ સફાચટ થઈ ગયા ને !"

સાંજના ૫ થી ૮ ઑપરેશન ચાલ્યું. લોહીના-ગ્લુકોઝના બોટલ ચાલુ હતા. કપાળમાં ૨૬ ટાંકા અને હાથમાં સળિયો નાખવો પડ્યો. ભાનમાં આવ્યા, એટલે સ્ટાફને શ્રમમંદિર મોકલી જાણ કરાવી કે, ઑપરેશન સારી રીતે થઈ ગયું છે. માટે સવારથી શરૂ કરેલી ધૂન બંધ કરાવી બધાંને જમાડો સવારથી કોઈએ કશું જ ખાધું નહોતું.

બીજા દિવસે સહયોગના દર્દીઓએ હઠ પકડી કે, અમારે તો સુરેશભાઈને જોવા છે, જેથી વારાફરતી ટ્રૅક્ટરમાં સમાય તેટલાને લાવવાનું શરૂ કર્યું. દરેક જણ પગે લાગી, માથે હાથ ફેરવી આંખમાં આંસુ સાથે આશીર્વાદ આપી વિદાય થતા. છાપામાં આ બનાવના સમાચાર વાંચીને કોઈ ફળાહાર, તો કોઈ નાળિયેર, કોઈ પૈસા લઈને આવતા જ ગયા, આવતા જ ગયા...ગામેગામથી શુભેચ્છક મિત્રો, અનેકવિધ સંસ્થાના હોદ્દેદારો, કાર્યકરો, ટૅક્નોલૉજી ફૅકલ્ટીના ૧૨ વર્ષ દરમિયાન ભણાવેલ વિદ્યાર્થીઓ, સાથી અધ્યાપકો, આર્થિક મદદ માટે આગ્રહ કરતા હતા, હું બે હાથ જોડી સૌને કહેતી, "ટ્રસ્ટ બધો જ ખર્ચ કરે છે, જરૂર નથી." જે પણ આવતા, સૌની આંખમાંથી અમે અશ્રુરૂપે વહેતો પ્રેમ નિહાળ્યો છે. ખભે હાથ મૂકી આશ્વાસન, શુભેચ્છા પાઠવતા હતા.

અમારા ગુરુ પૂ. શ્રી સંતરામ મહારાજ, પૂ. શ્રી નારાયણદાસ મહારાજે પૈસા લઈને એમના ભક્તોને મોકલ્યા: વડોદરા સંતરામ મંદિરના પૂ. શ્રી ભરતદાસજી દરરોજ આવે. દૂધ, નાસ્તો, જમવાનું મોકલે. હું કહું કે "ટિફિન સુરેશભાઈના ભાઈને ત્યાંથી આવે છે." તો કહે, જે કોઈ પણ આવે, તેમને પ્રસાદરૂપે જમાડજો. નર્સો અને વૉર્ડના દર્દીઓ પૂછે કે આ ભાઈ છે કોણ ? જે આવે તે એના પગે પડે છે, રડે છે, પ્રાર્થના-ભજન-ધૂન ગાય છે. બધા અહોભાવથી જોતા રહે, નડિયાદ હરિ ૐ આશ્રમના પૂ. શ્રી નંદુભાઈએ પૈસા મોકલ્યા. સારા થયા પછી તેમને પગે લાગવા ગયા, પાછા આપ્યા, ત્યારે તેમની આંખમાંથી આંસુ આવ્યાં. "સુરેશભાઈ, તમે મારા પૈસા વાપર્યા નહિ ?" આ અમારા પ્રત્યેનો એમનો સ્નેહાદર. આ બનાવ ન બન્યો હોત તો આટલાં બધાં સંતો-સ્વજનો અમને લાગણીસભર હૃદયથી ચાહે છે તેની ખબર ન પડી હોત !

જીવનમાં જરાક છોડ્યું તો કેટલું બધું અમને મળ્યું ! સંતોના - ઈશ્વરના આશીર્વાદ સતત મળતા રહે છે. આજે પણ તે દિવસ યાદ કરું છું, ત્યારે ભગવાન પરની શ્રદ્ધા વધતી જાય છે. દર્દીઓનો અઢળક પ્રેમ, તેમણે કરેલી સાચા હૃદયની પ્રાર્થનાએ જ સુરેશને નવું જીવન બક્ષ્યું છે."

ખરો સમાજસેવક સમાજ માટે કામ કરતો હોવાથી વ્યક્તિગત સંપત્તિ ભેગી કરવા તરફ ધ્યાન આપતો નથી. બારડોલીની સુરુચિ સંસ્થાના સ્વ. મોહનભાઈ પરીખ કહેતા હતા કે, "આપણે સમાજની એક વિશાળ બૅંકમાં સેવા દ્વારા જે કંઈ ડિપૉઝિટ કરીએ છીએ તેનું વળતર મળી જ રહેતું હોય છે. હા, તેટલી ધીરજ ધરવી પડે, શ્રદ્ધા રાખવી પડે."

૨૪, કૅરેટ એપાર્ટમેન્ટ, કાલાવડ રોડ,
ફ્લેટ નંબર-સી-૪૦૪, આઈ.ઓ.સી. કૉલોની પાસે,
ક્રિસ્ટલ મૉલ અને જ્યોતિનગરની પાછળ,
રાજકોટ-૩૬૦૦૦૫
મો. ૯૮૯૮૯૨૦૩૩૩

આદિવાસી સમાજનો સાધુ અને તેનું લોકસાહિત્ય

ભગવાનદાસ પટેલ

સંસ્કૃતિના નાગરિક, ગ્રામીણ અને આદિવાસી એવા ભેદ નથી પણ એકમો છે. દરેક જાતિ-પ્રજાતિ પોતાના ભૌગોલિક-ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પોતાની રીતે સભ્ય અને સંસ્કૃત હોય છે.

મૌખિક સાહિત્યનું સ્વરૂપ એક વિશિષ્ટ ભૂભાગ પર વસતી જાતિ-સમાજના 'લોક'ના સામાજિક-ધાર્મિક-આર્થિક પ્રયોજન માટે સ્થાનિક બોલી-ભાષામાં બંધાતું હોય છે. આવું સંકળાય છે અને વિધિ-વિધાન સાથે ક્રિયાશીલ થઈ પર્વ-પ્રસંગે લોકમુખે અભિવ્યક્ત થાય છે. સામુદાયિકતા, સહયોગ અને સહભાગિતા તેનાં આધિકારિક પ્રમુખ લક્ષણો છે. આવું લોકસાહિત્ય વ્યક્તિજીવનને સમાજજીવનમાં ગોઠવવામાં સહાયક થાય છે. આ સાહિત્યમાં લોકને અભિપ્રેત જીવન અને જગતને જાણવાનું દર્શન હોય છે. આથી જે તે જાતિની સાંસ્કૃતિક-સામાજિક બાબતો એમના સમાજના લોકજીવનના સંદર્ભમાં આત્મસાત્ ન કરવામાં આવે ત્યાં સુધી અન્ય સમાજની વ્યક્તિના પલ્લે કશું પડતું નથી. તથા જે તે સમાજ અને તેના સાહિત્યને સમજવામાં ખોટાં અર્થઘટનોની સંભાવના રહે છે.

ભીલી મૌખિક સાહિત્યનો સર્જક

ભીલ સમાજના મૌખિક સાહિત્યને બે મોટા વિભાગમાં વહેંચી શકાય : સામાજિક સાહિત્ય અને ધાર્મિક સાહિત્ય. સામાજિક સાહિત્ય સમાજના કોઈ પ્રયોજન માટે કે નજીકના ભૂતકાળ કે વર્તમાનમાં બનેલી કોઈ હૃદયસ્પર્શી ઘટના-પ્રસંગના આધારે, સર્જન પ્રતિભા ધરાવતી કોઈ સ્ત્રી કે પુરુષ વ્યક્તિ દ્વારા મૌખિકરૂપે રચાય છે. આવી વ્યક્તિ વર્તમાનમાં હયાત હોય છે. અને સમાજ તેને ઓળખતો હોય છે. આથી લોકસાહિત્યનો સર્જક અજ્ઞાત હોય છે એ માન્યતા ભીલ સમાજનાં ગોઠિયા (પ્રેમી)નાં ગીતો અને વર્તમાન પ્રસંગોમાંથી રચાતી ગીતકથાઓ માટે ખોટી ઠરે છે. આવા મૌખિક સાહિત્યનો સર્જક જ્ઞાત અને ખ્યાત હોય છે. જ્યારે ધાર્મિક સાહિત્ય પ્રાચીનકાળમાં રચાઈને મૌખિક પરંપરા બની ગયું હોય છે. તત્કાલીન નિર્મોહી સર્જકે પોતાનાં નામછાપ છોડ્યાં ન હોવાથી ધાર્મિક મંત્રો, પુરાકથાઓ, મૌખિક આખ્યાનો, લોકમહાકાવ્યો જેવા ધાર્મિક સાહિત્યના સર્જકનું પગેરું મળી શકતું નથી.

ધાર્મિક સાહિત્યનો ગાયક સાધુ

મૌખિક પરંપરામાંથી પ્રાપ્ત કરી, માનસમાં વહન કરી, લોકસમુદાય વચ્ચે જે ગાય છે તે વ્યક્તિ ભીલ સમાજમાં 'સાધુ' - સાધુ કે ભોપા (ભૂવા) તરીકે ઓળખાય છે. આખ્યાનો-પ્રસંગો-ચરિત્રો એમના મત પ્રમાણે સતજુગ (પૂર્વકાળ)માં બન્યાં હોવાથી સમાજ તેમને સત્ય માને છે. જેથી પર્વ-પ્રસંગના ધાર્મિક અનુષ્ઠાન સાથે જોડાઈ, પુરાકથાનું રૂપ લઈ દેવત્વ પામી લોકના સામૂહિક માનસમાં સ્થિર થાય છે. આથી ધાર્મિક સાહિત્યના નિયત થયેલા



પાઠમાં ઘટાડો-વધારો કે નવસર્જન કરી શકાતું નથી. ગાયક સાધુ કરે તો સાંભળવા એકઠો થયેલો સમાજ સ્વીકારતો નથી. 'આ તો ઝૂઠો હૈં' - એમ કહી ગાયક સાધુ પાસેથી ઊભો થઈને ચાલવા લાગે છે. નવસર્જનને અવકાશ ન હોવાથી ધાર્મિકગીતો, લોકાખ્યાનો કે મહાકાવ્યોનો વર્તમાનમાં નવો સર્જક થઈ શકતો નથી. આથી ભીલ સમાજમાં ધાર્મિક લોકાખ્યાનો-લોકમહાકાવ્યોના મૌખિક પાઠ લિખિત પ્રશિષ્ટ સર્જકની જેમ ગાયક-કથક સાધુ-ભોપાના માનસમાં લગભગ નિયત-સ્થિર હોય છે. સાધુ આવું સાહિત્ય મૌખિક પરંપરાના પુરોગામી વાહક-સાધુ પાસેથી અનુકરણ દ્વારા બાલ્યાવસ્થા-કિશોરાવસ્થાથી જ મૌખિકરૂપે પ્રાપ્ત કરવા માંડે છે. અને મોટી વયે આ પૂર્વકાલીન મૌખિક પરંપરા તેના સામાજિક-ધાર્મિક સંદર્ભ સાથે ચિત્તમાં લઈને જીવે છે. પર્વ-પ્રસંગના વાતાવરણમાં સહાયક રાગિયાની મદદથી તેના ચિત્તમાં રહેલી કૃતિ સમાજને અભિપ્રેત અર્થમાં મૌખિક કલાત્મક રૂપ ધરે છે.

ગાયક સાધુ માટે તંબૂર જીવિત દેવ જેવો હોય છે. તેના સ્વરો જ ચિત્ત સાથે ઓતપ્રોત થઈને વારતામાં આવતાં દેવી-દેવતા અને સામાજિક ચરિત્રોનાં દર્શન ગાયક અને શ્રોતા-દર્શકોને માનસમાં કરાવે છે.

લોકાખ્યાનો-લોકમહાકાવ્યોનું મૌખિક કલેવર અત્યંત દીર્ઘ અને લોકવાદ્યો સંલગ્ન હોય છે. આવી દીર્ઘ કૃતિઓનાં કથાનક ચિત્ત-સ્મૃતિમાં અંકિત કરી શકે અને વાદ્યસંગીતમાં કૌશલ્ય પ્રાપ્ત કરી શકે એવી વ્યક્તિ જ લોકાખ્યાનો-લોકમહાકાવ્યોનો વાહક-ગાયક-સાધુ થઈ શકે છે. આથી લોકાખ્યાનો-લોકમહાકાવ્યોના વાહક-ગાયક સાધુ-ભોપાની સંખ્યા સમાજમાં મર્યાદિત હોય છે.

અહીંથી પ્રશિષ્ટ વ્યક્તિગત સર્જક અને લોકમહાકાવ્યનો વાહક-ગાયક સાધુ અલગ પડે છે. પ્રશિષ્ટ વ્યક્તિગત સર્જક પોતાની વ્યક્તિગત અનુભૂતિઓમાંથી કલાકૃતિ સર્જે છે જ્યારે વાહક સાધુ મૌખિક કૃતિ પરંપરામાંથી પ્રાપ્ત કરી માનસમાં નિયત કરે છે. આથી ઋતુચક્ર પ્રમાણે આવતા પર્વ-પ્રસંગે ગાયક સાધુના ચિત્તમાં ગીતોનાં ઝરણાં ફૂટી નીકળે છે, લોકાખ્યાનોની નદીઓ વહેવા લાગે છે અને મહાકાવ્યોના મહેરામણ - સમુદ્ર ઊછળવા લાગે છે. એકલા 'રાઠોરવારતા' મહાકાવ્ય અને 'ભીલોનું ભારથ' - ભીલી મહાભારતના ગાયક સાધુ નાથાભાઈ ગમારની નોંધ લઈએ તો પણ આ બંને મહાકાવ્યોની ૭૬૮૮ પંક્તિઓ એમણે પ્રસ્તુત કરી છે.

લોકવાદ્યો સાથેનો ગાયક સાધુનો ધાર્મિક આંતરસંબંધ

ભીલ આદિવાસી સમાજમાં લોકવાદ્ય એ સંગીત માણવાની ભૌતિક ચીજ-વસ્તુ નથી. ગાયક સાધુ માટે તંબૂર જીવિત દેવ જેવો હોય છે. તેના સ્વરો જ ચિત્ત સાથે ઓતપ્રોત થઈને વારતામાં આવતાં દેવી-દેવતા અને સામાજિક ચરિત્રોનાં દર્શન ગાયક અને શ્રોતા-દર્શકોને માનસમાં કરાવે છે. આથી પર્વ-પ્રસંગમાં ઉપસ્થિત શ્રોતાઓની આતુરતાનો અનુભવ કરીને ગાયક સ્થાનક પાસે જાય છે. તે ત્યાં વિચારે છે કે તંબૂર સૂતો છે. આથી સ્થાનથી ઉઠાવતાં પહેલાં સાધુ મનમાં તંબૂરને જગાડવાનો મંત્ર બોલે છે. સૂતેલા તંબૂરને જગાડવાના અપરાધમાં ક્ષમા માગે છે. આ પછી તંબૂરને નમન કરીને, મનાવવા માટે તેનું ગૌરવ અને મહિમા કરતો મંત્ર બોલે છે. મૂળ સ્થાને આસન લઈ તંબૂરને અંકમાં લઈને સાધુ સ્વર સંધાન કરે છે.

આરંભે સાધુ સૃષ્ટિની રચનાનો મંત્ર બોલે છે અથવા ગાય છે. તેનો એક અંશ : (સારાંશ)

ધરતી ન હતી, આકાશ ન હતું. ચાંદ ન હતો; સૂરજ ન હતો; નવ લાખ તારા ન હતા. તે વખતે જળજળાકાર-જળ પ્રલય હતો. બધે જ જળ ભરેલું હતું. જળમાં એક મોજું આવ્યું, જે પાણી પવન સાથે સ્વર્ગમાં ગયું. પાણી નવ માસ સ્વર્ગમાં રહ્યું, આ પાણીનું સોનાનું એક ઈંડું જન્મ્યું. આ ઈંડું ફરીને જળમાં આવ્યું. ઈંડું ફૂટવા લાગ્યું અને 'જળુકાર ભગવાન' જનમ્યા. ભગવાનને જળમાં ચાલવાની, બેસવાની કે પોઢવાની જગા ન હતી. તેથી કમળનું ફૂલ જળ ઉપર પ્રગટ્યું. આ કમળના ફૂલમાં ભગવાન પોઢવા લાગ્યા. ભગવાન જાગ્યા ત્યારે એકલતાનો અનુભવ કરવા લાગ્યા. આ સમયે ભગવાન વિચારવા લાગ્યા કે "મારે સૃષ્ટિની રચના કરવી છે પરંતુ ધરતીનાં બીજ સાત પાતાળ ઊંડાણમાં વસતા વાસુકિ નાગના મુખમાં છે." આથી

ભગવાન પાતાળમાં ઊંડા ડૂબ્યા પરંતુ અધવચ્ચે જ તેમનો જીવ ગભરાવા લાગ્યો. જેથી પાછા આવીને કમળના ફૂલ પર પોઢવા લાગ્યા. આ સમયે ભગવાનને ઊંઘ આવી ગઈ. ઊંઘમાં ભગવાનના મુખમાંથી અમી-અમૃતની ધારા પ્રગટી. અમૃતની ધારામાંથી ઉમિયાદેવી પ્રગટ થઈ. ભગવાન જાગ્રત થયા ત્યારે પોતાના પગ પાસે બેસીને પગચંપી કરતી એક સ્ત્રીને જોઈ. ભગવાન બોલ્યા, "તું કોણ છે?" ત્યારે સ્ત્રી બોલી, "તમારા મુખમાંથી પ્રવાહિત અમૃતમાંથી પ્રગટેલી તમારી પુત્રી ઉમિયા છું!" આ સમયે ભગવાન બોલ્યા, "તું વાસુકિ નાગના મુખમાંથી ધરતીનાં બીજ લઈ આવ, આપણે ધરતી રચાવીએ."

આ સમયે ઉમિયાએ કાચબીનો વેશ લીધો અને અનેક મુશ્કેલીઓ વેઠીને અડધાં નખમાં અને અડધાં મુખમાં મૂકીને ધરતીનાં બીજ લઈ આવી. ભગવાને સત્યની સોનાની સળીયો પેદા કરી ઉમિયાએ આ સળીઓની મદદથી એક પાત્રમાં નખમાંથી અને મુખમાંથી પૃથ્વીનાં બીજ બહાર કાઢ્યાં. આ પછી ભગવાને પોતાનો એક પગ ભાંગીને તેના નળામાંથી માટી કાઢી, તેમાં કમળનું ફૂલ મસળી, તેમાં ધરતીનાં બીજ મિલાવીને એક રોટલી બનાવી. આ રોટલી ભગવાને જળ ઉપર મૂકી. આ રોટલી ભગવાનના હાથની એક એક થપાટે ગાઉના ગાઉ જળ ઉપર ફેલાઈ ગઈ. પછી ભગવાને ઉમિયા પર ભરી દૃષ્ટિ નાખી પરિણામે ઉમિયાના શરીરમાંથી ટપ ટપ અગ્નિનાં ટીપાં પડવા લાગ્યાં. આ અગ્નિથી જે ધરતી પાકી એના પથ્થર અને પર્વતો થયા અને જે ધરતી કાચી રહી એની માટી-જમીન-ધરતી બની.

આ પછી ભગવાને ભરી નજરે વૈકુંઠપુરી રચી. ભરી નજરે ધરતી-પૃથ્વી પર માનવો[1], પ્રાણીઓ, પક્ષીઓ, વૃક્ષ વનરાજી વગેરેની રચના કરી.[1] સૃષ્ટિરચનાનો મંત્ર તો ઘણો દીર્ઘ છે પણ અહીં અટકીએ છીએ.

સૃષ્ટિની રચનાના મંત્ર પછી ગણપતિ અને સરસ્વતીનું ભજન સાધુ ગાય છે અને તેને સહાયક રાણિયા તેને ગાવામાં સાથ આપે છે. આ પછી પર્વ-પ્રસંગને યોગ્ય સાધુ લોકમહાકાવ્ય કે લોકાખ્યાનનો આરંભ કરે છે.

સાધારણીકરણ

આપણે જેને પુરાકથા, લોકમહાકાવ્ય કે લોકાખ્યાન કહીએ છીએ તેને ભીલ આદિવાસી સમાજ વારતા કહે છે. આ વારતામાં આવતાં ચરિત્રો ગાયક સાધુ અને સમાજ માટે સજીવ હાજરાહજૂર દેવ-દેવી જેવાં હોય છે. તેમનાં દર્શન વાદ્યો કરાવે છે. આ ધાર્મિક વારતામાં ગવાતા પ્રસંગો એ જે તે દેવ-દેવીની ભક્તિ હોય છે. ધર્માશ્રયી પ્રસંગે ગાયક સાધુનું ચિત્ત ધાર્મિક ભાવનાઓથી ભરાઈ જાય છે.

ઘણી વખતે ધાર્મિક આસ્થાને લીધે લોકમહાકાવ્ય કે લોકાખ્યાનમાં આવતા પ્રસંગો પુરાકથાનું રૂપ લે છે. તેમાં આવતાં ચરિત્રો દેવત્વ પામે છે. આ દેવ-દેવીઓનાં ચરિત્રો સાથે ગાયક સાધુ કે ભોપાનું અને કેટલાક પ્રસંગોમાં શ્રોતા- દર્શકોનું પણ એટલી હદ સુધી તાદાત્મ્ય સધાઈને સાધારણીકરણ થાય છે કે તેઓ સ્વયં જે તે દેવી-દેવતા બની જાય છે અને તેમના દેહમાં જે તે દેવ-દેવીનો ભાવ પ્રગટે છે તથા એકઠા થયેલા શ્રોતા-દર્શકોને આશીર્વાદ પણ આપે છે. આના પ્રમાણ માટે ૧૮૯૩માં બહેડિયા ગામમાં 'ગુજરાંનો અરેલો' મહાકાવ્ય ધ્વનિમુદ્રિત કરતો હતો ત્યારે ઘણા દિવસથી અરેલાનાં ધાર્મિક ચરિત્રો સાથે તદાકાર-તન્મય બનેલા ગાયક જીવાભાઈ ગમાર સ્વયં મુખ્ય ચરિત્રનાયક કેવી રીતે બની ગયા હતા તે પ્રસંગ નોંધનીય છે:

પંદર રાતના મારા ધ્વનિમુદ્રણ પછી ઉત્તરાર્ધમાં દેવનારાયણનો છેલ્લો પ્રસંગ આવ્યો. રાત્રે આઠ વાગે



જીવાકાકાની ઓસરીમાં દેવનારાયણનો છેલ્લો પ્રસંગ સાંભળવા લોકો ભેગાં થયાં. આખી રાત લોકો પ્રબળ ધાર્મિક આસ્થાથી ધાર્મિક પ્રસંગો સાથે ડૂબતાં-તરતાં રહ્યાં. સવારે સૂર્યનાં ઊગતાં કિરણોમાં પોતાના સ્વામી ગુજરાંનું વેર લેવા નવ લાખ ગાયોના ટોળાએ લેબદે રાજાની નગરી ડોળીરાણ પર હુમલો કર્યો. ગાયોએ પોતાના સ્વામીનું વેર વાળ્યું હોય એ પ્રસંગ વિશ્વસાહિત્યમાં પણ વિરલ છે. અંતે દેવનારાયણનો ડોળીરાણ નગરી ખેડી નાખવાનો પ્રસંગ પૂરો થવાની સાથે જ ગાયકના દેહમાં એક આધિદૈવિક ભાવ પ્રગટ્યો. ચરિત્ર સાથે તેમનું અદ્ભુત તાદાત્મ્ય સધાયું. અને મુખ્ય ગાયક જાણે કે સ્વયં દેવનારાયણ બની ગયા! શ્રોતા-દર્શક-રાગિયા દેવને 'કાલાવાલા' કરવા લાગ્યા અને જીવાકાકા જે અત્યારે દેવનારાયણ બની ગયા હતા, આશીર્વચનો બોલવા લાગ્યા, "તમે બત્તાએ (બધાએ) કેંણા (ઘણા દિ'હી (દિવસથી) મારો સેવાભાવ કરો હેં, ઝોં'લા, તમારાં બત્તાનું ખેમાકહોર (ક્ષેમકુશળ) થાહેં! લીલી વારી (વાડી) ફૂલે હેં! એકના અનેક થાહાં!" પછી મને ઉદ્દેશીને બોલ્યા હતા, "થારુંય (તારું પણ) રૉમા-સૉમા (રામરાજ્ય) થાહેં (થાશે)!" એ દિવસે લાગ્યું હતું કે હવે મને કોના આશીર્વાદની જરૂર હતી!

ભીલી લોકસાહિત્યનાં સ્વરૂપોનો જીવન સાથેનો અનુબંધ

આદિવાસી સમાજમાં લોકાખ્યાનો - લોકમહાકાવ્યો ફક્ત કથારસ સંતોષવા માટે જ નથી હોતાં. તેઓ લોકજીવનને અનેક રીતે સ્પર્શે છે અને ક્રિયાશીલ કરે છે તથા જીવનની સમસ્યાઓને દૂર કરવામાં સહાયક થાય છે. ભાદરવા માસમાં ધૂળાના પાટ- મહામાર્ગી પાટ પ્રસંગે ગવાતાં આખ્યાનો કે મહાકાવ્યોની પાંખડીઓ (પ્રસંગો), કુટુંબમાંથી આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર કરવા માટે ગાવામાં અને કથવામાં આવે છે. કૉબરિયા ઠાકોરના ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગે આ જ આખ્યાનો ગુનેગારના માનસમાં ભય જન્માવવા અને તેને પકડવા માટે ગાવામાં આવે છે. ભૂત-પ્રેત કાઢવા માટે માંડવામાં આવતા મોલ્લા સમયે ગવાતી દેવીઓની ગેય કથાત્મક રેડીઓ વ્યક્તિગત રોગના ઉપચાર માટે હોય છે. હૂરો (શૂરો) માંડતી વખતે ગવાતું 'રાઠોરવારતા' મહાકાવ્ય પરંપરિત વેરભાવનાની પ્રથાને પોષીને વેર લેવા માટે ગાવામાં આવે છે. સામું વેર સરભર થાય ત્યારે વિજયોત્સવ ઊજવવા માટે પણ આ મહાકાવ્ય ગાવામાં આવે છે. ધાર્મિક અનુષ્ઠાન સંલગ્ન મહાકાવ્યો કે આખ્યાનોના પ્રસંગો ગાવા એ જે તે દેવી-દેવતા કે પૂર્વજદેવની પૂજા હોય છે. આથી પાંખડીઓ એમને સમર્પિત કરવામાં આવે છે.

વારતાનો માલિક લોકસમૂહ

સાધુ કે ભોપાની સન્મુખ હંમેશાં તેના શ્રોતા-દર્શકો રહે છે. તેઓ વારતાનું શ્રવણ કરે છે, ગાય છે, નાચે છે અને વારતા કહેવામાં સાધુને મદદ કરે છે. આથી લોકાખ્યાન કે લોકમહાકાવ્ય સાધુ ગાય કે કથે છે પરંતુ વારતા કોઈ એક વ્યક્તિની નહીં પરંતુ તેની માલિકી વારતા સાંભળવા ભેગા થયેલા લોકસમૂહની સંયુક્ત ગણાય છે. તેના ભાગીદાર એકઠો થયેલા સમુદાય ગણાય છે. ધાર્મિક સાહિત્ય - ગીત, ગીતકથા, કથાગીત, લોકાખ્યાન - લોકમહાકાવ્ય જેવાં મૌખિક સ્વરૂપો તો વાહક સાધુના ચિત્તમાં પહેલેથી જ સ્થિર હોય છે. પરંતુ 'ગુજરાંનો અરેલો'ના ગાયક જીવાભાઈ ગમાર કહે છે એ પ્રમાણે "રાગિયા અને સાંભળવાવાળા વિના અમે પાંખ વિનાના પંખી જેવા છીએ." રાગિયા અને હોંકારિયાના લયના આરોહ-અવરોહ, સમૂહ-નૃત્યની અંગભંગિઓ અને વારતામાં રસતરબોળ થઈને શ્રોતાદર્શકોએ હર્ષાવેશમાં ગાયક સાધુનું ગૌરવ કરતાં ઉચ્ચારેલા ઉદ્ગારો જ ગાયક સાધુના ચિત્તમાં રહેલી વારતા શબ્દો દ્વારા કલાત્મક સ્વરૂપ ધારણ કરે છે. આમ સામુદાયિકતા અને સહભાગિતાના લીધે જ સાધુના લોકાખ્યાન કે લોકમહાકાવ્યનું કથન-સૌંદર્ય અને સ્વરૂપ સોળે કળાએ ખીલે છે.

આદિવાસી નિસર્ગ સમાજ

ભીલ આદિવાસી સાધુ સવારે જાગે છે ત્યારે વિચાર કરે છે:

જેની ઉપર જીવનયાત્રાનો આજનો દિવસ આરંભ કરું છું એ પૃથ્વી માતા શ્યામ રંગની-કાળી છે. પરંતુ, કમળદેહી છે. તેના પર પગ મૂકતાં જ તેને દુઃખ થશે. આથી તેની ક્ષમા માગતો મંત્ર બોલીને પૃથ્વી પર પગ મૂકે છે.

આવો જ સંવેદનશીલ ભાવ તેને વૃક્ષ-વનરાજી તરફ પણ છે. દાતણ લેવા વૃક્ષ પાસે જાય છે ત્યારે સાધુ વિચાર કરે છે: વૃક્ષમાં જીવ છે, તેની એક પાતળી ડાળી તેનું સજીવ અંગ છે. દાતણ કરવા કાપતાં તેને દુઃખ પહોંચશે. આથી તેની માફી માગતો મંત્ર બોલીને પછી એક જ ડાળી કાપીને દાતણ કરે છે.

આવો જ ભાવ તેને જળ અને જળચર સૃષ્ટિ સાથે પણ છે. સવારે સ્નાન કરવા માટે જળાશય કિનારે જાય છે ત્યારે

સાધુ વિચારે છે:

જળાશયમાં જળ સૂતું છે. જળ સૂતું છે તે સાધુને જ ખબર પડે. જળમાં જીવજંતુ પણ અત્યારે સૂતાં છે. સ્નાન કરવાથી સમય પહેલાં જીવજંતુ જાગશે. તેથી તેમની ક્ષમા માગતો મંત્ર બોલીને પછી સ્નાન કરે છે:

મંત્ર :

ઝળ હીલા, ઝળ પીગળા. અળ ઝાગો, થળ ઝાગો, ઝાગો ઝળના ઝીવ.

અતરા ઝાબ ઝૉણે તો હૂંતું નીર ઝગવે.

થાય તો ઉ, પૉંગ (પગ) તોઉ, તોઉ કંસન કી કાયા.

ગ્યાંની ઝળ, હંસા બેટકે નાઈયા.

કાયા કંસન, મૉન મગન, કરમ ભરમ.

લેઉ રૉમનાં નૉમ, લેઉ હરિનાં નૉમ

વણ ઝાબો હૂતાં નીર ઝગવે,

પડ પરે નારગી ઝાય. ઝાય સૉંરાસીના ફેરે.

આ પછી સાધુ અંજલિ ભરી જળનું આચમન કરતાં મંત્ર બોલે છે.

ઝળ હેં કુણ? થળ હેં કુણ ?

ઝગિયા કરકર હેં સુંદર કાયા.

આલેખ પુરુસ કી હેં માયા.

એતરા ઝાબ ઝૉણી ઝળ પીવેં,

લેઈ કરિયા અમરાપર તરેં.[૨]

આદિવાસી લોક પ્રકૃતિ સાથે સહજીવન જીવે છે. આથી એ માને છે કે પ્રકૃતિ પણ તેના જીવન સાથે સહભાગી છે. અને સહજીવન જીવે છે. આથી પ્રકૃતિનું જતન કરે છે.

આમ, જેનાથી જીવન બન્યું છે, એ જીવન રચવાવાળાં પ્રકૃતિ તત્ત્વો-પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશનું ગૌરવ કરવું અને તેમના તરફ કૃતજ્ઞતા અને પૂજ્યભાવ દાખવવો એ ધર્મદર્શન ભીલ આદિવાસી નિસર્ગ સમાજનું છે. માનવથી પૃથ્વી-પ્રકૃતિ અને વ્યક્તિથી સમાજ અગત્યનો છે. એ જીવનદર્શન આદિવાસી સમાજનું છે.

પૃથ્વી-પ્રકૃતિનું જતન કરતું, સૌનું મંગળ ઇચ્છતું, જરૂર પૂરતા જ કુદરતી સ્રોતોનો ઉપયોગ કરતું, સામાજિક સ્તર-ભેદ વિનાનું સમતાવાદી આદિવાસી સમાજજીવન જ વૈયક્તિક - વ્યક્તિગત વિઘાતક મૂલ્યોથી ઘેરાયેલા વિશ્વને વૈકલ્પિક જીવનરીતિ આપી શકશે.

અત્યારે તો આદિવાસી સમાજમાં જીવનમૂલ્યો જ વિશ્વનું આશ્વાસન છે.

આજના બદલાયેલા યુગસંદર્ભમાં આદિવાસી લોકસાહિત્ય સંકટગ્રસ્ત છે. જેમના કંઠમાં આ મૌખિક સાહિત્ય હતું એ તો ઉમરના કારણે કાળધર્મ-અવસાન પામ્યા છે. નવી આદિવાસી પેઢી આ બહુમૂલ્યવાન સાહિત્યથી વિમુખ બની છે. આવા બદલાયેલા યુગસંદર્ભમાં મારા દ્વારા શાસ્ત્રીય રીતે સંપાદિત કરેલાં ભીલી રામાયણ: રૉમ-સીતમાની વારતા, ભીલી મહાભારત: 'ભીલોનું ભારથ', 'ગુજરાંનો અરેલો', 'રાઠોરવારતા' જેવાં ૪ લોકમહાકાવ્યો; રૂપાં રૉણીની વારતા, 'ગોપીચંદ-ભરથરીની વારતા' જેવાં ૨૧ લોકાખ્યાનો, ૪ ગીતકથાઓ અનેક પુરાકથાઓ - લોકકથાઓ, લોકમંત્રો, ૮૦૦ લોકગીતો અને લોકાખ્યાનો- લોકમહાકાવ્યો ઉપરાંત તેના હિંદી-અંગ્રેજી અનુવાદો જ હવે ભીલ આદિવાસી સમાજનું પ્રતિનિધિ લોકસાહિત્ય બની રહે છે.

સંદર્ભ :

૧. આદિવાસી ઓળખ (૧૯૯૯), ડૉ. ભગવાનદાસ પટેલ, પૃ. ૧-૪ પ્રકાશક: માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૨. આદિવાસી લોકવિદ્યાશાસ્ત્ર (૨૦૨૨), ભગવાનદાસ પટેલ, પૃ. ૩૨૯, ૩૩૦, પ્રકાશક: ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

એ-૧૨૦૪, શરણ્ય સ્કાય વ્યૂ,
ટાઈમ્સ સ્ક્વેર સામે, થલતેજ - શીલજ રોડ,
થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯
મો. ૯૪૨૮૧૦૯૫૩૯



ગુજરાતનું પત્રકારત્વ અને વાસુદેવ મહેતા

વસંત ગઢવી

ગુજરાત તેના શ્રેષ્ઠીઓ માટે જાણીતું છે. ગુજરાતના અનેક જાણીતા શ્રેષ્ઠીઓએ વ્યાપાર અને વાણિજ્યમાં માત્ર દેશમાં જ નહીં પરંતુ વિશ્વના અનેક ભાગોમાં પોતાનાં સ્થાન અને માન મેળવ્યાં છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં વિક્રમ સારાભાઈ જેવું દિગ્ગજ નામ સમગ્ર દેશમાં આદરને પાત્ર છે અને ગુજરાતની શાન વધારે છે. ગુજરાતની મહાજન પદ્ધતિ પણ સદીઓથી ટકી રહી છે અને આજે પણ અનેક જીવદયાનાં અને સામાજિક ક્ષેત્રોનાં કામોમાં પોતાનું યોગદાન આપી રહી છે. અનેક વિદેશી શાસકો આવ્યા અને ગયા પરંતુ મહાજન પરંપરાએ પોતાનું સન્માન અકબંધ રાખ્યું છે અને પોતાના સ્વમાનના ભોગે કોઈ બાબત સ્વીકારી નથી. કવિ ઉમાશંકર જોશી તથા ઝવેરચંદ મેઘાણી જેવા ગુજરાતના સમર્થ સાહિત્યકારોએ સમગ્ર દેશના સાહિત્યરસિકોનું ધ્યાન દોર્યું છે, તેમજ વિશેષ આદરપાત્ર બન્યા છે. આ રીતે જોઈએ તો ગુજરાતના પત્રકારો અને ગુજરાતના પત્રકારત્વને પણ પોતાનું આગવું સ્વરૂપ છે અને એક અલગ સામાજિક તથા રાજકીય ઓળખ ઊભી કરી શક્યાં છે.

જનસામાન્યનો અવાજ સમજવામાં તેમજ તેને જાહેર મંચ પર મૂકવાનું મહત્ત્વનું કામ ગુજરાતના અનેક પત્રકારોએ કર્યું છે. આ પત્રકારોમાં મહાત્મા ગાંધી અને ઇન્દુલાલ યાજ્ઞિક જેવા સામાજિક તથા રાજકીય ક્ષેત્રના દિગ્ગજ પત્રકારો છે અને તે સાથે જ હરીન્દ્ર દવે અને ભગવતીકુમાર શર્મા જેવા મોટા ગજાના સર્જકો પણ છે. તે રીતે જોઈએ તો આવા અનેક લોકોના યોગદાનથી ગુજરાતનું પત્રકારત્વ મજબૂત અને આધારભૂત થયું છે. ગુજરાતના પત્રકારત્વના ઊજળા ઇતિહાસમાં ગાંધીયુગના પત્રકારત્વનું એક વિશેષ મહત્ત્વ રહેલું છે. દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યા બાદ ગાંધીજીએ સ્વતંત્રતા માટેની લડત શરૂ કરી. સમગ્ર લડતનો જનાધાર એ સામાન્ય લોકોની જાગૃતિનો હતો. લોકજાગૃતિ માટે લોક સુધી પહોંચવાનું કામ મહત્ત્વનું હતું. આ કામ નવજીવન, યંગ ઇન્ડિયા અને સૌરાષ્ટ્ર જેવાં પત્રો શરૂ કરીને લોકો સુધી પહોંચવાનો આયોજિત પ્રયાસ થયો. ગાંધીયુગના પત્રકારત્વમાં ચોક્કસ ધ્યેય હતું અને તે હાંસલ કરવા માટે આત્મવિશ્વાસ હતો. કરેંગે યા મરેંગેનો આ કપરો સમય હતો. આથી રાષ્ટ્રચેતનાને જાગૃત કરવામાં ગાંધીયુગના પત્રકારત્વનો ઘણો મહત્ત્વનો ફાળો રહ્યો. મહાદેવભાઈ દેસાઈ ગાંધીજીના અંગત સચિવ હોવા ઉપરાંત નવજીવનમાં નિયમિત રીતે લખતા હતા અને ગાંધીજીના વિચારનો પ્રસાર થાય તે માટે આ સમૂહમાધ્યમોનો ભરપૂર ઉપયોગ કરતા હતા.



મહાદેવભાઈ જે લખતા હતા તેની લોકો રાહ જોતા હતા. નવજીવન જેવાં પત્રોને કારણે ખેડા સત્યાગ્રહ કે બારડોલી સત્યાગ્રહની વાતો જનસામાન્ય સુધી પહોંચી હતી. મહાત્મા ગાંધીએ પોતાની આત્મકથા "સત્યના પ્રયોગો"ના નામે લખી હતી. આ કથા ગાંધીજીએ ગુજરાતીમાં લખી હતી. યંગ ઇન્ડિયામાં આ કથા હપતાવાર પ્રગટ થઈ હતી. મહાદેવભાઈએ ગાંધીજીની આત્મકથા જે ગુજરાતીમાં લખાયેલી હતી તેનો સરળ અનુવાદ અંગ્રેજીમાં કર્યો હતો અને યંગ ઇન્ડિયાના માધ્યમથી તે લોકો સુધી વ્યાપક રીતે પહોંચી હતી. મુંબઈ સમાચાર પ્રસિદ્ધ થયું તેને પણ ૨૦૦ વર્ષથી વધારે વર્ષનો સમય થયો છે. ફરદુનજી મર્ઝબાનના અસાધારણ કમિટમેન્ટને કારણે મુંબઈ સમાચારની શુભ શરૂઆત થઈ હતી. રાણપુરથી શરૂ થયેલું સૌરાષ્ટ્ર દૈનિક પણ આઝાદીના સમગ્ર સંગ્રામમાં મહત્ત્વનું


સ્થાન ધરાવે છે અમૃતલાલ શેઠ એક માનભરી નોકરી છોડીને પત્રકારત્વમાં પૂરી હિંમત અને નિષ્ઠાથી ઝુકાવે છે. એ રીતે સૌરાષ્ટ્ર, ફૂલછાબ જેવાં પ્રતિષ્ઠિત અખબારો તેમજ જન્મભૂમિ ગ્રૂપનું નિર્માણ થાય છે. પત્રકારત્વની આ પણ એક ઐતિહાસિક ઘટના છે. સૌરાષ્ટ્ર અને ફૂલછાબની વાત કરીએ ત્યારે અમૃતલાલ શેઠ અને ઝવેરચંદ મેઘાણી ઉપરાંત બે પત્રકારોની એક ઊજળી જોડીનો ઉલ્લેખ કરવો જરૂરી છે. આ બંને પત્રકારોનું સાહિત્યના ક્ષેત્રમાં પણ ઘણું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

જયમલ્લ પરમાર અને નિરંજન વર્મા નામના આ બંને પત્રકારોએ ઝવેરચંદ મેઘાણી સાથે ખભે ખભા મિલાવીને રાણપુરમાં કામ કર્યું હતું. ફૂલછાબને પણ સ્થાપિત કરવામાં આ બંનેનો મહત્ત્વનો ફાળો હતો. નિરંજન વર્મા એટલે કે નાનભા દુર્ભાગ્યે નાની વયે આ દુનિયા છોડીને ગયા પરંતુ જયમલ્લભાઈએ પત્રકારત્વનું ખેડાણ વર્ષોનાં વર્ષો સુધી અવિરત ચાલુ રાખ્યું. ઊર્મિ-નવરચનાના માધ્યમથી પણ ઘણાં વર્ષો સુધી સાહિત્યના રંગે રંગાયેલું પત્રકારત્વ તેમના થકી મજબૂત થયું.

સામાન્ય લોકોના હિત માટેનું પત્રકારત્વ એ નયા માર્ગનો ધ્યેયમંત્ર હતો. સાહિત્યક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરવા માટે તેમજ લોકોની વાંચન માટેની અભિરુચિ વધે તે માટે મહેન્દ્ર મેઘાણીએ લોકમિલાપ શરૂ કર્યું.

પત્રો અને પત્રકારત્વ મહદંશે શહેરોના પ્રશ્નો અને શહેરોના સમાચારોને લઈને વિશેષ સક્રિય રહ્યાં છે તેવું સર્વસામાન્ય મંતવ્ય છે, પરંતુ આ વિશાળ દેશમાં જે ગામડાઓ છે અને તેના પ્રશ્નો છે તેના પર જોઈએ તેટલું ધ્યાન ગયું નથી એ વાતનો પણ વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે. દિલીપ રાણપુરા જેવા પત્રકારોએ ગામડાઓની સમસ્યાઓ અસરકારક રીતે ઉજાગર કરી પરંતુ આ ક્ષેત્રમાં પણ જોઈએ તેટલું કામ થયું નથી એ વાત ચોક્કસ છે. અમદાવાદથી પ્રસિદ્ધ થતા 'નયા માર્ગ'ને પણ આ તેજસ્વી યાદીમાં મૂકવાનું ભૂલી શકાય તેમ નથી. સામાન્ય લોકોના હિત માટેનું પત્રકારત્વ એ નયા માર્ગનો ધ્યેયમંત્ર હતો. સાહિત્યક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરવા માટે તેમજ લોકોની વાંચન માટેની અભિરુચિ વધે તે માટે મહેન્દ્ર મેઘાણીએ લોકમિલાપ શરૂ કર્યું. ઉત્તમ પ્રકારના લેખોનું ચયન કરીને તેમાં મૂકવામાં આવ્યા. દુર્ભાગ્યે 'લોકમિલાપ' બંધ થયું તેની ખોટ ગુજરાતને રહી છે. ગ્રામીણ પત્રકારત્વમાં દિલીપ રાણપુરા ઉપરાંત સુરેન્દ્રનગરથી પ્રકાશિત થતા 'સમય' નામના અખબારનું પણ એક વિશેષ મહત્ત્વ રહેલું છે.

ભાનુભાઈ શુકલને જ્યારે પણ મળવાનું થતું ત્યારે તેમની પાસેથી અનેક વાતો અને ગામડાઓના પ્રશ્નો સાંભળવા મળતા હતા. લોકોના પ્રશ્નોને સમજીને તેને રજૂ કરવાની ભાનુભાઈ શુકલની એક અલગ આવડત હતી. ભાનુભાઈ શુક્લ પત્રકારત્વની એક સમર્પિત મૂર્તિ સમાન હતા. કવિ અને પત્રકાર હરીન્દ્ર દવેને યાદ કરતા સૌજન્યશીલ વ્યક્તિના દર્શન થાય છે. હરીન્દ્ર દવે એક સમર્થ સાહિત્યકાર અને સર્જક હતા. એક વિચારશીલ અને કર્મઠ પત્રકાર પણ હતા. પત્રકારત્વમાં અનાયાસે આવી ગયા હોય તેવું પણ ઘણાને લાગતું હતું. હરીન્દ્રભાઈ પોતે પણ કહેતા હતા કે હું પ્રથમ એક સાહિત્ય સર્જક છું પરંતુ આ સર્જનયાત્રાનો એક મહત્ત્વનો ભાગ એ પત્રકારત્વ છે તેમ હરીન્દ્રભાઈ સ્પષ્ટ રીતે માનતા હતા. હરીન્દ્રભાઈએ એક ભાવનાશીલ સર્જકતાથી લોકનાયક જયપ્રકાશ નારાયણનું નિધન થયું ત્યારે વેદનાયુક્ત શબ્દોથી શ્રદ્ધાંજલિ આપી હતી . તેમણે કહ્યું હતું કે આજે અમે તમને મુક્ત રીતે અંજલિ આપી શકીએ છીએ તે તમારી જેવા લોકનાયકના સામર્થ્યના કારણે જ શક્ય બન્યું છે. થોડા શબ્દોમાં મોટી વાત મૂકી દેવાની આ એક વિશિષ્ટ છટા હતી. સૌરાષ્ટ્રના પત્રકારોની વાત કરીએ ત્યારે



અમૃતલાલ શેઠની જેમ જ રાજકોટના બાબુભાઈ શાહનું સ્મરણ થાય છે. અખબારી આલમમાં તેમનું વ્યક્તિત્વ અલગ તરી આવતું હતું. 'જયહિન્દ' નો જે વિશાળ ફેલાવો થયો તેના પાયામાં બાબુભાઈની સૂઝ અને આવડત હતાં. સૌરાષ્ટ્રના પત્રકારત્વની વાત શનિના ઉલ્લેખ સિવાય પૂરી થઈ શકતી નથી. શનિના વ્યક્તિત્વને ઉજાગર કરતું 'ચેત મછંદર' અખબાર ઘણા લોકોની સ્મૃતિમાં આજે પણ હશે. શનિ એ જાગૃત અને નિર્ભય પત્રકારત્વનો એક ઉત્તમ નમૂનો છે. કલમની જેમ તેમની પીંછી પણ ધારદાર અને અસરકારક હતી. તેમાં કટાક્ષ-રેખાની પ્રમાણસર અને માણવી ગમે તેવી ખૂબી હતી. કાર્ટૂનના ક્ષેત્રે શનિનું પ્રદાન એ ગુજરાતી પત્રકારત્વનો એક ઊજળો અને સ્મૃતિમાં રહે તેવો અધ્યાય છે.

ગુજરાતી પત્રકારત્વની વાત કરીએ ત્યારે એક અડીખમ વ્યક્તિત્વનું અચૂક સ્મરણ થાય છે. લોકો તેમને ક્કલભાઈ કોઠારીના નામથી ઓળખે છે અને પત્રકારત્વની દુનિયામાં આ એક જાણીતું નામ છે. ક્કલભાઈએ અનેક પત્રકારોનું નિર્માણ કર્યું. તેમનું ઘડતર કર્યું. મૂલ્ય આધારિત પત્રકારત્વના તેઓ આજીવન ઉપાસક હતા. આ સંસ્કારનું સિંચન અનેક નાના-મોટા અને ઊગતા પત્રકારોમાં પણ તેમણે કર્યું. ચાંપશી ઉદેશી અને નવચેતનની કથા પણ ગૌરવશાળી છે અને ગુજરાતના પત્રકારત્વમાં આ બંને નામો સ્થાયી થયેલાં છે. માહિતી વિભાગમાં કામ કરવાનું થયું ત્યારે ભૂપતભાઈ વડોદરિયાને પણ મળવાના પ્રસંગો થયા છે.

એક પીઢ અને વિચારક પત્રકાર કેવા હોઈ શકે તેનો ઉત્તર મેળવવો હોય તો ભૂપતભાઈને મળવું જોઈએ તેવી લાગણી મને અને બીજા અનેક લોકોને હતી. પત્રકારત્વના ક્ષેત્રમાં અને રાજ્ય સરકારમાં પણ યોગદાન કર્યું હોય તેવા ઓછા પત્રકારો છે, જેમાંના એક ભૂપતભાઈ વડોદરિયા છે. બીજા પણ આવા સ્વનામધન્ય પત્રકારોનો ઉલ્લેખ કરી શકાય. પરંતુ થોડા પત્રકારોનો જે ઉલ્લેખ કર્યો છે તેનાથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતના પત્રકારત્વને ઘાટ આપવામાં ઘણા અભ્યાસી અને નિર્ભય પત્રકારોએ ફાળો આપ્યો છે. હેતુલક્ષિતાને ધ્યાનમાં લઈને તેમણે પોતાના સમયમાં પોતાનું કામ ઉત્તમ રીતે કરેલું છે. પત્રકારોનો અને પત્રકારત્વનો આગવો ઈતિહાસ જોતાં, એ બાબત સ્પષ્ટ થાય છે કે પેઢી દર પેઢી એક નિષ્ઠા સાથે આ બધા લોકો જોડાયેલા રહ્યા. ઓછાં સાધનો હોવા છતાં પણ તેમનો જુસ્સો કદી ઓછો થયો ન હતો. પોતે જે વ્યવસાય સાથે સંકળાયેલા છે તેનું ગૌરવ કદી હણાય નહીં તેની પૂરી કાળજી તેઓએ રાખી હતી.

જે દેશી રજવાડાઓએ સૌરાષ્ટ્રને પોતાના રાજ્યમાં પ્રવેશ સામે મનાઈ ફરમાવી હોય કે પ્રતિબંધ મૂક્યો હોય તેવા રાજ્યમાં રાજવીનું આમંત્રણ હોય છતાં પણ ઝવેરચંદ મેઘાણી જતા ન હતા. તેઓ કહેતા કે જ્યાં સૌરાષ્ટ્રને આવકાર ન હોય ત્યાં મારે જવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. આ પત્રકારત્વ સ્વમાનના ભોગે કદી નબળું પડ્યું નથી. તેઓ હંમેશાં કહેતા કે સૌરાષ્ટ્રની પ્રતિષ્ઠા એ વ્યક્તિગત રીતે મારી પણ પ્રતિષ્ઠા છે અને એ રીતે તે સમગ્ર પત્રકારત્વની પ્રતિષ્ઠાનો ભાગ બને છે.

પત્રકારોના કેન્દ્રસ્થાને કોઈ શાસકો કે શ્રીમંતો ન હતા પરંતુ વિશાળ જનસમૂહ હતો. આથી તેમની કાર્યનિષ્ઠા અને કાર્ય કરવાની પ્રથા અલગ હતાં. ગુજરાત તેના અનેક પત્રકારો માટે ગૌરવ લઈ શકે તેવું છે.

જે યુગમાં આ પત્રકારો રહ્યા, જીવ્યા અને કામ કરી ગયા ત્યાં તેમને કેટલો નફો કે કેટલી ખોટ ગઈ તે વાતનો હિસાબ થશે નહીં પરંતુ એટલું ચોક્કસ લાગે છે કે તેઓને જે ઉત્તમ બાબતો લાગતી હતી અને તેઓને જે બાબત લોકહિતની લાગી હતી તે બાબત તેમણે કોઈની પણ શેહશરમ રાખ્યા સિવાય રજૂ કરી હતી. કોઈને ગમે કે ન ગમે, તો પણ તેઓ આ કામને પોતાનો ધર્મ ગણતા હતા. એ રીતે જોઈએ તો ગુજરાતના પત્રકારત્વની એક અનોખી છબી ઊભી કરનાર આવા અનેક પત્રકારોના આપણે ઋણી છીએ. આ પત્રકારોના કેન્દ્રસ્થાને કોઈ શાસકો કે શ્રીમંતો ન હતા પરંતુ વિશાળ જનસમૂહ હતો. આથી તેમની કાર્યનિષ્ઠા અને કાર્ય કરવાની પ્રથા અલગ હતાં. ગુજરાત તેના અનેક પત્રકારો માટે ગૌરવ લઈ શકે તેવું છે.

પત્રકારોની આવી એક ઊજળી પરંપરાની મજબૂત કડી સમાન વાસુદેવ મહેતા હતા. ૧૯૧૯થી ૧૯૯૭ - દેશમાં કટોકટી લાદવામાં આવી અને ગુજરાતમાં નવનિર્માણ

આંદોલન થયું તે ગાળામાં જ્યારે કૉલેજનો અભ્યાસ પૂરો કરીને શિક્ષિત થયેલા યુવકો વ્યવસાયમાં જોડાવાની તૈયારી કરતા હતા ત્યારે મારી જેવા અનેક યુવાનોના મનમાં વાસુદેવ મહેતાનું લખાણ અગ્રસ્થાને રહેતું હતું. તેમના વિશે ચર્ચાઓ થતી હતી. તેમની કૉલમો વિશે વાદવિવાદ થતા હતા. દેશમાં કટોકટી જાહેર કરવામાં આવી અને ત્યારબાદ જે જે ઘટનાઓ બની હતી તે યુવાનોની ચર્ચાનો એક મહત્ત્વનો વિષય રહેતો હતો.

ઇતિહાસ એક નવા વળાંક ઉપર આવીને ઊભો રહ્યો. નવી ચૂંટણીઓ પછી થયેલી નવી સરકારનું ગઠન, એ બધી બાબતો લોકોના વિચારો પર છવાયેલી હતી. આ સમયમાં વાસુદેવ મહેતાના વિચારો તેમની વિવિધ કૉલમ મારફત અમે વાંચતા હતા. તેમનાં પ્રવચનો સાંભળવાં ગમતાં હતાં. બેત્રણ વખત તેમને અંગત રીતે મળવાનું પણ થયું છે, ત્યારે એક વિચારશીલ પુરુષ તરીકેની છાપ હંમેશાં રહી છે. સાદગી અને સરળતામાં શોભતું તેમનું અનેરું વ્યક્તિત્વ હતું. થોડા સમય પહેલાં વાસુદેવ મહેતા વિશે લખાયેલું પુસ્તક 'પત્રકાર શિરોમણી વાસુદેવ મહેતા' જોઈને આનંદ થયો. રમેશ તન્ના અને અનિતા તન્નાએ ખૂબ કાળજીથી આ પુસ્તકનું સંપાદન કર્યું છે. ગૂર્જર સાહિત્યનું આ પ્રકાશન છે.

વાસુદેવભાઈ વિશે ઘણી નવી બાબતો પણ તેમાંથી જાણવા મળી. જ્યારે તેઓ મળતા કે તેમના લખેલા લેખો વાંચતા ત્યારે તેમના પારદર્શક વિચારો અને તેમાં રહેલી આરપારની સ્પષ્ટતા હંમેશાં જોવા મળતાં હતાં. લખાણની એક એવી પ્રવાહી શૈલી હતી કે અખબારના સામાન્ય વાચકને પણ એ સમજાય તેમજ તેનો રસ પણ જળવાઈ રહે. આમ તો એ સમય દેશના રાજકીય પ્રવાહમાં બહુચર્ચિત સમય હતો. દેશમાં જ્યારે કટોકટી લાદવામાં આવી ત્યારે મુક્ત પત્રકારત્વ ઉપર પણ એક મોટું જોખમ ઊભું થયું હતું જે બાબત જાણીતી છે.

સેન્સરશિપને કારણે અનેક વર્તમાનપત્રો મુક્ત રીતે સમાચારો પ્રગટ કરી શકતા ન હતાં, તેમજ વિચારોની અભિવ્યક્તિ કરવામાં પણ એક મોટી મર્યાદા આવી જતી હતી. 'ભૂમિપુત્ર' જેવાં કેટલાંક અખબારો આ નિયંત્રણો સામે છડેચોક લડ્યાં હતાં. કાયદાવિદ ચંદ્રકાંત દરૂ જેવી વ્યક્તિઓએ વ્યક્તિગત સ્વાતંત્ર્યને લઈને અલખ જગાવી હતી. તે માટે જેલવાસ પણ તેમણે ભોગવ્યો હતો. આ બધા સંજોગોમાં એક તટસ્થ વિશ્લેષણ થાય અને સારાં અને નરસાં એમ બંને પાસાઓની સ્પષ્ટતાઓ લોકોને મળે તે ખૂબ જરૂરી હતું.

આ સમયે વાસુદેવ મહેતા જેવા પત્રકારોએ આ ખોટને પૂરી કરી હતી. પત્રકારત્વમાં કમિટમેન્ટની આ એક મહત્ત્વની ઘટના હતી. રાજકીય તથા સામાજિક પ્રવાહો સતત બદલાતા રહે છે. આ બદલાવના ફાયદા અને ગેરફાયદા બંને નજરમાં આવ્યા સિવાય રહેતા નથી, આ સંદર્ભમાં ગુજરાતના પત્રકારત્વમાં થયેલી વ્યાપારીકરણની ચર્ચા અંગે પણ તેમનું મંતવ્ય સ્પષ્ટ રહેલું હતું.

વ્યાપારીકરણની આ વ્યાપક પ્રક્રિયામાં પત્રકારત્વમાંથી પત્રકારનું જ મૂલ્ય ઓછું આપવામાં આવે તેવી કોઈ બાબત તેમને મંજૂર ન હતી. આ બાબતમાં તેમના વિચારો તેમણે એકથી વધારે વખત સ્પષ્ટ રીતે જણાવ્યા હતા. ઘણા લોકોને આ વિચારો પસંદ ન પડે તો પણ તેમણે તે બાબતમાં કોઈ સમાધાનવૃત્તિ દાખવી ન હતી. અમદાવાદના સુપ્રસિદ્ધ ખાડિયા વિસ્તારના ખરા અર્થમાં તેઓ જાગૃત પ્રતિનિધિ હતા.

દેશમાં જ્યારે કટોકટી લાદવામાં આવી ત્યારે મુક્ત પત્રકારત્વ ઉપર પણ એક મોટું જોખમ ઊભું થયું હતું જે બાબત જાણીતી છે. સેન્સરશિપને કારણે અનેક વર્તમાન પત્રો મુક્ત રીતે સમાચારો પ્રગટ કરી શકતા ન હતાં.

પત્રકારોએ હંમેશાં વાંચવું જોઈએ અને પોતાની જાતને અપડેટ કરવી જોઈએ તે વાતમાં માનનારા વાસુદેવભાઈ અનેક વિષયોનાં પુસ્તકો વાંચતા હતા. વાંચન સિવાય એક સફળ અને અસરકારક પત્રકારનું નિર્માણ થઈ શકે નહીં તેવી તેમની માન્યતા આજે પણ એટલી જ સાંપ્રત અને મહત્ત્વની છે. રાજકીય નેતાઓ સાથેના પણ તેમના સારા સંબંધો હોવા છતાં તેમની સાથેનો તેમનો વ્યવહાર એક મર્યાદાયુક્ત રહેતો હતો. આ પ્રકારના અભિગમને કારણે તેમનાં લખાણોની વિશ્વસનીયતા વિશેષ હતી. 'રાજકારણના અંતરંગ' કે 'અલ્પવિરામ' જેવી તેમની 'કૉલમો' વાચક-વર્ગમાં ખૂબ જ લોકપ્રિય થઈ હતી.

વાસુદેવભાઈ કુટુંબ પ્રત્યે હંમેશાં ઊંડી લાગણી ધરાવતા હતા અને કુટુંબનાં સભ્યોની જવાબદારી ઉઠાવવાની પણ તેમની હંમેશની તૈયારી હતી. ૯૬ વર્ષનાં તેમનાં માતાનું અવસાન થયું ત્યારે તેમણે કહ્યું કે મારી પણ ઉમર થઈ છે

અને માની પણ ૯૬ વર્ષની ઉમર થઈ હતી. આ બાબત એક હકીકત હોવા છતાં એમ લાગે છે કે મારા માથા પરથી છાપરું ઊડી ગયું છે. તેમની શૈલી આગવી અને ચોટદાર હતી. પોતાના વિચારો નિર્ભયપણે પ્રગટ કરવાનો તેમનો મૂળભૂત સ્વભાવ હતો. લખાણમાં મૌલિકતાને કારણે તેમનાં લખાણોનો આદર કરનાર એક મોટો વર્ગ હતો. જીવનભર ખુમારી જાળવીને જીવ્યા. પોતાની જરૂરિયાતો મર્યાદિત કરી. સ્વાભાવિક છે કે જરૂરિયાતો કે મહેચ્છાઓ એક પ્રમાણથી બહાર હોય તો તે માટે જીવનમાં ઘણાં સમાધાનો કરવાં પડે છે. કોઈ માનહીણું સમાધાન તેમને મંજૂર ન હતું. છાપાઓમાં મહદંશે રાજકીય કાવાદાવા, દેશ-દેશાવરમાં થયેલી દુર્ઘટનાઓ અને ગુનાહિત કૃતિઓની બાબતોને વિશેષ સ્થાન મળે છે તે આજે આપણી નજર સામે સ્પષ્ટ છે. આમ થવાનું એક કારણ એ પત્રકારો કે ખબરપત્રીઓની સજ્જતા વિશે પણ હોઈ શકે છે. વાસુદેવભાઈને આ બાબતનો અનુભવ હતો. કદાચ પત્રકારોની સજ્જતા ઓછી હોય તો પણ સંપાદકોએ એ બાબતમાં તેમને મદદ કરવી જોઈએ અને તેમને દોરવા જોઈએ તેવા મતના તેઓ હતા. સાંપ્રત સ્થિતિમાં પણ આપણે નજર કરીએ તો સમાચારોની ગુણવત્તા બાબતમાં ઘણું બધું કરવાનું બાકી રહે છે. સામાન્ય રીતે રાજકીય પક્ષોના અને મોટાં શહેરોના સમાચારોને પ્રાધાન્ય મળે તેટલું સ્થાન ગામડાઓના સમાચારો કે લોકોના પ્રશ્નોને મળતું નથી. લખાણોની ગુણવત્તા અને લખાણોની ભાષા બાબતમાં પણ સતત સુધારો થવો જોઈએ. સામાન્ય લોકોની સમસ્યાઓ તરફ જ્યારે પત્રકારત્વનું ધ્યાન જાય ત્યારે એ પત્રકારત્વની વિશેષ પ્રતિષ્ઠા થાય છે તે બાબત આજે દેખાઈ રહી છે. કટોકટી સામે 'ભૂમિપુત્ર' 'જનસત્તા' તેમજ 'ઇન્ડિયન એક્સપ્રેસ' જેવાં અને અન્ય કેટલાંક પત્રોએ જે સિદ્ધાંતનિષ્ઠ અભિગમ લીધો તેના તેઓ પ્રશંસક હતા. તંત્રીમંડળમાં પણ અલગ અલગ વિષયના જાણકાર અને તજજ્ઞ લેખકો હોય તો જે તે પત્રનું મૂલ્ય વધે છે. તેના સમાચારો તથા લેખોનું મૂલ્ય પણ વધે છે. આજે આવી સ્થિતિ રહી નથી અથવા નબળી પડી છે તેનો અંદાજ વાસુદેવભાઈને તેમના સમયમાં પણ હતો. કોઈ પત્રકાર પોતાની ઑફિસમાં બેસીને પત્રકારત્વ કરે તો તેમાં વાસ્તવિકતા આવી શકે નહીં તેમાં તેઓ માનનારા હતા. લોકહૃદયના ધબકાર જ્યારે પત્રકાર ઝીલે ત્યારે જ તેનું પત્રકારત્વ ખીલી ઊઠે છે. હમણાં જ આપણી વચ્ચેથી ગયા તે સુપ્રસિદ્ધ પત્રકાર માર્ક ટુલીનું સ્મરણ થાય છે. બીબીસીના પત્રકાર હોવા છતાં અને આ દેશના ન હોવા છતાં તેઓ આપણા દેશની ભાષા અને લોકો સાથે એકરસ થયા હતા. સામાન્ય લોકોના પ્રશ્નોને તેમણે સુપેરે bbcમાં વાચા આપી હતી. આમ થવાનું મુખ્ય કારણ એ તેમનું સતત ભ્રમણ હતું. આ રીતે જ ઝવેરચંદ મેઘાણી, અમૃતલાલ શેઠ કે કકલભાઈ કોઠારી જેવા પત્રકારોની પણ સ્મૃતિ થાય છે. સતત લોકસંપર્ક એ તેમની ખરી તાકાત હતી. તેમનું પત્રકારત્વ ગૌરવયુક્ત બની શક્યું હતું. ગુજરાતના અગ્રણી સમાચારપત્રોમાં વાસુદેવભાઈ રહ્યા અને પોતાનું યોગદાન આપ્યું. તેઓ 'જનસત્તા'ના પણ તંત્રી રહ્યા હતા. એક રાજકીય નિરીક્ષક તરીકે તટસ્થ રહીને લખવું તે બાબત તેમના વ્યક્તિત્વનો ભાગ હતી. કોઈ પણ પ્રશ્નને ઊંડેથી સમજીને અને તેના પર વિચાર કરીને લખવાની તેમની ટેવને કારણે તેમના લખાણનું સામર્થ્ય અન્ય લોકોથી તદ્દન જુદું પડતું હતું અને તેથી લોકોના ધ્યાનમાં આવતું હતું. સમાજની જાગૃતિ તેમજ સ્વસ્થતા માટે એક વિચારશીલ પત્રકાર ઘણું મોટું યોગદાન આપી શકે છે. વાસુદેવભાઈ આ બાબતનું એક જ્વલંત ઉદાહરણ હતા. કોઈ શોર્ટકટ તેમને મંજૂર ન હતો. જીવનના ચાર-સાડાચાર દાયકા તેમણે કલમ પર આધાર રાખીને ગુજાર્યા તે બાબત સામાન્ય નથી. અનેક પત્રોમાં તેઓ રહ્યા. આટલાં બધાં છાપાઓ કેમ બદલ્યાં તેવું પૂછવામાં આવતા તેઓ હંમેશાં કહેતા કે તેમને પોતાની કલમ પર વિશ્વાસ છે. ઉપરાંત તેમની જરૂરિયાતો મર્યાદિત છે. ગૌરવપૂર્વક જીવવા માટે તે બંને બાબતો પાયામાં હતી. એ વાત પણ ખૂબ મહત્ત્વની છે કે પત્રકારત્વ ત્યારે જ અસરકારક તથા ધારદાર બને કે

સામાન્ય લોકોની સમસ્યાઓ તરફ જ્યારે પત્રકારત્વનું ધ્યાન જાય ત્યારે એ પત્રકારત્વની વિશેષ પ્રતિષ્ઠા થાય છે તે બાબત આજે દેખાઈ રહી છે.

જ્યારે સંપાદકોની તેમાં મુક્ત સંમતિ હોય અને પત્રકારને તે માટે ખુલ્લું મેદાન પણ આપવામાં આવતું હોય. આવા પત્રકારો અને સંપાદકોની જુગલબંધીથી જ પત્રકારત્વનો જે દીપ છે તે ઝળહળી ઊઠે છે. જે લોકો પત્રકારત્વના ક્ષેત્રમાં આવવા માંગે છે તેમને માટે વાસુદેવભાઈએ આપેલી સલાહ બહુ મહત્ત્વની છે. વાસુદેવભાઈ કહે છે કે પત્રકારત્વના ક્ષેત્રમાં આવતાં પહેલાં પૂરતો વિચાર કરવો જોઈએ. હાથે કરીને કૂવામાં પડવા જેવું આ ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં સંઘર્ષ છે તેવી તેમની વાત યથાર્થ છે. ઉપરાંત એક પત્રકાર તરીકે સતત પરિશ્રમ કરવાની વાત પણ તેઓ કરતા હતા અને જુનિયર પત્રકારોને સમજાવતા હતા. પત્રકારત્વના આ વ્યવસાયમાં કુટુંબજીવનની અનેક સવલતો જતી કરવી પડે છે તે તરફ તેઓ અવારનવાર ધ્યાન દોરતા હતા.તેઓ કહેતા કે જેમને જીવતા શહીદી લેવાની તૈયારી હોય તેવા લોકોએ વિચાર કર્યા બાદ આ વ્યવસાય સ્વીકારવો જોઈએ. માત્ર પત્રકારત્વનો અભ્યાસ કરવાથી જ કોઈ ઉમદા પત્રકારનું નિર્માણ થતું નથી તેમ તેમણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું. તેઓ કહેતા કે પત્રકારત્વ માટે એક લગન જોઈએ અને સાંપ્રત સમસ્યાના અભ્યાસ ઉપરાંત ખુલ્લી આંખે અને ખુલ્લા કાને સાંભળી તથા જોયેલી વસ્તુઓ કલમ મારફત રજૂ કરવાની શક્તિ હોવી જોઈએ. આ કારકિર્દીમાં અનેક વિઘ્નો આવે તો પણ પોતાની સજ્જતા થકી તેની સામે લડવાની તૈયારી હોય તે વ્યક્તિ જ સફળ પત્રકાર બની શકે છે એવું તેમનું મંતવ્ય સર્વથા યથાર્થ છે. આ ક્ષેત્રમાં દાખલ થતા પત્રકારો માટે હંમેશાં માર્ગદર્શક બની રહે તેવું છે. તેઓ માનતા કે છાપવામાં આવતા વાચકોના પત્રો એ કોઈ પણ અખબારનો મહત્ત્વનો ભાગ છે. ઉપરાંત છાપા માટે પણ આ એક મહત્ત્વની સામગ્રી છે. કોઈ પણ અખબાર એ આખરે તો લોકમાધ્યમ છે અને તેથી લોકોનો અવાજ તેમાં અવશ્ય રીતે સંભળાવો જોઈએ. પત્રકારત્વની તાલીમ વિશે તેમને બહુ સંતોષ ન હતો. તેમના મતે અભ્યાસી અને રચનાત્મક પત્રકારત્વ એ સમાજની જરૂરિયાત છે. કેટલાંક અંગ્રેજી પુસ્તકોનો સુંદર અનુવાદ પણ તેમણે આપણા માટે કરી આપ્યો છે. તેઓ કહેતા કે વર્તમાનપત્રો નફા અને ખોટની બાબતોથી મુક્ત રહેતાં નથી પરંતુ માત્ર તેને જ કેન્દ્રમાં રાખીને પત્ર ચલાવવામાં આવે તો તેમાં અખબારી સ્વસ્થતાનું દર્શન થતું નથી. તેઓ માનતા કે અખબારનું સામર્થ્ય તેના નફામાં કે કેટલા પૈસા કમાય છે તેમાં નથી પરંતુ તેની સાર્થકતા આ પત્ર કેટલો પ્રકાશ પાથરે છે અને સમાજજીવન સમૃદ્ધ કરે છે તેના પર છે. સમાચાર એકઠા કરવામાં ખબરપત્રીઓને જો આર્થિક તંગી ભોગવવી પડતી હોય તો સમાચાર એકત્રિત કરવા મુશ્કેલ છે. ખૂણેખાંચરેથી સમાચારો એકત્રિત કરવાની ખબરપત્રીઓની શક્તિ મજબૂત કરવી જોઈએ તેવું તેમનું સ્પષ્ટ મંતવ્ય હતું. જાહેરખબર અંગે પણ કોઈ પણ અખબાર કેવી નીતિ અપનાવે છે તેના પર તેની સ્વસ્થતાનો અને પ્રતિષ્ઠાનો આધાર રહે છે. રાજ્ય સરકારો કે કેન્દ્ર સરકાર પણ આ બાબતમાં ન્યાયપૂર્ણ અને પારદર્શક હોય તે જરૂરી છે એવા તેમના વિચારો આવકારદાયક છે. અનુકરણ કરવા જેવા પણ છે, પરંતુ તેની સામે વાસ્તવિક સ્થિતિનો વિચાર કરીએ તો સ્થિતિ અલગ દેખાય છે.

વાસુદેવભાઈ મહેતા જેવા એક દિગ્ગજ પત્રકાર અને તેમના અનુભવો વિશે વાત થાય તેમજ તેમના ઉપર ચર્ચા થાય તો આજના પત્રકારત્વના ક્ષેત્રમાં કામ કરતા અથવા આ ક્ષેત્રમાં પ્રવેશ કરતા અનેક લોકો માટે ઘણી ઉપયોગી બની રહે તે ચોક્કસ છે. અંતે તો કોઈ એક પત્રકાર ત્યારે જ નિર્ભય રીતે કામ કરી શકે કે જ્યારે તેને તેમ કરવાની પૂરતી મોકળાશ હોય અને નાણાકીય સવલત પણ હોય. આ બંને બાબતો હોય અને તેની અભ્યાસવૃત્તિ હોય તો જ એક સ્વસ્થ પત્રકારનું તેમાંથી નિર્માણ થાય છે. જેમની ટીકા કરવામાં આવે તેમનું વલણ જો સ્વસ્થ ટીકા કે સમીક્ષા સહન કરવાનું ન હોય તો સ્વસ્થ પત્રકારત્વ પાંગરવું મુશ્કેલ છે. વાસુદેવભાઈનું સ્મરણ થાય ત્યારે એક નિર્ભય અને સ્વસ્થ પત્રકારનું દર્શન થાય છે. તે પ્રથા જાળવી રાખવા માટે અને તેમાં સંવર્ધન કરવા માટે સૌ લોકોએ સામૂહિક પ્રયાસો કરવા પડશે તેમ પણ લાગ્યા કરે છે. સ્વસ્થ પત્રકારત્વ સિવાય સ્વસ્થ સમાજનું નિર્માણ થવું મુશ્કેલ છે.

પ્લોટ નં. ૧૧૫/૨, સેક્ટર-૨-એ,
ગાંધીનગર-૩૮૨૦૦૭
મો. ૯૯૭૮૪૦૬૧૩૦

આપણું અદ્‌ભુત વિશ્વ (બ્રહ્માંડ)

ડો. જે. જે. રાવલ

આઈન્સ્ટાઈને એકવાર કહેલું કે બ્રહ્માંડ વિશે ન સમજાય એવી બાબત એ છે કે તે સમજાય એવું છે. એટલે કે પ્રથમ દૃષ્ટિએ આપણે એમ લાગે કે બ્રહ્માંડ ઘણું ગૂંચવણભર્યું છે અને સમજાય તેવું નથી પણ આપણે પ્રયત્ન કરીએ તો તે ખરેખર સમજાય તેવું છે. જેમ કે ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર, પહેલી દૃષ્ટિએ લાગે કે તે અઘરાં વિષયો છે અને સમજાય એવા નથી, પણ તેને સમજવા પ્રયત્ન કરીએ તો તે સમજાય તેવા છે.

કલ્પના કરો કે તમે વિશાળ આગબોટમાં છો, અને તમારી આગબોટ મધ્ય દરિયે છે. અને તમારી ફરતે ક્ષિતિજ છે, ક્ષિતિજ પર કાંઈ જ નથી, ક્ષિતિજ તદન ખાલી છે, નીચે ઉછાળા મારતું દરિયાનું પાણી છે અને ઉપર આકાશ. રાતે ઊછળતું કાળું ડિબાંગ પાણી અને ઉપર તારાભર્યું આકાશ. તમારી એ આગબોટના ભંડકિયામાં એક પેરુ (અમૃત, જામફળ)નો કરંડિયો છે અને એ કરંડિયામાં એક જામફળ છે જેમાં એક ઈયળ છે. આ ઈયળ બ્રહ્માંડને સમજવા પ્રયત્ન કરે છે. એ કેવું આશ્ચર્યભર્યું લાગે, તેવી જ સ્થિતિ પૃથ્વી સ્થિત આપણી છે. આપણે પૃથ્વી પર છીએ જેની ફરતે વાયુમંડળ છે અને આપણે દૂરબીનની મદદથી બ્રહ્માંડનો તાગ કાઢવા બેઠા છીએ. આપણે પૂર્વની બારીમાંથી જોઈએ તો બ્રહ્માંડ અલગ દેખાય, દક્ષિણની બારીમાંથી જોઈએ તો બ્રહ્માંડ અલગ દેખાય, પશ્ચિમ કે ઉત્તરની બારીમાંથી જોઈએ તો પણ બ્રહ્માંડ અલગ દેખાય. આપણે પ્રકાશના અલગ અલગ સાત રંગો VIBGYOR (જાનીવાલીપીનારા) વાયોલેટ, ઈન્ડિગો, બ્લૂ, ગ્રીન, યલો, ઓરેન્જ અને રેડમાં જોઈએ તો દરેકમાં આપણને બ્રહ્માંડ અલગ અલગ દેખાય. આમ બ્રહ્માંડને સમજવું ઘણું અઘરું છે તેમ છતાં પૃથ્વી પરના વિજ્ઞાનીઓએ તેને સમજવા પ્રયત્નો કર્યા છે.

એકવાર આઇન્સ્ટાઇને કહેલું કે પૂરી પૃથ્વીના માણસો પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓના (ભારતનાં) ઋણી છે જેઓએ શૂન્ય અને આંકડા, દશાંશ પદ્ધતિ શોધી આપણને ગણતાં શિખડાવ્યું છે.



આપણને પૃથ્વી કેવડી મોટી લાગે છે ! આપણે પૂરા જીવનભર તેની ઉપર ફરીએ તો આપણે તેના ખૂણે ખૂણે જઈ શકીએ નહીં, એટલી મોટી આપણી પૃથ્વી છે. હકીકતમાં પૃથ્વીને ખૂણો નથી, તે દડા તેવી ગોળ છે. પણ સૂર્ય સામે જોઈએ તો? સૂર્ય એવડો મોટો છે કે તેમાં ૧૩ લાખ પૃથ્વી સમાઈ જાય. સૂર્ય અને પૃથ્વી વચ્ચે અંતર ૧૫ કરોડ કિ. મી. છે. આ વિશાળ આંકડા ક્યાંથી આવ્યા? કોણે શોધ્યા? આ આંકડા પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓની દેન છે. આ આંકડા પ્રાચીન ભારતીય ઋષિમુનિઓએ ન શોધ્યા હોત તો વિજ્ઞાનનું અને દુનિયાનું શું થાત! એક દિવસ ગણતરી વગર રહો તો ખબર પડશે કે કેમ રહેવાય છે !

એકવાર આઈન્સ્ટાઈને કહેલું કે પૂરી પૃથ્વીના માણસો પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓના (ભારતનાં) ઋણી છે જેઓએ શૂન્ય અને આંકડા, દશાંશ પદ્ધતિ શોધી આપણને ગણતાં શિખડાવ્યું છે, વિશાળ દુનિયા (બ્રહ્માંડ) સમજવા તો ભારતીય અંક સંખ્યા કામની છે પણ સૂક્ષ્મ દુનિયા સમજવા 10^{-35} મિટર, 10^{-44} સેકન્ડ જેવા

આંકડા સમજવા અને વસ્તુનું માપ કાઢવા પણ ભારતીય અંકસંખ્યા જ કામની છે. ખરેખર કયા એક ઋષિએ અંક સંખ્યા, શૂન્ય, દશાંશ પદ્ધતિ શોધી છે તે આપણને ખબર નથી, અને જો એ જમાનામાં નોબેલ પારિતોષિક હોત તો તે તેને જ મળત. આ આંકડા જાદુથી પણ વધારે છે. પૂરી દુનિયા તેનો દરરોજ દરરોજ ઉપયોગ કરે છે અને ભારતને યાદ કરે છે.

આંકડાની વાત તો સમજ્યા પણ આ અંતર માપનની શોધ કોણે કરી ? એ બીજો જાદુ છે, એ એક બીજી મહાન શોધ છે. આપણે કહીએ કે પૃથ્વી અને સૂર્ય વચ્ચે ૧૫ કરોડ અને પૃથ્વી અને ચંદ્ર વચ્ચે ૩,૮૪,૦૦૦ કિ. મી.નું અંતર છે તે અંતરમાપનનું અસ્તિત્વ હોય તો જ આપણે એ જાણી શકીએ ને ? એ અંતરમાપન શોધ ભારતીય કેરળના ઋષિ બૌધાયને કરી હતી. પણ આપણને આપણા વિશે જ, આપણી અસ્મિતાની જ ખબર નથી તો શું થાય! આ અંતરમાપનનું સૂત્ર બૌધાયને આપેલું જેને જગત પાયથાગોરસના પ્રમેય તરીકે ઓળખે છે, તે મિટર સ્કેલ છે, મેઝરિંગ ટેપ છે. (x_1, y_1) અને (x_2, y_2) બે બિન્દુઓ હોય તો તે બે બિન્દુઓ વચ્ચેનું અંતર $\sqrt{(x_1-x_2)^2+(x_1-x_2)^2}$ થાય. સ્ક્વેઅર રુટ (Square Root, વર્ગમૂળ) પણ ભારતીય ગણિતશાસ્ત્રીએ શોધેલું. બૌધાયાન સૂત્ર $a^2+b^2=c^2$ અંતરમાપન તો છે પણ તે વિશાળ આંકડાની નવી સિસ્ટિમ આપે છે જે $\sqrt{2},\sqrt{3}$ વાસ્તવિક સંખ્યા a+b, વગેરેની શોધ છે. એટલે કે પ્રાચીન ભારતીય ઋષિઓ બ્રહ્માંડને સમજવામાં અને સમજાવવાના પાયામાં છે.


કેટલીક મંદાકિનીમાં ૨૦૦૦ અબજ તારા છે તો કેટલીકમાં ૩૦૦૦ અબજ તારા છે. આ બધી મંદાકિનીઓ પોતે જ કેટલી જગ્યા રોકે? વળી પાછું બે મંદાકિની વચ્ચે સરાસરી અંતર ૨૫ અબજ કિ. મી. છે.

આપણે હવે આપણી આકાશગંગા મંદાકિની (The Milky Way Galaxy) સામે જોઈએ. આકાશગંગામાં ૫૦૦ અબજ તારા છે, ૫૦૦ અબજ સૂર્યો છે. સૂર્ય એક તારો છે અને દરેક તારો એક સૂર્ય છે. આપણા પ્રાચીન ઋષિઓને ખબર હતી કે તારા શું છે? તેઓ કહેતા કે તારકા: નાના સૂર્યા:. એટલે કે તારા પ્રકાર પ્રકારના સૂર્યો છે સંસ્કૃતમાં નાના એટલે અલગ અલગ પ્રકારના.

આપણી મંદાકિની (ગેલેક્સી)ના તારા અડી અડીને નથી. તેના બે તારા વચ્ચે સરાસરી અંતર ૪૫,૦૦૦ અબજ કિ.મી. છે, અને આ બધા તારાનો વ્યાસ ૧૩ લાખ, ૧૫ લાખ, ૨૦ લાખ, ૨૫ લાખ, ૩૦ લાખ કિ.મી. વગેરે હોય છે, એટલે કે દરેક તારો પોતે કેટલીય મોટી જગ્યા રોકે છે, તેની આપણને ખબર છે અને વળી પાછું બે તારા વચ્ચે સરાસરી અંતર ૪૫,૦૦૦ અબજ કિ.મી. છે. બ્રહ્માંડમાં માત્ર આપણી આકાશગંગા એક જ મંદાકિની (Galaxy) નથી. આપણા બ્રહ્માંડમાં ૧૦૦ અબજ મંદાકિનીઓ છે. તો આપણી આકાશગંગા કેટલી વિશાળ છે તે જાણો. ઉપરાંતમાં કેટલીક મંદાકિનીમાં ૨૦૦૦ અબજ તારા છે તો કેટલીકમાં ૩૦૦૦ અબજ તારા છે. આ બધી મંદાકિનીઓ પોતે જ કેટલી જગ્યા રોકે? વળી પાછું બે મંદાકિની વચ્ચે સરાસરી અંતર ૨૫ અબજ કિ. મી. છે. આપણું બ્રહ્માંડ કેટલું બધું વિશાળ છે !

આપણે આપણા મકાનની અગાસીમાં જઈને કે વિશાળ મેદાનમાં જઈને જોઈએ તો આપણને લાગે કે આપણે બ્રહ્માંડના કેન્દ્રમાં છીએ. પૃથ્વી પર ગમે તે બિન્દુએ જાવ, આપણને લાગે કે આપણે બ્રહ્માંડના કેન્દ્રમાં છીએ. એટલે કે એક, એક બિન્દુ વિશ્વનું કેન્દ્ર છે અને કોઈ પણ બિન્દુ હકીકતમાં વિશ્વનું કેન્દ્ર નથી. તેવું જ બ્રહ્માંડનું છે એક એક ગેલેક્સી બ્રહ્માંડનું કેન્દ્ર છે અને કોઈ પણ ગેલેક્સી બ્રહ્માંડનું કેન્દ્ર નથી. આ જ બ્રહ્માંડની માયા છે.

ભૂતકાળમાં એમ મનાતું કે પ્રકાશની ગતિ અસીમિત



(Infinite) છે. સ્વીચ દાબો એટલે આખા ઘરમાં કે ગામમાં પ્રકાશ થઈ જાય. ગૅલિલિયો પ્રથમ માનવી હતો, જેણે શંકા કરી કે પ્રકાશની ગતિ અસીમિત નહીં હોય, તેણે પ્રકાશની ગતિ માપવા પ્રયત્ન પણ કરેલો. તેનો મદદનીશ એક પહાડ પર રાતે લાલટેન લઈને ઊભો રહે છે, બીજા દૂરના પહાડ પર ગૅલિલિયો લાલટેન લઈને ઊભો રહે છે. ગૅલિલિયો લાલટેનનું શટર ખોલે એટલે એમાંથી લાઈટ નીકળે અને તેના મદદનીશ પાસે જાય અને તે પ્રકાશ જુએ, એટલે તે તેના લાલટેનનું શટર ખોલે, એટલે પ્રકાશ તેમાંથી નીકળે અને ગૅલિલિયો પાસે આવે અને આમ સમય અને અંતર મપાય તેમાંથી પ્રકાશની ગતિ મપાય. ગૅલિલિયોએ જેટલી વાર પ્રયોગ કર્યો તેટલી વાર જવાબ જુદો જુદો આવ્યો. ગૅલિલિયોએ તેથી કહ્યું કે પ્રકાશની ગતિ તો સીમિત છે પણ પ્રકાશ વારે વારે તેની ગતિ બદલે છે. ત્યારે સમય જળઘટિકા યંત્રથી મપાતો. ગૅલિલિયો અને તેના મદદનીશના પહાડો વચ્ચે અંતરમાપન પણ બરાબર નહીં અને સમય માપન પણ બરાબર નહીં, શટર ખોલતાં જ કેટલીયે સેકન્ડ જાય.

વિજ્ઞાનીઓએ શોધેલી પ્રકાશની ગતિ એક સેકન્ડની ૩ લાખ કિ. મી. છે, તે એનામાં મહાન શોધ હતી અને તે વિજ્ઞાનીઓની મોટી સિદ્ધિ હતી.

પ્રકાશની ગતિ એક સેકન્ડની ૩ લાખ કિ.મી. સાબિત થઈ છે તે બિચારો ગૅલિલિયો કેવી રીતે માપી શકે ? એક સેકન્ડમાં પ્રકાશ પૃથ્વીની સાડા સાત વાર પરિક્રમા કરી રહે છે. તેમ છતાં ગૅલિલિયોએ વિજ્ઞાનીઓના મગજમાં એક વિચાર



નાખી દીધો કે પ્રકાશની ગતિ માપવી જોઈએ. ગૅલિલિયોએ ગુરુના ચાર ચંદ્રો શોધી કાઢ્યા હતા જેને ગૅલિલિયન સેટેલાઇટ કહે છે.

૧૬૭૫માં ઑલ રોમરે, ગુરુ વડે થતાં તેના ગૅલિલિયન સેટેલાઇટના ગ્રહણનો અભ્યાસ કરતાં શોધી કાઢ્યું કે પ્રકાશની ગતિ સેકન્ડની ૨ લાખ કિ. મી. છે. હકીકતમાં પાછળના વિજ્ઞાનીઓએ ચોક્કસપણે શોધી કાઢ્યું કે પ્રકાશની ગતિ એક સેકન્ડની ૩ લાખ કિ. મી. છે. રોમરના સમયે ગુરુનું પૃથ્વીથી અંતર બરાબર શોધાયું ન હતું માટે રોમરે શોધેલી પ્રકાશની ગતિ એક સેકન્ડની ૨ લાખ કિ. મી. આવી. જો, પૃથ્વીથી ગુરુનું ચોક્કસ અંતર રોમરને ખબર હોત તો તેને પ્રકાશની ગતિ એક સેકન્ડના ૨ લાખ નહીં પણ ૩ લાખની શોધી હોત!

વિજ્ઞાનીઓએ શોધેલી પ્રકાશની ગતિ એક સેકન્ડની ૩ લાખ કિ. મી. છે, તે એનામાં મહાન શોધ હતી અને તે વિજ્ઞાનીઓની મોટી સિદ્ધિ હતી અને પછી એ પણ સાબિત થયું કે પ્રકાશની ગતિ ભલે જબ્બર હોય પણ તે સીમિત (Finite) છે. પછીથી વિજ્ઞાનીઓએ, એ પણ સાબિત કર્યું કે પ્રકાશની ગતિથી મોટી કોઈ ગતિ નથી. પ્રકાશની સીમિત ગતિએ આપણી બ્રહ્માંડ જોવાની દૃષ્ટિ જ બદલી નાખી. આ જ પ્રકાશની સીમિત ગતિનું મહાન પરિણામ છે.

એટલે કે આપણે જ્યારે ડૂબતા સૂર્યને જોઈએ ત્યારે હકીકતમાં એ સવા આઠ મિનિટ પહેલા જ ડૂબી ગયો હોય છે પણ આપણને લાગે છે કે સૂર્ય ડૂબે છે. જે પ્રકાશ આપણે સૂર્યનો જોઈએ છીએ તે તો હકીકતમાં સવા આઠ મિનિટ પહેલા સૂર્યમાંથી નીકળ્યો હોય છે અને આપણી આંખમાં પહોંચે છે. તે ભૂતકાળનો પ્રકાશ હોય છે. આપણે ડૂબેલા સૂર્યનો પ્રકાશ જોઈએ છીએ, હાલના સૂર્યનો પ્રકાશ તો આપણા સુધી સવા આઠ મિનિટ પછી આવશે. આપણે આ બ્રહ્માંડમાં વર્તમાનકાળ તો જોઈ જ શકતા નથી, ભૂતકાળ જ જોઈએ છીએ. તે પ્રકાશની લિમિટેડ ગતિનું પરિણામ છે. જેમ જેમ આપણે દૂર દૂર જોતાં જઈએ તેમ તેમ આપણે વધારે અને વધારે ભૂતકાળમાં જતાં જઈએ.

As we look forward and forward into space, we go backward and backward into time. આપણે જ્યારે આપણા હાથ સામે જોઈએ છીએ ત્યારે આપણે તેની વર્તમાન સ્થિતિ નહીં પણ ભૂતકાળની સ્થિતિ જ જોઈએ છીએ. ભલે તે ભૂતકાળનો સમય સેકન્ડનો અબજમો ભાગ હોય! આપણી નજીકના માણસનો આપણે નજીકનો ભૂતકાળ જોઈએ છીએ, દૂરના માણસનો આપણે દૂરનો ભૂતકાળ જોઈએ છીએ. આપણાથી નજીકનો તારો મિત્રતારો છે. જેને અંગ્રેજીમાં આલ્ફા સેન્ટોરી કહે છે. તે સેન્ટોરસ (હાફ મેન હાફ હોર્સ, અર્ધ માનવી અને અર્ધ અશ્વ) નર-તુરંગ તારક સમૂહ છે, તે આપણાથી સવાચાર પ્રકાશવર્ષ દૂર છે. અંતરીક્ષમાં અંતર કિ.મી.માં નથી મપાતું પણ પ્રકાશવર્ષમાં મપાય છે. એક પ્રકાશવર્ષ એટલે એટલું અંતર જે પ્રકાશ એક વર્ષમાં તય કરે (લગભગ ૯૫૦૦ અબજ કિ.મી.) એક પ્રકાશસેકન્ડ એટલે ૩ લાખ કિ.મી. એક પ્રકાશમિનિટ એટલે ૧૫૦ લાખ કિ.મી. એક પ્રકાશ કલાક, એક પ્રકાશદિવસ વગેરે. હવે તો સમયને સેકન્ડના એક અબજમાં ભાગ સુધી માપી શકાય છે, નેનો સેકન્ડ, પીકો સેકન્ડ વગેરે.

પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓએ સમય વિશે ઊંડું ચિંતન-મનન કર્યું હતું. તે સમયના તદન નાના યુનિટથી માંડી વિશાળ સમયની તેમને જાણ હતી.

માટે જ્યારે આપણે મિત્રતારાને જોઈએ છીએ ત્યારે આપણે તેની સ્થિતિ હાલની ક્ષણની નહીં પણ સવાચાર વર્ષ પહેલાંની જોઈએ છીએ. ઘણા તારા આપણાથી ૫૦૦ કે સાતસો પ્રકાશ વર્ષ કે કેટલાય પ્રકાશવર્ષ દૂર હોય છે. તે પ્રમાણે આપણે તેમનો ભૂતકાળ જોઈએ છીએ. આપણી નજીકની ગેલેક્સીનું નામ એંડ્રોમેડા ગેલેક્સી છે. તે આપણાથી ૨૫ લાખ પ્રકાશ વર્ષ દૂર છે. એટલે જ્યારે આપણે દેવયાની મંદાકિનીના દર્શન કરીએ છીએ ત્યારે આપણે તેની તત્કાલની સ્થિતિ જોતા નથી પણ ૨૫ લાખ વર્ષ પહેલાંની સ્થિતિ જોઈએ છીએ, છે ને અદ્ભુત વાત ? કેટલાક તારા ૪૦ પ્રકાશવર્ષ દૂર છે તો કેટલાક એક અબજ કે, બે અબજ પ્રકાશવર્ષ દૂર હોય છે. આપણા બ્રહ્માંડની સીમા આપણાથી ૧૩.૫ પ્રકાશ અબજવર્ષ દૂર છે. કહો કે ૧૩.૫ અબજ પ્રકાશવર્ષ દૂર છે.

એક ગ્રહ પૃથ્વીથી પાંચ હજાર પ્રકાશવર્ષ દૂર છે અને ત્યાંના માણસો પાસે શક્તિશાળી દૂરબીન છે અને તેઓ કુરુક્ષેત્ર તરફ તેમનું દૂરબીન માંડે છે. તો તેઓ શું જુએ? તેઓ જુએ કે કુરુક્ષેત્રમાં મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું છે. કારણ કે આપણને ખબર છે કે મહાભારતનું યુદ્ધ પાંચ હજાર વર્ષ પહેલાં થયેલું અને ત્યારે નીકળેલો પ્રકાશ આજે ત્યાં પહોંચે છે. માટે તેઓ ખરેખર મહાભારતનું યુદ્ધ જોઈ શકે. આપણા માટે ભૂતકાળ એ ભૂતકાળ છે. જો ગ્રહ ૧૦,૦૦૦ પ્રકાશવર્ષ દૂર હોય તો તે ગ્રહના માણસો હવે પછીના પાંચ હજાર વર્ષ પછી મહાભારતનું યુદ્ધ જોશે. એટલે કે બ્રહ્માંડમાં કોઈ ઘટના બને તો ક્યાંક ભૂતકાળ હોય તો ક્યાંક વર્તમાનકાળ હોય, તો ક્યાંક ભવિષ્યકાળ હોય. કેમ કે આપણું બ્રહ્માંડ વિસ્તૃત થતું જાય છે માટે એ ઘટના કદી નાશ નહીં પામે. છે ને વિચિત્ર વાત?

પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓએ સમય વિશે ઊંડું ચિંતન-મનન કર્યું હતું. તે સમયના તદન નાના યુનિટથી માંડી વિશાળ સમયની તેમને જાણ હતી, બ્રહ્માના આયુષ્ય સુધીની અબજો વર્ષની તેમને જાણ હતી. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે હું કાળ છું. ઉજ્જૈનમાં મહાકાળ બિરાજે છે. સૂર્ય મહાકાળને ઓળંગતો નથી. હજુ માત્ર ૭૦૦ વર્ષ પૂર્વે ભારતનો પ્રમાણિત સમય (સ્ટાન્ડર્ડ ટાઈમ) મહાકાળ, ઉજ્જૈનથી પ્રારંભ થતો હતો. ઉજ્જૈન કર્કવૃત્ત પર સ્થિત છે. મોઢેરાનું સૂર્યમંદિર પણ કર્કવૃત્ત પર સ્થિત છે અને કર્કવૃત્ત કચ્છમાંથી પણ પસાર થાય છે. પ્રાચીન સમયમાં ઋષિ-મુનિઓઓને સૂર્યનારાયણના મહત્ત્વની ખબર હતી અને



તેથી જ તેઓએ મોઢેરા સૂર્યમંદિર અને કોણાર્ક સૂર્યમંદિરો બાંધ્યાં હતાં અને સૂર્યનારાયણની પ્રશંસામાં શ્રુતિઓ, સ્તોત્રો અને શ્લોકો લખ્યા હતા. તેઓએ કહ્યું હતું કે

सूर्य आत्मा जगतस्तस्थुषश्च ।

અર્થાત્ સૂર્ય જગતનો આત્મા છે અને ખરેખર સૂર્ય જગતનો આત્મા છે.

સૂર્યને લીધે જ પૃથ્વી પર જીવન ઉત્પન્ન થયું છે અને હાલ સુધી ટક્યું છે. સૂર્યની હાલની વય ૪.૬ અબજ વર્ષની છે, અને હજુ પણ તે સાડા ચાર અબજ વર્ષ જીવશે અને પછી તેમાં અણુ ઈંધણ ખતમ થઈ જશે ત્યારે તે શાંત થઈ જશે. સૂર્ય જેવા તારા કેવી રીતે શાંત થશે તેની સમજણ આપણને આપણા સુબ્રમણ્યન ચંદ્રશેખરે આપી છે. સૂર્ય જેવા તારા વાઇટ ડવાર્ફ (શ્વેત વામન, શ્વેતપટુ) ના રૂપમાં શાંત થઈ જશે. જ્યારે આપણો સૂર્ય શાંત થઈ જશે ત્યારે સૂર્યમાળામાં જીવન પણ શાંત થઈ જશે. સૂર્ય નિસ્તેજ પદાર્થના ગોળાના રૂપમાં હશે. તેની ફરતે ગ્રહો પરિક્રમા કરતા હશે પણ પૂરું સૂર્યમંડળ કાળુંધબ થઈ જશે, દેખાશે નહીં .

ભવિષ્યમાં પૃથ્વી પર કોલસો, ગેસ, ઓઈલ, ન્યૂક્લિયર એનર્જી બધું ખતમ થઈ જશે ત્યારે માત્ર સૂર્ય દેવતા જ આપણી મદદે આવશે. આપણે સૌર ઊર્જાને હાંસલ કરવી પડશે. માટે પણ સૂર્યને સમજવો જરૂરી છે. માટે જ નાસાએ બહુ જ મહત્ત્વાકાંક્ષી પારકર સોલર સ્પેસપ્રોબ સૂર્યનો અભ્યાસ કરવા તરતો મૂક્યો છે અને ભારતે આદિત્ય L-૧ પ્રોબ સૂર્યનો અભ્યાસ કરવા તરતો મૂકયો છે. પૃથ્વી ઉપરનો દરેક ઊર્જા સ્રોત છેવટે સૂર્ય જ છે.



વિજ્ઞાની પારકર અને પારકર પ્રોબ સાથે ભારતને સંબંધ છે. પારકરની થિયરીને બચાવનાર અને મૅગેઝિનમાં છાપનાર અમેરિકી-ભારતીય ખગોળવિજ્ઞાની સુબ્રમણ્યન ચંદ્રશેખર હતા. પારકર પ્રોબને સૂર્ય વિશે, સૂર્યમાંથી ધસમસતા નીકળતા સૌરવાયુનો તો અભ્યાસ કરવાનો જ છે પણ આ લેખના લેખકે સૂર્ય ફરતે શનિ જેવાં વલયો હોવાં જોઈએ અને સૂર્ય અને બુધ વચ્ચે બે એક નાના ગ્રહો હોવા જોઈએ તેની પણ તપાસ કરવાની છે. સામાન્યપણે લોકો માને છે કે ગૅલિલિયોએ તેના નાના દૂરબીનથી સૂર્યનો અભ્યાસ કર્યો હતો અને સૂર્યના ધરીભ્રમણનો અભ્યાસ કરી તેણે સૂર્યકલંકના અસ્તિત્વની જાહેરાત કરી હતી. વાસ્તવમાં ઉપનિષદોમાં શ્લોકો છે જે સ્પષ્ટ દર્શાવે છે કે આપણા ઋષિ-મુનિઓને સૂર્ય પર કાળાં સૂર્યકલંકો છે તેની જાણ હતી. સૂર્ય દૂરબીનનો પ્રાથમિક સિદ્ધાંત લેપ્રેસે નામના જર્મન ઓપ્ટિશયનની શોપમાં કામ કરતા એક છોકરાએ શોધ્યો હતો. પછી લેપ્રેસે તેમાંથી નાનું દૂરબીન બનાવ્યું હતું. તે વાત ગૅલિલિયોએ જાણી તે પોતે જ ભૌતિકશાસ્ત્રી હોવાથી તેણે નાનું દૂરબીન બનાવ્યું. હકીકત એ છે કે રામાયણમાં રામ જ્યારે બે વર્ષના હતા ત્યારે પૂર્ણિમાની રાતે, દેખાતા ચંદ્ર રામને જોઈતો હતો અને તે માટે રામ રડતા હતા. તેને શાંત રાખવા કૌશલ્યા માતાએ રામની સામે પાણી ભરેલી કથરોટ રાખી દીધી જેમાં રામને ચંદ્રનું પ્રતિબિંબ દેખાયું અને રામે પાણીમાં હાથ નાંખી ચંદ્રનું પ્રતિબિંબ પકડયું હતું. આમ પરાવર્તન અને વક્રીભવનના સિદ્ધાંતો નહીં જાણવા છતાં તેના પર આધારિત દૂરબીન બનાવવાની શોધના શોધક કૌશલ્યા માતા હતા. અર્વાચીન સમયમાં વિજ્ઞાનીઓએ પ્રવાહી આયનાવાળું દૂરબીન (Liquid Mirror Telescope, લિક્વિડ મિરર ટેલિસ્કોપ) બનાવ્યું છે, જેમાં પાણીને બદલે પારો વાપરવામાં આવે છે.

ભર્તૃહરિએ કહ્યું છે કે :

सर्वंस्यवसादगात् स्मृतिपदं कालाय तस्मै नमः ।

અર્થાત્ હું એ કાળને નમસ્કાર કરું છું જે વાસ્તવિકતાને યાદગીરીમાં ફેરવી નાખે છે. આર્યભટ્ટ, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત, ભાસ્કરાચાર્ય, ન્યૂટન અને આઈન્સ્ટાઈન એક સમયમાં વાસ્તવિક રીતે હતા, હવે તેઓ આપણી યાદગીરીમાં છે. હાલમાં આપણે છીએ પણ ભવિષ્યમાં

આપણી પેઢીની યાદમાં આપણે ચાલ્યા જશું.

સમયરૂપી ગાલીચો (દરી) આગળ અને આગળ ચાલતો જાય છે અને જીવંત વસ્તુઓને તેની નીચે ગાયબ કરતો જાય છે. વિજ્ઞાનીઓ પૂછે છે કે શું આ ગાલીચાનો વીંટો વાળી શકાય ? જો વાળી શકાય તો આપણે ભૂતકાળમાં જઈ શકીએ. વિજ્ઞાનીઓને એ વિદિત છે કે ગુરુત્વાકર્ષણ સમયને વાંકો વાળી શકે છે. જો આકાશીપિંડ માનવામાં આવે એટલો ગુરુત્વાકર્ષણવાળો હોય તો તેની ફરતેના સમયને વાંકો વાળી શકે અને આપણને તે ભૂતકાળમાં લઈ જઈ શકે અને ટાઈમટ્રાવેલ શક્ય બને.

તેમ છતાં હજુ આપણને ખબર પડતી નથી કે સમય ફેરફાર કરે છે કે ફેરફારો સમય માપે છે. ગુજરાતમાં એક કહેણ છે કે:

સમય સમય બળવાન છે, નહીં પુરુષ બળવાન ।
કાબે અર્જુન લૂંટિયો એ જ ધનુષ એ જ બાણ ॥

આઈન્સ્ટાઈને સમયને બ્રહ્માંડનું ચોથું પરિમાણ લઈ દર્શાવ્યું કે જ્યાં અંતરીક્ષ છે ત્યાં સમય છે અને જ્યાં સમય છે ત્યાં અંતરીક્ષ છે. બંને એકબીજાથી જોડાયેલાં છે. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદે દર્શાવ્યું કે સમય લાંબો પણ થાય અને ટૂંકો પણ થાય. આપણાં શાસ્ત્રોમાં આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ અને ક્વૉન્ટમ ફિઝિક્સની ઘણી વાર્તાઓ છે, તેટલું જ નહીં પણ લઘુગ્રહો, ઉલ્કાકુંડો, ધરતીકંપ થવાની અને ખંડોની પાટો ખસવાની (Plate Tectonics, પ્લેટ ટેક્ટોનિક્સની) વાર્તાઓ પણ ઘણી છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે:

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥

અર્થાત્ હું પ્રાણીમાત્રના દેહમાં અગ્નિ રૂપે રહ્યો છું, અને શ્વાસોચ્છ્વાસ દ્વારા દરેક જાતના અન્નને પચાવું છું એટલે કે શ્વાસોચ્છવાસની ક્રિયા એ દહન ક્રિયા છે. આપણા પેટમાં અગ્નિ છે અને બહાર પણ અગ્નિ છે. બ્રહ્માંડમાં કોઈ એવી જગ્યા નથી જ્યાં અગ્નિ ન હોય!

પૂરું બ્રહ્માંડ અગ્નિગોળો છે. અગ્નિ બ્રહ્મસ્વરૂપ છે. તેમાં લાડુ નાંખો કે મડદું, તે જરા પણ છોછ વગર તેને ગ્રહણ કરે છે. અગ્નિ એટલે ઊર્જા. આ બ્રહ્માંડ ઊર્જાનો ગોળો છે. ઋગ્વેદ એ દુનિયાનો પ્રથમ ગ્રંથ છે અને તેનો પ્રથમ શ્લોક અગ્નિ વિશે છે:

ॐ अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।
होतारं रत्नधातमम् ॥

ગ્રીક વિદ્વાનો માનતા કે બ્રહ્માંડ ચાર પદાર્થનું બનેલું છે, પૃથ્વી, અગ્નિ, વાયુ અને જળ, જ્યારે પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓ માનતા કે બ્રહ્માંડ પાંચ ભૂતોનું બનેલું છે, પાંચમું ભૂત તે અંતરીક્ષ, અને આજ વિજ્ઞાન સાબિત કરે છે કે બ્રહ્માંડમાં અંતરીક્ષ જ મુખ્ય વસ્તુ છે. અંતરીક્ષ દૃશ્યમાન નથી તેમ છતાં તેને એક ભૌતિકવસ્તુ તરીકે લેવું તે પ્રાચીન ઋષિ-મુનિઓ માટે બહુ મોટી વાત કહેવાય. આજ સાપેક્ષવાદ અને ક્વૉન્ટમ વિજ્ઞાન અંતરીક્ષના રૂપે ઊભરી આવ્યું છે.

પ્રાચીન ઋષિ-મુનિઓએ પ્રશ્ન કર્યો હતો કે બ્રહ્માંડનો મૂળ પદાર્થ કયો છે? તેઓએ બ્રહ્મન રૂપે તેનો જવાબ મેળવ્યો હતો. બ્રહ્મન એટલે ઊર્જા, અગ્નિ એટલે ઊર્જા. હાલમાં વિજ્ઞાનીઓ જે લાર્જ હેડ્રોન કોલાઈડરનો પ્રયોગ કરી રહ્યા છે તે પ્રાચીન ભારતીય ઋષિઓએ કરેલા ઉપરોક્ત પ્રશ્નનો જવાબ મેળવવા જ કરી રહ્યા છે, અને તેમને છેવટે ચેતનાના રૂપમાં તેનો જવાબ મળ્યો છે. માટે ચેતના-ઊર્જા-અગ્નિ જ બ્રહ્માંડનો અંતિમ પદાર્થ છે. આ વેદોએ વર્ણવેલ શંકરાચાર્યનો અદ્વૈતવાદ છે, બ્રહ્મન છે.

ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી,
બી-૨૦૧, વિષ્ણુ એપાર્ટમેન્ટ, એલ.ટી.રોડ,
બોરિવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૯૨.
મો. ૯૮૨૦૯ ૯૦૭૮૪

નાટકનો પડદો પડે ને ઊપડે: પ્રાચીનથી અર્વાચીન ગુજરાતી રંગભૂમિની ઝલક

સંજય છેલ

વરસો પહેલાં જૂની રંગભૂમિનું મક્કા, મુંબઈનું ભાંગવાડી થિયેટર બંધ થયું અને ત્યાં આજે હવે એક શોપિંગ સેન્ટર છે એ સ્થળે નાટકનાં રિહર્સલ્સ કરતી વખતે એક સ્થળેથી યુવાન દિગ્દર્શકને અડધી નાશ પામેલી સ્ક્રિપ્ટ જોવા મળેલી એવું અમે સાંભળેલું. ક્યારેક થાય છે કે આપણી ગુજરાતી પ્રજા, એ બધાં લખાણો કેમ ન સાચવી શકી? જર્મનીમાં વિશ્વયુદ્ધ પછી નાશ પામેલાં શહેરોમાં, સરકાર અને સમાજે સૌપ્રથમ થિયેટરો બંધાવવાનાં શરૂ કરેલાં! આવું આપણે ત્યાં થઈ શકે? ના. કારણ કે આપણે પરંપરા કરતાં પૈસાને વધુ મહત્ત્વ આપીએ છીએ. આપણે માત્ર 'આજ'માં જીવીએ છીએ, 'ગઈકાલ' કે 'આવતીકાલ'ની પડી નથી. આજે તમે આપણા પરેશ રાવલ , મનોજ જોશી. શર્મન જોષી કે પ્રતીક ગાંધી જેવા ગુજરાતી કલાકારોને ફિલ્મોમાં જોઈને ખૂબ હરખાવ છો, ત્યારે એક વાત કહેવાનું મન થાય કે એ બધા કલાકારોની સફળતા પાછળ આપણી ગુજરાતી નાટક પ્રવૃત્તિનો ૧૬૦ વરસ જૂનો ઇતિહાસ છે.

ગુજરાતી કલાકારોને ફિલ્મોમાં જોઈને ખૂબ હરખાવ છો, ત્યારે એક વાત કહેવાનું મન થાય કે એ બધા કલાકારોની સફળતા પાછળ આપણી ગુજરાતી નાટક પ્રવૃત્તિનો ૧૬૦ વરસ જૂનો ઇતિહાસ છે.

'અહો આર્યો, ભરથરી ખેલ ચાલો આજ રે ભજવીએ... નર-નારદ દુર્ગુણ નખશિખ દર્શાવીએ' એવું ગાઈને એક જમાનામાં કલાકારો, પ્રેક્ષકો સામે હાથ જોડીને નાટક રજૂ કરતા. આ એ વખતની વાત છે જ્યારે ગુજરાતમાં ભોજકો, નાયકો યજમાનવૃત્તિએ નીકળતા અને રાત પડ્યે ગામને ચોરે કે ઓટલે ખેલ શરૂ કરતા. સરસ્વતીનાં સ્તુતિવચનોથી સાંજની શરૂઆત થતી અને ગણેશ વંદનાથી ભજવણી આરંભ પામતી. નાટકની સજાવટ માટે રંગબેરંગી પછેડીઓનો ઉપયોગ થતો. દિવેલની મશાલોના પ્રકાશમાં કલાકારોના ચહેરા ઝળહળ થઈ ઊઠતા. ભૂંગળ, ઝાંઝ, પખવાજ ને તબલાં સાથે કલાકારો માથે બેડું અને પગમાં ઝાંઝર પહેરીને સ્ટેજ પર છવાઈ જતા.

એક તરફ સૌરાષ્ટ્રના બ્રાહ્મણોએ નાટકો ભજવવા શરૂ કર્યાં અને આ તરફ મુંબઈમાં એનાથી પણ પહેલાં પારસી રંગભૂમિ શરૂ થઈ ચૂકી હતી. રલ્મી ઑક્ટોબર ૧૮૫૩ના રોજ 'રૂસ્તમ, જાબુલી અને સોહરાબ' નાટક રાત્રે આઠ વાગ્યે ગ્રાન્ટરોડ થિયેટરમાં રજૂ થયું! શરૂઆતમાં





ખાનદાન સ્ત્રીઓ નાટકો જોવા આવતી નહીં, પણ પછી તો ખૂબ માગણીને લીધે ‘જનાના શો’ રાખવામાં આવ્યા. નાટકો સારાં, કૌટુંબિક હોય એવી દરકાર લેવામાં આવતી. ‘રાસ્ત ગોફ્તાર’ સામાહિકે ૨૫મી ફેબ્રુઆરી ૧૮૫૫ના અંકમાં તંત્રીએ નોંધરૂપે લખ્યું હતું એ જુઓ ત્યારની પારસી ભાષામાં: ‘... લોકોને નીરપરાધી ગમત આપવા સારું, એ નાટકમંડળીએ નાટકનું માન માથે લીધું ચ, એવાં નાટકથી લોકોને ગમ્મત સાથે ડહાપણ આવે એવી ગોઠવનો કરવાને એ નાટક મંડલી ચુકતી નથી. નાટકનો દરજ્જો શું છે તે એવન સમજેચ. તેઓ સંભાલ રાખેચ કે એવું નહીં બને કે નાટકથી લોકોમાં બીગાડો પેદા થાએ તથા નઠારા હવશોને ખુશી મલે.’

નાટકો આપણા સમાજને ડિસ્ટર્બ ન કરે પણ માત્ર સ્હેજ મનોરંજન આપે અને સારી સારી વાતો જ કહે એવી શરત હતી. આજે પણ મા-બાપને ભૂલશો નહીં અને સંતાનોને સમજો જેવા વિષયોને વાહ-વાહ મળે છે.

તો આ હતું ગુજરાતી નાટકોનું પહેલવહેલું વિવેચન! કમાલની વાત છે કે ત્યારે પણ નાટકો આપણા સમાજને ડિસ્ટર્બ ન કરે પણ માત્ર સ્હેજ મનોરંજન આપે અને સારી સારી વાતો જ કહે એવી શરત હતી. આજે પણ ‘મા-બાપને ભૂલશો નહીં’ અને ‘સંતાનોને સમજો’ જેવા વિષયોને વાહ-વાહ મળે છે.

ખેર, ધીમે ધીમે મુંબઈના ભણેલા પારસીઓમાં અને ગુજરાતીઓમાં નાટકની રુચિ વધવા માંડી. શેરબજારના દલાલો, ડૉકટરો, વકીલો અને વેપારીઓ ફાજલ સમયમાં રિહર્સલ્સ કરવા માંડ્યા. એલ્ફિન્સ્ટોનિયન ક્લબ, ધ ઝોરાસ્ટ્રિયન થિયેટ્રિકલ ક્લબ, અમરચંદ વાડીકર નાટક મંડળી વગેરે સંસ્થાઓ ફંડફાળા ઉઘરાવીને શરૂ થઈ. એ સમયે રૂપિયા સોની સિઝનટિકિટ રાખવામાં આવતી! જમશેદજી જીજીભાઈ જેવા ધનાઢ્યો નાટકને પોષવા મદદ કરતા. શરૂઆતમાં એકમાત્ર ગ્રાન્ટરોડ થિયેટર હતું જેમાં ‘મોસમી’ ખેલ થતા એટલે કે મોસમ પ્રમાણે, ચોમાસા પછી અને પહેલાં ધીમેધીમે વિકટોરિયા, એલ્ફિન્સ્ટન, હિંદી, એસ્પ્લેનેડ વગેરે થિયેટરો બંધાવા માંડ્યાં. તે સમયે મુખ્યત્વે શેક્સપિયરનાં નાટકોમાં અનુવાદો ભજવાતા અને એમાં ‘ગાએણ’ એટલે કે ગાયન કે ગીતો લાઇવ ગવાતાં. ‘મોંઘવારીનું ગાએણ’ વગેરે ગીતોમાં સામાજિક જાગરૂકતા પણ જોવા મળતી. પત્રકાર કેખશરૂ કાબરાજીએ ‘ભૂલચૂકની હસાહસ’ એટલે કે શેક્સપિયરના ‘કોમેડી ઑફ એરર્સ’ની ગુજરાતી રજૂઆત કરી અને સુપરહિટ થઈ ગયા. પછી તો એમણે વહેમો અને સ્ત્રીઓની કેળવણી વિશે નાટકો રચીને ક્રાંતિકારી વલણ દાખવેલું. સમય વહેતો ગયો, નવી નાટક મંડળીઓ બનતી ગઈ, જૂની તૂટતી ગઈ. એ જમાનામાં કલાકાર એટલે કે ‘તમાસગીર’ને રૂપિયા ૧૦થી રૂપિયા ૩૦ જેટલું વેતન મળતું. ભાંગીતૂટી ભાષામાં કલાકારો ૪૮ ફૂટ લાંબા અને ૩૦ ફૂટ પહોળા સ્ટેજ પર રાત્રે સાડા આઠે ‘હાઉસફૂલ’ નાટકો ભજવાતાં.

પછી એદલજી ખોરી નામના લેખક-નિર્માતાને ગુજરાતી લેખકની જરૂર પડી. એમણે ‘રુસ્તમ અને સોહરાબ’ નાટક માટે એક યુરોપિયન ચિત્રકાર પાસે સેટિંગ્સ તો બનાવડાવ્યાં, પણ નવાં ગુજરાતી ગીતો ક્યાંથી કાઢે? એટલે નાટકોમાં કવિ દલપતરામની એંટ્રી થઈ! એદલજી ખોરીએ નાટકની પ્રસ્તાવનામાં લખેલું કે ‘ગુજરાતનાં જાનીતાં કવિ દલપટરામ ડાહ્યાભાઈ પાસે હમે આ ખેલમાં અમુક ગીતો જોડાવ્યાં છે કેમ કે હમો ધારિયે છીએ કે તેમના જેવા કાબેલ પુરુષનાં ગીતો લોકોને પસંદ પડશે.’ શરૂ શરૂમાં આપણા સુગાળવા કવિઓ નાટકચેટકથી શરમાતા પણ પૈસા માટે કમને ગીતો લખતા ખરા! પછી તો મ્યુઝિકલ

નાટકો ચાલવા માંડ્યા. 'ખુશરોનો ખાવિંદ ખુદા' નાટકમાં સ્ટેજ પર સમુદ્રનો આભાસ ઊભો કરાવાયો. લોકો ડરીને 'ઓય રે, મા' પોકારી ઊઠ્યાં! હીરો-હીરોઈન પ્રેમ કરતાં હોય ત્યારે આસમાનમાં તોફાનનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું! 'જહાંબક્ષ અને ગુલબુસાર'માં આકાશમાંથી એક દેવતા નીચે ઊતરીને આંખના પલકારામાં નાયિકાને ઉપાડી જતો. બીજા એક નાટકમાં હીરો, હફ્તેખાન યુદ્ધમાં ફાટી પડે છે અને શરીરના ટુકડા સ્ટેજ પર ઊડતા બતાવવામાં આવેલા. આમ ત્યારથી ટેક્નિકલી ગુજરાતી રંગભૂમિ આગળ આવતી ગઈ. ત્યારે 'મિકેનિકલ સિનેરી'નો મનોશબ્દ બહુ પ્રચલિત હતો. આજે ગુજરાતી રંગભૂમિના સેટ ડિઝાઈનરો નાનાં-મોટાં થિયેટરોમાં અનેક અગવડો સાથે પણ જાજરમાન સેટ્સ ઊભા કરી શકે છે, એના મૂળમાં આ ઊજળો ઇતિહાસ છે.

કાળાનુક્રમે રંગભૂમિ વિસ્તરતી ગઈ. ભવાઈ અને બીજા લોકનાટ્યોમાં વધતી અશ્લીલતા સામે શ્રી રણછોડભાઈ ઉદયરામ નામના વિદ્વાને સંસ્કારી નાટકોના પ્રયાસો શરૂ કર્યા અને નાટ્ય વિકાસમાં ફાળો આપ્યો. વિક્ટોરિયા થિયેટર વગેરે કંપનીઓ પણ એમનાં નાટકો હોંશભેર ભજવતી. એમનું 'હરિશ્ચંદ્ર' નાટક, કાબરાજીના ફેરફાર સાથે ભજવાયું, ત્યારે હિન્દુ લત્તાઓમાં એટલું બધું લોકપ્રિય નીવડ્યું કે બહાર ખાસ 'રક્ષકો' એટલે કે બોડીગાર્ડો રાખવા પડતા, જે બાળકોને 'હીંચકાઝોળી'માં સાચવે જેથી માતાઓ નાટક જોઈ શકે! આ જ નાટકે ગાંધીજીનાં મનમાં ઊંડી છાપ છોડેલી અને મહાત્મા થવાનાં બીજ વાવેલાં! પછી 'નળદમયંતી'ની સફળતાથી મહેતાઓમાં ખૂબ ઉત્સાહ આવ્યો. નરોત્તમ મહેતા અને શ્રી ફરામજી દલાલ વચ્ચે અણબનાવ બનતાં, મહેતાઓએ સ્વતંત્રપણે 'નાટક ઉત્તેજક મંડળી' શરૂ કરી. એમાં શ્રી રણછોડભાઈ ઉદયરામનું 'લલિતા દુઃખદર્શન' રજૂ થયું. પહેલી વાર શુદ્ધ ગુજરાતી એવી એક હિંદુ નાટકમંડળી અસ્તિત્વમાં આવી. આજની જેમ જ ત્યારે નાટકોનાં રિહર્સલ્સ સ્કૂલોમાં સાંજે થવા માંડ્યાં. પછી શ્રી ગુજરાતી નાટક મંડળી, શ્રી આર્યસુબોધ નાટક મંડળી, નીતિદર્શક મંડળી વગેરે ઊભી થઈ એટલે લેખકોની જરૂરિયાત ઊભી થઈ!



આજની જેમ જ ત્યારે નાટકોનાં રિહર્સલ્સ સ્કૂલોમાં સાંજે થવા માંડ્યાં. પછી શ્રી ગુજરાતી નાટક મંડળી, શ્રી આર્યસુબોધ નાટક મંડળી, નીતિદર્શક મંડળી વગેરે ઊભી થઈ એટલે લેખકોની જરૂરિયાત ઊભી થઈ!


કાબરાજી જેવા પારખુ પારસીએ, આપણા કવિ 'વીર નર્મદ'ને નાટક લખવા આમંત્રણ આપ્યું. નર્મદે 'રામજાનકી દર્શન' લખી આપ્યું પણ આજનાં નાટકોમાં જે રીતે ફિલ્મી આઈટેમ સોંગ્સ ઉમેરાય છે એમ ત્યારે પણ કાબરાજીએ ગીતો પણ ઉમેરાવ્યાં, જે નર્મદને નહોતું ગમ્યું! આ જ નાટક 'સીતાહરણ' નામે ૨૫ મે, ૧૮૭૮ની રાત્રે રજૂ થયું ત્યારે પુષ્ટિમાર્ગી ગોસ્વામીજીથી માંડીને કાશીનાં પંડિતો, મુંબઈના શેઠિયાઓ હાજર હતા. રામ-સીતાની એન્ટ્રી થઈ કે પ્રેક્ષકોએ ઊભા થઈને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ઇટ મિન્સ, આપણા ગુજરાતી સમાજમાં રામકથાઓ ત્યારેય લોકપ્રિય હતી અને આજેય છે. કવિ નર્મદ 'સ્વ-અનુભવ-રસિક' નાટ્યકાર લેખાયો, એનાં નાટકોમાં સંવાદ અને કાવ્યતત્ત્વ વિશેષ હતાં. નર્મદનાં 'દ્રૌપદીદર્શન', 'સારશાકુન્તલ', 'બાલકૃષ્ણ વિજય' વગેરે નાટકો પણ ભજવાયાં. આવાં ધાર્મિક નાટકોનાં અનેક શોઝ થતા અને ત્યારે પણ પાર્કિંગની વ્યવસ્થા કરવી પડે એવી ભીડ જમા થતી! ટાંગા અને પાલખીનું પણ પાર્કિંગ તો કરવું પડે ને?

પછી મુંબઈનાં નાટકોનો પ્રભાવ જોઈ નવી રીતે સૌરાષ્ટ્રના ઝાલાવાડી બ્રાહ્મણોએ, મોરબીની આસપાસ શ્રી વાઘજી આશારામ ઓઝા અને એમના નાના ભાઈ શ્રી

મૂળજી ઓઝા સાથે શરૂઆત કરી. આમ મોરબી-વાંકાનેરમાં વ્યવસ્થિત રંગભૂમિ શરૂ થઈ. પછી 'મોરબી આર્ય સોબોધ', 'દ્વારકા નૌતમ નાટક મંડળી', 'હળવદ સત્યસુબોધ', 'દેશી નાટક સમાજ' વગેરે અસ્તિત્વમાં આવી. ૧૮૩૩માં 'શ્રી મોરબી આર્ય સુબોધ નાટક મંડળી'એ 'ભર્તૃહરિ' નાટક છપાવ્યું, જેની પ્રસ્તાવનામાં લખેલું કે 'આ નાટક ૧૦૦ વાર ભજવાઈ ચૂક્યું છે!'

હવે ૧૮૭૦ સુધીમાં સાહિત્યકારોએ પણ નાટકની આભડછેટ છોડી દીધેલી. નર્મદ-દલપતથી લઈને 'લહેરી' સુધી અનેક લેખકો પ્રવેશતા ગયા. એમનાં નાટકોનાં ગીતોને લોકો આઠ-આઠ દસ-દસ વાર વન્સમોર કરાવતા. અને ક્યારેક તો નાટકની અસરમાં લોકો સંન્યાસ પણ લઈ લેતા. જયશંકર સુંદરી જેવા સ્ટાર કલાકારને સ્ત્રી પાત્રમાં જોવા શેઠિયાઓ પોતાની સાદી-સીધી શરમાળ પત્નીઓને 'સુંદરી'જીના નાટક જોવા ખાસ લઈ આવતા ને દેખાડતા કે 'જો સાડી આમ પહેરાય, નખરાં આમ કરાય! 'એવો સુંદરીનો ઠસ્સો હતો. નાટ્ય સંગીતમાં રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટનાં નાટ્યગીતો આજેય ખૂબ ગવાય છે અને એમનું 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે' જેવું સદાબહાર ગીત ભારતીય સિનેમાની મહાન ફિલ્મ 'મુઘલે આઝમ' ફિલ્મમાં લેવામાં આવેલું, જેની ક્રેડિટ રસકવિને ૫૦ વરસ બાદ મળી, એમના ગયા બાદ! જૂની રંગભૂમિના મહાન કલાકારો કસબીઓ, સંગીતકારો ગીતકારોની વાત માંડીએ તો એક લેખ નહીં પણ આખો ગ્રંથ લખવો પડે.

બસ પછી તો જૂની-નવી ગુજરાતી રંગભૂમિ આગળ ને આગળ વધતી જ ગઈ, વધતી જ રહી છે. પણ અફસોસ કે આપણી સમૃદ્ધ પ્રજા પાસે સદીઓ જૂનાં નાટકોનું મ્યુઝિયમ કે લાઈબ્રેરી નથી! એ તો જવા દો પણ છેલ્લાં ૬૦-૭૦ નાટકોમાં વર્ષમાં થયેલ, ચં.ચી.મહેતા, અદી મર્ઝબાન, જશવંત ઠાકર, માર્કંડ અને ઉર્મિલા ભટ્ટ, ચંદ્રવદન ભટ્ટ, દીના પાઠક, તારક મહેતા, કાંતિ મડિયા, પ્રવીણ અને સરિતા જોશી, અરવિંદ જોશી, સંજીવ કુમાર, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ઠક્કર, મધુ રાય, શૈલેષ દવે, બરજોર અને રુબી પટેલ, દિન્યાર કોંટ્રેક્ટર, લાભશંકર ઠાકર, ચીનુ મોદી, મહેન્દ્ર જોષી, સુરેશ રાજડા, નિમેશ દેસાઈ, શફી ઈનામદાર, પરેશ રાવળ, હોમી વાડિયા, મનોજ શાહના પ્રદાન વિશે કોઈ જ વિગતવાર તવારીખ નથી. વળી આજના ટીકુ તલસાણિયા, દર્શન ઓઝા, સંજય ગોરડિયા,



સિદ્ધાર્થ રાંદેરિયાનાં લોકપ્રિય નાટકોનીયે વ્યવસ્થિત માહિતી નથી! અરે છેક ૧૯૭૯માં ગુજરી ગયેલા ગુજરાતી નાટ્ય જગતના સુપર સ્ટાર પ્રવીણ જોશીનો એકેય ઑડિયો કે વીડિયો ઈન્ટરવ્યૂ નથી કે નથી છેક ૧૯૮૬માં ગુજરી ગયેલા નાટક-ફિલ્મોના અજોડ અદાકાર સંજીવ કુમારની ગુજરાતી ભાષામાં કોઈ એક ૧૦-૨૦ મિનિટમાં લેવાયેલી મુલાકાત પણ ઉપલબ્ધ! કેમ નથી કારણ કે આપણી ગુજરાતી પ્રજાની મહદંશે કલા અંગે એવી માનસિકતા છે કે નાટકનો પડદો ઊપડે છે, પડે છે : એમાં આપણા કેટલા ટકા?

આ લખાણ કોઈ ગહન રિસર્ચ કે અભ્યાસનો અંશ નથી કે નથી આમાં કોઈ સરકાર, પ્રજા કે નાટ્યરસિકોને દુ:ખ પહોંચાડવાનો આશય. આ તો બસ એક વાતમેળો છે. લહેરાતા વડલાની નીચે દાદાજીની ફરફરતી સફેદ દાઢીને જોતાં જોતાં કોઈ બાળક જેમ જૂની દંતકથાઓ સાંભળે તેમ અમે આ વાતો ક્યાંક સાંભળી છે, વાંચી છે.એક ફ્લૅશબેક ઊભો કરવાનો આ માત્ર પ્રયત્ન છે. કોઈ ભૂલચૂક હોય તો હે વાચકો, હે પ્રેક્ષકો, હે રંગદેવતા, ક્ષમા કરજો. અંતમાં જે જૂની રંગભૂમિનાં નાટકોમાં ગવાતી હતી એ પ્રાર્થના હું દોહરાવું છું,

'પ્રેમ ઓ સભાજનો, હવે રાખજો તમો,
સદા પ્રસન્ન મનથી; રજા લઈએ અમો,
ભૂલચૂક ખામી ખોડ, ખેલે ખેલ આજ સુધારા માટે,
માફી માંગે આ સમાજ! અવર ખેલમાં આપ પધારી,
દેશો દર્શન દાન મહેરબાનોની રજા માગી,
જઈએ છીએ સ્વ-સ્થાન.'

ઈ-૧-૪૨, છઠ્ઠો માળ, ન્યૂ ચંદ્ર CHSL,
અંધેરી (વેસ્ટ), વીરા દેસાઈ રોડની સામે,
મુંબઈ-૪૦૦૦૫૩
મો. ૯૮૨૦૦૨૯૮૦૮

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો હાઉ : ખરેખર ડરવાની જરૂર છે ખરી?

કૃષ્ણકાંત ઉનડકટ

દુનિયામાં જ્યારે પણ કંઈ નવું આવ્યું છે ત્યારે ઊહાપોહ થયો જ છે. આગની શોધને દુનિયા ક્રાંતિકારી આવિષ્કાર ગણતી આવી છે. આ જ આગની જ્યારે શોધ થઈ ત્યારે ઘણાએ તેને રાક્ષસ ગણાવ્યો હતો. એમ પણ કહ્યું હતું કે, હવે આખી પૃથ્વી સળગી જશે. ઔદ્યોગિક ક્રાંતિ થઈ ત્યારે પણ એ વાતે હોબાળો મચ્યો હતો કે, મસમોટા ઉદ્યોગો લોકોની રોજગારી છીનવી લેશે. લોકો બેકાર થઈ જશે. ભૂખે મરશે. કંઈ થયું નહીં. કમ્પ્યૂટર આવ્યાં ત્યારે પણ લોકોએ દેકારો મચાવ્યો હતો કે, બધાં કામ કમ્પ્યૂટર કરશે તો માણસ શું કરશે? હવે વારો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો છે. એઆઈ લોકોની નોકરી ખાઈ જશે. બધાં કામો એઆઈથી જ થશે. લોકોના મગજ કટાઈ જશે. આ અને આવી અનેક વાતો ચાલી રહી છે. એ વાતમાં જરાયે ના નથી કે કેટલીક નોકરીઓ જવાની છે, થોડોક ફેર પણ પડવાનો છે. તેની સામે જે ફાયદાઓ છે એ ઘણા વધારે છે. નોકરીઓ જશે એ કંઈ નવરા બેસી રહેવાના નથી. કંઈક તો કરવાના જ છે. ઊલટું, તેઓ નવાં કામ, ધંધા અને ઉદ્યોગો વિશે વિચારશે. બીજી વાત એ પણ છે કે, એઆઈના કારણે કેટલી નવી નોકરીઓ જનરેટ થઈ એ પણ વિચારવા જેવું છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમના ફ્યુચર ઑફ જોબ્સ રિપોર્ટમાં એવું જણાવાયું છે કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના કારણે આ દાયકાના અંત સુધીમાં વૈશ્વિક સ્તરે આશરે ૧૭ કરોડ નોકરીઓ જનરેટ થશે. તેની સામે જે નોકરીઓ જવાની છે તેનો આંકડો ૯.૨ કરોડ જેટલો છે. તેનો સીધો અર્થ એ થયો કે ૭.૮ કરોડ જેટલી નોકરીઓ વધવાની છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ પર પ્રકાશિત લિન્ક્ડઇનના અહેવાલમાં એવું કહેવાયું છે કે, એઆઈ સેક્ટરમાં મોટા પાયે થયેલાં રોકાણોના કારણે ૧૩ લાખ નવી નોકરીઓ ઊભરાઈ છે. છ લાખ નોકરીઓ તો માત્ર એઆઈ સંચાલિત ડેટા સેન્ટર્સમાં જ જનરેટ થઈ છે.

> ગ્લોબલ એઆઇ જોબ્સ બૅરોમિટર ૨૦૨૬ના અહેવાલની વિગતો એવું કહે છે કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં સ્કિલ્સ જોબની જબરી ડિમાન્ડ ઊભી થવાની છે.

ગુજરાતીમાં એક કહેવત છે. પોદળો પડે તો થોડીક ધૂળ ઉપાડે. કંઈ થાય ત્યારે તેની અસર થવાની જ છે. આપણે તેને કઈ રીતે જોઈએ છીએ તેના પર મોટો આધાર રહેતો હોય છે. ગ્લોબલ એઆઈ જોબ્સ બૅરોમિટર ૨૦૨૬ના અહેવાલની વિગતો એવું કહે છે કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં સ્કિલ્સ જોબની જબરી ડિમાન્ડ ઊભી થવાની છે. આ સેક્ટર સામાન્ય જોબ માર્કેટ કરતાં આઠ ગણું વધુ ઝડપે વિકાસ કરી રહ્યું છે. આપણા દેશની વાત કરીએ તો, નીતિ આયોગના રોડમૅપ ફોર જોબ ક્રિએશન ઇન એઆઈ ઇકોનોમી રિપોર્ટમાં જણાવાયું છે કે, ભારતમાં એન્ટરપ્રાઇઝ એઆઈ અને ફ્રન્ટિયર એઆઈમાં સ્કિલ્સ જોબમાં સતત વધારો થતો જોવા મળે છે. ભારતમાં સૌથી વધુ એઆઈ નોકરીઓ દક્ષિણ ભારતના ટૅક કૉરિડોરમાં જનરેટ થઈ છે. અગિયાર ટકા સાથે બેંગલૂરુ, ૯.૫૭ ટકા સાથે હૈદરાબાદ, ૭ ટકા સાથે પૂણે અને ૬.૬૨ ટકા સાથે ચેન્નાઈ મોખરે છે. એક અહેવાલ મુજબ ભારતમાં એઆઈ વર્કફોર્સ ૯,૨૦,૦૦૦ પ્રોફેશનલ્સ સુધી પહોંચ્યો છે. એઆઈએ તદ્દન નવાં જ કામો અને હોદ્દાઓ ઊભા કર્યા છે. પાંચ વર્ષ પહેલાં કોઈએ તેનાં

નામ પણ સાંભળ્યાં નહોતાં. જે નવી ડિમાન્ડ છે તેમાં પ્રોમ્પ્ટ એન્જિનિયર્સ, એઆઇ ડેટા એનોટેટર્સ, એઆઇ એથિક્સ એન્ડ ગવર્નન્સ સ્પેશિયાલિસ્ટ, એઆઇ ઓપ્સ અને એઆઇ આર્કિટેક્ટસનો સમાવેશ થાય છે. બોલો, તમે અગાઉ આવી કોઈ જોબ વિશે ક્યારેય સાંભળ્યું હતું?

આ બધામાં એક મજેદાર વાત પણ જાણવા જેવી છે. કેટલાંક લોકો એવી દહેશત વ્યક્ત કરે છે કે, એઆઈના વિકાસથી લોકોનાં મગજ કટાઈ જશે. લોકો એઆઇ પર ડિપેન્ડન્ટ થઈ જશે. લોકોની વિચારવાની શક્તિ ઘટશે. આ વિશે એક રસપ્રદ સાયકોલોજિકલ સ્ટડી થયો છે. મનોવૈજ્ઞાનિકો કહે છે કે, માણસના મગજની શક્તિને ઓછી આંકવી એ સૌથી મોટી ભૂલ છે. આજે દુનિયામાં એઆઇ સહિતની જેટલી ટેક્નોલૉજી છે એ અલ્ટિમેટલી તો માણસના મગજની જ દેન છે ને? એઆઈના આગમનથી ઊલટું માણસની ક્રિએટિવિટી વધુ ખીલવાની છે. સવાલ એ થાય કે કેવી રીતે? એનો જવાબ સ્પષ્ટ છે. માણસને જે કામ કરવામાં કંટાળો આવે છે એવાં કામ હવે એઆઇ કરી આપશે. એનું ઉદાહરણ સમજવું હોય તો ઈમેલના જવાબ આપવા, પ્રેઝન્ટેશન તૈયાર કરવા, એક્સેલ શિટ્સ તૈયાર કરવી, હિસાબો મેઇન્ટેન કરવા, કોર્ટમાં ચુકાદાઓ લખવા, આ અને આવાં બીજાં કામ હવેથી એઆઇ કરી આપવાનું છે. માણસે હવે તેમાં મગજ ઘસવું નહીં પડે. માણસનું મગજ એવું છે કે, એ કંઈક ને કંઈ વિચારતું અને કરતું જ રહેવાનું છે. આ વાત નિષ્ણાતો ઉદાહરણ સાથે પણ સમજાવે છે. તેઓ કહે છે કે, 19મી સદીમાં જ્યારે ટેક્સટાઇલ મશીનો આવ્યાં ત્યારે એવી બૂમો પડી હતી કે, હવે વણકરો બેકાર થઈ જશે. હકીકતે બન્યું એવું કે, કપડું વણવાનું કંટાળાજનક કામ મશીનો કરવા લાગ્યાં એટલે લોકોએ તેની સાથે જોડાયેલાં બીજાં કામ પર વિચાર કરવા માંડ્યો. ફૅશન ડિઝાઇનિંગના નામે એક નવું જ ક્ષેત્ર ખીલ્યું. લોકો કપડાંની સ્ટાઇલ, ફિટિંગ અને વેરાઇટી પર વિચાર કરવા લાગ્યા. કાપડ વણવાનું છોડીને વધુ નવાં અને ક્રિએટિવ કામોમાં લાગ્યા. સરવાળે માણસજાતને ફાયદો જ થયો.

મનોવૈજ્ઞાનિકો કહે છે કે, માણસના મગજની શક્તિને ઓછી આંકવી એ સૌથી મોટી ભૂલ છે. આજે દુનિયામાં એઆઇ સહિતની જેટલી ટેક્નોલૉજી છે એ અલ્ટિમેટલી તો માણસના મગજની જ દેન છે ને?

જિંદગીને સારી રીતે જીવવા માટે બે વસ્તુ બહુ જરૂરી છે. એક તો માનસિક ઊર્જા અને બીજી માનવીય સંવેદના. અત્યારે સોશિયલ મીડિયાના કારણે એવી વાતો બહુ થઈ રહી છે કે, લોકો સામે હોય છે એની પરવા કરતા નથી અને સ્ક્રીન પર હોય એની સાથે મંડાયેલા રહે છે. સાચા સંબંધોનું પોત પાતળું પડી રહ્યું છે અને સંવેદનાઓ ક્ષુબ્ધ થઈ રહી છે. આ વાત ખોટી છે એવું કહેવું વાજબી નથી. ઘણા અંશે અત્યારે આવું થઈ રહ્યું છે. તેની સાથે એક વાત એ પણ નક્કી છે કે, કાયમ આવું રહેવાનું નથી. સોશિયલ મીડિયા અને વર્ચ્યુઅલ વર્લ્ડ હજુ પ્રમાણમાં નવાં છે એટલે દુનિયા એના તરફ આકર્ષાયેલી છે. ધીમે ધીમે લોકો એનાથી પણ કંટાળવાના છે. લોકોને એની પણ સમજ આવવાની છે કે, જિંદગીમાં સુખ અને શાંતિની અનુભૂતિ માટે સાચું અને સારું શું છે. મનોવૈજ્ઞાનિકો તેને બાળકના નવા રમકડા સાથે સરખાવે છે. બાળકને નવું રમકડું લઈ આપો એટલે એ બીજાં બધાં રમકડાં સાઈડમાં મૂકીને નવા રમકડાથી જ રમવા લાગશે. એક તબક્કે બાળક એ રમકડાથી ધરાઈ જશે અને તેને મૂકી દેશે. મોબાઇલના મામલામાં પણ એવું જ થવાનું છે. અત્યારે લોકોનો સ્ક્રીન ટાઇમ ચારથી છ કલાકનો થઈ ગયો છે. લોકો હવે પ્રકૃતિને પણ સ્ક્રીન પર માણવા લાગ્યા છે. સર્વે એવું કહે છે કે, મોટાભાગના લોકો રાતે સૂતાં પહેલાં છેલ્લું કામ મોબાઇલ જોઈ લેવાનું કરે છે. સવારે ઊઠીને પહેલું કામ મોબાઇલ ચેક કરવાનું કરે છે. અડધી રાતે ઊંઘ ઊડે તોપણ લોકો મોબાઇલ ચેક કરી લે છે. મોટાભાગના લોકો રાતે મોબાઇલ એવી રીતે રાખે છે કે, અંધારામાં પણ તેનો હાથ મોબાઇલ સુધી પહોંચી શકે. આ બધું જ સાચું છે પણ એ વહેલું કે મોડું અટકવાનું જ છે. માણસ બુદ્ધિશાળી પ્રાણી છે. એને સમજ હોય જ છે કે, શું સારું છે અને શું ખરાબ છે. જે લોકો કલાકો સુધી રીલ્સ જોયે રાખે છે એને પણ છેલ્લે તો એવું થાય જ છે કે, ખોટો સમય બગડ્યો. સોશિયલ મીડિયાથી ઑક્સિટોસિન,



સેરોટોનિન જેવા હેપી હોર્મોન્સ ઝરે છે અને માણસને તેની આદત પડી જાય છે. વ્યસન થઈ જાય છે. માણસને એ પણ સમજ પડવાની છે જ કે આ વ્યસન પણ સિગરેટ અને દારૂ જેટલું જ ખરાબ છે. એક તબક્કે માણસજાત એ વ્યસનમાંથી મુક્તિ મેળવી લેવાની છે. આ વાત સાચી હોવા છતાં અનેક માનસ અભ્યાસોમાં એવું કહેવાયું છે કે, બધું એક હાઈપ સુધી પહોંચશે અને છેલ્લે માણસજાત બેક ટુ બેઝિક્સ તરફ વળશે.

એઆઈથી લોકોની જિંદગી બહેતર થવાની છે એના વિશે પણ થોડોક વિચાર કરવાની જરૂર છે. હેલ્થકેરમાં એઆઈ માણસને સૌથી મોટી મદદ કરવાનું છે. નિદાનથી માંડીને અઘરાં ઑપરેશનો સુધીનું કામ એઆઈ કરશે. એનાથી એવું જરાયે માનવાની જરૂર નથી કે, ડૉક્ટરોનું કામ ખતમ થઈ જશે. ડૉક્ટરોની જરૂર તો રહેવાની જ છે. ઊલટું એઆઈ ડૉક્ટરો માટે ઉપયોગી સાબિત થવાનું છે. એઆઈ દર્દીઓના જિનેટિક્સના આધારે ચોક્કસ દવાઓ નક્કી કરી આપશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, બીમારી શોધીને તેની બેસ્ટ સારવાર શું હશે એ પણ એઆઈ નક્કી કરી આપશે. અત્યારે એવું થાય છે કે, કોઈ એક બીમારી માટે અમુક દવાઓ જ લખી આપવામાં આવે છે. દવા સારી હોય તોપણ એ બધાને એકસરખી અસર કરે એવું બિલકુલ જરૂરી નથી. એઆઈ એમાં પરફેક્શન આપશે અને કહેશે કે કઈ દવા કેટલી લેવી. આ ઉપરાંત દવાની અસર પણ મૉનિટર કરશે. શિક્ષણ ક્ષેત્રમાં પણ એઆઈ ક્રાંતિકારી કામ કરવાનું છે. એજ્યુકેશન સિસ્ટિમ વધુ સરળ બનવાની છે. એમાં પણ એવી વાતો થાય છે કે, એઆઈ શિક્ષકોની નોકરી ખાઈ જશે. એવું ક્યારેય થવાનું નથી. હેલ્થ અને એજ્યુકેશન એવાં ક્ષેત્રો છે જ્યાં માનવીય સંવેદના વગર ચાલવાનું જ નથી.

અગાઉની એક વાત યાદ કરો. જ્યારે સીડી બજારમાં આવી ત્યારે એવું કહેવાવા લાગ્યું હતું કે, હવે તો સ્ટુડન્ટસ સીડીની મદદથી જ ભણશે. દુનિયાની બેસ્ટ એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ જેવી કે ઑક્સફર્ડ, હાર્વડ જેવી યુનિવર્સિટીના પ્રોફેસરોની સીડી આવી જશે એટલે બધા સ્ટુડન્ટસનું કામ થઈ જશે. આવી જ વાતો ઓનલાઈન એજ્યુકેશન મામલે થઈ હતી. હવે ભણવા જવું નહીં પડે. ઘર બેઠાં અભ્યાસ થશે. સરવાળે બધું ફેઈલ ગયું છે. આવું કેમ થયું એ વિશે જે સંશોધન થયું એમાં એવું બહાર આવ્યું હતું કે, એજ્યુકેશનમાં સૌથી વધુ હ્યુમન ટચ જરૂરી છે. આંખમાં આંખ મિલાવીને તમારી નજર સામે શિક્ષક જે શીખવે

એવું સ્ક્રીન પરથી શીખી શકાતું નથી. શિક્ષણજગતમાં એઆઇ હજુ ઘણું કરવાનું છે. એઆઇ સ્ટુડન્ટ્સના હોમવર્કથી માંડીને પેપર તપાસી આપશે. એ કામ પાછું શિક્ષક કરતાં વધુ ચોક્કસ હશે. ક્યાંય કોઈ ભૂલ નહીં હોય. શિક્ષકોએ હવે પેપર તપાસવા જેવાં બોરિંગ કામો કરવા નહીં પડે એટલે એ પણ ભણાવવા તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. સરવાળે સૌને ફાયદો જ થવાનો છે.

માત્ર હેલ્થ કે એજ્યુકેશનની જ વાત નથી. કૃષિથી માંડીને ટ્રાન્સપોર્ટ સુધીનું કોઈ પણ ક્ષેત્ર લઈ લો, એઆઇ બહુ સારાં પરિણામો આપવાનું છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કોઈ ભૂત નથી કે એનાથી ડરવું પડે. એ તો એક ચોકીદાર છે જે આપણા બધાનું ધ્યાન રાખવાનો છે. જે એક ખતરો છે, એ પ્રાઇવસીનો છે. પ્રાઇવસી જેવું તો અત્યારે જ કંઈ રહ્યું નથી. મોબાઇલ માણસને ટ્રેક કરતો રહે છે. આપણે ક્યાં ગયા, કેટલું રોકાયા, કોને મળ્યા, એનાથી માંડીને તમામે તમામ વાતો જાણવા માટે મોબાઇલ પૂરતો છે. હવે તો એઆઇના કારણે મોબાઇલ માણસની વાતો સાંભળતો હોવાનું બહાર આવી રહ્યું છે. તમે માર્ક કરજો. ઘણી વખત એવું બન્યું હશે કે, તમે કોઈની સાથે કંઈ વાત કરો એ પછી તમે મોબાઇલ ખોલો તો એના વિશેની પોસ્ટ કે જાહેરખબર તમને જોવા મળે. માણસની પ્રાઇવસી મામલે અત્યારે સૌથી મોટું જોખમ પેદા થયું છે. એના વિશે પણ એવી જ વાત થઈ રહી છે કે, એનો તોડ પણ એઆઇ જ શોધી આપશે. ટેક્નોલૉજી જ એવો રસ્તો શોધી આપશે કે કોઈના અંગત જીવનમાં ચંચુપાત ન થાય. એ વાતથી કોઈ ઇન્કાર થઈ શકે એમ નથી કે, પ્રાઇવસીના તો અત્યારે ધજાગરા ઊડી રહ્યા છે. માણસની પ્રોફાઇલ અને પર્સનલ ડિટેઇલ બે બે પૈસામાં વેચાઈ રહી છે. માણસનું કશું જ ખાનગી રહ્યું નથી. જોવાનું એ જ રહે છે કે, આનાથી બચવાનો ઉપાય શો મળે છે?

માણસને માણસ વગર ચાલવાનું નથી. એઆઇ ભાષા સમજી શકે છે પણ ભાવનાઓ નથી સમજી શકવાનું. માહિતી આપી શકે પણ માયાળુ સ્પર્શ કે હૂંફ નથી આપી શકવાનું. માણસ અત્યારે ટેક્નોલૉજીના કારણે માણસથી જ દૂર થઈ રહ્યો છે. માણસ માનસિક વિકારો, ડિપ્રેશન, હાઇપર ટેન્શન, એંગ્ઝાઇટી સહિત જાતજાતની બીમારીઓનો ભોગ બની રહ્યો છે. દરેકે દરેક માણસ અત્યારે રિલેશનશિપ ક્રાઇસિસમાંથી પસાર થઈ રહ્યો છે. આનું કારણ એ જ છે કે, માણસ સુખ, પ્રેમ અને શાંતિના સાચા માર્ગેથી ભટકી ગયો છે. ઠોકરો પછી જ કેટલીક વાત સમજાતી હોય છે. આ વાત પણ ભવિષ્યમાં સમજાઈ જ જવાની છે.

એઆઇ માત્રને માત્ર ડેટા અને પ્રિ-પ્રોગ્રામ્ડ સિસ્ટિમ પર કામ કરે છે. તમે એને કહો કે, હું ઉદાસ છું, શું કરું? તો એ ડાહી-ડાહી વાત કરશે. સાચા મિત્રની જેમ હગ કરીને કહેશે નહીં કે, કોઈ જાતની ચિંતા કર નહીં, હું છું ને! એક વાત યાદ રાખવા જેવી છે કે, પ્રેમ, લાગણી, સ્નેહ, આત્મીયતા, હૂંફ, સાંત્વના, સહાનુભૂતિ એ કંઈ એઆઇ કોડિંગ નથી, એ તો દિલના એવા ભાવ છે જેનો બીજો કોઈ વિકલ્પ છે જ નહીં. માણસને ખબર હોય છે કે, એઆઇ સરવાળે તો કૃત્રિમ છે. સીરી, ઍલેક્સા કે બીક્સબીનો મશીન ટોન ક્યારેય પોતાની વ્યક્તિ જેવી અસર ઉપજાવી શકે જ નહીં. ટેક્નોલૉજી માણસની સગવડ માટે છે. દુનિયા જ્યાં સુધી તેને નોકરની જેમ વાપરશે ત્યાં સુધી કોઈ વાંધો આવવાનો નથી. ટેક્નોલૉજીને જો માલિક બનાવી તો મુશ્કેલી સર્જાશે. અલબત્ત, એવું નહીં થાય કારણ કે માણસની બુદ્ધિ એઆઇની બુદ્ધિ કરતાં સક્ષમ અને સતર્ક જ રહેવાની છે. માણસે સમજવું તો પડશે જ, કારણ કે આખરે તો એણે સરસ રીતે જીવવું હોય છે. પ્રેમ અને સંબંધને સજીવન રાખીએ તો જિંદગી જીવવાની મજા આવવાની છે.

બી-૧૪૦૮, આગમ પ્રેસ્ટિજ,
ન્યૂ મગદલ્લા, ઓ.એન.જી.સી કૉલોની પાસે,
ડુમસ રોડ, સુરત- ૩૯૫૦૦૭
મો. ૯૮૨૫૦૬૧૭૮૭



નવી શિક્ષણ નીતિનો અમલ અને શિક્ષકોની સજ્જતા...

અજય મો. નાયક

હાલમાં શિક્ષણનો મુદ્દો વિવિધ કારણોસર બહુ ગાજ્યો છે. એકબાજુ આપણે નવી શૈક્ષણિક નીતિના અમલની વાતો કરીએ છીએ તો બીજી બાજુ છેવાડાના માણસ સુધી શિક્ષણ પહોંચ્યું નથી એ પણ હકીકત છે. સરકાર કરોડો રૂપિયા ખર્ચે છે છતાં અક્ષરજ્ઞાનની બાબતમાં પણ આપણે ઘણું કરવાનું છે એવું લાગે છે. શિક્ષણ એ કોઈ પણ દેશની પ્રગતિની કરોડરજ્જુ છે. ભારત હાલમાં તેના શૈક્ષણિક ઇતિહાસના સૌથી મોટા પરિવર્તનકાળમાંથી પસાર થઈ રહ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ સાથે ભારતીય શિક્ષણ વ્યવસ્થા જૂની મર્યાદાઓમાંથી બહાર નીકળીને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બની રહી છે. પ્રાથમિકથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીનું આખું માળખું આજે ગોખણપટ્ટીને બદલે કૌશલ્ય આધારિત બનાવવાનો હેતુ છે.

> **ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચેની ડિજિટલ અસમાનતા, શિક્ષકોની ગુણવત્તાયુક્ત તાલીમની અછત અને ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી પણ રોજગારીનું નીચું પ્રમાણ ચિંતાનો વિષય છે.**

શાળાકીય શિક્ષણમાં વર્ષો જૂની 10+2 પેટર્ન હવે વિદાય લેવા પર છે અને તેની જગ્યાએ 5+3+3+4 માળખું આવવાની તૈયારી છે. આ નવું ફોર્મેટ બાળકના પ્રારંભિક બાળપણની સંભાળથી લઈને માધ્યમિક સ્તર સુધી સર્વગ્રાહી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. નિપુણ ભારત મિશન અંતર્ગત પ્રાથમિક સ્તરે પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સૌથી મોટો અને સકારાત્મક બદલાવ એ આવશે કે ધો. ૬થી જ વિદ્યાર્થીઓ માટે વોકેશનલ ટ્રેનિંગ અને કોડિંગ ફરજિયાત કરવામાં આવ્યાં છે, જેથી વિદ્યાર્થીઓ માત્ર પુસ્તકીય જ્ઞાન નહીં પણ વ્યવહારુ કૌશલ્યો શીખી શકે. વળી, માધ્યમિક સ્તરે કળા, વાણિજ્ય કે વિજ્ઞાન જેવા કડક પ્રવાહોની દીવાલો તૂટી છે; હવે વિદ્યાર્થી ભૌતિકવિજ્ઞાન સાથે સંગીત કે કેમિસ્ટ્રી સાથે ફૅશન ડિઝાઇનિંગ પણ ભણી શકે છે.

તાજેતરનાં વર્ષોમાં કેન્દ્રીય બજેટમાં શિક્ષણક્ષેત્રે ફાળવણીમાં મોટો વધારો જોવા મળ્યો છે. 'દીક્ષા અને પીએમ ઈ-વિદ્યા જેવા ડિજિટલ પ્લેટફૉર્મ્સે ક્લાસરૂમની વ્યાખ્યા બદલી નાખી છે. સ્માર્ટ ક્લાસરૂમ, વર્ચ્યુઅલ લૅબ્સ અને હાઇબ્રિડ લર્નિંગ મૉડલ હવે માત્ર શહેરો પૂરતા સીમિત ન રહેતાં, ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચ્યાં છે. શિક્ષણનું માધ્યમ માતૃભાષામાં રાખવા પર અપાયેલા જોરના કારણે શરૂઆતનાં વર્ષોમાં બાળકોનો ડ્રૉપઆઉટ રેશિયો ઘટવાનો દાવો થઈ રહ્યો છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ ભારત વૈશ્વિક સ્તરે ડંકો વગાડી રહ્યું છે. મલ્ટિપલ એન્ટ્રી એન્ડ એક્ઝિટ સિસ્ટિમ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ અધવચ્ચે છોડવા છતાં સર્ટિફિકેટ કે ડિપ્લોમા મેળવવાની આઝાદી મળી છે. વૈશ્વિક રૅન્કિંગમાં ભારતની IITs, IIMs અને પ્રખ્યાત યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ સતત વધી રહ્યું છે. એટલું જ નહીં, હવે ભારતીય સંસ્થાઓ વિદેશમાં (જેમ કે દુબઈ અને ઝાંઝીબારમાં) પોતાનાં કૅમ્પસ સ્થાપી રહી છે અને વિદેશી યુનિવર્સિટીઓ ભારતમાં (GIFT સિટી વગેરેમાં) આવી રહી છે.

આટલી પ્રગતિ છતાં, હજુ પણ દેશ સામે કેટલાક મોટા પડકારો છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચેની ડિજિટલ અસમાનતા, શિક્ષકોની ગુણવત્તાયુક્ત તાલીમની અછત અને ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી પણ રોજગારીનું નીચું પ્રમાણ ચિંતાનો વિષય છે.

આટલી ચર્ચા બાદ સવાલ એ આવે છે કે આવું શિક્ષણ આપનારા કેટલા સજ્જ છે ? અથવા તો એટલી માત્રામાં

શિક્ષકો ઉપલબ્ધ છે ?

કૌશલ્ય કહો કે સ્કિલ, પણ એવા શિક્ષક પણ હોવા જોઈએ. નીતિ ઘડી નાખવાથી કશું થતું નથી. વર્ષો અગાઉ મનુભાઈ પંચોળી - દર્શકે એક વાત કહી હતી. મનુભાઈ પંચોળીએ શિક્ષણ આપવાની પદ્ધતિ વિશે 'અરધી સદીની વાચનયાત્રા'માં લખ્યું છે. નવી શિક્ષણનીતિમાં જે કૌશલ્ય કે સ્કિલની વાત કરી છે એ દર્શકે એમના પ્રયોગથી કેવી રીતે આવે તેની વાત કરી છે. એમણે તળપદી ભાષામાં શિંગડાં માંડવાનું શિખવાડીએ છીએ એવું કહ્યું છે પણ ખરેખર એ આવે કેવી રીતે એ ઉદાહરણથી સમજાવ્યું છે. આઝાદી પછીથી વાત શરૂ કરી છે. દર્શક લખે છે કે..

ગાંધી પાસેથી અમે સમજ્યા કે કેળવણીનું યુગાનુકૂળ સ્વરૂપ દેશના અજ્ઞ બહુજનસમાજને માટે એમનામાંથી જ સુજ્ઞ નેતાગીરી પૂરી પાડનારું હોવું જોઈએ. ગાંધીને પ્રતાપે અમને એવી સમજણ હતી કે વિદ્યાર્થીઓ ગામડાંમાં રહેવા, ગામડાંને સુધારવા અને ગામડાંની વકીલાત કરવા પ્રેરાય. તે ગામડાંની કેળવણીનું લક્ષ્ય હોવું જોઈએ. આ માટે અમારે અમારા શિક્ષણમાં નવો અભ્યાસક્રમ, નવી પદ્ધતિઓ, નવાં સાધનો, નવા શિક્ષકો તો ઊભાં કરવાનાં હતાં જ. પણ એનાં કરતાંયે વધારે મહત્ત્વનું કામ આ વિદ્યાર્થીઓમાં ગામડાં માટે પ્રેમ-ગૌરવ અને ગામડાંને ધોવાતાં અટકાવવા સારુ જરૂરી યુયુત્સાવૃત્તિ કેળવવાનાં હતાં. ગામડાંના વિદ્યાર્થીઓ બધા અતિ સામાન્ય કુટુંબનાં બાળકો હતાં. પણ જે આવતાં તે અમને વહાલસોયા લાગતાં. તેમને અમે જાતે જ પીરસતા. તેમને કપડાં ધોતાં, વાળ ઓળતાં શીખવતા. તેમની જોડે વરસતા વરસાદમાં દોટ મૂકીને અમે ડુંગરામાં જતા. સાથે ધુબાકા મારતાં ટેકરા વળોટતા, ગાયો ચારતા, ગાયો દોહતા, હુતુતુતુ-લંગડી તો રમતા જ, પછડાતા, પછાડતા. વિદ્યાર્થીઓ વૅકેશનમાં ઘેર જાય ત્યારે અમે વિલાઈ જતા; દહાડા ન જતા. આવે ત્યારે ઝાંપે લેવા જતા. જરૂરીથી વધારેની જરૂર નહોતી અમને કોઈને. હું લગ્ન કરવા ગયો ત્યારે રેલભાડાના પૈસા ઉછીના લઈને ગયેલો. એવા મસ્તીના દિવસો હતા "તે હિ નો દિવસા ગતા:!"

કોઈવાર બાળકોના વાલીઓ પૂછતા: "મારા છોકરાને નોકરી મળશે?" હું કહેતો: "મળે પણ ખરી, ન પણ મળે; પણ અમે નોકરી માટે ભણાવતા નથી.

"તો પછી એ શું કામ ભણે? ખેતી તો અમારે ઘેર રહીનેય જોતાં જોતાં શીખી જાય."

"ના, બાપા, નવી ખેતીની તમને પણ ખબર નથી. એ નવી ખેતી શીખશે. એ તમારે માથે નહીં પડે, પોતાનો રસ્તો કરી લેશે."

"પણ તમે બીજું શું શીખવો છો? ખેતીનું તો ઠીક, મારા ભાઈ; અહીં ઢેફાં ભાંગ્યાં કે ઘેર, બધુંય સરખું છે."

"જુઓ, બાપા, અમે શું શીખવીએ છીએ તે કહું?" પછી તેવાની સામે આંખ નોંધી હું કહેતો: શિંગડાં માંડતાં શીખવીએ છીએ!"

અને પછી પેલા બકરાના બચ્ચાની વાત કહેતો કે એ બ્રહ્મા પાસે જઈને પોતાને કૂતરાં, નાર, માતાજી, બધાં ખાઈ જાય છે—તેમાંથી બચવું કેમ, તે અંગે કાકલૂદી કરવા લાગ્યું. અને પછી બ્રહ્માએ આપેલા જવાબથી તેના કાન ભરાઈ જાય તેમ કહેતો: "બાપા, બ્રહ્માએ એ બચ્ચાને કહ્યું, 'હું તો તારો દાદો છું ને ? એ છતાંય તારું આ કૂણું કૂણું રાંકડું મોઢું જોઈને મનેય મન થાય છે તને એક બટકું ભરી લેવાનું ! તો જરા શિંગડાં માંડતાં શીખ્ય. તને મેં શિંગડાં શા સારું આપ્યાં છે ? - બાપા, અમે આ શિંગડાં મારતાં શીખવવાના છીએ. મને પરમ સંતોષ છે કે આ શીંગડાં માંડવાનું શીખવતા શિક્ષણને પ્રતાપે અમે ગામડાંના કેટલાંય વગર પૈસાના વકીલો કેળવી શક્યા. દર્શક આગળ લખે છે કે સંસ્કારિતા એ બહુધા પ્રાપ્ત સંસ્કાર છે. તે આપોઆપ વારસામાં આવતો નથી. તે માટે સંસ્કાર- વારસો આપવાની શિક્ષણવ્યવસ્થા, પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય તો બીજી પેઢીએ જ પહેલાં હતી એવી અસંસ્કારિતા પાછી પ્રવર્તે છે. બહુ બહુ મહેનત- મંથનને અંતે સંસ્કારિતા હાથ આવે છે અને તે બહુ જતનથી આપીએ તો જ રહે છે.

હવે આ મુજબ આજના શિક્ષણમાં આવું મળે છે એ વિચારવા જેવો પ્રશ્ન છે. અહીં આવે છે શિક્ષક-અધ્યાપકોની સજ્જતાની વાત. આ વિષય સંદર્ભે આચાર્ય યશવંત શુક્લે લગભગ ત્રણ સાડાત્રણ દાયકા અગાઉ અધ્યાપકોની શૈક્ષણિક સજ્જતા અંગે લખેલો એક લેખ વાગોળવા જેવો છે. મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા'માં આચાર્ય યશવંત શુક્લ લખે છે કે...

દિલ્હીની બે યુનિવર્સિટીઓના અને ૬૬ કૉલેજોના પાંચેક હજાર અધ્યાપકોની વાંચવાની આદત વિશે અખિલેશ્વર ઝાએ કરેલી મોજણીમાં ૯૫ ટકા જેટલા

અધ્યાપકોએ નિખાલસ એકરાર કર્યો હતો કે નિયત થયેલાં પાઠયપુસ્તકો સિવાય અભ્યાસક્રમ અંગે બીજું કશું વાંચવાની એમને આદત જ નથી! સામાન્ય વાચન પણ નહીં, એવા ધારદાર પ્રશ્નના જવાબમાં મોટાભાગના અધ્યાપકોએ એમ જણાવ્યું હતું કે પોતે ઈલસ્ટ્રેટેડ વીકલી કે 'બ્લિટ્ઝ(એ સમયે આવાં બધાં સામયિક ચાલતાં હતાં) જેવાં સામયિકો વાંચતા હોય છે. પોતપોતાના વિષયનાં વિશિષ્ટ સામયિકોનું વાંચન કરનારા અધ્યાપકોની સંખ્યા જૂજ હતી. કૉલેજના કલાકો પછી અને રજાઓમાં તમે શું વાંચો છો? એવા સવાલના જવાબમાં એક અધ્યાપકે કહ્યું : એ સમયગાળા દરમ્યાન બજારમાંથી ખરીદી કરવાની, છોકરાંના ભણતરની, એમનાં લગ્નની, એમની નોકરીની ઘણી બધી જવાબદારીઓ અદા કરવાની હોય છે. તેમાં વાંચવાનો સમય જ ક્યાંથી મળે ?

ઉપરનું ચિત્ર ૯૫ ટકા અધ્યાપકોનું છે. બાકીના પૈકી ૩ ટકા જેટલાના વાચનમાં મોટે ભાગે જાતીયતા, ગુનાખોરી અને જાસૂસીનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. પછી રહ્યા બે ટકા જેટલા અધ્યાપકો, જે ચોક્કસ પ્રકારના જ્ઞાન માટેનું પ્રમાણિત વાચન કરતા હોય છે. આ તારણો એમ કહી જાય છે કે ૫૦૦૦ પૈકી ફક્ત ૧૦૦ અધ્યાપકો પોતાની વિદ્યાકીય સજ્જતાને સજાવતા રહેનારા, એટલે કે અધ્યાપક નામને સાર્થક કરનારા છે. એટલું પણ પુણ્ય પહોંચે છે, એનું આશ્વાસન લઈએ. (સાથે સાથે, પ્રશ્નો ટાળવાને બદલે સાચકલા ઉત્તરો આપવા માટે દિલ્હીના અધ્યાપકોને શાબાશી પણ આપીએ.)

તેમની પરિસ્થિતિ સમજવાનો પણ પ્રયાસ કરીએ. કેટલાંયે વર્ષોથી, ખાસ કરીને સ્વરાજ્ય મળ્યા પછી યુનિવર્સિટીઓ ને કૉલેજો ફાલીફૂલી પછી, જે અધ્યાપકોની ભરતી થતી રહી છે તે મરવાને વાંકે જીવતા ઉચ્ચ શિક્ષણના વારસદાર વિદ્યાર્થીવર્ગમાંથી થતી રહી છે. એ ઉચ્ચ શિક્ષણમાં ઉપચાર ખાતર ભણવામાં ને ભણાવવામાં આવે છે. ત્યાં ભણનારાને ગરજ નોકરીની છે, જ્ઞાનની નહીં. સારા પગારની નોકરી માટે ડિગ્રી જોઈએ એટલે જેમતેમ કરી પરીક્ષાઓ પસાર કરવી, ડિગ્રી મેળવવી અને જોઈતી નોકરી મળે એટલે હાશ કરવી. પછી તે નોકરી છોડવાનો પ્રસંગ ન આવે તે માટે સંગઠનો કરવાં, દબાણ લાવવું અને શિક્ષણના સ્તરને સવિશેષ નીચું આણવું, વિદ્યાર્થીઓ પોતાની સામે વિરોધ ન કરે તે માટે એમને ઉદારતાથી પરિણામો આપવાં – એમ વંચનાનો વ્યાપક કાર્યક્રમ દેશભરમાં ચાલી રહ્યો છે. જો હાલની સંસ્થાઓ બંધ કરવામાં આવે, તો વખતે સારું પરિણામ આવે.

આ બે ઉદાહરણ પરથી આપણે ગમે એટલી નવી શિક્ષણ નીતિની વાત કરીએ પણ જ્યાં સુધી સારું ભણાવનાર નહીં હોય ને વિદ્યાર્થીઓને શિંગડાં માંડતાં નહીં શિખવાડી શકીશું ત્યાં સુધી બધું નકામું જવાનું છે.

અને છેલ્લે લગભગ ૧૦૦ વર્ષ અગાઉ કાકાસાહેબ કાલેલકરે કેળવણી અંગે જે વિચાર દર્શાવ્યા હતા એ આજે પણ એટલા જ પ્રસ્તુત છે. શિક્ષકો વિશે એમણે બહુ સરસ વાત કરી છે. કાકાસાહેબે લખ્યું છે કે ઊછરતી પેઢીને પ્રાણવાન બનાવવી હોય તો નિ:સત્ત્વ, નિર્વીર્ય અને આદર્શશૂન્ય શિક્ષકોથી કામ નહીં ચાલે. અધ્યાપકો સારામાં સારા પસંદ કરો અને પછી એમને અધિકાધિક છૂટ આપો. જેમ ન્યાય ખાતા પર રાજ્યકર્તાઓનો અંકુશ ઓછામાં ઓછો હોવો જોઈએ તેમ જ અથવા તેથીયે વિશેષ કેળવણીના તંત્ર ઉપર સ્વદેશી કે વિદેશી કોઈ પણ સરકારનો ઓછામાં ઓછો અંકુશ હોવો જોઈએ. આપણા સામાજિક આદર્શ પ્રમાણે ધર્મકારો જેમ રાજાથી પણ રાજકીય અને સામાજિક નિયંત્રણથી પર હોવા જોઈએ.

કાકાસાહેબ, મનુભાઈ પંચોળી અને આચાર્ય યશવંત શુક્લની આ વાત પરથી એટલું તો નક્કી છે કે શિક્ષક જ ભરપૂર હોવા જોઈએ તો જ વિદ્યાર્થીઓને સક્ષમ બનાવી શકાય. નવી શૈક્ષણિક નીતિ આ લક્ષ્ય પરિપૂર્ણ કરે તો આપણે આઝાદીનાં ૭૫ વર્ષ પછી સાચા રસ્તે છીએ એમ માની શકીશું.

એમ-૬૮/૪૦૫, પ્રગતિનગર, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩ મો. ૯૮૨૫૪૬૪૪૮૧





વિરાટ દર્શન
કેશવ ટંડેલ
મો. ૯૯૨૫૩૩૦૧૬૫



જીવનનો ઉત્સવ
ડા. તેજસ દોશી
મો. ૯૪૨૬૪૫૪૧૦૦



મેળાના માણીગર
દુર્ગેશ ઉપાધ્યાય
મો. ૯૮૨૪૩૧૦૬૭૯



ધબકતી સ્મૃતિઓ
મુકેશ પટેલ
મો. ૯૮૨૫૪૯૩૫૩૯

ગુજરાતીમાં લુપ્ત થયેલું શિકારકથા સાહિત્ય

લલિત ખંભાયતા

'શિકાર' શબ્દ વંચાય-સંભળાય એ સાથે જ એક નકારાત્મક છાપ ઊભી થાય, કેમ કે હવે શિકાર એ ગુનો છે, પણ એક સમયે આ રજવાડી શોખ ગણાતો હતો. વળી, જંગલી પ્રાણીઓને કાબૂમાં રાખવાની જરૂરિયાત પણ એ સમયે વર્તાતી હતી. આજે તેના દસ્તાવેજીકરણમાં એક લટાર...

'પૂરી સફળતા સાથે દીપડો લઈ અમે બરાબર ચાર વાગ્યે ઉતારા ઉપર પહોંચી ગયા. ત્યાંની જનતા દીપડો જોવા ઉતારે પહોંચી ગઈ. શાળાના શિક્ષકે આવીને જણાવ્યું કે, આ દીપડાને જરા શાળામાં મોકલો તો બાળકો તેને જુએ અને અનાયાસે પ્રકૃતિવિજ્ઞાન પ્રાપ્ત કરે.'

મનુષ્યો સાથેના સંઘર્ષને કારણે આ શિકારી જીવો ઘણા ચર્ચાસ્પદ બન્યા છે. ગિરનારનાં પગથિયાં પર સિંહ દ્વારા બાળક પર હુમલો હોય કે દીપડા દ્વારા ખેડૂતને ખેંચી જવાના કિસ્સા હોય...

ગુજરાતની શાળાઓમાં દીપડો પહોંચી જાય એવા બનાવો આજે બને છે, પણ ઉપરોક્ત પ્રસંગ આઝાદી પહેલાંનો છે, એ વખત એવો હતો જ્યારે રહેણાક વિસ્તારમાં દીપડો દેખાય એ દૃશ્ય જ દુર્લભ હતું. આજે આપણને ભલે શિક્ષકે કરેલી આ વાત રમૂજી લાગે પણ એ એવા આશ્ચર્યને કારણે જ દીપડાનો શિકાર થયો ત્યારે શિક્ષકે એવી રજૂઆત કરી હતી.

જામજોધપુર નજીકના મોરઝર અને સોરઝર ડુંગર વચ્ચે દીપડાનો વસવાટ હતો. શિકારીઓ ત્યાં પહોંચ્યા અને ઘણી મહેનતના અંતે તેને ઠાર કર્યો. કેમ કે, એ દીપડાએ આસપાસના વિસ્તારમાં હાહાકાર મચાવ્યો હતો. એ દીપડાના શિકારની કથા 'મોરઝરનો મતિયાર' એ નામે પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈએ 'સાચી શિકારકથાઓ (ભાગ-2)'માં નોંધી છે.

ગુજરાતમાં સિંહ અને દીપડાની વસતી તો પરાપૂર્વથી છે, પણ અત્યારે મનુષ્યો સાથેના સંઘર્ષને કારણે આ શિકારી જીવો ઘણા ચર્ચાસ્પદ બન્યા છે. ગિરનારનાં પગથિયાં પર સિંહ દ્વારા બાળક પર હુમલો હોય કે દીપડા દ્વારા ખેડૂતને ખેંચી જવાના કિસ્સા હોય... આ પ્રકારની ચિંતાજનક ઘટનાઓ બનતી રહી છે.

મનુષ્યો પર હુમલો કરનાર આવાં પ્રાણીઓને શોધીને વનખાતું તેમને પાંજરામાં પૂરે, નિયમ મુજબ સજા કરે છે. આઝાદી પહેલાંના સમયમાં પણ આવી સ્થિતિ સર્જાતી હતી. ક્યારેક ક્યારેક દીપડા તો ક્યારેક સિંહો માણસો પર હુમલો કરી બેસતા. માણસો પર હુમલો ન કરે તોપણ ઢોરઢાંખરને રંજાડતા હોય તો એવા જીવોને ઠાર કરવામાં આવતા.

આઝાદી પહેલાં આપણો દેશ રજવાડાંઓમાં વહેંચાયેલો હતો. દરેકના પોતાના નિયમો અને પોતાના શોખ. ત્યારે સિંહ, દીપડા, વાઘ વગેરે જંગલી પ્રાણીઓનો શિકાર થતો હતો. શિકાર મુખ્યત્વે બે કારણસર કરવામાં આવતો હતો. એક તો રાજા-મહારાજાઓને એમ લાગતું હતું કે કુદરતે સર્જેલાં વનોમાં મુક્તિનો શ્વાસ લેતા જીવોને બંદૂકની ગોળીએ ઠાર કરવા એ એમનો રાજસી અધિકાર છે. જંગલમાં જ પોતાનું જીવન ગુજારતા જીવોને મારી નાખવામાં ઘણા રાજા-મહારાજા ગૌરવ અનુભવતા હતા.



આપણે એકવીસમી સદીમાં જીવીએ છીએ. આજે દેશમાં આપણા રાષ્ટ્રીય પ્રાણી વાઘની સંખ્યા ચાર હજારથી ઓછી છે. ઓગણીસમી સદીમાં દેશમાં એક લાખથી વધારે વાઘ હતા! રાજા-મહારાજા અને લાટસાહેબ અંગ્રેજો જંગલોમાં ઊતરી પડતા, વાઘ દેખાય ત્યાં તેનો શિકાર કરી નાખતા અને એ માટે એમને કોઈ કારણની જરૂર ન હતી. કેમ કે, એ પ્રજા દીવાન-એ-ખાસમાંથી આવતી પ્રજા હતી તે! ઈ.સ. ૧૯૧૧માં બ્રિટિશ રાજા પંચમ જ્યૉર્જ 'દિલ્હી દરબાર' માટે ભારત આવ્યા ત્યારે મનોરંજનાર્થે શિકારે નીકળ્યા. નેપાળ-હિમાલયના તળેટી-વિસ્તારમાં જ્યૉર્જે ૩૯ વાઘ તથા ૧૮ ગેંડાનો શિકાર કર્યો હતો. 'પરાક્રમી' રાજાસાહેબ સલામત રીતે શિકાર કરી શકે એ માટે શિકાર હોય ત્યાં એ ન જાય, એ જંગલમાં જ્યાં હોય ત્યાં શિકારને ધકેલવામાં આવે. એ માટે ચોતરફથી ગામવાસીઓ હાકો કરે એટલે કે વાસણો, ઢોલ વગેરેનો અવાજ કરતાં કરતાં પ્રાણીને ચોક્કસ વિસ્તારમાં આવવા મજબૂર કરાય. છેવટે વાઘ એવા વિસ્તારમાં પહોંચે જ્યાં શિકારીઓ હાથમાં બંદૂક લઈને રાહ જોઈને ઊભા હોય. ક્યારેક આવા શિકાર માટે હાથીની મદદ પણ લેવામાં આવતી હતી. કેમ કે, જંગલ ખૂંદવું હોય તો સલામત સવારી કરવી પડે. બ્રિટિશ રૉયલ ઇતિહાસમાં નોંધાયું છે કે એકલા પંચમ જ્યૉર્જ માટે ૬૪૫ હાથીની સેના જંગલો ખૂંદવા નીકળી પડી હતી. શિકારની આ પ્રકારની કાયરતાપૂર્ણ પરંપરા હતી.



જિમ કોર્બેટ પોતાના દરેક શિકારની વિગતવાર લખતા, પરંતુ દરેક શિકારીને એવી ટેવ ન હતી. કેટલાંક વળી પોતાના એકલદોકલ શિકાર-સાહસોની નોંધ કરતા.

શિકાર કરવાનું બીજું અને ઘણે અંશે વાજબી કારણ પણ હતું. ઘણીવાર જંગલી પ્રાણી આસપાસનાં ગામો, ઢોરઢાંખર, ખેડૂતો... વગેરે પર હુમલો કરવા લાગે ત્યારે પ્રજાની સલામતી માટે તેને ઠાર કરવાં પડે. આવા શિકાર માટે દરેક રજવાડાના પોતાના નિયમો હતા. જ્યાં અંગ્રેજ સત્તા હતી ત્યાં અંગ્રેજો કાયદેસર રીતે શિકારીઓની ફોજ ઉતારતા હતા. ઈ.સ. ૧૯૧૮માં માનવભક્ષી બનેલા રુદ્રપ્રયાગના દીપડા માટે સંખ્યાબંધ શિકારીઓને ઉતારવા પડ્યા હતા અને એ સહુ દીપડાની ચતુરાઈ સામે નિષ્ફળ ગયા હતા. છેવટે આઠ વર્ષે, લગભગ સવાસો માણસોને મારી નાખ્યા પછી એ દીપડાનો શિકાર જિમ કોર્બેટે કર્યો અને તેનો અનુભવ 'ધ મેન ઈટિંગ લેપર્ડ ઑફ રુદ્રપ્રયાગ' શીર્ષક હેઠળ લખ્યો હતો.

જિમ કોર્બેટ પોતાના દરેક શિકારની વિગતવાર લખતા, પરંતુ દરેક શિકારીને એવી ટેવ ન હતી. કેટલાક વળી પોતાના એકલદોકલ શિકાર-સાહસોની નોંધ કરતા. કેટલાક શિકાર એવા અધિકારી-ખેડૂતો-ગામવાસીઓએ કર્યા હોય કે એમને એવી નોંધ કરવાની કોઈ પરવા ન હોય. તોપણ પ્રજાને રંજાડતા કોઈ પ્રાણીનો શિકાર થાય ત્યારે ઘણે અંશે તેની વ્યાપક નોંધ લેવાતી અને કથાસ્વરૂપે રસપ્રદ લખાણ પણ લખાતું. ક્યાંક ગુજરાતી શિકારીઓના પોતાના અનુભવ તો ક્યાંક દેશ-પરદેશનાં પરાક્રમો. પ્રજામાં શિકારનાં એ વર્ણનો રોમાંચ જગાડતાં, એટલે એનું વર્ણન કરતાં શિકારકથાનાં પુસ્તકો પણ આવવા લાગ્યાં.

આઝાદ ભારતમાં ક્રમશ: વન્યજીવન કાયદા કડક થતા ગયા અને શિકાર પર પ્રતિબંધ મુકાતા ગયા. ચોક્કસ યુગનું સાહિત્ય એ યુગ સાથે અટકી પડે એમ શિકાર પ્રતિબંધો પછી આવાં પુસ્તકોનું સર્જન પણ અટકી ગયું છે, પણ એક સમયે સાહસકથાનાં પુસ્તકો મજેથી વંચાતાં. હવે આવાં પુસ્તકો કોઈ વાચન શોખીન પાસે મળે, ક્યારેક કોઈ ગ્રંથાલયમાંથી મળે તો મળે, અને ક્યારેક વળી જૂનાં પુસ્તકોનાં વેચાણના ઢગલામાંથી મળી આવે.

ગુજરાતી ભાષામાં શિકારકથાનાં સૌથી વધુ પુસ્તકો કદાચ કનૈયાલાલ રામાનુજના નામે લખાયાં છે. અલબત્ત, રામાનુજ

શિકારી ન હતા, લેખક હતા. કનૈયાલાલના 'જંગલની દુનિયા, મોતનો મુકાબલો', 'અનોખી શિકારકથા' અને 'સાવજ કથાઓ' એવાં ત્રણ પુસ્તકો ઈ.સ. ૧૯૮૭માં એકસાથે આવ્યાં હતાં (પ્રવીણ પ્રકાશન). 'જંગલની દુનિયા, મોતનો મુકાબલો'માં મૂળ તો બે જ પ્રકરણ છે. એક મદુમલાઈનાં જંગલો અને બીજું જિમ કોર્બેટ નૅશનલ પાર્કની સફર. જોકે બંને પ્રકરણો પેટા પ્રકરણોમાં પથરાયેલાં છે. લેખક પોતે એ જંગલો ફર્યા છે. એ દરમિયાન ત્યાંની વનસૃષ્ટિનો અનુભવ તેમણે વર્ણવ્યો છે. સાથેસાથે એ વખતે કોઈ શિકારની ઘટના બની હોય કે સાંભળી હોય તો એ વાતો વણી લીધી છે. જિમ કોર્બેટ જંગલની સફર વખતે તેમનો સામનો માનવભક્ષી વાઘ સાથે થયો હતો. લેખક અને તેમના મિત્રો સહિત નવનું ટોળું હતું. એ પહોંચ્યા એ વખતે જ વાઘના શિકારનો તખ્તો ગોઠવાયો હતો. માટે તેમને એ ટીમના ભાગ બનવાની તક મળી હતી તેનું વિસ્તારપૂર્વક વર્ણન છે.

દક્ષિણ ભારતમાં મદુમલાઈનાં જંગલોની સફરમાં તો વાઘ ઉપરાંત હાથી, ભારતનાં જંગલોમાં દુર્લભ એવાં જંગલી કૂતરાં (ઢોલ), નાગ વગેરે પ્રાણી સાથે મેળાપ થયો હતો. તો વળી, ચંદનનાં વૃક્ષોની કથા પણ આવે છે.

'અનોખી શિકારકથા'માં દુનિયાભરના શિકારીઓએ કહેલી, લખેલી, સાંભળેલી ૨૮ કથાઓ છે. વાઘ, દીપડો, રીંછ, અજગર, ચિત્તો, જંગલી કૂતરાં વગેરે તો ઠીક પણ રાજનાગ વિશે પણ પ્રકરણ પ્રાપ્ત થાય છે. ઊટી (તમિલનાડુ)નાં જંગલો પાસે એક કિસ્સો ભારે ચર્ચાસ્પદ બન્યો હતો. એક વાઘ ત્રાસ મચાવતો હતો. લોકો પીછો કરે કે વાઘને શોધવા જાય તો વાઘ તો ન મળે, પણ સાધુ આવતા દેખાય. એવું વારંવાર બનવા લાગ્યું. એટલે કથા વહેતી થઈ કે સાધુ જ વાઘનું રૂપ ધરીને આવે છે! ભારતમાં આ પ્રકારની કથાઓ તો હવાની જેમ ક્ષણમાં પ્રસરી જાય. વાત સર્વત્ર ફરી વળી. પહેલાં લોકો માત્ર વાઘથી ડરતાં હતાં, પછી વાઘ અને સાધુ બંનેથી ડરવા લાગ્યાં. એ કથા બહુ રસપ્રદ રીતે કહેવાઈ છે.

ગુજરાતમાં હવે વાઘ ફરીથી દેખાતા થયા છે, પણ એક સમયે તો વસ્તી હતી. વસ્તી હતી એટલે પ્રજા સાથે સંઘર્ષ પણ થતો. એવા જ એક સંઘર્ષમાં પંચમહાલ પંથકના ખેડૂતોએ વાઘને પાવડે પાવડે મારી નાખ્યો હતો. એવા કિસ્સાઓ સાથે દરેક પ્રકરણ સાથે આપેલાં ચિત્રોએ પુસ્તકને વધારે રસપ્રદ બનાવ્યું છે. એટલે દીપડાને અજગરે લપેટી લીધો એવું વર્ણન હોય એ સાથે તેનું ચિત્ર પણ રજૂ થાય અને વાંચનારને સીધા જ પૂર્વોત્તરનાં એ જંગલોમાં લઈ જાય જ્યાં એ ઘટના બની હોય.

'સાવજ-કથાઓ'માં તો નામ મુજબ કંઠીરવ કહેવાતા વનરાજની શિકારકથાઓ છે, સાથે સાથે તે વિષયક પરાક્રમોના પ્રસંગો પણ છે. આજે ગીરના જંગલમાં જવું હોય તો આપણે માહિતી માટે કોઈ પુસ્તક ઉથલાવવું નથી પડતું, પણ એ સમયે પુસ્તક સિવાય ક્યાંય માહિતી મળે એવી શક્યતા ન હતી. માટે આ પુસ્તકમાં ગીર નૅશનલ પાર્કની પ્રાથમિક વિગતો આપી છે. વધુ એક ધ્યાન ખેંચે એવી વિગત છે નેસની નામાવલિ. ગીરમાં આવેલા નેસની દુનિયા અનોખી છે. ગામથી પણ નાના અને પ્રાથમિક સુવિધા શબ્દ પણ જ્યાં શરમાઈ જાય એવા નેસ વિશે આજેય બહારની દુનિયા ઓછું જાણે છે. ત્યારે કેટલા નેસ



હતા તેનાં નામો અહીં આપ્યાં છે. આ નામો આજે વધારે મહત્ત્વનાં છે, કેમ કે, ઘણાય નેસ હવે રહ્યા નથી.

પહેલા જ પ્રકરણમાં સિંહણના માતૃત્વની લાગણીશીલ કથા છે. સિંહો વિશે ઘણી ગેરમાન્યતાઓ ફેલાતી રહેતી હોય છે. એવી જ એક ગેરમાન્યતા એટલે સિંહનાં ટોળાં ન હોય. સિંહો જરૂર મુજબ ટોળામાં રહેતાં હતાં, આજેય રહે છે, ભવિષ્યમાંય રહેશે. એટલે આ પુસ્તકના એક પ્રકરણનું નામ જ 'બાવીસ સિંહના ટોળામાં' એવું છે. ભાઈબંધી સાવજની, વનરાજની અદબ, સાવજશૂરો, સાધુ ને સાવજ, સિંહઘેલો માનવી, સિંહણના મોંમાં બાળકી... જેવાં પ્રકરણો સિંહની અનોખી સૃષ્ટિમાં સફર કરાવે છે.

પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ ભાવનગર મહારાજ સાથે ઘણી વખત મૃગયા ખેલવા જતા, કેમ કે એ રાજાના 'એ.ડી.સી. (લશ્કરી બાબતોમાં અંગત મદદગાર-સલાહકાર)' હતા. એમણે પણ પુસ્તકો લખ્યાં, 'કુદરતની કેડીએ' (બે ભાગ) અને 'સાચી શિકારકથાઓ' (બે ભાગ). ચારસોથી વધારે પૃષ્ઠમાં ફેલાયેલા પુસ્તક 'કુદરતની કેડીએ'માં શિકાર સાથે કુદરતમાં ફરવાના ભાવનગર રાજના અનુભવો લખાયા છે. ભાવનગર રાજ્ય તેની 'ચિત્તેવાની' અને 'બાજદારી' માટે પ્રખ્યાત હતું. ભાવનગર રાજ્ય પાસે ચિત્તા હતા (ગાંધીજી ભાવનગર મહારાજાને મળવા ગયા ત્યારે મહેલના દરવાજે સૌથી પહેલાં ચિત્તો સામે મળ્યો હતો!) ચિત્તાને શિકારની તાલીમ અપાતી. બાજને પણ તાલીમ અપાતી. પછી તેના ખેલ થતા. એ બધા અનુભવો ઉપરાંત પક્ષી, પ્રાણી પરિચયના લેખો છે. દરેક સજીવનાં રેખાચિત્રો પુસ્તકને સમૃદ્ધિ બક્ષે છે. સૌથી વધુ મહત્ત્વની વાત એ છે પુસ્તકના અંતે છવ્વીસ પાનાં ભરીને પ્રાણી-પક્ષી-સ્થળની સૂચિ આપી છે. પુસ્તકમાંથી સામગ્રી શોધવી એટલે સરળ થઈ પડે છે. એ જમાનામાં આવી સૂચિ આપવી એ પણ દૂરંદેશીપણું બતાવે છે.

શિકારકથાઓના બે ભાગમાં સમાવિષ્ટ ૨૨ શિકારકથાઓ પૈકી ઘણાખરા કેસમાં લેખક હાજર હતા. પ્રસ્તાવનામાં લખ્યા મુજબ લેખક પોતે શિકાર નહોતા કરતા, પણ શિકારીની ટીમનો એક ભાગ જરૂર હતા. શિકારકથાઓ વધારે અસરકારક લાગે એટલે દરેક કથા સાથે વીરેન્દ્ર પંડ્યાએ દોરેલાં રેખાચિત્રો પણ મૂકવામાં આવ્યાં છે. પહેલા ભાગમાં ત્રીજું પ્રકરણ ગીરના માનવભક્ષી સિંહ વિશે છે. આ પ્રકરણ દુર્લભ છે. કેમ કે, ગીરમાં સિંહો માનવભક્ષી થયા હોય એવા કિસ્સા દુર્લભ છે. એ જમાનામાં શિકારકથાનાં ઘણાં પુસ્તકો પ્રગટ થતાં અને તેમાંથી મોટાભાગનાં પુસ્તકો પરદેશી શિકારના વર્ણન અંગેનાં હતાં. તેની સામે આ પુસ્તકમાં સ્વદેશી શિકારકથાઓ છે.

એક તરફ પ્રદ્યુમ્ન દેસાઈ હતા, તો બીજા શિકારકથા લેખકનું નામ છે વજેન્દ્રપ્રસાદ હ. દેસાઈ. તેમનાં પુસ્તકનું નામ પણ શિકારકથાઓ (બે ભાગ) છે. વજેન્દ્ર હરિપ્રસાદ દેસાઈ દક્ષિણ ગુજરાતના કોઈ ખમતીધર શિકારી હતા. પુસ્તકમાં તેમના વિશે વધુ વિગતો મળતી નથી, પણ એમના પિતા હરિપ્રસાદ દેસાઈ શિકારે જતા, વજેન્દ્ર પોતાના દીકરાને પણ પોતાની સાથે લઈ જતા. તેમનાં પત્ની પણ મોટાભાગના શિકારમાં સાથે જોડાતાં હતાં. તેમના કહેવા પ્રમાણે મોટાભાગના શિકાર પ્રજાને રંજાડનારાં પ્રાણીઓના જ કર્યા છે. તોપણ ક્યાંક ક્યાંક શોખ ખાતર શિકાર થયાનું પણ નોંધ્યું છે. બંને ભાગમાં મળીને કુલ ૧૫ શિકાર અનુભવો છે. માથે ગોળાકાર હૅટ, ખભે બંદૂક, જંગલને શોભે એવો ખાખી સફારી જેવો જાડો પોશાક પહેરીને નીકળી પડતા હોય એવા ફોટા પણ છે. લેખક વળી સાહિત્યના શોખીન છે, વાંચનનો શોખ તેમના લખાણમાં ઠેર ઠેર છલકાઈ આવે છે. પુસ્તકની પ્રસ્તાવના કનૈયાલાલ મુનશીએ લખી આપી છે.

પ્રકૃતિ અને પર્યાવરણનો પરિચય કરાવવાનું ભગીરથ કામ વિજયગુપ્ત મૌર્યે કર્યું હતું. એમનાં પણ એકાધિક પુસ્તકો શિકાર વિશેનાં છે. ઈ.સ. ૧૯૫૨માં આવેલું એક પુસ્તક છે 'શિકારીની તરાપ.'

ગુજરાતી વાચકોને દેશ-વિદેશની પ્રકૃતિ અને પર્યાવરણનો પરિચય કરાવવાનું ભગીરથ કામ વિજયગુપ્ત મૌર્યે કર્યું હતું. એમનાં પણ એકાધિક પુસ્તકો શિકાર વિશેનાં છે. ઈ.સ. ૧૯૫૨માં આવેલું એક પુસ્તક છે 'શિકારીની તરાપ.' વાચકો સરળતાથી સમજી શકે એટલે વિજયગુપ્તદાદા પ્રથમ પુરુષ એકવચન (હું)થી લખતા હતા. પરિણામે વાંચનારા એવું માની લેતા કે લેખક પોતે શિકારી પણ છે. 'ચિત્રલેખા'ના તંત્રી હરકિસન મહેતા જ્યારે પહેલી વાર વિજયગુપ્ત મૌર્યને

મળ્યા ત્યારે એમ જ માનીને વાત કરતા હતા કે તમે મોટા શિકારી છો અને દુનિયાભરનાં જંગલો ફરીને આવ્યા છો. જોકે, આ પુસ્તકની પ્રસ્તાવનામાં જ સ્પષ્ટ કર્યું છે કે આ બધી શિકાર કથાઓ દેશ-પરદેશની છે. પ્રકૃતિને નજીકથી સમજવા તેને ગુજરાતીમાં ઉપસ્થિત કરાવી છે. શિકારચોર, નરભક્ષી વાઘણ, રીંછનો શિકાર, અજગરનાં પરાક્રમો, ગેંડાનો સામનો જેવાં પ્રકરણો જ તેનું વિષયવૈવિધ્ય સ્પષ્ટ કરી આપે છે. વિજયગુપ્ત મૌર્ય માત્ર અનુવાદક હોત તો તેમનાં લખાણો અમરત્વ ન પામત, પણ એ પોતે પક્ષીવિદ, પ્રકૃતિના અભ્યાસી, હિમાલય સહિતના ભારતના વારંવારના પ્રવાસી હતા. એટલે એમનો પ્રકૃતિ સાથેનો નિકટનો નાતો લખાણોમાં ચમક્યા વગર રહેતો નથી.

રાજાશાહી યુગમાં પણ સામાન્ય નાગરિકોને શિકારની છૂટ નહોતી, પરંતુ જાનમાલનું રખોપું કરવા રાજા-મહારાજા પોતે અથવા તો તેમના શિકારીઓ આખેટ પર નીકળતા હતા. એ શોખ માટે નહીં, પણ પ્રજાના સંરક્ષણ માટે શિકાર કરતા હતા. વસંતલાલ પરમાર લિખિત 'સાહસભરી રોમાંચક શિકારકથાઓ'માં મોટેભાગે એવી કથાઓ છે. ૩૧ પ્રકરણમાં રીંછ, જંગલી પાડો, વાઘ, ઝરખ, મગર, અજગર, સિંહ, ચિત્તો, સૂવર, જંગલી હાથી.. એમ બધાં વનેચરોને સમાવિષ્ટ કરી લેવાયાં છે. સૌરાષ્ટ્ર છે તો આફ્રિકાનાં જંગલો પણ છે. માત્ર સિંહ-વાઘ જેવાં 'જંગલ રાજવી' ગણાતાં પ્રાણીઓનો જ શિકાર મુશ્કેલ હોય એવું આપણે સૌ માનતાં હોઈએ છીએ. આ પુસ્તકમાં એવા કિસ્સા છે, જેના પરથી ખ્યાલ આવે કે જંગલી સૂવર હોય કે પાડો હોય, એ શિકારીને બરાબર હંફાવે છે. સરકસમાંથી પ્રાણી ભાગે તો કઈ રીતે આખું ગામ સરકસનો તંબુ બને અને ખેલ ગામની શેરીએ શેરીએ ભજવાય એ વર્ણન છે, સાથે સાથે બચ્ચાં સાથેની હાથણી કઈ રીતે વાઘનો સામનો કરે એ માતૃવાત્સલ્ય છલકાવતો કરુણરસ પણ છે.

શિકાર એ આજે લુપ્ત થયેલી કળા છે અને હવે એ કળાની કોઈ આવશ્યકતા પણ નથી. જંગલી પ્રાણીઓનો શિકાર કરવો પડે એવો આ સમય નથી, કેમ કે માણસોએ જંગલમાં થાય એટલી તો પેશકદમી કરી જ લીધી છે, પણ એક જમાનો એવો હતો કે વાઘ-સિંહ-દીપડા-રીંછ જેવાં પ્રાણી ખેડૂતોનું નુકસાન કરે, ગ્રામજનોને રંજાડે, રાહદારીઓને છંછેડે... ત્યારે તેમનો શિકાર કરવાની સરકાર તરફથી મંજૂરી મળતી હતી.

આફ્રિકા ખંડના ઘણા દેશોમાં આજેય 'ટ્રૉફી હન્ટિંગ'ના નામે શિકાર કાયદેસર છે. શિકાર કર્યા પછી પ્રાણીના શરીરનું અંગ (મોટેભાગે તો શીશ) પોતાની સાથે ટ્રૉફી તરીકે લઈ જવાની છૂટ મળે એટલે એ ટ્રૉફી હન્ટિંગ નામે ઓળખાય છે. આફ્રિકામાં થતા શિકારોની કથાઓ પણ લખાતી રહે છે, પરંતુ હવે વન્યજીવો પ્રત્યે જાગૃતિના યુગમાં એ કથાઓ ગુજરાતમાં એટલી મહત્ત્વની રહી નથી. માટે તેના ખાસ અનુવાદોય થતા નથી. વળી, હવે શિકાર માત્ર શોખ માટે થાય છે. આફ્રિકામાં તો છ-આઠ-દસ દિવસ શિકારે જવાની આખી સફર યોજાય છે અને એની ફી હજારો-લાખો ડૉલર લેવાય છે. આફ્રિકાના કેટલાક દેશોની દલીલ એવી છે કે અમારી પાસે માણસોને ખાવાય અનાજ-ખોરાક નથી, એમાં સંખ્યાબંધ પ્રાણીઓને ક્યાંથી પાળવાં-પોષવાં? એ સંજોગોમાં ટ્રૉફી હન્ટિંગ નામે લેવામાં આવતી ફીનો ઉપયોગ બચી ગયેલા જીવોને ટકાવી રાખવામાં થાય છે. એ શિકારની કથાઓ લખાય તો પણ રોમાંચક ન બને એ પણ એટલું જ સ્વાભાવિક છે.

શિકાર એ આજે લુપ્ત થયેલી કળા છે અને હવે એ કળાની કોઈ આવશ્યકતા પણ નથી. જંગલી પ્રાણીઓનો શિકાર કરવો પડે એવો આ સમય નથી, કેમ કે માણસોએ જંગલમાં થાય એટલી તો પેશકદમી કરી જ લીધી છે.

એ-૫૦૪, શિલ્પ સોલેસ, લિજન્ન સિટી પાસે,
આઇઓસી રોડ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪
મો. ૯૯૭૯૭૫૮૧૦૯

કથા : મહાન આત્મકથાઓની...

જ્વલંત છાયા

આત્મકથાને વિશેષ સંબંધ તથ્યોને સમાંતર સત્ય સાથે છે. નિખાલસતાનું, નિર્ભેળપણાનું તત્ત્વ તેમાં સૌથી વધારે અપેક્ષિત છે.

નેલ્સન મંડેલાની આત્મકથા "લોંગ વોક ટુ ધ ફ્રીડમ', જ્યોર્જ બર્નાર્ડ શોની આત્મકથા "સિક્સ્ટી સેલ્ફ સ્કેચીઝ', ફિલ્મસર્જક અકીરા કુરોસાવાની આત્મકથા "સમથિંગ લાઇક એન ઓટોબાયોગ્રાફી', બરાક ઓબામાની આત્મકકથા "એ પ્રોમિસ્ડ લેન્ડ', ચાર્લી ચેપ્લિનની આત્મકથા- "મારી આત્મકથા' વિશ્વસ્તરે વખણાયેલી વંચાયેલી આત્મકથાઓ છે.

મણિલાલની આત્મકથા ચર્ચાસ્પદ છે, રસપ્રદ પણ છે. તેમના અવસાન પછીના છેક ૮૦ વર્ષે તે જગતના ચોકમાં સ્વ. ધીરુભાઈ ઠાકર દ્વારા મુકાઈ. મણિલાલની જન્મશતાબ્દી ઊજવાઈ ત્યારે પણ હજી તે લોકો સુધી નહોતી પહોંચી.

ગુજરાતી ભાષાના પ્રેમી તરીકે આપણી અપેક્ષા કે એવા સત્ત્વશીલ સર્જકો આપણને હજી સાંપડે જેઓ પોતાના જીવનને પણ ખોલી શકે, ભાવકો સમક્ષ અને તે જીવન પણ તેમનાં પુસ્તકોની જેમ પાઠશાળા બને, જીવન શીખવાનું માધ્યમ બને.

"મારા સરખાએ પોતાની હકીકત પોતે જ લખવી ને તે વળી પોતાની હયાતીમાં પોતે જ છાપી પ્રગટ કરવી એ લોકોમાં અવિવેક જેવું લાગે ખરું. નથી હું પીડિત, નથી હું જોદ્ધો, નથી હું ધર્મગુરુ, નથી હું શ્રીમંત ઇત્યાદિ મારા લખાણથી ઘણા લોકોને એમ લાગે છે કે હું મારા પોતાના વિશે બહુ બોલું છું. ને એમ લાગે તેવું જ છે, કારણ કે જ્યારે તેઓ મારા લખવાનો યથાર્થ મેં ન સમજતાં અને રાત દહાડાનો મારો શ્રમ પોતાના ખ્યાલમાં ન લેતાં ઊલટા મારી મજાક-નિંદા કરે છે ત્યારે હું ઘણો ખિન્ન થાઉં છું...'

૧૫૮ વર્ષ પૂર્વે ગુજરાતી ભાષામાં આ શબ્દો અવતર્યા કવિ-ગદ્યકાર-વ્યાકરણવિદ નર્મદની કલમે. આ અંશ છે નર્મદની આત્મકથા- 'મારી હકીકત'નો. ગુજરાતી ભાષાની સર્વપ્રથમ આત્મકથા. વિવિધ યુગોમાં, કાળખંડોમાં ગુજરાતી સાહિત્યની વિધાઓમાં વિશિષ્ટ કામ થયું છે. નવલકથા, નવલિકા, નિબંધો, નાટક બહુવિધ પ્રકારની કવિતાઓમાં સર્જકોએ શકવર્તી, શાશ્વતીથી સભર કૃતિઓની ભેટ વાચક-ભાવકોને ધરી છે. ગદ્ય અને પદ્ય, બન્ને કાંઠાની વચ્ચે ગુજરાતી સાહિત્યની નદી ખળખળ, ધસમસતી વહી છે. આત્મકથાના ક્ષેત્રે પણ કંઈ કામ નથી થયું તેમ નહીં પરંતુ અન્ય સાહિત્ય પ્રકારની સરખામણીએ આ પ્રકાર થોડો ઓછો ખેડાયો છે તેવો વિદ્વાનોનો અભિપ્રાય છે અને તેનાં કારણો પણ અપાતાં રહ્યાં છે. જે નથી થયું તેની ચર્ચા કરવા કરતાં જે કામ થયું છે તેના વિશે સંવાદ કરવો યથાર્થ રહે.

The Story of one's life written by himself. આ વ્યાખ્યા પ્રમાણે તો આત્મકથા એટલે પંડનો પોતે લખેલો ઇતિહાસ કે પોતાના જ જીવનની વાતો. પરંતુ આત્મકથાના કેન્દ્રમાં ઇતિહાસ જ નથી.

આત્મકથા આમ પાશ્ચાત્ય સાહિત્યપ્રકાર ગણાય છે. ઓક્સફર્ડ ડિક્શનરીમાં વાંચવા મળતી વ્યાખ્યા અનુસાર Autobiography એટલે The writing of one's own history.

The story of one's life written by himself. આ વ્યાખ્યા પ્રમાણે તો આત્મકથા એટલે પંડનો પોતે લખેલો ઇતિહાસ કે પોતાના જ જીવનની વાતો. પરંતુ આત્મકથાના કેન્દ્રમાં ઇતિહાસ જ નથી. અને આત્મકથામાં ઇતિહાસની જેમ ઘટનાઓનો, જીવનના બનાવોનો ક્રમ જાળવવો, તેની યથાતથ તિથિ-તારીખો આપવાનું યથાતથ નથી. આત્મકથાને વિશેષ સંબંધ તથ્યોને સમાંતર સત્ય

સાથે છે. નિખાલસતાનું, નિર્ભેળપણાનું તત્ત્વ તેમાં સૌથી વધારે અપેક્ષિત છે. એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા એવું કહે છે કે વ્યક્તિએ પોતે પોતાના જીવનનું જે સરવૈયું લખ્યું હોય, હિસાબ લખ્યો હોય તેને આત્મકથા કહેવાય. અહીં એકાઉન્ટ- હિસાબ એટલે લેખાંજોખાં તો ખરાં જ પરંતુ જેને એકાઉન્ટીબિલીટી કહે છે તે વિશ્વસનીયતાનો પણ સમાવેશ થઈ જ જાય.

વ્યક્તિગત લેખન, નિબંધ એટલે આત્મકથા નહીં. ડાયરી- દરરોજ લખાતી નોંધ આત્મકથાની સામગ્રી બની શકે તે આત્મકથા નથી. જો કોઈ પ્રવાસવર્ણન લખે તો તેમાં પણ અમે અહીં ગયા ને ત્યાં ગયા...એવું બધું આવે પરંતુ ત્યાં આત્મનિવેદન અનિવાર્ય નથી. આત્મકથા એવો લેખનપ્રકાર છે જ્યાં લેખકે ભાવક-વાચકને આંગળી પકડી લેખકના પોતાના આંતરવિશ્વમાં વિહાર કરાવવાનો હોય છે. હું આમ જીવ્યો...એવું કહેવાનું હોય છે- શક્ય તેટલા પડદા વગર. આત્મકથા એક પ્રકારે જીવનચરિત્ર જ છે અહીં લેખક પોતે જ પોતાના જીવન વિશે વાત કરે છે. જીવન ચરિત્ર અન્ય કોઈ આલેખે છે એટલો તફાવત છે.

'એન ફ્રેન્કની ડાયરી' એ આમ તો ડાયરી છે પરંતુ તેમાં આત્મનિવેદન છે. હેલન કેલરની આત્મકથા 'ધ સ્ટોરી ઓફ માય લાઈફ'માં વિકલાંગ વ્યક્તિના સંઘર્ષની કહાની છે.

"એન્સાઇક્લોપીડિયા ઑફ લિટરેચર' દીર્ઘ વ્યાખ્યા આપે છે તેનો સાર એ છે કે વ્યક્તિએ પોતે પોતાના જીવનનું કરેલું નિરૂપણ એટલે આત્મકથા. હા, તે ફક્ત નિરૂપણ નથી. વિવિધ ગ્રંથો-સદંર્ભોએ તેની વ્યાખ્યા કરી છે અને તેનો અર્ક એ છે કે લેખકના પોતાના જીવનનું પોતાના જ દ્વારા થયેલું નિરૂપણ અથવા વૃત્તાંત કે આંતર અવલોકન. વ્યાખ્યાઓ, વિવેચન આમ તો વિદ્વાનોનો વિષય છે પરંતુ સ્વરૂપને સમજવા આ થોડી લાંબી ભૂમિકા થઈ. આત્મકથાઓ વિશ્વસ્તરે ખેડાયેલું, સેવાયેલું સ્વરૂપ છે અને વિવિધ ક્ષેત્રના લોકોની આત્મકથાઓ આપણને મળી છે, મળતી આવી છે. આત્મકથા વિશે આ લેખ તૈયાર થઈ રહ્યો હતો તે જ અરસામાં વેસ્ટઇન્ડિઝના ક્રિકેટર ગેરી સોબર્સનું અવસાન થયું. તેમની આત્મકથા રોચક છે, ઘટનાઓથી ભરપૂર છે- તેમની ક્રિકેટ ઇનિંગ જેવી જ.

વિશ્વની સૌપ્રથમ આત્મકથા ઈ.સ, ૪૦૦માં લખાઈ જેનું નામ હતું "કન્ફેશન'', લેખક હતા સેન્ટ ઑગસ્ટિન. એમ તો ઈ.સ. પૂર્વે બીજી સદીમાં ક્વિઆન દ્વારા પણ પોતાના જીવનના અહેવાલો લખાયાના સંદર્ભો છે. ભારતમાં પ્રથમ આત્મકથા જૈન કવિ- વેપારી બનારસીદાસે લખ્યાનું મનાય છે પુસ્તકનું નામ હતું "અર્ધકથાનક'' આવા શીર્ષક પાછળનું કારણ એ હતું તે લેખક માનતા કે પોતે ૧૧૦ વર્ષ જીવશે તેથી તેમણે પોતાના ૫૫ વર્ષનું આલેખન કર્યું હતું. જોકે આ ક્રમ અને વિગતો નીરસ અને લંબાણભરી થઈ જશે.

વૈશ્વિક સ્તરે વિવિધ દેશમાં, વિવિધ ભાષામાં લખાયેલી આત્મકથાઓએ વાચકોના મનમાં છાપ છોડી, વાતાવરણ બનાવ્યું, વિવાદ જગાડ્યા. નેલ્સન મંડેલાની આત્મકથા "લોંગ વોક ટુ ધ ફ્રીડમ', જ્યોર્જ બર્નાર્ડ શોની આત્મકથા "સિક્સ્ટી સેલ્ફ સ્કેચીઝ', ફિલ્મસર્જક અકીરા કુરોસાવાની આત્મકથા "સમથિંગ લાઇક એન ઓટોબાયોગ્રાફી', બરાક ઓબામાની આત્મકકથા "એ પ્રોમિસ્ડ લેન્ડ', ચાર્લી ચેપ્લિનની આત્મકથા- "મારી આત્મકથા' વિશ્વસ્તરે વખણાયેલી વંચાયેલી આત્મકથાઓ છે. ઍડોલ્ફ હિટલરની આત્મકથા "મીન કાંફ''ના ઉલ્લેખ વગર આ યાદી અધૂરી રહે. અસ્તિત્વવાદના પ્રણેતા જ્યાં પોલ સાર્ત્રની આત્મકથા છે, 'વર્ડ્ઝ'- તેમાં એક વિધાન છે. "મોઢે ચડાવેલું બાળક, ગમગીન નથી. તે ફક્ત થાકી ગયું હોય છે, રાજાના કૂતરાની જેમ." અને શોની આત્મકથામાં તેઓ કહે છે, "ઘણીવાર હું એક માણસની લઘુમતીમાં હતો, એ રીતે લઘુમતીમાં રહેલો માણસ નેતા બની જતો હોય છે." આવી આત્મકથાઓ વિશ્વ સાહિત્યમાં પથરાઈ છે. "એન ફ્રેન્કની ડાયરી' એ આમ તો ડાયરી છે પરંતુ તેમાં આત્મનિવેદન છે. હેલન કેલરની આત્મકથા "ધ સ્ટોરી ઑફ માય લાઇફ"માં વિકલાંગ વ્યક્તિના સંઘર્ષની કહાની છે. મિશેલ ઓબામાએ "બિકમિંગ' નામની આત્મકથામાં આત્મનિવેદનો કર્યાં છે.

"સત્યના પ્રયોગો" ગુજરાતીમાં લખાયેલી આત્મકથા છે પરંતુ તે ભારતીય પણ છે, વૈશ્વિક પણ છે. સર્વાધિક

વેચાતી આ આત્મકથા છે. ગાંધીજીએ અત્યંત સરળ ભાષામાં જીવનનું દોહન આપ્યું છે. ૧૯૨૮ સુધીનું તેમનું જીવન તેમાં છે. "નવજીવન"માં તે હપતાવાર છપાઈ હતી. "સત્યના પ્રયોગો"નો ઈંગ્લિશ ભાષામાં અનુવાદ મહાદેવ દેસાઈએ કર્યો હતો. સ્વાભાવિક રીતે ગુજરાતીની સરખામણીમાં ઈંગ્લિશ ભાષામાં આ પુસ્તક વધારે વેચાયું છે. હિન્દી, મરાઠી, તમિલ, મલયાલમ, બંગાળી, અસમી, તેલુગુ, પંજાબી, મણિપુરી, ડોગરી ભાષામાં તેના અનુવાદ થયા છે. ફ્રેન્ચ, સ્પેનિશ, રશિયન, ચાઈનીઝ, જાપાનીઝ અને અરબી ભાષામાં પણ તે પ્રાપ્ય છે.

ભારતીય ભાષાઓમાં પણ આત્મકથાની સંખ્યા અને ગુણવત્તા ઓછાં-આછાં નથી. જવાહરલાલ નહેરુની આત્મકથા- "માય ઓટોબાયોગ્રાફી" એક સિદ્ધહસ્ત ઈતિહાસપુરુષ અને રાજનીતિજ્ઞના જીવનનો અહેવાલ છે. હરિવંશરાય બચ્ચનની આત્મકથાના ચાર ભાગ છે. ગિરીશ કર્નાડની આત્મકથા "આડાડતા આયુષ્યે" પણ વખણાઈ છે. લાલકૃષ્ણ અડવાણીની આત્મકથા "માય કન્ટ્રી માય લાઈફ' સ્વતંત્રતા પૂર્વે અને પછીના ભારતમા બનેલી રાજકીય ઘટનાઓનો દસ્તાવેજ છે સાથે જ તેમની પોતાની વાતો તો તેમાં છે જ. સચિન તેંડુલકરની આત્મકથા "પ્લેઈન્ગ ઈટ માય વે..." ભારતીય ક્રિકેટના આધુનિક યુગની કહાની અને સચિનના પરિશ્રમ (સંઘર્ષ નહીં)ની વાતોનો ખજાનો છે.

મિલખાસિંઘના જીવન ઉપરની ફિલ્મ તો આપણે જોઈ, તેમની આત્મકથા "ધ રેસ ઑફ માય લાઈફ'માં ઘણાની રસપ્રદ વાત છે. "એઝ અગેન્સ્ટ ઓડ્સ" આત્મકથા છે, ટેનિસ વીરાંગના પાકિસ્તાનનાં પુત્રવધૂ સાનિયા મિર્ઝાની. ફિલ્મકલાકારો, સાહિત્યકારોની આત્મકથાઓ પણ રોમાંચક રહી છે. દિલીપ કુમાર, દેવ આનંદ સહિતના મોટા કલાકારોની આત્મકથાએ છાપ છોડી છે. નવી પેઢીના કલાકાર ઈમરાન હાશ્મીની આત્મકથાનું નામ છે "ધ કિસ ઑફ લાઈફ: હાઉ અ સુપરહીરો એન્ડ માય સન ડિફીટેડ કેન્સર" આ યાદી તો સતત લંબાતી જાય. આત્મકથા કે સ્વચરિત્ર જેને કહેવાયું છે તે ભલે કોઈ વ્યક્તિ લખે, કોઈ મોટા માણસની તેમાં વાત હોય પરંતુ દરેક વ્યક્તિ એક અલગ કથા છે. દરેક વ્યક્તિના સંઘર્ષો, સપનાઓની અલગ કહાની છે. પ્રત્યેક આત્મકથા એક પ્રકારે જીવન જીવવાનું પાઠ્યપુસ્તક છે એવું કહેવામાં અતિરેક નથી.

ગુજરાતી આત્મકથા-લેખનનું ક્ષેત્ર પણ સાવ વણખેડાયેલું નથી. અલબત્ત ફિક્શન કે કવિતાઓની સરખામણીમાં તો તેનું પ્રમાણ ઘણું ઓછું છે પરંતુ જે કામ થયું છે તે નક્કર છે. નર્મદે "મારી હકીકત" માં પોતાના જીવનના ઝંઝાવાત કહ્યા સાથે ગુજરાતી ગદ્યના એક તદ્દન અલગ રૂપનો પરિચય કરાવ્યો. ઉલ્લેખનીય છે, સાક્ષરવર્ય મણિલાલ નભુભાઈ દ્વિવેદીની આત્મકથા: "મ.ન. દ્વિવેદીનું આત્મવૃતાંત". મણિલાલ એટલે "કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે" જેવી રચના જેમણે આપી તે. પરંતુ આ તો સાવ સપાટી ઉપરની ઓળખ. અદ્વૈતના તેઓ પ્રખર અભ્યાસી. સ્વામી વિવેકાનંદે શિકાગોમાં જે વક્તવ્ય આપ્યું તે ધર્મપરિષદમાં જવાનું નિમંત્રણ આપણા નડિયાદના મણિલાલને પણ હતું.

મણિલાલની આત્મકથા ચર્ચાસ્પદ છે, રસપ્રદ પણ છે. તેમના અવસાન પછીના છેક ૮૦ વર્ષે તે જગતના ચોકમાં મુકાઈ, સ્વ. ધીરુભાઈ ઠાકર દ્વારા. મણિલાલની જન્મશતાબ્દી ઊજવાઈ ત્યારે પણ હજી તે લોકો સુધી નહોતું પહોંચ્યું. આનંદશંકર ધ્રુવ પાસે તેમના વૃતાંતનો હસ્તલિખિત લેખ હતો. ૧૯૫૬માં ધીરુભાઈએ તે પ્રગટ કર્યું. મણિલાલના જીવનના સંઘર્ષો ઘણા છે. આત્મવૃતાંતમાં તેમણે નિખાસલતાથી બધું લખ્યું છે. સામાજિક રીતે જેને સંપૂર્ણ અયોગ્ય કહેવાય તેવી પ્રવૃત્તિઓમાં મણિલાલ હતા. ૪૦ જ વર્ષની વયે સિફિલિસ થયો તે શા માટે, એના સહિતની વાતો છે. "રા.બ. મોહનલાલ ઝવેરીનું આત્મકથન' નામે એક આત્મકથા ૧૯૦૮ના અરસામાં પ્રકાશિત થઈ હતી,

"સાગર અને શશી" કવિતાના સર્જક મણિલાલ રત્નજી ભટ્ટ-કાન્તે "નર્મદા એક પ્રેમકથા"ના નામે પોતાનાં પત્ની સાથેનાં સંસ્મરણો લખ્યાં છે. અન્ય એક લેખમાં પોતાના ગામ, વડીલો, કુટુંબ વિશેનાં સંસ્મરણો આપ્યાં છે. "આત્મકથા: સ્વરૂપ અને વિકાસ" નામે ડૉ. રસિલા કડિયાનો એક સંશોધનાત્મક સંદર્ભગ્રંથ છે તેમાં આત્મકથા વિશે ઊંડા અભ્યાસથી વિગતો છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રે જેમના નામ અલ્પખ્યાત છે તેવાં અનેક લેખક-લેખિકાઓનાં આત્મવૃતાંત-આત્મકથાનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ છે. કાકા કાલેલકરે "સ્મરણયાત્રા" નામે જીવનનાં સંભારણાં આપ્યાં છે. ઝવેરચંદ મેઘાણીનાં સંસ્મરણો "અંતરછબિ'માંથી મળે

છે પરંતુ તે આત્મકથા સંપૂર્ણ ન કહી શકાય. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ આપણને ઐતિહાસિક નવલકથાઓ આપી તો સામે પોતાના જીવનનો ઇતિહાસ પણ આપ્યો. “અડધે રસ્તે’, “સીધાં ચઢાણ’, “સ્વપ્નસિદ્ધિની શોધ’ માં ત્રણેય ગ્રંથ મુનશીદાદાની આત્મકથા છે. બ.ક.ઠાકોરે લખેલા આત્મવૃતાંતનું નામ છે “પંચોતેરમે...” તેમને પંચોતેર વર્ષ પૂર્ણ થયાં ત્યારે જે જે સન્માન સમારંભો થયા ત્યાં આપેલાં પ્રવચનો અને અમુક નોંધો ઉપરથી આ લખાયું છે. “મ્હારા જેવા જંતુએ તે જીવનચરિત શાં લખવાં?” એવું કહીને બ.ક. ઠાકોરે જીવનની તમામ વાતો લખવાનું તો ટાળ્યું છે.

‘જીવનપંથ’ અને ‘જીવનરંગ’ એમ બે પુસ્તકોમાં ધૂમકેતુએ પોતાનું જીવન આલેખ્યું છે. એક વાર્તાકાર આ આત્મકથાલેખન વખતે પણ પ્રગટ થયા વગર રહેતા નથી. વાર્તાકથનની શૈલી તેમણે અપનાવી છે. ર.વ. દેસાઈએ ‘ગઈકાલ’ અને ‘મધ્યાહ્નના મૃગજળ’ નામે આત્મકથાનાત્મક બે ગ્રંથ લખ્યા. નાનાભાઈ ભટ્ટની આત્મકથા ‘ઘડતર અને ચણતર’ એક પ્રકારે તો ગુજરાતની કેળવણીની આત્મકથા છે એમ કહી શકાય. દક્ષિણામૂર્તિની તે કથા છે. ઉદ્યોગપતિ-દાનવીર નાનજી કાલિદાસ મહેતાએ “મારા જીવનની અનુભવકથા” નામે આત્મકથા લખી છે.

મહાગુજરાત આંદોલનની પ્રણેતા ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા તો છ ભાગમાં વિસ્તીર્ણ છે. મોરારજી દેસાઈએ પણ “મારા જીવનનાં સંસ્મરણો” નામે આત્મકથા લખી છે. કળાગુરુ રવિશંકર રાવળે ‘આત્મકથાનક’ શીર્ષકથી બાળપણ, પોતાનું શિક્ષણ અને ચિત્રકળાનો સંગ-સાધનાની વાતો આલેખી છે. કવિ જયંત પાઠકની આત્મકથા ‘વનાંચલ’ ગુજરાતી ગદ્યમાં પ્રકૃતિ આલેખનનું સુંદર દૃષ્ટાંત છે. પન્નાલાલ પટેલ અલપઝલપ નામે આત્મકથાનાત્મક લેખન કરીને પોતાની વાત મૂકે છે...

એક તારણ એવું નીકળે કે જેઓ પ્રખ્યાત લેખકો છે જેઓ નામાંકિત છે તેમણે આત્મકથા લખી તેના કરતાં જેઓનાં નામ જનગણમાં જાણીતાં નથી તેમની આત્મકથાઓ તો છે જ. અન્ય કૃતિઓ ભલે ઓછી હોય. આ આત્મકથાઓમાં હજી ઘણાં નામ અને સર્જન રહી ગયાં છે તેની સભાનતા સાથે સમાપન તરફ આગળ વધીએ તો ચંદ્રકાન્ત બક્ષીની આત્મકથા ‘બક્ષીનામા’ યુવાનોમાં પ્રિય નીવડી છે. ભાષાની રવાની, અહંકારને દુર્ગુણ ન ગણવાનો એક ધ્વનિ, પાલનપુરથી લઈને કોલકતાનાં સંભારણાં... સાહિત્યક્ષેત્ર વિશે ટકોર જ નહીં, તીવ્ર ધારદાર ટિપ્પણીઓ, પ્રસંગો અને ઘટનાઓ તેમાં છે અને બક્ષીની આત્મકથા વિશે ચર્ચા પણ તેમના જેટલી જ થઈ છે. હાસ્યલેખક તરીકે જાણીતા નાટ્યકાર તારક મહેતાની આત્મકથા ‘ઍક્શન રિપ્લે’ પણ ઉલ્લેખનીય છે. તારકભાઈના જીવનના તાણાવાણા, પ્રેરક અને રોચક પ્રસંગો તેમાં છે. બાળપણથી છેક તેમની કારકિર્દી સુધીની, તેમનાં પુત્રી ઈશાની સહિતના પ્રસંગો છે, નાટ્યક્ષેત્ર અને સાહિત્ય અમદાવાદ અને મુંબઈ તેમાં અલગ રીતે ખૂલ્યાં છે. વિનોદ ભટ્ટે લખ્યું ‘એવા રે અમે એવા...’ હિમાંશી શેલતે પણ આત્મકથા લખી છે, વિશિષ્ટ છે તે પુસ્તક.

અનિલ જોશીની આત્મકથા નવનીત સમર્પણમાં ધારાવાહિક સ્વરૂપે પ્રકાશિત થઈ હતી, “ગાંસડી ઉપાડી શેઠની” નામે... અને થોડા દિવસો પૂર્વે રજનીકુમાર પંડ્યાના ‘આત્મકથાનાત્મક’ સંસ્મરણો ઝંઝાવાત રૂપે આવ્યાં છે.

આત્મકથા લખવી તે અનેક રીતે સરળ નથી. અઘરું લખી શકાય. દીર્ઘ નવલકથા લખી શકાય, સરસ નવલિકા, પ્રયોગશીલ કવિતાઓ લખવાનું પણ અઘરું જ છે. પરંતુ આત્મકથામાં સત્યનો રણકો જોઈએ, જાત પ્રત્યેનું તાટસ્થ્ય જોઈએ, પોતાની અંદર ઝાંખવાનું અને જોવાનું બળ જોઈએ. આત્મકથા સાહિત્યનો વિશિષ્ટ પ્રકાર છે. તે રસ્તે ઓછા લેખકો-સર્જકો કે સેલિબ્રિટીઝ ચાલ્યા છે તેનું કારણ એ જ કે દરેકમાં નર્મદનો જોસ્સો, ગાંધીજીની એ સાધુતા, મણિલાલની નિખાલસતા, મુનશીની દૃઢતા, બક્ષીની મક્કમતા ક્યાંથી હોય! સ્વને સમષ્ટિ સામે અનાવૃત્ત કરવાનું કલેજું હોય તે આત્મકથા લખી શકે.

ગુજરાતી ભાષાના પ્રેમી તરીકે આપણી અપેક્ષા કે એવા સત્ત્વશીલ સર્જકો આપણને હજી સાંપડે, જેઓ પોતાના જીવનને પણ ખોલી શકે, ભાવકો સમક્ષ અને તે જીવન પણ તેમનાં પુસ્તકોની જેમ પાઠશાળા બને, જીવન શીખવાનું માધ્યમ બને.

“કરુણા”, ૨૩, પત્રકાર સોસાયટી,
જૂના એરપોર્ટ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧.
મો. ૯૯૦૯૯૨૮૩૮૭

રૂડું રૂડું માધવપુર રૂડું રે...

ડૉ. જયેન્દ્રસિંહ જાદવ

સામાન્ય રીતે લગ્ન વર-વધૂના ગામ કે શહેરમાં વાડી, હૉલ કે પાર્ટી પ્લૉટમાં યોજાય છે. પરંતુ આજ કાલ ડેસ્ટિનેશન વેડિંગની બોલબાલા છે. પોતાના ગામ કે શહેરથી દૂર પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા, હેરિટેજ ભવનોમાં લગ્નોનું આયોજન કરવા માટે હવે અનેક વેડિંગ ડેસ્ટિનેશન પ્રખ્યાત છે. કહેવાય છે કે પશ્ચિમના લોકોએ દરિયાકિનારે કે આવાં પ્રાકૃતિક સ્થળોએ લગ્ન કરવાના શરૂ કર્યા એ જોઈને આપણે તેનું અનુકરણ કર્યું. પરંતુ આ વાત સાચી નથી. હજારો વર્ષો પહેલાં દ્વારકાના રાજા શ્રીકૃષ્ણ, રાજા ભીષ્મકની પુત્રી રુક્મિણીને કોંડીચપુરથી હરણ કરી લઈ આવ્યા અને શ્રીકૃષ્ણે રુક્મિણી સાથે ગાંધર્વ વિવાહ કર્યા. આ વિવાહ જ્યાં કર્યા તે સ્થાન એટલે માધવપુર. જે નહોતી કૃષ્ણની રાજધાની કે નહોતું રુક્મિણીજીનું ગામ. જેમ રુક્મિણીએ કૃષ્ણને લખેલ પત્ર એ દુનિયાનો પહેલો પ્રેમપત્ર છે તેમ માધવપુર વિશ્વનું પ્રથમ ડેસ્ટિનેશન વેડિંગ છે. ભગવાનના આ વિવાહની યાદમાં હજારો વર્ષોથી માધવપુર ખાતે મેળો ભરાય છે. ભારતના પૂર્વોત્તર અને પશ્ચિમની સંસ્કૃતિને એક તાતણે બાંધતો માધવપુરનો મેળો અનેક પ્રાચીન કથાઓ સાથે જોડાયેલો છે. ચૈત્ર સુદ નવમીથી શરૂ થતો આ મેળો તેરસ સુધી ચાલે છે. જ્યાં માધવરાયજીની જાન આવે છે, સૌ જાનમાં જોડાય છે. શ્રીકૃષ્ણ અને રુક્મિણીજીનાં લગ્ન થાય છે અને હવે તો દ્વારકા ખાતે રિસેપ્શન પણ યોજાય છે. આજે હજારો વર્ષો પછી પણ આપણે ગાઈએ છીએ કે "માધવપુરનો માંડવો ને, જાદવકુળની જાન, પરણે રાણી રૂક્ષ્મણી, વર વાંછિત શ્રી ભગવાન" આવાં અનેક લગ્નગીતો માધવપુરના મેળાના માધુર્યમાં વધારો કરે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ તો માધવપુરના મેળામાં ગવાતાં આ લગ્નગીતોની એક પુસ્તિકા પણ બહાર પાડી છે. હજારો વર્ષો પછી પણ આ લોકગીતો અને લગ્નગીતો લોકહૈયામાં સચવાઈ રહ્યાં છે. કદાચ તમને માનવામાં નહીં આવે કે ગુજરાતમાં ગવાતાં કૃષ્ણ-ગીતોનો પડઘો અરુણાચલનાં ગીતોમાં પડઘાય છે. અરુણાચલ પ્રદેશ અને ઉત્તર પૂર્વનાં અન્ય રાજ્યોમાં મુખોપમુખ અને લોકશૈલીમાં ગવાતાં અને ભજવાતાં લોકગીતો અને લોકનૃત્યોમાં પણ શ્રીકૃષ્ણ અને રુક્મિણીજીનો ઉલ્લેખ જોવા મળે છે. આજે પણ આસામના કલાકારો માજુલી ટાપુમાંથી મળેલી પૌરાણિક ચિત્રમય હસ્તપ્રતો સાથે તેમના લોકનાટક રુક્મિણીહરણની ભજવણી કરે છે. મણિપુરના સંગીતમાં વૃંદ ખુલ્લોંગ ઈશેઈ અને નટશૈલીમાં રુક્મિણીને લગતાં ગીતો અતિપ્રચલિત છે. આવી જ રીતે મણિપુર અને અરુણાચલની ઈદુ મીખ્મી આદિજાતિનાં લોકનૃત્યોમાં પણ શ્રીકૃષ્ણ-રુક્મિણીની કથાનું આલેખન જોવા મળે છે. આ મેળામાં ઉત્તર-પૂર્વ અને ગુજરાતનાં નૃત્યોની ઝાંખી દર્શાવવામાં આવે છે.

જેમ રુક્મિણીએ કૃષ્ણને લખેલ પત્ર એ દુનિયાનો પહેલો પ્રેમપત્ર છે તેમ માધવપુર વિશ્વનું પ્રથમ ડેસ્ટિનેશન વેડિંગ છે. ભગવાનના આ વિવાહની યાદમાં હજારો વર્ષોથી માધવપુર ખાતે મેળો ભરાય છે.



સ્થાન વિશેષ તરીકે માધવપુર અત્યંત પૌરાણિક સ્થાન

છે. માધવપુરમાં આવેલ માધવરાયજીનું મંદિર એ તેરમી સદીનું હોવાનું જણાય છે. આ મંદિર એ ગુજરાતના પુરાતાત્ત્વિક સૌંદર્યનો નમૂનો છે. આ સ્થળે જ ભગવાન વિષ્ણુએ મધુ નામના દૈત્યનો નાશ કરેલો એટલે આ સ્થાન મધુવન તરીકે ઓળખાય છે. આ માધવપુર ઘેડમાં મહાપ્રભુ વલ્લભાચાર્ય પધાર્યા છે, અહીં રામાનુજાચાર્યજી આવ્યા છે, ગુરુ ગોરખનાથનાં પાવન પગલાં અહીં થયાં છે. તો કબીર પણ આ ભૂમિ પર પધારી ચૂક્યા છે. આ રીતે માધવપુર આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક સમન્વયનું સ્થાન છે.

માધવપુરના વિસ્તારને ઘેડ વિસ્તાર કહેવામાં આવે છે. ઘેડ એટલે ઘડો. ઘડાની માફક પાણી ભરાઈ રહે તેવા વિસ્તારને સામાન્યત: ઘેડ કહેવામાં આવે છે. આમ, પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ઉત્તર બાજુ બરડાના ડુંગરો પૂરા થતાં સોરઠી અને વરતુ નદીના દોઆબના પ્રદેશને અને દક્ષિણ બાજુ ભાદર, ઓજત અને મધુવંતી નદીઓના પ્રદેશને ઘેડ કહે છે. જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરી માધવપુર માટે કહે છે કે સૌરાષ્ટ્રનું વૃંદાવન એટલે માધવપુર. માધવપુરમાં ભાદર, ઓજત અને મધુવંતી એમ ત્રણ નદીઓનો ત્રિવેણી સંગમ થાય છે. માધવપુરનો મેળો એ સંસ્કૃતિ, પ્રકૃતિ અને પ્રગતિનો ત્રિવેણી સમન્વય છે. આ અત્યંત મનમોહક અને રસાળ પ્રદેશનું પ્રાકૃતિક વાતાવરણ અત્યંત રમ્ય છે.

કહેવાય છે કે ભાષા, ભૂષા, ભોજન, ભજન અને ભૂગોળનો સમન્વય એટલે સંસ્કૃતિ. આ મેળામાં ભાષા, ભૂષા અને ભોજનનો પણ સંગમ થયો છે. તેથી જ લોક સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીજીએ માધવપુરના મેળાને 'સોરઠી સુવાસને માણવાનો મેળો કહ્યો છે. સમયની સાથે હવે સરકાર અને નાગરિકોના પ્રયાસથી, માધવપુર મેળામાં નવા-નવા આયામો દ્વારા ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક કૅન્વાસને વધુ રંગબેરંગી બનાવવાનો સુંદર પ્રયાસ થઈ રહ્યો છે. આપણે ત્યાં કન્યા પક્ષને 'માંડવાવાળા' કહેવાય છે. આ મેળામાં હવે ઈશાન ભારતથી એટલે કે રુક્મિણીજીના પિયરથી 'માંડવાવાળા' પણ આવવા લાગ્યા છે. આ મેળામાં વિવિધ રાજ્યોનાં વસ્ત્રો, હેન્ડિક્રાફ્ટ, ભોજનનાં વ્યંજનો, પ્રવાસનના માધ્યમથી ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવવામાં આવી રહ્યું છે. માધવપુરના આ મેળામાં ચણિયાચોળીના આભલામાં ગાલે- ગાલું (અરુણાચલમાં મહિલાઓ પહેરે તે) દેખાય છે. સાથે આસામની મેખલા અને ગુજરાતની બાંધણીનો સુંદર સમન્વય થાય છે. આ મેળામાં મોહનથાળની સાથે પીઠા(આસામના મીઠા ભાત) ની મીઠાશ ભળે છે ત્યારે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું સ્વપ્ન સાકાર થતું દેખાય છે. જાણીતા ઇતિહાસવિદ નરોત્તમ પલાણની પંક્તિઓ સાથે માધવપુરના મેળામાં મ્હાલીએ..

અહીં રુક્મિણી ભક્તિ છે,
અહીં દેવહૂતિ જ્ઞાન છે!
અહીં શ્રીકૃષ્ણ વસંત છે;
કપિલ એની શોભા છે!
અહીં શ્રી વલ્લભની વાણીમાં
ભક્તિ અને જ્ઞાનનું શુદ્ધ અદ્વૈત રચાયું છે!

૮૦૪, સી-૧ ટાઈપ ટાવર,
વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૯૮૭૨૧૨૪૫



પ્રવાસ અને પ્રવાસી : નરોત્તમ પલાણ

મહેન્દ્રસિંહ પરમાર

'સ્થિર રહું તો સરકે ધરતી હું તો નિત્ય પ્રવાસી'- એવું હરીન્દ્ર દવેએ કવિતામાં લખ્યું એને સાર્થક કરનાર કેટલાક નિત્યપ્રવાસીઓમાં એક નરોત્તમ પલાણ પણ ખરા જ. નામમાં શું ?-એમ કહેનાર આંગ્લ કવિને ખોટા પાડનાર પ્રવાસીએ નામ જ નહીં અટક પણ સાચી પાડી ! ગામ, શહેર, સ્થળ, વ્યક્તિ, જ્ઞાતિ, અટક આદિનાં નામનાં ઈતિહાસ- અને અર્થ- માર્મિક રીતે ઉકેલનાર 'પલાણ' માટે પણ કહી શકાય કે એમણે અંતરિયાળ, અવનવા અને વણખેડાયેલા પથ પર આજીવન આરૂઢ રહીને અટક પ્રમાણી! એમનાં સમગ્ર અક્ષરજીવનનું પ્રથમ ધારક-બળ જ કદાચ પ્રવાસ છે. બીજું વાચન. એમની નવલકથા હોય, ડાયરી હોય, એમનાં પુરાતત્ત્વીય લખાણો હોય, વિવેચનો હોય કે ઈતિહાસવિષયક લેખો, એમનો પ્રવાસ પ્રચ્છન્નરૂપમાં વહેતો અનુભવાશે.

> **લેખક હજારો કિલોમીટર પગપાળા બધે ફર્યા છે. અને આ બહુ વિશિષ્ટ રીત છે. ભૂગોળના અક્ષાંશ-રેખાંશ અને મેઘાણી કહે છે તેવો દરેક પ્રાંતનો 'મુકર્રર આત્મા' (spirit) પ્રવાસી ચાલીને જાય ત્યારે વધારે નક્કર રીતે ઓળખી શકાય છે.**

પ્રવાસી પલાણ વિશે એમના પ્રવાસલેખનને આધારે વાત કરીએ તો એમનાં પ્રકાશનોની યાદીમાં 'પ્રવાસ' વિભાગમાં મૂકવામાં આવેલાં પુસ્તકોમાં 'રખડપટ્ટી'(૧૯૭૦) થી 'ચાલો, પ્રવાસે' (૨૦૨૧)નો ક્રમ છે. ક્રમશ: નિરુદ્દેશ રખડુઓમાંથી સહેતુક પ્રવાસમાં અને મુગ્ધ રખડુમાંથી મુગ્ધ મટ્યા વિના વિદગ્ધ પ્રવાસીમાં ફેરવાતું એમનું જીવન દેખાશે. એમાંથી જ યાત્રા અને યાત્રિકની આત્મિક-આધ્યાત્મિક ભૂમિકાનાં સોપાનો પણ મળશે. 'સરસ્વતીને તીરે તીરે'(૧૯૭૨), 'ગુજરાતનાં યાત્રાધામો'(૧૯૮૧, પરિચય પુસ્તિકા, પછી ચાલો, પ્રવાસે'ની સંવર્ધિત આવૃત્તિમાં સમાવી લીધું), 'વેણુના વહાલ'(૧૯૮૭), 'સૌરાષ્ટ્રના ટાપુઓ'(માહિતી વિભાગ માટે, ૨૦૦૩)અને શ્રીકૃષ્ણ સંબંધી પુરાવશેષોની શોધમાં એક ભ્રમણકથા(૨૦૧૬)-આ એમના પ્રવાસ-દસ્તાવેજો.

પરિચય(યાત્રાધામો) અને માહિતીની ભૂમિકા(સૌરાષ્ટ્રના ટાપુઓ)નાં બે પુસ્તકોમાં પ્રવાસીની ઘણી ખાસિયતો અને લખાવટ મળે છે. ગુજરાતનાં યાત્રાધામો વિશે એમણે માહિતી વિભાગ માટે લખેલી પુસ્તિકામાં રસપ્રદ અને લાઘવપૂર્ણ શૈલીમાં આખાયે ગુજરાતનું ભ્રમણ કરાવ્યું છે. સરેરાશ મુસાફરોને કામ લાગે એવી અજાણી વિગતોવાળી આ ચોપડી આપણાં યાત્રાધામોને ઓળખવા માટેની ગૂગલબુક જેવી છે.

પણ આપણે એમના પ્રવાસલેખનના બે મુકામો તરીકે: ૧. 'રખડપટ્ટી', 'સરસ્વતીને તીરે તીરે', 'વેણુના વહાલ' અને, ૨. 'ચાલો, પ્રવાસે' તથા 'શ્રીકૃષ્ણ સંબંધી પુરાવશેષોની શોધમાં એક ભ્રમણકથા'ને મૂકી શકીએ. પૂર્વસૂરિ મેઘાણીએ કરેલા 'સોરઠને તીરે તીરે' અને 'સૌરાષ્ટ્રનાં ખંડિયેરોમાં'ના પ્રવાસોના અવકાશો પણ જાણે પલાણ પૂરી રહ્યા છે એમ લાગશે. મેઘાણીના ખભે બેસીને એમણે જોયેલું ફરી જોતો, વધુ દૂર જોતો, વધુ ઝીણું જોતો અને વધુ અનુભવ ક્ષેત્રોને વધુ શાસ્ત્રીય રીતે જોતો-ખંતીલો અને ખૂંપેલો પ્રવાસી આપણને અહીં મળશે.

આ પ્રવાસ જે પ્રદેશોમાં અને ભૌગોલિક વાતાવરણમાં આપણને લઈ જાય છે એની વાત કરીએ તે પહેલાં આ પ્રવાસનું સૌથી અગત્યનું લક્ષણ તારવી રાખવું હોય તો તે છે પ્રવાસનો પ્રકાર. લેખક હજારો કિલોમીટર પગપાળા બધે ફર્યા છે. અને આ બહુ વિશિષ્ટ રીત છે. ભૂગોળના અક્ષાંશ-રેખાંશ અને મેઘાણી કહે છે તેવો દરેક પ્રાંતનો

'મુકર્રર આત્મા' (spirit) પ્રવાસી ચાલીને જાય ત્યારે વધારે નક્કર રીતે ઓળખી શકાય છે અને એ પ્રવાસીમાં ઓગળી જતો હોય છે. આપણા પ્રવાસીનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પણ આ પગપાળા પ્રવાસ છે એમ કહેવાનું મન થાય. પ્રવાસ એમને માટે 'શોખ નહીં, પણ જીવન જેવું છે'. મીણસાર અને બીલેશ્વરી નદીના સંગમસ્થળે ઊછરેલું બાળપણ અને કોકશિયા પહાડ પરથી ગિરનાર જોવાનો રોમાંચ અને પછી ગિરનારને ચરણે પહોંચવાની નિયતિ. નદીઓનાં ઉદ્ગમથી ચાલીને એના સંગમ સુધી પહોંચવાની રોમાંચક મુસાફરીઓ 'રખડપટ્ટી' અને 'વેણુનું વહાલ'માં ઝિલાઈ છે.

'રખડપટ્ટી' ઘણી બધી રીતે પ્રવાસીના ઘડતરની પ્રક્રિયાનો દસ્તાવેજ છે. પ્રકૃતિનાં તત્ત્વો તરફનું આકર્ષણ અને યુવાનીમાં કરેલા સાહસિક પ્રવાસોનું એક નમણું ચિત્ર એમાં છે. ૧૯૫૯માં કૉલેજના પ્રથમ વર્ષના ઉનાળુ અને દિવાળી વૅકેશનમાં કરેલા પ્રવાસ વાતનો વિષય છે. વયસહજ સાહસો, મુગ્ધતા અને ભાષાની ઈબારતમાં પણ થોડો જોસ્સો ત્યાં મળશે. ' રખે વિસરતો ક્ષણે ભજન એક સૌન્દર્યનું'-બ.ક.ઠા.ની પંક્તિમાં પરોવાઈને પ્રવાસ ચાલ્યો છે. 'રખડુ ટોળી' પણ એમાં બરાબરની ઊપસી છે. લેખકનું ઘડાતું આવતું ચિત્ત-તંત્ર પણ. એક મિત્રને ફૂલ સૂંઘવામાં રસ નથી પડ્યો ને આપણો આ રસિક પ્રવાસી ચિડાઈ બેઠો છે : 'ચીવટપૂર્વક ફૂલ સૂંઘનારા કેટલા ? કયા ફૂલની સુગંધ છે એનું જ્ઞાન કેટલાને ? પંખી કે તારાઓને ઓળખે નહીં, આજુબાજુના પ્રાણીઓ કે વનસ્પતિ ઉપર પ્યાર નહીં, ફૂલની સુગંધ તો કે' કોરી પાટી! આવા મનુષ્યને તે આ સૃષ્ટિમાં જીવવાનો શો લ્હાવ? અમે તો મજેથી જીવન સૂંઘતાં પાછા ફર્યા' (રખડપટ્ટી, ૩૧) આયુષ્યની પહેલી પચીસીમાં જીવન સૂંઘવાની દીક્ષા લઈને નીકળેલો આ પથિક પછી છેક આજ સુધી એ જ કામ કરતો રહ્યો છે.

'લોકસંપર્ક કરતાં-કરતાં પગપાળા ચાલીને પ્રવાસ કરીએ ત્યારે જ જે-તે પ્રદેશની સંસ્કૃતિનો સાક્ષાત્કાર થતો હોય છે'-એમ કહીને સરસ્વતીને તીરે તીરે એમની નદી-યાત્રા ચાલી છે. જુદા જુદા સમયે વૃંદાવનમાં યમુનાજીને કાંઠે પિતાજી સાથે, નર્મદા કાંઠે થોડી અને પછી નોળી નદી, લાંગડી નદી, વરતુ, મચ્છુ અને વેણુકાંઠે ફર્યા તેનો સાંસ્કૃતિક અને વ્યક્તિગત દસ્તાવેજ પ્રવાસી આપ્યો છે. પ્રવાસમાં હવે પુરાતત્ત્વ, ઈતિહાસ, શિલ્પકલા, કવિતા, લોકરંગ ભળતા આવે છે. ખોજનું એક તત્ત્વ ઉમેરાતું આવે છે. નદીએ ચાલતાં-ચાલતાં આજુબાજુનાં સ્થળો તપાસવાનું-સંશોધનમૂલક કામ વણાતું આવે છે. આ પ્રવાસની મજા એ છે કે એ સંશોધકનો શુષ્ક અહેવાલ માત્ર નથી બનતોપણ સાથે પ્રકૃતિના અને લોકના રંગોમાં રમમાણ પ્રવાસીનું વૃત્તાંત ચાલે છે. એક ધોધમાં નાહવાનો આ અનુભવ જુઓ : 'કવિ મનોજ રાવળ, ભગુ ખાખરિયા, હર્ષદીપસિંહ વાળા, મનીષ ઝાલાવાડિયા કાવ્યગંગામાં અને અમે આ ધોધમાં મન મૂકીને નાહ્યા. પથ્થર ઉપરથી લસરતા પાણીનો સ્પર્શ ચેતનાના એક નવા જ પ્રદેશમાં લઈ જાય છે. પાણીનો અને ગતિનો એકાએક સાથે બે સ્પર્શોનો યોગ એમાં સાક્ષાત્ થતો હોય છે. ડુંગરની ટોચ ઉપર, દરિયામાં આવતી ભરતીની સામે કે પાણીના આવા સ્પર્શમાં આપણે આકારને ભૂલી જઈએ છીએ. આકાર વિનાના, વિકલ્પ વિનાના, ગતિની વચ્ચે 'શિવોહમ્' કહેવાનું ભાન પણ નથી રહેતું'(વેણુ, પૃ. ૧૨).

'શ્રીકૃષ્ણ-સંબંધી પુરાવશેષોની શોધમાં એક ભ્રમણ કથા' ૧૯૬૯થી ૧૯૭૫ દરમિયાન ઓખામંડળમાં સંશોધક અને કુદરતપ્રેમી પ્રવાસીનો વધુ એક પરિચય થાય છે. તર્ક, સંભાવના, આધારો, અનુમાનો, પ્રમાણો-પુરાવાઓ, અભ્યાસ, નિરીક્ષણ અને ભરપૂર તાદાત્મ્યવાળા પ્રવાસી અહીં હજારો વર્ષોની પુરાતન ચેતના ઢંઢોળતાં મળશે. 'એક બાવાજી ચાર લાકડા ખોડીને ઝૂંપડી બાંધે છે તો તેના અવશેષો પણ પાંચ-સાત વર્ષ ટકે છે, તો પછી આઠ પત્નીઓ અને પુત્રો-પૌત્રો સહિતના બહોળા પરિવારવાળા શ્રીકૃષ્ણ જે પ્રદેશમાં એંશી-નેવું વર્ષ સુધી રહ્યા હોય તે પ્રદેશમાં તેના અવશેષો કેમ ન હોય ?' (પૃ. ૩૬) આ તર્ક પર પોરબંદરથી જામનગર વચ્ચે એક લીટી દોરી લેખક આજ સુધી કાર્યરત છે.

પુરાણ, ઈતિહાસ અને મૌખિક પરંપરાના ત્રિવિધ સંદર્ભો ખપમાં લેતા એક પુરાપ્રેમી પલાણ એમનાં બધાં જ લાક્ષણિક રૂપો સાથે અહીં સંચરે છે. એમનું એક નિરીક્ષણ છે કે 'મહાભારત' આદિ ગ્રંથોએ આપેલાં દ્વારકાનાં વર્ણનો અતિશયોક્તિ ભરેલાં છે. અહીં ચાર હજાર વર્ષ પહેલાં પાકાં મકાનો અને મહેલો ઊભાં

હોય એની નિશાની નજરે ચડતી નથી. સંભવ છે કે આ ધરતી ઉપર, દરિયો ફરી વળ્યો હોય, પરંતુ દ્વારકામાં થયેલાં ખોદકામોમાંથી પણ ક્યાંય રાજમહેલોનું બાંધકામ મળ્યું નથી. છેક નીચેના થરમાં પણ કાચા-ગડગડિયા પથ્થરનાં બાંધકામ છે.' એમની માંહેનો સંશોધક લુણાઈમાં આદિમાનવનાં ઓજારો-માટીનાં વાસણ જોઈને 'લગભગ નાચવા' લાગે છે. ઓખામંડળનું પચાસ હજાર વર્ષ જૂનું આદિમાનવનું રહેઠાણ સિદ્ધ થતું જોવાનો એમનો આનંદ સમજી શકાય એવો છે. કૃષ્ણ-બલરામની પહેલાં યાદવોનાં અમુક કુટુંબો અહીં હોવાની શક્યતા અને લુણાઈ માતાનું થાનક યાદવોની ઉત્પત્તિનું મૂળ સ્થળ હોવાનો પ્રશ્નાર્થ તો વળી એ દિશાના જાણકાર વિદ્વાનોનો પ્રશ્ન થયો. આ બધાં સ્થળોનાં ધબકાર અને ગંધ-સુગંધ એમણે અનુભવ્યાં છે અને નોંધ્યાં છે. બેટ દ્વારકા વિશે અહીં થયેલી નોંધો પ્રવાસીની પહેચાન માટે પર્યાપ્ત છે. બેટની દુર્દશાનું બયાન કર્યા પછી તેઓ નોંધે છે કે બેટનો સંબંધ શ્રીકૃષ્ણ કરતાં એમનાં પૂર્વજો સાથે હોવાની પ્રતીતિ વધુ થાય છે. દ્વારિકાના ને બેટનાં મંદિરોમાં જે-તે મૂર્તિનાં વાઘા હટાવીને નજીકથી મૂર્તિનું નિરીક્ષણ નહિ કરવા દેતાં, ધર્મશાસ્ત્ર અને મૂર્તિશાસ્ત્રનું જેમને કશું જ્ઞાન નથી એવાં, મંદિરો અને મૂર્તિઓને પોતાની માલિકીની સમજનાર, તમાકુ ચાવતાં-ચાવતાં તેની બાજુમાં થૂંકતા પૂજારીઓ અને બ્રાહ્મણોને જયારે તક મળી ત્યારે ચાબખા મારે છે.

'ચાલો, પ્રવાસે'નું અલ્પવિરામ લેખકની ખાસિયત ગણવી જોઈએ. એ ન હોત તો કોઈ ચારધામ યાત્રાની જાહેરાત જેવું લાગત! સ્થાનીય પ્રવાસન અને વિદ્યાકીય આશયને એના ઉત્તમ રૂપમાં અહીં સ્થાન મળ્યું છે. એનાં પ્રથમ સોળ પ્રકરણમાં જે સ્થાનવિશેષોને આવરી લઈને લેખક 'બતાવનારી' અને મૈત્રીભરી શૈલીમાં વાત કરે છે તે સાચે જ 'લઈ જનારી' શૈલી છે. 'તો ચાલો, આપણે પ્રવાસ કરીએ ગોપનો'.. 'અને આ ઝીણાવાળી ગોપ !' 'ચાલો, એક આંટો મારીએ'.. 'પાછું જવું ગમતું નથી ને ? પણ થાક્યાપાક્યા ઘરે જવાનીયે ઓર મજા આવે હો ! બા-બાપુનેયે કેવાં વહાલાં લાગીએ !'-આ શૈલી અને આપણને પરિચિત પ્રવાસી અહીં ચાનક ચડે એવી વાતો લઈને આવે છે. દ્વારકાના દરિયાના બદલાતાં રૂપો એ આબાદ બતાવે-સંભળાવે છે. તો 'યાત્રાનું મહત્ત્વ નહીં સમજનાર ભારતવર્ષને નથી સમજતો કે 'ભારત એક છે દેવમંદિરોમાંથી વહેતી ભક્તિભાવની પુનિત સરિતાનાં કારણે'-જેવા વિચારો પણ આપતા જાય છે. બેટ દ્વારિકાનું શંખતળાવ જોઈને કહે છે : 'કૈંક સૂકું અને રુક્ષ લાગતું અહીંનું વાતાવરણ સામાન્ય યાત્રીને ન પણ ગમે, જ્યારે રસિકજનોને તો પૂરતું વળતર મળી રહે એવું ઘણું છે'(પૃ. ૧૭). પોરબંદરની સફર કરાવતા.. 'સુદામાને હાથે સ્થાપિત થયેલા મનાતા કેદારકુંડ અને કેદારેશ્વર મહાદેવ, જેના સાંનિધ્યમાં કરમચંદબાપાના દીકરા મોહનદાસે ધતૂરાનાં બી ખાઈ મરવાનો પ્રયત્ન કર્યો હતો. તે જોઈ માણેકચોક પહોંચીએ. અહીં જોવું ન ગમે તેવું ગાંધીજીનું એક પૂતળું જલદી જોઈ.." (પૃ. ૨૫)-પ્રતિમાનું વિવેચન કરવાની એમની ઢબ જોઈ ? માધવપુર, ઘૂમલી, દીવાસા, માંગરોળ, ચોરવાડ.. એક આખા પ્રદેશની સુગંધ નાગરવેલના પાનની જેવી અહીં અનુભવાશે. શિલ્પ, સ્થાપત્યાદિ કળાઓ, સંસ્કૃતિ, ઇતિહાસ, પ્રવાસ અને જીવન તરફ યુવાપેઢીને અભિમુખ કરવા માટે આ પુસ્તક એક ભોમિયો બની શકે એવું છે.

એમણે આ પુસ્તક એમનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને અર્પણ કર્યું છે અને સાથે, 'તમે શિક્ષક હો, તો તમારા વિદ્યાર્થીઓને પ્રવાસ કરાવો એવી ભાવના સાથે' મારા જેવા શિક્ષકને જાણે પડકાર ફેંક્યો છે, ઝીલી લેવો ગમે એવો પડકાર! આ પાંચેક વર્ષ દરમિયાન અમારા વિદ્યાર્થીઓને કરાવેલા પ્રવાસોનાં વર્ણન અને અન્ય લેખનનું એક સંકલન તૈયાર થયું છે એને અમે નામ આપીશું : 'ચાલ્યા પ્રવાસે' અને એ અમે અર્પણ કરીશું 'પલાણદાદા'ને ! ચિરંતન પ્રવાસી પલાણસાહેબે 'રખડપટ્ટી'ના આરંભે કવિ ઉશનસની એક પંક્તિ મૂકી છે તે બોલીને નવા મુસાફર માટે રસ્તો કરું :

'હું સ્વર્ગથીયે આ પૃથિવી પર પાછો ફરીશ, હા ;
હજી કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા !

ગુજરાતી વિભાગ, મહારાજ કૃષ્ણકુમારસિંહજી
ભાવનગર યુનિવર્સિટી, ગૌરીશંકર સરોવર માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૨.
મો. ૯૪૨૯૪૦૬૩૧૪

રાણી છાપ રૂપિયાનો ઇતિહાસ

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

સિક્કા બદલાતા રહે છે પણ સંસ્કૃતિનું મૂલ્ય ક્યારેય બદલાતું નથી. સિક્કો એ માત્ર ધાતુનો ટુકડો નથી, તે પોતાના યુગનો ઇતિહાસ છે. ચલણ એ અર્થતંત્રની નસ છે અને સિક્કા સંસ્કૃતિના અરીસા છે. ભારતીય ચલણને અલગ અલગ નામ મળેલ છે.

સૌ પ્રથમ તો આપણે 'રૂપિયો' શબ્દની ઉત્પત્તિ જોવી જોઈએ. 'રૂપિયો' શબ્દ મૂળ સંસ્કૃત ભાષાના "રૂપ્યકમ્" (Rupyakama) શબ્દ પરથી આવ્યો છે, જેનો અર્થ 'ઢાળેલી ચાંદી' કે 'ચાંદીનો સિક્કો' થાય છે. પ્રાચીનકાળમાં કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં પણ ચાંદીના સિક્કાઓ માટે 'રૂપ્યારૂપ' શબ્દનો ઉલ્લેખ મળે છે, પરંતુ તેને ચલણના સત્તાવાર એકમ તરીકે શેરશાહ સૂરીએ જ સ્થાન આપ્યું. તેથી ભારતમાં 'રૂપિયો' ચલણ તરીકે દાખલ કરવાનું અને તેને સત્તાવાર નામ આપવાનું શ્રેય શેરશાહ સૂરીને ફાળે જાય છે.

> **જ્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપની અને બ્રિટિશ તાજનું શાસન આવ્યું ત્યારે તેમણે પણ ભારતીય ચલણ તરીકે આ જ 'રૂપિયા' શબ્દ અને તેની ચાંદી આધારિત પદ્ધતિને જાળવી રાખી.**

શેરશાહ સૂરીના 'રૂપિયાનાં લક્ષણો જોવા જઈએ તો તે વજન અને ગુણવત્તામાં શેરશાહ સૂરીનો આ ચાંદીનો સિક્કો ૧૭૮ ગ્રેન (લગભગ ૧૧.૫૩ ગ્રામ) વજનનો હતો અને તે શુદ્ધ ચાંદીમાંથી બનાવવામાં આવતો હતો.

ત્રિ-ધાતુ પદ્ધતિ - તેમણે વહીવટની સરળતા માટે ત્રણ અલગ-અલગ ધાતુના સિક્કા રજૂ કર્યા હતા.

રૂપિયા (Rupiya) ચાંદીનો સિક્કો (મુખ્ય ચલણ).

મોહર (Mohur) સોનાનો સિક્કો (લગભગ ૧૬૯ ગ્રેન).

દામ (Dam) તાંબાનો નાનો સિક્કો જેને આમજનતા દમડી પણ કહેતી.

શેરશાહ સૂરીએ શરૂ કરેલું આ ચલણ એટલું મજબૂત અને વ્યવહારુ હતું કે તેમના પછી આવેલા અકબર અને સમગ્ર મુઘલ સામ્રાજ્યે આ જ 'રૂપિયા' પદ્ધતિને આગળ ધપાવી.

આપણા દેશમાં રૂપાનું છેલ્લું ચલણ રૂપિયો હતું. એ રૂપિયા પહેલા રૂપાની, તાંબાની કોરીઓ ચાલતી હતી. એક સમયે સોનાના સિક્કાઓ પણ ચલણમાં હતા ગોંડલ રાજ્યમાં સોનાની ગીનીઓ ચલણમાં હતી. જોકે સોનાના ચલણનો ઉપયોગ વ્યવહારમાં મોટા સોદાગરો અને રાજા-મહારાજા કરતા. બિચારી સામાન્ય જનતા પાસે એ બહુ નહોતું.

જ્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપની અને બ્રિટિશ તાજનું શાસન આવ્યું ત્યારે તેમણે પણ ભારતીય ચલણ તરીકે આ જ 'રૂપિયા' શબ્દ અને તેની ચાંદી આધારિત પદ્ધતિને જાળવી રાખી. આઝાદી પછી પણ ભારતે પોતાના સત્તાવાર ચલણ તરીકે 'ભારતીય રૂપિયો' (Indian Rupee) જ નામ ચાલુ રાખ્યું.



સિક્કાઓ પરના ફેરફારો : 'કંપની શાસન'થી 'બ્રિટિશ તાજ'

ઈસ્ટ ઇન્ડિયા કંપની કાળ (૧૮૪૦ - ૧૮૫૮) રાણી વિક્ટોરિયાના ચહેરાવાળા સિક્કાઓ સૌથી પહેલાં ઈ.સ.૧૮૪૦માં બહાર પાડવામાં આવ્યા હતા. પરંતુ તે

સમયે સિક્કા પર Victoria Queen લખાયેલું હતું અને તે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નામે જારી થતા હતા.

બ્રિટિશ તાજનું શાસન (૧૮૬૨થી) ૧૮૫૭ના વિપ્લવ પછી ઈ.સ.૧૮૫૮માં ભારતનું શાસન બ્રિટિશ તાજ હેઠળ ગયું. ત્યારબાદ ઈ.સ.૧૮૬૨માં બહાર પડાયેલા નવા સિક્કાઓ પરથી East India Company લખાણ દૂર કરીને પ્રથમ વખત "Victoria Queen" સાથે બ્રિટિશ સામ્રાજ્યના સત્તાવાર સિક્કા બહાર પડાયા.

ઈમ્પ્રેસ (મહારાણી)નો ખિતાબ (૧૮૭૭): ઈ.સ.૧૮૭૬માં દિલ્હી દરબારની ઘોષણા બાદ રાણી વિક્ટોરિયાને Empress of India (ભારતની સામ્રાજ્ઞી) જાહેર કરવામાં આવી. આથી ઈ.સ. ૧૮૭૭થી ૧૯૦૧ સુધીના સિક્કાઓ પર Victoria Queenને બદલે Victoria Empress લખવામાં આવ્યું હતું.

આ રૂપિયા ઈ.સ.૧૮૩૪/૩૫થી પાડવાની શરૂઆત થયેલી તે સિક્કાઓ ઈ.સ. ૧૮૪૦થી ૧૯૦૨ સુધીમાં કલકત્તા, મુંબઈ અને મદ્રાસની ટંકશાળમાં સવા ત્રણ અબજ જેટલા છાપવામાં આવ્યા હતા. રાણી વિક્ટોરિયાના ઈ.સ.૧૯૦૧માં અવસાન બાદ બ્રિટિશ ઇન્ડિયાની ટંકશાળોમાં રાણી વિક્ટોરિયાના છાપવાળા સિક્કાઓનું નવું ઉત્પાદન બંધ કરવામાં આવ્યું. ત્યારબાદ તેમના ઉત્તરાધિકારી કિંગ એડવર્ડ સાતમાના છાપવાળા સિક્કા બહાર પાડવામાં આવ્યા હતા.

રાણી વિક્ટોરિયાના ૧ રૂપિયો, ૧/૨ રૂપિયો (અડધો રૂપિયો), ૧/૪ રૂપિયો (પાવલી) અને ૧/૮ રૂપિયો (બે આના)ના સિક્કા ૯૧.૬૭% (૧૧/૧૨) શુદ્ધ ચાંદી (Standard Silver)માંથી બનતા હતા. ૧ રૂપિયાના સિક્કાનું વજન ૧૧.૬૬ ગ્રામ (૧ તોલો) રહેતું.

દેશી રજવાડાના સિક્કાઓ

ભારતમાં અંદાજે ૭૦થી વધારે રજવાડાઓએ પણ પોતાના સિક્કાઓ બહાર પાડ્યા હતા, જેમાં ગુજરાતમાં વડોદરા, ભુજ, જામનગર, જૂનાગઢ, પોરબંદર, ભાવનગર, ખંભાત, રાધનપુર, છોટાઉદેપુર, જાફરાબાદ, લુણાવાડા, સુંથ વગેરે રાજ્યોએ પોતાના સિક્કાઓ બહાર પાડ્યા હતા. પરંતુ સમય જતાં બ્રિટિશ સરકારે રજવાડાંઓ પર દબાણ લાવીને બ્રિટિશ ઇન્ડિયાના રાણી વિક્ટોરિયાવાળા સિક્કાઓને જ મુખ્ય ચલણ તરીકે સ્વીકારવાની નીતિ અપનાવી હતી.

રાણી છાપ રૂપિયા બંધ

ગુજરાત અને સૌરાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોમાં તથા વેપારી વર્ગમાં આ સિક્કાઓ વિક્ટોરિયા છાપ કે "રાણીછાપ રૂપિયા" તરીકે ખૂબ પ્રખ્યાત હતા. રાણી છાપ રૂપિયો હિન્દુસ્તાનમાં સો વર્ષથી ચલણમાં હતો પરંતુ તેને ૩૧ માર્ચ ૧૯૪૧ને સોમવારથી બંધ કરવામાં આવ્યો હતો. આ ચલણને એકાએક બંધ કરવામાં આવેલ નહીં પણ ઑક્ટોબર ઈ.સ.૧૯૪૦માં જાહેરાત કરવામાં આવી હતી કે ૩૧ માર્ચ ૧૯૪૧થી રૂપિયો ચલણમાંથી બંધ થશે. આ રૂપિયો બંધ કરતી વખતે બ્રિટિશ સરકારે જાહેરાત કરી હતી કે હવે પછીના છ મહિના સુધી પોસ્ટઑફિસો તથા સરકારી રેલવે સ્ટેશન ઉપર ભરણાં તરીકે તેનો સ્વીકાર કરવામાં આવશે, સરકારી તિજોરીમાંથી પણ બદલી શકાશે. રાણી છાપ સિક્કાની લેવડદેવડ તા.૧-૪-૪૧થી બંધ કરેલ પણ હિન્દ સરકારની રેલવેના નૂરભાડા અને ટિકિટ માટે ચાલતા હતા. આના છ મહિના પછી તો મુંબઈ અને કલકત્તાની રિઝર્વ બૅંકમાંથી જ બદલી શકાશે એમ જાહેર કરાયેલ

ગુજરાત અને સૌરાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોમાં તથા વેપારી વર્ગમાં આ સિક્કાઓ વિક્ટોરિયા છાપ કે "રાણીછાપ રૂપિયા" તરીકે ખૂબ પ્રખ્યાત હતા. રાણી છાપ રૂપિયો હિન્દુસ્તાનમાં સો વર્ષથી ચલણમાં હતો.



હતું. આ સમયે કેટલાક લોકોએ તો આ ચાંદી છે એમ માની સાચવી પણ રાખેલા.

એક રૂપિયાના ચાંદીના સિક્કાના બદલામાં રૂપિયા એકની નોટ શરૂ કરેલી. ઈ.સ.૧૯૩૫માં એક રૂપિયા વાળી નોટ કાઢેલ પણ તે વખતે તેનો ઉપયોગ કરાયેલો નહીં અને સ્ટોકમાં રાખી મૂકેલી તે જૂની નોટો આ વખતે કામમાં આવી ગઈ હતી. એપ્રિલ ૧૯૩૮થી માર્ચ ૧૯૪૦ સુધીમાં ચલણમાંથી ૨૧૮૩૦૦૦૦૦ રૂપિયા પરત ખેંચી લેવાયા હતા.

વટાવ ખર્ચ

આમ તો સરકાર દ્વારા મફત સિક્કા બદલવાના હતા, આમ છતાં લોકો હેરાન-પરેશાન ન થવા વટાવ આપતા હતા. રાણી છાપ રૂપિયા બદલવાનો વટાવ પણ કોક કોક ઠેકાણે લેવામાં આવ્યો હતો. આ વટાવનો સામાન્ય દર એક રૂપિયે એક આનાથી ચાર આનાનો હતો. આ સિક્કાના બદલામાં એક રૂપિયાની નોટ બહાર પાડવામાં આવેલી. ગઢડાના નગરશેઠ મોહનલાલે કોઈ પણ વ્યક્તિ પાસેથી વટાવ લીધા વિના રૂપિયા બદલી લેવાની વ્યવસ્થા પોતે કરી હતી.

રાણી છાપ રૂપિયા બંધ કરવાનાં કારણો

આ રૂપિયાનું ચલણ બંધ કરવાનું એક કારણ એ પણ હતું કે બંધ કર્યા પછી ત્યારથી છેલ્લાં પાંચ વર્ષમાં તેના જેવા બનાવટી સિક્કાઓ નીકળી પડ્યા હતા. સાચા રૂપિયા થોડા ઘસાઈ ગયા હોવાથી સાચા-ખોટાની પરખ મુશ્કેલ પડી રહી હતી. આથી ઈ.સ. ૧૯૩૩થી આ બાબતે ચિંતા સેવી તેને પાછા ખેંચવાની મથામણ થઈ હતી.

ચલણમાં ચાંદીનું પ્રમાણ : રાણી વિક્ટોરિયાના સમયના ચાંદીના સિક્કાઓમાં ૯૧.૬૬% શુદ્ધ ચાંદી રહેતી હતી. બીજું વિશ્વયુદ્ધ અને સંગ્રહખોરી- તેથી વિશ્વયુદ્ધ દરમિયાન ચાંદીના વૈશ્વિક ભાવ ખૂબ વધી ગયા હતા અને લોકો ચાંદીના આ જૂના સિક્કાઓ ગાળીને અથવા સાચવીને સંગ્રહ કરવા લાગ્યા હતા.

નવી સિક્કા નીતિ : બ્રિટિશ સરકારે ચાંદીની બચત કરવા માટે ૯૧.૬૬% શુદ્ધ ચાંદી ધરાવતા જૂના વિક્ટોરિયા, એડવર્ડ સાતમા અને જ્યોર્જ પાંચમાના સિક્કા પરત ખેંચી લીધા અને તેની જગ્યાએ ૧૯૪૦થી ૫૦% ચાંદી ધરાવતા (Quaternary Silver Alloy) સિક્કાઓ ચલણમાં મૂક્યા હતા.

સિક્કા બદલવાની લોકો પર અસર

આ સમયે અધિકારીઓએ રાણીછાપ જોતાંની સાથે જ ખોટાપણાનું બહાનું કાઢી કેટલાક લોકોને પાછા પણ કાઢવાની અવારનવાર ઠેકઠેકાણે ઘટનાઓ બની હતી.

આ સમયે ખોટા સિક્કા પાડનાર લુહારોના બે મજૂરો પકડાયા હતા તેને નિર્દોષ છોડવામાં આવ્યા હતા, પણ જે દુકાનદાર પાસેથી ડાઈ મળી તેને ત્રણ વર્ષની જેલની સજા કરવામાં આવી હતી.

રાણી છાપ રૂપિયા પછી સાતમા એડવર્ડના રૂપિયા પાછા ખેંચવાની જાહેરાતો થઈ હતી આ રૂપિયાની બદલી વખતે લોકો ખૂબ મુશ્કેલીમાં મુકાયા હતા પણ સરકાર એમ માનતી કે રૂપિયા ગાળી નાખવાની ચાંચિયાગીરીમાંથી મુક્ત કરવા આમ કરેલ છે.

ચાંદીના રૂપિયાને બદલે પછી નિકલનો રૂપિયો બનાવવાનો હતો તેથી કેટલાક તેને રમૂજમાં નિકલિયો નકલિયો કે અકલિયો એવું નામ આપી બોલવા માંડ્યા હતા. આ નિકલની ધાતુ એટલી કઠણ હતી કે રૂપિયાની જેમ તેને કોઈ સોની સિક્કા પાડી ન શકતા. એ સિક્કામાં ચાંદી જેમ ડાઘા પણ પડતા નહીં. એ ઈ.સ.૧૯૩૫ની સાલવાળી રૂપિયા એકની નોટમાં પંચમ જ્યોર્જના મોરો અને વૉટરમાર્ક વાળી હતી.

રાણી છાપ રૂપિયામાં રૂપું વધારે છે એવી માન્યતાથી ગામડાના સમૃદ્ધ લોકોએ તેને સંગ્રહી રાખેલ.

જે નવા રૂપિયા બહાર પાડેલ તેમાં અડધોઅડધ રૂપું અને બાકીનું અર્ધમિશ્રણ હોવાની જાહેરાત થયેલી. રૂપું ઘટાડવા પાછળનું કારણ એનો સંગ્રહ થતો અટકાવવાનું હતું. નવો રૂપિયો કાઢવાનું બીજું કારણ ગામડામાં એક રૂપિયાવાળી નોટો બરાબર ચાલતી નહોતી. પોસ્ટઑફિસના

રાણી છાપ રૂપિયામાં રૂપું વધારે છે એવી માન્યતાથી ગામડાના સમૃદ્ધ લોકોએ તેને સંગ્રહી રાખેલ. જે નવા રૂપિયા બહાર પાડેલ તેમાં અડધોઅડધ રૂપું અને બાકીનું અર્ધમિશ્રણ હોવાની જાહેરાત થયેલી.

કર્મચારીઓએ પોતે કેમ સ્વીકારતા નથી તેનાં કારણો બતાવ્યાં હતાં કે એક દિવસના રૂપિયા ૧૦૦ના સિક્કામાંથી ૯૬ કપાય છે જો બહુ ધ્યાન ન રાખીએ તો સો કપાય, તે કોણ ભોગવે એમ તેઓ કહેતા હતા.

ધારી પાસેના જીરા ગામનો એક કણબી પટેલ, જેણે રૂપિયા ૨૦૦૦ના સિક્કા દાટેલા તે હવે નહીં ચાલે એવા ડરથી મરી ગયો હતો.

જૂનાગઢમાં કોઈ વ્યક્તિ પોસ્ટઑફિસમાં ટિકિટો ખરીદવા ગયો ત્યારે પોસ્ટના કર્મચારીએ રૂપિયા લેવાની ના પાડતાં પહેલાએ દીવાનને ફરિયાદ કરતાં, તેણે પોસ્ટલ સુપ્રિન્ટેન્ડેન્ટને તાર કરતાં સુપ્રિન્ટેન્ડેન્ટે વાત પતાવી અને માફી માંગવી પડી હતી.

જ્યારે રાણી છાપ રૂપિયા બંધ કરવામાં આવ્યા ત્યારે બધાંનો ભ્રમ ભાંગી ગયો. ડોસા-ડગરાંઓ પાસેથી પણ રૂપિયા બહાર ત્યારે નીકળ્યા હતા. જેમણે દળણાં દળીને, રેંટિયો કાંતીને, દાડીએ જઈને, પેટમાં ન ખાઈને રૂપિયા ભેગા કરેલા, તે કુલડીમાં ભરી સંતાડેલા તે પણ કાઢવા પડેલા. આમાં કેટલાક છેતરાણા ખરા. રાણી છાપ રૂપિયાને ઓળખ્યા વિના જ્યોર્જ કે એડવર્ડના રૂપિયા પણ આપી દીધા અને તેના બદલામાં તેણે નોટો લીધેલી. આવી મુશ્કેલી થતાં અખબારોએ હેડિંગ બનાવ્યાં હતાં બધેથી હડધૂત થતો રૂપિયો.

જ્યારે રાણી છાપ રૂપિયા બંધ કરવામાં આવ્યા ત્યારે બધાનો ભ્રમ ભાંગી ગયો. ડોસા-ડગરાંઓ પાસેથી પણ રૂપિયા બહાર ત્યારે નીકળ્યા હતા. જેમણે દળણાં દળીને, રેંટિયો કાંતીને, દાડીએ જઈને, પેટમાં ન ખાઈને રૂપિયા ભેગા કરેલા.

આપણા કવિ દલપતરામે તો બ્રિટિશ ભક્તિમાં એવું લખેલ કે



સુખમાં સદા વિક્ટોરિયાને
રાખ પ્રભુ આ રાજ્યમાં.

પણ એ વિક્ટોરિયાના સિક્કાએ ૩૧ માર્ચ ૧૯૪૧ના વિદાય લીધી તેનો કોઈ હાથ ઝાલવા પણ તૈયાર નહોતું. ભાવનગરની બેંકમાં રૂપિયા બદલવાવાળાની એવી ભીડ થયેલી કે પોલીસ બોલાવવી પડેલી.

રૂપિયા બદલવાની બાબતમાં જૂનાગઢ, પોરબંદર, કુંડલા, ચુડા, ઉમરાળા, સાયલા, વળા, બાબરા વગેરે ઠેકાણે રાડ પડી હતી.

રૂપિયા બદલવાની આ કસરતમાં વેપાર રોજગારને પણ ઘણી માઠી અસર થયેલી. જો કોઈ માલ ખરીદવા આવે તો વેપારી પહેલો પ્રશ્ન પૂછતો કે કયો રૂપિયો છે?

ભાવનગરમાં એક વ્યક્તિ રૂપિયા ૫૦૦ની થેલી સાથે આવેલ પણ કોઈ લોજવાળાએ તે રૂપિયા ન ચલાવતાં અને બીજો રૂપિયો તેની પાસે નહીં હોવાથી છતાં રૂપિયે તેણે ભૂખ્યા રહેવું પડેલ.

એક વેપારી અને ખેડૂત વચ્ચે રાણી છાપ રૂપિયા અંગે બોલાચાલીમાં મારામારી થયેલી, જેમાં ખેડૂતને ગંભીર રીતે ઘવાતા દવાખાને દાખલ કરવો પડેલ. આની અસરમાં દાણાબજાર ચાર દિવસ બંધ રહેલું. વેપારી મહાજનો અને બાલમિત્ર મંડળે રાજ્યને તાર કરવા પડેલા કે આવી ખરાબ પરિસ્થિતિ છે.

વાવડીમાં (મહુવાની) એક રબારણ પાસે ૫૦/૭૦૦ના રાણી સિક્કા હતા પણ તેને લોકો સમજાવે પણ તે કાઢતી નહોતી કે માનતી ન હતી કે ખરેખર રાણી છાપ સિક્કા હવે બંધ થનાર છે. ઈ.સ. ૧૮૬૨ની સાલનો કોઈ રૂપિયો હાથમા ઝાલતું નહીં.

શ્રી દેવકૃષ્ણ પીતાંબર જોષીએ રૂપિયાની કાગારોળ મચાવતું એક કટાક્ષગીત રચ્યું હતું.

રાણીના રૂપિયે રોળ્યા.

(રાગ મારે ઘેર આવજો માવા)

કાળી મજૂરી કરીને હું કામ્યો રૂપિયા મૂડી આઠ,
કુલડીમાં મૂકી ભોંયમાં દાટ્યા ઉપર ઢાળી ખાટ,
શંકા થાતી ચોરની જ્યારે ઊડી જાતી નિંદ્રા ત્યારે રે !

વેલી સવારે હું ગામડું છોડીને, સાંઠીઓ સૂડવા જાઉં,
છેક અંધારું થતા ઘેર આવું ઘેંસ પી ને સૂઈ જાઉં,
મૂડીની હૂંફ રૂપાળી,
સૂડે સાંઠી સટ્ટ કોદાળી રે !
આ મહિનો જ્યારે અધુસાર્યો ત્યારે આઈએ કીધું એમ,
રાણીના રૂપિયા જવા બેઠા, એનું કરશું કેમ ?
જોયું મેં તો કુલડી કાઢી
હતાં આઠે આઠમાં માડી રે,
દાડી પાડીને ગામમાં દોડ્યો, સૌને કાકા કઉં,
બદલાવા એના હાથમાં મૂકું તો ડોક હલાવે સૌ,
માર્યા આવી મોતની વેળા, થયા મારા ટાંટિયા ઢીલા રે !
ભાંગેલ ટાંટિયે શેરમાં હીંડ્યો, બૅંક ટપાલુમાં જાઉં,
રૂપિયા ભાળીને ઊભો ન રાખે, સૌ કરે હાઉ હાઉ,
અરજી આલું કારિયુ લાગે,
લખાઈમાં મૂંડીઓ માંગે રે,
ભૂખ્યો દુખ્યો હું ઓરડે આવ્યો, આઈએ ચાંદડી જોઈ,
મેં તો મોટો ખૂખવો મૂક્યો, આઈમો વાળીને રોઈ,
એકત્રી તો આવશે ત્યારે, રાણીમાં એ રોળ્યા અત્યારે રે !

ઉપસંહાર

ભલે રાણી છાપ સિક્કાઓ બ્રિટિશ સરકારે ચલણમાંથી બંધ કર્યા, પણ અમુક લોકોએ આ સિક્કાઓ પોતાની પાસે સાચવી રાખ્યા હતા. ગ્રામીણ ભારતમાં પૂજામાં તથા લગ્નપ્રસંગોએ કે ભેટ-સોગાદમાં અને મહિલાઓના પરંપરાગત ઘરેણાં (જેમ કે સિક્કાની માળા કે હાર) બનાવવા માટે આ 'રાણીછાપ' ચાંદીના સિક્કાઓનો બહોળો ઉપયોગ કરતા જ રહ્યા. આજે પણ હજુ તેની બહુ સારી કિંમત આવે છે. રાણી છાપ સિક્કાઓ બંધ થયા પછી છેક ઈ.સ. ૧૯૫૦ સુધી બ્રિટિશરોના રાણીછાપ સિવાયના અન્ય ચાંદીના સિક્કા ચાલુ રહેલા. ત્યારબાદ પ્રજાસત્તાક ભારતે ઈ.સ.૧૯૫૦માં પોતાના સ્વતંત્ર સિક્કાઓ બહાર પાડ્યા હતા. રૂપિયો જીવન ચલાવે છે પરંતુ જીવનનું મૂલ્ય નક્કી કરતો નથી એ બધાંને સમજાય તો કેવું સારું.

સંદર્ભો :

૧) પંચાલ સમીર 'છોટાઉદેપુર, લુણાવાડા, સુંથ-સંતરામપુર રાજ્યના સિક્કાઓ, સ્ટેમ્પ અને રાજકીય ઇતિહાસ' અમદાવાદ પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૨૦૧૦

૨) શાસ્ત્રી હરિપ્રસાદ અને પરીખ પ્રવીણચંદ્ર (સંપાદકો) ગુ.રા.સા.ઈ. ભાગ ૪, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.૧૯૮૪

૩) શાસ્ત્રી હરિપ્રસાદ અને પરીખ પ્રવીણચંદ્ર (સંપાદકો) ગુ.રા.સા.ઈ. ભાગ ૯, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૮૭

૪) ફૂલછાબ અખબારના વિવિધ અંકો ઈ.સ. ૧૯૪૦, ૧૯૪૧ ૧૯૪૭

૫) શાસ્ત્રી હરિપ્રસાદ અને પરીખ પ્રવીણચંદ્ર 'ભારતીય સિક્કાશાસ્ત્ર' ભાગ ૯, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૭૯

'શિવશક્તિ' વાલાણીનગર, પ્લૉટ નં.૧૪,
શેરી નં.૨, રણછોડનગર પાસે, જૂનાગઢ.
મો. ૯૮૭૯૪૨૧૦૨૫



ગુજરાતમાં પક્ષીઓ વિષયક પુસ્તકો

રાજુલ દવે

કવિ ઉમાશંકર જોશીએ લખ્યું છે - વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ તેઓ કુદરતી સૌંદર્યના, માનવસંવેદનાના, માનવીય મૂલ્યોના કવિ હોવાથી પ્રસ્તુત કાવ્યમાં તેમણે પૃથ્વી ઉપર મનુષ્ય ઉપરાંત અનેકવિધ જીવસૃષ્ટિ હોવાની વાત સમજાવી છે. આપણી આસપાસનું વિશ્વ અપાર વૈવિધ્યથી ભરપૂર છે. માનવી કરતાં વિશ્વમાં પશુ-પંખીની વસ્તી તેમજ વિવિધતા અનેકગણી હોવા છતાં આપણું ધ્યાન જેટલું માનવ તરફ જાય છે તેટલું કુદરતે સર્જેલી અન્ય સૃષ્ટિ પ્રતિ જતું નથી - પરિણામે ઘણાં આશ્ચર્યો, આનંદ અને જ્ઞાનથી આપણે વંચિત રહી જઈએ છીએ.

આજની શહેરી સંસ્કૃતિએ માનવને કુદરતથી દૂર કર્યો છે. નગર સંસ્કૃતિએ પોતાના ભોગવિલાસ અને મનોરંજનનાં સાધનો જરૂર ઊભાં કર્યાં, પણ તેથી માનવ અને કુદરત વચ્ચે દીવાલ રચાઈ ગઈ છે. આ બે વચ્ચે સાયુજ્ય હોવું જોઈએ એની સાચી જરૂર આપણા પૂર્વજોએ જોઈ અને તેનું યોગ્ય મૂલ્યાંકન કર્યું હતું. કુદરતને ખોળે આળોટીને વિકસિત થયેલી હિંદી સંસ્કૃતિના જનક સમા આપણા પૂર્વજોએ માત્ર ભૌતિક રીતે જ નહિ, પણ આધિભૌતિક રીતે પણ આસપાસ ખેલી રહેલી ચેતનસૃષ્ટિમાં જીવાત્માનાં દર્શન કરીને, 'આત્મવત્ સર્વભૂતેષુ'નો સિદ્ધાંત પ્રતિપાદિત કરી, તેને જીવનમાં વણી લીધો હતો. કુદરતમાં જે જે તત્ત્વોના સંસર્ગમાં તેઓ આવતા ગયા તેમ-તેમ પંખીઓને કે પશુઓને, ઝાડને કે જીવડાંને પોતાનાથી અલગ ન ગણ્યાં. પણ માનવજીવનના એક અનિવાર્ય અંગ તરીકે સ્વીકારીને પોતાના જીવનમાં સ્થાન આપ્યું. આપણા પૂર્વજોએ પશુ-પંખીઓને મિત્ર બનાવ્યાં, પુત્ર તેમજ પિતૃ બનાવ્યાં અને દેવ તરીકે પણ સ્થાપ્યાં.

> **કુદરતને ખોળે આળોટીને નવચેતન મેળવતા માનવીએ કુદરતનો જ ખોળો ખૂંદતાં પક્ષીજીવનમાંથી રંગ અને રાગ લીધાં છે, રૂપ અને નૃત્ય લીધાં છે, કલ્પના અને કાવ્ય લીધાં છે.**

કુદરતને ખોળે આળોટીને નવચેતન મેળવતા માનવીએ કુદરતનો જ ખોળો ખૂંદતાં પક્ષીજીવનમાંથી રંગ અને રાગ લીધાં છે, રૂપ અને નૃત્ય લીધાં છે, કલ્પના અને કાવ્ય લીધાં છે, ચિત્રકળા, શિલ્પ અને સ્થાપત્ય માટે આકાર લીધા છે. ખોરાક અને દવા પણ મેળવ્યાં તથા પંખીઓનાં પીંછાંનો દેહશણગાર માટે ઉપયોગ કર્યો.

'જયમલ્લ પરમાર' લખે છે - "પક્ષીજીવન તો અનેક અદ્ભુતતાઓ અને અજાયબીઓથી ભરપૂર છે. આજે તો સ્થિતિ એ છે કે પ્રકૃતિનાં આ લાડકવાયાં પંખીઓને જીવનથી અળગાં કરીને જોઈએ તો જ એનું મહત્ત્વ ને સાચું સ્થાન સમજાય. પ્રકૃતિવિજ્ઞાન એ આધુનિક સમાજનું અનિવાર્ય અંગ છે. એક-એક ચીજના ગુણદોષ અને ઉપયોગનું જ્ઞાન આજના માનવીને મળે છે તેવું અને તેટલું આજ પૂર્વે કદી ન મળતું. આમ છતાં આજના વૈજ્ઞાનિક શિક્ષણમાંથી પ્રકૃતિ પ્રત્યેનો આત્મભાવ જાગૃત થતો નથી. પ્રત્યેક વસ્તુ પ્રત્યેનો જીવંત લાગણીનો સંસ્કાર



જે મળવો જોઈએ તે મળતો નથી. વાસ્તવમાં અધ્યાત્મ અને વિજ્ઞાનનો અનુબંધ કુદરતમાં પડ્યો છે.”

ગુજરાતમાં પક્ષીનિરીક્ષણ તેમજ અભ્યાસની પ્રવૃત્તિનો વ્યાપ છેલ્લા એક દાયકા દરમિયાન ખૂબ વધ્યો તે સારી નિશાની છે. માત્ર નળસરોવર નહીં, થોળ, ખીજડિયા, મોકર, પોરબંદર, રાજકોટ એમ અનેક સ્થળે જળપ્લાવિત વિસ્તારોમાં તેમજ વગડા-જંગલોમાં પક્ષીઓનું નિરીક્ષણ કરવા માટે પ્રજામાં ઉત્સાહ જાગ્યો છે. પક્ષીદર્શન માટેનાં મંડળો રચાયાં છે. ત્યારે ગુજરાતમાં પક્ષીઓ અંગે લખાયેલાં પુસ્તકો વિશે માહિતી આપવાનો પ્રયાસ આ લેખમાં કર્યો છે.

૧૯૩૫ની આસપાસ આણંદમાં ગુજરાતની પ્રકૃતિના અભ્યાસ-ચોરા સમા ‘પ્રકૃતિમંડળ’ની સ્થાપના ‘હરિનારાયણ આચાર્ય’ (‘વનેચર’) અને અન્ય મિત્રોએ કરેલી. તેના ઉપક્રમે ‘પ્રકૃતિ’ નામનું ત્રૈમાસિક મુખપત્ર પ્રસિદ્ધ થતું, જેમાં પક્ષીઓ સહિત જીવસૃષ્ટિની પારાવાર સામગ્રી સચિત્ર પ્રકાશિત થતી હતી. ‘હરિનારાયણ આચાર્યે’ ‘કુમાર’ માસિકમાં ‘વનવગડાના વાસી’ નામથી લેખમાળા ૧૯૩૪થી ૧૯૪૦ના છ વર્ષો પર્યંત લખી હતી. ગુજરાતીમાં પક્ષીઓ અંગેનું કદાચ તે પ્રથમ મુદ્રિત સાહિત્ય હતું. પ્રસ્તુત લેખમાળા પુસ્તક સ્વરૂપે તે જ નામથી ચાર દાયકા બાદ, છેક ૧૯૭૯માં પ્રકાશિત થઈ હતી. આ પુસ્તક ‘વનેચર’ ‘થરથર્રા’ નામના એક પક્ષીને અર્પણ કર્યું છે.

૧૯૩૯થી ૧૯૪૨નાં સાડાત્રણ વર્ષો સામાહિક ‘ફૂલછાબ’ (રાણપુર)માં ‘ઝવેરચંદ મેઘાણી’ના સાથીદાર તરીકે રહેલા બે તેજતર્રાર યુવાનો નિરંજન વર્મા અને જયમલ્લ પરમારે સંયુક્ત નામથી ‘આપણે આંગણે ઊડનારાં’ પુસ્તક ૧૯૪૨માં ‘ફૂલછાબ’ના ભેટપુસ્તક રૂપે પ્રસિદ્ધ કર્યું હતું. મૂળે તો આ લેખમાળા સામાહિક ‘ફૂલછાબ’માં પ્રકાશિત થઈ હતી. ગુજરાતીમાં લોક-પરિચિત વીસ પક્ષીઓનો લોકભોગ્ય ભાષામાં, શાસ્ત્રીય રીતે પરિચય આપતું એ પહેલું પુસ્તક. ૧૯૪૬માં ‘આંગણાના શણગાર’, ‘વનવગડાનાં વાસી’, ‘રૂપરૂપનાં અંબાર’ સહિત કુલ છ પુસ્તિકાઓ બાળકો તેમજ કિશોરો માટે આ લેખકોએ પ્રસિદ્ધ કરી હતી. ૧૯૫૧માં નિરંજન વર્માના અવસાન પછી લોકસંસ્કૃતિના આરૂઢ વિદ્વાન જયમલ્લ પરમારનું તદ્વિષયક લેખન ચાલુ જ રહ્યું. ફળસ્વરૂપે ૧૯૬૬માં ‘પ્રેમીપંખીડાં’, ‘રૂપરૂપના અંબાર’, અને ‘વગડાનાં વાસી’ પુસ્તકો તેમજ ૧૯૯૩માં ૩૮૯ પૃષ્ઠોનો ‘અલબેલાં પંખીઓ’ ગ્રંથ ગુજરાતને મળ્યા. તેમની ‘આંગણાના શણગાર’ નામની પુસ્તિકા ૨૦૦૯માં પ્રકાશિત થઈ હતી.

માત્ર નળસરોવર નહીં, થોળ, ખીજડિયા, મોકર, પોરબંદર, રાજકોટ એમ અનેક સ્થળે જળપ્લાવિત વિસ્તારોમાં તેમજ વગડા-જંગલોમાં પક્ષીઓનું નિરીક્ષણ કરવા માટે પ્રજામાં ઉત્સાહ જાગ્યો છે.

ભાવનગરની ત્રણ વ્યક્તિઓ – ગજાનન ભટ્ટ, પ્રદ્યુમ્નરાય કંચનરાય દેસાઈ અને રાજવી ગોહિલ પરિવારના ધર્મકુમારસિંહજીએ પક્ષીઓ વિશે મહત્ત્વનું કામ કર્યું છે. ગજાનન ભટ્ટ લિખિત લેખમાળા ‘પંખી નિરીક્ષણ’ ‘કુમાર’ સામયિકમાં પ્રસિદ્ધ થતી હતી. પાછળથી તે પુસ્તક સ્વરૂપે સુલભ બની હતી. ૧૯૪૪ સુધી ગુજરાતમાં ‘વનેચર’, ગજાનન ભટ્ટ અને જયમલ્લ પરમાર સિવાય પક્ષીઓના વિષયમાં નોંધપાત્ર લેખન થયું નથી. ૧૯૪૪ પછી પક્ષીઓનાં આકર્ષણ અને અભ્યાસ ગુજરાતમાં સારી પેઠે વધવા પામ્યાં. ભાવનગરના પક્ષીવિશારદ પ્રદ્યુમ્નરાય કંચનરાય દેસાઈ પક્ષીઓ અને પ્રાણીઓ ઉપરના એમના



અનુભવ અને અભ્યાસની લેખમાળા “કુદરતની કેડીએ” નામથી ‘ઊર્મિનવરચના’ માસિકમાં લખતા. ૧૯૫૯માં બે ભાગમાં ઉક્ત લેખમાળા પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ હતી. વૈજ્ઞાનિક ઉપરાંત સ્વાનુભવનું તળપદું જ્ઞાન સૌવિષેશ પદ્યુમ્નભાઈ પાસે હતું. તેમના પિતા કંચનરાય દેસાઈ પક્ષીઓના અવધૂત સમા હતા. પ્રદ્યુમ્નરાય દેસાઈએ ‘પંખીમેળો’, ‘પંખીજગત’, અને ‘પરિન્દા-ઈ-બોસ્તાં’ નામનાં પુસ્તકો પણ લખ્યાં હતાં.

ભાવનગરના ગોહિલ રાજવી પરિવારના ધર્મકુમારસિંહજી પક્ષીઓના નિષ્ણાત હતા. તેમણે અંગ્રેજીમાં ‘બર્ડ્સ ઓફ સૌરાષ્ટ્ર’ નામનો દળદાર ગ્રંથ ૧૯૫૦ના દાયકામાં પ્રસિદ્ધ કરેલો, જેમાં સોમાલાલ શાહે પક્ષીઓ અંગે હૂબહૂ દોરેલાં રંગીન ચિત્રો છપાયાં હતાં. ગુજરાતનાં પક્ષીઓ વિષયક સ્વતંત્ર કહી શકાય તેવો એ પહેલો અંગ્રેજી ગ્રંથ હતો. તેની બીજી આવૃત્તિ સદ્વતના પરિવાર તરફથી ૨૦૨૩માં પ્રકાશિત થઈ હતી. ‘બર્ડ્ઝ ઑફ ઈન્ડિયા’ નામની પુસ્તકશ્રેણીમાં વિશ્વખ્યાત પક્ષીવિદ્ ડૉ. સલીમઅલીએ ગુજરાતનાં પક્ષીઓ, ખાસ કરીને સુરખાબ બારામાં લખ્યું હતું.

ગુજરાત સરકારે સોમાલાલ શાહ પાસે પક્ષીઓનાં આબેહૂબ ચિત્રો દોરાવ્યાં તેનો સમાવેશ કરીને ૧૯૬૭માં છોટુભાઈ સુથારે ‘આપણાં પંખીઓ’ પુસ્તક લખ્યું હતું. ૧૯૭૭માં વલ્લભવિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીએ છોટુભાઈ સુથારે થોડા સુધારાવધારા કરીને લખેલો સચિત્ર ગ્રંથ ‘આપણાં પક્ષીઓ’ નામથી પ્રકાશિત કર્યો હતો. તેમાં પ્રવાસી પક્ષીઓની માહિતી હાથવગી બની છે. આજે તો ગુજરાત પ્રવાસી પક્ષીઓ માટે માનીતું સ્થળ બન્યું છે, પરંતુ પાંચ દાયકા પૂર્વે આ વિષયમાં એટલું ખેડાણ થયું નહોતું ત્યારે છોટુભાઈએ એક દિશા ખોલી આપી હતી.



પક્ષીનિરીક્ષણ અંગે સામાન્ય સૂચનાઓ પણ તેમણે પ્રસ્તુત પુસ્તકમાં નોંધી છે.

ગુજરાતમાં વિવિધ વિષયોના જ્ઞાનકોશ તરીકે એક સમયે જેમની ખ્યાતિ હતી તે વિજયગુપ્ત મૌર્યે લખેલું ‘પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ’ પુસ્તક ૧૯૫૭માં પ્રકાશિત થયું હતું. મુંબઈના ‘જન્મભૂમિ’ પ્રવાસીમાં દર અઠવાડિયે વિજયગુપ્ત મૌર્યની પંખીઓ વિષયક લેખશ્રેણી પ્રસિદ્ધ થતી હતી. આ જ નામથી જે પુસ્તક પ્રકાશિત થયું તેની પહેલી આવૃત્તિમાં ૧૨૫ જેટલાં પક્ષીઓનો પરિચય હતો. પુસ્તક વધારે ઉપયોગી અને લોકભોગ્ય થાય તે માટે બીજી આવૃત્તિમાં ૩૫૦ જેટલાં પક્ષીઓનો પરિચય આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત પુસ્તકમાં સૌપ્રથમ પક્ષીઓનાં કુળ પ્રમાણે તેમનું વૈજ્ઞાનિક ઢબે વર્ગીકરણ કરી પરિચય અપાયો છે. કયા પક્ષીઓ ક્યાં જોવાની અપેક્ષા રાખવી તેનો નિર્દેશ ‘પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ’ પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

ઘનિષ્ઠ અભ્યાસ, ખાંખત કરીને તળિયા સુધી જવાની વૃત્તિ તેમજ ફિલ્ડવર્ક દ્વારા ગત પેઢીના વિદ્વાનો આંતરિક રીતે સમૃદ્ધ બન્યા હતા. તેમના અભ્યાસનો નિચોડ પુસ્તકો થકી આપણા માટે સુલભ કરી આપ્યો હતો.

વિશેષતા

ઉપરોક્ત પેઢીના વિદ્વાનોએ પુસ્તકોનું વાચન કરીને અથવા ટેબલવર્ક કરીને વિદ્વત્તા પ્રાપ્ત નહોતી કરી. કોઈ પણ વિષયનો ઘનિષ્ઠ અભ્યાસ, ખાંખત કરીને તળિયા સુધી જવાની વૃત્તિ તેમજ ફિલ્ડવર્ક દ્વારા ગત પેઢીના વિદ્વાનો આંતરિક રીતે સમૃદ્ધ બન્યા હતા. તેમના અભ્યાસનો નિચોડ પુસ્તકો થકી આપણા માટે સુલભ કરી આપ્યો હતો.

આગળ જેનો ઉલ્લેખ છે તે ‘પ્રકૃતિ’ ત્રૈમાસિક પાંચેક વર્ષની મજલ પછી અટકી પડ્યું. એમાં હરિનારાયણ આચાર્યે (વનેચર) પ્રકૃતિ વિશે જે સાહિત્ય આપ્યું તે અમૂલ્ય હતું. ગુજરાતમાં પક્ષીઓનું સૌપ્રથમ વર્ગીકરણ તેમણે ‘પ્રકૃતિ’માં આપેલ હતું. ‘વનવગડાનાં વાસી’ પુસ્તકનો ઉપાડ ‘એક પંખીનું વેર’ નામની સત્ય હકીકતથી કર્યો છે. સારસ પક્ષીના પ્રજનન અંગે મોગલ બાદશાહ જહાંગીરે અમદાવાદમાં જે વર્ણન કર્યું હતું તે મૂળ વર્ણન ‘વનેચર’ દ્વારા મેળવીને ‘વનવગડાનાં વાસી’

પુસ્તકમાં સુલભ કરી આપવામાં આવ્યું છે. આવી કેટલીક ઐતિહાસિક વિગતો ઉક્ત પુસ્તકમાં સંગ્રહાઈ છે.

ધર્મકુમારસિંહજીનું અંગ્રેજી પુસ્તક લેખન અને રંગીન ચિત્રસમૃદ્ધિની દૃષ્ટિએ ઉત્તમ છે. આ ગ્રંથ માટે સોમાલાલ શાહે નૈસર્ગિક રંગમાં ગુજરાતનાં પક્ષીઓનાં ચિત્રો તૈયાર કરી આપેલાં તે ગુજરાતની ચિત્રકળામાં બેનમૂન છે. ધર્મકુમારસિંહજીએ પ્રત્યેક પક્ષી નજરે જોવા મળે તેવી વ્યવસ્થા કરી આપેલી અને તેના ઉપરથી સોમાલાલ શાહે ચિત્રો દોરેલાં. 'બર્ડ્ઝ ઑફ સૌરાષ્ટ્ર' ગ્રંથને ભારત સરકાર તરફથી પારિતોષિક મળ્યું હતું.

દેશની આઝાદી પૂર્વે જૂનાગઢ, ભાવનગર વગેરે રાજ્યોના રાજવીઓ ચિત્તા, બાજ વગેરે વસાવતા. તેમને યોગ્ય તાલીમ આપનારા કુશળ તજ્જ્ઞો વંશપરંપરાગત આ વ્યવસાય સાથે જોડાયેલા રહેતા. પ્રદ્યુમ્નરાય દેસાઈએ 'કુદરતની કેડીએ'માં બાજ (ફાલ્કન) તેમજ તેની તાલીમ અંગે આપેલું વર્ણન એક પરંપરા આપણી સમક્ષ હેરતભરી રીતે ખોલી આપે છે.

'અલબેલાં પંખીઓ' પુસ્તકમાં જયમલ્લ પરમારે પક્ષીઓ અંગેના અભ્યાસલેખો લખ્યા છે. આ ઉપરાંત દુહામાં અને લગ્નગીતો તથા લોકગીતોમાં પક્ષીઓનો અલગ વિભાગ આપ્યો છે, જે હજી સુધી અપૂર્વ રહ્યો છે. 'ઊર્મિનવરચના' સામયિકનો ૧૯૭૪નો દીપોત્સવી વિશેષાંક 'લોકસાહિત્યમાં પક્ષીઓ' નામથી પ્રકાશિત થયો હતો, જેની ઘણી સામગ્રી પ્રસ્તુત ગ્રંથમાં આવરી લેવાઈ છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પક્ષીવિદ ડૉ. સલીમઅલીએ ૧૯૫૦ના દાયકામાં ગુજરાતનાં પક્ષીઓનું અન્વેષણ કરીને તેમની યાદી બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટીના જર્નલમાં પ્રસિદ્ધ કરી હતી. ગુજરાત સંશોધન મંડળે તેનું પુસ્તકસ્વરૂપે પ્રકાશન કર્યું હતું. ગુજરાતનાં પક્ષીઓની તે પ્રથમ યાદી હતી.

"મીનપિયાસી" એટલે દિનકરરાય કેશવલાલ વૈદ્ય. સુરેન્દ્રનગર જિલ્લાના ચુડાના તેઓ વતની હતા. "કબૂતરોનું ઘુ ઘુ ઘુ' તેમનું પ્રખ્યાત કાવ્ય છે.

અન્ય પુસ્તકો

ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થા દ્વારા ૧૯૩૮માં નરેન્દ્ર બધેકાએ લખેલી બાળકો, શિક્ષકો તેમજ પક્ષીઓના અભ્યાસીઓ માટેની માર્ગોપદેશિકા "આપણાં પક્ષીઓ" નામથી પ્રકાશિત કરવામાં આવી હતી, જેમાં વીસ પક્ષીઓનો પરિચય મોટા ટાઇપમાં અપાયો હતો.

પરિચય ટ્રસ્ટ તરફથી મુંબઈના ડૉ. રાહુલ વસાની 'પક્ષી નિરીક્ષણ' નામની પરિચય પુસ્તિકા ૧૯૮૩માં પ્રકાશિત થઈ હતી. લોકપરંપરાના જાણતલ અને ભાવનગરના પ્રખ્યાત ચિત્રકાર ખોડીદાસ પરમારે ૧૯૮૫માં 'લોકસંસ્કૃતિમાં પંખીઓ' નામનું પુસ્તક આપ્યું. આરંભમાં પક્ષીઓનો લોકસાહિત્ય સાથેનો સંબંધ વર્ણવતો લેખ આપ્યો છે અને પછી વીસ જેટલાં પક્ષીઓનો પરિચય વાંચવા મળે છે. "મીનપિયાસી" એટલે દિનકરરાય કેશવલાલ વૈદ્ય. સુરેન્દ્રનગર જિલ્લાના ચુડાના તેઓ વતની હતા. 'કબૂતરોનું ઘુ ઘુ ઘુ' તેમનું પ્રખ્યાત કાવ્ય છે. મીનપિયાસીએ "નળસરોવરનાં પક્ષીઓ" નામની પુસ્તિકા ૧૯૬૯માં લખી હતી. 'સ્ત્રીજીવન' સામયિકના તંત્રી મનુભાઈ જોધાણીએ કિશોરો માટે 'આંગણાનાં પંખી' પુસ્તિકા લખી હતી. શિવશંકર શુક્લે 'એક પોપટની યાત્રા' નામક પુસ્તિકા લખી હતી.

માહિતીખાતું

ગુજરાત સરકારનું માહિતીખાતું પણ પક્ષીઓ વિષયક પુસ્તકોના પ્રકાશનમાં પાછળ નથી. ૧૯૭૩ની ડાયરી 'ગુજરાત એન્ડ ઇટ્સ બર્ડ્ઝ' નામની પ્રકાશિત થઈ હતી. જેનું લેખન જાણીતા પક્ષીનિષ્ણાત લવકુમાર ખાચરે (જસદણ) કરેલ હતું. આ સચિત્ર ડાયરીમાં





પક્ષીઓની ઘણી માહિતી અંગ્રેજીમાં આપવામાં આવી છે. ૭-૧૨-૧૯૮૪નો 'ગુજરાત'નો અંક પક્ષી વિશેષાંક રૂપે પ્રકાશિત થયો હતો. ૧૯૯૨માં "પંખીમેળો" નામનું પુસ્તક માહિતી ખાતા તરફથી પ્રકાશિત થયું હતું, જેમાં ૧૬૫ પક્ષીઓનો પરિચય અપાયો હતો. પંખીમેળોનું લેખન-સંકલન-સંપાદન કવિ અને પક્ષીપ્રેમી 'મીનપિયાસી'એ કર્યું હતું. પ્રત્યેક પક્ષીનો અહીં સચિત્ર પરિચય આપવામાં આવ્યો હતો. તેની ઓળખ, ખાસિયતો, તેના માળા, જીવનશૈલી વગેરે માહિતી સાથે પક્ષીનાં ગુજરાતી અને અંગ્રેજી નામો પણ આપવામાં આવ્યાં હતાં.

૨૦૧૧માં માહિતી ખાતા તરફથી 'ગુજરાત–વાઇબ્રન્ટ વાઇલ્ડ લાઇફ' નામનું સચિત્ર પુસ્તક બહાર પડ્યું હતું. રંગીન તસવીરોના માધ્યમથી રાજ્યનાં પશુઓ, પક્ષીઓ, સરિસૃપો ઇત્યાદિને પુસ્તકમાં આવરી લેવાયાં હતાં. તેનું લેખન દિનેશ કુંબલેએ કર્યું હતું.

ગીર ફાઉન્ડેશન

માહિતી ખાતા ઉપરાંત રાજ્ય સરકારના ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ (ગીર) ફાઉન્ડેશન તરફથી પક્ષીઓ વિષયક સાહિત્ય પ્રકાશિત થયું હતું. ૧૯૯૮માં "ગુજરાતની પ્રાકૃતિક વિરાસત" નામનું પુસ્તક એચ. એસ. સિંહે લખ્યું હતું. તેમાં ગુજરાતનાં જંગલો, જૈવિક વિવિધતા, વન્યજીવ રક્ષિત વિસ્તારો અને ગુજરાતી વન્યસૃષ્ટિ બારામાં રસાળ શૈલીમાં માહિતી આપવામાં આવી હતી. આ જ સંસ્થા તરફથી ઈ.સ. ૨૦૦૦માં 'એ સ્ટડી ઓન ઇંડિયન સારસ-ક્રેન' નામનું વિગતપ્રચુર પુસ્તક અંગ્રેજીમાં તૈયાર કરવામાં આવ્યું હતું. તેના લેખકો એચ. એસ. સિંઘ અને કેતન ટાટુ હતા. ગીર ફાઉન્ડેશન તરફથી "સૃષ્ટિ ત્રિમાસિક મુખપત્ર પ્રકાશિત થાય છે. તેમાં લાલસિંહ રાઓલ, લવકુમાર ખાચર, પ્રવીણકુમાર ગઢવી, કેતન ટાટુ વગેરે તજજ્ઞો પક્ષીઓ ઉપર લખતા હતા.

અંગ્રેજી પુસ્તકો

ગુજરાતનાં પક્ષીઓ બારામાં જે અંગ્રેજી પુસ્તકો લખાયાં તે પૈકી કેટલાંકનાં નામ ઉપર આપ્યાં છે. તે સિવાયનાં પુસ્તકોનાં નામ જોઈએ તો ધ બર્ડ્ઝ ઑફ ઇંડિયા" (ડૉ. સલીમઅલી), "ધ બર્ડ્ઝ ઑફ કચ્છ' (સલીમઅલી), "ધ બર્ડ્ઝ ઓફ નળસરોવર" (લવકુમાર ખાચર), "પોપ્યુલર હૅન્ડબુક ઑફ ઇંડિયન બર્ડ્ઝ (હ્યુજ વ્હીસલર) વગેરે. કચ્છમાં સુરખાબનગરી સુધી જવા માટે આજે મોટરમાર્ગ ઉપલબ્ધ છે. પરંતુ આઠ દાયકા પૂર્વે ઊંટ ઉપર બેસીને, રણનો કીચડ ખૂંદીને સલીમઅલીએ સુરખાબના માળા, તેની વર્તણૂક વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. તેના ફળસ્વરૂપે 'ધ બર્ડ્ઝ ઑફ કચ્છ' પુસ્તક આપણને સંપ્રાપ્ત થયું હતું. કચ્છની પક્ષીસૃષ્ટિ અંગે રામસિંહજી રાઠોડ તેમજ દુલેરાય કારાણીએ પ્રસંગોપાત્ત લેખન કર્યું હતું.

ગુજરાતનું પક્ષીજગત તેના વૈવિધ્ય થકી રળિયાત છે, તેમ ગુજરાતીમાં પક્ષીઓ અંગેનાં પુસ્તકો ભલે ઓછી સંખ્યામાં ઉપલબ્ધ હોય, પણ જે છે તે તદ્વિષયક સાહિત્યની દૃષ્ટિએ ઉચ્ચ કોટિનાં હોવાનું ચોક્કસ કહી શકાય. વર્તમાન સમયમાં પક્ષીનિરીક્ષણ તથા પક્ષીઓના અભ્યાસ કરતા લોકો ઉપરોક્ત પુસ્તકોમાંથી પસાર થાય તેવી આશા રાખવી અસ્થાને નથી.

"વરદભૂમિ' ૧૧-બી, કૈલાસનગર,
બૅંક ઑફ બરોડા સ્ટ્રીટ, કોટેચા ચોક, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૭
મો. ૯૪૨૬૨૨૯૫૧૭





મશાલરાસ-જામનગર
પ્રિતેશ પટેલ
મો. ૯૯૨૪૨૬૬૧૦૮



એ હાલો વાળુ કરવા
આનંદ પટેલ
મો. ૯૪૨૭૩૩૨૭૦૦

ફુદરતાં ભાસ્કર
સ્પર્શે ના દવા
મો. ૯૬૦૧૯૩૫૬૩

ગાંધી વિચારધારા - નવી નજરે

ડૉ. માણેક પટેલ 'સેતુ'

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ વર્ષ ૧૯૧૫માં અમદાવાદમાં "સત્યાગ્રહ આશ્રમ" શરૂ કર્યો ત્યારે એમને લાગ્યું હતું કે આશ્રમના સામુદાયિક સાદગીભર્યા જીવન માટે નિયમોનું કડક બંધન હોવું જરૂરી છે. ગાંધીજીની એમની સૂઝ પ્રમાણે સત્ય, અહિંસા, અસ્વાદ, અસ્તેય, અપરિગૃહ, સ્વદેશી, અભય, અસ્પૃશ્યતા નિવારણ, વર્ણાશ્રમ અને સહિષ્ણુતા જેવા અગિયાર નિયમો - પોતાના હસ્તાક્ષરમાં લખેલા. અને પાછળથી એમણે બારમો નિયમ 'જાતમહેનત' ઉમેર્યો હતો. આ બધા નિયમો પોતાના હસ્તાક્ષરમાં લખેલા. તે આજે પણ આશ્રમમાં જોવા મળે છે. ગાંધીજી આ નિયમોને વ્રત કહેતા હતા. વ્રત એટલે અડગ નિર્ણય. અગવડો પડે પણ નિર્ણય તૂટે નહીં તેને અડગ નિર્ણય ગણાય.

આ નિયમો કે વ્રતોમાં ગાંધીજીની મૂળભૂત વિચારધારા સમાયેલી છે. બીજી રીતે કહીએ તો આ વ્રતોનો અમલ એટલે એમની વિચારધારાનો અમલ થયો ગણી શકાય.

દુનિયાની શ્રેષ્ઠ આત્મકથાઓમાં ગાંધીજીની આત્મકથા – 'સત્યના પ્રયોગો' અગ્ર હરોળમાં છે. "મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે."

દુનિયાની શ્રેષ્ઠ આત્મકથાઓમાં ગાંધીજીની આત્મકથા - 'સત્યના પ્રયોગો' અગ્ર હરોળમાં છે. "મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે." અને તેમાંથી નીપજી સત્યના પ્રયોગો અથવા આત્મકથા. આમ તો આ આત્મકથા વર્ષ ૧૯૨૧-૨૨ સુધી આવીને અટકી જાય છે. એમની આત્મકથા હપતે હપતે નવજીવનમાં છપાઈ હતી. તેમની આત્મકથા આપણા દેશની બધી જ ભાષામાં અને વિશ્વની ઘણી ભાષાઓમાં પ્રકાશિત થઈ છે. ગાંધીઆશ્રમના નિયમો અને તેમનું આત્મકથા પુસ્તક ગાંધી વિચારધારાની સંપૂર્ણ સમજ પૂરી પાડે છે.

મારા સ્કૂલ અભ્યાસ દરમિયાન મહાત્મા ગાંધીજી વિષય ઉપર યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો, ત્યારે હું એમની આત્મકથા - સત્યના પ્રયોગો પુસ્તક બે-ત્રણ વખત વાંચી ગયો હતો. ત્યારથી હું ગાંધીજી તરફ આકર્ષાયો હતો.

વર્ષ ૧૯૯૬માં મારું પ્રથમ પુસ્તક અમદાવાદ કથા આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને અર્પણ કરીને હું ખૂબ ખૂબ ધન્ય થયો હતો. આ રીતે ગાંધીજીને મારા Idol તરીકે પ્રસ્થાપિત કર્યા. ગાંધીજીની વિચારધારાને નવી નજરે જોવા અને આચરવા મેં ઘણા પ્રયોગો અમલમાં મૂક્યા છે.

આ પહેલાં મારે જણાવવું છે કે મારી અમદાવાદ-યાત્રા દરમિયાન આ શહેરના ઘણાંબધાં સ્થળો જોયાં છે. એ બધાં પૈકી મારું પ્રિય સ્થળ મહાત્મા ગાંધીજીનો સત્યાગ્રહ આશ્રમ છે. એમાં આવેલું એમનું નિવાસ-સ્થાન 'હૃદયકુંજ' મારે મન એક મંદિર છે. તેને 'ગાંધી મંદિર' તરીકે ઉલ્લેખતાં મને વિશેષ આનંદ થાય છે. સમય સાથે ગાંધી આકર્ષણ વધતાં, 'ગાંધીઆશ્રમ' એક પરિચય પુસ્તિકા અને ગાંધીજી - 'અમદાવાદને આંગણે' પુસ્તક લખ્યું

ગૂજરાત વિદ્યાપીઠના સહકારથી 'સાબરમતી કે સંત' નામની ડૉક્યુમેન્ટરી નિર્માણ કરી. એ પછી 'ગાંધી એટ અહમદાબાદ' બીજી ડૉક્યુમેન્ટરી કરી. આ સમય દરમિયાન આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છ ભારત' અભિયાન શરૂ કર્યું હોવાથી, 'સ્વચ્છાગ્રહ' નામથી શોર્ટ ફિલ્મ બનાવી.

ગાંધી વિચારધારાના પ્રથમ નિયમ 'સત્ય'ને આજની તારીખમાં સમજવા આપણે થોડા દિવસ સંપૂર્ણ સત્ય બોલવાનો આગ્રહ રાખીએ તો શું આ આપનાથી શક્ય છે ? એ તો જેણે 'સત્યના પ્રયોગો' પુસ્તક વાંચ્યું હોય, એને જ ખ્યાલ આવે ! આ પછી બાકીના અગિયાર નિયમોના અમલ વિશે જાતે જ વિચારો.

વર્ષ ૧૯૨૧માં ગાંધીજીએ દક્ષિણ ભારતના પ્રવાસ દરમિયાન પૂરતાં કપડાં પહેર્યાં વિનાના ગરીબ લોકોને જોયા. એમણે મદુરાઈમાં મુંડન કરાવી સીવેલાં કપડાં છોડી, પોતડી પહેરી લીધી. અને એ એમનો યુનિફોર્મ બની ગયો ! કોનામાં આવી સાદગી સ્વીકારવાની હિંમત છે ? તેઓ ગોળમેજી પરિષદમાં પરદેશ ગયા ત્યારે પણ આવી પોતડી પહેરીને ગયા હતા. આપણે દિવસમાં બે-ત્રણ વખત પ્રસંગ પ્રમાણે કપડાં બદલીએ છીએ. સાદગી સ્વીકારવી એ વાત સરળ નથી. ઠંડી કે ગરમીમાં ગાંધીજીનો યુનિફોર્મ બદલાયો નહોતો ! તેમની આ સાદગીને આપણાં કપડાં ફાટે નહીં ત્યાં સુધી પહેરવામાં અમલમાં મૂકી શકાય. મારી પાસે છેલ્લાં ૨૦-૨૫ વર્ષના કપડાં છે. તેને આજે પણ પહેરી રહ્યો છું તે બધાં મારા કબાટમાં ઉપલબ્ધ છે.

આજે હું પણ પેન્સિલનો ઉપયોગ તે એક ઈંચની થાય ત્યાં સુધી કરું છું. એક બાજુ લખાયેલા બધા જ કાગળનો ઉપયોગ પુસ્તકના પ્રથમ કાચા-રફ લેખનમાં કરું છું.

ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હતા. તેઓ માનતા "જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા". 'સ્વચ્છ ભારત' અભિયાનમાં સરકાર સરકારનું કામ કરે, પણ આપણી ફરજ શી ? ચાલતાં રસ્તામાં થૂંકવું કે કૉમર્શિયલ બિલ્ડિંગમાં સીડી ચઢતાં ખૂણામાં થૂંકવું કે મસાલા ખાઈને પિચકારી મારવી કેટલું યોગ્ય છે? લોકો ખૂણામાં પિચકારી ન મારે એટલા માટે બિલ્ડરે ભગવાનના ફોટાને દીવાલ ઉપર ચોંટાડ્યા હોય છે! શું આપણા ભગવાન આટલા બધા સસ્તા છે? આપણે બધા પરદેશ જઈએ છીએ ત્યારે ત્યાંની સ્વચ્છતા જોઈને ખુશ થઈ જઈએ છીએ. જ્યારે એ બધું જ આપણે સ્વદેશની ધરતી પર પગ મૂકતાંની સાથે ભૂલી જઈએ છીએ. આ માટે પ્રેરણા લેવા પરદેશ જવાની જરૂર નથી. આપણું એક નાનું રાજ્ય સિક્કિમ પ્રથમ કક્ષાનું સંપૂર્ણ સ્વચ્છ રાજ્ય છે. ત્યાં પ્લાસ્ટિકની કોથળીના ઉપયોગનો પ્રતિબંધ છે. ઘણા બધા પાનમસાલા કે ગુટકા ખાઈને તેનું પ્લાસ્ટિક રોડ ઉપર નાંખે છે. પાનના ગલ્લાની બાજુમાં મૂકેલા ડસ્ટબિનમાં નાખવાની તસ્દી લેતા નથી. ચાલુ ગાડીએ આપણે પ્લાસ્ટિકની થેલીઓ બહાર નાંખીએ છીએ. એ બધું એકઠું કરીને ઘરે આવી ડસ્ટબિનમાં નાંખીએ તો કેવું ? પરદેશમાં તેનો અમલ કરીશું - પણ આપણા મહાન દેશમાં નહીં.

રોડ ઉપર જતી ગાયો રોટલી કે અન્ય ખોરાકને બદલે પ્લાસ્ટિકનાં ઝભલાં કે થેલીઓ ખાતી જોવા મળે છે. આપણે ગૌસેવાને બદલે તેમના આરોગ્ય માટે કુસેવા કરી રહ્યા છીએ.

ગાંધીજી નિયમિત વહેલી સવારે આશ્રમવાસીઓ સાથે પ્રાર્થના કરતા. પ્રાર્થના વ્યક્તિને મનની શાંતિ બક્ષે છે. સારા વિચારો તરફ દોરે છે. દરેકે પોતપોતાના ધર્મ મુજબ પ્રાર્થના કરવી જરૂરી છે. આપણે બધા જ ધર્મપ્રિય છીએ. ઘરની બધી જ પૂજાનો, સામાન - ફૂલો, નાળિયેર અને અન્ય સામગ્રીને નદીમાં પધરાવીને નદીઓ ગંદી કરીએ છીએ. ફૂલોને ગાર્ડનમાં ઝાડની નીચે જ નાંખવાં કે જમીનમાં ખોદીને દાટી દેવાં, જેથી બે-ત્રણ મહિનામાં ખાતર બની જાય છે. નાળિયેરને પ્રસાદ સમજી ખાવામાં કે રસોઈમાં ઉપયોગ કરી શકાય. મંદિરમાં અપાતાં આખાં નાળિયેર બારોબાર વેચાઈ જતાં હોય છે. વધેરેલાં અડધા ભાગવાળાં નાળિયેર મદ્રાસી હોટલવાળા મસાલા ઢોંસા સાથે અપાતી ચટણી બનાવવા માટે લઈ જાય છે. આપને શું નથી લાગતું કે આ અંગે આપણે કંઈક વિચારવું જોઈએ ! સરકાર સ્વચ્છ નદી યોજના પાછળ કેટલો બધો ખર્ચ કરતી હોય છે!

ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હતા. તેઓ માનતા "જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા". 'સ્વચ્છ ભારત' અભિયાનમાં સરકાર સરકારનું કામ કરે, પણ આપણી ફરજ શું ?

ગણેશ ઉત્સવ કે દશામાના ઉત્સવોમાં મૂર્તિઓ નદીમાં પધરાવવામાં આવે છે. આ રીતે આપણે નદીને પ્રદૂષિત કરીએ છીએ. પ્લાસ્ટર ઑફ પૅરિસ એને કેમિકલયુક્ત રંગોથી નદીના પર્યાવરણને નુકસાન થાય છે! સત્તાવાળા નદીમાં મૂર્તિ વિસર્જન રોકવા માટે તેની આજુબાજુ મોટા મોટા ખાડા જે તે વિભાગોમાં બનાવે છે, કેટલો બધો ખર્ચ થાય છે! આપણે માટીની નાની મૂર્તિ ખરીદીને સંપૂર્ણ ધાર્મિક ભાવના મુજબ ઘરના આંગણામાં પાણીથી ભરેલા મોટા વાસણમાં વિસર્જન કરવું જોઈએ. હવે લોકો આ દિશામાં વિચારવા લાગ્યા છે. આવી જ એક વાત રૂપાલ ગામે

નીકળતી પલ્લીમાં ખૂબ મોટા પ્રમાણમાં ઘી રોડ ઉપર વહે છે. આ અંગે સૌએ ગંભીર રીતે વિચારવાનો સમય પાક્યો છે.

ગાંધીજીએ એમના દક્ષિણ આફ્રિકાના સાથી બાવા વજીર ઈમામસાહેબને ભાઈનો દરજ્જો આપીને હિંદુ-મુસલમાન એકતાનો મોટો દાખલો બેસાડ્યો હતો. ગાંધીજીએ એમને આશ્રમના પ્રથમ પ્રમુખ બનાવ્યા હતા. એમની બે દીકરીઓના લગ્ન તેમની ધાર્મિક વિધિ પ્રમાણે આશ્રમમાં કરી આપ્યાં હતાં. વિશેષમાં લગ્નના આમંત્રણ કાર્ડ ગાંધીજીના નામથી પ્રકાશિત કરવામાં આવ્યાં હતાં. દેશમાં હિંદુ-મુસ્લિમની બાબતમાં ઘણા વાદ-વિવાદો ચાલે છે. એ વચ્ચે ઘણા લોકો પોતાને મળેલા ઍવૉર્ડ સરકારને કે સંસ્થાને પરત કરીને વિરોધ દર્શાવે છે. પરંતુ ગાંધી વિચારધારાને નવી નજરે આવી સમસ્યાને હલ કરવાની જરૂર છે.

સ્વદેશી ચળવળમાં વિદેશી કાપડના બહિષ્કાર માટે સરઘસ કાઢવામાં આવતાં. વિદેશી કાપડની હોળીઓ કરવામાં આવતી. ગાંધીજી માનતા કે 'સ્વદેશી વિના સ્વરાજ સંભવિત નથી. એટલે પરદેશી કાપડ બાળવાની વિધિને હું એક પવિત્ર યજ્ઞ ગણું છું.' આ બાબતને નવી નજરે જોઈએ તો આપણા રોજિંદા વ્યવહારમાં કે ઘર વપરાશમાં કેટલી બધી વિદેશી વસ્તુઓ ખરીદીએ છીએ? આથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો 'મેઇક ઇન ઇન્ડિયા' કાર્યક્રમ ક્યાંથી સફળ થાય ? આપણા દેશમાં બનેલી વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખવો જોઈએ.

તે સમયે ગાંધીઆશ્રમમાં ઘણાં બધાં મકાનો હતાં અને તે બધાંમાં સંડાસની વ્યવસ્થા નહોતી. ગાંધીજી વિદેશી ભૂમિ ઉપર બૅરિસ્ટર થયા હોવા છતાં સાદગીભર્યા સંડાસનો પ્રયોગ અમલમાં મૂક્યો હતો. એમણે રહેઠાણની નજીક સાર્વજનિક સાદા દેશી પતરાના જાજરૂની સુવિધા કરી હતી. આવા જાજરૂનો એક નમૂનો ગાંધીઆશ્રમમાં મેં જોયેલો. ખાડામાં જાજરૂ ગયા પછી, એના ઉપર બાજુમાં રાખેલી રેતી નાંખવામાં આવતી હતી. જો આવાં જાજરૂમાં ડબ્બા પદ્ધતિ અખત્યાર કરી હોત તો મેલું માથે ઉપાડવાનો પ્રશ્ન ઊભો થાત, જે એમને મંજૂર નહોતું.

આવાં જાજરૂ બનાવવા પાછળ એક મોટો સંદેશ છુપાયેલો છે. બિલાડી પ્રથમ પોતાના આગળના બે પગ વડે માટી ખોદી ખાડો પાડીને, તેમાં જાજરૂ કરે છે. તે પછી ફરી પગ વડે માટીથી એને ઢાંકી દે છે. આ પ્રક્રિયાને ગાંધીજીએ નજરે નિહાળી છે. મારી ગાંધીજીની ડૉક્યુમેન્ટરીમાં આ પ્રક્રિયા દર્શાવવા માટે મારા મિત્ર નટુભાઈ મિસ્ત્રીને ત્યાં બિલાડી હતી. અને તેમના મકાનની બાજુમાં મોટો પ્લૉટ હતો. તેમાં અમે કેટલાક કેમેરા ગોઠવી દીધા હતા. બે દિવસને અંતે અમોને સફળતા મળી હતી, જેમાં બિલાડીની જાજરૂ જવાની બધી જ પ્રક્રિયાઓ રેકર્ડ થઈ હતી.

ગાંધીજી પોતે સંડાસ સફાઈ કરતા હતા. આપણે પણ આપણા ઘરમાં આવેલા સંડાસની જાતે સફાઈ કેમ ના કરીએ ! હવે તો ગામમાં કે શહેરોમાં સફાઈ કાર્યક્રમો થવા માંડ્યા છે, એમાં આપણે જોડાવવું જોઈએ.

અમદાવાદમાં અને ઘણાં ગામો અને શહેરોમાં હેરિટેજ વાવ જોવા મળે છે. તે બધી વાવ અત્યારે પુરાઈ ગઈ હોય છે, કે તેમાં અપાર ગંદકી જોવા મળે છે. આપણા હેરિટેજની કાળજી આપણે રાખવી જોઈએ, એવું સમજવું જરૂરી છે. સરકાર બધે ક્યાં પહોંચી વળશે ? સરકાર મોટી મરામતમાં ધ્યાન આપે તેટલું જ અગત્યનું છે.

છેલ્લો એક સામાજિક મુદ્દો ખૂબ મહત્ત્વનો છે. લગ્ન પ્રસંગોમાં કે જાહેર કાર્યક્રમોમાં જમણવારમાં ખૂબ જુદાં મેનુ બનાવવામાં આવે છે. થાળીમાં વિશેષ ખોરાક લઈને, થોડો ખોરાક ખાઈને મોટાભાગનો બગાડ લોકો કરે છે. તેમની થાળીમાં ઘણો ખોરાક પડી રહ્યો છે. વધેલો ખોરાક નાખી દેવાને બદલે જ્યાં લોકો ભૂખ્યા સૂએ છે, ત્યાં તે અન્ન પહોંચાડવું જોઈએ. ખોરાકનો બગાડ રોકવામાં સૌએ જાગૃત થવાની જરૂર છે.

ગાંધીજી કહેતા કે 'મારું જીવન, મારો સંદેશ' એટલે ગાંધી વિચારધારાને નવી નજરે અમલમાં મૂકવાનો સમય પાક્યો છે.

૮૫, શંકર સોસાયટી, વિભાગ-૨,
અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
મો. ૯૮૨૫૦૪૨૨૩૧



જળક્ષેત્રે મહિલાઓનું બળૂકું યોગદાન

ભૂપેન્દ્ર મો. દવે

પાણી અંગે મહિલાઓએ અનેરું કૌવત બતાવ્યું છે. પાણીનો બીજો એક અર્થ પણ લોકજીવનમાં પ્રચલિત છે. એ છે બળ - શક્તિ. એક જમાનામાં માણસો પોતાના બળને વ્યક્ત કરવા માટે કહેતા હતા કે, "અમે અમુક નદીનું પાણી પીધું છે, ફલાણી વાવનું કે કૂવાનું પાણી પીધું છે, અમે કોઈથી ગાંજ્યા જઈએ તેમ નથી. અમુક માણસે ગામેગામના પાણી પીધા છે." એમ કહેવામાં આવે ત્યારે સમજવું કે, તે છેતરાય એવો નથી, કોઈથી ડરી જાય તેવો નથી.

પાણી માટે એક દુહો પણ છે :

કાયા જાજો સામટી,
નાક ન જાજો નખ ;
પાણી ન જાજો પાવલું,
લોહી વહે સો લખ્ખ.

કાયાના ભલે કટકા થઈ જાય, પણ નાનકડું નાક ન જશો. લોહી ભલે ને સઘળું વહી જાય, પણ પાણી - શૂરવીરતામાં જરાક- પાવળા જેટલી પણ ઓછપ ન આવશો.

સૌરાષ્ટ્રના લોકજીવનમાં પાણીવાળા માનવીઓ અંગે ઘણી બધી લોકકથાઓ મળે છે પરંતુ હથિયાર વગરની અબળા અભૂતપૂર્વ પૌરુષ દેખાડે તેવા દાખલા જૂજ છે. મેઘાણીજીએ ''પરકમ્મા''માં બે પાણિયાળી સોરઠી નારીની કથાની નોંધ મૂકી છે :

ગીર પંથકનું ગામ. ગામની બે ચારણબાઈઓ ગામતરે નીકળી. એક હતી સાસુ, બીજી હતી વહુ. ઉનાળાનો ધોમ ધખતો હતો, બંનેનું ગળું તરસથી સુકાતું હતું. ચાલતાં ચાલતાં એમને એક ગામ નજરે ચડ્યું. પાદરમાં જ એક ઘર. ખડકી ઉઘાડીને બંને બાઈઓ અંદર દાખલ થઈ.



ઓસરીમાં એક બાઈ ઊભી હતી. તેને કહ્યું કે, "બેન, બહુ આઘેથી આવીએ છીએ. તરસ ખૂબ લાગી છે." બાઈએ પાણિયારેથી કળશ્યો ભર્યો અને ફળિયામાં ઊભેલી બંને બાઈઓને પાણી પિવડાવ્યું. બંને બાઈઓનાં હૈયામાંથી આશીર્વાદ નીકળ્યા. એટલામાં જ એમને ઓરડામાંથી ધડાધડ ધડાધડ અવાજ સંભળાયા. એટલે પાણી પાનાર બાઈને સાસુ - વહુએ પૂછ્યું કે, 'આ ધડાધડ અવાજ શેના આવે છે?'

બાઈએ નીચું મોઢું રાખી જવાબ વાળ્યો કે, 'લૂંટારા ઘર લૂંટવા આવ્યા છે. પટારો ભાંગવા મથે છે.' આ સાંભળતાં જ સાસુ-વહુએ એક પળ એકબીજાની સામે જોઈ લીધું અને મનમાં કાંઈક નક્કી કરી લીધું.

આગળની વાત સાંભળવાને બદલે બંને ફળિયામાંથી ઓસરીમાં અને ઓસરીમાંથી ઓરડામાં પહોંચી ગઈ અને પટારા ઉપર પલાંઠી વાળીને બેસી ગઈ.

લૂંટારુને થયું કે આ વળી નવતર વચ્ચે કોણ આવી ગયું ? પહેલા તો એમણે બંને બાઈઓને સમજાવવાનો પ્રયાસ કર્યો પરંતુ બંને બાઈઓ તો હઠ લઈને પટારા ઉપર ચપોચપ બેઠી હતી. ઊતરવાનું નામ લે એ બીજા. લૂંટારાએ તેમને ડારો દીધો ત્યાં તો બંને બાઈઓએ રણચંડીનું સ્વરૂપ ધારણ કર્યું.

લૂંટારાને એમણે રોકડું પરખાવી દીધું : " વિસામા, (ભાઈ) અમે આ ઘરનું પાણી પીધું છે. અમારા જીવતાં આ ઘરને લૂંટવા નહીં દઈએ."

લૂંટારાને નમતું મૂકવું પડ્યું અને ઘર લૂંટ્યા વિના તેમને જવું પડ્યું.

એક કળશ્યા પાણીએ તે દિવસે ઘર લૂંટાતું બચાવ્યું. પાણીનાં આવાં મૂલ હતાં. તો આઝાદી પહેલાના દુષ્કાળોમાં પાણીની જે તંગી પડી છે, તેના આંસુભીના અનેક પ્રસંગો અને કથાઓ લોકો આજે પણ યાદ કરે છે.

પાણીની પારાયણ

જૂના જમાનાથી પાણીનું કામ સ્ત્રીઓનું ગણાતું આવ્યું

છે. નદી, તળાવ, કૂવા પરથી પાણી લાવવાનું હોય કે જાહેર નળ ઉપરથી પાણી લાવવાનું હોય, એ કામ સ્ત્રીઓનું. પાણી લઈ આવવાનું એટલું જ નહીં પણ પાણિયારામાં પાણી ભરી રાખવાનું, ખૂટી જાય તો તેની ચિંતા પણ તેણે જ કરવાની !

ગુજરાતના દક્ષિણ વિભાગ તેમજ મધ્ય વિભાગ પાણીની અછત ભોગવતા નથી. કારણ કે ત્યાં મહીસાગર, નર્મદા અને તાપી તથા બીજી થોડી બારમાસી નદીઓ છે. દુષ્કાળ પણ અહીં અવારનવાર દેખા દેતો નથી.

જ્યારે ગુજરાતનો ઉત્તર વિભાગ, સૌરાષ્ટ્ર અને કચ્છ એ વિસ્તારો એવા છે જેના ઘણા બધા વિસ્તારોમાં પીવાના પાણીની તંગી ઉનાળા દરમિયાન સામાન્ય બીના છે. આ એવા વિસ્તારો છે જ્યાં અવારનવાર દુષ્કાળ ડોકિયાં કરી જાય છે. પીવાના પાણીની તંગી અંગે જો કોઈને સૌથી વધુ વેઠવાનું આવતું હોય તો તે સ્ત્રીઓનાં નસીબમાં આવે છે.

અતીતમાં જરાક ડોકિયું કરતાં દેખાય છે, કે કેટલાક વિસ્તારોમાં તો વરસના મોટાભાગ દરમિયાન પીવાના પાણીની સમસ્યા રહેતી હતી.

ઇતિહાસકારોએ નોંધ્યું છે કે ઈ.સ. ૧૮૭૫-૭૬ દરમિયાન રાજકોટમાં પાણીની તીવ્ર તંગી ઊભી થઈ હતી, અને સપ્ટેમ્બર મહિનામાં જ કૂવાનાં પાણી સુકાઈ ગયાં હતાં.

ઈ.સ. ૧૭૪૭માં જે દુકાળ પડ્યો તે વખતે તળાવો અને કૂવા ખાલી થઈ ગયાં હતાં. પાણીના અભાવે ઘણા ઘરબાર છોડીને બીજે રહેવા ગયા'તા.

ઈ.સ. ૧૯૦૦ના દુકાળ વખતે પણ પીવાના પાણીની તીવ્ર તંગી ઊભી થઈ હતી.

ઉત્તર ગુજરાતમાં આજે જેવી પાણીની તંગી રહે છે, તેવી જ તંગી વરસો પહેલાં પણ હતી. કેપ્ટન મેકમરડોએ ઈ.સ. ૧૮૦૯-૧૮૧૦ દરમિયાન ઉત્તર ગુજરાતનો પ્રવાસ કર્યો હતો. તેના પ્રવાસ વર્ણનમાંથી એ બાબત ફલિત થાય છે કે, ઉત્તર ગુજરાતમાં તેણે કરેલા પ્રવાસનાં ઘણાં બધાં ગામોમાં પીવાના પાણીની તંગી હતી. તેમજ પાણી ખૂબ ઊંડાઈએ મળતું - જે હંમેશાં સારું હોય એવું નહોતું બનતું.

કેપ્ટન મેકમરડોએ રાધનપુરથી રણ પાર કર્યું હતું. તેનું વર્ણન કરતાં તે લખે છે કે, 'રસ્તો ઉજ્જડ અને ધૂળિયો હતો. પીવાનું પાણી મળતું નથી. નરા ગામે ખારું પાણી છે.' મોટા રણના સામા કાંઠાના ગામ માટે તેણે લખ્યું છે કે, 'અહીં પીવાના પાણીની એવી તો તંગી છે કે, માણસો ઊંટને ૬ દિવસે અને ઢોરને ૩ દિવસે પાણી પાય છે.'

બનાસકાંઠામાં બે ગામો અંગે એક પ્રચલિત લોકવાયકા છે :

ગઢ બિચારી ગામડી, સલ્લુ મોટું શેર,
ખસ બિચારું શું કરે, જેનું પાણી ખારું ઝેર.
ગામ ગામ ગુંજરી, મંડાળ મોટું શેર,
ચારખીનું પાણી, ખારું ખારું ઝેર.

મોલડી એ અમરેલી પંથકનું ગામ. ગામ મહેમાનગતિમાં ખૂબ જ સારું. પણ, પીવાના પાણીના સાંસા એટલે કહેવાયું કે :

મોલડીએ મેમાન અસૂરો આવીશ મા,
ધરાઈને ખાજે ધાન, પાણી માગીશ મા પાવળું!

કાઠિયાવાડનાં અનેક ગામોમાં પાણી ખૂબ જ ઊંડાં હતાં. લોકકથામાં અમર થઈ ગયેલ આણલદેના ગામની વાત જ લઈએ. આણલદે બેડું લઈને પાણી ભરવા જાય છે, પણ સીંચણિયું તળિયે પહોંચતું નથી.

સીંચણ ચાલીસ હાથ, પાણી લગ પૂગ્યું નઈ,
વાલ્યમ જોતા વાટ, દી આથમ્યો દેવરા.

મારાં અનેક પુસ્તકોના સહલેખક મુ. સ્વ. અરવિંદભાઈ આચાર્યે સૌરાષ્ટ્રની જળ સમસ્યા ઉપર પાંચેક પુસ્તકો લખ્યાં છે. તેમાં લખેલ એક પ્રસંગ તેમના શબ્દોમાં રજૂ કરું છું.

"વઢવાણના સમર્થ વાર્તાકાર સ્વ. બચુભાઈ ગઢવીનાં માતા જીવુમા. તેમનું પિયર ભાલમાં. મોસાળ પણ ભાલમાં. ૧૯૮૬માં તેમની ઉમર ૮૨ વર્ષની હતી. તેમણે વાત કરી કે :

તે જ્યારે નાનાં હતાં, ત્યારે એક વખત મોસાળ ગયેલાં. મોસાળમાં સહુ એને ઝલાંઝલાં રાખે. એક વખત ભૂલથી એમનાથી પાણિયારા પાસે ભરેલું પીવાના પાણીનું બેડું

જ્યારે ગુજરાતનો ઉત્તર વિભાગ, સૌરાષ્ટ્ર અને કચ્છ એ વિસ્તારો એવા છે જેના ઘણા બધા વિસ્તારોમાં પીવાના પાણીની તંગી ઉનાળા દરમિયાન સામાન્ય બીના છે. આ એવા વિસ્તારો છે જ્યાં અવારનવાર દુષ્કાળ ડોકિયાં કરી જાય છે.

ઢોળાઈ ગયું. આ વખતે જીવુમાનાં નાની - એમના ઉપર બહુ જ નારાજ થઈ ગયેલાં અને નાનકડી જીવુને તેમણે કીધું કે, 'જીવુ દીકરી ! ઘી ઢોળાય તો વાંધો નઈ, ઈ તો કાવડિયાં દેતાંય મળી રે, પણ પાણી નોં મળે.'

જીવુમાએ કહ્યું કે, 'તે વખતે તો હું ઘણી નાની હતી એટલે મને સમજણ નહોતી પડી કે પાણી ઘી કરતાં પણ વધારે મોંઘું કે'વાય.' પરંતુ ૧૨ વરસની ઉમરે મારા લગન થયા અને પરણીને સાસરે વઢવાણમાં આવી ત્યારે નાનીની વાત કેટલી સાચી હતી તેની ખબર પડી.'

'ઉનાળાના દિવસો હતા. એક હાથમાં ફાનસ, કેડ્યમાં ઘડો, માથે માટલી લઈને બાઈયું રાતે પાણી ભરવા નીકળતી.'

'બગીચાના કૂવા પર પહોંચીએ ત્યારે ખબર પડે કે, પાણી હતું તો ખરું પણ અટાણે હવે નથી. એટલે અમે બધી બાઈયું ત્યાંથી ઊપડીએ સાકરિયા કૂવે. ત્યાં બે - ત્રણ બાઈઓને પાણી મળે, બીજી મોં વકાસીને ઊભી રહે - ત્યાંથી ઊપડીએ વળી ત્રીજા કૂવા ઉપર - આમ આખો ઉનાળો - રાત આખી પાણી માટે દોડાદોડી કરવી પડતી. એ વખતે નાની યાદ આવતાં કે તેમની વાત સાચી હતી કે, પાણી કાવડિયા દેતાં પણ નોં મળે.'

જીવુમા આજે હયાત નથી. હવે નર્મદા યોજનાનાં પાણી ધોળી ધજા ડેમમાં આવે છે અને વઢવાણ, સુરેન્દ્રનગર, જોરાવરનગર અને આજુબાજુનાં ગામોમાં પીવાનાં પાણી આવે છે. દરરોજ પાણી મેળવવાનું હજુ લોકોના નસીબમાં નથી.

પાંચાળ તો સૌરાષ્ટ્રનો પાણીથી સભર મુલક ગણાય. પરંતુ એનાં કેટલાંક ગામડામાં આઝાદી પહેલાં પીવાના પાણીની તંગી હતી તે હકીકત છે.

૧૯૪૬માં પ્રકાશિત થયેલ પુસ્તક 'પરકમ્મા'માં આવો એક પ્રસંગ મેઘાણીજીએ નોંધ્યો છે :

પાંચાળનું એક નાનકડું ગામ માત્રા. પાદરમાં એક કૂવો. તે કૂવામાં કેડ્ય ઉપર દોરડું બાંધી એક છોકરી અંદર ઊતરી હતી. તળિયે બેઠા બેઠા તે પનિહારીનું બેડું ભરે છે. બેડું ભરાઈ જાય એટલે પનિહારી તેને ઉપર ખેંચી લ્યે.

દસાડા અને સમી તાલુકાના સરહદી વિસ્તારને વઢિયાર તરીકે ઓળખવામાં આવે છે. વઢિયારનાં ગામડામાં કૂવા ખૂબ જ ઊંડા. એમ કહેવાય છે કે, ઉનાળામાં માણસ કેડ્ય ઉપર દોરડું બાંધીને અંદર ઊતરે. સાથે ઢોલ લઈ જાય. તળિયે બેસીને પનિહારીનાં બેડાં ભરે. બેડું ભરાઈ જાય, એટલે ઢોલ ઉપર દાંડી મારે - તેનો અવાજ બહાર પહોંચે એટલે પનિહારીને ખબર પડે કે બેડું ભરાઈ ગયું છે, તે એને ઉપર ખેંચી લ્યે. ત્યાં 'ઢોલને ઢમકે પાણી' એમ એક જમાનામાં કહેવાતું હતું.

કચ્છનો વાગડ પ્રદેશ પણ એવી જ પાણીની તંગીવાળો પ્રદેશ. વાગડ અને વઢિયારમાં તો પાણીના ત્રાસથી સ્ત્રીઓ તંગ આવી ગઈ હશે અને તેથી જ એ વિસ્તારની દુખિયારી બેનની વેદના તેના લોકગીતમાં વ્યક્ત થઈ છે :

દાદા હો દીકરી, વઢિયારમાં ના દેશોજી,
વઢિયારની સાસુડી રે દાદા દોહ્યલી રે...
દીએ દળાવે માડી, રાતડિયે કંતાવે જો,
પાછલી તે પરોઢનાં પાણી મોકલે રે....
- દાદા હો....
ઘડો ન ડૂબે, મારું સીંચણિયું નવ પૂગે જો,
ઊગીને આથમિયો કૂવા કાંઠડે રે....
- દાદા હો...

દાદા, તમે તમારી દીકરીને ભલે ગમે ત્યાં દેજો, પણ વઢિયારમાં ન દેશો. ત્યાં એક તરફ સાસુનું દુઃખ અને બીજું પાણીનું. સવારના પાણી ભરવા જઈએ તો સાંજે માંડ પાણી ભેગાં થઈએ.

કોણ જાણે કેટલાં વરસ સુધી પાણીનો આ ત્રાસ વાગડ અને વઢિયારની સ્ત્રીઓએ સહન કર્યો. ભાલની બહેનોએ સહન કર્યો. મૂંગી મૂંગી એ ઢસરડા કરતી જ રહી. એ જમાનો એવો કે સ્ત્રીથી કાંઈ રાડ - ફરિયાદ પણ ન થાય, સહન કરવાની હદ આવી જાય ત્યારે કૂવો પૂરે.

પાણી માટે મહિલાઓનું પ્રદાન

આગળ કહ્યું તેમ પીવાના પાણીની વાત આવે ત્યારે કહેવું પડે કે, જૂના કાળથી સ્ત્રીઓ પીવાના પાણીનો ભાર વેંઢારતી આવી છે. જે આજ લગી વેંઢારે છે. શહેરમાં કે ગામડામાં જ્યાં જ્યાં નળ છે તેમાંથી પાણી ભરવું, તેને ગોળામાં સંઘરવું કે ફ્રીઝમાં મૂકવાનું કામ આજે પણ સ્ત્રીઓ જ કરે છે. પુરુષોનું કામ પાણી માગવાનું, નહીં કે ભરવાનું કે લાવવાનું. વાવ, કૂવા, તળાવ જેવાં જળાશયો જ્યારે ખોદાય ત્યારે પુરુષ ભલે કોદાળી કે ત્રિકમ લઈને માટી ખોદતો હોય, પણ માટીનાં તગારાં કે સૂંડલા તો સ્ત્રીઓના માથે જ હોય છે.

તરસ્યાને પાણી આપવું તે જૂના જમાનાથી પુણ્યનું કામ ગણાયું છે. બૃહદ શિલ્પશાસ્ત્રમાં જણાવ્યું છે કે પાણી એ પ્રાણીમાત્રનું જીવન છે, માટે જે કોઈ કૂવા, વાવ કે તળાવ વગેરે બંધાવશે તેની સદ્ગતિ થશે.

જે માણસ તીર્થયાત્રા ન કરી શકે, તે પોતાને ત્યાં તળાવ બંધાવીને પણ તીર્થયાત્રા જેટલું પુણ્ય મેળવી શકે એવી એક માન્યતા હતી. વાવ કે તળાવ બંધાવનારા તરફ નગરજનો હંમેશાં આદરભાવથી જોતા, તેને પુણ્યાત્મા ગણતા. આથી રાજા - મહારાજા અને અમીર ઉમરાવોએ તો જળાશય બંધાવ્યાં પણ સામાન્ય વર્ગમાંથી અને સામાન્ય સ્થિતિવાળાં અનેક સ્ત્રી - પુરુષોએ પણ તે બંધાવ્યાં છે અને પાણીની આપદા ઓછી કરી છે. આ બધામાં માત્ર સ્ત્રીઓએ બંધાવેલાં જળાશયોનો ફાળો કાંઈ નાનો-સૂનો નથી.

કોઈને જાણીને નવાઈ લાગશે કે આપણી સૌથી પ્રાચીન અને સૌથી સુંદર, અલંકૃત વાવ તે રાણી ઉદયમતીએ ઈ.સ. ૧૦૬૮માં બંધાવી તે વાવ, જે હાલમાં 'રાણકી વાવ' અથવા 'રાણીવાવ' તરીકે જનસમાજમાં જાણીતી છે.

જાણીને નવાઈ લાગશે કે આપણી સૌથી પ્રાચીન અને સૌથી સુંદર, અલંકૃત વાવ તે રાણી ઉદયમતીએ ઈ.સ. ૧૦૬૮માં બંધાવી તે વાવ, જે હાલમાં 'રાણકી વાવ' અથવા 'રાણીવાવ' તરીકે જનસમાજમાં જાણીતી છે.

સિદ્ધરાજની માતા મીનળદેવીએ નડિયાદની ડુમરાળ ભાગોળ પાસે એક વાવ સંવત ૧૧૫૨માં બંધાવી હતી. આ ઉપરાંત ધોળકાનું મલાવ તળાવ તેમજ વીરમગામનું મુનસર તળાવ પણ મીનળદેવીએ બંધાવ્યાની લોકોક્તિ છે.

અડાલજની વાવ પણ ગુજરાતની અનેક જાણીતી અને સુંદર વાવોમાંની એક છે. આ વાવ રાજા વીરસિંહની પત્ની રૂડાદેવીએ ઈ.સ. ૧૫૫૫માં બંધાવી હતી.

વઢવાણ તાલુકાના રામપરા ગામ પાસે આવેલી 'રાતબાની વાવ,' તે પાતશાહ મહમદના સમયમાં, અહીં રાણા વાઘજીના કાર્યકાળ દરમિયાન જ્યારે પરમાર લખધીર અને હાદા તથા અલુખાન આ સ્થળનો વહીવટ કરતા હતા ત્યારે ઝીંઝુવાડાના રહેવાસી શ્રીમાળી જ્ઞાતિના શેઠ વીણાની ભાર્યા રાણીબાઈ તથા વલ્હાદેવે બંધાવી હતી.

અમદાવાદની બાઈ હરિરની વાવ વિક્રમ સંવત ૧૫૫૬માં બંધાવવામાં આવી હતી. બાઈ હરિર ગુર્જર દેશના પાતશાહ મહંમદના અંત:પુરમાં સર્વાધિકાર ભોગવતી હતી.

વઢવાણ તાલુકાના વેળાવદર ગામે વિક્રમ સંવત ૧૫૮૦માં બંધાયેલી એક વાવ છે, જે સોલંકી કુળની સ્ત્રી જે વરલની રહેવાસી હતી તેણે બંધાવી હતી.

વિક્રમ સંવત ૧૪૪૫માં બંધાયેલી, જૂનાગઢથી નવ માઈલ દૂર આવેલી 'હાજી વાવ'ના નામથી ઓળખાતી વાવ, વામનસ્થળી (વંથળી)ના મંત્રી ગદાધરના પુત્ર વૈજ્યનાથની પત્ની હાજાએ બંધાવી હતી.

નડિયાદમાં રતન શેઠાણી નારણદેવનું મંદિર બંધાવતાં હતાં. મંદિર બાંધવા માટે ઈંટો પાડવી પડે. આ ઈંટો પાડતાં તે જગ્યાએ મોટો ખાડો થયો. ત્યાં પાળ કરી એટલે નાનકડું તળાવ થઈ ગયું. આ બાજુ મંદિર પૂરું થયું, અને આ બાજુ તળાવ પૂરું થયું. આ તળાવ 'રતન તળાવ'ના નામથી ઓળખાય છે.

જામનગર જિલ્લામાં અરથીલા નામનું ગામ છે. અહીંયાં જે તળાવ છે તે 'ગુણકા તળાવ'ના નામે ઓળખાય છે. કોઈ ગણિકાએ તે બંધાવ્યું હશે. લોકજીભે તેનું નામ વિસરાઈ ગયું. તેનો વ્યવસાય યાદ રહી ગયો - અને લોકજીભે ચડ્યું તે નામ 'ગુણકા તળાવ'.

જૂનાગઢની અડીકડી વાવ તો આખાયે કાઠિયાવાડમાં પ્રખ્યાત છે. એવી તો એની ખ્યાતિ છે કે, એમ કહેવાય છે :

અડીકડી વાવ ને નવઘણ કૂવો,
જેણે ન જોયો, એ જીવતો મૂઓ.

આ અડીકડી વાવ એક ચુડાસમા રાજાની કોઈ વડારણે



બંધાવ્યાનું કહેવાય છે.

વઢવાણના રાણીવાસની એક વડારણ. તેનું નામ લાખુ. આ લાખુ વડારણે વાવ બંધાવી, તે હાલમાં વઢવાણમાં 'લાખુ વાવ' તરીકે ઓળખાય છે.

મોરબીથી કચ્છમાં જવાના મારગ ઉપર મોરબીથી આઠેક ગાઉ દૂર સરવડ ગામના પાદરમાં એક વાવ છે. તેનું નામ 'હેમા વાવ'. હેમાનાં લગ્ન લોકવાર્તાના નાયક લાખા વણજારા સાથે થયેલા. લગ્ન પછી કોણ જાણે કેમ હેમા આનંદમાં નહોતી રહેતી, એટલે લાખાએ કારણ પૂછ્યું.

હેમાએ જવાબ વાળ્યો કે, 'હું જ્યારે નાની હતી ત્યારે મારાં મા-બાપ પોઠ્યું લઈને નીકળ્યાં હતાં. અહીં સરવડ પાસે અમારો મુકામ હતો. એ ટાણે પડાવમાં પાણી ખૂટી પડ્યું. મારા બાપ પાણી શોધવા નીકળ્યા અને પાણી લઈને આવતા હતા ત્યારે પગમાં સાપ આવ્યો અને પાણી ઢોળાઈ ગયું. મા પાણી પાણી કરતાં મરણ પામી, એ આ જગ્યા.'

લાખાએ આ જગ્યાએ વાવ બંધાવી તે 'હેમા વાવ'. એક જમાનામાં એમ કહેવાતું કે આ વાવમાંથી કોઈ દી પાણી ખૂટતું નથી. સાત કોસ જોડો તો પણ ન ખૂટે.

ઝીંઝુવાડાના પાદરમાં એક વાવ છે. તે 'નૂગરી વાવ'ના નામથી ઓળખાય છે.

સૌથી ક્રાંતિકારી પગલું તો ચારણ આઈ જાનબાઈનું હતું. તેમણે એક વાવ બંધાવી. તે વખતે કાઠિયાવાડમાં અસ્પૃશ્યતા ભારોભાર હતી. એવા કાળમાં આઈ જાનબાઈએ આ વાવ નાત-જાત, ઊંચ-નીચ કે જાતિ પાતિના ભેદભાવ વગર સહુ કોઈ માટે આ વાવ ખુલ્લી મૂકી. આજે આઈ જાનબાઈ હયાત નથી. પણ જે ગામે આ વાવ બંધાવવામાં આવી છે, તે ગામ 'દેરડી જાનબાઈ' એ નામથી ઓળખાય છે.

એવું પણ બનવા પામ્યું છે કે જળાશયનું નિર્માણ કોઈ પુરુષે કર્યું હોય, પણ લોકોએ તે જળાશયને કોઈ સ્ત્રીના નામ સાથે જોડી દીધું હોય - જેમ કે સાસુ-વહુની વાવ.

એ નોંધવું રસપ્રદ થઈ પડશે કે, જળાશયનું નિર્માણ કરનારે પોતાના નામની તકતી વાવ કે કૂવામાં કોતરાવી હોય, કે તે જળાશયને પોતાને ગમતું નામ આપ્યું હોય, પરંતુ લોકોએ તો જળાશયને પોતાનાં મનગમતાં નામ આપ્યાં છે. વઢવાણના ઠાકોરસાહેબ દાજીરાજે જે કૂવો બનાવ્યો તે કૂવાનું નામ 'દાજી કૂપ' રાખવામાં આવ્યું, અને તે બાબતની દરબારી ગૅઝેટમાં જાહેરાત કરવામાં આવી. પ્રજાએ આ નામ માન્ય ન રાખ્યું. તેમણે તે કૂવાને 'સાકરિયો કૂવો' એ નામથી ઓળખવાનું શરૂ કર્યું. આવા તો અનેક દાખલાઓ જોવા મળશે કે, 'ગંગાજળિયો કૂવો', 'ભાડિયો કૂવો, 'ખારો કૂવો', 'ભમ્મરિયો કૂવો' વગેરે વગેરે.

ગુજરાતમાં માત્ર ઉચ્ચ વર્ગની અમીર કુટુંબમાંથી આવતી સ્ત્રીઓએ જ જળાશયો બંધાવ્યાં છે તેવું નથી. આ જળાશયો સામાન્ય વર્ગમાંથી આવતી સ્ત્રીઓએ પણ બંધાવ્યાં છે. આ હકીકતની પૂર્તિ આઝાદી પહેલાના ઈડર રાજ્યના ડાઇરેક્ટર ઑફ આર્કિયોલોજી - પંઢરીનાથ ઈનામદારનો લેખ જે ફાર્બસ ગુજરાતી સભા - મહોત્સવ ગ્રંથમાં પ્રકાશિત થયો છે, તેમાં જોવા મળે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે :

'ઈડર સંસ્થાનમાં મળી આવેલ સુંદર વાવો ૧૧મી સદીથી ૧૭મી સદી સુધીમાં બંધાયેલી છે. જુદી જુદી કોમનાં સ્ત્રી - પુરુષોએ આ વાવ બંધાવ્યાના ઉલ્લેખો મળી આવે છે.'

જળાશયનું નિર્માણ કરનારે પોતાના નામની તકતી વાવ કે કૂવામાં કોતરાવી હોય, કે તે જળાશયને પોતાને ગમતું નામ આપ્યું હોય, પરંતુ લોકોએ તો જળાશયને પોતાનાં મનગમતાં નામ આપ્યાં છે.

"પૂર્વાલય", ૮, પરિમલ સોસાયટી,
સુરેન્દ્રનગર
મો. ૯૪૨૭૬ ૮૬૦૦૬



દલિત સાહિત્યને સમર્પિત : હરીશ મંગલમ્

નટુભાઈ પરમાર

એક જબરદસ્ત વાવાઝોડાથી
અવસ્થા ફંગોળાય
એની પ્રતીક્ષામાં બેઠો છું યુગોથી
તૂટેલી ખાટલીની ઈસ પર...

'પહેરણની બાંય પર જામેલો સંસ્કૃતિમેલ' શિક્ષણે ભલે ધોઈ આપ્યો હોય, પણ 'જબરદસ્ત વાવાઝોડાથી અવસ્થા ફંગોળાય' એ દિવસની તો હજી રાહ જોવાની છે, એમ જેની પ્રસ્તાવનામાં જ્ઞાનપીઠ પુરસ્કૃત રઘુવીર ચૌધરીએ નોંધ્યું છે, એવા જીવનના સૌ પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રકંપ' (૧૯૯૧)ના રચયિતા હરીશ મંગલમ્‌ની આ એ સંગ્રહમાંની એક રચના છે.

દલિત સાહિત્ય સિવાયની પ્રવૃત્તિઓમાં ભાગ્યે જ કશો રસ ધરાવતા, નખશિખ પ્રતિબદ્ધ સાહિત્યકાર એટલે હરીશ મંગલમ્. ગુજરાતના અગ્રિમ દલિત કવિ, વાર્તાકાર, નવલકથાકાર, સમીક્ષક, 'હયાતી' મૅગેઝિનના સંપાદક અને કોઈ સરકારી અનુદાન / સહાય વિના ચાલતી દેશની એકમેવ એવી 'ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી'ના મેન્ટર અને સૂત્રધાર એટલે હરીશ મંગલમ્.

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ફલુ ગામે પિતા જેઠાભાઈ વણકર અને માતા દીવાબેનના ખોરડે ૧૫ ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ જેમનો જન્મ એવા હરીશભાઈએ, ફલુની પ્રાથમિક શાળામાં એકથી સાત ધોરણનો અભ્યાસ પ્રાપ્ત કરીને, ત્યાંની નવભારત વિદ્યાલય (આજે એચ. બી. હાઈસ્કૂલ)માંથી ૧૯૭૦માં મૅટ્રિક પૂર્ણ કર્યું. એ પછી અમદાવાદથી પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજમાં ૧૯૮૦માં મુખ્ય વિષય ગુજરાતી સાથે બી.એ. કર્યું. નાણાવટી કૉલેજ અમદાવાદથી ૧૯૮૫માં એલ.એલ.બી.ની ઉપાધિ મેળવી. ૧૯૭૧માં જેતપુર (કાઠી) ગામે જિંદગીની પ્રથમ નોકરી મેળવનારા હરીશભાઈને ત્યારે જ્ઞાતિભેદને કારણે મકાન ભાડે ન મળતાં, છ માસ એક સફાઈ કામદાર કનુભાઈ ઝાલાને ત્યાં અને છ માસ એક હુસેનભાઈ ખાટકીના મકાનમાં ગાળવા પડેલા ! જિંદગીની સૌ પ્રથમ વાઈટ કૉલર કહેવાતી જોબ એમને મળી ૧૯૮૨માં - બૅન્ક ઑફ ઇન્ડિયા, અમદાવાદમાં. દરમિયાન જી.પી.એસ.સી.ની વર્ગ-૧ની સીધી ભરતીની પરીક્ષામાં તેઓ ૧૯૮૭માં મામલતદાર નિમાયા. ફરીવાર પ્રયાસ કર્યો તો ૧૯૮૮માં જી.પી.એસ.સી.માં ઓપન મેરિટમાં પાસ થયા, જ્યાં રાજ્યભરમાં વિવિધ પ્રતિષ્ઠિત હોદ્દાઓ પર રહીને હરીશ મંગલમ્ ૨૦૧૦માં ગુજરાતની મહેસૂલ કૅડરના વરિષ્ઠ એવા અધિક કલેક્ટર પદેથી નિવૃત્ત થયા.

કોઈ પણ પ્રકારના સાહિત્યિક વારસા વિના, નર્યા અભાવો અને અવહેલનાઓ વચ્ચે, સ્વબળે અને દૃઢ મનોબળ થકી, પરિવારને ગરીબીના ખપ્પરમાંથી બહાર લાવવાના પ્રણ સાથે, સમાજ માટે કંઈક કરી છૂટવાની નિસબત અને સાચી પ્રતિબદ્ધતા દાખવી, સમજણ આવી ત્યારથી દલિત સાહિત્યની સેવામાં જીવન સમર્પિત કરનારા હરીશ મંગલમ્ ખરા અર્થમાં ગુજરાતી દલિત સાહિત્યની એક મોંઘી જણસ છે.

આત્મકથા, એકાંકી, અનુવાદ, કાવ્યાસ્વાદ જેવી સાહિત્યની અનેક વિદ્યાઓમાં સાતત્યપૂર્ણ રીતે સક્રિય હરીશભાઈ સાહિત્ય સાથે ચિત્રકલામાં પણ ઊંડો રસ ધરાવે છે. કેવળ ૧૩ વર્ષની કિશોરવયે તેઓ વતન ફલુમાં, વીસનગર નૂતન વિદ્યાલય શાળાના 'કલા



સાધના' કેન્દ્રના સંચાલક હતા.

પાછલા ત્રણ દાયકાથી 'ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી'ના સ્થાપક સૂત્રધારરૂપે અને આ જ સંસ્થાના મુખપત્ર - દલિત સાહિત્યને જ સમર્પિત સામયિક 'હયાતી'ના પ્રધાન સંપાદક-તંત્રી રૂપે કાર્યરત હરીશભાઈએ આ 'અકાદમી'ના નેજા હેઠળ આજદિન સુધીમાં દલિત સાહિત્યનાં ૧૫૪થી વધુ પુસ્તકો પ્રકાશિત કર્યા છે, જે કેવળ તેના સભ્યો અને શુભેચ્છકોની સહાયથી ચાલતી કોઈ સાહિત્ય સંસ્થા માટે સીમાચિહ્ન રૂપ ગણી શકાય એવી સિદ્ધિ છે. 'અકાદમી' દ્વારા ગુજરાતી ઉપરાંત હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજીમાં પણ દલિત સાહિત્યનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

એક નીવડેલા દલિત સાહિત્યકાર તરીકેની કારકિર્દીમાં સ્વતંત્ર પુસ્તકો અને વિવિધ સંપાદિત પુસ્તકો મળીને પિસ્તાળીસ જેટલાં પુસ્તકો અને તે તમામ માત્ર ને માત્ર દલિત સાહિત્ય પર આપીને તેમણે ગુજરાતી દલિત સાહિત્યની અનન્ય સેવા કરી છે.

તેમના 'તલપ' વાર્તાસંગ્રહ માટે 'ગુજરાતી સાહિત્ય પરિષદ' અને 'ગુજરાત સાહિત્ય અકાદમી' તરફથી પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. તેમની દલિત વાર્તાઓના અંગ્રેજી, હિન્દી, મરાઠી, બંગાળી, ઉડિયા, મલયાલમ, ઉર્દૂ અને તેલુગુમાં અનુવાદ થયા છે.

તેમના 'તલપ' વાર્તાસંગ્રહ માટે 'ગુજરાતી સાહિત્ય પરિષદ' અને 'ગુજરાત સાહિત્ય અકાદમી' તરફથી પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. તેમની દલિત વાર્તાઓના અંગ્રેજી, હિન્દી, મરાઠી, બંગાળી, ઉડિયા, મલયાલમ, ઉર્દૂ અને તેલુગુ ભાષામાં અનુવાદો થયા છે.

તેમની 'દાયણ' વાર્તાનું ફિલ્માંકન પણ થયું છે અને દૂરદર્શન ડી.ડી.-૧૧ ચૅનલ પરથી તેનું અનેકવાર પ્રસારણ થયું છે. તેમની 'તિરાડ' અને 'ચોકી' નવલકથાઓના હિન્દીમાં અને અંગ્રેજીમાં અનુવાદ પ્રકટ થયા છે. જ્યારે 'તલપ' વાર્તાસંગ્રહના અંગ્રેજી, હિન્દી અને મરાઠીમાં અનુવાદો પ્રકટ થયા છે. આવા જ એક અંગ્રેજી અનુવાદ Light of Darkness (અનુવાદ : ડૉ. રૂપાલી બર્ક) પરથી 'AUS DEM ZWIELICHT' શીર્ષક હેઠળ જર્મન સ્કૉલરો સ્ટેફની કેઈનર અને હેલમુઠ નિડર્લે દ્વારા જર્મન ભાષામાં અનુવાદ પ્રકાશિત થયા છે. જર્મનીની હેનરિચ હેઈન યુનિવર્સિટી, ડસેલફોર્ડના અનુવાદના વિદ્યાર્થીઓ વચ્ચે એ અનુવાદનું પુસ્તક (જર્મન ભાષામાં) તૈયાર થયું ત્યારે, વર્કશોપ અંગે તેમજ એ પુસ્તકના વિમોચન માટે અને અનુવાદકો એવા જર્મન વિદ્યાર્થીઓને માર્ગદર્શક સંબોધન માટે તેમને જર્મન યુનિ.માં ઉપસ્થિત રહેવા નિમંત્રણ મળ્યું હતું. તે નિમિત્તે તેમણે જર્મની અને ઓસ્ટ્રિયા જેવા દેશોમાં 'ગુજરાતી દલિત સાહિત્ય' અને તેની ગતિવિધિથી ત્યાંના છાત્રો અને સ્કૉલરોને સંબોધ્યા હતા.

પોતે જેના મેન્ટર રહ્યા છે તે 'ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી' દ્વારા દલિત સાહિત્ય વિષય પર સ્થાનિક, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનારોના આયોજન કરતા રહેલા હરીશભાઈ સમગ્ર દેશમાં આયોજિત થતાં રાજ્ય, રાષ્ટ્ર તથા આંતરરાષ્ટ્રીય અધિવેશનો / સેમિનારોમાં કી-નોટ સ્પીકર, અતિથિવિશેષ કે અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહીને 'ગુજરાતી દલિત સાહિત્ય'ને ગુજરાતના સીમાડાઓની બહાર લઈ જવામાં મહત્ત્વની





અને પાયાની ભૂમિકા નિભાવી રહ્યા છે.

હરીશ મંગલમ્‌નો તેમની અપ્રતિમ દલિત સાહિત્ય સેવા અને દલિત સાહિત્યની પ્રવૃત્તિઓ માટે વિવિધ સાહિત્યિક તેમજ સામાજિક સંસ્થાઓ તરફથી ૧૨ જેટલાં સન્માનો અને પારિતોષિકો પ્રાપ્ત થયાં છે, જેમાં ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ પ્રેરિત સંત શ્રી કબીર દલિત સાહિત્ય ઍવૉર્ડ (૨૦૦૨), મહાત્મા જ્યોતિબા ફૂલે શ્રેષ્ઠ દલિત પત્રકારત્વ ઍવૉર્ડ (૨૦૦૭) અને 'ગુજરાત સાહિત્ય સંગમ'નો 'ધનવંત ઓઝા પુરસ્કાર' નોંધનીય છે.

હરીશ મંગલમ્‌ને તેમની અપ્રતિમ દલિત સાહિત્ય સેવા અને દલિત સાહિત્યની પ્રવૃત્તિઓ માટે વિવિધ સાહિત્યિક તેમજ સામાજિક સંસ્થાઓ તરફથી ૧૨ જેટલાં સન્માનો અને પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

હજી ગયા વર્ષે જ ૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ વિખ્યાત તમિલ લેખિકા ડૉ. પી. શિવાકામી તથા વિદ્વતજનોની ઉપસ્થિતિમાં, ગુજરાત સાહિત્ય પરિષદ હૉલ ખાતે આયોજિત કાર્યક્રમમાં અંગ્રેજી / હિન્દી / મરાઠી એમ ત્રણ ભાષાઓમાં અનુવાદ પામેલાં દસ પુસ્તકોના એક સાથે લોકાર્પણ થયાં, જેમાં 'અગનઝાળ'નો હિન્દી અનુવાદ (ડૉ. પારુલસિંહ) - 'ચોકી'નો અંગ્રેજી અનુવાદ 'Sentinella' (ડૉ. ઈન્તાજ મલેક), 'ગુજરાતી પ્રતિનિધિ દલિત વાર્તાઓ'નો મરાઠી અનુવાદ (ડૉ. સુષ્મા લેલે), 'પ્રકંપ'નો અંગ્રેજી અનુવાદ 'Untouched Harvest' (ડૉ. ઈન્તાજ મલેક), 'Indian short stories : Marginal Literature (સંપાદન હરીશ મંગલમ્‌) સઘળાં તેમનાં તાજાં પુસ્તકો છે, જે પૈકી 'અગનઝાળ' આત્મકથા જે મુંબઈ અને કચ્છ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં રહી ચૂકી છે, તે હવે ગુજરાત યુનિ.ના હિન્દી વિભાગના છાત્રોના અભ્યાસક્રમમાં સમાવેશ પામી છે.

તેમના પર અને તેમના પુસ્તકો પર એકથી વધુ છાત્રોએ પીએચ.ડી. કર્યું છે અને કરી રહ્યા છે.

હરીશ મંગલમ્‌ના સમગ્ર સર્જનકર્મની નોંધ લેતા અગ્રિમ દલિત સાહિત્યકાર જૉસેફ મૅકવાન કહે છે : 'એમની પાસે દૃષ્ટિ છે, ધૃતિ છે ને દલિત સાહિત્યના હિત તથા ઉત્થાનની ખાંખતભરી ખપચેટ અને ખેવના પણ છે. એમના સંનિષ્ઠ પ્રયાસોથી દલિત સાહિત્યની શાન વધી છે.' વિદ્વાન સમીક્ષક ડૉ. નરેશ શુક્લના મતે મંગલમ્‌ આનંદપ્રાપ્તિ માટે નહીં પણ ઉદ્દેશપ્રાપ્તિ માટે લખે છે.

ખ્યાતિપ્રાપ્ત સર્જક ડૉ. પ્રવીણ દરજીના મતે, વાર્તા લખતા આ વાર્તાકાર દેખીતી રીતે કોઈ ઘટના કે ચોક્કસ પ્રસંગને વાર્તાના કેન્દ્રમાં નથી રાખતા. આમ





કરીને તેઓ પોતાની જ સર્જકતા સામે પડકાર ઊભો કરતાં જોવાય છે. (વાર્તા 'ઝોળ' નિમિત્તે). ડૉ. મનસુખ ગાયજનના મતે આ સર્જક મહામાનવ ડૉ. આંબેડકરની અસર નીચે લખે છે અને સામાજિક વાસ્તવિકતાની તેમને પાકી ખબર છે.

વિખ્યાત હિન્દી સાહિત્યકાર મોહન નૈમિશરાયના મતે મંગલમ્ નવી દલિત પેઢી માટે ક્રાંતિકારી માર્ગનું નિર્માણ કર્યું છે. તો એવા જ બીજા અગ્રિમ હિન્દી સાહિત્યકાર મહાવીરસિંહ ચૌહાણના મતે, 'હરીશ મંગલમ્ ગુજરાતી દલિત સાહિત્ય કે મહત્ત્વપૂર્ણ હસ્તાક્ષર હૈ. એક ઓર ઉન્હોને એક સર્જક કે રૂપ મેં ગુજરાતી દલિત સાહિત્ય કો એક નિશ્ચિત દિશા દેને કે લિયે સંઘર્ષ કિયા હૈ, વહીં દૂસરી ઓર ગુજરાત મેં દલિત લેખન કે લિએ અનુકૂલ વાતાવરણ નિર્મિત કરને કી દિશામેં ભી ઉનકા મહત્ત્વપૂર્ણ યોગદાન રહા હૈ.'

એમની પાસે દૃષ્ટિ છે, ધૃતિ છે ને દલિત સાહિત્યના હિત તથા ઉત્થાનની ખાંખતભરી ખપચેટ અને ખેવના પણ છે. એમના સંનિષ્ઠ પ્રયાસોથી દલિત સાહિત્યની શાન વધી છે.

આ તરફ જેને તેઓ સમર્પિત છે તે દલિત સાહિત્ય વિશે હરીશ મંગલમ્ બહુ સ્પષ્ટ છે. તેઓ કહે છે : 'દલિત સાહિત્યનું મહત્ત્વ અનેકગણું છે. દલિત સાહિત્ય સામે ઈરાદાપૂર્વક થતા આક્ષેપો જેવા કે તેમાં કલાત્મકતા નથી. ઘટનાબાહુલ્ય છે, મુખર છે, સૂક્ષ્મ નથી - વગેરેને કોઈ સ્થાન નથી.'

આ ૨૦૨૬માં જ આપણી વચ્ચેથી વિદાય લઈ ગયેલા વિખ્યાત વાર્તાકાર બિપિન પટેલે દલિત સાહિત્યમાં સંસ્કૃતમંડિત ભાષા પ્રયોજતા દલિત વાર્તાકારો માટે લખ્યું હતું : 'સંસ્કૃતમંડિત પદાવલિના ઉપયોગનું દલિત સાહિત્યકારોનું વલણ એમની લલિત સાહિત્યકાર થવાની ઝંખના - ધખના રૂપે પ્રગટ થતું રહ્યું છે !'

ગુજરાતમાં દલિત સાહિત્યના આરંભથી તેની સાથે જોતરાયેલા પણ તે પછીનાં વર્ષોમાં દલિત છોડી લલિત સાહિત્ય પ્રવાહ તરફ વળી ગયેલા યા તો અસંમજસમાં રહી - પ્રતિબદ્ધતા ત્યજીને દલિત - લલિત બેય સાહિત્યમાં લખી રહેલા સંખ્યાબંધ જન્મે દલિત સાહિત્યકારોની સરખામણીમાં સાહિત્ય રચવાને કલમ હાથમાં ગ્રહણ કરી ત્યારથી ને આજ પર્યંત જેમણે દલિત સાહિત્યની જ ખેવના કરી છે, તેવા આ સાહિત્યકારના સર્જનકર્મ પરનું એક વિહંગાવલોકન એમની બહુમૂલ્ય દલિત સાહિત્ય સેવાને અને એમના પ્રદાનને સમજવામાં સહાયરૂપ થશે.

કવિતા : સ્વતંત્ર દલિત કાવ્યસંગ્રહ 'પ્રકંપ' (૧૯૯૧) એમનો પ્રથમ સંગ્રહ છે, જેનો 'Untouched Harvest' (૨૦૨૪) (અનુ. ઈન્તાજ મલેક) અંગ્રેજી અનુવાદ પણ થયો છે. વિખ્યાત દલિત કવિ શંકર પેન્ટરની કવિતાઓના સંપાદન 'બુંગિયો વાગે' (૧૯૮૪), જુદા જુદા કવિઓની કવિતાઓની અને તેના આસ્વાદનાં સંપાદનો / સહસંપાદનો 'પણછ' (૨૦૦૧), 'દુદુંભિ' (૨૦૦૧), 'દલિતવાણી' (૨૦૦૬) 'બ્રેઈનવોશ'(૨૦૧૩)'ગુજરાતી દલિત કવિતાનો ઉદ્ભવ અને વિકાસ' (૨૦૧૫) પ્રકાશિત થાય એ પહેલાં હરીશભાઈની અનેક દલિત કાવ્યરચનાઓ લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યિક સામયિકો અને દલિત સાહિત્યના 'કાળો સૂરજ', 'વિસ્ફોટ', 'એકલવ્યનો અંગૂઠો' જેવાં સંપાદનોમાં સ્થાન પામતી રહી હતી.

'પ્રકંપ'ની વાત કરીએ તો તેને આવકારતાં

ખ્યાતિપ્રાપ્ત કવિ ઉશનસે તેમને કાવ્યપદાર્થથી પૂર્ણપણે પરિચિત અને સજ્જ કવિ તરીકે ઓળખાવીને લખ્યું : 'પ્રકંપ' હકીકતમાં સંવેદનાકંપોની ગ્રાફકથા છે, જે એમને જાગૃત ભાષાકર્મવાળા અને દલિત સંવેદનાની કલાકીય અભિવ્યક્તિવાળા એક આશાસ્પદ કવિ તરીકે સ્થાપી આપે છે.' ('બુદ્ધિપ્રકાશ') આ કવિએ કવિતાને પરીઓના દેશમાં કે મેઘધનુષી સપ્તરંગોમાં ઉડાડવાને બદલે વાસ્તવિકતાના પડદા પર નચાવતા કવિ તરીકે ઓળખાવતા સમર્થ કવિ-સમીક્ષક ડૉ. પથિક પરમારના મતે, શબ્દ અને ભાવનું મજબૂત સાતત્ય ધરાવતી 'પ્રકંપ'ની કવિતામાં વિષાદ, વેદની વિચ્છિન્નતા અને નિઃસ્તબ્ધતાના ભાવોનું આબેહૂબ નિરૂપણ થાય છે. ('પગદંડી') દલિત સાહિત્યકાર મણિલાલ રાનવેરિયાના મતે 'પ્રકંપ'ની કવિતાઓ દલિતજીવનાભૂતિની કવિતાઓ છે. ('પ્રત્યક્ષ').

'પ્રકંપ'ની ધારદાર કવિતા **'પ્રચંડ જ્વાળામુખીના લાવા પર લટકતાં / થરથરતા / કંપતા / અમારા અસ્તિત્વને માન્યતા આપો / વિશ્વ અદાલતમાં / અમારો અધિકાર છે / અમને આપો'**નો ઉલ્લેખ કરીને જાણીતા સાહિત્યકાર રાધેશ્યામ શર્મા પૂછે છે : 'એક નિવેદનની રીતે પણ એક કવિ જો આમ કવિતામાં ન કહી શકે તો આપણા વ્યક્તિસ્વાતંત્ર્યનોય શો અર્થ ?' ('શબ્દસર')

વાર્તા : ભારતની વિવિધ ભાષાઓમાં અનુવાદિત થયેલો આ લેખકનો સૌ પ્રથમ વાર્તાસંગ્રહ છે 'તલપ' (૨૦૦૧), જેનો મરાઠી અનુવાદ 'तल्लफ' (અનુ. સુષ્મા લેલે) પણ પ્રસિદ્ધ થયા છે. આ ઉપરાંત તેમની પાસેથી સહસંપાદનમાં 'ગુજરાતી દલિત વાર્તા' (૧૯૮૭), 'પ્રતિનિધિ દલિત વાર્તા' (૧૯૯૭) અને 'વાર્તાલોક' (૨૦૦૮), 'ઘર' (૧૯૯૫) મફત ઓઝાની શ્રેષ્ઠ વાર્તાઓ જેવા દલિતવાર્તાનાં સંપાદનો પણ મળે છે.

ગુજરાતમાં દલિત કવિતા બાદ ગુજરાતી દલિત વાર્તા લેખન જે શરૂ થયું અને એમાં કેટલીક વાર્તાઓ તેના સ્વરૂપમાં ખરી ઊતરી આવી તેમાં 'તલપ'ની વાર્તાઓનો પણ સમાવેશ થાય છે.

'તલપ'ની વાર્તાસૃષ્ટિને પ્રતિબદ્ધતાનો કલાત્મક આવિષ્કાર ગણાવતાં સમીક્ષક ડૉ.કેસર મકવાણા લખે છે : 'આ વાર્તાસંગ્રહમાં અભિવ્યક્તિનું નાવીન્ય અને વૈવિધ્ય બંને ઊડીને આંખે વળગે છે. અહીં ઘનતાપૂર્ણ અને સર્જનાત્મક ભાષાનો આવિષ્કાર થવા પામ્યો છે. લેખકની ભાષાશૈલી મહદંશે ચિત્રણધર્મી બનીને વર્તી-પ્રવર્તી છે. આ વાર્તાઓમાં ગ્રામજીવનનો નાડી ધબકાર પારખી એના રંગઢંગને લેખક યથેચ્છ રૂપે કંડારી આપે છે.' ('પરિમિત')

'પ્રકંપ'ની વાત કરીએ તો તેને આપકારતાં ખ્યાતિપ્રાપ્ત કવિ ઉશનસે તેમને કાવ્યપદાર્થથી પૂર્ણપણે પરિચિત એ સજ્જ કવિ તરીકે ઓળખાવીને લખ્યું : 'પ્રકંપ' હકીકતમાં સંવેદનાકંપોની ગ્રાફકથા છે.

આ વાર્તાકાર દ્વારા સંપાદિત અને ઉપર ઉલ્લેખિત વાર્તા સંપાદનો / સહસંપાદનો વિશે તથા 'તલપ'માં સમાવેશ પામેલી એક-એક વાર્તાઓ વિશે પણ ગુજરાત અને ગુજરાત બહારથી પ્રકાશિત થતી સાહિત્યપત્રિકાઓમાં સર્વ શ્રી રઘુવીર ચૌધરી, જોસેફ મૅકવાન, પ્રવીણ દરજી, ડૉ. કાન્તિ માલસતર, ભરત મહેતા, રવીન્દ્ર ઠાકોર, ડૉ. નરેન્દ્ર શુક્લ, ડૉ. સિલાસ પટેલિયા, અરવિંદ વેગડા, બજરંગ બિહારી તિવારી, ફૂલચંદ ગુપ્તા, મોહન નૈમિશરાય, ડૉ. મહાવીરસિંહ ચૌહાણ, ડૉ. મનસુખ ગાયજન જેવા સર્જકો - સમીક્ષકોએ વિસ્તૃત સમીક્ષાલેખો લખ્યા છે.



નવલકથા - આત્મકથા : પ્રતિભાવંત આ દલિત સાહિત્યકાર પાસેથી બે નવલકથાઓ મળે છે : 'તિરાડ' (૧૯૯૨), 'ચોકી' (૧૯૯૨) અને એક આત્મકથા મળે છે : 'અગનઝાળ' (૨૦૦૭).

'તિરાડ' નવલકથાનો હસમુખ બારોટ દ્વારા હિન્દી અનુવાદ (૨૦૧૨) અને તુષાર પંડ્યા દ્વારા 'The Chasm' (૨૦૨૬) હેઠળ અંગ્રેજી અનુવાદ પણ થયો છે. જ્યારે 'ચોકી' પણ સુરેન્દ્ર દોશી અને હર્ષદ રાણા દ્વારા ૨૦૦૮માં હિન્દીમાં અનુવાદિત છે. ઉત્તર ગુજરાતના જાનપદી આંચલના પરિવેશમાં શ્વસતી એક શ્રમજીવી નારીની વેદના - સંવેદનાને નિરૂપતી, રંગદ્વાર પ્રકાશન પ્રકાશિત નવલકથા 'તિરાડ', વતનમાં વસતા સ્વજન સમા જીવતાં-જાગતાં ને મારા માનસપટ પર હાજરાહજૂર એવાં પાત્રોને મેં હાજર કર્યા છે, તેમ જણાવતાં આ લેખકના આ વાસ્તવદર્શી આલેખનની વ્યાપક નોંધ લેવાઈ છે.

આજદિન સુધી મારા વાંચવામાં આવેલ દલિત કૃતિઓમાં દલિત લેખકો વિશેષતઃ ઝનૂની સર્જન કરતા જણાયા છે ત્યારે પ્રથમવાર એક દલિત સર્જક પાસેથી કલાત્મક નવલકથા મળે છે, ત્યારે ગુજરાતે આનંદવું જોઈએ, એવા રૂડા શબ્દોથી 'તિરાડ'ને આવકારતાં ખ્યાતિપ્રાપ્ત વાર્તાકાર પુષ્કર ચંદરવાકરે લખ્યું : 'તિરાડ' દ્વારા એના લેખક એક ઉત્તમ સર્જક-કલાકાર રૂપે પ્રગટે છે.'

પૂર્વે દલિત નવલકથાઓમાં સવર્ણો દ્વારા દલિતો પર થતા અત્યાચારો કે અન્યાયોને વિષયવસ્તુ ગણીને કથાની (નવલકથાની) માંડણી કરવામાં આવી હતી, ત્યારે એવાં કોઈ વાનાં કે તરકીબને લેખે લીધા વિના જ એક દલિત સ્ત્રીની યાતનાની પડછે ઊભેલા સમાજનું ચિત્ર 'તિરાડ'માં એના કથાકારે ઉપસાવ્યું છે એવી નોંધ લેતા મોહન પરમાર લખે છે : 'દલિત સમાજનાં ચિત્રણો યથાતથ નિરૂપવામાં આ લેખક પાવરધા છે.' ('તિરાડ'ની પ્રસ્તાવના)

આ નવલકથાકારની 'ચોકી' નવલકથા પણ વિદ્વાન સમીક્ષકો - સર્જકોને નોંધનીય જણાઈ છે.

એક સ્વકથનમાં હરીશભાઈ કહે છે : 'કુમકુમ પ્રકાશન પ્રકાશિત 'ચોકી'નું કથાવસ્તુ પણ સત્ય ઘટનાઓ પર આધારિત છે. પણ કથાવસ્તુ હાથવગું થતાં બધું કંઈ સરળ બની જતું નથી. ખરી કસોટી તેને સર્જનાત્મક સ્પર્શ આપવામાં હોય છે. રચનારીતિ, યુક્તિપ્રયુક્તિ, ભાષા-સંવાદો, ચરિત્રચિત્રણ, નિરૂપણરીતિ અને સમયનું પરિમાણ વગેરે અગત્યનાં પાસાં હોય છે.' ('પ્રબુદ્ધ').

વિખ્યાત સર્જક મણિલાલ હ. પટેલના મતે શૈલી, સંવાદો, વસ્તુગૂંથણી, પાત્રાલેખન, પ્રતીક યોજના બધી જ બાબતોમાં 'ચોકી' સફળ રહી છે. સર્જક હસમુખ રાવળના મતે, પરિસ્થિતિજન્ય પ્રતીક યોજના અને વાતાવરણને અનુરૂપ પ્રકૃતિ નિરૂપણમાં 'ચોકી'ના કથાકારની કલાનો પરિચય મળી રહે છે. પ્રસ્તાવનામાં મોહન પરમાર પણ લખે છે : 'વર્ણનકલા અને ભાષા તરફની સભાનતાને લીધે 'ચોકી'માં સાહિત્યિક કલાત્મકતા સિદ્ધ થાય છે. ગ્રામજીવનનું આબેહૂબ ચિત્રણ પણ જોઈ શકાય છે. તળપ્રદેશના બોલી-લહકા, રીતરિવાજોથી લેખક પરિચિત હોઈ, આ કૃતિમાં કૃતકતા પ્રવેશી શકી નથી.'

'ચોકી'માં ગ્રામજીવનની તાસીર તંતોતંત ઝિલાઈ છે, એમ નોંધતા ડૉ. કાન્તિ માલસતર લખે છે : 'દલિત સવર્ણનો સંઘર્ષ અહીં ન થતા, સવર્ણોના ત્રાસને દલિતો પડકારે તો છે જ.'

આ સર્જકની આત્મકથા 'અગનઝાળ' છે. જેનો 'Inferno' (અનુ. ઈન્તાજ મલેક) હેઠળ અનુવાદ પણ ૨૦૨૬માં પ્રસિદ્ધ થયો છે. ડૉ. કાન્તિ માલસતર યોગ્ય રીતે જ નોંધે છે કે, ૧૯૬૫થી ૧૯૮૧નાં અનામત વિરોધી આંદોલનો સુધીના સમયગાળાને આવરતી આ આત્મકથા છે. એમાં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સાબરમતી નદીના પશ્ચિમ કાંઠે વસતા વણકરો, કણબીઓ, ઠાકોરો, દરબારોના સમાજની

'તિરાડ' નવલકથાનો હસમુખ બારોટ દ્વારા હિન્દી અનુવાદ (૨૦૧૨) અને તુષાર પંડ્યા દ્વારા The Chasm (૨૦૨૬) હેઠળ અંગ્રેજી અનુવાદ પણ થયો છે. જ્યારે 'ચોકી' પણ સુરેન્દ્ર દોશી અને હર્ષદ રાણા દ્વારા ૨૦૦૮માં હિન્દીમાં અનુવાદિત છે.

સાથોસાથ આખો ગ્રામસમાજ યથાતથ ડોકાય છે.

ડૉ. સિલાસ પટેલિયા એક સટીક અવલોકન રજૂ કરતાં લખે છે : 'અગનઝાળ'માં એક સૂરજ પ્રગટ્યો છે. પિતાનું પાત્ર પુત્રમાં, એની નસનસમાં પુનઃ ફૂટે છે. નવા જ સમય સાથે, સંદર્ભો સાથે, પ્રવેગ સાથે. અને એ જ છે સૂરજ. પિતા અગનઝાળ છે તો પુત્ર એમાંથી અવતરેલું તેજ.' ('પ્રબુદ્ધ'). તો એની સત્ત્વશીલ અને અભ્યાસુ પ્રસ્તાવનામાં જાણીતા કવિ મધુકાન્ત કલ્પિત 'બોલી વિશેષની શબ્દ સંપદા અહીં તળના સંસ્કારને અને એના પરિવેશને જીવંત બનાવી મૂકે છે.' એવી નોંધ લઈ લખે છે : 'અહીં પ્રતિબદ્ધતાનો ટંકાર છે. વર્ણવ્યવસ્થા અને અસ્પૃશ્યતા સામેનો ખુલ્લો વિદ્રોહ છે. અન્યાયની ભઠ્ઠીમાં શેકાતા નાયક અને એના ભાઈ-ભાંડુઓની હૃદયદ્રાવક અસહ્ય પરિસ્થિતિને લીધે એ તાણ, એ વેદના અને પરાકાષ્ઠાને વાચક અનુભવી શકે છે. આમ કથામાં પ્રકટીને વિકસતો જતો વાચક અંતે વિદ્રોહી બને છે. એની 'અગનઝાળ' બધે પ્રસરે છે.'

વિખ્યાત સર્જક મણિલાલ હ. પટેલના મતે શૈલી, સંવાદો, વસ્તુગૂંથણી, પાત્રાલેખન, પ્રતીક યોજના બધી જ બાબતોમાં 'ચોકી' સફળ રહી છે.

સંપાદન - સમીક્ષા - સમાલોચના : દલિત કવિતા અને દલિત વાર્તાના ઉપર ઉલ્લેખ્યા છે તે સિવાયના આ સર્જકના દલિત સાહિત્યની સમગ્રતયા ચર્ચા-સમીક્ષા-વિવેચન હાથ ધરતાં સ્વતંત્ર સંપાદનો અને સહસંપાદનો પણ ખૂબ જ નોંધપાત્ર છે.

એમના સ્વતંત્ર વિવેચનસંગ્રહોમાં 'વિદિત' (૧૯૮૯, પુનઃ આવૃત્તિ ૧૯૯૫), 'એકવચન' (૨૦૦૩), 'પ્રતિધ્વનિ' (૨૦૦૬), 'સમર્થ સર્જક જૉસેફ મૅકવાન' (૨૦૧૧) 'અર્થાત્' (૨૦૧૯), 'ગુજરાતી દલિત સાહિત્ય અને પ્રતિબદ્ધતા' (૨૦૧૫), 'સમ્યક સાહિત્ય વિભાવના' (૨૦૨૨) અને સહસંપાદનો 'સંવિત્તિ' (૧૯૮૪-મોહન પરમાર સાથે), 'સમર્થ સર્જક પ્રવીણ ગઢવી' (૨૦૨૫-અરવિંદ વેગડા સાથે) મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન દ્વારા પ્રકાશિત સહસંપાદનો 'સમ્યક - ગુજરાતી આંબેડકરવાદી કવિતા' (૨૦૧૬), 'મહાભિનિષ્ક્રમણ - ગુજરાતી આંબેડકરવાદી વાર્તા' (૨૦૧૬), 'પ્રબુદ્ધ - ગુજરાતી આંબેડકરવાદી વિવેચન' (૨૦૧૬) અને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ પ્રકાશિત થયેલ 'અનન્ય - ગુજરાતી આંબેડકર સાહિત્ય'નો સમાવેશ થાય છે.



અહીં કેટલાક અત્યંત વિચારપ્રેરક, સાહસિક અને ગુજરાતી દલિત સાહિત્યના મૂલ્ય અને મહત્તાને ઉજાગર કરતા - પ્રસ્થાપિત કરતા ઉલ્લેખો પર એક સરસરી નજર કરવી અસ્થાને નહીં હોય.

ગુજરાતમાં દલિત સાહિત્યના આવિષ્કારની તંતોતંત વિગતો આપતાં, તેમાં સક્રિયપણે જોડાયેલા લેખકોની તવારીખી હકીકતો રજૂ કરતા 'વિદિત'ને આવકારતાં અક્ષયકુમાર ર. દેસાઈ, એના સંપાદકને સજાગ સર્જક અને આગવી પ્રતિભા ઉપસાવતા વિવેચક ગણાવે છે. એ નોંધવું જોઈએ કે, 'વિદિત' ગુજરાતી દલિત સાહિત્યનો પ્રથમ વિવેચનસંગ્રહ છે.

'વિદિત'માં ૧૧ લેખકોની રચનાઓની સમીક્ષાઓમાં મૂર્ધન્ય દલિત લેખક અને સામાજિક આગેવાન બબલદાસ ચાવડાના 'અત્યાચારો થવા દો' કાવ્યસંગ્રહની આકરી સમીક્ષા હિંમતભરી છે. સંપાદક હરીશ મંગલમ્ લખે છે : 'સામાજિક કાર્ય કરવાની બબલદાસની નિષ્ઠા જેટલી છે તે કાવ્યસ્વરૂપ પ્રત્યે નથી. તમામ રચનાઓમાં સંવેદનશીલતાનો અભાવ વર્તાય છે.

દલિત સાહિત્યના સર્જન સાથે તેના વિવેચનની પણ નિતાંત આવશ્યકતા નિહાળતાં 'એકવચન'ના સ્વકથનમાં તેઓ લખે છે : 'ગુજરાતી દલિત સાહિત્યમાં વિવેચન ક્ષેત્રે નહિવત્ કામ થયું છે. વિવેચન - સમીક્ષાથી સજ્જતા અને દિશા પ્રાપ્ત થાય છે. લેખનને ધાર મળે છે. દલિત સાહિત્ય ધાર વિનાનું હશે તો કેમ ચાલશે ?'

સમીક્ષાગ્રંથ 'પ્રતિધ્વનિ'ને આવકારતાં મધુકાન્ત કલ્પિત લખે છે : 'સ્વયં સામાજિક ચિંતક અને દલિત કર્મશીલ એવા 'પ્રતિનિધિ'ના સંપાદક પાસે દલિત સાહિત્યની સાથે મુખ્યધારાના સહિત્યનો પણ ઊંડો અભ્યાસ છે.'

'પ્રતિધ્વનિ'માં દલિત સાહિત્યની સમીક્ષા કરતા વીસ જેટલા લેખોમાં સંપાદકે કરેલાં અવલોકનો એમની દલિત સાહિત્ય પ્રત્યેની વફાદારી અને નિષ્ઠાના દ્યોતક છે. જેમકે '...ગુજરાતી દલિત સાહિત્યમાં હજી વણખેડાયેલી ભોમ ખેડવાની બાકી છે... દલિત સાહિત્ય હેતુપુરઃસર લખાય છે અને એના પગ વાસ્તવધરા સાથે જડાયેલા છે... દલિત કવિએ કોઈનાથી ડર્યા વિના દલિત કવિતા સર્જવાની છે... ગુજરાતી સાહિત્યમાં નવલકથા સ્વરૂપમાં વિપુલ ખેડાણ થયું છે પરંતુ પ્રાદેશિક ભાષાની તુલનામાં સ્થિતિ બહુ હરખાવા જેવી નથી... જૉસેફ મૅકવાનનું સાહિત્ય ભાષાભિવ્યક્તિના પ્રભાવને કારણે હૃદયને સ્પર્શે છે, ઝંકૃત કરે છે... ગુજરાતી દલિત સાહિત્યમાં વિવેચનનાં પુસ્તકો આંગળીને વેઢે ગણાય તેટલાં છે. વિવેચનાત્મક લખાણો વિશે દલિત અને બિનદલિત સાહિત્યકારો ભ્રમણામાં રાચે છે !'

સહસંપાદિત ગ્રંથ 'સમ્યક' વિવિધ કવિઓની ૮૮ જેટલી કવિતાઓનો આસ્વાદ અને સમીક્ષા રજૂ કરે છે તો 'મહાભિનિષ્ક્રમણ' ૪૩ જેટલી દલિત વાર્તાઓની કૃતિલક્ષી સમીક્ષા કરે છે.

'અનન્ય' સમીક્ષા ગ્રંથમાં દલિત સાહિત્ય પરના નવ લેખો, દલિત કવિતા પરના પાંચ લેખો, દલિત વાર્તા પરના નવ લેખો, દલિત નવલકથા પરના પાંચ લેખો અને અન્ય ૧૧ લેખો મળી, કુલ ૪૧ લેખોમાં સમગ્ર ગુજરાતી દલિત સાહિત્યના લેખાં-જોખાં લેતી અને નવું દિશાદર્શન કરતી વિસ્તૃત સમીક્ષાઓનો સમાવેશ થયો છે. જ્યારે 'પ્રબુદ્ધ'માં ચાર સૈદ્ધાંતિક લેખોની સાથે વધુ ૩૯ લેખો કે જેમાં ગુજરાતભરના નામાંકિત સમીક્ષકોએ દલિત સાહિત્યની મીમાંસા કરતા લેખો લખ્યા છે તેનું સંકલન થયું છે.

દલિત સાહિત્યના દાદા અગ્રિમ સાહિત્યકાર જૉસેફ મૅકવાનની સ્મૃતિમાં આ સંપાદકે સંપાદિત કરેલ ગ્રંથ 'સમર્થ સર્જક : જૉસેફ મૅકવાન' અને 'સવાયા દલિત સાહિત્યકાર' પ્રવીણ ગઢવીની સ્મૃતિમાં સંપાદિત થયેલ ગ્રંથ 'સમર્થ સર્જક : પ્રવીણ ગઢવી' તો આ સર્જકનાં સંપાદનોમાં સર્વશ્રેષ્ઠ અને સર્વાધિક લોકપ્રિય સંપાદનો બની રહ્યાં છે.

કહી શકાય કે આ લેખક સંપાદિત અને સહસંપાદિત ઉપરોક્ત સમીક્ષાગ્રંથોમાંથી પસાર થવા માત્રથી કોઈને પણ ગુજરાતી દલિત સાહિત્યની ગઈકાલ, આજ અને આવતીકાલનો અને તેની દશા અને દિશાનો સ્પષ્ટ આલેખ પ્રાપ્ત થાય છે. ખાસ કરીને દલિત સાહિત્યના અભ્યાસીઓ અને દલિત સાહિત્યનો વિશેષ અભ્યાસ કરતા છાત્રોને તો એ એક સાચા માર્ગદર્શક સમા પુરવાર થાય તેમ છે.

સંસ્થા અને સામયિક : ૨૯ જૂન ૧૯૯૭ના રોજ ખ્યાતિપ્રાપ્ત દલિત સાહિત્યકાર અને એના સૌ પ્રથમ અધ્યક્ષ જૉસેફ મૅકવાનની ઉપસ્થિતિમાં 'ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી'ની સ્થાપના થઈ. એને આજે ત્રણ દાયકા પૂર્ણ થવામાં છે.

આ અકાદમીના આવિષ્કારમાં જેમની પાયાના પથ્થરની ભૂમિકા રહી છે તેવા હરીશ મંગલમ્‌ના સ્તુત્ય કદમની સરાહના કરતાં વિખ્યાત હિન્દી સાહિત્યકાર બજરંગ બિહારી તિવારીએ કહ્યું : 'આવું સંસ્થાકીય કામ દેશમાં અન્ય કોઈ સંસ્થાએ કર્યું નથી અને દલિત સાહિત્યનાં ઢગલાબંધ પુસ્તકો પ્રકાશિત કરીને તો આ અકાદમીએ ભગીરથ કામ કર્યું છે.'



હા, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીએ આજ દિન સુધીમાં દલિત સાહિત્યના ૧૫૪ જેટલા ગ્રંથો પ્રકાશિત કર્યા છે, તે પણ એક બહુ મોટી સિદ્ધિ છે.

'ગુજરાતી દલિત સાહિત્યનું સર્જન જેટલું માતબર હશે તેટલી તેની ગણના રાષ્ટ્રીય સ્તરે અવશ્ય થવાની છે' તેમ માનતી અકાદમી સત્ત્વશીલ દલિત સાહિત્ય સર્જનની હિમાયતી છે. 'અકાદમી' દ્વારા ગુજરાતી દલિત સાહિત્યનો દેશની અન્ય ભાષામાં અનુવાદનો હેતુ પ્રમુખ છે. અકાદમી પ્રકાશિત કેટલાંક પુસ્તકો સાહિત્યિક સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત પણ થયાં છે. કેટલાંક ગુજરાત અને ગુજરાત બહારની યુનિવર્સિટીઓમાં તેના અભ્યાસક્રમમાં પણ સામેલ થયાં છે, જેનાથી દલિત સાહિત્યનો નક્કર પ્રચાર અને સમાજ પરિવર્તનનો તેનો આશય પણ પાર પડી રહ્યો છે.

પુસ્તકોના પ્રકાશન સાથે નીવડેલા દલિત સાહિત્યકારોને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવાનો ઉપક્રમ પણ આ અકાદમીએ સ્વીકાર્યો છે. માત્ર દલિત સર્જકો જ નહીં, એમના લેખન થકી ગુજરાતી દલિત સાહિત્યના સાચા સમર્થકો પુરવાર થયેલા સર્જકોને 'દલિત સાહિત્ય સમર્થક' પુરસ્કારથી સન્માનવાની અનોખી પરંપરા પણ આ અકાદમીએ ઊભી કરી છે. જોસેફ મૅકવાન પછી જન્મે બિનદલિત સર્જક પ્રવીણ ગઢવી એમની વિદાય પર્યંત આ અકાદમીના અધ્યક્ષ રહ્યા. તે પણ આ અકાદમીના ખુલ્લાપણાનું એક પ્રતીક છે.

આ અકાદમીના મેન્ટર હરીશ મંગલમ્‌ની રાહબરીમાં તેના સભ્યો અને દાતાઓના સહયોગથી, તેની સમાજનિષ્ઠાના ભાગરૂપે અસ્વચ્છ વ્યવસાયથી કિનારો કરવાને કૃતનિશ્ચયી બનેલા દલિતોને તેની 'અન્નધમ યોજના' હેઠળ અનાજ અને રોકડ સહાય પણ પૂરી પાડવામાં આવે છે. સાથે જ તેના દ્વારા દલિત સાહિત્યનાં અનેકવિધ સેમિનારો, સંમેલનો, ચર્ચાસભાઓ, વાચિકમ્ અને દલિત પુસ્તક મેળાઓનું આયોજન પણ થતું રહે છે. રાજ્યમાં ક્યાંય પણ દલિત અત્યાચારની ઘટના બને છે તો 'અકાદમી'ના સભ્યો એ દુખીજનોને સાંત્વના આપવા તેમજ તમામ પ્રકારની સહાય માટે રૂબરૂ પહોંચી જાય છે.

અકાદમીની સ્થાપના સાથે જ જેના મુખપત્ર 'હયાતી'નો પ્રારંભ થયો હતો અને આરંભથી આજ પર્યંત જેના તેઓ મુખ્ય સંપાદક રહ્યા છે. તે સામયિક આજે નવા તથા નીવડેલા દલિત લેખકોની રચનાઓના પ્રકાશન માટે એક મંચ - એક પ્લૅટફૉર્મ બની રહ્યું છે. તેના આરંભથી આજ તેની ત્રણ દાયકાની સફરમાં ન માત્ર તે નિયમિત પ્રકાશિત થતું રહ્યું છે, તેણે દલિત સાહિત્ય પરના માતબર વિશેષાંકો પણ આપ્યા છે, જેમાં 'ગુજરાતી દલિત વાર્તા વિશેષાંક' (માર્ચ - ૧૯૯૯), 'ગુજરાતી દલિત સાહિત્ય સમીક્ષા વિશેષાંક' (જૂન-૨૦૦૦), 'દલિત એકાંકી વિશેષાંક' (જૂન-૨૦૦૨), 'દશાબ્દી વિશેષાંક' (માર્ચ-૨૦૧૦), 'બ્લેક લિટરેચરની વિશેષાંક' (ડિસેમ્બર-૨૦૧૧), 'દલિત નારી વિશેષાંક' (સપ્ટે. ૨૦૧૪), 'રજત જયંતી વિશેષાંક' (સપ્ટે. ૨૦૨૨) જેવા વિશેષાંકો વિશેષ ઉલ્લેખનીય છે.

અકાદમીની સ્થાપના સાથે જ જેના મુખપત્ર 'હયાતી'નો પ્રારંભ થયો હતો અને આરંભથી આજ પર્યંત જેના તેઓ મુખ્ય સંપાદક રહ્યા છે. તે સામયિક આજે નવા તથા નીવડેલા દલિત લેખકોની રચનાઓના પ્રકાશન માટે એક મંચ બની રહ્યો છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, છેક ૧૯૮૪-૮૫માં તેમણે 'અક્ષય' નામનું સામયિક પણ મોહન પરમારના સહસંપાદનમાં ચલાવ્યું હતું. ઉપરાંત રાષ્ટ્રસ્તરે ફેલાવો ધરાવતા હિન્દી સામયિક 'દલિત અસ્મિતા'ના સંપાદક મંડળમાં પણ તેઓ રહ્યા છે.


ભરયુવાન વયે આરંભેલી દલિત સાહિત્યની પ્રવૃત્તિ, આજે ઉંમરના આઠમા દાયકાના મુકામે ઊભા છે ત્યારેય એ જ ઉત્સાહ, નિષ્ઠા અને પ્રતિબદ્ધતા સાથે સર્જક, સમીક્ષક, સંપાદક, સૂત્રધાર અને સંવેદનશીલ સમાજસેવક તરીકેની બહુવિધ ભૂમિકા સાથે નિભાવી રહેલા આ સર્જક - હરીશ મંગલમ્ આવનાર સમયમાં પણ આમ જ સક્રિય રહીને દલિત સાહિત્યના દીપકોને પ્રજ્વલિત રાખતા રહે તેવી અભ્યર્થના.

'છાંયડો', પ્લૉટ ૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી,
સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
મો. ૯૮૨૫૬૩૨૮૩૮

અક્ષરદેહે રાષ્ટ્રીય ચેતના પ્રગટાવનારા મહાયોગીનું પત્રકારત્વ

પુલક ત્રિવેદી

૧૯મી અને ૨૦મી સદીના સંધિકાળે ભારતવર્ષ જ્યારે ગુલામીની ગાઢ નિદ્રામાં સરી પડ્યો હતો, ત્યારે દેશને જગાડવા માટે માત્ર હથિયારોની જ નહીં, પણ વૈચારિક ક્રાંતિની પણ એટલી જ જરૂર હતી. માનવ ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે પ્રબુદ્ધ દાર્શનિકો કે લોકહૃદયમાં સ્થાન પામેલા રાજકીય અગ્રેસરો પોતાની કલમ ઉપાડે છે, ત્યારે મોટાં મોટાં સામ્રાજ્યોનાં સિંહાસનો હલબલી જાય છે. ઓશો, જે. કૃષ્ણમૂર્તિ અને શ્રી અરવિંદ ઘોષ જેવા યુગદ્રષ્ટાઓએ સમકાલીન સમાજમાં અખબારોના માધ્યમથી અનોખી જાગૃતિ આણી હતી. આમાં પણ મહાયોગી શ્રી અરવિંદનું પત્રકારત્વ એક અલગ જ ઊંચાઈ ધરાવતું હતું, કારણ કે તેમની કલમ માત્ર શાહીથી નહીં, પણ આધ્યાત્મિક અને રાષ્ટ્રભક્તિના અગ્નિથી ચાલતી હતી. તેજાબી કલમ, અખબારી જીવન, ગુજરાત સાથેનો અલૌકિક નાતો અને બ્રિટિશ સલ્તનતને ધ્રુજાવી મૂકનારા તેમના પત્રકારત્વને સુવર્ણકાળ તરીકે જોવામાં આવે છે.



> ઓશો, જે. કૃષ્ણમૂર્તિ અને શ્રી અરવિંદ ઘોષ જેવા યુગદ્રષ્ટાઓએ સમકાલીન સમાજમાં અખબારોના માધ્યમથી અનોખી જાગૃતિ આણી હતી. આમાં પણ મહાયોગી શ્રી અરવિંદનું પત્રકારત્વ એક અલગ જ ઊંચાઈ ધરાવતું હતું.

ગુજરાતની પવિત્ર ધરતી અને શ્રી અરવિંદનો નાતો

આધુનિક ભારતના ઘડતરમાં શ્રી અરવિંદનો ગુજરાત સાથેનો સંબંધ અત્યંત ગૌરવપ્રદ અને અલૌકિક રહ્યો છે. વડોદરાની ભૂમિ સાડાતેર વર્ષ સુધી તેમની કર્મભૂમિ બની રહી. આ સાડાતેર વર્ષનો ગાળો તેમના જીવનનો સૌથી મહત્ત્વનો વળાંક હતો. વડોદરા નિવાસ દરમિયાન જ તેમના જીવનનાં ચાર મહાકાર્યોના પાયા નંખાયા હતા.

શિક્ષણ : વડોદરા કૉલેજમાં પ્રોફેસર અને વાઇસ પ્રિન્સિપાલ તરીકે તેમણે યુવાધનને કેળવ્યું. **સ્વાતંત્ર્ય સંગ્રામ :** ગુજરાતમાં રહીને જ તેમણે દેશની આઝાદી માટેની ગુપ્ત ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું નેટવર્ક ગોઠવ્યું. **સાહિત્ય સર્જન :** સંસ્કૃત, બંગાળી અને અંગ્રેજી સાહિત્યનો ઊંડો અભ્યાસ કરીને અદ્ભુત કાવ્યો અને લેખોનું સર્જન કર્યું.

યોગ સાધના : આધ્યાત્મિકતા તરફ પ્રયાણ કરીને યોગના પ્રારંભિક અનુભવો વડોદરાની ધરતી પર જ પ્રાપ્ત કર્યા. પોંડિચેરી બાદ શ્રી અરવિંદે પોતાના જીવનનો સૌથી વધુ અને સર્જનાત્મક સમય વડોદરામાં વિતાવ્યો હતો, જે ગુજરાત માટે સદાય અવિસ્મરણીય રહેશે.

'વંદેમાતરમ્' અખબારનો ઉદય : પડદા પાછળના સૂત્રધાર

૧૯૦૫ના બંગાળના ભાગલાના વિચાર સામે બંગભંગ આંદોલન સમયે દેશમાં રાષ્ટ્રવાદનો જુવાળ હતો. રાષ્ટ્રવાદી પક્ષના પ્રખર નેતા બિપિનચંદ્ર પાલે અનુભવ્યું કે, સામાન્ય પ્રજાના હૃદય સુધી પહોંચવા અને નવા પક્ષની ઉદ્દામ નીતિઓ, ધ્યેયો તથા કાર્યક્રમોનો

પ્રચાર કરવા માટે એક શક્તિશાળી માધ્યમ હોવું જોઈએ. આ વિચાર સાથે તેમણે 'વંદેમાતરમ્' નામના રાષ્ટ્રવાદી દૈનિક અખબારની શરૂઆત કરી. બિપિનચંદ્ર પાલને આ અખબારના સહતંત્રી તરીકે એક એવા પ્રખર અને રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા યુવાનની જરૂર હતી જેની ભાષા સચોટ અને પ્રભાવશાળી હોય. આ કાર્ય માટે તેમને શ્રી અરવિંદથી શ્રેષ્ઠ કોઈ વ્યક્તિ ન લાગી. શ્રી અરવિંદે પણ જોયું કે પ્રજાના માનસને કેળવવા માટે આ એક સુવર્ણ તક છે. એક રોચક હકીકત છે કે, શ્રી અરવિંદે આ આમંત્રણ સ્વીકાર્યું, પરંતુ તેઓ તે સમયે વડોદરા રાજ્યની સેવામાંથી સત્તાવાર રીતે પૂરેપૂરા મુક્ત થયા ન હોવાથી તેમણે જાહેરમાં સહતંત્રી તરીકે પોતાનું નામ આપ્યું નહીં. તેમણે પડદા પાછળ રહીને જ અખબારની તમામ સંપાદકીય અને વૈચારિક કામગીરી સંભાળી લીધી હતી. ટૂંક સમયમાં જ 'વંદેમાતરમ્' અખબારને આર્થિક રીતે સધ્ધર કરવા માટે એક જોઈન્ટ સ્ટોક કંપની બનાવવામાં આવી અને ડાઈરેક્ટર બોર્ડના અધ્યક્ષ તરીકે બિપિનચંદ્ર પાલની નિમણૂક થઈ. જ્યારે પાલ પક્ષના પ્રચાર માટે બંગાળના પ્રવાસે ગયા, ત્યારે અખબારની તમામ જવાબદારી શ્રી અરવિંદ ઉપર આવી પડી. તેમણે પોતાની અદ્ભુત શૈલીથી 'વંદેમાતરમ્'ને સમગ્ર દેશનું લોકલાડીલું અખબાર બનાવી દીધું. બાદમાં જ્યારે પાલ તંત્રીપદેથી હટ્યા, ત્યારે શ્રી અરવિંદ જ તેના મુખ્ય તંત્રી બન્યા, જોકે નામ વિના જ તેમણે કામ ચાલુ રાખ્યું હતું.

શ્રીઅરવિંદે દેશવાસીઓમાં એવો આત્મવિશ્વાસ પેદા કર્યો કે ભારત માત્ર એક ભૌગોલિક ટુકડો નથી, પરંતુ તે જગતની સર્જક સંસ્કૃતિના ઘડવૈયા બનવા માટે નિર્માણ પામેલી જગતજનની છે.

રાષ્ટ્રીય ચારિત્ર્યના ઘડતરમાં 'વંદેમાતરમ્'નો ફાળો

'વંદેમાતરમ્' માત્ર સમાચારો છાપતું પત્ર નહોતું, પણ તે રાષ્ટ્રીય ચેતના જગાડવાનું એક જીવંત કેન્દ્ર હતું. દેશના ઇતિહાસમાં અગાઉ ક્યારેય રાષ્ટ્રભાવનાને આવી આધ્યાત્મિક અને ઉચ્ચ કક્ષાની વાણી મળી નહોતી. શ્રી અરવિંદે દેશવાસીઓમાં એવો આત્મવિશ્વાસ પેદા કર્યો કે ભારત માત્ર એક ભૌગોલિક ટુકડો નથી, પરંતુ તે જગતની સર્જક સંસ્કૃતિના ઘડવૈયા બનવા માટે નિર્માણ પામેલી જગતજનની છે. બિપિનચંદ્ર પાલે તેમના સુપ્રસિદ્ધ પુસ્તક 'કેરેક્ટર સ્કેચીઝ'માં શ્રી અરવિંદના પ્રભાવ વિશે લખ્યું છે કે, 'શ્રી અરવિંદની સિદ્ધહસ્ત કલમ પહેલેથી જ અદ્ભુત કામ કરતી હતી. રોજ સવારે માત્ર કલકત્તા જ નહીં, પરંતુ ભારતના ખૂણે-ખૂણે વસતો શિક્ષિત વર્ગ દેશના સળગતા પ્રશ્નો પર 'વંદેમાતરમ્'ની જોરદાર વાણીમાં પ્રગટ થતા વિચારોની આતુરતાથી રાહ જોતો હતો. શ્રી અરવિંદ આ અખબારના સાચા આત્મા હતા. નેશનલ કૉલેજમાં તેમને જે મર્યાદિત તક મળી હતી, તે 'વંદેમાતરમ્'નાં પાનાઓ દ્વારા વિરાટ બની ગઈ અને શ્રી અરવિંદ માત્ર થોડાક યુવાનોના શિક્ષક મટીને આખા દેશના 'ગુરુ' બની ગયા.'

અગ્નિશિખા જેવા ચિરંજીવ તંત્રીલેખોના શબ્દો

શ્રી અરવિંદની કલમમાંથી નીકળેલા શબ્દો વાચકોના હૃદયમાં સીધા સોંસરવા ઊતરી જતા. તેમના કેટલાક તંત્રીલેખોના અંશો આજે પણ એટલા જ પ્રેરણાદાયી અને ક્રાંતિકારી છે :

- **શાંતિનો સાચો અર્થ :** 'રાજ્યે સ્થાપેલી છેલ્લાં પચાસ વર્ષની શાંતિ તે કબરમાંના સડાને ઢાંકી રાખતાં શાંત લીલાછમ ફૂલોની શાંતિ હતી. અન્યાય સામે જો વિરોધ કરવામાં ન આવે, તો સ્વતંત્રતાના આંદોલન માટે જે ઉત્સાહ, આગ્રહ અને ઐક્ય અત્યંત આવશ્યક છે, તે જ મોળાં પડી જાય છે.'



- **દેશદ્રોહ સામે પ્રહાર :** 'વિશ્વાસઘાત અને દેશદ્રોહને સજા કરવામાં ન આવે તો તે અટકતા નથી.'
- **જુલમ એ ઈશ્વરીય પ્રક્રિયા છે :** 'સ્વતંત્ર થવા ઇચ્છનાર પ્રજાએ જુલમ અને ત્રાસ માટે તૈયાર રહેવું જોઈએ. જુલમ તો પ્રજાને તૈયાર કરવાનું પ્રભુનું નિર્માણ છે. આપણે પ્રભુની એરણ ઉપરનું લોઢું છીએ. પ્રભુ ઘા કરે છે તે વિનાશ માટે નહીં, પણ પુનર્ગઠન માટે છે.'
- **ભારતની અજોડ અસ્મિતા :** 'હિંદે ભૂતકાળના વાઘાને બદલી નાખવાના છે જેથી તેના આત્માને નવી અભિવ્યક્તિ મળે. આપણે એવો કોઈ ડર સેવવાની જરૂર નથી કે હિંદમાં કોઈ પરિવર્તન આવશે તો તે જરીપુરાણા યુરોપ જેવું બની જશે. હિંદનું વ્યક્તિત્વ એટલું પ્રચંડ અને પ્રશાંત છે કે તે ક્યારેય પશ્ચિમ સામે શરણાગતિ સ્વીકારશે નહીં.'
- **જગતગુરુ ભારત :** '...હિંદ જગતની પ્રજાઓનો ગુરુ છે. માનવઆત્માને લાગુ પડેલા ઊંડા વ્યાધિઓનો તે વૈદ્ય છે. જગતના જીવનને એકવાર ફરીથી નવો ઘાટ આપવો અને માનવઆત્માને ફરી પાછી શાંતિ મેળવી આપવી એ એને માટે નિર્માણ થયેલું કાર્ય છે. પરંતુ તેના એ કાર્ય માટે સ્વરાજ એ અનિવાર્ય શરત છે.'

શ્રી અરવિંદે 'વંદેમાતરમ્'ના માધ્યમથી માત્ર અંગ્રેજોની ટીકા જ ન કરી, પરંતુ દેશ સામે આઝાદી મેળવવાનો એક ચોક્કસ બ્લૂપ્રિન્ટ (નકશો) પણ મૂક્યો. તેમણે સ્વરાજ્ય મેળવવા માટે મુખ્ય ચાર ઘટકો પ્રસ્તુત કર્યા.

વૈશ્વિક પ્રભાવ અને બ્રિટિશ સલ્તનતની લાચારી

શ્રી અરવિંદના લેખોનું આકર્ષણ એટલું તીવ્ર હતું કે લંડનના વિશ્વપ્રસિદ્ધ અખબાર 'ધ ટાઈમ્સ'ની કટારોમાં પણ દર અઠવાડિયે તેમના લેખોના ઉતારા અને સમીક્ષાઓ પ્રગટ થતી હતી. 'માન્ચેસ્ટર ગાર્ડિયન'ના વીકલી એડિશનમાં એસ. કે. રેટક્લિફે મુક્તકંઠે પ્રશંસા કરતાં લખ્યું હતું કે, 'એ લીલા રંગના કાગળ પર સ્વચ્છતાપૂર્વક છપાતું હતું. તેના મુખ્ય લેખોની ચમક અને તીખાશવાળી અંગ્રેજી ભાષા ભારતના પત્રકારત્વમાં આ પહેલાં કદી જોવા મળી નહોતી. રાષ્ટ્રીય ઉદ્દામવાદી પક્ષની સૌથી અસરકારક વાણી 'વંદેમાતરમ્' હતું.' પ્રો. જે. એલ. બેનર્જીએ પણ નોંધ્યું હતું કે, 'શ્રી અરવિંદનો બુલંદ અને સ્પષ્ટ અવાજ દેશના લોકોને વીરતાપૂર્વક પ્રચંડ આત્મબલિદાન આપવા માટે પોકારતો હતો.' શ્રી અરવિંદના લેખો નરમ પક્ષના નેતાઓની બ્રિટિશરો પ્રત્યેની વફાદારી અને બાંધછોડ કરવાની સંકુચિત નીતિ પર આકરા પ્રહારો કરતા હતા. તેમણે પરદેશી શાસનને કારણે દેશના ઉદ્યોગોનું પતન, આર્થિક પરાધીનતા, વ્યાપક દરિદ્રતા અને પ્રજાની ગુલામ મનોવૃત્તિનું એવું નગ્ન ચિત્ર રજૂ કર્યું કે પ્રજા અંગ્રેજોની ચાલબાજી સમજી ગઈ. શ્રી અરવિંદની લેખનશૈલી એટલી ચતુર અને કાયદાકીય દૃષ્ટિએ પાકી હતી કે અંગ્રેજ સરકાર પણ મૂંઝવણમાં મુકાઈ જતી. 'ધ સ્ટેટ્સમેન'ના તંત્રીએ બ્રિટિશ શાસનકર્તાઓની લાચારી વ્યક્ત કરતાં લખ્યું હતું, 'આ લેખોની એક-એક લીટીમાંથી રાજદ્રોહ ડોકિયાં કરે છે, પણ તે એટલી કુશળતાથી લખાય છે કે તેની સામે કોઈ કાયદેસર પગલું ભરી શકાતું નથી.' બ્રિટિશ સલ્તનત આ તેજાબી કલમથી એટલી દાઝવા લાગી હતી કે ગમે તે ભોગે આ કલમ બંધ કરાવવા માગતી હતી, પણ શ્રી અરવિંદના શબ્દોની ગોઠવણી સામે કાયદો વામણો સાબિત થતો હતો.

સ્વરાજના ચાર મહાસ્તંભો : ગાંધીજીના આંદોલનનો પાયો

શ્રી અરવિંદે 'વંદેમાતરમ્'ના માધ્યમથી માત્ર અંગ્રેજોની ટીકા જ ન કરી, પરંતુ દેશ સામે આઝાદી મેળવવાનો એક ચોક્કસ બ્લૂપ્રિન્ટ (નકશો) પણ મૂક્યો. તેમણે સ્વરાજ્ય મેળવવા માટે મુખ્ય ચાર ઘટકો પ્રસ્તુત કર્યા: ૧. પરદેશી શાસન અને માલનો પૂર્ણ બહિષ્કાર (Boycott) ૨. શાંત અને મક્કમ પ્રતિકાર (Passive Resistance) ૩. સ્વદેશી વસ્તુઓનો પ્રચાર અને સ્વીકાર (Swadeshi) ૪. રાષ્ટ્રીય કેળવણી, ગ્રામોદ્ધાર અને સ્વાવલંબન (National Education). આ ચાર સ્તંભો એ જ વિચારો હતા જેના પર આગળ જતાં મહાત્મા ગાંધીજીએ વિશાળ જનઆંદોલનો ઊભાં કર્યાં અને દેશને આઝાદી અપાવી. લોકમાનસમાં આ ક્રાંતિકારી વિચારોનું બીજ રોપનાર સર્વપ્રથમ 'વંદેમાતરમ્' અખબાર જ હતું.

વિસ્મયકારક લેખનશૈલી

શ્રી અરવિંદની વૈચારિક તીવ્રતા અને લેખનની ઝડપ વિશે નૅશનલ કૉલેજના તેમના એક વિદ્યાર્થી બાલાઈ શર્માએ પોતાનાં સંસ્મરણોમાં એક અદ્‌ભુત પ્રસંગ નોંધ્યો છે કે, 'શ્રી અરવિંદ ઘરમાં બેઠા હોય અને આખું અખબાર તૈયાર થઈ ગયું હોય, ત્યારે શ્યામસુંદર ચક્રવર્તી મુખ્ય તંત્રીલેખ માટે દોડતા આવે. શ્રી અરવિંદ ટેબલ પર આડાઅવળા પડેલા કાગળોમાંથી એક જૂનો પૅકિંગ પેપર ખેંચી કાઢે અને પેન ઉપાડીને લખવાનું શરૂ કરે. એક સેકન્ડ માટે પણ વિચારવા માટે અટક્યા વિના કે એક પણ છેકછાક કર્યા વિના, માત્ર પંદર મિનિટમાં આખો તંત્રીલેખ પૂરો કરી દેતા! અને બીજે દિવસે એ જ લેખ આખા દેશમાં દેશભક્તિનો અગ્નિ પ્રજ્વલિત કરી દેતો.' મધ્યરાત્રિએ બનેલી આવી જ એક ઘટના છે. શ્રી અરવિંદ 'વંદેમાતરમ્'ની ઑફિસમાં જ સૂતા હતા. ત્યારે સહતંત્રીએ દોડતા આવીને જગાડ્યા અને સમાચાર આપ્યા કે બ્રિટિશ સરકારે પ્રખર દેશભક્ત લાલા લજપતરાયને દેશનિકાલ કર્યા છે. આ સાંભળતાં જ શ્રી અરવિંદ બેઠા થયા અને ક્ષણનોય વિલંબ કર્યા વિના કાગળ ઉપર પેન ચલાવી. સવારે અખબારમાં છપાયેલા તેમના એ શબ્દોએ દેશ આખાને હચમચાવી દીધો હતો, 'લાલા લજપતરાયને બ્રિટિશ હિંદમાંથી હદપાર કરવામાં આવ્યા છે, આ હકીકત પોતે જ પોતાનું વિવેચન કરી આપે છે... વિરોધ સભાઓ, ભાષણો અને સુંદર લખાણોનો સમય હવે પૂરો થઈ ગયો છે. નોકરશાહીએ પડકાર ફેંક્યો છે અને આપણે એ ઝીલી લઈએ છીએ. પંજાબના નરવીરો! સિંહનાં સંતાનો! તમને ધૂળમાં કચડી નાખવા માંગતા આ માણસોને બતાવી આપો કે તે લોકો એક લજપત લઈ ગયા છે, પરંતુ તેની જગ્યાએ સો સો લજપત ઊભા થશે. જુલમગારોને તમારો યુદ્ધપોકાર સોવાર સંભળાવા દો. જય હિંદુસ્તાન!' આ તેજાબી શબ્દો વાંચીને માત્ર પંજાબ જ નહીં, આખું ભારત અંગ્રેજ જુલમગારો સામે લડી લેવા કટિબદ્ધ બન્યું. શ્રી અરવિંદને લેખો લખવા માટે કોઈ અલાયદો પ્રયત્ન કરવો પડતો નહોતો, કારણ કે તેમના અણુએ અણુમાં વ્યાપેલી રાષ્ટ્રભક્તિ સહજપણે શબ્દદેહ ધારણ કરીને પ્રચંડ શક્તિ બની જતી હતી.


રાજકીય ક્રાંતિથી આધ્યાત્મિક મહાકાવ્ય સુધીની યાત્રા

આઝાદીના આ પ્રારંભિક કાળમાં કલમની શક્તિથી પત્રકારત્વને દીપાવ્યા બાદ, શ્રી અરવિંદના જીવનનો પ્રવાહ અધ્યાત્મના અગાધ સમુદ્ર તરફ વળ્યો. પોંડિચેરી આશ્રમમાં સ્થાયી થયા પછી તેમની આ તેજાબી કલમ માનવજાતના કલ્યાણ અને દિવ્ય ચેતનાના અન્વેષણ માટે અસ્ખલિત વહેતી રહી. આ જ કલમે જગતને 'સાવિત્રી' જેવું મહાકાવ્ય આપ્યું, જેને અંગ્રેજી સાહિત્યનું સૌથી મોટું અને ગહન આધ્યાત્મિક કાવ્ય માનવામાં આવે છે. તેમણે ભગવદ્‌ગીતાનાં ગૂઢ રહસ્યોને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા માટે 'એસેઝ ઓન ધ ગીતા' જેવા અદ્‌ભુત ગ્રંથો આપ્યા. રાજકીય ક્રાંતિના અગ્નિથી શરૂ થયેલી તેમની લેખનયાત્રા અંતે આધ્યાત્મિક શાંતિ અને અતિમાનસ ચેતનાના દિવ્ય પ્રકાશમાં વિલીન થઈ.

મહાયોગી શ્રી અરવિંદનું પત્રકારત્વ માત્ર તે સમયના સમાચારો કે રાજકીય અસંતોષનું પ્રતિબિંબ નહોતું, પરંતુ તે ભારતના આત્માનો અવાજ હતો. એક અખબારના માધ્યમથી કેવી રીતે આખા રાષ્ટ્રની ગુલામ મનોવૃત્તિને બદલી શકાય અને ડરેલી પ્રજાને સિંહનાં સંતાનો બનાવી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ શ્રી અરવિંદે પૂરું પાડ્યું છે. તેમની એ તેજાબી કલમ અને પત્રકારત્વનાં મૂલ્યો આજે પણ આધુનિક મીડિયા અને વૈચારિક જગત માટે એક તેજસ્વી પ્રકાશપુંજ સમાન છે.

સંદર્ભસૂચિ : ૧. શ્રી અરવિંદ મેમોરિયલ ટ્રસ્ટ, વડોદરા. ૨. મહાયોગી શ્રી અરવિંદ - લેખક: જ્યોતિબહેન થાનકી. ૩. સ્વ. શ્રી મનુભાઈ ત્રિવેદીના પ્રવચનની અધિકૃત હસ્તલિખિત પ્રત.

૩૩/૨, સૌરભ સોસાયટી, સેક્ટર-૨૩,
ગાંધીનગર. પિન - ૩૮૨૦૧૬
મો. ૯૯૭૮૪૦૫૮૩૫



મેઘદૂતમાં પ્રતિબિંબિત કાલિદાસનું જીવનદર્શન

ડો. યોગિની હિમાંશુ વ્યાસ

ભારતીય જનજીવન અને સંસ્કૃતિને નવીન દર્શન અને વાચા અર્પનાર મહાકવિ કાલિદાસ અખિલાઈના આરાધક, અનંતતાનો સંસ્પર્શ પામેલા ક્રાંતદર્શી કવિ છે. એકલા 'મેઘદૂત' ઉપરથી કાલિદાસને આપણે હિંદના રાષ્ટ્રકવિ કહી શકીએ. ભારતીય મનીષાના પ્રતીક અને સાહિત્ય તથા સંસ્કૃતિના અપ્રતિમ વ્યાખ્યાનકાર પં. હજારીપ્રસાદ દ્વિવેદી 'મેઘદૂત : એક જૂની વાર્તા - નવી વ્યાખ્યા'માં નોંધે છે:

"ગીતા અને મેઘદૂત આપણા દેશના બે વિશિષ્ટ ગ્રંથો છે. ધર્મ અને અધ્યાત્મનો ઉપદેશ આપનાર દરેક વિદ્વાન અને આચાર્ય શ્રીમદ્ ભગવદ્ગીતાની એક વ્યાખ્યા જરૂર લખતો હોય છે - અને સાહિત્યરસિક કવિ અને સહૃદય - જન કોઈ ને કોઈ ટીકા (ટિપ્પણી ગુણદોષની સમીક્ષા), વ્યાખ્યા, કવિતા, વિવેચન 'મેઘદૂત' વિશે જરૂર લખતો હોય છે. બંને ગ્રંથો વિશ્વનાથજીના મંદિરના ઘંટ જેવા છે. દરેક તીર્થયાત્રી એક વખત તેને જરૂર વગાડતો હોય છે."

પ્રસ્તુત ઊર્મિકાવ્ય (ખંડકાવ્ય, કેલિકાવ્ય, કે દૂતકાવ્ય) કુલ ૧૧૮ શ્લોકોમાં નિબદ્ધ છે અને મંદાક્રાંતા છંદમાં લખવામાં આવ્યું છે. શોકની છાયાથી ભરેલી ગંભીર અને પ્રૌઢ વાણીની અભિવ્યક્તિ મંદાક્રાન્તા છંદ દ્વારા સફળ રીતે થઈ શકે છે.

જો લાગણી વધુ તીવ્ર હોય અને શોકની છાયા વિશેષ ગહન બનાવવી હોય તો હરિણી છંદના પ્રયોગ કરવામાં આવે છે. હિમાલયમાં કૈલાસ પર્વત પાસે આવેલી કુબેરની અલ્કાનગરી (અલકાપુરી)માં નિવાસ કરતો એક નવપરિણીત યક્ષ, ધન-સંપત્તિના દેવ કુબેરની સેવામાં નિયુક્ત હતો અને પ્રતિદિન પ્રાતઃકાળમાં કમળનાં તાજાં પુષ્પો એકઠાં કરવાની સેવા તેને સોંપવામાં આવી હતી. પરંતુ પ્રાતઃકાળે ઊઠી શકવામાં મુશ્કેલી અનુભવનાર આ પ્રમાદી સેવક વાસી પુષ્પો આપતો હતો.

એક વખત કુબેર ભગવાન શિવને પુષ્પો અર્પણ કરવા જાય છે, ત્યાં તો અચાનક જ આખી રાત કમળમાં પુરાયેલો ભ્રમર છૂટ્યો અને કુબેરને દંશ દીધો. કુબેરે ધાર્યું હોત તો યક્ષને તેની બેદરકારી બદલ દંડ કરી શક્યા હોત. પરંતુ તે દંડ નકામો હોત, કેમકે કલ્પવૃક્ષ પાસેથી તે જે ચાહે તે માગી લઈને દંડ ચૂકવી આપત. તેથી કુબેરે તેને સજા ન આપતાં શાપ આપ્યો. - 'તારી બધીયે દિવ્ય શક્તિઓ નાશ પામશે અને એક વર્ષ સુધી તારે અલકાનગરીની બહાર રહેવું પડશે.' પ્રિયતમાના વિયોગના આઠ મહિના તો માંડ માંડ પાર થયા. પરંતુ આષાઢ માસના પ્રથમ દિવસે દક્ષિણના રામગિરિ પર્વતના શિખર પર ઝળૂંબતા મેઘને જોઈ, તેને દૂત બનાવી, હિમાલય પર અલકામાં નિવાસ કરતી પોતાની પત્નીને સંદેશ મોકલે છે; જેમાં પોતાની વિરહપીડિત અવસ્થાના વર્ણનની સાથે સાથે પ્રિયાને સાંત્વના અને ધીરજ બંધાવવાનો પ્રયાસ છે.

આ અતિ અલ્પ કથાંશને આકારબદ્ધ કરી, ભારતીય ઇતિહાસ, ભૂગોળ, પ્રકૃતિ, ધર્મ અને તત્ત્વજ્ઞાનના ચિરંતન અંશોને પોતાના આ અસાધારણ, અદ્વિતીય ઊર્મિકાવ્યમાં ઘૂંટીને શબ્દબદ્ધ કર્યા છે. આથી જ કવિવર ન્હાનાલાલે નોંધ્યું છે કે:

" 'મેઘદૂત'નું આકર્ષણ જેટલું ભોગીઓનું છે, એટલું જ યોગીઓનું છે."

એના દરેકે દરેક શ્લોક ઉપર ભારતીય કલાકારોએ વૈવિધ્યસભર ચિત્રો દોરીને તેને અપૂર્વ માન આપ્યું છે. આ નાનકડા કાવ્ય ઉપર વલ્લભદેવ, મલ્લિનાથ, સરસ્વતીતીર્થ, મેઘરાજ તથા અન્ય વિદ્વાનોની પ્રાયઃ ૬૭ જેટલી ટીકાઓ લખાઈ છે. જગતની વિવિધ ભાષાઓમાં તેના અનુવાદો થયા છે. Hippolyte Fauche નામના ફ્રેન્ચ વિદ્વાન કહે છે કે - "There is nothing so perfect in the elegiac literature of Europe as the Meghduta of Kalidasa."

શ્રી ન્હાનાલાલ, શ્રી કિલાભાઈ ઘનશ્યામ, શ્રી જયંત પંડ્યા, વગેરે કવિવરોએ આ કૃતિનાં પદ્યોના સમશ્લોકી

અનુવાદો પણ કર્યા છે, જે સાહિત્યજગતમાં બહોળો આવકાર પામ્યા છે.

કવિ શ્રી ન્હાનાલાલ જેને જગસાહિત્યનું મયૂરાસન કહે છે તે મેઘદૂત 'પૂર્વમેઘ' અને 'ઉત્તરમેઘ' એમ બે વિભાગોમાં વિભાજિત છે: 'પૂર્વમેઘ'માં રામગિરિ પર્વતથી અલકાનગરી સુધીનો માર્ગ વર્ણવાયો છે. 'ઉત્તરમેઘ'માં યક્ષના પ્રણયી હૃદયના પ્રેમસંદેશને વાચા અર્પવામાં આવી છે. પૂર્વમેઘમાં રામગિરિજીથી મઘમઘતી માલવભૂમિ, માલવાથી આમ્રકૂટ, આમ્રકૂટથી રેવાનો રમણીય પ્રદેશ, દશાર્ણ પ્રદેશથી આગળ વહેતી વેત્રવતી નદી, દશાર્ણ રાજધાની વિદિશા અને ત્યાંથી નીચૈઃ પર્વત, ત્યારબાદ થોડોક વળાંક લઈ ત્યાંથી ક્ષિપ્રા અને ગંધવતી નદી, ગંભીરા નદી, દેવગિરી પર્વત, ચર્મણ્વતી નદી, દશપુર, કુરુક્ષેત્ર, બ્રહ્માવર્ત, ગંગા, કનખલ, શિવપદ, હંસદ્વાર વગેરે સ્થળો વટાવી કમનીય કૈલાસગિરિ કે જ્યાં કુબેરની અલકાનગરી આવેલી છે. કલ્પનાભોમ આ નગરીમાં યક્ષના આવાસનું વર્ણન તથા સર્જનહારના ઉત્તમ સર્જન સમી યક્ષ પ્રિયાનું વર્ણન કવિએ અદ્ભુત કાવ્યાત્મક શૈલીથી કર્યું છે.

ઉજ્જયિનીનાં અનેકવિધ આકર્ષણોમાં ભગવાન મહાકાલની આરતીનો ઉલ્લેખ છે. આ સર્વ વર્ણનોમાં બિનજરૂરી વિસ્તાર ક્યાંય નથી. સર્વત્ર કલાત્મક લાઘવની પ્રતીતિ થાય છે. કવિએ ભૌગોલિક પ્રદેશોનું વર્ણન કરતાં કરતાં, પ્રકૃતિની પશ્ચાતભૂમાં માનવભાવોનું મનોહર આલેખન કુશળતાપૂર્વક કર્યું છે. યક્ષની વિરહવેદના તો નિમિત્ત છે, જેને અનુસંગે કરાયેલાં અન્ય વર્ણનો જ સવિશેષ ધ્યાનાકર્ષક છે.

અહીં કવિએ વર્ણવેલાં સ્થળોના ભૌગોલિક નકશાની સાથે સાથે ભારતીય જનપદ (માણસના વસવાટનું એક ક્ષેત્ર કે સ્થાન)નો સાંસ્કૃતિક નકશો પણ નિહાળવા મળે છે. કાલિદાસ કદાચ સમગ્ર વિશ્વના પ્રથમ 'Tourist Guide' ટૂરિસ્ટ ગાઈડ હતા કે જેમણે રામગિરિ પર્વતના શિખરે બેસી પ્રવાસી મેઘને રામગિરિથી અલકાપુરી સુધીની યાત્રાનો સંપૂર્ણ નકશો 'મેઘદૂત' દ્વારા તૈયાર કરી આપ્યો હતો. અને આ નકશામાં માર્ગ-પ્રકૃતિની સાથે સાથે ભારતીય સંસ્કૃતિ સંભારની સૌરભ છૂટે હાથે યુગ યુગમાં વેરી છે, જે આજે પણ ભારતીય જનસમાજની અનેરી મૂડી બની ભારતીયોના હૃદય સિંહાસનમાં જીવંત છે.

"I wandered lonely as a cloud"ની અનોખી પંક્તિના ઉદ્ગાતા પ્રકૃતિપ્રેમી કવિ William Wordsworthના પુરોગામી આપણા કવિ એક લોન્લી સૌંદર્ય વિહારી 'વોન્ડરર' મેઘના સર્જક હતા. ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રના શબ્દોમાં 'મેઘદૂત એક ફરંદા વાદળના સૌંદર્ય વિહારનું કાવ્ય છે. તો સાથે સાથે એક વિરહી યક્ષના એકાગ્ર પ્રણયનું કાવ્ય છે.'

યક્ષે મેઘ દ્વારા મોકલેલ સંદેશ પૂર્વે મેઘને શી રીતે આચરણ કરવું તે અંગે કેટલાંક સૂચનો (ઉત્તરમેઘ શ્લોક ૩૪ થી ૫૩) કર્યાં છે. સંદેશમાં યક્ષ પોતાની કુશળતાના સમાચાર જણાવી તે સાથે પોતાની વિરહદશાની પણ જાણ કરે છે. તે મેઘને જણાવે છે - તારું પહેલું વાક્ય એ હોવું જોઈએ કે - "હે સૌભાગ્યવતી ! હું તારા પતિનો પ્રિય મિત્ર મેઘ છું' આ સંબોધનથી 'હું જીવું છું' તેનું તેને પહેલાં આશ્વાસન મળે. અંતે યક્ષ પોતાનો સંદેશ પ્રિયાને પહોંચાડી, પ્રિયાના કુશળ સમાચાર લઈ જલદી પાછા ફરી પોતાના જીવનને ટકાવવાની મેઘને ભલામણ કરે છે. તે પછી યક્ષ પરોપકારી મેઘને તેની પ્રિયતમા વિદ્યુત સાથે કદી વિયોગ ન થાય તેવી શુભભાવના સાથે વિદાય આપે છે.

"એકવાર આપણને જે આનંદની અનુભૂતિ થઈ જાય છે, તે પછી આપણે ક્યારેય તે ગુમાવતા નથી. એક સૂર્યાસ્ત પછી જ્યોત્સ્નાસ્નાને ધવલ બનેલો પર્વત, તેની શાંત પળોમાં અને તોફાની પળોમાં ઘૂઘવતો સાગર-આ બધું આપણે નીરખીએ છીએ, એમના સૌંદર્યને ચાહીએ છીએ અને એ દૃશ્યને હૈયામાં સંઘરી રાખીએ છીએ. આપણે જેને ચાહીએ છીએ તે આપણો જ એક અંશ બની જાય છે."

આ શબ્દો છે જેને જોવાની, સાંભળવાની અને બોલવાની ત્રણેય શક્તિઓથી વંચિત રહેવું પડ્યું હતું એવા એક મહિમાવંતા સન્નારી હેલન કેલરના. ઇન્દ્રિયોની વિકલતા એમની ચેતનાના પ્રફુલ્લ સ્ફુરણને અવરોધી શકી ન હતી. કારણ કે તેમનું આંતર-જગત અવિકલ હતું. અને એટલે જ તેમનું દર્શન અખંડ ભાવથી મંડિત

હતું. પ્રતિભાવંતા ક્રાન્તદ્રષ્ટા કવિવરોના જીવનદર્શનમાં અખિલાઈનાં તેજવર્તુળો રચાઈ જતાં હોય છે. ક્ષુદ્ર અને મહાન, સુંદર અને કુરૂપ, સુખકર કે દુઃખકર, પ્રાપ્ત કે અપ્રાપ્ત બધું જ અહીં એકાકાર થઈ જાય છે, સહુનો મહિમા સ્વીકારાય છે. કવિકુલગુરુ કાલિદાસ એવા જ ક્રાન્તદર્શી, સમગ્રતાના ઉપાસક સર્જકશ્રેષ્ઠ છે. એમના વાઙ્મયમાં પળે પળે વિસ્તરતા, ક્ષિતિજની ભુવનમોહિની રમણા છે. અહીં ધરતીમાં સળવળતું નાનકડું ઈન્દ્રગોપ છે, તો માનસ-સરોવર તરફ ઊડતા રાજહંસો પણ છે. સીમખેતરમાં કે વનમાં અંદર વિહરતી ગોપવધૂઓ, ભીલડીઓ કે માલણો પણ છે અને પ્રકૃતિની લાડલી નગરી તથા મનોરમ પ્રિયતમા અલકાપુરીમાં સુવર્ણકાંતિસંપન્ન વનિતાઓ પણ છે.

'મેઘદૂત'માં કવિએ વિપ્રલંભશૃંગાર પ્રયોજી દામ્પત્ય સ્નેહની યશોગાથાનું ગાન કર્યું છે. જે પ્રેમ વ્યક્તિને સ્વાર્થી અથવા પોતાની ફરજ બજાવવામાં બેધ્યાન બનાવે છે, તે પ્રેમ શાપને પાત્ર થાય છે. યક્ષે પોતે જ વિરહને નોતર્યો છે. આ વિરહમાં પણ યક્ષ એની પત્નીને વફાદાર રહ્યા છે અને તેની ભક્તિ અચળ રહી છે. તે જ પ્રમાણે યક્ષપત્નીએ યક્ષ તરફ પતિભક્તિ બતાવી પતિવ્રતાપણું પાળ્યું છે. અને તેટલા જ માટે આ શાપની અવધિ એક વર્ષની રહી છે. સુખ પાછળ દુઃખ અને દુઃખ પાછળ સુખ એ સંસારનો નિયમ છે. પરંતુ આશા અને શ્રદ્ધાથી દુઃખનો સુખદ અંત આવે છે.

આ પ્રસ્તુત ઊર્મિકાવ્યમાં કવિએ આત્મશ્રદ્ધા અને સાચા પ્રેમનું અવિકારીપણું સુંદર રીતે દર્શાવ્યું છે. મનુષ્ય ગમે તેટલો પરતંત્ર હોય પણ તેનું હૃદય જો સ્વતંત્ર હોય તો ગમે તેવી મુશ્કેલીઓમાં પણ ઈશ્વર જીવન ટકાવી રાખે છે. કવિ કહે છે:

"आशाबंधः कुसुमसदृशं... रुणद्धि"

અર્થાત્ પ્રેમાળ અને વિરહમાં તત્ક્ષણ તૂટી જતા હૈયાને મોટેભાગે આશાનો તંતુ ટકાવી રાખે છે. વિયોગમાં રહેવાથી સ્નેહમાં ઓટ આવી છે, એ લોકપ્રવાહને ન માનતાં, યક્ષ પોતાની અર્ધાંગનાને સંદેશો મોકલે છે.

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ કલાપીએ તેમના પ્રખ્યાત ખંડકાવ્ય 'હૃદયત્રિપુટી' ('કલાપીનો કેકારવ') માં યથાર્થ જ લખ્યું છે કે -

"વિભાગો કીધાથી પ્રણય ન કદી ન્યૂન બનતો,
અને તેથી ભાઈ! પ્રણય પ્રભુ છે આ જગતનો."

શેલી (Percy Bysshe Shelley) પણ આ જ ભાવ દર્શાવતાં લખે છે -

"True love in this differs from gold and clay,
That to divide is not to take away."

વિશ્વમાં પ્રવર્તતા અદ્વૈતનો - ઐક્યનો સ્વીકાર કરતા, વિશ્વસંવાદિતાના વૈતાલિક મહાકવિ કાલિદાસે ભારતીય સંસ્કૃતિના નવનીતનું દર્શન કર્યું છે. વિરહના તંતુ પર પ્રેમની સરગમની ધૂન સંભળાવતું 'મેઘદૂત' કદાચ વિશ્વસાહિત્યનું પ્રથમ કક્ષાનું પ્રવાસકાવ્ય છે. ભારતવર્ષને કાલિદાસે પોતાની અપૂર્વ કવિપ્રતિભા દ્વારા શબ્દસૃષ્ટિમાં એવું ચિરંજીવ સ્વરૂપ આપ્યું છે કે એમાંથી કોઈ કાળે કોઈ સહૃદયને નિર્વાસિત થવાનો વખત આવે જ નહિ. કાલિદાસ પ્રેય અને શ્રેયનો સુભગ સમન્વય સાધે છે! પ્રેમ પણ શ્રેયના સમન્વયથી સુંદર અને સાર્થક બને છે અને શ્રેયમાં પ્રેમ થકી ભળતાં પૂર્ણ સૌંદર્ય અને ગૌરવ ઉમેરાય છે.

માનવતા જ્યાં સુધી સાહિત્યને ઓળખશે ત્યાં સુધી મહાન કવિ કાલિદાસનું સ્થાન જગતસાહિત્યમાં ચિરંજીવી રહેશે. એક લોકપ્રિય લોકોક્તિ 'મેઘદૂત'ની અદ્વિતીયતા દર્શાવવા પર્યાપ્ત છે:

"मेघे माघे गतं वयः"

(અર્થાત્ મહાકવિ કાલિદાસનું 'મેઘદૂત' અને માઘનું 'શિશુપાલવધ' વાંચવામાં જ સંપૂર્ણ વય/આયુષ્ય વીતી ગઈ.)

'દેહિન' ૧૪૩૫/સી-૧, સેક્ટર-૨ બી,
સ્વામિનારાયણ મંદિરની પાછળ, ગાંધીનગર - ૩૮૨૦૦૭.
મો. ૯૪૦૮૭૭૮૩૬૫



ગુજરાતનું વિરલ સ્થાપત્ય : નવલખા મંદિર

ગોહિલ હરિઓમ પી.

ગરવા ગુજરાતને પ્રાચીનકાળથી લઈને અદ્ય પર્યંત અનેક સ્થાપત્યોની જાજરમાન સોગાતો મળી છે. આ સ્થાપત્યોમાં મંદિરોનું વિશેષ મહત્ત્વ છે. લોક-આસ્થાના મૂર્તિમંત સ્વરૂપ એવાં મંદિરો આસ્થાના સ્થાનની સાથે જ, કળાના ઉત્તમ સ્થાનો તરીકે નિર્માણ પામ્યાં છે. ગુજરાતના અનેક શાસકોએ મંદિરોના નિર્માણકાર્ય માટે ઘણું યોગદાન આપ્યું છે.

ગુજરાતમાં મંદિર-સ્થાપત્યની કળાનું પગેરું આપણને પ્રાચીનકાળના પરિવેશમાં દોરી જાય છે. ગુપ્તકાળમાં તેનાં બીજ રોપાયાં, ત્યાર બાદ મૈત્રકકાળમાં જાણે તે છોડ સ્વરૂપે પાંગર્યો અને સમર્થ એવા સોલંકીકાળમાં આ કળા જાણે ઘેઘૂર વૃક્ષ બનેલી દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતનું સૌથી પ્રાચીન ગોપનું મંદિર, પ્રસ્નાવડા અને પસ્તારનાં સૂર્યમંદિરો, રાણકદેવી મંદિર, વઢવાણ તથા મોઢેરાના મહાપ્રાસાદ સમાન સૂર્યમંદિર વગેરે આજે પણ અડીખમ ઊભાં રહી આ કાળક્રમની સાક્ષી પૂરે છે.

ગુજરાતનાં પ્રાચીન મંદિરોમાં નવલખા મંદિરો અતિ વિશેષ સ્થાન ધરાવે છે. ગુજરાતમાં કુલ ત્રણ નવલખા મંદિર આવેલાં છે. એક પોરબંદર જિલ્લાના ઘૂમલી ખાતે આવેલું નવલખા મંદિર, જે ખૂબ જાણીતું છે. જ્યારે, અન્ય ઓછાં જાણીતાં બે નવલખા મંદિર સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલાં છે. તેમાં પહેલું સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સેજકપુર ગામે આવેલું નવલખા મંદિર, તથા બીજું ચોટીલા તાલુકાના આણંદપુર ગામે આવેલું અનંતેશ્વર મહાદેવનું મંદિર. નવલખ શબ્દ મૂળ સંસ્કૃત નવલક્ષ પરથી ઊતરી આવ્યો છે, જેનો અર્થ થાય છે નવ લાખની કિંમતનું, અગણિત, અમૂલ્ય.[1] આ મંદિરોનું ઉત્કૃષ્ટ સ્થાપત્ય અને કલામંડિત શિલ્પો જોતાં તેના નામનો અર્થ ચોક્કસ સાર્થક થયેલો માલૂમ પડે છે. ત્રણેય નવલખા મંદિરો સ્થાપત્યની દૃષ્ટિએ ઘણુંખરું સામ્ય ધરાવે છે, સાથે જ દરેકનું એક અલગ વૈશિષ્ટ્ય પણ ધ્યાનાકર્ષક છે.

આ ત્રણેય નવલખા મંદિરોમાં પ્રનાલની રચના, ભદ્રાદિ નિર્ગમોના ભાગે આવેલાં વિવિધ શિલ્પોના અવલોકનથી શિવમંદિર જણાય છે. મંદિરોના નિર્માણકાર્યમાં વિનિયોગ થયેલી સામગ્રી, તેની રચના અને સ્થાપત્યનાં અન્ય અંગો જોતાં આ ત્રણેય મંદિરો લગભગ સમકાલીન કહી શકાય. તે અગિયારમી સદીના ઉત્તરાર્ધથી બારમી સદી દરમ્યાન ગુજરાતના સુવર્ણયુગ એવા સોલંકીકાળમાં નિર્માણ પામ્યાં હોવાનો સંભવ છે. આ મંદિરો નાગર શૈલીની સ્થાનિક ઉપશૈલી તરીકે વિકસિત મારુ-ગુર્જર શૈલીમાં નિર્મિત છે. ત્રણેય મંદિરો ઊર્ધ્વદર્શનની દૃષ્ટિએ પણ સામ્ય ધરાવે છે. મંદિરની રચનામાં કરવામાં આવતા વિવિધ ગજનરાદિ થરો, મંડોવર અને જંઘા પરના દેવતાઓ, દિક્પાલો અને અપ્સરાઓનાં શિલ્પો વગેરેમાં પણ ઘણીખરી સમાનતા જોવા મળે છે. ઉપરાંત શિલ્પ-વાઙ્મયના મહત્ત્વપૂર્ણ એવા 'સમરાંગણસૂત્રધાર' અને અન્ય ગ્રંથોના ઘણા સિદ્ધાંતો જેવા કે સ્થળપસંદગી, દિકસાધન, સ્થાપત્યકીય સ્વરૂપ, તલમાન, સમતલ અંગોનું આયોજન, ઊર્ધ્વદર્શન અને તેના અંગવિભાગો, સ્તંભવિધાન શિખરાદિની રચના અને પ્રકારો વગેરેનું પ્રત્યક્ષ રીતે ત્રણેય મંદિરોમાં સમાન પ્રતિપાદન થયેલું જણાય છે.

નવલખા મંદિર, ઘુમલી:-

પ્રકૃતિની વચ્ચે, બરડાની ગોદમાં, ભૂતકાળની ભવ્યતાને ઉજાગર કરતું આશરે ૯૦૦ વર્ષથી પણ વધુ સમયથી અડીખમ ઊભેલું નવલખા મંદિર તેની ભવ્યતા માટે પ્રખ્યાત છે. મંદિરની ચોતરફ ફેલાયેલી લીલી વનરાજી તેના સૌંદર્યમાં ઉમેરો કરે છે અને પ્રવાસીઓને તેના આહ્લાદક અનુભવ માટે આકર્ષે છે. વિવિધ વાસ્તુગ્રંથો અનુસાર, મંદિર બનાવવા માટે ગાઢ અરણ્યો, ફળદ્રુપ ક્ષેત્રો, ગગનચુંબી પર્વતો, પુણ્યસલિલ સરિતાઓનાં નિર્મળ પ્રકૃતિક્ષેત્રો જેવાં સ્થળોની પસંદગી કરવામાં આવે છે.[2] ઘુમલીનું નવલખા મંદિર જોતાં જાણે ગ્રંથના શબ્દોને અક્ષરશ: અનુસરે છે તેવું પ્રતીત થાય છે. આ નવલખા મંદિર-પરિસરમાં અને તેની આજુબાજુ ગણેશમંદિર, સોન-કંસારી મંદિર સમૂહ વગેરે આવેલાં છે, જે નવલખા મંદિરથી પણ વધુ પ્રાચીન છે, કિન્તુ તે નવલખા જેટલાં ભવ્ય અને અલંકૃત નથી. પ્રમાણમાં સાદાં છે. નવલખા મંદિરના

૧ સાર્થ ગૂજરાતી જોડણીકોશ, ગૂજરાત વિદ્યાપીઠ

૨ સમરાંગણસૂત્રધાર, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બરોડા, વર્ષ ૧૯૬૬, અધ્યાય ૮, શ્લોક નં. ૨૮-૩૦



નિર્માણના સમયગાળા બાબતે વિદ્વાનો એકમત નથી છતાં રચનાશૈલી જોતાં ૧૧મી સદીના ઉત્તરાર્ધ આસપાસ નિર્મિત થયેલું જણાય છે. સ્થાપત્યની દૃષ્ટિએ મંદિર પંચાંગી પ્રકારનું છે, જેમાં ગર્ભગૃહ, અંતરાલ, અર્ધખુલ્લો રંગમંડપ અને ગર્ભગૃહની ફરતે પ્રદક્ષિણા પથ અને શૃંગારચોકી કે મુખમંડપ આવેલાં છે. ગર્ભગૃહની ફરતે અંદરની બાજુએ પ્રદક્ષિણાપથ આવેલો હોઈ તેને 'સાંધાર પ્રાસાદ' કહે છે. ગર્ભગૃહની અંદર ત્રણે બાજુ વાતાયન કાઢેલાં છે, જે વિશેષ છે. ઉપરાંત ગર્ભગૃહની દીવાલ પણ સાદી ન રાખતાં તેમાં કંડારેલ ઉદ્ગમ અને કોઈ કોઈ જગ્યાએ દેવતાઓનાં શિલ્પો પણ જોવા મળે છે. સાંધાર પ્રાસાદમાં ગર્ભગૃહની દીવાલોની આ પ્રકારની રચના ખજૂરાહોનાં મંદિરો સાથે સામ્ય ધરાવે છે. કહેવાય છે કે આ મંદિરનું શિવલિંગ પોરબંદરના કેદારનાથ મહાદેવના મંદિરમાં પધારવેલ છે. મંડપ બે માળનો છે અને અતિ શોભિત છે. ગુજરાતનાં જૂજ મંદિરોમાં આ પ્રકારે બે માળનો ભવ્ય રંગમંડપ જોવા મળે છે. અહીં રંગમંડપના સ્તંભમાં કીચકને સ્થાને કોઈ કોઈ જગ્યાએ ગ્રાસમુખ, માનવમુખ, વિકૃતાનન, હંસ અને પક્ષીયુગલ, વગેરે કોતરેલાં જોવા મળે છે[૩]. મંદિર રાજાના સિંહાસન જેવી ઊંચી અને વિશાળ જગતી પર સુશોભિત છે. જગતીને પણ ભીટ્ટ આદિ થરો વડે ઠીકઠીક અલંકૃત કરાઈ છે. ઉપરાંત જગતીના ગવાક્ષોમાં દિક્પાલ સહ અન્ય દેવતાઓ કોતરેલા છે. ગુજરાતનાં અન્ય મંદિરોમાં આ પ્રકારની જગતી રચના દુર્લભ કહી શકાય. ઊર્ધ્વદર્શનની દૃષ્ટિએ મંદિરના વિવિધ થરોમાં સોલંકીકાલીન અન્ય મંદિરોની સાથે ઘણેઅંશે સામ્ય છે. તે ભીટ્ટ, જાડ્યકુંભ, ગજનરાદિ થરો વડે અતિ સુશોભિત કરાઈ છે. મંડોવરની જંઘામાં કોતરેલા દિક્પાલો, દેવી-દેવતાઓ, સૂરસુંદરીઓ અને તાપસોનાં નયનરમ્ય શિલ્પો જોતાં કલાના કોઈ સાધકે પોતાની બધી જ કલા એકસાથે રેડી દીધી હોય તેવું પ્રતીત થાય છે. અહીં અષ્ટ દિક્પાલને બદલે બ્રહ્મા અને અનંત સહિત દશ દિક્પાલ જોવા મળે છે, જે વિશેષ છે. આ મંદિરની એક ગણનાપાત્ર વિશેષતા ભદ્રભાગમાં આવેલા સૂંઢમાં સૂંઢ પરોવેલા, વિશાળ કદના કેલિ કરતા કુંજરો અત્યંત મનોહર લાગે છે. ઉપરાંત તેની ઉપર ભદ્રભાગે સપત્નીક ત્રિદેવ પણ નોંધનીય છે. આ પ્રકારની અત્યંત ઉત્કૃષ્ટ રચના અન્ય મંદિરોમાં ભાગ્યે જ જોવા મળે છે. આ ભવ્ય અને ઉત્તુંગ મહાપ્રાસાદ જોતાં અનેરો રોમાંચ અનુભવાય છે.

નવલખા મંદિર, સેજકપુરઃ-

પુરાતન ભૂમિ પાંચાળ પાસે મોઢેરાના સૂર્યમંદિરની પ્રતિકૃતિ સમાન શોભતું ભવ્યાતિભવ્ય સેજકપુરનું નવલખા મંદિર સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકા મુખ્યમથકથી આશરે 30 કિમીના અંતરે સેજકપુર ગામે આવેલું છે. સ્થાનિક લોકો આ મંદિરને લાડથી 'નવલખો' કહી સંબોધે છે. સેજકપુર ગામની સાંકડી શેરીમાંથી પસાર થઈને મંદિરમાં પ્રવેશતાં જ નવલખો જોનારને મંત્રમુગ્ધ કરી દે છે. ખાસ તો ચોમાસા દરમ્યાન પરિસરમાં ઠેર ઠેર ઊગી નીકળેલી વનસ્પતિ, ટહુકા કરતા મોર, ગામડાની સાંજે ઠાકર મંદિરે થતી આરતીના અવાજનો આહ્લાદક અનુભવ તો પ્રત્યક્ષદર્શી જ કરી શકે.

આ નવલખાની પ્રથમ વિશેષતા એ છે કે અહીં એક જ પરિસરમાં બે મંદિરો સામસામે સુરેખ રીતે આવેલાં છે, જે 'નાનો નવલખો' અને 'મોટો નવલખો' તરીકે ઓળખાય છે. નાના નવલખાની વાત કરીએ તો ગર્ભગૃહ જળવાઈ રહ્યું છે, જ્યારે રંગમંડપ નાશ પામ્યો છે. તેની આગળની પ્રવેશચોકી અને વેદિબંધયુક્ત કક્ષાસન થોડું બચ્યું છે. ઊર્ધ્વદર્શનની દૃષ્ટિએ મંદિર સાદું છે. ગજનરાદિ થરોથી યુક્ત મહાપીઠને બદલે સાદી કણપીઠ આવેલી છે. જ્યારે મંડોવરમાં કોઈ કોઈ જગ્યાએ શિવનાં વિવિધ શિલ્પો બચ્યાં છે. જોકે, મંદિરનો થોડાં વર્ષો પહેલાં જ થયેલો જીર્ણોદ્ધાર સ્પષ્ટ જોઈ શકાય છે. ગર્ભગૃહમાં મુકાયેલું શિવલિંગ પણ આધુનિક જણાય છે. કિન્તુ ગર્ભગૃહની દ્વારશાખ પ્રાચીન અને ખૂબ સારી રીતે કંડારેલી છે.

નાના નવલખાની બરાબર સામે પોતાની જાજરમાન ભવ્યતા ને દિવ્યતાને પ્રદર્શિત કરતો અડીખમ ઊભેલો મોટો નવલખો જોઈને બે ઘડી સ્તબ્ધ થઈ જવાય. રંગમંડપરૂપી

૩ પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ - ૪, સોલંકીકાળ, ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ-૯, પ્રથમ આવૃતિ, વર્ષ ૧૯૭૬, પૃષ્ઠ - ૪૬૮

વિશાળ ભુજાઓ ફેલાવી હૃદયરૂપી ગર્ભગૃહમાં બિરાજિત દેવતાના દર્શનાર્થે આવતા ભક્તોને જાણે આવકારી રહ્યો છે. કલાત્મક શિલ્પસૌંદર્યથી ખીચોખીચ ભરેલું આ મંદિર જોનારને મંત્રમુગ્ધ બનાવી દે. મંદિરનો એક પણ ખૂણો કોતરણી વિનાનો ખાલી રહેવા પામ્યો નથી. સોલંકી કાળ દરમ્યાન લગભગ બારમી સદીમાં બનેલું આ મંદિર તે સમયની કળાનો જાણે ચરમોત્કર્ષ બતાવે છે. તલમાનને જોતાં સમચોરસ ગર્ભગૃહ, અંતરાલ, સભામંડપ કે રંગમંડપ તથા શૃંગારચોકી ધરાવતું ચતુરંગી પ્રકારનું મંદિર છે. મંદિરનો રંગમંડપ કક્ષાસન સહિત ૨૦ પૂર્ણકદના અને ૩૦ વામન કલાત્મક સ્તંભો પર ટેકાયેલો છે. સ્તંભોની રચના મોઢેરાના સૂર્યમંદિરના સ્તંભોને મળતી આવે છે. **મધ્યના આઠ સ્તંભોની રચનાથી અષ્ટકોણની વિશેષ સુંદર રચના બને છે, જેને વાસ્તુશાસ્ત્રની શૈલીમાં 'પદ્મસિંહ' નામે ઓળખવામાં આવે છે.** [૪]ઊર્ધ્વદર્શન જોતાં તેની પૂર્ણતાનો વધુ ખ્યાલ આવે છે. નીચેથી શરૂ કરતાં ભીટ્ટ, જાડ્યકુંભ, કર્ણિકા, આંતરપટ્ટ, છજ્જી, ગ્રાસપટ્ટ કે કીર્તિમુખપટ્ટ, ગજથર, નરથર સહિતની મહાપીઠ પ્રકારની રચના કરેલી છે. ત્યાર બાદ તેના પર મુખ્ય મંડોવર શરૂ થાય છે, જેમાં અર્ધોદ્ગમ કોતરેલો ખુર કે ખુરક, તેના પર કુંભના ભદ્રભાગે રથિકાઓમાં દેવદેવીઓ તથા તેની નાસિકાઓમાં સહજ માનવલીલાઓ કંડારેલી જોવા મળે છે. ત્યાર બાદ અલંકૃત કળશ, કેવાળ, અને ઉદ્ગમમંડિત જંઘા આવેલી છે. જંઘામાં ભદ્ર અને કર્ણ ભાગે ક્રમશ: કુબેરાદિ દેવતાઓ અને ઈશાન, અગ્નિ, ઇંદ્રાદિ દિક્પાલો તથા પ્રતિરથમાં સૂરસુંદરીઓ અને અપ્સરાઓનાં શિલ્પ શોભાયમાન છે. જંઘાના ભદ્રભાગે આવેલા ગવાક્ષનાં શિલ્પોમાં અંધકાસુરવધ, તાંડવનર્તન જેવાં ધ્યાનાકર્ષક શિલ્પો મંદિરને શિવમંદિર હોવાની પુષ્ટિ આપે છે. ત્યાર બાદ તેના પર ભરણી, કપોતાલી અને છાદ્ય આવે છે. જેના પર શિખર શરૂ થઈ જાય છે. મૂળ શિખર આજે રહ્યું નથી, કેવળ થોડાં ઉરુશૃંગો અને તેની કલાત્મક જાલકભાત નજરે પડે છે. મૂળ પ્રાસાદ ભદ્ર, પ્રતિરથ અને કર્ણ સહિતના નિર્ગમથી ત્રિરથ બને છે. આ નવલખાની સૌથી મનમોહક વિશેષતા તેના રંગમંડપ પર કરેલી સમમિત અને સપ્રમાણ ઘંટિકાયુક્ત સંવરણા કે સામરણ છે, જે પ્રાસાદને અતિ સુશોભિત બનાવે છે. નોંધનીય છે કે મંદિરનાં ઘણાં શિલ્પો અને ભાગો મહદંશે કુમારપાળ કાળિત તારંગાના અજિતનાથ પ્રાસાદને મળતાં આવે છે.

અનંતેશ્વર મહાદેવ, આણંદપુર:-



સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના આણંદપુર ગામે સોલંકીકાળના ભવ્ય સ્થાપત્યની ઝાંખી કરાવતું અનંતેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે, જેની ભવ્ય રચના જોતાં તેની નવલખા મંદિર તરીકે ગણના કરવામાં આવે છે. આ મંદિરનું નિર્માણ કોણે અને ક્યારે કરાવ્યું તે બાબતે મતમતાંતર છે. સ્થાનિક લોકો તેનું નિર્માણ સંવત ૧૦૬૮માં અનંત કે આનંદ ચુડાસમા દ્વારા થયું હોવાનું માને છે; જ્યારે સ્થાપત્ય શૈલી જોતાં તે સોલંકીકાળમાં બંધાયાનું જણાય છે. અપ્રતિમ શિલ્પાંકનોથી પરિપૂર્ણ આ મંદિર, કાળની થપાટો વધુ ઝીલી શક્યું નથી, જેથી વખતોવખત જીર્ણોદ્ધાર પામ્યું છે અને પોતાની મૂળ સ્થિતિ જાળવી રાખવા જાણે મથી રહ્યું છે. મંદિરનો ઘણો ભાગ જીર્ણોદ્ધારને લીધે પોતાની મૂળ ઓળખ ખોઈ બેઠો છે, છતાં ગર્ભગૃહ અને તેનો મંડોવર તથા અંતરાલ સુધીનો ભાગ તેની મૂળ ઓળખ સમી ભવ્યતા અને ખીચોખીચ ભરેલાં શિલ્પાંકનોને પ્રદર્શિત કરે છે. આ મંદિર પણ સોલંકીકાળમાં બનેલું છે અને તે સમયના સ્થાપત્યનાં બધાં જ અંગોનો સુવ્યવસ્થિત સમાવેશ ધરાવે છે. આ ઉત્તુંગ પ્રાસાદના ઊર્ધ્વમાને ભીટ્ટ, જાડ્યકુંભ, આંતરપટ્ટ, કર્ણિકા, ગ્રાસપટ્ટી, ગજથર અને નરથર સહિતની મહાપીઠ આવેલી છે. ગજથરમાં અહીં ભદ્રાંગે સૂંઢમાં સૂંઢ હસ્તિયુગ્મ કોતરેલાં છે. ત્યાર બાદ મંડોવરના ક્રમશ: તમામ ભાગો અન્ય નવલખા મંદિરો તથા તત્કાલીન સોલંકી મંદિરોમાં હોય તે પ્રકારનાં છે.

મંડોવરમાં કુંભના ભાગને વધુ અલંકૃત બનાવ્યો છે, જેમાં વિશેષત: ભદ્રભાગે રથિકામાં શિવ, વિરંચિ,

૪ વ્યાસ હસમુખ, સૌરાષ્ટ્ર સંસ્કૃતિ કોશ, પ્રવીણ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, વર્ષ ૨૦૧૦, પૃષ્ઠ - ૨૧૫

વિષ્ણુ આદિ દેવતાઓને સપત્નીક કંડાર્યા છે તથા તેની બાજુમાં માનવ અને તેની બાજુમાં નૃત્ય, સંગીત તથા અન્ય ક્રીડારત માનવોને દ્વિસ્તરે કંડારેલા છે. જંઘામાં ભદ્ર ગવાક્ષને ઇલ્લિકાવરણના તોરણ વડે અલંકૃત કર્યા છે, જેમાં અંધકસુરવધ, ત્રિપુરાંતકવધ વગેરે શિલ્પો કંડાર્યાં છે. આ નવલખા મંદિરની એક વિશેષતા પ્રતિરથ અને કર્ણે મરીચિકા, દર્પણકન્યા, સદ્યસ્નાતા જેવી સુંદર અપ્સરાઓ કે સુરસુંદરીઓ છે, જે ખૂબ જ બારીકાઈથી કંડારેલી નજરે પડે છે. આ અપ્સરાઓની અંગભંગિમાઓ, તેમના કેશગુંફણ જોનારને મંત્રમુગ્ધ કરે છે. શિવનિર્માલ્યને ગર્ભગૃહની બહાર વહન કરતું પ્રનાલ પણ મકરાકૃતિવાળું અને અતિ અલંકૃત છે. આણંદપુર ગામે આવેલું આ અનંતેશ્વર મહાદેવનું શિવમંદિર કે નવલખા મંદિર પણ અન્ય નવલખાની હરોળમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

આમ, ગુજરાતનાં આ ત્રણેય નવલખા મંદિરો ગુજરાતના મંદિર-સ્થાપત્યના સુવર્ણ યુગની ઝાંખી કરાવે છે. સમયના વહેણ અને કાળની થપાટો સામે અડીખમ ઊભેલા આ મહાપ્રાસાદો માત્ર પથ્થરોનું નિર્માણ નથી, પરંતુ ગુજરાતની ઉચ્ચ કલાદૃષ્ટિ, ભવ્યાતિભવ્ય શિલ્પસમૃદ્ધિ, સાંસ્કૃતિક ચેતના અને કલાત્મક વારસાની અમૂલ્ય ધરોહર છે.

સંદર્ભગ્રંથસૂચિ

1. Sompura Kantilal F., The Structural Temple of Gujarat, Gujarat University, Ahmedabad-9.
2. Shah Priyabala, Temples of Gujarat, Parimal Publication, Delhi.
3. Dhaky M.A., Kiradu and the Maru-Gurjara Style of Temple Architecture, B. J. Institute, Ahmedabad.
4. Dhaky M.A., Encyclopaedia of Temple Architecture, American Institute of Indian Studies and Indira Gandhi National Study for the Arts.
5. Sankaliya Hasmukh, Archaeology of Gujarat (including Kathiawar), Natwarlal & Co., Bombay.
6. વ્યાસ હસમુખ, સૌરાષ્ટ્ર સંસ્કૃતિકોશ, પ્રવીણ પ્રકાશન, રાજકોટ.
7. પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ - ૪, સોલંકીકાળ, ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ-૯.
8. ગૌદાની હરિલાલ, ગુજરાતનો ભવ્ય ભૂતકાળ, ઉરનદ પ્રકાશન, મુંબઈ.
9. ગૌદાની હરિલાલ, મહાગુજરાતનાં શિલ્પ સ્થાપત્ય, લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ- ૧.
10. સમરાંગણસૂત્રધાર, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ બરોડા, વડોદરા.
11. ગુજરાતની સ્થાપત્યકલા, માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.





બ્લોક નં ૯, પ્રતીક અૅપાર્ટમેન્ટ,
આસ્થા હૉસ્પિટલ પાસે, પાણીની ટાંકી રોડ,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧
મો. ૮૯૦૫૦૧૬૧૪૩

ભારત-આયર્લેન્ડ મૈત્રીના શિલ્પી : વિઠ્ઠલભાઈ પટેલ અને વૈશ્વિક સ્વતંત્રતા સંગ્રામ

રસેશ પટેલ

વર્ષ ૧૯૩૨. આયર્લેન્ડના પાટનગર ડબ્લિનમાં આવેલા પ્રખ્યાત 'સેન્ટ સ્ટીફન્સ ગ્રીન' (St. Stephen's Green) બગીચામાં લોકોની ભારે જનમેદની છલકાઈ રહી હતી. વાતાવરણમાં ઉત્તરોત્તર રોમાંચ વધી રહ્યો હતો. પ્રસંગ હતો પ્રખ્યાત આઇરિશ ક્રાંતિકારી મહિલા અને રાષ્ટ્રવાદી નેતા મૅડમ કન્સ્ટેન્સ માર્કીવિચ (Countess Markievicz) ના સ્મારકના અનાવરણનો. આયર્લેન્ડના લોકપ્રિય નેતા અને રાષ્ટ્રપતિ ઈમન ડી. વેલેરા (Éamon de Valera) પોતે આ સ્મારક ખુલ્લું મૂકવાના હતા.

પરંતુ ડબ્લિનની આ ભીડ વચ્ચે એક શ્વેત વસ્ત્રધારી, સફેદ લાંબી દાઢીવાળા અને માથે ગાંધીટોપી પહેરેલા વડીલ અતિથિ સહુના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ વડીલ આઇરિશ લોકો વચ્ચે એટલી જ આત્મીયતાથી હળીમળી રહ્યા હતા, જાણે તેઓ પોતાના જ વતનમાં હોય! ડબ્લિનના સ્થાનિક નાગરિકો તેમની આસપાસ ટોળે વળીને તેમની સાથે હસ્તધૂનન કરવા આતુર હતા અને ભારતના આઝાદી સંગ્રામ માટે હૃદયપૂર્વક 'ગૉડ-સ્પીડ' (વિજયી ભવ:)ની શુભકામનાઓ પાઠવી રહ્યા હતા.

આ કોઈ સામાન્ય પ્રવાસી કે પર્યટક નહોતા, પરંતુ ભારતીય વિધાન પરિષદ (ઇન્ડિયન લેજિસ્લેટિવ ઍસેમ્બ્લી)ના પૂર્વ અધ્યક્ષ (સ્પીકર) અને ગુજરાતના આણંદ જિલ્લાના કરમસદ ગામના પનોતા પુત્ર – વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલ હતા. હજારો માઈલ દૂર આવેલા બે અલગ-અલગ દેશો, ભારત અને આયર્લેન્ડ, બંને બ્રિટિશ સામ્રાજ્યની જુલમી બેડીઓમાં જકડાયેલા હતા. આ દૃશ્ય એ બંને દેશો વચ્ચે ગુપ્ત રીતે આકાર લઈ રહેલા વૈચારિક ભાઈચારા, પરસ્પર આદર અને સામ્રાજ્યવાદ વિરોધી સંઘર્ષની એક સુવર્ણ કડી હતું.

આપણે સૌ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ વિશે ખૂબ સારી રીતે જાણીએ છીએ. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે તેમના સગા મોટા ભાઈ વિઠ્ઠલભાઈ પટેલ પણ ભારતીય રાષ્ટ્રીય આંદોલનના એટલા જ પ્રભાવશાળી, તેજસ્વી અને બુદ્ધિશાળી નેતા હતા. કરમસદના એક સામાન્ય પાટીદાર પરિવારમાં જન્મેલા વિઠ્ઠલભાઈ કાયદાના અસાધારણ નિષ્ણાત હતા.

બંને ભાઈઓ વચ્ચેનો સંબંધ અત્યંત રસપ્રદ અને સ્નેહપૂર્ણ હતો. વિઠ્ઠલભાઈ મોટા હતા અને વલ્લભભાઈ નાના. વલ્લભભાઈએ પોતાના મોટા ભાઈના અભ્યાસ માટે પોતાની ઈંગ્લેન્ડ જવાની તક જતી કરી દીધી હતી. વિઠ્ઠલભાઈ ઈંગ્લેન્ડથી બૅરિસ્ટરની પરીક્ષા પાસ કરીને ૧૯૧૩માં ભારત પરત ફર્યા અને ત્યાર બાદ તેઓ સક્રિય રાજકારણમાં જોડાયા. ૧૯૨૦ના દાયકાના નાગરિક અસહકાર આંદોલનની પાછળ વિઠ્ઠલભાઈનો મોટો બૌદ્ધિક ફાળો હતો.

એક તરફ વલ્લભભાઈએ ભારતમાં રહીને ગાંધીજીના સૈનિક તરીકે જમીની સ્તરે અસહકાર આંદોલનનું નેતૃત્વ કર્યું અને ખેડૂતોને જાગૃત કર્યા, તો બીજી તરફ વિઠ્ઠલભાઈએ કાયદાકીય અને બંધારણીય માર્ગ અપનાવ્યો. તેઓ ૧૯૨૫થી ૧૯૩૦ દરમિયાન ભારતીય વિધાન પરિષદના પ્રથમ ભારતીય અધ્યક્ષ (સ્પીકર) તરીકે ચૂંટાયા હતા. આ પદ પર રહીને તેમણે બ્રિટિશ સરકારની નીતિઓની આકરી ટીકા કરી અને સભાગૃહમાં ભારતીયોના અધિકારોનું રક્ષણ કર્યું. અંગ્રેજ સત્તાવાળાઓ તેમને એક 'ચતુર અને ખતરનાક બાગી' તરીકે જોતા હતા.

૧૯૨૭-૨૮ દરમિયાન ગુજરાતના બારડોલીમાં બ્રિટિશ સરકારે જમીન મહેસૂલમાં અચાનક ભારે વધારો ઝીંકી દીધો હતો. પાક નબળો હોવા છતાં સરકારે ટેક્સ વસૂલવાની જીદ પકડી. આ સમયે સરદાર વલ્લભભાઈ પટેલે ખેડૂતોને સંગઠિત કરીને અહિંસક બારડોલી સત્યાગ્રહ શરૂ કર્યો. બારડોલી આંદોલનનું આયોજન અદ્ભુત હતું –

સમગ્ર પ્રદેશને અલગ-અલગ વિભાગોમાં વહેંચી દેવાયો હતો, દરરોજ પત્રિકાઓની ૧૫,૦૦૦ નકલો ઘોડેસવારો દ્વારા ગામડે-ગામડે પહોંચાડવામાં આવતી, અને જમી અધિકારીઓ આવે ત્યારે ઢોલના ઈશારે ચેતવણી આપી ઘરોને તાળાં મારી લોકો જંગલોમાં જતા રહેતા.

આ અજોડ પ્રતિકાર સામે આખરે બ્રિટિશ સરકારે નમવું પડ્યું. આ ભવ્ય સફળતાની નોંધ છેક આયર્લેન્ડના ડાબેરી અને ક્રાંતિકારી રાષ્ટ્રવાદી નેતાઓએ લીધી. આઈરિશ ક્રાંતિકારીઓ જેવા કે પીડર ઓ'ડોનેલ (Peadar O'Donnell) અને ફ્રેન્ક રાયન (Frank Ryan), જેઓ પોતે આયર્લેન્ડમાં જમીનદારો અને અંગ્રેજ શાસન સામે લડી રહ્યા હતા, તેઓ આ બિન-હિંસક છતાં અત્યંત અસરકારક આંદોલનથી ભારે પ્રભાવિત થયા. તેઓએ અનુભવ્યું કે ભારતના આ આંદોલનમાં આઈરિશ-સંઘર્ષની જ ઝલક દેખાય છે.

૨૪ એપ્રિલ ૧૯૩૦નો દિવસ ભારતીય બંધારણીય ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત છે. વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલ તે સમયે ભારતીય વિધાન પરિષદના અધ્યક્ષ હતા. આ પદ બ્રિટિશ ભારતમાં કોઈ પણ ભારતીય માટે સૌથી ઉચ્ચ અને પ્રતિષ્ઠિત ગણાતું હતું. પરંતુ જ્યારે મહાત્મા ગાંધીએ દાંડીકૂચ કરીને સવિનય કાનૂનભંગ આંદોલનનો પ્રારંભ કર્યો, ત્યારે વિઠ્ઠલભાઈ પટેલે પોતાની આરામદાયક ખુરશીનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો.

તેમણે વાઈસરૉય લૉર્ડ ઇરવિનને એક ઐતિહાસિક અને અત્યંત ભાવુક પત્ર લખીને રાજીનામું આપ્યું :

આ રાજીનામાએ બ્રિટિશ હકૂમતને હચમચાવી નાખી. આખા દેશમાં વિઠ્ઠલભાઈના પગલે ૩૦૦થી વધુ સરકારી અમલદારો અને ધારાસભ્યોએ રાજીનામાં આપ્યાં, જેમાં એકલા ગુજરાતમાંથી જ મોટા પાયે રાજીનામાં પડ્યાં હતાં.

તે જ વર્ષે વિઠ્ઠલભાઈની ધરપકડ કરવામાં આવી અને કોઈમ્બતુરની જેલમાં ધકેલી દેવાયા. જેલમાં તેમની તબિયત લથડી. જાન્યુઆરી ૧૯૩૧માં તેમને મુક્ત કરાયા, પણ ૧૯૩૨માં ફરી જેલમાં પુરાયા. સતત જેલવાસને કારણે તેમનું શરીર જર્જરિત થઈ ગયું. ડૉક્ટરોએ તેમને યુરોપમાં સારવાર કરાવવાની સલાહ આપી. પરંતુ વિઠ્ઠલભાઈ એવા પુરુષાર્થથી ભરેલા નેતા હતા કે જેમણે પોતાની બીમારીને પણ દેશસેવાના સાધનમાં બદલી નાખી. તેમણે યુરોપ પહોંચીને શારીરિક પીડાને બાજુ પર મૂકી, ભારતીય સ્વતંત્રતા આંદોલનનો વૈશ્વિક પ્રચાર શરૂ કર્યો.

૧૯૨૦ના દાયકાના અંત ભાગમાં ભારત અને આયર્લેન્ડ બંને બ્રિટિશ સામ્રાજ્યનો હિસ્સો હોવા છતાં, પોતપોતાની રીતે આઝાદી માટે સખત લડત આપી રહ્યા હતા. આયર્લેન્ડે સશસ્ત્ર અને ક્રાંતિકારી સંઘર્ષ પછી ૧૯૨૧ની સંધિ દ્વારા 'આઈરિશ ફ્રી સ્ટેટ' તરીકે સ્વાયત્તતા મેળવી લીધી હતી, પરંતુ બ્રિટન હજુ પણ આડકતરી રીતે તેના પર અંકુશ ધરાવતું હતું.

આઈરિશ નેતાઓએ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની પકડ મજબૂત કરવાનું શરૂ કર્યું હતું. તેમણે રાષ્ટ્રસંઘ (League of Nations)માં પોતાની બેઠક મેળવી લીધી હતી અને બ્રિટનની ઇચ્છા વિરુદ્ધ અમેરિકા, ફ્રાન્સ, જર્મની અને વૅટિકન જેવા દેશો સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા હતા.

બીજી તરફ, ભારતમાં બ્રિટિશ સરકારે ભારતના બંધારણીય સુધારા માટે 'સાયમન કમિશન'ની રચના કરી હતી. પરંતુ આ કમિશનના તમામ સભ્યો અંગ્રેજો હોવાથી ભારતમાં તેનો ઉગ્ર વિરોધ થયો. દિલ્હીના ગુપ્તચર વિભાગના વડા ડેવિડ પેટ્રીએ ૧૯૨૯માં એક અહેવાલમાં લખ્યું હતું કે, ભારતમાં સ્થિતિ છેલ્લાં ૨૦ વર્ષમાં જોયેલી કોઈ પણ ક્રાંતિકારી પ્રવૃત્તિ કરતાં પણ વધુ ગંભીર છે.

બ્રિટિશ ગુપ્તચર સંસ્થાઓને સતત એ ભય સતાવતો હતો કે જો આ બંને દેશોના ક્રાંતિકારીઓ અને મુત્સદ્દીઓ હાથ મિલાવશે, તો બ્રિટિશ સામ્રાજ્યનો સૂર્ય આથમવામાં વાર નહીં લાગે. આ જ સમયગાળા દરમિયાન જવાહરલાલ નેહરુ યુરોપના પ્રવાસેથી પરત ફર્યા અને કૉંગ્રેસ સમક્ષ 'પૂર્ણ સ્વરાજ'ની માગણી મૂકી.

ભારત અને આયર્લેન્ડ વચ્ચેની આ આત્મીયતા ૧૯૩૨માં અચાનક પેદા નહોતી થઈ. તેનાં બીજ ૧૯૦૦ના દાયકાની શરૂઆતમાં જ વવાઈ ચૂક્યાં હતાં. આ ઇતિહાસમાં ગુજરાતના વધુ એક મહાન સપૂત – કચ્છના માંડવીના પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું નામ જોડાયેલું છે.

શ્યામજી કૃષ્ણવર્માએ ૧૯૦૫માં લંડનમાં 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી હતી, જે વિદેશમાં ભારતીય ક્રાંતિકારીઓનું સંગઠન કેન્દ્ર બની ગયું હતું. જુલાઈ ૧૯૦૫માં જ્યારે 'ઇન્ડિયા હાઉસ'નું ઉદ્ઘાટન થયું, ત્યારે આઈરિશ સમાજવાદી નેતા શાર્લોટ ડેસ્પાર્ડ (Charlotte Despard) ત્યાં હાજર રહ્યાં હતાં.

અંગ્રેજોની જાસૂસી વધી જતાં શ્યામજી કૃષ્ણવર્મા અને પારસી મહિલા ક્રાંતિકારી મૅડમ ભીખાઈજી કામા ૧૯૦૭-૧૯૦૯ દરમિયાન પૅરિસ ગયાં. પૅરિસમાં આ ભારતીય

ક્રાંતિકારીઓનો સંપર્ક આઇરિશ સ્વતંત્રતા સંગ્રામના અગ્રણી મહિલા નેતા મોડ ગોન મૅકબ્રાઇડ (Maud Gonne MacBride) સાથે થયો. મોડ ગોને પેરિસમાં 'યંગ આયર્લૅન્ડ સોસાયટી' સ્થાપી હતી અને તેઓ ભારતના દુ:ખ-દર્દ વિશે ૧૯૦૦ની સાલથી લેખો લખતાં હતાં. મોડ ગોનના પુત્ર શેન મેકબ્રાઇડે પોતાની આત્મકથામાં લખ્યું હતું કે તેમના પૅરિસના ઘરે આઇરિશ અને ભારતીય ક્રાંતિકારીઓ સતત આવતા-જતા અને રોકાતા હતા.

શાર્લોટ ડેસ્પાર્ડની કહાની અત્યંત ચોંકાવનારી છે. તેઓ એક શ્રીમંત આઇરિશ પરિવારમાંથી આવતાં હતાં અને તેમના સગા ભાઈ ફિલ્ડ માર્શલ લૉર્ડ ફ્રેન્ચ (Field Marshal Lord French) ૧૯૧૮માં આયર્લૅન્ડના બ્રિટિશ વાઇસરૉય હતા! ભાઈ આયર્લૅન્ડમાં બ્રિટિશ શાસન ચલાવતો હતો અને બહેન શાર્લોટ બ્રિટિશ સામ્રાજ્ય સામે બળવો પુકારીને ભારતીય અને આઇરિશ ક્રાંતિકારીઓને પોતાના ઘરે આશ્રય આપતી હતી! શાર્લોટે પોતાના પરિવારના વૈભવ કરતાં માનવતા અને આઝાદીના આદર્શોને વધુ મહત્ત્વ આપ્યું.

વિઠ્ઠલભાઈ પટેલે આયર્લૅન્ડની ચાર મુલાકાતો લીધી હતી:

૧. ૧૯૨૦ની પ્રથમ મુલાકાત : આ મુલાકાત બ્રિટિશ નજરોથી બચવા માટે ખૂબ જ ખાનગી રાખવામાં આવી હતી. તે સમયે તેઓ લંડનમાં કૉંગ્રેસના પ્રતિનિધિમંડળના સેક્રેટરી તરીકે મોન્ટેગ્યુ-ચેમ્સફોર્ડ સુધારા અંગે ચર્ચા કરવા હાજર હતા. ત્યાંથી તેમણે ગુપ્ત રીતે આયર્લૅન્ડ જઈને આઇરિશ સંસદ ('ડાલ ઇરન' - Dáil Éireann)ની સ્થાપના અને લડાઈનો અભ્યાસ કર્યો, અને ડબ્લિનમાં સ્પીકર માઇકલ હેયસ સાથે મુલાકાત કરી.

૨. ૧૯૨૭ની બીજી ચર્ચાસ્પદ મુલાકાત : વિઠ્ઠલભાઈ સત્તાવાર રીતે બ્રિટિશ હાઉસ ઑફ કૉમન્સની પદ્ધતિઓનો અભ્યાસ કરવા લંડન ગયા હતા. પરંતુ તેઓ ત્યાંથી ગુપ્ત રીતે ભારતીય રેલવે ફેડરેશનના પ્રમુખ જમનાદાસ મહેતા સાથે આયર્લૅન્ડ પહોંચ્યા. ડબ્લિનમાં તેમણે આઇરિશ મુક્ત રાજ્યના વડા ડબ્લ્યુ. ટી. કોસગ્રેવ અને તેમના મંત્રીઓ સાથે મુલાકાત કરી.

ત્યાર બાદ તેઓ ઉત્તરી આયર્લૅન્ડના પાટનગર બેલફાસ્ટ ગયા અને વડા પ્રધાન લોર્ડ ક્રેગાવનને મળ્યા. બેલફાસ્ટમાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન વિઠ્ઠલભાઈએ પોતાની નીડરતા દર્શાવતાં એક વિવાદસ્પદ નિવેદન આપ્યું:

"આયર્લૅન્ડ ભૌગોલિક રીતે એટલું નાનું છે કે તે બે અલગ-અલગ સરકારોનો આર્થિક અને રાજકીય બોજ ઉઠાવી શકે તેમ નથી."

બ્રિટને આયર્લૅન્ડના વિભાજન દ્વારા ઉત્તરી અને દક્ષિણી આયર્લૅન્ડ કર્યાં હતાં, અને વિઠ્ઠલભાઈનું આ નિવેદન બ્રિટિશ નીતિ પર સીધો પ્રહાર હતું. બ્રિટિશ અખબાર 'ધ ટાઇમ્સ'એ નારાજગી વ્યક્ત કરતાં લખ્યું કે વિઠ્ઠલભાઈ સરકારી ખર્ચે લંડન આવીને બ્રિટિશ શાસન વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં રત રહ્યા છે.

૩. ૧૯૩૨ની ત્રીજી મુલાકાત : આ મુલાકાત દરમિયાન વિઠ્ઠલભાઈ ડબ્લિનના સેન્ટ સ્ટીફન્સ ગ્રીન ખાતે મૅડમ માર્કીવિચના સ્મારકના અનાવરણ પ્રસંગે રાષ્ટ્રપતિ ઇમન ડી વેલેરા સાથે એક મંચ પર સાથે બેઠા હતા.

૪. ૧૯૩૨-૩૩નો અંતિમ પ્રવાસ : બગડતી તબિયત વચ્ચે પણ વિઠ્ઠલભાઈએ યુરોપ અને આયર્લૅન્ડમાં ભારતની આઝાદીનો અવાજ બુલંદ રાખ્યો.

વર્ષ ૧૯૩૨માં ભારત અને આયર્લૅન્ડ વચ્ચેની આ આત્મીયતા સત્તાવાર રીતે એક સંગઠનનું સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી. સંવત ૧૯૩૨માં જ્યારે વિઠ્ઠલભાઈ પટેલ લંડન આવ્યા, ત્યારે તેઓ શાર્લોટ ડેસ્પાર્ડને મળ્યા. બંનેએ નક્કી કર્યું કે ભારત અને આયર્લૅન્ડનાં આંદોલનોને એક તાંતણે બાંધવા એક સત્તાવાર સંસ્થા બનાવવી જોઈએ.

આ રીતે ડબ્લિનમાં વિઠ્ઠલભાઈ પટેલ, ગુજરાતના અન્ય એક અગ્રણી નેતા ઇન્દુલાલ યાજ્ઞિક અને આઇરિશ ક્રાંતિકારીઓ દ્વારા ઇન્ડિયન-આઇરિશ ઇન્ડિપેન્ડન્સ લીગ (IIIL)ની સ્થાપના કરવામાં આવી.

આ લીગના અગ્રણી સભ્યોમાં આયર્લૅન્ડની વીર મહિલાઓ – મોડ ગોન મૅકબ્રાઇડ, શાર્લોટ ડેસ્પાર્ડ અને મોલી વુડ્સ સામેલ હતા. આ લીગનો હેતુ બંને દેશો વચ્ચે સામ્રાજ્યવાદ વિરોધી પ્રચાર કરવાનો અને બ્રિટિશ સરકારના જુલમોનો આંતરરાષ્ટ્રીય સ્તરે પર્દાફાશ કરવાનો હતો. લીગે યુરોપ અને આયર્લૅન્ડનાં અખબારોમાં ભારતમાં થતા અત્યાચારો વિશે લેખો પ્રકાશિત કરાવ્યા.

જ્યારે વિઠ્ઠલભાઈ પટેલ યુરોપમાં આઝાદીનો અવાજ બુલંદ કરી રહ્યા હતા, ત્યારે ભારતમાં એક આઇરિશ મહિલા ભારતની સ્ત્રી-શક્તિને જાગૃત કરી રહી હતી – માર્ગરેટ કઝિન્સ (Margaret Cousins).

માર્ગરેટનો જન્મ આયર્લૅન્ડમાં થયો હતો. તેઓ આયર્લૅન્ડમાં મહિલા મતાધિકાર આંદોલનનાં ક્રાંતિકારી નેતા

હતાં અને ૧૯૧૦માં ડબ્લિન કેસલની સરકારી કચેરીઓના કાચ ફોડવા બદલ એક મહિનાની જેલ ભોગવી ચૂક્યાં હતાં. ૧૯૧૫માં તેઓ ભારત આવ્યાં અને પૂણેની 'ઇન્ડિયન વિમેન્સ યુનિવર્સિટી'માં પ્રથમ બિન-ભારતીય સભ્ય બન્યાં.

૧૯૨૯માં આયર્લેન્ડ જઈને તેમણે ડબ્લિન અને બેલફાસ્ટમાં 'ઇન્ડિયા ટુડે' વિષય પર ભાષણો આપીને ભારતની હકીકત જણાવી. ૧૯૩૦માં ભારત પરત ફરીને તેમણે વિદેશી કપડાંનો ત્યાગ કર્યો અને નખશિખ ખાદી ધારણ કરી. તેમણે તામિલનાડુ કૉંગ્રેસ કમિટીને પત્ર લખીને કહ્યું હતું: "જે મહિલાએ આયર્લેન્ડની આઝાદી માટે કામ કર્યું હોય, તે ભારતના મહાન સંઘર્ષમાં ખભેથી ખભો મિલાવીને ઊભી ન રહે તો જ નવાઈ."

માર્ગરેટ કઝિન્સે જિનેવામાં લીગ ઑફ નેશન્સની બેઠક વખતે ઇમન ડી વેલેરા સાથે મુલાકાત કરીને ભારતનો મત રજૂ કર્યો હતો. આંધ્રપ્રદેશના નેલ્લોરમાં ૩,૦૦૦થી વધુ લોકોની મેદનીને સંબોધતાં તેમણે કહ્યું હતું: " મને મારી આઇરિશ નાગરિકતા પર ગર્વ છે, પણ ભારત પોતાની લડાઈ અહિંસક માર્ગે લડી રહ્યું છે, જે અદ્ભુત છે."

ડિસેમ્બર ૧૯૩૨માં મદ્રાસમાં ખાદીની સાડી પહેરીને હજારો ભારતીયો સમક્ષ આપેલા જ્વલંત ભાષણ બદલ અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરી અને એક વર્ષની સખત જેલની સજા ફટકારી વેલ્લોર જેલમાં મોકલી આપ્યા.

વિઠ્ઠલભાઈ પટેલ લાંબો સમય જીવી ન શક્યા. યુરોપના અવિરત પ્રવાસો અને નાદુરસ્ત તબિયતને કારણે ૨૨ ઑક્ટોબર ૧૯૩૩ના રોજ સ્વિટ્ઝરલૅન્ડના જીનિવા નજીક વિલેજ-દુ-બેલરિવે ખાતે તેમનું અવસાન થયું. તેઓ પોતાના વતનને સ્વતંત્ર થતું જોઈ ન શક્યા. ૧૯૪૭માં ભારતે આઝાદી મેળવી અને છેવટે આયર્લેન્ડ પણ સંપૂર્ણ રીતે પ્રજાસત્તાક બન્યું.

કમનસીબે, ૧૯૩૩માં વિઠ્ઠલભાઈનું વહેલું અવસાન થયું અને ભારતની આઝાદી પછીનાં પ્રથમ ત્રણ વર્ષોમાં સરદાર પટેલે નાયબ વડાપ્રધાન તરીકે જે ઐતિહાસિક ભૂમિકા ભજવી, તેના કારણે વિઠ્ઠલભાઈનું નામ ઇતિહાસનાં પાનાંઓમાં ક્યાંક પાછળ ધકેલાઈ ગયું.

પરંતુ તેમનું યોગદાન કોઈ પણ રીતે નાનું નહોતું. જ્યારે ભારતનું બંધારણ ઘડાઈ રહ્યું હતું, ત્યારે બંધારણ સભાએ આયર્લેન્ડના બંધારણમાંથી પ્રેરણા લઈને જ ભારતીય બંધારણમાં 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' (Directive Principles of State Policy)નો સમાવેશ કર્યો હતો. આ બંધારણીય આદાનપ્રદાન વિઠ્ઠલભાઈ પટેલ જેવા કાયદાશાસ્ત્રીઓએ વાવેલા બીજનું જ ફળ હતું.

આ સમગ્ર ઇતિહાસ આપણને માત્ર રાજકીય ઘટનાઓ વિશે નથી જણાવતો, પરંતુ તે માનવીય સંબંધો, ત્યાગ અને વૈશ્વિક ભાઈચારાની પરાકાષ્ઠા દર્શાવે છે.

જ્યારે વિઠ્ઠલભાઈ પટેલ જેવા ગુજરાતી નેતા પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વિના યુરોપના ઠંડા હવામાનમાં રખડીને ભારત માટે આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવતા હતા, ત્યારે બીજી તરફ માર્ગરેટ કઝિન્સ જેવી આઇરિશ મહિલા ભારતમાં ખાદી પહેરીને જેલની સજા ભોગવી રહી હતી. આ બંને વચ્ચે લોહીનો કોઈ સંબંધ નહોતો, છતાં બંનેનો આત્મા એક જ આદર્શ – 'સ્વતંત્રતા અને માનવીય ગૌરવ' – માટે તડપતો હતો.

સાચી આઝાદી માત્ર સરહદોથી સીમિત નથી હોતી. તે બે દેશો વચ્ચેના પરસ્પર આદર અને ભાઈચારા પર ટકેલી હોય છે. પંડિત શ્યામજી કૃષ્ણવર્માથી લઈને વિઠ્ઠલભાઈ પટેલ સુધીના ગુજરાતના સપૂતોએ સાબિત કર્યું કે તેઓ માત્ર પોતાની સીમાઓ પૂરતા મર્યાદિત નહોતા, પરંતુ વૈશ્વિક સ્તરે માનવતાનાં મૂલ્યો માટે લડ્યા હતા.

કરમસદના આ સપૂતે બ્રિટિશ શાસનને પોતાના બૌદ્ધિક કૌશલ્યથી હંફાવ્યું અને ભારત-આયર્લેન્ડ વચ્ચે મિત્રતાનો એક એવો મજબૂત સેતુ બાંધ્યો, જે આજે પણ ઇતિહાસનાં પાનાંઓમાં સોનેરી અક્ષરે અંકિત છે. રોબક હાઉસની વીરાંગનાઓ, ખાદીધારી માર્ગરેટ કઝિન્સ અને ગાંધીટોપીવાળા વિઠ્ઠલભાઈ પટેલના ત્યાગને આપણે ક્યારેય ભૂલવો ન જોઈએ. આ વાર્તા સમયની સરહદોને ઓળંગીને આપણને શીખવે છે કે અન્યાય સામેની લડાઈમાં આખી દુનિયાના પીડિતો એક જ પરિવારના સભ્યો છે.

સુભાષપોળ, કરમસદ - ૩૮૮૩૨૫
મો. ૯૮૭૯૫ ૪૦૩૪૯





સંગ રાધા ને શ્યામ...
બિલ્વા જાની
મો. ૮૮૬૬૩૫૬૧૧૭



શૃંગાર
ભાર્ગવી ભટ્ટ
મો. ૬૩૫૨૮૧૭૬૬૨

નવલિકા સંપુટ

ડૉ. દિનકર જોષી	અવિનાશ પરીખ
મધુ રાય	માવજી મહેશ્વરી
ડૉ. શરદ ઠાકર	દર્શનાબેન ભગલાણી
ડૉ. કેશુભાઈ દેસાઈ	પિનાકીન દવે
રાઘવજી માધડ	પ્રફુલ્લ કાનાબાર
ડૉ. ચંદ્રકાન્ત મહેતા	પ્રેમજી પટેલ
નટવર ગોહેલ	અન્નપૂર્ણા મેકવાન
રમેશ ત્રિવેદી	ડૉ. પન્ના ત્રિવેદી
ભી. ન. વણકર	પરીક્ષિત જોશી
નીતિન ત્રિવેદી	ઉત્તમ મેવાડા
દશરથ પરમાર	સંજય થોરાત 'સ્વજન'
નટવર પટેલ	ડો. રીતા ત્રિવેદી
ગિરીશ ભટ્ટ	કલ્પેશ પટેલ
રેખાબા સરવૈયા	મોના આર. જોષી



શેરીમા અકબંધ સ્મૃતિ
જાહ્નવી ભટ્ટ
મો. ૯૫૧૨૧૨૪૯૯૪

પેદના - સંવેદના

ડૉ. દિનકર જોષી

વાતમાં કાંઈ માલ નહીં ને તોયે બે દિવસથી હીરાબા ભારે અસ્વસ્થ હોય એવું પહેલી નજરે લાગે. હીરાબા એટલે ઉંમર વર્ષ ૭૮. દીકરો એટલે મોટો સરકારી ઑફિસર અને દીકરી એટલે એના પોતાના બંગલે સુખપૂર્વક માતૃસુખ ભોગવતી હેતાળવી છોકરી. વરસમાં ત્રણ કે ચાર દિવસ અખબારો પ્રગટ થતાં નથી એની માહિતી તો હીરાબાને હતી. હીરાબા કાંઈ અભણ નહોતાં. ભણેલાં ગણેલાં અને વ્યાવહારિક કામોમાં કુશળ. હીરાબા પાંચમાં પુછાય એવાં હતાં અને તોયે ઘરમાં કોઈને સમજાતું નહોતું કે હીરાબા આવડી ઉંમરે ઘરમાં બે દિવસથી ગઈકાલનું છાપું શોધી રહ્યાં હતાં. ગઈકાલે છાપું પ્રગટ નહોતું થયું એવું નહોતું, છાપાંઓ તો પ્રગટ થયાં હતાં, પણ ફેરિયો આ હીરાબાને દરવાજે છાપું મૂકવાનું ભૂલી ગયો હતો. આ જાણકારી દીકરાને તો થઈ પણ એ તો સમય થયો એટલે ઑફિસે જતો રહ્યો. હીરાબાએ ઢૂંઢાઢૂંઢ કરી અને તોય ગઈકાલના વાવડ ક્યાંય મળ્યા નહીં. ક્યાંથી મળે, કાલ કોઈને મળી છે?

હીરાબાને એક જ વાતની ચિંતા હતી. જ્યારે એમને પૂછ્યું ત્યારે એમણે કહી દીધું - "મને કાંઈ ગોઠતું નથી." વાત સાવ સાદી અને સીધી હતી. ગઈકાલનું છાપું હાથમાં આવે તો હીરાબા માટે તો બે જ મોટા સમાચાર. એક મરણનોંધ. આ મરણનોંધમાં કોઈ દૂરનું કે નજીકનું મળી જાય એટલે હીરાબા એની વાત યાદ કરવા માંડે. ઘરમાં કોઈને મુદ્દલ યાદ ન હોય અને તોય હીરાબા બધું વિગતે યાદ કરે. મરનાર સ્વર્ગે ગયા કે અન્યત્ર, એમની કોઈ વાત કોઈ જાણે નહીં. કોઈ ન જાણે પણ હીરાબા તોયે કહી દે - મરનાર તો ભગવાનના ધામમાં પહોંચી ગયા.

ગઈકાલનું છાપું હાથમાં આવ્યું નથી એટલે હીરાબા મૂંઝાતાં હતાં કે ગઈકાલે જેણે સ્વર્ગની વાટ પકડી હશે એની મને ખબર કેમ પડશે? દેખીતી રીતે કોઈને પણ થાય કે આ જનાર જણ ક્યાં અને ક્યારે ગયું હશે એની પંચાત કરવાની હીરાબાને શી જરૂર છે. હીરાબા તો એમને ઓળખતાં પણ ન હોય, પણ હીરાબાનો એક જ સવાલ ઊભો રહેતો - "કાલનું છાપું જો હાથમાં નહીં આવે તો કાલે કોણ ગયું એની મને ખબર કઈ રીતે પડશે?

દીકરો અને વહુ, બંને હીરાબાને સમજાવતાં અને પછી વાત પડતી મૂકતાં. હીરાબાનું એક જ વેણ-યુરોપ અમેરિકા, આફ્રિકા કે એશિયા ભલે યુદ્ધો થાય આપણે કાંઈ એને રોકી શકતા નથી, પણ ઓછામાં ઓછું આટલું તો જાણવું જ જોઈએ ને!

આવી જાણકારી માટે અજંપો કેળવવાની શરૂઆત બે મહિના પહેલાં થઈ. હીરાબા પહેલાં આવું નહોતાં કરતાં. બહુ બહુ તો કોઈ સગાંસંબંધીની પ્રાર્થનાસભામાં પોતે જઈ આવતાં કે વહુ-દીકરાને મોકલતાં. પણ જ્યારથી પેલા અકસ્માતની વાત એમણે વાંચી, એની તસવીરો છાપામાં જોઈ, કોણ જાણે કેમ એ પોતે અસ્વસ્થ થઈ ગયાં હતાં. ઓગણીસ વરસનો એક કૉલેજિયન રૂડો-રૂપાળો અને ભારે તેજસ્વી, રેલવે ગાડીના દરવાજા પાસેથી ભીડને કારણે બહાર ફંગોળાઈ ગયો અને આંખ મીંચીને ઉઘાડો એટલી વારમાં તો એ જતો રહ્યો. આ જતા રહેવાની વાતથી હીરાબા અજાણ નહોતાં. આવું તો એમના જીવનમાં કેટલીવાર બની ગયું હતું પણ આ છોકરાની વાત જુદી હતી. બે દિવસ પહેલાં જ આ છોકરો એની જનેતા મા સાથે હીરાબા પાસે આવ્યો હતો. એને એની કૉલેજ માટે ફી જોઈતી હતી. હીરાબાએ એ ફી આપવાનું કબૂલ્યું પણ હતું. બે દિવસ પછી તો એ ફી લઈ જવાનો હતો, પણ આજે...

આવું કેમ ચાલે? ભગવાનના ધામમાં આવું તે કાંઈ હોય! આ છોકરો ઓચિંતાનો ક્યાંનો ક્યાં જતો રહ્યો. એ જતો રહ્યો એની પ્રાર્થનાસભાની વાત જે દિવસે અખબારોમાં છપાઈ એ અખબાર હીરાબાને મળ્યું નહીં. બસ, આ અસંતોષ હીરાબા બીજે દિવસે, ત્રીજે દિવસે, ચોથે દિવસે છાપું હાથમાં લેતાંવેંત પ્રગટ કરતાં. હવે બીજે દિવસે છાપું લેતાંવેંત મરણનોંધ ઉપરાંત આવા અકસ્માતોની નોંધ પણ જોવા માંડી. ક્યાંક

મોટર ઊંધી વળી ગઈ અને બે-ચાર માણસો મરી ગયા, ક્યાંક કોઈક નોકરિયાત હાથમાંના લંચબૉક્સ સાથે ફેંકાઈ ગયો હોય અને લોકોનું ટોળું આવા ઢોળાયેલા લંચબૉક્સ સામે જોયા કરતું હોય, હીરાબાથી આ સહન થતું નહોતું. એ મરનારની ઉંમર કેટલાં વર્ષની હતી એ જાણતાંવેંત હીરાબા કહી દેતાં - "આપણા રમુકાકા પણ આવા જ હતા. એમની આવી જ લેણાદેણી થઈ હતી. પોતાની જ ગાડી ચલાવતા હતા ને કોણ જાણે કેમ આજની જેમ જ ફેંકાઈ ગયા. બિચારા રમુકાકા!

પણ પછી તો આવું રોજ બનતું ગયું. છાપું તો રોજે આવે અને છાપામાં રોજેરોજ કોઈ ને કોઈ અકસ્માતથી નીપજેલા અપમૃત્યુની વાત પણ છપાયેલી જ હોય. હીરાબા એમને વાંચતાંવેંત કહી દે - "આ જુઓ, આજે અકસ્માતમાં આ એક છોડી કપાઈ ગઈ છે. ભગવાન દીકરીનેય ન છોડે! આવું તો કાંઈ હોય! દીકરીએ તો આ પૃથ્વી પર જન્મ લીધો હોય તો પિયરમાં, સસરાપક્ષે, મોસાળમાં, આગળપાછળ, પાડોશીઓ માટે સેવાધર્મ જ બજાવ્યો હોય. આવી દીકરીને કાંઈ આમ ઉપાડી જવાય! દેવપૂજામાં ક્યાંય ચોકો નહીં કરનારાં હીરાબા જાણે દેવને વઢતાં.

એમાં એક દિવસ એવું બન્યું કે કોઈક નિશાળના ફળિયામાં ઊગેલા પીપળાના ઝાડની એક ડાળી તૂટી પડી. આ ડાળી પડવાને કારણે ત્રણચાર બાળકો ચગદાઈ ગયાં. એમાંનું નવ વર્ષની ઉંમરનું એક બાળક... ઉપરવાળાનો આ પ્રહાર જાણે હીરાબાના માથે જ થયો હોય એમ એ કકળી ઊઠ્યાં. ભગવાનની આરતી ઉતારતાં, પૂજા કરતી વેળાએ એમણે બળાપો વ્યક્ત કર્યો - "હે હજાર હાથવાળા, તું તો પીપળો છે ને પીપળો તો ખુદ ભગવાનનો અવતાર છે. તું જ ભગવાન થઈને જો તારાં સંતાનોને જ આમ મારી નાખશે તો અમે જશું ક્યાં? રહેશું ક્યાં? આરતી કોની ઉતારશું? પૂજા કોની કરીશું?

ભગવાનના આ અન્યાયની હીરાબાને કેટલાય દિવસ સુધી યાદ રહી હતી. કહેતાંયે ખરાં કે ખુદ હજાર હાથવાળો જો અન્યાય કરશે તો આપણે ક્યાં જઈશું. એવું કાંઈ નહોતું કે હીરાબાને પોતાનાં દુ:ખોની ફરિયાદ કરવાની ટેવ પડી જાય. ફરિયાદ કરવાનું હીરાબાને કોઈ કારણ જ નહોતું. હીરાબા પોતેય આ વાત જાણતાં હતાં. એમાંય જ્યારે જાત્રાએ ગયેલા વૃદ્ધજનોની એક બસ ખાઈમાં પડી ગઈ અને એ વૃદ્ધોના મૃતદેહોને બહાર કાઢતાં સરકારી કર્મચારીઓને પૂરા બે દિવસ લાગ્યા એ જાણીને તો હીરાબા માનસિક રીતે તૂટી ગયાં. સવારની પૂજા રોજની જેમ જ કરી. બીલીપત્ર, દર્ભ, તુલસીપાન આ બધું મંત્રોચ્ચારો સાથે પરમાત્માને અર્પણ પણ કર્યું, આરતી પણ ઉતારી, પણ એ જ દિવસે સાંજે એમણે તુલસીક્યારે પ્રભુને પ્રાર્થના પણ કરી - "હે મારા નાથ, જો તારે દર્શને આવતા આ વૃદ્ધોને આવા કમોતમાં ધકેલી દઈશ તો કાલે સવારે આવાં દર્શને આવતાં માતાપિતાને એમનાં સંતાનો રોકી દેશે. તારે અમને તારી પાસે લઈ જવા છે. ક્યાંક આવા ખાડામાં બબ્બે દિવસ સુધી પડ્યા રહે એવું કરવું છે. પણ આ પછી હીરાબાનાં મનમાં ભગવાન માટે એક નહીં, અઢાર સવાલ ઊભા થયા. અત્યાર સુધી હીરાબાએ કોઈ પાસે કોઈના વિશે ફરિયાદ કરી નહોતી. એમાંય ખાસ કરીને ભગવાન ઉપર તો ગળા સુધી વિશ્વાસ. પ્રભુ કરે તો કાંઈ ખોટું ન કરે. પ્રભુને બધી જ ખબર હોય. પૃથ્વી ઉપર કોણ આવે કે જાય એની જરીયે જરી નોંધ એમની પાસે હોય. જેણે પોતાના રસોડામાં ચૂલો પેટાવતી વખતે ગાય-કૂતરા માટે પહેલો રોટલો ટીપ્યો હોય એની નોંધ રાખીને એનું વળતર આપ્યા વિના ન રહે. એનાથી વિરુદ્ધ કીડિયારામાં મરી જતાં જંતુઓને બચાવનાર પણ તું તો જાણતો જ હોય. આવો આ ભગવાન આવું કરે?

ભગવાનને જે કરવું હોય એ તો એમણે કર્યે જ રાખ્યું. હીરાબાનો કોઈ વિલાપ એણે સાંભળ્યો હોય કે નહીં એ તો કોણ જાણે, પણ ઓગણીસ વરસના પેલા કૉલેજિયન વિદ્યાર્થીને ફી આપવાનું વચન એળે ગયું, એની પારાવાર વ્યથા હીરાબાના અંતરમાં તો ઘૂંટાતી જ રહી. અને એમાંય એક સમાચાર એવા આવ્યા કે હીરાબા ભગવાનને બે હાથ જોડીને માથું પૂજાપાના સિંહાસનમાં પધરાવેલા ઠાકોરજીનાં ચરણમાં મૂકીને આટલું જ બોલ્યાં - તું તો હજાર હાથવાળો છે, તારે જે કરવું હોય એ ભલે કરે અને જેણે જે કર્યું હોય એનાં કરમ, પણ તું ક્યાં નથી જાણતો. તું જે કરે તે. પણ કાલે અમને કોઈને એવું ન લાગે કે ભગવાન આવું કરે?

બી/૬૦૪, મહાવીર મજેસ્ટી, પટેલનગર સિગ્નલની પાસે, એમ.જી. રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭
મો. ૯૯૬૯૫૧૬૭૪૫

ઘાઇજેકર

મધુ રાય

બડાભાઈને ખ્યાલ આવ્યો કે પાછળની સીટનો બાબો ઝીણી ઝીણી આંગળીથી તેમના માથે થપથપ કરે છે. અને પ્લેનમાં હિન્દી ફિલ્મ ચાલે છે. અને પોતે એમિરાતની ફલાઇટમાં બેઠા છે.

બડાભાઈની સીટ પહેલી રો-માં હતી એટલે તેમના પગ લાંબા કરેલા હતા. બાજુની સીટની યુવતી સકીના સતત વાતો કરતી હતી. સકીનાએ જણાવેલું કે તેમની એરહોસ્ટેસ એક એકટ્રેસ જેવી લાગે છે. પછી સકીનાએ ઊંધા ફરીને પૂછેલું કે આ કોના જેવી લાગે છે? પાછળની સીટવાળી મંજુએ તરત કહેલું કે કેમ, વિદ્યા બાલન જેવી. સકીનાને તે વાત મંજૂર નહોતી. નો નો, કમોન. વિદ્યા બાલનનું નાક તો આના કરતાં લાંબું છે, (મંજુના પતિને) હે ના? (લાંબો હોઠ,) પતા નહીં યાર, હમ ફિલમ નહીં દેખતે, મંજુએ કહેલું, ઓકે, વેઇટ વેઇટ...

બડાભાઈની આંખો મળી તે પહેલાં પાછળની સીટનો બાબો રોહિત હાલકડોલક થતો તે બંનેની પાસે આવેલો. સકીનાએ તેને તેડીને બડાભાઈને બાતમી આપેલી કે રોહિતની મા મંજુ ગુજરાતી હતી, તેના બાપા સિંધી હતા. તેમનું પ્રેમલગ્ન હતું. વિદ્યા બાલન ખાવાનું લાવેલી ત્યારે વેજિટેરિયનને બદલે કશીક ગરબડ થયેલી. ત્યારે પ્રેમલગ્નવાળી મંજુએ ધરાર તેમને ભાથામાંથી મેથીનાં થેપલાં, સૂકી ભાજી ને છૂંદો આપેલાં, ને તે ખાઈને બડાભાઈને ઘેન ચડેલું. તે છેક કેટલી વારે તેમને ખ્યાલ આવેલો કે રોહિત ક્યારનો તેમના માથાને વીંખતો હતો. પછી તેમના કાન ખેંચવા લાગેલો. પાછળ મંજુ અને કિસન ઘસઘસાટ ઊંઘતાં હતાં. સકીના રોહિતને ફુસફુસ કરીને કહેતી હતી કે દાદાના કાનના વાળ ખેંચ, ખેંચ, જોરથી ખેંચ. રોહિત સમજતો હતો કે નહીં તેની બડાભાઈને જાણ નહોતી. અચાનક રોહિત જોર કરીને બડાભાઈના ખભે ચઢી આવ્યો ને પ્લેનના આંચકાથી બડાભાઈના ખોળામાં ઊથલી પડ્યો. આપોઆપ બડાભાઈએ તેને બાથમાં પકડી લીધો ને ગાલે બચી કરી દીધી. રોહિત કુતૂહલથી બડાભાઈના ચહેરા સામે ટકટક જોવા લાગ્યો. પછી તેનું ધ્યાન તેમની કાતરાવાળી મૂછો તરફ ગયું. સકીના ફરી તેને શીખવવા



લાગી, ખેંચ, ખેંચ, દાદાની મૂછ ખેંચ. આ વખતે કદાચ રોહિત સમજ્યો ને મૂછો ખેંચવા લાગ્યો.

બડાભાઈએ રોહિતને સકીનાના ખોળામાં પાર કરી રોહિતના ઓહ! માખણ જેવા ગાલ ઉપર ગલી કરી. સકીના હવે રોહિત સાથે વાર્તાલાપમાં સરી ગઈ હતી. રોહિત ટકટક જોતો હતો. સકીનાની ઓઢણી તેને પસંદ ન હોય તેમ તે તેને વારે વારે ખસેડતો હતો. સકીના રોહિતના ગાલની ચામડી વહાલથી ચૂમતી હતી. રોહિતને તે પસંદ ન હોય તેમ તે છૂટી જતો ને સકીનાની ઓઢણી ખેંચતો હતો. બડાભાઈએ રોહિતના માથે નિ:સંકોચ હાથ ફેરવ્યો.

બડાભાઈ પુત્રના તેડાવ્યા હ્યુસ્ટન આવેલા ત્યારે શરૂમાં પોતાનાં પૌત્રપૌત્રીને વહાલથી ઉપાડી રમાડતા ને બચીઓ કરતા. પરંતુ તેમની પુત્રવધૂ સુષમાએ એક વાર તેમના હાથમાંથી પૌત્ર નીલને આંચકી તીખાશથી કહેલું કે બિહેવ યોરસેલ્ફ, બડાભાઈ! અને તે પુત્રની બરાબર સામે કહેલું. પુત્રે મજાકના દેખાવથી ખભા ઉલાળી હાથ ઊંચા કરેલા.

બડાભાઈ તે તો કેવું નામ? સકીનાએ બડાભાઈના ખભે ધક્કો મારીને પૂછેલું. બડાભાઈએ ડરાવનું મોં કરીને જણાવ્યું કે બચપનથી જ તેમનું હાડ મોટું હતું ને બળવંતરાયભાઈને બદલે બધા પહેલેથી તેમને બડાભાઈ કહેવા લાગેલા, ને પછીથી શાખામાં તેમની ઊંચાઈના લીધે ગણનાયકથી માંડીને સ્વયંસેવકો પણ બડાભાઈ કહેવા માંડેલા. મૅજિસ્ટ્રેટ બન્યા પછી તો તેમની હાક વાગવા માંડેલી ને બધા...

તો તમે વન ઓફ ધોસ શાખા પીપલ છે? સકીનાએ ખડખડ હસીને પૂછેલું. બડાભાઈએ નેહરુ જાકીટના ખિસ્સામાંથી ગાંધીટોપી કાઢી બતાવતાં કહ્યું, માણસ તો મેની પીપલ હોય છે, યુ નો. બડાભાઈ કૉલેજમાં સેવાદળમાં જોડાયેલા. ઓહ તો કૉન્ગ્રેસી છોવ? મેં કહ્યું ને, કે માણસ મેની પીપલ હોય છે. યુનિવર્સિટીમાં કૉમ્યુનિસ્ટ ફિલોસોફીથી અંજાયેલો. બડાભાઈની છાતીએ સકીનાએ આંગળી ખૂંચાડી ડોકું લંબાવી આરોપના સ્વરે કહ્યું, હાહ! યુ આર એ નક્સલવાદી, યાહ? તમારી પાસે ગન છે? આ પ્લેન હાઈજેક કરવાના છે? નાહ, બડાભાઈએ હાથ લંબાવી રમતમાં શરીક થતાં કહ્યું. સકીનાએ ડરાવના અવાજે પૂછ્યું, હું આર યુ? બડાભાઈએ મૂછે તાવ દઈ જવાબ આપ્યો. સિમ્પલ બડાભાઈ. ને મારી પાસે ગન નથી. તમારી પાસે ગન છે? મારી પાસે ફક્ત અઢાર ડૉલર છે, લઈ લો! સકીના તેમના ખભે માથું ભટકાડીને ખિલખિલ હસી પડી.

બડાભાઈ બાળકો સાથે ગુજરાતીમાં બોલે તે તેમની પુત્રવધૂ સુષમાને મંજૂર નહોતું. તેમની સ્કૂલના કાઉન્સેલરનું કહેવું હતું કે છોકરાંઓ ગુજરાતી બોલે કે સાંભળે તો તેમને અમેરિકાના મેઇનસ્ટ્રીમમાં ભળવામાં વાર લાગે. ઘરમાં ગુજરાતી છાપું પણ લાવવાની મનાઈ હતી. સુષમા 'સુઝી' અને પુત્ર દિલીપ 'ડેલ' કહેવાતાં. પૌત્રનું નામ નીલ અને પૌત્રીનું નામ મોનિકા. ઘરમાં સુઝી અને ડેલ અંગ્રેજી બોલતાં. એકલા પડે ત્યારે બાપદીકરો ગુજરાતી બોલતા.

કોને ખબર ક્યારે રોહિત પાછલી સીટમાં તેનાં માબાપ પાસે ચાલ્યો ગયેલો. ટી સર્વિસ શરૂ થઈ, વિદ્યા બાલન કે



જે બી હોય તે એરહોસ્ટેસે બડાભાઈને સ્મિત સાથે પૂછ્યું, કૉફી? ટી? સોડા? સકીનાએ બંને વતી જવાબ આપ્યો, ટી, ટી! મિલ્ક એન્ડ સ્પ્લેન્ડા. બડાભાઈના દીકરા ડેલના ઘરે કૉફી પિવાતી. ઘરમાં સ્પ્લેન્ડા એક તાળાવાળા ડબ્બામાં રહેતી. ઘણી વાર સુઝી સ્વગત બોલતી હોય તેમ દીવાલને જણાવતી કે એક પડીકીના ત્રણ સેન્ટ થાય છે.

વિદ્યા બાલને પ્લાસ્ટિકનો ઠીંગણો કપ ભરીને ચા, મિલ્ક ને સ્પ્લેન્ડા બડાભાઈ અને સકીનાની ટ્રે ઉપર મૂક્યાં. સકીનાએ મિલ્કનાં પડીકાં તોડી બંનેની ચામાં રેડ્યાં. સ્પ્લેન્ડા બંનેના કપમાં નાખી. પ્લાસ્ટિકના સાંઠીકડાથી બંનેના કપ હલાવી કહ્યું, લો દાદા.

દાદા? બડાભાઈએ તેની સામે ડોળા કાઢ્યા. સકીનાએ સામે આંખો કાઢી. સકીનાએ કહેલું કે તે બે દિવસ માટે ભરૂચ જતી હતી. અબ્બાનો સ્વભાવ બહુ ખરાબ હતો. તેની બહેનને તે જબરદસ્તીથી પરણાવી દેવાના હતા. સો અનફેઅર, તેની બહેનને એક છોકરા સાથે પ્યાર થયો હતો. પણ અબ્બાએ કોઈ લોકલ છોકરા સાથે તેની બહેનના નિકાહ કરાવવાનું બળજબરીથી તાત્કાલિક નક્કી કરી દીધેલું. આમાંનું કશું બડાભાઈએ પૂછ્યું નહોતું. પાછળની સીટવાળાં મંજુલોકો ક્યાં રહે છે, શું કરે છે, શા માટે ઈન્ડિયા જાય છે તે સઘળી બાતમી પણ તે જાણી લાવી હતી. દાદા! ચા ઠંડી થાય છે! ફરી દાદા? ફરી બંનેએ સામાસામા ડોળા કાઢ્યા. ઓકે, બડાદાદા, બડાદાદા, દાદાના ખભે માથું: દાદા, યુ આર ટૂ મચ!

બડાભાઈનાં પત્ની લતાબહેનના ચેસ્ટ એક્સ-રેમાં કાંઈ ડાઘો આવેલો તેથી તેની પૂરી છાનબીન પછી વિઝા મળવાનો હતો. હ્યુસ્ટનમાં બાળકો સાચવવા બડાભાઈને તરત બોલાવી લેવાયેલા. સુઝીના ઘરમાં બાળકોને સૂચના હતી કે દાદા નહીં, દાદાને બડાભાઈ કહેવાનું. દાદીનો ઉલ્લેખ થાય ત્યારે 'લાટા' કહેવાનું. અને અલબત્ત, કાયમ અંગ્રેજીમાં બોલવાનું.

આ ફ્લાઇટોમાં એક એક માર્શલ હોય છે, ખબર છે? સકીનાએ ધીમે અવાજે પૂછ્યું, પ્લેઇન ક્લોધમાં. એમની પાસે ગન હોય છે. પણ આ એરલાઇનના હાઇજેકને ચાન્સ ઓછા કહેવાય, મિયાભાઈની એરલાઇન છેને! સકીનાએ પોતાની ઓઢણી બુરખાની જેમ ચહેરા ઉપર વીંટીને ધીમા સાદે જણાવ્યું, પણ, હું તમને હાઇજેક કરીને મારા દાદા બનાવું છું. બડાભાઈએ ખુશીથી હેન્ડ્ઝ અપ કરી બતાવ્યા. સકીનાએ તેમના ખભે માથું ભટકાવ્યું, મજા આવે યાહ? જરાક કાંઈક તોફાન થાય તો? માર્શલ ગન લઈને ઢિશૂમ ઢિશૂમ ટેરરિસ્ટને ઠાર કરે તો, લાઇક, એક્સાઇટિંગ લાગે, ઓહ ગોડ, આ ફ્લાઇટ કેશ લેન્ડિંગ કરે ને આપણે બધાં હેપી ફેમિલીની જેમ કોઈ ટાપુ ઉપર છ-બાર મહિના ફસાઈ પડીએ. વોન્ટ યુ લાઇક ધેટ? સકીના હસવા લાગી. ઓફ્ફ કઈ એક્ટ્રેસ જેવી લાગે છે, હવે મારા મગજમાં આ વાત ફિટ થઈ ગઈ છે, ને મને ઊંઘ નહીં આવે, સકીનાએ જણાવ્યું. નોટ કરિશ્મા, નોટ કરીના...

સુઝી અને ડેલના ઘરમાં હિન્દી ફિલ્મોની ડીવીડીનો પથારો કાયમ વિખરાયેલો દેખાતો. બડાભાઈ તે સહેજ ગોઠવતા તો સુઝી કહેતી લીવ ઈટ એલોન! લોસ્ટ થશે તો ફાઈન કોણ આપશે? રૂમમાં બડાભાઈ બેઠા હોય તોયે તે ફર્નિચર હોય તેમ સુઝી ને ડેલ પાંખાં કપડે સામસામાં વળગીને 'મૂવી' જોતાં. તેમના વિશે વાતો કરતાં. તેમના બિલ્ડિંગમાં નાઇટ વૉચમૅનની જગ્યા ખાલી છે; રાતે જરાક દરવાજે બેસે તો આપણને ભારે ન પડે. બડાભાઈ ભારતથી સો ડૉલર સાથે લાવેલા. ચાનાસ્તો ભોજન ઘરે જ કરતા. ફરવા પગે જતા. પુસ્તકો લાઇબ્રેરીમાં વાંચી લેતા. સો લિસન, હની, મૅનેજર મારી ફ્રેન્ડ છે, સુઝી કહેતી હતી. અન્ડર ધ ટેબલ રાખવા તૈયાર છે. નો! ડેલે કહ્યું. બેબીસિટિંગ કરે છે, ઈનફ છે. ઓકે, ફાઈન. સુઝીએ ધૂંધવાટથી કહ્યું, ફાઈન! પણ કાઉન્સેલરનું કહેવું છે કે કિડ્ઝને ટચ બચ ન કરે; એ રીતે કિડ્ઝ ગ્રાન્ડફાધર સાથે વધુ એટેચ થઈ જાય ને પૅરેન્ટલોકોથી એલિયેનેટ થઈ જાય. વિચ ઈઝ ડેમેજિંગ લેટર ઓન.

ગોડ, તમે મેન લોકો કેવા છો! સકીનાએ ફરીથી બડાભાઈના બાવડે આંગળી ખૂંચાડીને આરોપના સ્વરે કહ્યું. મુસ્લિમ હીરોઝ ઓકે છે, પણ હીરોઈનો બધી તમારી હિન્દુ-હિન્દુ, કેમ? બડાભાઈએ કહ્યું, સોરી. સકીનાએ ગુસ્સો ચાલુ રાખ્યો. સુરૈયા, મધુબાલા, રેહાના, મીનાકુમારી, નરગિસ, કેવી બ્યુટીફૂલ મુસ્લિમ એક્ટ્રેસો હતી. હવે તમારી બધી જિન્સ પહેરેલી હિન્દુ હીરોઈનો, હટ! તમારી કરિશ્મા ને કરીના ને... ઓહ માય ગોડ! શી લુક્સ લાઇક કંકોણા! કંકોણા સેન! સકીનાએ ગેલથી બડાભાઈને થાપા મારવા માંડ્યા. પાછળ ફરીને મંજુને



કહેવા લાગી. કંકોણા સેન! રાઇટ? મંજુ હસી પડી. બાબો રોહિત ફરી બડાભાઈના વાળ વીંખવાની ફરજ ઉપર હાજર થયેલો. સકીનાએ રોહિતને ગાતાં ગાતાં કહ્યું, એય રો... હિત! આ તો મા...રા દાદા છે, તું કે... મ વાળ ખેંચે છે? હૈ? હૈ? હૈ? કહી તે રોહિતના ગાલે ચિંટિયા ભરવા લાગી. રોહિત કિલકારીથી હસવા લાગ્યો. સકીનાએ તેને ઉપાડીને બડાભાઈના ખોળામાં મૂક્યો, લો જરાક તમે રમાડો હવે, બિચારી મંજુને સૂવા દો જરાક! રોહિત ફરીથી બડાભાઈ સામે ટકટક જોવા લાગ્યો. સકીનાએ બડાભાઈની મૂછ તરફ ઇશારો કરી ફુસફુસ કરીને કહ્યું, ખેંચ ખેંચ, મૂછ ખેંચ!

એક વાર બડાભાઈ લાઇબ્રેરીથી પાછા આવ્યા ત્યારે ડેલ અને સુઝી વચ્ચે ગરમ અવાજે વાતો ચાલતી હતી. ભોગીભાઈની કેન્ડી શોપમાં ઝાડુંપોતું કરનાર જેનિટરની જરૂર હતી. ભોગીભાઈ અન્ડર ધ ટેબલ નોકરી આપવા તૈયાર હતા. તમારી મધર આવશે પછી બબ્બે જણાંની ખોરાકી આપવા હું રેડી નથી, સુઝીએ ડેલને કહી દીધું. ડેલે કહ્યું કે ઓકે, હની, હું મારા પગારમાંથી તેમની ગ્રોસરી લાવીશ. એમ? પછી તેમની લોન્ડ્રી? એ લોકો એક બેડરૂમ વાપરશે તેનું ભાડું? તારા પગારમાંથી તારો ગુટકાનો ખર્ચો તો નીકળતો નથી! ડેલ એક ઇન્ડિયન ગ્રોસરી સ્ટોરમાં કલાકના સાત ડૉલર લેખે કામ કરતો હતો. સુઝી કોઈ લૅબમાં પંદર ડૉલરના હિસાબે જોબ કરતી હતી. બડાભાઈને જોઈને સુઝીએ કહ્યું, લો આવ્યા લાઇબ્રેરીથી. કેન્ડી સ્ટોરમાં મૅગેઝિન છે, કામ કરો ને મૅગેઝિન વાંચો, તો માથે ના પડે! હની, પ્લીઝ. કિડ્ઝની સામે બૂમો ના પાડ, ડેલે સમજાવતાં કહ્યું. વ્હાય નોટ? સુઝીએ ત્રાડ પાડી. હજાર વાર ટોક્યા છે તોયે તે બચ્ચાંઓને ગાલે હાથ ફેરવે છે, તેડે છે, લાડ કરે છે. છાનામાના કેન્ડી આપે છે. ઓન્લી બેબીસીટિંગ કરવાનું છે, ઓકે?નો ટચિંગ, યુ હિયર મી? ધિઝ આર માય કિડ્ઝ, નોટ યોર્સ, ઓકે? પૌત્ર નીલે ઊંચા અવાજે કહ્યું, મોમ! પ્લીઝ? સ્ટોપ! સુઝીએ તેને ફટફટ તમાચા મારીને કહ્યું શટ અપ! શટ અપ! સી? સી? મારો સન અત્યારથી જ તમારી સાઇડ લે છે તે? ડેલે નીલને દૂર કરી ફરી સમજાવટથી કહ્યું, સુઝી. હની? કિડ્ઝ ઉપર હાથ ન ઉપાડાય, યુ નોવ ધેટ, પ્લીઝ. કાઆમ ડાઉન. ડેલે બડાભાઈને કહ્યું કે ડાયાબિટીસની દવાની આડઅસર છે, મનમાં ન લાવતા.

ઓહો! બાબો રોહિત બડાભાઈને ખોળામાં ઊભો રહેલો. કેવું નાઇસ, ને? સકીનાએ રોહિતને લઈ લીધો. લાડકા અવાજે તે રોહિતને સમજાવતી હતી, વન હેપી ફૅમિલી. રાઇટ? દાદાજી. ફાધર, મધર, બેબી, ને (પોતે) એક બટકબોલી આન્ટી. કંકોણા સેન જેવી ઍરહોસ્ટેસ પાસે આવીને રમૂજથી હેપી ફૅમિલીને જોવા લાગી.

રોહિતના નાક ઉપર નાક ઘસીને કંકોણાએ ગાતાં ગાતાં કહ્યું. કચ...રો લાવો, ટ્રે ઊં...ચી કરો, સીટ સી... ધી કરો, બેલ્ટ બાંધી લો. ચાલો ચાલો. કમ કમ. બધા વ્યવસ્થિત થયા, પંદર મિનિટમાં ટચ ડાઉન. મને ભૂલી ના જાતા ઓકે? દાદાજી? સકીનાએ આંખો નચાવી કહ્યું. હ્યુસ્ટન પાછા આવીને ફોન કરજો.

ઓપન અપ! હ્યુસ્ટન પોલીસ! અચાનક બારણે પોલીસ આવેલી. સુઝીના દીકરા નીલે સ્કૂલના કાઉન્સેલરને કહેલું, ને કાઉન્સેલરે પોલીસને જણાવેલું, કે સુઝી તેનાં બાળકોને મારે છે. વ્હોટ? ખડખડાટ હસતાં બડાભાઈએ પોલીસને ઘરમાં આવકારેલા. બેસો બેસો. ભારતથી વિઝિટ કરવા આવેલા રિટાયર્ડ મૅજિસ્ટ્રેટ તરીકે પોતાનો પરિચય આપતાં બડાભાઈએ પોલીસને સમજાવેલું કે નીલને તમાચો મારનાર તેની મા નહીં પણ (પોતે) તેના દાદા હતા. નીલ ઊછળી પડેલો, નો! નો! માય મોમ, માય મોમ. શી હીટ્સ મી ઓલ ધ ટાઈમ. મી એન્ડ માય સિસ્ટર. શી ઈઝ એ બેડ મધર. શી ઈઝ હોરિબલ. ખડખડ ખડખડ, બડાભાઈ ફરી હસી પડ્યા. પોલીસને સમજાવ્યા કે બાળક છે, માએ સહેજ ધમકાવ્યા હોય તો આવું બોલી બેસે. પોલીસે માથું હલાવી તેના સાથીદાર તરફ જોયું. સાથીદાર લેડી પોલીસ હતી. વોર્નિંગ આપી પોલીસ જતી રહી.

મુંબઈ આવવાને પંદર મિનિટની વાર હતી. સકીનાએ એક કાગળ ઉપર પોતાનો ફોન નંબર ને ઠેકાણું લખી આપ્યાં. ફોન કરજો, નહીંતર આ (મૂછ) ખેંચી લઈશ! ફક્ત બે દિવસ રહીને હું હ્યુસ્ટન પાછી આવી જવાની છું. તમે? બડાભાઈએ જવાબ આપવાને બદલે ફોન ડાયલ કરવાનો દેખાવ કર્યો. અચાનક સકીનાની આંખમાં ભીનાશ દેખાઈ. હું ફક્ત બે દિવસ રહીને પાછી જઈશ. તમે અમેરિકા પાછા ક્યારે આવશો?

પોલીસના ગયા બાદ તરત સુઝીએ રૌદ્ર રૂપ લીધેલું. એમ? તમે મારા સનને ભંભેરો છો કે તેની મોમ હોરિબલ છે? મારી રોટી ખાઈને મારી ખોદણી કરો છો? ડેલ! ડોન્ટ રિન્યૂ હિઝ વિઝા! બેબીસીટિંગ માટે મારી મધરને બોલાવીશું. મારે તારી સિક માનો ટીબી ડિઝીઝ મારાં કિડ્ઝને વળગે તેવું રિસ્ક નથી લેવું. કહી તેણે ડેલને ધક્કો માર્યો. યુ આર ઓલ સિક! સિક! સિક! સિ-ધાડ! સુઝીને નીચે પછાડી ડેલ તેને લાતો ફટકારવા માંડેલો. બાળકો ચીસો પાડવા માંડેલાં. બડાભાઈ બંડી પહેરીને ઘરની બહાર નીકળી ગયેલા.

હેં? કહો ને? તમે પાછા ક્યારે અમેરિકા આવવાના છો? સકીના પૂછતી હતી. હું તો બે દિવસથી વધુ ઈન્ડિયા ઠહેરવાની નથી. તમે જોજો ને. ટુ ડેયઝ, એન્ડ આય એમ બેક, પોતાની એમિરાતની ઓપન ટિકિટ વાપરી બડાભાઈ મુંબઈ પાછા આવેલા. હવે તે અમેરિકા પાછા જવાના નહોતા. કમોન! સકીના તેમને ધક્કો મારીને પૂછતી હતી, વ્હેન? પાછા અમેરિકા ક્યારે આવો છો? તેની આંખો જોતાં મૅજિસ્ટ્રેટસાહેબને ઝબકારામાં સમજાયું કે સકીના પણ હવે અમેરિકા પાછી જવાની નથી. ગુડ લોર્ડ! તેના અબ્બાએ તેની બહેનના નહીં, સકીનાના નિકાહ નક્કી કરેલા છે.

હીરોઈનો કોઈ મુસ્લિમ નથી. પ્લેન ક્રેશ લેન્ડિંગ કરે તો. ફરી ફરીને બે દિવસમાં પાછા આવવાની વાત. હું તમને હાઈજેક કરીને મારા દાદા બનાવું છું. ગુડ લોડ! તેને અબ્બાએ તેની બહેનના નહીં સકીનાના નિકાહ નક્કી કરેલા છે. સકીનાની આંખો જોતાં મૅજિસ્ટ્રેટસાહેબને ઝબકારામાં સમજાયું કે સકીના પણ હવે અમેરિકા પાછી જવાની નથી.

201, ST- PAULSAVE
APT-17-W, JERSEY CITY,
NJ-07306



અણસાર

ડૉ. શરદ ઠાકર

નિગમને લાગ્યું કે એ પાગલ થઈ જશે. આમ તો એ મજબૂત મનનો માણસ હતો; ગમે તેવા આઘાતજનક વિચાર, સમાચાર કે ઘટનાથી એ ડગી જાય તેવો ન હતો, પરંતુ આ માનસિક યંત્રણા છેલ્લાં ત્રણ વર્ષથી એનો પીછો છોડતી ન હતી. એના મુન્નાની મા નિર્ઝરી હતી, એ તો સ્પષ્ટ હતું. નિર્ઝરીની પ્રસૂતિ સમયે તે પોતે લેબર રૂમમાં હાજર હતો. લેડી ગાયનેકોલોજિસ્ટે જ આગ્રહ રાખ્યો હતો, 'લેબર રૂમમાં પતિની હાજરી પ્રસૂતાનું મનોબળ ટકાવી રાખવામાં સહાયરૂપ બને છે.' નિગમે સગી આંખે નિર્ઝરી નામના સુંદર છોડ પર ખીલતું મુન્ના નામનું ખૂબસૂરત ફૂલ જોયું હતું માટે એના વિશે શંકાને કોઈ અવકાશ ન હતો.

જે કંઈ શંકા હતી તે પિતૃત્વ વિશે હતી. મુન્નાનો કોઈ પિતા તો હશે જ, પણ એ કોણ? પોતે? કે પછી પેલો ? પેલો એટલે નિગમની પત્ની નિર્ઝરીના જીવનમાં આવી ગયેલો પહેલો પુરુષ. એનું નામ સંદીપ. નિર્ઝરીએ જ લગ્નનું નક્કી થતાં પહેલાં નિગમને જણાવી દીધું હતું, 'પછીથી તમને કોઈ કહે તો તમને મનદુ:ખ ન થાય એટલે હું કહી દઉં છું કે મારે એક બોયફ્રેન્ડ હતો. અમે બે વર્ષ સુધી સ્ટેડી રિલેશનશિપમાં રહ્યાં. હવે એ મારો ભૂતકાળ બની ગયો છે. જો તમે મને તમારા વર્તમાન તરીકે સ્વીકારવા તૈયાર હો તો હું વચન આપું છું કે તમે જ મારું ભવિષ્ય બની રહેશો.'

નિગમ અંદરખાને તો ખળભળી ગયો હતો. એ સ્વભાવથી ભારે પઝેસિવ હતો. એની પત્ની સાથે કોઈ પરાયો પુરુષ એકાંતમાં પાંચ મિનિટ વાત કરે તો પણ એ સહન ન કરી શકે. એને બદલે આ તો પૂરાં બે વર્ષનો મામલો હતો. એણે જો નિર્ઝરીના સ્થાને બીજી કોઈ યુવતી હોત તો એ 'મને મંજૂર નથી' એવું બોલીને ઊભો થઈ ગયો હોત! પણ આ તો નિર્ઝરી હતી. આવી સુંદર સ્ત્રી એની પત્ની હોય એવું તો નિગમે સ્વપ્નામાં પણ નિહાળ્યું ન હતું છતાં એણે આટલું તો પૂછી જ લીધું, 'સંદીપ તારો બોયફ્રેન્ડ હતો. એનો અર્થ એટલો જ ને કે સાથે હરવું-ફરવું, ચા-કૉફી, પિકચર અને ફ્રેન્ડ સર્કલ સાથે પિકનિક માણવી. એ ઉપરાંત ક્યારેય લક્ષ્મણરેખા ?'

નિર્ઝરી જબરી નીકળી. એણે લક્ષ્મણરેખાવાળી વાત અડધેથી જ કાપી નાખી, 'મારાથી જેટલું કહી શકાય તેવું હતું એટલું મેં તને જણાવી દીધું. વધારે ઊંડા ઊતરવાનો પ્રયત્ન કરીશ તો મને કાયમ માટે ખોઈ બેસીશ. મારી મરજી વિરુદ્ધ મારા મોઢામાંથી તું એક પણ વાત કઢાવી નહીં શકે. તારો નિર્ણય જણાવી દે. તને મારામાં રસ છે કે મારા અતીતમાં?'

નિગમ નિર્ઝરીને જોઈ રહ્યો. એનો રૂપાળો ચહેરો અત્યારે ગુલાબી રંગ ત્યજીને ગુસ્સાથી લાલ રંગ પકડી રહ્યો હતો. એની પાણીદાર આંખો ધારદાર બની રહી હતી. એનો મીઠો અવાજ ભાલાની જેમ ભોંકાઈ રહ્યો હતો. એને લાગ્યું કે નિર્ઝરી શાંત હતી ત્યાં સુધી ફક્ત સુંદર લાગતી હતી, હવે ક્રોધના કારણે તે અતિ સુંદર લાગી રહી હતી.

લગ્ન થઈ ગયાં. સુહાગરાતનું સુખ એવું નશીલું રહ્યું કે નિગમના મનમાં નિર્ઝરીના અતીત વિશેનો જે થોડોઘણો ડંખ રહી ગયો હતો તે પણ વિસરાઈ ગયો. નિર્ઝરી પણ ખુશ હતી. કે પછી ખુશ લાગતી હતી?

આ 'ખુશ હતી કે ખુશ લાગતી હતી' આ સવાલનો જવાબ લગ્નજીવનનાં બે વર્ષ પૂરાં થયાં પછી બહાર દેખાવા લાગ્યો, જ્યારે એમના ઘરમાં સંતાનનું આગમન ન થયું.

એક રાત્રે નિર્ઝરીએ પતિને પૂછ્યું, 'સ્વીટહાર્ટ, તને પપ્પા બનવાની ઉતાવળ નથી થતી?'

'મારી વાત છોડ, તારી વાત કર.' નિગમે જવાબ ટાળ્યો.

નિર્ઝરીને ટાળવી અઘરી હતી, 'મારે તો મા બનવું છે. જેમ બને એમ જલદી. હું તો ગઈકાલે મારી ફ્રેન્ડ સીમાને લઈને ગાયનેકોલોજિસ્ટને મળી આવી. એમણે કહ્યું કે મારામાં તો બધું નોર્મલ લાગે છે. મારા બીજા ટેસ્ટ્સ કરાવતાં પહેલાં તારો લૅબ ટેસ્ટ કરાવી લેવાની એમણે

સલાહ આપી છે.' નિર્ઝરીએ કહ્યું.

'મારો ટેસ્ટ?' નિગમ તાડૂક્યો. થોડીઘણી રકઝક અને ઘણીબધી દલીલોના અંતે નિગમે નમતું જોખવું પડ્યું. એ પોતાના સીમેન ટેસ્ટ માટે તૈયાર થઈ ગયો.

ચાર દિવસ પછી નિગમનો રિપોર્ટ આવી ગયો. એ લઈને પતિપત્ની લેડી ડૉક્ટર પાસે ગયાં. ડૉક્ટરે રિપોર્ટ્સ વાંચીને કહ્યું, 'તમારો રિપોર્ટ સાવ ખરાબ નથી અને જેટલો હોવો જોઈએ એટલો સારો પણ નથી. પ્રેગ્નન્સી નહીં જ રહે એવું ન કહી શકાય અને આસાનીથી રહી જશે એવું પણ લાગતું નથી.'

વચ્ચે જ નિર્ઝરી બોલી ઊઠી, 'પણ મારે તો મા બનવું જ છે. ગમે તે ભોગે. માતૃત્વ ધારણ કરવા માટે હું ગમે તે કરવા તૈયાર છું.'

ડૉક્ટરે હસીને કહ્યું, 'ડોન્ટ વરી. હું તમારા પતિ માટે ટેબ્લેટ્સ લખી આપું છું. લાંબો કોર્સ છે પણ ચાલુ સારવારે ગમે ત્યારે રિઝલ્ટ મળી જાય એવું પણ બને.'

નિર્ઝરીના આનંદ અને નિગમના આશ્ચર્ય વચ્ચે સારવાર શરૂ કર્યા પછીના બીજા જ મહિને રિઝલ્ટ મળી ગયું. નિર્ઝરીનો પ્રેગ્નન્સી ટેસ્ટ પૉઝિટિવ આવ્યો. બસ, એ દિવસથી નિગમના મનમાં એક કુવિચારના કીડાએ સળવળાટ શરૂ કર્યો. આ પ્રેગ્નન્સી એના પોતાના કારણે જ હશે? કોઈ પણ દવાનું પરિણામ આટલું ઝડપી હોઈ શકે? કે પછી નિર્ઝરીએ કહ્યું હતું તે પ્રમાણે એ કોઈ પણ હદ સુધી ગઈ હોવી જોઈએ? અને આ હદનું નામ સંદીપ તો નહીં હોય ને?

બે-ત્રણ મહિના આ વિચારથી પરેશાન રહ્યા પછી એક દિવસ એણે નિર્ઝરીને પૂછી જ લીધું, 'તારો પેલો એક્સ-બોયફ્રેન્ડ શું કરે છે? ક્યારેય તને મળે છે ખરો?'

નિર્ઝરીના મોંમાંથી જે સાચું હતું તે નીકળી ગયું, 'સંદીપ ને? અરે, એ તો મને દર પંદર દિવસે મળી જાય છે. એનું અને આપણું બૅંક એકાઉન્ટ એક જ બ્રાંચમાં છે. અમે 'હાય-હલ્લો' કરી લઈએ છીએ.'

'એ પરણી ગયો કે હજુ સુધી વાંઢો જ બેઠો છે?' નિગમની પ્રશ્નોત્તરી એક ચોક્કસ દિશામાં જઈ રહી હતી.

નિર્ઝરીએ કહ્યું, 'એ તો જબરો નીકળ્યો. કોઈ પંજાબી કુડીને પરણી ગયો છે. એની વાઈફ જાણીતી મૉડલ છે. મારા કરતાં પણ વધારે બ્યુટીફૂલ છે. સંદીપે તો લગ્ન પછીના નવ મહિનામાં જ એને મમ્મી બનાવી દીધી. એ પણ ટ્વીન બેબીઝની. સંદીપ છે જ એવો. જસ્ટ લાઇક એ હી મેન !'

આ સાંભળીને નિગમને મનમાં ઝાળ લાગી ગઈ. નિર્ઝરી કહેવા શું માગતી હતી? ક્યાંક એની પ્રેગ્નન્સી પણ પેલા હી મેનનું કારસ્તાન તો નહીં હોય !

બસ, આ છેલ્લો સવાલ છેલ્લાં ત્રણ વર્ષથી નિગમને પજવી રહ્યો હતો. મુન્નાના જન્મ પછી પણ આ પજવણી શમી ન હતી, ઊલટાની વધી હતી. જે કોઈ મુન્નાને જુએ તે આટલું તો અચૂક બોલે જ, 'મુન્નો અદ્દલ એની મા ઉપર ગયો છે. એના પપ્પાનો તો જરા પણ અણસાર એનામાં નથી.'

આ સાંભળીને નિગમ બળીને રાખ થઈ જતો હતો.

સારી એવી મનોયાતના વેઠ્યા પછી નિગમે વિચાર્યું, 'મારો અને મુન્નાનો ડી. એન. એ. ટેસ્ટ કરાવી લઉં. દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.' પછી એને ખબર પડી કે ડી. એન. એ. ટેસ્ટ કરાવવા માટે નિર્ઝરીની સંમતિ હોવી ફરજિયાત છે. એની જાણ બહાર આવી તપાસ કરાવવી તે ગુનો બને છે. તો હવે શું કરવું?

જ્યારે આ માનસિક પીડા પર્વત જેવી થઈ ગઈ ત્યારે નિગમને એનો જિગરજાન મિત્ર સુકેતુ યાદ આવ્યો. બંને શૈશવકાળના ગાઢ મિત્રો. એક જ શેરીમાં રમીને મોટા થયા હતા. શાળાથી લઈને કૉલેજ સુધી સાથે જ ભણ્યા હતા. નિગમના મનમાં એવું ઠસી ગયું હતું કે એના જીવનમાં આવતી તમામ મુશ્કેલીનું સમાધાન માત્ર અને માત્ર સુકેતુની સહાયથી જ થઈ જતું હતું. એની આ માન્યતા સાવ ખોટી પણ ન હતી. પાંચમા ધોરણમાં ભણતા હતા ત્યારે નિગમને એના ક્લાસમાં ભણતા એક તોફાની વિદ્યાર્થી સાથે ઝઘડો થઈ ગયો હતો. વાત મારામારી સુધી પહોંચી ગઈ હતી. અણીના સમયે સુકેતુએ આવીને નિગમને બચાવી લીધો હતો. જો સુકેતુ આવ્યો ન હોત તો તે દિવસે નિગમનો અસ્થિભંગ નિશ્ચિત હતો!

કૉલેજમાં હતા ત્યારે સાથે ભણતી રૂબી નામની રૂપાળી છોકરીએ પ્રિન્સિપાલ પાસે જઈને ફરિયાદ કરી હતી, 'કોઈ છોકરાએ મને લવલેટર લખ્યો છે. આ રહ્યો એ પત્ર. મને નિગમ નામના છોકરા ઉપર શક છે. એ રોજ મને ટીકીટીકીને જોયા કરતો હોય છે.'

એ દિવસે પણ સુકેતુએ જ નિગમને બચાવ્યો હતો. પ્રેમપત્ર લખનાર અસલી સ્ટુડન્ટ વિશે માહિતી આપી દીધી હતી. આવી તો સેંકડો ઘટનાઓ હતી. પછી તો એવું થઈ ગયું હતું કે નાની નાની સમસ્યાઓ માટે પણ નિગમ સુકેતુની મદદ માગતો હતો.

આ સમસ્યા તો મોટી હતી. ખૂબ મોટી. માત્ર સુકેતુ જ મદદ કરી શકે એવડી મોટી. નિગમે વર્ષોથી મુંબઈમાં સેટલ થયેલા મિત્રને ફોન કર્યો. (મોબાઈલ ફોન ત્યારે આવ્યો ન હતો.) લેન્ડલાઈન ઉપર વાત કરી, 'સુકેતુ, હું મોટી મુશ્કેલીમાં સપડાઈ ગયો છું. આમાંથી માત્ર તું જ મને બહાર કાઢી શકે. આ વીકએન્ડમાં તું અમદાવાદ આવી જા.'

સુકેતુએ સહજ રીતે પૂછ્યું, 'ઇઝ ઇટ સો અર્જન્ટ? હું માર્ચ એન્ડિંગને કારણે ખૂબ વ્યસ્ત છું. એક મહિના પછી આવું તો નહીં ચાલે?'

'ના. તારા એક હજાર કામ પડતાં મૂકીને આવી જા. મારી જિંદગીનો સવાલ છે. કાં તો હું પાગલ થઈ જઈશ, કાં આત્મહત્યા કરી બેસીશ. મારી સમસ્યા વિશે કશું જ પૂછીશ નહીં. રવિવારે સાંજે તું મારી સામે બેઠો હોઈશ ત્યારે હું તને બધું જણાવીશ.' આટલું કહીને સુકેતુનો જવાબ સાંભળવાની રાહ જોયા વગર રિસીવર મૂકી દીધું. એને પૂરો વિશ્વાસ હતો કે સુકેતુ આવશે જ.

નિગમનો વિશ્વાસ સાચો ઠર્યો. રવિવારે બપોર પછીની ફ્લાઇટમાં સુકેતુ મુંબઈથી રવાના થયો. અમદાવાદ એરપોર્ટ પર ઊતરીને એણે નિગમનું સરનામું શોધ્યું. એની ડાયરીમાં સોસાયટીનું નામ લખેલું હતું, વિસ્તારની માહિતી પણ હતી, પરંતુ બંગલાનો નંબર ન હતો. નિગમના નવા ઘરે આ પહેલાં સુકેતુ ક્યારેય આવ્યો ન હતો. રિક્ષાવાળો એને સોસાયટીના મેન ગેટ પાસે ઉતારી ગયો. પાંચ મિનિટ પછી સુકેતુ નિગમના બંગલાની ડોરબેલ વગાડી રહ્યો હતો.

નિગમે બારણું ખોલ્યું. મુન્નો અને સુકેતુ ઊભા હતા. મહેમાનને છોડીને મુન્નો પાછો મિત્રો જોડે રમવા દોડી ગયો. બંને મિત્રો ભેટી પડ્યા. સોફામાં ગોઠવાયા પછી સુકેતુએ નિગમને ખખડાવવાની શરૂઆત કરી, 'તું ડફોળનો ડફોળ જ રહ્યો. તારા બંગલાનો નંબર આપવાનું તો તું ભૂલી જ ગયો.'


નિગમે ભૂલ કબૂલ કરી, 'રિયલી સોરી! ટેન્શનમાં ભુલાઈ ગયું. એ તો કહે કે નંબર જાણ્યા વગર તું કેવી રીતે મારા ઘર સુધી પહોંચી ગયો? વૉચમેનને કે બીજા કોઈને પૂછવું પડ્યું?'

સુકેતુ મોટેથી હસ્યો, 'ના રે! કોઈને પૂછવાની જરૂર જ ન પડી. સોસાયટીના પ્લે એરિયામાં 25-30 બાળકો રમતાં હતાં. એમાં એક બાળક પર મારી નજર પડી અને હું ઓળખી ગયો કે આ દીકરો નિગમનો જ હોવો જોઈએ. મેં તો તને સાવ નાનો હતો ત્યારથી જોયેલો છે. તારો દીકરો અદ્દલ તારી નાની આવૃત્તિ જેવો લાગે છે. મેં એને કહ્યું કે તારા ઘરે લઈ જા અને તે તારા સુધી લઈ આવ્યો.'

સુકેતુની વાત સાંભળીને નિગમ વિચારમાં પડી ગયો. એના તંગ ચહેરા પરની રેખાઓ શાંત થવા લાગી. નિર્ઝરી ગરમ-ગરમ ચા અને નાસ્તો લઈને આવી. સુકેતુને જે જાણવાની તાલાવેલી હતી તે વિશે પૂછી લીધું, 'નિગમ, ફોનમાં તેં કંઈક મોટી સમસ્યા વિશે વાત કરી હતી. હું મારાં તમામ કામ પડતાં મૂકીને તારા માટે જ દોડી આવ્યો છું. જોકે, હું માનતો નથી કે તારી આટલી મોટી સમસ્યા હું હલ કરી શકીશ. તું જણાવ કે તારો પ્રૉબ્લેમ શો છે?'

નિગમ સાવ હળવોફૂલ થઈને બોલી ઊઠ્યો, 'દોસ્ત! આ વખતે તો તારે કંઈ જ કરવું પડે તેમ નથી. તું અહીં આવ્યો એ સાથે જ મારા જીવનની સૌથી મોટી સમસ્યા દૂર થઈ ગઈ છે, એ પણ તારા કારણે જ. એ સમસ્યા કઈ હતી અને કેવી રીતે દૂર થઈ એ માત્ર નિગમ જ જાણતો હતો, નિર્ઝરી અને સુકેતુ એકબીજાનું મોં વકાસી રહ્યાં હતાં.

૮-એ, સ્મિતા નર્સિંગ હોમ, જલારામ પાર્ક સોસાયટી,
પ્રાણશંકર હૉલની બાજુમાં, પુષ્પકુંજ,
કાંકરિયા, અમદાવાદ. મો. ૯૪૨૬૩૪૬૧૮



...ન આવતા

ડૉ. કેશુભાઈ દેસાઈ

'...હાથ જોડું છું...

મને જીવતી જોવા માગતા હો તો એને મરતો જોવા ના આવતા. હવે એ થોડા દિવસોનો, કદાચ કલાકોનો જ મહેમાન છે. એને આ નઠારી દુનિયામાં જીવવું ના ફાવ્યું'. એનાથી આગળ ન બોલી શકાયું. ફરજ સમજીને સમાચાર આપ્યા પણ એ પછી સુમંતલાલનો પ્રતિસાદ સાંભળવાની એની તૈયારી નહોતી. એણે ફોન સાઈલંટ કરી દીધો હતો, છતાં સુમંતલાલ આવેશમાં આવી જઈ એને કાકલૂદી કરતા રહ્યા.

"પણ તું મારી ખબર પૂછવા તો રાત માથે લઈને દોડી આવી હતી! કોઈને પૂછવા પણ નહોતી ઊભી રહી. મારા એક્સિડન્ટના સમાચાર કોઈએ ફેસબુક પર મૂક્યા હતા અને તું પૂરપાટ કૅબ કરીને-તારા ઘરવાળાને ઊંઘતો મેલીને ઍપોલો હૉસ્પિટલ પહોંચી ગઈ હતી. હવે જ્યારે તારા દીકરાને માથે જોખમ ઊભું થયું છે એ વખતે તું મને ખબર પૂછવા આવવાની મનાઈ ફરમાવે છે? આવો ડર સમાજનો? તારો દીકરો તારો એકલીનો છે? તને થઈ રહી છે એવી જ પીડા મને પણ થતી હશે કે નહીં? આબરૂની ધાકમાં ને ધાકમાં તેં મને તો એ અઢાર વરસનો થયો છતાં એનું મોઢું સુધ્ધાં જોવા દીધું નથી... તારી અનુકૂળતાએ એના ફોટા અને વીડિયો મોકલે છે એટલું જ. એને બિચારાને ખબર પણ નથી કે એ કોઈ એવા બદનસીબ બાપની ઓલાદ છે જેને પોતે ક્યારેય જોયો નથી. એની સાથે એક ત્રાહિત શુભેચ્છક તરીકે વાત કરી શકતો હોત તોય મન વાળત. પણ સદંતર બંધી ફરમાવી દીધી છે, એની જણનારીએ જ.. બાપ થઈને હું મોત સામે ઝઝૂમતા મારા લોહીની ખબર ના લઈ શકું એ કેવું!"

સુમંતલાલને વર્ષાની વાત પર ગુસ્સો આવેલો, છતાં એમણે બહુ જ સંયમ રાખીને એમની પીડા વ્યક્ત કરી હતી. સામા છેડે ફોન સાઈલંટ થઈ ગયો હતો એટલે એ સમજી ગયા કે એને આગળ કંઈ કહેવું નિરર્થક છે. એણે ફોન બંધ કરીને સંકેત આપી દીધો હતો. હવે જે કંઈ બોલે એ તો ફોગટ જ જવાનું ને! એણે તો આડકતરી રીતે ચોખ્ખું જણાવી દીધું હતું કે તમારી સાથે આ મુદ્દે ચર્ચા કરવાની એની કોઈ ઇચ્છા જ નથી. તમે ગમે તેટલી કાકલૂદી કરશો તો પણ એ પથ્થર પર પાણી જેવું જ. પણ એથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો દીકરો મનની આંખો સામેથી થોડો દૂર ખસેડી શકાય એમ હતું ? એને જોવા તો એ જિંદગી



આખી તલસતા રહ્યા છે.

કુંડળીમાં છઠ્ઠીના એવા અવળા આંક પાડીને વિધાત્રી સરકી ગઈ હતી કે જુનવાણી જ્ઞાતિસમાજના વણલખ્યા કાયદા મુજબ સામું સાટું આપવાની જોગવાઈ નહીં હોવાથી આટલા ભણેલા ગણેલા ઊંચા પગારની નોકરી ધરાવતા-દસ પેઢીઓ અગાઉ મારવાડ પંથકથી ગુજરાતમાં ઊતરી આવેલા માલધારી સમાજના ફિલ્મી હીરો જેવા દીકરાને સમ ખાવા પૂરતી બૈરી જ ન મળી! પછી પંડના સંતાનનો તો સવાલ જ ક્યાં રહે છે? હા, એમને બરાબર યાદ છે: લગ્ન યોગ નહીં હોવા છતાં પ્રચ્છન્ન પુત્રયોગ હોવાની ભવિષ્યવાણી પેલા કાચના ગોળાવાળા નજૂમીએ જરૂર કરેલી! સંજોગોવશાત્ એ સાચી પણ પડી હતી, પણ એથી શું વળ્યું?

એમણે આંખો બંધ કરીને મહામૃત્યુંજય મંત્રનો જાપ શરૂ કર્યો. દેવાધિદેવ ભોળાનાથ જ મૃત્યુના પાશમાંથી એને છોડાવી શકે તેમ હતા. દીકરો ઘઉંના ખેતરમાં ઊગી નીકળેલા જંગલી છોડની જેમ ખીલી ઊઠ્યો હતો અને એની મા છેલ્લાં અઢાર વર્ષથી એકધારી એના વીડિયો બનાવી બનાવી છાનીછપની મોકલતી હતી. એનાં બાળોતિયાંની ગંધ અને કાલાંઘેલાં વેણથી લઈ દૂધિયા દાંત, માંજરી આંખો એ બધું જોઈ સાંભળી સુમંતલાલ મન વાળી લેતા. મોટો થશે એટલે તો મળી શકાશે ને! એનું પણ લોહી તપશે. સાચા બાપને મળવા એ પણ તલસશે... સુમંતલાલ વખત પૂરતું મનઘડંત આશ્વાસન લઈ લેતા અને વર્ષાના વળતા વીડિયો કૉલની કાગડોળે વાટ જોતા રહેતા. બીજું તો ઠીક, જે કુદરત દેખાડે એ જોયા કરવાનું, પણ દીકરો સાગના સોટાની જેમ સડસડાટ વધી રહ્યો હતો એ જોઈને હરખાતા.

બલકે બે-પાંચ વર્ષ એને ખાનગીમાં મળી લઈ કોઈ જાણે પણ નહીં એવી રીતે ચુપચાપ બોલીવુડની રંગીન દુનિયામાં પહોંચાડી દેવાના હવાઈ કિલ્લા પણ બાંધતા રહેતા. ત્યારે એમની અંદર સૂતેલો પૃથ્વીરાજ કપૂર જાગી ઊઠતો. ઘણો સંયમ રાખવા કોશિશ કરી હતી છતાં એકવાર એમનાથી વૉટ્સઍપ મૅસેજમાં લખાઈ ગયું હતું : મારો દીકરો તો રાજકપૂર છે રાજકપૂર. એ તારા ધણીની જેમ કરિયાણાની દુકાને થોડો બેસશે?

એમણે લાં... બો નિસાસો મૂક્યો. મનોમન ગણગણી રહ્યા : સપને હૈં સપને, કબ હુએ અપને?

ચાર-પાંચ મહિના અગાઉ એકાએક એને લોહીની ઊલટી થવા લાગી હતી. એનું શરીર નંખાઈ ગયું હતું અને લાંબી લૅબોરેટરી તપાસને અંતે નિદાન થયું હતું ત્યારે વર્ષાના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. એણે ઉતાવળે ઉદાસ હૈયે મૅસેજ કરીને જાણ કરી એ મુજબ ડૉક્ટરોએ તો હાથ ધોઈ નાખ્યા હતા. એને સિબલિંગની બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે તો બચી જાય એવો અભિપ્રાય મળતાંની સાથે જ એના પિતાએ ઊફરા મનથી એની નાની બહેન અને ભઈલાનું ટેસ્ટિંગ કરાવી દીધેલું પણ એ થોડું મેચ થવાનું હતું? મા જેવી મા થઈ ટેસ્ટ કરાવવાની પોતે ના પાડે તો તો એમની શંકા સો ટકા પાકી થઈ જાય. ટેસ્ટ કરાવ્યા પછી પણ ધણીના મનમાં તો છેક એના જન્મસમયે સળવળી ઊઠેલો વહેમ જ સાચો ઠર્યો હતો ને.... દાળમાં જરૂર કંઈક કાળું, બાકી એને સિબલિંગની મજ્જા કેમ સેટ ના થાય?

"એનું મોઢું તો મારા દિયર જેવું નથી..આ તો જાણે -" જેઠાણીએ એના જન્મ ટાણે જ રૂમાલ ઓઢાડતી વેળાએ અવળાં શુકન માંડી દીધેલાં. વર્ષા હરફ પણ ઉચ્ચાર્યા વિના મેણાં-ટોણાં સાંભળતી રહી હતી. આખરે એને તો ખબર હતી જ!

હવે એ ઊછર્યું-પાછર્યું કમનસીબ છોકરું મરતાં મરતાં એનું પોત પ્રકાશી રહ્યું હતું. વર્ષાના જીવને જંપ નહોતો. ઝેર ઘોળીને જીવ કાઢી નાખવાની ઝઝણી ચડતી હતી. કેવું ગાંડપણ કર્યું હતું એમની યાદગીરી જાળવી રાખવાની ગણતરીથી! એ વખતે જ ઉકેલ લાવી દીધો હોત તો બાંધી મૂઠીનો ભરમ અકબંધ રહી ગયો હોત! હજી તો છેલ્લા નાવણને ફક્ત બે જ મહિના થયા હતા. ચપટી વગાડતાંમાં ફૅસલો થઈ ગયો હોત! ખુદ 'પ્રોફેસર પ્રેમી' સુમંતલાલે એમના શાળાકાળના સહપાઠી ડૉ.નવનીત રાવલના દવાખાને સાથે આવી ચુપચાપ ચકલુંયે ના જાણે એ રીતે બધું હેમખેમ પતાવી દેવાની ઑફર કરી હતી. પણ ત્યારે તો એને હઠે ચડીને પ્રોફેસર પ્રિયજનની અણમોલ જીવંત પ્રસાદી મેળવી લીધી એનું ગૌરવ લાગેલું. "મેં તમને મારું સર્વસ્વ અર્પણ કરી ગુરુદક્ષિણા આપી, તમે પ્રસાદી રૂપે આપેલી જણસને કચરાની જેમ ફેંકી દેવાય કે? એનું તો હું જીવની જેમ જતન કરીશ. કોને ખબર પડવાની છે? બે મહિના સાસરિયે રહીને તો આવી છું. તમને સારા સમાચાર



રૂબરૂ મળીને જણાવું તો જ ધરવ થાય ને! તમારી થાપણ છે. જીવની જેમ સાચવીશ. તમે નાહક ચિંતા ના કરતા.”

પણ પછી ટીનુના જન્મ પછી રૂમાલ ઓઢાડવા આવેલી જેઠાણીની ટકોર સાંભળીને ગણતરીના કલાકોમાં એકાંતમાં છુપાઈને સુમંતસરને ફોન કરીને જાણ કરી હતી. ‘નવી મુસીબત ઊભી થઈ છે. બધાં ટીનુને શંકાની નજરે જોવા લાગ્યાં છે. એનો ચહેરો એના પપ્પા જેવો નથી. એ તો થોડા ભીનેવાન છે, જ્યારે આ તો તમારા જેવો સોનાવરણો છે. હજી જેમ જેમ દિવસો પસાર થતા જશે તેમ એ અદ્દલ તમારી ઝેરોક્સ નકલ લાગશે. એટલે ભૂલથી પણ એનું મોઢું જોવા કે એને રમાડવા ના આવતા. જે દિવસે આવશો એ દિવસે મારી સાડાસાતી બેસી જશે એટલું યાદ રાખજો. તમને જોયા નથી ત્યાં સુધી સલામત છીએ, હું અને તમારો વારસદાર-બેઉ.’ એ રડમસ અવાજે બોલી હતી, ‘તમને છાનામાના વીડિયો કૉલ કરતી રહીશ અને...’ હીબકે ચઢીને એણે વચન આપ્યું હતું : ‘મારું ચાલશે ત્યાં સુધી આપણા લાડકવાયાનો ફેસ પણ બતાવતી રહીશ.’

એ મીઠું સત્ય છાનું રાખીને અત્યાર સુધી તો બેઉ છાતી પર પથ્થર મૂકીને જીવ્યાં. ટીનુ સુમંતલાલની જેમ વૉલીબૉલનો ખેલાડી બની ગયો અને બારમા ધોરણમાં નેવું પર્સેન્ટાઇલ લાવી વિદેશ વધુ અભ્યાસ અર્થે જવાનાં સપનાં જોતો હતો ત્યાં આ ગોઝારા વરુએ એની ગળચી પકડી લીધી.

હવે એ અકાળે વિદાય થઈ રહ્યો છે ત્યારે પણ એનું મોઢું જોવા પર પ્રતિબંધ? ના ચાલે વર્ષુ, મને મારા લોહીનો ચહેરો જોવાની બંધી ફરમાવે એવો કોઈ સમાજ કે સરકાર મંજૂર નથી. હું તો આવવાનો.

એમણે બૅગ તૈયાર કરી લીધી. ભલે એ ના બોલે, સાવ અજાણી થઈ જવાનો ઢોંગ કરી આઘીપાછી થઈ જાય.ભલે એનાં જુનવાણી પરિવારજનો અજાણી વ્યક્તિ ગણીને મને મારા લોહીના દીદાર કરતાં અટકાવે. હું ગમે તેવું જોખમ વહોરીને પણ એની મૃત્યુશય્યા પાસે જઈને એના જીવનની યાચના કરીશ. મોટા અવાજે, છેક કૈલાસમાં સમાધિ લગાવીને બેઠેલા મૃત્યુના દેવતાને સંભળાય એવી રીતે ‘ત્ર્યંબકં યજામહે...’વાળો જાપ જપીશ. એને અડકવાની છૂટ નહીં મળે તો દૂર ઊભો ઊભો એને આશીર્વાદ આપીને પાછો વળી જઈશ. પણ મારાથી એની વિદાયવેળાએ સાવ જળકમળવત્ તો નહીં જ રહી શકાય. આખરે દુનિયા ભલે એને સુધીર શાહનું સંતાન માનતી હોય પણ મને અને એની માને તો સાચી વાતની ખબર છે. અને જો એને એની પ્રતીતિ ના હોત તો મને છુપાઈને એની ગંભીર બીમારીની જાણ થોડી કરત? અદ્દલ મારા ઉપર પડ્યો છે મારો ટીનુડો. શોખ પણ મારા જેવા. વર્ષા કહેતી હતી : ઊંચાઈમાં તો એ મનેય આંબી ગયો છે. એનો કહેવાતો બાપ તો ઠીંગણો અને પાકા રંગે છે. એને પણ સમજાઈ ગયું છે કે ટીનુ પારકી જણસ છે, ઉછીની લીધેલી. લોકો

વાતો ના કરે તો બીજું કરે પણ શું? છડેચોક નજર સામે દેખાતું હોય પછી થોડા મૂંગા રહેશે! ને કહેનારા તો સૈકાઓ અગાઉ કહી ગયા છે-લોક મેલાવે પોક.

સુમંતલાલને બેઉ દુખિયારા જીવોની દયા આવી ગઈ. બિચારાં આખી જિંદગી મનોમન હિજરાતાં રહ્યાં છે. દુશ્મનને પણ દયા ખાવાનું મન થાય એમની અકથ્ય પરિસ્થિતિ જોયા પછી તો. બેઉની જ કેમ, દીકરા સહિત ત્રણેની દયા આવે. બારે બુદ્ધિ ને સોળે સાન. એને પણ સમજણ તો પડતી જ હોય. સ્કૂલમાં પણ ટીખળ કરનારા કરતા જ રહેતા હોય. હવે તો દસમા ધોરણમાં જિન્સ અને ડીએનએ વિશેની જાણકારી આપી દેવાય છે. વિજ્ઞાનની ટેક્સ્ટમાં આખો પાઠ સામેલ કરાયો છે. કોઈ ટકોર ના કરે તો પણ ખુદ એને મનમાં સવાલ તો ઊઠે જ. શું હું ખરેખર... તો પછી મારા પપ્પા પર કેમ નથી ગયો?

* * *

એકાએક મનના ભંડકિયામાં ધરબાયેલી વર્ષા સાથેની અસ્ખલિત ચેટ સળવળી ઊઠી. બે દાયકા હલબલી ઊઠ્યા.

- તમને યાદ કેમ નથી રહેતું? આપણે આજના દિવસે વીસ વર્ષ પહેલાં એકાંત માણેલું. મને ઘણો સંકોચ થતો હતો છતાં તમારી હઠ આગળ હું હારી ગયેલી. તમે સર હતા અને હું મારા ક્લાસની બ્યુટી ક્વીન...

યાદ ના હોય એવું થોડું બને? છતાં સોહામણા સુમંતલાલે મજાક કરી હતી : મને ભૂલવાની બીમારી છે. વારંવાર મળતાં રહેતાં એ સાચું પણ પહેલી વખત ક્યાં મળ્યાં હોઈશું એ મને યાદ નથી આવતું.



- ના જ આવે સર. પુરુષને તો શું? લૂગડાં ખંખેરીને ઊભા થઈ ગયા પછી હું કોણ અને તું કોણ? દુર્દશા તો સ્ત્રીના જ શરીરની થતી હોય છે.

"પછી તો તું જ હેવાઈ થઈ ગઈ હતી! યાદ કર. મને બળજબરીપૂર્વક કોઈ ને કોઈ નિર્જન સ્થળે ખેંચી જતી."

એ ના પણ શી રીતે કહી શકે? પ્રેમ થઈ ગયો હતો. સુમંતલાલ ભલે 'સર' હતા પણ સાથે સાથે એ પુરુષ પણ હતા જ... એની કલ્પનાના પુરુષ હતા. ઉંમરમાં એકાદ દસકાનો ફેર હતો. એટલું જ. ઓછામાં પૂરું એનું સગપણ એની જ્ઞાતિના જ એક અણગમતા છોકરા સાથે થયું હતું. એ છોકરો સ્વભાવે શાંત અને ભલો હતો પણ દેખાવમાં સાવ સાધારણ બલકે બિલો એવરેજ, શ્યામવર્ણો, ઓછાબોલો અને હાઈટમાં એનાથી બે આંગળ નીચો હતો. પરિવારની પસંદગી સામે ઊનો હરફ પણ ઉચ્ચાર્યા વિના એણે પરણી લીધું. ઘર પણ માંડ્યું. પણ એના સપનામાં તો સુમંતસર જ રમતા રહ્યા.

- એ દિવસ મારી જિંદગીનો સૌથી સુખદ દિવસ હતો. મેં કહ્યું હતું કે બસ, આજે ગુરુપૂર્ણિમાના દિવસે તો ગુરુદક્ષિણા આપીને હંમેશાં યાદ રહે એવી પ્રસાદી પણ લેવા આવી છું.

પણ એ દુરાગ્રહ કાળક્રમે એના માટે અભિશાપ પુરવાર થયો હતો. ડહેલિયાના છોડની જેમ વધતા રૂપાળા દીકરાને આખું ગામ જરા ફાંગી નજરે જોવા લાગ્યું હતું. સંયુક્ત કુટુંબનાં સભ્યોમાં વાંઝણી જેઠાણીએ તો એના જનમ વખતે જ ઝેર પ્રસરાવી દીધું હતું. એના બાપને પણ સમજણ તો પડતી હતી. ખાનદાની ખતરાય નહીં એટલા સારુ એ મનનો ગોરંભો ઉલેચી નહોતો શકતો એ જુદી વાત છે. ગમાઅણગમા વચ્ચે ઘરસંસાર ચાલતો રહ્યો હતો અને વર્ષાને વધુ બે ડિલિવરીઓ પણ આવી ગઈ હતી. કહો કે દુનિયા આખી સામે આંખ આડા કાન કરવાની આવડત એના સંસ્કારી પતિએ હાંસલ કરી દીધી હતી. એના તરફથી કોઈ અડચણ નહોતી અને છતાં વર્ષાના જીવને જંપ નહોતો. એ સતત વલોવાતી રહેતી. જેને એણે દુરાગ્રહપૂર્વક સામે ચાલીને પ્રસાદી રૂપે માગી લીધો હતો એ સોનાવરણો દીકરો એને અળખામણો લાગવા માંડ્યો હતો! એમણે તો ચેતવી હતી પણ પોતે જ એમની યાદગીરી ઉછેરવા બેબાકળી થઈ ગઈ હતી ને! છોકરો એના બાપની

ઊંચાઈ આંબી ગયો હતો અને શાળામાં એને બધા હીરો કહીને બોલાવતા હતા. ઓચિંતો બીમાર ના પડ્યો હોત તો કોઈ ભલી ભોળી રૂપ રૂપના અંબાર જેવી છોકરીએ એને મનમંદિરની મૂર્તિ તરીકે સ્થાપિત કરી દીધો હોત! એની હઠીલી બીમારી પાછળ બેશુમાર ખર્ચ થઈ ગયો હતો અને છતાં એને જીવવાનું તો ગણતરીના મહિનાઓ સુધી જ હતું. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરાવવાથી બચી શકે તેમ હતો પણ એને વળી સિબલિંગ જ ક્યાં છે? એવી પીડા વચ્ચે પણ એના મનમાં તરંગો ઊઠ્યા હતા : કાશ, સરને બીજી કોઈ સાથે પણ આડા સંબંધ હોત તો કેવું સારું! મારો ટીનુ એના ભઈલાની બોનમેરો મેળવી બચી શકત.

સુમંતલાલે મૅસેજ કરી દીધો હતો : કહું છું, મારી બોનમેરો ચાલે એમ હોય તો ડૉક્ટરને ખાનગીમાં પૂછી તો જો!

એણે ફક્ત નમસ્કાર મુદ્રામાં હાથ જોડીને ચૂપ થઈ જવું પસંદ કર્યું હતું.

બેઉના રહેઠાણ વચ્ચે દસ બાર કિલોમીટર જેવું અંતર હતું. પણ વિચારોનું વાવાઝોડું ફૂંકાતું ત્યારે એ સાવ જ ભૂંસાઈ જતું. બંને જણને એક સરખા વિચારો આવતા.

છ એક મહિના અગાઉ એસજી હાઇવે પર થયેલા જીવલેણ રોડ અકસ્માતમાં સુમંતલાલને હેડઈન્જરી થઈ હોવા છતાં એ બચી ગયા હતા. બહુ લોહી વહી ગયું હોઈ 'સુમંતસર'ને સર્જરી વખતે લોહીની જરૂર પડશે એમ સમજીને વર્ષાએ ઍપોલો હૉસ્પિટલની બ્લડબૅંકમાં નામ નોંધાવી દીધું હતું. જોકે સદ્‌ભાગ્યે લોહી ચડાવવાની જરૂર જ નહોતી ઊભી થઈ. અકસ્માતને લીધે લોહીનાં ખાબોચિયાં ભરાયાં હતાં છતાં પડછંદ પર્સનાલિટી ધરાવતા માલધારીના દીકરાએ બાળવયે શેડ્યકઢાં દૂધ પીધેલ હોઈ એમનું હિમોગ્લોબિન તેર ચૌદથી નીચે ઊતર્યું જ નહોતું.

"બાપ, હું તો ફેસબુક પર તમારો પાટાપિંડીવાળો ફોટો જોઈને એવી ગભરાઈ ગઈ હતી! વૉશરૂમ જવા જાગેલી અને તમારા કોઈ મિડનાઇટ મૅસેજ નથી ને -એ જોવા મોબાઇલ ચેક કર્યો ત્યાં તો...."

ગાડી છેક એની સોસાયટીના નાકે પહોંચી ત્યાં સુધી એ બધું અક્ષરશઃ યાદ આવતું ગયું. પ્રસંગો ઊલટસૂલટ થતા રહ્યા પણ એના ડાયલૉગ અને સિસકારા આટલાં વર્ષોના વિજોગ પછી પણ તરોતાજા લાગતા હતા. છેલ્લે છેલ્લે તો એ સાવ દૂર થઈ ગઈ હતી. મધરાત માથે લઈને ઍક્સિડન્ટ વખતે દોડી આવી ત્યારે અલપઝલપ નજરે પડી એ માફ. ત્યારે સુમંતલાલ તો પેઇનકિલર દવાઓની અસર હેઠળ તંદ્રાવસ્થામાં હતા. એ બચી જાય એ માટે મનોમન જિંદગીભર મીઠાઈ નહીં ખાવાની ટેક લઈને પાછી ફરી હતી.

સુમંતલાલને સોસાયટીમાં ગાડી લઈ જવી યોગ્ય ન લાગ્યું. રોડ પર જ એક દુકાન સામે ગાડી મૂકીને એ સુધીર શાહનું મકાન શોધવા લાગ્યા. લોકોને જે લાગવું હોય એ ભલે લાગે. એમને પહેલી અને છેલ્લી વાર ટીનુના દીદાર કરી લેવા હતા.

સોસાયટીમાં રહેતી એક છોકરી સ્કૂલે જવા નીકળી હતી. સુમંતલાલે એને ઇશારો કરીને ઊભી રાખી.

'સુધીરભાઈ શાહનું ઘર...'

એ વાક્ય પૂરું કરે એ પહેલાં છોકરીએ કહ્યું:' ટીનુના પપ્પા સુધીરભાઈ ને? પણ અંકલ, એ લોકો તો ટીનુને સ્મશાને લઈ જવા નીકળી ગયા, દસ મિનિટ પહેલાં.'

કશું બોલ્યા ચાલ્યા વગર જ સુમંતલાલ પાછા વળી ગયા.

૧૩, ઐશ્વર્ય-૧, પ્લૉટ નં.૧૩૨, સેક્ટર-૧૯,
ગાંધીનગર ૩૮૨૦૨૧.
મો. ૮૨૦૦૦૭૧૩૬૩



સ્વમાન

રાઘવજી માધડ

પહેલા તો સ્ત્રીને ઉચ્ચક જીવે સાંભળી લીધી હતી. પછી...

'હા, આપનું કહેવું કદાચ સાચું હોય...' કોઈ ભાવ-કભાવ વગર આવું કહી દીધું હતું : 'સોરી, પણ હું આપને ઓળખતો નથી..!'

'કદાચ નહીં, સો ટકા સાચું છે !' મારા કહેવા સામે તે, કોઈ નવું કપડું ચિરાતું હોય એવા સ્વરે બળપૂર્વક બોલી ગઈ હતી : 'મને જુઠ્ઠું બોલવાની જરાય ટેવ નથી...' પછી ડૂસકા જેવું થૂંક, ગળે ઉતારી એમ જ કહી ઊઠી હતી : 'એટલે જ નિરાધાર માફક અહીં આવવું પડ્યું ને !'

'કોને ?' આ સવાલ હવામાં ફંગોળાતો રહ્યો હતો.

-પણ આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા... આવું કાંઈ કહ્યા વગર નજર ફેરવી લીધી હતી.

વૃક્ષ પર પક્ષીઓ બેઠાં હતાં. તેમાંનું એક યુગ્મ ચાંચમાં ચાંચ પરોવી એકમેકમાં ઓગળી રહ્યું હતું. સ્ત્રીએ પણ મારી સાથે જ નજરને ત્યાં લંબાવી...પછી એકબીજા સામે જોતાં રહ્યાં હતાં.

તે યુગ્મ ચાંચમાં ચાંચ પરોવતું હતું તો અમારી વચ્ચે આંખમાં આંખ મેળવ્યા જેવું થયું હતું. ભલે આંખો ઊંડી ને ભૂંડી ભાસી હતી પણ ગમ્યું હતું. ત્યાં કોઈ અગમ કે અજાણ્યા કારણોસર આ સંગમ બે-ચાર ક્ષણનું આયુષ્ય ભોગવી વિચ્છિન્ન થઈ ગયો હતો. સારું લાગ્યું કે ખરાબ... તે કાંઈ નક્કી થઈ શક્યું નહોતું.

એક વૃક્ષ નીચેના બાકડા પર બેઠો હતો ત્યાં તે ઉતાવળા પગલે આવી, થોડું અંતર જાળવી પડખે બેસી ગઈ હતી. નવાઈ નહોતી લાગી. અહીં આ અવસ્થાએ વળી ભેદ શેના? સ્ત્રી-પુરુષ સૌ સરખાં !

હું તેની નોંધ લઉં અથવા તો ખુદની ટેવવશ પણ પગ હલાવ્યા હતા. ઉઘાડા પગમાં દોરી કે ઝાંઝર એવું કાંઈ પહેરેલું નહોતું. ઝડપથી મોં સામે નજર કરી લીધી હતી. સ્ત્રીપણાનું એક પણ આભૂષણ પહેર્યું નહોતું. ખીલેથી છોડી મૂકેલી રેઢિયાળ ગાય જેવું લાગતું હતું.

પણ મનને વાર્યું હતું : અહીં તો, ઘરેથી કાઢી મૂકેલા કે કંટાળ્યા હોય એ જ આવે ને !

મન સાથે નજરને પણ હટાવી લીધી હતી. જોયું તો વિશાળ પરિસરમાં કોઈ વૃક્ષને પાણી પાઈ રહ્યું હતું, કોઈ ફૂલછોડના ક્યારા ગોડી રહ્યું હતું તો કોઈ એમ ટહેલતું હતું, અમુક તો બાંકડા પર બેસી શૂન્ય ભાવે સઘળું જોતાં હતાં. કોઈ વળી દરવાજા તરફ નજર લંબાવીને ઊભા હતા.

સમય સવાર અને બપોરના સંધિકાળે આવીને ઊભો રહ્યો હતો. ચોમાસાની ઋતુના લીધે વાતાવરણમાં બફારો હતો. આકાશે કાળાં-ધોળાં વાદળાં આમતેમ ફરતાં હતાં પણ મન મૂકીને વરસતાં નહોતાં.

'અમરસી નામ તો સાચું ને, કે એ પણ ખોટું ?' અવાજમાં આક્રોશના બદલે ઘર્ષણ વધારે હતું.

જવાબમાં તેના મોં પર હળવી નજર ફેરવી લઈ ઓળખ અંકે કરી લીધી હતી.

સાચું કહું તો આ સ્ત્રીનો નાક-નકશો...ને મુખવટો સઘળું જ મોંઘેરી મૂડી માફક હૈયાની અગોચરમાં સચવાઈને અકબંધ પડ્યું હતું. તસુભાર પણ ખસેડ્યું નહોતું. પણ એ બધું ઉઘાડવાની જરૂર જણાઈ નહોતી.

'જ્યારે રજિસ્ટ્રેશન કરાવતા'તા ત્યારે નામ સાંભળી સામે જોયું હતું, પછી તો...' કહી તે શરમાઈને મોં ફેરવી ગઈ હતી. વળી અકળામણ સાથે બફારો પણ વધવા લાગ્યો હતો.

ખબર હતી છતાંય ખરાઈ કરવા : 'તમે ?' પૂછ્યું તો ઝડપથી, ઉત્સાહ સાથે બોલી ગઈ હતી : 'હું એ શારદા...!'

તેના મોંએ નામ સાંભળી મનના ભંડકિયામાં ખરાપણાના દસ્તખત થઈ ગયા હતા. પણ પછી મને શું થયું, એકાએક શું સૂઝ્યું તે એકદમ ઊભો થઈ ગયો હતો.

'કેમ, ઘરે ફાવ્યું નહીં એટલે કે પછી બીજાં કોઈ કારણોસર...'



'હું તારા કોઈ સવાલનો જવાબ આપવા બંધાયેલો નથી...'પણ આવું કહેવાના બદલે તેનો સવાલ સાંભળ્યો, અણસાંભળ્યો કરી કોઈ કારણ વગર ચાલવા લાગ્યો હતો.

ત્યાં પાછળથી : 'અગિયાર વાગ્યે, થાળીનો બેલ પડશે, આવી જજો !' સાદ સંભળાયો હતો.

હું આવ્યો ત્યારે મૅનેજરે એક કાગળિયું પકડાવી દીધું હતું. જેમાં આશ્રમના નિયમો લખ્યા હતા.

સ્વગત બબડ્યો હતો :'મારું રહેવા દે, તું અહીં કેમ આવી તે બોલ્ય ને !' ગુસ્સો જાતે જ ટાળવો અઘરો પડ્યો હતો. પૂછીશ એટલે સાચા-ખોટું કહેશે. અને તેને જ શું કરવા ? એક પછી એક કરતાં તમામને પૂછવું છે, તમારે ઘર છોડી-તરછોડી, આ અવસ્થાએ અહીં વૃદ્ધાશ્રમમાં કેમ આવવું પડ્યું ?

-તમામ પાસાઓને આવરી લેતી પ્રશ્નાવલિ તૈયાર જ હતી. પણ જાહેર કરવાની નહોતી.

મુખ્ય દરવાજે આવીને અટક્યો હતો. વળી થયું હતું, કોઈ એકાદ વ્યક્તિ પાસે જઈને બેસું, પૂછું, લાગણી સાથે સંવેદનાનું દ્રાવણ નાખી પછી ધીમેધીમે તેમને ખોતરું :'અહીં સ્વેચ્છાએ આવ્યા છો કે પછી આખરી દિવસો પસાર કરવાના ઈરાદે આવવાનું થયું છે ?'

આમ વ્યક્તિ, વ્યક્તિએ કારણો જુદાં હોય...પણ કારણો કરતાં તારણોમાં રસ હતો. પછી જગજાહેર કરવું ને કહેવું હતું : આ છે સાંપ્રત સમયનું સામાજિક ચિત્ર !

-મામવતરના આ છે હાલહવાલ !

'વાહ પત્રકાર,ધન્યવાદ છે તમોને...આ બધું ઉઘાડું કરી, સમાજ સામે ઉજાગર કર્યું !' જાતે શાબાશી લેવા ને ઉઘરાવવા લાગ્યો હતો. સારું લાગ્યું...પણ પગમાં વાડ આગળનો પથ્થર અથડાતાં, પડતોપડતો રહી ગયો હતો. પણ હાથ પર લોખંડનો તાર ઘસાયો, બળતરા સાથે લોહી નીકળી આવ્યું હતું.

'ત્યાં શું દાટ્યું છે, આ બાજુ રહો ને !' ચોકીદારે આવું કહ્યું ત્યાં સુધી તો ઠીક પણ જે રીતે સામે જોયું તે જોઈ, અનુભવી હું હબક ખાઈ ગયો હતો : 'ચોકીદાર ભાઈ, હું તદ્દન સ્વસ્થ છું હો !'

પછી પાછો હતો ત્યાં આવીને બેસી ગયો હતો. કોઈની સાથે વાતચીત કરવાનું હતું તે ટાળ્યું હતું. છાંયડો હોવા છતાં અકળામણ અનુભવાઈ રહી હતી. મન ભમવા લાગ્યું હતું :'ભાઈ, આ અહીં જે વ્યક્તિઓ આવી છે તે લગભગ શિક્ષિત ને સુખી-સંપન્ન વર્ગમાંથી આવી છે, તેને દર્પણ શું દેખાડવાનું !'

શારદા પડખે નહોતી પણ મન-મગજ પર સવાર થઈ ગઈ હોય એવું લાગતું હતું.

-ચાર દાયકા તો થયા હશે, તેને કુંવારી કન્યા તરીકે જોવા ગયો હતો તેને...

ત્યારે આવું કન્યા જોવા જવાનું ચલણ નહોતું. પણ કોઈ એક સગા-સંબંધીની ઓથ કે આશરો લઈ, છાનું-છૂપું મળી લેવાનું ગોઠવાઈ જતું હતું.

શારદાના ઘરેથી વાત આવી ત્યારે પત્રકારત્વના છેલ્લા વર્ષમાં હતો. તેની પાસે પહોંચવામાં એક પછી એક એમ સાત કોઠાનું યુદ્ધ ખેલવા જેવું થયું હતું. પણ પહોંચ્યો હતો. ઘરે ખબર પડે તો બાપા પડ્યું પાણી સૂઝવા ન દે :'તેં તો અમારું નાક કપાવ્યું...' આવું સાંભળવાનું થયું હોત. પણ ખબર પડ્યા પછી આંખ આડા કાન નહીં પણ કાન આડે આંખો કરી હતી !

'વાત આગળ ચાલે તો કાંઈ હરકત જેવું નથી, કન્યા સારી છે...' આવું ગાંઠે બાંધી ઊભો થાઉં તે પૂર્વે સાવ ધીમા સ્વરે જે કહ્યું હતું... તે સાંભળીને હું વિચાર કરતો થઈ ગયો હતો.

પછી ભાભી દ્વારા જ વહેતું કરાવ્યું હતું : 'માસ્ટર ડિગ્રી લેવી છે એટલે હમણાં લગ્ન કરવા નથી !'

એક વડીલ પડખે આવી બેસી ગયા હતા.

'આપ ક્યાંથી આવો છો ?' પણ પછી મારા જવાબની રાહ જોયા વગર બોલી ગયા હતા: 'ક્યાંથી આવ્યા તેના કરતાં કેમ આવ્યા તે પૂછો !' મારાથી કહેવાઈ ગયું હતું : 'શિક્ષક હતા ?' હસીને સંમતિસૂચક માથું હલાવીને કહેવા લાગ્યા હતા: 'દીકરો તો કહેતો હતો, સાથે જ રહો...' ક્ષણભર સામે જોઈ મારા મનોભાવની નોંધ લેવા સહેજ અટક્યા હતા: 'પણ મેં જ ના પાડી હતી. તમે તમારી રીતે રહો... આ રૂપિયા પણ રાખો ...શહેરમાં ફલેટ લેવો હોય તો લઈ લ્યો !'

વડીલ સામે જોતો રહ્યો હતો. કથાની અવાંતરે રહેલી કથા સ્વયંસ્પષ્ટ હતી. પછી પૂછવું શું !

સાંજે જમવા બેઠો ત્યાં, એક ટેબલ પર ચાર વ્યક્તિનો સમાવેશ થાય એવી વ્યવસ્થા હતી. કાંઈ બોલ્યા, પૂછ્યા વગર જમી લેવું હતું. આમ પણ શારદાએ મનનો કબજો છોડ્યો નહોતો.

શારદાએ મનગમતા સાથે સંસાર માંડ્યો હોય... તો અહીં કેમ, આટલાં વરસો પછી...?

હા, એ પણ પૂછી લેવું હતું : ત્યારે તે મને જે કહ્યું હતું, એ મુજબ થયું હતું ?


પણ મોંમાં કોળિયો મૂકું ત્યાં બાજુમાંથી સંભળાયું હતું : 'જમવાનું તો ઘર જેવું જ હો !'

આ બીજો સૂર હતો : 'ઘરને ભુલાવી દે એવું...!'

મને પૂછવાનું મન થઈ આવ્યું હતું:'અહીં પણ ઘર જેવી જ અપેક્ષા છે કે પછી ઘરે આવું નહોતું, એટલે...'

થોડીવાર સૌ જમવામાં રત રહ્યા હતા. એક વાર પીરસાઈ ગયું હતું એટલે યુદ્ધ પછીની શાંતિ જેવું વાતાવરણ અનુભવાતું હતું.

'વડીલ તમે અહીં આવ્યા તે સારું કર્યું...' મને નવો જાણી ઝપટમાં લીધો હતો : 'બીજે ક્યાંય આવું સારું ને



વ્યવસ્થિત નથી.' સામે કહેવાનું મન થઈ આવ્યું હતું : 'અનુભવી લાગો છો, અંકલ !'

પણ ત્યાં પડખેવાળાને ડહાપણની દાઢ ડળકી હોય એવું થયું હતું. મોંમાં હતું તે ગળે ઊતર્યા વગર જ જીભ ચલાવી હતી : 'દિવસભરનું ટાઈમ ટેબલ... સવારે ઊઠવાથી લઈ રાતે સૂવા સુધીનું બધું ટાઈમસર !'

તેમના મોંમાં ભર્યું હતું તે થૂંક માફક ઊડ્યું ને મારી થાળીમાં પડ્યું હતું... એટું નહીં છોડવું એવો નિયમ તોડીને પણ ઊભો થઈ ગયો હતો.

પીઠ પાછળથી સંભળાયું હતું : 'પેલો દિવસ છે એટલે, પછી તો ફાવી જશે...'

દરેક વ્યક્તિએ થાળી જાતે સાફ કરવાની હતી. આ સૂચનાથી અવગત હતો.

પણ નળ આગળ ઊભો રહું ત્યાં જ શારદા ધસમસતી આવી ગઈ હતી. ખબર નહીં પણ તે મારું ધ્યાન રાખીને ક્યાંક ઊભી રહી હશે !

'ના, મને મારું વાસણ સાફ કરવાની ટેવ છે !'

તો કહે : 'તમારી ટેવ તમારી પાસે રાખો..!' હાથમાંથી એંઠી થાળી લઈ લેવાની બળજબરી ચાલુ જ હતી, પણ થાળીમાં વધેલું જોઈ, કકળી ઊઠી હતી: 'અરર...ભાવ્યું નહીં તે ભૂખ્યા રહ્યા, અહીં તો પછી...!'

હું તેના મોં સામે જોતો રહ્યો હતો. મોં થોડું કાળું ને કરચલીઓવાળું હતું પણ નમણાશ ઓછી થઈ નહોતી. આંખો થોડી ઊંડી ઊતરી ગઈ હતી પણ તેજ ઝાંખું પડ્યું નહોતું.

'જેને ઓળખતા ન હો તેની સામે જોઈ રહેવું સારું ન કહેવાય...' પછી મોં મચકોડીને કહે :'થાળી છોડો તો વીછળી નાખું !'

મેં પણ ટોણો મારવાનું છોડ્યું નહોતું : 'જ્યારે જીવનભર થાળી ધોવાનું આવ્યું હતું ત્યારે તો...'

શારદાએ તેની ઢેલ જેવી ગરદનને ચોક્કસ વળાંકથી હિલ્લોળીને મારી સામે આંખો તાણી..તે જોઈ ક્ષણભર તો છક્કા છૂટી ગયા હતા. જીવ અધ્ધર થઈ ગયો હતો. આ સ્ત્રી સૌની વચ્ચે જ ન બોલવાનું બોલી કયાંક બેઈજ્જત કરે નહીં તો સારું !

પથારીમાં મોડી રાત સુધી ઊંઘ આવી નહોતી. ચારેબાજુ ખરરાટી... ને એવા અવાજ, ઊંહકારા આવતા, સંભળાતા રહ્યા હતા. કોઈ તો, ઊંઘ ન આવવાના લીધે પથારીમાં ઉભડક પગે બેઠા હતા.

-આ અવસ્થાએ તો સ્વજનનો સાથ ને સધિયારો જોઈએ, તેના બદલે...

દયા કરતાં કરુણા વધારે ઊપજતી હતી : આ છે પરિવાર પાછળ જિંદગી ખર્ચવાનું પરિણામ...

'પણ આ બધું કોને કહે છે ?' ખુદ સામે જ આવો સવાલ ઊભો થયો હતો. પણ મારી પાસે સાચો ને સધ્ધર જવાબ હાજરમાં હતો નહીં.

વહેલી સવારે ઊઠી ગયો હતો. સ્પીકરમાં ધીમું સંગીત વાગી રહ્યું હતું. કોઈ મોર્નિંગવોક કરી રહ્યા હતા. એક હૉલમાં યોગ- કસરત ચાલતી હતી. એક બાજુ દેશી ઉકાળા-ઓસડિયાનું વિતરણ થઈ રહ્યું હતું.

આશ્રમનું વ્યવસ્થાપન સારું ગોઠવાયેલું હતું. મહત્તમ સુવિધા પૂરી પાડવાનો પ્રયાસ હતો. પણ મને તો... આ લોકોને ઘર કેમ છોડવું પડ્યું તે જાણવામાં રસ હતો. અને એ પણ તેમને ખબર ન પડે, ઓછું ન આવે એ રીતે... પંપાળી, પંપાળીને સાવ ઝીણું ઝીણું પૂછવાનું હતું.

-કારણ કે માણસનું પોતાનું ઘર હોવાનું એક સ્વપ્નું હોય... ને પૂર્ણ થયા પછી ઘર છોડવું પડે... આ પીડા, વ્યથાને કોઈ પોથીમાં પ્રગટ કરી શકાય નહીં !

સવારની સઘળી ક્રિયાઓ પરવારી ગઈકાલની જગ્યાએ આવીને બેઠો હતો. કોઈ પાસે આવે તો તેને ખબર ન પડે એમ પૂછવું હતું : 'અહીં આવવાનું કારણ...'

પણ શારદાએ જ જગ્યા સંભાળી લીધી હતી. સાવ પાસે, દબાઈને બેસી ગઈ હતી.

એક બે વ્યક્તિએ આડકતરું પણ અમારી સામે જોઈ લીધું હતું. થયું હતું, અહીં સાવ છેડે આવ્યા પછી પણ સ્ત્રી-પુરુષને વાંકી નજરે જોવાનું ભૂલ્યા નથી લાગતા ! બોલાઈ ગયું હતું : 'પ્રકૃતિ..!'

શારદાને પકડાઈ ગયું તે પૂછી બેઠી હતી : 'કોણ પ્રકૃતિ, પત્ની ?' પછી ગંદુ-ગોબરું હસીને મોં પર બોલી ગઈ હતી : 'પણ પત્ની હોય તો ને !'

પછી સંભળાયું હતું : 'પરિવાર ઊભો કરવાનું ભૂલી ગયા, આવું બધું કરતાં રહેવામાં..' પણ શારદા બોલી કે ભણકારા વાગ્યા હતા એ કાંઈ નક્કી કરી શક્યો નહોતો. પણ કાંઈ નકારી શકાય એવું નહોતું.



પણ શારદાનું કહેવું છાતીમાં બરાબરનું વાગ્યું હતું. મેં સહેજ નકારમાં માથું ધુણાવી, મોં પર સ્મિત લાવવાના નિષ્ફળ પ્રયાસ સાથે કહ્યું હતું : 'પ્રકૃતિ એટલે કુદરત, માણસનો સ્વભાવ. અહીં છેડે આવ્યા પછી પણ સ્ત્રી-પુરુષને જોવાની દૃષ્ટિ બદલાતી નથી.'

શારદાએ બેઠક ત્રાંસી કરી મારી સામે જોયું હતું. પછી પીડા ને સમજણનું મિશ્રણ કર્યું હોય એવા સ્વરમાં બોલી હતી : 'પત્રકાર સાહેબ, ચાલીસ વરસે પણ તમારું બોલવાનું બદલાયું નથી !' પછી હું કાંઈ કહું, બોલું તે પહેલાં જ-પોતાની ભરાવદાર છાતી અને પહોળા પેટ પર સાડીનો છેડો સરખો કરતાં સહેજ ઘસાતા સ્વરમાં પૂછ્યું હતું : 'આ લોકોનું અહીં આવવાનું પૂછી, તેનો ઈતિહાસ ખોતરીને તમે શું સાબિત કરવા માગો છો ?' પછી હાથ ઊંચા કરી કહી ઊઠી હતી : 'જે છે તે આ છે !'

તાપ અને બફારાના લીધે પરસેવાના રેગાડા પીઠ પાછળથી છેક નીચે ઊતરી રહ્યા હતા. બેઠક પરથી ઊંચાનીચા થઈ જવાયું હતું.

વિષય બદલ્યો હતો : ત્યારે તો મેં આટલું જ કહ્યું'તું, 'મને સમજે અને મારા સ્ત્રી તરીકેના અસ્તિત્વનો સ્વીકાર કરે...આવા જીવનસાથીની અપેક્ષા છે !' પછી ભીતર ધરબાયેલો આક્રોશ ધડાકા સાથે બહાર આવ્યો હતો : 'આમાં મેં ખોટું શું કહ્યું'તું, આપને એક પત્રકાર સમજી ને...' તે અટકી પણ વિચારમાં છટકી નહોતી. તેની છાતી સુપડાવા લાગી હતી ને નાકનાં ફોયણાં ફૂલી ગયાં હતાં.

'પણ તમે તો રજનું ગજ કરી નાખ્યું'તું, કોઈ સાથે લફરું હશે તે છોકરી આવાતેવા પ્રશ્નો કરે છે...' ઊકળી ઊઠેલા શ્વાસને સથરો કરવાના પ્રયાસ સાથે આગળ બોલી હતી, : 'આવું કાંઈક કહેતા ફરતા'તા..!'

તે આંખો બંધ કરી શ્વાસ ઘૂંટવા લાગી હતી. આકાશમાંથી વરસાદી ટીપાં...ટપકવા શરૂ થયાં હતાં.

અમારી બેઉ વચ્ચેની જગ્યા જાણે પહોળી થવા લાગી હતી. પહોળાતી જગ્યામાં અકળ મૌનનું સામ્રાજ્ય વિસ્તરવા લાગ્યું હતું. શું બોલવું, શું કરવું...કાંઈ સમજાતું નહોતું.

પણ એટલું તો સમજાઈ ગયું હતું. : આ સ્વમાન ઝંખતી સ્ત્રીને મારી બધી જ ખબર છે !

'તમે પૂછો એ પહેલાં જ કહી દઉ, દીકરો - વહુ અમેરિકા સ્થિર થયાં છે. આગ્રહ કરે છે પણ મારે મારી દુનિયા છોડવી નથી. અહીં સ્વેચ્છાએ આવી છું... ફાવશે ત્યાં સુધી રહીશ...'

બેઠક છોડી, સામે ઊભી રહી હતી. પછી બરાબરનું તીર તાણ્યું હતું : 'પણ તમે તો...'

ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. પલળી જવાની પરવા નહોતી. એકએક છાંટો તન-મનમાં રોમાંચ પેદા કરવા લાગ્યો હતો. પડખે પડેલી ડાયરી અને પ્રશ્નાવલીના પત્રો પણ એમ જ રહેવા દીધા હતા.

પહેલા વરસાદમાં ભીની માટીની સોડમ પ્રસરવા લાગી હતી.

જવાબની રાહ જોયા વગર જ શારદા પારોઠ ફરી ચાલવા લાગી હતી...

પણ મને હતું : કદાચ તે પાછી પણ આવે !

'અભિષેક' ૭૧૫/૧, સેક્ટર - ૭/બી,
ગાંધીનગર ૩૮૨૦૦૭
મો. ૯૪૨૭૦ ૫૦૯૯૫

આઓ મા, એક દીપ જલાયે

ડૉ. ચંદ્રકાન્ત મહેતા

ચોતરફ દીપોત્સવીને આવકારતા દીવાઓનો પ્રકાશ છે, શોરબકોર છે, ધમાલ છે, ઉમંગ અને ઉલ્લાસ છે. ખુશીનો સાગર પાવનીના અડોશપડોશનાં ઘરોમાં રેલાઈ રહ્યો છે, પરંતુ પાવનીના ચહેરા પર આનંદની નાનકડી લહેરેય ફરકતી દેખાતી નથી. દુનિયાના દીપ જલી રહ્યા છે અને પાવનીના જીવનમાં અંધકાર !

પાવનીના વૃદ્ધ સસરાજી લાકડીને ટેકે ધીરે-ધીરે તેની પાસે આવે છે એ પૂછે છે : “દીકરી, વ્યથાનાં વાદળોને ક્યાં સુધી તારા ચહેરા પર સાચવી રાખીશ ? પાંચ વર્ષનાં વહાણાં વીતી ગયાં, પણ મેં તારા પર પાંચ ક્ષણ માટેય આનંદનું કિરણ ભાળ્યું નથી.”

પાવનીનું મૌન !

પાંચ પાંચ વર્ષથી પાળેલા મૌનનો પાલવ પાવની એમ સહેલાઈથી છોડી પણ કેવી રીતે શકે? કદાચ ખામોશી જ હવે પાવનીના અસ્તિત્વનો પર્યાય બની ગઈ હતી.

પાંચ વર્ષના વિષાદને અમાવાસ્યાની અંધકારભરી રાતને સોંપીને પાવનીએ એના મનમાં દીપ જલાવવાનો નિર્ણય કેમ કર્યો ?

પાવનીએ બારી બહાર દેખાતા રસ્તા તરફ નજર કરી, રસ્તાની બન્ને બાજુ નાનકડાં ભૂલકાં રંગબેરંગી ફૂલઝરીઓ અને કોઠીઓ સળગાવીને પોતાનો ઉલ્લાસ વ્યક્ત કરી રહ્યાં હતાં... પણ પાવનીને દિવાળીના દીવા કે ફટાકડામાં જરાય રસ નહોતો.

પાવનીને યાદ આવે છે પાંચ વર્ષ પહેલાંની દિવાળી! પપ્પાજી હીંચકે બેઠા છે. અતિથિ નૂતન વર્ષના સ્વાગત માટે ગૃહસજાવટમાં રોકાયેલો છે.

નાનકડો ઉષ્માંક નવાં કપડાં પહેરી સમગ્ર સોસાયટીમાં આંટો મારી આવે છે. લોકો પોતાની તરફ ધ્યાન નહોતાં આપતાં એટલે નારાજ પણ છે, નજર ન લાગે એટલા માટે પાવની તેના કાન પાસે કાળું ટપકું કરી આપે છે. એ ટપકું ભૂંસી નાખતાં ઉષ્માંકની બે વર્ષ મોટી બહેન ઉષ્મા ટોણો મારે છે : “મમ્મી, એના તરફ કોઈ નજર જ નથી કરતું, પછી નજર ક્યાંથી લાગે ?” નાનકડો ઉષ્માંક રોષભર્યા પણ કાલાઘેલા શબ્દોમાં દાદાને ફરિયાદ કરે છે...“દાદાજી, જુઓ ને આ દીદી...” અને બધા ખડખડાટ હસી પડે છે.

પાવનીનો પતિ અતિથિ સરકારી ઑફિસમાં ક્લાસ-વન ઑફિસરનો હોદ્દો ધરાવતો હતો. માન-મરતબાવાળી નોકરી, સમાજમાં પ્રતિષ્ઠા અને પૈસાની છૂટ.



ઈશ્વરે ખુશખુશાલ દામ્પત્યજીવન આપ્યું હતું. મોટી પુત્રી ઉષ્મા, તેની ઉંમર પાંચ વર્ષની અને નાના પુત્ર ઉષ્માંગની ઉંમર ત્રણ વર્ષની.

દિવાળીની સજાવટનું કામ પતાવી અતિથિ બાળકો માટે ફટાકડા લેવા બજારમાં ગયો. ઉષ્મા અને ઉષ્માંક ગાર્ડનમાં લટાર મારતાં પોતાના પપ્પાજીની રાહ જોતાં હતાં. પાવનીના આનંદનો પાર નહોતો... કારણ કે દિવાળીનો દિવસ એ અતિથિનો જન્મદિવસ પણ હતો. અતિથિ દિવાળીના દિવસે પહેરવા માટે એક અઠવાડિયા પહેલાં પાવનીને આગ્રહપૂર્વક સાડીઓ અને દાગીના ખરીદવા લઈ ગયો હતો...

અતિથિ બજારમાંથી ફટાકડા લઈને આવ્યો ત્યારે ઉષ્મા અને ઉષ્માંકના આનંદનો પાર નહોતો. પપ્પાજી પણ ખુશખુશાલ જણાતા હતા. ઉષ્મા અને ઉષ્માંકને જમવામાં રસ નહોતો. એમને તો ફટાકડા ફોડવામાં જ રસ હતો. પણ પાવની બાળકોને સમજાવી ઘરમાં લઈ ગઈ. રૂમ સુંદર સજાવેલો હતો. અતિથિના બર્થડે નિમિત્તે સુંદર મઝાની સ્ટ્રોબેરી ફ્લેવરની કેક ટીપોય પર મૂકેલી હતી. અને હેપી બર્થડેના ગીત સાથે અતિથિએ કેક કાપી હતી. તાળીઓના ગડગડાટ વચ્ચે સૌએ એકબીજાને કેક ખવડાવી હતી.

અમાવાસ્યાના અંધકારને પડકારતું માટીનું કોડિયું જાણે કહી રહ્યું હતું : 'દિવાળીનું સરનામું દિવસમાં નહીં, દિલમાં હોય છે.'

ત્યારે પાવનીએ કહ્યું હતું : "પપ્પાજી, આજે ભગવાને આપણને એકસામટી અનેક ખુશીઓની લહાણી કરવા માંડી છે... મને બીક લાગે છે."

પપ્પાજી પાવનીના મોં પર આંગળી મૂકીને 'સપરમા ટાણે' અમંગળ બોલતાં અટકાવી દીધી હતી.

ઉષ્મા અને ઉષ્માંક તારામંડળની મોજ માણતાં હતાં. ત્યાં ઉષ્માએ પોતાના પપ્પાને બૂમ પાડી: "પપ્પા, આવો ને, અમને કોઠી ફોડી આપો ને." એટલે ઉષ્માંકે તરત કહ્યું "ના પપ્પા પહેલાં મને બૉમ્બ ફોડી આપો. હું તો છોકરો છું એટલે મને બૉમ્બની બીક નથી લાગતી." અતિથિએ બન્નેને શાંત પાડ્યાં અને બન્નેને વારાફરતી કોઠી અને બૉમ્બ ફોડી આપવાની હૈયાધારણ આપી. ઉષ્મા કોઠીમાંથી નીકળતા હજારો-લાખો તારાઓ જોઈને તાળી પાડતી કૂદકા મારતી હતી... તેની પાસે ઉષ્માંક ઊભો હતો, પપ્પા ક્યારે બૉમ્બ ફોડી આપશે તેની રાહ જોઈને.

એવામાં એકાએક કોઈકે સળગાવીને ફેંકેલા બૉમ્બ તરફ અતિથિની નજર ગઈ... ઉષ્માંકને બચાવવા અતિથિ દોડ્યો અને ધડાધડ ફૂટતા બૉમ્બ વચ્ચે જખ્મી થઈને ભોંય પર પટકાયો હતો. પાસેની દીવાલ સાથે અતિથિનું માથું જોરથી ભટકાતાં તે બેહોશ થઈને નીચે પડી ગયો હતો. અને બેહોશ અવસ્થામાં અતિથિને હૉસ્પિટલ લઈ ગયા હતા. અને અડધો જ કલાકમાં અતિથિએ આખરી શ્વાસ લીધો હતો. પાવનીને માથે જાણે આભ તૂટી પડ્યું...

બસ, ત્યારથી પાવનીએ દિવાળીના નામ પર ચોકડી મારી દીધી હતી. ઘરનાં તમામ શુભ કાર્યોને પાવનીએ જાકારો આપી દીધો હતો. દશેરા હોય કે દિવાળી, કથા હોય કે વ્રતનું ટાણું, હોળી હોય કે ઉતરાણ, પર્વો - તહેવારોને દિવસે ઉષ્મા-ઉષ્માંકને બંગલામાં સ્વેચ્છાએ કેદ ભોગવવાની... અતિથિનો જન્મદિવસ જ મૃત્યુદિવસમાં ફેરવાઈ ગયો હતો, એ પાવની માટે અસહ્ય હતું.

બાલ્કનીમાં ઊભેલી પાવનીની આંખો ચોધાર આંસુએ રડતી હતી... ત્યાં તેના સસરાજીએ બૂમ પાડી અને વિચારતંદ્રામાંથી જગાડી...

"વહુ બેટા, ક્યાં સુધી તું ભૂતકાળના વિષાદમય પડછાયાની ચાદર ઓઢીને જીવ્યા કરીશ ? તું ઉષ્મા અને ઉષ્માંકનો તો વિચાર કર. બધાં બાળકો આનંદ કરતાં હોય ત્યારે ઘરમાં કેદ થવાનું કોને ગમે ? ઉષ્મા દસ વર્ષની થઈ અને ઉષ્માંક આઠ વર્ષનો. બેટા એમનું બાળપણ એળે જાય છે. એમનો શો દોષ છે ? એમનો આનંદ નષ્ટ કરવાનો આપણને કોઈ અધિકાર નથી. બાળપણ ફરી આવવાનું નથી. આનંદ અને ઉત્સાહના અભાવોમાં જીવતા આ બે બાળદેવતાનો તો તારે ખ્યાલ કરવો જોઈએ, નહીં તો પછી આખી જિંદગી તને વસવસો રહી જશે." પપ્પાજીએ પાવનીને સમજાવતાં કહ્યું હતું.

પાવનીને પપ્પાજીની વાતમાં દમ લાગે છે. તે વિચારમાં પડી જાય છે. પાવનીને પોતાનું ભવિષ્ય અંધકારમય લાગતું હતું. પણ પપ્પાજીની વાતે તેને હચમચાવી મૂકી હતી. તે

એકલી નથી. તેની પાસે અતિથિ સાથેના દામ્પત્યજીવનમાં ખીલેલાં બે નાનકડાં ફૂલ પણ છે. પાવની વિચારે છે મારે તેમના માટે જીવવું પડશે. તેમના પિતા નથી તો શું થઈ ગયું ? માતા તો છે ને ! હું આજથી તેમની માતા અને પિતા, બન્નેની ફરજ બજાવીશ... આમ પાવનીનું મન તેની સાથે સંવાદ રચવા લાગ્યું.

એટલામાં દીકરી ઉષ્મા દોડતી આવી પહોંચી અને ઉષ્માંકની ફરિયાદ કરતાં કહેવા માંડી "મમ્મી, જો તો ખરી ભાઈ બીજાં બાળક સાથે નાચે છે કૂદે છે... અને દૂરથી ફટાકડાંની મજા માણે છે. એને શરમ પણ નથી આવતી. આપણા પપ્પા નથી એ તો એને ખબર છે. આવું ટરકવાપણું કરે એ એને શોભે ?"

"આ બધું હવે એને શોભે ?" વાક્ય પાવનીને હચમચાવી મૂકે છે. ફરી પાછી પાવની વિષાદમાં સરી જાય છે. અને ઉષ્માંકને ઘરે લઈ આવવાનો ઉષ્માને આદેશ આપે છે. ઉષ્માંક ઘરમાં આવે છે એટલે પાવની ઉષ્માંકને ધમકાવતાં કહે છે : "ખબરદાર જો ફટાકડા ફોડવાનું નામ લીધું છે તો ! "

"પણ કેમ મમ્મી ?"

"ઊભો રહે, તારા કેમનો જવાબ આપું, કહીને પાવની ઉષ્માંકના ગાલ પર ઉપરાછાપરી ત્રણ-ચાર તમાચા ચોડી દે છે. ઉષ્માંક જોરજોરથી રડે છે અને એને રડતો જોઈને ઉષ્મા પણ એની સહાનુભૂતિમાં રુદનકાર્યમાં જોડાઈ જાય છે. બસ, એ પછી ઉષ્મા અને ઉષ્માંકે દિવાળીના ફટાકડા ફોડવા માટે હઠ છોડી દીધી અને સૂનમૂન થઈને શાળાનું લેસન કરવા બેસી ગયાં હતાં."

પણ વળી પાછું પાવનીનું મન ચકરાવે ચઢે છે. બાળકોને સૂનમૂન થઈ કમને લેસન કરવા બેઠેલાં જોઈને પાવનીનો જીવ કપાઈ જાય છે. અતિથિ હતો ત્યારે ઘરનું વાતાવરણ કેટલું ખુશખુશાલ અને ભર્યું ભર્યું લાગતું હતું ! અતિથિનો મજાકિયો સ્વભાવ, નિખાલસતા અને વાણીમાં મધુરતા... તેની વિદાય સાથે બધું છીનવાઈ ગયું હતું.

પાવની પોતે ઇચ્છતી હતી કે તે વિષાદમાંથી બહાર આવે અને દીપ પ્રગટાવે પણ તેનું મન માનતું નહોતું.

ત્યારે પપ્પાજી ફરી પાવનીને સમજાવે છે, "બેટા, હું તને નથી કહેતો કે તું ફરી સંસાર માંડ. તને તારી રીતે જીવવાનો પૂરો અધિકાર છે. પણ અતિથિની થાપણ જેવા બે કુમળા છોડ, ઉષ્મા અને ઉષ્માંકના ભવિષ્યનો વિચાર કર. અભાવોમાં ઊછરતાં બન્ને બાળકોનો વિકાસ કઈ રીતે થશે. તારું સમગ્ર ધ્યાન બે બાળકોમાં હોવું જોઈએ. અતિથિ તને જવાબદારી સોંપીને ગયો છે. એટલે તું તારું બધું દુઃખ ખંખેરી નાખ અને સામાન્ય જિંદગી શરૂ કરી દે બેટા. તો અતિથિના આત્માને શાંતિ મળશે."

પપ્પાજીની વાત સાંભળી પાવની એકદમ ઊભી થઈ જાય છે અને કહે છે "પપ્પાજી ઊભા રહો હું પાંચ મિનિટમાં મારાં કપડાં બદલીને આવું છું." પાવની નવાં વસ્ત્રો ધારણ કરીને આવે છે. એ ઉષ્મા તથા ઉષ્માંકને બૂમ પાડીને બોલાવે છે : "ઉષ્માંક આવી જા, બેટા, બેટા ચાલ આપણે ફટાકડા લેવા જઈએ. તારે જે જોઈએ તે હું તને લઈ આપીશ."

ઉષ્માંક દોડતો આવીને મમ્મીને વળગી પડે છે. પાવની કહે છે "ચાલો, આપણે ફટાકડા ફોડીને પછી મીઠાઈ પણ ખાવાની છે. ઉષ્મા તું કેમ મારી તરફ ટગરટગર જોઈ રહી છે ? હું સાચે જ કહું છું. આપણે દિવાળી ઊજવવાની છે."

પાંચ વર્ષ પહેલાં અતિથિ જે ફટાકડાની ખરીદી કરીને લાવ્યો હતો, તે ઉષ્માંકે સંતાડી રાખ્યા હતા. મમ્મીની વાત સાંભળી ઉષ્માંક દોડીને તારામંડળ લઈ આવે છે અને તારામંડળ સળગાવીને મમ્મીના હાથમાં પકડાવી દે છે ત્યારે ક્યાંક વાંચેલી કવિતાની પંક્તિઓ ઉષ્મા જોરથી ગાય છે...

"અંધકાર સે ક્યોં ગભરાયે ?
આઓ મા, એક દીપ જલાયેં"

અને પાવનીએ એના મનમાં દીપ જલાવવાનો નિર્ણય કર્યો. જીવન સાથે સમાધાન કરી પાંચ વર્ષના વિષાદને અમાવાસ્યાની અંધકારભરી રાતને સોંપીને પાવની ઉષ્માંકના હાથમાંનું તારામંડળ ઝૂંટવીને નાચવા માંડી. ઉષ્મા, ઉષ્માંક અને દાદાજી. પાવનીના પલટાયેલા વર્તનને સ્નેહપૂર્ણ દૃષ્ટિથી નિહાળી રહ્યાં હતાં.

અમાવાસ્યાના અંધકારને પડકારતું માટીનું કોડિયું જાણે કહી રહ્યું હતું : "દિવાળીના ઉત્સવનું સરનામું દિવસમાં નહીં, દિલમાં હોય છે."

કનકકલા-૨, જે બ્લૉક-૪૦૨,
આનંદનગર રોડ, સીમા હૉલ સામે,
અમદાવાદ-૧૫.
મો. ૭૫૬૭૭૪૦૮૦૬

ચીલો

નટવર ગોહેલ

ચોરને ઊંઘે કાંધ મારે તેવો તપારો હતો. જેવો આકરો તડકો હતો એવી ગરમ લાય હવા. પાંદડુંયે ફરકતું ન હતું. ખેતરની ઉગમણી બાજુએ આવેલ આંબાના વૃક્ષ પરની કોઈ ડાળેથી સરકતો એકલદોકલ પંખીનો ટહુકાર પણ ખામોશી ઓઢી શાંત થયો હતો. કેશવે શાક-રોટલો આરોગી, લોટાના પાણીના ત્રણેક ઘૂંટ ગળે ઉતારી, ખભા પરના ગમછાથી કપાળની ભીનાશ લૂંછી. ત્યાં ખેતરની દખણાદી બાજુએથી કોઈકે સાદ દીધો:

"ભાઈ, જાંબુડાનો મારગ ચીંધશો?" કોઈ વટેમાર્ગુએ માથા પરની પાઘડી અવળી-સવળી કરીને ફરી ટહુકાને ધાર આપી: "મારે વેલા આતાના ઘરે જાવું છે."

"ન્યાંથી આઘેરા જાતાં જ ચીલો આવશે" કેશવ માર્ગ ચીંધે એ પહેલાં વડલાના છાંયે બેઠેલા કેશવના બાપુ જયમલે જ કહી દીધું: "ચીલે ચીલે હાલ્યા જાવ. જમણી કોર્ય વળીને નાકની દાંડીએ દાંડીએ વે'તા થાવ. ગલુભાના સૂકલ કૂવાથી ડાબે હાથે સાવ સામું વેલા આતાનું મેડીબંધ મકાન નજર સોંસરવું પડશે...!"

કેશવ વટેમાર્ગુને માર્ગ ચીંધવા સાબદો થયો હતો પણ વચ્ચે બાપુ ટપકી પડ્યા: "બસ, ચીલે ચીલે હાલ્યા જજો..!"

કેશવના ચહેરા પર અણગમાની ખારાશ તરવરી ઊઠી, મનમાં આવેલા અણગમાના ઊભરાને માંડ માંડ રોક્યો, જાત પર દાઝ ચડી આવી કે સાઠે પૂગેલા બાપુની બુદ્ધિ હવે ઠેકાણે રઈ નથી.

કેશવ ચૂપ થઈ ગયો. ક્રોધનો કોળિયો ગળે ઉતારવો કાઠો થઈ ગયો: બાપુનો આ ચીલો ક્યાં સુધી ચૂલાની પેઠે સળગતો રહેશે. કોઈને ડહાપણની બે વાત કરવી હોય તો બાપુ બુદ્ધિનો ચમકારો દાખવી દેશે: આપણા વડવાઓએ કીધું ઈ સંધુંયે હાચું, કોક મારગ, ચીંધે એ સારું જ કે'વાય! ચીલે ચીલે ચાલવાનું રાખો તો કોઈ દી ઠોકર નઈ વાગે...!"

સાંજ ટાણે ઘર તરફ વળવાનો વખત થયો કે બાપુએ કેશવને કામ બતાવી દીધું: "દીકરા, ઘરે જાતાંવેંત રૂપિયા ત્રણ હજાર ગણીને કલાભાઈને આપી આવજે!" પછી વરત ઉમેરી દીધું: "આપણી ગાયુંને રોટલા ભેળો ગોળ કોઠે પડી ગ્યો સે, મારા બાપુ કે'તા કે ગાયુંને લીલો કડબ દેવા સારુ પણ, રોટલા ભેળો ગોળ ખવરાવી દેવો વધારે રૂડું, આ કલાભાઈનો ગોળ તો ભાઈ સાકર જેવો હો...

કેશવ કાંઈ ન બોલ્યો, ને ચૂપ રહ્યો, પણ બાપુ એમ થોડા ખમ્મા કરે: "ભાઈ, મારા બાપુના કીધે ચીલે ચીલે ચાલીને ગાયુંનાં રખોપાં કરતાં આવડી ગ્યું હો!" ઈમ તુંયે મારા ચીલે ચીલે ચાલીશ ત્યારે જરૂર સુખના દા'ડા ભાળીશ. હાલ્ય હવે ઉતાવળો થા!"

કેશવે ખભાનો ગમછો ઠીક કર્યો, ગાલ પર હાથ ફેરવી હોઠ ભીંસી દીધા. ઓછાબોલો કેશવ હંમેશાં ઓછું બાપની સામે વધુ બોલતો નહી, ખપ પૂરતી જ વાત કરતો. પચ્ચીસ વર્ષનો કેશવ માંડ પાંચ ધોરણ સુધી ભણ્યો અને કામે લાગી ગયો. બાપુએ કહી દીધું: "એલા, પેટનું ભણતર હાચું, મારા બાપુ કે'તા કે બે રૂપિયા રળો અને પેટનું ભાડું ચૂકવો મેં બાપના બોલે ચીલો પકડ્યો, તંઈ બે ટંક રોટલા ભાળ્યા, મેડીબંધ મકાન થયું, તારી મા તો લાંબે ગામતરે ગઈ, પણ... મેં કમર બાંધી લાધી. ઘર અને ખેતીના કામમાં મન પરોવ્યું ને આજે દી રૂડા સોના જેવા થઈને ઊભા રીયા, કાં... બરાબર ને ?

કેશવના હોઠ સુધી શબ્દો આવી ગયા હતા. એ વખતે : તમારી ઈ હંધીય વાતું ઠીક મારા ભાઈ ! પણ, હું કાંઈ તમારા ચીલે ચાલીને મારા જીવનના ચાર દી ખરાબે ચડાવવા ઇચ્છતો નથી ! આવું કંઈક કહેવું હતું પણ એણે સંયમ જાળવી લીધો. આમ કરવામાં મન પર જુલ્મ ગુજાર્યો હોય તેવો ભાવ આંખોમાં ઊપસ્યો, એને થયું કે બાપની હાર્યે બે વાણી વદીને મનને ક્યાં ખારું કરવું ? બાપની ઉમરનો પણ મલાજો જાળવવો પડે ને!

જાંબુડાના પાદરે કેશવે પગ દીધો ત્યાં બાપુએ કેશવને કહી દીધું: "તું ઘરે જા, ગોરબાપાના ખોરડેથી ભાઈ ગોરો

આવે તો રીંગણ-બટાકાનું શાક ચૂલે ચડાવી બાજરીના બે ધીંગા રોટલા ટિપાવી નાખજે !'

ગોરબાપાના ઘરેથી એમનો દીકરો ગોરો આવીને સવાર-સાંજની રસોઈ બનાવી જતો. ગોરબાપા સવારે તાંબડી ફેરવીને બે ટંકના રોટલા જોગો લોટ માંગી આવતા. ગોરાણી ઘરડાં થયાં હતાં, વળી અંગ લકવા મારી ગયું હતું, એકનો એક દીકરો ગોરો માથે પડેલી જવાબદારી સ્વીકારીને આળો-મોળો રોટલા બનાવતાં શીખી ગયો હતો. વળી કેશવના ઘરનું રસોડું પણ કરી આપતો.

કેશવ ઘરે પહોંચ્યો ત્યારે ગોરો ફળિયે ઊભો હતો. બાપુ, "હું જરાક સવાને ભેળો થઈ આવું'' એમ કહી બીજી શેરીએ વળી ગયા. કેશવે એક શબ્દ ઉચ્ચાર્યો નહી. અહીં ગોરો તેના કામે વળગ્યો. ગોરો ધનાની વાડીએથી તાજાં લીલાં શાક લઈ આવેલો. એણે શાક સમારીને હાંડલે ચડાવ્યું અને ગોરો વાતે વળગ્યો.

"કેશવભાઈ! હવે તમે તમારું કંઈ વિચાર્યું કે નહીં?"

'શું કેવું ગોરા સામે જોઈ કેશવે કહ્યું. ગોરો શું કહેવા ઇચ્છતો હતો તે વાત સમજાય તેવી હતી. એટલે એણે કેવળ સવાલ કર્યો.

'લગન-બગનનું' ગોરાએ છેવટે ફોડ પાડ્યો.

"જેવું તમારું એવું મારું", કેશવે હોઠ મલકાવ્યા.

ગોરો કેશવને તાકી રહ્યો. ગોરો પણ કોરોધાકોર હતો, એનું ક્યાંય ઠેકાણું પડતું નહોતું. ગોરબાપાએ મહેનત ઘણી કરી. પણ, ભાઈનું ઠેકાણું પડ્યું નહીં. જ્યારે કેશવ માટે બાએ કહી દીધેલું. ભાગ્યનું દ્વાર ઊઘડશે ત્યારે પળનીયે વાર લાગશે નહીં, વડવાનો ચીલો જાળવી રાખવો જરૂરી. નાતમાં કન્યાયુંનો તોટો નથી. મન મળે અને ભળે પણ, નાતે મરવું અને નાતે તરવું.

બાપુ જયમલ વારંવાર ચીલો કહીને વડવાના ગૌરવની વાત આડી મૂકે. પરંપરા જાળવવા પર ભાર મૂકે. રિવાજની ગરવાઈનું ગીત ગણગણ્યા કરે. તેમની વાત બસ ચીલાથી આગળ વધે નહીં.

ગોરાની વાતમાં ઝાઝી માથાકૂટ કરવી નહોતી. કેશવ ફળિયાની ઝાંપલીએ જઈને ઊભો રહ્યો. બાપુની વાતો ગમતી નહિ પણ શું કરવું, કેમ કરવું? બાપને કહેવું શું? એ તો એક જ વાત, ચીલો પકડવો.

એમની 'ચીલો'ની વાતને લઈને કેશવે ગોપીને મળવાનું બંધ કરી દીધું હતું. ગોપી એ સૌંદર્યના લાલિત્યની એવી મનભાવન લિપિ હતી જેને ઉકેલવાની ક્ષણ આવી ત્યારે જ બાપુ જયમલે કહી દીધું હતું: "બસ, હાંઉ કર, એ ઘરે સંબંધ નો બંધાય. ક્યાં આપણો ઉંબરો અને ક્યાં વરદરાજનું ફળિયું, આપણા ખેતરમાં દાડીદપાડી કરનાર ઈવડી ઈ ગોપીને ઘરની વહુ નો બનાવાય. એટલે એની શેરીએથી પાછો વળી ઝાઝે ભાઈ!

ગોપી નખશિખ સુંદર તેની મુગ્ધ આંખોમાં કેશવ સમાઈ ગયો હતો, પણ... કેશવના બાપુ જલમલે હાથ આડો ધરીને નન્નો ભણી દીધો હતો, તું વડવાની આબરૂ માથે આડો આંક નો વાળી દેતો ! "ઈવડા ઈ બ્રાહ્મણ,



આપણો હાથ ઊંચો, અબળાની રક્ષા કરવાનું કામ આપણું, ધરતી ખૂંદનારા જણ આપણે, તલવારું તાણનારા આપણે.” “ભલા, એમનું ખોરડું પાંચ વાને સારું, પવિત્ર માણહ ગણો તોય ઈમાં કાંઈ નો ઘટે.” “ગોપીમાં કાંઈ જોવાપણું નથી. હું કંઈ રંગભેદમાં માનતો નથી, પણ દીકરા, ખાનદાનનો ચીલો પકડી રાખવો.”

કેશવ આંખોથી જ નહીં તે ભીતરથી પણ રડી પડ્યો. ગોપી એટલે વટ. તેના દેખાવ આગળ ઇન્દ્રની રંભા અને ઉર્વશી પણ મોળાં પડે. વળી ઈ પાંચ ચોપડી ભણેલી, વીસે વાન પણ ઊગીને મહેકી રહ્યો હતો. ખોરડાના અંધારા ખૂણાને અજવાળે એવું ઝળહળાં-ઝળહળાં રૂપ !

શું કરવું? મારે બાપને શું કહેવું...? પહેલા કોળિયે ગળે ખારાશ આવી અટકી, પ્રથમ ગ્રાસે મક્ષિકા ! ઓહ નસીબ. દિલની વાતને વાચા જ મળી નહીં, માંડ હિંમત એકઠી કરી બાપ આગળ ગોપીની વાત મૂકી ત્યાં બાપે ઘસીને ના પાડી દીધી: “જુદો ચીલો પાડવો નથી. ગોપીનો બાપ મારો હાથ પાછે ઠેલે ઈમ નથી. પણ... હવે હાંઉ કરો.”

એક સાંજ આ સમયે સ્મરણે ચડી...

એક સાંજે કૂવાના કાંઠડે ભેટો થઈ ગયો હતો. કેશવ ખેતરેથી ઘરે આવી રહ્યો હતો અને ગોપી કાખમાં પાણીનો હાંડો ગોઠવી ઘર ભણી વળી રહી હતી.

“તરસ્યાને પાણી પાશો?”

“ઈ કોણ...?”

“ઈ તો હું કેશું”

“લે ઈમાં ના પડાય?”

“ખોબો ધરું?”

“ખોબે ખોબે નો ધરપત વળે.”

“ભીના તો થાવું ને,,,?”

કેશવે ખોબો ધર્યો, હાંડાની જાડી-લાંબી ધારે ખોબો છલકાતો રહ્યો અને કેશવ ઘટક-ઘટક પાણી પીતો રહ્યો. પાણીની ધાર સાથે કેશવની આંખો પણ ધારે ધારે ગોપીને પીતી રહી. એ ગોપીને ધારી ધારીને જોઈ રહ્યો હતો.

“કેશુ, કાયમની તરસ મટાડવી હોય તો મારી શેરીમાં આવીને લઈ જા. હું તૈયાર છું..!”

“બાપુની રજા લીધી?”

“દીકરીની ઇચ્છા હોય તંઈ...”

“તંઈ...?”

“બાપુની હા જ હોય...?” ગોપીએ કહ્યું હતું: “તું તારા બાપુના કાને વાત નાખજો! શું લાગે છે ? ઇ તારી વાત માનશે!

“.....?”

“કાં બોલ્યો નંઈ?

“મારો બાપ જરીક...”

“વાયડાઈમાં છે કાં..?”

કેશવ હસી પડ્યો.

“કાં...?”

“ઈ ચીલાની વાત માંડે છે.” કેશવે કહ્યું.

“કેશવ, એલા, ન્યાં શું કામ ઝૂરસ!”

પાછળથી બાપુએ બૂમ પાડી એટલે કેશવ અંતરમાં ઊપસેલા સ્મરણમાંથી બહાર આવ્યો. ગોપી ઘડી પળ માટે તેના અંતરમાંથી સરકી ગઈ.

વાળુનું ઈ ટાણું હતું.

* * *

ઉનાળો ઊતર્યો.

ચોમાસું ઘેરાતાં વાદળોમાં ડોકાતું હતું. હવામાંથી ઉનાળાની તીખાશે રજા લીધી હતી. કેશવના લલાટે હવે પરસેવાની ગેરહાજરી વર્તાતી હતી. આજે બાપુ આવ્યા ન હતા. કેશવને સવારે જ કહી દીધું હતું: “દીકરા, તું ખળાવાડે જઈને કટાની ગોઠવણ કરજે.”

બાપુ ક્યાં રોકાયા હશે?

કેશવના મનમાં બસ એક જ સવાલ ઘૂંટાતો હતો. બાપુ રોજે રોજ સવારના સાથોસાથ ખેતરે આવતા, જરૂરી કામોમાં હાથ પરોવતા, પણ બે દિવસથી વિલંબ થતો હતો. કેશવ વિચારતો હતો: “તેમનામાં આવું પરિવર્તન કંઈ સમજાતું નથી. એ ક્યાં જતા હશે?”

એણે મગજ કસી જોયું.

બાપું ક્યાં ગયા...?

એક નામ ઘૂંટાઈ ઘૂંટાઈને કેશવના મનમાં સ્થિર થવા લાગ્યું : સવો ઇ બિચારો જણ, આંખો ગુમાવી અંધારાં ફંફોસતો હતો. પોતે ૬૦નો થયો હતો. ગરીબાઈ ઘરમાં આંટો દઈ ગઈ હતી. કોણ જાણે બે જણનો પેટ ગુજારો કઈ રીતે થતો હશે..? તેનાં પત્ની લગભગ અડતાલીસ વર્ષનાં. હજુ તો શરીરે સક્ષમ. આસપાસનાં નાનાં મોટાં કામ કરીને બે ચાર રૂપિયા રળી લેતાં હતાં. સૂરજસિંહના

ખેતરે જતાં, કમર વાળીને કામ કરતાં. સવાભાઈ છેવાડાનો માણસ. નાનું વરણ.

કેશવના મનમાં સવાલ ઊભો થયો: પણ ઈ સવાભાઈના ઘરે બાપુનાં બેસણાં કેમ થયાં? પાંચ-પચ્ચીસ આપવાનો કાંઈ વ્યવહાર બંધાયો હશે...?"

કેશવે પગ ઉપાડ્યા... એ પહેલાં ખેતરમાં કામ કરતા દાડિયાઓને કહી દીધું: "જરાક ધ્યાન દેજો, આ બાપુની ચંત્યા કોરી ખાય છે, જરીક ઘરે આંટો દેતો આવું. આ ખળાવાડ ભણી નજરું દેજો, કોઈનું રડ્યું-ખડ્યું ખોડું ઢોર માથું નો મારે...

કેશવના પગમાં ગતિ આવી, ઝટપટ ગામમાં આવ્યો, સવાભાઈની શેરીએ વળ્યો. છેક છેલ્લે સવાભાઈનું જર્જરિત ખોરડું. બહાર ઓટે સવાભાઈ આડે પડેલા. ઘરનું બારણું બંધ. આસપાસ કોઈ દેખાયું નહીં, સવાભાઈને ઢંઢોળવાનું મન થયું, પણ...

બારી ખુલ્લી હતી.

કેશવ બારી પાસે ગયો. અંદર નજર નાખી અને તે ધ્રૂજી ઊઠ્યો. માનવામાં ન આવે તેવું દૃશ્ય આંખ સામે સ્પષ્ટ થયું. બાપુ અને સવાભાઈનાં પત્ની પરસ્પરની સાથે ગોટમોટ વળ્યાં હતાં. કેશવને તો કાપો તોય લોહી ના નીકળે તેવું થયું. એક પળ પણ ઊભા રહેવાનું નહોતું. કેશવ પાછો ફરી ગયો. આ હતો બાપુનો ચીલો...!

* * *

આકાશ ગોરંભાયું હતું. વરસાદ વરસું-વરસું થઈ રહ્યો હતો. બફારો ઉચાળો ભરી ગયો હતો. ફળિયામાં ઠંડક છવાઈ રહી હતી. ધીમે ધીમે ઝરમર-ઝરમર બુંદોની બૌછાર શરૂ થઈ. બાપુ જયમલ પરસાળમાં ખુરશી પર બેઠા હતા. કેશવ હજુ આવ્યો ન હતો.

જયમલભાઈએ આકાશભણી નજર માંડી, મનમાં ચિંતા સળવળી: "બારેય મેઘ ખાંગા થાય ઈ પહેલાં કેશુ ઘરે આવી જાય તો સારું."

"બાપુ... અમે આવી ગયાં..."

આ અવાજ કેશુનો હતો.

કેશુ ઝાંપલી ખોલી ફળિયે પ્રગટ્યો. બાપુએ આશ્ચર્યથી અંજાયેલી આંખે કેશવ સામે જોયું. કેશવ એકલો હતો. સહેજ મલકાઈ રહ્યો હતો. તે બાપુના ચહેરા પર તરવરતા ભાવને ઉકેલી રહ્યો હતો. એને ઘણું બધું સમજાઈ ગયું હતું.

"અમે આવી ગયાં... એટલે?" બાપુએ ભાર દઈને સવાલ કર્યો: "અમે એટલે, છે કોઈ?" આમ કહી એમણે કેશવની પીઠ પાછળ જોયું, ત્યાં કોઈ નહોતું, તો કેશુએ એમ કેમ કહ્યું કે અમે આવી ગયાં..?

"બાપુ, નવાઈ નો પામો! આપણા ઘરની વહુ હમણાં જ આવી પૂગશે. ઈ ગમાણમાં ગાયુંને ઘાસ નીરવા ગઈ છે.. આવ્યા ભેગી છે" કેશવે કહ્યું.

"આપણા ઘરની વહુ..? કોણ" બાપુનો સ્વાદ ફાટ્યો.

"ગોપી! આપણા ખોરડાની લક્ષ્મી!" આમ કહીને કેશુએ સાદ દીધો, "ગોપી! હાલી આવજે."

અને ઝાંપલી ખોલીને ગોપીએ ઝાંપે પગ દીધો. ગોપી લગ્નના પાનેતરમાં શોભતી હતી, ને કેશવ લગ્નના લેબાસમાં સજ્જ હતો.

"અલ્યા તેં શું કર્યું..?"


"જે તમે કર્યું તેનાથી સાવ અલગ જ! હું તો મહાદેવ મંદિરે, પૂજારીની હાજરીમાં ગોપી સાથે લગન કરીને આવ્યો છું..."

"ચીલો વળોટી. ..?" બાપુના અવાજમાં ધ્રુજારી હતી.

"બાપુ! તમે સવાભાઈના ઘરે ખોટી રીતે ચીલો વળોટ્યો છે. હું તો ગામઆખાની હાજરીમાં પરણીને ગોપીને લઈ આવ્યો છું. મેં સાચો ચીલો ચાતર્યો છે... પણ, તમે ખોટા ચીલેથી પાછા વળી જજો..."

કેશવે સંકેત કર્યો. બંને વરઘોડિયાં આગળ આવ્યાં અને બાપુના ચરણમાં આશીર્વાદ લેવા નમ્યાં.

ડી-૬૬, માયા રોહીદાસ ટેનામેન્ટ,
કાશીવિશ્વનાથ સોસાયટી વિભાગ-૧ની બાજુમાં,
ઈસનપુર, અમદાવાદ.
મો : ૯૩૨૭૦૮૧૦૩૮



ભીંસ

રમેશ ત્રિવેદી

પછી હું અને ધૂળો વાળુ કરવા બેઠ્યા.

ખીચડી, બાજરીનો રોટલો, રીંગણાંનું શાક ને ઘરાઉ છાસ!

મેં રાંધણિયા સામે જોતાં જોતાં કીધું.

'વાહ! ભાભી વાહ! કેટલા લાંબા સમય પછી ભાભીના હાથના રોટલા ખાવા મળ્યા...'

રાંધણિયામાંથી રણકાતો આગવો મધુર સાદ આવ્યો:

'અમે તો ભૈ, તમોને કહી કહીને થાક્યાં કે રજાઓ પડે એકન બે જણાં હમણાં તો છડો છડો એકન આવો બે-ચાર રે'વા, પછી તો.. વસ્તાર આયો.. ક થઈ રહ્યું ! ખરું કે નઈ મનોહર ભૈ તું બોલ્યો નઈ ધૂળો હસ્યો, મનોહર લ્યા, વાત તો તારી ભાભીની હાવ હાચી છ, આ ઘરનું ઘર છ તમારું.. બોઈડીઓ છં, તોય માંડ માંડ બાર મઈનામાં એક-બે વારનો આવસ, ન અવ આ બધાનો વેપાર થઈ ગ્યો પછે તો હું કુણ ન તું કુણ ! ખરું કે નઈ?...'

'લ્યા, ધૂળિયા, ખા મારોં હમ, ન તને એવું લાગે છે? હેં?..

એં, તું અડધી રાતે એક ફોન કરી જોજે, આ મનોહર બાઇક લઈને તારી હામે ખડો થઈ જાય છે કે નહીં ?'

લ્યા, દિયોર, મું તને ય્યોં નથી ઓળખતો ? આ તો જરા હસવાનું એ બહોને...'

'મનોહર ભૈ, ઘર ને બોરડીઓ વેચાઈ ગઈ તમારી ?'

- હું હથેળીમાંનો વરિયાળીનો મુખવાસ ક્યાં સુધી જોતો ઊભો રહ્યો... ચુપચાપ.

'ય્યમ બોલતો નથી મનોહર! હેં?..'

મેં ગંભીર સાદે કીધું :

'બાપા હતા ત્યાં સુધી ઘર કે બોરડીઓ અંગે એક વેણ સુધ્ધાં બોલવાની હિંમત નહોતી મારી, ધૂળિયા, તારી ભાભીએ એકવાર બહુ જીદ લીધેલી, તે બાપો આગળ દાણો દબાવી જોયેલો..'

ધૂળિયો હસ્યો, રાંધણિયા સામે જોતા જોતા:

'હોંભળ છ, એં... જેવો મનોહર બોલેલો : બાપા, અવ તમે હેંડો ન અમારી હારે અમદાવાદ રે'વા!.. ને આવી બનેલું, બિચારા મનોહરનું... એના બાપા તો એકદમ ગરમ-લાય જેવા થઈ ગ્યેલા, પછ તો એક લે ન બે મૂકે...'

'હાચી વાત છ. મનોહર એ વેળાએ મું છ ન તારા ઘરની ઓશરીમાં ઊભો રહીને બધું હોંભરતો હતો, કાન દઈને, પેલેથી જ તારા બાપાન ચંચળકાકી માટે બઉ લાગણી હોં...'

'હોય જ ન ધૂળિયા, એ, મારી બા હોય ન બોઈડીઓ હચવાય, પેટની જણી હોય એ રીતે એમનું જતન કરતી'તી, ન એટલે સ્તો, મારા બાપા બોરડીઓ વેચવાની વાત નીકળે કે તરત ભડકી ઊઠતા'...'

ધૂળિયાએ મારા ખભે હાથ મૂક્યો.

'લ્યે, હેંડતાં હેંડતાં વાત કરીસું.'

પછી અમે ફળિયામાંથી આગળ વધ્યા.

'જોયું ? મનોહર, અંધારું, મારું બેટ્ટુ.. હુનાકારા ભેળું કેડવા આવે લાગે છે ને! હેં? જે ઘર હોમે જુઓ ત્યાં તાળું ! ખૂણે-ખાંચરે બધે ઝાંખરાં, આકડા-.હમ ખાવાય ય્યોંય ભેંસોની ગમાણ .. ભાળી લ્યા તેં હેં..?'

મેં ધૂળિયાની પીઠે ધબ્બો માર્યો : 'લ્યા, ભૈ અમારા વાહમાંય એવું જ બધું કેટલાય વખતથી, કોઈ વાર મારા બાપા સો મણનો નેહાકો નાંખીને કહેતા : 'મારા હારા આખા ગામ ન પગ આયા છ તે.. આ હેડ્યા શહેરમાં, ને શહેરવાળા વળી એક ડગલું આગળ... કેનેડા, અમેરિકા..''

'મનોહર ઊભો રહે!' - કહીને ધૂળિયાએ મારો હાથ પકડ્યો, ને એય પૂતળું બની ગ્યો! થોડીકવાર ચુપચાપ ઊભો રહ્યો, ને પછી જરા દબાતે સાદે મારા કાન પાસે મોં લાવીને બોલ્યો: 'પે..લું ખૂણાવાળું ઘર છે, ઈમાં બે અજાણ્યા જણ ભાડે રે'તા'તા, દા'ડે ઊઠે. આપણા ગામની જીઆઈડીસીમાં ય્યોંક કારખાનામાં નોકરી કરતા'તા ઈમની હારે ગામની છોડિયું અવે તો નોકરી જાય છે. રિક્ષાઓમાં હારેહારે જવાનું ન આવવાનું... તે ઈમાં એક છોડી, એ છોડીના બાપને તુંય



સારી પેઠે જોણે છ મનોહર !...''

'તે પછી શું થયું ? છોકરી નાસી ગઈ ને એ લોકો જોડે?' 'ના રે, નાહી સું જાય! છોડીનો બાપ એમનાય માથાનો છ, તે જેવો વહેમ પડ્યો ક ઑમની વાત ઓમ છ, તે પેલા બેયને બરાબરના ઠંઠોર્યા જેડિયો લઈને, તે અડધી બેય જણા ઘરમાં પડેલો ઈમનો સામાન લેવા ના રહ્યા બોલ, હવે જો છોડીના બાપ અંધારામાં રૂયો હોત તો સું થાત ?' હું ગંભીર થઈને બોલ્યો :

'છાપું જુએ છે? મોબાઈલમાં આવતા કિસ્સા જુએ છે કે ધૂળિયા ? બસ, તો એમ જ થાય, હમજ્યો કે નહીં ?.. હા, કાં તો પરદેશ મોકલી દે, કાં તો કીમતી જણસની જેમ વેચી મારે, તે.. પછી?'

અમારી વાતોમાં ન વાતોમાં ભાગોળ આવી ગઈ.

ધૂળિયો મારી સામે જોઈને હસ્યો:

'બોલ, લ્યા, સું લઈસ.. પૉન-મસાલો.. સોડા?'

મેં સાંજની વાતનો સ્વીચ ઑફ કરેલો મોબાઈલ કાઢ્યો, પછી સ્વીચ ઑન કરીને જમીનના દલાલ સાથે આવતી કાલે સવારે બોરડીઓના સ્થળ પર મળવાનો સમય નક્કી કરી દીધો, ને એ પછી એક ફોન ઘેર કરી, ગુડનાઈટ! કહી દીધું...

'કેમ બોલ્યો નહીં મનોહર? કાંય ખાવું-પીવું નથી?'

'ના, ભૈ ના, ચાલ મંદિરના ઓટલે જઈને બેસીએ ઘડીક!'

પછી અમે ભાગોળે પાછા ફર્યા. ને પછી હનુમાનજીના મંદિરે ગયા, આરસપહાણના ઓટલે બેઠા નિરાંતે: 'હાશ!' ધૂળો એકાએક હસી પડ્યો. 'થોડા દા'ડા મોર્ય જબરો તાલ થયો'તો !...'

'હનુમાનજીની ગદા ચોરાઈ હતી, એની વાત કરે છે તું?'

'હા, લ્યા, તે, તને ય્યોંથી ખબર પડી હેં?...'

'છાપામાં આખો કિસ્સો અને ટી.વી.માંય સમાચાર હતા...'

'એવું કેવાય નઈ મનોહર? એક રાતે ચાંદીની ગદા લેતાં તો લઈ ગ્યો, પણ બીજે જ દા'ડે લોકે જોયું તો.. પે.. લા. દરવાજા આગળ ગદા પડેલી! કે'વું પડે બજરંગબલીનો ભો તો ભારે હો!...'

પછી તો હું ન ધૂળો રાતે અગિયારે મંદિરના ઓટલેથી ઊભા થયા, એને ઘેર ગયા, ઓશરીમાં અમારા બંનેના ખાટલા પાથરીને ભાભીએ તૈયાર રાખેલા તે અમે ફ્રેશ બનીને થાક્યા-પાક્યા આડા પડ્યા. થોડીવારમાં તો ધૂળાનાં નસકોરાં બોલવા માંડ્યાં, ને હું? ખુલ્લી આંખો રાખી ચત્તો પડ્યો રહ્યો. વૉલક્લોકનું ટક.. ટક.. ફળિયામાં ભસતાં કૂતરાં, ગમાણમાંથી થોડી થોડી વારે ભેંસનો રેંકવાનો અવાજ. ...અને ? થોડીવાર માટે આંખો મીંચાઈ, ને મીંચાઈ, લાંબું ઝોકું? ને આ શું? હાથમાં ગદા સાથે બજરંગબલીના વેશમાં સામે ઊભેલા બાપા ! એમની સિંદૂર જેવી રાતી આંખો કહી રહી હતી જાણે : લ્યા, લાજ વગરના, ઘર ને બોરડીઓ વેચવી છે તારે હેં? આમ કહીને

ગદા ઉગામતા હોય તેમ બોલ્યા. આ જોઈ છ?..

હું ઝબકીને જાગી ગયો. પડખેના ખાટલા પર સૂતેલા ધૂળાને કેટલો.. ઝંઝોડ્યો ત્યારે એ. હેં? સુ છ ? સુ છ?' કરતો સફાળો ઊઠ્યો એવો બેઠો થઈ ગયો.

'લ્યા, ધૂળા, તું ઘરમાં બીડી.. સિગરેટ એવું કાંક રાખે છે? હેં?'

'ધૂળો હસ્યો : ના હો, મારે તો બીડીની બાધા છ. તારી ભાભીએ ઝઘડો કરીન હનુમાનજીના મંદિરમાં લઈ જઈન પાણી મુકાયેલું છ. ઑવ, એકન પણ તને ચ્યમ અડધી રાતે?'

'ઊંઘ ના આવે તે દા'ડે, કોઈવાર એકાદ સિગરેટ પી નાંખું, બાકી મને બીડી-સિગરેટનું વ્યસન મુદ્દલ નથી ધૂળા!'

'બઉ, ચાલાકી ના કરશો ભૈ, તમારું મોં, હોઠ ને શ્વાસ ચાડી ખાય છ ક ટેન્શનમાં આવો કે તરત.. બીડી-સિગરેટ! ખરું ક નઈ? હેં? ખા મારા હમ, મારી વાત હાચી છ કે નઈ?. ?'

પછી અડધી રાતના અંધારામાં હું ને ધૂળો ખૂબ હસ્યા, ને ક્યાંય સુધી આડા-અવળાં ગપ્પાં મારતા મારતા જંપી ગયા ક્યારે એની ખબર જ ના પડી?

સવારે નાહી-પરવારીને ચા-નાસ્તો કર્યો, ને પછી મારું બાઇક લઈને હું અને ધૂળો ઊપડ્યા, જતાં જતાં મેં રેણુકાભાભીને ફરી ઘર-ખેતરના કામે આવવાનું થશે એટલે સજોડે આવવાનું વચન આપ્યું, ને બાઇકને કીક મારી, ફળિયા બહાર આવીને આગળ જતાં હનુમાનજીના મંદિરે બાઇક ઊભું રાખ્યું, ને ઉતાવળે ઉતાવળે મંદિરમાં દર્શન કરીને પાછા ફર્યો. ધૂળા સામે જોયું, 'હળવેથી ખોંખારો ખાઈને કીધું: 'ધૂળા, આજથી બીડી-સિગરેટ...' મારો બદલાયેલો ઢીલો પડી ગયેલો ચહેરો- અવાજ.. આ બધું જોઈ ધૂળો તો અવાક બની ગયો! બાઇકની સીટ પર બેસતી વખતે મેં ભારે નિસાસો નાખ્યો:

'માણસનું મન કેવું છે નહીં? બા હતી ત્યારે કહી કહીને એની જીભના કૂચા થઈ ગયેલા, પણ લત ન છૂટી તે ના જ છૂટી, ને આજે કોણ જાણે શું સૂઝ્યું તે?..'


ધૂળો તો ના બોલે કે ચાલે! મેં બાઇક મારી મૂક્યું, તે જી.આઇ.ડી.સી આવજો ઢૂકડી !

ધૂળાની ફૅક્ટરી આવી ગઈ, એ પાછળ સીટ પરથી એનું ટિફિન લઈને ઊતર્યો; મને ભેટી પડ્યો;

'ઘર-ખેતરના દસ્તાવેજ માટે આવે ત્યારે ફોન કરજે, હું રજા મેલી દઈશ, શું કીધું?..' ને તરત એણે ધીમા ધીમા પગલે ફૅક્ટરીના દરવાજા જવા પણ ઊપડ્યો.

મેં બોરડીવાળા ખેતરમાં પગ મૂક્યો. હું થોડીકવાર માટે ચો-પાસ નજર કરતો ઊભો જ રહી ગયો. બધું જાણે સાવ અજાણ્યું અજાણ્યું, ને સાવ બદલાઈ ગયેલું લાગે. અત્યાર સુધી બાપા હતા એટલે આ બાજુ ભાગ્યે જ લમણો વાળવાનો સમય મળતો હતો, પણ હવે ?... ટીંબા પર આવેલું અમારું ખેતર, પૂર્વ તરફનો ખેતરોનો લીલેરો ઢાળ, આથમણી કોરના ઊંટની ખૂંધ જેવા ટીંબા ! લગભગ બધું જ અદૃશ્ય થતું જતું હતું.

સીમમાં ગૅસ નીકળ્યો હતો. ગામની તો કાયાપલટ થઈ ગઈ હતી! રાત-દા'ડો નવરાધૂપ બેસી રહેતા લોકોને રોજી-રોટી મળતી થઈ, પણ ઠેરઠેર બિલાડીના ટોપ જેવાં કારખાનાં, ઊં..ચી ચીમનીઓ ધુમાડા.. તોતિંગ અજગરો



જેવા ડામરના એપ્રોચ રોડથી ઘેરાયેલો આસપાસનો આ વિસ્તાર ભીંસાઈ રહ્યો હતો.

હું, ધીમેથી નીચે નમ્યો, પાક્કું રાતું બોર હાથમાં લીધું, મોંમાં મૂકયું, ને પછી ફરી બીજું બોર હાથમાં લેતાં જ બાના ટેરવાંને અડક્યો હોઉં એવું લાગ્યું ક્ષણ માટે. મારી નજર ક્યાંય સુધી બોર સામે મંડાઈ રહી.

હું સાતેક વરસનો હતો, ત્યારે બાની સાથે ખેતરે આવતો. બોરડીઓને પાણી પાતો, કાચાં- પાકાં બોર બોરડી નીચે પડ્યાં હોય તો વીણતો, પછી એકાએક ઝાડીઓમાં સંતાઈ જતો, 'બા.. આ.. આ હું ક્યાં છું ?' કહી સાદ પાડતો. બા પાસે શોધાશોધ કરાવતો, અને આજે? હા, આજે મારી નજર ખેતરના આ ખૂણે, પેલે ખૂણે, બોરડીઓની ગીચ ઝાડીઓમાં બાને શોધતી વ્યાકુળ બનીને ઘૂમ્યા કરે છે ક્યારની. આમ જુઓ તો શહેરમાં હવે ધીમે ધીમે ગોઠવાતો જાઉં છું.

શરૂ શરૂમાં તો બાપુજી વરસેદા'ડે બોરડીઓની ઊપજમાંથી ખાસ્સી મોટી રકમ મોકલતા. ભાડાનું ઘર, બાઈકનું પેટ્રોલ ખર્ચ, શાક-દૂધ ને વાર-તહેવારે થતા આડા-અવળા ખર્ચા એટલે.. રોજેરોજનાં મધુનાં રોદણાં એનાં એ જ...

'હવે ખેતર વેચીન ઘરનું ઘર લઈ લ્યો, કાલ ઊઠીને વસ્તાર મોટો થશે, એમનાય ખરચા આવશી, ફાએ તેવડ નો'તી તો શું જોઈન શહેરમાં ?'

હું બીજી બાજુ બાપાની લાગણીય સમજતો હતો, મારી બાને તો જીવ જેવું વ્હાલું હતું, આ ખેતર! ને એટલે જ બાપા એની આ છેલ્લી યાદગીરીને વેચવા હરગીજ તૈયાર નહોતા થતા, હું બધું જ જાણતો હતો તોય મધુનું મન રાખવા ખાતર બાપુજી પાસે ગયેલો. ખેતર કાઢવા દાણો દબાવી જોયેલો. બાપાજી છે ને આ આવનારાં, છોકરાં છૈયાં ભણતર ખાતર જ શહેરમાં જવાનું સાહસ કર્યું છ, નહીંતર તેમને ગામમાં એકલા મૂકતાં મારો જીવ... - આટલું કહેતાં કહેતાં આંખોના ખૂણા ભીના થઈ જતા હતા.-

બાપુજી છ મહિના પહેલાં જ સાજાસમા ઘેરથી ખેતરે આવવા નીકળેલા, ને કોણ જાણે રસ્તાના વળાંકે ધમધમાટ કરતું ટ્રેક્ટર! બ્રેક ફેલ થઈ ગયેલી એવું ડ્રાઈવરે.. પણ બાપુજીના નસીબમાં આમ લખેલું હશે નહીં તો વરસોથી રાતદા'ડાનો એનો એ જ ખાધેલો રસ્તો! તોય બનવાકાળે.. જેવી ભગવાનની મરજી!

મેં કાંડાઘડિયાળ સામે જોયું.

ઘર-બોરડીઓ બંનેનો સોદો એકસાથે કરવાનો હતો આજે. દલાલ અમદાવાદથી આવતો હતો, સાડા આઠ થવા આવ્યા હતા, વહેલી સવારે એનો ફોન હતો: 'શાર્પ નવ વાગે હાજર તમારા ખેતરમાં, ઓ. કે...'

હું એકાએક લાગણીવશ બની ગયો. બા-બાપુજીને યાદ કરીને આંખો લૂછી, કે કાનોમાં ટ્રેક્ટરોના અવાજો. બાજુના ટીંબા તરફ નજર લંબાવી, જમીનમાં ટ્રેક્ટરથી ઊંડા ચાસ પડતા હતા, બુલડોઝર બોરડીઓ, વૃક્ષોને મૂળમાંથી ઉખેડી રહ્યું હતું.. માટી ઉપરતળે થતી હતી. દૂર ટ્રકોમાંથી ઈંટો નીચે ઉતારાતી હતી, ચણતરની રેત ઠલવાતી હતી, હાથમાં ત્રિકમ-પાવડા-કોદાળી અને રોબોટ જેવા માણસો.. હઈસો હઈસો...

મેં અમારી બોરડીવાળા ખેતરને ચોમેરથી જોઈ લીધું. મનમાં ધ્રાસ્કો પડ્યો હોય એમ ફિક્કું હસ્યો : થોડા સમયમાં તો? બોરડીઓનાં ઝુંડ.. ઝડ-ઝાંખરાં બધું જ બધું જ ને અહીં એક કારખાનું!..

અચાનક ધૂળની ડમરી! ફૂંકાતો વાયરો, ને મીંચાઈ ગયેલી આંખોની પાંપણો ધૂળની ઝીણી ઝીણી રજ! ખિસ્સામાંથી રૂમાલ કાઢ્યો, પણ ક્યાંય સુધી ખેતરની વહાલસોયી ધૂળની રજ લૂછવાનું મન થયું નહીં. ને હું બોરડીઓ સામે જોતો ચુપચાપ ઊભો રહ્યો-ખેતરનો એક હિસ્સો બની ગયો હોઉં એ રીતે - ક્યાંય સુધી...

એફ-૫, સી-એટલ પાર્ક, સીમ્સ હૉસ્પિટલની પાસે,
સાયન્સ સિટી રોડ, સોલા અમદાવાદ-૩૮૦૦૬૦
મો. ૯૪૨૭૯૦૯૯૦૨



બધું જ ભૂલી ગયો... બેટા ?

ભી. ન. વણકર

ડોર-બેલ વાગતાં જ વૃદ્ધ મમ્મીથી સહસા બોલાઈ ગયું, 'એ....ઈ.. મારો સંજુ આવ્યો!'

હાથ વડે ઢીંચણનો ટેકો લઈ, હળવેથી ઊભા થઈ, મમ્મીએ બારણું ઉઘાડ્યું.

'કેમ છે મમ્મી !' સંજયે હસીને કહ્યું.

'બેટા, મજામાં છું,' કહેતાં મમ્મીએ વહાલથી સંજયનો હાથ પકડી ચૂમ્યો. મમ્મી સામે ઉપલક નજરે જોઈ સંજય સીધો જ તેના બેડરૂમમાં ચાલ્યો ગયો. ડાઈનિંગ ટેબલ ઉપર બૅગ અને ગાડીની ચાવી મૂકી વૉશરૂમમાં ગયો. ઘડીકમાં ફ્રેશ થઈ સંજય બહાર આવ્યો.

મમ્મી સામે જોઈ સંજયે કહ્યું 'મમ્મી નારાજ કેમ લાગે છે?' પરંતુ મમ્મીને ચૂપ બેસી રહેલી જોઈ, સંજય ફરી બોલ્યો, 'મમ્મી, કોઈ કાંઈ બોલ્યું છે, તને ?'

'ના, રે.. ના, બેટા !'

'તો પછી ?... તારી આંખમાં...'

મમ્મી સાડીના છેડા વડે ભીની આંખો લૂછતાં બોલી, 'બેટા, એ તો...' મમ્મીના ગળે ડૂમો બંધાઈ ગયો.

'મ...મ્મી...!' કહેતાં, સંજય હળવેથી સોફામાં બેસી, મમ્મીના ખભે વહાલથી હાથ મૂકી બોલ્યો, 'મમ્મી, તું કાંઈ બોલીશ તો ખબર પડશે ને ?'

'બેટા, એ તો નાનકીને રમાડવામાં મારી વીંટી ક્યાંક પડી ગઈ... શોધી પણ હાથ લાગી નથી.' કહેતાં મમ્મીનો અવાજ ગળામાં કંપી રહ્યો હતો.

'અરે... મ...મ્મી... !' એમાં વળી આમ... વીંટી નવી લવાશે, ક્યાં મોટી વસ્તુ છે?' મમ્મીની પીઠે હાથ ફેરવતાં સંજયે કહ્યું.

'પણ, બેટા... સોનું ક્યાં સસ્તું છે... ?'

'મમ્મી વીંટી મળે તો ઠીક, નહીં તો...' સંજય બોલતાં અટકી ગયો, પરંતુ મમ્મીથી બોલાઈ ગયું, 'વીંટી શોધવી તો પડશે જ, અડવી આંગળી મને ન ગમે, નહીં તો વીંટી નવી લાવવી પડશે.'


સંજય ઘડીભર મમ્મી સામે ચૂપચાપ જોઈ રહ્યો. સંજયની ચુપકીદીથી વૃદ્ધ મમ્મી મનોમન કહેવા લાગી 'સંજય બેટા, હું પ્રથમ આણે આવી હતી, ત્યારે મારી આંગળીએ ચાંદીનો વીંટો પહેરેલો જોઈ તારા બાપુજીએ મને કહેલું, સમય બદલાઈ ગયો છે, હવે આ ચાંદીનો વીંટો ના ચાલે, હાં કે ! લે... આ સોનાની વીંટી પહેરી લે, તને ગમશે. મારા પહેલા પગારની આ વીંટી છે, સમજી? મારી મમ્મીની યાદમાં તને ભેટ આપું છું,' કહેતાં તારા બાપુજી હસી પડેલા...

ઘડીભર મને આશ્ચર્ય થયેલું.

પ્રથમ વખત સોનાની વીંટી પહેરવાથી હું હરખઘેલી બની ગયેલી. સાચું કહું બેટા, મારી પાસે આનંદ વ્યક્ત કરવાના શબ્દો નહોતા. હૈયાનો હરખ બે હોઠ ભીડી મૌન ભાવે, તારા બાપુજી સામે શરમથી મેં આંખો ઢાળી દીધી હતી; ત્યારે તારા બાપુજી વેદનાસભર સ્વરે બોલેલા 'આજે મારી મા હયાત હોત તો...!' કેટલાં હરખાયાં હોત... આપણે બધાંય !' દાદીમાની યાદમાં તારા બાપુજીની આંખો ભીની થઈ ગયેલી.

તારા બાપુજી કહેતા, 'મેં મારી માને કહેલું, મા, મને નોકરી મળી જશે, તો પહેલા જ પગારે, બોલ... હું તારા માટે શું લાવીશ... તારી ઇચ્છા ?' ત્યારે મારી માએ કહેલું, 'મારી ઇચ્છા દીકરા તું ભણી-ગણીને બાલેટન બની જા, બસ !' આજે તો હું જીવલેણ બીમારીમાં મરણ-પથારીમાં છું. મારા દેહનો કોઈ ભરોસો નથી, તારા બાપુજી તો વહેલા સિધાવ્યા, પરંતુ તારા હાથ પીળા કરીને ગયા છે. એટલે ચિંતા નથી. પણ દિવાળીએ તારી વહુને પહેલે આણે તેડી લવાશે. ત્યાં લગી હું જીવીશ એવું મને નથી લાગતું; પણ... તને નોકરી મળે તો તારા પહેલા પગારે મારી યાદમાં તું તારી વહુ માટે સોનાની વીંટી લાવી દેજે, બેટા !'

દાદીમાની આ અંતિમ ઇચ્છા હતી, તેથી તારા બાપુજીએ મને તેમના પહેલા પગારની લાવેલી વીંટી



એ દાદીમાની પુણ્યસ્મૃતિમાં મને મળેલી ભેટ છે. આ વિરાસત મારે મન અમૂલ્ય છે, સમજ્યો બેટા ? મોંઘેરા મૂલની જણસ છે.

આ જ વીંટી કાલે વિરાસતમાં હું તારી વહુને ભેટ આપતી જઈશ, મમ્મીના ચહેરા ઉપર ઘેરી ગમગીની હતી.

'મમ્મી, ભૂતકાળ વાગોળવો મને ગમતો નથી. હું કહું છું, તારી પાસે હાલમાં બીજી વીંટી નથી ?'

'બેટા મારી પાસે એક નહીં, બે વીંટી છે. પણ મારી તિજોરીમાં છે.'

'મંગાવી લે, બાપુજી આપી જશે, તારી તિજોરીની ચાવી તો બાપુજી પાસે જ હશે ને ?' 'ઘર ક્યાં દૂર છે ? તું ખોટી ચિંતા કરે છે.'

હવે... તારા બાપુજીને કહેવાથી તો વાતનું વતેસર થશે... વધારાનો ઠપકો મળશે. સમજ્યો ? હમણાં તો તારી નાનકીને રમાડવા હું અહીં જ રહેવાની છું ને ? એટલે કહું છું... મારે વીંટી પહેર્યાં વિના નહીં ચાલે, બેટા !' ચૂની, ચાંદલો, ચૂડો અને વીંટી એ તો અમારા સૌભાગ્યનો શણગાર છે. હું વૃદ્ધ છું તેથી શું ?' મમ્મી લાગણીસભર બની કહી રહી હતી.

'મમ્મી... વીંટી તો ઘરમાં જ પડી ગઈ છે ને ? ઘરમાંથી ક્યાં જવાની છે ? આજે નહીં તો કાલે મળશે...' સંજયે હળવાશથી કહ્યું 'આટલી ચિંતા શી ?'

'પણ...?' મમ્મી બોલતાં અટકી ગઈ.

'અરે.. મમ્મી ! તારી પાસે પૈસા વધારે હોય તો લાવ મને આપી દે, હમણાં જ નવી વીંટી લઈ આવું' કહેતાં સંજય હસી પડયો. મમ્મીના ખભે વહાલથી હાથ મૂકી સંજય કહેવા લાગ્યો 'વીંટી ખોવાઈ તો નથી જ ગઈ ને ? સોફા, બેડરૂમ, ક્યાંક... સઘળું ઘર રજાના દિવસે ફંફોળીશું, ક્યાંક ભરાઈ ગઈ હશે, મળી જશે... નાહકનો ઉચાટ..!'

મમ્મીના ચહેરા ઉપર ઉદાસી જોઈ, સંજય કહેવા લાગ્યો 'મારી વાત તો તું સમજવા જ માંગતી નથી મમ્મી! વીંટી ખરીદવા જવાનો મારી પાસે સમય તો હોવો જોઈએ ને ? મને લાગે છે, મમ્મી... તને અહીં ફાવતું નથી, એવું તો નથી ને ?'

'પણ, બેટા...'

'મમ્મી તું અમારી ચિંતા ના કરીશ, અહીં તો...' સંજય થોડું અટકીને બોલ્યો, 'નાનાં બાળકોની સંભાળ માટે તો... ચાઈલ્ડ કેર મધર' મળી રહે છે એટલે...' કહેતાં સંજય ઘડિયાળ સામે જોઈ ઊભો થયો.

'મમ્મી, હવે નાનકાને ટ્યૂશન-ક્લાસમાંથી લઈ આવવાનો સમય થઈ ગયો છે.' કહેતાં સંજય ગાડીની ચાવી લઈ ચાલતો થયો.

મમ્મીએ ઊભા થઈ બારણું બંધ કર્યું. સોફામાં બેસવા જતાં મમ્મીની નજર દીવાલે ટીંગાડેલા સંજયના ફોટા ઉપર પડી. મમ્મી મનોમન બોલી, 'મારો સંજૂ પોસ્ટ ગ્રેજયુએટની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ પાસ થયેલો. તેને ગોલ્ડ મેડલ મળેલો. તે સમયનો આ ફોટો છે.' મમ્મી ઘડીભર ફોટા સામે ટગર ટગર જોઈ, વિચારોમાં ખોવાઈ ગઈ.

'આ મારો સંજૂ નાનપણમાંથી જ ભણવામાં ખૂબ જ હોશિયાર હતો હાં કે ! તે ભણતો હતો ત્યારે ક્યારેક ક્યારેક તેના બાપુજી સાથે સંવાદ કરતાં મેં તેને સાંભળ્યો છે.

'બાપુજી, આપણે આમ છેવાડાના વાસમાં કાચા

ઝૂંપડાઓમાં સબડતાં રહીશું ? ગ્રામ્યજીવનની આ અભાવગ્રસ્ત ગરીબાઈ... બાપ રે બાપ, મારાથી સહી જતી નથી. તમને નથી લાગતું બાપુજી. આ બંધિયાર સામાજિક ઢાંચો, મૂળસોતો...'


'હવે બસ કર ! તું પ્રથમ ભણવામાં ધ્યાન આપ દીકરા! પહેલા ખૂબ ભણી લે, પછી બીજું, સમજ્યો ? સમય સૌનો ન્યાય કરે છે.'

ત્યારે, સંજય ચૂપચાપ... આકાશ તરફ જોઈ રહેતો. કોણ જાણે તે સ્વપ્નામાં શા શા રંગો પૂરતો હશે ?' ભૂતકાળનાં આ સ્મરણોમાં મમ્મી ગમગીન બની ગઈ હતી.

'મારો સંજૂ બહુ મુશ્કેલીઓમાં ભણ્યો હતો, હાં કે !' મમ્મી મનોમન ભૂતકાળ વાગોળી રહી હતી.

'સંજૂએ એક દિવસે વિષાદભર્યા ચહેરે મને કહેલું, 'મમ્મી ગમે તેમ કરીને પણ આજે મારી ટ્યૂશન ફી ભરી દેવી પડશે. નહીં ચાલે, બાપુજી તો કહેતા હતા, પહેલી તારીખે પગાર થશે, એટલે...' સંજયને ગળગળા અવાજે બોલતો સાંભળી, 'બેટા !' કહેતાં મમ્મીની આંખમાંથી આંસુ સરી પડ્યાં હતાં.

'સંજૂ બેટા ! તું જાણે છે, તારા બાપુજીનો પગાર ટૂંકો અને વ્યવહાર લાંબો છે. મારી નોકરી તો નામની છે. તેથી આખર તારીખે ટૂંપાવું પડે છે.' મમ્મી સંજયના ખભે હાથ મૂકી ગળગળા સ્વરે કુટુંબની આપદા કહી રહી હતી. ત્યાં તો મમ્મીને ઓચિંતા મામેરામાં મળેલાં, ઘરેણાં યાદ આવ્યાં. મુશ્કેલ સમયની મૂડી હતી. મમ્મીની ઉદાસી એકાએક લુપ્ત થઈ ગઈ. બાળકના ભલામાં જ મા-બાપનું ભલું : મનોમન વિચારતાં મમ્મીએ કહ્યું, 'બેટા ! ચિંતા છોડ, આવ... મારી સાથે રસોડામાં.'



રસોડાના અંધારિયા ખૂણામાં માટીની કોઠી હતી. કોઠી ઉપર પતરાનો ટ્રંક મૂકેલો હતો. ટ્રંક ઉપરથી ઢાંકેલું કપડું હટાવી, પટારામાં મૂકેલી ચાવી વડે મમ્મીએ તાળું ખોલી ટ્રંક ઉઘાડ્યો. ટ્રંકમાંથી લૂગડાનો ગવાડો કાઢ્યો. અનેક સ્મૃતિઓ સાથે મમ્મીએ ગવાડામાંથી કડલાં, સાંકળાં, હાંસડી, બન્ને હાથના ચૂડા, નાકનો કાંટો, વીંટો.. આ સઘળાં ચાંદીનાં ઘરેણાં મમ્મીએ બરાબર જોઈ લીધાં. મમ્મીના ચહેરા ઉપર મંદ મંદ સ્મિત છલકાઈ રહ્યું હતું. પિયરની યાદમાં મમ્મીની આંખો ભીની થઈ ગઈ. હાથના બે ચાંદીના ચૂડા અલગ કાઢી, બાકીનાં ઘરેણાં ગવાડામાં મૂકી ટ્રંક બંધ કર્યો. ટ્રંક ઉપર કપડું ઢાંક્યું. મમ્મીએ ભાવુક થઈ ચૂડાને ચૂમી લીધો.

'બેટા લે આ ચાંદીના બે ચૂડા... સોનીની દુકાને જઈ વેચી આવ !' મમ્મીએ વેદનાભર્યા ગંભીર ચહેરે કહ્યું. ચૂડા થેલીમાં મૂકી સંજય ભાવવિભોર બની મમ્મીને ભેટી પડ્યો. મમ્મી સામે જોઈ, સંજય ઝડપથી ચાલતો થયો.

સંજય જેટલી ઝડપે ગયો હતો, તેટલી જ ઝડપે પાછો આવ્યો હતો. કહે 'મમ્મી લે આ એક ચૂડો પાછો. ફરી ક્યારેક મુશ્કેલ સમયે કામ લાગશે.'

સંજયના ચહેરા ઉપર સ્મિત હતું.

'કેમ બેટા ?'

'મારી ટ્યૂશન ફી જેટલા પૈસા તો એક ચૂડામાં જ આવી ગયા... એટલે બીજો હું પાછો લાવ્યો છું.' કહેતાં સંજયે પૈસા અને ચૂડો મમ્મી સામે ધર્યા.

મમ્મીના ચહેરા ઉપર ખુશીનો પાર નહોતો. 'જા, બેટા! પહેલાં તું ટ્યૂશન ફી ભરી દે?'

સંજય પૈસા ખિસ્સામાં મૂકી, મમ્મી સામે જોઈ, હસીને બોલ્યો, 'મમ્મી... તું યાદ રાખજે, એક દિવસે હું ભણીને મોટો અધિકારી બનીશ, ત્યારે મારા પહેલાં જ પગારે હું તારા માટે સોનાની ચેઈન લાવીશ. પછી દર મહિને તું મારો પગાર ગણવામાં થાકીશ, ચિંતા કરીશ નહીં...'

'મારા વ્હાલા સંજૂ બેટા !' કહેતાં મમ્મીએ સંજયનો હાથ પકડી ચૂમી લીધો. હરખમાં મમ્મીની બન્ને આંખો ભીંજાઈ ગઈ. મમ્મીએ ઓરતાનો ઓડકાર લીધો. મારો સંજૂ એક દી મોટો અધિકારી બનશે.' એવા અહોભાવમાં મમ્મીએ નિવૃત્તિવય પહેલા જ નોકરી છોડી દીધી. સંજય વાંચતો હોય ત્યારે, અડધી રાત ભલે હોય, મમ્મી ઊંઘમાંથી

જાગીને સંજય માટે ગરમ નાસ્તો બનાવી દેતી. કહે, 'લે, બેટા ! ગરમ ગરમ ખાઈ લે, પછી વાંચજે.' મમ્મી સવારે વહેલા ઊઠી સંજયનાં વેરણછેરણ પડેલાં પુસ્તકો, કપડાં, બૂટ-મોજાં, રૂમાલ, તેનું દફ્તર બધું જ વ્યવસ્થિત ગોઠવી દેતી. સંજયની એક પણ ક્ષણ વેડફાય નહીં તેની કાળજી રાખતી.

- અને, એક દિવસે મમ્મીએ સઘળે હરખનાં તેડાં મોકલ્યાં. 'મારી મહેનત લેખે લાગી છે... મારો સંજૂ પ્રોફેસર થયો છે, સંજૂએ અમારું કુળ ઉજાળ્યું છે. પરંતુ કોણ જાણે.. તેને કોડ હતા અધિકારી બનવાના... પ્રોફેસર બની ગયો. સમાજસેવાનાં તેણે સેવેલા સ્વપ્નાં તે જરૂર સાકાર કરશે ! મારો સંજૂ તો સંજૂ છે હાં કે ! એક દી તે જરૂર મોટો માણસ બનશે !' મમ્મી મનોમન હરખાઈ રહી હતી.

ડૉર-બેલ રણકતાં જ વિચાર તંદ્રામાંથી મમ્મીની આંખ ઓચિંતી ઊઘડી ગઈ. ઊંડો શ્વાસ લેતાં મમ્મીએ ઊભાં થઈ હળવેથી બારણું ઉઘાડ્યું. ભૂતકાળ હજુય મમ્મીના ચિત્તમાં છવાયેલો હતો.

સંજય અને નાનકાને તેમના બેડરૂમમાં જતા જોઈ, મમ્મીએ ફરી આંખો બંધ કરી. 'હવે મારા સંજૂના બાપુજી નિવૃત્ત થશે, એટલે... મારા સઘળા મનોરથ સફળ થયા માનો..!' મમ્મીની આંખો ઘડીકમાં હર્ષ-ભીની થઈ ગઈ.

સંજય અને નાનકો ફ્રેશ થઈ તેમના બેડરૂમમાંથી બહાર આવ્યા. ટેબલ ઉપર પડેલી ટપાલ સંજય ઊભો ઊભો જોવા લાગ્યો. નાનકાએ ઘોડિયામાં સૂતેલી નાનકી સામે જોઈ, હીંચકો નાખી મનોમન હસી લીધું. નાનકીને ઊંઘતી જોઈ, નાનકાએ દાદી સામે જોયું. 'દા..દી..!' કહેતાં નાનકો ખડખડાટ હસવા લાગ્યો. હસતાં હસતાં તેણે હડી કાઢી. દાદીને વહાલથી વળગી પડ્યો. દાદીને ચૂમી ભરી ખોળામાં બેસી ગયો. દાદીને પજવવા નાનકાએ બૂમ પાડી, 'દાદી...!' નાનકાની બૂમથી નાનકીને સળવળતી જોઈ, સંજયે ટપાલ ટેબલ ઉપર પડતી મૂકી, હીંચકો નાખ્યો. 'હજુય નાનકીની મમ્મી ઑફિસેથી આવી નથી?' સંજય મનોમન વિચારતો ફરી ટપાલ જોવા લાગ્યો.

નાનકો એકલો એકલો દાદીને પજવી રહ્યો હતો. દાદીનો હાથ પકડી હથેળીમાં ચૂંટલીઓ ખણવા લાગ્યો. દાદીએ નાનકાનો હાથ પકડ્યો તો નાનકાએ દાદીની બન્ને હાથની આંગળીઓ પકડી લીધી. દાદીની આંગળીઓ હાથમાં આવતાં જ નાનકાને જાણે સમજાઈ ગયું હોય તેમ, ઓચિંતો બોલી ઊઠ્યો... 'દા..દી, દા...દી... તારી વીંટી, ક્યાં ગઈ! હેં દાદીની વીંટી ખોવાઈ ગઈ...' કહેતાં નાનકાએ અડવી આંગળી પકડી રાખીને દાદી સામે જોઈ, ખડખડાટ હસવા લાગ્યો. દાદીની આંખો ભીની જોઈ, 'દાદી શું થયું ?' કહેતાં નાનકાએ બૂમ પાડી. 'પ...પ્પા... ઓ પ...પ્પા...'

નાનકાની બૂમ સાંભળી, 'શું થયું દીકરા ?' કહેતાં ટપાલ ટેબલ ઉપર પડતી મૂકી, સંજય રૂમમાંથી એકદમ બહાર આવ્યો.

'પ...પ્પા... દા..દી..ની વીં..ટી....' નાનકો બોલતાં અટકી ગયો. નાનકાના મોઢેથી 'દાદીની વીંટી' શબ્દ સાંભળતાં જ સંજયથી ઓચિંતુ બોલાઈ ગયું. 'હું કહેતો જ હતો... વીંટી મળી જશે, મળી ગઈ ને ? પરંતુ મમ્મી નાહકનો ઉચાટ કરાવતી હતી.'

સંજયના ચહેરા ઉપર અજબ પ્રસન્નતા છવાઈ ગયેલી જોઈ, મમ્મીએ અડવી આંગળી સાડીના છેડામાં છુપાવી, ભીની આંખો પાલવ વડે લૂછી. મમ્મી ઘડીભર મૌન બની ભીના ભીના ભૂતકાળમાં સરી પડી. વિસ્મૃતિની ગર્તામાં દટાયેલા અધૂરા ઓરતાની વેદનાની ભીતરમાં ઊંડી આહ લેતાં મમ્મીથી મનોમન બોલાઈ ગયું, 'બધું જ ભૂલી ગયો, બેટા ?'

-અને, નાનકો દાદી સામે જોઈ ખડખડાટ હસી રહ્યો હતો.

૫૧૬, ગાયત્રી સોસાયટી,
સેક્ટર-૨૭, ગાંધીનગર-૩૮૨૦૨૮.
મો. ૯૪૦૮૨૮૮૦૩૫



ડિટેચમેન્ટ

નીતિન ત્રિવેદી

ઈશ્વરની ઇચ્છા નહીં હોય એટલે એક પાંદડું પણ હલતું નહોતું. ચોતરફ નર્યો સન્નાટો હતો. એવામાં કશોક અવાજ આવ્યો. સન્નાટો થોડો ચિરાયો. મેં અવાજની દિશામાં જોયું. એ તરફ મેં એને ભાગતાં જોયો.

હું ચોંક્યો. 'હેઈ હેઈ..' કરતો સફાળો ઊભો થયો. ને એની પાછળ દોટ લગાવી. મેં એને સજ્જડ બાંધી દીધો હતો. છતાં એ કશીક ચાલાકી કરી બંધન છોડાવી ભાગી રહ્યો હતો. આઘાત પચાવતો પચાવતો હું એની પાછળ દોડ્યો. દોડતાં દોડતાં હું લંગડાતો હોઉં એવું લાગ્યું. ને ત્યાં એ મારાથી દૂર ને દૂર ભાગી રહ્યો હતો. એનો કબજો હોવો મારા માટે આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ હતો. એ શા માટે મારા કહ્યામાં નહોતો એની મને ખબર પડતી નહોતી. આ માટે મારે એને દોષ દેવાનો અર્થ નહોતો. આ આખાયે કમઠાણ માટે એ નહીં, હું જવાબદાર હતો.

હું ધીમો પડ્યો ત્યારે મેં જાણે એનો પીછો છોડી દીધો હોય એવું એને લાગ્યું હશે એટલે એ ઊભો રહ્યો. હું તો હું હતો જ, એ પણ મારો 'હું' હતો. ખરેખર તો કોને સાચો ગણવો એ સમસ્યા થઈ પડી હતી. મહામહેનતે હું એને મારાથી અલગ કરી શક્યો હતો. જોકે અલગ કર્યા પછી એની સાથે વાતો કરતો હોઉં તો બીજો પુરુષ જેવું કશું ફીલ થતું નહોતું. એ રીતે એની વાત... અન્ય કોઈને કરતો હોઉં ત્યારે પણ ત્રીજા પુરુષ એકવચન જેવું લાગતું નહોતું.

મને અકળામણ થતી હતી. હું તો થાકને કારણે ધીમો પડ્યો હતો, પણ એ તો મારા કરતાં ઝડપી દોડ્યો હતો તોય એ સ્ફૂર્તિસભર દેખાતો હતો. મને એ ગમ્યું નહીં. મારા કરતાં એ ચડિયાતો હોય એ વાત જ જચે કે પચે એવી નહોતી, ભલે મેં એને મારામાંથી જ 'ડિટેચ્ડ' કર્યો હતો તોયે! ભારે મહેનત પડી હતી મને, એને આમ મારાથી ડિટેચ્ડ કરવામાં. જાણે એને અલગ પડવું જ ન હોય એમ સામે બળ કરતો હતો, પણ જેવો ડિટેચ્ડ થયો કે એ જાણે હળવોફૂલ થઈ ગયો લાગતો હતો. પીંજરાની કેદમાંથી મુક્ત થયો હોય એમ. અલબત્ત, મારે એને મુક્ત કરી છોડી દેવાનો ન હતો. ડિટેચમેન્ટ વખતે મને પણ હળવાશનો અહેસાસ થયો હતો. શાંતિનો અનુભવ થયો હતો. આવું પહેલાં કેમ ન કર્યું, એવો અફસોસ પણ થયો. એને ડિટેચ્ડ કર્યા પછી હું કંઈપણ સહેલાઈથી કરી શકતો હતો. જેમકે પહેલાં કોઈનું કામ કરી આપવા બદલ મેં લાંચ લીધી હોય તો અંદરથી એ મને ડંખ માર્યા કરતો હતો, પણ એને મારામાંથી ઉખેડી નાંખ્યા પછી હું ઠંડા કલેજે એવાં એવાં કેટલાંય કામ કરી શકતો હતો, જે મારાથી પહેલાં થતાં નહોતાં. પહેલાં હું એના કારણે મારા બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી શકતો નહોતો. પણ આ ડિટેચમેન્ટ પછી કોઈ પણ પ્રકારના ખચકાટ વગર મૂકી આવ્યો. મને કશુંય થયું નહીં. બસ, એકદમ હળવોફૂલ. ન કરવા જેવાં લાગતાં કામો ઇચ્છા હોવાં છતાં કરી શકતો નહોતો, એ પણ આસાનીથી કરવા લાગ્યો હતો. એ પછી સારાં કામ કરતો હોઉં અથવા કરવા માટે વિચારતો હોઉં એ વખતે પેલો પાછલા બારણેથી ગુપચુપ પ્રવેશ કરવાનો પ્રયત્ન કરતો હોય ત્યારે ઘરમાં કૂતરું ઘૂસવા જાય ને હડ... હડ... કરીને કાઢી મૂકીએ એમ એને ધકેલી મૂકતો.

મને તો એના વગર ચાલવા લાગ્યું હતું. જોકે એ મુક્ત હોવા છતાં કેદમાં હોય એવું લાગતું હતું. મને એવું પણ ફીલ થતું હતું કે એને હું જડમૂળથી ઉખેડી શક્યો નથી. એને સંપૂર્ણપણે નિર્મૂળ કરી બાળી નાંખવો જોઈએ. કેમકે જો દાટી દીધો હોય તો સંભવ છે કે એ ઊગી નીકળે.

આમ જુઓ તો એને મેં મારામાંથી બાદ કર્યો એનાથી મને કશો ફરક પડ્યો હોય એવું દેખીતી રીતે લાગતું નહોતું. જેમ "પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે"- પૂર્ણમાંથી પૂર્ણ બાદ કરતાં પૂર્ણ રહે છે એમ. એ મારામાંથી ગયો ખરો, પણ કોઈ ફરક ન પડ્યો.

અરે, આ શું? જુઓ, એ તો દૂર રહીને મારા વિચારો વાંચી લેતો હોય એમ લાગે છે. મારા આ અર્થઘટનને એ

અનર્થઘટન કહેતો હોય એમ મને જોઈ રહ્યો છે. એ મને જુએ છે કે નજરનું તીર મારે છે? કે વ્યંગનું બાણ મારે છે? એના સ્મિતમાંથી મને જાણે અટ્ટહાસ્ય સંભળાય છે. મને અકળામણ થાય છે. સમગ્ર વાતાવરણમાં વિજ્ઞાપનો આપવાનું મન થાય છે કે મારો પેલો 'હું' મારા કહ્યામાં નથી. એની સાથે કોઈએ વ્યવહાર કરવો નહીં. છતાં જો કરશે તો મને જવાબદાર ગણવો નહીં.

જવાબદાર! મને હસવું આવ્યું. અચાનક લાગ્યું કે આ મને નહીં, પણ પેલા મારા 'હું' ને હસવું આવ્યું છે. એના તરફ મારી નજર ગઈ. એના પર નજર પડતાવેંત મારી આંખોમાં ખુન્નસ ભરાયું. એને ડિટેચ્ડ કરવાથી જે કંઈ રાહત થઈ હતી એ જાણે વચગાળાની રાહત નીવડી હતી. બસ, હવે તો એને ખતમ કર્યે જ છૂટકો. મારાં કૃત્યોનો એકમાત્ર સાક્ષી પણ રહેવો ન જોઈએ. કોઈ સાક્ષી નહીં, કોઈ પુરાવા નહીં. આ મુકદમામાં હું જ ફરિયાદી ને હું જ ન્યાયાધીશ! હું ઉશ્કેરાટભર્યું હસ્યો. એ ત્યાં શાંત ઊભો હતો. પહેલાં તો એ ભાગતો હતો. પણ હવે? હવે કેમ ડરતો નથી ? એનો કાયમી નિકાલ કરવા મેં એને બાંધ્યો હતો. પણ એ મારી નજર ચુકાવી છૂટી ગયો. ને છટકી ગયો. હું ઊંઘતો ઝડપાઈ ગયો હતો.

રોમેરોમ ઝનૂન જગાવતો હું એના તરફ ધસ્યો. જેમજેમ આગળ વધતો ગયો એમ એમ હું મને ધીમો પડતો અનુભવવા લાગ્યો. મને નવાઈ લાગતી હતી. ગતિ ધીમી પડતી જતી હતી. ફુગ્ગામાંથી ધીમે ધીમે હવા નીકળતી જાય એમ મારામાંથી પરાણે જગાવેલું ઝનૂન ફુઉઉસ્સ થવા લાગ્યું હતું.

થોડેક દૂર પહોંચ્યો ત્યાં સુધીમાં તો ઢગલો થઈ ગયો. એ મને સહાનુભૂતિથી જોઈ રહ્યો હતો. એણે સ્મિત કર્યું, 'હું જે કંઈ છું એના માટે તું જ જવાબદાર છો.' 'ના!' હું બરાડ્યો રોષથી અને પીડાથી. "ના, મારા માટે માત્ર તું જ જવાબદાર છો.".

એ હળવેથી બોલ્યો, 'હું સત્ય છું. તું રોષ દર્શાવે છે. તું ઇચ્છે તો પણ મને બાળી ન શકે કે ચાળી ન શકે. મને છેતરી શકે, પણ વેતરી ન શકે. હા, તું મને દુભવી શકે. એટલે મારી દશા માટે તું જ જવાબદાર છો. હું તો તારી અંદરનું અંગ છું.' એના હોઠ પર મલકાટ આવ્યો, 'અર્ધાંગનાય સમજ. હું તો તારી જાત છું.'.

હેં ! મારી જાત ! સ્ત્રી જાત ! મને એનામાં હવે સ્ત્રી દેખાવા લાગી. થોડી ક્ષણોમાં કંઈ કેટલાય વિચારો આવી ગયા. ગાફેલ રહ્યો ને એણે વિચારો વાંચી લીધા. 'છટ્ ! અહીં પણ વ્યભિચાર ?'.

આ મારા પર મોટો પ્રહાર હતો. હું જાણે નિર્વસ્ત્ર થતો જતો હતો અને એક પછી એક ઘા ખાતો જતો હતો, અસહાય થઈને. 'તું રોષને પાત્ર નથી. દંડને પાત્ર પણ નથી.' મેં ચમકીને એના તરફ જોયું. 'તું દયાને પાત્ર છો.'.

મારા સમગ્ર અસ્તિત્વમાં વીજળીની માફક આ સત્ય સડસડાટ ઊતરીને મને કડવું વખ કરી ગયું.

હું એની પાસે જવા લાગ્યો. ધીમે ધીમે... લથડતી ચાલે. મારા હર કદમમાં લાચારી છે.. ભૂલનો અહેસાસ છે. એને મારામાંથી ડિટેચ્ડ કરતી વખતે થવી જોઈતી હતી એ વેદના મને છેક હવે ભારોભાર થઈ રહી હતી. મારી બેવકૂફી માટે પારાવાર પશ્ચાતાપ થઈ રહ્યો હતો. હું બેબાકળો થઈ ગયો, એને મારી સાથે એટેચ્ડ કરી દેવા, એટલે હું ઝડપથી એની પાસે જવા મથું છું. હું જઈ રહ્યો છું ઝડપથી, છતાં એવું લાગે છે કે હું તસુભાર પણ ખસ્યો નથી.

બહુ થોડું અંતર છે, એની અને મારી વચ્ચે. છતાં એ જાણે જોજનો દૂર છે! એની આંખોમાં મારી પ્રતીક્ષા હોય એવું વંચાય છે. મારામાં વ્યાપી ગયેલી અરાજકતા અને અંધાધૂંધી ઊંચકીને હું એના તરફ આગળ વધવા સતત મથ્યા કરું છું...પણ...!

પ્લૉટ નં. ૧૧/સી, કામિનિયાનગર,
સિદસર રોડ, તળાજા (જૂના) જકાતનાકા પાસે,
ભાવનગર-૩૬૪૦૦૨. મો. ૯૪૨૮૫૯૯૯૨૩



સમીસાંજની મુલાકાત

દશરથ પરમાર

ગઈકાલે સાંજે અંતરકુંવર મળ્યાં'તાં, જયા ! પૂછતાં'તાં કે, જયલી ક્યાં છે ? શું કરે છે અત્યારે ?

- જયલી ? મેં કીધું: એ તો ગઈ, સાત સમંદર પાર ! ઑસ્ટ્રેલિયાના સિડની શહેરના એના ફ્લૅટના પચાસમા માળની બાલ્કનીમાં એના વર અને ઍન. આર. આઈ. પોરિયાં સાથે; હાથમાં કૉફીનો મગ રાખી હીંચકા પર ઝૂલતાં-ઝૂલતાં હાર્બર બ્રિજ સામે જોઈ રહી હશે. આપણાં જ કરમ ફૂટેલાં, બઈજી ! તે..

તો કે', ના, ના, કમુ ! સાવ એવું નથી. આપડેય અહીં શાં દુ:ખ છે તે ખોટો જીવ બાળીએ..?

એમની વાતનો કશો ઉત્તર આપું એ પહેલાં રઘવાઈ થયેલી એક ગાય નૅળિયાના બીજા છેડેથી પેસીને નૅળિયા સોંસરવી નાઠી. એને આવતી ભાળી અંતરકુંવરે મારો હાથ ઝાલી મને વાડ તરફ ખેંચી લીધી. થોડીવાર અમે બન્ને ઊંચા થુવરની વાડ સરસાં ઊભાં રહ્યાં. ગાય ગામ તરફ દોડી ગઈ. નૅળિયું ઘડીકવાર માટે ગોટાગોટ થઈ ગયું. બન્ને જણ નાક પર કપડું દાબી એમનેમ ઊભાં. પછી ખાસ્સીવારે ધૂળના ગોટા બેસી જતાં હળવાં થઈ વળી પાછાં નૅળિયા વચ્ચે..

તને નવાઈ લાગતી હશે, જયા ! થતું હશે કે આ બે જણ વળી ક્યાંથી મળી ગયાં ?


જરાક માંડીને વાત કરું. હું ગઈકાલે સવારે જ અહીં આવી. વૅકેશન પૂરું થવામાં બે દિવસ બાકી હતા. આડા દિવસે તો મરવાનીય નવરાશ નથી હોતી. નોકરી, પચાસ કિલોમીટરનું અપ-ડાઉન, ઘરકામ, ઘરડાં સાસુ-સસરા અને રાત પડ્યે પાછું અથર્વને હોમવર્ક કરાવવાનું એ તો જુદું. થાકીને લોથ થઈ જવાય છે, ભૈશાબ ! ગયા વૅકેશનમાં અહીં આવી તે આવી. પછી મેળ જ નહોતો પડ્યો. ચારેક દિવસ ઉપર મમ્મીનો ફોન આવેલો. કહે:

- આખું વૅકેશન જતું'યું. તનં પિયરેય નહીં હાંભરતું, બુન..! વધારઅ નંઈ તો બે દનં ઊભી-ઊભી આઈ જા, તો મારા જીવનં જરા ટાઢક વળઅ.. !

હવે તું જ કે' માના આવા શબ્દો સાંભળી કઈ દીકરીનો જીવ ઝાલ્યો રહે ? આમેય હમણાંથી એની તબિયત એવી રહે છે. ભાભી તો વૅકેશન પડ્યું ત્યારની પિયર ઊપડી ગઈ છે. ભાઈને બિચારાને નોકરી-ધંધો નહીં, એટલે એની સામે કશું બોલી શકે નહીં. મારો જીવ ચચરવા લાગ્યો, તે બધુંય પડતું મેલીને હું તો સવારની બસ પકડીને એકલી જ આવી ગઈ. આવીને જોઉં છું તો ઘર જાણે બાવાજીનો આશ્રમ ! ઝાપટઝૂપટ કરવામાં જ આખો દિવસ ગયો. દા'ડો આથમ્યે નવરી થઈ નાહવાનું વિચારતી હતી ત્યાં ગમાણ તરફ નજર પડી. છાણનો મોટો ઢગલો થઈ ગયેલો તે થયું, લાવ, ઉકરડે નાખી આવું. મણનું તગારું માથે ચડાવી ગોંદરે ગઈ. પાછી ફરતી હતી ત્યાં અચાનક લાગ્યું કે કોઈક મારા નામની બૂમ પાડી છે. પહેલાં તો ભ્રમ માનીને એ તરફ ધ્યાન ન આપ્યું. પણ પછી બીજીવાર સંભળાયું એટલે પાછું વળીને જોયું તો, અંતરકુંવર !

બાપ રે ! પહેલાં તો ઓળખી જ ન શકી. ખાતરીપૂર્વક કહું છું કે તું હોય તો તું પણ એમને ઓળખી ન શકે, જ્યાં ! કંતાઈ ગયેલી કાયા પર વીંટળાયેલી દેશી ઢબની જૂની, ઊપટી ગયેલા રંગવાળી રાતી-પીળી બાંધણી.. ઊંડી ઊતરી ગયેલી આંખો.. ચોંટીને ચપ્પટ થઈ ગયેલા ગાલ.. માથાના ફેંદાઈ ગયેલા કોરા-લુખ્ખા વાળ.. એકાદ પળ તો મને હાઈસ્કૂલકાળનાં અંતરકુંવર યાદ આવી ગયેલાં. કેવું જાજરમાન રૂપ ! ગામ આખાયનાં મોઢાં બઈજી.. બઈજી કે'તાં સુકાય નહીં. એ વખતે એમના સમાજમાં દીકરીઓને ભણાવવાનો રિવાજ નહીં. પરંતુ એમના બાવજી વીરભદ્રસિંહ કે' ના ! સમાજ ગ્યો તેલ લેવા.. મારે મારાં કુંવરને અભણ નથી રાખવાં. કાલ ઊઠીને દૂર-દેશાવર પરણાવવાં પડે. ત્યાં જઈને એમને કાંઈ ગોલાપાં નથી કરવાનાં.

એમનાં બાસાહેબે થોડીક આનાકાની કરેલી. પણ બાવજી આગળ એમનું કે બીજા કોઈનું કદી ચાલ્યું'તું



તે ચાલે? અંતરકુંવરનું અંગ્રેજી કાચું, તોય બાવજીએ હેડમાસ્તર પટેલસાહેબને તાણ કરીને કહેલું કે, હવેના સમયમાં એકલું ગુજરાતી ન ચાલે, માસ્તર ! બીજી એક-બે ભાષાઓ ન આવડે એવા ભણતરનો શો અરથ ?

છેવટે પંડ્યાસરનું ટ્યૂશન રખાવી એમને એસ. એસ. સી.માં હિન્દીને બદલે અંગ્રેજી રખાવેલું, ત્યારે બાવજી માનેલા. તને યાદ હશે જ, જયા ! અંતરકુંવરને આખીય સ્કૂલમાં આપણા બે સાથે જ સારું બનતું. એમનાં બાસાહેબ રોજ એમના ફૉકના ખિસ્સામાં તાણ કરીને કાજુ-બદામ કે અખરોટ ભરી દેતાં. અંતરકુંવરને ભાવે નહીં તે બપોરી રિસેસમાં આપણને બેયને ન્યાલ કરી દેતાં. હા, એમની એક બાબત મને ગમતી નહીં. એ કોઈ દિવસ પોતાનું સહેજેય નીચું પડવા દેતાં નહીં. ગમે તેમ તોય ગામધણીનાં એકનાં એક દીકરી, એટલે થોડા ઘણા ગુણ તો એમનામાંય આવ્યા વગર રહે ખરા ?

પણ અત્યારે..?

હું તો અંતરકુંવરનું આ નવું રૂપ જોઈને હેબતાઈ જ ગયેલી, જયા ! સમી સાંજના આછા અજવાસમાં આંખો ખેંચી ખેંચીને એમને જ જોયા કરતી હતી. મારું મન સ્વીકારતું નહોતું. એમની ને મારી નજર એક થાય એટલે ચહેરા પરના ભાવ ચાડી ન ખાઈ જય એ આશયથી હું અવળું તાકી, નેળિયા બહાર જોવા લાગતી. ધૂંધળાશને લીધે શિયાળાની ધીમે-ધીમે હોલવાતી જતી સાંજના આછા ઉજાસમાં બધું ઝાંખુંપાંખું દેખાતું હતું: ઘઉં-ચણાનાં છૂટાંછવાયાં ખેતરો.. લીલાછમ્મ મહુડા.. સૂના પડેલા બોર-કૂવા.. ખંડેર જેવી ઓરડીઓ અને આછા અંધારામાં એકાકાર થતી જતી અરવલ્લીની બોડીતડાક ટેકરીઓ..

અચાનક એક મોટો ધડાકો થયો. ખાસ્સીવારથી ચૂપ ઊભેલાં અમે બન્ને એકસાથે ચમક્યાં. વળતી પળે નેળિયાની બેય ધારે આવેલી ઊંચીતાડ નીલગીરીઓ પર બેસેલા અગણિત કાગડાઓ ભડકીને આમતેમ ઊડવા લાગ્યા. એ કાગડાઓની પાંખોના ફફડાટમાં મને સાંભરી આવ્યું, જયા ! કે આપણે અગિયારમા ધોરણમાં હતાં એ જ વર્ષે અંતરકુંવરનાં લગ્ન થઈ ગયેલાં. ત્રણ દિવસ એમની જાન રોકાયેલી. બાવજીએ ગોંદરાવાળી જમીનનો એક ટુકડો ઓછો કરી, ધામધૂમથી પોતાનાથી ઊંચા ખોરડામાં એમનાં લગ્ન કરેલાં.

તે વખતે સમી સાંજે ગામગોંદરે એક બંદૂકનો ધડાકો થયેલો અને આપણે એમનાથી છૂટાં પડેલાં. એ એમના સંસારમાં મસ્ત અને આપણે આપણા. તે છેક આટલાં વર્ષે ગઈ કાલે સમી સાંજે..

- સું વિચારમાં ખોવઈ જઈ, કમુ ? : અંતરકુંવરના હળવા અવાજે ચોંકી. જાતને સ્વસ્થ કરતાં મેં પૂછ્યું :

- મજામાં, બઈજી ?

તો કે' : હઓ.. આપણે તો જલસા છે, કમુ ! પેલી વાર્તાની જેમ પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી - જેવું છે. ખાઈ-પીને લ્હેર કરીએ છીએ, બસ !

મને મનમાં થયું કે, તમે ભલે એમ કહેતાં હો. પણ,



તમને જોઈને લાગતું નથી કે..?

મારા મનની ગડમથલ પામી ગયાં હોય એમ બીજી જ પળે એમણે કહ્યું:

- આ શરીર જોઈને તને નવાઈ લાગતી હશે, નહીં ? પણ કાચી માટીની આ કાયાનો હું ભરોસો, કમુ ? આજ હારી તો કાલ્ય વળી બગડીય જાય. પણ, મારે બીજી કોઈ વાતનું દુ:ખ નઈ, હોં કે ! મારાં બા અને બાવજીએ હાહરી એવી તે સરસ ખૉળી કાઢી છે કે મને કોઈ વાતનો ઑરતો જ નથી આવતો. આઠ રૂમનું ખડકીબંધ ઘર.. ચાલીસ વીઘા જમીન.. લીલીકલાર વાડી.. બે કૂવા.. એક ટ્રૅક્ટર.. ત્રણ દૂઝણી ભેંસો.. મારાં સાસુ આમ સારાં. મને કદી ખસ નામે ન કે' અને મારા સસરા તો અલ્લાની ગાવડી ! ફળિયે ઢળેલા ખાટલે પલાંઠી વાળી, ડાયરો ભરીને એયને આખો દા'ડો પંચાત કૂટ્યા કરતા હોય.. સફેદ ઝભ્ભો-ધોતિયું, માથે રંગીન-આંટિયાળી પાઘડી, હવામાં આછું-આછું ફરફરતી બાજરીના પૂળા જેવી મૂછો અને હાથમાં બાપ-દાદાવારીનો ચાંદીના વરખવાળો હોકો. રસોડું ચોવીસ કલાક ધમધમે. બે જાય ને ચાર આવે. ચાની કીટલી તો કદી ચૂલા પરથી હેઠ ઊતરે જ નહીં.

પણ સાચું કહું, કમુ ! મેં કદી, ક્યાંય હાથ અડાડ્યો નથી. ગમાણમાં ભેંસોને ચાર નીરવાનું કામેય મારાં જેઠાણી કરે. ગળાના હમ, જો કોઈ દાડો વાડીએ ડોકાવાય ગઈ હોય તો ! મારાં સાસુ કાયમ કહ્યાં કરે કે:

- નીચ વરણનાં મજૂરો વચ્ચે જઈને ઊભાં રઈએએ તો આપણી આબરૂ શી ? પરાયા જણને આપણા હાથની આંગળી કે પગની પાનીય દેખાવી ના જોઈએ.. ગમે તેમ તોય તમે...

તે તું જ કે' હું શું કરું ? મોટા લોકોની મોટી વાતો! સુખ, કમુ ! નકરું સુખ, ભોગવતાં થાકી જવાય એટલું સુખ, દરબારગઢના એક ખૂણે પડેલા પેલા જૂના-નકામા ગાલ્લાના ભંડારિયામાં ભર્યું હોય એવું સુખ ! બાવજી બચારા મારી ચિંતામાં ને ચિંતામાં વે'લા ઊઠ્યા. આજે એ હોત તો એમની આંતરડી કેવી ઠરતી હોત, મારું આ સુખ જોઈને! પણ, બઈ ! જેવાં જેનાં નસીબ, બીજું હું ? આ તો બાસાહેબ છે તે વળી એમના લીધે અહીં આવવાનું મન થાય છે. બાકી, ભલે કશુંય કામ ન હોય પણ ત્યાંથી એક ઘડી માટે ખસાય એમ નથી.

તોય મારી દશા તો ઘણી સારી છે, કમુ ! મારી જેઠાણીની તો વાત જ થાય એમ નથી. જેઠજી અમારા આઠમું પાસ અને જેઠાણી મોટા શે'રનાં. એમ. એ., બી. ઍડ્. થયેલાં. લગન પહેલાં પિયરની કો'ક હાઈસ્કૂલમાં નોકરી કરતાં'તાં. અહીં આવ્યા કેડે છોડી દેવી પડેલી. એમનોય જીવ ઘરમાં ને ઘરમાં ગૂંગળાતો'તો, તે એકવાર પેપરમાં નજીકના ગામની હાઈસ્કૂલની જાહેરાત જોઈ એમને અરજી કરવાની ઇચ્છા થઈ. સાસુ અને જેઠજી તો એમની વાત સાંભળી લાયલાય. એ પછી સાસુ ને જેઠ

વગરવાંકે એમની સાથે અવારનવાર કજિયા કર્યા કરતાં. વાસ્તવમાં, એમના લગન થયે દસ વરસ થયાં, પણ એમનો ખોળો ભરાયેલો નંઈ એ એમને ખટકતું'તું. એક બપોરે હું મારા ઓરડામાં આડી પડી'તી ને સાસુ બોલતાં'તાં એ મને સંભળાયું:

- ભગવાન જાણે મને હું કમત સૂઝી, તે ભણેલી-ગણેલી લાવીને મારા છોરાનો ભવ બગાડયો. પાડ માનો મારા છોરાનો કે તમને નભાવે છે. આવું નં આવું જ કરશ્યો તો, એના માટે બીજી લાડી લાવતાં એક ઘડીની વાર નંઈ લગાડું, હમજ્યાં ?

રોજ સાંજે જેઠાણી જમીને મારા ઓરડે બેસવા આવે. તે દાડેય અંદર આવી ધ્રૂસકે ને ધ્રૂસકે રોવા લાગેલાં. જીવ તો ઘણોય બળે, કમુ ! પણ આપણે શું કરી શકીએ ? છેવટે મેં કહ્યું:

- બાઈ ! તમે નકામાં દુખી થાઓ છો ! જતાં રો'ને, પિયર. જેઠજીને ગરજ હશે તો આફૂડા આવશે તેડવા. અને તમે તો સારું ભણેલાં છો. કદાચ, નોકરી કરવી પડે તોય ક્યાંક મળી રહેશે...

પણ એ કશુંય બોલે નહીં. હું સમજી જાઉં કે એક તો એ મા વગરનાં. અને વધારે ભણેલાં તે વિચારતાં હશે કે, પિયર જઈને બાવજી અને બીજાંને શું કામ દુખી કરવાં ? પણ એકવાર ખબર નહીં, કઈ વાતે એમને માઠું લાગ્યું તે જતાં રહ્યાં. હું રાજી થયેલી. સાસુનું મોઢું જોવા જેવું થઈ ગયેલું. જેઠજીય ઢીલા-ઢીલા ફર્યા કરે. પણ પાંચમા દા'ડે તો એ પાછાં ટપકી પડ્યાં. મેં પૂછ્યું: કેમ, બઈ આમ ?

તો કે' બળ્યું ! ત્યાં ફાવતું ન'તું.

મને ખબર પડી ગઈ કે આ એક બા'નું છે. પણ મારા કિસ્સામાં એવું નથી હો, કમુ ! લાખ કરું તોય મને બીજે ના ફાવે. જો ને, મારા 'એ' રોજ મોડી રાતે છાંટોપાણી કરીને જ ઘેર આવે. અમારામાં તો એની ક્યાં નવાઈ છે વળી ? આખો દાડો ખેતરમાં માટી સાથે બાથોડાં ભર્યાં હોય તે સાંધા તૂટે, એનો છેવટનો ઈલાજ એ ! એમાં આપણા બાપનું શું ઘસાઈ જવાનું'તું, હેં ? અને ધણી છે તે એવી દશામાં ઊંચા અવાજે બે શબ્દો બોલે તો આપણે સહનેય કરી લઈએ. પણ એ પછી આ શરીરની જે દશા થાય, એ બઉ વસમી થઈ પડે છે. પરંતુ પેલું કે'વાય છે ને કે, ગમે તેમ તોય બાઈમાણસ માટે તો સાસરી જ સરગ અને સાસરી જ નરક. આ મારા લગ્નને આઠ-આઠ વરહ થ્યાં. ગામ આખાને પૂછજે, પૈણીને જ્યા પછી કોઈ દા'ડો મને અહીં આવેલી ભાળી ? પણ..

એમની વાત ચાલુ હતી, ત્યાં જ મા'દેવના મંદિરની આરતીનો ઘંટ સંભળાયો. મને થયું કે મમ્મી વાટ જોતી હશે. હજી તો રસોઈ પણ બાકી છે, એટલે છૂટાં પડવાના આશયથી મેં કહ્યું :

- હશે, બઈજી ! આજે આપણી આટલી જ મુલાકાત લખી હશે. કાલે ફરી મળીશું ત્યારે વધારે વાતો કરીશું..

- કાલનું તો ઠેકાણું નહીં. હું કદાચ જતી પણ રઉં... પણ જયલી જોડે વાત થાય તો કે'જે કે હું એને યાદ કરતી'તી..

- ભલે : કહીને હું નીકળી.

કારતકની ઠંડી અને અંધારાને વીંધતી ફળિયામાં પ્રવેશી એ સાથે જ મમ્મીએ પ્રશ્ન કર્યો:

- ચ્યમ આટલી વાર થઈ, બુન ?

- અંતરકુંવર મળ્યાં'તાં !

- હારું કર્યું.. એક દા'ડો આંય આયાં'તાં. કે'તાં'તાં કઅ કાલ્ય તો જતાં રે'વું સઅ.. કોઈ ભેળું જ ના થ્યું... થોડીકવાર અટકીને મમ્મીએ પૂછ્યું:

- દશેરાની વાતનાં આયેલાં સઅ.. તે અજી નહીં જ્યાં ?

મમ્મીના પ્રશ્નની સાથે-સાથે અચાનક મારા મનમાં એક પ્રશ્ન ઊઠ્યો :

લગ્ન પછી આઠ વરસ સુધી એક દા'ડા માટેય અહીં ન પધારેલાં અંતરકુંવર દશેરાની વાતનાં હજી સુધી કેમ અહીંથી ગયાં નહીં હોય ?

- મને તો કંઈ સમજાતું નથી. તને સમજાય છે, જયા ?

૬, પુષ્પકુંજ સોસાયટી, ગુરુકુળ હાઈસ્કૂલ સામે,
વીસનગર-૩૮૪ ૩૧૫ (ઉત્તર ગુજરાત)
મો. ૯૪૨૭૪૫૯૩૦૫



ભાવતરનો ત્રીજો છેડો

નટવર પટેલ

મોબાઈલની રિંગ વાગી ત્યારે હું બાથરૂમમાં હતો. બહાર આવી ગીતાને પૂછ્યું : 'કોનો ફોન હતો ?'

"સવિતાબેનનો. એ આજ આવે છે."

"આમ અચાનક કેમ ?" એવું કંઈ પૂછું એ પહેલાં ફોન મૂકી દીધો. એટલે મેં ફરી ફોન જોડી પૂછ્યું તો કે' કે રૂબરૂ મળીએ ત્યારે કહીશ." હું ચિંતામાં પડી ગયો. શું કામ હશે મોટીબેનને ? ને આમ અચાનક આગમન ? મને દ્વિધામાં પડેલો જોઈ ગીતા બોલી : 'હવે તર્ક-વિતર્ક કર્યા વગર ઝટ પરવારો. બપોરે આવશે એટલે ખબર.'

મારું મન પૂજામાં ન લાગ્યું. વારંવાર એના જ વિચારો આવ્યા કરે. શું બેન-બનેવીને કોઈ મોટો ઝઘડો થયો હશે ? સાસુ કંઈ બોલ્યાં હશે..? ઝટપટ પૂજા પતાવી મેં સામેથી સવિતાબેનને ફોન જોડ્યો, તોપણ એ જ વાત. "ચિંતા ન કર ભઈલા, હું આવું છું" - ને ફોન કટ. કદાચ સાસરિયાઓની રૂબરૂમાં એ કશું કહેવા નહીં ઇચ્છતી હોય.

આવી જ ચિંતાનો ભાર લઈ ઑફિસે પહોંચ્યો. ગીતાને કહેતો ગયો કે, 'બેન આવે કે તરત મને ફોન કરજે. ને જો કશું ચિંતાજનક લાગે તોય કહેજે - અડધી રજા મૂકીશ.'

ઑફિસે ગયો પણ સવિતાબેનના જ વિચારો પીછો છોડતા ન હતા... સવિતાબેને મને હિંમત ન બંધાવી હોત તો હું આટલું બધું ભણત જ નહીં... ને આજ ગામડામાં મારા બાલગોઠિયાની જેમ ખેતી કરતો હોત. હું કૉલેજમાં આવ્યો ને અચાનક પિતા ગુજરી ગયા. બા અને મોટીબેને ઘર, ખેતી ને મને સંભાળી લીધો. હું ગ્રેજ્યુએટ થયો તે વર્ષે બેનનાંય લગ્ન લેવાં પડ્યાં. છતાંય એ વારંવાર પિયર આવતી ને ઘરનું ધ્યાન રાખતી. બાને પણ બેનનો ઘણો ટેકો હતો. બેનની સાસરીનું ગામ ખાસ દૂર ન હતું. ત્રણ ગાઉનો જ પંથક. ઘણીવાર તો મોટીબેન ચાલતાં જ આવે ને ચાલતાં જ જાય. સવારે ઘરનાં કામ ઝટપટ પતાવી દશેક વાગ્યે નીકળે ને બાર વાગ્યે તો પિયર આવી જાય, સાંજે ચાર-પાંચ વાગ્યા પછી નીકળીય જાય. એના પગમાં જાણે કે પવનપાવડી હતી ! બા કે'તી; મારે તો એક દીકરો ને એક દીકરી- ડાબી-જમણી આંખનાં રતન ! બા બે ભેંસો રાખી મહેનત કરતી. જમીન ભાગવી વાવવા આપી દેતી. ડેરીમાં દૂધ ભરાવતી. ગ્રેજ્યુએટ થયા પછી જાહેર પરીક્ષાની તૈયારીમાં મારે ઘેર રહેવાનું થયું. ગામના લોકો તો કહેતા : રણછોડભૈનો નરેશિયો ભણ્યો પણ ગણ્યો નઈ ! ઘેર બેઠો. ખેતીયે કરવાની પહોંચ નથી. પણ બેન અને





બા હિંમત બંધાવતાં. મેં જાહેર પરીક્ષા આપી. પાસ થયો. ગાંધીનગરમાં નોકરી મળી ને ગામઆખાની બોલતી બંધ થઈ ગઈ. એ જ લોકો પાછા વખાણ કરવા લાગ્યા : ગામમાં એક રણછોડનો છોકરો સરકારી નોકરીમાં ઘૂસ્યો...બાકી...

બપોર થયા તોય ગીતાનો ફોન ન આવ્યો. મોટીબેન નહીં આવ્યા હોય ? ના રહેવાયું. એટલે મેં જ ફોન જોડ્યો. 'ગીતા, બેન આવ્યાં ?'

"હા, આવ્યાં. હમણાં જ આવ્યાં."

'તેં કંઈ પૂછ્યું ? શું કહે છે ? શા માટે આવ્યાં છે ?'

"ફોન મૂકો. હજી હમણાં જ આવ્યાં એટલામાં તમે ? હવે ફોન ના કરતા. સાંજે આવો ત્યારે વાત...' ને ગીતાએ ફોન કટ કર્યો.

ફરી ફરી મન એ વાત પર જ અટકતું હતું : બેન, કેમ આવ્યાં હશે ? પાછું મન અતીતના વિચારે ચડી ગયું... પછી તો મારાં લગ્ન થયાં. એ સમયે બેનનો હરખ તો હૈયામાંય સમાતો ન હતો... ને પછી ત્રીજા વરસે અમને પુત્રરત્નનું સુખ સાંપડ્યું. એ જોઈ બાના હૈયાનેય ટાઢક થઈ. એ વાતવાતમાં કહેતાં : આજ શ્લોકના દાદા જીવતા હોત તો..? શ્લોકના આગમનથી મોટીબેનનેય હરખ થયેલો છતાંય એમના ચહેરા પર મને વિષાદની રેખાઓ દેખાતી. બેનને શું દુઃખ હશે ? એકવાર ગીતા સાથે વાત કરી તો એણે જે કહ્યું એ સાંભળી મને અચંબો થયેલો. બેનનાં લગ્નને સાત-સાત વરસનાં વહાણાં વહી ગયાં છતાં એમનો ખોળો હજી ભરાયો ન હતો ! પણ કેટલીક વાતો સ્ત્રીઓને ઝટ સમજાઈ જતી હોય છે. ઑફિસમાં મિ. ત્રિવેદી કહેતો કે ભગવાને સ્ત્રીને છઠ્ઠી ઈન્દ્રિય આપી છે. અમુક બાબતોમાં તો પુરુષો સ્ત્રીની આગળ પાણી જ ભરે ને ક્યારેક મૂરખ પણ ઠરે.

બાને પણ મોટીબેનનું આ દુઃખ કોરી ખાતું હતું. એકવાર મનુલાલ ગામડે અમારે ઘેર આવેલા. બા મનુલાલને કંઈક કહેતાં હતાં ને હું બહારથી આવી ચડ્યો. બા મને કહે, 'બેટા, બેસ. બુનને શે'રમાં કોઈ સારા દાક્તરને બતાવવું પડે એવું સે. તારે મદદ કરવી પડશે.' ત્યાં વચ્ચે જ મનુલાલ બોલ્યા, 'નરેશ, તમે ચિંતા ના કરો. હું બતાવીશ.' છતાંય મેં આગ્રહ રાખ્યો. તેઓ બેનને લઈને આવ્યા. દવાખાને બતાવ્યું. છોકરાં ન થવામાં મોટીબેનના શરીરની ખામી જણાઈ. ઘેર આવી બેન રડી પડી. મનુલાલ સાંત્વના આપતાં કહે – 'જો, રડવાનું નહીં. જેવી ઉપરવાળાની મરજી. હું તને કશું જ નહીં કહું..!" મને મનુલાલની ઉદારતા સ્પર્શી ગઈ. તે વાતનેય આજ બે વરસ થયાં. ને આજ બહેન આવી હતી. હજી મગનું નામ મરી પાડતી ન હતી. શી વાત હશે ? બેય માણસ ઝઘડ્યાં હશે ? મનુલાલે

કાઢી મૂકી હશે ? ના. ના. એ તો ભગવાનનું માણસ છે... તો સસરા...એ પણ ના બોલે. તો સાસુ ? ને મારા મનમાં દરેક સમાજમાં વર્તન કરતી સાસુનું પાત્ર રમવા લાગ્યું.

ઘેર આવ્યો. મોટીબહેને હસીને આવકાર્યો. એમનું વર્તન કળાતું ન હતું. બેન શ્લોકને લઈ બહાર પડસાળમાં રમાડવા ગયાં. મેં ગીતાને પૂછ્યું, "સવિતાબેન શીદ કામે આવ્યાં છે ?' ગીતા બોલી, "એ જ સમજાતું નથી. પૂછ્યું તો કહે સાંજે વાત કરીશ." આજ બેનને ઘેર જવાની ઉતાવળ ન હતી. બાકી કદી એ રાત ના રોકાતી પણ આજે..?

ને રાતે શ્લોકને ઊંઘાડી ત્રણેય સુખદુ:ખની વાતો કરવા બેઠાં. રૂમનું વાતાવરણ ભારેખમ લાગતું હતું. ગીતાએ જ મૌન તોડ્યું. "મોટીબેન, કહો, શી વાત છે ?' મેં બહેન સામે જોયું. બહેન રડી પડ્યાં. ગીતા ને હું અવાક્ થઈ ગયાં. કઈ રીતે સાંત્વન આપવું એ જ સમજાતું ન હતું. મેં કહ્યું, "બેન, રડ્યા વગર વાત કરો તો અમને સમજાય, હું બેઠો છું ને ? કહો..!

થોડીવાર રડી મોટીબેન શાંત પડ્યાં, ગીતાએ પાણી પાયું. પછી મોટીબેન બોલ્યાં, "મારે આપણા ઘેર રહેવું છે."

'તે રે'જો ને..? તમારું જ ઘર છે.' હું મૂરખની જેમ બોલી ગયો. પણ ગીતા વાતનો મર્મ સમજી ગઈ હતી. તેણે મને ધીમેથી પડખે ચીમટો ભર્યો ને આંખોથી સમજાવ્યું : ગાંડાંઘેલાં ના કાઢો. વાત ગંભીર છે !

ને પછી તૂટક-તૂટક જે વાત થઈ એ આમ હતી... મોટીબેનનું પેટ મંડાતું ન હતું. મનુલાલને તો કશો વાંધો ન હતો. વાંધો સાસુ-સસરાને હતો. એમને મનુલાલ એકનો એક દીકરો હતો. એક દીકરી ખરી. પણ જો ઘરની વહુ વારસ ન આપી શકે તો એના છૂટાછેડા ન થાય ત્યાં લગી કાયદેસર નવી વહુ ન લાવી શકાય. સાસુ-સસરાએ તો સવિતાને ત્યાં રહેવું હોય તો અલગ ઘર આપવાનીય વાત કરી હતી. પણ કઈ સ્વમાની સ્ત્રી એમ રહી શકે ? એટલે મોટીબેન હવે ગામડે અમારું જે ઘર છે ત્યાં રહેવા ઈચ્છતાં હતાં. તેઓ હજી જુવાન હતાં એટલે ભાઈ-ભાભીને ભારે પડવા ઈચ્છતાં ન હતાં. માત્ર ગામડાના મકાનમાં રહેવા દે એટલે બસ. બાકી બે ભેંસો રાખી એ પોતાનું ગુજરાન કરી લેશે.

મારું મન ફરી બાળપણની ગલીઓમાં લટાર મારવા નીકળી પડયું. ત્યારે હું પાંચેક-વરસનો હોઈશ. બહેને પોથી પૂનમનું વ્રત કર્યું હતું. એમાં એવું હોય છે કે આ વ્રત કરનાર બેન પૂજા કરે ને પછી ભાઈને પૂછે "ભાઈની બહેની રમે કે જમે ?' જો ભાઈ કહે કે "જમે" તો બહેન જમી શકે. પણ જો 'રમે' એવું કહે તો બહેને ઉપવાસ કરવો પડે. આવું વ્રત કરનારી બહેનો મોટેભાગે કુંવારી ને નાની જ હોય. ભાઈ-બહેન વચ્ચે એ ઉમરમાં ઝઘડા થવા સામાન્ય હોય. ક્યારેક ભાઈ નાનો હોય તો માર પડે, તે રિસાય, બેન પર ખિજાય એ સહજ હતું. બાએ મને સમજાવ્યું કે તારે 'જમે' એવું કે'વાનું. નહિતર બેનને ભૂખ્યા રે'વું પડશે. આગલા દિવસે નજીવી વાતમાં હું રિસાયેલો ને બહેને મને થપ્પડ મારી હતી. એટલે મેં મનમાં એનું વેર વાળવાનો નિશ્ચય કર્યો હતો પણ કોઈને કશું ના કહ્યું.

પછી બહેને પૂજા કરી. હું મૂંગો મૂંગો જોતો રહ્યો. પછી મને ચાંલ્લો કર્યો. અક્ષત ચોંટાડ્યા ને મોંમાં ગોળની કાંકરી મૂકીને પૂછ્યું, 'બોલ, ભાઈની બેની રમે કે જમે ?' ને મારા મોંમાંથી નીકળી ગયું : રમે... રમે... રમે..! અને બા ને બહેન અવાક્ ! બાએ મને ધબ્બો માર્યો : "રોયા ! આવું કરાય..?' ત્યારે આ બધું મારે મન ગમ્મત હતી. મોટા થયા પછી બેનની ભૂખનું દુ:ખ સમજાયું હતું. આજે બહેનના એ દુ:ખને વ્યાજ સાથે પાછું વાળવાની તક મળી હતી.

'તમારું ધ્યાન ક્યાં છે ?' ગીતા મારો હાથ હલાવી પૂછી રહી હતી. 'શું વિચારોમાં ખોવાઈ ગયા ? બેનને જવાબ તો આપો..?' ને હું 'શેનો જવાબ ?' બોલતાં તો બોલી ગયો પણ પછી ભોંઠો પડ્યો.

મેં બેનના બેઉ હાથ પકડી લીધા અને કપાળે અડકાડ્યા. ને પછી તેના ગાલે વહાલ કરી બોલ્યો : "બેન, તમે તો મારાં માવતર છો. મને યાદ છે તમે મારા માટે કેટલું દુ.ખ વેઠતાં હતાં. તમે ન હોત તો હું આજે આટલો સુખી ન હોત... તમે જે કહો તે બધું મને મંજૂર છે ને તમારો એક દીકરી તરીકે બાપની મિલકત પર હક છે એ સમજી લો... બાપા કે બા નથી, તો શું થઈ ગયું ? પણ હું છું ને તમારો ભાઈ... વીરપસલીવાળો ભાઈ..! ને બહેન મને ગળે વળગી રડી પડી. હું... ને ગીતાય...!

એચ-૫૦૩, નિશાન રેસિડેન્સી,
આનંદ પાર્ટી પ્લોટ રોડ,
ન્યૂ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૭૦
મો. ૯૬૬૨૭૮૦૪૩૭

તથાગત

ગિરીશ ભટ્ટ

એ પરિવારની ગૃહિણી અચાનક ગંભીર માંદગીમાં પટકાઈ હતી. પરિવારમાં તે એક સ્ત્રી ને બે પુરુષો; એક પતિ ને બીજો પુત્ર. ગૃહિણીનું સ્થાન પૂરવા માટે એકેય લાયક નહીં. પરાગભાઈ પંચાવન વર્ષના ને પુત્ર પચીસનો; એક નિવૃત્તિની નજીક ને બીજાને નવી નવી જોબ, એકના નિવૃત્તિ લાભોની મનોમન ગણતરી થાય ને બીજાનું પ્રોબેશન ચાલે.

પરાગભાઈ અને રમાગૌરીને પહેલે ખોળે દીકરી હતી. નામ દુલારી, ગામમાં જ પરણાવી હતી, સુખી હતી.

બસ, તે જ આવી હતી ઘર સંભાળવા. રોજ ઓળખીતા ડૉક્ટર રમાને તપાસી જતા. બે હળવી વાતો કરે, રોગીને તપાસે. રમાને સારું લાગે. હળવો ઍટેક હતો લકવાનો.

એક બાઈ આવી ગઈ હતી, રમાને સંભાળવા. દવા આપે, વસ્ત્રો બદલે, પથારી સાફ કરે, ઓછાડ બદલે.

દીકરીને પણ તેનું ઘર હોય ને? તે ગઈ. જતાં જતાં કહેતી ગઈ: પપ્પા તથાગતને હવે પરણાવો.

રમાબેનની માંદગીનું કારણ આ જ હતું. તેમણે પૂછ્યું હતું તથાગતને: બેટા, પેલી તિથિ તો તે જોઈ ને?. કેટલી સુંદર છે? ગોરી, નમણી, સપ્રમાણ ને તારી ને તેની જન્મકુંડળીઓ મળી છે. તો હા પાડ તો તારા લગ્નનું ગોઠવીએ.

ને તેણે ના પાડી હતી. ને એથી પણ વિશેષ કહ્યું હતું. માને સખત આઘાત લાગ્યો હતો: હેં!. ને બીજી સવારે તેનું ડાબું અંગ જકડાઈ ગયું હતું, અરધું ચેતન હણાઈ ગયું હતું.

ને સારવાર શરૂ થઈ હતી. પ્રથમ ઓળખીતો ડૉક્ટર શર્મા, પછી હૉસ્પિટલાઈઝ્ડ ને છ દિવસ પછી ઘરનો પલંગ.

ટેબલ પર દવાઓ, ફાઈલ ને રિપોર્ટ્સ. પહેલાં રમાબેન ક્યાં બીમાર પડ્યાં હતાં? નખમાંય રોગ નહિ. પરાગભાઈ સહુને ગર્વથી કહેતા હતા: રમા વીસ વર્ષમાં ક્યારેય માંદી નથી પડી. બસ આ અચાનક-.

વળી યાદ આવ્યું હતું કે રમા પ્રથમ પ્રસૂતિ વખતે ખૂબ કષ્ટાઈ હતી. પરાગભાઈ ગભરાઈ ગયા હતા. રમાએ તો નક્કી કરી લીધું હતું કે દુલારી- પહેલી ને છેલ્લી. જીવ નથી રમતાં...! ઈશ્વર કેટલો અન્યાયી કે તેણે સ્ત્રીની રચના આ માટે કરી?. આખરે તે પણ પુરુષ જ ને?

લેડી ડૉક્ટરે કહ્યું હતું: પુત્રી જન્મી હતી. સ્વસ્થ હતી. સર્જનની પીડા તો થાય.

રમા વિચારતી હતી: આ પુત્રીને પણ આ પીડા તો ભોગવવી જ પડશે. ક્યાં તેને દુન્યવી વાતોમાં રસ રહ્યો હતો? પરાગભાઈએ પુત્રીનું નામકરણ કર્યું હતું. ક્યાં જોઈ હતી રાશિ કે જન્મ સમય? બસ કહી દીધું હતું. કેવી વહાલી લાગે છે આપણી દુલારી? ગોરી, સુંદર, સપ્રમાણ-એ તો મોટી થઈ પછીનાં વિશેષણો. ત્યારે તો એક જ વાત, રમાને છોકરી જન્મી છે. રમા માંડ બચી. ડૉક્ટર માનસીબેન બહુ હુંશિયાર.

છઠ્ઠીના લેખ પણ લખાયા.

રમા વિચારતી હતી: સુખ મળે તો સારું. કેવી મીઠડી લાગતી હતી?

તે પણ સુખી જ હતી ને, પરાગભાઈને સચિવાલયમાં સરસ નોકરી હતી, ઘરનું ઘર હતું. જરા સંકડાશ હતી પણ તેઓ ક્યાં વસ્તારી હતા?. લક્ઝરી જ કહેવાય, બે વત્તા એકના પરિવાર માટે. માબાપ વતનમાંથી ક્યારેક આવી જતાં હતાં. એ લોકોને વતનનો મોહ હતો.

રમાને છેક સાતમે વર્ષે પુત્રેષણા જાગી હતી. દુલારીને ભાઈ તો જોઈએ જ ભલે ગમે તેમ થાય. ને આ તથાગત. મેડિકલ સાયન્સ આગળ વધ્યું જ હોય ને સાત વરસમાં. તથાગત ઓછા કષ્ટે અવતર્યો. રાશિ મુજબ, ખુદ રમાએ નામકરણ કર્યું હતું ને બે માસ પછી રામેશ્વર શાસ્ત્રી પાસે જન્માક્ષર પણ તૈયાર કરાવ્યા હતા.

પરાગભાઈએ કહ્યું હતું: ભવિષ્ય સારું છે. તેજસ્વી થશે. રમા ખુશ થઈ હતી. નક્કી કર્યું કે વાંચશે નિરાંતે. પણ એમ નિરાંત મળે ખરી? જન્માક્ષર કબાટમાં મૂક્યા હતા જેથી

તરત હાથમાં આવી જાય.

દુલારી ત્યારે પહેલી કક્ષામાં ભણતી હતી. પરાગભાઈ ગુજરાતી માધ્યમના હિમાયતી હતા. પુત્રીને અંગ્રેજી તો ખુદ શીખવતા હતા. ક્યાં ગમ્યું હતું રમાને?

અને દુલારી બાવીસમે વર્ષે જયને લઈને ઘરે આવી એ પણ ક્યાં ગમ્યું હતું? કહ્યું પરાગભાઈને; પપ્પા, મને જય ગમે છે.

રમાને કચવાટ થયો હતો: બસ, આમ જ... પરાગભાઈએ હા ભણી હતી: ભલે દીકરી. ઓહ, મારી દીકરી કેટલી મેચ્યોર્ડ થઈ ગઈ?

પરાગભાઈએ જય સાથે થોડી ચર્ચા કરી હતી. બસ, થઈ ગયા કોર્ટ મૅરેજ. રમા નિરાશ થઈ હતી: અરે, જન્માક્ષરો પણ ના મેળવ્યા?

ને એ કારણે પુત્રના જન્માક્ષર વાંચવાનું નિમિત્ત મળી ગયું. કેટલી જૂની ઇચ્છા હતી? એક ચિંતા પણ હતી કે પુત્ર આવું તો નહિ કરે ને શું લખ્યું હતું? બેસી ગઈ પલંગમાં ફફડતી.

શ્રી ગણેશાય નમઃ. બસ, એ જ છે વિઘ્નહર્તા, જોકે પુત્રી સુખી હતી. મળતી જ હશે કુંડળીઓ, છો ને ના મેળવી.

જાતક તેજસ્વી થશે. ખુશ થવાયું. યશ મળશે. નામ કાઢશે અભ્યાસમાં. છે ને પ્રગતિપત્રકો, ડિબેટ ને નિબંધના ઇનામ. માન્યાની દાદી કહેતી હતી ને; રમા તારો દીકરો તો ભારે હોશિયાર. કાયમ પેલ્લે નંબર!

લખ્યું જ છે ને!

ને આ શું? પુત્રને પચીસમે વરસે વૈરાગ્યના પ્રબળ યોગ.

શું વૈરાગ્ય? એટલે શું?

રમાને આંખે અંધારાં આવવા લાગ્યાં હતાં. તે નહીં પરણે? સંસાર નહિ ભોગવે? તે શું--? પરાગભાઈએ એ વાતને હસી કાઢી હતી: આ ક્યાં વિજ્ઞાન હતું, આ તો માત્ર શક્યતા જ ગણાય.

તેમને વિદેશગમનનો યોગ હતો. હજી અહીં જ હતાં સાબરમતીને કિનારે બસમાં આવજા કરી રહ્યા હતા. એ વય તો વહી ગઈ. બોલ-- વાંચવું છે ભવિષ્યકથન?

* * *

રમા એ દિવસથી સજાગ બની ગઈ, ડરતી થઈ ગઈ. ઉપચારો શરૂ થયા, રોગને ઊગતો જ ડામી દેવો. પચીસ વર્ષ પહેલાં પરણાવી દેવો ને પત્ની એવી શોધવી જે યશોધરા જેવી ના હોય કે પતિ ગૃહત્યાગ કરે ને તે ઊંઘતી રહે.

પછી એવા સંવાદો રચાતા રહ્યા: બેટા, કાલે સભામાં તે પેલી ચૌલાનું નૃત્ય જોયું હતું ને? કેવું સરસ નૃત્ય હતું? ભરતનાટ્યમ્ હતું ને? કેવી સુંદર હતી ચૌલા? તારા જેવડી જ હતી. ગમી ને?

રવિવારે આપણા ઘરે આવી'તી એ કવિતા કેવું સરસ ગાતી હતી?

અને ભદ્રામાસીની નીલીએ કેવું સરસ ચિત્ર દોર્યું હતું. તેણે તને તેના તેણે તને તેના રૂમમાં લઈ જઈને પ્રેમથી બતાવ્યું હતું, તે તેને અભિનંદન આપ્યાં કે નહિ? કેટલી ખુશ થઈ હતી? તેણે આ વાત ભદ્રાએ કહી હતી. તથાગત, એ છોકરીને તું ગમે છે.

ને કહે છે, તું એ સમયે એક પુસ્તક જોતો હતો? બેટા, કયું પુસ્તક? તારા કોર્સનું હતું? ભલે, ભલે. પુસ્તક પણ જોવાય ને નીલીનું ચિત્ર પણ જોવાય. સ્કૂલમાં કોણ છે તારાં મિત્રો? શુભ, ભાવિન ને - ચિત્રા. વાહ સરસ, મને ચિત્રા વિશે કહે.

અમુક વય પછી તથાગતમાં પરિવર્તન આવ્યું હતું. શરીર ખડતલ, અવાજમાં પૌરુષેય રણકો, દાઢી પર વાળ ને રેઝર વાપરતો થયો હતો. રમાને ગમ્યું હતું.

પરાગભાઈએ એ વયસહજ વાત કરી હતી: સોળમે વર્ષે પુત્ર, મિત્ર જ ગણાય. તે હવે પુસ્તકાલયમાં જતો થયો હતો. પાસે જ હતું.

રમા પ્રશ્નો પૂછતી જ હતી: શું વાંચે છે ત્યાં? કોણ છે ગ્રંથપાલ? ને નામ આવ્યું બંસરીબેનનું. તેને હોંશે હોંશે નવાં નવાં પુસ્તકો આપતી હતી. તથાગત, આ વાંચ. એક યોગીની જીવનકથા.. કોઈ બંગાળી સાધુની વાત છે. તને રસ પડશે. હું તારો ટેસ્ટ જાણું છું.

રમાને ક્યાં ગમ્યું હતું? આવું વાંચન? આ વયમાં? કેમ રોકે પુત્રને?

પરાગભાઈએ ફરીથી પેલો ભવિષ્યકથનનો ડર હસી કાઢ્યો હતો: નાહક ડરે છે તું? આવું કશું જ બનવાનું નથી. દુલારીની જેમ તે પણ કોઈ છોકરીને સાથે લાવીને કહેશે--મમ્મી-- આ તારી વહુ. ગાંધીજી પરણ્યા હતા ને?

એ પછી તથાગતનો કૉલેજ પ્રવેશ થયો હતો. વિશાળ ફલક મળ્યું હતું. પાસે જ સંન્યસ્ત આશ્રમ હતો. દર શનિવારે સાંજે ત્યાં જાહેર વ્યાખ્યાનો થતાં હતાં. એકવાર

મહેતા સરની સાથે ગયો હતો, રસ પડ્યો હતો. કોઈ પીળાં વસ્ત્રધારી સાધુ પ્રવચન આપી રહ્યા હતા.

સરે પૂછ્યું : ગમ્યું પ્રવચન?

તેને ખાસ સમજ નહોતી પડી પણ વાતાવરણ ગમી ગયું હતું. તેણે કહ્યું; સર, શાંતિ મળી. આવી શાંતિ પહેલાં ક્યારેય મળી નહોતી.

બીજા શનિવારથી સરની દીકરી શુભદા પણ પ્રવચનમાં આવવા લાગી હતી. તથાગત સાવ છેલ્લે બેઠો હતો, તે તેની પાસે બેસી ગઈ હતી. સર આગળની હરોળમાં હતા. તેમને સ્વામીજીઓ પણ ઓળખતા હતા.

પ્રવચનને અંતે શુભદાએ કહ્યું હતું : તમે જ તથાગતને? હું શુભદા, સરની દીકરી. તે હસ્યો હતો, કહ્યું-મને ગમ્યું. તમારું નામ પણ. શુભદા એટલે કલ્યાણદાયિની.

પછીના, એ પછીના શનિવારે- તે આવી હતી ને તથાગત પાસે બેઠી હતી. અનુસ્નાતક થયા પછી સરે જ તેને એ જ કૉલેજમાં જોબ અપાવી હતી. તે તેજસ્વી છાત્ર હતો સરનો. ને તેણે પણ તેની શક્તિને કામે લગાડી હતી, નામ કાઢ્યું હતું.

શુભદાએ તેને શુભેચ્છાઓ આપી હતી : હું ઈચ્છું છું, તથાગત તમે આગળ વધો.

હવે સર શનિવારના પ્રવચનમાં ક્યાં હાજર રહેતા હતા? શુભદા આવતી હતી. તેણે જ કહ્યું હતું : તથાગત મૂકી જાવ ઘરે. તથાગત વિચારતો હતો : સાવ સાદી હતી તે, ને સરળ. ના, તે બહુ સુંદર ન હતી. મેકઅપ પણ ક્યાં કરતી હતી? હા, નમણાશ હતી. વાને ઘઉંવર્ણી. આ બધું ક્યાં આપણી ઇચ્છા મુજબ બનતું હતું? જિન્સ મુજબ, માત્ર વિચારો જ આપણી સંપદા હતા.

રમાને ક્યાં ગમ્યું હતું તેનું આશ્રમમાં જવું? તે તેના જન્માક્ષરને અનેકવાર વાંચી ગઈ હતી, પણ અર્થ તો એ જ સમજાતો હતો.

હતાશ થઈ જતી : શું તથાગત ---?

કૉલેજમાં અધ્યાપન કરાવતો હતો, તેના કાર્યની પ્રશંસા થતી હતી, દર પાંચમી તારીખે પગારનો ચેક રમાને બતાવતો હતો: જો મમ્મી, તારા દીકરાની કમાઈ-.

ને રમાએ એક દિવસે તેની પાસે તિથિની વાત કરી : સુમંતભાઈની તિથિને તે જોઈ છે ને? સુંદર છે ને? અરે તું તેને તારી બાઇક પર જ તેને ઘરે મૂકી ગયો હતો, તેને તને તેનું ઘર બતાવ્યું હતું ને પછી, અંકલે તારી સાથે કેટલી વાતો કરી હતી? તું જ કહેતો હતો, યાદ છે ને? હવે એ લોકો તિથિ માટે તારો જવાબ ઇચ્છે છે. બેટા, તને ગમે છે ને? મને તો ગમે છે. જોડી બનશે તમારી.

ને તથાગતે ના પાડી હતી : મમ્મી, મેં તેને એ રીતે જોઈ જ નથી.

'તો જોઈ લે, વિચારી લે', રમા ઉતાવળી થઈ હતી. ને તેણે, અંતે ના કહી હતી.

રમા દુખી થઈ હતી : આ પેલા આશ્રમે જવાનું જ પરિણામ. કહ્યું: મને નથી જ ગમતું તારું ત્યાં જવું.

તે પરાગભાઈ પર પણ ગુસ્સે થઈ હતી : તમે જ સમજાવો સુપુત્રને તિથિ માટે ના પાડે છે. આશ્રમવાળાઓએ જ તેને ભરમાવ્યો છે. જન્માક્ષર સાચા પાડીને રહેશે.

પરાગભાઈની પણ કશી અસર ના થઈ. ચોવીસ કલાકના રઘવાટ, વલોપાત પછી રોગનો હુમલો થયો. તથાગત ત્યારે આશ્રમમાં હતો.

રમા પ્રથમ ચાર દિવસ હૉસ્પિટલાઈઝ્ડ ને પછી ઘરે આવી હતી. લકવાની અસર હતી ડાબા અંગ પર.

મહેતા સર આવ્યા હતા હૉસ્પિટલમાં પુષ્પગુચ્છ લઈને. સાથે શુભદા હતી.

તથાગત અપરાધભાવ અનુભવતો રહ્યો. આ તેના કારણે જ બન્યું હતું. તેણે માને દુભવી હતી. તે હવે માને ખુશ કરી દેશે, તિથિ માટે હા પાડશે, આશ્રમમાં કદી નહિ જાય. તે અને દુલારી સેવા-ચાકરીમાં લાગી ગયાં હતાં. દુલારીએ સલાહ આપી હતી : તારે હવે પરણી જવું જોઈએ.

તેને તિથિ યાદ આવી હતી, બાઇક પર પાછળ બેઠેલી. શું કહેતી હતી : તથાગત આપણું ઘર કેટલું સાંકડું છે? હું આવીને શું કરીશ?

ફિઝિયોથેરપીની કસરત કરાવવા એક બેન આવતાં હતાં. દુલારીના તેના ઘરે ગયા પછી રસોયણ પણ આવતી હતી. તથાગત માની પથારી પાસે સૂતો હતો.

ક્યારેક આશ્રમ યાદ આવી જતો હતો: પ્રવચનો, વાતાવરણ ને શાંતિ, શુભદા તો કાયમ. તેનાં કહેલાં વાક્યો સૂત્રો જેવાં જ લાગતાં- 'તથાગત, કોઈ પણ સ્થિતિમાં ધૈર્ય ના ગુમાવવું. ઈશ્વર અવશ્ય સહાય કરશે.'.

માબાપ મૂર્તરૂપે ઈશ્વર છે. સ્ત્રી પ્રત્યે જ મનમાં મોહ હોય છે જેને પ્રેમ બનતાં વરસો લાગે છે. કેટલી ગહનતા

હતી તેનામાં? અને તિથિ-"

તથાગત ઉદાસ થઈ જતો હતો. સારવારની અસર થતી હતી. રમાને સારું થતું હતું.

તિથિના ફોન આવતા હતા : તથાગત, તું મને ખૂબ ગમે છે. મારા ડેડી તમારે ત્યાં આવવાના છે. બહુ ચોક્કસ છે ડેડી. લગ્ન પહેલાં બધી વાતો થઈ જવી જોઈએ. શું કહે છે, યોર મોમ --- ઈઝ હૉસ્પિટલાઈઝ્ડ ? તો હમણાં ન આવી શકાય. તથાગત-- કશી જરૂર છે પૈસાની? કંઈ હૉસ્પિટલ? ડેડીની ઓળખાણ હશે જ. 'તથાગત આપણે હનિમૂન ક્યાં મનાવીશું? તારા મનમાં કશો ખ્યાલ હશે જ. મારા મનમાં પણ મારું પ્રિય સ્થળ છે જ.'

તેને પરાગભાઈ સાથે વાત થઈ હતી : પપ્પા...

દુલારી સાથે પણ.

રમા સારી થતી જતી હતી. તથાગતે જોબ પર જવાનું શરુ કર્યું હતું. મહેતા સરે તેની પીઠ થાબડી હતી: તેં ખંતપૂર્વક સારવાર કરી, વેલ ડન.

ઘરના વાતાવરણમાં હળવાશ આવી હતી. શુભદા તેનાં મમ્મી સાથે રમાને મળવા આવી હતી. બંને વચ્ચે થોડા શબ્દો ને થોડા સંકેતોમાં વાત થઈ હતી.

રમાએ શુભદાને તિથિનો ફોટો બતાવ્યો હતો. સંકેતની પણ ક્યાં જરૂર હતી? સમજી ગઈ શુભદા કે આ જ તથાગતની ભાવિ પત્ની.

શુભદાની મમ્મી નિરાશ થઈ હતી. ચોંકી હતી તે. થયું કે શું હતું તથાગત સાથે? પાસે બેસતી હતી. આશ્રમના પ્રવચનો દરમિયાન જતી હતી બાઈક પાછળ બેસી ઘરે. હા, સ્પર્શ થયો હતો અછડતા. સંવાદો થતા હતા એ સમયે. બીજું શું? તે શું માનતી હતી? ન્યાલ થઈ ગઈ હતી તે. ક્યારેક માગતી હતી ઈશ્વર પાસે કે તેને તથાગત મળે.

ને અત્યારે બધું જ કડડભૂસ થયાની વેદના. આ ખંખેરી નંખાય એવી વાત નહોતી. ખાસ્સી વાર લાગી મનને સમજાવતાં.

માએ ટપારી હતી : શુભલી, ભૂલી જા. અરે, ગમે તેવા સમયમાં ધૈર્ય જાળવવાની વાત તો તેણે જ તથાગતને કહી હતી.

તેણે જાતને ઠપકો આપ્યો હતો : ભૂલી ગઈ તું? ને તથાગતનો ફોન આવ્યો હતો: શુભદા --! ઘરે જ છું ને? મમ્મી ને સર પણ છે ને? હું આવું છું.

તેને ગમ્યું. તથાગતના અવાજમાં ભીનાશ હતી એ અનુભવાયું. કહ્યું માને અને બેસી ગઈ બારી પાસેની ખુરસીમાં, જ્યાંથી આવતો તથાગત જોઈ શકે.

ને તે આવ્યો હતો. બાઈક પ્રવેશ્યું હતું રોડ પરથી આંગણામાં. પ્લૉટમાં બે જ ઘર હતાં, એક શાહઅંકલનું ને બીજું એ લોકોનું. કેટલી બધી વાર તે આવ્યો હતો, સરને મળવા, તેને ઘરે લાવવા, અરે-- કારણ વગર! આજે કેવી અનોખી અનુભૂતિઓ થતી હતી? શું થયું હતું? સહસા, તિથિ યાદ આવી ગઈ.

ને એ જ સમયે તથાગતનો અવાજ-જરા અલગ, સંભળાયો હતો. સર--! તે ખુરસી પર બેસી રહી હતી. મા આગળના ખંડમાં આવી હતી. કહ્યું; આવ--!

માનો અવાજ ધ્રૂજતો હતો, એ પણ અનુભવાયું. શું થયું હતું તેને? તે જાણે તે ન હતી? તે આશ્રમના સભાખંડમાં તથાગત પાસે બેઠી હતી- સ્વામી પ્રવચન કરી રહ્યા હતા : નિકટ બૈઠના ઉપનિષદ હૈ. તેને સારું લાગતું હતું, ભીતરમાં.

અચાનક તથાગતના શબ્દો સંભળાયા. સર, મમ્મીજી -- એક યાચના કરવા આવ્યો છું. હું શુભદા માંગું છું. જો તેની ઈચ્છા હોય તો-. ને સર બોલ્યા હતા; તે તો તને ઝંખે છે, દીકરા. મા બોલી હતી : હા, દીકરા.

તથાગત શુભદા પાસે આવ્યો ત્યારે તે ચોધાર રડી ચૂકી હતી.

તથાગતે હથેળી વતી તેનાં આંસુ લૂછ્યાં હતાં ને તે હસી હતી.

પ્રશાન્તિનિલયમ, માધવનગર,
સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧
મો. ૬૩૫૩૮૬૯૧૩૯





ડબગરનો વારસો
જગદીશ મેવા
મો. ૯૪૨૬૭૬૬૩૭૭

ખુશ્બાનાં રંગ
શુભાંગી પાટીલ
મો. ૯૪૨૭૯૬૯૦૫૫



મોજે મોજ
અર્પણ કાપડિયા
મો. ૮૯૦૫૨૩૯૫૭૮



પરિવાર
નિકુંજ વૈશ્યક
મો. ૯૪૨૭૬૦૭૮૨૪

પ્રેમનો વારસો

રેખાબા સરવૈયા

બારીના કાચની પેલે પાર શું હતું? ઊંચે નજર નોંધો તો એકદમ ઉપર જ ઝળૂંબતું હોય એવું તારાથી મઢેલું આકાશ...! સામે જ જો જુઓ તો અવિરતપણે ખડકોના કાનમાં કશુંક કહેતો દરિયો અને એનો ધીરગંભીર ઘુઘવાટ...! અને એકદમ આ, સાવ નજીક કાચ ઉપર જ આંખ માંડો ને તો કમોસમે વરસી રહેલા વરસાદને કાચ ઉપરથી નીતરતો જોઈ શકો... આ મહાનગરની જીવનશૈલીથી તદ્દન ઊલટી રીતે એટલે કે... એકદમ નિરાંતે, ધીમેધીમે વરસી રહેલો વરસાદ એટલો શાંત છે કે એકદમ નીરવતામાંથી પણ એને પામવાનું મુશ્કેલ બની જાય.

વરસતા વરસાદથી પણ આકાશના તારાઓને કશો ફરક નથી પડ્યો, દૂર... ટમટમ્યા કરે છે રાબેતા મુજબ એટલે દૂર કે એ અંતરનો હિસાબ કરવાનું પણ ન ફાવે; પરંતુ આ મહાનગરમાં એ તારાઓ સૌથી વધુ નજીક હોય તો એ મૈત્રીના ઘરની માથે ઝળૂંબતા આકાશમાં જ...

હા... નગરમાં સૌથી ઊંચા એવા આ 'ડિઝાયર' બિલ્ડિંગના સૌથી ઉપરના માળે મૈત્રી રહે છે. જ્યારે એના પતિએ એને આ સમાચાર આપીને કહ્યું હતું કે...

મૈત્રી...! તું બહુ નસીબદાર છે કે આકાશ સાથે દોસ્તી કરી શકશે. યેસ... મેં 'ડિઝાયર'માં પેન્ટહાઉસ ખરીદ્યું છે. મૈત્રી ખુશ તો થઈ પણ 'પેન્ટહાઉસ' શબ્દથી ગૂંચવાઈ ગઈ. એના ચહેરા ઉપરથી ભાવ પામી જઈ મંથને જરાક અણગમાથી અને રોષયુક્ત સ્વરે કહેલું કે, 'ઓ...હો... કમઓન... મૈત્રી! તું પણ કમાલની પછાત છે. 'પેન્ટહાઉસ' શબ્દનો અર્થ ખબર નથી? અરે... બિલ્ડિંગના ટોપ ફ્લોર પરની અગાસી સહિતની જગ્યા 'કવર્ડ' થઈ જાય એવો ફ્લેટ.

અને અત્યારે મૈત્રી પેન્ટહાઉસની બાલ્કનીમાંથી દેખાતા દરિયાને, આકાશને અને વરસાદને એકસાથે જોતી હતી.

નજરને ત્યાંથી સહેજ પાછી વાળે તો બીજી તરફ ખૂલતી અગાસી પર જોઈને સ્થિર થાય.

અત્યારે ખાલીખમ લાગતી આ અગાસી હજુ કલાક પહેલા તો કીડિયારાની પેઠે ઊભરાતી હતી. આ ક્ષણે તો નજર ફરતી દીવાલમાં બનાવેલી 'કોર્નિસ'ની અંદર ઉગાડેલા રંગબેરંગી વિદેશી ફૂલોના છોડવાઓ પર ફરીને પાછી વળી જતી હતી.

મૈત્રીને એકલા-એકલા જ હસવું આવ્યું, અલબત્ત... સ્મિત જેવું. આ ફૂલ ઉગાડવાની જગ્યાને 'કોર્નિસ' કહેવાય એની પોતાને ક્યાં ખબર પડતી હતી એ તો મંથન... ઓ...હ...! કેવો કાબેલ હતો...!

હા, મંથન માત્ર મૈત્રીનો પતિ નહિ પરંતુ દેશભરમાં જેના નામનો ડંકો વાગી રહ્યો છે એવા વિદ્વાન સિદ્ધહસ્ત ચિત્રકાર... મંથન ઘોષ...ની આજની પાર્ટી 'એકસકલુસિવ' હતી.

'કાન્સ ફેસ્ટિવલમાં જેના ચિત્રને સ્થાન મળ્યું હોય, દુનિયાભરનાં પ્રચાર-પ્રસાર માધ્યમોએ જેની વિસ્તૃત છણાવટ સાથે પ્રસિદ્ધિ કરી હોય એવા કલાકારોને મળેલા સન્માન બદલ ખુદ મંથનને માન્યામાં ન આવે એટલાં અભિનંદનો - શુભેચ્છાઓ મળ્યાં અને પોતાને મળેલી આ સિદ્ધિની ખુશીમાં અને ચાહકોને મળવા માટે જ નવા ખરીદેલા આ પેન્ટહાઉસમાં શાનદાર પાર્ટી અરેન્જ કરી હતી.

આકાશી અજવાસને બાજુ પર હડસેલી મુક્તિ અને આભાસી પ્રકાશથી આંખને આંજી દેનારી પાર્ટી એની ચરમસીમાએ પહોંચવામાં જ હતી કે અચાનક વરસાદનું વણનોતર્યું વિઘ્ન આવી નડ્યું.

નાનાં-નાનાં ટીપાં છાંટામાંથી ફોરાં અને પછી તો ધાર બની ગયાં. અત્યંત અનિચ્છા હોવા છતાં ધીરેધીરે સૌએ પોતાના ઘેર જવું જ પડ્યું. વરસાદ પ્રત્યે અણગમો વ્યક્ત કરતાં-કરતાં મંથને સૌને વળાવ્યાં.

ન સમજાય એવી આછેરી ખુશીની ઝલક મૈત્રીના



ચહેરે પતંગિયું બની ઊડવા લાગી. મંથન ડ્રોઈંગ રૂમમાં જઈ બબડતો-બબડતો 'ચેનલસર્ફિંગ' કરવા લાગ્યો. વર્લ્ડન્યૂઝમાં આંખ ખોડવા મથવા લાગ્યો. અને મૈત્રી...!

અહીં આ બાલ્કનીના હીંચકા ઉપર હળવાશથી ઝૂલતી-ઝૂલતી બારીની પેલી તરફ જોઈ રહી છે. કોઈ જાતનો શારીરિક શ્રમ ન કર્યો હોવા છતાં મૈત્રીએ થાક અનુભવ્યો. મોટાભાગે આવી પાર્ટીઓ પૂરી થયા પછી અનુભવાતો થાક!

આંખો મીંચીને, ઊંડા શ્વાસ લીધા, પણ 'રિલેક્સેશન' ફીલ ન થયું. હીંચકાને એક ઠેસથી ઝુલાવ્યો.

લયમાં આવેલો હીંચકો મૈત્રીને ઘડીમાં બારીના કાચ પરથી લસરતા વરસાદ તરફ ફંગોળતો તો ઘડીમાં બાલ્કનીમાં મંગાવી રાખેલા 'કેક્ટસ'નાં કૂંડાઓ ભણી ફેંકતો હતો.

બે બિંદુઓ વચ્ચે લોલકની જેમ અથડાતી મૈત્રીના મનના કેન્દ્રમાં તો હતી ઘડી પહેલાંની પાર્ટી...

કહેવાતા કલાકારો, મોટા માણસોને એકદમ નજીકથી જોયા પછી મૈત્રીને એની સાથે વાતો કરીને પરિચય કેળવવાનો કે એમના વિચારોને જાણવાનો કોઈ મોહ ન રહ્યો.

એક પછી એક 'પર્સનાલિટીપર્સન' આવતા રહ્યા... શિષ્ટાચાર ખાતર સૌની સાથે હળવા-મળવાનો અને હસી-હસીને આવકારવાનો આ ડોળ થકવી મૂકે એવો લાગ્યો.

અહીં-તહીં ફરતી મૈત્રીના મન ઉપર મહેમાનોની વાતો જાણે કે પથ્થર બનીને વાગી રહી.

'વોટ અ વન્ડરફૂલ પેન્ટહાઉસ યાર!' ડૉ. ખન્ના કહેતા હતા. મંથનને બાથમાં લઈને કોઈ ભારેખમ લેડી એની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવી રહી હતી.

'વર્લ્ડ મિરરમાં તારા વિશે ઘણી સમીક્ષા છપાઈ છે મંથન...! ખરેખર આટલી ઉમરે તને મળેલી આ સિદ્ધિની કોઈ મિસાલ નથી...'

'ઘોષબાબુ... આ સફળતા માટે કોણ તમારી પ્રેરણા છે હેં?'

'અરે યાર મંથન... કલાની કદર તો સાચે જ ઈન્ડિયા બહાર જ થાય હો... કહેવું પડે... બાકી!'

'એ ફેસ્ટીલ પછી તને કેટલા લોકો ઓળખતા થયા! અને દોસ્ત ઈનામમાં કેટલા રૂપિયા મળ્યા હેં... વધુ જ હશે... નહીંતર કંઈ 'ડિઝાયર'નું પેન્ટહાઉસ ખરીદી શકાય?'

'મિસિસ ઘોષ... તમારો નેકલેસ ઈમ્પોર્ટેડ હશે ખરું ને?'

'ઈન્ટિરિયર ડેકોરેશન માટેનો કૉન્ટ્રેક્ટ કયા ડિઝાઈનરને આપ્યો હતો મિસિસ ઘોષ... તમારું મકાન ખરેખર ખૂબ જ આકર્ષક છે...'

'આ છત પરના ઝુમ્મર બેલ્જિયમનાં છે?'

'અહીં આ દીવાલ પરનું પેઈન્ટિંગ પૅરિસનું છે?'

'આટલા સિમ્પલ છો તોપણ તમે બહુ ગ્લોસી લાગો છો

મિસિસ ઘોષ... બાય ધ વે... હું એડવર્ટાઇઝિંગ એજન્સી ચલાવું છું... યુ ડોન્ટ માઇન્ડ... પણ તમારા વાળના હું થોડાક ફોટોગ્રાફ્સ પાડી શકું?'

'અરે મંથન ડિનર આઇટમ માટે કયા કેટરર્સને રોક્યો છે... દોસ્ત... આટલી વેરાઇટી અને આટલો વન્ડર ટેસ્ટ... ક્યારેય ખાધા નથી.'

'તમને ઑફવાઇટ કલર રેખા જેવો જ ગ્રેસફૂલી સૂટ થાય છે. તમારા તો કેટલા ફાઇન કોન્ટેક્ટ છે! તમે ફિલ્મોમાં કામ કેમ નથી કરતાં મિસિસ ઘોષ?'

'તમારા પતિને મળેલી આ સફળતામાં તમારું કન્ટ્રિબ્યુશન કેટલું? તમે પોતે કોઈ કલાથી રિલેટેડ છો ખરાં, આઈ મીન... તમને કલાનું કયું ક્ષેત્ર સર કરવું ગમે?'

'તમારા આ સ્થાનથી તમારા હરીફો, તમારા હિતશત્રુઓને જરૂરથી જેલસ થઈ જ હશે... આ ક્ષણે તમે એમના વિશે શું કહો?'

'મિસિસ ઘોષ યૂ આર વેરી વેરી લકી ગર્લ... તમે કોઈ દિવસ સપનું પણ ન જોયું એટલા બધા સુખને હકીકતમાં જોયા પછી તમારી ફીલિંગ શું છે? હાઉ ફીલ યૂ!'

'આટલા હોનહાર અને સેલિબ્રિટી પતિની પત્ની તરીકે તમારી સૌથી વધુ ઈર્ષા કરનાર તમારી ફ્રેન્ડનો કોઈ ખાસ મેસેજ તમે મીડિયાને કહેશો પ્લીઝ!'

'ઓહ...! મિસિસ પરવેઝ - મિસિસ પંડ્યા - મિસિસ માથુર - મિસ જુહી, મિસ્ટર શ્રીવાસ્તવ, ડૉ. દવે, મિસ્ટર જાડેજા, ડૉ. સરવૈયા, પ્રોફેસર રેખા, પત્રકાર પીટર - પૌલોમી પરીખ અને કાફલો...

ડાઇરેક્ટર - ઍક્ટર - મ્યુઝિશિયન્સ, કવિ - પેઇન્ટર - ઓથર - કૉલમિસ્ટ - એડિટર - કેટકેટલા મહાનુભાવો વ્યક્તિ વિશેષો...!

ચહેરા ઉપર ચહેરા ઉપર વળી ચહેરા...
કેટલા યાદ રાખવા ચહેરા!
મંથનની કાબેલિયતથી અભિભૂત ચહેરા...
પેન્ટહાઉસની રોનકથી ચકિત ચહેરા...
મિજબાનની શાનથી અંજાયેલા ચહેરા...
મેક-અપની કમાલથી પુલકિત ચહેરા...
માસ મીડિયાની ફ્લેશ લાઇટથી હર્ષિત ચહેરા...
ઈર્ષા - શંકાના ભાવમાં ગોપિત ચહેરા...
એટિકેટ અને મેનર્સનાં ચશ્માં મઢેલા ચહેરા...
છીછરાપણું અને ઉચ્છૃંખલતાને છાવરીને
ગ્રેસફૂલ દેખાવા મથતા ચહેરા...
નજર ચોરીને બદનને જોઈ લઈ,
ભોળાભાવે નજર ફેરવતા ચહેરા...
દંભી વિવેકને આત્મીયતામાં ખપાવતા ચહેરા...
અનહદ વાચાળતાને નિખાલસતા કહેતા ચહેરા...
મખમલી યૌવનના રેશમી સ્પર્શ
માટે શિયાંવિયાં થતા ચહેરા...

સારું જ થયું આ બધું સંકેલાઈ ગયું, નહિતર મૈત્રી... બૌદ્ધિકોની બેઠકમાં કાન બંધ ક્યાં કરી શકત? અનાયાસે જ મોટેથી બોલાતા શબ્દો એના સુધી લંબાઈ જતા હતા. ઊબકો આવીને રહી ગયો: ખાડીનું યુદ્ધ-અનાથાલયોની દશા - વર્લ્ડકપ ક્રિકેટ ટૂર્નામેન્ટ - કોમી તણાવ - કર્ફ્યુ - વિશ્વકક્ષાના સમારંભો - ઍવૉર્ડ્ઝ - જનરેશન ગૅપ - નવી ફિલ્મો - માસ મીડિયા એન્ડ કૉમ્યુનિકેશન...! બિનસાંપ્રદાયિકતા અને હિંદુત્વના મુદ્દે ચર્ચા ઉગ્ર બનતી ચાલી... આ વિષયો પરના ઉચ્ચતમ વિચારો... કટ્ટરવાદ સામે ઝનૂની બનશે કે?

મૈત્રીને ઘણું કહેવું હતું પણ? એની ચીસ ગળામાં અંતરાસ બનીને અટવાતી હતી.

શહેરોમાં તોફાનો ફાટી નીકળ્યાં હતાં એ વખતે પોતે કામવાળી બાઈના દીકરાને બચાવવાનો દિલથી પ્રયત્ન કર્યો હતો... એટલું જ... બસ... એ વાત તો ભુલાઈ ગઈ હતી. પણ... મંથન તો મંડી પડ્યો હતો... મીડિયાના માણસો સામે... પોતાની પત્નીને સોશિયલ વર્કર સાબિત કરવા...! પોતે હેરાન હતી પોતાના વિશે થતી વાતો સાંભળીને...! રોકવો હતો મંથનને.

પણ... કોઈ ગજબની મગરૂરીભર્યા અવાજે એ સતત ઠલવાતો હતો જાણે! એ ખિન્ન અને ઉદાસ થઈ ગઈ એ યાદ કરતાં-કરતાં - આ ક્ષણે પણ.

અચાનક મૈત્રીને સમજાયું કે... ઘણીવાર આપણે જેને થાક કહી દેતાં હોઈએ છીએ એ ખરેખર તો ખિન્નતા અને ઉદાસી હોય છે...!

આ સમજ કંઈ પોતાની નહોતી...! મૈત્રીએ વિચાર્યું.

હા... આ સમજ તો એને આપવામાં આવી હતી. કોના દ્વારા અપાઈ હતી આ સમજ? દબાયેલો ઊબકો ઉ...ક... કરતો ઊછળ્યો.

'ઉ...ઉ...ઉ...' અવાજ કરતાં પણ એની જીભના ભીના સ્પર્શથી જ મૈત્રીનું ધ્યાન ત્યાં નીચે પગ પાસે વહાલ કરતા ગલૂડિયા પર ગયું. આ સ્ટફી હતું... મૈત્રીની જીદથી એ આ ઘરમાં રહેતું હતું. મંથનને પાલતુ પ્રાણી અને એમાં પણ અંધ પશુઓથી સૂગ હતી...! અસાધારણ બીમારી દરમિયાન સ્ટફીની આંખો જતી રહી હતી.

'સ્પર્શ-ધ્વનિ અને ગંધ... એ અંધનું વિશ્વ છે...' સ્ટફીને વહાલથી પંપાળતી મૈત્રીના મન ઉપર વિચાર અથડાયો દરિયાનાં મોજાંની જેમ... આવો ભીનો અને માનવતાસભર વિચાર પણ એના દ્વારા જ મનમાં રોપાયો હતો ને!

'પતંગિયાં - મોરપિચ્છ - મેઘધનુષ - રંગીન ફૂલો - હરિયાળાં ખેતરો - રકિતમ સૂર્યાસ્ત-કેસરી સૂર્યોદય... આ બધાનું કોઈ અસ્તિત્વ અંધની આંખો પછવાડે ગોખલામાં નથી હોતું... મૈત્રી! એ લોકો અનુભૂતિને સર્વોચ્ચ માને છે... એની અનુભૂતિ એટલે સ્પર્શ - ધ્વનિ અને ગંધ...!'

ઘેઘૂર ઘૂંટાયેલો અને છતાં મનની ભૂમિને શાતા પહોંચાડનારો આ સ્વર કોનો છે? શું દરિયો પોતાને કંઈ કહી રહ્યો છે?

લીલાછમ ઘાસની ઠંડક, સૂર્યોદય પછીની તડકીલી હૂંફ, પંખીઓનો કલરવ, ફૂલોની સુગંધ, દરિયાનો ઘુઘવાટ, મંદિરની આરતીનો શંખનાદ, વહાલ બનીને ભીંજવતો વરસાદ, જેના સ્પર્શને ઓળખી શકાય એવા મિત્રના પરસેવાની ગંધ... આ હોય છે એની દુનિયા... એનું જીવન...'

આ વાંસળીના સૂર જેવું શું સંભળાય છે અત્યારે? બંધ બારીની બિલકુલ સામે ઊછળતા દરિયાની શ્વેત - ચમકતી - ફરફરતી ચાદર ઉપર તરતા-તરતા આ સૂર અહીં આવે છે કે?



'ટ્રિન... ટ્રિન... ટ્રિન...' આટલી રાતે રણકતા આ ફોનની ઘંટડીએ મૈત્રીના વિચારને ઊભો કાપી નાખ્યો. આખી વિચારધારાને વેતરીને ઘંટડી વાગતી રહી. મંથનને ઊંઘ આવી ગઈ હશે અથવા એ મશગૂલ હશે પોતાના આર્ટરૂમમાં ચિત્રોની દુનિયામાં.

પણ... કપાઈ ગયેલા વિચારોને જોડનારા સોય-દોરા ક્યાં હતા મૈત્રી પાસે? હીંચકા ઉપર લટકાવેલું 'વિન્ડચાઈમ' રાહ જોતું હતું હવાની એક લહેરખીની...! પરંતુ ઉ...ક...! આંતરડા વલોવાઈ જાય એવા ઊબકા હમણાંથી આવતા હતા. એ કોગળા કરીને આવી ગઈ. આ સમાચાર મંથનને આપવાની યોગ્ય રીતે અને સમય મૈત્રીના ગાલ-કપાળ કાન હોઠ અને ગરદન ઉપર ચસચસતાં ચુંબનો ચોડી દઈ પોતાના બંને હાથોના ઘેરાવામાં લઈ, મર્દાના છાતી સાથે મૈત્રીને ભીંસી દેનાર મંથનના ઝડપથી ચાલતા ગરમ શ્વાસો વચ્ચે મૈત્રી ગૂંગળાઈ ઊઠી.

મૈત્રી ડાર્લિંગ, અત્યારે કોનો ફોન હતો ખબર છે? 'વર્લ્ડ આર્ટ' મૅગેઝિનના ઍડિટર ઇચ્છે છે કે હું એના મૅગેઝિનમાં કૉલમ સ્ટાર્ટ કરું. આયમ વેરી હેપી... ડિયર... લેટ્સ એન્જોય...!

કેટલાક શબ્દો બોલતાંની સાથે જ એનો ગુજરાતી અર્થ બનાવતો મંથન ભૂલી જતો હશે કે મૈત્રી પાસે પણ જર્નાલિઝમની માસ્ટર ડિગ્રી છે. અને આ કંઈ રીત છે ખુશી પ્રકટ કરવાની કે જ્યાં સંબંધો સ્થાપિત કરવા માટે માત્ર શરીર જ માધ્યમ બને છે! મૈત્રીના વિચારો ફરી વીંધાયા. હીંચકાને આખો હલબલાવી મૈત્રીના અસ્તિત્વને શરીર સંદર્ભે મૂલવતો મંથન આ રીતે કયું ચિત્ર ચીતરી રહ્યો હતો?

'ઊં...ઊં...ઊં...' સ્ટફીની પૂંછડી પર પગ પડતાં એ કરકર કરી ઊઠી. પોતાની ક્રિયાને અવરોધનારી સ્ટફીને એણે પગથી જ દૂર હડસેલી મૂકી એ સાથે જ 'કાઉ...કાઉ'ના આકંદથી મૈત્રીનું ભીતર તરફડી ઊઠ્યું. મંથન એના ઉપર એટલો ઝળૂંબી રહ્યો હતો કે મૈત્રી ચાહવા છતાં સ્ટફીને વહાલથી ઊંચકી ન શકી. મંથનની ડિઝાયર સંતોષવા માટે મૈત્રી કાયમ અનુકૂળ બનતી આવી હતી અને બની.

મંથન એને ઊંચકીને લાવ્યો અને થોડીવાર પછી મૈત્રીએ સ્ટફીના સ્પર્શને ઓળખીને આંખો ઉઘાડી.

ચિત્રોની દુનિયા વચ્ચે ઊભેલી મૈત્રી અજબ લાગણી અનુભવી રહી હતી. કોઈના દ્વારા ચીતરાતી આ ચિત્રોની

પોતાની કહેવાય એવી કોઈ વાત હશે કે ? ખરીદેલાં કબૂતરોની જોડને મસ્જિદના મિનારા પરથી ઉડાડી લીધા પછી દરિયાની ભીની રેતમાં ઉઘાડા પગે દોડીને એક ખડક પર બેસી આરામથી વાંસળી વગાડવી, એની પ્રકૃતિ હતી. ભીતરથી દરિયા જેવી મુલાયમ મૈત્રી એક નોખી નજરથી બધાં ચિત્રોને જોઈ રહી. એણે અત્યંત પ્રેમથી બધાં ચિત્ર પર હાથ ફેરવ્યો. દરેક ચિત્ર જાણે કંઈક કહેવા માગતું હતું!

મંથન દ્વારા નિર્મિત ચિત્રોને કોઈ જ નામ નહોતું, કોઈ ધર્મ નહોતો. હજુ થોડીવાર પહેલાં મૈત્રી ખિન્ન બનીને જિંદગીથી ખફા-ખફા હતી. પોતાની જાતને ખૂબ 'અનકમ્ફર્ટ ફીલ' કરતી હતી...! મૈત્રીની ફરિયાદો કેટલી બધી હતી... પોતાને નહીં સમજી શકનારા 'ક્લાસ' અને 'માસ' માટે... એક તબક્કે એની ઉદાસીનતા એને નકારાત્મકતા તરફ ધકેલી દેવા તૈયાર થઈ હતી; પરંતુ આ શું બન્યું? ધીમા-મીઠા વાંસળીના સૂરોની આ અસર હતી...! દૂરથી વહી આવતા એ સૂરો શું કહેતા હતા મૈત્રીને?

'પથ્થરોની વચ્ચે પથ્થર થઈને રહે તો શું પામવાનું? પથ્થરની વચાળે તો ઝરણું થઈને રહેવું. તારી પાસે સર્જન કરવાની શક્તિ છે. પરિસ્થિતિમાંથી આગળ જઈને જીવવા માટે તું ચિત્રો ચીતરવા માંડ. બદલાતી મોસમ તને એના રંગો - સુગંધ અને રસ આપશે. તું માત્ર પીંછી ઉઠાવી લે. માર્ગદર્શન અંદરથી જ આવશે. તું ચિંતા ન કર, કોઈ જ્યારે આપણને સાંભળતું ન હોય, આપણી સાથે ન હોય ત્યારે આપણે જ આપણી સાથે રહેવાનું શીખવું પડે છે.

મૈત્રીની આંખોમાં ચમક આવી ગઈ... હા... જરૂરથી પોતે આ કરશે. પોતાનાથી આ થશે જ અને બધું જ ભલે જેમ હોય એમ; પોતે ઉદાસીન થઈને ફરિયાદોમાં શક્તિ નહીં વેડફે. એવું તો નાદાન કરે.

પ્રદર્શનનો - પ્રસિદ્ધિને માટે નહીં પણ બસ, પોતાને માટે એ ચીતરશે. પોતે ગર્ભમાં ફરકતા આ બાળકને આવા વિચારોનો વારસો તો નહીં જ દે. કલબની અંદર જઈને પાનાં રમવા કરતાં તો એ અંધ વિદ્યામંદિરનાં બાળકોને સંગીત શીખવવા જાય એમ ઇચ્છવું અને કરવું યોગ્ય છે. ચાલુ વરસાદે શરદીની બીક બતાવીને એ પોતાના બાળકને બારી-દરવાજા વાસી દઈને ભીનાશને બારણે જ રાખી દેવાના મંથનના ઓર્ડરનું પાલન નહીં કરાવડાવે... મૈત્રી...!

મૈત્રીના મનમાં ઉપરાઉપરી વિચારોનાં મોજાં આવતાં હતાં. ડિગ્રી - સ્ટેટસ અને સેલિબ્રિટીના લેબલ વગરનું જીવન પોતે બાળકને આપશે. થોડું ઘણું જાણવા ખાતર ઘણું બધું એ ન શીખે પણ તો એ બાળકને મંથન જેમ પોતાને ઉતારી પાડે છે એમ ઉતારી નહીં પાડે. માસ મીડિયામાં ન્યૂઝ આઇટમ બનીને ચમકાવા કરતા ચૂપચાપ બાળકોની સળગતી બસમાં તોફાનોની સ્થિતિ હતી. એવા દિવસોમાં પોતાના જીવને ખતરામાં મૂકીને પણ બાળકોને બચાવીને મૃત્યુ પામવાનું પસંદ કરનાર, અનાથઆશ્રમમાં ઊછરેલા એ અપંગ માનવ જેવું મોત એને વારસામાં આપવું મૈત્રીને ગમશે.

માનવનું મોત કેટલું ગૌરવશીલ હતું! પોતાના મૃત્યુ લગી જીવનને નખશિખ અનુભવવાનું શીખવનાર, કોઈ જ સંઘર્ષ વગર જીવનને આનંદથી જે-તે રૂપમાં જ સ્વીકારી લેનાર એ માનવ સાચ્ચે જ નહોતો હિંદુ કે નહોતો મુસલમાન...! એ જીવ્યો ત્યાં લગી આનંદ અને પ્રેમથી કહ્યા કરતો... મારા મરણ પછી પણ હું જીવતો રહીશ... દરિયો અને વરસાદ બનીને...!

પ્રબળ પ્રેમાવેગથી મૈત્રીએ અત્યાર લગી બંધ રાખવામાં આવેલી બારી સ...ર...ર... કરતીક ઉઘાડી નાખી. બીજી જ ક્ષણે ખુલ્લા આકાશ નીચે એ ધોધમાર વરસાદને ઝીલતી અગાસીમાં ફેરફુદરડી ફરતી હતી. એના આનંદમાં સૂર પુરાવતો દરિયો મોટે- મોટેથી ઘુઘવાટા કરી રહ્યો હતો અને મૈત્રીના ગર્ભમાં સ્થિત શિશુ પ્રેમ અને આનંદનો વારસો આત્મસાત્ કરી રહ્યું હતું

પ્રથમમાળ, સેવાસદન-૨,
જિલ્લા કોર્ટની સામે, સાંદીપનિ રોડ, પોરબંદર.
મો. ૯૯૨૫૦૧૭૫૮૪



નૂતન પરિપ્રેક્ષ્ય

અવિનાશ પરીખ

રાતના એકનો સમય હતો.

સુમિતરાજ પોતાના પત્ની વસુંધરાદેવી સાથે પોતાના નિવાસસ્થાને હોન્ડા સિટી કારમાં પરત આવી રહ્યા હતા. અમદાવાદનો એસ. જી. હાઈવે ભરચક હતો તેમ કહી શકાય. અમદાવાદનું રાત્રિ-જીવન મુંબઈ, બેંગલૂરુ, દિલ્હીના રાત્રિ-જીવન સાથે તાલ મિલાવવા પ્રયત્નશીલ છે તેમ સહુ અમદાવાદવાસીઓ, સુમિતરાજ અને વસુંધરાદેવીની જેમ માનવાની શરૂઆત કરી ચૂક્યાં હતાં.

પચાસ વર્ષ પૂરાં કરી સુમિતરાજ એકાવનમાં પ્રવેશ્યા હતા. વનમાં પ્રવેશ્યા છતાં યૌવનના જંગલી વનના નિવાસી હોય તેવાં તેમનાં શરીર, સૌષ્ઠવ, દેખાવ, છટા, ઠસ્સો હતાં. કેમિકલ્સના ધંધામાં તે "કેમિકલ્સ કિંગ" ગણાતા હતા.

વસુંધરાદેવી રૂપ અને લાવણ્યમાં પતિના હરીફ સમાં હતાં. બંગલાના જિમમાં પતિ-પત્ની સાથે શરીર કસતાં. જીવનની અંતિમ ક્ષણ સુધી પરાવલંબી ન બનવું તે તેમનું જીવનધ્યેય હતું. વર્ષમાં એકવાર વિદેશ જવાનો તેમનો ક્રમ છેલ્લાં વીસ વર્ષથી વણતૂટ્યો રહ્યો હતો. ભારત ભ્રમણ કરી ચૂકેલું આ યુગલ નવરાશના દિવસોમાં ડેલહાઉસી જવાનું પસંદ કરતા. ડેલહાઉસી તેમનું અતિપ્રિય સ્થાન હતું.

બેઉ જણ મૂળ નિવાસી રાજકોટના હતાં. કૉલેજમાં સાથે હતાં અને અભ્યાસ પૂર્ણ થતાં જ એક વર્ષમાં પરણી ગયાં હતાં. તેમની મૈત્રી લગ્નમાં પરિણમતાં બંને જ સહુને કહેતા : "અમારા પ્રણયલગ્ન નહિ, મૈત્રીલગ્ન છે"

અમદાવાદના એક મિત્ર સાથે કેમિકલ્સના ધંધામાં જોડાયા પાદ સુમિતરાજ અમદાવાદ રાજકોટ નિયમિત ચક્કર મારતા થઈ ગયા હતા. બે વર્ષમાં તો તેમનો ધંધો પગભર થઈ ગયો હતો. સુમિતરાજના પાર્ટનર કમ મિત્ર અચાનક કાયમી ધોરણે યુ. કે. જતા રહેતાં સંપૂર્ણ ધંધાના માલિક સુમિતરાજ બની ગયા હતા. પછી તો રાજકોટ છોડીને તે અમદાવાદવાસી બની ગયા હતા.

તેમનો ધંધો પ્રગતિનું એક બાદ એક સોપાન સર કરી રહ્યો હતો. જોતજોતામાં "કેમિકલ્સ કિંગ"નો તાજ તેમના શિરે આરૂઢ થઈ ગયો હતો, અમદાવાદના રાજપથ ક્લબ વિસ્તારમાં તેમનો મહેલકાય બંગલો શહેરના શ્રેષ્ઠ બંગલાઓ પૈકી એક હતો. ઉચ્ચ જીવનશૈલીને વરેલા સુમિતરાજ અને વસુંધરાદેવીને પાર્ટીમાં જવાનું અને પાર્ટી આપવાનું ગાંડપણ હતું. તેમનાં બે સંતાનો પણ અતિ આધુનિક હતાં.

પુત્રનું નામ ઈશાન હતું.

પુત્રીનું નામ આરોહી હતું.

ઈશાન અને આરોહી જોડિયાં ભાઈ-બહેન હતાં. કેમિકલ ઇજનેર બન્યા બાદ ઈશાને પિતાના ધંધામાં ઝંપલાવ્યું હતું. આરોહી એમ.એ. અંગ્રેજી વિષય સાથે થઈ હતી. ટૂંક સમયમાં જ મદનીશ પ્રોફેસર તરીકે શહેરની પ્રતિષ્ઠિત કૉલેજમાં જોડાવાની હતી.

આરોહીને ભાષા ઉપર અદ્‌ભુત પ્રેમ હતો, નાનપણથી જ. તેથી જ તેણે કૉલેજમાં પ્રાફેસર બનવાનું સ્વપ્ન સેવી લીધું હતું. તેણે એક અંગ્રેજી નવલકથા પણ કૉલેજકાળ દરમિયાન લખી હતી. આ નવલકથા બેસ્ટ સેલર બની ચૂકી હતી.

ઈશાન અને આરોહી મુક્ત વિચારના હિમાયતી હતાં. વસ્ત્રોની ઊંચી અભિરુચિ ધરાવતાં હોઈ, બેઉ જણના અંગત ફૅશન ડિઝાઇનર હતા. દરેક વર્ષે કાર બદલવાની તેમની ટેવને માબાપે માન્ય રાખી હતી, છેલબટાઉ મિત્રોથી તે દૂર રહ્યાં હતાં. સમકક્ષ મિત્રો તેમની મિત્રોની પસંદગીમાં બેસતા હતા,

સુમિતરાજે કાર બંગલાના પાર્કિંગમાં પાર્ક કરી. પતિ-પત્ની સહેજ થાકેલી અવસ્થામાં દીવાનખંડમાં દાખલ થયાં. નોકર પાસેથી જાણવા મળ્યું કે ઈશાન અને આરોહી ઘરે પધાર્યાં નહોતાં. સુમિતરાજ અને વસુંધરાદેવી સોફા ઉપર આરૂઢ થયાં.



"વસુ..." સુમિતરાજ મંદ સ્વરમાં બોલ્યા.

"હં..."

"મિસિસ સિંહાની પેલી અમેરિકન સખી પામેલાની વાત તને ગમી?"

સુમિતરાજે પામેલા શબ્દ ઉપર ભાર મૂક્યો.

"નોટ એટ ઑલ. હું અને તું આધુનિક જરૂર છીએ... ચરિત્ર સાથે બાંધછોડ કરવાની હદ સુધી પહોંચવા મથતા લોકોને આપણે ધિક્કારીએ છીએ. વસુંધરાદેવીના સ્વરમાં આક્રોશ હતો.

"પાર્ટનર સ્વેપિંગની તરફેણ એટલી સહજતાથી કહી રહી હતી, કે જાણે દરિયાકિનારે લટાર મારવા જવાનું છે! "સુમિતરાજ નારાજગી વ્યક્ત કરી રહ્યા હતા.

"તેં એક વાત નોંધી?"

"કઈ વાત?"

પામેલાની વાતને કોઈએ જ અનુમોદન ન આપ્યું !

"હા તે સહેજ ક્ષોભિત પણ થઈ હતી.

"હું તો લીવ ઈન રિલેશનશિપની વિરુદ્ધમાં છું. જોકે, આ વિચાર ભારતમાં વિસ્તરી રહ્યો છે."

"વસુ..." સુમિતરાજે કહ્યું, "...લીવ ઈન સંબંધો વ્યભિચાર છે. કેવળ વ્યભિચાર."

"આઇ એગ્રી." વસુંધરાદેવી શાંત સ્વરમાં બોલ્યાં.

થોડી ક્ષણો મૌનમાં પસાર થઈ ગઈ.

અંતે, સુમિતરાજ બોલ્યા, "ઊંઘ આવી રહી છે. સૂઈ જઈએ."

વસુંધરાદેવી દીવાનખંડના પ્રવેશદ્વાર તરફ જોતાં બોલ્યાં, "તું સૂઈ જા. હું ઈશાન અને આરોહીની રાહ જોઈ રહી છું."

"સંતાનોને મુક્ત વાતાવરણ આપવાની વિચારધારા ધરાવતી વસુંધરાદેવી આજે ચિંતાગ્રસ્ત મા દેખાઈ રહી છે. " સુમિતરાજ મલકાયા.

વસુંધરાદેવીએ ઊંડો શ્વાસ લીધો. "સંતાનો પરણવાની ઉંમરે આવીને ઊભાં છે યુવાનીના જોશમાં પગ લપસી ન જાય તે વાત મનના એક ખૂણામાં ઘર કરી ગઈ છે."

"એ બાબતમાં તું નચિંત થઈ જા. ઈશાન અને આરોહી યૌવનનાં ભયસ્થાનો વિશે અજ્ઞાત નથી, ખૂબ જ સમજદાર છે બન્ને."

"બંનેને લગ્નના બંધનમાં બાંધી દઈએ. આપણી ચિંતા ઓછી.

સુમિતરાજ ખડખડાટ હસી પડ્યા.

તેમણે કહ્યું, "હજી તો પચ્ચીસી પણ પાર નથી કરી તેમણે. બે વર્ષ બાદ પાત્ર શોધવાની શરૂઆત કરીશું.'

વસુંધરાદેવીની મુખાકૃતિ બતાવી રહી હતી કે પતિની વાત તેમના ગળે ઊતરી નહોતી. તેમણે પુનઃ પ્રવેશદ્વાર તરફ જોયું. દીવાનખંડની કલાત્મક ઘડિયાળ અઢી વગાડી રહી હતી.

સુમિતરાજે શાંત સ્વરમાં કહ્યું, "બેઉ જણ કૉમન ફ્રેન્ડની પાર્ટીમાં ગયાં છે. સાથે ગયાં છે અને સાથે આવશે." વસુંધરાદેવી કમને ઊભાં થયાં.

* * *

બીજા દિવસે રાતના ડાઇનિંગ ટેબલ ઉપર આરોહી અને ઈશાન ગઈકાલની પાર્ટીની વાત માબાપને સંભળાવી રહ્યાં હતાં. સુમિતરાજ અને વસુંધરાદેવી રસપૂર્વક સાંભળી રહ્યાં હતાં. આરોહીના મુખ ઉપર અનેરી ચમક હતી, વસુંધરાદેવીની ચકોર નજરે આ વાત પારખી લીધી હતી.

તેમણે સહજતાથી પુત્રીને પૂછ્યું, "પાર્ટીની કોઈ વિશેષ વાત છે ખરી ?"

આરોહી ખચકાટ વગર બોલી, પાર્ટીમાં મારી મુલાકાત દેવ સાથે થઈ. તે યુએસએથી કાયમ માટે ભારત આવી ગયો છે. હી ઈઝ સચ એ ફેબ્યુલસ પર્સન... ટોલ હેન્ડસમ એન્ડ વીટી. તરત જ અમારી દોસ્તી થઈ ગઈ. તેના ડેડી ડાયમન્ડ બિઝનેસમાં છે.

દેવ અત્યારે તેના ડેડીને આસિસ્ટ કરી રહ્યો છે. અને મોમ... પતિ તરીકે, તેને અપનાવવાનો એક વિચાર મારા મનમાં જન્મી ચૂક્યો છે.

પણ... દેવ..." આરોહી અટકી.

"પણ... શું... આરોહી ?"

"મોમ... મેં તેને સીધું જ પૂછી લીધું કે મને પત્નીના રૂપમાં તે નજીકના ભવિષ્યમાં અપનાવશે ખરો ! તેણે મને નિર્ભયતાથી કહી દીધું કે લગ્ન પહેલાં મારી સાથે લીવ ઈન રિલેશનમાં ત્રણ મહિના રહેવા માંગે છે. બાદમાં જ લગ્ન અંગે વિચારશે." આરોહીના મુખ ઉપર ક્ષોભ નહોતો.

વસુંધરાબહેનના સ્વરમાં ગરમી વધી. તેણે પૂછ્યું , "તેં શો ઉત્તર આપ્યો?"

આરોહી સ્વસ્થતા સાથે બોલી, "મેં... વિચારીશ એમ કહ્યું.

વસુંધરાબહેને ટેબલ ઉપર હાથ પછાડ્યો. "શું બકવાસ કરી રહી છે, તું !"

સુમિતરાજના મુખ ઉપર અગ્નિની ચિનગારીઓ પ્રગટી ઊઠી હતી. ઈશાન શાંત જણાતો હતો. વસુંધરાબહેનની ચેષ્ટા આરોહીને ગમી નહોતી. તેનો અહમ્ ઘવાયો હતો.

તે બોલી, "તમે બંને આધુનિક સ્ત્રી-પુરુષ છો. આપણા સર્કલમાં લીવ ઈન રિલેશનશિપ નવી વાત રહી નથી. અને આ પ્રથા કાયમી ધોરણે ભારત દેશમાં સ્થાન પામવાની છે. તમારે મારા પ્રસ્તાવ સામે વાંધો ઉઠાવવાનો હોય જ નહિ, તમારા વિચારો જુનવાણી નથી તો મારી વાત તમને શા માટે ખટકી રહી છે...! ધારો કે મેં પરવાનગી વગર દેવ સાથે રહેવાનું ચાલુ કરી દીધું તો શું કરશો ? આઇ એમ રિયલી શોક્ડ એટ યોર એટિટ્યૂડ !"

"દેવ વિશ્વાસપાત્ર નથી એમ મને લાગે છે, અને તું મૂર્ખ છોકરી છે. પ્રથમ મુલાકાતમાં જ અયોગ્ય પગલું ભરવા તૈયાર થઈ ગઈ છે. "સુમિતરાજ ધૂંધવાયેલા જણાતા હતા.

"ડેડી, ઈશાનને પૂછી જુઓ દેવ વિશે... "આરોહી નમતું જોખવા તૈયાર નહોતી.

સુમિતરાજ ઊભા થયા, ફરગેટ દેવ... આરોહી. અને ફરી આવી બેશરમીભરી વાત ન કરતી."

અને તે જતા રહ્યા. વસુંધરાદેવી પતિને અનુસર્યાં.

* * *

બીજા ત્રણ દિવસ પસાર થઈ ગયા. બંગલાનું વાતાવરણ ભારેખમ બની ચૂક્યું હતું. ચારેય જણ વચ્ચેના સંવાદો જાણે ખતમ થઈ ગયા હતા. આરોહીએ બહાર જવાનું બંધ કરી દીધું હતું. તે પોતાના બેડરૂમમાં પુરાયેલી રહેતી હતી. સુમિતરાજ અને વસુંધરાદેવી પુત્રીને મળવાનું ટાળી રહ્યાં હતાં. સંતાનો અને માતાપિતા વચ્ચે એક ખાઈ ઊભી થઈ ગઈ હતી. કુટુંબ માટે આ અભૂતપૂર્વ ઘટના હતી.

અઠવાડિયા બાદ એક સવારે ઈશાન માતાપિતાના બેડરૂમમાં ગયો. સુમિતરાજ ઑફિસ જવા તૈયાર થઈ રહ્યા હતા. વસુંધરાબહેને સોફા ઉપર બેસીને સામયિક વાંચી રહ્યાં હતાં. ઈશાનને માતાપિતાએ ફિક્કો આવકાર આપ્યો.

તું શું કહેવા આવ્યો છે તે હું જાણું છું. સુમિતરાજના સ્વરમાં હળવો આક્રોશ હતો.

તમે બંને દેવને એકવાર મળી લો. તમારો તેના માટેનો અભિપ્રાય બદલાઈ જશે. ઈશાન નમ્ર લાગતો હતો.

આરોહીના વકીલ બનવાની જરૂર નથી.

ડેડ... તમે રાતોરાત આટલા સંકુચિત માનસ ધરાવતા ક્યાંથી થઈ ગયા ! આરોહી જેવી સમજદાર છોકરી આ દુનિયામાં કોઈ નથી. તે કોઈ પણ પગલું દસ વાર વિચારીને ભરે છે. તમારે તેને સમજવી રહી. સાંભળવી રહી. ઈશાનના સ્વરમાં સંયમ અને નમ્રતા હતાં.

વસુંધરાદેવી સામયિક બંધ કરતાં બોલ્યાં, તું જઈ શકે છે ઈશાન.

ક્ષણભર માટે ઈશાને નેત્રો બીડી દીધાં. બાદમાં તે ત્વરાથી ખંડ છોડીને જતો રહ્યો. સુમિતરાજ પત્ની પાસે

આવીને બેસી ગયા. પતિ-પત્ની વ્યગ્ર દેખાતાં હતાં.

બીજા બે દિવસ પસાર થઈ ગયા. ત્રીજા દિવસે સવારના ડાઇનિંગ-ટેબલ ઉપર સુમિતરાજ અને વસુંધરાદેવી ચાને ન્યાય આપી રહ્યાં હતાં. તેટલામાં નોકરે આવીને એક પત્ર સુમિતરાજના હાથમાં મૂક્યો. સુમિતરાજ પત્ર વાંચવા માંડ્યા. પત્ર આરોહીનો હતો. વસુંધરાદેવી સાંભળી રહ્યાં હતાં.

ડેડ અને મોમ,

હું તમારી સાથે વિસ્તારથી વાત કરવા માગતી હતી. દેવ તમને મળવા માગતો હતો. તેના વિચારો તમારી સમક્ષ રજૂ કરવા માગતો હતો, પણ, તમારો સહકાર ન સાંપડ્યો. તેથી મેં દેવ સાથે લીવ ઈન રિલેશનશિપમાં રહેવાનું નક્કી કરી લીધું છે. કેટલોક સમય અમે સાથે રહીશું. એકબીજાને ઓળખીશું... સમજીશું. ત્યારબાદ લગ્ન કરી લઈશું. તમારા આશીર્વાદ લેવા આવીશું. તમને જો એમ લાગતું હોય કે મેં અપરાધ કર્યો છે તો ક્ષમાપ્રાર્થી છું.

તમારી જ આરોહી.

સુમિતરાજે પત્ર પૂરો કર્યો. તેમના હૃદયની ગતિ વધી ગઈ. તેમની આંખો અગન વરસાવી રહી હતી. વસુંધરાદેવી ગુસ્સાને પીવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં, વાતાવરણમાં સન્નાટો હતો.

આ વાતને મહિનો પસાર થઈ ગયો. આરોહીએ ભરેલા પગલાનો આઘાત અસહ્ય હતો. બેઉ જણ સામાન્ય દેખાવાનો પ્રયત્ન કરતાં, પણ અંતરનું તોફાન શમી રહ્યું નહોતું.

બે મહિના પસાર થઈ ગયા. હૃદયની આગ ઠંડી પડવા માંડી હતી. મન અને હૃદય પુત્રીને મળવા તલપાપડ બન્યાં હતાં. ઈશાનના ધ્યાનમાં આ વાત આવી ગઈ હતી.

એક રાતે આરોહીનો ફોન આવ્યો. તે અને દેવ બંને મળવા આવી રહ્યાં હતાં. વસુંધરાદેવીએ તરત હા પાડી દીધી. તેમણે ઈશાનને આ સમાચાર આપી દીધા.

રાતના અગિયારના સુમારે આરોહી અને દેવ આવી પહોંચ્યાં. દેવનું વ્યક્તિત્વ જોઈને સુમિતરાજ અને વસુંધરાદેવી આભા બની ગયા. ખૂબ દેખાવડો હતો દેવ. તેના મુખ ઉપર તેના નેત્રોમાં સંસ્કાર લીંપાયેલા હતા. સૌ એકબીજાને મળ્યાં.

દેવ શાંત સ્વરમાં બોલ્યો, અમારી લીવ ઈન રિલેશનશિપની અવધિ પૂરી થઈ છે. તમે પરવાનગી આપશો તો લગ્ન કરીશું.

સુમિતરાજ અને વસુંધરાદેવી મૌન રહ્યાં.

દેવ હસીને બોલ્યો, આ બે મહિનામાં અમે કોઈ એપાર્ટમેન્ટ કે બંગલામાં નહોતા રહ્યા. અમે અમારા બંગલામાં મારાં માતાપિતાની દેખરેખમાં રહ્યાં હતાં. કોઈ લક્ષ્મણરેખા અમે ઓળંગી નથી. આરોહી આ સમયગાળામાં અમારા કુટુંબનાં રિવાજો, પ્રણાલીઓ, પ્રથાઓ, સગાંઓ... આ બધાંથી વાકેફ થઈ ગઈ છે. તે લગ્ન કરવા તૈયાર છે. હું પણ આ બે મહિનામાં તેના સ્વભાવ, ખૂબીઓ, ખામીઓ, ગમા-અણગમા વિશે માહિતગાર થઈ ચૂક્યો છું. વી આર મેઇડ ફોર ઇચ અધર.

સુમિતરાજ અને વસુંધરાદેવીને દેવની વાત ઉપર વિશ્વાસ આવી રહ્યો નહોતો. ઈશાન મુસ્કુરાહટ વેરી રહ્યો હતો. આરોહી પરમ સંતોષની લાગણી અનુભવી રહી હતી.

દેવ હસ્યો. મારું એક નિરીક્ષણ રહ્યું છે કે આજકાલ લગ્નો સફળ ન થતાં જીવનનો ભાર બની રહ્યાં છે. લગ્ન પહેલાં યુવક અને યુવતી ફક્ત એકબીજાને જાણે તેના કરતાં અમારી જેમ એકબીજાનાં કુટુંબોને જાણે તે જરૂરી છે. ભારતીય નારી ફક્ત પતિને નહિ, કુટુંબને પરણે છે. હવે મારો વારો છે તમને ઓળખવાનો. બોલો, ક્યારે આવું તમારી સાથે રહેવા ?

સુમિતરાજ અને વસુંધરાદેવીએ દેવની વાતને સ્વીકારી લીધી. લીવ ઈન રિલેશનશિપનો નૂતન પરિપ્રેક્ષ્ય તેમને માન્ય હતો.

૨, વૃંદાવન સ્ટેટ બૅન્ક સોસાયટી
ભાવસાર હૉસ્ટેલ પાસે, નવા વાડજ,
અમદાવાદ-૩૮૦૦૧૩. મો. ૯૮૨૫૯૧૨૩૧૭



પોતાનું ઘર

માવજી મહેશ્વરી


બસમાંથી ઊતરીને તે આસપાસ જોઈ રહી. થેલો સરખો કર્યો અને રિક્ષાવાળાની નજીક જતાં કહ્યું, “મયૂરધ્વજ ચાલશો ભાઈ?”

રિક્ષાવાળાએ શહેરનો રસ્તો યાદ કરતો હોય તેમ આકાશ સામે જોયે રાખ્યું પછી કહ્યું, “બહેન મયૂરધ્વજ એટલે ડી-માર્ટની બાજુમાં છે એ જ ને?

“હા ભાઈ એ જ” કહીને સુનંદા રિક્ષામાં બેસી ગઈ. ઘરઘરાટી સાથે રિક્ષા ઊપડી. હવામાં વહેલી સવારની તાજગી હતી. હજુ રસ્તાઓ શાંત પડ્યા હતા. એકલદોકલ વાહન આવતું જતું હતું. કે પછી પગે કે સાઇકલથી શાળાએ જતા વિદ્યાર્થીઓ. તેણે આંખો બંધ કરીને ઊંડો શ્વાસ લીધો. જાણે ત્રણ વર્ષ પછી મુક્તિનો શ્વાસ લેતી હોય! એને ખબર હતી બસ-સ્ટેશનથી ઘર ખાસ્સું દૂર હતું. તેને ઊંઘ આવી નહોતી. તંદ્રામાં જ રાત વીતી હતી. એને હતું કે બસ પર ચડાવવા એ આવશે, કદાચ સમજાવટ કરવા પણ કોઈ આવશે. પણ કોઈ આવ્યું નહીં. કદાચ એ મારા ચાલ્યા જવાની જ રાહ જોતા હતા. તે રસ્તા પરનાં દૃશ્યો જોવા લાગી. રસ્તા પર આવતા વળાંક, શેરીઓ, વૃક્ષોથી તે જાણે દૂર ગઈ જ નહોતી. એવું લાગતું હતું કે એ બેચાર દિવસ માટે જ બહાર ગઈ હતી. નાનપણમાં જ્યારે શહેર વિકસ્યું નહોતું એ સમયે વહેલી સવારે બહેનપણીઓ સાથે સાઇકલથી નિશાળે જતી ત્યારે દુકાનોનાં બોર્ડ વાંચવાની ટેવ હતી. મોટા અક્ષરે લખેલાં જાતજાતનાં બોર્ડ વાંચવાની મજા આવતી. એ બોર્ડ અત્યારે પણ તેની આંખો સામેથી પસાર થઈ રહ્યાં હતાં. હા લખાણો બદલ્યાં હતાં, તેનાં કદ બદલ્યાં હતાં, છતાં બોર્ડ હતાં. હાઈસ્કૂલના ગાળામાં પાઠ્યપુસ્તકોમાં આવતી વાર્તાઓ બહુ ગમતી. છેલ્લે બારમા ધોરણમાં ઝવેરચંદ મેઘાણીની ‘વહુ અને ઘોડો’ વાર્તા તો કેટલાય દિવસો સુધી ચિત્તમાં ફરતી રહી હતી. તે પછી કૉલેજની સખીઓ સાથે આ જ રસ્તે ત્રણ વર્ષ પસાર થયાં હતાં. આ રસ્તા સાથે એકવીસ વર્ષનો નાતો હતો. કઈ સોસાયટીમાં કયા ઘરની વેલોમાં, કયા રંગનાં ફૂલ ખીલ્યાં છે તે પણ યાદ રહી જતું. પણ ધીમે ધીમે એક એક ફૂલ ખરવા લાગ્યું, પછી છોડ સુકાયા, બાગ વેરાન થઈ ગયો. મેઘાણીની વહુ અને ઘોડો વાર્તા યાદ આવવા લાગી હતી. તે વખતે ફરી આ રસ્તો યાદ આવવા લાગતો. સ્વચ્છ અને સુંદર રસ્તો.

મનમાં આ રસ્તો હતો અને આંખો સામે પેલો રસ્તો. ગંદો કદરૂપો. રસ્તો જ નહીં, આખું શહેર જ ગંદું હતું. એવા શહેરમાં રહીને ત્યાંના માણસો પણ એ રસ્તાઓ જેવા થઈ ગયા હતા. આખાય શહેરમાં એવી કોઈ જગ્યા નહોતી જ્યાં માછલીની ગંધ આવતી ન હોય. બહાર માછલીની ગંધ અને ફળિયામાં ખુલ્લી ગટરની વાસ. શહેરની વચ્ચોવચ ફરતાં ગધેડાંના ટોળાં. ખુલ્લી ગટરમાં તણાતી ગંદકી જોઈને ઊબકા આવતા. એ જોઈને ડોશીઓ ઠહાકા મારીને હસતી. ફળિયાની ડોશીઓને એક જ કામ કે કયા ઘરની વહુ શું કરે છે. ક્યારે આવી, ક્યારે અને ક્યાં ગઈ, એના ઘરે કોણ આવ્યું અને શા માટે આવ્યું. ઝીણા ઝીણા હિસાબ રાખે. ક્યારેક એમ થતું કે એમના ચોટલા ઝાલીને પૂછું કે તમને આ બધું કરવાના કોઈ પૈસા આપે છે? કોની છોકરી, કોની વહુ શું કરે છે એ જોવા સિવાય તમારી પાસે કામ જ નથી? પાછું ઘર ફળિયાને છેડે એટલે એક એકની નજર નીચેથી પસાર થવાનું. પહેલા ખબર નહોતી કે જેમ ઘરની ભીંતોને ખાર લાગી ગયો છે તેમ એમના હૈયાને પણ લાગી ગયો હશે. એક વર્ષની અંદર જ મન બળવો કરવા લાગ્યું. રોજ સાંજે છ વાગે ઘર આગળ ઊભી રહેતી ઍક્ટિવાનો અવાજ સાંભળી જરા હાશ થતી. પણ. ધીરે ધીરે એ હાશ પણ તકલાદી લાગવા માંડી. એક રાતે તો એમને કહી જ દીધું, “નયન મારાથી અહીં નહીં રહેવાય, પ્લીઝ તમે બીજું મકાન શોધો. મને અહીં મૂંઝારો થાય છે”

કેમ અહીં શો વાંધો છે? મારા દાદા-દાદી અહીં રહ્યાં, મમ્મી-પપા અહીં રહ્યાં, મોટા ભાઈ-ભાભી તો હમણાં



સોસાયટીમાં રહેવા ગયાં છે, બાકી અહીં જ રહેતાં હતાં. આઘાત તો ત્યારે લાગ્યો જ્યારે એ માણસે કહી દીધું કે, “તને માછલીની ગંધ નથી ગમતી? અરે દરિયો અને માછલી તો આ શહેરની ઓળખ છે. યાર એવું ઘર જોયું જેના ઉપરના રૂમની બારીમાંથી દરિયો દેખાતો હોય? આપણા ઘરની બારીમાંથી દરિયો દેખાય છે. તું આ શહેરથી ટેવાઈશ નહીં તો કેમ ચાલશે? વાસ હવામાં નથી, તારા મનમાં છે. આ વાસ જલદી કાઢી નાખ સુનંદા”

પણ ન નીકળી. એ વાસ દિવસે દિવસે તીવ્ર બનતી ગઈ. જાણે ચોતરફ મરેલી માછલીઓ પથરાઈ ગઈ હોય તેમ બહાર નીકળતી અને ઊબકા ચાલુ થઈ જતા. કોઈ એવો દિવસ ગયો નહોતો જ્યારે વાસ નાકમાં ગઈ ન હોય. ધીમે ધીમે સાસુએ સલાહો દેવા માંડી. એમની સલાહો ધીમે ધીમે વડચકાં અને અણગમામાં ફેરવાઈ. નાની નાની વાતે મોઢું ચડાવવું, નાની નાની વાતે ચીડ વ્યક્ત કરવી. સસરા તો ક્યાંય જાય જ નહીં. એમ થતું કે આ શહેરના બધા પુરુષો એવા છે કે ફક્ત મારા સસરા? આખરે એક રાતે એમને અલ્ટિમેટમ આપી જ દીધું, “જુઓ તમે બે મહિનામાં આ મકાન નહીં બદલો તો હું માવતરે ચાલી જઈશ. પછી ક્યારેય નહીં આવું. રહેજો તમે તમારાં મમ્મી અને પપ્પા જોડે. મને અહીંથી બહાર નીકળવું છે. આ દોજખ જેવું ફળિયું મને મારી નાખશે”

મારી વાત સાંભળીને પહેલા તો એ હસ્યા પછી ઠંડા સ્વરે કહ્યું, “પોતાનું આવડું મોટું ઘર હોય અને બીજું મકાન શોધવું? તે પણ તને અહીં વાસ આવે છે એટલે? જો સુનંદા હું આ ઘરમાં જન્મ્યો છું અને આ ઘરમાં જ મારું જીવન પૂરું થશે. મારા મા-બાપને હવે ભર્યાભાદર્યા ફળિયામાંથી બહાર સોસાયટીમાં લઈ જવા માગતો નથી. તું અહીં રહે તો ભલે અને ન રહે તો તારી મરજી” એમને એક વિચિત્ર ટેવ હતી. જ્યારે કોઈ અગત્યની વાત હોય ત્યારે પોતાનો મત વ્યક્ત કરીને બહાર નીકળી જતા સીધા પાનના ગલ્લે. ત્યાં મિત્રો સાથે ગપ્પાં મારીને એકાદ કલાકે આવતા ત્યારે વાતાવરણ બદલાઈ ગયેલું હોય. એમનો પાનનો ગલ્લો જોયો ત્યારે ઊલટી થવા માંડી હતી. ગલ્લા નીચેથી જ ખુલ્લું નાળું વહેતું હતું. એમને કહ્યું ત્યારે તેઓ તો હસવા જ લાગ્યા. બે વર્ષમાં હું ખરેખર ઉબાઈ ગઈ. તેમણે કલ્પના પણ કરી નહીં હોય કે હું ખરેખર ઘર છોડીને જતી રહીશ. સવારે એમને કહ્યું ત્યારે તેમણે સામે જોયા વગર કહી દીધું હતું, “તારે અહીં ન રહેવું હોય તો તારી મરજી. હું પછી મનાવવા નહીં આવું”

બસ એમનો બરછટ જવાબ કાળજે લાગ્યો. આ માણસને મારી કોઈ કિંમત જ નથી? તો ભલે રહેતા એકલા. હવે તો પગ ઘસતાં આવશે ત્યારે જઈશ. એમનું ગંદુ શહેર, ઘસાઈ ગયેલાં પગથિયાંવાળું ઘર, ખુલ્લી ગટરમાં વહેતી ગંદકી, જાણે દરેક ઘરમાં માછલી રંધાતી હોય તેવી વાસ. બધું પાછળ રહી ગયું હતું. દરિયાથી ખૂબ દૂર. તેણે ફરી

ઊંડા શ્વાસ લીધા. પવનથી ઊડતા વાળને લહેરાવા દીધા. ઘરમાં માથા ઉપર ઓઢીને રહેવું, ધીમે ધીમે ચાલવું, ધીમે બોલવું બધું પાછળ રહી ગયું હતું. રિક્ષા વળાંક વળીને એક ઘરની સામે ઊભી રહી. સુનંદાના હૈયામાં સુખનો એક હડદોલો આવ્યો.

પૈસા ચૂકવીને સુનંદાએ ફરી પર્સ ખભામાં ભેરવ્યું અને મોટો થેલો ઉપાડ્યો. થેલામાં ખાસ્સું વજન હતું. તેણે કશું જ રહેવા દીધું નહોતું. નાની મોટી દરેક વસ્તુ લઈ આવી હતી. ગેટ સામે ઉતારીને રિક્ષા ચાલી ગઈ. સુનંદાની નજર બંગલાની પેરાપેટ તરફ ગઈ. તેના મોં ઉપર સ્મિત ફરકી ગયું. બંગલાના પ્રવેશદ્વારની પેરાપેટ ઉપર 'સુનંદા' શબ્દ ઉપસાવેલો હતો. તેને પપ્પા યાદ આવ્યા. આજે પપ્પા હોત તો તેણે હકથી ફરિયાદ કરી હોત. મા બિચારી પહેલેથી જ સમાધાનકારી. કોઈ વાતનો વિરોધ કરતાં એને આવડતું નહીં. પણ પપ્પાને મારા તરફ અતિશય લગાવ. બંગલાનું નામ શું રાખવું તે અગાઉથી જ વિચારી રાખેલું. પપ્પાનો આગ્રહ હતો કે બંગલાનું નામ સુનંદા જ રહેશે. મારી દીકરી ક્યાં મારા ઘેર કાયમ રહેવાની છે. એ ભલે પરણીને ચાલી જાય પણ એનું નામ અહીં જ રહેવું જોઈએ. મારું ઘર મારી દીકરીના નામે ઓળખાશે. અને આ બંગલા ઉપર મારું નામ રહ્યું. કાશ પપ્પા થોડું વધુ જીવ્યા હોત તો એ ગંદા શહેરમાંથી આવી રીતે પાછા આવવું ન પડત. મમ્મીને તો એમના કોઈ સગાંએ ઠેકાણું બતાવ્યું, તે પણ સરકારી નોકરીવાળો છોકરો. મમ્મીએ હા પાડી દીધી. પપ્પા ગયા તે પછી ઘરની માઠી બેઠી. પપ્પાએ બચત કરી હતી તે મોટાભાગની આ બંગલામાં વપરાઈ ગઈ. બાકીની ભાઈના ભણતરમાં. ભાઈની નોકરીનું થાળે પડતું નહોતું. મમ્મી જમાઈની સરકારી નોકરીથી રાજી હતી. એને ખબર પણ નહોતી કે ભેજથી ખવાઈ ગયેલી ભીંતો, માછલીની ગંધ, છોકરાઓનો ગોકીરો, રખડતી ગાયો, ધુમાડા કાઢતી રિક્ષાઓ, ઘરમાં પડ્યાં રહેતાં નિવૃત્ત સાસુ-સસરા, ઉલ્લાસ કે કોઈ રાજીપા વગરના ઘરને છોડીને તે પાછી આવતી રહેશે.



હળવા નિસાસા સાથે સુનંદાએ ગેટનો દરવાજો ખોલ્યો. આજુબાજુ જોયું તો મોટાભાગના છોડવા સુકાઈ રહ્યા હોય એવું લાગતું હતું. બંગલાના પ્રવેશદ્વાર પાસે ઊભેલી રાતરાણીનાં પાંદડાંનો ઢગલો થઈ ગયો હતો. કેટલાય દિવસોથી કોઈએ કચરો કાઢ્યો નહોતો. તેને લાગ્યું કે ગેટના ખૂલવાના અવાજ સાથે ઘરનું બારણું ખૂલશે પણ એવું ન થયું. તેણે ધ્રૂજતી આંગળી ડોરબેલની સ્વિચ ઉપર મૂકી. ડોરબેલનો મોટો અવાજ બહાર સુધી વહી આવ્યો. પણ તરત કોઈ આવ્યું નહીં. તેણે બીજીવાર ડોરબેલ દાબ્યો. થોડીવાર પછી નાઇટડ્રેસ પહેરેલા તેનાથી નાના ભાઈ કિરણે વેરવિખેર વાળ સાથે દરવાજો ખોલ્યો. તે ચશ્માં પહેર્યાં વગર ઊભેલા પોતાના ભાઈને જોઈ રહી. તેને લાગ્યું જાણે એ કિરણ નહીં પણ કોઈ જુદો માણસ હતો. "અરે સુનંદા તું? તે પણ કહ્યા વગર? એક ફોન તો કરવો હતો. હું બસસ્ટેશને લેવા આવત. જોકે બે દિવસથી તારો ફોન આવ્યો નથી. ઓચિંતા આવીને સરપ્રાઇઝ આપવી હતી નહીં? જીજાજી ક્યાં?

"પહેલા મારો થેલો ઉપાડ તો હું અંદર આવું"

થેલો ઉપાડતાં કિરણે કહ્યું, "આવડું શું ભરી આવી છે થેલામાં? માછલી તો નથી ને?" કહીને કિરણે દરવાજો બંધ કર્યો. માછલી શબ્દ સાંભળીને સુનંદાને ઝાટકો વાગ્યો. તે સીધી સોફા ઉપર બેસી ગઈ. "હું જરા નાહી લઉં હો" કહીને કિરણ પોતાના બેડરૂમમાં ચાલ્યો ગયો. એના બાથરૂમમાંથી પાણી પછડાવાનો અવાજ આવતો રહ્યો. સામેની ભીંત ઉપર ટીંગાતી પપ્પાની છબીને જોઈ રહી. જાણે તેના પપ્પા પૂછી રહ્યા હતા, બેટા તું બરોબર તો છો ને? સુનંદાને ડ્રોઇન્ગરૂમના સોફા પર આડા પડવાનું મન થયું. પણ તે એમ ન કરી શકી. ઘરમાંથી કોઈનો અવાજ આવતો નહોતો. તેને લાગ્યું ભાભી ઊઠી નહીં હોય. એમના લગ્નને હજુ છ મહિના થયા છે. ભાભી સુખી ઘરની છોકરી છે એટલે મોડી ઊઠતી હશે. અને ઘરમાં કામેય શું હોય?

મમ્મી ક્યાં મારી સાસુ જેવી છે તે કચકચ કરે. મમ્મી પણ ઘરમાં લાગતી નથી. કદાચ મંદિરે ગઈ હશે. સુનંદાને થયું એ દોટ મૂકે. ત્રણ બેડરૂમવાળા આખા બંગલામાં ફરી વળે. ભાભીની બાંય પકડીને બેઠી કરી દે અને ચા બનાવી દેવાનું કહે. પછી પૂજા કરતી માના પડખે માથે ઓઢીને બેસી જાય. પણ સુનંદા માત્ર જોઈ રહી. અંધારા મિશ્રિત અજવાળામાં કેટલીક વસ્તુઓ જુદી લાગતી હતી. ડ્રોઈંગરૂમમાં ચુપકીદી ફેલાયેલી હતી. કોઈના ચાલ્યા ગયા પછીની ચુપકીદી. ટુવાલથી ચહેરો લૂછતો કિરણ ડ્રોઈંગરૂમમાં આવ્યો. તેણે ચશ્માં પહેરી સુનંદા સામે જોઈ રહેતાં પૂછ્યું, "તું આવવાની છો એની જાણેય ન કરી? આમ સાવ અચાનક આવી ચડી?"

અરે મારા બાપનું ઘર છે. કહ્યા વગર ન આવી શકું?

"જરૂર આવી શકે સુનંદા. પણ આઈ મીન...." કિરણ ગૂંચવાયો. સુનંદાએ આળસ મરડતાં કહ્યું, "ચાલ ભાભીને ઉઠાડ. મને ચાની જોરદાર તલબ લાગી છે. મા મંદિરે ગઈ છે?"

જવાબમાં કિરણ છતમાં લગાડેલા ઝુમ્મર સામે જોઈ રહ્યો. સુનંદાને શંકા પડી કે જવાબ દેવામાં કિરણ કેમ અચકાય છે! તેણે પૂછી નાખ્યું. "ભાભી અને મમ્મી ક્યાં છે કિરણ?"

બેય ઘરમાં નથી સુનંદા, ચા તારે જ બનાવવી પડશે. મારા માટે પણ બનાવજે.

નથી મતલબ ક્યાં ગઈ છે બેય જણી?

કિરણ સુનંદા સામે જોઈ રહ્યો. પછી ધીમેથી બોલ્યો. "બે દિવસ પહેલા મામાનો દીકરો અશ્વિન આવ્યો હતો તે મમ્મીને તેડી ગયો છે"

"તો ભાભી?" સુનંદા ઉતાવળે બોલી ગઈ.

"એ એના માવતરે ચાલી ગઈ છે" કહેતાં કિરણની આંખો સહેજ ઢળી ગઈ. સુનંદાને એકદમ ધક્કો વાગ્યો હોય તેમ કિરણની નજીક સરી. તેને સમજાતું નહોતું કે હવે તે શું પૂછે? તેણે ઘણીવાર રહીને પૂછ્યું, "ભાભી એના માવતરે ફરવા ગઈ છે કે રિસાઈને ગઈ છે?"

કિરણે ભીના વાળમાં આંગળીઓ ફેરવી સરખા કર્યા. પછી એકીસાથે બોલી ગયો. "સુનંદા એ રિસાઈને ગઈ છે એને પાંચ દિવસ થયા. મમ્મીએ મને કહેલું સુનંદાને જાણ ન કરતો, એ બિચારી જીવ બાળશે. હું એની રોજની કચકચથી ત્રાસી ગયો હતો. એને આ ઘર ગમતું જ નથી. વાતવાતમાં અમારું ઘર આવું અને અમારું શહેર આવું કહ્યા કરે. તમારા બા આખો દિવસ અહીંયાં પડ્યાં રહે છે. તમને નોકરી સિવાય મારી ચિંતા જ નથી. છ મહિના થયા આપણે હજુ વિદેશ ગયા નથી. તમે લગ્ન પહેલા તો વિદેશ ટૂરની વાત કરતા હતા. તમને બગીચાનો શોખ હોય તો માળી રાખી લ્યો. મારાથી એ ગંદું કામ નહીં થાય. એ તો રસોઈ પણ નછૂટકે બનાવતી. સુનંદા મારે કેટલુંક સહન કરવું? મમ્મી બિચારી જીવ બાળે પણ એને કંઈ ન કહે. તું ચિંતા કરતી નહીં. એ ગઈ તો ભલે ગઈ. હું પણ જોઉં છું એનો બાપ એને કેટલા દિવસ રાખે છે. એને પોતાના બાપના પૈસાનું ભારે અભિમાન છે. આટલું ભણેલી છે તોય જરા કૉમનસેન્સ નથી. સારું કર્યું તું આજે આવી ગઈ. એક તો મમ્મી ઘરે નથી તો એકલું લાગતું હતું. પણ તું એકલી શા માટે આવી? જીજાજીને લઈ આવી હોત તો આપણે ચાર પાંચ દિવસ ક્યાંક ફરી આવત. મમ્મીને પણ લઈ જાત..."

કિરણ કેટલુંય બોલતો રહ્યો. સુનંદા સાંભળતી રહી. તેને એ જ શબ્દો બીજીવાર સંભળાતા હતા. બે દિવસ પહેલાં એક જુદા શહેરના જુદા ઘરમાં આવી જ વાતો થઈ હતી. એક જુદી સ્ત્રી બોલતી હતી એક જુદો પુરુષ સાંભળતો હતો. અચાનક એને થયું એ હવે શું કરે? ત્રણ વર્ષની જે ફરિયાદો ભીતર ભરી રાખી છે તે કોને કહે? કિરણ ને કે મમ્મીને? કે પછી આજે જ બસ પકડીને પાછી ચાલી જાય માછલીની વાસથી ગંધાતા શહેરમાં? તે માત્ર જોઈ રહી. એને લાગ્યું અચાનક જ માછલીની વાસ ઘરમાં ધસી આવી છે, પોતાનું નાક કોઈ પ્રતિક્રિયા આપતું જ નથી. તે માત્ર જોઈ રહી.

૧૯૯/૬ મહાદેવનગર,
અંજાર-કચ્છ ૩૭૦૧૧૦
મો. ૯૦૫૪૦૧૨૯૫૭

વહુઘેલો

દર્શનાબેન ભગલાણી

‘કાંઈ વહુઘેલો છે ને તારો બાપ... વહુરાણીને હથેળીમાં થૂંકાવે છે... પણ હું કહી રાખું છું કે એક દી તારા બાપને ભારોભાર પસ્તાવાનો વખત આવશે... રાતે પાણીએ રોવાનો વારો ન આવે તો ફટ કહેજે મને...’ જશીફઈ એક પગે હળવેથી હીંચકાને ઠેલો મારતાં જતાં અવળવાણી ઉચ્ચારી રહ્યાં હતાં. જશીફઈની વાતને જાણે સાંભળતો જ ન હોય એમ ઉપેન્દ્ર જમી રહ્યો હતો.

‘વહુને સાતમો મહિનો જાય છે પણ ઘેલો તે કંઈ દાક્તરને બતાવવા વહુને લઈને પોતે દોડ્યો ગ્યો તે આ હું કહું કે તને પેઢીએથી બોલાવી લેતાં વાર કેટલી લાગત હેં?’ જશીફઈનું બોલવાનું એકધારું ચાલુ જ હતું. ઉપેન્દ્રને માટે જશીફઈનો કકળાટ સહજ હતો અને ઉપેન્દ્ર એ સારી રીતે જાણતો હતો કે પોતે જશીફઈની વાતને કાને નહીં ધરે એટલે જશીફઈના અવાજની તીવ્રતા વધતી જવાની અને છેવટે ફરી યૂ ટર્ન લઈને છેવટે ઘીના ઠામમાં ઘી પડી જશે.

જોકે જશીફઈનાં વેણ આકરાં હોઈ શકે પણ વ્યાવહારિક રીતે ખોટાં ન હતાં. ઉપેન્દ્રનું સગપણ કરવા પ્રભાશંકરે કંઈ કેટલાંય ગામતરાં કરેલ. સગાંવ્હાલાંમાં જ્યાં ક્યાંયથી પણ કહેણ આવે કે પ્રભાશંકર પહોંચ્યા જ હોય. જશીફઈ અને બીજાં સમોવડિયાં ટપારે પણ ખરાં કે,’ પહેલા ઉપેન્દ્રને તો જોવા જવા દે અને છોકરાને છોકરી ન ગમે અને એનો વિચાર મોળો હોય તો ઠીક પણ આ તો દરેક જગ્યાએ તું જ મોટે ઉપાડે દોડ્યો જાય છે.’ પ્રભાશંકર ઘણું બધું સમજે અને પોતાના મા વગરના દીકરાને પરણાવવાની એનેય ભારે હોંશ એટલે જેવી કોઈ વાત આવે કે બધાં કામ પડતાં મૂકી દોડી જાય. પ્રભાશંકર કેટલીય છોકરીઓ જોઈ વળેલ પણ કોણ જાણે મન ક્યાંય ઠરતું નહોતું. ઉપેન્દ્રને જોવા મોકલવાની વાતનો છેદ તો પ્રભાશંકર એમ વિચારીને જ ઉડાવી દેતા કે પોતે ક્યાં ઉપેન્દ્રની માને જોવા ગયેલ. એ સમયે તો સંબંધ કરતાં પૂર્વે એકબીજાની ખાનદાની અને ખોરડું જ જોતા. વરઘોડિયાં તો પરણેતરા વખતે એકબીજાને જોવા પામે તો ઠીક બાકી જે પાતર મળ્યું એ નિભાવી જાણવાનું. પ્રભાશંકર પણ જમાનાની બદલાતી ચાલને સમજતા પણ દર વખતે ક્યાંયથી વાત આવી નથી કે પ્રભાશંકરને અને ડહાપણને બાર ગાઉનું છેટું પડી જાય અને હંમેશની જેમ દીકરીને જોવા પોતે ઊપડી જાય અને દીકરીને જોઈ મન ઠરે નહીં એટલે વળી ઠેરના ઠેર.

એક દી વળી ઝાંઝમેરથી આણંદજીભાઈની પેઢીએથી આવેલ વાણોતરે ઠેકાણું ચીંધ્યું કે આણંદજી શેઠના નાનાભાઈ હરકિશનને પરણાવવા જેવડી દીકરી છે અને દીકરી પાછી આંગણે ઊભી હોય તો આંગણું રૂડું લાગે એવી. જમનાવડ અને ઝાંઝમેરને ઝાઝું છેટું ન હતું અને વળી પ્રભાશંકર અને આણંદજીભાઈનો પેઢીઓથી કાલા-કપાસનો વેપાર એટલે એક જ ધંધામાં હોવાને લીધે ઓળખાણ ખરી. આથી વાણોતરની વાત સાંભળી પ્રભાશંકરને જરાક કચવાટ થયો કે પોતાનાથી ઝાંઝમેરવાળું ઠેકાણું કેમ ધ્યાન બહાર રહી ગયું!

સરયૂને પહેલી વખત જોઈને પ્રભાશંકર જમનાવડ આવવા પાછા વળ્યા કે પેલો કચવાટ ફરી સળવળી ગયો કે આ ઠેકાણું કેમ ચુકાઈ ગયું. જોતાં જ ગમી જાય એવી સરયૂ જ્યારે વડીલોને પીરસવા આવી ત્યારે અછડતી નજરે સરયૂનો કામ કરવાનો વળોટ જોઈ પ્રભાશંકર પામી ગયેલ કે ભર્યા કુટુંબમાં ઊછરેલ દીકરી કામેકાજે બરોબર કેળવાયેલ છે. આણંદજીભાઈને ત્યાંથી હા, હોંકારો કરી પાછા ફરતાં વળી વળીને પેલો કચવાટ મનને ઘેરી વળતો કે પોતે આટલા દી ખોટા બીજે ધોડતા રહ્યા.

સરયૂ પર ઓવારી ગયેલ પ્રભાશંકરે તો જમનાવડ પહોંચીને દીકરા પાસે રાજીપો વ્યક્ત કરતાં આડકતરી રીતે કહી દીધું કે ઠેકાણું ચૂકવા જેવું નથી અને ભારપૂર્વક ઉમેરી દીધેલ કે દીકરી તેમને તો ગમી ગઈ છે. ઉપેન્દ્ર પણ જોવા ખાતર સરયૂને જોવા ઝાંઝમેર ગયેલો. બાકી મનમાં તો એમ જ કે બાપાને ગમી એટલે હાંઉ. જોકે ઉપેન્દ્રને પણ



સરયૂને જોયા પછી બાપાની પસંદગી સોળ આના સાચી લાગી. જીવનની તડકી-છાયંડી જોઈ ચૂકેલ પ્રભાશંકરે ઉપેન્દ્રને મા અને બાપ, બેઉના લાડકોડથી ઉછેરેલ. બાપ-દીકરા વચ્ચે વગર કહ્યે એક સમજણનો સેતુ અને એટલે જ જશીફઈની વાતે વાતે ઝીણું કાંતવાની ટેવની ઉપેન્દ્ર ઉપર કોઈ અસર થતી નહીં.

આયખાના ચુંમાળીસમા વર્ષે વિધવા થયેલ નછોરવાં જશીફઈ મુંબઈથી વર્ષે બે-ત્રણ વખત ભાઈ, પ્રભાશંકર પાસે જમનાવડ રહેવા આવે ત્યારે જશીફઈના કકળાટથી ઉપેન્દ્ર કદાચિત્ જ અકળાય. જશીફઈનું એક પણ વેણ ભાગ્યે જ ઉપેન્દ્ર પાછું વાળે. જશીફઈ કોચવાય એવું વર્તન કે બોલવાનુ બંને બાપ દીકરો ટાળે. જશીફઈ પણ સઘળું જાણે. એથી સ્તો જમનાવડ ગામઆખામાં ઉપેન્દ્રના ડહાપણને વખાણે તે છેક મુંબઈ દેરિયા જેઠિયાઉનાં કુટુંબ માંહે પણ પોરસાઈને વાતો કરે. જશીફઈની આ વાતમાં બધાં ટેકો પુરાવે કેમ કે બધાં ઉપેન્દ્રને જાણે.

ઉપેન્દ્રને મિત્રોય ગણ્યાગાંઠ્યા. વળી એની દુનિયા તો બાપા. પ્રભાશંકર સુધી સીમિત, એ સરયૂ આવ્યા પછી સરયૂ સુધી વિસ્તરી. જોકે એમાંય સરયૂને તો ભારે જહેમત પડી હતી. ઉપેન્દ્રની ઓછાબોલી, કંઈક અંશે મૂક પ્રકૃતિ અને ક્યારેક તો દુન્યવી બાબતે તેની નિરપેક્ષતા, વિતરાગીપણું પ્રભાશંકરનેય અકળાવી મૂકતું. ઘણી વખત દીકરાના આજ્ઞાંકિત, શાલીન સ્વભાવ પર મનોમન પોરસાઈ ઊઠતા પ્રભાશંકર ક્યારેક ઉપેન્દ્ર પર ચિડાઈ જતા તો ક્યારેક એમને ચિંતા ઘેરી વળતી કે આવનારી વહુ તેના દીકરાને સુખી કરે તો સારું. ઉપેન્દ્રની સહજ સંસારી સાધુતાને છાવરી લેવા માંગતા હોય એમ લગ્નના દિવસથી લઈને ઘરમાં સરયૂને પોંખવા સુધીની વિધિમાં પ્રભાશંકરને સરયૂ પર ઓળઘોળ થઈને અછોવાનાં કરતાં જોઈને ઝાંઝમેરથી જમનાવડ સુધીની બાયું મોઢામાં આંગળાં નાંખી ગયેલ.

બે-પાંચ બૈરાએ તો માંહોમાંહ તાળીઓ દેતાં મજાક કરતાં કહી દીધેલ કે,'કાકા તો ભારી વહુઘેલા ને કંઈ! આવનારીને અત્યારથી આટલા લાડ લડાવે છે પણ પછી વહુમા માથે છાણાં થાપવાના જો જો ને!' એકલપંડે દીકરાને ઉછેરવો, પરણાવવો એ એક પુરુષ માટે કેટલું કપરું હતું એ વાત ગામના દરેક નાના મોટા સમજે એટલે પ્રભાશંકરના ઉમંગ-ઉછરંગને જાણે માણે.

સરયૂના પરણીને આવ્યા પછી પ્રભાશંકર સતત પ્રયત્નશીલ રહેતા કે સરયૂ ઘરમાં અને ખાસ કરીને ઉપેન્દ્રના મનમાં સહજ સ્વીકૃતિ પામે. સામા પક્ષે સરળ, સમજુ, લાગણીશીલ અને ભર્યા કુટુંબમાંથી આવતી સરયૂ સાસરીમાં પગ મૂકતાવેંત સ્ત્રી વગરના ઘરની નિર્જીવતાને પામી ગયેલ.

ચકોર સરયૂએ ઘરના ખૂણેખૂણામાં નજર ફેરવતાં, સ્ત્રી વિહોણા ઘરમાં બાપ દીકરાની સુઘડતાની મનોમન નોંધ લીધેલ. મોટા ભાભુ, મા-કાકી અને બે મોટી ભાભીઓનાં હાથમાં ઘડાયેલ સરયૂને અહીં સાસુ, નણંદ કે દેરાણી, જેઠાણી ન હોવાથી ક્યારેક અણહોરું લાગતું પણ પછી ઉપેન્દ્રનો નિરુપદ્રવી સાલસ સ્વભાવ અને સસરા પ્રભાશંકરની વહાલભરી રખાવટમાં ઝાંઝમેર વિસરાઈ જતું. સરયૂ પણ એ વાતે કાળજી રાખતી કે વર્ષોથી એકલા રહેવા ટેવાયેલ આ બે પુરુષોને ઘરમાં તેમની અગાઉ માફકની મોકળાશ અને હળવાશ મળી રહે.

જશીફઈને લગ્ન પછી પંદર દી તો રોકી દીધાં હતાં

તે એમાં અને નવી વહુને જોવા આવતી આસપાસની વહુવારુઓમાં અને લગ્ન પાછળનાં વ્યાવહારિક કામકાજો આટોપવામાં સમય ક્યાં પસાર થઈ ગયો તે ખબર જ ન રહી. એ દિવસો દરમ્યાન વગર કહ્યે સરયૂએ સસરા પ્રભાશંકર અને ઉપેન્દ્રની તેની સાથેના વ્યવહારમાં ટપકતી લાજ મર્યાદા અને શરમને પારખી લીધેલ. જો કે સરયૂએ તો માવતરમાં મોટાબાપુની સાથે છૂટથી વાતો કરતી ભોજાઈઓને જોઈ હતી એટલે અહીં બંને પુરુષો તેની હાજરીથી આઘાપાછા થતા તે જોઈ મનોમન આનંદ આશ્ચર્ય અને રમૂજ અનુભવતી. ભર્યા કુટુંબમાંથી આવતી સરયૂને કંઈ કહેવાપણું નહોતું એ બાપ દીકરાને મોકળાશ આપવાની તેની તત્પરતામાંથી દેખાઈ આવતું. પ્રભાશંકરને વહુની ચતુરાઈ જોઈ ઉમંગ આવતો અને પોતે જેમ ઉપેન્દ્રની મા બની રહ્યા હતા એમ સરયૂની સાસુ બનવાનો ધર્મ પણ નિભાવવાનો હતો તે જાણતા હતા. પ્રભાશંકરે ખૂબ ઝડપ અને સરળતાથી સરયૂ સાથે વાતચીતની સંવાદિતા કેળવી લીધી. સાથે જ બંને પતિ-પત્નીને પરસ્પર પૂરતો સમય ગાળવા મળે એ માટે સદાય મથતા રહેતા. જોકે પ્રભાશંકર અને સરયૂના પ્રયત્ન છતાં ઉપેન્દ્રના અલગારીપણામાં નહિવત્ જ ફેરફાર થયો હતો.

સરયૂએ સમયની સાથે બંને બાપ દીકરાનું ભાણું ટાઇમસર સાચવી લેવાથી લઈને ઘરની બાકીની તમામ જવાબદારી સરળતાથી ઉપાડી લીધેલ. સામા પક્ષે પ્રભાશંકર પણ ઘરનું નાનું મોટું દરેક કામ સરયૂને હાથોહાથ કરાવતા. ઘંટીએ દણળું દળાવવા જવાથી લઈને બાર માસનાં મરી મસાલા અને અનાજ ભરવાનું હોય કે પછી શાક-પાંદડું લાવવું બધું પ્રભાશંકર જાતે જ કરતા.

આમ તો જમનાવડમાં પાણીની તંગી નહીં પણ પીવાના મીઠાં પાણી પૂરતાં બે બેડાં પાદરમાં આવેલ પાતાળકૂવેથી સીંચવા જવું પડે. જોકે પ્રભાશંકર તો કાયમથી વહેલી સવારે, અજવાળું થાય એ પહેલાં તો ત્રાંબાનો હાંડો લઈને પાતાળકૂવે જાય તે બે ફેરા ભરી આવતા. પ્રભાશંકર પાતાળકૂવે જાય એટલે વહુઓ હોય તો માથે ઓરું ઓઢતીક ને ઝીણા સાદે અને દીકરીઓ હોય તો મીઠા ટહુકા સાથે એકાદી વહુ-દીકરી આગળ આવીને પ્રભાશંકરને કહી જ દે કે 'કાકા, તમતમારે રેવા દ્યો, લાવો હાંડો, અમે સીંચી ભરી દઈએ.' અને બાયું બે ગાગર સીંચીને હડપ કરતાં હાંડો ભરી દે તે પ્રભાશંકર બે ફેરા કરી લ્યે.

ઉપેન્દ્ર જુવાન થયા પછી પણ પાતાળકૂવેથી પાણી સારવાનું પ્રભાશંકરે પોતાના માથે જ રાખેલ. ઉપેન્દ્રને નાનપણમાં એકાદ વખત પ્રભાશંકરને તાવ આવી જતાં પાતાળકૂવે નાછૂટકે જવાનું થયેલ તે બાજુવાળી રસીલાવહુએ ઉપેન્દ્રને હાંડો ભરી તો દીધો પણ ઉપેન્દ્ર દિયર થાય એ નાતે નાનકડા દિયરનો મશ્કરીમાં એવો કાન આમળ્યો કે લાલચોળ! તે ઘરે આવીને ભાઈસાબે ભેંકડો જ તાણેલ. એ પછી પ્રભાશંકરે ઉપેન્દ્રને ઘરના કામકાજથી



છેટો જ રાખેલ.ઘરનાં કામમાં જરૂર પડયે પેઢીએથી નરોત્તમ વાણંદને બોલાવી લ્યે તે નરોત્તમ આવીને ટાણુંટંક સાચવી દેતો. સરયૂના આવ્યા પછી પણ પ્રભાશંકરે આ ક્રમ જાળવી રાખ્યો. સરયૂએ ઘણી તાણ કરી જોઈ અને ઉપેન્દ્રને પણ એકાદી વખત કહી જોયું કે, 'સરયૂ છે તો પાણીનાં બે બેડાં ભરી આવતા વાર ક્યાં લાગવાની અને એ ઘરમાં હોય ને તમે આમ પાતાળકૂવે પાણી ભરવા જાવ એ થોડું સારું લાગે! સરયૂને ઘરમાં બીજું કામ પણ શું છે?' જોકે એ વખતે પ્રભાશંકરે ઘસીને કહી દીધેલ કે, 'મને ટેવ પડી છે તે એમ થોડી છૂટે અને પાંચ પંદર દહાડા જવા દે પછી તો સરયૂ વહુને કરવાનું જ છે ને!' અને પ્રભાશંકરે પાતાળકૂવે પાણી ભરવા જવાનો નિત્યક્રમ ચાલુ જ રાખ્યો.

સરયૂના પરણીને આવ્યા પછી પણ પ્રભાશંકરને આમ પાતાળકૂવે પાણી ભરવા આવતા જોઈ શરૂઆતમાં તો ગામની વહુવારુઓ હસતી પણ પછી તો દિવસે દિવસે નાના મોટા સૌ કોઈ પ્રભાશંકરને 'વહુઘેલા'માં ખપાવતા થયા. પ્રભાશંકરને તો 'વહુઘેલો' સાંભળીને બમણો ઊજમ ચડતો જે ક્યારેક ઉપેન્દ્રની સરયૂ તરફની અવહેલના તો ન કહેવાય પણ નિરંતરની ભાવ શૂન્યતાથી ઓસરી જતો.


ઉપેન્દ્રનો સ્નેહ પામવા તેને નીરખતી, ટળવળતી, નિસહાયતા અનુભવતી વળી પાછી મનને વાળી લેતી સરયૂને જોઈ પ્રભાશંકરનુ અંતર વલોવાઈ ઊઠતું. એકાદ વખત પેઢીએ જવા નીકળેલ ઉપેન્દ્રને કંઈક કહેવા સરયૂ છેક ઓસરીની કોર લગી દોડી આવી અને કંઈ પણ બોલ્યા વગર પગરખાં પહેરતા ઉપેન્દ્રને જોઈ રહી. પ્રભાશંકરે આ જોઈને ન રહેવાતા પૂછ્યુંય ખરું કે, 'સરયૂ, દીકરા ઉપેન્દ્રને કંઈ કહેવાનું છે? કંઈ મંગાવવાનું છે?' સરયૂએ નકારમાં જોરથી માથું ધુણાવ્યું. એ વખતે પ્રભાશંકરે જરાક તાણીને ઉપેન્દ્રને કહ્યુંય ખરું કે, દીકરા, ઘરની બહાર નીકળ તો વહુને કહેવાનું તો રાખ!..' બાપનો ઊંચો થયેલ સૂર સાંભળી ઉપેન્દ્ર જરાક ખચકાયો પછી સરળતાથી હસીને હકારમાં માથું ધુણાવી ડેલા બહાર નીકળી ગયેલ. પ્રભાશંકરે દીનતાપૂર્વક સરયૂ સામે જોયું અને તે કંઈ બોલે એ પહેલાં જ સરયૂએ માથે ઓરું ઓઢતાંક ને આંખમાં ધસી આવતાં આંસુને બળપૂર્વક ખાળી પ્રભાશંકર સામે જોઈ ચહેરા ઉપર હળવું હાસ્ય ફરકાવ્યું. ઓસરીની કોરે થાંભલાને અઢીને ઊભેલ સરયૂ માથે હાથ ફેરવીને પ્રભાશંકર પેઢીએ જવા નીકળી ગયા.

જોકે એ ઘટના પછી ઉપેન્દ્ર ક્યાંય જતાં આવતાં સરયૂને અચૂકપણે કહેવાનું રાખતો અને એવે ટાઈમે જો પ્રભાશંકર હાજર હોય તો સસરા વહુ એકબીજા તરફ તરત નજર નાંખી લ્યે અને સરયૂના ચહેરા પર છલકાતો ઉમંગ જોઈ પ્રભાશંકરના ચહેરા પર નિરાંતનું હૂંફાળું હાસ્ય ફરી વળતું.

જશીફઈ હજુ ભભડતાં હતાં; 'વહુએ હજુ તો પેટમાં દુખાવાની ફરિયાદ કરી ન કરી ને તારો બાપ ઊભાપગે દવાખાને લઈ ગયો. વહુને દુખાવો થતો હોય તો તને સવારે જ કહી દેવું જોઈએ ને!' જશીફઈને ભાઈના વર્તનમાં નર્યું ઘેલાપણું દેખાતું. દીકરાને પરણાવીએ એટલે વહુ તો હંધાયના ઘરમાં આવે પણ આવી ખોટી શું આળપંપાળ કરવાની. જશીફઈનો કકળાટ શમે એ પહેલાં આંગણે ગાડી આવીને ઊભી રહી. સરયૂ ધીમેથી પાછલી સીટમાંથી ઊતરીને ગાડીના ટેકે ઊભી રહી પછી ઊંડો શ્વાસ લઈ ધીરેથી આગળ વધી ઘરમાં ગઈ. ઉપેન્દ્રે ગાડીમાંથી ઊતરીને ઘરમાં જતી સરયૂ સામે જોયું ન જોયું કર્યું ને જમવાનું ચાલુ રાખ્યું.

પ્રભાશંકરે ગાડીવાળાને ભાડું ચૂકવી ઘરમાં આવી પાણિયારેથી પાણી પીધું અને જઈને ઓસરીમાં બાંધેલ હીંચકે બેઠા. જશીફઈએ ઘડી પહેલાંનો કકળાટ ભૂલીને ઠાવકાઈથી પૂછી લીધું ;' દાકતર શું ક્યે છે ભાઈ?' પ્રભાશંકરે હીંચકાને પગ વડે જરા અમસ્તો ઠેલો માર્યો. 'આરામની જરૂર છે, શરીરમાં નબળાઈ છે...' જશીફઈને જવાબ આપવાની સાથે ઉપેન્દ્રનેય સંભળાય એમ પ્રભાશંકરે ઊંચા સાદે કહ્યું. પહેલી સુવાવડ આમ તો માવતરમાં કરવાનો રિવાજ હોય પણ ખોળો ભર્યા પહેલાં જ પ્રભાશંકરે આણંદજી શેઠને કહેવડાવી દીધેલ કે 'ભા, વહુનો ખોળો ભલે ભરીએ પણ સરયૂને અહીં જ રહેવા દેજો. એવું હશે તો અમે જશીબેનને મુંબઈથી તેડાવી લઈશું.'

ખોળો ભરવાના ચાર દી અગાઉ પ્રભાશંકરે સરયૂની હાજરીમાં જ ઉપેન્દ્રને પૂછી લીધેલ, 'મારી ઇચ્છા છે કે જશીફઈને બે ચાર મહિના અહીં બોલાવી લઈએ અને આણંદજીભાઈને કહેવડાવી દઈએ કે રીતરિવાજ મુજબ ખોળો ભલે ભરી જાય પણ સરયૂ ખોળો ભર્યા પછી જમનાવડ જ રહેશે. તારું શું કહેવાનું છે ભાઈ? વહુનું મન પણ જાણી લેવું, તેને વાંધો ન હોય તો!' 'મને કંઈ વાંધો



નથી, ઊલટું જશીફઈ આવશે તો ભેગું રહેવાશે.' સરયૂએ તુર્ત જ ઉલ્લાસથી જવાબ વાળ્યો. સરયૂનેય મનમાં ચિંતા હતી કે પોતાના ગયા પછી આ બે જીવ નાહક દુખી થશે એ કરતાં માવતરે ન જાય તો શું ખાટું-મોળું થઈ જવાનું અને એમાં સસરાએ સામે ચાલીને કહ્યું એટલે ઉપેન્દ્ર હા ના કરે તે પહેલાં જ સરયૂએ હા ભણી દીધી. ખોળો ભરવાની વિધિ પૂરી થયા પછી બધાં જમી ઊઠ્યાં કે સરયૂએ જ મોટાભાભુને કહી દીધું હતું કે જશીફઈ તો અહીં છે અને એવું હશે તો હું આપને તેડાવી લઈશ પણ હું ઝાંઝમેર નહીં આવું. મોટાભાભુને આણંદજી શેઠે કહી રાખ્યું હતું એટલે એમણે પણ સરયૂની વાતમાં હા ભણી દીધેલ.

આણંદજીભાને કહીને સરયૂને જમનાવડ રોકી તો દીધી પણ ઠાકોરજી બધું હેમખેમ પાર ઉતારી દે એટલે દ્વારિકા માથું ટેકવી આવશું.' પ્રભાશંકરે પોતાના મનની વાત બેન પાસે ઠાલવી. ભાઈ-બહેને થોડી આડીઅવળી વાતો કરી એટલામાં ઉપેન્દ્ર જમવાનું પૂરું કરી તેના ઓરડામાં ગયો. વાળુ કરવાનો વખત વહી ગયેલ અને ભૂખ મરી ગઈ હોઈ, પ્રભાશંકરે ઓસરીના બીજા છેડે ઢાળેલ ખાટલામાં લંબાવ્યું પણ પ્રયત્ન કરવા છતાં ભૂખ્યા પેટે ઊંઘ વેરણ થઈ.

શેરીમાંથી કૂતરાં ભસવાના અવાજ આવતા હતા તો બીજી તરફ જશીફઈનાં નસકોરાંનો અવાજ. ગળામાં શોષ પડતાં પ્રભાશંકર છેવટે ઊભા થઈ પાણિયારે ગયા. કળશો ભરી હજુ તો એકાદ ઘૂંટડો ગળે ઉતાર્યો ત્યાં તો દબાયેલ ડૂસકું સંભળાયું. ઓહ, આ તો સરયૂવહુ! અને પ્રભાશંકર ત્યાં જ ખોડાઈ ગયા. 'મારાથી સહન થાય ત્યાં સુધી તો મેં... બાપા બિચારા પર ખોટા શીદ ને... બાપાએ તો ઘણું નરોત્તમકાકા કે તમને બોલાવવા ...મારાથી દુખાવો સહન જ ન્હોતો...' સરયૂ હીબકાં ભરતા તૂટક છૂટક કહેવાનો પ્રયાસ કરી રહી હતી.

એ તો છે જ 'વહુઘેલા' પણ તને તો અક્કલ હોવી જોઈએ ને...' ઉપેન્દ્રના અવાજમાં ક્યારેય ન કલ્પેલ ધાર હતી. જાણે સરયૂની કોઈ વાત સાંભળવા માંગતો ન હોય એમ સરયૂના રુદનની પણ તેની ઉપર કોઈ અસર થતી નહોતી. 'વહુઘેલા' ઓહ, દીકરો ઊઠીને... પોતે જાણે કોઈ ગુનો કરી નાંખ્યો કે.....પ્રભાશંકર ત્યાં જ ખાંભી થઈ ગયા. ગામઆખું તેમને વહુઘેલા ગણતું તો કોઈ દી મન ઉપર નથી લીધું. ઊલટું હરખ થતો પણ આજ કેમ પ્રભાશંકરને દીકરાના મોઢેથી સાંભળીને આકરું લાગ્યું. પ્રભાશંકરે હતી એટલી હિંમત ભેગી કરીને ઓસરીની થાંભલીએ જાતને ટેકવી. આંખમાંથી આંસુ ચૂવા લાગ્યાં... ચારે તરફ તમરાંના આવજો ગુંજી રહ્યા હતા.

'શ્રી', c/o ડૉ. ચિન્મય જયેશભાઈ મહેતા
કડવા પટેલ સમાજ સામે, રણછોડનગર,
મુ. માળિયા હાટીના, જિ. જૂનાગઢ-૩૬૨૨૪૫
મો. ૯૮૨૫૩૩૬૮૦૮

અભય

પિનાકીન દવે

સૂર્યનાં કોમળ કિરણો યજ્ઞમંડપના સુવર્ણકળશ પરથી પ્રતિબિંબિત થઈ ચારે તરફ સોનેરી આભા પ્રસરાવી રહ્યાં હતાં. યજ્ઞમંડપમાં બ્રહ્મદેવો પોતપોતાનાં આસનો પર બિરાજમાન થઈ વેદમંત્રોનો ઉદ્ઘોષ કરી રહ્યા હતા. યજ્ઞનો અગ્નિ ધીમી ધીમી જ્વાળાઓ સાથે હોમેલા જવ, તલ, ઘીની સુગંધ ફેલાવતો હતો. હજારોની જનમેદની ત્યાં એકત્રિત થઈ હતી. તેમાં સચિવોથી માંડી સેનાપતિઓ સુધીના લોકો હતા.

બધા આતુર આંખોએ મહારાજ જનમેજય સ્નાન કરી યજ્ઞમંડપમાં પધારે તેની વાટ જોતા ઊભા હતા. આ સમયે મહારાજ દાન આપતા અને પછી કૃતાર્થ થઈ યજ્ઞ-કાર્યમાં જોડાતા. રાજસેવકો સુવર્ણ મુદ્રા, વસ્ત્રો, પાત્રો વગેરે દાનમાં અપાતી સામગ્રી સાથે પ્રવેશદ્વાર પાસે ઊભા હતા.

થોડીવારે લોકોના જયનાદે જણાવી દીધું કે મહારાજ આવી ગયા હતા, તેમના પ્રત્યેક પગલામાં તેમનો પ્રતાપ ડોકાતો હતો. ઊંચું સ્નાયુબદ્ધ શરીર, ગૌરવર્ણ, આજ્ઞાવાદી આંખો અને મુખ પર આછું સૌમ્ય સ્મિત તેમની સામે આવતા માણસને હાથ જોડવા પ્રેરતા. તેમણે રેશમી વસ્ત્રોપવસ્ત્ર ધારણ કર્યાં હતાં. તેમની પાછળ અગ્ર-મહિષી હતા અને તેમની પડખે મુખ્ય અમાત્ય ચાલતા હતા. દાસ-દાસીઓથી વીંટળાયલા તેઓ, ગગનમંડળમાં તારકો વચ્ચે ચંદ્ર જેવા દીપતા હતા.

યજ્ઞમંડપના પ્રવેશદ્વાર પાસે આવી તેમણે પગમાંથી પાદુકા ઉતારી આસન ગ્રહણ કર્યું. તરત ઘોષણા થઈ-, "જેને જે કાંઈ જોઈતું હોય તે મહારાજ પાસે માંગવા આગળ આવે.'

જનમેદનીમાંથી માર્ગ કરતો એક યુવાન બ્રાહ્મણ આગળ આવ્યો. તેના દેદીપ્યમાન મુખ પર વિદ્યાનું તેજ ઝળહળતું હતું. તેણે રાજા જનમેજય સાથે આંખો મેળવી, પહેલા તો આશીર્વચન ઉચ્ચાર્યા, પછી સૌ સાંભળે તેમ કહ્યું, "હું અર્થી છું.'

તેણે વલ્કલ ધારણ કરેલાં હતાં. તેના ખભા પર જનોઈ હતી ને કેડ પર મુંજનો કંદોરો હતો.

રાજા જનમેજયે હાથ જોડી કહ્યું : "કૃપા થઈ દ્વિજવર. કહો હું શું આપી મને ધન્ય સમજું ? ગુરુદક્ષિણા રૂપે સુવર્ણ મુદ્રાઓ આપવાની છે ?'

'ના', તે બ્રાહ્મણ બોલ્યો, 'સુવર્ણનો મારે કાંઈ ખપ નથી એ તો નાશવંત છે.'

'તો પછી આશ્રમ માટે જમીન જોઈએ છે ?'

'ના,' તે બ્રાહ્મણ એમ જ ફરીથી દૃઢતાપૂર્વક બોલ્યો. 'જમીન તો અનિશ્ચિત છે એ ક્યાં કોઈની થઈ છે ? આજે એક રાજા પાસે હોય, કાલે બીજા રાજા પાસે ચાલી જાય. હું તો અક્ષય રહે તેવું માંગવા માટે આવ્યો છું.'

"ચારે તરફ સન્નાટો વ્યાપી રહ્યો. બધા લોકોનાં આંખ-કાન આ બ્રાહ્મણ બટુનો શબ્દ સાંભળવા તલસી રહ્યા હતા. રાજા જનમેજય પણ તેની વાણીથી ચકિત હોય તેમ બોલ્યો" તમે વિદ્યાવાન તેમજ ચતુર જણાઓ છો. વયમાં નાના છો પણ સમજમાં વૃદ્ધ જણાઓ છો. તમે જે માંગશો તે હું આપીશ, માંગો.'

લોકો આ સંવાદ સાંભળી રહ્યા હતા અને ગુસપુસ વાતો કરવા લાગ્યા હતા. કોણ હશે આ બ્રાહ્મણ ? એ શું માંગશે ?

બ્રાહ્મણ યુવકે એમ જ શાંતિના ભાવ સાથે જણાવ્યું "એમ નહીં પ્રતિજ્ઞાપૂર્વક ઘોષિત કરો તો હું માંગું નહીંતર, ..., "મારા વચન પર વિશ્વાસ નથી ? જનમેજયનો સૂર પલટાઈ ગયો. મારા કુળમાં કોઈએ આપીશ કહીને ન



આપ્યું હોય તેમ બન્યું નથી.'

'તો પણ'!

'જળ લાવો', જનમેજયે આજ્ઞા કરી.

રાજસેવક તરત દોડતો જઈ જળભરેલી સુવર્ણઝારી લઈ આવ્યો. તેમાંથી જળ હાથમાં લઈ જનમેજય બોલ્યોઃ "યજ્ઞના પવિત્ર અગ્નિની સાક્ષીએ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર-મંડળની સાક્ષીએ હું જનમેજય પ્રતિજ્ઞા કરું છું કે આ બ્રાહ્મણબટુક જે માંગશે તે આપીશ.."

'કલ્યાણ થાઓ. મહારાજનો યશ યુગો સુધી પ્રસરો. મારે કાંઈ જોઈતું નથી સિવાય કે અભય.'

'અભય ? પણ કોને ?' વિસ્મય પામતાં રાજા જનમેજયે પૂછ્યું.

'આપની પ્રજાને આપની પ્રજા ભયભીત છે.'

જનમેજયે પાસે ઊભેલા મંત્રીની સામે જોયું. મંત્રીએ પ્રશ્ન કર્યો, "તમે કોની, નાગજાતિના લોકોની વાત કરો છો?'

તે બ્રાહ્મણ બટુએ સ્મિત સહ જણાવ્યું, "જુઓ છો ને મહારાજ આપના મંત્રીને તેની જાણ છે જ.'

જનમેજયે અણગમા સાથે કાંઈક રોષમાં કહ્યું, "તેમણે મારા તાતનો વધ કર્યો છે. અપરાધીઓને દંડ દેવો તે રાજાની ફરજ છે. અપરાધીને રાજ્યના દંડનો ભય હોય તો યોગ્ય જ છે.'

'નહીં મહારાજ, કોઈ એકાદના અપરાધ માટે સમગ્ર જાતિને દંડ આપવો સર્વથા અનુચિત ગણાય. રાજા તો પોતાની પ્રજાને સ્વ-સંતાનની જેમ સ્નેહ કરે. પ્રજાના વિકાસમાં રાજ્યનો વિકાસ સમાયેલો છે. રાજાને સ્વ-પ્રજા પ્રત્યે વેર ન હોય. નાગોનાં ગામોનાં ગામો વેરાન થઈ ગયાં છે. કેટલાંક નાગ કુટુંબો તો અરણ્યોમાં નિવાસ કરે છે, કેટલાંક ગુફાઓમાં સંતાઈને જીવન વિતાવે છે. કેટલાંક તો આ રાષ્ટ્ર ત્યજી દ્વિપાંતરમાં જવા ઉદ્યત થયાં છે. આ સઘળું મેં સ્વચક્ષુએ નિહાળ્યું છે. તેમનો ભય મેં મારા અંતરમાં પણ અનુભવ્યો છે અને તેથી અત્યારે આપની સમક્ષ ઉપસ્થિત થયો છું.

'શું તમે નાગજાતિના છો?' પેલા મંત્રીએ ફરી પૂછ્યું.

'નહીં, મારાં જનેતા નાગજાતિનાં છે. હું બ્રાહ્મણપુત્ર છું. મારું નામ આસ્તિક, હું ઋષિ જરત્કારુનો પુત્ર છું. નિત્ય યજ્ઞનો પવિત્ર પાવક પ્રજ્વલિત રહે છે. મારા પિતાએ વારસામાં મને જ્ઞાન આપ્યું છે તે જ્ઞાન મને અહીં લઈ આવ્યું છે, આપને કર્તવ્યભાન કરાવવા માટે. નાગોને અને અન્ય સર્વ પ્રકૃતિને આપના તરફથી અભયનું દાન આપો. ભવિષ્ય આપને ક્રૂર-વૈરાગ્નિથી બળતા રાજવી તરીકે યાદ ન રાખે પણ પ્રેમાળ પિતાતુલ્ય રાજવી તરીકે યાદ રાખે તેમ કરો. તમારું કલ્યાણ થશે.'

જનમેજયે બે ક્ષણ મંત્રીઓ સામે જોયું, યજ્ઞમંડપમાંના પ્રજ્જ્વલિત અગ્નિ સામે જોયું, રાણી સામે જોયું. ધીર ગંભીર સ્વરે બોલ્યોઃ 'વિપ્રવર, હું તમારું વચન શિરોધાર્ય માનું છું. આજથી મારી સમગ્ર પ્રજાને મારું અભય છે. મારા સૈનિકો નાગોને પીડશે નહીં. નાગોની હત્યા કરવામાં આવશે નહીં. ભલે નાગ જાતિના લોકો મારા શાસનમાં ફૂલે ફાલે અને સમૃદ્ધિને વરે. મારો યજ્ઞ આનાથી સંપન્ન થયો તેમ હું સમજું છું. મને આજે યજ્ઞનું પ્રત્યક્ષ ફળ મળી ગયું. તમારા દર્શનથી હું કૃતાર્થ થયો છું.'

જનમેજયે બે હાથ જોડ્યા, આસ્તિકે રાજાના મસ્તક પર હાથ ધરી કહ્યું, "રાજન, આપનો યશ અનંતકાળ લગી પ્રસરો. દેવોની કૃપા-પ્રસાદી આપને સાંપડો. આપનું કુળ પ્રજાવત્સલ કહેવાશે.'

'હું ધન્ય થયો' જનમેજય બોલ્યો.

રાણીએ પણ બ્રાહ્મણ બાળકને વંદન કરતાં કહ્યું, દ્વિજવર, અમારા કુળ ઉપર આપનો આ અનન્ય ઉપકાર છે, અમને પાપ માર્ગેથી પાછા વાળવાનો.'

આસ્તિકે તરત ત્યાંથી પોતાના આશ્રમની દિશા પકડી સૌથી પહેલા માતાને આખું વૃત્તાંત જણાવ્યું. ત્યાં આશ્રમમાં અને આસપાસ વસતા નાગલોકોમાં આનંદ છવાયો.

૫, ન્યૂ ઉમિયાવિજય સોસાયટી,
રમાપાર્ક પાસે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧
ફોન નં. ૦૭૯-૨૭૪૭૧૯૬૯



જીત

પ્રફુલ્લ કાનાબાર

ચાલીસ આસપાસનો અનિરુદ્ધ સવારે કિશનગઢ રેલવે સ્ટેશને ઊતર્યો. હવાની જાણીતી લહેર જાણે કે તેને સ્પર્શ કરીને અદૃશ્ય થઈ ગઈ. બહાર આવીને તેણે ટાઉનહૉલ જવા માટે રિક્ષા પકડી. અનિરુદ્ધે જોયું કે આટલાં વર્ષોમાં શહેર ઘણું બદલાઈ ચૂક્યું હતું. સમય સઘળું બદલી નાખે છે. શહેરને પણ અને માણસને પણ...જોકે જ્યાં બાળપણ વીત્યું હોય એ શહેર સાથે માણસની અનેક યાદો જોડાયેલી હોય છે.

દરબારગઢ પાસેથી રિક્ષા પસાર થઈ એટલે અનિરુદ્ધના મનમાં પપ્પાના અવાજના પડઘા પડી રહ્યા....

"લેખક ? દરબારનો દીકરો લેખક બને?"

"પપ્પા, તમે તો નોકરીને કારણે સોળ કલાક ઘરની બહાર જ રહેતા. મમ્મીના અવસાન બાદ મારા વાંચન અને લેખનના શોખને કારણે જ હું ટકી ગયો છું".

"અનિરુદ્ધ, આજે તું મારી સામે આ રીતે બોલે છે એ જોઈને મને લાગે છે કે તું ખરેખર મોટો થઈ ગયો છે". વીસ વર્ષના અનિરુદ્ધની સામે ઝાલાસાહેબે તેમની લાલઘૂમ આંખોથી તાકીને કહ્યું હતું.

ઝાલાસાહેબ પોલીસ ઈન્સ્પેક્ટર હતા. તેમની આંખો કાયમ લાલ જ રહેતી. ક્યારેક ગુસ્સાથી તો ક્યારેક દારૂના નશાથી. આખા શહેરના ગુનેગારો ઝાલાસાહેબથી ડરતા. ખાસ કરીને તેમની લાલઘૂમ આંખોથી. ઊગીને ઊભો થતો ઝાલાસાહેબનો એક માત્ર દીકરો અનિરુદ્ધ એ આંખોમાં આંખ મેળવીને આજે વાત કરી રહ્યો હતો!

"પપ્પા, દરબારનો છોકરો શા માટે લેખક ન બની શકે ?"

"કારણ કે એનો બાપ પોલીસ ઈન્સ્પેક્ટર છે". ઝાલાસાહેબ તાડૂક્યા હતા.

"તો મારે શું બનવું જોઈએ ?" અનિરુદ્ધે હિંમતપૂર્વક પૂછ્યું હતું.

"બેશક, તારે પોલીસ ખાતામાં જ કેરિયર બનાવવી જોઈએ. જો ડૉકટરનો દીકરો ડૉક્ટર બનતો હોય, વકીલનો દીકરો વકીલ બનતો હોય તો પોલીસ ઈન્સ્પેક્ટરનો દીકરો એના બાપના પગલે શા માટે ચાલી ન શકે? વળી લખવાની લાઈનમાં કમાવાનું શું?"

"માન સન્માન"

"માન તો આખું ગામ મને પણ આપે જ છે ને ?"

"પપ્પા, લોકો તમને નહીં, તમારા હોદ્દાને અને તમારી સત્તાને માન આપે છે".

"અનિરુદ્ધ, તેં જર્નાલિઝમમાં ઍડ્મિશન લીધું ત્યારે





પણ મેં તને ના પાડી હતી પણ તું તારી જીદ પૂરી કરીને જ જંપ્યો હતો. હવે અમદાવાદના અખબારમાં નોકરી મળી છે પણ એમાં જે પગાર મળશે એ સરકારી નોકરી જેવો તો નહીં જ હોય. વળી તેમાં ઉપરની આવકના તો કોઈ સ્કોપ જ નહીં ને?"

"પપ્પા, તમે તમારા આ દીકરાના ઉચ્ચ વાચન વિશે જાણતા જ નથી તેથી જ આવું બોલી રહ્યા છો. હું ભૂખ્યો રહેવાનું પસંદ કરું પણ હરામની કમાણીને તો હાથ પણ ન લગાડું".

હરામની કમાણી.. અનિરુદ્ધના એક જ શબ્દે બાપ દીકરાના સંબંધમાં આગ લગાડવાનું કામ કર્યું હતું.

સાંજે અનિરુદ્ધ નદીકિનારે અનિતા પાસે બેઠો હતો ત્યારે અપસેટ હતો. "અનીતા, પપ્પાને હું સમજાવી નથી શકતો કે પૈસો મારા જીવનનું લક્ષ્ય નથી. ભવિષ્યમાં હું પપ્પાના અનીતિના પૈસાને પણ હાથ લગાવવાનો નથી. મારો જીવ સાહિત્યના આકાશમાં જ ભટકે છે. અમદાવાદ જઈને અખબારમાં નોકરી તો હું મારો ખર્ચ કાઢવા માટે જ કરવા માંગું છું એક વખત લેખક તરીકે મારી ઓળખ ઊભી થઈ જાય પછી પૈસા તો બાય પ્રોડક્ટ છે".

બીજે જ દિવસે અનિરુદ્ધે અમદાવાદની વાટ પકડી હતી.

એકાદ માસ બાદ અનિરુદ્ધના સેલફોનમાં અનિતાનો મેસેજ આવ્યો હતો. સોરી અનિરુદ્ધ, મારા એરેન્જ મેરેજ આકાશ સાથે થઈ ગયા છે. એ અમેરિકાથી એક મહિના માટે જ આવ્યો હતો. આજે હું કાયમ માટે ઈન્ડિયા છોડીને જઈ રહી છું.

મેસેજ વાંચીને અનિરુદ્ધ પડી ભાંગ્યો હતો. ગમે તેમ તો પણ અનિતા તેનો પ્રથમ પ્રેમ હતી. જીવનમાં પ્રેમનું સ્ટેશન વારંવાર આવતું નથી. સ્ત્રીની બેવફાઈ વિશે અનિરુદ્ધે વાર્તામાં વાંચ્યું હતું. ફિલ્મોમાં પણ જોયું હતું પણ જીવનનો આ કડવો અનુભવ તેને પહેલી જ વાર થયો હતો. અનીતાએ ભલે કોઈ જ સ્પષ્ટતા કરી નહોતી પણ અનિરુદ્ધને એટલો તો ખ્યાલ આવી જ ગયો હતો કે પૈસાની સામે તેનો પ્રેમ હારી ગયો હતો. ટૂંકા પગારમાં નોકરી કરતા મુફલિસ પ્રેમી કરતાં અમેરિકામાં અઢળક ડૉલર કમાતા આકાશ પર અનિતાએ પસંદગીનો કળશ ઢોળ્યો હતો. અનિરુદ્ધે ધીમે ધીમે તેની અંગત પીડાને સર્જનાત્મક લખાણમાં તબદીલ કરી હતી. કહેવાય છે કે પીડામાંથી જ ઉત્કૃષ્ટ સર્જન થતું હોય છે. રોજ પ્રેસની નોકરીમાંથી ઘરે આવીને અનિરુદ્ધ લખવા બેસી જતો.

ગુજરાતી ફિલ્મના પ્રખ્યાત નિર્માતા નિર્દેશક અરિહંત જૈનને ખબર પડી કે અનિરુદ્ધે તદ્દન નવા જ વિષય પર નૉવેલ લખી છે. તેમણે અનિરૂદ્ધને તેમની ઑફિસે મળવા માટે બોલાવ્યો હતો. ચર્ચા દરમ્યાન અનિરૂદ્ધની કલ્પના શક્તિથી અરિહંત જૈન પ્રભાવિત થયા હતા.

થોડા સમય બાદ અનિરુદ્ધની એ નવલકથા પરથી ગુજરાતી ફિલ્મ બની હતી. માત્ર એટલું જ નહિ એ ફિલ્મ સફળતાને વરી હતી. અનિરુદ્ધ જે અખબારમાં નોકરી કરતો હતો એ અખબારના તંત્રી અને માલિક શશીકાંત શેઠને આ વાતની જાણ થઈ એટલે તેમણે તેમના અખબાર માટે અનિરુદ્ધ પાસે નવી નવલકથાની માગણી કરી હતી. અનિરુદ્ધને તો દોડવું હતું અને ઢાળ મળવા જેવો ઘાટ સર્જાયો હતો. પાંચેક વર્ષમાં અનિરુદ્ધની

એક પછી એક એમ પાંચ નવલકથા એ જ અખબારમાં સ્થાન પામી હતી. બહોળો વાચકવર્ગ ધરાવતા અખબારને કારણે અનિરુદ્ધ લોકપ્રિય લેખક બની ગયો હતો. ગુજરાતી સાહિત્યજગતમાં અનિરુદ્ધ ઝાલાનું નામ લોકો આદરથી લેવા લાગ્યા હતા.

એકવાર પપ્પાનો ફોન આવ્યો હતો..”દીકરા, મને એ વાતનું ગૌરવ થાય છે કે અહીં આપણા ગામમાં બધા મને અનિરુદ્ધ ઝાલાના પિતા તરીકે ઓળખવા લાગ્યા છે. મારા અનુભવ પરથી કહું છું કે નિવૃત્ત અધિકારીની કોઈ જ ઓળખ હોતી નથી. મારી તબિયત હવે સારી રહેતી નથી. લિવર બગડ્યું છે. પૈસાથી જ બધું સુખ મળી જાય છે એ મારો ભ્રમ હતો”.

બીજે જ દિવસે અનિરુદ્ધ ઑફિસમાં રજા મૂકીને વતનમાં પપ્પા પાસે પહોંચી ગયો હતો. એ જ દિવસે પપ્પાની તબિયત વધારે બગડતાં એમ્બ્યુલન્સ બોલાવીને અનિરુદ્ધ પપ્પાની બાજુમાં બેસી ગયો હતો.

“દીકરા, તું હવે લગ્ન માટે વિચારે તો સારું”. ઝાલાસાહેબે અનિરુદ્ધનો હાથ પકડીને તૂટક તૂટક અવાજે કહ્યું હતું.

“પપ્પા, હવે તો મારી કલમ જ મારી દુલ્હન છે”. અનિરુદ્ધે અનાયાસે જ કહ્યું હતું.

હૉસ્પિટલે પહોંચતાં પહેલાં જ ઝાલાસાહેબે દેહ છોડી દીધો હતો. સ્મશાનમાં ગણ્યા-ગાંઠ્યા માણસોની હાજરીમાં અનિરુદ્ધે પપ્પાના પાર્થિવ દેહના અગ્નિસંસ્કાર કર્યા હતા. પપ્પા તરફથી મળેલી તમામ મિલકત માટે ગામના જ એક વડીલની મદદ લઈને માનવસેવા ટ્રસ્ટની સ્થાપના કરી હતી, જેનો મૂળ હેતુ ગરીબોને સહાય કરવાનો હતો.

અખબારના માલિક શશીકાંત શેઠ પણ ઑફિસમાં અનિરુદ્ધના કામથી ખુશ હતા. માત્ર એક દસકામાં તો અનિરુદ્ધ ચીફ એડિટર બની ગયો હતો. તેણે લખેલી મોટાભાગની કથાઓ પરથી ફિલ્મો બનવા લાગી હતી.

રિક્ષા આંચકા સાથે ટાઉનહૉલ પાસે ઊભી રહી. અનિરુદ્ધ ફ્લેશબેકમાંથી બહાર આવી ગયો. અનિરુદ્ધે જોયું કે શહેરનો ટાઉનહૉલ પ્રેક્ષકોથી છલકાઈ ગયો હતો. એક સ્વયંસેવકનુ ધ્યાન પડ્યું એટલે એ તરત અનિરુદ્ધને વિવેકપૂર્વક આગલી હરોળ સુધી લઈ ગયો. વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરનાર પ્રતિભાઓનું આજે મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરવાનો કાર્યક્રમ હતો. લેખન ક્ષેત્રમાંથી અનિરુદ્ધ એકલો જ હતો. આજે પોતાના જ વતન કિશનગઢમાં ખુદનું સન્માન થાય એ વાત અનિરુદ્ધ માટે સ્પેશિયલ હતી. થોડીવાર બાદ મુખ્યમંત્રીએ સ્ટેજ પર સ્થાન ગ્રહણ કર્યું. અનિરુદ્ધને જ્યારે એક લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો ત્યારે તેની આંખમાં આંસુનાં તોરણ બંધાયાં. સતત વીસ વર્ષની તપસ્યા અને સરસ્વતીની આરાધનાનું ફળ અનિરુદ્ધને આજે મળી રહ્યું હતું. તાળીઓના ગડગડાટ વચ્ચે અનિરુદ્ધે એ જ ક્ષણે એ રકમ વતનમાં જ ચાલતા ખુદના માનવસેવા ટ્રસ્ટને અર્પણ કરવાની જાહેરાત કરી હતી.

હા.. આજે લક્ષ્મીજી અને સરસ્વતીની રેસમાં સરસ્વતીની જીત થઈ હતી!

ઈ/૪૦૨, ઈન્દ્રપ્રસ્થ ગ્રીન્સ, શિખર ટાવર સામે
શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૯૨૫૬૫૬૦૫



ધરાસ્ત્ર

પ્રેમજી પટેલ

"નારાયણ નારાયણ" દૂરથી સાંભળી ચિત્રગુપ્ત સતર્ક થયા. નારદજી આવી રહ્યા છે એવું અનુમાન થયું. ત્યાં તો તરત પ્રગટ્યા "નારાયણ નારાયણ" હાથમાંની કરતાલ સ્થિર કરતાં નમ્યા.

"ઘણા સમયે...!"

"હા, મૂંઝવણ થઈ તો માર્ગદર્શન માટે આવ્યો." નારદજીએ હળવાશથી કહ્યું.

"તમને, ત્રિલોકમાં ભ્રમણ કરનારા, અન્યની મૂંઝવણ દૂર કરનારા, તમને વળી કઈ મૂંઝવણ ?" કહેતાં ચિત્રગુપ્ત હસ્યા.

"હમણાં હમણાં પરલોકમાં ભીડ થવા માંડી છે. કારણ ખબર નથી પણ પૂછતાં ખબર પડી કે નીચે ધરતી ઉપર કાંઈક એવું રસ જેવું બનાવ્યું લાગે છે. એ લઈને ઢગલાબંધ જીવાત્માઓ પરલોકમાં આગમન કરે છે."

"હા, તો એમાં મૂંઝવણ છે. મૂંઝવણ તો એટલી જ કે આ દ્રાવણ આપે જોયું છે ?"

"હું ક્યાંથી જોઉં? માનવસર્જિત છે. ત્યાં ધરા ઉપર શોધાયેલું છે."

વચ્ચેથી વાત કાપતાં નારદજી બોલ્યા:" તો જોવા જેવું ખરું !"

"હા, જઈ આવો ધરા પર."

"તમે અહીં આરામ કર્યા કરો છો તો આવો ને આપણે બે સાથે જઈએ"

"ના..., તમને જિજ્ઞાસા થઈ છે તો તમે ધરા પર પહોંચો અને લઈ જવા હોય તો યમરાજને લઈ જાઓ. એ કાયમ પૃથ્વી પર જવાનો અનુભવ ધરાવે છે." નારદજી તરત જ યમલોક પહોંચ્યા. યમરાજ જોડે વાત કરી. યમરાજાએ કહ્યું : "તમને નરકની ખબર કેવી રીતે પડી



ગઈ ?" નારદજી હસતાં હસતાં કહે: "નરકમાં દરવાજા બહાર ભીડ જોઈ એટલે મેં પૂછ્યું, શું થયું ? ખબર પડી કે ધરા ઉપર કોઈ એવું પ્રવાહી, અમૃત તૈયાર કર્યું છે કે જે પીવાથી સ્વર્ગતુલ્ય અહેસાસ થાય છે. એમાંને એમાં આત્મા નરક સુધી આવી જાય છે." હસતાં હસતાં યમરાજે કહ્યું: "વાત તો સાચી છે, પણ મેં જોયું તો નથી. આપણે બે જઈએ ચાલો, તો એ કામ થશે, હું પણ જોઈ લઉં!" બંને ધરતી ઉપર આવ્યા. અમદાવાદ જેવા નગરમાં પ્રવેશ્યા. ફૂટપાથ ઉપરથી વર્તમાનપત્ર લીધું. એક બાજુ વાંચતાં ઊભા. નારદે ધીમેથી કહ્યું: "યમરાજ, આ ધરારસથી ગઈકાલે રાત્રે વીસ જણા યમસદન પહોંચી ગયા એવા સમાચાર છાપામાં છે."

"વાત સાચી" યમે આ વાત હળવાશથી લેતાં કહ્યું "બિલકુલ સાચી વાત છે. આપણે અહીંયાં છીએ, જોવું તો પડે જ, આ વીસ જણા જ્યાંથી નરક લોકમાં આવ્યા એ જગ્યા ઉપર આપણે પહોંચી જઈએ." તરત બંને અમદાવાદના કોઈ એવા સ્થળે પહોંચી ગયા કે જ્યાં આ પીણું સહેલાઈથી મળતું હોય. આમ તો ત્યાં ખાખીવાળાઓ ફરતા હતા. નારદજીને થયું કે આપણે ક્યાંકથી મેળવી અને પીણાનો ટેસ્ટ કરીએ. પરંતુ યમરાજે ના પાડી કે ચિત્રગુપ્તે મને ના પાડી છે. તમે પણ જુઓ લઈ આવો પણ ત્યાં કોઈ પણ પ્રકારનો સ્વાદ કરતા નહીં. એ અર્થમાં બંને વાતને વળગી રહ્યા. ત્યાં લોકોને મળ્યા. આ પીણું મળતું હતું ત્યાં ગયા.

ત્યાં ખાખી ડ્રેસ પહેરેલા માણસો પણ દેખાતા હતા. તેમણે એ ખાખી ડ્રેસવાળાને વાત કરી કે થોડુંક આ પ્રવાહી જોઈએ. થોડા પૈસાની માગણી કરી અને જરૂરી પૈસા આપતાં બંનેને એકેક બાટલા આપી દીધા. તે લઈ બંને જણા પાછા પરલોકમાં આવી ગયા. પરલોકમાં આવ્યા પછી એ પીણું સ્વર્ગ અને નરકના દ્વારપાળોને સાચવવા આપી ત્યાંથી ચિત્રગુપ્તને મળવા માટે કાલે જઈશું, એમ વિચારી છૂટા પડ્યા.

બીજા દિવસે સવારે નારદજી સ્વર્ગ અને નરક પાસેથી પસાર થયા. જોયું તો હોબાળો મચી ગયેલો. તપાસ કરતાં ખબર પડી કે સ્વર્ગના દરવાજા ખુલ્લા હોવાથી નરકવાળા જીવાત્માઓ પણ સ્વર્ગમાં આવી ગયા હતા. ત્યાંના દરવાજા પણ ખુલ્લા હતા એટલે આમથી તેમ જીવાત્માઓ પોતાની રીતે સ્થળાંતર કરતા હતા. અંધેર થઈ ગયું હતું. સ્વર્ગમાં ભીડ વધી ગઈ તેથી હોબાળો મચ્યો હતો. આવું બન્યું કેમ તેની તપાસ કરી તો ગઈકાલે દ્વારપાળોને જે બાટલા આપ્યા હતા તે દ્રાવણનો ટેસ્ટ કરવા માટે તેમણે પેટમાં પધરાવી દીધા હતા. અને તેનાથી તેઓ પોતે હવામાં ઊડતા હોય એમ અનુભવ કરતા હતા. નશામાં ડૂલ થઈ ગયા હતા. તેથી જીવાત્માઓને તક મળી. દરવાજા ખોલી દઈ, બધા જીવાત્માઓ સ્વર્ગ તરફ ગતિ કરતા હતા.

બીજા પહોરે ધીમે ધીમે દ્વારપાળોમાં ભાન આવતું ગયું. દ્વારપાળો પૂરેપૂરા સભાન થયા ત્યારે તો તંત્ર સ્વતંત્ર થઈ ગયું હતું. બધા જીવાત્માઓ સ્વર્ગમાં ચિત્રગુપ્તને મળવા આવ્યા. તો જીવાત્માઓએ "હમારી માંગેં પૂરી કરો, હમારી માંગેં પૂરી કરો" એમ સૂત્રો પોકાર્યાં. "તમારી કઈ માંગો છે ?" એવું જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે જીવાત્માઓએ ધરારસની માગણી કરી. માત્ર દ્વારપાળોએ જ લાભ લીધો.

"અમે સ્વર્ગમાં છીએ. સ્વર્ગમાં તો જે વસ્તુ કલ્પીએ તે તરત જ મળી જાય એવી વ્યવસ્થા છે. પણ હમણાંથી એવું બનતું નથી. અમે આ પ્રવાહી ધરારસ માટે મનોમન ઘણી ઇચ્છા કરી પણ મળ્યું નથી. એટલે અમારી માંગ છે કે આ ધરારસ અમને મળવો જોઈએ." બધા જ વિચારમાં પડી ગયા. નારદજી, ચિત્રગુપ્ત યમરાજ. એમને થયું કે દેવલોકમાં પણ દુર્લભ એવો આ ધરારસ ક્યાંથી લાવવો ! અને અત્યાર સુધી સોમરસ કે સુરા કે વારુણી વગેરે સાંભળ્યું હતું. દેવો અને અસુરો દ્વારા તેનું પાન પણ થતું હતું. પરંતુ આ તો જુદી જ વાત છે. નારદજીને પૂછ્યું કે પૃથ્વી ઉપર આનું શું નામ છે ? તો નારદજીએ કહ્યું કે મેં વર્તમાનપત્રમાં વાંચ્યું હતું તે કહું. 'અમદાવાદમાં લઠ્ઠાકાંડ' યાને તે પીણું 'લઠ્ઠા' તરીકે ઓળખાય છે ! તેમણે ચિત્રગુપ્તને કહી દીધું કે "અહીં તંત્ર અંધેર થયું તેના મૂળમાં આ પ્રવાહી જ હોય તો તમારી માગણીઓ યોગ્ય અને કાયદેસર નથી માટે..." ફરી તંત્ર વ્યવસ્થિત કરી ત્યાંથી અદૃશ્ય થયા.

મહાદેવવાસ, મુ.પો. ખેરોલ,
તા.: તલોદ, જિ.: સાબરકાંઠા - ૩૮૩૨૧૫
મો. ૯૪૨૬૩૬૫૮૦૨

ગુલમહોર

અન્નપૂર્ણા મેકવાન

'ખરા માણસ છો! સુસાઈડ કરવા માટે મારી જ ગાડી મળી હતી!' શબ્દોએ અરવિંદને તંદ્રાવસ્થામાંથી સંપૂર્ણપણે જાગ્રત કરી દીધો. ડૉક્ટર હાથની પલ્સ ચેક કરતાં બોલ્યા. ત્યાર પછી તબિયત અંગેની માહિતી મેળવી, અમુક સૂચનાઓ આપી ગયા.

'અમારા સાહેબ છે. સ્વભાવના ખૂબ જોલી છે, એટલે ખોટું ના લગાડશો.' નર્સે અરવિંદના ચહેરા પરની મૂંઝવણ પારખી દવા આપતાં બોલી.

'હું હૉસ્પિટલમાં છું! મને શું થયું છે?' અરવિંદને આશ્ચર્ય થતું હતું.

'પૂરઝડપે જઈ રહેલી કાર સામે ચાલીને અથડાયા હતા. તમારા સદ્નસીબે એ કાર અમારા સાહેબની હતી, એટલે તમે બચી ગયા.' નર્સે માહિતી આપી અને પછી બીજા દર્દીને જોવા ચાલી ગઈ.

સુસાઈડ અને હું! નર્સને કહેવાનું મન થયું, પરંતુ અરવિંદ મૌન રહ્યો.

એકાએક તેની નજર બારીમાંથી દેખાતા કેસરી ફૂલોથી ઢંકાયેલા ઝાડ પર પડી. ગુલમહોરનું વૃક્ષ સંપૂર્ણપણે ખીલ્યું હતું. તેની છાયામાં બાળકો રમતાં હતાં. સ્ત્રીઓ ટિફિન ખોલીને બેઠી હતી. બાંકડા પર વડીલો વાતોમાં મશગૂલ હતા. ગરમીમાં પણ નિશ્ચિંતતાથી ચાલી રહેલી તેમની પ્રવૃત્તિ અરવિંદ જોતો રહ્યો.

પોતાના ઘરે પણ ગુલમહોર હતો. કૉલેજમાંથી કુંભલગઢના પ્રવાસે ગયો હતો ત્યારે મે મહિનાની આગ વરસાવતી લૂમાં તપસ્વીની જેમ ઊભેલો, કેસરી ફૂલોથી આંખો અને શરીરને શીતળતા બક્ષતો ગુલમહોર જોઈ તેનું દિલ રોમાંચિત બન્યું હતું. પછી તો કિલ્લાના ચોકીદાર પાસેથી માહિતી મેળવી ત્યાંની નર્સરીમાંથી ગુલમહોરનો રોપો લઈ આવ્યો હતો અને આંગણામાં રોપ્યો હતો. પછી તો તે પણ ઘણો ફાલ્યો હતો. પોતાના રૂમમાંથી દેખાતા કેસરી રંગનાં ફૂલો તેના તન-મનને પણ કેસરિયું બનાવી દેતા.

'કેસરી રંગ તેનો પણ પ્રિય હતો!' અરવિંદ આશ્ચર્ય પામ્યો. આટલા વર્ષે તેનું સ્મૃતિમાં આવવાનું કોઈ કારણ ન હતું! પણ આ તો મન હતું. કોણ ક્યારે યાદ આવી જાય, તે નક્કી કોણ કરે? જેની સાથે નેહનો નાતો હોય તે વિસરાઈ જાય અને આવા યાદ આવી જાય.

આવા એટલે કેવા? પ્રતિપ્રશ્ન આવ્યો.

અને તેની સાથેનો પોતાનો નાતો? લાગણીનો કે પ્રેમનો તો ન હતો! એટલું તો તે ચોક્કસપણે કહી શકે. તો પછી તે શું કરવા યાદ આવતી હતી? તેને ગયે તો વર્ષો થયાં હતાં.

અરવિંદે ગુલમહોર પરથી નજર હટાવી. તેની આંખોમાં પીડા ઊપસી આવી.

પોતે સુસાઈડ કરે એવો નબળા મનનો નથી! તેને બૂમ પાડીને કહેવાનું મન થયું.

રાત્રિનો એક વાગ્યો હતો. રસ્તામાં ટાયર પંચર થતાં તથા વરસાદ નડતાં બે કલાક બગડ્યા હતા. નહિ તો અગિયાર-સાડા અગિયાર કે વધુમાં વધુ બાર વાગ્યા સુધીમાં તો ઘરે પહોંચી જાત.

અરવિંદને ખબર હતી કે તેનો નાનો ભાઈ કિરણ તથા તેની પત્ની અનિતા સાડા દસે આવતી સિરિયલ જોઈને સૂઈ જતાં. જોકે મેઈન ગેટને તાળું તો દસ વાગે તેની બા જાતે જ મારીને સૂઈ જતી. તેના પિતા જીવતા હતા ત્યારથી આ નિયમ હતો.

પહેલાં તો મોટી વહુ એટલે કે તેની પત્ની ઘરના બધા દરવાજા ચેક કરતી, પરંતુ તેના ગયા પછી બાના માથે ફરીથી આ જવાબદારી આવી હતી. મોટાભાગે મોડી રાત્રે કોઈ આવતું નહોતું. પિતા હતા ત્યાં સુધી સંબંધીઓ-મહેમાનો આવતા, પરંતુ તેમના ગયા પછી ભાગ્યે જ કોઈ ઓળખીતું આવતું. અને તેમ છતાં રાત્રિરોકાણ કરવા તો લગભગ કોઈ જ નહોતું આવતું.

કૉલેજના છેલ્લા વર્ષમાં હતો ત્યારે પિતાનું અવસાન



થયું. ત્યારથી અરવિંદનો દિવસ સવારે પાંચ વાગ્યે શરૂ થતો. સાત વાગ્યે ટિફિન લઈને ઘર છોડતો અને રાત્રે આઠ વાગ્યે પરત ફરતો. સવાર-સાંજ ટ્યૂશન, ઑફિસ અને ઘર—એ જ તેનું જીવન.

જમીને દસ વાગ્યે પથારી ભેગા થવાનું, પરંતુ ઊંઘવાનું મોડું. ટીવી જોવાની કે મોડે સુધી ફિલ્મો જોવાની ટેવ નહોતી. બસ, એક જ ટેવ—પુસ્તકો વાંચવાની. પુસ્તક હાથમાં લે અને પથારીમાં પડ્યા પડ્યા વાંચે. આ તેની મનપસંદ પ્રવૃત્તિ હતી. તેમાં તે કોઈની પણ ખલેલ ચલાવી લેતો નહીં, ભલે સામે તેની વહાલસોયી બા જ કેમ ન હોય!

વળી, એકવાર પોતાના રૂમમાં જાય પછી સવારે જ બહાર આવે. રાત્રે પેશાબ-પાણી માટે પણ ઊઠવાનું નહીં. અને હવે તો તેમાં પણ નિરાંત હતી. સવારે વહેલા ઊઠવાનું કે ઑફિસનો સમય સાચવવાનો પણ નહોતો. નિવૃત્તિનો આનંદ માણી રહ્યો હતો.

પણ આ નિત્યક્રમમાં ભંગ પડ્યો હતો. થોડા સમયથી રાત્રે બે-ત્રણ વાર, ક્યારેક તો વધારે વાર પેશાબ કરવા ઊઠવાનું થતું. શુગરનો કોઈ પ્રશ્ન નહોતો. યુરિન પણ બરાબર આવતું હતું. પરંતુ વારંવાર ઊઠવાને કારણે ઊંઘ બગડતી. પરિણામે બ્લડપ્રેશર ઊંચું રહેવા લાગ્યું હતું. બાકી હતું તે કૉલેસ્ટરોલ પણ થોડું વધ્યું હતું.

'આ તો બધું થાય. એજ-રિલેટેડ પ્રૉબ્લેમ છે. ચિંતા કરવા જેવું નથી. બસ, થોડું સાચવવાનું.'

જોકે મિત્ર ડૉક્ટરની ટકોરને અરવિંદે ગંભીરતાથી લીધી અને હેલ્ધી ડાયેટની સાથે નિયમિત કસરત શરૂ કરી. તેનાથી વધારાનો ફાયદો એ થયો કે સરખાં રસ-રુચિ ધરાવતા મિત્રો મળ્યા. તેમની સાથે કસરત ઉપરાંત અલક-મલકની વાતો, પ્રવાસો અને પિકનિકના કાર્યક્રમો બનવા લાગ્યા. મિત્રોની કંપની અને ઘરનાં સભ્યોના પ્રેમ-લાગણી એ તેનું જીવન હરિયાળું બનાવ્યું હતું.

આમ પણ અરવિંદની જીવનશૈલી પહેલેથી જ વ્યવસ્થિત. શિસ્તપાલનનો આગ્રહી. એટલે શરીર પણ ચુસ્ત અને તંદુરસ્ત. ડૉક્ટર-મિત્રની ટકોરથી તેમાં વધારો થયો.

પરંતુ રાત્રે પેશાબ માટે ઊઠવું પડતું હોવાથી પરેશાન હતો. ઉપરના માળે તેના અને કિરણના રૂમની વચ્ચે સંડાસ હોવાથી અવારનવાર બારણું ખોલવાના અવાજથી થતી પરેશાની માટે તેને ખરાબ લાગતું. તેનું નિરાકરણ કોન્ટ્રાક્ટર મિત્રે સૂચવ્યું હતું—બાલ્કનીમાં સંડાસ બનાવવાનું.

'એક-બે દિવસમાં કામ શરૂ થઈ જશે.'

અરવિંદને હાશ થઈ હતી.

પોતે કેટલા દિવસથી અહીં હશે?

તેણે ઊઠવાની કોશિશ કરી, પરંતુ જેવો બેઠો થવા ગયો કે માથામાં જોરદાર ઝાટકો આવ્યો. રૂમની દીવાલો ખસતી હોય એવું લાગ્યું. ગભરાઈને તેણે આંખો જોરથી મીંચી અને પાછો પથારીમાં પડ્યો.

સાથે જ સમય પણ પાછળ જવા લાગ્યો.

અરવિંદ તુલસીશ્યામ-દીવના સાત દિવસના પ્રવાસમાંથી એક દિવસ વહેલો ઘરે પાછો આવ્યો હતો. પરંતુ ધાર્યા કરતાં ઘણું મોડું થઈ ગયું હતું. અન્ય મિત્રોને ઘરે પહોંચાડવામાં તથા લાંબું ડ્રાઇવિંગ કરીને મિત્ર પણ થાકયો હતો, એટલે અરવિંદે ચોકડી પર જ ગાડી ઊભી

રાખવાનું સૂચન કર્યું.

'આટલું તો હું ચાલી જઈશ.'

'શ્યોર?'

'હા.'

બસ, દસ મિનિટમાં તો ઘરે.

જોકે બાને ઊંઘમાંથી ઉઠાડવી પડશે, એ વિચારથી અરવિંદે રંજ અનુભવ્યો. અડધી રાત્રે કોઈને તકલીફ આપવાની ગમતી નહોતી. માત્ર ઊંઘની જ વાત નહોતી; પોતાના કારણે ઘરમાં કોઈને અગવડ પડે, તેવું બને ત્યાં સુધી ટાળતો. એટલે તો થોડા સમયથી રસોઈ શીખવાનું પણ શરૂ કર્યું હતું.

અત્યાર સુધી તેના કારણે કોઈને ખાસ તકલીફ પડી નહોતી.

વિચારોમાં જ તે ઘરની પાછળની ગલીમાંથી વળ્યો અને દૂરથી પોતાનું ઘર દેખાતાં, તેની ચાલમાં ઝડપ આવી. પરંતુ ઘરની આગળની બાજુ પહોંચતાં જ તે અચાનક ખચકાઈને ઊભો રહી ગયો.

ઘરની બધી લાઇટો ચાલુ હતી ને ઘર આગળ ગાડીઓ પાર્ક થયેલી હતી જે અન્યત્ર રહેતો નાનો ભાઈ તથા બહેનોની હતી. તેને નવાઈ લાગી.

'આજે આ બધા અહીં! એકઠા થવાના હતા તો મને જણાવ્યું પણ નહીં!'

મન થોડું ગભરાયું.

'આ લોકો પારકા થોડા છે! અમારા દરેકમાં એક મા-બાપનું લોહી વહે છે અને તેમાય બાને, પોતાના સગા દીકરાને અને તેમાંય પાછો હું તો ઘરનો મોટો દીકરો. બાના શબ્દોમાં 'ઘરનો મોભ', 'ઘરનો સર્વેસર્વા' તેને ન જણાવે તેવું બન્યું નથી."

તો પછી કશું અમંગળ તો બન્યું નહીં હોય ને ? ખાસ કરીને બાને તો કશું થયું નહીં હોય ને? ચિંતાએ અરવિંદને ઘેર્યો અને તે દોડતો હોય તેમ ચાલવા લાગ્યો. ને ગાડીઓની વચ્ચેથી જગ્યા કરતો મેઈન ગેટ આગળ આવ્યો. મેઈન ગેટે ફક્ત કડી લગાવેલી હતી તે ઉઘાડીને અંદર આવ્યો, જેથી ત્યાંથી રસોડા તરફ ઝડપથી પહોંચી શકાય.

આમ પણ બાનો પલંગ રસોડા પાસેના બેડરૂમમાં રહેતો. બહેનો આવતી ત્યારે તેમની પથારી પણ ત્યાં જ થતી. ને રાત્રિની બેઠક ત્યાં જ જામતી, જે સવાર સુધી ચાલતી.

આજે પણ...

તેનો અંદાજ સાચો નીકળ્યો. અંદરથી અવાજો આવી રહ્યા હતા. અરવિંદ બૅગ મૂકતો ઝડપથી એ તરફ ચાલ્યો. હર્ષથી બૂમ પાડવા જતો હતો, ત્યાં જ...

'મારો શો વાંક છે, તે તો કહો!'

એ શબ્દો સાંભળતાં જ તે થંભી ગયો.

તે રાત્રે પણ આમ જ મિટિંગ ભરાઈ હતી... અને પોતાના જીવનનો એક હિસ્સો કપાઈ ગયો હતો.

પણ આજે, આટલાં વર્ષે, આ બધું ફરી શા માટે યાદ આવી રહ્યું હતું?

'મેં કહ્યું ને, મારે કશું સાંભળવું નથી. બાની રૂમમાં બધાં ભેગાં થયાં છે. જઈને તારે માફી માગવાની છે.'

'મારા કોઈ વાંક વગર આજે તો હું માફી નહીં જ માગું. બા મોટાં છે એટલે વડીલ તરીકે, ભલે મારો વાંક ન હોય તો પણ તેમની માફી માગું છું. પરંતુ અનિતાની માફી વગર વાંકે શા માટે માગું? મિ. અરવિંદ, બસ, બહુ થયું. હંમેશાં મારો જ વાંક જોવાનો, મને જ નીચાજોણું કરાવવાનું! સંબંધો સાચવવાની જવાબદારી મને એકલીને



જ લખી આપી છે? આ તે ક્યાંનો ન્યાય છે?'

'વાંક હોય કે ન હોય, માફી તો તારે માગવી જ પડશે.'

'એ હવે શક્ય નથી.'

'એમ? એટલે તું બધાની સામે મને નીચો દેખાડવા માંગે છે? એક વાત તારા મનમાં લખી રાખ. મારા માટે મારાં બા અને મારાં ભાઈ-બહેનોનું સ્થાન હંમેશાં પહેલું રહેશે. ત્યાર પછી તારું. મારું કુટુંબ આ છે. આ બધું સ્વીકારવાની તૈયારી હોય તો, નહીં તો...'

સામે બાએ અલ્ટિમેટમ આપ્યું હતું." કાં તો એ, કાં તો હું"

પછી તો સવાર સુધી માથાકૂટ ચાલી હતી. એક બાજુ એક એવી સ્ત્રી હતી, જે બધું છોડીને માત્ર પતિ પરના વિશ્વાસે ઘરમાં આવી હતી.

સામે આખું ઘર હતું. ઘરનો મોટો દીકરો, બા અને ભાઈ-બહેનો. બધાંએ અરવિંદનો જ પક્ષ લીધો હતો. પરિણામે અરવિંદને લગ્નના બંધનમાંથી મુક્તિ મળી હતી. ખરેખર તો તે પોતે એમ માનતો હતો કે હવે તે આઝાદ હતો.

જોકે બહારના લોકો તેની પત્નીના વખાણ કરતા અને અરવિંદની આ મૂર્ખામી બદલ તેને ટોકતા પણ હતા.પરંતુ તેનાથી અરવિંદને કોઈ ફરક પડતો નહોતો. તેનાં પોતાનાં તેની સાથે હતાં! પત્ની તો પારકી હતી!

પણ આટલાં વર્ષે પત્ની યાદ આવવાનું, અને તે પણ આવા કસમયે!

અરવિંદે માથું ધુણાવ્યું. જીવનની જેમ યાદોમાંથી પણ તેને કાઢી નાખવા, ને ત્યાં તો...

"બા તું પણ કશું બોલતી નથી. અરવિંદને તેં જ મોઢે ચઢાવી માર્યો છે. પણ આ વખતે તો તારે તેને કહેવું પડશે. અનિતાની પાછળ પાછળ રસોડામાં જાય, રાત્રે ઊઠીને પતિ-પત્નીની વાતો સાંભળે તે સારું લાગે?" નાના ભાઈ કિરણનો અવાજ સંભળાયો.

અરવિંદનો દરવાજો ખોલવા માટે ઊંચો કરેલો હાથ અટકી ગયો.

"બા તું તો કશું બોલ. આ વખતે તો અરવિંદનું ઉપરાણું ના લેતી. અહીં રહેવું હોય તો પછી સખણા રહેવાનું, નહીં તો પછી બહારનો રસ્તો માપે' સૌથી નાનો ભાઈ ઉશ્કેરાટમાં હતો.

'બાને તો પહેલેથી જ અરવિંદ સિવાય ઘરમાં બીજું કોઈ દેખાતું જ ક્યાં છે? હંમેશાં તેની જ તરફદારી કરતી હોય છે.' તેનાથી નાની બેન બોલી.

'તેની તરફદારી કરે તેનો વાંધો નથી, પણ આવું બધું તો ન ચલાવી લેવાય. અનિતાભાભી પણ કેટલું કરે! બા, તારું તો સમજાય, તું તો સાસુ છે. પણ જેઠનું કરવાનું થોડું ભાભીને લખી આપ્યું છે? તેની વ્યવસ્થા તો અરવિંદે જ કરવી જોઈએ.' વચેટ બેન બોલી.

'કરવાનો તો વાંધો નથી, પણ તેમનાં નખરાં કેટલાં? આ નહીં ને પેલું નહીં. જાણે કે તેમને મારવા બેઠા હોઈએ! તેમની પત્ની હોત તો પણ કદાચ આટલું ન સહન કરે. છતાં હું તો સહન કરું. બિચારાનું આપણા સિવાય કોણ છે! પરંતુ તેમાં આ નવું ઉમેરાયું.' અનિતા બોલી.

અરવિંદના કાન સરવા થયા.

'આ તો કંઈ નવું નથી, ભાભી. તેમની નજર તો પહેલેથી જ આવી છે. મને તો ક્યારની ખબર છે. પણ તમે બધા તેમના વખાણ કર્યા કરો એટલે હું ચૂપ રહી. પણ એટલે જ અહીં આવવાનું ટાળતી હતી કે મારા ઘરે બોલાવતી ન'તી. ક્યારે મારી આબરૂ પર હાથ નાખે' દેરાણીએ જેઠાણીની વાતમાં ટહુકો પૂર્યો.

અરવિંદનો શ્વાસ જાણે કે મુઠ્ઠીમાં આવી ગયો.

'તમારા બધાની વાત સાચી છે. જે પત્નીનો ના બન્યો તે આપણા કોઈનો થોડો થવાનો છે. પરમ દિવસે આવશે પછી બધી ચોખવટ કરી દઈશ. તેને તો આગળ પાછળ કોઈ છે નહીં. ઉપરની પેલી રૂમમાં જીવશે ત્યાં સુધી રહેશે. આમ પણ મારે તો તમારી સાથે રહેવાનું છે. કાલે ઊઠીને મને કશું થશે તો તમે બધાં મારી સેવા કરશો. તે તો એકલો છે તે મારી શું સેવા કરશે. ઊલટાનું મારે તેને બધું કરીને આપવું પડશે. તમે બધાં ચિંતા ના કરશો. હું તમારી સાથે જ છું.'

'વિસ ઇઝ ડિસ્ગસ્ટિંગ!'

ભત્રીજો અને ભાણિયો એકસાથે બોલી ઊઠ્યા.

'ભાભીની વાત સાચી છે. આમ પણ ભાઈના ચારિત્ર્ય માટે લોકો સારી વાત કરતા નથી. ફરવા જવાને બહાને શું કરવા જાય છે તેની લોકોને બધી ખબર છે. મારે તો સાસરીમાં મોં બતાવવું ભારે પડે છે. બૈરી વગર આટલાં

વર્ષ રહ્યાં એટલે...' અરવિંદનું શરીર તંગ થયું.

'...એટલે માણસનું મન તો ભટકે જ ને!'

નાની બહેનનું વાક્ય પૂરું થતાં જ અરવિંદને લાગ્યું કે જાણે કોઈએ તેના કાનમાં પીગાળેલું સીસું રેડી દીધું હોય! દરેક શબ્દ તેના હૃદયમાં ખૂંપી ગયો. મગજ સૂન બની ગયું. તે પાછળ હટ્યો. આંખો સામે અંધારું છવાતા દીવાલનો ટેકો લીધો.

જે ઘર માટે તેણે આખી જિંદગી ખર્ચી નાખી હતી... જે ભાઈ-બહેનોને સંતાનોની જેમ સાચવ્યાં હતાં... તેમની નાની-નાની ખુશીઓને પ્રાધાન્ય આપ્યું હતું.. જે નાની બહેન બાળપણમાં તેના ખોળામાંથી ઊતરવાનું નામ લેતી નહોતી...જે બા માટે પોતાની વ્યક્તિગત જિંદગીનો ત્યાગ કર્યો હતો...એ જ લોકો આજે તેની ગેરહાજરીમાં તેનો ચુકાદો આપી રહ્યા હતા.

એક પળ માટે દરવાજો ખોલીને અંદર જવાની, બધાની સામે ઊભા રહીને જવાબ આપવાની ઇચ્છા થઈ, પરંતુ બીજી જ પળે તેની નિરર્થકતા સમજાઈ... જેઓ વર્ષોથી તેને ઓળખી શક્યા નથી, તેમને હવે કંઈ સમજાવવાનો અર્થ નથી.

તે ધીમે ધીમે પાછો વળ્યો. ઘરની બહાર નીકળતાં તેની નજર અંધકાર ઓઢીને ખામોશ ઊભેલા ગુલમહોર પર પડી. નાભિમાંથી એક ઊંડો નિસાસો રેલાયો.

અને તે ચાલવા લાગ્યો! મનમાં માત્ર એક જ પ્રશ્ન ઘૂમરાતો રહ્યો.

પોતાનું કહેવાય એવું આ દુનિયામાં કોઈ છે ખરું? ને પછી ધૂંધળી બનેલી આંખે સામેથી આવતી કાર દેખાઈ નહીં.

અને પછી...

'તમને બીજો જન્મ મળ્યો છે, અરવિંદભાઈ.'

ડૉક્ટર બોલ્યા. અરવિંદ બારી બહાર ખીલેલા ગુલમહોરને ઘણા સમય સુધી જોતો રહ્યો. ફૂલો ધીમે ધીમે ખરી રહ્યાં હતાં. જીવનમાં કેટલીક પીડાઓ એવી હોય છે, જે ક્યારેય સંપૂર્ણપણે મટતી નથી. પરંતુ તેને વળગી રહેવાનો પણ કોઈ અર્થ નથી. તેણે વિચાર્યું.

ઘરેથી બધાં મળવા આવતાં. પરંતુ કોઈની સાથે વાત કરવાનું મન થતું નહોતું. પ્રેમ અને લાગણીના દેખાડાથી તિરસ્કાર ઊપજતો.

હૉસ્પિટલમાંથી રજા મળ્યાના દિવસે તે સીધો ઘરે જવા ઇચ્છતો નહોતો છતાં ઘરે ગયો ત્યારે સૂર્ય આગ ઓકતો હતો.

અરવિંદે પોતાના રૂમમાં જઈ બૅગ તૈયાર કરી. જરૂરી કાગળો-ચાવીઓ ટેબલ પર મૂક્યાં. બા રૂમમાં પડખાભેર સૂતાં હતાં તેમને પગે લાગી બહાર આવ્યો.

આંગણામાં વર્ષો પહેલાં રોપેલો નાનો છોડ આજે વિશાળ વૃક્ષ બનીને સૌને છાંયો આપી રહ્યો હતો. તેની આડમાં લોહી-પસીનાથી ઊભું કરેલું 'માતૃસ્મૃતિ' ઘરનું નામફલક દેખાઈ રહ્યું હતું.

તેને પિતાના શબ્દો યાદ આવ્યા, "અરવિંદ વૃક્ષનું કામ તો માત્ર છાંયો આપવાનું હોય છે; તેની નીચે કોણ બેસે છે તેનો હિસાબ રાખવાનો નથી. વળી, ગુલમહોર સૌથી વધુ ફૂલો ત્યારે આપે, જ્યારે તેને સૌથી વધુ તાપ સહન કરવો પડે.''

માણસે પણ એવું જ બનવું જોઈએ. જેટલી વધુ વેદના સહે, એટલો વધુ ઉદાર બનતો જાય. એ જ ક્ષણે ડાળ પરથી એક કેસરી ફૂલ તૂટી તેની સામે જમીન પર પડ્યું. આ વખતે તેને દુઃખ ન થયું.

પિતાના અવસાન પછી મોટા દીકરા તરીકે જે જવાબદારી તેના ખભા પર આવી હતી, તે પૂર્ણ થઈ હતી.

તેણે સંતોષથી આંખો બંધ કરી. હૃદયમાં જામેલો ભાર ઓગળવા લાગ્યો. અંદર કંઈક ફરી જીવંત થઈ રહ્યું હતું. આંખોના ખૂણે આવેલાં આંસુ લૂછતો તે આગળ વધ્યો.

સ્વર્ગમ્' ૪૭૩/૨, સેક્ટર-૨/બી,
ગાંધીનગર-૩૮૨૦૦૨. મો. ૯૯૧૩૨૪૪૧૫૦



છત્રી

ડૉ. પદ્મા ત્રિવેદી

માથે તડકો આવવાને હજી ઘણી વાર હતી તોય શનાએ આવતાંવેંત મો...ટી લાલ રંગની છત્રી ફૂટપાથ પર પોતાની કાયમી જગ્યાએ ખોડી દીધી. રોજ કરતાં આજે એ થોડોક વહેલો આવી ગયો હતો.

સવારનો કૂણો તડકો હજી પ્રસરી રહ્યો હતો. સૂરજની અવળી દિશાએ બેસી શનાએ બે ઘડી પીઠ શેકી. ને પછી છત્રી નીચે તેણે બે બક્સા વ્યવસ્થિત ગોઠવ્યા. બે બક્સામાંથી એક બક્સો પતરાનો હતો અને એક લાકડાનો. પતરાના બક્સાનો ભૂરો રંગ ઠેકઠેકાણેથી ઊખડી જઈને પતરાના મૂળ રંગ સાથે ભળી ગયો હતો. એ બક્સા પર મેલડી માનો ફોટો લગાડેલો હતો અને લાકડાના બક્સા પર લક્ષ્મીમાનો ફોટો. શનો વારાફરતી બંને બક્સાને ભાવથી પગે લાગ્યો. ધૂપ -અગરબત્તી કરી. બક્સા પર માથું ટેકવ્યું અને પછી એક પછી એક ઓજારો કાઢવા માંડ્યા.

શનાને આ છત્રી ખૂબ ગમતી. એનો બાપ છેલ્લે છેલ્લે આ જ છત્રી નીચે બેસીને જોડા સીવતો હતો. એની પાકટ આંખો જાડા કાચનાં ચશ્માંમાંથી જૂતાંનો આખો 'કેસ' સમજી લેતી. ધીમી ગતિએ ધ્રૂજતા હાથે જોડા સીવતાં સીવતાં તે પાસે બેઠેલા બંને દીકરા સોમ અને શનાને દુનિયાદારી સમજાવતો જતો; 'તારો બાપ કંઈ ભણેલો-ગણેલો તો છે નહીં ! આપણે કંઈ જમીન-સંપત્તિ જેવુંય નથી. એ તો ભલું થજો મારા બાપા રામાડોહાનું કે મને એમની હંગાથે કામે બેહાડ્યો ને આ કામ શીખવ્યું. એક સમે હું એમની હંગાથ કોથળા પર ભર તાપમાં બેસતો હતો, પછી માથે છત્રી આવી ત્યારથી દા'ડા ફરી ગયા. બે ટંક હખે રોટલાનો ધરવ મળ્યો છે. છત્રી ગમે તેવી હોય તોય આપણી છત્રી કે'વાય. આપણી પરસેવાની કમાણીનો છાંયડો કે'વાય. એની ટાઢક જ જુદી. તમારો બાપ ગરીબ છે પણ તેના બોલમાં જરાય ગરીબી ના મળે. મહિનાની આખર તારીખમાં સો-બસો રૂપિયા ઉછીના લેવા પડે છે એટલું જ ને? બાકી તમે જ કો' ને, દેવાદાર કોણ નથી હોતું આ દુનિયામાં! આપણે બધાંય ઉપરવાળાના દેવાદાર! એક ફેરે રૂપિયાનું દેવું તો ચુકવાઈ પણ જાય પણ એની કુરપાનું ઋણ કોણ ચૂકવી શક્યું છે આ દુનિયામાં? આપણે માથે છત્રીની છાંયા છે, એ જ એની દયા. એને છાંયે છાંયે સુખ છે...'

શનાએ જોયું કે ફૂટપાથની ડાબી બાજુએ થો...ડે દૂર નાનકડું ટોળું ભેગું થવા માંડ્યું હતું. તેને યાદ આવ્યું કે આજે



મંગળવાર છે. ભાજીપૂરીવાળાને આવવાની તો હજી થોડી વાર હતી. ટોળે વળેલી ભૂખી આંખોને જોઈને તેને પણ એકાએક એ તીખી ગંધની યાદ આવી ગઈ. દર મંગળવારે કોઈ દાતા ગરીબ માણસોના ઠામમાં બટાકા-પૂરી વહેંચી જતું. એ જ્યારે નાનો હતો ત્યારે એનેય બટાકાનું રસાવાળું શાક અને હાથના ખોબાથીય મોટી ફૂલેલી પૂરી ખાવાનું બહુ મન થતું. એકવાર પોતે પણ એવા જ એક ટોળા વચ્ચે ઊભા રહીને હાથ ધરી રાખેલો કે બાપાએ પાછળથી આવીને તરત હાથ ખેંચાવી લીધેલો; 'હાથ સાબૂત છે તાં લગી આપણા રોટલા આપણે જ રળી ખાવા... સમજ્યો?' તે દિવસથી તેને સમજાવા માંડેલું કે જાતે રળેલા રોટલાના સુખની તોલે આ દુનિયામાં બીજું કંઈ જ નથી.

લાલ છત્રી નીચે બેસનારો એ બાપ હવે આ દુનિયામાં નહોતો પણ તે છત્રી અને તેનો લીલો લીલો છાંયો તેની પાસે હતો. જે તેના ભીતરને અમીરીથી ભરી દેતો. તેણે આવતા જતા લોકોના પગ સામે જોવા માંડ્યું. શાક વેચનારા, ફળ વેચનારા, નિશાળે જનારા, નોકરીએ જનારા, રમકડાં વેચનારા... કંઈ કેટલાય લોકો રસ્તેથી પસાર થતા રહેતા. જૂતા સાંધતાં સાંધતાંય તેની આંખો અનાયાસે જ લોકોનાં જૂતા ભણી મંડાઈ જતી. જૂતાંની સાથે સાથે થેલાને ચેઈન નાંખવી, ચામડાના પટ્ટા સાંધવા કે તૂટેલી છત્રીઓ રિપેર કરવી વગેરે નાના નાના હુનર પર પણ તે હાથ અજમાવી લેતો. એથી તેને ત્યાં ઠીક ઠીક પ્રમાણમાં આવરોજાવરો રહેતો. સહુથી વધારે આવનારાઓમાં સ્ત્રીઓ અને આધેડની સંખ્યા જ મોટી હતી. આટલા વરસના અનુભવે તે એ તારણ પર આવ્યો હતો કે હડિયાપટ્ટી કાઢતી સ્ત્રીઓનાં ચંપલ એમની ફાટેલી એડી કરતાંય વધારે ઘસાયેલા હોય છે અને આધેડ માણસો જૂતાં ચાલે એટલાં ચલાવવાના મતના હોય છે એટલે જૂની પેઢીને રૂપિયાની જે કદર હતી તેવી કદર નવી ઊછરતી પેઢીમાં નહોતી. શનો એક-એક ટાંકો એટલી સિફતથી લેતો કે જાણે મરવા પડેલા જૂતાંમાં પ્રાણવાયુ ફૂંકી ફૂંકીને એને જીવતું કરવાનું કામ સોંપાયું હોય ! પહેરવાલાયક બની ગયેલાં જૂતાં દેખીને ચમકી ઊઠેલી ગ્રાહકોની આંખો જોઈને શનાને એટલો સંતોષ થતો કે જાણે તેણે કોઈની જિંદગીનો ટુકડો ન સીવી આપ્યો હોય !

'ચાય... કટિંગ ચાય.....'ના અવાજ સાથે જ ચાની કીટલી લઈને ઊભેલા છોટુ ભણી તેનું ધ્યાન ગયું. તેણે ચાની પ્યાલી હાથમાં લીધી અને ઊંડો શ્વાસ લઈ એક લાંબો સબડકો ભર્યો. તેને ફરીથી બાપા યાદ આવ્યા. તે પણ આમ જ બક્સા પૂજન કરીને પહેલું કામ ચાનો ઘૂંટડો ભરવાનું કરતા. તેણે છત્રી તરફ જોયું. બાપાએ માથે છત્રી ધરી રાખી હોય ! ઘણી વાર બાપા પણ આમ જ છત્રી સામે તાકી રહેતા. ભીખ માંગતા લોકોને જોઈને એ ગળગળા સાદે કહેતા; 'જો બેટા ! એ અભાગાઓને માથે ન તો આભ છે ન તો રહેવાને ઓરડી છે. ન કોઈ આરો. આપણી પાસે



કમસેકમ છત્રી તો છે!' કોણ જાણે કેમ પણ એમને આ છત્રી પર કંઈક જુદું જ ગૌરવ થતું.

શનાથી રાત્રે બરાબર ઊંઘાયું નહોતું. અત્યારે એની બેચેની તેને વીંટળાઈ વળી. મોડી સાંજે તેના ઘરનો કંકાસ ભીંતો ફાડીને આખી ભાંગવાડીમાં ગાજ્યો હતો - સોમો એક હાર માટે થઈને ઘરનાં છાપરાં નોખાં કરી નાંખવાની ધમકી આપ્યા કરે તે કેવું?

શનાના આખા શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. તે અજંપ બની ગયો.

વાત જાણે એમ હતી કે શનાથી મોટો ભાઈ સોમો શનાથી પાંચ વરસ મોડો પરણ્યો. એને ઠેકાણે પાડતાં પાડતાં નવનેજાં આવી ગયેલાં. માંદી માએ ખાટલો ઝાલી લીધેલો. બાપા ઢીલાઢસ થઈ ગયેલા. જાણે બાપાના શરીરમાં માંસ નહીં પણ રૂ ભર્યું હોય ! ઘરમાં એક બાપા અને જુવાનજોધ બે છોકરા. કોણ રાંધે ને કોણ સાંધે? એવી હાલતમાં ગામના રવજીએ એની છોકરીનું સામેથી માગું નાંખેલું. પહેલા મોટો... મોટો... ના....ના... ચાલ્યું પછી નાનો તો નાનો.... શનો તો શનો.... બિસાકડી મા ઘયઢે ઘડપણ વહુનું મોં જોતી જાય, એના હાથનું પાણી પીતી જાય, રોટલાના બે કોળિયા હખે ખાતી જાય... એ વાતે શનાનું રવજીની છોકરી સાથે ગોઠવાઈ ગયેલું. સોમાને ઝાળ તો બળી પણ પરિસ્થિતિ જોઈને તે સૂનમૂન બેસી રહ્યો.

મરવાની આગલી રાત્રે માએ પતરાની એક જૂની પેટી ઉતરાવી. ઘરનાં બધાંય કૂંડાળું વળી મરનારના ખાટલા ફરતે ગોઠવાઈ ગયેલાં. કરચલીવાળા હાથે માએ ધીમેથી બચાવી રાખેલી છેલ્લી જણસ હાથમાં લીધી. પેટીમાંથી સોનાનો એક હાર તેણે વહુની હથેળીમાં મૂક્યો. 'સદા સૌભાગ્યવતી રે'જો, દૂધે ન્હાવ' જેવા આશીર્વચન કહેવા મોં ઊઘડ્યું પણ એક હરફ બોલી શકી નહીં. તેની શરીરની ચેતના હણાઈ ગઈ. છેવટે મૂંગા મૂંગા જ નેહ નીતરતી આંખે ખુશ રહેજો એમ કહી નાખ્યું. એની આંખો ઓલવાતી જતી હતી પણ પીળી પડી ગયેલી સોમાની આંખોમાં હજાર સવાલ જાગી ઊઠેલા, જેના કોઈ જવાબ નહોતા.

બીજા દિવસે માનો ખાટલો ખાલી થઈ ગયેલો. દિવસ ઊગતાં જ માની આંખોમાં અંધારું છવાઈ ગયેલું. ખોરડાની ભીંતો હલવા માંડેલી. મા પડી પડી છાપરા વચ્ચેની ફાટને તાકી રહેલી. યમના દેવદૂતો તેને લેવા આવ્યા હશે કે નહીં તે તો રામ જાણે, પણ તેણે ખાટલો છોડી દીધો.

સોમાને રાત-દિવસ માની ઓલવાતી આંખો યાદ આવતી. એ ડૂબી જતી આંખોમાં તરવા માટે તે તરફડિયાં મારતો - શું કહેવું હશે માને છેલ્લે? એ ચૂપ ચૂપ રહેવા માંડ્યો. લાગ જોઈને ભાંગવાડીના ભાઈબંધોએ તેને ઉશ્કેર્યો - 'સંસ્કાર...સંસ્કાર.. કે'તા કે'તા તારા બાપા કોઈ દલ્લો છોડતા ગયા તારે માટે? રામલખનનો જમાનો નો'ય આ. કલિયુગ છે ભઈ. આ જમાનામાં કોઈ કોઈનું ના હોય એ વાત હમજી લે. એક લોહી હોય તંઈએ હગી મા જેવી મા ને હગા બાપ જેવો બાપેય વેરોઆંતરો કરે કરે ને કરે જ. ફૂટપાથ પર બે કોડીના થઈને માથું ભોંયમાં ઘાલી ઘાલી જૂતાં સાંધ્યાં કરવા એ કરતાં તો મારી જોડે મોટી દુકાનમાં રહીને જૂતાં દેખાડવા શું ખોટા?'

સોમાને તેની વાતમાં રસ પડ્યો. તેની હતાશ આંખોમાં એક ચમક ઊતરી આવી. તેણે થોડા ઉત્સાહથી પૂછ્યું, 'કેટલા મળશે?'

- 'કેટલા? અરે ! પગથિયું ચઢતાંની વેંત જ રૂપિયાની આશા નો કરાય. દિવસની બે ચા ને ચાર બીડી મળી જાય બીજું શું ! ને ઉપરથી મફતમાં ટરેન થવા મળે એ ઓછું છે? આ તો શું કે મોટી દુકાનમાં તે'વારના દા'ડામાં ભીડ બઉ રે', શેઠને કાયમી એટલા માણસો રાખવા પોસાય નઈ, તો મને કે'કે એકાદ છોકરાને ટેમ્પરવારી ઝાલી લાય ને! નાસ્તો હો આલીશ... ભાંગવાડીમાં ઢેઢેરો પીટું તો એકના દહ તૈયાર થઈ જાય. આ તો તું ભાઈબંધ તે પહેલો ચાનસ તને. કાલ ઊઠીને આપણે દુકાન કરવી હોય તંઈ હારું પડે. અનુભવનો અનુભવ ને ઉપરથી...' બોલનારની આંખો અને આંગળીઓમાં તોફાન રમતું હતું.

સોમાની આંગળીઓમાં રમતિયાળ સળવળાટ થવા લાગ્યો. એ તરત જ મોટી દુકાને જવા તૈયાર થઈ ગયો. ચા-બીડી અને ગોરી ટાંગના લોભે લોભે એ ભાઈબંધ સાથે એના શેઠની દુકાને જવા માંડ્યો. પણ એ તોફાની આંગળીઓની ગંધ કોણ જાણે ક્યાંથી બાપાના નાકનાં ફોયણાં લગી પહોંચી ગઈ તો તે દિવસે સોમાને છત્રીના ડંડે બરાબરનો માર માર્યો; 'સાલા...અઈ બાપ જોડે બેહતા કાંટા વાગે છે ફૂટપાથ પર? મારા જીવતેજીવ અને મારા મરી જયે બે ભાઈઓ નોખા નઈ પડો.. ખા મેલડી માના સમ.. છત્રી તળે રે'શો તોય હંગાથે ને છોડશો તોય હંગાથે. પારકાંનો શું

ભરોસો? મોટું લોક તો પાંખ આલીને પગ કાપી લે, હમજો જરી... આપણો છાંયો તે આપણો બાકી બધો દોજખનો. આ છત્તરનો છાંયો રાજી રે'શે તો બેયની મોટી દુકાન થશે એક દિવસ...' બાપાની આંખમાં ઝળઝળિયાં તગતગી રહ્યાં. તે દિવસથી સોમો મોટી દુકાનનાં પગથિયાં ચડવાનું ભૂલી ગયો અને શના સાથે છત્રીને છાંયે બેસવા માંડ્યો.

દિવસો વીતી રહ્યા હતા. પંથી જેવી વહુ મળવાથી શનો પોતાને ભાગ્યનો ધણી સમજતો હતો. તેને લાગતું હતું કે પંથી સારા શકનનાં પગલાંવાળી છે. પંથીના પગલે પગલે ઘર નવા અજવાશથી ભરાઈ ગયું હતું. પંથી જેઠના જીવનને અજવાળવા તૂટી મરી. આડોશ-પાડોશ, સગે-વ્હાલે ક્યાંય દોડવામાં કંઈ બાકી નહોતું રાખ્યું. છેવટે એના દૂરના સગાંની એક છોકરીએ હા ભણી. જોકે મિલમાં રોજમદારીએ જતો એક મુરતિયો એની 'હા'ની રાહમાં હતો પણ છોકરીએ મોટા કુટુંબના ગેરફાયદા ગણી નાંખી નુકસાની જોઈ લીધેલી. એમાં કામના ઢસરડા અને ખોટ વધારે હતી. સોમાને ત્યાં તો સાસુ-સસરા કે નણંદની કોઈ 'ઝંઝટ' નહોતી. છો ને સોમો જોડા સાંધતો! જોડામાંથી જોડાઘર ક્યાં નથી બનાવાતું ! નસીબમાં હશે તો ઘર ને દુકાન બેય થશે. ને પોતે મોટી વહુ બનીને જશે તો પંથી પણ દાબમાં રે'વાની. એ વિચારે તેણે તરત 'હા' ભણી દીધેલી.

રતિ પરણીને સાસરે આવી પણ પાંચ પાંચ વરસથી ખોળો ખાલી રહ્યો. જ્યારે પંથી તો પરણ્યાના બીજા જ વરસે સારા દિવસોથી ખીલી ખીલી ગયેલી. પહેલે ખોળે છોકરો અને બીજા ખોળે છોકરી મેળવીને એ ન્યાલ થઈ ગયેલી. એ રીતે અનુભવે તે રતિ કરતાં સહજ રીતે જ મોટી બની ગયેલી. રતિના મનમાં એ વાતનો ખટકો રહેતો પણ છેવટે મેલડી માએ એની પ્રાર્થના સાંભળી એનો ખોળો ભરી



દીધો. એ ખુશીમાં તે દિન-રાત રમમાણ હતી. તેને આઠમો મહિનો જતો હતો. રોટલા જેટલી જ જરૂર તેને માનસિક શાંતિની હતી. પણ ત્યાં જ ઘરનાં વાસણો ખખડવા માંડ્યાં.

હારવાળી વાતે સોમાની વહુને લાગી આવતું. તેણે સોમાના મનમાં ઠસાવી ધીધેલું; હાર પર પહેલો હક મોટી વહુનો જ હોય. તમે બોલવામાં કાચા પડ્યા ને હકની વાતે મોં બંધ રાખ્યું તે ચાલાક સમડી હાર લઈ ઊડી ગઈ. ત્યારે હું નહોતી પણ હવે તો છું ને! હક લઈને રે'વાની. છો લડી લેવું પડે. કાલ કોણે જોઈ છે? પેટે છોકરી જન્મશે તો એને ખપ લાગશે.'

રતિએ વાતનો તણખો ચાંપી દીધો. સાંભળ્યું કે પંથીએ તરત રોકડું પરખાવ્યું ; 'કોને ખબર, તારા પેટે છોકરી નોય અવતરે, છોકરોય જન્મે. માએ આ હાર આપ્યો ત્યારે ઘરમાં વહુ થઈને તો હું જ આવેલી ને પેલ્લી ! માએ 'પેશિયલ પેટી ઉતરાવી દસેય આંગળીઓ માથે મેલીને આશીરવાદ આપીને હાર હાથમાં મેલ્યો છે. કંઈ ચોરી કરીને તો લીધો નથી !'

ઘર અશાંત બની ગયું. અંટસ પડી ગઈ પણ વાત વધારે ન વણસે એટલે બંને ભાઈઓએ મોકળા મને વાત કરી લેવાનું નક્કી કર્યું. એ રાતે વાળુ કરીને બંને ભાઈઓએ ભાંગવાડીના છેવાડે આવેલી કૂઈના થાળે બેસીને ઊંડો નિસાસો નાંખેલો - લગન કર્યે આ જફા ને ! ભીની આંખે શનાએ હાથ લંબાવી સોમાનો હાથ હાથમાં મુકાવી સોગંદ લીધા; 'બૈરીઓ ગમે તેટલાં માથાં અફાડે, બાપના બોલને ભૂલીશું નંઈ. આપણા મનના મણકા તૂટશે નંઈ.... ખા મેલડીના !' ગળગળા સાદે સોમાએ એક નહીં, બે નહીં પણ ત્રણ ત્રણ માના સમ ખાઈ લીધાં; 'મેલડીમાના, શિકોતરમાના ને આપણી હગ્ગી માના સમ... મરતાં લગી એક છાંયે જીવશું.'

બંને નિરાંત જીવે પાછા ફરતા હતા - ન તો ઘર તૂટશે ન તો માળો વીંખાશે. પણ રાત પડી ત્યાં કંકાસે ફરી માથું ઊંચક્યું અને ફરી ભીંતો થથરવા માંડી.

છેલ્લા અઠવાડિયાથી ભીષણ યુદ્ધની સંભાવનાઓ ઠારતો ઠારતો શનો થાકી ગયો હતો.

એ વિચારમાં ને વિચારમાં જ કામ કરતા હાથ ધીમા પડી ગયા હતા. કંકાસની મોકાણમાં ને મોકાણમાં મહિનાથી વકરો ભરેલો ગલ્લો ખાલી કરવાનો જ રહી ગયેલો. શનાએ

આંગળીના વેઢે વેઢે અંદાજિત રકમ આંકી લીધી. કેટલી જોડી જૂતાં સીવ્યાં, કેટલી જોડી સાંધ્યાં, કેટલા થેલાને ચેઈન બેસાડી, કેટલા પટ્ટા રિપેર કર્યા, કેટલા થેલા વેચાયા, કોણ કોણ ઉધાર ચૂકવી ગયું વગેરે વગેરે...

સવારના દસેક વાગવા આવ્યા હશે ત્યાં સોમો આવીને ઊભો રહ્યો. આમેય જ્યારથી રતિને સાતમો મહિનો બેઠો ત્યારથી સોમો મોડો આવવા માંડ્યો હતો. તે મૂંગો મૂંગો શનાની બાજુમાં બેસી પડ્યો. શનાએ રોડની પેલી બાજુ ઊભેલા છોટુને ઈશારો કર્યો અને ચા મંગાવી. બંનેએ ઘૂંટ ઘૂંટ ચા પીધી.

ત્યાં જ પડોશનો છોકરો હડી કાઢતો કાઢતો આવીને ઊભો રહ્યો. તે હાંફતો હતો. સોમા ભણી જોઈને તેણે કહ્યું, 'તમને ઘેર બોલાવે છે.'

સોમાએ ઘર ભણી લગભગ દોટ જ મૂકી.

બપોર ઊતરી રહી હતી. શનો થેલાને ચેઈન નાંખી રહ્યો હતો ત્યાં જ શના પાસે આવીને હસતાં હસતાં સોમાએ કહ્યું; 'લખમી આવી છે. તું કાકો બની ગયો. જા, મોં જોઈ આવ તું ય...'

'તે રોકાઈ જવું'તું ને તાં... કંઈ જરૂર પડે ને..'

'બૈરાં બૈરાંએ હંભાળી લીધું તાં... ભાંગવાડીમાં જાં લગી કાશીડોહી છે તાં લગી નિરાંત છે. આઠમે મહિને જ વેણ ઊપડી ગઈ. ગભરાઈ ગયેલાં ઘરનાં. તંઈ કાશીડોહી આવી ગઈ તે નવનિરાંત. એનાં હાથમાં જશ છે. ભાંગવાડીની અડધોઅડધ વસ્તી એના હાથે બા'ર આવી હશે. ગભરાવા જેવું નથી. ખુશીના હજાર રૂપિયા માંગતી'તી. મેં તો કયું શનાને ખબર આલ્યા વિના કેમનો હરખ કરવો! તે જાતે જ કે'વા આયો, જા, તું ઘેર જઈ આવ. અંઈની ઘરાકી હું હાચવી લઈશ...'

અધૂરું કામ સોમાને ભળાવી શનો હરખમાં ને હરખમાં ઘર ભણી દોડી ગયો. એ પાછો આવ્યો ત્યારે તેના હાથમાં એક પડીકામાં પાંચ-છ જલેબીનાં ગૂંચળાં હતાં. સોમા સામે પડીકું ધરતાં બોલ્યો ; 'હું તો કાકો બની ગયો ને તું બાપો. લે, લે મોં મીઠું કર....'

સોમાએ જલેબીનું એક ગૂંચળું લીધું પણ એનું વીલું મોં જોઈને સોમાને ફાળ પડી - 'શું થયું છે તે આમ સાવ...'

સોમાએ એક આંગળી ઉપર અને બીજી આંગળી બક્સા તરફ કરી છેક ત્યારે શનાને ખબર પડી કે માથે છત્રી નહોતી ને બક્સામાંથી વકરો ભરેલો આખો ગલ્લો ગુમ હતો.

'...આજે બાફ બહુ હતો તે બરાબરનો કંટાળો આવતો હતો. મોટી દુકાને ઈશા પાસે બીડી લેવા નાકાની આગલી ગલીમાં ગયો. તે ઈશલો કે'કે ઘડીક બેસ ને ! આવા ટાણે જોડા હંધાવવા કોણ નવરું હતું.... તે એશીની ઠંડી ઠંડી હવા લેવા પરાણે બેસાડ્યો ને સરત જ ના રહી કે ક્યારે ઝોલું આવી ગયું ને ઊંઘ ખેંચાઈ ગઈ. આવીને જોયું તો છત્રી અને રોકડી બેય ગુમ !'

શનાને માથે જાણે આભ તૂટી પડ્યું. તેના મોં પરનો રંગ ઊડી ગયો. જલેબીના ગૂંચળાવાળું પડીકું હાથમાંથી પડી ગયું.

સોમો અસ્વસ્થ બની ગયો. તેના હાથ કાંપતા હતા. એથી વધારે તો તેના હોઠ કાંપતા હતા.


શનાએ ધ્યાનથી તેની આંખમાં જોયું. સોમાએ આંખો ભોંયમાં જડી દીધી. શનાને ગળે ડૂમો બાઝી ગયો. તેણે તૂટક તૂટક અવાજમાં કહ્યું; 'દુ:ખ એ વાતનું નથી કે આખા મહિનાનો વકરો ગયો પણ દુ:ખ એ વાતનું છે કે માથેથી છત્રી ગઈ...!'

સોમો હજીય નીચી નજરે ભોંય ફંફોસતો ઊભો હતો. શનાની આંખ ભીની હતી. તે ભીના ભીના અવાજે બોલ્યો, 'કાળઝાળ તડકો તો કાલેય આવવાનો છે ને બાફ કાલેય લાગવાનો...'

સામે ઊભેલો દેહ જાણે કે શૂન્યમાં ભળી જતો લાગ્યો.

સોમાએ ઉતાવળા પગલે એકલા એકલા જ ઘર ભણી ચાલવા માંડ્યું અને શનો એકલો એકલો છત્રી વિનાની ફૂટપાથ પર શૂન્ય નજરે આકાશ તાકતો બેસી રહ્યો.

આસી. પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., ઉધના, મગદલ્લા રોડ,
સુરત-૩૯૫૦૦૭. મો. ૯૪૦૯૫૬૫૦૦૫



હૃદયનું સરનામું

પરીક્ષિત જોશી

પહેલી સવાર હતી.

નિવૃત્તિ પછીની અસહ્ય અને અજાણી પહેલી સવાર.

આંખ તો રોજની જેમ જ બરાબર છ વાગ્યે ખૂલી ગઈ હતી; દાયકાઓની ટેવે જગાડી દીધા, એટલે હરિપ્રસાદ પથારીમાં બેઠા થયા. બારણાની ઊભી તિરાડમાંથી પરાવર્તિત થતો ધૂંધળો અજવાળાનો પટ્ટો ઓરડાના ભોંયતળિયે પથરાયેલો હતો. ઓરડામાં એવી અકળાવનારી શાંતિ છવાયેલી હતી કે પોતાનો શ્વાસ પણ કોઈ અજાણ્યા આગંતુક જેવો લાગતો હતો.

તેમણે સહજપણે ભીંત પરની લાકડાની ખીંટી તરફ હાથ લંબાવ્યો. દાયકાઓથી ત્યાં જ તેમની રોજિંદી સાથી—ચામડાની ટપાલ થેલી લટકતી હતી. પણ ક્ષણવારમાં એમનો હાથ હવામાં જ અટકી ગયો.

ખીંટી સાવ ખાલી હતી.

એક પળ માટે હરિપ્રસાદને લાગ્યું કે જાણે પોતાના શરીરનો જ કોઈ અવયવ નિષ્પ્રાણ થઈ ગયો છે. પછી ધીમે ધીમે સ્મૃતિનાં વળગણો ઊકલ્યાં ને ત્યારે યાદ આવ્યું કે હજુ ગઈ કાલે જ પોસ્ટખાતાની સરકારી નોકરીમાંથી સન્માનપૂર્વક વયનિવૃત્તિ મળી હતી.

તેઓ અનિચ્છાએ ઊભા થયા. બહાર આંગણામાં તુલસીનો ક્યારો પ્રભાતના મંદ પવન સાથે ધીમેથી ડોલી રહ્યો હતો. શારદા જીવતી હતી ત્યારે રોજ આ સમયે તુલસીને અર્ઘ્ય આપતી. પાણી સીંચતાં સીંચતાં એ એમના તરફ જોઈને મીઠા હોઠે બોલતી: “હરિ, ચા મૂકી છે. ઠરી જાય એ પહેલાં પી લેજો.”

આજે તુલસીનો ક્યારો ત્યાં જ હતો.

પવનની લહેરખીઓ પણ એવી જ રીતે વહી રહી હતી.

રસોડામાં ચા બનાવવાની પિત્તળની કીટલી પણ એ જ હતી.

જો નહોતો, તો માત્ર એ પરિચિત અવાજ.

હરિપ્રસાદે કૂંડામાં પાણી રેડ્યું. પાણીની ધાર સાથે જાણે એમનું મન પણ ભૂતકાળના વહેણમાં સરકી ગયું.

લગ્નના બીજા જ દિવસે શારદાએ સહજ ભાવે પૂછ્યું હતું: “તમારી ટપાલીની નોકરીમાં સૌથી અઘરું કામ કયું?”

તેમણે ખડખડાટ હસીને કહ્યું હતું: “ચોમાસામાં ધોધમાર વરસાદ વચ્ચે કાગળોને પલળતાં બચાવવા!”

શારદાએ મક્કમતાથી માથું ધુણાવીને કહ્યું હતું: “ના, સાવ ખોટું.”

“તો પછી?”

“કોઈના ઘરે માઠા કે દુઃખના સમાચાર લઈને જવું અને એમના દુઃખમાં સહભાગી થવું.”

હરિપ્રસાદે એ દિવસે એ વાતને હસી કાઢી હતી. પરંતુ વર્ષોના અનુભવ પછી તેમને સમજાયું કે શારદાની વાત સાચી હતી. સુખના સમાચાર લાવનારને જગત ક્ષણિક યાદ રાખે છે, પણ દુઃખની કાળી ઘડીમાં જે માણસ બે મિનિટ આશ્વાસન બનીને બારણે ઊભો રહે છે... એનું નામ માણસના હૃદયમાં કાયમ માટે કોતરાઈ જાય છે.

તેમણે ચા બનાવી. એક કપમાં રેડી. પછી દાયકાઓની ટેવવશ બીજો કપ પણ હાથમાં લીધો. એમાં થોડું દૂધ ઉમેર્યું... અને અચાનક જ એમનો હાથ અટકી ગયો. ચહેરા પર એક વિષાદપૂર્ણ સ્મિત ઊભરી આવ્યું.

“હજુ પણ...” તેઓ સ્વગત બોલ્યા.

બીજો કપ ધોઈને કબાટમાં પાછો મૂકી દીધો. ટેવો પણ કેવી વિચિત્ર હોય છે! માણસના શરીર કરતાં પણ વધારે લાંબું જીવતી હોય છે.

ચાનો કપ લઈને તેઓ બહાર ઓટલે બેઠા. શેરીમાં હજુ સવારની અવરજવર શરૂ થઈ નહોતી. એટલામાં દૂરથી એક સાઇકલની પરિચિત ઘંટડીનો અવાજ સંભળાયો. હરિપ્રસાદના કાન ક્ષણવારમાં સાવચેત થઈ ગયા. ત્રીસ વર્ષથી એમને અનુભવ હતો કે આ અવાજનો એક જ અર્થ—ટપાલ આવી.



સાઇકલ એમના ઘરના ઓટલા સામે આવીને ઊભી રહી. નવયુવાન ટપાલી હતો. સાઇકલ પરથી ઊતરીને તેણે અત્યંત આદરપૂર્વક કહ્યું: “હરિભાઈ... તમારા નામે એક પત્ર છે.”

હરિપ્રસાદે આશ્ચર્ય સાથે કવર હાથમાં લીધું. કવર પર ખૂબ જ સુવાચ્ય અને મરોડદાર અક્ષરોમાં લખેલું હતું: શ્રી હરિપ્રસાદ ગોવિંદલાલ જોશી.

પાછળ મોકલનારનું કોઈ નામ કે સરનામું નહોતું.

હરિપ્રસાદે પત્ર તરફ જોયું અને પછી પોતાની ખાલી હથેળી તરફ. આખી જિંદગી જે હાથોએ બીજાના સરનામે આવતા સુખ-દુ:ખના પત્રો વહેંચ્યા હતા, આજે એ જ હાથમાં જિંદગીમાં પહેલી વાર પોતાના નામે આવેલો પત્ર આવીને ઊભો હતો.

તેમણે પત્ર તરત ન ખોલ્યો. ઓરડાના ટેબલ પર મૂકી દીધો. બાજુમાં શારદાબહેનની કાચની ફ્રેમવાળી તસવીર હતી. ફોટામાં એમની હંમેશની હળવા હાસ્યવાળી છબી સચવાઈ હતી. હરિપ્રસાદ ઘણી વાર વિચારતા—તસવીરમાં મઢેલું માણસનું હાસ્ય ક્યારેય વૃદ્ધ થતું નથી.

“જુએ છે ને?” તેમણે પત્ર સામે ઇશારો કરતાં તસવીર સામે જોઈને ધીમેથી કહ્યું, “આજે મારે નામે પત્ર આવ્યો છે.”

પોતાના જ શબ્દો સાંભળીને તેમને સંકોચ થયો. ઘરમાં હવે કોઈ જવાબ આપનારું નહોતું, છતાં વર્ષોની ટેવ મુજબ તેઓ શારદા સાથે વાતો કરતા રહેતા.

નિત્યક્રમ પરવારી તેમણે ધ્રૂજતા હાથે કવર ખોલ્યું. અંદર એક જ કાગળ હતો, જેમાં માત્ર ચાર લીટીઓ લખેલી હતી:

“પ્રિય હરિભાઈ,

તમને કદાચ હું યાદ નહીં હોઉં. પરંતુ મારા જીવનમાં તમે જે મૂક્યું હતું, તે આજે પણ અખૂટ છે.

જો અનુકૂળ હોય તો આવતા રવિવારે બપોરે ચાર વાગ્યે જૂના રેલવે-સ્ટેશન પર આવશો.

– એક ઋણી માણસ.”

હરિપ્રસાદે પત્ર બે-ત્રણ વાર વાંચ્યો. ત્રીજી વાર વાંચતી વખતે એમની નજર માત્ર એક જ શબ્દ પર અટકી રહી—‘ઋણી’.

તેમણે આખી જિંદગીમાં ક્યારેય કોઈને નાણાં ઉછીનાં આપ્યાં નહોતાં. કોઈની જમીનના દસ્તાવેજમાં સાક્ષી બન્યા નહોતા. કોઈને એવી મોટી આર્થિક મદદ કરી હોય એવું પણ એમની ખાતાવહીમાં નહોતું. તો પછી આ કયું ઋણ?

આખી બપોર એમનું મન કોઈ કામમાં ચોંટ્યું નહીં. સાંજે તેઓ પગપાળા ગામ તરફ નીકળ્યા. નિવૃત્તિ પછી પહેલી વાર તેમને સમજાયું કે રસ્તાઓ પણ માણસની

ચાલ પરથી એની મનોસ્થિતિ ઓળખતા હોય છે.

ગામના ચોક પાસે પહોંચતાં જ ચાની લારી પર બેઠેલા રમેશભાઈએ દૂરથી સાદ પાડ્યો.

“અરે હરિભાઈ! હવે તો નિવૃત્ત થયા, બે ઘડી બેસો. આજકાલ શેની ઉતાવળ છે?”

હરિપ્રસાદ હસ્યા: “ઉતાવળ તો છૂટી ગઈ રમેશ, પણ દાયકાઓની ટેવ હજુ ગઈ નથી.” છતાં રમેશભાઈના આગ્રહવશ હરિપ્રસાદ અટક્યા. બેઠા એટલે ચાનો કપ આપતાં રમેશભાઈએ પૂછ્યું:

“નિવૃત્તિ પછી સૌથી અઘરું શું લાગે છે, હરિભાઈ?”

હરિપ્રસાદ થોડી ક્ષણો ચૂપ રહ્યા. પછી ધીમેથી બોલ્યા: “પહેલાં મારો દરેક દિવસ કોઈકની રાહનો અંત લાવતો હતો... હવે એ જ દિવસ મારી પોતાની રાહ બની ગયો છે.”

રમેશભાઈ પાસે આ વાતનો કોઈ જવાબ નહોતો. ચાની ગરમ વરાળમાં બંનેના સવાલ-જવાબ જાણે બાષ્પ થઈને ઊડી ગયા.

ઘરે પાછા ફરતાં હરિપ્રસાદ જૂની શેરીમાંથી પસાર થયા. એક બંધ અને જર્જરિત ઘર સામે એમના પગ આપોઆપ થોભી ગયા. અહીં વર્ષો પહેલાં એક એકલવાયાં માજી રહેતાં. દર મહિને પરદેશ ગયેલા દીકરાનો પત્ર આવતો. માજીને લગીરેય અક્ષરજ્ઞાન નહોતું. દર વખતે ટપાલ લઈને હરિપ્રસાદ પહોંચે કે એમને જ કહેતાં: “હરિ, તું જ વાંચી સંભળાવ ને!”

પત્ર વાંચી સંભળાવ્યા પછી માજી સાડલાના છેડાથી આંખો લૂછતાં અને દર વખતે લગભગ એકસરખી વ્યાકુળતાથી એક જ પ્રશ્ન પૂછતાં: “બેટા, મારો રામલો ખરેખર મજામાં હશે ને?”

હરિપ્રસાદને ત્યારે એટલું તો સમજાતું કે પત્રમાં લખેલા શબ્દો વિશે આ પ્રશ્ન નહોતો, એ તો માના હૃદયની મમતાનો અવાજ હતો.

તેમણે ધીમેથી બંધ બારણાને સ્પર્શ કર્યો. સમય જતાં એવાં કેટલાંય ઘરોનાં બારણાં આજે સદા માટે બંધ થઈ ગયાં હતાં, પણ એ ઘરોમાં વિતાવેલી પળોની હૂંફ હજીયે એમના મનના કોઈક ખૂણે જીવંત હતી.

*

ઘરે આવીને એમણે પત્ર ફરી વાંચ્યો.

આ વખતે તેમના મનમાં એક ઊંડો વિચાર ઝબક્યો: “માણસ પોતે જે ભલાઈ કરે છે, એ કદાચ પોતે ભૂલી જાય છે; પણ જેની સાથે એ ભલાઈ થઈ હોય છે, એને આખી જિંદગી યાદ રહી જાય છે.”

બહાર અંધારું ઘેરાઈ ગયું હતું. ઓરડામાં માત્ર શારદાના ફોટા આગળનો દીવો ટમટમતો હતો. હરિપ્રસાદે પત્ર ફોટા પાસે મૂકી દીધો અને ધીમેથી બોલ્યા: “શારદા... રવિવારે મારી સાથે આવજે હોં!”

દીવાની જ્યોત સહેજ ધ્રૂજી, જાણે ઘરમાં ફરી એકવાર શારદાની નિઃશબ્દ સંમતિ ઊતરી આવી હોય!

*

રવિવારે બપોરે હરિપ્રસાદ ઘેરથી થોડા વહેલા નીકળી ગયા. ઘડિયાળમાં હજુ અઢી વાગ્યા હતા અને મુલાકાતનો સમય ચાર વાગ્યાનો હતો. પરંતુ કેટલીક મુલાકાતો એવી હોય છે જ્યાં સમય કરતાં વહેલું પહોંચવામાં જ મનની તૃપ્તિ હોય છે.

રસ્તો બહુ લાંબો નહોતો, છતાં તેઓ શાંતિથી ચાલતા રહ્યા. ગામની સીમ પાસેનું વડનું ઘટાદાર ઝાડ આવ્યું એટલે અજાણતાં જ એમના પગ થંભી ગયા. વર્ષો પહેલાં



એક કાળઝાળ ઉનાળાની બપોરે તેઓ અહીં થાકીને ઊભા રહ્યા હતા. ટપાલની થેલી છલોછલ ભરેલી અને ભારે હતી. એ વખતે બાજુના ખેતરમાંથી એક ગરીબ ખેડૂત તાંબાનો લોટો ભરીને ઠંડું પાણી લાવ્યો હતો અને બોલ્યો હતો: “હરિભાઈ, પહેલાં થોડું પાણી પી લો... સમાચાર તો પછીય આખું ગામ સાંભળશે.”

હરિપ્રસાદને આજે સમજાયું—એ દિવસે એ ખેડૂતે માત્ર પાણી નહોતું પાયું, પણ એણે માનવતા અને સ્નેહનું સિંચન કર્યું હતું.

જૂનું રેલવેસ્ટેશન સામે દેખાયું. પાટા પર કાટ ચડી ગયો હતો અને સિમેન્ટના પ્લેટફૉર્મની તિરાડોમાંથી પીપળાના નાના છોડ ઊગી નીકળ્યા હતા. જાણે સમય પણ આ અવાવરું જગ્યાએ આવીને અટકી ગયો હતો.

હરિપ્રસાદ પ્લેટફૉર્મની એક જૂની લાકડાની બેંચ પર બેઠા. બરાબર ચાર વાગ્યા.

એટલામાં પ્લેટફૉર્મનાં પગથિયાં ચડીને એક સ્વચ્છ સફેદ કપડાં પહેરેલો મધ્યવયસ્ક માણસ પોતાની દસેક વર્ષની દીકરી સાથે તેમની સામે આવીને ઊભો રહ્યો.

“હરિભાઈ?”

“હા, ભાઈ.”

એ માણસે બંને હાથ જોડ્યા. દીકરીએ હરિપ્રસાદના ચરણસ્પર્શ કર્યા. એ માણસની આંખોમાં વર્ષોજૂનો અહોભાવ અને આદર સરી રહ્યા હતા: “હું જ તમને મળવા માટે આ પત્ર મોકલનાર માણસ છું.”

હરિપ્રસાદે હળવું સ્મિત કર્યું: “બેસો ભાઈ.”

બંને બેંચ પર બેઠા. થોડી ક્ષણો સુધી બંને વચ્ચે ગહન મૌન છવાયેલું રહ્યું. એ મૌનમાં કોઈ અજાણપણું નહોતું, જાણે બે આત્માઓ શબ્દો બોલતાં પહેલાં સ્મૃતિઓના તાણાવાણા વણી રહ્યા હોય!

એટલામાં પ્લેટફૉર્મના બીજા છેડેથી એક માજી ધીમે ધીમે લાકડીના ટેકે ચાલતાં આવ્યાં. હાથમાં જૂની કાપડની થેલી હતી. તેમણે હરિપ્રસાદને બેંચ પર બેઠેલા જોયા. એક ક્ષણ માટે અટકી ગયાં, પછી ધીમેથી આગળ વધ્યાં: “તમે... આપણા ગામના હરિ ટપાલી ને?”

હરિપ્રસાદ ત્વરાથી ઊભા થઈ ગયા: “હા, મા!”

માજીએ પોતાના કંપતા હાથ હરિપ્રસાદના હાથમાં લઈ લીધા: “મને થતું હતું કે હું કદાચ જીવતેજીવ તારો આભાર નહીં માની શકું.”

હવે હરિપ્રસાદના ચહેરા પર વિસ્મય અને આશ્ચર્યના ભાવ સ્પષ્ટ હતા. તેમણે પેલા પત્ર મોકલનાર ભાઈ તરફ જોયું: “ભાઈ, આ માજી...?”

એ માણસે નમ્રતાથી જવાબ આપ્યો: “હરિભાઈ, મને ખબર નહોતી કે માજી પણ અહીં આવશે... પણ કદાચ, એ પણ મારી જેમ જ તમારા ઋણનો ભાર હળવો કરવા આવ્યાં હશે.”

પ્લેટફૉર્મ પર ફરી શાંતિ છવાઈ ગઈ. દૂરથી પવનની લહેરખી આવી અને જૂના પાટા વચ્ચે પડેલું એક સુકાયેલું પાંદડું સહેજ સરક્યું.

પેલા ભાઈએ પોતાના ખિસ્સામાંથી એક ઝાંખો પડી ગયેલો જૂનો ફોટોગ્રાફ અને કવર બહાર કાઢ્યાં. માજીએ પોતાની થેલીમાંથી એક વર્ષોજૂનું પીળું પડી ગયેલું પોસ્ટકાર્ડ કાઢ્યું. બંને જણાંએ એ વસ્તુઓ હરિપ્રસાદના ખોળામાં મૂકી.

હરિપ્રસાદ એક પછી એક વસ્તુને અડીને જોવા લાગ્યા.

ક્યાંક તેમના પોતાના જ હાથના અક્ષરો હતા,

ક્યાંક એમની ટૂંકી સહી હતી,

તો ક્યાંક તારીખનો ગોળ સિક્કો હતો.

પરંતુ પ્રસંગો... પ્રસંગો સમયના ધુમ્મસમાં સાવ ઝાંખા થઈ ગયા હતા.

તેમણે ધીમેથી માથું ઊંચું કર્યું: “ભાઈ... મને આમાંથી કશું જ યાદ નથી આવતું.”

માજીએ વાત્સલ્યસભર શાંતિથી કહ્યું: “બેટા... જે માણસ સાચી માણસાઈ કરે છે ને, એ ક્યારેય એનો હિસાબ કે ચોપડો રાખતો નથી.”

હરિપ્રસાદની અશ્રુભીની આંખોમાંથી આંસુનું એક ટીપું સરીને પેલા જૂના પોસ્ટકાર્ડ પર પડ્યું. એ આંસુ કોઈ દુ:ખ કે પસ્તાવાનું નહોતું, પણ કદાચ આખી જિંદગી પછી પહેલી વાર પોતાની સાર્થકતાને બીજાની અણમોલ આંખોમાં જોવાની અનુભૂતિનું હતું.

અને એ અવાવરું પ્લેટફૉર્મ પર બેઠેલા સૌ માનવીઓને એ ક્ષણે સમજાઈ ગયું કે — માણસના જીવનમાં સૌથી લાંબો અને કઠિન પ્રવાસ, એક હૃદયથી બીજા હૃદય સુધી પહોંચવાનો હોય છે.

એ પછી પ્લેટફૉર્મ પર કોઈએ ઉતાવળ ન કરી.

માજી ગળગળાં થઈને બોલ્યાં : “મારો દીકરો આફ્રિકામાં કમાવા ગયો હતો. એના પત્રો તું જ મને વાંચી સંભળાવતો. છેલ્લો પત્ર આવ્યો ત્યારે મારી આંખનું તેજ સાવ જતું રહ્યું હતું. તેં પત્ર વાંચ્યો... અને પછી મારો હાથ પકડીને ઘણો સમય મારી બાજુમાં મૂંગો બેસી રહ્યો. એ દિવસે મને પત્રના શબ્દો કરતાંય વધારે તારા મૌનનો ટેકો યાદ રહી ગયો હતો.”

પેલા માણસે દીકરીના માથે હાથ મૂકતાં હળવેથી ઉમેર્યું : “હરિભાઈ, આ ફોટામાં દેખાય છે એ હું જ છું—જે શાળામાંથી ભાગી ગયો હતો. પિતાજીના મારના ડરથી હું ઘરે જતો નહોતો. તમે આખી બપોર મને પંચાયતના ઓટલે બેસાડી રાખ્યો, તમારી રોટલીમાંથી અડધી રોટલી ખવડાવી. સાંજે મારા બાપુને બોલાવીને એટલું જ કહ્યું હતું— ‘પહેલાં એને વ્હાલથી ભેટો, નાસ્તોપાણી કરાવો... ગુસ્સો પછી નિરાંતે કરજો.’ એ દિવસે મારા કઠોર પિતાજી પહેલી વાર મારી સામે રડ્યા હતા. આજે હું જે કંઈ સારો માણસ અને સારો પિતા બની શક્યો છું, એ તમારા એ શબ્દોને આભારી છે.”

હરિપ્રસાદના હોઠ ધ્રૂજી રહ્યા હતા. તેઓ કહેવા માગતા હતા : “મને આમાંનું કશું જ યાદ નથી...” પરંતુ હવે એ વાક્ય બોલવાની કોઈ જરૂર જ નહોતી; કારણ કે સામે બેઠેલા લોકોની આંખોમાં એમનું આખું જીવન સચવાયેલું હતું.

*

થોડી વાર પછી સૌ ઊભા થયા. કોઈએ યાદગીરી તરીકે ફોટો ન પાડ્યો, કોઈએ નવા ઘરનું સરનામું ન પૂછ્યું કે કોઈએ ફોનનંબરની આપ-લે ન કરી. જાણે બધાને અંતરથી ખબર હતી કે આ મુલાકાતનો પાયો કાગળ કે નંબર પર નહીં, પણ હૃદયના આંતરિક સંબંધ પર ટકેલો છે.

વિદાય લેતાં પહેલાં પેલા ભાઈએ માત્ર એટલું જ કહ્યું: “હરિભાઈ... આજે અમે તમારો આભાર માનવા નહોતા આવ્યા, પણ તમારી નિષ્કામ સેવા દ્વારા અમારા જીવનની એ ખોવાયેલી ક્ષણો અને માણસાઈને ફરી મળવા આવ્યા હતા.”

સાંજનો સુવર્ણ રંગ ઢળતાં જ હરિપ્રસાદ ઘરે પહોંચ્યા. ઘરમાં પ્રવેશતાં જ એમની નજર ભીંત પરની ખાલી ખીંટી પર ગઈ. તેમણે ખૂણામાં પડેલી જૂની લાકડાની પેટી ખોલી. અંદરથી પોતાની ત્રીસ વર્ષ જૂની ચામડાની થેલી બહાર કાઢી. એના પર જામી ગયેલી ધૂળને વહાલથી ઝાપટી. એક ક્ષણ માટે એને પોતાના ખભે ચડાવી અને અરીસા સામે ઊભા રહ્યા.

સામે કોઈ સરકારી ટપાલી નહોતો. સામે એક એવો અનુભવી વૃદ્ધ માણસ ઊભો હતો, જેને આજે જિંદગીના આરે પહોંચીને પહેલી વાર પોતાની નોકરી અને જીવનનો સાચો અર્થ સમજાયો હતો.

તેમણે થેલી ખભા પરથી ઉતારી. પેટીમાં મૂકવા હાથ લંબાવ્યો... પણ અચાનક અટકી ગયા.

આ વખતે તેમણે થેલીને પેટીમાં બંધ ન કરી, પણ ભીંત પરની એ જ પરિચિત ખીંટી પર સન્માનભેર ટાંગી દીધી—જ્યાં દાયકાઓથી એનું સ્થાન હતું.

એટલામાં બહાર બારણે હળવો ટકોરો પડ્યો. હરિપ્રસાદે દોડીને બારણું ખોલ્યું. શેરીનો એક નાનો છોકરો ઊભો હતો :

“હરિદાદા... આપણા ગામમાં આવેલા નવા ટપાલી કાકાને એક ઘર મળતું નથી. એમને રસ્તો બતાવો ને!”

હરિપ્રસાદે સહજ ભાવે ભીંત પરની ખીંટી તરફ જોયું. પછી છોકરા સામે જોઈને એમનો ચહેરો એક પવિત્ર સ્મિતથી ખીલી ઊઠ્યો:

“ચાલ બેટા, હું બતાવું...”

બંને જણા સંધ્યાના ગુલાબી અજવાળામાં શેરી તરફ નીકળી પડ્યા. આથમતા સૂરજ સાથે હરિપ્રસાદની ચાલ ધીમી હતી, પણ હવે એમના મનમાં ક્યાંય પહોંચવાની કોઈ ઉતાવળ નહોતી. કારણ કે આજે તેઓ એક સનાતન સત્ય જાણી ગયા હતા—કેટલાંક સરનામાં માણસ આખી જિંદગી પોતાની સજ્જનતા અને માનવતાથી બીજાના હૃદય પર લખતો હોય છે...

અને એવા સાચા સરનામે મોકલેલી પ્રેમની ટપાલ ક્યારેય સરનામા વગર પાછી ફરતી નથી!

૬, તપસ્વી જલારામ સોસાયટી,
રામતીર્થ સોસાયટી પાસે,
જ્ઞાનદા બસ સ્ટૅન્ડ, જીવરાજ પાર્ક માર્ગ,
વેજલપુર, અમદાવાદ
મો. ૯૦૯૯૦૧૬૨૬૧



જે કર ઝુલાવે પારણું...
નિખિલ પીલોજપરા
મો. ૯૮૭૯૮૩૬૮૬૬

ચિત્રાંકન
અશોક ખાંટ
મો. ૯૮૭૯૬૫૦૬૭૫


મરખે મરખી સાહેલડી
પશાભાઈ મકવાણા
મો. ૭૬૦૨૫૩૩૭૫

પંખી ચોર
દીપક ચમાર
મો. ૯૯૦૪૩૦૦૩૬

ખળભળાટ

ઉત્તમ મેવાડા

ખળભળાટ તો ત્યારે મચી ગયો જ્યારે હૈદરાબાદ પોલીસ અકાદમીમાંથી નવી નવી તાલીમ લઈ એક નવયુવાન આઇપીએસે તાજા પ્રોબેશનર એસીપી બનીને નાના શહેરની પોલીસ કચેરીમાં આવતાંવેંત જ વર્ષોથી વણઉકલ્યા ગુનાઓની છેલ્લી સ્થિતિ અને એના ઉકેલની દિશામાં તંત્રે કરેલી તપાસ કામગીરી પર ધારદાર સવાલોની ઝડી વરસાવી!

લાલ-ઉદી ફરતી લાઇટવાળી મહેન્દ્ર જીપ સરકારી ગેસ્ટહાઉસમાંથી ઊપડી ત્યારે થાણામાં સંદેશો આવી ગયો કે નવા સાહેબની ગાડી નીકળી છે. નવા સાહેબના સ્વાગતમાં હાથમાં મોંઘાદાટ ગુલદસ્તાઓ લઈને રાહ જોઈ ઊભા રહેલા પોલીસ અધિકારી, એસએચઓ અને જવાનો બધા જ શિસ્તમાં આવી ગયા. બધાએ પોતપોતાનાં ગણવેશ અને ટોપીઓ સરખાં કર્યાં. ખભા પરના સ્ટાર્સ અને છાતી પર લાગેલી પોતપોતાના નામની પટ્ટીઓ સરખી કરી લીધી. જેમની ફાંદ દેખાતી હતી એ જવાનોએ પિત્તળના મોટા બક્કલવાળા ચામડાના પહોળા પટ્ટાઓને ઉપર ખેંચી ઊંડા શ્વાસ ભરી લીધા. આમ તો એમના માટે આ એક આમ બાબત હતી. અનેક અધિકારીઓનું તેઓએ આમ જ સ્વાગત કરેલું.

થાણાના તૂટેલા લોખંડના મુખ્ય દરવાજાને અઢીને ઊભેલા સિપાહીએ અદબભેર સલામ મારી ત્યાં ગાડીએ થાણાના સંકુલમાં પ્રવેશ કર્યો. એક જવાન સિપાહીએ ગાડીનો દરવાજો ખોલ્યો અને વૅક્સથી ચમકતા સિંદૂરિયા રંગના બૂટ અને હાથમાં સીસમની કાળી સોટી સાથે એસીપી ગાડીમાંથી નીચે ઊતર્યો.

આજે ફરી, વધુ એક વાર, હસતા મોંએ ગુલદસ્તા અર્પણ કરીને બધાએ 'વેલકમ, સર' કહીને નમીને નવા સાહેબને મીઠો આવકાર આપ્યો.

એકાદ ગુલદસ્તાને હાથમાં ફેરવતાં ફેરવતાં નવયુવાન એસીપીએ આવતાંવેંત જ સીધી જ કામની વાત કરી. કહ્યું; 'મને આ થાણાની હદમાં જે ગુનાઓ નોંધાયેલા છે અને વર્ષોથી વણઉકલ્યા છે એ તમામની છેલ્લી સ્થિતિ અને એના ઉકેલની દિશામાં તંત્રે લીધેલાં પગલાં, કરેલા પ્રવાસ, ગુનેગારો અને સાક્ષીઓની તપાસ-ઊલટ તપાસ ડાયરીની વિગતો જોઈએ, હમણાં જ. ડિજિટલ નોંધણી રજિસ્ટર જાળવવામાં આવતું જ હશે!'

ખળભળાટ મચી ગયો થાણામાં. રજિસ્ટર મુજબ કેટલાક ગુનાઓની તપાસ ઝડપથી ચાલતી હતી, પણ કેટલાક ગુનાઓની સ્થિતિ વર્ષોથી એની એ જ હતી; 'વધુ તપાસ ચાલે છે;' 'પુરાવા મેળવવામાં અડચણો છે; સાક્ષીઓ ફરી ગયા છે;' જેવી નોંધ કેટલાક કિસ્સાઓમાં કરવામાં આવેલી હતી. તો ક્યાંક સામાજિક દબાણો કે રાજકીય દખલને કારણે ચોપડા પર એનો સત્વરે ઉકેલ આવતો ન હતો.

નવા-સવા એસીપી બનેલા આઇપીએસ પાસે લાંબી ભાવિ કારકિર્દી હતી અને સિનિયર મિત્રોની વ્યાવસાયિક સલાહ મુજબ 'તપાસમાં ઝડપ લાવો, જરૂર પડે બે માણસો વધુ લગાવો.'ની કડક સૂચના આપી ગુના નોંધણી રજિસ્ટર પર નજર ફેરવવા લાગ્યો.

એસએચઓ સામે રજિસ્ટર ફેંકતાં એસીપીએ એમની ઊલટતપાસ શરૂ કરી. એક નંબર બોલીને કહ્યું; 'આ કેસની તારીખ જુઓ. શું તપાસ કરો છો એની? કેમ એનો કોઈ નિકાલ લાવતા નથી? કેટલો જૂનો છે; દેખાય છે ને, તમને?'

'હા, સાહેબ, નવ વર્ષ થવામાં છે. આપઘાતનો પ્રયાસ કરવાનો કેસ છે એક છોકરા પર.' એસએચઓએ શાંતિથી જવાબ આપ્યો.

'હવે તો એને છોકરો ન કહો, યુવાન થઈ ગયો હશે, નવ નવ વર્ષ કેસ ચાલતો હોય અને તમે એનો નિવેડો લાવી નથી શકતા!' અધિકારીએ એસએચઓને ગૂંચવવા નવો પ્રશ્ન ઊભો કર્યો.

'જી, સાહેબ, તપાસ ચાલુ છે.'

'એવું તે શું કારણ છે, કે હજુ તપાસ પૂરી નથી થઈ? એ કોઈ અમીર ઘરનું ફરજંદ છે? કે પછી કોઈ રાજકીય દબાણ છે? નિકાલ લાવો જલદી એનો.' એસીપી તાડૂક્યા.

એ વખતે પોલીસસ્ટેશનના ફોનની ઘંટડી રણકી. એસએચઓએ ફોન ઉપાડ્યો. સામે છેડેથી અવાજ સંભળાયો; 'સાહેબ, આજે ફરી એ ભાનમાં આવ્યો છે, તમે આવી જાઓ.'

ફોન મૂકી એસએચઓએ અદબની મુદ્રામાં ઊભા રહી સલામ કરી, 'સાહેબ' કહી અધિકારી સામે ઊભો હતો એ એસીપીએ આડી નજરે જોયું. ઇશારાથી પૂછ્યું; 'બોલો; શું છે?'

'તપાસમાં જવું પડશે, ઝડપથી.'

'શું થયું?'

'સાહેબ, પેલો છોકરો, સોરી પેલો યુવાન આજે ફરી ભાનમાં આવ્યો છે.'

'ફરી ભાનમાં આવ્યો છે એટલે?'

'સાહેબ, એ આપઘાતના પ્રયાસ પછી આઠ વર્ષથી કોમામાં છે. એ સાચું, પણ ક્યારેક ક્યારેક ભાનમાં આવે છે.'

'એ ક્યારે ભાનમાં આવે છે?

'સાહેબ, એ નક્કી કહેવાય નહીં. આઠ વર્ષથી આમ જ અચાનક દવાખાનેથી ફોન આવે છે અને અમે દોડીને જઈએ છીએ. પણ થાય છે એવું કે ત્યાં પહોંચીએ ત્યાં સુધીમાં એ પાછો કોમામાં જતો રહે છે. એના પિતા પણ ખૂબ હેરાન થાય છે એને જોઈને.'

એસીપીનો રોફ ઊતરવા લાગ્યો. એ વિચારવા લાગ્યો.

'સાહેબ, જેમ બને તેમ હું ત્યાં પહોચું તો એની સાથે કદાચ આજે વાત થઈ શકે' એસએચઓ અદબ સાથે ફરજનિષ્ઠા દર્શાવતાં સાવધાન થઈને રજા માંગતો હોય એમ બોલ્યો.

એસીપીએ વિચાર્યું; આમ અચાનક ભાનમાં આવે છે તો હું પણ જઈને જોઉં તો ખરો; શું કેસ છે એનો. ટેબલ પર સામે આડો પડેલો સીસમનો કાળો દંડો હાથમાં લઈ એમણે એસએચઓને કહ્યું; 'ચાલો હું પણ આવું છું, તમારી સાથે.'

એસએચઓએ જીપ જાતે ચલાવી અને એસીપીને લઈને જીપ પોલીસ થાણાની બહાર નીકળી.

'ક્યાં જવાનું છે?'

'સરકારી દવાખાને.'

શહેરના ખાડાખડિયાવાળા માર્ગ પર એસીપીની ગાડી દવાખાના તરફ ભાગતી હતી. ટ્રાફિકને દૂર કરવા એસએચઓ ગાડીનું હૂટર વગાડ્યે જતો હતો. થોડીવારમાં જ દવાખાનાના દરવાજે ગાડી પહોંચી. લોકોની આવનજાવનને કારણે દરવાજા વચ્ચે ભીડ હતી. ગાડીને કમ્પાઉન્ડમાં અંદર જવાનું હોઈ એસએચઓએ હૂટરની સ્વીચ પર હાથ મૂક્યો, ત્યાં એસીપીએ એને અટકાવ્યો અને કહ્યું; 'દવાખાનું છે,

સાયલન્ટ ઝોન કહેવાય. હૂટર નહીં વગાડવાનું અહીં. દરદીઓને ખલેલ પડે.'

વાહન ચલાવતા એસએચઓને પહેલીવાર લાગ્યું કે નવા આવેલા સાહેબ સાઇરન વગાડી લોકો પર રોફ જમાવવાનો એનો હક છીનવી રહ્યા છે. એ જવાબ આપવા જતો હતો ત્યાં એને યાદ આવ્યું કે, આ તો નવાનવા આવ્યા છે અને ક્યાંક ખોટું લાગશે તો એને ધમકાવી નાખશે. એટલે, સહેજ ક્ષોભ સાથે બોલ્યા વગર એણે ગાડીને અંદર લીધી.

એસીપીએ ઊતરીને દવાખાનાના મકાનને એક લાંબી નજર નાખી ધ્યાનથી નીરખ્યું. એસએચઓને મનમાં થયું; સાહેબ આટલું ધ્યાનથી મકાનને જોઈ રહ્યા છે તો કદાચ દરેક ચીજને જોવાની, નિહાળવાની, નિરીક્ષણ કરી તપાસની શરૂઆત કરવાની એમની રીત હશે. સાહેબની સ્ફૂર્તિ જોઈને એને લાગ્યું કે, સાહેબ ચોક્કસ આ જૂના કેસનો ઉકેલ લાવીને જ રહેશે. એ ખુશ થયો અને સાહેબની પાછળ પાછળ અદબ રાખીને ચાલ્યો. એસીપીએ દવાખાનામાં પ્રવેશ કર્યો. દર્દીઓ, એમની સાથેના સગાંવહાલાં, સ્ટાફની હરકતો, સવલતો બધું જ નિરીક્ષણ કરતાં કરતાં એ કાળી સીસમની લાકડીથી સુપરિન્ટેન્ડન્ટની ચેમ્બરના બારણાં પર ટકોરા મારી અંદર પ્રવેશ કર્યો. દાક્તરે એમને આવકાર આપી બેસવા કહ્યું. પછી, દાક્તર એકદમ ઊભા થયા અને કહ્યું; 'ચાલો, પહેલાં તો આપણે પેલા યુવાનને મળી લઈએ. એ હજુ ભાનમાં છે.' યુવાનને મળે એ પહેલાં એસીપીને દાક્તર સાથે કેટલીક ઔપચારિક વાતો કરવી હતી, પણ દાક્તરે પોતાની ફરજ નિભાવતા હોય એમ સીધા જ દર્દીને મળવાની વાત કરી દીધી. યુવાન હજુ ભાનમાં છે એ વાતે એસીપી એમની સાથે ચાલ્યો.

દાક્તરે એક અલાયદા ઓરડા આગળ જઈને ઊભા રહી એસીપીને ઓરડામાં નજર નાખવા કહ્યું. એસીપીએ દરવાજાને લાકડીથી સહેજ ધક્કો મારી ખોલીને અંદર જોયું તો એક યુવાન ખાટલા પર સૂતો છે. યુવાનના માથા બાજુ અસ્તવ્યસ્ત વસ્ત્રોમાં એક પ્રૌઢ વ્યક્તિ ઊભી હતી અને એની સાથે વાતો કરતી હોય એમ એને લાગ્યું.

દાક્તરે હળવેથી વાત કરી. 'એ એના પિતા છે. ડૉક્ટર છે, હમણાં જ નિવૃત્ત થયા છે. સરકારે એમને પુન: નિમણૂક આપી છે. રોજ આવે છે અને એની સારવારમાં અમને મદદ કરે છે,

એની સેવા-શુશ્રુષાનું કામ પણ એ જ કરે છે, દવાખાનાના કોઈને એ અડવા પણ નથી દેતા અને એમ કરતાં કરતાં એની સાથે મનભરીને વાતો કરે છે. આ એમનો વર્ષોથી રોજિંદો ક્રમ બની ગયો છે.'

એસીપીએ ધક્કો મારીને બારણું ખોલી ઉતાવળે ઓરડામાં પ્રવેશ કર્યો.

ઓરડામાં ખુશબોદાર ઠંડી હવા પ્રસરી રહી હતી.

પલંગ પર સૂતેલા યુવાનની નજર એસીપી પર પડી. એના ચહેરા પર હાસ્ય ઊપસી આવ્યું. એ બબડ્યો; 'હેઈ ડૉક્ટર!'

અંદર પ્રવેશેલા એસીપીએ પાછળ ફરી જોયું; દાક્તર તો બારણાની બહાર જ ઊભા હતા. તો પછી 'દાક્તર' તરીકે એ યુવાને કોને સંબોધન કર્યું એની ગડમથલ ચાલી એમના મનમાં થોડીકવાર. માન્યું; દવાખાનું છે, વર્ષોથી એને મળનાર દાક્તર જ હોય એટલે આદતવશ એ બોલ્યો હશે. બાજુમાં જ ઊભેલા એના પિતાએ ખાખી વરદીમાં આવેલા યુવાન સામે જોઈ નમસ્કાર કર્યા. એનો ચહેરો નમણો હતો, પણ કડકાઈ હતી એ નાજુક નમણા ચહેરા પર. એસીપીએ પણ એમની સામે જોયું એક નજર નાખી. થાકી ગયેલા કરચલીવાળા પ્રૌઢ ચહેરા પર સહેજ દુ:ખ અને ચિંતાની લકીરો જાણે કે વર્ષોથી ચીપકી ગઈ હોય એમ ચામડી પર કોતરાઈ ગયેલી હતી. એ ચહેરા પર કસમયે આવી ગયેલું એક વૃદ્ધત્વ ડોકાઈ રહ્યું હતું. આંખો ઊંડી ઊતરી ગઈ હતી.

એસીપીને એક ક્ષણ માટે એના ધનાઢ્ય બિલ્ડર પિતા યાદ આવ્યા. એ કેટલા હૃષ્ટપુષ્ટ છે. ચહેરા પર તાજગી છે. આ પ્રૌઢ પણ એના પિતાની ઉંમરના જ લાગે છે. પણ એને એ બાબતનો રસ ન હતો આજે. એ કૉમામાં ગયેલા અને અચાનક જ ભાનમાં આવી જતા યુવાનને કેટલાક પ્રશ્નો પૂછવા આવ્યો હતો. આજે સદ્ભાગ્યે એ ભાનમાં હતો અને ક્ષણ પહેલાં જ એ બોલ્યો પણ હતો. 'ચાલો, આજે તો એની સાથે વાત કરી જ લઉં અને કેસનો કોઈ નિકાલ લાવી જ દઉં' એમ વિચારી એસીપીએ યુવાન તરફ નજર નાખી.

સૂતેલા યુવાનની નજર હજુ એની સામે જ તકાયેલી હતી, એટલે સ્ફૂર્તિથી ઔપચારિક પ્રશ્ન પૂછવા બે ડગલાં આગળ વધી વાત શરૂ કરવા એણે યુવાનને 'હાય' કહ્યું. કોઈ જવાબ ન આવ્યો. પ્રતિભાવની અપેક્ષા હતી એક તપાસ અધિકારીને, યુવાનની આંખો ખૂલી હતી; એસીપીએ ધ્યાનથી એની આંખો સામે જોયું. કોઈ જ પ્રતિભાવ ન આપ્યો. પ્રૌઢે એસીપીને ઈશારો કરીને કહ્યું કે એ હવે બેભાનાવસ્થામાં છે. એક નર્સે ઝડપથી આવી એને એક ઈન્જેક્શન આપી દીધું. એસીપીએ એને બોલાવવા માટે પ્રયત્ન કર્યો પણ એ બોલ્યો જ નહીં. નર્સે કહ્યું, 'સાહેબ હવે એ પાછો કૉમામાં ચાલ્યો ગયો. ફરી ક્યારેક આવશે ભાનમાં, ત્યારે એની સાથે વાત કરી શકાશે.' આ સાંભળી પ્રૌઢના મોંમાંથી એક મોટું ડૂસકું નીકળી ગયું. એમને રડતા જોઈને એસીપીના ચહેરા પર અમલદારી કરડાકી આવી ગઈ. ચહેરા પર ગુસ્સો આવી ગયો, પણ જાતને સંભાળી લીધી અને હાથમાંની સોટી બીજા હાથમાં ફેરવતાં પરિસ્થિતિ મુજબ એ શાંત થઈ એસીપીએ ધીમા અવાજે કહ્યું; ''સાંભળો, જ્યારે કોઈ વ્યક્તિ બેભાન હોય ત્યારે એની આસપાસ રોકકળ કે મોટેથી અવાજ કરવો નહીં. એને ન ગમે એવી એવી વાતો ન કરવી. કેમ કે, એવે વખતે એ એવી પરિસ્થિતિમાં હોય છે કે જેમાં એ આપણી બધી જ વાતો સાંભળી શકે છે, પણ એનો જવાબ કે પ્રતિભાવ નથી આપી શકતી. એટલે જ એની આસપાસ શાંતિ રાખવી જોઈએ; કોઈ જ નકારાત્મક વાતો કરવી જોઈએ નહીં અને એને દુ:ખ થાય એવું કશું જ બોલવું ન જોઈએ. એ ખુશ રહે એવા વાતાવરણની એને જરૂર હોય છે; સમજ્યા? એક કામ કરો, તમે બહાર આવો; મારે તમારી પાસેથી કેટલીક બાબતો જાણવી છે.'

પોલીસ અધિકારી બહાર આવ્યો; એની પાછળ યુવાનના દુખી પિતા પણ. એસીપીએ લોબીમાં ચાલતાં ચાલતાં યુવાનના પિતા સાથે કેટલાક કૌટુંબિક સવાલોથી શરૂઆત કરી.

'શું કોઈ છોકરી સાથેના સંબંધો છે એના આપઘાતના પ્રયાસ પાછળ કે પછી?'

'ના, એવું કશું જ નથી સાહેબ, મારો દીકરો ભણવામાં ખૂબ હોશિયાર હતો; એને ડૉક્ટર થવું હતું. એને તો ખૂબ આત્મવિશ્વાસ હતો અને અમને ખાતરી આપી હતી કે, એ ડૉક્ટર બનીને જ રહેશે. એને તો નક્કી જ કરી રાખ્યું હતું કે એ ન્યુરો સર્જન બનશે.'

'ટકા ઓછા આવ્યા?'

'ના સાહેબ, ટકા તો પૂરતા આવ્યા હતા, પણ...'

'પણ...શું?'

'મેં એને ખૂબ સમજાવ્યો, પ્રાઈવેટ કૉલેજમાં ઍડ્મિશન લઈ લે, પણ એ ન માન્યો. એને તો સરકારી કૉલેજમાં ઍડ્મિશન મળે તો જ ડૉકટર બનવું હતું.'

'એમ કેમ?'

'એ એનું સપનું હોવા છતાં પણ એ મારા ઉપર આર્થિક બોજ નાખવા માંગતો ન હતો. એ કહેતો: ખાનગી કૉલેજમાં લાખો રૂપિયા ખર્ચીને ડૉક્ટર ન બનાય.'

પોતાની શ્રેષ્ઠ કારકિર્દીમાં આગળ વધેલા એસીપી ખુશ થઈ ગયા આ વાત સાંભળીને.

પછી એકદમ જ પૂછ્યું; 'એને કેટલા ટકા આવ્યા હતા? મેરિટમાં પાછળ રહી ગયો હશે! જુઓ ને, મેં તો ડૉક્ટર બનવું એવું કંઈ વિચાર્યું નહોતું. પણ, ઘરમાં મારા પિતાની જીદ હતી કે મારે ડૉક્ટર જ બનવું. ગમ્મે એટલા પૈસા ખર્ચવા તૈયાર હતા એ. જો મારો સરકારી મેરિટમાં નંબર ન લાગ્યો હોત તો પણ મને એ ખાનગી મેડિકલ કૉલેજમાં ભણાવવાના જ હતા. કેમ કે, અમારા એક સગાની મેડિકલ કૉલેજ પણ છે.'

'પણ, તમે તો પોલીસ ઑફિસર છો ને?'

એસીપી સહજે હસ્યા.

'હા, પણ મેં મેડિકલ કરેલું છે. એમ.બી.બી.એસ. છું. સરકારી કૉલેજમાંથી કર્યું છે.' એ લોબીમાં ચાલતો રહ્યો. પાછળ પેલો પિતા પણ. 'પછી થયું એવું કે મારા કેટલાક ગ્રેજ્યુએટ મિત્રો જીપીએસસીની પરીક્ષાઓ આપતા હતા, આઇએસએસ/ આઇપીએસનાં સપનાં લઈને ફરતા હતા. એમણે મને પણ એ એમની સાથે એ બધી પરીક્ષા આપવાનું કહ્યું, વહીવટી સેવા અને પોલીસ સેવાનો એક ક્રેઝ તો હતો ઊંડે ઊંડે મનમાં. બસ, તૈયારી શરૂ કરી અને પહેલા પ્રયત્ને યુપીએસસી દ્વારા આઇપીએસ કૅડરમાં હું સિલેક્ટ થઈ ગયો. આ મારું પહેલું જ પોસ્ટિંગ છે.' કૉલર સીધો કરતાં એસસીપીએ કહ્યું.

યુવાનના પિતા શૂન્યમનસ્ક બની ધીમે ધીમે એમની સાથે ચાલતા હતા. એ જોઈને એસસીપીએ એમના ખભે હાથ મૂકી સાંત્વના આપી. એમના મનમાં વળી એક સવાલ સળવળ્યો.

'જુઓ ને, મારા માટે ચમત્કારથી વિશેષ એ વર્ષ ન હતું. મારું નામ સરકારી કૉલેજના મેરિટ લિસ્ટમાં છેલ્લા નંબરે આવી ગયું હતું. મારા પછી સરકારી મેડિકલ કૉલેજમાં પ્રવેશ બંધ.'

'અને મારા દીકરાનું નામ ખાનગી સેલ્ફ-ફાઇનાન્સ કૉલેજના મેરિટ લિસ્ટમાં સૌથી પહેલું આવી ગયું.' એમના ગળે ડૂમો ભરાઈ આવ્યો.

'સાહેબ, ડૉક્ટર બનવાના સપનાં જોઈ બેઠેલો મારો દીકરો આ આઘાત ન જીરવી શક્યો અને એણે દવા પી લીધી. પણ, એ ન મર્યો પણ, કૉમામાં સરી ગયો. નવ વર્ષથી એ કૉમામાં જ છે.'

એસીપી કેસની ઇન્કવાયરી કરવા આવ્યો હતો. પિતાના આ નિવેદનને એક અધિકારીની જેમ એણે ધ્યાનથી સાંભળ્યું. પણ એકાએક એને દુખી પિતા પ્રત્યે લાગણી થઈ આવી અને એના ખભે હાથ મૂકી એક સવાલ કર્યો; 'ઓહ. પણ આ કયા વર્ષના પરિણામની વાત છે?'

'બે હજાર ને .....' બહાર લોબીમાં વોર્ડબોય એક જૂનું સ્ટ્રેચર ઘસડીને જતો હતો એનો ઘોંઘાટ થયો.

એસીપીની આંખો ચાર થઈ. એ કશું બોલ્યો નહીં.

કડક ખાખી વરદીમાં દવાખાનાની લોબીમાં યુવાન એસીપીના હાથમાંથી બેફિકર થઈ રમતી સત્તાના પ્રતીક સમી સીસમની સ્ટિક છટકી. એના પગ ઢીલા પડ્યા. એ કશુંય બોલ્યા વગર ઊભો રહી ગયો.

દુખી પિતા એની રોજની પળોજણમાં હતો. એની આંખો ભરાયેલી હતી. એણે એસીપીને સહજ એક પ્રશ્ન પૂછ્યો; 'સાહેબ, તમે કયા વર્ષે મેડિકલમાં ઍડ્મિશન લીધું હતું?'

એસીપીના હાથમાંથી છૂટી ગયેલી સ્ટિક પિતાના પગમાં જઈને પડી. જીભ થોથવાઈ. પગ ડગ્યા.

'બે...બે...બે હજાર ને.....!' પાછું આવ્યું ફરીથી પેલું ખખડધજ સ્ટ્રેચર લોબીમાં કર્કશ અવાજ કરતું; અને એસીપીના શબ્દો અને અવાજને દબાવતું ગયું. ત્યાં જ એસીપીએ લથડિયું ખાધું. એણે શરીરનું સંતુલન ગુમાવ્યું અને જતા સ્ટ્રેચરને પકડી લીધું.

સી-૪૦૧, અક્ષત હેવન, કુડાસણ,
ગાંધીનગર ૩૮૨૪૨૧
મો. ૯૯૭૮૪૪૦૯૪૯



સાયરન પછીનો સન્નાટો.!

સંજય થોરાત 'સ્વજન'

દિવાળીની રાત હતી. આકાશ રંગબેરંગી ફટાકડાઓના પ્રકાશથી ઝળહળી રહ્યું હતું. હવામાં મીઠાઈની સુગંધ ભળી હતી અને બાળકોના હાસ્યથી આખી સોસાયટી ગુંજી રહી હતી. શહેરની સીમા પાર, કેનાલના કિનારે ઊભેલી નવી રહેણાક સોસાયટી બાલમુકુંદમાં આ પહેલી દિવાળી હતી.

એક સમય હતો જ્યારે અહીં ખેતરો લહેરાતાં. પવન સાથે માટીની સુગંધ આવતી. પછી શહેર વધ્યું, બિલ્ડરો આવ્યા અને થોડાં જ વર્ષોમાં ખેતરોની જગ્યાએ સિમેન્ટનાં જંગલો ઊભાં થઈ ગયાં. હવે અહીં આકાશને અડતા ટાવરો હતા, સ્વિમિંગ પૂલ હતા, બગીચા હતા અને રાત્રે ગિફ્ટ સિટીની ચમકતી રોશની હતી. પરંતુ વિકાસની આ ચમકની પાછળ દટાયેલો ઇતિહાસ કોઈ જાણતું નહોતું. રેલવે લાઈનની પેલી બાજુ હજુ પણ એક વિશાળ ખંડેર ઊભું હતું. જૂનું પાવરહાઉસ. તૂટેલી દીવાલો, કાટ લાગેલા ગર્ડર, ધસી પડેલી ચીમની અને જમીનમાં અડધા દટાઈ ગયેલા રેલવેના પાટાઓ... જાણે સમય ત્યાં આવીને થંભી ગયો હતો.

દિવાળી પછી સોસાયટીના રહેવાસીઓ ટેરેસ પર ભેગા થયા. ચા, ગરમ ભજિયાં અને મજાક-મસ્તી વચ્ચે હાસ્યના ફુવારા ઊડતા હતા. બધાના કેન્દ્રમાં હંમેશની જેમ પટેલકાકા હતા. સિત્તેર વર્ષની ઉમરે પણ તેમની આંખોમાં યુવાનીનું તેજ હતું. આખી સોસાયટી તેમને પ્રેમથી "પટેલકાકા" કહેતી. આ વિસ્તારના તેઓ એકમાત્ર જૂના રહેવાસી હતા. અહીંના દરેક રસ્તા, ઝાડ અને વિસ્તાર તેમની યાદોમાં જીવંત હતાં. વાતો વચ્ચે અચાનક કોટકભાઈએ ટેરેસના છેડે ઊભા રહીને દૂર આંગળી ચીંધી.

"પટેલકાકા... એક વાત પૂછું?"

"પૂછો ભાઈ."

"આ રેલવે લાઈનની સામે જે જૂનું કારખાનું દેખાય છે... એ શું છે? રોજ મારી બારીમાંથી એને જોઉં છું. ખબર નંઈ કેમ, પણ એને જોઈને મનમાં અજીબ બેચેની થાય છે."

ટેરેસ પર થોડી ક્ષણો માટે શાંતિ છવાઈ ગઈ. પટેલકાકાના ચહેરા પરનું સ્મિત ધીમે ધીમે ઓસરી ગયું. તેમણે પણ દૂર નજર કરી. અંધકારમાં ઊભેલું એ ખંડેર ચાંદનીના ઝાંખા અજવાળામાં વધુ ભયાનક લાગતું હતું. થોડીવાર પછી તેઓ ધીમેથી બોલ્યા,

"તમને પણ એવું લાગે છે?"

કોટકભાઈ ચોંકી ગયા.

"એટલે?"

"મને લાગ્યું હતું કે માત્ર હું જ એને જોઈને અસ્વસ્થ થઈ જાઉ છું." હવે બધાનું ધ્યાન એ જ દિશામાં હતું. બારોટભાઈએ હસતાં કહ્યું, "અરે કાકા, કોઈ ભૂતિયું કારખાનું છે કે શું?"

"ભૂત છે કે નહીં એ તો હું નથી જાણતો... પરંતુ એ કારખાનામાં જે બન્યું હતું, એ આજ સુધી ભૂલી શક્યો નથી." ટેરેસ પર બેઠેલા સૌ એકબીજા તરફ જોવા લાગ્યા.

"કહો ને કાકા..." કોઈએ ધીમેથી કહ્યું.

પટેલકાકાએ લાંબો શ્વાસ લીધો. "આજથી લગભગ ૫૦-૬૦ વર્ષ પહેલાં... એ કારખાનું જીવતું હતું. અને... મારા પિતા પણ."

ટેરેસ પર ફરી એકવાર સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ. એક નવી, અજાણી અને રહસ્યમય સફરની શરૂઆત થઈ ગઈ હતી... ટેરેસ પર એવી શાંતિ છવાઈ ગઈ હતી કે દૂર રેલવે લાઈન પરથી પસાર થતી માલગાડીનો ધડધડાટ પણ સ્પષ્ટ સંભળાતો હતો. પટેલકાકાએ કૉફીનો એક ઘૂંટડો ભર્યો, ચશ્માં ઉતારીને રૂમાલથી કાચ સાફ કર્યા અને દૂર અંધકારમાં ડૂબેલા કારખાનાની દિશામાં જોતાં જોતાં બોલવાનું શરૂ કર્યું.

"આજે તમે જે ખંડેર જુઓ છો, એક સમય હતો જ્યારે એ જીવતું હતું... ધબકતું હતું... અને એના ધબકારાઓ સાથે આખું ગામ શ્વાસ લેતું હતું."

તેમનો અવાજ ધીમે ધીમે સ્મૃતિઓમાં ખોવાતો ગયો. રેલવે લાઈનની પેલી બાજુ એ વિશાળ પાવરહાઉસ હતું. આકાશને અડતી ચીમની, સતત ફરતા ટર્બાઈન અને કોલસાની ગંધ... દૂરથી જ સમજાઈ જતું કે કારખાનું કામ પર છે. દિવસમાં ત્રણવાર સાયરન વાગતું. એ સાયરન માત્ર કારખાનાનું નહોતું, ગામની ઘડિયાળ હતી. લોકો ઘડિયાળ કરતાં સાયરન પર વધુ વિશ્વાસ કરતા.

મારા પિતા ત્યાં બોઈલર વિભાગમાં કામ કરતા. અમે ગરીબ હતા, પણ દુખી નહોતા. નાનકડું માટીનું ઘર,

આંગણામાં તુલસીનો ક્યારો અને બાજુમાં માએ વાવેલી મોગરાની વેલ... બસ એટલું જ અમારું સામ્રાજ્ય હતું. સાંજે પિતા કામે જવા નીકળે ત્યારે હું હંમેશાં તેમની પાછળ દોડતો.

રેલવે લાઈન સુધી પહોંચીને તેઓ હંમેશની જેમ પાછળ ફરીને બોલાવતા, "બેટા... સાંજે જલદી સૂઈ ન જતો. હું આવી જઈશ."

હું હસીને જવાબ આપતો, "તમે મારા માટે ચીકી લાવશો ને?"

તેઓ ખિસ્સામાંથી દસ પૈસાનો સિક્કો બતાવી હસતાં કહેતા, "જો દુકાન બંધ નહીં હોય તો ચોક્કસ."

એટલું કહી તેઓ કારખાનાની દિશામાં ચાલતા થઈ જતા. આજે પણ આંખો બંધ કરું ત્યારે તેમની એ ચાલ મારી નજર સામે ઊભી થઈ જાય છે. રાત્રે લગભગ અગિયાર વાગ્યે શિફ્ટ પૂરી થતી. હું ઘર બહારના ઓટલા પર બેસી તેમની રાહ જોતો. પહેલા માલગાડી પસાર થતી. અને પછી અંધકારમાંથી મારા પિતા અને તેમના મિત્રો દેખાતા. દૂરથી જ તેમનો અવાજ આવતો, "બેટા... જાગે છે કે સૂઈ ગયો?"

હું દોડતો જતો. તેમનો હાથ પકડીને ઘરે આવતો. મા ચૂલા પાસે બેઠી રાહ જોતી. ગરમ ભાખરી, શાક અને ક્યારેક દાળ... એ જ અમારો રાજાશાહી જમણવાર હતો. જમતાં જમતાં પિતા આખા દિવસની વાતો કરતા. પટેલકાકા થોડા સમય માટે ચૂપ થઈ ગયા. તેમની આંખો ભીની થઈ હતી. ટેરેસ પર બેઠેલા કોઈ એક શબ્દ પણ બોલ્યા નહીં.

એ દિવસ પણ સામાન્ય જ હતો. બપોરે પિતા પ્રસન્ન ચિત્તે જમ્યા. મારા માથા પર હાથ ફેરવીને કહ્યું, "આજે રાત્રે વહેલો સૂઈ જજે. કાલે તને આઠમના મેળામાં લઈ જવાનો છું." હું આખો દિવસ એ વિચારમાં ખુશ હતો.

પણ...

સાંજ પડતાં અચાનક આકાશ ધ્રૂજી ઊઠ્યું. એવો ભયંકર ધડાકો થયો કે જાણે ધરતી ફાટી ગઈ હોય. ઘરની બારીઓ ધ્રૂજી ગઈ. પક્ષીઓનાં ઝુંડ ગભરાઈને આકાશમાં ઊડી ગયાં. હું બહાર દોડ્યો. દૂર કારખાનાની ચીમની પાછળથી આગનો ભયંકર ગોળો ઊંચે ઊઠતો હતો. થોડી જ ક્ષણોમાં કાળો ધુમાડો આખા આકાશમાં ફેલાઈ ગયો. કારખાનાનું સાયરન સતત ગર્જી રહ્યું હતું. પણ આજે એ શિફ્ટ બદલાવાનો સંકેત નહોતો... એ મૃત્યુનો ઘંટ હતો. ગામના લોકો દોડતા દોડતા કારખાના તરફ ભાગ્યા.

કોઈ રડતું હતું. કોઈ ભગવાનને યાદ કરતું હતું. કોઈ પોતાના માણસનું નામ લઈને ચીસો પાડતું હતું. હું પણ દોડવા લાગ્યો. પણ માએ મારો હાથ પકડી લીધો. તેમના ચહેરા પર એવો ભય મેં ક્યારેય જોયો નહોતો. તેમણે માત્ર એટલું જ કહ્યું, "ના... ત્યાં નહીં જવાનું..."

આગ ત્રણ દિવસ સુધી સળગતી રહી. બોઈલરમાં થયેલા ભયંકર વિસ્ફોટે આખું પાવરહાઉસ ખંડેર બનાવી દીધું હતું. ઘણા મૃતદેહો તો ઓળખી પણ શકાયા નહોતા. મારા પિતા પણ એમાં જ હતા. અમને તેમનું શરીર ક્યારેય મળ્યું નહીં. માત્ર... તેમની ઓળખ તરીકે ઘડિયાળનો અડધો સળગેલો પટ્ટો મળ્યો. મા એ ઘડિયાળનો પટ્ટો છાતી સાથે ચાંપીને કલાકો સુધી રડતી રહી...

કારખાનું બંધ થઈ ગયું. ચીમનીમાંથી ધુમાડો નીકળવાનું બંધ થઈ ગયું. સાયરન સદાકાળ માટે ચૂપ થઈ ગયું. શરૂઆતમાં લોકો સાંજ પછી એ રસ્તે જતા ડરવા લાગ્યા. પછી કહેવા લાગ્યા કે, "રાત્રે કારખાનાની અંદરથી કોઈ ચાલતું દેખાય છે." કોઈ કહે, "ચીમની પાસે દીવો બળે છે." કોઈ કહે, "માલગાડી પસાર થાય પછી કોઈ માણસનું હાસ્ય સંભળાય છે." અને કેટલાક વૃદ્ધો તો કસમ ખાઈને કહેતા, "રાત્રે અગિયાર વાગ્યે કોઈ બાળકને "બેટા..." કહીને બોલાવે છે."

પિતાના અવસાન પછી જીવન કોઈ રીતે આગળ વધતું રહ્યું. માએ રેલવેની સહકારી કેન્ટીનમાં કામ શરૂ કર્યું. હું ભણતો રહ્યો. દિવસમાં અભ્યાસ અને સાંજે નાની-મોટી મજૂરી. વર્ષો પસાર થયાં અને આખરે નસીબે સાથ આપ્યો. મને રેલવેમાં નોકરી મળી. શરૂઆતમાં જુદાં જુદાં સ્ટેશનો પર ફરજ બજાવી. પછી બદલી થઈ... અને હું ફરી એ જ ગામમાં આવી ગયો. સ્થાનિક લોકો આજે પણ સૂર્યાસ્ત પછી એ તરફ જતા નહોતા. હું આ વાતો પર વિશ્વાસ કરતો નહોતો.

એક દિવસ સવારે અખબારમાં એક સમાચાર વાંચ્યા. "આજે મધરાતે દુર્લભ ઉલ્કાવર્ષા જોવા મળશે. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ આવું દૃશ્ય કદાચ ૫૦-૬૦ વર્ષમાં એક વાર જ જોવા મળે."

એ રાત્રે મારી નાઈટ-ડ્યૂટી હતી. હું પ્લેટફૉર્મના છેડે જઈને ઊભો રહ્યો. આકાશ એકદમ નિર્મળ હતું. થોડી જ વારમાં એક પછી એક તેજસ્વી ઉલ્કાઓ આકાશને ચીરીને પસાર થવા લાગી. હું મંત્રમુગ્ધ થઈને જોતો રહ્યો. અચાનક... એક અસામાન્ય તેજસ્વી ઉલ્કા આકાશમાંથી તૂટી. બાકીની ઉલ્કાઓની જેમ તે ક્ષિતિજ પાછળ અદૃશ્ય થઈ નહીં. સીધી... રેલવે લાઈનની પેલી બાજુ... કારખાનાની દિશામાં ગઈ.

અને પછી...

ધરતી ધ્રુજાવી દે એવો ધડાકો થયો. થોડી ક્ષણ માટે આખો વિસ્તાર ઝગમગી ઊઠ્યો. પછી ફરી ગાઢ અંધકાર.

ફરી એવી શાંતિ... જે શાંતિ માણસને ડરામણી લાગે. મેં ઘણીવાર મારી જાતને સમજાવી, “કદાચ ઉલ્કા દૂર ક્યાંક પડી હશે.” પણ મન માનતું નહોતું. મારી નજર વારંવાર કારખાના તરફ જતી.

કેટલીક ક્ષણો પછી...

મને ત્યાં કંઈક દેખાયું. સૌ પ્રથમ તો મને ભ્રમ થયો હશે એવું લાગ્યું. કારખાનાની અંદર... જાણે કોઈએ એક ઝાંખો લીલો દીવો પ્રગટાવ્યો હોય એવો પ્રકાશ દેખાતો હતો. મારી નજર એ બાજુ ગઈ. કોઈ ઊભું હતું. ખૂબ દૂર. ધુમ્મસમાં અડધું ઢંકાયેલું. માણસ જેવો આકાર. માત્ર મારી તરફ જોતો. મારી આંગળીઓ ઠંડી પડી ગઈ. મેં તરત જ ટોર્ચનો પ્રકાશ એ દિશામાં ફેરવ્યો. ત્યાં કોઈ જ નહોતું...

રાત્રે ડ્યૂટી પૂરી કરીને ઘરે આવ્યો. સૂવાનો ઘણો પ્રયત્ન કર્યો. પણ આંખો બંધ કરું એટલે લીલો પ્રકાશ દેખાય. એ નિર્જીવ આકૃતિ દેખાય. અને મનમાં એક જ પ્રશ્ન ગુંજે, “જો ત્યાં ખરેખર કોઈ નહોતું... તો એ કોણ હતું?” સવારે ઊઠ્યો ત્યારે શરીર તાવથી ધગધગી રહ્યું હતું. માએ કપાળ પર હાથ મૂક્યો.

“શું થયું?”

“કંઈ નહીં...”

હું એટલું જ બોલ્યો.

પણ હકીકતમાં મને ખબર હતી... કંઈક થયું હતું. અને એ શરૂઆત હતી.. પછીની ત્રણ રાત... હું દરરોજ એ જ સમયે પ્લેટફૉર્મના છેડે જઈને ઊભો રહેવા લાગ્યો. પહેલી રાત... કંઈ નહીં. બીજી રાત... ફરી એ જ લીલો પ્રકાશ. ત્રીજી રાત... અંધકારની અંદરથી એક અવાજ સંભળાયો. એટલો પરિચિત... કે હું એક ધબકારો ચૂકી ગયો.

“બેટા...”

મારા હાથમાંથી ટોર્ચ લગભગ પડી ગઈ. ફરી અવાજ આવ્યો. આ વખતે થોડો વધુ સ્પષ્ટ.

“બેટા... આવ...”

આ અવાજ... હું લાખો અવાજોમાંથી ઓળખી શકું. એ મારા પિતાનો અવાજ હતો. પણ... મારા પિતા તો ૫૦ વર્ષ પહેલાં જ આગમાં સળગી ગયા હતા... તો પછી... આખરે મને કોણ બોલાવી રહ્યું હતું?

“બેટા...”

એક જ શબ્દ... પણ એ શબ્દમાં મારું આખું બાળપણ જીવંત થઈ ઊઠ્યું. મારા પિતાનો અવાજ હું ક્યારેય ભૂલી શક્યો નહોતો. વર્ષો વીતી ગયા હતા, છતાં એ બોલાવવાની ઢબ, એમાં રહેલો સ્નેહ, એનો ભાર... બધું જ મારી યાદમાં અક્ષુણ્ણ હતું. પણ એ જ ક્ષણે મારી બુદ્ધિએ વિરોધ કર્યો.

“ના... આ શક્ય જ નથી.”

મૃત માણસ પાછો બોલાવી શકે? મારી આંખો અંધકારમાં ફરી રહી હતી. ફરી અવાજ આવ્યો.

“બેટા... મોડું ન કર... આવ...”

હવે એ અવાજમાં વિનંતી નહોતી. એક અજાણ્યું ખેંચાણ હતું. મારા પગ જાણે પોતાની ઇચ્છાથી આગળ વધવા લાગ્યા. હું પ્લેટફૉર્મ પરથી નીચે ઊતર્યો. રેલવે લાઇન સુધી પહોંચી ગયો. રાત્રિનું ધુમ્મસ કમર સુધી ઊભરાતું હતું. પાટા પર ચાંદની પડતાં ચાંદી જેવા ચમકી રહ્યા હતા. હું એક પછી એક પગલું ભરતો રહ્યો. મન સતત કહી રહ્યું હતું, “પાછો વળી જા...”

પણ હૃદય માત્ર એક જ વાત કહેતું હતું, “જો ખરેખર બાપા હોય તો?”

હું રેલવે લાઇન પાર કરીને ઢોળાવ તરફ ઊતરવા જતો હતો... એટલામાં પાછળથી કોઈએ જોરથી મારો હાથ પકડી લીધો. હું ચમકી ગયો. પાછળ જોયું. સ્ટેશનનો વૃદ્ધ ગેંગમેન ગણપત ઊભો હતો.

“અરે સાહેબ! તમે અહીં શું કરો છો?”

હું ગભરાઈ ગયો.

“ક... કંઈ નહીં.”

ગણપતે મારી આંખોમાં સીધું જોયું. પછી ધીમેથી પૂછ્યું, “તમે પણ એ અવાજ સાંભળ્યો?”

મારી છાતી પર જાણે કોઈએ પથ્થર મૂકી દીધો. “તમે... શું કહ્યું?” ગણપતે આસપાસ નજર કરી. પછી ખૂબ ધીમા અવાજે બોલ્યો, “હું વીસ વર્ષથી અહીં નાઇટ ડ્યૂટી કરું છું. દર વર્ષે બે-ચાર માણસો આ અવાજની પાછળ જાય છે. કેટલાક પાછા આવી જાય છે... કેટલાક ક્યારેય પાછા નથી આવતા.” મને લાગ્યું, કદાચ તે મજાક કરે છે. પણ તેના ચહેરા પર હાસ્યનો લેશમાત્ર અણસાર નહોતો.

“કોણ હોય છે?” મેં પૂછ્યું.



"જેની સૌથી મોટી અધૂરી ઇચ્છા હોય... તેને એ જ અવાજ સંભળાય છે."

મારા હાથમાં પકડેલી ટોર્ચ ધીમે ધીમે કંપવા લાગી. "તમને કેવી રીતે ખબર?" ગણપતે દૂર કારખાનાની દિશામાં જોયું. "કારણ કે... એક વખત મને પણ મારી માનો અવાજ સંભળાયો હતો."

અમે બંને સ્ટેશન તરફ પાછા ફરી ગયા. પણ એ રાત પછી હું શાંત રહી શક્યો નહીં. મારા મનમાં એક જ પ્રશ્ન ગુંજતો રહ્યો, શું આ બધો માત્ર માનસિક ભ્રમ છે? કે ખરેખર... કારખાનામાં કંઈક એવું છે, જે માણસની સ્મૃતિઓને ઓળખી શકે છે? એ રાત્રે મેં એક નિર્ણય કર્યો. કારખાનાની અંદર જવું જ પડશે. પણ આ વખતે... મારી પોતાની આંખોથી સત્ય જોવા. મેં ટોર્ચમાં નવી બૅટરી મૂકી. એક મજબૂત લાકડી લીધી. ખિસ્સામાં મારા પિતાની જૂની, સળગેલી ઘડિયાળનો પટ્ટો રાખ્યો. દૂર રેલવે સ્ટેશનની ઘડિયાળે... અગિયારના ડંકા વગાડ્યા. એ જ ક્ષણે... માલગાડીનો લાંબો ધડધડાટ રાત્રિના મૌનને ચીરી ગયો. અને... કારખાનાની અંદર ફરી એકવાર... એ લીલો પ્રકાશ પ્રગટ્યો... આ વખતે... પહેલાં કરતાં વધુ તેજસ્વી.

મેં ધીમા પગલે રેલવે લાઈન ઓળંગી. સામે એ જ ખંડેર... ૫૦ વર્ષથી સમય સામે નિઃશબ્દ ઊભેલું. કાટ ખાઈ ગયેલો મુખ્ય દરવાજો અડધો તૂટેલો હતો. લોખંડની જાળીઓ પર વેલો ચડી ગયો હતો. હાથમાંની ટોર્ચનો પ્રકાશ આગળ ફેરવ્યો. જમીન પર તૂટેલા કાચ, કોલસાની ધૂળ, કાટ લાગેલા બોલ્ટ અને લોખંડના ટુકડા વિખરાયેલા હતા. દીવાલો પર હજુ પણ ઝાંખા અક્ષરોમાં લખાયેલાં સુરક્ષા-સૂત્રો દેખાતાં હતાં.

"સાવચેતી જ સલામતી."

વિચિત્ર વાત હતી... માણસો ગાયબ થઈ ગયા હતા, પણ શબ્દો હજુ જીવતા હતા. મુખ્ય બોઈલર વિભાગ તરફથી ઝાંખો લીલાશ પડતો પ્રકાશ ફરી દેખાયો. દરેક મશીન પર સમયની જાડી ધૂળ ચઢી ગઈ હતી. તૂટેલા ગિયર. વંકાઈ ગયેલી પાઈપ. એક ખૂણે પડેલી પીળી સેફ્ટી હેલ્મેટ. એ હેલ્મેટ જોઈને મારા પગ થંભી ગયા. અચાનક મને મારા પિતાની યાદ આવી. શું તેઓ પણ આવી જ હેલ્મેટ પહેરતા હશે? મારો હાથ આગળ વધ્યો... પણ મેં હેલ્મેટને સ્પર્શ કર્યો નહીં. કોઈનો ધીમો અવાજ સંભળાયો.

"બેટા..."

હું સ્થિર થઈ ગયો. આ વખતે અવાજ ખૂબ નજીકથી આવ્યો હતો. પણ હવે તેમાં પ્રેમ કરતાં વધુ થાક હતો. વેદના હતી. જાણે વર્ષોથી કોઈ રાહ જોતું હોય. મેં ધીમેથી કહ્યું,

"કોણ છો તમે?"

કોઈ જવાબ નહોતો. અચાનક... મને દીવાલ પર હાથના નિશાન દેખાયા. નાના... મોટા... એક પછી એક... કાળાશમાં દબાયેલા. મેં ટોર્ચ નજીક લઈ જઈને જોયું. એ આગમાં દાઝેલા હાથના છાપ જેવા લાગતા હતા. મારું ગળું સુકાઈ ગયું. એ ક્ષણે પહેલી વાર મને સમજાયું... વિસ્ફોટના અહેવાલમાં લખાયેલા '૯૮ના મૃત્યુ' એ માત્ર આંકડા નહોતા. એ દરેક નિશાન પાછળ એક વ્યક્તિ હતી. એક પરિવાર હતો. એક અધૂરું જીવન હતું. અચાનક મને લાગ્યું... કદાચ આપણે ભૂતોથી નહીં... અધૂરી યાદોથી ડરીએ છીએ. જે જગ્યા પર એકસાથે એટલું દુઃખ જન્મે... ત્યાં મૌન પણ જીવંત થઈ જાય છે.

એટલામાં...

કારખાનાની અંદર ક્યાંકથી એક જોરદાર ધડાકો સંભળાયો. હું ચમકી ઊઠ્યો. ટોર્ચનો પ્રકાશ એ દિશામાં ફેરવ્યો. અને... સામેના અંધકારમાં... કોઈ ઊભું હતું. સ્થિર. નિઃશબ્દ. ધુમ્મસમાં અડધું દેખાતું. એનો ચહેરો સ્પષ્ટ દેખાતો નહોતો. ફરી એ જ અવાજ... આ વખતે પહેલાં કરતાં વધુ સ્પષ્ટ.

"ચાલ... સમય થઈ ગયો છે..."

મારા પગ જાણે જમીન સાથે ચોંટી ગયા. હાથમાંની ટોર્ચ ધીમે ધીમે ધ્રૂજવા લાગી. અને એ જ ક્ષણે... કારખાનાની અંદર ક્યાંક એક જૂનું સાયરન અચાનક ગર્જી ઊઠ્યું... ૫૦ વર્ષથી બંધ પડેલું સાયરન... મધરાતના મૌનને ચીરીને... ફરી એક વાર વાગી રહ્યું હતું... ૫૦ વર્ષ પછી ફરી વાગેલું સાયરન... પણ આ કેવી રીતે શક્ય હતું? જે મશીનો કાટ ખાઈ ચૂક્યાં હતાં, જે વાયર વર્ષો પહેલાં તૂટી ગયા હતા, જે જનરેટરો કબાડમાં ફેરવાઈ ગયા હતા... ત્યાં સાયરન વાગી કેવી રીતે શકે? મારી બુદ્ધિ પાસે કોઈ જવાબ નહોતો.

એટલામાં...

ટોર્ચના પ્રકાશમાં જમીન પર ભીનાં પગલાં દેખાયાં. એક પછી એક... જાણે કોઈ અદૃશ્ય માણસ હમણાં જ મારી બાજુમાંથી પસાર થયો હોય. એ પગલાં સીધાં બોઈલર રૂમ તરફ જતાં હતાં. મારું મન કહી રહ્યું હતું, "પાછો ફરી જા."

હું એ પગલાંનો પીછો કરતો ગયો. બોઈલર રૂમની વચ્ચે પહોંચ્યો. એટલામાં... દૂરથી વાતો સંભળાવા લાગી. ખૂબ ધીમા અવાજો. એક નહીં... ઘણા. જાણે મજૂરો શિફ્ટ પૂરી કરીને એકબીજા સાથે વાત કરતા હોય. કોઈ હસી રહ્યું હતું. કોઈ કોઈને ચા પીવા બોલાવતું હતું. કોઈ મશીન બંધ

કરવાની સૂચના આપતું હતું. હું કાન સરવા કરીને ઊભો રહ્યો. અવાજો ધીમે ધીમે સ્પષ્ટ થવા લાગ્યા. અને પછી... એમાં એક અવાજ એવો સંભળાયો... જે મેં વર્ષોથી માત્ર સપનામાં સાંભળ્યો હતો.

"બેટા... આજે મોડું થઈ જશે... તું સૂઈ જજે..."

મારા પિતાનો અવાજ. આ વખતે એમાં કોઈ ભય નહોતો. એ જ જૂની મમતા હતી. મારું હૃદય ભરાઈ આવ્યું.

મેં ધીમેથી કહ્યું, "બાપા...?"

અને એ જ ક્ષણે... બધા અવાજો એકસાથે બંધ થઈ ગયા. જાણે કોઈએ સમયનું ચક્ર રોકી દીધું હોય. અચાનક મારી ટોર્ચનો પ્રકાશ સામેની તૂટેલી બારી પર પડ્યો. બારીના કાચમાં મને એક પ્રતિબિંબ દેખાયું. હું એકલો નહોતો. મારી પાછળ... કોઈ ઊભું હતું. સફેદ ધુમ્મસ જેવી આકૃતિ. ચહેરો સ્પષ્ટ નહોતો. પણ ખભા પર કામદારો પહેરે એવો જૂનો ખાખી શર્ટ દેખાતો હતો. હું ધીમે ધીમે પાછળ ફર્યો.

ત્યાં...

કોઈ નહોતું. ફરી કાચ તરફ જોયું. પ્રતિબિંબ પણ ગાયબ. મારી છાતીના ધબકારા એટલા વધી ગયા કે મને લાગ્યું, હવે વધુ એક ક્ષણ અહીં રોકાઈ શકાશે નહીં. હું બહાર નીકળવા માટે પાછો ફર્યો. એટલામાં કારખાનાની અંદરથી છેલ્લી વાર એક અવાજ આવ્યો. ખૂબ શાંત. ખૂબ થાકેલો.

"બેટા... હવે જા..."

આ વખતે એ અવાજમાં વિદાય હતી. મેં પાછું ફરીને અંધકાર તરફ જોયું. હાથ જોડ્યા. માથું નમાવ્યું. અને કોઈ શબ્દ બોલ્યા વગર બહાર નીકળી ગયો. કારખાનાની સીમા પાર કરતાં જ મને એવું લાગ્યું કે જાણે કોઈ ભારે બોજ મારા ખભા પરથી ઊતરી ગયો હોય. પાછળ વળીને જોયું. તૂટેલી ચીમની નિઃશબ્દ ઊભી હતી. ક્યાંય કોઈ લીલો પ્રકાશ નહોતો. કોઈ અવાજ નહોતો. એ રાત પછી મેં ફરી ક્યારેય એ કારખાનામાં જવાની હિંમત કરી નહીં..

ટેરેસ પર ફરી એકવાર સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ. પટેલકાકાએ પોતાની વાત પૂરી કરી ત્યારે ઘડિયાળમાં રાત્રિના બાર વાગ્યા હતા. દૂર ક્યાંક એક છેલ્લો ફટાકડો આકાશમાં ફૂટ્યો અને પછી આખી સોસાયટી પર સ્તબ્ધતા પથરાઈ ગઈ. કોઈ કંઈ બોલ્યું નહીં.

બધાની નજર અનાયાસે રેલવે લાઈનની પેલી બાજુ ઊભેલા કારખાના તરફ ફરી ગઈ. સૌથી પહેલાં કોટકભાઈએ મૌન તોડ્યું.

"કાકા... પછી તમે ક્યારેય ત્યાં ગયા નથી?"

પટેલકાકાએ હળવું સ્મિત કર્યું.

"ના. જરૂર જ પડી નહીં."

"તમે જાણો છો, એ કારખાનાની સૌથી મોટી દુર્ઘટના કઈ હતી?"

કોઈ બોલ્યું નહીં. તેમણે ધીમેથી કહ્યું.

"લોકોને પોતાના પ્રિયજનોને 'આવજો' પણ કહેવાનો સમય મળ્યો નહીં."

આ શબ્દો ટેરેસ પર બેઠેલા દરેક માણસના હૃદય સુધી પહોંચ્યા.

"પછી મને સમજાયું... કદાચ મેં જે સાંભળ્યું હતું એ ખરેખર કોઈ ભૂતનો અવાજ નહોતો."

"તો?"

"એ મારા પોતાના મનનો અવાજ પણ હોઈ શકે." તેમણે ઊંડો શ્વાસ લીધો.

"ચાલો, હવે ઘણું મોડું થઈ ગયું."

બધા ધીમે ધીમે સીડી તરફ આગળ વધ્યા. કોઈ હસી રહ્યું નહોતું. કોઈ મજાક કરતું નહોતું. દરેકના મનમાં કંઈક અજીબ ભાર ઊતરી આવ્યો હતો. પટેલકાકા છેલ્લે નીચે ઊતર્યા. જતાં પહેલાં એક વાર તેમણે પાછળ ફરીને કારખાના તરફ જોયું. હાથ જોડ્યા. ખૂબ ધીમા અવાજે બોલ્યા, "બાપા... જો એ રાત્રે ખરેખર તમે હતા... તો હવે નિરાંતે રહેજો. તમારો 'બેટા' હવે વૃદ્ધ થઈ ગયો છે." પવનની એક લહેરખી આવી. કારખાનાની આસપાસ ઊગેલાં જંગલી વૃક્ષોનાં પાંદડાં ખખડ્યાં. જાણે કોઈએ ખૂબ દૂરથી... ખૂબ ધીમેથી... વિદાય આપી હોય. આટલા બધા ડરામણા અવાજો પૈકી એક અવાજ શાંત થઈ ગયો. મધ્યરાત્રિના એ વાતાવરણમાં સાયરન પછીનો ભયાનક સન્નાટો છવાયો હતો...

પ્લૉટ નંબર - ૬૩૫/૨,
સેક્ટર નંબર - ૮/બી, ગાંધીનગર - ૩૮૨૦૦૭,
મો. ૯૪૨૬૮૮૦૪૦૦

એકદા નૈમિષારણ્યે

ડો. રીતા ત્રિવેદી

અરે! અરે! બોલતા બોલતા વિરેનકાકા એક બાજુ નમી પડ્યા અને તુલસીનું કૂંડું ધડામ્ કરતું નીચે પડ્યું. બાજુની બાલ્કનીમાંથી મંજુબેનનો સચિંત સ્વર વહી આવ્યો, "શું કરો છો કાકા? કૂંડાને એમ ને એમ રહેવા દો ને! પગ પર પડશે તો ઉપાધિ થશે!" વિરેનકાકા બોલવા ગયા પણ પછી ચૂપ રહી ગયા. નીચે પડેલું કૂંડું તે જગ્યાએ મૂકવું કે નહીં તે તેઓથી નક્કી ન થઈ શક્યું. બાજુવાળાં મંજુબેન દીકરાની દીકરીના વાળ ઓળતાં ઓળતાં બોલતાં જતાં હતાં, "વિરેનકાકા! ભારે કામઢા. પગ વાળીને બેસવું ગમે જ નહીં ને! અને નહીંતર પછી અમેરિકાથી દીકરીનો ફોન આવ્યો હશે! તો જ આવા રઘવાયા થાય દાદા!"

વિરેનકાકાની નજરે હમણાં જ આવેલું ને એમ ને એમ જ પડી રહેલું કુરિયર તરવરી રહ્યું. સૌમ્યાએ અમેરિકાથી કપડાં મોકલ્યાં હશે બીજું શું? કાલે જ સૌમ્યા સાથે વાત થઈ હતી કે કુરિયર કર્યું છે, તે એક-બે દિવસમાં મળશે. વિરેનકાકા ધડામ્ કરતા હીંચકે બેઠા ને મનોમન મલક્યા, "સૌમ્યા ભલે ને ગમે તે રીતે લલચાવે. હું કંઈ એમ અમેરિકા રહેવા થોડો જાઉં! અહીં મારા તુલસી સુકાઈ જાય! ને ઉમી સાથે મારે કેટલાં ગપ્પાં મારવાના હોય! અહીં તો ઉમી જાણે હાજર જ હોય! ચાલીસ વર્ષ કાઢ્યાં છે આ ઘરમાં એની સાથે, ત્યાં ઉમી થોડી હોય! વિરેનકાકાની વિષાદયુક્ત નજર ઉમા ઉપર પડી, અને તેઓ બબડ્યા, "હવે શું ખાલી ખાલી જવું?"

સૌમ્યા એટલે વિરેનકાકાનો શ્વાસ. તેમની દરેક ક્ષણ સૌમ્યા અને ઉમાથી પરોવાઈને ચાલતી હતી. આનંદ અને ઉલ્લાસથી જીવવાનું. મુશ્કેલીઓ તો આવે ને જાય. એમ તેઓ હંમેશાં કહેતા, પણ ઉમા ચાલી ગઈ ત્યારે તેઓ આવું બોલી ન શક્યા. સૌમ્યાનું સાસરું આજુબાજુમાં જ હોય તેવી વિરેનભાઈની પાકી ગણતરી હતી. કેટકેટલાં વિદેશી માગાંઓ આવતાં હતાં સૌમ્યા માટે! સૌમ્યા પોતે આઈ.ટી. એન્જિનિયર હતી, અને અત્યંત સ્વરૂપવતી પણ હતી. તેની કાળી અણિયાળી આંખો ભલભલાને વીંધી નાખવા સક્ષમ હતી, ને એટલે જ વિરેનભાઈ પોતાને અનુકૂળ જમાઈ અને વેવાઈ શોધવામાં સફળ થયા હતા. રહેતા હતા ત્યાંથી કલાકના અંતરે, બાજુના જ ગામમાં સૌમ્યાનું સાસરું હતું. આદિત્ય પણ આઈ.ટી. એન્જિનિયર હતા. ખુલ્લા વિચારોવાળા હતા તો વેવાઈ સૌમ્યા જેવી પુત્રવધૂ મેળવીને ખુશ હતાં. બધાં ખુશખુશ હતાં.

પરંતુ કુદરતે કંઈક અલગ જ લખ્યું હતું. સૌમ્યાના લગ્નનાં દસદસ વર્ષ પછી પણ તેનો ખોળો ખાલી જ હતો. બંને પક્ષે જેટલી આકુળવ્યાકુળ સ્થિતિ હતી તેનાથી પણ વધુ સૌમ્યાની અસ્વસ્થતા હતી. તે સ્વીકારી જ શકતી ન હતી કે તેનો ખોળો ખાલી રહી શકે. તેણે પથ્થર એટલા દેવ અને પાટિયાં એટલા ડૉક્ટર કર્યા હતા. વિરેનભાઈ અને ઉમાએ તો સમજણપૂર્વક આ પરિસ્થિતિ સ્વીકારી હોય તેવું લાગતું હતું, પણ વિરેનભાઈ ક્યારેક ક્યારેક બોલી ઊઠતા હતા કે "આપણે જો અથરા થઈશું તો સૌમ્યા દીકરી ક્યાં જશે?" અને છતાંય, ક્યારેક નમતી સાંજે ઉમા ઉદાસીથી ઘેરાઈ જતી, ને બબડતી રહેતી, "અરે! આપણું ઘર સાવ ખાલી. કોઈ કહેનાર નહીં કે આ બનાવો કે તે લાવો. સૌમ્યાને પણ એક બાળક હોત તો આપણું મન આનંદથી ભરાઈ જાત. ભગવાન પણ જાણે કે બહેરો થઈને બેઠો છે. એને ઘરે એટલી બધી ખોટ પડી ગઈ કે મારું ઘર ખાલી રાખ્યું!" વિરેનભાઈ છાપામાં માથું રાખીને ચુપચાપ બધું સાંભળતા રહેતા. પણ ઉમી આગળ તો હસતું મોં રાખીને જ ઊભા રહેતા. પણ ઉમાબહેનનો સતત કોચવાતો જીવ તો કેવળ બે દિવસના તાવમાં વિરેનભાઈને છોડીને ચાલી નીકળ્યો. જરાક તાવમાં આ કૂંડાની જેમ જ લથડી પડ્યાં, ને ત્રીજે દિવસે તો દુનિયાથી ચાલતા થઈ ગયા. વિરેનકાકાએ નિસાસો નાખીને હીંચકાનો સળિયો પકડી લીધો, ને પછી ધીરેથી હીંચકાને ઠેસ મારી. ઉમી આમ જતી રહેશે તેવી તો કલ્પના પણ ન હતી, પણ એ સત્ય



હતું. સાંજ પડ્યે વિરેનભાઈ ગાર્ડનમાં જઈને સમવયસ્કો સાથે બેસતા. સૌમ્યા ને જમાઈ ઘરથી થોડે જ દૂર રહેતાં હોવાથી દરરોજ ફોન કરતાં "પાપા! અહીં જ જમવા આવી જાવ." પણ વિરેનભાઈ કહેતા "બેટા! હવે કોઈની ટેવ નથી પાડવી. ઘણીવાર રવિવારે સૌમ્યા ને જમાઈ ટિફિન લઈને આવતાં. જો તેનાં સાસુ-સસરા આવ્યાં હોય તો તે પણ જોડાતાં. વેવાઈ તો સ્પષ્ટ કહેતા, "હવે સૌમ્યા સાથે જ રહેવાનું હોય, એકલા થોડું રહેવાય!" ને ત્યારે વિરેનભાઈને ઉમીનો સ્વર સંભળાઈ જતો, "સૌમ્યાને એકાદ બાળક હોત તો કેવું સારું થાત!"

આમ તો વિરેનભાઈ સવારે જ ઘરડાઘર તરફ ચાલી જતા. ત્યાં અતિવૃદ્ધો હોય તેમને માલીશ કરી આપતા, સમાચાર કે અગિયારસની વાર્તા વાંચી સંભળાવતા પણ પાછા ફરતાં પોતાની ગલીના નાકે કરિયાણાની દુકાન પાસે તેનું મન થંભી જતું. બાજુવાળી પેલી નાનકડી માટે કેડબરીઝ લેવા તેનું મન લલચાઈ જતું. વિરેનભાઈ ક્યારેક કેડબરીઝ લેતા તો ક્યારેક અવશપણે હસતા હસતા ચાલતા રહેતા. તેમની આંખોમાં એક ધૂંધળી છબી ઊપસી આવતી. ઘર ખોલીને તેઓ જોરથી ટી.વી.માં ખોવાઈ જતા ને છતાં ઉમા તો બોલતી જ રહેતી. યાદ આવતાં જ વિરેનભાઈને ગળે ડૂમો બાઝી ગયો. તેમણે ઊઠીને પાણી પીધું. વરિયાળી ખાધી અને પાછા હીંચકે આવીને બેઠા.

ટી.વી.માં હવામાનનો વર્તારો આવી રહ્યો હતો કે બે દિવસ ભારે વરસાદની શક્યતા છે. વિરેનભાઈએ પોતાનો હાથનો પંજો લેંઘા સાથે ઘસીને લૂછી કાઢ્યો. કેવો જોરદાર વરસાદ હતો તે દિવસે! અચાનક જ વરસાદના કડાકા ભડાકામાં કોઈએ જોરથી બારણું ખખડાવેલું. વિરેનભાઈ તે દિવસે બૅટરી સાથે જ રાખી અને બારણું ખોલવા આગળ વધ્યા ત્યાં તો સૌમ્યાનો સ્વર તેમને ઘેરી વળેલો. ફટાફટ બારણું ખોલતા વિરેનભાઈએ પૂછેલું, "બેટા! પલળી તો નથી ને!" જમાઈ હસી પડીને બોલેલા, "પપ્પા! અમે તો ગાડીમાં આવ્યા છીએ, ક્યાંથી પલળીએ!" ત્યાં તો લાઈટ ગુલ થઈ ગઈ. તૈયાર જ બેઠેલા વિરેનભાઈએ બૅટરી બધાંયની વચ્ચે ઊભી મૂકી દીધી. ચારે બાજુ અજવાળું છવાઈ ગયું. વિરેનભાઈ બોલ્યા, "બેટા! આવી વરસાદી રાતે કેમ આવ્યાં? કાલે અવાય!" સૌમ્યાએ જમાઈ સામે જોયું ને બોલી "બહુ વરસાદ હતો એટલે તમને મળવા આવ્યા પપ્પા!" વિરેનભાઈ બોલ્યા, "ચાલો! આદુવાળી ચા પીએ બધાં, મજા આવશે!" સૌમ્યા ઊભી થઈને જવા લાગી, ત્યાં તેની ઠેસથી બૅટરી ઊડી પડી. વિરેનભાઈ શું કરવું તે વિચારે ત્યાં જમાઈએ મોબાઈલની બૅટરી ચાલુ કરી. બૅટરીનો કાચ ફૂટી ગયો હતો. વિરેનભાઈ ઝડપથી તે વીણવા ગયા ત્યાં અંગૂઠાને છરકો થઈ ગયો, ને લોહીનો ટશિયો દેખાયો. સૌમ્યા રડમસ થઈ ગઈને બોલી, "પપ્પા! ધ્યાન રાખતા હો તો! મારે બીજું છે કોણ તમારા સિવાય." વિરેનભાઈએ ઝડપથી ડોક ફેરવી, ઉમી ક્યાંક બોલતી

હતી "સૌમ્યાને ભગવાને એક બાળક આપ્યું હોત તો ઘર તો ભરેલું હોત!"

બધાંનો ચા પીવાનો પ્રોગ્રામ કેન્સલ થઈ ગયો ને જાતભાતની વાતે બધાં વળગ્યાં. અચાનક સૌમ્યા બોલી, "પપ્પા! તમને પેલો શ્રવણિયો યાદ છે? આપણા જૂના ઘર પાસે રહેતા તે હરિકાકાનો શ્રવણિયો. અમેરિકા સેટ થયો છે. અમારે F.B. પર વાતો થતી હોય છે. ત્યાં તો આઇ.ટી. એન્જિનિયરોનો શો મોભો છે! ને પગાર તો આંખ ફાટી જાય તેટલો. રહેવાની વ્યવસ્થા પણ કંપનીની! મને કહેતો હતો, તમારે આવવું છે તો હું કંપનીમાં વાત કરું." વિરેનભાઈને લાગ્યું કે વાદળો વધારે પડતાં ગરજી રહ્યાં હતાં. ત્યાં તો જમાઈ બોલ્યા, "આપણે પણ જવાય જ ને! એવું થોડું છે કે ઇન્ડિયામાં જ રહેવું? એ તો પપ્પા આવશે આપણી સાથે. "વિરેનભાઈને કેડબરીઝની બરણી સાથે જમાઈનો પગારનો વસવસો યાદ આવી ગયો. વરસાદી ઠંડક વિરેનભાઈના સ્વરમાં જાણે કે ફરી વળી હતી. તેઓ કંઈ બોલવા જાય ત્યાં સૌમ્યા ટહુકી "પપ્પા! પાંચ વર્ષ જઈ આવવું છે? આપણે ક્યાં ત્યાં રોકાવું છે? કમાઈને પાછાં આવી જઈશું." વિરેનભાઈએ ગળું ખંખેર્યું ને શબ્દો ગોઠવી ગોઠવી બોલવાનું શરૂ કર્યું, "જો બેટા! સારો ચાન્સ મળતો હોય તો તમે જાવ તમતમારે! હું તો અહીં જ રહીશ મારી રીતે. મારી તબિયત હજુ તો ફક્કડ છે એટલે તમારે ક્યાં ચિંતા છે? અહીં તારી બા સાથે વાતો થયાં કરે, ઘડીક વૃદ્ધાશ્રમમાં જાઉં, ઘડીક ગાર્ડનમાં બધા સાથે બેસું. મારો ટાઇમ વીતી જાય છે. તમારે જવાનું મન હોય તો જાવ જ!"

સૌમ્યા એકદમ ટહુકી ઊઠી "જોયું! હું કહેતી હતી ને કે પપ્પા ના ન જ પાડે! હું ઓળખું ને મારા પપ્પાને!" વિરેનભાઈએ સપાટ નજરે સૌમ્યા સામે જોયું, અને પછી બોલ્યા, "ખરેખર! વરસાદ રહી ગયો લાગે છે." તેમણે ધીરેથી બારણું ખોલીને હાથ લંબાવ્યો. વરસાદી ઝરમરથી તેમનો હાથ ભરાઈ ગયો. કશુંક વિચારીને મક્કમ મન સાથે તેઓ પાછા આવ્યા ને જમાઈને પૂછ્યું, "આદિત્ય! તમે શું કહો છો?" જમાઈ બોલ્યા, "ચાન્સ બહુ સારા છે. પ્રયત્ન કરવો જોઈએ." વિરેનભાઈ મુક્ત મને હસી પડ્યા ને બોલ્યા "તો કરો કંકુના! ફતેહ કરો. મારા આશીર્વાદ છે." સૌમ્યા તરત જ બોલી, "પણ આપણે ત્રણ જઈશું પપ્પા! બે નહીં." વિરેનભાઈ હસ્યા ને બોલ્યા "આગે આગે દેખા જાયેગા બેટા! એવું હોય તો મારો પાસપોર્ટ કઢાવી રાખજો."

અંતે સૌમ્યા ને જમાઈ ગયા ને વિરેનભાઈએ ઉમા સામું જોયું. ઉમા બોલી ઊઠી, "સૌમ્યાને પણ એકાદ બાળક હોત તો કેવું સારું થાત!" પહેલીવાર વિરેનભાઈ ઉમા તરફ જોઈ ને હસ્યા ને બોલ્યા, "ઉમી! તું સાચું કહેતી હતી." દિવસો સૂકાં પાનની જેમ સરસર કરતા સરી ગયા. સૌમ્યા ને જમાઈના આગ્રહો, કુરિયર સતત ચાલુ જ હતાં. પણ વિરેનભાઈ ખોવાયેલા હતા જાણે!

કોઈનો ફોન આવતા વિરેનભાઈની વિચારયાત્રા અટકી. ફોન મૂકતાં તેઓ બબડ્યા, "સૌમ્યાનું કુરિયર ખોલવા તો દે! સૌમ્યા એ શું મોકલ્યું છે? ટીશર્ટ અને કાનટોપી હશે વળી બીજું શું?" તેમણે નીરસ મને કુરિયર ખોલ્યું. આ વખતે ટીશર્ટની સાથે અમેરિકાની ટિકિટ પણ હતી. વિરેનકાકાએ કંટાળા સાથે તેને ટીપોય તરફ ફેંકી ને બબડ્યા "ખાલી ખાલી સાવ!" ને હીંચકે લંબાવ્યું. ત્યાં તેમનું ધ્યાન ગયું, કવરમાંથી એક કાગળ નીચે પડેલો હતો. શેનો હશે? ભારે કુતૂહલથી તે ઊભા થઈ ગયા. હાથમાં લેતાં જ સૌમ્યાના અક્ષરો ઓળખી ગયાને જરા બબડ્યા કે આગ્રહ કર્યો હશે, બીજું શું વળી. હીંચકે લાંબા થઈને તેમણે કાગળ વાંચવો શરૂ કર્યો ને બીજા પૅરેગ્રાફમાં તેમની નજર જાણે કે ચોંટી ગઈ! સૌમ્યા લખતી હતી, "પાપા! તમારે હવે કંઈ વિચારવાનું જ નથી. આજે ડૉક્ટરને પણ બતાવી આવ્યાં છીએ. તમે નાનાજી બનવાના છો. જમવાનું જરાય ભાવતું નથી. તમારા હાથની કઢી ખાવી છે. ઉમી તો ચાલી ગઈ! તમારા સિવાય મને કોણ ખવરાવે?" કાગળ ફેંકતાં વિરેનકાકા કૂદકો મારતા ઊભા થઈ ગયા. ને પછી આધાર માટે હીંચકો પકડી લીધો. ફોન હાથમાં લીધો ને પાછો મૂક્યો, ને બાલ્કનીમાં દોડ્યા, "મંજુબેન! હું અમેરિકા જાઉં છું હો! મારા તુલસી સાચવજો! ને લાગલા અંદર દોડ્યા, પગલુછણિયાને અડફેટે લેતાંક ને લગભગ બરાડતાં, ઉમી! એક બાળક ..... ને હાંફતા હાંફતા હીંચકે બેસી પડ્યા.

કે-૫૦૪, વેસ્ટર્ન સિટી ફ્લેટ, એલ.પી. સવાણી સ્કૂલ પાસે, પાલ-અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯. મો. ૯૪૨૯૦૮૯૫૫૨

ખેલાડી

કલ્પેશ પટેલ

ઘણે વખતે એને મળવાનું થયું... એ ભુલાઈ ગઈ હતી એવું ન હતું, પણ એટલી બધી યાદ પણ નહોતી રહી ! એમ થવાનુંય કારણ છે.. ઘરેથી બળ્યોજળ્યો હું શહેરમાં આવીને કાળી મજૂરીએ વળ્યો હતો. શરૂ શરૂમાં એના પત્રો આવતા. એના બે પત્રો આવે ત્યારે હું એકાદો સામે લખતો. કોઈ કોઈ વાર એ લેન્ડલાઈન ફોન કરતી..અમારા કૉન્ટ્રેક્ટરના ફોન પર. કોઈ કોઈ વાર હું એની પર ઉપકાર કરતો હોઉ એમ ફોન કરી લેતો. એ પૂછતી, કેવું છે ત્યાં? ફાવે છે? કામ મળે છે? તબિયત બગાડીને કંઈ ન કરતો. "જાન હે તો જહાન હૈ !" - એવું પણ એ કહેતી. મોટી બેનની જેમ અથવા તો માતાની જેમ.. એ ન તો મારી માતા હતી કે ન તો મોટી બહેન હતી. સગી માતાનો તો મને ચહેરો જ યાદ હતો... અને બહેન મારે મોટી નહોતી... નાની ઓરમાન બહેન હતી. બહેન સાથે એવું ખાસ અટેચમેન્ટ પણ ક્યાં હતું?...

તો પછી શું હતી એ?.. કદાચ એનીય મને ખબર ન હતી! બાળપણમાં માતૃપ્રેમની જે ઊણપ રહી ગઈ હતી એ પૂરી કરવા હું ઝાવાં મારતો હતો, એટલે એની નજીક આવી ગયેલો. એ મારાથી બેએક વર્ષે મોટી હતી. એણે જ મને ઘર છોડીને કંઈક પોતાની રીતે કરવા પ્રેરણા આપી હતી. એનો મારા માટેનો ભાવ જ એવો હતો કે હું એની વાત સાંભળી લેતો. ફોનમાં સામે દલીલ પણ ન કરતો. એનું કહ્યું મારે માનવું પડતું બસ!. પણ પછી મને શહેરનો પાક્કો રંગ લાગ્યો કે શું? એની વાત માનું છું એવો દેખાવ કરતો પણ માનતો નહિ! ... થતું એ ક્યાં જોવા આવવાની છે? શહેરમાં આવીને હું જૂઠું બોલતાં શીખી ગયેલો....

"શું વિચારે છે?" એણે મને ઝડપી લીધો..હું હસ્યો, "ફ્લેશબેકમાં ગયો હતો!"

"ચલો. શહેરની રેસમાંથી તને ફ્લેશબેકમાં જવાનો વિચાર તો આવ્યો!" એણે મારા હાથમાં ચાનો કપ પકડાવતાં કહ્યું. એને આવું વ્યંગમાં બોલવાનું પહેલેથી ફાવતું...

"તું હજુ એવી ને એવી જ છે, વિશાખા !"

"પણ તું નથી રહ્યો એવો ને એવો! શહેરે તને કેવો બનાવી દીધો!"

"કેવો?"

"ખેલાડી!"

"આખરે હું પણ છું તો માણસ જ ને!"

"લાગે તો છે!" એણે સ્મિત કર્યું. મેં એના ઘરમાં આમતેમ દૃષ્ટિ કરી.. બધું જ સરસ રીતે ગોઠવાયેલું હતું..એકદમ સુઘડ.. જેવું એનું વ્યક્તિત્વ હતું એવું જ એનું ઘર..એક એકલી રહેતી સ્ત્રીનું ઘર.. ઉપેક્ષિત તો નહીં પણ કોઈની રાહ જોતું હોય એવું ઘર..

"તું.. તેં.. પછી લગ્ન ન કર્યાં ?" મેં પૂછેલો પ્રશ્ન ખુદ મને બકવાસ જેવો લાગી રહ્યો હતો પણ તીર તો છૂટી ગયું હતું.

"લગ્ન?કોની સાથે કરું ? જેની સાથે કરવાં હતાં એને તો ગગનમાં જ ગાજતું હતું..." એણે કોઈ સામાન્ય વાત કહી રહી હોય એટલી સાહજિકતાથી કહ્યું. મારો ચહેરો કદાચ લાલચોળ થઈ ગયો હશે.

એણે નિશ્વાસ નાખ્યો. મેં એના ચહેરા સામે જોયા કર્યું... ઉંમરની રેખાઓ બોલકી બનવા લાગી હતી.. આંખો નીચેનાં કાળાં કુંડાળાં પ્રૌઢાવસ્થાની ચાડી ખાવા લાગ્યાં હતાં., પરંતુ લાવણ્ય તો પહેલાંના જેવું જ હતું..

"તું તો મને સહેલાઈથી પ્રપોઝ કરી શકતી હતી ને!" મેં મારો લૂલો બચાવ કર્યો અને કપમાં વધેલી ચા એકસામટી ગટગટાવી ગયો..

"એટલે કે તું પ્રપોઝ કરવા નહોતો ઈચ્છતો, એમ જ ને?"

વાતને ડાયવર્ટ કરવાનો સમય મને મળી ગયો." કેવી રીતે ચાલે છે તારું ઘર?"

"આ એક પ્રૅક્ટિકલ સવાલ છે ! પરંતુ એમાં એક ઈમ્પ્રેક્ટિકાલિટી છે!"

"મીન્સ?"

"જિંદગીના વસમા બે દાયકા વીતી ગયા પછી તું આ સવાલ મને કરે છે, તને મૂરખ કહું કે ધૂર્ત?"

મને કાપો તો લોહી ન નીકળે! બોલું તો શું બોલું?

માંડ માંડ કળ વળી એટલે બોલ્યો, "બંને !" શહેરમાં ગયા પછી હાર મને પસંદ નહોતી રહી, પણ આ એક જગ્યા એવી હતી કે જ્યાં હારવા સિવાય આરો પણ નહોતો. મેં

કન્ફેશન કરતાં કહ્યું, "હું જેવો છું તેવો તારી સામે છું. નહોતું પૂછ્યું તો નહોતું પૂછ્યું! હવે તો પૂછ્યું ને?"

એ મારી સામે નારાજગીથી જોઈ રહી. દયા કરતી હોય એમ બોલી, "અહીં એક પ્રાઇવેટ સ્કૂલ છે. ત્યાં લેન્ગ્વેજ ભણાવવા જાઉં છું. આજકાલ કરતાં છસાત વર્ષ થઈ ગયાં ! છેલ્લે તારી સાથે ક્યારે વાત થઈ હતી, યાદ છે?

"ના!"

"મને છે!" એણે જરા ભીનાશથી કહ્યું, "એના બીજા દિવસથી જ આ સ્કૂલ મેં જોઈન કરેલી !"

"કોઇન્સિડન્સ?"

"ના!... ઇરાદાપૂર્વક!.. એ ફોનમાં તારી સાથે વાત કરતાં મને સમજાઈ ગયું હતું કે તું ડાઇવર્ટ થઈ રહ્યો છે. એટલે પછી મેં."

આ વખતે મેં નિશ્વાસ નાખ્યો...મેં શું એને ઇરાદાપૂર્વક ટાળી હતી?

કદાચ ના!... કદાચ હા!..પૈસાની ભૂખ મેં જોઈ હતી.. બાળપણમાં બહુ જ વેઠ્યું હતું. એક એક રોટલી માટેનો સંઘર્ષ... અપર માનો ત્રાસ..માર..ધિક્કાર ને બધું ઘણું! .. પપ્પા મને ધિક્કારતા તો નહોતા પણ ચાહતા પણ નહોતા. એમની લાચાર આંખો મેં જોયેલી.. સામાન્ય ફૅક્ટરીમાં એ નામું લખવા જતા.. સાવ ટૂંકો પગાર. એમાં મારાં બે ઓરમાન ભાઈબહેન. મા ગુસ્સે થઈને મને કહેતી, પીટ્યા.. તને નવી રૂપરડી પરખાવાની નથી! "એટલી નાની ઉંમરે પણ હું હસતો. કારણ કે મને ખબર હતી કે પપ્પાનો પગાર જ ક્યાં એટલો હતો કે... મને મા પર ગુસ્સો ન આવતો, દયા આવતી. અને હું કહેતો. મારે તમારું ફદિયું પણ જોઈતું નથી..ને થોડો મોટો થયો એટલે વિશાખાના કહેવાથી જ શહેર ચાલ્યો ગયો. સંકલ્પ સાથે કે હવે એ ઘરમાં પગ નહીં મૂકું! દલાલીમાં મને ફાવટ આવતી ગઈ.. પણ એમાં..

"ગામ સાથે કે ઘર સાથેનો તે છેડો ફાડ્યો એ તો ઠીક, પણ મારી સાથેનો સંબંધ પણ.."

"સાચું છે, મેં તને... મેં ગામડે નહિ આવવાનું જળ ખોટું લીધું હતું !"

"અને કદાચ લેવું જ હતું તો મને તેડાવી લીધી હોત શહેરમાં...!"

"તેં એકાદવાર કહ્યું પણ નહિ! તારો ઇગો પણ કંઈ જેવોતેવો?"

"ઇગો નહિ, સ્વમાન!" એણે ડોક ટટ્ટાર કરતાં કહ્યું, "બા જીવતાં હતાં ત્યાં સુધી બહુ મથ્યાં કે મારા જીવતેજીવ પરણી જા ! પણ હું ના માની !"

"આ કંઈ સારું નથી કર્યું!" મેં મોં બગાડીને કહ્યું.

"હવે શું? જે થઈ ગયું તે ન થયું થવાનું છે?" બોલીને એણે પૂછ્યું, "તું? તું કેમ ન પરણ્યો?"

મેં કહ્યું," મારે પણ બીજે ક્યાં પરણવું હતું? તું જ તો હતી મનમંદિરમાં !"

"તો પછી મને કેમ ન કહ્યું ?"

"હા! મારો ઇગો!" મેં કહ્યું, "શહેરે મને પૈસા આપ્યા હતા એની સાથે મારી સિમ્પલિસિટી છીનવી લીધી હતી. દલાલીના કામે મને અવિશ્વાસ શિખવાડ્યો હતો. હું દરેક સંબંધને શંકાથી જોવા લાગ્યો હતો. મને એમ હતું કે વિશાખા કેમ મને સામેથી નથી કહેતી?..."

"પણ પત્રો તો હું લખતી હતી તને!... તું તો સરખી રીતે જવાબ જ આપતો નહોતો."

"હું તને નાણી જોવા માગતો હતો. તારા પત્રો આવતા બંધ થઈ ગયા એટલે પછી... !"

રૂમમાં એકદમ શાંતિ પ્રસરી રહી. મારે કહેવાનું હતું એ કહીને હું કોર્ટમાં જેમ વકીલ બેસી જાય એમ બેસી ગયો. મને હળવાશનો અનુભવ થવા લાગ્યો. એકાએક એણે કહ્યું, "એક વાત કહું? તારી વાત મારા ગળે ઊતરતી નથી!"

"એટલે?"

"એટલે એમ કે આ તારી સેલ્ફ મેઇડ સ્ટોરી છે!" હું ઘૂજી તો ગયો, પણ ગુસ્સો કરતો હોઉં એ રીતે બોલ્યો, "એવું તું શી રીતે કહી શકે ?"

"હું તને ઓળખું ને ! હમણાં કહ્યું ને મેં એમ ખેલાડી થઈ ગયો છે તું! પાકો ખેલાડી!" બોલીને એ હસી. મેં એ તકનો લાભ લઈને કહ્યું," આગળનું બધું જવા દે! બોલ, તું તૈયાર છે? આપણે પરણી જઈએ!" પૂછીને હું ઊંચા જીવે એના જવાબની રાહ જોઈ રહ્યો.

"ના! હવે નહિ!"

"કેમ? હવે શો વાંધો છે?"

"સમય વીતી ગયો હવે તો!" બોલીને એણે નિશ્વાસ નાખ્યો. મને સારું લાગવા માંડ્યું.

"તો હું જાઉં હવે!" એની રજા લઈને હું બહાર નીકળતો હતો એટલામાં રીતિકાનો ફોન આવ્યો. મેં કટ કર્યો.. બહાર નીકળીને મેં ખુદ મને કહ્યું, "સાચું કહેતી હતી વિશાખા! ગુણવંત! તું.. પાક્કો ખેલાડી છે !" અને રીતિકા ગુસ્સે થાય એ પહેલાં એને ફોન જોડવા લાગ્યો.

સી-૧૦૨, રોયલ રિવેરા,
રાંદેસણ - ગાંધીનગર. મો. ૭૮૬૨૯૫૨૦૫૧

કચરો

મોના આર. જોષી

જમના કચરો કાઢતી કાઢતી બેડરૂમમાં ગઈ. બેડરૂમમાં પગ મૂકતાં જ જમનાના મોંમાંથી ચીસ નીકળી ગઈ. ઝાડુ ફેંકીને એ ઘરની બહાર દોડી ગઈ.

જમનાનું હૃદય પેલી ઘડિયાળ કરતાંય ઝડપથી ભાગી રહ્યું હતું. જાણે ધબકારા કાનમાં સંભળાતા હતા. આંખ આગળથી દૃશ્ય ખસી રહ્યું નહોતું. ઉપરથી આ પોલીસનાં લફરાં! બાપ ગોતરમાં પોલીસ સાથે પનારો પડ્યો ના હોય અને હવે...

મા-બાપે હંમેશાં શિખવાડ્યું હોય કે પોલીસથી બચીને રહેવાનું. આપણે ગરીબ માણસ, પોલીસની દોસ્તીય નહીં સારી અને દુશ્મનીય નહીં. એના બદલે હવે તો રોજ પોલીસ સાથે લમણાં લેવાનાં થશે.

“સાહેબ, હું જાઉં?” જમનાએ ડરતાં ડરતાં બાજુમાં ઊભેલા જમાદારને પૂછ્યું. જમાદારે વળી ઈન્સ્પેક્ટરને પૂછ્યું, “સાહેબ, આનું ઍડ્રેસ અને ફોનનંબર લઈ લીધાં છે. એને જવા દઉં?”

ઈન્સ્પેક્ટરને એના કોઈ ઉપરીએ ખખડાવ્યો હશે તેનો ગુસ્સો એણે જમાદાર ઉપર કાઢ્યો, “ગાંડો થયો છે કે શું? હજી બધી પૂછપરછ બાકી છે અને તારે એને જવા દેવી છે? આવાં ઢંગધડા વગરનાં કામ કરો પછી ગુનેગાર ક્યાંથી પકડાય! ખબરદાર, હું ના કહું ત્યાં સુધી જો કોઈ અહીંથી ગયું છે તો!”

સાહેબનો મૂડ પારખીને પોલીસ પલટન ચૂપચાપ કામે વળગી. પેલા જમાદારે સાહેબનો ગુસ્સો જમના પર કાઢ્યો, “જઉં જઉં કર્યા વગર ચૂપચાપ બેસી રહે, હવે કંઈ બોલી છે તો તને તારા સાહેબના ખૂનમાં અંદર કરી દઈશ!”

જમના હબક ખાઈ ગઈ. સાહેબે એને પૂછપરછ કરવા ના બોલાવી ત્યાં સુધી એ ચૂપચાપ એમ જ ખૂણામાં બેસી રહી. થેલીમાં પડેલો મોબાઈલ થોડી થોડી વારે રણક્યા કરતો હતો. એને ચૂપ કરી દીધો. ‘આજે કોઈના ઘરે કામ કરવા નહોતી જઈ શકી. એ બધાના ફોન આવતા હશે. ગોપાલ કાં તો રિંગ મારતો હોય, કોને ખબર? કાલે સાંજે એ બાઝ્યો પછી સવારે એનું મોઢું જોવાય નહોતી રહી, સવારે એના માટે ચા ના બનાવી.’ જમનાનો જીવ બળવા લાગ્યો. ‘બાઝતાં-બોલતાંય માથે ધણીનું છત્ર તો છે. પેલી શેઠાણી તો છત્ર વગરની થઈ ગઈ. હતો ત્યાં સુધી આખો દહાડો એની સાથે બાઝતી’તી. હવે છાતી કૂટીને રડે છે.’

આખું અઠવાડિયું તો બહેન અને સાહેબ બંને નોકરીએ ગયાં હોય. જમનાને ઘરની ચાવી આપી રાખી હતી. એના સમયે ઘર ખોલી કામ કરી જમના ચાલી જાય. એક રવિવારે જ બંને ઘરે હોય, એમાંય મોટા ભાગે જમનાએ બંનેને બાઝતાં જ જોયાં હતાં. છેલ્લા એકાદ મહિનાથી એણે નોંધ્યું હતું કે, બહેન ગમે તેટલાં ગુસ્સે થાય, બરાડા પાડે, પણ સાહેબ સામે કંઈ બોલતા નથી. દુઃખી ચહેરે બાલ્કનીમાં બેસી રહે.

આજે જમના ઘર ખોલીને અંદર આવી, રાતનાં વાસણ ઘસ્યાં અને ઝાડુ લઈને કચરો કાઢવા બેડરૂમમાં ગઈ એવી ચીસ પાડીને નાઠી. સાહેબ રૂમમાં પંખા ઉપર લટકી રહ્યા હતા.

પોલીસ આવી પછી સાંજ સુધી જમનાને ત્યાંથી હાલવા ના દીધી. આખરે ઉપરી સાહેબે ઝીણામાં ઝીણી વિગતો પૂછીને પછી એને ઘરે જવાની છૂટ આપી. વળી જતાં જતાં તાકીદ કરી, ‘હું જ્યારે જ્યારે બોલાવું ત્યારે ત્યારે પોલીસ સ્ટેશને હાજર થઈ જજે, અને હમણાં શહેર છોડીને ક્યાંય જતી નહીં.’

જમના એની થેલી લઈને ઘર તરફ વળી. સાંજનો સમય હતો એટલે બધી બસો ભરેલી આવતી હતી. એક બસમાં ધક્કા મારીને એ ચડી. હંમેશાં મનમાં, ‘આજે ઘરે શું પડ્યું હશે? શું બનાવવું? પેલાં બહેને પગાર આપ્યો કે નહીં? આ બહેને કેટલો પગાર કાપી નાખ્યો?’ એ બધા વિચારો દોડતા હોય એટલે જમનાનું આજુબાજુ કોઈ તરફ ધ્યાન જતું નહીં. પણ કાલ સુધી હરતા-ફરતા વાતો કરતા માણસને આજે લટકતો જોઈને આવી હતી, એટલે આજે એના મનમાં સાવ શૂન્યાવકાશ છવાઈ ગયો હતો. ધીરે ધીરે એનું ધ્યાન બસમાં થતા કોલાહલ તરફ વળ્યું.

કોઈ કંડક્ટર જોડે છૂટા પૈસા માટે માથાકૂટ કરતું હતું, તો કોઈ સીટ માટે બાખડતું હતું. કોઈ વળી ફોનમાં સામેવાળાની ઝાટકણી કાઢી રહ્યું હતું, તો કોઈ બાજુમાં ઊભેલાનો ધક્કો વાગતાં એની સાથે ઝઘડી રહ્યું હતું.

બધાં આખા દિવસમાં ભેગા થયેલા ગુસ્સાને, હતાશાને,

નકામાપણાને, અપમાનને એકબીજા ઉપર ઠાલવી રહ્યાં હતાં. ચારે બાજુ કચરો ઠલવાઈ રહ્યો હતો.

'આ કચરો ઠલવાવો પણ કેટલો જરૂરી છે, નહીં?' જમના વિચારવા લાગી. 'જેમ ઘરનો કચરો ડસ્ટબિનમાં, ડસ્ટબિનનો કચરો કચરાની ગાડીમાં, કચરાની ગાડીમાં ભરેલો કચરો ડમ્પિંગ સ્ટેશનમાં ઠલવાય, તેમ માણસની જાતનું પણ એવું જ છે ને! કામ ઉપર જતાં રસ્તામાં કોઈની સામે બબાલ થઈ એ કચરો મનમાં ભરાયો. કામ ઉપર ઉપરી સાહેબ ખખડાવે એ કચરો, કોઈ સાથી કર્મચારીની સતામણી હોય તો વળી એ, આર્થિક તંગી હોય તો વળી એની ચિંતા, આ બધાથી થાકીને કંટાળીને માણસ ઘરે આવે ત્યારે ઘરવાળી કે ઘરવાળાની નાની અમથી વાતમાં પેલો ભરાઈ રહેલો કચરો વિસ્ફોટ સાથે ફૂટે અને સામેવાળા ઉપર ઠાલવાય. આમ જોવા જઈએ તો કોઈનો કચરો કોઈના ઉપર ઠલવવો એ ખોટું છે, પણ ઠલવાવો જરૂરી છે. તો જ માણસ ખાલી થાય. આ સાહેબ બહેન સાથે ઝઘડતા હતા તો કમસે કમ ખાલી તો થઈ જતા હતા. એમણે બધો કચરો અંદર ભરી રાખ્યો એમાં છેવટે વિસ્ફોટ થયો.'

બસમાંથી ઊતરીને જમના ઝપાટાભેર ઘર તરફ ભાગી. ગોપાલ આવી ગયો હશે અને ભૂખ્યો પણ થયો હશે.

દર વખતે કોઈને કોઈના ઘરેથી વધેલું ખાવાનું મળી જતું એટલે સાંજની ચિંતા રહેતી નહીં. પણ આજે તો ક્યાંય કામ ઉપર ગઈ જ નહોતી. વળી, પોલીસના લફરામાં બપોરે પણ જમવા ભેગી થઈ નહોતી. બરાબરની ભૂખ લાગી હતી, પણ ઘરમાં પણ કંઈ હશે કે નહીં એની ખબર નહોતી.

ઘરમાં પગ મૂકતાં સાથે જ ગોપાલ વરસી પડ્યો, "મહારાણી મહાલતાં મહાલતાં આવ્યાં! ક્યાં હતી અત્યાર સુધી? તને મારી કે ઘરની કંઈ પડી જ નથી. ફોન કરું છું તો ઉપાડતી નથી, બહુ ચડી વાગી છે! બે ધોલ મારીશને તો બધી ચરબી નીકળી જશે!"

જમનાના હોઠ સહેજ મલકી ઊઠ્યા, 'કચરો!!' ગોપાલને આશ્ચર્ય થયું. નાની અમથી વાતમાં સામે ફટાક દઈને જવાબ આપતી જમના આજે સાવ ચૂપ છે. ગુસ્સે થવાને બદલે આછું આછું મરકી રહી છે. એને થોડી ચિંતા થઈ. એનો અવાજ આપોઆપ થોડો ટાઢો પડ્યો, "શું થયું? તારી તબિયત તો ઠીક છે ને?"

જમનાએ આખી બીના કહી સંભળાવી. છેવટે ઉમેર્યું, "મોબાઈલ જમાદાર ઉઠાવવા નહોતો દેતો, અને સાંજ સુધીમાં રિંગ વાગી વાગીને એની બૅટરી ઊતરી ગઈ. પછી હું તને કેવી રીતે ફોન કરું? કહે!"

"તો તો સવારથી તુંય ભૂખી જ હોઈશ!" ગોપાલનો જીવ બળી ગયો. જમના ઘરમાં શું પડ્યું છે અને શું રાંધવું એ વિચારતી હતી ત્યાં ઓરડીનું બારણું ખખડ્યું. કોઈ ટીવીવાળો સાહેબના આપઘાત બાબતે એનો ઇન્ટરવ્યૂ લેવા એના ઘર સુધી પહોંચી ગયો હતો.

ગોપાલ અકળાયો, પણ જમનાએ એને શાંત પાડ્યો, "લેવા દે ને ઇન્ટરવ્યૂ, એક ૧૦ મિનિટ લાગશે. એની નોકરીનો સવાલ છે. નહીં તો એનો ઉપરી એને ખખડાવશે અને એ વળી એ બધો કચરો ઘરે જઈને બૈરી ઉપર ઠાલવશે!"


ઇન્ટરવ્યૂ પત્યો એટલે રિપોર્ટરે કૅમેરામૅનને ઇશારો કરી કૅમેરા બંધ કરવા જણાવ્યું, "હાશ પત્યું. તું હવે આ ક્લિપ્સ બૉસને સેન્ડ કરી દે, હું ઘરે જવા નીકળું. સવારથી કંઈ ખાધું નથી. ભૂખ લાગી છે બરાબરની." રિપોર્ટર કૅમેરામેનને સંબોધીને બોલ્યો.

કૅમેરામૅને એનો બધો સામાન સંકેલતાં જવાબ આપ્યો, "ભૂખ લાગી હોય તો પેલા બપોરે ઓફિસેથી આવેલા પૅક લંચ પડ્યા જ છે. ખાવા છે?"

"ના ભાઈ ના. એ કચરો કોણ ખાય! ઘરે જઈને તાજું ગરમાગરમ ખાવાનું ખાઈશ. તારે પણ ના ખાવું હોય તો આને આપી દે, ફેંકી દીધા વગર. કોઈના પેટમાં જાય." રિપોર્ટર એનો થેલો લઈને ચાલતો થયો. કૅમેરામૅને ૨ પૅક લંચ કાઢી જમનાને આપ્યા અને એ પણ જતો રહ્યો.

જમના અને ગોપાલ એ 'કચરા'ના બૉક્સને અમીભરી નજરે તાકી રહ્યાં!

૫૯૧/૨, સેક્ટર ૩૦, ગાંધીનગર.
મો. ૭૭૭૯૦૧૫૫૫૩





રંગોળી સજાવો
બિપિન દવે
મો. ૯૪૨૬૯૦૮૪૬૮







રતિલાલ બોરીસાગર

શાહબુદ્દીન રાઠોડ

જગદીશ ત્રિવેદી

પ્રવીણ દરજી

હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

ડૉ. નલિની ગણાત્રા

અશોક દવે

અધીર અમદાવાદી

દિલીપ આર શાહ 'રસીલા'

નગીન દવે

વિનય દવે

સુષમા શેઠ

કિશોર અંધારિયા

રમેશ પટેલ 'ક્ષ'

જીતેન્દ્ર ઠક્કર

પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી



અશોક વાટિકામાં વિરાટ દર્શન
કૌશિક પટેલ
મો. ૯૮૨૫૨૯૨૯૩૬

સ્ત્રીપુરુષ-(વિ)સંવાદ

રતિલાલ બોરીસાગર

સ્ત્રી : છાપામાં વાંચ્યું ને, સરકાર સ્ત્રીપુરુષ સમાન નીતિ તૈયાર કરી રહી છે.

પુરુષ : તમારે માટે આ હરખાવાના સમાચાર ગણાય, પરંતુ...

સ્ત્રી : હું જાણું છું – મહિલાઓ ઉચ્ચસ્થાને હોય એ તમને પુરુષોને ઘણું વસમું લાગે છે. પણ હવેના દિવસોમાં તમારે પુરુષોએ આ પરિસ્થિતિ માટે તૈયાર રહેવું પડશે.

પુરુષ : આ પરિસ્થિતિ માટે મનને તૈયાર કરવાનું અઘરું છે અમારે માટે. મારા એક મિત્રે બૉસ તરીકે એક મહિલા આવ્યાં એટલે વી.આર.એસ. લઈ લીધું.

સ્ત્રી : જેમ-જેમ સમય જશે તેમ-તેમ અનેક જગ્યાએ મહિલા બૉસ હશે. કેટલા લોકો વી.આર.એસ. લેશે ?

પુરુષ : એવી પરિસ્થિતિમાં પુરુષો વી.આર.એસ. તો શું સંન્યાસ પણ લઈ લેશે. આવતા દિવસોનાં એંધાણ જોઈને તો પુરુષ-અધિકાર સુરક્ષા-સંઘોની સ્થાપના થઈ રહી છે. પુરુષો જાગ્રત નહિ થાય તો એમના બધા અધિકારો ધીમે-ધીમે છીનવાતા જશે.

સ્ત્રી : સ્ત્રી-પુરુષ સમાન અધિકારની વાત છે એમાં તમારા અધિકારો છીનવાઈ જવાની વાત ક્યાં આવી ? હા, ખોટા અધિકારો જશે એ વાત નક્કી !

પુરુષ : તમે સ્ત્રીઓ જેને ખોટા અધિકાર કહો છો એ અમને સ્ત્રીઓએ જ આપ્યા છે ! લગ્નજીવનની શરૂઆતમાં પતિને સરસ મજાની ચા બનાવી દેવી; ચા બનાવીને પતિને વહાલપૂર્વક ઉઠાડવા; પતિ બેડ-ટી લઈ લે પછી તેને બ્રશ-ઊલિયું શોધી દેવાં; નાહવાનું પાણી ગરમ કરી દેવું; ટુવાલ-કપડાં બાથરૂમમાં મૂકી દેવાં; પતિ શર્ટ પહેરી લે એટલે બટન ટાંકી આપવું; પતિ ડાઇનિંગ ટેબલ પર બેસે એટલે આગ્રહ કરી-કરીને ગરમ ગરમ રસોઈ જમાડવી; પતિ જમતો હોય ત્યારે પહેલાંની સ્ત્રી વીંઝણો ઢોળતી, હવેની સ્ત્રી પંખાની કે કૂલરની સ્વિચ ઑન કરી આપે છે. લગ્નજીવનની શરૂઆતમાં આવું બધું કરવું તમને ગમે છે. પછી સમય જતાં આકરું પડે છે એટલે ધીમે-ધીમે બધી સુવિધાઓ પાછી ખેંચી લો છો. પછી અમને આકરું પડે છે. અમે તો એ દિવસો યાદ કરતાં-કરતાં નિસાસા નાખીએ છીએ.

સ્ત્રી : અરે ! અરે ! તમારી આંખોમાં તો ઝળઝળિયાં આવી ગયાં !

પુરુષ : તે આવી જ જાય ને !

સ્ત્રી : સ્ત્રી-પુરુષ પરસ્પર એકબીજાનાં કામ કરે એવું થશે પછી ઝળઝળિયાં નહિ આવે.

પુરુષ : હા, ત્યારે ઝળઝળિયાં નહિ આવે, હીબકાં જ ભરવાનાં થશે.



સ્ત્રી : તમે સદીઓથી અમારા હાથમાં રસોડું પકડાવી દીધું છે એનો વિચાર તમને આવે છે ક્યારેય ?

પુરુષ : તમારા હાથમાં રસોડું પકડાવીને અમે શું ખાટી ગયા ? આમાંય ચાર દિનની ચાંદનીવાળી વાત છે. સારું-સારું જમવાનો સુવર્ણયુગ તો લગ્નજીવનની શરૂઆતનાં ચાર-પાંચ વરસ ચાલે. પછી તો કાયમી ગુલામી ! સ્ત્રી જેવું રાંધે, જે રાંધે, જેવી રીતે રાંધે એવું બિચારાએ ખાઈ લેવાનું. ગીઝર આવતાં પાણી ગરમ કરી આપવાની વાત તો ગઈ, ઊલટું, 'તમને ગીઝરની સ્વિચ બંધ કરવાનું યાદ આવતું જ નથી.' એવો કકળાટ લગભગ રોજ સાંભળવો પડે છે. એટલે પુરુષોના વિશેષાધિકારો તો હવે નામના જ રહ્યા છે. ખરેખર તો, પુરુષસ્વાતંત્ર્યનો પ્રશ્ન ગંભીર બનતો જાય છે.

સ્ત્રી : તમે લોકોએ અમારા માનસને કેવું પ્રદૂષિત કરી દીધું છે એનો કંઈ અંદાજ છે તમને ? સારો વર મળે એટલા માટે અમારે વ્રતો કરવાનાં, સૌભાગ્યવતી હોવા બદલ કપાળે ચાંદલો કરવાનો કે ચોંટાડવાનો, હાથમાં બંગડી પહેરવાની ! તમારે કેમ વ્રતો નહિ કરવાનાં ? સૌભાગ્યચિહ્નો શા માટે ધારણ નહિ કરવાનાં ?

પુરુષ : અન્યાય ખરો પણ પુરુષોને, સ્ત્રીઓને નહિ. તમે ગણાવી એ બધી બાબતોમાં પુરુષોને સદીઓથી અન્યાય થતો આવ્યો છે. તમે વ્રતો કરીને સારો વર પામી શકો, પણ અમારે પુરુષોએ તો પત્ની જેવી મળી એવી ચલાવી લેવાની. અમારાં વ્રતો માટે શાસ્ત્રોમાં કોઈ વિધિવિધાન જ નહિ. પુરુષોને સૌભાગ્યચિહ્ન ધારણ કરવાનો અધિકાર શા માટે નહિ ? મોટાભાગના પુરુષો આજીવન અખંડ સૌભાગ્યવતા હોય છે. પત્ની મરી જાય તો ન્યૂનતમ સમયગાળામાં એ પુનઃ લગ્નજીવનનું સૌભાગ્ય પ્રાપ્ત કરી લે છે. છતાં ઘરના બજેટમાં પુરુષના સૌભાગ્ય-શણગાર માટે નવા પૈસાનીય જોગવાઈ નહિ. તરુણી-યુવતી અપરિણીત હોય ત્યાં સુધી કુમારી કહેવાય - કુ. ફલાણી ફલાણી ને બિચારો તરુણ ? એ કુમાર ફલાણો ફલાણો ન કહેવાય. પુરુષ પિસ્તાલીસ વરસનો હોય ને અપરિણીત હોય તો 'વાંઢો' કહેવાય. સૌનો હાસ્યપાત્ર બને. પણ પિસ્તાલીસ વરસની અપરિણીત સ્ત્રી સુશ્રી ફલાણી ફલાણી કહેવાય. કુંવારા પુરુષ માટે એકલું શ્રી ને કુંવારી સ્ત્રી માટે સુ અને શ્રી બંને ! આવું છે ! આ બધા અન્યાયોનો તમે કદી વિચાર કર્યો છે ?

સ્ત્રી : અમને સ્ત્રીઓને તમે જીવનભર આર્થિક રીતે પરાધીન રાખો છો એ અન્યાય વિશે તમે કદી વિચાર કર્યો છે ?

પુરુષ : સ્ત્રીઓ આર્થિક રીતે પરાધીન છે એવું લાગે છે, પણ ખરેખર પરાધીન પુરુષો છે. પગારપત્રકમાં સહી કરી પતિ જે રકમ ઘેર લાવે છે તે પત્ની સાથે દૃષ્ટિ મળતાં જ બિચારો એના હાથમાં મૂકી દે છે. પછી પત્ની એને બસભાડાના, ટી-ક્લબના, પાન-સિગારેટના જે પૈસા આપે છે એમાંથી એ બિચારો ગુજરાન ચલાવે છે.

સ્ત્રી : જો આ સાચું હોત તો મહિલાઓ માટે તેત્રીસ ટકા અનામતની વાત સ્વીકારવામાં આટલા અખાડા ન થયા હોત ! છેવટે તો તમારે તેત્રીસ ટકાની વાત સ્વીકારવી પડી ને !

પુરુષ : તમે સ્ત્રીઓએ આ પ્રશ્ને એટલો બધો કકળાટ કરી મૂક્યો કે રાજકારણીઓ બિચારા ગભરાઈ ગયા. એમને થયું કે સ્ત્રીઓ માટે અનામતની જોગવાઈ નહિ કરીએ તો એ લોકો રિસાઈ જશે ને મત નહિ આપે તો આપણે રખડી પડીશું. એના કરતાં બાળો તેત્રીસ ટકા !

સ્ત્રી : આ વાક્ય અનપાર્લમેન્ટરી - બિનસંસદીય છે.

પુરુષ : હશે, પણ પુરુષહૃદયનો ભાવ સચોટ રીતે વ્યક્ત કરવો હોય તો આમ જ કહેવું પડે.

સ્ત્રી : તમને ઈર્ષા થાય છે ને !

પુરુષ : ના, મને ચિંતા થાય છે. એકવીસમી સદીમાં પુરુષજાતનું શું થશે ?...

એફ-૬૭, રતિલાલપાર્ક,
એસ.આર.રોડ,
અમદાવાદ - ૧૪
મો. ૯૮૨૫૧૧૧૩૦૧

કવિ સંમેલન

શાહબુદ્દીન રાઠોડ

સંત શ્રી મોરારિબાપુનું નવેમ્બર ૨૦૧૯નું રામકથાનું મને આમંત્રણ મળ્યું. શ્રી હરિશ્ચંદ્ર જોષી સાહેબનો ફોન આવ્યો. મને અત્યંત આનંદ થયો.

હું અને મારો પુત્ર અફઝલ તા. ૩૦-૧૦-૨૦૧૯ અમદાવાદ જવા રવાના થયા. ગુરુકુળ છારોડીમાં રાત્રિમુકામ, રાત્રિભોજન અને વિશ્રામ કરી, તા. ૩૧-૧૦-૨૦૧૯ના રોજ અફઝલ મને ઍરપોર્ટ પર ઉતારી થાન રવાના થયો. અહીં અન્ય સર્જક મિત્રોની સાથે અમે Go Airની ફ્લાઇટમાં ન્યૂ દિલ્હી જવા રવાના થયા.

ન્યૂ દિલ્હીથી લકઝરી કોચમાં અમે હરિદ્વાર આવી પહોંચ્યા. હરિદ્વારમાં રાત્રિ ભોજન અને વિશ્રામ કર્યા પછી ફરી તા. ૧-૧૧-૨૦૧૯ રોજ ઉત્તરકાશી તરફ જવા પ્રયાણ કર્યું.

તા. ૧-૧૧-૨૦૧૯થી તા. ૧૦-૧૧-૨૦૧૯ દરરોજ રામકથામાં હાજરી, કથા શ્રવણ, બપોરના ભોજન, વિશ્રામ અને સાંજે પાછા સાંસ્કૃતિક કાર્યક્રમો આ ક્રમ નવ દિવસ સુધી ચાલતો રહ્યો.

ઉત્તરકાશીમાં ભોજનની, ઉતારાની અને ગંગા કિનારે શાનદાર કથા મંડપમાં નિરાંતે બેસી કથા સાંભળવાની સુંદર સગવડતા હતી.

વર્ષોથી ગિરિરાજનાં હિમાચ્છાદિત શ્વેત શિખરો મનભરીને જોવાની તીવ્ર ઝંખના હતી. તે પૂ. મોરારિબાપુને લીધે પૂરી થઈ.

વચ્ચે સમય કાઢી હું રજનીકુમાર પંડ્યા અને કિશોરદાન ગંગોત્રી જઈ આવ્યા. ગૌમુખમાંથી નીકળતી ગંગા ગંગોત્રી આવી પહોંચે છે ને ત્યાંથી આગળ વહે છે. જગતનાં પાપ ધોનારી ગંગાનું બાલ્યકાળનું સ્વરૂપ ગંગોત્રી પાસેનું જોઈ ખૂબ આનંદ થયો.

પ્રવાસમાં આવતા હિમાચ્છાદિત શ્વેત પહાડો, ખળખળ વહેતાં ઝરણાં અને ગાઢ વનરાઈ જોઈ, મને થયું આ પ્રકૃતિ પરમાત્માનું વ્યક્ત સ્વરૂપ છે અને પરમાત્મા પ્રકૃતિનું અવ્યક્ત સ્વરૂપ છે.

સ્વયંને, સ્થળને અને સમયને માનવી ભૂલી જાય એવી ક્ષણો જીવનમાં સાવ સાહજિક રીતે આવે તો આનું નામ ધ્યાન છે. It Is called meditation અને આવી ક્ષણોની અનુભૂતિ પણ થઈ.

તા. ૭-૧૧-૨૦૧૯ના રોજ કથામંડપના જ સ્ટેજ પર સર્જકો, કવિઓ, લેખકો, કલાકારો અને સાજિંદાનો તેમજ વિશાળ શ્રોતાગણ સમક્ષ કવિઓનો કાર્યક્રમ હતો. કાવ્ય પઠનનો, અને સાથે મારે પણ મારો હાસ્યનો કાર્યક્રમ આપવાનો હતો. બાપુએ તેમનું સ્થાન સંભાળ્યું અને કાવ્ય પઠનનો મંગલ પ્રારંભ થયો. કવિઓમાં મારા અનન્ય સ્નેહી મુસાફિર પાલનપુરી હતા અને રાજ લખતરવી પણ હતા.

એક પછી એક કવિએ પોતાની રચનાઓ રજૂ કરી અને શ્રોતાઓની દાદ મેળવી. કાર્યક્રમ ઘણો જ સફળ રહ્યો. ત્યાર પછી મંચ પરના કવિમિત્રોએ મને સાંભળવા માટે ઑડિયન્સમાં તેમનું સ્થાન સંભાળ્યું. હું એકલો સ્ટેજ પર રહ્યો. મેં મારા કાર્યક્રમનો પ્રારંભ કબીરસાહેબના દોહાથી કર્યો.

गुरु गोविंद दोनु खड़े, काको लागूं पाय ?
बलिहारी गुरु आपकी, गोविंद दियो बताय ॥

પરંતુ હાસ્યકાર શું વિચારે છે?


पत्नी खड़ी ससुर खड़े, काको लागूं पाय ?
बलिहारी ससुर आपकी, कन्या दीयो बिहाय ॥

નરસિંહ મહેતા લખે છે.

પ્રભાતના પહોરમાં...
નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ
એક તું, એક તું, એમ કહેવું.

પરંતુ હાસ્યકાર શું કહે છે?

નિદ્રાને પરહરી સમરવા શ્રીમતી,
ચા મૂકો, ચા મૂકો, એમ કહેવું.
સંપ ત્યાં જંપ



સાઇકલ ત્યાં પમ્પ...

દીકરીને ગાય માથું મારીને ખાય...

મારો મિત્ર નટુ સિતાર શીખતો'તો. સવારમાં સ્નાન કરી સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈ એ નટરાજની પ્રતિમા સામે હાથમાં સિતાર લઈ, ગંભીર મુખમુદ્રા ધારણ કરી બેસતો. નટુની ગમે તે સમજણ હોય પણ એ ધીરજપૂર્વક માત્ર એક જ તાર વગાડતો... ટીન...ટીન...ટીન એની પત્ની કહેતી શું ટીન, ટીન કરો છો, સિતાર વગાડતા હોય તેને જોઈ આવો. કેટલા તાર વગાડે છે. ઝણઝણાટી બોલાવે છે, અને તમે એક જ તાર વગાડો છો ?

નટુ કહે એ બધા ફાંફાં મારે છે, અને મને જડી ગયો છે. 'જીવતરના તાર જેને જડી જાય છે એને તો પછી

તન કે તંબૂરે મેં સાંસોં કે તાર બોલે।

જય રાધે શ્યામ, શ્યામ જય સિયારામ ॥

મેં આ રીતે હળવી વાતોથી પહેલા પડ બાંધ્યું અને પછી કવિઓ અને લેખકોની મજા કરતો કવિ સંમેલનનો કાર્યક્રમ રજૂ કર્યો, જોકે હું પોતે પણ લેખક છું. મેં બાર પુસ્તકો લખી નાખ્યાં છે. હું કવિ નથી પણ ક્યારેક ચારેક પંક્તિઓ લખી નાખું છું.

કોઈ ચાહ નહીં, કોઈ રાહ નહીં।

કોઈ આહ નહીં, કોઈ વાહ નહીં ॥

કોઈ દાદ નહીં, ફરિયાદ નહીં।

સબ ભૂલ ગએ, કુછ યાદ નહીં ॥

માનવી જીવનમાં પોતાનું કોઈએ ગમે તેવું અહિત કર્યું હોય એ ભૂલી જાય. પોતે ગમે તેટલું કોઈનું હિત કર્યું હોય એ ભૂલી જાય તો કેટલી સમસ્યાઓ હલ થઈ જાય? જીવનના અંતકાળે પ્લેટોએ કરેલી આ વાત છે.

આ તો માનવી જાગે છે ત્યાં સુધી રાજા, પ્રજા, ગરીબ તવંગર, જ્ઞાની અજ્ઞાની બધા ભેદભાવ છે. સૂતાં પછી તો બધા સરખા છે જ.

કોઈ મુફ્લિસ રહ ગએ, કોઈ તવંગર હો ગએ।

નીંદ મેં જબ સો ગએ, સબ બરાબર હો ગએ ॥

મેં કહ્યું, હું એકવાર એક કવિસંમેલનમાં જઈ ચડ્યો હતો ત્યાં વિવિધ ક્ષેત્રોના કવિ મહાશયો ભેગા થયા હતા. હું તેમનું નિરીક્ષણ કરતો હતો.

માપ બહારના ઝભ્ભા, વધેલી દાઢીયું, વિખરાયેલ લાંબા વાળ, સ્વપ્નશીલ આંખો, અમુક અનિમેષ નયને આકાશ તરફ જોઈ રહ્યા હતા. અને સાવ જુદી જાતની ભાષા બોલતા હતા. મેં એક કવિને કહ્યું. 'તમે બહુ જ સારું લખો છો.' કવિએ મને કહ્યું 'હું લખતો નથી, મારાથી લખાઈ જાય છે.' બીજા કવિ મિત્રને કહ્યું, અરે શોભિતભાઈ હું તમને ક્યારનોય શોધું છું. કવિ હસ્યા, સ્મશાનમાં ચાંદની

ખીલી હોય એવું હસ્યા અને પછી બોલ્યા, વર્ષોથી હું મને નથી જડ્યો તો તમને ક્યાંથી જડું ?

વળી એક કવિ સાથે વાત થઈ. તેમણે કહ્યું, 'મેં તો આ દેહની વાંસળી માથે વેદનાનાં માત્ર છિદ્રો પાડ્યાં છે. વાંસળી વગાડનાર તો મારો પ્રભુ છે સ્વર પણ એનો છે, સંગીત પણ એનું છે હું તો માત્ર વાહક છું એમ કહી એ આકાશ તરફ જોઈ રહ્યા એટલે હું આગળ ચાલ્યો.

આ કવિઓ અને લેખકો નવરાબેઠા એવું લખ્યા કરે જેણે વાસ્તવિક જગત સાથે કોઈ સબંધ ન હોય.

હું એક નવલકથા વાંચતો હતો એમાં વર્ણન હતું. નવા અરમાનો અને ઉમંગો લઈ દસ ડિસેમ્બરનું સવાર પડ્યું. પ્રભાતના પ્રથમ કિરણોએ મધુકરના શયનખંડમાં પ્રવેશ કર્યો. પવનની મંદ મંદ લહેરો પ્રસરી અને રેશમી પરદો સિતાર પર ફરી વળ્યો.

સિતારમાંથી એક ઝંકાર જાગ્યો અને સમગ્ર વાતાવરણમાં સંગીત પ્રસરી ગયું.

એ જ વખતે સ્મિતાએ મધુકરના શયનખંડમાં પ્રવેશ કર્યો અને રૂપાની ઘંટડી જેવા મંજુલ સ્વરે કહ્યું 'મધુ, હવે જાગવું છે?' પુષ્પ પરના ભ્રમર જેવી મધુકરના ચહેરાની લટને દૂર ખસેડવા સ્મિતા નીચે નમી અને ગુલાબ પરથી ડોકિયું કરી એક બુલબુલ શરમાઈને ઊડી ગયું.

હવે આ લેખકો આવાં વર્ણન કરે, વાસ્તવિકતા હારે આને કોઈ સંબંધ ખરો? શેના શયનખંડ, રેશમી પરદા ને વળી સિતાર, ને આવું બધું તો કોક ભાગ્યશાળીને હોય તો ભલે, મોટાભાગે તો દસ બાય બારની રૂમ હોય, ખોયા જેવો ખાટલો હોય, ફાટેલું ગોદડું હોય એમાંથી પગ બહાર નીકળ્યો હોય, પડુંપડું થતું ખોરડું હોય, એના માથે લેણિયાત ઝળૂંબી રહ્યા હોય, સવારમાં જામીન ગોતવા નીકળવું પડે તેવા છોકરા હોય, બાઝકણું બૈરું હોય, વળી પાછું અક્કલ મઠું હોય, અને અક્કલમઠા હોય ને ઈ લોંઠકા બહુ હોય, ઈ પાંગત પાંહેથી ગોદડું ક્યકચાવીને પકડે અને એક ઝાટકે આખું કાઢી નાખે. આ રીતે પત્ની સવારની શરૂઆત કરે. હવે ઊઠો ભૂંડ ઘોડે ઘોરો'સો તે, આવા પતિને સૂતા જોઈ મને ઘણીવાર એમ થાય કે આ ભર્તૃહરિ અને ગોપીચંદ રાજપાટ મૂકીને વયા ગિયા અને આ કયા સખનો અહીં સૂતો છે. વળી એમ પણ થાય કે આને સૂતા સિવાય બીજું કોઈ સુખ નથી.

પતિ કહે, 'મને પડ્યો રહેવા દે તો, તારું શું જાય છે?' પત્ની, 'તમે ઊઠો તો મને કાંઈક કામ સૂઝે.'

બે સજ્જનો રસ્તા પર દોડતા જતા હતા અને બાઝતા જતા હતા. મેં બંનેને રોક્યા અને આમ જાહેરમાં બાઝવાનું કારણ પૂછ્યું.

મને પછી ખબર પડી કે બંને કવિઓ છે. મેં તેમને પ્રથમ શાંત પાડ્યા. પાછળ દોડનાર કવિએ રજૂઆત કરી કે 'મેં તેને મારી આખી કવિતા સંભળાવી અને મેં શરૂ કરી ત્યાં આ કવિરાજ ભાગ્યા બોલો હવે એનું શું કરવું?'

મેં કહ્યું, કવિરાજ આપ સાંભળી લ્યો ને આમની કવિતા ! 'કવિરાજ કહે, મેં તો તેમને માત્ર મારું એક સોનેટ સંભળાવ્યું હતું. એમણે છપ્પન લીટીનું મહાકાવ્ય કાઢ્યું અને વળી દરેક લીટી બબ્બેવાર બોલે છે.'

છેલ્લે એકના બદલે બે સોનેટ સંભળાવવા અને દરેક લીટી એક જ વાર બોલવી એમ સમાધાન થયું.

બે યાત્રી પ્રવાસ કરતા હતા... એક યાત્રી કહે હું કવિ છું. બીજો યાત્રી કહે હું બહેરો છું. આવા હળવા પ્રસંગો મેં રજૂ કર્યા.

કવિઓ અને સર્જકો હસ્યા, મોરારિબાપુ પણ મોઢા આડી શાલ રાખી હસી લેતા હતા.

પ્રસંગની ગરિમા જાળવવા કવિઓ અને સર્જકોની મહત્તા દર્શાવતી ચાર પંક્તિઓ મેં રજૂ કરી...

कहाँ राम, कहां लखन, नाम रहियो रामायण ।
कहाँ कृष्ण, बलराम, प्रगट भागवत पारायण ॥
वाल्मीकि, शुक, व्यास, कथा कविता न करंता ।
तो कवल सेवता चरण कमल, मन ध्यान धरंते ॥

મેવાડના મહારાણા રાજશીએ ૧૬૬૨માં કાંકરોલી નજીક રાજસમંદ સરોવર બંધાવ્યું અને સરોવરના કિનારે આ પ્રમાણે શિલાલેખ કોતરાવ્યો છે.

મારા માટે આ કાર્યક્રમ જિંદગીનો યાદગાર કાર્યક્રમ બની ગયો.

આશિયાના, મંગલદીપ સોસાયટી,
થાનગઢ, જિ. સુરેન્દ્રનગર
પિન - ૩૬૩૫૩૦
મો. ૯૬૮૭૬૨૦૮૮૫

એક હતો જગો

જગદીશ ત્રિવેદી

મોટાભાગે બધાને માબાપની એક જોડી મળે, મને ભગવાને બે જોડી માબાપ આપ્યાં. ભગવાનને ખબર હતી કે આ છોકરો એક માબાપથી તો હેન્ડલ થાય એમ નથી. એવું જ થયું. બે જોડી હોવા છતાં એમણે મને બે હાથ જોડીને કહ્યું કે જો તું લીંબડી બ્રાહ્મણ બોર્ડિંગમાં રહેવા-ખાવા-અને ભણવા જતો રહે તો આપણી જ્ઞાતિની બોર્ડિંગમાં વિદ્યાર્થીની સંખ્યા વધશે અને ઘરે માબાપની સંખ્યા ઘટશે નહીં.

દર્દીને દવાખાનામાં દાખલ કરે એ રીતે મને બોર્ડિંગમાં દાખલ કરવામાં આવ્યો. હું ત્યાં રહેવા-ખાવાની સાથે ભણવાને બદલે કનડવા લાગ્યો. ગૃહપતિએ મને આઠ-નવ અને દસ એમ ત્રણ વરસ સુધી સહન કર્યો. એમને આશા હતી કે હું સુધરી જઈશ પરંતુ હું સુધરવાને બદલે વધુ ને વધુ બગડવા લાગ્યો હતો.

ત્રીજા વરસના અંતે ગૃહપતિએ ટ્રસ્ટીઓને પત્ર લખ્યો કે નવા વરસથી આપણી સંસ્થામાં મને રાખો અથવા જગદીશને રાખો પરંતુ હવે અમે બન્ને સાથે રહી શકીશું નહીં. છૂટાછેડાની અરજી પહેલાં દંપતીની જે માનસિકતા હોય એવી જ માનસિકતા એમની હતી. હું તો અમારું સહજીવન ટકી રહે એ પક્ષમાં હતો. કારણ, આમ પણ માબાપની મારી સાથે સહજીવનની તૈયારી હતી નહીં પરંતુ ગૃહપતિ પોતાની વાત પર મક્કમ હતા.

ગૃહપતિનો પત્ર વાંચીને તાબડતોબ ટ્રસ્ટીઓની મિટિંગ મળી. એ મિટિંગમાં બધા જ બ્રાહ્મણો હોવા છતાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો. એ નિર્ણય એવો હતો કે આટલા ટૂંકા પગારમાં બીજો ગૃહપતિ મળવો અશક્ય છે અને ત્રેવીસ વિદ્યાર્થીઓમાં એક ઓછો થઈ જશે તો સંસ્થાને બહુ મોટો ફરક પડશે નહીં. આખરે મને લીંબડી બ્રાહ્મણ બોર્ડિંગમાંથી રસ્ટિકેટ એટલે કે બરતરફ કરવામાં આવ્યો. મારા માબાપને આ અશુભ સમાચાર મળ્યા એટલે એમને ચિંતા થઈ કે આને ઘરે લઈ આવવો પડશે. એ ચારેચાર જણાં કાળા પાટિયાવાળી લોકલ બસમાં બેસીને મારતે ઘોડે લીંબડી આવ્યા. એમણે લોકલ બસ એટલે પસંદ કરી હતી કારણ એમને ખબર હતી કે છોકરો બહુ રોકાણ કરવા જેવો નથી.

બીજા દિવસે મારાં ચારે માબાપ ટ્રસ્ટીઓને કરગરતાં હતાં કે અમારા દીકરાને તમે રાખો અને ટ્રસ્ટીઓ મારા માબાપને કરગરતા હતા કે તમારો છે તો તમે જ રાખો. હું તો સાવ અયોધ્યાની ગાદી જેવો થઈ ગયો. મને ન રામ રાખે કે ન ભરત રાખે ! તો પછી મારે જવું ક્યાં ?

અંતે મારા માટે મધ્યમ માર્ગ પસંદ કરવામાં આવ્યો. આમ પણ મધ્યમ વર્ગના લોકોની પસંદગી મોટાભાગે મધ્યમ માર્ગની જ હોય છે. મને લીંબડીના જૂના બસસ્ટેન્ડ પાસે આવેલી શુક્લપા નામની શેરીમાં મારા એક દૂરનાં સગાને ત્યાં પેઈંગ ગેસ્ટ તરીકે રાખવામાં આવ્યો. એ દૂરના સગાં એટલાં બધાં દૂરનાં હતાં કે હું એક વરસ સુધી રહ્યો છતાં નક્કી ન કરી શક્યો કે એ મારાં શું સગાં થતાં હતાં!

હવે થાકવાનો વારો મારી શાળાના શિક્ષકોનો હતો. હું ગિજુભાઈ શુક્લ કુમાર વિદ્યાલયમાં ભણતો હતો. અમારા સમયમાં અગિયારમું ધોરણ સ્થાનિક પરીક્ષામાં હતું એટલે જે શિક્ષકો ભણાવતા હોય એ જ પેપર કાઢે અને એ શિક્ષકો જ પેપર તપાસે એટલે અમારા સમયમાં કોઈને અગિયારમા ધોરણમાં નાપાસ કરવાનો કુરિવાજ નહોતો. પરંતુ બોર્ડિંગ હોય કે હાઈસ્કૂલ, મેં ક્યારેય તોફાન કરવામાં આળસ કરી નહોતી એટલે મારા વિદ્યાગુરુઓ પણ ગૃહપતિની માફક ગળે આવી ગયા હતા. એમણે મને સજાના ભાગરૂપે અગિયારમા ધોરણમાં નાપાસ કર્યો. જે સમયમાં અગિયારમા ધોરણમાં નાપાસ થવું હોય તો અરજી કરવી પડે અથવા પ્રિન્સિપાલના કોઈ ઓળખીતા પાસે ભલામણ કરાવવી પડે એવા સમયમાં હું કોઈ પણ જાતની મહેનત કર્યા વગર અગિયારમા ધોરણમાં નાપાસ થયો. ખરેખર તો મેં મહેનત નહોતી કરી એનું જ આ



પરિણામ હતું અથવા તો બધી મહેનત તોફાન કરવામાં જ કરી હતી એનું આ પરિણામ હતું.

અગિયારમા ધોરણમાં શિક્ષકોએ મને નાપાસ કર્યો અને બારમા ધોરણમાં મેં મારી લાયકાતથી નાપાસ થઈને બતાવ્યું. મને ગિલ્ટ ફીલ થઈ કે આપણે એવા કે કેવા હેન્ડિકેપ કે આપણે નાપાસ થવા માટે પણ શિક્ષકોનું અવલંબન લેવું પડે ? આપણે આપણી મેળે નાપાસ પણ ન થઈ શકીએ ?

બીજું હું ૧૯૮૩માં સોળ વરસની ઉમરે પણ એવો આર્ષદ્રષ્ટા હતો કે મને પાકી ખબર હતી કે ત્રીસ વરસ પછી ગુજરાતની ગાદી ઉપર નરેન્દ્રભાઈ મોદી જેવા યશસ્વી મુખ્યમંત્રી આવશે અને એ વડાપ્રધાન પણ થશે અને વડાપ્રધાન થયા પછી એ દેશવાસીઓને આત્મનિર્ભર થવા માટે ભલામણ કરશે. હું ૧૯૮૩માં જ નાપાસ થવાની બાબતમાં આત્મનિર્ભર થઈ ગયો હતો.

જો સાવ સાચું લખું તો મારે પાસ તો ઘણું થવું હતું પણ દેખાદેખીમાં મેં વિજ્ઞાનપ્રવાહ પસંદ કર્યો હતો અને મને નાપાસ થયા પછી કેવળજ્ઞાન થયું કે આપણે વિજ્ઞાનના નહીં પરંતુ અજ્ઞાનના માણસ છીએ. વિજ્ઞાનમાં કવરેજ પકડાયું નહીં એટલે આપણા રામ બાર સાયન્સમાં ભવ્ય ભૂંડા લાગ્યા હતા.

હું તમામ વિદ્યાર્થીઓને પહેલી વિનંતી એ કરવા માગું છું કે ક્યારેય દેખાદેખીથી કોઈ લાઈન પસંદ ન કરવી. આપણાં સગાએ આ લાઈન લીધી કે આપણા મિત્રે પેલી લાઈન લીધી એટલે આપણે પણ એ જ લાઈન લેવી એ તદ્દન ખોટું છે. તમને પોતાને ક્યા ક્ષેત્રમાં રસ અને રુચિ છે અથવા કયા ક્ષેત્રમાં તમારી પ્રતિભા ખીલી ઊઠે એમ છે એ ક્ષેત્ર પસંદ કરશો તો ક્યારેય નિરાશ નહિ થવું પડે. વિદ્યાર્થીને અનુકૂળ લાઈન પસંદ કરવામાં માબાપ - સમાજના આગેવાનો અને શિક્ષકોનો પણ બહુ મહત્ત્વનો ફાળો હોય છે. એ ત્રણે પ્રકારના વડીલોએ બાળકમાં રહેલી પ્રતિભાને પારખીને એને સાચી સલાહ આપવાની હોય છે કે તું આ ક્ષેત્રમાં જશે તો વધુ સારું થશે.

અત્યારે માબાપ તો પોતાની અધૂરી રહી ગયેલી

ઇચ્છાઓ પોતાના સંતાન પાસે પૂરી કરાવતાં હોય અથવા તો દેખાદેખીમાં ડૂબી ગયાં હોય એવું લાગે છે.

Please do not compare your child with anyone. તમારા બાળકની ક્યારેય બીજા કોઈ બાળક સાથે સરખામણી ન કરો. તમારી એ સરખામણી તમારા બાળકને આપઘાત સુધી લઈ જઈ શકે છે. બીજું એને ટાર્ગેટ ન આપો કે તારે મિનિમમ આટલા ટકા તો લાવવા જ પડશે. તમારો ટાર્ગેટ તમારા બાળક ઉપર બહુ મોટો તણાવ પેદા કરી શકે છે.

આ રીતે બે વખત નાપાસ થયા પછી મને પારાવાર પસ્તાવો થયો. મને થયું કે મેં મારાં ચારેચાર માબાપને દુખી કર્યાં. મોટાભાગનાં સંતાનો કેટલી મહેનત કરે ત્યારે બે માબાપને માંડ માંડ દુખી કરી શકે છે જ્યારે મારે તો ચાર માબાપને દુખી કરવાના હતા એટલે તનતોડ મહેનત કરવી પડી હતી. મને થયું કે મેં અમારી જ્ઞાતિની બોર્ડિંગના ગૃહપતિ અને ટ્રસ્ટીઓને પણ દુખી કર્યા. મારા સિવાયના બાવીસ વિદ્યાર્થીઓ ભેગા થઈને એમને જેટલા દુખી ન કરી શક્યા એથી વધુ દુખી મેં એકલાએ કર્યા એટલે એમાં પણ મારી પુષ્કળ ઊર્જા મારે કામે લગાડવી પડી હતી. મેં મારી હાઇસ્કૂલના વિદ્યાગુરુઓને પણ એટલા હેરાન કર્યા કે એટલા હેરાન મારા સિવાયના મારા તમામ સહપાઠીઓ સાથે મળીને પણ કરી શક્યા નહોતા! સમાજમાં મારી બદનામી થઈ. લોકો વાતો કરવા લાગ્યા કે જે છોકરાનાં ચારેચાર માબાપ શિક્ષક છે એ છોકરો બબ્બે વખત નાપાસ થયો, વૈદ્યના છોકરા તો ખાટલે જ હોય.

બે વખત નાપાસ થયા પછી મને ખૂબ પસ્તાવો થયો અને એક સાંજે હું લીંબડીની ભોગાવો નદી અને જગદીશ આશ્રમની વચ્ચે બેસી રડતો રહ્યો. હું સાંજથી મોડી રાત સુધી રડતો રહ્યો. એ પસ્તાવાના વિપુલ ઝરણામાંથી એક પ્રતિજ્ઞાનો જન્મ થયો. હું મધ્યરાત્રીએ ત્યાંથી ઊભો થયો ત્યારે એક સંકલ્પ લઈને ઊભો થયો હતો કે ભલે બે વખત નાપાસ થયો, ભલે સમાજમાં બદનામી થઈ પણ હવેથી ગંભીર થઈને ભણીશ અને ભવિષ્યમાં બે વખત પીએચ.ડી. ન કરું તો હું જગદીશ ત્રિવેદી નહીં ! બેને બદલે ત્રણ વખત પીએચ.ડી. કર્યું.

હું તમામ વિદ્યાર્થી ભાઈબહેનોને બીજી વિનંતી એ કરવા માગું છું કે બબ્બે વખત નાપાસ થયો હતો, બોર્ડિંગમાંથી બરતરફ થયો હતો એટલે નિષ્ફળતા તો મોટા ગજાની હતી. સમાજમાં બદનામી પણ થઈ હતી. તે રાત્રે અંધારું હતું, એકાંત હતું અને સામે નદી પણ હતી પરંતુ મને એક ક્ષણ માટે પણ નદીમાં પડીને આપઘાત કરવાનો નબળો વિચાર આવ્યો નહોતો. અત્યારે નાપાસ થવાનું તો દૂર, પણ બે-પાંચ માર્ક્સ ઓછા આવે છે તો વિદ્યાર્થીઓ આપઘાત કરી લે છે. જીવનમાં ગમે તેવી નિષ્ફળતા મળે તો પણ ક્યારેય મરવાનો વિચાર કરવો નહીં. એક સાત્ત્વિક સંકલ્પ સાથે આગળ વધશો તો ભવિષ્યમાં સો ટકા સફળ થશો એમાં શંકા નથી. જો મરી ગયા તો તમે તો જીવના જશો પણ તમારા ચાહનારાનું પણ જીવન બરબાદ કરી નાખશો.

જો મેં તે દિવસે આપઘાત કરી લીધો હોત તો હું ત્રણ વખત પીએચ.ડી. ન કરી શક્યો હોત! પંચાસી પુસ્તકો ન લખી શક્યો હોત! સોથી વધુ વિદેશયાત્રાઓ કરીને દેશ અને પરદેશમાં ત્રણ હજારથી વધુ કાર્યક્રમો ન કરી શક્યો હોત! સત્તાવીસ કરોડ રૂપિયાનું દાન ન કરી શક્યો હોત!

આજે અમારી જ્ઞાતિની બોર્ડિંગના આગેવાનો કહે છે કે અમે આટલાં વરસમાં એક જ વિદ્યાર્થીને બોર્ડિંગમાંથી બરતરફ કર્યો અને એ વિદ્યાર્થી જ પદ્મશ્રી ઍવૉર્ડ માટે પસંદગી પામ્યો. અમને આવી ખબર હોત કે અમે જેને કાઢી મૂકીએ એ પદ્મશ્રી થાય છે તો આજ દિવસ સુધીમાં આઠ-દસ વિદ્યાર્થીઓને હાંકી કાઢ્યા હોત!

જે હાઇસ્કૂલમાં હું અગિયારમા ધોરણમાં નાપાસ થયો એ જી.એસ. કુમાર વિદ્યાલયમાં આજે મારા નામનું પુસ્તકાલય છે. એ લોકો પણ આજે એ વાતનું ગૌરવ લે છે કે હું ભલે ભૂત જેવો હતો પણ એમની શાળાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી હતો.

"જેમની સંસારમાં વસમી સફર હોતી નથી,
એમને શું છે જગત એની ખબર હોતી નથી,
જિંદગી ને મોતમાં છે માત્ર ધરતીનું શરણ,
કોઈની વ્યોમે હવેલી કે કબર હોતી નથી."

માતુઆશિષ, ૨૦-શારદા સોસાયટી,
જનતાન રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨
મો. ૯૮૨૫૨૩૦૯૦૩

ઊંઘેશ્વરી દેવીનો જય હો!

પ્રવીણ દરજી

આજે અમારી સ્થિતિ નંદઘેર આનંદ ભયો જેવી છે. અને કેમ ન હોય? અમારા પરમ-વરમ મિત્ર, વ્યુત્પન્ન પંડિત, વ્યવહારમાં દક્ષ, સર્વોત્કૃષ્ટ વાક્છટા દાખવનાર અને જેમની ઉપસ્થિતિ જ ઉત્સવ બની રહે એવા રા.રા. શ્રી બુધાલાલે અમારે ત્યાં નિઃશુલ્ક પગલાં પાડ્યાં છે. અરે, માત્ર પગલાં જ નથી પાડ્યાં, તેમણે તેમની સકલ શરીરસંપત્તિથી અમારા જૂના ચીંથરેહાલ કહી શકાય તેવા ઘરને પાવન કર્યું છે, તેમાં નવો પ્રાણ પૂર્યો છે, તેના એકેએક ખૂણાને તેમણે તેમની મધુર વાણી વડે ભીંજવી દીધો છે. આસન ગ્રહણ કરતાં જ તેમણે સમયને અભાવે, તેમના માટે ખાસ બનાવેલા ચોખાના ઘીથી લસલસતા બે મોદક આરોગીને મુદ્દાની વાતનો પ્રારંભ કર્યો. તેમણે છેલ્લાં બે વર્ષથી, એક તદ્દન નવા કહો કે અભિનવ સંશોધન માટે એકાન્તવાસ સેવ્યો હતો. દુરીજનોએ તેમના મરણની અફવા ઉડાડી હતી, તો ગુણીજનોએ અજ્ઞાતવાસ સેવીને સમાજ માટે, રાષ્ટ્ર માટે, અરે વિશ્વ માટે કશુંક સંશોધનનું નવું નજરાણું લઈ આવશે તેવો આશાવાદ પ્રકટ કર્યો હતો. અને બન્યું પણ તેવું જ. મિષ્ટ મોદકને મમળાવતાં મમળાવતાં મોદકની પ્રશંસા તો કરી, સાથે આગામી મુલાકાતે મોદકની, વધુ મોદકની તૈયારી કરી રાખવાનું વ્યવહારુ સૂચન પણ મિત્ર તરીકે, અમારી પત્નીની પ્રત્યક્ષ હાજરીમાં જ કર્યું. હું પત્નીની રસોઈકળાથી અને પત્ની તેની, તેના મોદકની પ્રશંસાથી, ખુશ થયાં અને તત્ક્ષણે જ અમારા ગુણીજન પડોશીએ પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત થઈ હોય તેવા ઉમળકાથી મોબાઈલ વડે અમારા ચારેય જણની સેલ્ફી લીધી.

મિત્ર બુધાલાલ પ્રસન્ન, અતિ પ્રસન્ન થયા. તેમના ચહેરા પર પણ કોઈ યુનિવર્સિટીનું કુલપતિપદ મળ્યું હોય તેવો મલકાટ જોવાતો હતો. અને પછી એ જ પાઠ ભજવતા હોય તેવી ખુશીથી સૌને નતમસ્કતે પ્રણામ કરી, અતિ વિનીતભાવે તેમણે પોતે બે વર્ષ માટે પરિવારથી, વતનથી કેમ દૂર હતા, કેવી કેવી ગુફાઓમાં, ટેન્ટમાં, હોટેલ-મોટેલમાં આશરો લઈ, રાતોની રાતો, દિવસોના દિવસો વિવિધ કક્ષા-વર્ગનાં સ્ત્રી-પુરુષો, આબાલ-વૃદ્ધોને મળીને પોતાના સંશોધનને કેવો આખરી, અનન્ય, અદ્વિતીય, અપૂર્વ, ન ભૂતો ન ભવિષ્યતિ એવો ઘાટ આપ્યો હતો તે જણાવ્યું. સાથે એમ પણ ઉમેર્યું કે આ સંશોધન માત્ર સંશોધન નથી, આવનાર યુગો માટે મહાપરિવર્તન સિદ્ધ કરનાર સંશોધન છે, જેનાથી જગત, જગતના માનવીઓ, તેમની સમસ્યાઓ, તેમની પીડાઓ એ બધું ખતમ થશે. પુરાણોકથિત યુગોથી તદ્દન જુદો એક નવો યુગ આવિર્ભાવ પામશે. પ્રજા-શાસન બધાંને માટે રૂડા દિવસો આવશે, છપ્પન પર ભૂંગળો વાગશે, માનવીનો ને વિશ્વનો કાયાકલ્પ થશે. બધું સમૂળ બદલાઈ જશે. રામાયણ-મહાભારતની કે ગીતાની કથાઓ પણ એ સંશોધન આવતાં, હાંસિયામાં ધકેલાઈ જશે.

અમે કાંતિકારી, ખંતીલા સંશોધક અને ભાષાવીર બુધાલાલને અજસ્રપણે, ભારે કૌતુકથી સાંભળી રહ્યા છીએ. અરે, સાંભળી શું ગટ્ ગટ્ પી રહ્યા હતા. અડોશીપડોશી, અમારો પરિવાર અને હાજર રહેલા સોએક જણ તો ધન્ય ઘડી, ધન્ય દિનનો પળપળ અનુભવ કરી રહ્યા હતા. લાગ્યું કે નક્કી કંઈક મોટી ઊથલપાથલ થનાર છે, કુદરત પણ બુધાલાલના ચરણ ચૂમતી આવશે, કશું ચમત્કારિક અવશ્ય બનવાનું છે... બુધાલાલની વાક્ધારા સાંભળી રહેલા તેમના પર્સનલ આસિસ્ટન્ટે રિસ્ટવોચ સામે બાજ નજરે નિહાળી બુધાલાલને સમય માટે ઇશારો કર્યો પણ સંશોધનપ્રિય બુધાલાલે કઠોર નજરે તાકી આસિસ્ટન્ટને ચૂપ કરી પોતાના વાક્ગંગા પ્રવાહને વધુ તેજીથી વહેવડાવવાનું પુણ્ય કાર્ય આરંભ્યું.

તેમણે દૃઢ પ્રતીતિપૂર્વક કહ્યું કે મારે જે વિષયની વાત કરવી છે તે નવો કે અજાણ્યો નથી, તે વિશે અગાઉ પૂર્વજોએ ઘણી વાતો કરી છે એ હું જાણું છું. પણ ત્યારે આજનો ડિજિટલ સમય નહોતો, ત્યારે એઆઈ નહોતું અને આટલા



બધા લોકો ભક્તિભાવથી પ્રેમભાવથી, કૃપાભાવથી આર્દ્ર પણ નહોતા. ઉપરછલ્લી વાતોથી, થોડીક હસાહસથી તે લોકો રાજી થઈ જતા હતા. તેમની પાસે સામગ્રી પણ મર્યાદિત હતી. ઉપલબ્ધ સાધનોની પણ કમી હતી. વળી એ શ્રોતાગણ, એ જીવનલાલો પણ જુદા હતા.. એટલે આજે હું સામાન્ય વિષય લાગતા વિષયની ગહનતા કેવી છે, એનો ઊંડો મર્મ કેવો છે, તેની દૂરગામી અસરો કેવી હોઈ શકે, મનોવૈજ્ઞાનિક-વૈજ્ઞાનિક અને ચિકિત્સાશાસ્ત્રોની દૃષ્ટિએ, પર્યાવરણ અને રાજકારણની દૃષ્ટિએ કે માનવચેતનાની દૃષ્ટિએ તેની અગત્ય શું છે વગેરે વગેરે, આ અપૂર્વ સંશોધનમાં કેવી લાક્ષણિકતાથી ઝિલાયું છે. તે દર્શાવવા પ્રયત્ન કરીશ. અગાઉથી સંશોધનના હક્ક, કૉપીરાઇટ કે તેનો ઉપયોગ ક્યાં, કેવી રીતે, કઈ શરતોથી કરી શકાશે વગેરેની પણ અમારા મિત્ર બુધાલાલે આગોતરી ગોઠવણ કાયદાકીય રીતે કરી છે તે બુધાલાલના જ સ્વમુખે એકાગ્ર થઈ સાંભળીશું.

વિષય તો તો સાવ સાદો-'ઊંઘ'નો છે. પ્રથમ નજરે ચવાઈ ગયેલો લાગે. પણ ઊંઘને ઉલટાવો એટલે ઘઉ થાય, એમ એમાં ઘઉનું સત્ત્વ-તત્ત્વ છે. ઊંઘ એટલે ઊંઘવું એવો મર્યાદિત અર્થ કાઢતું બ્રહ્માંડ અસ્ત પામ્યું છે. આ આપણા સમયનું નવું બ્રહ્માંડ છે, પહોંચ બહારનું, પીડા-ક્રીડા-વ્રીડા-લીલા બહારનું અને છતાં તે બધું જુદી રીતે પ્રવેશેલું દીસે. પ્રશ્ન એ જુદે રૂપે દીસે તેને ટર્ન કેમ આપવો એ છે. ઊંઘવું એટલે સાહેબ, Speaking પણ છે, કદાચ Weeping પણ છે અને સ્થૂળ અર્થમાં પેલું Sleeping ખરું જ, અને હા Slippery પણ એટલું જ. બોલો, સંશોધનને અહીં કેટલો મોટો અવકાશ છે, અરે આ તો હિમશિલાનું ઉપરનું ટોચકું જ છે, અંદર તો પાતાળો ને પાતાળો છે. તમે જરૂર કહેવાના-આ બુધાલાલ નવું શું કહે છે ભઈ? વાલ્મીકિએ રામાયણમાં કુંભકર્ણનું પાત્ર સર્જ્યું જ છે ને! તે શું ઊંઘબોધનું જ્વલંત દૃષ્ટાંત નથી! હા, ભઈ, છે છે. પણ ત્યાં છ માસ જાગરણ અને છ માસ નિદ્રાદેવીની સોડ છે. મારે તો કુંભકર્ણની ઊંઘથીય અલગ પડીને કંઈક કહેવું છે. અહીં તો કુંભકર્ણની નહીં, કર્ણકુંભની વાત પણ ઉમેરાય છે.

ઊંઘનો પ્રભાવ વિસ્તરતો વિસ્તરતો કર્ણ પર પડે, પછી આગળ શરીરનાં અંગપ્રત્યંગ પર તેની હકુમત સ્થપાય. એ ઊંઘ માત્ર ઊંઘ નહીં, પણ પ્રેમભર્યું સાન્નિધ્ય બની રહે. ઘડીયે સંગ છોડવો ન ગમે. વિચાર કરો અપૂરતી ઊંઘ અત્યારે વિશ્વભરનું નિકંદન કાઢી રહી છે. અમારું સંશોધન કહે છે કે મહત્ ઊંઘ અને અલ્પ જાગરણ. જો ઊંઘ મહત્ હશે તો આપોઆપ ચરકનું ઔષધશાસ્ત્ર સમજાઈ જશે. ઊંઘસે બડી કોઈ ચીજ નહીં હૈ. ઊંઘ જ ઔષધ, ઊંઘ જ શારીરિક પીડામાંથી મુક્તિ માટેનો શ્રેષ્ઠ વિકલ્પ. આપણે સહજ ઊંઘને અસહજ કરી આખા જીવનનું માળખું જ ખોરવી નાખ્યું છે. ખરું તો એ છે કે રાત અને દિવસને ઊંઘથી ભરી દો. નૈમિત્તક અનિવાર્ય ક્રિયાઓ ભોજન, સ્નાન, શૌચ વગેરે બધું ચારેક કલાકમાં પૂરું કરો. શરીર મંદિર છે. એને સાચવો અને એને સાચવવા માટે ઊંઘ જ ઈશ્વરની મોટી ભેટ છે. તમે ક્યારેય ઈશ્વરને જાગ-ઊંઘનો પ્રશ્ન કર્યો ? એ તો ઊંઘ કે તંદ્રિત અવસ્થામાં જ સદૈવ રહે છે. સ્વર્ગનો એ સાચો રીતરિવાજ છે, ઈશ્વર થવા માટેની

એ પ્રાથમિક શરત છે.

'ઊંઘ' પર્યાવરણને, માનવીય કોલાહલને પણ આપોઆપ નિયંત્રિત કરી દે છે. ઓછાં ધન-ધાન્ય વપરાશે, ઓછું ખાવા-પીવાનું બનશે, ઓછું ચાલવાનું, ઓછાં વાહન વ્યવહારનું પણ બનવાનું, કેટલી શાંતિ હશે! સાથે કેટલું દ્રવ્ય બચી જશે! પ્રશ્નો પણ આપોઆપ કેટલા ઓછા થઈ જશે! સંબંધો સાચવવાની કોર્ટો, સ્કૂલ, કૉલેજો ચલાવવાની, ઑફિસો ચલાવવાની, દવાખાનાં ચાલુ રાખવાનાં જેવા અનેક પ્રશ્નો ઓછા થઈ જશે. કામના કલાકો જ ઓછા એટલે સમસ્યાઓ પણ ઓછી! અધિકારીઓ-નોકરિયાતોની હડિયાપટ્ટી પણ ન જેવી. પરિણામ એ આવશે કે આખું બ્રહ્માંડ આનંદમાં ઝૂલતું ઝૂમતું લાગશે. મંદિરના પૂજારીઓ પણ હાશકારો અનુભવશે. અને સૌથી મોટી સમસ્યા તો ઈશ્વર ચિત્રગુપ્ત કે યમરાજ જેવા માટે માનવીય સમસ્યા માટેની જે ચિંતા છે તે સાવ હળવી થઈ જશે. માનવ પંદર-અઢાર કલાક ઊંઘમાં કાઢે પછી પાપ કરવાનો, ગોટાળા કરવાનો, મંદિરમાં પ્રાર્થનાઓ, ઘંટનાદ કર્યા કરવાના પ્રશ્નો જવલ્લે જ બનવાના. કહો કે ઘણાનાં કામો ઓછાં થઈ જશે. વળી જે મુમુક્ષો રાતદિવસ મુક્તિ-મોક્ષની માગણી કરી સાધુસંતોને, ઈશ્વરને પજવ્યા કરે એ પજવણી પણ ઘટી જવાની. ઊંઘ એ સ્વયં મોક્ષ કે મુક્તિ નથી ? ઊંઘ એ સ્વયં પીડાહારિણી નથી? ઊંઘ એ મુક્તિધામનો પર્યાય નથી વારુ?

હું તો મારા સંશોધનને આધારે એમ પણ સમજ્યો છું કે ઊંઘનો વિષય યુનિવર્સિટીઓમાં સત્વરે દાખલ થવો જોઈએ. વર્ગમાં કે ગ્રંથાલયોમાં, જાહેર મંચ પર ઊંઘના ફાયદાઓ વિશે અભિભાષણો-ગોષ્ઠીઓ થતી રહેવી જોઈએ. મારું ચાલે તો ઊંઘ માટે દરેક કૉલેજમાં એક અલાયદો અભ્યાસક્રમ દાખલ કરાવું. તેમાં વર્ષભર કેવી રીતે ઊંઘવું, વધુ ઊંઘ કેવી રીતે આવી શકે, ઊંઘ કેવી સ્વપ્નપૂર્તિનું કામ કરે છે, ઊંઘ દ્વારા મનનું કેથાર્સિસ કેવી રીતે થાય છે, સંપ-જંપ કેવી રીતે વધે છે, રાષ્ટ્ર અને એના શાસકો કે અધિકારીઓ માટે દેશ ચલાવવો કેટલો સહજ બની જાય એ બધું ચર્ચવું જોઈએ. વળી ઘરમાં, બીજાના ઘરમાં, બસમાં, પ્લેનમાં, ટ્રેનમાં, ટેન્ટમાં કે હોટેલોના કમરામાં આવતી 'ઊંઘ', વચ્ચે શો ભેદ છે, કઈ ઊંઘ વધુ ફળદાયી છે એ જ રીતે સરકારી-ખાનગી ગેસ્ટહાઉસમાં આવતી ઊંઘમાં એ ઊંઘ નિરાંતવી છે કે પીડાદાયક વગેરેની વાત પણ માંડીને થવી જોઈએ. આજે આબાલવૃદ્ધ-શાસક-પ્રજા સૌ એક યા બીજા પ્રશ્ને ચિંતિત રહે છે તે સૌ માટે ઊંઘ સાથે વધુ ઊંઘનું દરેક ડૉક્ટર પ્રિસ્ક્રિપ્શન લખતો થાય એવી જડબેસલાક વ્યવસ્થા પણ કરવી જોઈએ. જાહેર સાહિત્ય-વિચારતત્ત્વ કે ઔદ્યોગિક એકમોની સંસ્થાઓએ ને સરકારે પણ 'વધુમાં વધુ ઊંઘ' માટે આંદોલન શરૂ કરી લોકોને ઊંઘાભિખુમ કરવા જોઈએ. વિશ્વમાં જે કોઈ વ્યક્તિ સળંગ, વગર જાગ્યે એક આખું સપ્તાહ કે તેથી વધુ ઊંઘી શકે તેના માટે નોબેલ પારિતોષિક જેવું પારિતોષિક પણ ઘોષિત કરવું જોઈએ. ઊંઘ એક પ્રકારની જાગૃતિ છે. તેમાં વિસ્મરણનું ને મુક્તિનું ગાન છે, ઊંઘ માનવીનો અધિકાર તો છે પણ વધુ ને વધુ ઊંઘ તેની વિશિષ્ટ ઓળખ બનવી જોઈએ. ઊંઘીશું તો પામીશું. 'જાગ્યાથી ઊંઘ્યા ભલું' એવી નવી કહેવત પણ આપણા ધુરંધર સાહિત્યકારોએ પ્રચલિત કરવી જોઈએ. ફેસબુક, વૉટ્સઍપ કે ઈન્સ્ટાગ્રામ પર સર્જનરત વ્હાલા સર્જકમિત્રોએ પણ ઊંઘ વિશે ગીત-ગઝલ-ટુચકા વગેરે લખી સાહિત્યની સાથે લોકજાગૃતિનું કામ શરૂ કરવું જોઈએ. ઊંઘને આવી અદ્ભુત જણસ તરીકે જે દિવસથી માનવી સ્વીકારતો થશે ત્યારે વિશ્વ આખું જ આપોઆપ નવી આભા સાથે પ્રકાશી ઊઠશે, માનવ પણ નિર્ભાર બની ઝળહળી ઊઠશે.

બુધાલાલના પર્સનલ આસિસ્ટન્ટે પુનઃ ઘડિયાળ સામે જોઈ બુધાલાલને દયામણા ચહેરે વિનંતી કરી કે, હવે સાહેબ, અટકીએ, બીજે લટકી રહેલા શ્રોતાઓ 'ઊંઘ' વિશે સાંભળવા ધક્કામુક્કી કરી રહ્યાના સમાચાર છે. અને ત્યાંના યજમાન પણ શ્રોતાઓની હરકતથી શિયાવિયા થઈ ગયા છે. પ્રકાંડપંડિત બુધાલાલે સંશોધનલીલાને વિરામ આપી, ભારત માતા કી જય સાથે મિત્ર તરીકે અમારી અને ઉપસ્થિત શ્રોતાઓની વિનમ્રતાપૂર્વક રજા લઈ પુનઃ એક મોદક મુખમાં મૂકી સહાસ્ય ચરણને ધરતી પર નાજુકાઈથી મૂકી ગતિ આરંભી... જય કનૈયાલાલકી !

ઊંઘેશ્વરી દેવીનો જય હો!

ફુવારા પાસે, 'વાગીશા', રાજમહેલ રોડ,
લુણાવાડા, જિ. મહિસાગર.
પિન - ૩૮૯૨૩૦
મો. ૯૮૨૫૩૫૬૫૫૧

કબજિયાતના દર્દીની કબૂલાત - 'ખુલાસી'ને!

હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

સ્પેનિશ ભાષામાં એક કહેવત છે: Take what you want, and pay for it, says God. ઈશ્વરે કહ્યું છે કે, તમે જે ઇચ્છો એ મેળવો અને પછી એની કિંમત ચૂકવો.

માંદગીનાં મોટાભાગનાં બિલ આપણે આ રીતે ચૂકવતા હોઈએ છીએ! બહારનું મનગમતું ખાઈએ છીએ અને પછી નિરાંતે હેરાન થતા થતા ડૉક્ટરનાં બિલ ચૂકવીએ છીએ. બીમારી કોઈ પણ હોય, એ મફતમાં નથી મળતી!

છેલ્લા કેટલાય સમયથી કબજિયાત મારો પીછો નહોતી છોડતી. હવે એને મારે કેવી રીતે અને કયા શબ્દોમાં સમજાવવી કે બહેન કબુ, રાતદા'ડો, મતલબ કે ૨૪ × ૭ કોઈનો પીછો કરતાં રહેવું - અને એય તે, જેનો પીછો કરવામાં આવે એને એની સહેજ પણ ખબર ન પડે એ રીતે - એ તો નૈતિક અપરાધ કહેવાય. વળી, મારા મૌનને એ મૂક સંમતિ સમજીને મારી સાથે વધુ ને વધુ ભળવા લાગી. ક્યારેક તો એટલો બધો પ્રેમ બતાવે કે ઑફિસમાં ચાલુ મિટિંગે મારે બહાર નીકળી જવું પડે.

મારા એક પત્રકારમિત્ર મારી આ બીમારીથી સુપરિચિત હતા, કેમ કે જ્યારે જ્યારે એ મિત્રનો ફોન આવે ત્યારે મારો એક જ પ્રતિભાવ હોય કે... 'યાર, માથું સખત દુખે છે.' મારી આવી ફરિયાદ શરૂ શરૂમાં અવારનવાર થતી, પણ પછી તો બીમારી પણ પાકટ અને હેવાઈ બની ગઈ હોય એમ વારંવાર ફરિયાદ થવા માંડી. આવી ફરિયાદોથી હું તો સહેજ પણ કંટાળ્યો નહોતો, કેમ કે ટેવાઈ ગયો'તો, પણ પેલો મિત્ર બરાબરનો કંટાળી ગયેલો.

એક દિવસ મિત્રનો ફોન આવ્યો.

"પંડ્યા, આજે તારે મારી સાથે આવવાનું છે ફિલ્ડવર્કમાં... સાવ નજીવા વરસાદમાં કૉન્ટ્રેક્ટરોની અસીમ કૃપાએ ઠેર ઠેર રોડ પર પડી ગયેલા સ્માર્ટ ખાડાઓમાં ફસાઈ ગયેલા પીડિતોની સ્ટોરી કરવાની છે. એમાં ડૉક્ટર, કૉર્પોરેટર અને કૉન્ટ્રેક્ટર એમ ત્રણ વ્યક્તિઓને મળવાનું છે. ગેટ રેડી. હું તને પિકઅપ કરવા આવું છું."

"સૉરી યાર," મેં દબાયેલા-કચડાયેલા અવાજે કહ્યું, "મારાથી નહીં આવી શકાય. માથું સખત દુખે છે, યાર..."

"ભાભી ઘરમાં છે?"

"ના, એ તો ત્રણેક દિવસથી એની મમ્મીને ત્યાં મુંબઈ ગઈ છે."

"તોય માથું દુખે છે?"

"તું મજાક ન કર યાર... એક તો માથામાં સણકા મારે છે અને તું ઉપરથી હથોડા મારે છે, તું જઈ આવ."

"ક્યાં મુંબઈ?"

"જો પાછો..."

લગભગ અડધા કલાક પછી ડૉરબેલ રણક્યો. માથા પર બાંધેલા રૂમાલની ઢીલી પડી ગયેલી ગાંઠને મજબૂતાઈથી વાળતો વાળતો હું બહારના રૂમમાં આવ્યો. બારણું ખોલ્યું, તો એ જ મિત્ર ઊભો'તો!

"તને તો ખરેખર માથું દુખતું હોય એમ લાગે છે!" મિત્રે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"મને તારી જેમ ખોટું બોલવાની ટેવ નથી." મેં કહ્યું, "હવે તો કન્ફર્મ થઈ ગયું ને? સ્ટોરી માટે તું જઈ આવ, મારાથી નહીં અવાય."

"અરે યાર, કવરસ્ટોરી કરવાની હતી, એટલે બૉસે એ કામ મારા જુનિયરને સોંપ્યું છે."

"બોલો, બૉસને તારી ટૅલેન્ટ પર ગજબનો વિશ્વાસ કે કવરસ્ટોરી માટે તને નહીં, અને તારા જુનિયરને મોકલ્યો! તો પછી તું અહીં કેમ આવ્યો? ખાતરી કરવા કે મને ખરેખર માથું દુખે છે કે કેમ?"

"ના, ભાભી નથી તો થઈ જાય આજે પિકચરનો પ્રોગ્રામ!"

"ઇમ્પૉસિબલ દોસ્ત," સોફામાં મારી સામે બેસાડતાં મેં એને કહ્યું, "હમણાં જ એનો ફોન હતો કે સ્ટેશનથી પાંચ-દસ મિનિટમાં એ આવી પહોંચશે."

ગયા અઠવાડિયે ફરીવાર એ જ મિત્ર મળવા આવ્યો.

"ચાલ, તૈયાર થઈ જા." પાણી પીધા પછી ખાલી ગ્લાસ ટેબલ પર મૂકતાં એણે કહ્યું, "વૈદ્યરાજને ત્યાં જવાનું છે."

"વૈદ્યરાજની ખબર કાઢવા?" મારાથી પુછાઈ ગયું.

"ના યાર... તું ફોન પર વારંવાર ફરિયાદ કરે છે ને કે માથું દુખે છે, માથું દુખે છે... આજે તો વૈદ્યરાજને બતાવી જ દઈએ..."

"ના ભઈ ના," હું કંઈ બોલું, એ પહેલાં તો વાઈફે, પાણીનો ગ્લાસ મિત્રને આપી, વૈદ્યરાજની દયા ખાતાં કહ્યું: "એમને બતાવી દેનારા આપણે કોણ...?"

"તમે સમજ્યાં નહીં ભાભી," મિત્રે કહ્યું, "પંડ્યાની નાડી બતાવવાની વાત કરું છું, અને એટલે તો હું આવ્યો છું."

"તો... તું જ જોઈશ ને?" મેં લમણે (અલબત્ત, મારા) હાથ મૂકતાં પૂછ્યું.

"શું...?"

"નાડી."

"અરે યાર," મિત્ર ચિડાયો: "હવે ખબર પડી કે તને માથાનો દુખાવો કેમ રહે છે...?"

"કેમ રહે છે...?"

"બીજાનાં માથાં ખાવાની ટેવ હોય એને આવી બીમારી લાગુ પડે જ," એણે ઊભા થતાં કહ્યું: "મારે હજી ઘણાં કામ પતાવવાનાં છે અને એ માટે મારા દિમાગને અત્યારે હેમખેમ રાખવું જરૂરી છે..."

અમે વૈદ્યરાજના આયુર્વેદાલયમાં ગયા.

"આ છે હર્ષદ પંડ્યા," મિત્રે મારો પરિચય કરાવ્યો, "હાસ્યનું લખે છે."

"આવી બીમારી તમને ક્યારથી છે?" આટલું પૂછીને વૈદ્યરાજે મારી નાડીના ધબકારા ગણવા માંડ્યા. થોડીવાર પછી એમણે કહ્યું: "તમારા હાર્ટબિટ્સ ઝડપથી ચાલે છે..."

"ચાલે જ ને..." મેં નાડી તરફ દયાભાવે જોઈને કહ્યું: "મારી લેખન-પ્રક્રિયાને તમે બીમારી કહો છો, આવું સાંભળીને ક્યા લેખકના હાર્ટબિટ્સ ધીમા ચાલે?"

"જુઓ ભાઈ," વૈદ્યરાજે કહ્યું: "અમારી આયુર્વેદની પરિભાષામાં કોઈ પણ ટેવને અમે બીમારી તરીકે જ ઓળખીએ. બોલો, આ સિવાય બીજું શું થાય છે?"

"મોડી રાતે છાતીમાં બળતરા થાય છે."

"આ ટેવ કાઢી નાખો," વૈદ્યરાજે ગંભીર થઈને કહ્યું: "બળતણિયો સ્વભાવ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આવું થાય ત્યારે તમે શું કરો છો?"

"ઠંડું પાણી પીને થોડા આંટા મારું છું..."

"મોડી રાતે આવો વ્યાયામ ન કરાય. આ સિવાય બીજું કંઈ થાય છે?"

"થાય છે તો ઘણું બધું, પણ..."

"વાંધો નહીં, જે થતું હોય એ એક પછી એક મને કહેતાં જાવ..."

"ક્યારેક ચક્કર પણ આવે છે."

"ચક્કર બે પ્રકારનાં હોય" વૈદ્યરાજે કહ્યું: "પહેલા પ્રકારનાં ચક્કર એવાં હોય, જેમાં આપણે ગોળ ગોળ ફરતા હોઈએ અને બીજા પ્રકારનાં ચક્કર એવાં હોય, જેમાં બહારનું બધું ગોળ ગોળ ફરતું હોય એમ લાગે. તમને કયા પ્રકારનાં ચક્કર આવે છે...?"

"પહેલા પ્રકારનાં," મેં કહ્યું. "હું ગોળ ગોળ ફરતો હોઉં એવું લાગ્યા કરે..."

"નાનપણમાં ફેરફુદરડીની રમત રમેલા?"

"હા જી..."

"એટલે... આ એના આફ્ટરશૉક્સ કહેવાય. પરસેવો વળે છે?"

"હા જી, મારી કેબિનમાં બૉસ અચાનક આવીને ઊભા રહે ત્યારે પરસેવો વળવા માંડે છે."

"હું બૉસની વાત નથી કરતો, તમારી વાત કરું છું."

"જી... મને તો અત્યારેય પરસેવો વળવા માંડ્યો છે, જુઓ."

"અરે...? ACમાં બેઠા છો તો પણ?"

"સાહેબ, તમારા બિલની રકમ સાથે ACને શો સંબંધ? સંબંધ તો જેને હોય એને જ પરસેવો વળે ને...?"

"બીજી કોઈ ફરિયાદ છે...?"

"જી... કબજિયાત જેવું રહ્યા કરે..."

"મોશનનું કેવું છે...?"

"પ્રમોશન જેવું."

"મતલબ?"

"મતલબ કે પત્રકારની નોકરીમાં પ્રમોશનનાં ઠેકાણાં ન હોય એમ પત્રકારના રોજિંદા જીવનમાં મોશનનાંય ઠેકાણાં નથી હોતાં. એમાં ક્યારેય સી.એલ. નથી લેવી પડતી,

પણ અનિયમિતતા વારંવાર થઈ જાય... જુઓ ને, આજ સવારથી જવાયું નથી. પણ અત્યારે એવું સેન્સેશન થયા કરે કે હમણાં જ જવું પડશે... પણ મેં સ્વામી સંયમાનંદજીનાં પુસ્તકો વાંચ્યાં છે એટલે સંયમ રાખતાં શીખી ગયો છું.”

“આવો સંયમ ભારે પડે ભાઈ,” વૈદ્યરાજે જીવદયા બતાવતાં ઉમેર્યું. “અહીં વ્યવસ્થા છે, જવું હોય તો જઈ આવો...”

“સાહેબ, નાનપણથી હું સંઘર્ષ કરતો આવ્યો છું અને ગમે તેટલી અસહ્ય સ્થિતિમાં મેં ચહેરાના હાવભાવ પણ બગાડ્યા નથી, એટલે ડૉન્ટ વરી, ક્લિનિકને બગાડીશ નહીં.”

“ક્યારેય અકસ્માત... મતલબ કે ઍક્સિડન્ટ થયો હોય એવું યાદ છે?”

“યાદ છે ને, ૧૯૭૫માં મારું મૅરેજ થયેલું.”

“ઓહ, એ સિવાય કોઈ ઍક્સિડન્ટ જેવું...?”

“ના જી.”

“કબજિયાત કાયમ રહે છે...?”

“એ માટે તો સાહેબ, હું એટલું જ કહીશ કે કબજિયાત અને હું એકબીજાં માટે જ સર્જાયાં છીએ. ક્યારેક તો હું એનાથી કંટાળીને દૂર ભાગવાનો પ્રયત્ન કરું, પણ એનો પ્રેમ જબરો... મારા વિના એને એક દિવસ પણ ચાલે નહીં...”

“વાછૂટ થાય છે...?”

“થાય છે ને... વાઈફ સાથે દલીલો કરતાં કરતાં અવશ્ય થઈ જાય છે.”

“વાહ! આદર્શ દંપતીનું આ લક્ષણ કહેવાય! રાતના સમયે ભોજનમાં શું લો છો...?”

“ખીચડી મારો પ્રિય ખોરાક છે.”

“એ વાયડી પડે,” વૈદ્યરાજે કહ્યું: “ખીચડી ખરેખર વાયડી પડે...”

“પણ સાહેબ,” અત્યાર સુધી મૌન ધારણ કરીને બેઠેલા મિત્રે પૂછ્યું: “વાયડા માણસનેય ખીચડી વાયડી પડે...?”

“ડૉન્ટ ડિસ્ટર્બ પ્લીઝ,” વૈદ્યરાજે મિત્રને ઠપકો આપતાં કહ્યું, “અત્યારે આ પેશન્ટની વાત ચાલે છે, તમારી ઇન્ક્વાયરી શરૂ કરું ત્યારે તમારા વિશેની માહિતી પૂછજો, ઓકે ?”

“હું પણ આ પેશન્ટની જ વાત કરતો’તો,” મિત્રે સ્મિત કર્યું, “એમની પ્રકૃતિ સહેજ વાયડી ખરી...”

“એમની વાત સાચી છે સાહેબ,” મેં મિત્ર સામે જોઈને હસતાં-હસતાં કહ્યું: “આમેય અમારી પ્રકૃતિ (સ્વભાવ) એકબીજાને મળતી આવે છે!”

“તો જ તમે સાથે આવ્યા હોવ ને!” વૈદ્યરાજ પણ હસી પડ્યા. “ત્રણ દિવસ માટે આ પડીકીઓ આપું છું. ચોથા દિવસે બતાવવા આવજો.”

“વૈદ્યરાજ, શું તમે પણ પડીકીઓ ખાઓ છો?”

“પડીકી-પડીકીમાં ફેર હોય ભાઈ.”

“કેટલી ફી આપવાની?” ઊભા થઈ ખિસ્સામાં (અલબત્ત, મારા જ ખિસ્સામાં કારણ કે મિત્ર મને ઓળખે છે એટલે સમજીને જ મારાથી એ સહેજ દૂર બેઠા’તા!) હાથ નાખતાં મેં પૂછ્યું: “કેટલા પૈસા આપવાના?”

“કશું જ નહીં,” વૈદ્યરાજે કહ્યું: “હું અહીં પેશન્ટની તબિયત સુધારવા બેઠો છું, બગાડવા નહીં.”

“વાહ!” મને આનંદ સાથે આશ્ચર્ય થયું, એટલે ઊભા થતાં મેં પૂછ્યું, “તમે બધા જ દર્દીઓ સાથે આટલો સુંદર વહેવાર કરો છો?!”

“બધાય નહીં.” વૈદ્યરાજ પણ ઊભા થયા, “હું નૉર્મલ પેશન્ટની ફી લઉં છું, ઍબ્નૉર્મલની નહીં, અગાઉ ક્યારેય ઍલોપથીનો ઉપચાર કરાવેલો?”

“ઍલોપથીનો નહીં, પણ ‘રેલોપથી’નો ઉપચાર કરાવેલો.”

“રેલોપથી...?” વૈદ્યરાજને આશ્ચર્ય થયું, “વ્હૉટ ઇઝ રેલોપથી?”

“મતલબ - શિવામ્બુ.”

“જોયું?” વૈદ્યરાજે મિત્ર સામે જોઈને કહ્યું: “આવાં જ કારણોથી હું આવા દર્દીની ફી નથી લેતો.”

બી/૧૦, દેવસિટી બંગલોઝ, નિર્માણ ટાવર સામે,
આર. સી. ટૅક્નિકલ રોડ,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧
મો. : ૯૭૨૪૫૦૧૯૮૭

~~સુજ્ઞ~~ મહાશય

ડૉ. નલિની ગણાત્રા

આપણે સહુએ ત્રાંસી આંખે અનેકવાર જોયું જ છે કે, સમયનું ચક્ર ફરે ત્યારે ભલભલાની પથારી ફરી જતી હોય છે. તો સુજ્ઞ મહાશય વળી કયા ગાદલાનું રૂ? સમય આવ્યે એણેય પીંજાવું તો પડે જ ને? અત્રે મથાળે બિરાજેલા સુજ્ઞશ્રી પર પડેલી હિંસક હુમલા જેવી ચોકડી એ બીજું કંઈ નહીં, પણ એનો પીંજાવાનો પાકી ગયેલો સમય સૂચવે છે. હું તો એની પીંજારણ માત્ર ! હવે એને પીંજતા પહેલાં એની પૂર્વભૂમિકા જોઈ લઈએ, જેથી સહુને સમજાય કે સુજ્ઞ મહાશય કેમ પીંજાયો ?

કંકોત્રીમાં સદા સર્વદા મુખ્ય અને ઊંચા હોદ્દા ઉપર બિરાજતો રહેલો સુજ્ઞ મહાશય, એ આપણે આદરેલા લગ્નપ્રસંગનો ઓ.ટી.પી. (OTP) જેવો તદ્દન ટેમ્પરરી-હંગામી મહેમાન છે. છતાં એના માટે જ આપણે કંકોત્રી છપાવવાનો ખાસ્સો ખર્ચ વેઠવો પડે છે. અને આપણા પ્રસંગની ઝીણી ઝીણી વિગતોની વિગતવાર માહિતી આપવી પડે છે જેમ કે, મંડપ મુહૂર્તનો સમય, ગ્રહ-શાંતિ-ઉપગ્રહ શાંતિનો સમય, જાન આવવાનો, જાન જવાનો સમય, ચપ્પલ પહેરવાનો, ચપ્પલ ઉતારવાનો અને ચપ્પલ ચોરવાનો સમય, હલ્દી હંગામાનો સમય, વગેરે વગેરે. અરે એટલું જ નહીં એ કેમ જાણે કોઈ અડ્ડાનો ઑફિસર હોય એમ એને લગ્ન સ્થળની પણ બાતમી આપવી પડે છે.

હવે આપણે તો આપણા અતિથિ-સત્કારના સંસ્કાર થકી આવું ઉદાર વલણ દાખવતાં હોઈએ. એમાં ઈવડો ઈ પોતાને સુપરસ્ટાર સમજવા લાગ્યો અને અભિમાનથી લથપથ થતો રહ્યો. મારી જેમ જ તમે પણ એને અમથો અમથો એકીટશે જોયે રાખશો તો તમને પણ જરૂર લાગી આવશે કે કંકોત્રીમાં એ સ્ટેજ પરની પ્રાઈમ ખુરશીમાં પગ પર પગ ચડાવીને એવી અહમ્ અદાથી બેઠેલો જણાશે જાણે કહેતો હોય - 'મૈં હું ડોન... હપતા વગરની લોન! મને અહીંથી કોઈ હટાવી-ખસેડી તો જુએ!' અને એનો એ લુખ્ખો ડાયલોગ 'સમય' સાંભળી ગયો. ખલ્લાસ... ! આ 'સમય શહેનશાહ'ને સહુથી વધુ ભાવતી વાનગીનું નામ છે-અહમ્! એટલે એ સમયસિંહને ભૂખ લાગે ત્યારે સહુ પ્રથમ આદમીના અહમનું મારણ કરે છે. જી હા, અહમ્ ને અવશ્યમેવ કોઈ પછાડતું, મારતું અને ઠેકાણે પાડતું હોય તો એ સમય જ છે. આ સમય આજે સુપર - સેલિબ્રિટી સુજ્ઞ મહાશય પર ત્રાટકવા જઈ રહ્યો છે. તો એનાં દિવ્ય દર્શનનો લાભ લેવા આપ સહુને વિનંતીભર્યું આમંત્રણ છે.

મેં છેડેલા કંકોત્રી અભિયાન અન્વયે કંકોત્રીમાં નયન લટાર મારતાં મારતાં મારા રડારમાં આવી ચડેલા સુજ્ઞ મહાશય માટે મારા મનમાં 'ક્વીટ કંકોત્રી' - કંકોત્રી છોડો આંદોલન તો ચાલુ થઈ જ ગયેલું. પરંતુ એને ક્વીટ કહેતાં-કરતાં પહેલાં એટલે કે એને પાર પાડતાં પહેલાં એની પાટલીએ 'બેસાડવા' માટે યોગ્ય પાટલીપુત્રને 'ઊભો' કરવો જરૂરી હતો. વળી એ એવો હોવો જોઈએ કે જેમાં જાહેર જનતાને આનાકાની કરવાનો અવકાશ જ ન રહે. આમાં બે બાબતની કાળજી રાખવી જરૂરી હતી. એક, સંબોધન સુજ્ઞ સાથે પ્રાસ-મેળ ખાતું હોય તેથી જલદી અને સહેલાઈથી લોકજીભે ચડી જાય અને બીજું, સમાનધારાની જેમ સહુ કોઈને લાગુ પડે. પરંતુ સમાજમાં લાંબા સમયથી સેટ થઈ ગયેલી સિસ્ટિમમાં સુધારા-વધારા કરવા એ કાંઈ ટકલાની ટાલમાં તેલ નાખવા જેવું સહેલું કામ નથી જ. એવા સુધારા કરવામાં લાગણીદુભાઓની લાગણી જી.એસ.ટી. (GST) કાપીને દુભાય એ રીતની સાવધાની રાખવી પડે. અને એ માટે ભગવદ્ગીતાના ગંભીર જ્ઞાન કરતાંય વધારે ગંભીર મોં કરીને ચિંતન કરવું જરૂરી હતું.

આમ થોડાક સમયથી મારી પ્રતિશોધ જેવી શોધ માટેનું ચિંતન ચાલુ જ હતું. 'સુજ્ઞ' ને 'હટાવવા' બળથી નહીં, કળથી કામ લેવાનું હતું. વર્લ્ડ ટૂર કરીએ અને પાઈનો પણ ખર્ચ ન થાય, એ રીતે આયોજન કરવાનું હતું. પણ પેલું કોઈક કોઈકને ક્યાંક કહેલું છે ને કે, 'અગર કિસી ચીજકો દિલસે-શિદ્દતસે ચાહો તો સારી કાયનાત તુમ્હેં ઉસે મિલાનેકી સાજિશમેં લગ જાતી હૈ' અને એ સત્ય મારા માટે સાચું પડ્યું.

બન્યું એવું કે એક ભરસાંજે કોઈ જ કારણ વગર હું શાંતચિત્તે બેઠી હતી! અને મારા પરમ મિત્ર એવા હીંચકા પર બેઠી બેઠી ફિલ્મ 'દિલ ચાહતા હૈ'નું ટાઈટલ સોંગ ગણગણાતી હતી. અને મારા દિલની ચાહ પૂરી કરવા કાયનાત સ્વરૂપે ચારથી પાંચ કઝીન મહેમાનો મને મળવા આવી ચડ્યા. એક

સામાન્ય નાગરિકના ધારાધોરણ મુજબ મેં એમને વેલકમ કીક મારતાં એટલે કે આવકાર આપતાં કહ્યું કે, 'આવો આવો... ભલે ને પધાર્યા... ! તમે ક્યાં કો'ક દી આવો છો! એવી ગર્ભિત વ્યંગમયી-ઔપચારિકતા દાખવ્યા બાદ મેં સાવ નિર્દોષતાથી સાર્વજનિક ટાઇમપાસ પ્રશ્ન પૂછ્યો કે, 'તબિયત પાણી કેવાં?' અને.. પેથોલોજીનું પૂર ઊમટ્યું.

મારાથી સાવ અમથી પુછાઈ ગયેલી એમની તબિયતના જવાબમાં એક મહેમાને પોતાની એસિડિટીની ઊલટી કરી એટલે કે ફરિયાદ કરી. બીજાએ માઈગ્રેનનું વર્ણન કરી પોતાનો માથાનો દુખાવો મને ચડાવ્યો. ગાયત્રીબહેને તો મારી સામે એકીટશે જોઈને પથરીની પીડા એવી રીતે કહી, જાણે હું એમની કિડનીમાં પેસીને પથરી મૂકી આવી હોઉં! તો નયનાબહેને સોગંદનામું બહાર પાડતાં વાત માંડી કે, તમારા સમ નલિનીબેન, મેં મારી બે આંખો વચ્ચે કદી કણકીભાર પણ વેરોવાંતરો રાખ્યો હોય તો! મેશ આંજું તોય બે આંખમાં, ગમ્મે તેવી કકડીને ઊંઘ આવતી હોય તોય એવું નહીં કે એક જ આંખ બંધ કરું, હું બેય આંખ મીંચીને જ સૂઉં, ક્યાંક રડવાનું ફરજિયાત હોય કે મરજિયાત, બેય આંખમાંથી હું ખારાં ખારાં અને પ્રવાહી આંસુડાં જ પાડું, તોય શી ખબર છેલ્લા છત્રીસ દિવસથી મારી એક ડાબી આંખ જ ફરક્યા કરે છે, બોલો! હવે એ તો કહે કે 'બોલો!' પણ આપણાથી થોડું બોલાય કે, જમણી આંખ જાતે ફરકાવો! એ નયનાબેન મારી આંખ સામેથી ઓઝલ થયાં અને કબજિયાતી કનુભાઈ કટાણા મોંએ આવી ચડ્યા. હવે જેને કાયમી કબજિયાત રહેતી હોય એને ઝાડા થાય તો ઝૂમી ઊઠવું જોઈએ ને? તોય કનુ કબજિયાતી હવા કાઢી નાખેલા ફુગ્ગા જેવો ફેસ કરીને કહેવા લાગ્યા કે, 'મને પાંચ દિવસથી પાતળા ઝાડા થયા છે તે એ ઝાડા, જાડા થવાનું નામ જ નથી લેતા!' અરે ભાઈ, જાડા માણસને પણ ઝાડા તો પાતળા જ થાય ને ? એમાં પાતળા બોલવાની ક્યાં જરૂર હતી? પણ બસ, બીમારીને બહેકાવવાનો જ કેઝ! અને આ બધા માંડ માંડ ગ્યાં ત્યાં સઈડ.... સઈડ કરતોકને બારમાસી શરદીનો રીઢો રોગી રૂમાલ લીધા વગર આવી પૂગ્યો... એણે તો એની ચીકણી કફ કહાની સંભળાવી સંભળાવીને મારા નાકે દમ લાવીને 'આખરી' વિદાય લીધી.

ટૂંકમાં એવું કહી શકું કે એ સંગીન સાંજે જરૂર 'રોગ' ચોઘડિયું ચાલતું હશે. કારણ કે મને જેટલા મળવા આવ્યા... બધા જ બીમાર આવ્યા. કિંતુ કાયનાત કૃપા જુઓ.. ! મને એ બીમારોમાંથી જ મારી મૂંઝવણની મેડિસિન મળી ગઈ. જી હા, મિત્રો એમાંથી જ મને 'સુજ્ઞ' સાથે મેળ ખાતું અને સમાન ધારાની જેમ જ બધાને લાગુ પડતું માંદું મજાનું નવું સંબોધન મળી ગયું-રુગ્ણ મહાશય! રોગીને સંસ્કૃતમાં રુગ્ણ કહે છે. રોગી શબ્દ હજુયે થોડો નબળો લાગે, જ્યારે રુગ્ણ શબ્દ સુસંસ્કૃત અને જરા રીચ લાગે ! અને એમાંય પાછળ મહાશય લાગે, ફિર તો ક્યા કહના ? મિત્રો, કળિયુગને રોગનો યુગ કહ્યો છે. અને આપણે આસપાસ જોઈએ છીએ જ કે આજકાલ નવજાત બાળક, નવજાત યુવાન કે નવજાત વૃદ્ધો પણ શારીરિક કે માનસિક બીમાર છે જ. મેં તો આ માહોલ ઉપર એક તંદુરસ્ત શાયરી પણ લખી છે:

'સમાજમાં આજકાલ બધા રોગી છે,
હું નીરોગી છું એવું કહેનાર ઢોંગી છે.'

મારી આ પંક્તિઓને આજસુધી કોઈએ પડકારી નથી. મતલબ, બધાની મૂકસંમતિ છે જ. છતાં આ સ્ટેજ યાનિ કિ આ પેજ પરથી ચેલેન્જ કરું છું કે તમારામાંથી જે કોઈ પણ એક તદ્દન નીરોગી નાગરિક લાવીને મને બતાવશે તો વૈદ્ય તરીકે હું એને ફ્રીમાં જોઈ લઈશ. એટલું જ નહીં, એ મહેનતુ શખ્સને હું મારા બધા બ્લડ રિપોર્ટ ડોનેટ કરી દઈશ, જાવ! વયમર્યાદાને કારણે હું બ્લડ ડોનેટ કરી શક્તી નથી એટલે બ્લડ નહીં તો, બ્લડ રિપોર્ટ ડોનેટ કરતી રહું છું. હું તો સમાજ માટે મારાથી થાય એટલું કરી છૂટવાવાળો જીવ!

અંતે, મારા આગળ જણાવ્યા મુજબના નવા સંબોધનને વાજબી પુરવાર કરતાં કહીશ કે, 'સુજ્ઞ મહાશય' સંબોધન હેઠળ પધારેલા મહેમાનોમાં બધા સુજ્ઞ નથી હોતા, કંઈ કેટલાય અજ્ઞ પણ હોય છે, એટલે સુજ્ઞ સંબોધનમાં સંબોધન દોષ જણાય છે. જ્યારે 'રુગ્ણ મહાશય' સંબોધન સોમાંથી સો માર્ક્સને પાત્ર ઠરે છે. આમ રુગ્ણ મહાશય એ બધા માટે એક પૂર્ણ સંબોધન છે. તો પ્લીઝ લાઈક, શેર એન્ડ સબસ્ક્રાઈબ.

છમ્મવ્વું :

'મહાશયજી, આજકાલ શું કરી રહ્યા છો?'

'સુજ્ઞ લાગવાનું કોચિંગ લઈ રહ્યો છું!'

જે-૭૦૧, શિલ્પ-શાલિગ્રામ, આલ્ફામોલ પાછળ,
સરકારી વસાહત, વસ્ત્રાપુર રોડ, શબરી બંગલો સામે
વસ્ત્રાપુર અમદાવાદ
મો. ૯૪૨૮૩૫૧૧૨૦

બાથરૂમની બહાર આવીને નવાય નહિ!

અશોક દવે

વિકી હજી નવો નવો યુવાન બન્યો હતો ને જૂના જૂના લગ્ન કર્યા હતા. જૂના એટલા માટે કે, યુવાની તો બસ કોઈ....બે-ચાર દહાડા પહેલાં જ ફૂટી નીકળી હતી, પણ લગ્ન એમ કાંઈ બબ્બે મહિને ફૂટી નીકળતા નથી. લગ્નને જૂના એટલે કે અનુભવી બનાવવા માટે મિનિમમ ૩૦-૪૦ વર્ષ રાહ જોવી પડે છે. આ હમણાં બે-ચાર વર્ષ પહેલાં લગ્ન કર્યા, એટલે તમને લગ્નવિષયક તમામ જાણકારીઓ આવી ગઈ છે, એવા ભ્રમમાં ન રહેવાય!

એવું જ નાહવાનું છે. નાનપણથી નહાતા હો, એટલે તમને નહાતાં આવડી ગયું છે, એ માન્યતા ખોટી છે. અફ કોર્સ, ક્યાંય નાહવાનું શિખવાડતા ક્લાસિસ ચાલતા નથી, એટલે જેવું આવડે એવું જાતે જ નાહી લેવું પડે છે. પહેલું ટમ્બલર ખભે નાંખવાનું કે માથે, એ આત્મસ્ફુરણાનો વિષય છે. એનું કોઈ ચોક્કસ સાયન્સ નથી. હા. બાથરૂમની દીવાલો કરતાં શરીર વધારે ભીનું થયેલું હોવું જોઈએ!

આપણે દરેકે બાથરૂમ-સંહિતા જાળવવી પડે છે, જેમાં સામાજિક વિચારો ગમે તેવા ઉચ્ચ હોય, નાહવું તો અંદર જઈને એકલાએ જ પડે છે. બીજું, નાહવા બેસો, એટલે ગાતાં આવડી જાય, એ ભ્રમમાં રહેવા જેવું નથી. નહાતી વખતે ઘણા તો આપણા કોઈ વાંક-ગુના વગર ગાયે રાખતા હોય છે! .....બહાર આવું ઘોઘરું અમારે સાંભળવું પડે છે. ત્રીજું, નાહી લીધા પછી દરવાજા પાસે ગરોળી ચોંટી હોય ને 'છીછ છીછ' કરવા છતાંય જતી ન હોય, તો સ્ટોપર ખોલવાની જિગર ચાલતી નથી ને, "એ...અંદર કિયારના સુંઉ કરી રિયા છો....?'નો જવાબ આપવાય ગળું ખૂલતું નથી.

બાથરૂમોનુંય એવું છે. રોજ એમાં નહાતા હો, એટલે તમને નહાતા આવડી ગયું છે, એવા ભ્રમમાં ન રહેવાય! નાહવું એટલે શૉવર ચાલુ કરીને બેઠા બેઠા માથું મસળ્યે રાખો, એને નાહવું ન કહેવાય. નૉટ ઑન્લી ધેટ... નાહવાનો સમય તમે એકાદ કલાકનો કે તેથી વધુ રાખો, એટલે પૂર્ણપણે નહાતા આવડી ગયું, એવા ભ્રમમાંય ન રહેવાય.....પલળવા અને નાહવા વચ્ચે લાખ ડોલોનો ફેર છે. ઘણા બિઝનેસમેનો નાહવાના નામે અમારા સૌરાષ્ટ્રની ભાષામાં 'ખંખોળિયું' ખાઈ લેતા હોય છે. અર્થાત્, બે ટમ્બલર માથાની ઉપર, એકાદું બરડા ઉપર, એકાદું ચહેરો ભીનો કરવા અને બાકીનાં તમામ ટમ્બલરો સીધા ભીંતને અથડાતાં હોય! પૂરો બાથરૂમ સાબુના ફીણ-ફીણ કરી મૂક્યો હોય ને આંખ પરથી સાબુનો ઝાગ ઉતારવા પોતાની બે આંખો શોધતા હોય, એ તો મળી જાય, પણ સાબુની ગોટી, સામેથી આવતી ૨૧-વર્ષની ચોટદાર અને ધકધકધક સુંદરી જેવી હોય છે. એ બે ક્ષણો જોવા પૂરતી



જ પકડાય ને તમે પકડી પણ રાખી શકો નહિ!

આવાં જ સાયન્ટિફિક કારણોસર નહાતી વખતે હું બે હાથમાં સાબુની બે ગોટીઓ રાખું છું. જગત ભલે અટકે, મારું નાહવાનું અટકવું ન જોઈએ. કારણ કે, આ એક જ ઉદ્યમ એવો છે જે મારે કોઈની પણ સહાય, મંજૂરી કે જાણ વગર કરવાનો હોય છે. અંદર ગયા પછી બહાર જો કોઈ ચીજ ભૂલી ગયા, તો એ જ અવસ્થામાં બહાર આવી શકાતું નથી, ભલે બૂમાબૂમ કરો. "તારી જો હાક સુણી કોઈ ના'વે રે, તો એકલો નહાને રે...હોઓઓ એકલો નહાને રે...!"

બાથરૂમમાં નાહવું તમને સ્વતંત્ર અને સ્વાભિ...સૉરી, આમાં શેના અભિમાનો કે સ્વાભિમાનો હોય, પણ તમને આત્મનિર્ભર ચોક્કસ બનાવે છે. પત્ની સાથે ભલે ઘર જેવા સંબંધો હોય, એને કદી આપણને નવડાવી આપવાનું કહી શકાતું નથી....એનીય બા ખિજાય! આ એક જ વિષય એવો છે, જેમાં તમે સંપૂર્ણતા પ્રાપ્ત કરી હોય છતાં ગામમાં કહેતાં ફરી શકાતું નથી કે, હું હંમેશાં એકલે હાથે નાહું છું. અફ કોર્સ, આમાંય અનુભવ અને પ્રૅક્ટિસ તો જોઈએ જ, નહિ તો બે ટમ્બલર છાતી-પેટ પર ઢોળી એકાદું પાછળ બરડા ઉપર જવા દેવાથી નાહવાનું સંપૂર્ણ ગણાતું નથી. અરે, પગના અંગૂઠા અને આંગળીઓ પણ ચોળી ચોળીને ધોવાં પડે છે, ત્યારે કંઈક નાહ્યું કહેવાય! હા, હવે તો દુનિયા આખી એકલી એકલી જ નહાય છે, પણ નાનપણમાં માસીના ઘેર થાનગઢ જવાનું થતું, ત્યારે વાસુકિ તળાવમાં નાહવા જતા. સાથે સહાયકો પણ હોય. સહાયક એટલા માટે કે, આપણે આપણી જાતે મોઢા ઉપર છાલકો મારી ન શકીએ. એ તો સાથે નહાતા દોસ્તોએ કરવાનું હોય, જેને સાદી ભાષામાં 'વળતો હુમલો' કહે છે. કમનસીબે, આવી છાલકો ઘરના બાથરૂમમાં મારી કે મરાવી શકાતી નથી અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ જ કારણોસર બાથરૂમમાં શૉવરની સગવડો આપવામાં આવે છે. હોળી અને બાથરૂમ વચ્ચે આટલો ફેર. હોળીમાં ડોલો ભરી ભરીને યારદોસ્તો આપણા બૉડી ઉપર નૉન-સ્ટૉપ પાણીઓ ફેંકે. બાથરૂમમાં આવી છાલકો માટે સ્વાવલંબીય બની શકાતું નથી. પોતાના મોઢા ઉપર કેવી રીતે છાલકો મારવી? યાદ રાખો દોસ્તો, કોઈ નવડાવી આપતું હોય, એવી જાહોજલાલી અંબાણી-અદાણીઓનેય મળતી નથી. હું તો જોવા ગયો નથી, પણ એ લોકોનેય જાતે જ નાહવું પડે છે!

હોળી અને બાથરૂમ વચ્ચે આટલો ફેર. હોળી એકલા એકલા રમી શકાતી નથી અને બાથરૂમમાં બધાને ભેગા કરીને નવાતું નથી. જગતભરને હોળી શિખવાડનાર પ્રભુ શ્રીકૃષ્ણ હતા, પણ એય એકલા એકલા નહાતા નહોતા.... ગોપીઓ એમને નવડાવતી. આપણે તો ભાગ્યમાં જે ઑફિશિયલ રાધા આવી હોય, એ પણ નવડાવી આપતી નથી અને બીજીઓ પાસે નાહવા જવા દેતી નથી!

આમાં પાછું, એ આપણને જવા દે, એ તો આપણી તૌહિન એટલે કે અપમાન છે. એણેય ડોલો ભરી ભરીને આપણને નવડાવવો પડે. આવા કિસ્સાઓમાં યુવતીઓનો પ્રવેશ આવકાર્ય મનાયો છે. યુ સી....પુરુષ-ટુ-પુરુષ વચ્ચે ડોલોની ફેંકાફેંકી સહેજ પણ રોમૅન્ટિક નથી હોતી. વચમાં સ્ત્રી...એમાંય યુવાન અને એમાંય સુંદર.....અને હજી એક વાર એમાંય, એ આપણી મહેનતથી નાહવા અથવા નાહી નાખવા રાજી હોવી જોઈએ. સુઉ કિયો છો? ભીના પુરુષ કરતાં ભીની યુવતી વધુ આવકાર્ય છે. એમાંય, વચમાં વચમાં એ ડોકી નીચી રાખીને, "મને નહિ.....મને નહિ, પ્લીઝ' કહેતી જાય ને નહાતી જાય, એ ધોરણો જળવાવાં જોઈએ.

બ્રશ કે દાઢી કરવી અનંત કાળ પહેલાંની વ્યવસ્થા નથી. એ તો માનવી જેમ જેમ સુસંકૃત થતો ગયો એમ આવડતું ગયું. પણ નહાતા કોઈને શિખવાડવું પડ્યું નથી. પહેલો લોટો માથા ઉપર નાંખવાનો, પછી સાબુ વડે ચહેરો થોડો ઘસવાનો. બોચી ઊંચી કરીને ગળા ઉપર સાબુ ઘસવાનો પણ પાછળ બરડા ઉપર સાબુ ઘસતાં ન ફાવે તો નહિ ઘસવાનો, એ બધું આપણને શિખવાડવું પડ્યું નથી. આ બધું આવડે કે ન આવડે, એકાદ વખત નાહવું જરૂરી છે. ન નહાયા હો તો બાજુમાં બેઠેલો ઊભો થઈ જાય, એવો જુલ્મ નહિ ઢાવાનો! હા, આપણે પણ એને નવડાવવાનો નહિ. નદી-તળાવ જોઈને ધુબાકો માર્યો એટલે નવાય જાય. ઘરના બાથરૂમમાં આવા ધુબાકા મારી શકાતા નથી.

બસ, એક જ અપીલ છે કે, રોજ નહિ તો દર સપ્તાહે કે મહિને... એક વાર નાહવાનું રાખજો!

૭-ભૂમિદીપ ફ્લેટ્સ,
નારણપુરા ચાર રસ્તા,
અમદાવાદ-૩૮૦૦૧૩

આપણી શરીરરચના

અધીર અમદાવાદી

સંસ્કૃતમાં કહ્યું છે કે શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ ।, અર્થાત્ શરીર જ તમામ કર્તવ્ય અને જીવનયાત્રાનું પ્રથમ સાધન છે. એટલે આ સાધન વિશે વાત થવી જોઈએ. જીવવિજ્ઞાન એટલે કે બાયોલોજી તમે સૌ ભણ્યા હશો. પરંતુ બાયોલોજીમાં ભણેલી ઘણી વસ્તુઓની અમને વર્ષો બાદ સમજ પડી. જેમ કે, કિડની બે હોવાનું એક કારણ વધારાની સ્પેર કિડની વેચીને મોંઘો સ્માર્ટ ફોન ખરીદી શકાય. તો શરીરમાં રોગ થવાનાં અનેક કારણો પહેલાં બાયોલોજી અને એન્વાયરન્મેન્ટ વિષયમાં આવતાં, જેમ કે દૂષિત પાણીથી ટાઈફૉઈડ અને કમળો થાય. પરંતુ અવનવા રોગ થવાનું એક કારણ મેડિકલ એજ્યુકેશન મોંઘું થતું જાય છે, અને હૉસ્પિટલ ઊભી કરવામાં સારું એવું ઇન્વેસ્ટમેન્ટ કરવું પડે છે તે હવે ખબર પડી.

આપણું શરીર પંચતત્ત્વોનું બનેલું છે: પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. આપણી શરીર રચનામાં પૃથ્વી તત્ત્વનો ઘણો ફાળો છે. હાડકાં શરીરના માળખાને ઊભું રાખે છે. જોકે આ જ હાડકાનું માળખું અલગ પડેલ મળે કે દેખાય તો માણસ છળી ઊઠે છે. ઉમર થાય તેમ હાડકાં નબળાં પડતાં જાય છે, ખાસ કરીને સ્ત્રીઓનાં. એનું વૈજ્ઞાનિક કારણ છે. પુરુષોને મોટો પ્રશ્ન એ થાય છે કે હાડકાં જ કેમ નબળાં પડે છે? જીભ કેમ નહીં? જોકે આવા ઘણા પ્રશ્નોના જવાબ સાયન્સ હજુ શોધી રહ્યું છે. અથવા તો એમને એ શોધવામાં રસ નથી.

શરીરમાં સૌથી ઉપર ખોપરી આવેલી છે. ખોપરી મગજને સાચવે છે. જોકે મગજ એવાં કામ કરાવે છે જેનાથી ખોપરીની સલામતી જોખમાય છે. ખોપરીથી જરા નીચે જતાં ખભાનાં હાડકાં આવે. આ ખભાના હાડકાં સોસાયટીના નાકા સુધી ઠાઠડી ઊંચકવા કામમાં આવે એટલાં મજબૂત હોય છે. પછી છાતીમાં પાંસળીનું પાંજરું આવેલું હોય છે જેમાં હૃદય, ફેફસાં, જઠર જેવાં અંગોને ગોઠવેલ છે. અમુક સમાચાર સાંભળીને મનુષ્યની છાતીનાં પાટિયાં બેસી જાય છે. અહીં પીંજરું પાટિયું બની જાય છે. પાછળ કરોડરજ્જુ આવેલી છે, જેના મણકા જાતજાતના દુખાવાના કારક છે. એ પછી થાપાનાં હાડકાં આવે જે ઘડપણમાં થાપ આપે છે. નાનપણમાં જે ક્રિકેટ ન રમ્યા હોય એમના હાડકામાં ઘડપણે સ્ટીલનો બૉલ ફિટ થાય છે.

માણસ હાડ-ચામનો બનેલો છે એવું કહેવાય છે. પરંતુ મનુષ્યની ચામડીમાંથી બનેલું પર્સ વાપરવાનો ટ્રેન્ડ હજુ નથી આવ્યો, એટલાં ગરીબોના નસીબ છે. ચામડી ત્રણ પ્રકારની હોય છે. ગોરી, ઘઉવર્ણી અને કાળી. ગાંધીજી પોતે આ પહેલા અને ત્રીજા પ્રકારની ચામડી ધરાવતા લોકો વચ્ચે કરાતા ભેદભાવને કારણે જ ગાંધીજી બન્યા હતા. અથવા તો બૅરિસ્ટર ગાંધીમાંથી મહાત્મા ગાંધી બનવાની શરૂઆત થઈ હતી. અમેરિકા અને યુરોપમાં ગોરા અને કાળા બે જ પ્રકારના લોકો હોય છે, પરંતુ ભારતમાં ત્રણેય પ્રકારના લોકો જોવા મળે છે. જોકે ભારતના ગોરા-કાળા એ યુરોપ-અમેરિકાના ગોરા-કાળા કરતાં ઓછા ગોરા અને ઓછા કાળા હોય છે. અમેરિકા અને યુરોપમાં વચ્ચેના વર્ણના નેટિવ લોકો ન હોવાના આ સંખ્યાકીય ભેદ દૂર કરવા આપણાં લોકો વર્ષોથી, મોટા પાયે, જુદી જુદી યુક્તિ-પ્રયુક્તિઓ કરી, જમીન-મકાન વેચીને પણ, ત્યાં પહોંચીને રહી પડે છે.

ફેરનેસ ક્રીમ વેચતી કંપનીઓને ગોરા કરતાં બીજા બે પ્રકારના લોકોમાં વધારે રસ જોવા મળે છે. લગ્નવિષયક વાતમાં મમ્મીઓ પોતાના પુત્ર કરતાં વધુ ગણાતી પુત્રવધૂ વધુ રૂપાળી ઇચ્છે છે. સામે છોકરીઓ આવા રંગભેદમાં નથી માનતી અને માત્ર ધન-સંપત્તિ, જમીન જેવી ભૌતિક વસ્તુઓથી પુરુષના રંગમાં ૧૧-૨૦ હોય તો ચલાવી લે છે. ચામડીના રંગ પરથી ધ્યાન હટાવવા ટાટું કરાવે છે. ટાટું એટલે છૂંદણાનું શહેરીકરણ. રંગ સિવાય જાડી અને પાતળી એમ બે પ્રકારની ચામડીના માણસો સમાજમાં મળે છે. જોકે આ વર્ગીકરણ વૈજ્ઞાનિકોએ નથી કર્યું.

આપણાં શરીરમાં બત્રીસ દાંત હોય છે. ગણતરી વખતે દાઢ પણ દાંતમાં જ ગણાય છે. પણ કહેવતમાં જે 'દાઢમાં રાખવું' છે એ દાંતમાં રાખ્યા બરાબર નથી. એમાં એક દાઢ મોડી ઊગે છે, અને એને ડહાપણની દાઢ કહે છે. અંગ્રેજીમાં

વિઝડમ ટૂથ, એટલે કે દાંત જ કહે છે. અમુક લોકોનું વર્તન જોઈને આપણને લાગે કે આને ડહાપણની દાઢ નહીં આવી હોય. અમને લાગે છે કે ડહાપણની દાઢ જેને આવી ગઈ હોય એને એ મુજબનું સરકારી પ્રમાણપત્ર અપાવું જોઈએ. બાળક જન્મે પછી એને શરૂઆતમાં દૂધિયા દાંત આવે છે, જે પછી પડી જાય છે અને પાકા દાંત આવે છે. જે દાંતમાં થાય છે તે કમનસીબે ટાલમાં નથી થતું. ટાલ પડ્યા બાદ પડ્યા હોય છે. ભવિષ્યમાં દાંતની સમસ્યા વકરવાની છે એ અંદાજ આવી જતાં આજકાલ દરેક ફૅમિલી બે-ત્રણ ડેન્ટિસ્ટ છોકરીઓ પકવે છે. વિદેશમાં તો દાંતના ડૉક્ટરોને ચાંદી જ ચાંદી છે, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીના ભાવ વધતાં દાંતમાં ચાંદી પુરાવવાનું મોંઘું થયું છે. દાંત સાફ ન કરવામાં આવે તો દાંત પીળા પડે છે. આ પીળા દાંત જોઈને અમારામાંનો કવિ જાગી ઊઠે છે અને અમને ગરમાળો યાદ આવે છે. પાન ખાનારના લાલ દાંત જોઈને અમને ગુલમહોર યાદ આવે છે. આ અમારી સૌંદર્યદૃષ્ટિ છે, જેની વાચકોએ ખાસ નોંધ લેવી જોઈએ.

અમને લાગે છે કે પગ શરીરનું બહુ મહત્ત્વનું અંગ છે. તમે જોજો, લોકો મહાપુરુષના પગે પડે છે, કોઈ મગજ કે હૃદયને નથી અડતું કે મગજે નથી લાગતું. એટલે પગ જ શ્રેષ્ઠ છે. આમ તો પગનું કામ ચાલવાનું છે. અમુક ચાલવાના આળસુ બેઠાં બેઠાં પગ હલાવ્યા કરે છે. બેઠાડુ જીવન રોગ નોતરે છે, તો વધુ ચાલવાથી પગમાં ગોટલા બાઝે છે. જોકે ઓછું ચાલવાથી ગોટલી નથી બાઝતી. બાઝવાનું કામ ગોટલાનું છે, ગોટલીનું નહીં. આજકાલ શહેરમાં વાહનો એટલાં વધી ગયાં છે કે ચાલવા માટે જગ્યા નથી મળતી એટલે લોકોએ ચાલવા માટે ટ્રેડમિલ વાપરવું પડે છે. ચાલતી વખતે વ્યક્તિના બે હાથ આગળ પાછળ આંદોલિત થાય છે, પરંતુ તે એક જ દિશામાં એક સાથે નથી જતા. ચાલતી વખતે એક દિશામાં બેઉ હાથ ઉલાળી ચાલવાનો પ્રયાસ કરશો તો તમે જોકર જેવા લાગશો.

પગનો પંજો આગળથી પહોળો અને એડી તરફ જતાં સાંકડો થતો જાય છે. મોજડીની શોધ કરનારે અને એ પછી બૂટ બનાવનારે પોતાની મુનસફીથી આગળ સાંકડા થતા હોય એવા જોડા બનાવ્યા, પરંતુ પગની આંગળીઓ અને અંગૂઠાને વાચા ન હોવાથી તે પોતાની સંકડામણ કદી વર્ણવી શકતાં નથી. અમને તો લાગે છે આ મોજડીની શોધને કારણે જ આપણી આંગળીઓ અંગૂઠાથી છેલ્લી આંગળી તરફ જતાં કાળક્રમે નાની થઈ ગઈ હશે. બૂટ-ચંપલનો ઉપયોગ અણીદાર વસ્તુઓ જેવી કે કાંટા, ખીલી, પથ્થર અને વિવિધ પ્રકારની ગંદકીથી પગની રક્ષા માટે હોય છે, પરંતુ ફૅશનમાં અમુક જૂતાં માત્ર કાર્પેટ ઉપર પહેરી શકાય એવા હોય છે. પેન્સિલ હિલ પ્રકારના સેન્ડલ પહેરીને પ્રસંગમાં જવું હોય તો આગોતરી તપાસ કરાવવી પડે કે કાર્પેટની ગાદી કેટલા ઇંચ જાડી છે. નહીંતર અંદર ખૂંપી જાવ તો બહાર કાઢવા ક્રેન મંગાવવી પડે. પહેલાંના જમાનામાં છોકરીઓ સેન્ડલનો ઉપયોગ છોકરાઓને ડરાવવા કરતી હતી, જોકે જેન-ઝી છોકરીઓ ફ્રેન્ડલી છે, અને એ છોકરાઓને ડરાવવા અનફ્રેન્ડ અને બ્લૉક નામનાં ઑનલાઇન શસ્ત્રોનો ઉપયોગ કરે છે.

મનુષ્યના દાંત પડી ગયા હોય અને વ્યક્તિએ જો ચોકઠું પહેર્યું હોય તો એ ધોવા માટે કાઢી શકે છે, અને એ તો સૌને ખબર છે, પરંતુ તમને નવાઈ લાગશે કે આંખો પણ કાઢી શકાય છે. વૈજ્ઞાનિક રીતે આ ચક્ષુદાન વખતે જ શક્ય છે, પરંતુ ભાષાકીય રીતે જીવતે જીવત પણ શક્ય છે. પહેલાંના જમાનામાં મહેમાનની હાજરીમાં તોફાની છોકરાને ડરાવવા વડીલો આંખો કાઢતા. આમાં આંખો પોતાની મૂળ જગ્યાએ જ રહે છે તેમ છતાં તેને આંખો કાઢવી કહે છે. અત્યારની જેન-ઝી આંખો કાઢવાથી ડરતી નથી, ઉપરથી સામે આંખો કાઢે તેવી મજબૂત છે. અમુક વાઇરસના કારણે કંજક્ટિવાઇટિસ રોગ થાય છે, જેને આંખો આવી એવું કહે છે. આમ ત્યાં ને ત્યાં હોવા છતાં આંખો આવે છે. જોકે આવેલી આંખો જતી નથી, મટી જાય છે. આંખે ઝાંખું દેખાય ત્યારે નંબર કઢાવવામાં આવે છે, અને નંબર આવ્યા પછી ચશ્માં કઢાવવામાં આવે છે. આમ આંખોમાં કાઢવા-કઢાવવાનું ઘણું મહત્ત્વ છે એવું પણ કહી શકાય. સેલિબ્રિટિઝ-ફિલ્મ સ્ટાર્સ ઍરપોર્ટ પર જાય તો લોકો ઓળખી ન જાય એ માટે ગોગલ્સ પહેરે છે. જોકે આ જ કામ ફક્ત મેકઅપ ન કરે તોપણ થઈ શકે એમ છે. ચશ્માં પહેરનારને વરસાદમાં સારી એવી તકલીફ પડે છે કારણ કે હજુ વાઇપરવાળાં ચશ્માં એટલાં પ્રચલિત નથી. આ વાંચનાર કોઈને ચશ્માંની દુકાન હોય તો અમારો સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

ચશ્માંની દાંડી ટેકવવા માટે ભગવાને કાન બનાવ્યા છે, જેનો પહેલાના જમાનામાં માસ્તરો ભરપૂર દુરુપયોગ કરતા હતા. જોકે હવેના ટીચર્સ સીસીટીવી અને હેલિકૉપ્ટર પૅરન્ટ્સની નજર હેઠળ હોવાથી આ પ્રકારની કર્ણલંબન વિધિનો જોઈતો લાભ અત્યારના વિદ્યાર્થીઓને નથી મળતો. આવું અમે થોડાક

અંશે ઈર્ષ્યાથી પણ કહીએ છીએ. ગાંધીજીનાં ચશ્માં જગમશહૂર છે. એવી જ રીતે જગતમાં જો સૌથી મશહૂર કાન હોય તો તે ગાંધીજીના બીજા વાંદરાના છે. પહેલાંના જમાનામાં કાનમાં જીવડા અને કાનખજૂરા ઘૂસી જવાનો ડર વધુ હતો, જેથી મુસાફરી વખતે લોકો કાનમાં રૂનાં પૂમડાં નાખતાં. હવે એ સ્થાન ઈયરફોને લઈ લીધું છે. પહેલાં વ્યક્તિથી ભૂલ થાય તો એ કાન પકડી માફી માંગતો, હવે યુવાનો વડીલોની વાત સાંભળવા કાન પર લાગેલા ઈયરફોન્સ દૂર કરે છે. આ પાછું વિવેકમાં ખપે છે. કાનની બૂટ છૂટી કે જોડાયેલી હોવાથી વ્યક્તિ સારી કે જબરી છે તેવું જાણી શકાય છે. કાનની બૂટ સહિત દરેક જગ્યાએ સ્ત્રીઓ લટકાવી કે પહેરી શકાય તેવાં સોનાનાં આભૂષણ લટકાવે/પહેરે છે. આમ જ ટીકા, બોરલા, બુટ્ટી, ટોપ્સ, નથણી, વાળી, ફૂલડી, હાર, ચોકર, મગમાળા, મોહનમાળા, ચંદનહાર, મંગલસૂત્ર, ચેઈન, અછોડો, બંગડી, ચૂડી, પાટલા, કડા, વાંક, પહોંચી, પાંચલી, વીંટી, બાજુબંધ, ઝાંઝર, વીંછિયા જેવી અનેક વસ્તુઓની શોધ થઈ છે. સામે શોખીન પુરુષો વીંટી, ચેઈન, અને કડા સુધી માંડ પહોંચી શક્યા છે. ભાગ્યે જ કોઈ પુરુષ બપ્પી લહેરી જેવા શોખીન હોય છે.

માત્ર ચશ્માંની દાંડીથી ચશ્માં ચહેરા પર ટકે નહીં. એટલે નાકની રચના કરવામાં આવી. કપાળમાં થતા ચાંદલાનું સેન્ટર કાઢવા માટે નાક ચહેરામાં બરોબર વચ્ચે આવેલું હોય છે. કાન અને નાક આમ શરીરથી બહાર ન નીકળેલા હોત અને ત્યાં માત્ર પક્ષીઓની જેમ કાણાં હોત તો? આવો વિચાર અમને અનેક વખત આવી ને ગયો છે, જોકે માણસને દિવસમાં પચાસ હજાર કરતાં વધુ વિચારો આવે છે એ વિચારીને અમે આ વિષયે વધુ વિચાર કરવાનું માંડી વાળ્યું છે. નાક શ્વસનતંત્રનું ગેટકીપર છે. નાકમાં ઘૂસવા મથતાં અસામાજિક તત્ત્વોને રોકવા નાક લીંટ જેવો ચીકણો પદાર્થ છોડે છે. આ ઉપરાંત ઋતુ પરિવર્તન અને આયુર્વેદમાં જણાવેલ પ્રકૃતિ મુજબના લોકોને અમુક પ્રકારનો વર્જિત આહાર લેવાને કારણે શરદી થાય છે. શરદી મોટો રોગ નથી પરંતુ જેને થાય તેના નાકમાં દમ લાવી દે છે. આ દમ ગુજરાતી સાહિત્ય પ્રમાણેનો દમ. પ્રદૂષણ, વઘાર, પરાગ-રજ વગેરે નાકમાં ઘૂસે તે કારણે માણસને છીંક આવે છે. આ છીંકના ડેસિબલ માણસે માણસે બદલાય છે. માણસની છીંક ખાવાની રીત, અવાજની તીવ્રતા, છીંક ખાધા પછીની પ્રવૃત્તિઓ વગેરેથી માણસની પ્રકૃતિ જાણી શકાય, એવું અમારું માનવું છે. પરંતુ આ અંગે વધુ સંશોધન કરવા માટે અત્યારે અમારી પાસે અત્યારે સમય નથી.

જીભ શરીરની કૉમ્યુનિકેશન મૅનેજર છે. જીભ કેવી? મતલબ કે જીભ સ્ત્રીલિંગ છે, જે અંગે કોઈને વાંધો ના હોઈ શકે. જીભ શરીરનું અગત્યનું અંગ હોય એવું જણાય છે એટલે જ કદાચ એના ઝેડ પ્લસ પ્રોટેક્શન માટે ખોપરી, મોઢું, તાળવું, ગાલ, દાઢી, જડબું, હોઠ અને દાંત આસપાસ ગોઠવાયેલાં છે. જીભનો ઉપયોગ કોઈ વધુ કરતું હોય તો એ વ્યક્તિની જીભ જીભડી બની જાય છે. ખાસ કરીને વયસ્ક બાળકોની. જીભનો ઉપયોગ શિક્ષક અને વકીલ ખાસ કરે છે, જોકે એ બેના બોલવામાં ઘણો ફેર હોય છે. વકીલોને કેસ કરવા વકીલ રાખવો નથી પડતો, આ માહિતી હોવાને કારણે અમે આ વિષયમાં આગળ લખતાં ખચકાઈએ છીએ. જીભ મલ્ટિપર્પઝ છે. તેનો ઉપયોગ બોલવા ઉપરાંત સ્વાદેન્દ્રિય તરીકે અને ચાટવા માટે પણ થાય છે. ખાસ કરીને આઈસક્રીમના ઢાંકણાં. જીભની સ્વાદેન્દ્રિય દ્વારા તમે વિવિધ સ્વાદ કરી શકો છો. ઘરનું ખાવાનું જો ધૂળ જેવું લાગતું હોય તો તમે બહારનું પણ ખાઈ શકો છો. આજકાલનાં બાળકોને ધૂળનો સ્વાદ પણ નથી ખબર એ અલગ વાત છે !

પાંચ તત્ત્વોથી બનેલ અને પાંચ ઈન્દ્રિય વડે ઑપરેટ થતાં શરીરનું સંચાલન પ્રિન્સિપાલ મગજ કરે છે. મગજ આપણે જોયું નથી. અમારા મગજનો એકવાર કોઈ કારણસર સીટી સ્કૅન કરવામાં આવ્યો હતો અને એ જોઈને ડૉક્ટરે કહ્યું હતું કે : 'કંઈ નથી'. જે સાંભળીને અમને હાશ થઈ હતી પરંતુ અમારી પત્ની ઘણી વધારે ખુશ થઈ ગઈ હતી, કદાચ એમની માન્યતાને પુષ્ટિ મળી હોય તેવું બને. માણસ ચાલે, હાલે, કૂદે, દોડે, ઊંઘે, નસકોરાં બોલાવે, ચપટી વગાડે બધી ક્રિયાઓ તમે જોઈ શકો છો. પરંતુ ખાધા પછી ખોરાકની ગતિ અને માણસ શું વિચારે છે, તે તમે બહારથી જોઈ નથી શકતા. વિચારો જાણી નથી શકાતા એ પરણેલાં માટે સારું છે. મગજમાં કેવા વિચારો આવે છે તે માટે તમારું ભણતર અને ઘડતર જવાબદાર ગણાય છે. ખાસ તો તમે શું વાંચો છો તે. તમે અત્યારે અમને વાંચો છો, એ તમારા મગજ માટે સારું જ કરો છો !

બી-૭૦૪ લા ગ્રાસિઆ રેસિડન્સી,
વિવેકાનંદ ચોક પાસે, મેમનગર,
અમદાવાદ ૩૮૦૦૫૨.
મોબાઈલ: ૯૯૦૯૯૫૬૬૬૧

મૂળાક્ષર મંથન...

દિલીપ આર શાહ 'રસીલા'

દુનિયામેં નહીં જિસકા કોઈ ઉસકા ખુદા હૈ....

વિવિધ ભારતી પર ૧૯૫૮ના મહેંદીના આ ગીતે મને પરોક્ષ રીતે પીઠબળ આપી દીધું છે જેનું દુનિયામાં કોઈ નથી એના માટે ખુદ ખુદા છે. આ ગીતના શબ્દોને જીવનમંત્ર ગણી મેં નક્કી કર્યું કે માળિયેથી આ વખતે ભંગાર વહેલો ઉતારવો, ક્યારે રિ-ડેવલપમેન્ટમાં કાયમનો પિનકોડ ધરાવતું રહેઠાણ બુલડોઝરની હડફેટે ચડી જાય, કંઈ કહેવાય નહીં!

પહેલા પ્રયત્ને જ બાલમંદિરના કક્કા-બારખડીનો બે આના કિંમતનો, ગુજરીમાંથી ઢબુડી (બે પૈસામાં) કરેલું એ ભવ્ય શોપિંગ હજીય અકબંધ મળી ગયું એ જૂના-પુરાણા ચાર્ટમાં! અંગ્રેજી માધ્યમની બુમરાણ અને પરિવારમાં ખાસ કરીને મહિલા સભ્યોની બહુમતીથી ગુજરાતી માધ્યમનો આ ક્કા-ચાર્ટ અથડાતો કુટાતો અંતે માળિયામાં જૂના ટાયર, કોલસાની ઈસ્ત્રી, કાટ ખાધેલા પ્રાઈમસના સહવાસમાં લાંબા સમયથી 'શલ્યા-અહલ્યા ઈફેક્ટ'ની રાહ જોતો હતો.

કક્કાના ચાર્ટની ધૂળ... માટી ખંખેરવામાં મળતો આનંદ શબરીને મળેલા રામ જેવો હતો. ધીરે ધીરે 'પરદે મેં રહને દો, પરદા ના ઉઠાઓ, પરદા જો ખૂલ ગયા તો ભેદ ખૂલ જાએગા.'ની જેમ પ્રથમ બોણી 'ક'ની થઈ. ખાનામાં કબૂતરનું ચિત્ર હતું. 'ક' કબૂતરનો 'ક' બાલમંદિરનાં પુષ્પાબેન યાદ આવી ગયાં. સ્લેટની અંદર મોટો 'ક' દોરી ઘૂંટવાનો આનંદ પડઘા પાડી રહ્યો.

'ક'નો ભવ્ય ભૂતકાળ વાગોળતાં, છેલ્લાં ૫૦ વરસમાં 'ક' ને લાગેલા આંચકા ને ઘસરકા હજીય ચચરે છે. 'કબૂતર' જા... જા.. જા.. ગીત સાથે શાંતિ-સંદેશનું આ વાહક ગયું ઊડી અને 'ક' કલમનો 'ક', ગાદી ઉપર બેઠેલા પેલી મોટી ફાંદવાળા મુનીમની જેમ ગોઠવાઈ ગયો. બિલોરી કાચવાળા લેખક.. કવિ.. વિવેચકોનેય લાગ્યું હાશ 'કલમ'ની કદર થઈ. કક્કામાં હવે આપણું રાજ. શી ખબર શું થયું, શાહી ખૂટી કે ઉપરની સ્ટીલની નીબ તરડાઈ... કલમ ડગમગી.. અને 'ક' બન્યો ધારદાર 'કરવત'નો. સુથારી આલમનો જયજયકાર ! શ્રમિકોનો અવાજ પણ બુલંદ થયો. એક ઘા ને બે કટકાનું રાજ આવ્યું કદાચ વિશ્વયુદ્ધની અસર કે આડઅસર ? યુનોની સ્થાપના થઈ અને ફરી ચહલપહલ.. ઉપરાઉપરી ચહલપહલે... કરવત... ગઈ તો 'કબાટ' આવ્યું... તો પાછી નજર 'કમર' પર ઠરી... સારું છે હમણાંથી 'ક' જરા ઠરીઠામ થયો છે 'ક' કમળનો 'ક' થઈને ! (છતાંય મનમાં મીનીસાઈઝની બીક છે ક્યારેક 'ક' કબજિયાત... કચકચ.. કચ્ચરઘાણ, કજોડાં સુધી વટલાઈ ન જાય!)

કક્કા-પરિવારના બાકીના સભ્યોને પણ હજી નજરના રડારમાં લેવાના હતા. હજી તો 'ક' પ્રથમ ઉમેદવારમાં જ આટલાં પરિવર્તનો તો બાકીનાનું શું થાય? આ સાથે જ મને વરસો પુરાણું દેવોનું સમુદ્રમંથન પ્રકરણ યાદ આવી ગયું પેલું પૂરાં ચૌદ રત્નોવાળું. પેલી ગાયને ઋષિમુનિઓ લઈ ગયા, ઐરાવત હાથી ઈંદ્ર લઈ ગયા, દેવતાઓ અપ્સરા લઈ ગયા... પૂરા તેરનો હિસાબ તો રોકડો થઈ ગયો... અસ્સલ આ સમુદ્રમંથન જેવું જ આ કક્કાના મૂળાક્ષરોનું મૂળાક્ષર મંથન થયું હોય એમ જરૂર ગણિત બેસે. ચાલો ને થોડીક કાચી ગણતરી કરી લઈએ...

કક્કા પરિવારના બે વડીલો. વ્યંજન અને સ્વર. સ્વર બિચારા પેલા પાંડવો જેવા લઘુમતીમાં. વ્યંજનો તગડા અને પેલા કૌરવો જેવા સંખ્યામાં અને સ્વભાવમાં. 'ક'ની કળ તો હજી વળી નથી ત્યાં બાકીના અમુક ઉપદ્રવી મૂળાક્ષર જીવોનાં પરાક્રમો જાણવા જેવાં છે.

- 'ખ'નું મંથન થયું શરૂમાં 'ખ' ખલમાં ખંડાયો. ખટારામાં -ચ ફર્યો. આજકાલ ખમણના ફરસાણમાં નરમ પોચો બની ચટણીના 'ચ' જોડે ગઠબંધન કર્યાનાં બ્રેકિંગ ન્યૂઝ છે.. ! (ખબરદાર ખબરપત્રીનો અહેવાલ)
- 'ગ' ગણપતિનો લાં... બો સમય અડીખમ રહ્યો પણ

મેનકા ગાંધીએ પશુ-પાલન પ્રતિનિધિત્વની માંગ કરતાં ‘ગ’ ગધેડાનો સૌએ (વિરોધ-પક્ષ સુધ્ધાં) સ્વીકારી લીધો. (આતંકવાદીઓ ‘ગ’ ગન માટે બહુ જ પ્રેશર લાવ્યા હતા.)

- ઘડિયાળે ‘ઘ’નો સમય ઓળખી લીધો. પણ ગૃહિણીનું સ્વપ્ન પહેલું સુખ તે ઘરબાર કર્યા એટલે લોન, હપતા, વ્યાજની ઐસીતૈસી ‘ઘ’ ઘરનો હાલ બહુમાળી થઈ ગયો છે. (ઘરડાઘરના નિસાસા જરૂર નડવાના)
  મૂળાક્ષર મંથનના વ્યંજનના તો કુલ ૩૭ સભ્યો છે. આથી નક્કી કર્યું કે દરેક કુળમાંથી પસંદગીના ગોત્રને તેમનો પડઘો પાડવા દેવો વારાફરતી.
- ‘ચ’ ચકલીનો ‘ચ’ નક્કી થયું ‘વર્લ્ડ સ્પેરો ડે’ ઊજવવો અને ઉનાળામાં પક્ષી માટેનાં પાણીનાં કૂંડાં વિતરણનાં ફોટા પડાવી છાપાની પૂર્તિઓમાં જયજયકાર કરવો.
- ‘છ’ છત્રીનો-પણ એનો હમશકલ છત્રીસ (૩૬) ઘણીવાર એની ક્રેડિટ લઈ જાય છે... રેઇનકોટના આગમન પછી એને (છત્રીને) પણ હવે TRPના ફાંફાં છે. છત્રી નારીજાતિને... કેટકેટલું સહન કરે !
- જમરૂખનો ‘જ’ તડબૂચનો ‘ત’ અને ફણસના ‘ફ’ ના ત્રિવેણીથી કક્કો પૌષ્ટિક આહારનો ઍમ્બેસેડર બન્યો હોય એમ સંતોષ થાય. (રેફ નડ્યો, નહિ તો ‘કેસર’ની કસર ન રહેત!)
- લગ્ન પછી ઘરમાં પતિદેવોની હાજરીને વાચા આપવા ‘બ’ બકરીનો અસ્સલ સેટ થઈ ગયેલો લાગે (કેમ કંઈ બોલ્યા નહિ?)
- કક્કો બનાવતી વખતે સંસ્કારનગરી વડોદરાની કાયમી સમસ્યાને ધ્યાનમાં રાખી ‘મ’ મગરનો સર્વાનુમતે લઈ લીધો. (મ... મમરાનો, મફલરનો, મલમનો વેઇટિંગ લિસ્ટમાં છે.)
- લખોટાનો ‘લ’ નાના બાલમાનસ પર આડઅસર ન કરે તે માટે ‘લ’ લસણનો સ્વીકારાયો. (મા લક્ષ્મીજી મા સરસ્વતીને મૅસેજ કરી દીધો કે મને ‘લ’માં નથી લીધી અને તને ‘સ’માં નથી લીધી. પેલુ સસલું... વારતાવાળું અહીં એન્ટ્રી મારી ગયું !)
  હજી તો વ્યંજનોની માંગણીઓ પૂરી પણ નથી થઈ અને તેર (૧૩) સ્વરોનું પ્રતિનિધિ મંડળ આ ‘મૂળાક્ષર મંથન’માં માંગણીઓ લઈ આવ્યું.
- વ્યંજનમાં જમરૂખ, તડબૂચ અને ફણસ છે તો સ્વરોમાં ‘અનાનસ’ને લેવું પડ્યું અને રેશિયો ૩.૧નો જળવાઈ રહ્યો. (હાશ!)
- આગબોટને ટક્કર મારી પાટા પરથી ઊતરી ન પડે એ માટે ‘આ’ આગગાડીનો સેટ થયો.
- ‘ઈ’ ઈસ્ત્રી... ઇયળમાં બહુ ફર્યો હવે ઈ-મેલમાં જાય તો ‘ઈ’નો મોક્ષ થાય એવું સૂચન તજજ્ઞોએ કર્યું.
- ઓશીકા... ઓરસિયામાં સંતાકૂકડી રમતા ‘ઓ’ને ‘ઓલા’માં સ્થાન આપી ગતિમાં રાખવાનું સૂચન થયું. (ઉબર વાળાનો તોબરો ચઢી ગયો પણ પછી પાછલા બારણે ‘ઉ’નું સમાધાન થઈ ગયું.)
- અં... અંજીર બહુ મોંઘા છે. અંબાડી ક્યાં જોવા મળે છે? અંગરખું એ વળી શું ? તો પછી... બબ્બે દા’ડે



ન્યૂઝમાં ચમકતા અંબાણીનો 'અં' રાખીએ તો કોઈ દિવસ પાછો ના પડે ! (સિવાય 'અ'ને આંચકો આપી અદાણી આવે તો ?)

સ્વરોનું આ પોસ્ટમોર્ટમ તો હજી પત્યું નથી ને વ્યંજનમાં 'ડ' ડમરુ વગાડતો આવ્યો ને બોલ્યો 'ડ' ડમરુનો જ રહેશે. ભગવાન શિવજીની યાદ છે. (બાકીના ડગલાનો 'ડ' ચોક સાથીનું ડસ્ટર... ડસ્ટબિન ડઘાઈ જ ગયાં !)

એક બાજુ આ મૂળાક્ષરોનું મનોમંથન ચાલે, સાથે સાથે સમુદ્રમંથનનું ચૌદમું રતન હળાહળ (ઝેર) યાદ આવ્યું. તેર રત્નોની વહેંચણી તો પૂરી થઈ ગઈ હતી પણ આ ઝેરનું કોણ..? એવું જ... હા, લગભગ એવું જ આ ૩૭ મૂળાક્ષરોમાં ફરી બુમરાણ પડી આ 'ણ' આ 'ણ' કોનો? આ 'ણ'નું કોઈ નહીં ? બિચારો !

વરસોથી કક્કામાં 'ણ' જુઓ સાવ અનાથ જેવો છે. એની ડાબી બાજુએ 'ઢ' ઢબુ પૈસાનો છે. કોઈક કહે છે ઢગલાનો છે તો કોઈક પેલા ઠોઠિયાનો 'ઢ' કહે છે... આમ પાડોશી 'ઢ'ને પણ પોતાની એક આગવી ઓળખ છે. મૂળાક્ષરોની પંગતમાં એનોય કૈંક થડકો છે રૂઆબ છે, ભલે એ મૂળ 'ટ' માંથી સહેજ વાંકો વળી 'ઢ' થયો પણ 'ણ' જેવો નમાયો નથી. શું કીધું !

તો બીજી બાજુ-યસ, એની જમણી બાજુના પાડોશી તડબૂચ બ્રાન્ડ 'ત' છે. 'મૂળે' 'તલવાર' ગોત્રના પણ ઇતિહાસમાં રાજપૂતોના પતન પછી 'ત' ને કેટલી તકરાર નડી હશે. એટલે ક્યારેક તપખીરનો 'ત' બની છેક નાકમાં નસકોરાં સુધી યાત્રા કરી આવ્યો ને ઉપરાઉપરી છીંકોની સાયરન વગાડતો પણ આવ્યો. જોઈ તપખીર (છીંકણી)ની દાદાગીરી!

આમ 'ણ'ને બેય બાજુ પડોશીઓ અડીખમ. ધરખમ પણ એ પોતે ? 'અકેલા હું મેં...ના કોઈ મેરા સાથી... અકેલા હૂં... મૈં! આમ 'ણ' દયાપાત્ર છે એકલો હરીફરી શકતો નથી. પરવશ છે. છતાંય ઘણાય પરોપજીવી વૈષ્ણવજનોએ 'ણ' ઉપર કૃપાદૃષ્ટિ રાખી એની તરફેણમાં જુઓ કેવી જબરી તગડી લ્હા..ણી કરી છે. (દુનિયામેં નહીં જિસકા કોઈ. ઉસકા 'ણ' હૈ)

નાગને ફે...ણ આપી અને આપણને દૃષ્ટિ આપતાં ને...ણ આપ્યાં પાંપ...ણ સાથે, મ...ણનું વજન આપ્યું. તો કીડીને ક..ણને પક્ષીને ચ...ણ આપ્યું, ભોજનમાં સ્વાદિષ્ટ જમ...ણ વીથ ખમ..ણ, પાકમાં શ..ણ તો વાહનમાં વહા...ણ, તહેવારમાં ઉતરા...ણ તો સબંધમાં વેવા...ણ, રસોડામાં વેલ...ણ, લુહારને ધમ...ણ, ધરતીએ રજ...કણ આપ્યું, દુઃખમાં પ્રભુનું શર...ણ અને અંતિમધામમાં મર...ણ આપ્યું. સમજ્યા ને? નહિ તો પછી બધું વેર...ણ છેર..ણ!

સમુદ્રમંથનનો તાળો મળી ગયો. ઝેર કોણ લેશે? મૂળાક્ષરમંથનમાં... 'ણ' કોઈનો નહિ! (ખબરદાર બોલ્યા તો!)

પરિશિષ્ટ

મૂળાક્ષર મંથન પછી તજ્ઞો તરફથી મળેલી ધરખમ સૂચનાઓ

- 'ણ' પછી હવે પછીના સાક્ષર અભિયાનમાં 'ળ' મૂળાક્ષરની ઝૂંબેશ ચલાવવા ચળવળ કરવી. ગાંધીચીંધ્યા માર્ગે જેથી ણ...ળ જેવા કોઈ પીડિત વધુ ન પીડાય!
- પતંગના 'પ'ની ફરિયાદ છે તેને અંક ૫ (પાંચ) જેવું જ બોડી આપી કાયમ 'ડબલઢોલકી' કહી ચીડવવામાં આવે છે એનો કાયમી ઉકેલ લાવવો.

(સાથે સાથે 'ડ' ડગલાને પણ અંગ્રેજી S (એસ)નો ટ્વીનબ્રધર્સ કહી ચીડવવામાં આવે છે તો એનાં DNA તપાસ માટે ઉચ્ચ પ્રતિનિધિત્વ નીમવું)

૨૮ અને ૨૯ નંબરના બે સ્ફોટક પડોશીઓ અનુક્રમે (લ) (વ) છે... આમ બાલમંદિરથી જ જો આપણે આ બન્ને લ...વ...ને 'સાથે' રાખીશું તો પછી લવ જેહાદ.. લવમૅરેજ, લવલેટર વધે જ ને?

- ષ... ષડ્યંત્રો આજકાલ રૂટિન થઈ ગયા છે તો પછી ષટકોણને રજા ઉપર ઉતારી દેવો. એવું સર્વ સભ્યોનું માનવું છે.
- ઐરાવતના 'ઐ' બદલે ઐશ્વર્યા રાયના 'ઐ' માટે પ્રપોઝલ બોલીવૂડે મૂકી છે... (આપણી અદાલતમાં આવા પ્રશ્ન પુછાય પણ ખરા!)

ખાસ નોંધ : મૂળાક્ષરમંથન દર વરસે નિયમિત કહી કક્કાને એક લેખ નહિ, શિલાલેખનો દરજ્જો આપીએ.

એમ-૫, ૨/૧૨, શાસ્ત્રીનગર સંઘવી ફર્નિચર ઉપર, અંકુરરોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૬૩
મો. ૯૯૭૯૯૪૬૧૪૨



વિસરાતા સૂર
સુરેશ પટેલ
મો. ૯૯૨૫૧૪૯૦૦૨

મોહ થયો...!!!
મળીયા જી ભટ્ટ
ઇન્ટરનેશનલ
૨૯૮



બિંબ-પ્રતિબિંબ
ડો. વિમલ હેમાણી
મો. ૯૪૦૮૧૮૭૬૮૭

ગીતા ગાયા પખવાડો...
ભાગ ૧૮
મો. ૯૮૨૫૬૩૦૪૦૦

કડછી

નગીન દવે

"કલમ, કડછી અને બરછી" એ રૂઢિપ્રયોગ તરીકે પ્રચલિત થઈ ગયેલ છે. એનાં અનેક અર્થો કાઢી શકાય. વ્યવસાયની રીતે જોઈએ તો કલમ એટલે લખવાનો, કડછી એટલે રાંધણકળાનો અને બરછી એટલે રક્ષાકાર્યનો વ્યવસાય. કલમકલામાં પ્રાવીણ્ય પ્રાપ્ત ન થાય તો કડછી પકડી લેવી. એ ધંધામાં બરકત અને બરકત જ. આ બંને ન ફાવે તો હાથમાં હથિયાર હોય એવી ખાખી ગણવેશની નોકરી સ્વીકારી લેવી.

કડછી એટલે ધાતુની કે લાકડાની લાંબી દાંડી સાથે જોડેલી વાટકી. ચમચાનો જ એક પ્રકાર, પણ કડછીમાં જે રમ્યતા છે એ ચમચામાં નથી. ખુશામતખોરોને પણ ચમચાનું બિરુદ મળ્યું છે. કડછી ભલે એક રસોઈઘરનું સાધન હોય પરંતુ કડછીકલા એટલે પાકશાસ્ત્રમાં પ્રાવીણ્ય. કહેવાય છે કે જીવવા માટે ખાવું જોઈએ પણ ખાવા માટે જીવનારાની સંખ્યા ઘણી મોટી છે. મહાત્મા ગાંધીએ જે અગિયાર મહાવ્રતોનું આચરણ કરવાનું ભારપૂર્વક કહેલું એમાંનું એક વ્રત છે : સ્વાદનો ત્યાગ. ઘણાએ એ પ્રયોગ કરેલો પણ છેવટે જીભ પાસે ઝૂકી ગયેલા. શરીરમાં જીભનું સ્થાન અનન્ય છે. એ વાગેન્દ્રિય ઉપરાંત સ્વાદેન્દ્રિય અને રસેન્દ્રિય છે. કહેવત એવી છે કે પેટ કરાવે વેઠ. એટલે કે પેટનો ખાડો પૂરવા કામધંધો-ઉદ્યમ કરવા પડે. ભૂખ જઠરને લાગે અને જઠરાગ્નિની જ્વાળાઓ તેજ થાય એટલે પેટમાં કાંઈક પધરાવવું પડે. અને તો જ શરીર ચાલે. એમ પણ કહેવાયું છે કે અન્ન સમા પ્રાણ. ક્ષુધાની લાગણી જઠર મગજને પહોંચાડે એટલે જીભમાં સળવળાટ ઊપડે. ખાવું તો ખરું પણ એ સ્વાદિષ્ટ હોવું જોઈએ. એટલે એવા પદાર્થની શોધ આંખ આદરી દે. અનેક પ્રકારનાં ભોજનનાં દૃશ્યો ખડાં થવા માંડે. હજ્જારો ખાદ્ય પદાર્થો બજારમાં હાજર છે. બે-ત્રણ હજારની કિલો કાજુકતરી તો પાંચદશ રૂપિયાની ઝાલમૂડી પણ મળે છે. સકલ પદારથ હૈ જગ માંહી, કર્મહીન નર પાવત નાહીં. એવી પણ કહેવત છે કે ગોળ નાખો એવું ગળ્યું થાય. આંખને વાનગી ગમે એટલે સંદેશો ઝીલે નાસિકા. એના મઘમઘાટની અસર થાય જીભને અને માંડે લબરકા લેવા. ભોજનની બાબતમાં જીભ જે આજ્ઞા કરે તે જ સ્વીકાર્ય. નહીંતર સ્વાદની પરખ સિવાય જમવામાં જીભની કોઈ ભૂમિકા નથી પરંતુ એનો ઠસ્સો મહારાણી જેવો છે. ચાવવાનું કામ દાંત કરે, તેમાં લાળ ભળે અને અન્નનળીમાં એનો પ્રવેશ થાય અને જઠર સુધી પહોંચતાં ક્ષુધા શાંત થઈ જાય.

બત્રીસ જાતનાં ભોજન અને તેત્રીસ જાતનાં શાક બનાવો કે માત્ર શાક રોટલા બનાવો પણ કડછીની હાજરી અનિવાર્ય. નાનો ડોયો પણ એને કહી શકાય. જેમ "પિંડે એ બ્રહ્માંડે" એમ કહેવાય છે, એમ "હર રસોડે કડછી" એમ કહી શકાય. એ સમગ્ર રસોડાનું પ્રતિનિધિત્વ કરે છે. ભજિયાં તળતી વખતે ઝારો હાથવગો ન હોય તો કડછીથી કાઢી શકાય. તાવેથાની જગ્યાએ પણ કડછી કામમાં આવી શકે. કડછી નામ આજે વિસરાતું જતું હોય એવું લાગે, પણ જૂનું એટલું સોનું. કડછીથી પીરસેલી કઢી, હાથેથી મોંમાં મૂકેલા કોળિયા અને સબડકા સાથે કરેલા ભોજનની તો મજા જ કાંઈક ઓર!

પાંડવોને વિરાટનગરમાં એક વર્ષ અજ્ઞાતવાસમાં રહેવાનું થયેલું ત્યારે બલ્લવ નામ ધારણ કરી ભીમ હાથમાં કડછી સાથે ગયેલો અને રસોઈયાની નોકરી એને મળી ગયેલી. ભીમનું એક નામ વૃકોદર એટલે કે બહુ ખાનાર હતું. એ જેમ જમવાનો શોખીન હતો એમ પાકશાસ્ત્રમાં પણ પારંગત હતો. સૈરંધ્રી બનેલી દ્રૌપદીએ જ્યારે કીચકના ગેરવર્તનની ભીમને ફરિયાદ કરી ત્યારે મલ્લ-કુસ્તી અને કડછીના પ્રહારોથી ભીમે કીચકના રામ રમાડી દીધેલા.

સવારમાં ઊઠીને આખી રાત્રિની ઊંઘમાં કરેલા ઉપવાસનો ભંગ એટલે બ્રેકફાસ્ટ. ઉપાહાર, અલ્પાહાર કે નાસ્તો પણ એ જ. એમાં પણ વૈવિધ્ય જોઈએ અને હુકમ તો જીભનો જ. મંગલા આરતી પછી ધરવામાં આવે તે બાલભોગ. શ્રમજીવીઓ માટે શિરામણ. સાથે હળવો નાસ્તો ભાતા રૂપે લઈ જઈએ એ ટીમણ. અંગ્રેજી ટિફિનનો અર્થ

ટીમણ જ થાય. આ બધામાં કડછીની કમાલ.

ટીવી, અખબારો, સામયિકો, મોબાઈલ વગેરેમાં ખાવાની વસ્તુની એટલી બધી જાહેરાતો આવે છે કે એ બધાનો ટેસ્ટ કરવામાં એક જિંદગી ઓછી પડે. વાનગીઓ બનાવવાની કેટલી બધી સિરિયલો ટીવી પર આવે છે! રસોઈની રંગત, ખાના-ખજાના, જાયકા ઈન્ડિયા કા વગેરે. ઉપરાંત યૂટ્યૂબ પર તો રસીલા રસથાળની અનેક રીતો મોજૂદ. પાણીપૂરીથી પકવાન સુધીની રીતો મોંમાં પાણી લાવી દે. જીભમાં જો સ્વાદની પરખશક્તિ ન હોત તો વ્યક્તિની અને દેશની અડધી સમસ્યાઓ ઊકલી! જાત. પશુઓને જીભ તો છે પણ એને કોઈ સ્વાદની જરૂર નથી. તે ઘાસ-પાન ખાય છે એમ મનુષ્ય પણ રસોઈની ઝંઝટ વગર ગમે તે વસ્તુ પેટમાં પધરાવી શકત. ન ગેસના બાટલાની ચિંતા કે ન કોઈ તેજાના મસાલા કે તડકાની ઝંઝટ. શાકભાજી કે કરિયાણાના ભાવો વધે તો ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ જવાની કોઈ ભીતિ નહીં. મોંઘવારી ઉપર આપોઆપ કાબૂ આવી જાય. કાચું ખાઓ, લાંબુ જીવો એવું પણ એક અભિયાન ચાલે છે.

કરમાં કડછી ધારણ કરનાર પ્રથમ કોણ? સ્ત્રી કે પુરુષ? પ્રશ્ન અઘરો છે પણ અમે માનીએ છીએ કે એ પુરુષ જ હોવો જોઈએ. ગૃહિણી એટલે ગૃહની રાણી. એ બાળઉછેર કરે અને ઘરનો વહીવટ કરે. ગૃહસ્થ એટલે ઘરમાં રહેનાર એવો અર્થ થાય. એટલે પ્રથમ રસોઈ બનાવવા જેવાં ઘરકામ પુરુષોએ જ કરવાનાં થતાં હશે. મહિલાઓ માટે કહેવાય છે કે જે કર ઝુલાવે પારણું એ જગત પર શાસન કરે. તો પુરુષો માટે એમ ચોક્કસ કહી શકાય કે જે કર ગ્રહે કડછી એ પરિવાર પર શાસન કરે. ધાર્મિક સ્થાનો કે જ્યાં મોટાં લંગર લાગતાં હોય, હજ્જારો માણસો જમતા હોય ત્યાં રસોઈયા પુરુષ જ હોય. કડછીધારી રસોઈયાઓનો અંદાજ પણ ન્યારો હોય. શરીર ઠીકઠીક જાડું, માથે ગમછો વીંટ્યો હોય, મેલાંઘેલાં, તેલથી તરબોળ વસ્ત્રો હોય, કમરે ભેટ બાંધી હોય. ખભે સાવલિયું હોય. એનું સ્વરૂપ જ અનોખું. કોઈ કાંઈ સૂચન કરે તો ગુસ્સે થઈ જાય. તેને મોટા રંગાડામાં કડછી કે તાવેથો ફેરવતાં જોઈએ તો આફરીન પોકારી જવાય. હવે કેટરિંગનો જમાનો આવતાં આવાં દૃશ્યો દુર્લભ થતાં જાય છે.

પુરુષોની ઘ્રાણેન્દ્રિય અને રસેન્દ્રિય વધુ સતેજ હોવાથી તેનું મગજ સતત સ્વાદના વિચારોમાં જ મગ્ન હોય છે. હાઈવે પર કઈ હોટલમાં શ્રેષ્ઠ સ્વાદિષ્ટ ભોજન હશે તેની શોધ ચાલ્યા કરે. ગાડી પાર્ક થાય એટલે સમજવું કે સ્વાદનો ખજાનો હાથ લાગી ગયો.

કાળક્રમે રસોડામાંથી પુરુષોનો પગ નીકળી ગયો અને પત્ની બની ગઈ રસોયણ. કડછી પર આધિપત્ય નારીનું સ્થપાયું પણ પુરુષોના લૂલીને લાડ લડાવવાના અભરખા છૂટ્યા નહીં. પત્નીએ અમને રસોઈગૃહમાં પ્રવેશની મનાઈ ફરમાવેલી છે છતાં અમે વટભેર કડછી કર ગ્રહી ત્યાં પરાણે પહોંચીને ખાણાના અવનવા અખતરા યૂટ્યૂબમાં જોઈને કર્યા છે. શીરો બનાવવા જતાં સુખડી અને પેંડા બનાવવા જતાં પતાસાં બની ગયા પછી પત્નીનાં વેધક વાક્બાણોથી અનેકવાર વીંધાયા પછી પણ અમે હિંમત ગુમાવી નથી. હિંમતે મર્દા તો મદદે ખુદા! ઘણીવાર વાનગીઓ ખાવાલાયક પણ બનાવી છે પણ પત્નીના મતે ત્યારે રસોડામાં રમખાણ મચી જાય છે, એવું લાગે કે જાણે લડાઈનું મેદાન. રસોડું સાફ કરવામાં પત્નીનો અડધો દિવસ પસાર થઈ જાય છે, પણ અમને તો સ્વાદક્ષેત્રે દિગ્વિજય જેવી અનુભૂતિ થાય છે.

પહેલાનાં જમાનામાં મોટા શેઠિયાઓના ઘરમાં મહેમાનોનો મારો રહેતો એટલે રસોઈ બનાવવા મહારાજો રાખવામાં આવતા. એ મહારાજો સ્વાદિષ્ટ વાનગીઓ બનાવતા. તેમણે ટૂંકું ધોતિયું ધારણ કર્યું હોય, શરીર ખુલ્લું હોય. ખભે ગમછો ઝૂલતો હોય. મોટી લોજ હોટલોમાં પણ રસોઈયા તો મહારાજો જ હોય. પીરસવાનું કામ પણ તેઓ કરે. મોટામોટા જમણવારોમાં શાકમાં તેલના રેગાડા અને લાલચટક રંગ એ કડછીવીર મહારાજોની આગવી ઓળખ. મહારાજો હસતા મોંએ પીરસે અને જમાડે. ઘણા તો ભૂખ કરતાં સવાયું જમે. મહારાજ વળી એને પૂછે, " કેવી બની છે રસોઈ?" ત્યારે જમનારા અંગૂઠો અને આંગળીના ગોળાકારની સંજ્ઞા કરી કહે," એકદમ મસ્ત." ત્યારે મહારાજ ખુશ થઈ ઘીમાં ઝબોળેલી એક વધુ પૂરણપોળી તેમની થાળીમાં પધરાવી દે.

ભગવાનને ધરાવાતા અન્નકૂટ અને છપ્પન ભોગ એ કડછીકૌશલ્યનો ઉત્તમ નમૂનો છે, જે પ્રસાદરૂપે સૌ ભક્તોને મળે છે.

૨૪૨, પુષ્કરધામ સોસાયટી,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ ૩૬૦૦૦૫
મો. ૬૩૫૨૧૫૫૮૪૯

મારે આંગણે ગર્દભરાજ

વિનય દવે

છેલ્લાં કેટલાંક વર્ષોથી ચાર પગવાળાં ગધેડાં ખૂબ ઓછાં જોવા મળે છે!

હમણાં થોડા સમય પહેલાં જ મારે ગધેડા સાથે એક 'વિરલ બનાવ' બન્યો. એ વખતે સાંજનો સમય હતો. મિત્રો, સૌથી પહેલાં કહી દઉ કે, 'હું ખૂબ ચાલું છું.' અરે ભઈ આ મારી મારા ચારિત્ર્ય અંગેની કોઈ કબૂલાત નથી. હું એમ કહેવા માગું છું કે હું રોજે ચાલવા જાઉ છું. મારા શારીરિક બાંધાને અનુલક્ષીને ડૉક્ટરે મને ચાલવાની સલાહ નહીં, પણ હુકમ આપ્યો છે એટલે હું રોજે ખૂબ ચાલવા જાઉ છું.

એ સાંજે હું મારા એ જ શિરસ્તાને અનુસરી ચાલવા નીકળ્યો હતો. ચાલતાં ચાલતાં મને એવો આભાસ થયો કે કોઈ મારી પાછળ પાછળ આવી રહ્યું છે. મેં ઊભા રહી પાછળ ફરીને જોયું તો કોઈ જ નહોતું. મારાથી થોડે દૂર એક ગધેડું ઊભું હતું. મેં ફરી ચાલવાનું શરૂ કર્યું, પણ ફરીથી મને એવું લાગ્યું કે કોઈ મારો પીછો કરી રહ્યું છે. મેં ઝડપથી પાછળ ફરીને જોયું તો ફરી એકવાર મને કોઈ દેખાયું નહીં, પણ હા, પેલું ગધેડું મારાથી ચોક્કસ અંતરે દૂર ઊભું હતું. મને કન્ફ્યૂઝન થયું. મને થયું-આ ગધેડું તો મારી પાછળ-પાછળ નહીં આવતું હોય ને? એ ચેક કરવા, થોડું ચાલીને મેં ફરી પાછળ જોયું તો ખરેખર એ ગધેડું મારી પાછળ ચોક્કસ અંતરે ઊભું જ હતું. ગધેડું મારો પીછો કરી રહ્યું છે કે નહીં એ કન્ફર્મ કરવા મેં ઊંધા ફરીને, અવળા પગે ચાલવાનું શરૂ કર્યું. ઊંધા ઊંધા ચાલતાં મેં જોયું તો હું ચકિત થઈ ગયો..! એ ગધેડું ખરેખર મારી પાછળ પાછળ આવી રહ્યું હતું. શું કરવું એ હું વિચારતો હતો ત્યાં જ ઊંધા ચાલતાં ચાલતાં હું એક ભારેખમ ભાયડા સાથે ભટકાયો. પેલા રોડરોલર જેવા મનુષ્યે વિચિત્ર અવાજે રાડ પાડી, 'આમ ઊંધો-ઊંધો કેમ ચાલે છે ગધેડા?' મેં કહ્યું, 'આ ગધેડું મારી પાછળ પડ્યું છે એટલે...' મારો જવાબ સાંભળી પેલો હિપોપૉટેમસ કંઈક 'ભૂંડાબોલી' વાત કહી આગળ દડી ગયો. હું હવે ખરેખર મૂંઝાયો હતો. મેં ગધેડાથી પીછો છોડાવવા એને ભગાડવાની કોશિશ કરી, પણ ગધેડું જિદ્દી હતું. એ સહેજ પણ આઘું ના ગયું. છેવટે મેં કંટાળી મારા ઘર તરફ પ્રયાણ શરૂ કર્યું. તો ગધેડાએ પણ એમ જ કર્યું. હું ઝડપથી ચાલ્યો તો ગધેડું પણ ઝડપથી ચાલ્યું, હું દોડ્યો તો ગધેડુંયે દોડ્યું. હું ધીમે ચાલ્યો તો ગધેડું ધીમે ચાલ્યું. ટૂંકમાં, એ ગધેડું મારાથી એક ચોક્કસ અંતર રાખી સતત મારી પાછળ આવતું રહ્યું. મેં અત્યાર સુધી લોકો પાછળ કૂતરું પડ્યું હોય એવા કિસ્સા તો ઘણા સાંભળ્યા હતા, પણ કોઈની પાછળ ગધેડું પડ્યું હોય એવો મારા માટે આ પહેલો પ્રસંગ હતો.

થોડીવાર પછી હું ઘરે પહોંચ્યો તો પેલું ગધેડું પણ મારા ઘર સુધી આવી ગયું.

મારા ઘરની બહાર સરસ મજાનું કમ્પાઉન્ડ છે, જેમાં ફરતે મેંદીની વાડ છે, પણ અમે ઝાંપો રાખ્યો નથી, એટલે પેલું ગધેડું મારી પાછળ મારા કમ્પાઉન્ડમાં આવીને સ્થિર ઊભું રહી ગયું. હું મારા ઘરના દરવાજા પાસે પગથિયા પર ઊભો રહ્યો. ગધેડું એના લાંબા કાન ઊંચા કરી મને સમજાય નહીં એવા એક્સ્પ્રેશન આપી મને જોઈ રહ્યું હતું. મને થયું હવે તો એ ગધેડું મારા ઘરમાં મારા ડ્રોઈંગ રૂમમાં પણ આવી જશે. એટલે મેં મારા ઘરના દરવાજા પાસે વાંદરાં, કૂતરાં, ગાયને ભગાડવા એક ડંડો પડ્યો રહે છે એ ઉપાડ્યો અને પછી ડંડો ઉગામી 'હટ... હટ... હટ...' એવા મોટા અવાજો કરી હું એ ગધેડા તરફ ધસ્યો. ગધેડાને મારું આ ઠંડા સહિતનું આક્રમણ માફક ન આવ્યું એટલે એણે એનું લાંબું મોઢું આકાશ તરફ ઊંચું કરી, 'હોંઓઓ, ચીઈઈ, હોંઓઓ ચીઈઈ' એવા મોટા અવાજ સાથે જોરજોરથી ભૂંકવાનું શરૂ કરી દીધું. એની સામે મેં પણ મોટેમોટેથી 'હટ હટ... ચલ હટ' એવા અવાજો કર્યા. અમારા બંનેની જબરજસ્ત જુગલબંધી સાંભળી મારા ઘરનાં બધાં ચોંક્યાં અને બધાં કામ પડતાં મૂકી સૌ બહાર ધસી આવ્યાં.

મારા અને ગધેડા વચ્ચે કંઈક ગરબડ ચાલતી જોઈ સૌ મૂંઝાયા. આ બાજુ ગધેડો અને હું ઉગ્ર દલીલબાજી કરી રહ્યા હતા ત્યારે બીજી બાજુ અમારા ઘોંઘાટથી ચમકીને મારા પડોશીઓ પણ ત્યાં દોડી આવ્યા. વર્ષો પછી ગધેડાને જોઈ અને એ પણ ભૂંકતા ગધેડાને જોઈ બધાં આશ્ચર્યચકિત થઈ ગયા. કોઈક તો દોડીને પોતાનાં બાળકોને બોલાવી આવ્યા અને ગધેડું દેખાડવા માંડ્યા. 'જો બેટા, ડોન્કીઈઈ...' બાળકો મને જોઈ રહ્યાં હતાં. તો પાછા ચોખવટ કરવા માંડ્યા "બેટા, પેલા પેન્ટ-શર્ટવાળા છે એ ડોન્કી નથી, બાજુમાં છે એ ડોન્કી છે.." વાતાવરણમાં જબરી અસમંજસ ચાલી રહી હતી. મારા પપ્પાએ ખીજવાઈને મને કહ્યું, 'અલ્યા એ! આ બધી શું ભવાઈ ચાલી રહી છે?' મેં માંડીને વાત શરૂ કરી. ત્યારે પેલું ગધેડું પણ શાંત થઈ મારી વાત સાંભળવા માંડ્યું. મેં બધાંને વિગતે સમજાવ્યું કે એ ગધેડું ક્યાં, કેવી રીતે મારી પાછળ પડી છેક ઘર સુધી આવી ગયું હતું.

મારી વાત સાંભળી બધાંયને ખૂબ નવાઈ પણ લાગી. કોઈકે તો એમ પણ કહ્યું કે, 'આ ગધેડો તારો ગયા જનમનો જોડીદાર હશે એટલે તારી પાછળ આવ્યો છે.' બધાંય હસ્યાં. છેવટે અમે સામૂહિક રીતે એ ગધેડાને ભગાડવાનું નક્કી કર્યું. બધાંએ મોટા મોટા ગેબી અવાજો કર્યા. એનાથી ભડકી ગધેડું ભાગી ગયું. બધાં મારી સામે 'ભેદી' સ્મિત આપી પોતપોતાના ઘરે ગયાં. અમે, પરિવારજનો પણ અમારા ઘરમાં આવ્યાં, જમી-કારવીને સૂઈ ગયા, પણ બીજે દિવસે સવારે એક મોટા વિચિત્ર અવાજે અમને સફાળા જગાડી મૂક્યા.



અમે બધાંએ ઘરમાંથી બહાર આવી જોયું તો પેલું ગધેડું ફરી એકવાર મારા કમ્પાઉન્ડમાં ઊભું હતું અને આ વખતે જુદા જ સૂરમાં ભૂંકી રહ્યું હતું.

મને, મારાં ઘરનાને અને મારા પાડોશીઓને પણ નવાઈ લાગી કે આ ગધેડું ચીનના સૈનિકોની જેમ વારંવાર મારા ઘરની હદમાં કેમ પ્રવેશ્યા કરે છે? છેવટે અમે 'ડોન્કીદયા'નો ભાવ રાખી એને કાઢી મૂકવાનું માંડી વાળ્યું અને એને મારા આંગણે ઊભું રહેવા દીધું. ત્યારે એ ખૂબ જ 'અજીબો-અમીર' હાવભાવ સાથે મારી સામે જોયા કરતું હતું. (મને કોઈને 'ગરીબ' કહેવું ગમતું નથી એટલે મેં 'અજીબોગરીબ'ની જગ્યાએ 'અજીબો-અમીર' લખ્યું છે તેની સુજ્ઞ વાચકોએ ખાસ નોંધ લેવી.. લીધી?) હું પણ ગધેડાના હાવભાવ પરથી એના મનમાં શું ચાલી રહ્યું હશે એ સમજવાની કોશિશ કર્યા કરતો હતો, પણ એમાં મારું નાનું મગજ ગોથે ચડી જતું હતું, પણ ગધેડું મને જોઈને ફિલ્મોના ફ્લૉપ હીરો જેવું સ્માઈલ આપતું હતું.

ધીમે ધીમે એ ગધેડાએ અમારા બધાંયનો વિશ્વાસનો મત જીતી લીધો અને એ મારા કમ્પાઉન્ડમાં ટકી ગયું. પણ એ પછી નવી સમસ્યા ઊભી થઈ..! ઘરઆંગણે આવેલા અતિથિનો આદર-સત્કાર કરવો જોઈએ એવું આપણાં શાસ્ત્રોમાં લખ્યું છે, પણ એમાં ગધેડા સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ એના વિશે ફોડ પાડીને કશું જ લખવામાં આવ્યું નથી. એટલે હવે એ ગધેડા સાથે અમારે કેવો વ્યવહાર કરવો એ જોઈએ એ બાબતમાં અમે કન્ફ્યુઝ થઈ ગયા હતા. જોકે ગધેડું તો 'મુજે તુમસે કુછ ભી ના ચાહિયે, મુજે મેરે હાલ પે છોડ દો' એવું ગીત ગાતું હોય એ પ્રકારના એક્સ્પ્રેશન આપી ઊભું રહ્યું હતું. તે છતાંયે અમે એને કોઈ પણ રીતે 'ઓછું ન આવે' એને માટે અમે સઘન પ્રયત્નો કરી રહ્યા હતા.

ગધેડું જમવામાં દરરોજ શું લેતું હશે એ અંગે અમે ખૂબ જ ગંભીર ચર્ચાઓ કરી. મારાં મોટાં બાએ તો કહ્યું "પહેલીવાર આવ્યું છે તો એના માટે 'ચૂરમાના લાડવા' કરીએ" આ સાંભળી મારા કાકાએ પ્રચંડ વિરોધ નોંધાવતાં કહ્યું, 'એને ડાયાબિટીસ હશે તો એ બિચારા ગધેડાની શુગર વધી જશે અને એ હેરાન થઈ જશે.' મારાં મમ્મી અને કાકીએ કહ્યું, 'સાદું જ જમણ પીરસીએ એને. રોટલી, દાળ, ભાત, શાક.' મારા પપ્પાએ કહ્યું, 'એના કરતાં સીધીસાદી

ખીચડી જ આપો એને. પચવામાં હલદી અને હેલ્ધી પણ.' મારા ભાઈએ તો ઉત્સાહમાં કહ્યું, 'અરે યાર! આ ડોન્કીને તો પિઝા જ ખવડાવવા જોઈએ. ઊભા રહો, હું ફટાફટ ઓનલાઈન ઑર્ડર કરી દઉ. થર્ટી મિનિટ્સમાં તો પિઝા ડિલિવરી થઈ જશે.' મેં બધાંયને શાંત પાડતાં કહ્યું, 'મને ખ્યાલ છે ત્યાં સુધી ગધેડાં ઘાસ જ ખાતાં હોય છે એટલે મને ઘાસ લઈ આવવા દો.' અને પછી બધાંના વિરોધ છતાં મારા એક ઓળખીતા ભૈયા પાસેથી બગીચાનું કાપેલું ઘાસ લઈ આવ્યો અને એ ઘાસ મેં જાતે ગધેડાને પીરસ્યું. ગધેડું પણ જાણે ભવોભવનું ભૂખ્યું હોય એમ એ ઘાસ ખાવા માંડ્યું અને રિલેક્સ મૂડમાં આવી ગયું.

બીજી તરફ અમે ઍક્ટિવ થઈ અને ગધેડાના મૂળ માલિકને શોધવાનું શરૂ કર્યું. અમારા એરિયામાં જ્યાં જ્યાં અમને લાગ્યું કે અહીંયાં ગધેડાવાળા વસવાટ કરી શકે છે ત્યાં જઈ અમે પૂછપરછ કરી. અમારા એરિયાના તમામ પાનના ગલ્લે, ચાની લારીઓ પર પણ જઈ આવ્યા. દરેકને અમે મોબાઈલમાં જુદા જુદા એંગલથી પાડેલા ગધેડાના ફોટા દેખાડ્યા. લોકોને કુતૂહલ અને આશ્ચર્ય થયું, પણ ક્યાંયથી અમને 'પોઝિટિવ રિએક્શન' ન મળ્યું.

અમે ફેસબુક, વૉટ્સઍપ, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર પર પણ અમારા આંગણે ઊભેલા ગધેડાના ફોટા મૂકી એના માલિકની શોધ કરવાનું જારી રાખ્યું. આવું કરવાથી એ ગધેડું ઑનલાઈન ફેમસ થઈ ગયું. લોકો અમારા ઘરે બાળકોને લઈને આવવા માંડ્યાં. ગધેડા સાથે સેલ્ફીઓ પાડવા માંડ્યા. 'બ્રેકઅપ' થયેલાં પ્રેમીઓ ગધેડાને પોતાની દુ:ખભરી કહાણી કહેવા માંડ્યાં. વાઈલ્ડલાઈફ પ્રેમીઓ મારા ઘરે 'ડોન્કી ફૂડ'ના કોથળા મૂકી જવા માંડ્યા, પણ એના મૂળ માલિકનો પત્તો ન લાગ્યો તે ન જ લાગ્યો.

ટીવીવાળા પણ મારા ઘરે આવી અને 'ઇસ અકેલે ગધ્ધે કા માલિક કૌન' એવી સ્ટોરીઓ કરવા માંડ્યા. ક્યાંક કોઈ એ ગધેડાનો ઈન્ટરવ્યૂ લેવા પણ આવી ગયા, પણ 'ગધેડાએ મગનું નામ મરી' ન જ પાડ્યું. પણ ત્યાં જ એક દિવસ..

એક દિવસ અચાનક એક મોંઘીદાટ, મોટી જબરી ઈમ્પોર્ટેડ કાર મારા ઘરે ધસમસતી આવી અને એમાંથી હોલિવૂડની અસરમાં જીવતા હોય એ પ્રકારનાં કપડાં પહેરેલા બે 'મહાપુરુષો' પ્રગટ થયા. હું બહાર જ ઊભો હતો એટલે એક જણાએ મને સ્ટાઇલમાં પૂછ્યું, 'હેય મેન.. વેર ઇઝ રોકી ધ ડોન્કી?' મેં કહ્યું, 'ઓ ભઈ ગુજરાતીમાં બોલો.' તો બીજાએ અંગ્રેજી ઉચ્ચારવાળા ગુજરાતીમાં કહ્યું, 'પેલો રોકી નામનો ડોન્કી ક્યાં છે?' મેં કહ્યું, 'એનું નામ રોકી છે એવું તો એણે નથી કહ્યું, પણ એ ડોન્કી એટલે કે ગધેડો અહીંયાં છે.' મેં એમને ગધેડાએ અમારા કમ્પાઉન્ડમાં પચાવી પાડેલી જગ્યા બતાડી.

પેલા બે ચરકટ ત્યાં ગયા અને મોટેથી 'હેય રોકી, હેય ડોન્કી, કમ ઓન ડિયર.. કમ ઓન રોકી..' એવું બોલ્યા. એમનો અવાજ સાંભળી પેલું ગધેડું કૂદી, દોડીને એમની પાસે ગયું અને ગલૂડિયાની જેમ એમની સામે આળોટવા માંડ્યું, કૂદમકૂદ કરવા માંડ્યું. હું તો આભો બની ગયો. એમાંના એક જણાએ પેલી મોટી કારનો દરવાજો ખોલ્યો અને ગધેડું કૂદી એમાં જઈને બેસી ગયું. મને ખ્યાલ આવી જ ગયો કે એ બે જણા એ ગધેડાના માલિક છે.

પેલા બે જણાએ પણ એમના ગધેડાનું ધ્યાન રાખવા બદલ "થેન્ક્સ મેન" એવું કહી મારો આભાર માન્યો. એ બંને ઈમ્પોર્ટેડ ઍક્ટર જવા માટે કારમાં બેસતા હતા, ત્યારે મેં એમને પૂછ્યું કે "તમારું ગધેડું મારો પીછો કરી મારા ઘરે કેમ આવી ગયું હતું ? તો એમાંના એક જણાએ પોતાનાં ટોપી-ગોગલ્સ ઉતારી વાળ સરખા કરી મારી સામે ફરીને કહ્યું, 'રોકી તમારા ઘરે એટલા માટે આવી ગયો, કેમ કે તમે એક્ઝેટ મારા જેવા જ દેખાઓ છો.' મેં ધારીધારીને જોયું તો એ ગધેડાનો માલિક ખરેખર આબેહૂબ, એકઝેટલી મારા જેવો જ દેખાતો હતો. પેલો બોલ્યો "ઇવનિંગ વોક પર નીકળેલો અમારો રોકી તમારો ચહેરો જોઈ કન્ફ્યૂઝ થઈ ગયો હતો એટલે તમારી પાછળ પાછળ આવ્યો હતો.." આટલું બોલી એ ઈમ્પોર્ટેડ આઈટમો, રોકી ધ ડોન્કીને લઈ કારમાં રવાના થઈ. હું વિચારતો ઊભો હતો કે "શું મારો ચહેરો ગધેડાને કન્ફ્યૂઝ કરે એવો છે?"

૨૦, મોતીનગર સોસાયટી,
પહેલો માળ, મિનિતા ફ્લેટ સામે,
જે.બી. હાઉસ પાછળ, ઈશ્વરભુવન રોડ,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯
મો. ૯૮૨૪૦૮૮૧૮૯

અથ શ્રી પૌંઆ મહાકથા

સુષમા શેઠ

"ભૂખ લાગી? ટુ મિનિટ્સ ઝટપટ મેગી"નો એ જમાનો નહોતો. ઓટીપી કે એટીએમનોય જમાનો નહોતો એટલે અમારી પરમ પૂજ્ય માતુશ્રી અમ ભોળી પ્રજાને ભૂખ લાગે એટલે "એની ટાઇમ પૌંઆ" બનાવીને ખવડાવી દેતી ત્યારથી અમે પૌંઆને ઔંઆ કહેતા. આમ તો પૌંઆ એટલે પૌંવા એટલે હિન્દીમાં પોહા એટલે મરાઠીમાં પોહે એટલે કન્નડામાં આવાલક્કી, તામિલમાં અવલ, બંગાળીમાં ચિરા, તેલુગુમાં અતુકુલુ, ઉડિયામાં ચૂડા એન્ડ વૉટ નૉટ.

પૌંઆ એટલે રેડી ટુ મેક એન્ડ ઈઝી ટુ ઈટ અત્ર તત્ર સર્વત્ર પથરાયેલ ગરમ નાસ્તાઓમાં નાસ્તા-શિરોમણિ એવો પૌષ્ટિક, પચવામાં હલકોફુલકો આહાર. ગૃહિણીઓનું હાથવગું હથિયાર એટલે બટાકા-પૌંઆ. એ એવી નિર્દોષ અહર્નિશ વાનગી છે જે સવારે ખવાય, બપોરેય ખવાય અને સાંજે પણ ખાઈ શકાય. અણધાર્યા આવી ચડેલા મહેમાનોનેય ધરી શકાય. શિયાળે સાલમપાક, ઉનાળે કેરી અને ચોમાસે ભજિયાં પણ બારેમાસ કચ્છડો ભલો તેમ પૌંઆ ભલા બારેમાસ.

બસ પાંચ મિનિટ. એયને આ પૌંઆ પલાળ્યા, એ પાણી પીને ફૂલ્યા, એમાં મસાલો કર્યો અને વઘાર્યા એટલે લો ગરમાગરમ પૌંઆ તૈયાર. સગાંસંબંધીઓ ઓચિંતા આવી ચડે તો થોડુંક વિચાર્યા બાદ વધુ વિચાર્યા વગર તાબડતોબ પૌંઆ પીરસી શકાય. મને તો લાગે છે કે મેગી જોઈને મોટાઓનાં મન બગડે માટે બે મિનિટના મેગી નૂડલ્સને બદલે પાંચ મિનિટના પૌંઆ રાંધવાનો પરિશ્રમ વધુ અસરકારક છે. વળી પૌંઆ કોઈની પણ સાથે ગઠબંધન કરી જાણે. એમાં બટાકા, ડુંગળી, ટામેટાં, વટાણા, ગાજર કે કેપ્સિકમ જે ચાહો તે ઉમેરી શકાય અને ના ઉમેરો તો સીધા-સાદા પૌંઆ પણ આરોગવામાં બિલકુલ વાંધો આવે નહીં. એયને ઉપરથી લીંબુ નીચોવો, તાજી કોથમીર ભભરાવો અને ગરમાગરમ પૌંઆની મોજ માણો.

નબળા વિપક્ષના સભ્યો પાવરફુલ સત્તાધારી પક્ષમાં ભળી જાય તેમ મધ્યમવર્ગીય પૌંઆ જ્યારે પક્ષપલટો કરી ધનવાનોને પક્ષે જાય ત્યારે ધનવાનો પોતાની ધનિકતાનું પ્રદર્શન કરવા પૌંઆ ઉપર વળી કાજુ કિશમિશનોય છંટકાવ કરે.

વ્યક્તિ માંદી હોય કે સાજી, ગરીબ હોય કે તવંગર, પૌંઆ સર્વજન સુખાય સર્વજન હિતાય અર્થે જ અવતર્યા હોય એમ સૌને માટે હાથવગા અને પેટવગા ખરા હો. નાનકડી હોટલ હોય, રસ્તા પરની રેંકડી હોય કે ફાઈવસ્ટાર હોટેલ હોય નાસ્તાની એક આઇટમમાં પૌંઆ અડ્ડો જમાવીને બેઠા જ હોય. તો હૉસ્પિટલમાં ખાટલે પડેલા દર્દીનેય પૌંઆ ખાવાથી દર્દ ઊપડ્યું હોય, ઍસિડિટી થઈ હોય કે ગેસ ચડ્યો હોય એવું આજ સુધી સાંભળ્યું નથી.

સાદા સફેદ પૌંઆ હળદર સાથે ભળીને હળદરિયો રંગ ધારણ કરી લે જાણે કહેતા હોય, " રંગ દે, મોહે રંગ દે." વળી પચવામાં સાવ હલકા એટલે બાળકથી લઈને વૃદ્ધ સુધી દરેકને પૌંઆ બધી રીતે સુગમ, સરળ, સુલભ અને સુપાચ્ય.

અમારી કેન્ટીનમાં બીજું બધું ગણતરી કે વજન મુજબ અપાય પણ પૌંઆ ડિશ ભરીને અપાય કારણ એ બચાડા ફૂલીને સાઈઝમાં ડબલ થયા હોય પણ ખાનારને ડબલ થતાં બચાવે. ગુગલમાં પૌંઆનો અર્થ છે ફ્લેટન્ડ રાઇસ અથવા બીટન્ડ રાઇસ. એટલે કે ચોખાના દાણાને મારીને ચપટો કે નકટો કરી દીધેલો દાણો. કદાચ એટલે જ પત્નીઓ પોતાના પતિદેવોને એ હોંશે હોંશે ખવડાવતી હશે, "લો, મેં 'બનાવ્યા' છે. ખાઓ અને મમરા એટલે કે પફ્ફડ રાઇસ જેવા છો એના બદલે પૌંઆ જેવા થાઓ."

વિવિધ પ્રદેશોમાં પૌંઆની વિવિધ વેરાયટી જોવા મળે. આમ તો એનું જન્મસ્થળ મહારાષ્ટ્ર જ્યાં એને લાડથી પોહે કહેવાય.

શ્રી હરીન્દ્ર દવેની પ્રચલિત ગઝલ, "સોળ સજી શણગાર ગયા જ્યાં ઘડીક ઘરની બહાર, અમોને નજરું લાગી ગઈ."



એમ લાડકા પોહેનેય શણગારાય છે, છો ને નજર લાગે. પોહેની ઉપર કાજુ, કિશમિશ, દાડમના દાણા, ઝીણી સેવ, કોપરું, કોથમીર, લીલા મરચાંની કટકીઓ, ઝીણી સમારેલી ડુંગળી, ચાટ મસાલો કે ચવાણું ભભરાવીને ગાર્નિશ કરાય. યાને શણગાર સજાવાય જેથી જોનારના મોઢામાં પાણી આવે. આમ પૌંઆ સાદા અને શણગાર ઝાઝા જેવું થાય. મહારાષ્ટ્રિયન વાનગી મિસળમાંય પૌંઆ નંખાય; એની વળી જુદી જ લહેજત!

ચોતરફ પૌંઆની છે બોલબાલા છતાંય પૌંઆની કિંમત ઘટતી ન કરાય. માબાપ બાળકને કહેશે, "તું ફર્સ્ટ આવીશ તો આઇસક્રીમ અપાવીશ, ચૉકલેટ અપાવીશ." ત્યારે હાંસિયામાં ધકેલાયેલા ચપટા પૌંઆ બિચારા મોઢું ફુલાવીને જોયા કરે. કહેશે, "પરીક્ષા પહેલાં તો અમને બનાવો છો અને પરિણામ આવે પછીયે સાવ આમ "બનાવો" છો?"

પૌંઆ વધુ પલળે તો ઘોંચો થઈ જાય અને ઓછા પલળે તો કોરા રહી જાય. ચેવડો બનતાં તળાઈ જાય ત્યારે વળી નવા રંગરૂપ ધારણ કરે. અમારા પડોશી પાકશાસ્ત્ર નિષ્ણાત સરલાબહેને પૌંઆનાં ઢોકળાં, પૌંઆનો હાંડવો, પૌંઆની કટલેસ, પૌંઆની ઈડલી, પૌંઆના પૂડલા બનાવી "અમારા ભોળા આંતરડાનો હાય રે શિકાર કરીને ચાલ્યા ગયા અવનવી વાનગીઓ ચાર ધરીને" પછી અમે એ ખાવું કે સૂંઘવું એની વિમાસણમાં પડી ગયા. અમારા ઘરવાળાઓએ તો કહી દીધું, "બચાડા પૌંઆ પર આવો અક્ષમ્ય જુલમ?" પૌંઆ વળી ઉસળમાંય ભળે અને મિસળમાંય હળે. મારી રાંધણકળા નિષ્ણાત સખી વટથી કહે, "ઈડલી ઢોંસાના ખીરામાં હું પૌંઆ નાખું. મારી ઈડલી રૂ જેવી પોચી થાય." આવું કહેતાં એનો "હું" પૌંઆ કરતાં મોટો અને વજનદાર થઈ જાય. અમે તો રાહ જોઈએ કે એ ઈડલીમાં ક્યારે પરિવર્તિત થાય અને અમનેય એનો લાભ મળે.

શરદપૂનમે પૌંઆનો જયજયકાર થઈ જાય. ઉકાળેલા દૂધ અને માંહે પડેલી ખાંડ સાથે મહાસુખ માણતા પૌંઆ ચાંદનીમાં નાહીને પેટને એવી ઠંડક પહોંચાડે કે ગરમાગરમ ભજિયાંય એની સામે ટાઢાં પડી જાય. હવે તો જાતજાતના પૌંઆ ફૂટી નીકળ્યા છે; કસાટા પૌંઆ, કેસર

પૌંઆ, ઈલાયચીયુક્ત પૌંઆ, ટૂટીફૂટીવાળા પૌંઆ વગેરે વગેરે. આળસુ પ્રજા માટે હાજર છે રેડીમેઈડ દૂધપૌંઆ. બસ દૂધમાં મિલાવો અને ફ્રીઝમાં મૂકો. નો ઉકાળવાના, નો એડિંગ શુગર. પહેલા તો સરખા ઉકાળેલા દૂધમાં પલાળેલા પૌંઆ ઉમેરાતા. એમાં વળી ટેસ્ટ મુજબ ખાંડ, કેસર, એલચી કે જાયફળ ઉમેરીને તપેલા પર ચાયણી ઢાંકી ચાંદની હેઠળ રખાય. એને "ચાંદની પિવડાવી" કહેતા. પુરુષવર્ગ ગરમાગરમ ભજિયાં ઉતારે અને મહિલાવૃંદ ગરબા ગાતાં ઘૂમે. અગાશી હોય, બગીચો હોય, વાડી હોય કે ખુલ્લું મેદાન. પછી એયને ટેસથી દૂધપૌંઆનો ટેસડો કરાય. લઘુતમ સાધારણ અવયવની જેમ એક જણના ભાગે દૂધપૌંઆના લઘુતમ ત્રણ વાડકા તો ખરા જ. ચાંદને સંબોધીને ગીતો, ગરબા ગવાય અને ચાંદનીને અજવાળે શરદપૂનમ ઊજવાય.

પૌંઆ પ્રેમીઓને એમની પ્રાણપ્યારી ધર્મપત્નીઓ તરફથી અઠવાડિયામાં કેટલી વાર પૌંઆ પેટમાં પધરાવવાના આવે છે એ ગહન સંશોધનનો વિષય છે. બાકી પ્રેમિકાને તો એનો પ્રેમી અથવા ભવિષ્યમાં થનાર પતિ પોતાનું ભવિષ્ય સુરક્ષિત કરવા સારુ ચોક્કસ પૌંઆ બનાવીને ખવડાવે અને પછી પોરસાય, "જોયું? મને પૌંઆ બનાવતાં આવડે છે." આમાં પેલી એવુંય ન બોલી શકે કે, "તારી માએ તને કંઈ શીખવ્યું નથી?"

કોની માએ સવા શેર સૂંઠ ખાધી છે? ને બદલે ભવિષ્યમાં કોની માએ સવા શેર પૌંઆ નથી બનાવ્યા? એવી એકોક્તિ આવે તો નવાઈ નહીં કારણ કે પૌંઆ જેટલા રાંધવા સહેલા છે એટલા જ ખાવા અને ખવડાવવા પણ સહેલા છે.

ખાસ કરીને મહારાષ્ટ્રિયનો અને ગુજરાતીઓને ત્યાં તો પૌંઆની જ બોલબાલા છે. બટાકા-પૌંવા કે કાંદા પોહે નામરૂપ જૂજવાં પણ અંતે તો હેમનું હેમ હોયે.

મોદીજી વડોદરા આવ્યા ત્યારે એરપોર્ટથી સભામંડપના રસ્તા પરની નાસ્તાની લારી જેમાં ખાસ પૌંઆ વેચાતા હતા એ લારીવાળા મોદીજીને પૌંઆ ખાવા આવવાનું આમંત્રણ આપવા માટે રીતસર કરગર્યા, "કદાચ અહીં પણ બંગાળની ઝાલમૂડી જેવો ઘાટ ઘડાય તો અમારી મૂડીમાં વધારો થાય માટે પધારો અને નાચીઝ પૌંઆને પાવન કરો."

જોકે જાણીતી ચહીતી હિરોઈન માધુરી દીક્ષિતે પોતાને ભાવતા પૌંઆની પોતાની રેસિપી સોશિયલ મીડિયા પર વહેતી મૂકી ત્યારથી ઘણાએ વહેતી ગંગામાં હાથ ધોવા ધક્કામુક્કી કરી.

મારી પૌંઆ સાથેની લવસ્ટોરી કહું તો હું લગ્ન પહેલાં અને સગાઈ થયા બાદ પહેલવહેલી સાસરે ગઈ ત્યારે બન્યું એવું કે મારાં સાસુએ કાંદા ખાધા વગર કાંદા પૌંઆ બનાવ્યા જેના મારે મન મારીને મનભર વખાણ કરવા પડ્યાં એટલે બીજાં દિવસે એમણે મને બોલાવીને ફરી બનાવ્યા અને બતાવ્યા. કહે, "જો આ રીતે બનાવવાના. શીખી લે." એમને બનાવવા એમણે શીખવેલા પૌંઆ મેં ફરી ભરપેટ વખાણ્યા. પણ વાટ લાગી ગઈ. ત્રીજા દિવસે કહે, "આજે તું બનાવ." એમને ક્યાં સુધી બનાવાય? એટલે મેં મન મૂકીને મનઘડંત પૌંઆ બનાવ્યા જે મારા સિવાય સૌએ વખાણીને ખાધા, કદાચ મને બનાવવાસ્તો. આમ તો કથની અને કરણીમાં ફરક ખરો ને?

ઘરે પરત ફરીને મેં મારા પિયરિયાઓને કહી દીધું, "ખબરદાર જો મારા લગ્ન પર્યંત પૌંઆનો "પ" પણ બોલ્યા છો તો. માણસજાત જાડી, પાતળી, ઠીંગણી, લાંબી હોય તેમ પૌંઆય જાડા, પાતળા, બાસમતી કે નાયલોન હોય. તુંડે તુંડે મતિર્ભિન્નાની જેમ ચોખાએ ચોખાએ પૌંઆ ભિન્ન હોઈ શકે. બિચારા તળાઈને ચેવડામાં રૂપાંતર પામે ત્યારે ડબ્બામાં ભરાઈ જાય. ચેવડોય પાછો સ્વાદ પ્રમાણે તીખો, મીઠો કે પછી એના મૂળ વતન પ્રમાણે સોલાપુરી, મદ્રાસી, મહારાષ્ટ્રિયન, ગુજરાતી કે પુણેરી હોય. અમુક ચેવડો ડ્રાયફ્રુટવાળો ઠાઠ ધરાવે. જેવું જેનું એટલે કે પૌંઆનું કિસ્મત.

હવે પોહા અંગે વધુ હોહા નથી કરવી કેમ કે કાલે સવારના નાસ્તા માટે મારે બટાકા-પૌંઆ બનાવવાના છે. નહીંતર જોવા જેવી થાશે.

ઈતિ શ્રી પૌંઆ મહાકથા.

પ્રકૃતિ ટાવર્સ,
૮૦૧, ૮ મા માળે,
આઈનોક્સ મલ્ટિપ્લેક્સ સામે,
રેસકોર્સ સર્કલ,
વડોદરા-૩૯૦૦૦૭.
મો :- ૯૮૨૪૫૨૨૨૪૩

નીડર પતિ એ કેવળ કલ્પનાનો વિષય છે?

કિશોર અંધારિયા

આમ તો પ્રામાણિક પતિને ઉપરના વાક્યમાં છેલ્લે મૂકેલ પ્રશ્નાર્થચિહ્ન ખટકે. જે પૂર્ણ સત્ય છે ત્યાં પૂર્ણવિરામ શું કામ નહિ? હા, અપરિણીતની વાત જુદી છે. જોકે એ પણ ક્યાં નીડર હોય છે? એક જુવાન છોકરો એના પિતાને કહેતો હતો,'રહેવા દો ને પપ્પા, મારે મૅરેજ નથી કરવા.'

'કેમ બેટા એવું કહે છે?' પિતાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'મને સ્ત્રીઓનો ડર લાગે છે.'

પિતાએ પહેલા હસી અને પછી રડમસ અવાજે કહી દીધું,'બેટા, તારા ફાયદાની એક વાત કરું. લગ્ન કરી લે... પછી માત્ર એક જ સ્ત્રીથી જ ડરવાનું રહેશે!'

પુરુષની વાત જવા દો પણ સ્ત્રી તો જન્મજાત બહાદુર હોય છે. ખાલી ગરોળી કે વંદાથી બીએ એટલું જ બસ!

પતિઓ જન્મજાત જે હોય એ પરંતુ લગ્નજાત અર્થાત્ લગ્ન પછી ઘણા હોશિયાર થઈ ગયા હોય છે. આખરે 'ડરનો મારગ છે શૂરાનો' એમ સમજી પત્ની સાથે વાદ-વિવાદથી દૂર જ રહે છે. અરે વાદ-વિવાદ તો દૂર, પત્ની સાથે એ વાત કરવામાં પણ ડરીને ચાલે છે. કોઈ પતિ એમ કહે કે એક અઠવાડિયાથી મેં મારી વાઈફ સાથે વાત નથી કરી. ત્યારે આપણે તેમને 'કેમ?' એવું નહિ પૂછવાનું કારણ એ જવાબમાં એમ જ કહેશે કે 'મને વચમાં બોલવાનું પસંદ નથી.' હા, એ પોતાનાં મંતવ્યોમાં ભારે દૃઢતા બતાવી શકે છે પરંતુ એની પત્નીનો વિચાર શું છે એ જાણી લીધા પછી જ!

દામ્પત્યના મહાસાગરમાં મહાસુખ પામેલા પતિઓ પાસે હલેસાં જેવું એક શસ્ત્ર જરૂર હોય છે- વાઈફના વખાણ કરવાનું. ખુશામત તો ખુદા કો ભી પ્યારી હોતી હૈ એમ કહેવાય છે પછી પત્ની ક્યા ચીઝ હૈ! કોઈ એની પત્નીની હાજરીમાં એના વખાણ કરતાં કહે કે 'તું તો આરસની મૂર્તિ છે...' જેને એ સાંભળીને આશ્ચર્ય થાય એનું શમન અલબત પત્નીની ગેરહાજરીમાં એ કરી લે છે, 'ભાઈ, એવું કશું ન સમજતો, અમારે ત્યાં દાળ ને દાર, ગોળને ગોર ને ચોળાફળીને ચોરાફરી બોલાય છે!'

જોકે ઘરમાં ઘણી એવી કટોકટીની પળ આવે છે જ્યારે પતિલોકો સિફતપૂર્વક તેને જાળવી લે છે. આ પણ એક કેળવણી છે જે પુરુષ પતિ બન્યા પછી હપતે હપતે શીખી લે છે.

અને પત્નીનો ડર વિશે એક જોક જાણીતો છે. મરતી વખતે એક વયોવૃદ્ધ પત્નીએ એના પતિને કહ્યું, 'હાલો કાનાના પપ્પા, હવે સ્વર્ગમાં મળીશું.'

બીજા જ દિવસથી એ પતિએ જુગાર, દારૂ, બીડી, શરૂ કરી દીધા અને આવડે એવી ચોરીચપાટી પણ શરૂ કરી દીધી. ઊંઘમાં એ બબડવા લાગ્યા, 'ગમે ઈ થાય પણ હવે સ્વર્ગમાં તો નો જ જાઉં!'

જો એમ કહેવાય કે પતિ ઘરનો મોભ છે, ઘરનું શીશ છે, તો પત્ની ઘરનું ગળું છે. મસ્તક કઈ દિશામાં ફેરવવું એ એના હાથમાં હોય છે.

કહેવતોનું કહેવું પડે. દરેક કહેવત કેટલી સચોટ, સાચી અને અનુભવસિદ્ધ હોય છે કે વાત પૂછો મા... એટલે કે નહિ જ પૂછતા! અત્રે આ યાદ આવવાનું કારણ એ છે કે આ એક કહેવત -"ચેતતો નર સદા સુખી" વાંચી અને જાણી ત્યારથી એમાંથી એક બૂ આવે છે. ચેતવાનું અને એ નરે, અર્થાત્ માત્ર પુરુષે જ? અને જ્યારે માત્ર પુરુષે ચેતવાની વાત આવે ત્યારે એક જ સવાલ થાય જેનો ખાનગીમાં જાહેર જવાબ પણ વિકલ્પો વગરનો એક જ થાય. પુરુષે અર્થાત્ પતિએ તો સુખી રહેવા માટે ચેતવાનું મતલબ ડરવાનું પત્નીથી જ હોય ને! કહેવતમાં નારીને સુખી રહેવા માટે કોઈથી ચેતવાનું અર્થાત્ ડરવાનું સૂચિત નથી કરાયું જેથી સ્પષ્ટ થાય છે કે બાય ડિફોલ્ટ એ તો બસ, સુખી જ છે!

કહ્યાગરો કંથ એટલે જ હંમેશાં સુખી હોય છે. વળી પત્નીનો પડ્યો બોલ ઝીલતા પતિ કરતાં પત્નીએ ન બોલેલા શબ્દો પણ સમજી જાય એ પતિ હંમેશા હેપ્પી હોય છે. આ રીતે પતિલોકો હોશિયાર ન હોય તો ચાલે, સમજુ હોવા જોઈએ.

ચેતવા માટે ખાસ કંઈ બીજું કરવાનું નથી હોતું. જે રીતે લડવૈયાઓ લડતમાં ઘાયલ ન થઈ જાય એ માટે બખ્તર ધારણ

કરે છે એ જ રીતે પરિણીત પુરુષે પત્નીનાં કટુવચનોના મારા સામે ઢાલ ધારણ કરવી પડે છે-મૌનની. મૌન એવું હથિયાર છે કે સામેની વ્યક્તિ (અર્થાત્ નારી) આખરે થાકીને શસ્ત્રવિરામ જાહેર કરી દે છે.(હારીને નહીં!) આમ 'પાણી પહેલાં પાળ' અને 'ચેતતો નર સદા સુખી' પતિ માટે બંને સરખી કહેવતો પુરવાર થાય છે.

હવે લેખને અનુમોદન આપતા બે ગૃહ દૃશ્ય જોઈએ.

પ્રો.માંકડ સ્નાનાદિ કર્મથી પરવારી ડાઇનિંગ ટેબલ પર ચા-નાસ્તો કરવા બેઠા અને ત્યારે પોતાનાં ચશ્માંની ડાંડલી ઠીક કરતાં પત્નીને કહ્યું, 'જયજયવંતી તું દાળઢોકળી સરસ બનાવે છે.'

જાજરમાન જયજયવંતીબેને સામેની ખુરશી જરા ખસેડી તેમાં બેસતાં કહ્યું, 'મને તો ખબર જ હોય ને મારી?...તમને ઓચિંતી અત્યારે યાદ આવી?'

'કેમ ક્યારેક યાદ ન આવે? તારા માટે તો એ ક્રેડિટની વાત છે.' પ્રો.માંકડે ચા પીતાં પીતાં કહ્યું.

'નાસ્તામાં બ્રેડ પર મેં બટર લગાડ્યું છે અને વાતમાં તમે લગાડી રહ્યા છો માંકડ! કંઈક કારણ તો હશે ને!'

'કારણ?...બસ, આમ જ યાદ આવ્યું.'

'આજે સાંજે બનાવું દાળઢોકળી?' 'અરે વાહ જયજયવંતી, તું તો મારા મનની વાત જાણી ગઈ!'

'હવે મસકા લગાડવાનું બંધ કરો... અને હું ક્યાં તમારા મનની વાત જાણી ગઈ છું? તમે જ તો હમણાં દાળઢોકળીની વાત કાઢી...'

પ્રો.માંકડ ભલે ભુલકણા હતા પરંતુ એ વાત ક્યારેય ન ભૂલતા કે પોતાને ગમતી આઇટમ ઘરે બનાવરાવવી હોય તો તેનો આ રસ્તો છે અને આ એક જ રસ્તો છે. પતિ અને અનુભવી પતિ વચ્ચે આ મુખ્ય તફાવત હોય છે. એવું નહોતું કે એ ભૂલ નહોતા કરતા પરંતુ ગમે તેમ પણ એ પ્રોફેસર હતા. શીખવતા હતા, તો કેટલુંક શીખતા પણ જતા હતા.

શરૂઆતમાં ક્યારેક આવું થતું.

'જયજયવંતી આ ભીંડાનું શાક મને નથી ભાવતું.' એક વખત તેણે ફરિયાદ કરેલ.

જવાબમાં જયજયવંતીબેને લાંબું સંભાષણ આપી દીધું, 'સોમવારે તમે ભીંડાનું શાક ખાધું. મંગળવારે ભીંડાનું શાક ને રોટલી ખાધાં. બુધવારે અને ગુરુવારે પણ ખાધું અને આજે શુક્રવારે કહો છો ભીંડાનું શાક નથી ભાવતું...આમાં તમે જ કહો, રોજ રોજ મારે રસોઈ કેમ કરવી?'

પ્રો.માંકડે દલીલ કરવા પ્રયત્ન કર્યો, 'કેમ આમ કહે છે જયજયવંતી? રસોઈ તો તારે બનાવવવાની હોય જ ને? એક ને એક શાક ન કર એટલું કહું છું.'

'રસોઈ બનાવવાની જો મારે જ હોય તો એ મારો વિષય છે. એમાં તમારે ચંચુપાત કરવાનો ન હોય. જે બનાવ્યું હોય એ ચૂપચાપ જમી લેવાનું.'

'ચૂપચાપ? આ કેવી વાત કરે છે જયજયવંતી?' પ્રો.માંકડે નારાજ થવા વ્યર્થ પ્રયત્ન કર્યો.

'ચૂપચાપ જમી લેવાનું એમ કહું છું માંકડ. એમાં ખોટું શું કહ્યું? જમતી વખતે થોડી વાત થાય કે બોલાય!'

'તું મજાક કરે છે જયજયવંતી?'

'હું જરાય મજાકના મૂડમાં નથી, શું? પણ તમને ફરી ફરી કહું છું માંકડ, કિચનના મામલામાં તમે ઈન્ટરફીયર ન થાવ એ સારું છે મારા માટે પણ અને...તમારા માટે પણ!'

પ્રો.માંકડ તો સાનમાં સમજી ગયા કે શાક ગમે તે હોય એ જ્યાં સુધી અખાદ્ય પદાર્થ ન હોય ત્યાં સુધી સ્વાદેન્દ્રિયને વશમાં રાખી જમી લેવું. આવી નાની-નાની બાબતોમાં મોટી નહિ, નાની ચર્ચામાં પણ ક્યારેય ન ઊતરવું.

તૈયાર થઈ પ્રો.માંકડ બહાર નીકળ્યા ત્યાં જ ગેટ પર પડોશી સુધાકરભાઈ મળી ગયા. પ્રો.માંકડે તેમને હાય હેલ્લો કર્યું. સુધાકરભાઈએ તેને પૂછ્યું, 'આજે કૉલેજ જવા વહેલા નીકળ્યા કે નહિ?'

'સાચી વાત છે' તેમણે જવાબ આપ્યો,'આજે બુધવાર છે એ જયજયવંતીએ હમણાં યાદ કર્યું. એ દિવસે હું કૉલેજમાં એક્સ્ટ્રા પિરિયડ લઉં છું.'

સુધાકરભાઈએ પોતાના સ્વભાવથી વિરુદ્ધ જઈ મજાક કરી, 'ઘરે તો જયજયવંતીબેન તમારો સારો પિરિયડ લેતાં લાગે છે નહિ?'

પ્રો.માંકડે હસીને સચોટ જવાબ આપ્યો, 'આ તમે નહિ તમારો અનુભવ બોલે છે એ હું સમજી શકું છું!'

સુધાકરભાઈ ચૂપ થઈ ચાલ્યા ગયા.

એ/૨૦૧, શ્રી સિદ્ધેશ્વર પૅરેડાઇઝ,
બ્રાઇટ સ્કૂલની બાજુમાં,
હરણી-સમા લિંક રોડ, હરણી,
વડોદરા-૩૯૦૦૨૨
મોબાઇલ: ૯૪૨૮૧૮૨૭૪૭

તેઓશ્રી 'બે શબ્દ' કહેશે !

રમેશ પટેલ 'ક્ષ'

એવું એક રમૂજી વિધાન છે કે શ્રોતાઓને કેમ પકડી રાખવા તે બહુ જ ઓછાને આવડે છે અને તેઓને કેમ જવા દેવા તે તો એથીય ઓછાને ! એ સુવિદિત છે કે 'તેઓશ્રી આપણને બે શબ્દ કહેશે' એવું બે શબ્દ કહેવા વિશેનું આ વિધાન જ પાંચ શબ્દનું બનેલું છે. આમ છતાં પણ આજકાલ આ 'બે શબ્દ'ના ઉપયોગની બોલબાલા છે તે હકીકત છે !

મંચ ઉપર માઇક સાથે આત્મીયતા કેળવનારે સામે બેઠેલા શ્રોતાઓને જો માત્ર 'બે શબ્દ' જ કહેવા હોય તો 'આપનો આભાર' કહીને જ બેસી જવું પડે ! પરંતુ સદ્ભાગ્યે આપણે ત્યાં પ્રવર્તમાન સમયમાં જે પ્રમાણે બોલવાનું હોય છે તે પ્રમાણે વર્તવાનું હોતું નથી. આ સુંદર 'પ્રણાલિકા'ને કારણે આપણને જ્યારે પણ 'બે શબ્દ' કહેવાની તક મળે છે ત્યારે બે શબ્દને બદલે શબ્દોનો અસ્ખલિત ધોધ વહાવી શકીએ છીએ !

સર્વપ્રથમ સવાલ એ થાય છે કે 'બે શબ્દ' કહેવાની પ્રણાલિકા કયા કારણે શરૂ થઈ ? તેઓશ્રી આપણને ઉદ્બોધન કરશે કે આશીર્વચન આપશે કે ઉપદેશ આપશે, એવું વિધાન કરવાને બદલે તેઓશ્રી આપણને 'બે શબ્દ' કહેશે, એવું કહેવાની પ્રણાલિકા શરૂ કરાઈ તે પાછળનું પ્રયોજન શું હશે, તે સવાલ અવશ્ય આપણા ચિત્તતંત્રમાં જન્મે છે.

પ્રાથમિક નિરીક્ષણમાં એવું જણાય છે કે 'બે શબ્દ' કહેવાની વાતનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવે છે કે તેના કારણે વક્તા પોતાની જીભ (અને જાત) પર સંયમ કેળવે ! તેને સતત અભિપ્રેત થતું રહે કે તેણે કેવળ 'બે શબ્દ' જ કહેવાના છે અને આખ્ખેઆખ્ખો જોડણીકોશ પ્રસ્તુત કરવાનો નથી ! બે શબ્દ કહેવાની વાતનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવે છે કે તેના કારણે વકતા મનોમન સોગંદ ઉપર કહી શકે કે પોતે માત્ર બે શબ્દ જ કહેશે અને તેથી વિશેષ કંઈ કહેશે નહિ !

આ બાબતને બીજી રીતે જોઈએ તો મંચ પર માઇક શોભાવતો અને માઇકને કારણે પોતે પણ શોભી ઊઠે છે તેવું માનતો વક્તા, એવું સમજે કે હાડકા વગરની જીભ અને પડઘંદ અવાજ ભલે તેની માલિકીનાં છે. પરંતુ કાન તો સામે બેઠેલા નિ:સહાય અને નિર્દોષ શ્રોતાઓના છે-તેવું વક્તાને સમજાવવાનો પણ આશય 'બે શબ્દ' કહેવાની દરખાસ્ત પાછળ હોય છે !

પરંતુ આવી સ્પષ્ટ કે ગર્ભિત દરખાસ્તને સમજી શકે તેટલી સમજદારી આપણા મોટાભાગના વક્તાઓની હોતી નથી. આનાથી વિપરીત, સામે બેઠેલા શ્રોતાગણની સહિષ્ણુતા વક્તાની સમજદારીના પ્રમાણમાં ઘણી વધારે હોય છે.

સામાન્યત: પ્રત્યેક વક્તા મંચ પર બિરાજમાન અન્ય મહાનુભાવોની નામાવલિ અને તેઓનો 'સંક્ષિપ્ત' પરિચય આપીને 'બે શબ્દ' કહેવાનો પ્રારંભ કરે છે. આ ક્ષણે તે મહાનુભાવોની નામાવલિ અને પરિચય પ્રસ્તુત કરવાનું ટાળે અથવા તો ટાળી શકે તો તેને શ્રોતાઓએ પોતાનું પરમ સૌભાગ્ય માનવું જોઈએ ! નામાવલિ અને પરિચય પછી મંચ ઉપર બિરાજમાન આ મહાનુભાવો સાથે પોતે કેવા અને કેટલા ઘનિષ્ટ સંબંધથી સંકળાયેલ છે, તેની સમીક્ષામાં તેઓશ્રી અડધો જોડણીકોશ ખાલી કરે છે ! આ બધું અત્યંત વિષમ ક્ષણોમાં પૂર્ણ થયા બાદ તેઓ મૂળ વિષય પર 'બે શબ્દ' કહેવાનો આરંભ કરે છે.

આ નાજુક ક્ષણો દરમિયાન લાચાર શ્રોતાઓ ઊંચા-નીચા થતા હોય છે. બગાસાં ખાતાં હોય છે, નિસાસા નાખતા હોય છે, વક્તાને બેસાડી દેવા તાળીઓ પણ પાડતા હોય છે અને કેટલાક તો એકાદ ઊંઘ પણ ખેંચી કાઢતા હોય છે ! તેમ છતાં પણ, માઇક પર અડીખમ ઊભેલા તેઓશ્રી તો માઇક પકડીને તારસપ્તકમાં ઝીંક્યે જ રાખતા હોય છે! તેઓશ્રીના પેટનું તો પાણી પણ હાલતું હોતું નથી ! ભગવાન શ્રીકૃષ્ણની ભગવદ્ગીતાને પચાવીને

'નિસ્પૃહી' થયેલા આવા વક્તા તો શ્રોતાઓના રિસ્પોન્સની પણ ઐસી-તૈસી કરીને વાણીનો અસ્ખલિત ધોધ વહાવ્યે જ રાખે છે !

મંચ ઉપરના જે પ્રવક્તાએ આ વક્તાને 'બે શબ્દ' કહેવા દરખાસ્ત મૂકી હોય છે, તે પણ વિવશ થઈ જાય છે ! કેટલાક કિસ્સામાં તો દરખાસ્ત મૂકનાર આ સજ્જન, વક્તાનું ગળું દબાવી દે તેવો વિવશ થઈ જાય છે ! પરંતુ જ્યાં 'સરસ્વતીની અસ્ખલિત વાણી' વહેતી હોય ત્યાં તેવો મર્ડર કેસ શી રીતે સંભવી શકે ? બધું યથાવત્ રહે છે અને યથાવત્ ચાલ્યા જ કરે છે !

આ ક્ષણો દરમિયાન વચ્ચે એક પળ એવી પણ આવી જાય છે જેમાં વક્તા એવું કહે છે - 'હું આપનો ઝાઝો સમય નહિ લઉં !' અને એ નાજુક પળે સભામાં સન્નાટો છવાઈ જાય છે. પ્રત્યેક શ્રોતાના ચિત્તતંત્રમાં નજીકના ભાવિમાં થનારો નિરાંતની રોમાંચક ક્ષણનો જન્મ થાય છે. પ્રત્યેક શ્રોતા ચા-પાણીની, ભોજનની કે ઘરભેગા થવાની ઘડી ગણવા લાગે છે-પરંતુ પુન: વક્તા નિસ્પૃહી ભાવે વાણીનો અસ્ખલિત પ્રવાહ આરંભી દે છે અને શ્રોતાઓના અરમાનો પર પાણી ફરી વળે છે !



આમ પણ, 'બે શબ્દ' કહેવા ઉપસ્થિત થયેલ વક્તાને સ્થળ-કાળનાં કોઈ બંધન હોતાં નથી ! એમને આપવામાં આવ્યું છે તે માઇક સિવાયનું આ પૃથ્વી પરનું સર્વત્ર મૃતપ્રાય થઈ જાય કે નષ્ટ થઈ જાય, તો પણ તેમને તેની કોઈ અસર હોતી નથી ! એમની અસ્ખલિત વાણીના ધોધમાં પછડાટો ખાતો શ્રોતાવર્ગ પણ એમને તો અહર્નિશ 'સ્થિતપ્રજ્ઞ' જણાય છે !

આવા વક્તા તેમના કાંડા ઉપર ઘડિયાળ બાંધે છે ખરા, પરંતુ તે ઘડિયાળ કે તે ઘડિયાળનો સમય તેમને બાંધી શકવા અસમર્થ રહે છે ! તેઓ અનંતકાળ સુધી અર્થાત્ લોહીના છેલ્લા બુંદ અને છેલ્લા શ્વાસ સુધી બુલંદીથી બોલી શકવા શક્તિમાન હોય છે ! તેમના અવાજની બુલંદી હિમાલયની ટોચ સુધી અને કેટલાક નોંધપાત્ર કિસ્સામાં તો સાતમા આસમાન સુધી પહોંચે તેવી પ્રભાવશાળી હોય છે !

આ વક્તાઓની આવી બધી પરમ સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓને ધ્યાનમાં લઈને ખરેખર તો હવે, 'તેઓશ્રી આપણને બે શબ્દ કહેશે' એવું કહેવાનો રિવાજ કાઢી નાખવો જોઈએ ! તેને બદલે તેઓશ્રી અનંતકાળ સુધી અસ્ખલિત વાણીનો ધોધ વહેવડાવશે (અને આપણને પાવન કરશે) એવું કે એવા પ્રકારનું વિધાન પ્રસ્તુત કરવું જોઈએ ! આવા વક્તાઓને 'બે શબ્દ'ની સંકુચિતતા અને મર્યાદામાંથી મુક્ત કરીને તેઓ 'નવમહાભારત' સર્જી શકે (અને પ્રસ્તુત કરી શકે) તે માટે માઇક સાથેનું સ્ટેજ આપવું જોઈએ !

આવા વક્તાને સાંભળવા જનાર શ્રોતાઓએ પણ કેસરિયાં કરવા નીકળ્યા હોય તેમ સજ્જ થઈને જવું જોઈએ ! પોતાની અર્ધાંગનાને પણ કહી દેવું જોઈએ કે પોતે ફલાણા કે ઢીંકણા વક્તાનું ભાષણ સાંભળવા જાય છે અને એ ભાષણ જો પૂરું થશે તો પોતે ઘેર પાછા ફરશે, નહિ તો આવતા જન્મે ફરીથી મળશે !

જે ઓછામાં ઓછા શબ્દોમાં વધુમાં વધુ કહી શકે એ સાચો વક્તા છે. 'બે શબ્દ' વિશે કહેવા કટિબદ્ધ થયેલા એવા અમે પણ સાચા વક્તા હોઈ અહીં અટકીએ છીએ !

૨૪, વ્યાપાર ભવન,
ન્યાયમંદિર પાસે,
હિંમતનગર-૩૮૩૦૦૧
મો. ૯૮૨૫૩૪૦૨૩૯

બાલો – સદા ભરાયતે

જીતેન્દ્ર ઠક્કર

(કટાક્ષ કથા)

"લાલો"ની લોકપ્રિયતાથી પ્રેરાઈને "નવરી બજાર" રજૂ કરે છે..

"બાલો - સદા ભરાયતે"

દૃશ્ય - ૧

(પાનના ગલ્લે હિતિયો અને વિનિયો મસાલો ખાતા બેઠા છે. બંને કંઈક ગહન ચર્ચામાં મગ્ન લાગે છે.)

હિતિયો : બૉસ, લાલો ફિલ્મ જોઈ?

વિનિયો : ત્રણ વાર જોઈ. હજી બે વાર જોઈશ.

હિતિયો : કેમ ત્રણ વાર જોઈ?

વિનિયો : સમજાતું નથી કે આ ફિલ્મમાં એવું શું છે કે ૧૦૦ કરોડનો ધંધો કરી ગઈ?

હિતિયો : એમાં કૃષ્ણ છે.

વિનિયો : કૃષ્ણ તો ઘણી ફિલ્મોમાં આવે છે, છતાં ઘણી ફિલ્મો પહેલા દિવસે જ પાટિયા ઊતરતી જોઈ છે.

હિતિયો : એમ તો મોદી અટક ધરાવતા ૨૫ લાખ લોકો ભારત દેશમાં રહે છે, છતાં એક નરેન્દ્ર મોદી જ વડાપ્રધાન કેમ બન્યા?

વિનિયો : હા, એ વાત સાચી છે. પણ મને એક વિચાર આવે છે-આપણે પણ આવી એક લો બજેટ ફિલ્મ બનાવીએ તો?

હિતિયો : વાહ! મારા મનની વાત બોલ્યો.

(એટલામાં પદિયો ઉત્સાહમાં સિગારેટનો કસ મારતો પ્રગટ થાય છે.)

પદિયો : પાર્ટી! આપણે ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું છે.

વિનિયો : અમે પણ એવું જ વિચારી રહ્યા છીએ.

પદિયો : એ વાત ઉપર ત્રણ આખી ચા અને ૧૦૦ ગ્રામ ખારી-મારા તરફથી!

હિતિયો (ચાવાળાને) : એ રણછોડ! ત્રણ આખી ચા અને ૧૦૦ ગ્રામ ખારી-પદિયાભાઈના ખાતે. જલદી લાવ, ફિલ્મ ઊતરી જાય એ પહેલાં.

પદિયો : હિતિયા, વિન્યા, સાંભળો... આપણે પણ 'લાલા'ની જેમ નવા કલાકારો લઈને ખૂબ ઓછા બજેટમાં ફિલ્મ બનાવવાની છે. જો ૧૦૦ કરોડનો બિઝનેસ થાય તો આપણી પેઢીઓ તરી જશે!

વિનિયો : અલ્યા, તું ઓછા બજેટની વાત કરે છે, પણ આપણી પાસે તો બજેટ જ ક્યાં છે?

પદિયો : અલ્યા, રોકડા ક્યાં કાઢવાના છે? બધું ઉધારમાં-કલાકારો તો ફીમાં આવશે. કદાચ સામેથી પણ આપે!

હિતિયો : કલાકારોમાં તો ઘણા છે. રોજ ૫૦૦ જણા નશો ખેંચતા મળે-ભરતો, બાલિયો, પસલો, પશુ અને પ્રેમીલા. તક આપો તો તમારા પગ ધોઈને પીશે.

વિનિયો : બસ, આજથી પ્લાનિંગ શરૂ.

(ચાની ચૂસકી મારતાં)

વિનિયો : મારી પાસે સ્ટોરી તૈયાર છે. મુખ્ય પાત્રનું નામ-બાલો.

બાલો એટલે બાલિયો.

લાલોની જગ્યાએ બાલો.

સામે બીજો બાલો.

બંને બાલિયા સામસામેની પોળમાં રહે.

એક ઠરકી, દારૂડિયો.

બીજો ફેંકુ-પોતાની જાતને કોણ જાણે શું સમજતો.

બન્નેના સંઘર્ષની વાત.

હીરોઈન શાકવાળી.

લસણ વેચતા વેચતા એના પ્રેમમાં આદુ ખાઈને પાછળ પડે.

બે-ત્રણ ગીતો....

અને છેલ્લે ચમત્કાર-

બાલો! બાલો!

પદિયો : મને લાગે છે સવાસો કરોડ તો આવી જ જશે.

હિતિયો : ફિલ્મ ૨૦૨૬માં રજૂ કરીશું. ૨૦૨૫નો રેકૉર્ડ 'લાલા'નો છે. આપણો 'બાલો' ૨૦૨૬નો રેકૉર્ડ બનાવશે.

વિનિયો : નૅશનલ ઍવૉર્ડમાં પડવું જ નથી. સીધા ઓસ્કારમાં જવું છે. નિશાન ક્યારેય નીચું ન રાખવું. નર્મદ પણ એવું જ કંઈક કહેતા હતા.

(ત્રણેય હાથ મિલાવે છે.)

ત્રણે : તો કરો કંકુના- "બાલો - સદા ભરાયતે" .

દૃશ્ય - ૨

(ત્રણેય મિત્રો ફિલ્મનું પેપરવર્ક કરી રહ્યા છે.)

પદિયો : કાસ્ટિંગ થઈ ગયું! એક રૂપિયાનો પણ ખર્ચ નથી.

હિતિયો : બાલિયો તો એની જમીન વેચીને પણ દસ હજાર આપણને આપવાનો છે.

હિતિયો : એટલે ખાવા-પીવાનો ખર્ચો નીકળી જશે.

વિનિયો : ખાવાનો ખર્ચો ચાલે, પીવાનો નહીં. ગુજરાતમાં દારૂની વાત નહીં. જેને પીવું હોય એ દમણ જઈને પી આવે.

ત્રણેય : શિસ્ત તો હોવી જ જોઈએ.

વિનિયો : લોકેશનનું શું?

હિતિયો : મારા મામાનું ઘર-એ બાલાનું ઘર.

પદિયો : તારા મામાનું ઘર તો અનાથાશ્રમ જેવું છે!

વિનિયો : બાલો અનાથ જ છે ને? એટલે લોકેશન પરફેક્ટ. બીજું ઘર મનિયા મવાલીનું-એને જમવાનું ફ્રી.

પદિયો : કેમેરા અને લાઈટિંગ?

વિનિયો : ઉધારમાં, કોસ્ચ્યુમ દરેક પોતાનું લઈને આવશે.

હિતિયો : કાલથી શૂટિંગ. ચાર-પાંચ દિવસમાં ફિલ્મ પૂરી.

ત્રણે : બોલો કૃષ્ણ કનૈયાલાલ કી જય!

દૃશ્ય - ૩

પદિયો : ફિલ્મ શાંતિથી પૂરી થઈ ગઈ. ઉધારમાં ડબિંગ-એડિટિંગ પણ. હવે પ્રીમિયર, પછી પહેલી જાન્યુઆરીએ રિલીઝ.

વિનિયો : ડિસ્ટ્રિબ્યુટર તૈયાર છે. પહેલા એક થિયેટર, પછી દસ. રિસ્પોન્સ સારો આવ્યો તો ૭૦૦ થિયેટર.

પદિયો : બીજા વિકમાં તો ૭૦૦ પણ ઓછા પડશે.

વિનિયો : મને પણ એવું જ લાગે છે.

નવરી બજારમાં પ્રીમિયર યોજાયો.

પોપકોર્ન અને પેપ્સીની જગ્યાએ અડધી ચા, એક ખારી અને ૧૨૦-૩૫નો માવો.

હીરો બાલોને પણ એ જ પસંદ, એટલે મહેમાનો માટે પણ એ જ...

પ્રીમિયરમાં કલાકારોનાં સગાં, કોઈ વાંચતું ન હોય એવા છાપાના પત્રકારો અને ભૂતિયા YouTube ચૅનલો. બધા સાદા મોબાઈલ લઈને કવરેજ કરવા આવ્યા.

બન્ને બાલા નવાં ધોતિયા-ઝભ્ભામાં, હીરોઈન ચણિયા-ચોળીમાં સ્નેહલતા જેવી, બધાનું ધ્યાન ફિલ્મ કરતાં હીરોઈન પર વધારે.

ફિલ્મ શરૂ થઈ. પાંચમી મિનિટે હુરિયો. નવરી બજાર ખુશ-ફિલ્મ ઊપડી!

પણ અડધી ચા અને ખારી મસાલાથી પ્રેક્ષકો બગડ્યા. પાનની પિચકારીઓ સીટો પર ઊડી. થિયેટર માલિકે ઈન્ટરવલમાં જ ફિલ્મ બંધ કરાવી.

બાલો સાચા અર્થમાં

"બાલો - સદા ભરાયતે"

સાબિત થયો.

ત્રણેય નિર્માતા ડાકોર તરફ ભાગ્યા-કદાચ ઠાકોર બચાવી લે!

ડિસ્ટ્રિબ્યુટરે બધા શો રદ કર્યા.

નવો રેકૉર્ડ સર્જાયો-

પ્રીમિયરમાં જ ઈન્ટરવલ પછી ફિલ્મ સમેટાઈ ગઈ.

રજૂઆત પહેલાં જ બધા શો કેન્સલ!

ત્રણેય નિર્માતા ભૂગર્ભમાં ઊતરી ગયા.

"બાલો - સદા ભરાયતે"

બોલો શ્રીકૃષ્ણ કનૈયાલાલ કી જય!

૩, સંજય પાર્ક, સુંદરવનની પાછળ
સેટેલાઈટ રોડ, અમદાવાદ. ૩૮૦૦૧૫
મો. ૯૮૨૫૩૬૫૪૪૪.

લગ્નની દસમી એનિવર્સરીએ

પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી

'તમે સ્ત્રીઓ, પસંદગીકાર તરીકે કેવી ?'

'પુરુષોની પસંદગી' વિશેનો મારો હાસ્યલેખ વાંચ્યા બાદ, મારા પતિદેવે મને ઉપર મુજબનો પ્રશ્ન પૂછ્યો.

એમનો આ પ્રશ્ન સાંભળીને મને વડોદરાના સૌના દાદાજી એટલે કે સ્વર્ગસ્થ પ્રોફેસર ડૉક્ટર દોલતભાઈ દેસાઈએ એમના એક વ્યાખ્યાન દરમ્યાન કહેલો પતિ-પત્નીનો ટિપિકલ સંવાદ યાદ આવી ગયો.

'કહું છું, સાંભળો છો ?'

'આટલાં વર્ષોથી એ જ તો કરતો આવ્યો છું.'

'સાચું કહેજો. હું જ્યારે પણ તમને કંઈ કહેતી હોઉં છું, ત્યારે તમે મને ખરેખર સાંભળતા હો છો ખરા?'

'તું પણ સાચું કહેજે. એમાં સાંભળવા જેવું ખરેખર કંઈ હોય છે ખરું ?'

'જો તમને એવું જ લાગતું હોય તો પછી એ વાત જવા જ દો. મારે તમને કંઈ જ કહેવું નથી.'

'જેવી તારી મરજી.' 'મારી મરજી મુજબ જ જો બધું ચાલતું હોત, તો આપણી દુનિયા છે એ કરતાં સાવ જુદી જ હોત.'

'ચાલ, એ બાબતે તો હું તારી સાથે સહમત છું.'

'ઠીક છે, તો પછી સાંભળો મારી વાત.'

'સાંભળવી જ પડશે ? ઠીક છે. પણ મારી પાસે વધારે ટાઈમ નથી એટલે જલદીથી સંભળાવી દે ચાલ.'

'તમારી પાસે દુનિયાભરની વાતો જેવી કે - બજેટ, ક્રિકેટ, શેરબજાર, વર્લ્ડવૉર, બૉલીવુડ વગેરે વગેરે... સાંભળવાનો અને વાંચવાનો ટાઈમ છે. અને હું તમારી પત્ની કે જે આટલાં વર્ષોથી તમારી તમામ સગવડ સાચવું છું, એની વાત સાંભળવાનો જ તમારી પાસે સમય નથી ?'

"અગાઉ હું તને અનેકવાર કહી ચૂક્યો છું અને આજે પણ કહું છું, તું મારા માટે જે કંઈ કરી રહી છે એ માટે 'તહે દિલ'થી હું તારો આભારી છું. ચાલ, હવે તો બોલ કે તારે મને શું કહેવું છે ?''

"આપણી ડાબી બાજુવાળાં પાડોશી મોનાબહેન અને મનીષભાઈ ખરાં ને ? એમના ઘરે આજે સવારે 'ઈમ્પોર્ટેડ ફ્રીઝ' આવ્યું."

'અચ્છા ! ચાલો, સારી વાત છે.'

'બસ ફક્ત અચ્છા ? અને એમાં સારી વાત શું છે ? એ મનીષભાઈનો પગાર તો તમારા પગાર કરતાં ઘણો ઓછો છે અને તે છતાં એમના ઘરે દરેક ખૂણે જાહોજલાલી છલકે છે. મને તો એ જ સમજાતું નથી કે આટલા ઓછા પગારમાં એમને આવા બધા મોજશોખ પોસાય છે જ શી રીતે ?'

'એ એમનો પ્રશ્ન છે, આપણો નહીં. આપણી પાસે પૈસા ઉધાર માગવા આવે તો આપણે વિચારવાનું.'

'તમારો પુરુષ લોકોનો આ જ તો પ્રૉબ્લેમ હોય છે ને ? તમને અમારી સ્ત્રીઓની વાતમાં રહેલો કોઈ ગર્ભિત ઈશારો સમજાતો જ નથી.'

'આ આખી વાતને આમ સ્ત્રી-પુરુષનું નામ દઈને જનરલાઈઝ ન કર. અને અત્યારે તારા મનમાં તું શું ખીચડી પકાવી રહી છે, એની સીધેસીધી વાત કર.'

"હું એમ કહી રહી છું કે - આટલાં વર્ષોથી તમે નોકરી કરી રહ્યા છો, તે છતાં આપણે તો 'ઠેરનાં ઠેર' જ છીએ. તમે પણ મનીષભાઈની જેમ કંઈ ચક્કર ચલાવો ને કે આ દિવાળીએ આપણા ઘરમાં પણ આવાં બધાં સાધનો આવે."

'શું ? આ વાત તું મને કહી રહી છે ? તને યાદ છે ખરું કે લગ્ન વખતે તેં મને મારી 'સાદગી' અને 'પ્રામાણિકતા' માટે પસંદ કર્યો હતો ?"

"હા, ઘણી સારી રીતે યાદ છે, પણ આ મોનાડી! ઘરમાં પણ બે-પાંચ હજારનાં ડ્રેસ અને સાડી પહેરે, સાચા હીરાના અને મોંઘા ભાવના સોનાનાં આઠ દસ તોલાનાં ઘરેણાં ઠઠારે, અઠવાડિયામાં એક વાર 'બ્યૂટીપાર્લર'માં જાય અથવા 'બ્યૂટિશિયન'ને ઘરે બોલાવે, પેડિક્યૉર, મેનીક્યૉર, ફેસિયલ, આઈબ્રો, વૅક્સિંગ, હેરકટ, હેર સ્ટ્રેટનિંગ એવું બધું કરાવે, અને પછી આખી સોસાયટીમાં અને ફ્રેન્ડ સર્કલમાં 'બ્યૂટી ક્વિન' બનીને મહાલે. તો પછી મને એની ઈર્ષ્યા થાય કે નહીં, તમે જ કહો."

‘તને એક સાચી વાત કહું ? મોનાબહેનને સુંદર દેખાવા માટે આવા ઠઠારાની કે આર્ટિફિશિયલ સહારાની જરૂર પડે. બાકી, તું તો સાદા ડ્રેસમાં અને સાધારણ મેકઅપમાં પણ એટલી સુંદર લાગે છે ને કે - એવાં તો મોનાબહેન મોંઘાં કપડાં અને હેવી મેકઅપમાં પણ નથી લાગતાં.’

‘દર વખતે આવું આવું બોલીને તમે મને ભોળીને ભરમાવી દો છો. પણ હવે હું થોડી સ્માર્ટ થઈ છું. એટલે આ વખતે હું તમારી વાત માનવાની નથી. તમારે મને એક ભારે સાડી તો અપાવવી જ પડશે.’

‘ભલે, આ શનિવારે આપણી દસમી મૅરેજ એનિવર્સરી આવે છે, એ દિવસે તને સાડી અપાવીશ, બસ ?’

‘ના, એમ બસ નહીં. એ દિવસે તમારે મને સાડી પણ અપાવવાની અને મૂવી જોવા પણ લઈ જવાની.’

‘સારું, સારું. મૂવી જોવા પણ લઈ જઈશ, બસ? હવે તો તું ખુશ ને કે બીજું કંઈ હજી રહી જાય છે ?’

‘બહાર જઈશું તો પછી ડિનર પણ બહાર જ પતાવી દઈશું ને?’ ‘ભલે, ઘા ભેગો ઘસરકો.’

અને શનિવારે દસમી મૅરેજ એનિવર્સરી પર, પતિ-પત્ની બપોરે સાડીવાળાની દુકાનમાં ગયાં. દુકાનદારે એક પછી એક સાડી બતાવવા માંડી. પત્નીએ એક ગમતી સાડી લઈને ખભા પર મૂકીને પતિને બતાવતાં પૂછ્યું,

‘આમાં હું કેવી લાગું છું ?’

‘સરસ લાગે છે.’ (કોઈ પતિની હિંમત છે કે પત્નીને કહે કે - નથી સારી લાગતી ?)

‘પહેલીવાળી સારી જ છે, લઈ લે.’ પત્નીને બીજી સાડીઓ ફેરવી ફેરવીને જોતી જોઈને પતિએ કહ્યું.

‘અરે પણ હજી બીજી સાડીઓ જોવા તો દો.’ (ઓછામાં ઓછી બાર-પંદર સાડીઓ ધ્યાનપૂર્વક જોયા પછી, કિંમત પૂછ્યા પછી એમાંથી બે કલાકે બે સાડી પસંદ કરે એ જ સ્ત્રી શોપિંગમાં સાચી, બાકી બધી કાચી.)

દુકાનદાર એક પછી એક સાડીઓ બતાવતો ગયો. પત્ની મનગમતી સાડીઓ લઈને એકબાજુ પર મૂકતી ગઈ. એમ કરતાં દસ-બાર સાડીઓનો ઢગલો થયો.

‘તારી પસંદગી પૂરી થઈ કે નહીં ?’ છેવટે પતિ કંટાળીને બોલ્યો...

‘તમે તો ભારે ઉતાવળા. પણ સાડીની પસંદગીમાં એમ ઉતાવળ ન ચાલે. લઈ લીધા પછી ઘરે જઈને એવું ન થવું જોઈએ કે - આના કરતાં પેલી લાલ બોર્ડરવાળી સાડી લીધી હોત તો સારું હતું.’

‘એ તો પસંદગીમાં બે કલાક લગાડ્યા પછી અને કોઈ પણ સાડી લીધા પછી પણ તને એવું થવાનું જ છે. અને બીજી વાત, આટલી વાર તો તેં લગ્ન કરતાં પહેલાં મને પસંદ કરવામાં પણ નહોતી લગાડી.’ પતિએ મજાક કરી.

“એટલે જ તો હું કહું છું કે ‘ઉતાવળે કરેલા કામમાં કોઈ ભલીવાર હોતો નથી.’”

‘તું પણ મારી સાથે રહીને મજાક કરતાં શીખી ગઈ.’

“કહેવત છે કે ‘ગધેડા સાથે ગાયને બાંધી રાખો તો ભૂંકતાં નહીં તો ઊંચું ડોકું કરતાં તો શીખી જ જાય.’”

‘તેં તો મારી બોલતી જ બંધ કરી દીધી, પણ હવે તું જરા જલદી કર.’ પતિએ શરણાગતિ સ્વીકારી લીધી.

‘તમે જરા શાંતિ રાખો ને, ભાઈસા’બ.’ કહેતાં પત્નીએ બાજુ પર મૂકેલી દસ-બાર સાડીઓના ઢગલામાંથી છટણી કરીને પાંચ-છ ભારેમાંની સાડીઓ રાખી જ, જે એને ઘણી જ ગમી ગઈ હતી, અને એણે એ ખરીદવી હતી.’

‘જલદીથી સાડી પસંદ કરી લે. આપણે હજી ડિનર લેવા જવાનું છે, અને પછી મૂવી જોવા પણ જવાનું છે.’

‘આ પસંદ તો કરી ને ?’ પત્નીએ પોતાને ગમતી પાંચ-છ સાડીઓ બતાવીને કહ્યું.

‘આટલી બધી સાડીઓ ? તારે મારું દેવાળું કઢાવવું છે કે?’ ‘જલદીથી એક કે બે સાડી પસંદ કરી લે, મોડું થાય છે.’

‘આપણા લગ્નની દસમી એનિવર્સરીનો દિવસ છે અને સામે દિવાળીનો તહેવાર આવી રહ્યો છે, તોપણ તમારો જીવ ટૂંકો તે ટૂંકો જ રહ્યો.’-બોલીને પત્નીએ કટાણું મોઢું કરીને બે સાડી રાખીને બાકીની સાડીઓ કચવાતા જીવે બાજુ પર મૂકી દીધી.

એ પત્ની લગ્નની દસમી એનિવર્સરી પર મનમાં શું બોલી, તમને ખબર છે? ‘તમને પરણી એ કરતાં તો આ સાડીવાળાને જ પરણી હોત તો આજે મારી પાસે સાડીઓના ઢગલા હોત!’

દોસ્તો, એ સાડીવાળો કદાચ એને માટે સાડીઓનાં ઢગલા કરી દેત, પણ એના પ્રોફેસર પતિની જેમ એને પ્રેમથી અને હળવાશથી હસતાં-રમતાં તો ન જ રાખી શકત!’

એ ૨૦૪, શાલિન ઓટિયમ,
કૉર્પોરેટ રોડ, પ્રહ્લાદનગર,
અમદાવાદ-૩૮૦૦૧૫
મો. ૯૩૨૭૨૨૭૭૭૦



બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર...
હેતલ દવે
મો. ૯૮૨૫૯૯૧૪૯



અંતરનો ઉજાશ
વિનય પંડ્યા
મો. ૯૪૨૬૫૯૬૫૨૯



નાટિકા સંપુટ

પ્રકાશ લાલા

રવીન્દ્ર પારેખ

ડૉ. શૈલેશ ટેવાણી

દુર્ગેશ ઓઝા

નમન મુનશી

યામિની વ્યાસ

ગિરિમા ધારેખાન

ધ્વનિલ પારેખ

સંજીવ પોરા

મફતિયું ગામ
જગદીશ વૈષ્ણવી
મો. ૭૬૯૦૮૧૫૪૫૧

મન તું કાહે ના ધીર ધરે

પ્રકાશ લાલા

પાત્રો:

- બાવાજી (૭૦-૭૨ વર્ષ)
- 'અ' (૨૫-૩૦ વર્ષનો યુવક)
- 'બ' (થોડી મોટી ઉમરનો)
- 'ક' (થોડી મોટી ઉમરનો)

(નાનકડા ટાઉનનું એક જ રેલલાઈન અને એક પ્લેટફૉર્મવાળું નાનકડું રેલવે સ્ટેશન. ઢળતી સાંજનો સમય. પડદો ખૂલે ત્યારે સ્ટેશન - પ્લેટફૉર્મનું દૃશ્ય નજરે પડે છે. પાછળ સ્ટેશન ઉપર હોય એવી રેલિંગ... વચ્ચે બહારથી પ્લેટફૉર્મ ઉપર પ્રવેશવાનો ઝાંપો. જમણી તરફ 'સ્ટેશન માસ્ટર' બોર્ડ મારેલી ઑફિસનું બારણું... ડાબી તરફ દૂર એક સામાન્ય રેંકડી દેખાય છે. પ્લેટફૉર્મના એક છેડે બાંકડો... સ્ટેજ - પ્લેટફૉર્મ ઉપર થોડોક ઑફ સેન્ટર બીજો બાંકડો છે. તેની પાસે લૅમ્પપોસ્ટ છે. પાછળ કોર્નરમાં એક વૃક્ષ ફરતો ઓટલો... એની ઉપર બેઠેલા બાવાજી એકતારા ઉપર હળવે સાદે ભજન ગાઈ રહ્યા છે.)

બાવાજી :

"સુખદુ:ખ મનમાં ન આણીએ,
ઘટ સાથે રે ઘડીમાં,
ટાળ્યાં તે કોઈના નવ ટળે,
રઘુનાથનાં જડિયાં.
સુખદુ:ખ મનમાં ન આણીએ..."

(ત્યાં ટ્રેન આવી રહી છે એવી ઉપરાઉપરી ટ્રેનની વ્હિસલ સંભળાય... ધીરે ધીરે ટ્રેન નજીક આવી રહી છે તેવો સાઉન્ડ ટૅક... અચાનક ૨૫-૩૦ વર્ષની વ્યક્તિ 'અ' ઝાંપામાંથી પ્લેટફૉર્મ ઉપર દોડીને પ્રવેશે... ટ્રેનના અવાજ તરફ જુએ... પછી સીધી સ્ટેશનની ધાર ઉપર રેલવે પાટા તરફ ધસીને પાટા ઉપર પડવા જાય... બાવાજી જોઈ રહ્યા હતા તે દોડીને એને પકડી લઈ અંદરની તરફ ખેંચી ધકેલે.)

બાવાજી : અરે, અરે, આ શું કરો છો, ભાઈ? હમણાં રામ રમી જાત તમારા!

'અ' : મારે મરી જ જવું છે! શું કામ મને રોક્યો તમે?

બાવાજી : મરી જવું છે? શું કામ? ભાઈ, ઈશ્વરે મહામૂલું જીવન આપ્યું છે. તે આમ ખોઈ દેવાનો આપણને કોઈ હક નથી...

'અ' : મારે જીવવું નથી. તમે શું કામ બચાવી લીધો?

બાવાજી : પ્રભુનો કોઈ શુભ સંકેત હશે એમાં... એટલે તો હું જોઈ ગયો અને ઝડપથી પહોંચી ગયો. (વાતો કરતાં કરતાં 'અ'ને ઑફ સેન્ટરના બાંકડા પાસે લઈ આવે... બેસાડે) બેસો ભાઈ... શાંત થાઓ... મગજમાંથી આપઘાતનો વિચાર કાઢી નાખો...

'અ' : પણ...

બાવાજી : છતાંય જીવવું ન જ હોય તો બીજી ગાડી આવે ત્યારે... ('અ' કંઈ બોલતો નથી. બાવાજી પાછા ઓટલે જઈને બેસે... ભજન ગણગણે... થોડીવારમાં બાંકડા પાસે વ્યક્તિ 'બ' આવે)

'બ' : હેલ્લો! (અ આજુબાજુ જુએ...) તમને કહું છું... તમને... હું અહીં બેસી શકું?

'અ' : (ડોકી હલાવી હા કહે) બાંકડો કંઈ મારા બાપાનો નથી.


'બ' : થેન્ક્યૂ. (બેસે) એક વાત પૂછું?

'અ' : ('બ' તરફ જોઈ રહે... પછી) હું ના કહીશ તો નહીં પૂછો?

'બ' : (સહેજ હસે) તમે શબ્દોને નાહકના વેડફી નાખો છો... સ્વભાવે તમે કરકસરિયા નહીં, ઉડાઉગીર છો, હો...

'અ' : (ચિડાઈને) શું?

'બ' : યસ... જુઓ ને, મેં અહીં બેસવાનું પૂછ્યું તો



તમે ઇશારાથી હા કહેવાની સાથે બીજું વધારે બોલી નાખ્યું...

'અ' : હેં?

'બ' : ને મેં કહ્યું કે "એક વાત પૂછું?" તોપણ તમે 'યસ' કે 'નો' કહેવાના બદલે વધારાનું કહી દીધું. એને શબ્દોનો વ્યય જ કર્યો કહેવાય ને?

'અ' : અને તમે... પંચાતિયા, ખણખોદિયા પ્રકૃતિના લાગો છો મને!

'બ' : (હસીને) વ્હોટ?

'અ' : નહીં તો શું? બાંકડે બેસવું હતું તો બેસી ગયા, પછી બીજી લપ્પનછપ્પન - પંચાત કર્યા વગર રહી શક્યા નહીં તમે... બાકી મને કંઈ શબ્દોનો ધોધ વહેવડાવવાનો શોખ નથી, સમજ્યા? અરે, મારા બધા શોખ હવે મરી પરવાર્યા છે!! (મોં ફેરવી બોલી જાય)

('બ' કંઈ જવાબ દેવા જાય... પછી ચૂપ રહે...

થોડી ક્ષણો 'અ' અને 'બ' વચ્ચે શાંતિ... ત્યાં ત્રીજી વ્યક્તિ 'ક' આવે છે... બાંકડે જગ્યા જોઈ બંનેને કહે છે)

'ક' : થોડી જગ્યા કરો તો હું પણ બેસી શકું...

(સાંભળીને પહેલાં 'અ' અને 'બ' વચ્ચે આવી જાય છે. સાઇડમાં જગ્યા કરે છે. 'ક' બેસવા જાય ત્યાં તરત જ અલગ-અલગ દિશામાં ખસીને વચ્ચે જગ્યા આપે છે)

'ક' : (સહેજ નવાઈ પામતાં... બેસે... બંનેની તરફ જોઈ) થેન્ક્યૂ સો મચ...

'અ' : (ચીડથી) એમાં થેન્ક્યૂ શેનું? આ બાંકડો કોઈના બાપનો નથી.

'ક' : બરાબર છે, છતાંય જગ્યા કરી આપી - કર્ટસી બતાવી એ માટે ધન્યવાદ.

'અ' : ('બ'ને ઉદ્દેશીને) હવે આ શ્રીમાનના સ્વભાવ વિશે તમારે તમારો ઍક્સ્પર્ટ ઓપિનિયન આપવાનો છે? વિશેષ ટિપ્પણી?

(‘બ’ કંઈ બોલતો નથી)

‘ક’ : તમે એકબીજાને જાણો છો?

(‘બ’ ડોક હલાવી હા કહે... ‘અ’ ના કહે)

‘ક’ : હા... ના...? ગજબ છે યાર... આમાં મારે શું સમજવું?

‘બ’ : હા... એટલે કે થોડો પરિચય છે એમ માની શકાય...

‘ક’ : ઓ...કે... તો પછી આપ મહાશય ના કેમ પાડો છો?

‘અ’ : અરે, હજી બે-પાંચ મિનિટ પહેલાં અમે ફર્સ્ટ ટાઇમ અહીં આવ્યા છીએ... બે-ચાર વાક્યોની આપ-લે થઈ છે... એમાં એકબીજાને જાણીએ છીએ એમ કેમ કહેવાય? કહેવાય?

‘ક’ : હં... હા પણ અને ના પણ.

‘અ’ : ઓહ... તમેય ડબલ ઢોલકીના બજવૈયા નીકળ્યા!

(થોડીવાર ત્રણેય મૌન... ‘અ’ વિચારોમાં ડૂબે... ‘બ’ મોબાઈલ મચડે... ‘ક’ પ્લેટફૉર્મ ઉપર નજર દોડાવે... અચાનક ‘અ’ ને પૂછે)

‘ક’ : આજે આગળ હેવી રેઈનના કારણે બધી જ ટ્રેનો બે-ચાર કલાક લેટ દોડી રહી છે... તમારે કઈ ટ્રેન પકડવાની છે?

‘અ’ : (વિચારમાંથી ઝબકીને) હં... કંઈ પૂછ્યું?

‘ક’ : તમારે કઈ ટ્રેન પકડવાની છે?

‘અ’ : જે પહેલી આવે એ.

‘ક’ : મજાક કરો છો, યાર?

‘અ’ : નો... આઇ એમ વેરી સિરિયસ...

‘ક’ : (હસે) એમ તે કંઈ હોય... વ્યક્તિએ જ્યાં જવાનું હોય ત્યાં લઈ જતી ગાડી જ પકડવાની હોય ને... સાચે જ કહો... તમારે ક્યાં જવાનું છે?

‘અ’ : પરલોક... આ દુનિયા છોડીને બીજી દુનિયામાં કાયમ માટે...

(‘બ’ અને ‘ક’ ને કંઈ સમજાતું નથી... પ્રશ્નસૂચક નજરે પરસ્પર જુએ... ત્યાં ટ્રેન આવવાની વ્હિસલ સંભળાય... ટ્રેન નજીક આવવાનો અવાજ... ‘અ’ વિહ્વળ થઈ ને ઊભો થઈ જાય ને ટ્રેન પ્લેટફૉર્મ ઉપર આવવાના અવાજ સાથે પાટા તરફ ધસી જાય... ‘બ’ અને ‘ક’ ચમકે... દોડીને ‘અ’ ને બચાવી લે... ખેંચી લાવે)

‘બ’ : પરલોક? બીજી દુનિયા? ઓહ... મતલબ સ્યુસાઇડ કરવો હતો તમારે?

‘અ’ : હા, ટ્રેન નીચે ઝંપલાવીને મારે ‘ધી એન્ડ’ લાવી દેવો છે... આ જીવનનો...

‘ક’ : આત્મહત્યા? શું કામ?

(ત્યાં બાવાજી પણ પાસે આવી ગયા હોય છે.)

બાવાજી : આ યુવાન થોડીવાર પહેલાં આમ જ પસાર થઈ રહેલી ગાડી નીચે મરી જવા દોડ્યો હતો... પ્રભુકૃપાથી મારું ધ્યાન ગયું અને... ભલા માણસ, તું બે-બે વાર બચી ગયો છે. એનો અર્થ ભગવાન તને જિવાડવા માંગે છે...

‘બ’ : હં... તારું અમૂલ્ય આ જીવન આમ હમણાં પૂરું નથી થવાનું એનો આ સંકેત છે... સમજ!

‘ક’ : સાચી વાત છે બાપજીની... બેસ, શાંત પડ... અને આ ખોટો વિચાર મનમાંથી કાઢી નાખ...

‘અ’ : મારે મરી જ જવું છે... જીવવાનો કોઈ અર્થ નથી...

‘ક’ : પણ તમારે શા માટે સ્યુસાઇડ કરવો છે?

‘અ’ : બસ, મારા જીવનમાં કંઈ રહ્યું નથી હવે... (થોડું રડી લે... પછી) એક મિનિટ, મને પૂછો છો તમે કે તમારે કઈ ટ્રેન પકડવાની છે? ક્યાં જવાનું છે?

‘ક’ : મારે? ક્યાંય નહીં!

‘અ’ : તો અહીં સ્ટેશને ટાઇમપાસ કરવા આવ્યા છો?

‘ક’ : હું પણ આત્મહત્યા કરવા જ સ્ટેશન પર આવ્યો હતો...

(સાંભળીને ‘અ’ અને ‘બ’ ચમકે... ‘ક’ ને જોઈ રહે)

આજે - અત્યારે નહીં... એક વર્ષ પહેલાંની વાત છે... એ દિવસે હતાશાની પળોમાં, જીવનથી કંટાળીને, ગાડી નીચે કચડાઈ મરવા જ આવેલો... પણ આયુષ્ય હતું તે કોઈકે મને બચાવી લીધો... એ ક્ષણે, સ્યુસાઈડ કરવાનો ક્ષણિક આવેશ પણ વીતી ગયો... પછી નવું જીવન શરૂ કર્યું... એ બધું બરાબર ચાલે છે...

'બ' : થેન્ક ગોડ...

'ક' : એમ, ત્યારથી ક્યારેક આ તરફ નીકળ્યો હોઉ ત્યારે સ્ટેશને આવી, થોડીવાર બેસીને ઘટનાને યાદ કરી, જાતને ઠપકો આપી - ઈશ્વરનો આભાર માની જતો રહું છું.

'બ' : જોયું ને? તમે પણ સ્યુસાઈડનો વિચાર મનમાંથી કાઢી નાખો, સૌ સારાં વાનાં થઈ રહેશે.

'અ' : પણ મારે કોના માટે જીવવાનું? પરિવાર, સંબંધો, સમાજ બધું જ નકામું છે...

'બ' : (એની પાસે બેસે... સહાનુભૂતિથી પૂછે) દગો, વિશ્વાસઘાત થયો લાગે છે તમારી સાથે... એનો બહુ મોટો આઘાત લાગ્યો છે તમને...

'ક' : સંસાર છે, ચાલ્યા કરે આવું બધું... અરે, ઈગો-પ્રપંચ, વિશ્વાસઘાત આવું ન થાય તો જ નવાઈ... પણ એથી આમ જીવન હારી ન જવાય, દોસ્ત...

'અ' : ન ઉચ્ચારતો એ શબ્દ... કોઈ કોઈનો દોસ્ત-મિત્ર નથી હોતો... સ્વાર્થના સંબંધો હોય છે... સ્વાર્થી છે બધા.

'ક' : બધામાં આપણે પણ આવી જઈએ કે નહીં, ભાઈ? શું નામ તમારું?

'અ' : નામ, સગપણ બધું નિરર્થક છે!

'ક' : સગાં સૌ સ્વાર્થનાં હોય છે, કબૂલ... છળ-કપટ-પીઠ પાછળ ઘા, વિશ્વાસઘાતનો ભોગ દુનિયામાં ઘણા બધા બનતા હોય છે જ... પરંતુ બધા આવું આત્યંતિક પગલું નથી ભરતા...

'અ' : બીજાંની ખબર નથી મને... પણ મારાથી આ સહન નથી થતું. હું જીવી નહીં શકું.

'બ' : ભલે... તમારી મરજી... નેક્સ્ટ ટ્રેન આવે ત્યારે ચાન્સ લઈ જોજો...

'ક' : ત્યાં સુધી તમને કઈ વાતનો આટલો કારમો ઘા લાગ્યો છે એ કહેશો? વાંધો ન હોય તો...

'બ' : કહો... શબ્દોનો વ્યય, વાણીનો વેડફાટ કરો છો એમ નહીં કહું, બસ!

બાવાજી : બોલો ભાઈ... મન હળવું થશે...

'અ' : (ખિન્ન થઈ... થોડું રડી પડતાં) પત્ની બેવફા નીકળી... જેને હું મારા પ્રાણથી અધિક ચાહતો ને રાખતો હતો... એ જ મને દગો આપીને જતી રહી... લગ્નને પૂરું એક વર્ષેય નથી થયું, હજી સંસાર શરૂ કર્યો હતો ત્યાં અચાનક... (રડી પડે... સ્વસ્થ થઈ) કેટલી મજાથી રહેતાં હતાં અમે બંને... મને એ એટલો પ્રેમ કરતી હતી કે પોતાના કાંડા પર અમારાં બંનેનાં નામનું છૂંદણું પણ કોતરાવ્યું હતું.

'બ' : તો એકદમ શું બની ગયું?

'અ' : મને એ જ સમજાતું નથી... શું ઓછું આવ્યું? મારાથી કંઈ ભૂલ થઈ કે એ મને છોડીને જતી રહી? (ડૂસકું ભરે...)

'ક' : વેરી સેડ... એક વાત પૂછું? તમારી વાઈફ તમને છોડીને ચાલી ગઈ... એટલે કોઈ બીજા જોડે... સોરી, હં...

'અ' : એ જ ખબર નથી. સવારે અમારે સહેજ બોલવાનું થયું હતું. હું ઑફિસથી આવ્યો ત્યારે ચિઠ્ઠી પડી હતી: "આપણે જોડે નહીં રહી શકીએ. હું જાઉ છું... કાયમ માટે..." મારું દિલ તૂટી ગયું છે... હૈયું ભાંગી પડ્યું છે... એના વિના મારે જીવીને શું કામ છે?

'ક' : દોસ્ત, દિલ તૂટી ગયું છે તમારું, કબૂલ... એવું થાય જ... પણ હજી હાથ-પગ ને દિમાગ એ બધું સાબૂત છે ને તમારું?

'અ' : તેથી શું?

'બ' : નવેસરથી જિંદગીની સફર શરૂ કરવાની.

'અ' : એટલે?

'બ' : મને નથી સમજાતું કે તમારી લાઈફ પાર્ટનર

તમને છોડીને સુખેથી જીવી શકે અને તમે જીવ આપી દો? શું કામ? તમે પણ જીવીને બતાવી દો કે "તને મારી પડી નથી તો હુંય તારા વિના મજાની લાઈફ જીવી શકું છું."

'ક' : બસ... ઈશ્વરે તમને બબ્બે વાર જીવવાનો ચાન્સ આપ્યો છે તો એની પાછળ નિયતિની કોઈ અલગ મરજી હોઈ શકે છે.

બાવાજી : હાસ્તો... એની મરજી વિના પાંદડુંય ફરકી નથી શકતું.

'અ' : હં... (સાંભળી રહે)

'ક' : અને જો તમે કંઈ ખોટું નથી કર્યું, તમારો કોઈ વાંક નહીં હોય તો તમને દગો દેનારને એક દિવસ જરૂર પસ્તાવો થશે, થશે ને થશે...

'અ' : આ બધું વાર્તા, નાટક, ફિલ્મમાં જોવા મળે... રિયલ લાઈફમાં નહીં... અને ગઈ તે ગઈ... મારું જીવન બરબાદ કરીને... એમાં મારે જીવીને શું કામ છે?

'બ' : રિયલ લાઈફનું પ્રતિબિંબ ને પડછાયો જ હોય છે રીલ લાઈફમાં... નકારાત્મકતાને દો જાકારો, હકારાત્મકતાને આવકારો...

'અ' : અરે પણ...

'ક' : (વચ્ચે જ) અને સાંભળો... ટ્રેન નીચે ઝંપલાવ્યા પછી મરી જઈએ તો તો વાત પતી જાય... પણ ન કરે નારાયણ ને આયુષ્ય જોર કરતું હોય તો પ્રાણ પણ ન જાય અને કેવળ હાથ-પગ કપાઈ જાય તો...?

'અ' : તો?

'બ' : તો? અરે તો... જીવવાનું કેટલું અઘરું થઈ પડે એ તો વિચાર કરો...

બાવાજી : અને તમારા જવાથી કે હાથ-પગ વગર કોઈ મોટી ખોડ સાથે જીવવું તમને ને તમારાં મા-બાપ, બીજા પરિવારજનોને કેવું વસમું... થઈ પડે... ખરું કે નહીં?

'અ' : હં... હા...

'ક' : અને બચી ગયા તો સ્યુસાઈડના પ્રયાસનો પોલીસ કેસ થાય! આ બધી વાતનો ખ્યાલ કરવો રહ્યો...

બાવાજી : અને ભલા ભાઈ, જિંદગીમાં પ્રશ્નો, પડકારો, હતાશા-નિરાશા આવતાં રહે છે. એ વિપરીત સંજોગોમાં ધીરજ ને હિંમતથી સમય સાચવી લઈએ તો પછી બધું સારું થઈ જાય છે... ગાયું છે ને કે:

"રાતભર કા હૈ મહેમાન અંધેરા,
કિસ કે રોકે રુકા હૈ સવેરા..."

ઘોર અંધારી રાત પછી આશાનાં કિરણો લઈને નવી સોનેરી સવાર અચૂક આવે જ છે ને...

(ત્યાં દૂર પ્લેટફૉર્મના છેડે, જ્યાં બીજો બાંકડો છે ત્યાં કોલાહલ સંભળાય...)

'ક' : ત્યાં કંઈ ગરબડ થઈ લાગે છે... હું જોઈ આવું... (તરત ઝડપથી એ તરફ જાય છે...)

બાવાજી : "ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે, ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે..."

(ગાતાં ગાતાં પોતાના ઓટલે જાય... 'અ' અને 'બ' બંને મૌન બેસી રહે... ત્યાં 'ક' પાછો આવે)

'બ' : શું થયું છે ત્યાં?

'ક' : અહીં જેવો જ મામલો છે ત્યાં પણ!

'બ' : એટલે?

'ક' : કોઈ બાઈ માણસ ટ્રેન નીચે પડતું મૂકવા આવેલી... પોલીસે ને બીજા પૅસેન્જરોએ બચાવી લીધી.

'બ' : થૅન્ક ગોડ...

'ક' : એ બાઈ રડતાં રડતાં બોલ્યાં કરે છે કે "મને મરી જવા દો... મારે જીવવું નથી... હું... જીવવાને લાયક નથી..."

'બ' : પણ કંઈ કારણ ખબર પડી?

'ક' : ના, રડ્યા કરે છે ને બોલ્યા કરે છે: "મારે મરી જવું છે... મેં મારા પતિને દગો દીધો છે... હું જીવવાને લાયક નથી..."

('અ' બધું ધ્યાનથી સાંભળે... આંખોમાં ચમક...)

'બ' : હે ભગવાન! તારો ખેલ ગજબ છે... કોઈને

દગો થયો છે તેના આઘાતમાં મરવું છે અને બીજાને પોતે કોઈને દગો આપ્યો છે એના પસ્તાવારૂપે જીવ આપી દેવો છે...

'ક' : સાચી વાત છે...

'બ' : એ બહેન કોણ છે, ક્યાંનાં છે? કંઈ જાણવા મળ્યું?

'ક' : બધા તેને પૂછે છે પણ બહેન નામ-ગામ બોલતાં નથી... ('અ' સામે આંખ મિચકારી... ઈશારાથી ચૂપ રહેવા સમજાવે) હા, પણ એ બહેનના કાંડે ચીતરેલું છૂંદણું નજરે પડ્યું...

'અ' : કાંડા ઉપર છૂંદણું! જમણા હાથે?

'ક' : હં... હા...

'અ' : 'જે. કે.' ચિતરાવેલું છે?

'ક' : હં... 'જે. કે.'? ના... હા... કદાચ... (બંનેને કંઈ સમજાતું નથી... પ્રશ્નસૂચક નજરે 'ક' ને તાકી રહે... 'ક' હાથથી શાંતિ રાખવા સમજાવે)

'અ' : 'જે. કે.'... એટલે (ઈશારાથી) એ જિજ્ઞા ને હું કમલ... 'જે. કે.' તો એ જ...

'બ' : એ જ એટલે?

'ક' : કમલભાઈનાં વાઈફ જિજ્ઞાબેન!

'અ' : (એક તરફ જોઈ... આશાભેર...) જિજ્ઞા! મારી જિજ્ઞાને સાચે જ પસ્તાવો થયો છે...

'બ' : ('ક' ને બીજી તરફ લઈ જઈને) સાચે જ ત્યાં આમની વાઈફ છે?

'ક' : કોઈ યુવતી આત્મહત્યા કરવા જઈ રહી હતી એટલી વાત સાચી છે...

'બ' : મતલબ?

'ક' : એના જમણા કાંડે છૂંદણું, 'જે. કે.' અક્ષરો, બહેનનું રડતાં રડતાં એટલું બોલવું કે "મેં મારા પતિને દગો દીધો છે..." એ...

'બ' : ખોટું? આવું કરાતું હશે?

'ક' : આ મિત્રના દિલમાં નવી આશા જગાવવા માટે કર્યું છે...

'અ' : ભાઈ, એને સાચે જ પસ્તાવો થયો છે?

'ક' : લાગે છે એવું... એટલે તો જીવ દેવા તૈયાર થઈ છે!

'અ' : હું જાઉ છું... જિજ્ઞા... જિજ્ઞા... (ઝડપથી નીકળવા જાય)

'બ' : ઊભા રહો, ભાઈ... કોઈ બીજુંય હોઈ શકે ને? પૂરતી ખાતરી કર્યા વિના...

'ક' : અને કદાચ ન હોય તો શું? કાલે એમની જિજ્ઞાનેય પસ્તાવો થશે અને એ એમના જીવનમાં જરૂર પાછી આવશે... રાઇટ?

'અ' : હં... હેં? હા...

'બ' : યસ, આશા અમર છે...

'ક' : અરે એટલે તો ભગવાને તમને બબ્બેવાર જીવનદાન આપ્યું છે...

'અ' : હં... હા...

'બ' : જ્યારે મળે ત્યારે તમે જિજ્ઞાબેનને માફ કરી દેજો ને ફરીથી સુખભર્યો સંસાર શરૂ કરજો... એવી શુભેચ્છા છે અમારી...

'ક' : યસ, ઓલ ધ બેસ્ટ!

(ત્યાં પાસે આવેલા બાવાજી કહે છે)

બાવાજી : ભલા ભાઈ, આજ નહીં તો કાલ સૌ સારાં વાનાં થશે એવી શ્રદ્ધા રાખીને, ધીરજ ધરીને પરમકૃપાળુ પરમાત્માએ આપેલા જીવનને સાચવજો... સદા ખુશ રહો...

('અ' ની આંખોમાં ચમક ને ચહેરા ઉપર આશાના ઉજાસ સાથે ડગ ભરે... 'બ' અને 'ક' અંગૂઠો ઊંચો કરી બિરદાવે... બાવાજી ગાતા ગાતા જાય)

"હરિ તું ગાડું મારું ક્યાં લઈ જાય...
એ કાંઈ ના જાણું...
સુખ ને દુઃખનાં પૈડાં ઉપર ગાડું ચાલ્યું જાય,
કદી ઊગે આશાનો સૂરજ, કદી અંધારું થાય...
હરિ તું ગાડું મારું..."

(ભજન ચાલતું હોય ને પડદો પડે...)

બી-૧૦૪, સિદ્ધરાજઝોય, રાંદેસણ,
મેટ્રો સ્ટેશન પાસે, રાંદેસણ,
ગાંધીનગર - ૩૮૨૪૨૬
મો. ૯૪૨૬૦૮૪૬૩૨

ઊલટી ગંગા (એકાંકી)

રવીન્દ્ર પારેખ

પાત્રો: પ્રવક્તા, હોટેલ માલિક, વેઇટર, જજ, પ્રૉસિકયૂટર, ગ્રાહક, ચર્ચકો ૧,૨ ને ગૃહિણી

(પડદો ઊપડે ત્યારે સ્ટેજ જુદા જુદા લોકાલ દર્શાવતું નજરે પડે. એક ખૂણે ફાઇવ સ્ટાર હોટેલનો ડાઇનિંગ-હૉલ, એક તરફ કોર્ટ. આ બધું સિમ્બોલિક હોય. પ્રવક્તા પ્રવેશે)

પ્રવક્તા : (હાથ જોડતાં) નમસ્કાર. હું છું 'ઊલટી ગંગા' નાટકનો લેખક અને પ્રવક્તા. મારું કામ તમને સૂચનાઓ આપવાનું છે. આમ તો હું દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી જેવો છું. શું છે કે એકાંકી બહુ ભજવાતાં નથી, એટલે તેનું સ્ટેજ કોર્ટનું હોય કે ફાઇવ સ્ટાર હોટેલનું, એ બતાવાય નહીં. બતાવવા બેસું તો ગુજરી જાઉ. (હસે) એટલે હું તમને વચ્ચે વચ્ચે કહેતો રહીશ. જેમ કે, આ ફાઇવ સ્ટાર હોટેલનો ડાઇનિંગહૉલ છે ને તેમાં એક અમીર ગ્રાહકને (બોલાવે)-

'એઈ !'તું ટેબલ પર જમવા બેસ. (ગ્રાહક આવીને બેસે)

ગ્રાહક : (થાળી ફેંદે. એ, પછી થાળી પછાડતો ઊભો થઈ જાય. સંગીત. સામે વેઇટર લાચારીથી ઊભો છે) ફાઇવ સ્ટાર હોટેલમાં તો આવું ચાલે જ કેમ?

વેઇટર : આયેમ સૉરી, સર !

ગ્રાહક : વ્હૉટ સૉરી! તારા માલિકને બોલાવ.

વેઇટર : સાહેબ, હું સૉરી કહું છું ને ! માલિક નહીં આવી શકે.

ગ્રાહક : નહીં શું આવે, એનો બાપ પણ- (બોલતાં અટકે) સૉરી, માલિકને બોલાવ.

વેઇટર : સારું. વાત કરી જોઉ. (જાય)

ગ્રાહક : (બબડતાં) ફાઇવ સ્ટાર હોટેલમાં આવું પણ ચાલે? આ તે હોટેલ છે કે લારી? એના કરતાં તો લારી સારી. કમ સે કમ એવું મન વાળી શકાય કે લારી પર તો આવું બધું ચાલે. આ તે કંઈ રીત છે?

માલિક : (પ્રવેશતાં) સર, શું થયું?

ગ્રાહક : થાય શું? ફાઇવ સ્ટાર હોટેલમાં આવું બ્લંડર?

માલિક : સર, કહો તો ખરા, શું થયું?

ગ્રાહક : જમવાની થાળીમાં એક નહીં બબ્બે વાંદા નીકળ્યા ને તે પણ જીવતા.

માલિક : તમારે મરેલા જોઈતા હતા? (વેઇટરને) સાહેબને મરેલા વાંદાવાળી ડિશ સર્વ કરો.

ગ્રાહક : તમને આ બધી મજાક લાગે છે? જાણતા નથી હું કોણ છું તે !

માલિક : તમે કહો નહીં તો કેમ ખબર પડે?

ગ્રાહક : હવે કોર્ટમાં જ કહીશ ! સી યૂ ઈન ધ કોર્ટ ! (જવા જાય. ત્યાં-)

માલિક : આયેમ એક્સ્ટ્રીમલી સૉરી, સર ! કોર્ટનો આઇડિયા પડતો મૂકો, પ્લીઝ !

ગ્રાહક : નથિંગ ડુઇંગ ! કોર્ટમાં મળીએ- (એકદમ ગુસ્સામાં ચાલ્યો જાય. અંધકાર. સંગીત. પ્રકાશમાં પ્રવક્તા નજરે ચડે)

પ્રવક્તા : સાહેબ તો માન્યા નહીં ને કોર્ટમાં માલિકને ઘસડ્યો જ !

(અડધેથી કોર્ટ ચાલતી હોય એવું દૃશ્ય)

જજ : હવે ક્યાં સુધી ગ્રાહકની એકની એક વાત કર્યા કરશો, પ્રૉસિક્યૂટર? કેસ આગળ ચલાવો ને !

પ્રૉસિક્યૂટર : (માલિકને) વાંદા નીકળ્યા તે અંગે તમારે શું કહેવું છે?

માલિક : આયેમ સૉરી, સર ! આખી હોટેલ વતી હું

સૉરી કહું છું.

પ્રૉસિક્યૂટર : સૉરી બૉરી રહેવા દો. એ કહો કે તમારે ત્યાં આ સાહેબની થાળીમાંથી વાંદા નીકળ્યા કે નહીં ?

ગ્રાહક : તે પણ જીવતા.

જજ : કોર્ટ પૂછે પછી જ બોલો.

ગ્રાહક : સૉરી, સર !

પ્રૉસિક્યૂટર : (માલિકને-) તમે કબૂલો છો કે વાંદા નીકળ્યા હતા?

માલિક : કબૂલું છું, પણ-

પ્રૉસિક્યૂટર : ધેટ્સ ઑલ !

જજ : (માલિકને-) તમે ગુનો કબૂલો છો?

માલિક : ઓનરેબલ, સર ! આઈ ઍડમિટ-

જજ : તમારું લાઇસન્સ સસ્પેન્ડ કરીએ છીએ (સંગીત)

માલિક : હું બરબાદ થઈ જઈશ, ઓનરેબલ-

જજ : (જજમેન્ટ લખે) કોર્ટ ઇઝ એડજોર્ન !

(અંધકાર. સંગીત. પ્રકાશ થાય ત્યારે પ્રવક્તા બોલે)

પ્રવક્તા : નીચલી કોર્ટે ફાઇવ સ્ટાર હોટેલનું લાઇસન્સ રદ કર્યું, પણ માલિક એમ થોડો બેસી રહે? તેણે ઉપલી કોર્ટમાં અરજી કરી. હવે ઉપલી કોર્ટને ક્યાં લાવું? મિત્રો, આ જ ઉપલી કોર્ટ ને આ જ વકીલ. આ જ જજથી કામ ચલાવો. આને જ ઉપલી કોર્ટ સમજો. (પ્રવક્તા જાય. અંધકાર. અજવાળું થાય તો કોર્ટમાં હથોડી (ગેવેલ) ઠોકાવાનો અવાજ. જજનો 'સાઇલન્સ, સાઇલન્સ' અવાજ સંભળાય)

પ્રૉસિક્યૂટર : યોર ઓનર, કોર્ટમાં ઑલરેડી સાઇલન્સ જ છે.

જજ : આઇ નો, આઇ નો. આ તો શું છે કે કોર્ટમાં ગેવેલ પછાડવાની ટેવ પડી ગઈ છે ને એટલે યૂ સી- (હસે) યૂ મે પ્રોસિડ, મિસ્ટર પ્રૉસિક્યૂટર !

પ્રૉસિક્યૂટર : થેંક યૂ, યોર ઓનર ! (માલિક તરફ ફરતાં) તમારી ફાઇવ સ્ટાર હોટેલમાંથી એક જ થાળીમાંથી બબ્બે વાંદા નીકળ્યા ને તે પણ જીવતા. એ અંગે તમારે શું કહેવું છે?

માલિક : જજસાહેબ, હું ઍડ્મિટ કરી ચૂક્યો છું કે બે વાંદા થાળીમાંથી નીકળ્યા છે. હવે થાળીમાં હાથી નાખું તો જ સવાલ બદલાશે? બીજું કંઈ પૂછો ને, વકીલ સાહેબ.

પ્રૉસિક્યૂટર : એક તો ગુનો કરો છો ને ઉપરથી હોશિયારી મારો છો?

માલિક : સાહેબ, મારું લાઇસન્સ રદ થયું છે તે-

પ્રૉસિક્યૂટર : તે સસ્પેન્ડ જ રહેવાનું છે.

જજ : જજ હું છું કે તમે?

પ્રૉસિક્યૂટર : અફકોર્સ તમે જ છો, સર !

જજ : તો મારા જજમેન્ટ સુધી રાહ જુઓ. (માલિકને) તમારું લાઇસન્સ કેટલા વખતથી સસ્પેન્ડ છે?

માલિક : આઠ મહિનાથી.

જજ : ઘર કેવી રીતે ચાલે છે?

માલિક : આગલી બચત વાપરી રહ્યો છું. આમ પણ સાહેબ, હું આ બિઝનેસમાં નવો છું.

જજ : એટલે વાંદા વેચવાના?

માલિક : આયેમ, સૉરી સર.

જજ : પ્રૉસિક્યૂટર સાહેબ, થોડીવાર તટસ્થતાથી વિચારવા જેવું છે કે થાળીમાંથી માત્ર બે વાંદા નીકળવાને કારણે આપણે એક ફાઇવ સ્ટાર હોટેલનું લાઇસન્સ સસ્પેન્ડ કરીએ છીએ, એ બરાબર છે?

પ્રૉસિક્યૂટર : તમારી વાત સાચી છે, યોર ઓનર. બે વાંદાને કારણે લાઇસન્સ સસ્પેન્ડ ન થાય (માલિક તરફ જોતાં) તો માલિકશ્રી જરા એ કહેશો કે કેટલા વાંદા હોય તો લાઇસન્સ સસ્પેન્ડ કરવું જોઈએ?

માલિક : (ન સમજાતાં) એ હું કેવી રીતે કહું, સાહેબ? લાઇસન્સ, સસ્પેન્ડ તો આપ સાહેબો જ કરો છો ને!

જજ : થોડીવાર માટે 'કોર્ટ કોર્ટ' ભૂલી જઈને એ વિચારવા જેવું છે કે બે વાંદા નીકળવાને કારણે લાઇસન્સ સસ્પેન્ડ થાય છે તો ફાઇવ



સ્ટાર હોટેલનો ધંધો ઠપ થઈ જાય છે. તેનું રેપ્યુટેશન દાવ પર લાગે છે. આ કરવા જેવું ખરું? આ કોર્ટ ગંભીરપણે ઠરાવે છે કે લાઈસન્સ હોટેલને... (સંગીત. દૃશ્ય ફ્રીઝ)

પ્રવક્તા : હોટેલનું ભાગ્યે જ કોઈ સારું બોલે છે, ત્યાં ઉપલી કોર્ટ તેની વહારે આવી. આપણે તો બાપુ ખુશ થઈ ગયા. એ જડબેસલાક જજમેન્ટ પર.

ચર્ચક ૧ : મને તો લાગે છે કે કોર્ટ હોટેલમાં જમવા ગઈ હશે.

પ્રવક્તા : એવું એલિગેશન આપણે ન મૂકી શકીએ. બે વાંદા ગ્રાહકની થાળીમાંથી નીકળ્યા કે સાહેબની પ્લેટમાંથી એ પણ આપણે નથી જાણતા.

ચર્ચક ૧ : મોંકાણ જ એ છે કે આપણે કંઈ જાણતા જ નથી !

પ્રવક્તા : એ જે હોય તે પણ જજમેન્ટ અફલાતૂન આવ્યું. જજ સાહેબોએ તો સાફ સંભળાવી દીધું કે બે વાંદા નીકળે એટલે-

ચર્ચક ૧ : 'લાઈસન્સ સસ્પેન્ડ ન થાય,' ક્યાં સુધી બોલશો, આવું? હવે તો આખો દેશ એ જાણી ચૂક્યો છે કે-

પ્રવક્તા : કોઈ કંઈ જાણતું નથી. તને માલિક જે બોલ્યો એ ખબર જ નથી, જજમેન્ટ તો પછી આવ્યું.

(જાય. ફ્રીઝ દૃશ્ય ફરી શરૂ થાય છે.)

માલિક : વાંદાને કારણે આટલો હોબાળો કર્યો, પણ બીજે જરા જઈને જુઓ કે ખાવામાં શું શું હોય છે? એક હોટેલમાં ઈયળનો ભાત હતો. જોકે, કોઈ કોઈ ભાત પણ હતો ને માખી ન નીકળી હોય એવી ચા કોઈ હોટેલમાં બની જ નથી? માખી વગરની ચા હશે તો હું ધંધો બદલી કાઢીશ. સાહેબ, એક ઈન્ટરેસ્ટિંગ વાત કહું? એક હોટેલમાં એક ગ્રાહક ગયો. તેણે ચા મંગાવી. ચાના ભાવમાં માખી નીકળી. ગ્રાહકે વેઈટરને

કહ્યું. ચામાં તો માખી છે. તો વેઇટર બોલ્યો-આટલામાં માખી નહીં તો શું હાથી આવે? કેટલું બધું બીજે થાય છે તે જોતા નથી ને બે વાંદા નીકળ્યા એટલામાં તો હોબાળો થઈ ગયો. દસબાર વાંદા નીકળે કે બાર પંદર ઉંદર નીકળે તો કૈંકે સમજ્યા, આ તો બે વાંદામાં લાઇસન્સ સસ્પેન્ડ થાય એમાં કોઈ સેન્સ છે?

જજ : (માલિકને) હવે કરવું છે શું?

માલિક : હું શું કરી શકું એમ છું? હું કંઈ કરી શકું એમ છું? બહુ બહુ તો કાલથી બેને બદલે એક જ કોકોચ આવે એટલું-

જજ : વાંદો બોલવાનું રાખો ને ! કોકોચથી ઉપલી કોર્ટ અને જંતરમંતર યાદ આવે છે. એવું કરવાની જરૂર છે? એક પણ વાંદો ન હતો ને એક જજે 'કોકોચ' કહીને વેચાતી લીધી હતી-

માલિક : સૉરી, સર ! હવે વાંદો કહીશ. વાંદો, વાંદો એટલું ચાલ્યું છે કે હું મને માંદો લાગું છું.

જજ : લોકો પણ ખરા છે ! એક વાંદો થાળી સુધી લાવવાનું સહેલું નથી. આટલા વાંદા ખાવાનામાં ઉમેરવાનું મફત નથી થતું. વાંદાને પકડવાનું તો પાંજરું પણ નથી મળતું કે તેમાં પૂરીએ ! વાંદાને પકડો પકડો ત્યાં તો તિરાડમાં ભરાઈ જાય ને આપણે હાથ ઘસતાં રહી જઈએ. કેટલાક વાંદાના તો બ્લેક બોલાય છે. કેટલીય હોટેલો શોધી શોધીને થાકી જાય છે, પણ પિઝામાં નાખવા એક વાંદો નથી મળતો. (ગ્રાહકને) ઉપકાર માનો કે તમારે ભાગે એક નહીં, પણ બબ્બે વાંદા આવ્યા.

ગ્રાહક : જજ સાહેબ, બબ્બે વાંદા આવ્યા તે ખરું, પણ એ મેં માંગ્યા ન હતા.

જજ : બધું માંગવાથી મળતું નથી ને તમે તો નસીબદાર છો કે તમને વગર માંગ્યે બધું મળ્યું. આવું અમને જજોને પણ વીતે છે. અમારા ટેબલ પર પણ વાંદા, વીંછી ફરતાં જ હોય છે. તો અમે ફરિયાદ કરીએ છીએ?

ગ્રાહક : તમને એની સૂગ નહીં હોય, સાહેબ, પણ હું તો બહુ સુગાળવો છું.

જજ : આ કોર્ટ તમારી સૂગ દૂર કરવા બેઠી છે?

ગ્રાહક : એવું તો નહીં, ઈનામદાર. (એકદમ સુધારતાં) સૉરી, નામદાર.

જજ : સાચું કહું તો, રોજની એકાદ માખી તો ખવાઈ જ જતી હશે. આમ તો હું ખ્યોર વેજ છું, તો પણ એકાદ માખી જેટલો નોનવેજ તો હું પણ હોઈશ.

પ્રૉસિક્યૂટર : યોર ઓનર, તમે કેમ લાઇસન્સ આપવાની ફિરાકમાં છો? ગંભીર બેદરકારી હોય તો લાઇસન્સ રદ થવું જ જોઈએ.

જજ : મિસ્ટર પ્રૉસિક્યૂટર ! બે વાંદા કંઈ એવી બેદરકારી નથી કે-

પ્રૉસિક્યૂટર : યોર ઓનર, આઈ એમ નોટ એટઑલ, કન્વીન્સ્ડ ! વાંદા એટલા ગંદા હોય છે કે -

જજ : તમે કેવી રીતે કહો છો કે આ વાંદા, નાહ્યા ધોયા વગર જ થાળીમાં આવ્યા છે?

ગ્રાહક : જજ સાહેબ, કોઈ વાંદાને મેં તો નહાયેલો જોયો નથી.

જજ : તમે કેવી રીતે કહો છો કે વાંદા ન્હાતા નથી?

પ્રૉસિક્યૂટર : યોર ઓનર, ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે તાત્કાલિક જોખમ ઊભું થાય તો-

જજ : લાઇસન્સ સસ્પેન્ડ થઈ શકે. એગ્રીડ !

પ્રૉસિક્યૂટર : થૅંક યૂ, યોર ઓનર !

જજ : મને એ કહો કે આ બે વાંદા કોઈ માટે જોખમી થયા છે?

પ્રૉસિક્યૂટર : નો, યોર ઓનર !

જજ : તો કયા આધાર પર લાઇસન્સ રદ કરી શકાય? આ વાંદા માણસ માટે જોખમી નથી, બલકે, માણસ વાંદા માટે જોખમી છે. એક ઝાપટ મારીને તે વાંદાના રામ રમાડી શકે છે. એવી ઝાપટ વાંદા માણસને મારી શકતા નથી. મતલબ કે વાંદા, માણસ જેટલા જોખમી ક્યારેય રહ્યા નથી.

પ્રૉસિક્યૂટર : એટલે વાંદાને ગમે ત્યાં ઘૂસી જવાની છૂટ, એમ ?

જજ : આપણે વાસ્તવિક જગતમાં રહેવું જોઈએ, મિસ્ટર પ્રૉસિક્યૂટર ! મતલબ કે પ્રૅક્ટિકલ થવું જોઈએ. આપણે આ જ દેશમાં રહેવાનું છે...

ગ્રાહક : એટલે બધું ચાલે?

જજ : (ઇગ્નોર કરતાં) કોઈ નાની હોટેલ હોય તો સમજ્યા, આ તો ફાઇવસ્ટાર હોટેલ છે. એનું લાઇસન્સ રદ કરો તો હોટેલનાં રેપ્યુટેશનને કેટલો ધક્કો પહોંચે, તે તો વિચારો. વિદેશમાં લાઇસન્સ સસ્પેન્ડ થતું પણ હશે, તેનો અર્થ એવો નથી કે આપણે તેની નકલ કરવી.

પ્રૉસિક્યૂટર : એ જે હોય તે, હોટેલનાં કિચનમાં જીવાત મળી આવી હતી એ હકીકત છે. એક વાત બહુ સ્પષ્ટ છે, યોર ઓનર, ખાદ્ય સામગ્રી અને ચોખ્ખાઈમાં કોઈ કોમ્પ્રોમાઇઝ કરી શકાય નહીં !

જજ : ખાલી બે વાંદા નીકળ્યા-

પ્રૉસિક્યૂટર : વાંદા બે હોય કે બાવીસ, નિયમ બધા માટે સરખો જ હોય !

જજ : તમારી વાત, કોર્ટને ગળે ઊતરતી નથી.

પ્રૉસિક્યૂટર : ગળે તો મારેય નથી ઊતરતી.

જજ : (હસતાં) તો પણ મોટું માછલું જ નાના માછલાને ગળે છે, ક્યારેય નાનું માછલું મોટાને ગળતું હોય એવું જોયું છે?

પ્રૉસિક્યૂટર : સમજી ગયો, યોર ઓનર ! હું તો નાનું માછલું જ છું. તમતમારે જજમેન્ટ આપો ! (અંધકાર. સંગીત. પ્રકાશ થાય ત્યારે-)

પ્રવક્તા : આ જજમેન્ટ ગળે ઊતરે કે ના ઊતરે, કોર્ટે ફાઇવ સ્ટાર હોટેલનું લાઇસન્સ પાછું આપવાનો આદેશ આપ્યો. પ્રૉસિક્યૂટરે ઘણી દલીલો કરી. જેમ કે હોટેલ ડિસ્કાઉન્ટમાં ફૂડ સપ્લાય કરે છે? તો જજે કહ્યું કે ઉપકાર માનો કે વાંદા નીકળવા છતાં હોટેલ એક્સ્ટ્રા ચાર્જ નથી કરતી. આ જજમેન્ટથી ઘરોમાં વાંદા, ગરોળી ચારોળીની જેમ વપરાય તો નવાઈ નહીં. આની એક અસર ઘરમાં કેવી પડે એ પણ જોઈએ.

ગૃહિણી : (વેલણ સાથે) જમવામાં દાળમાંથી વાંદો નીકળે કે વાંદામાંથી દાળ નીકળે તો પંચાત ન કરો.

ચર્ચક ૨ : (જમતો હોય તેમ) કોઈ કોઈ દાળ પણ હોવી જોઈએ ને ! આ તો દાળમાં વાંદો ને તે પણ-

ગૃહિણી : હોટેલમાંથી વાંદો આવે છે તો દાળ પીઓ છો કે નહીં? ત્યારે દાળ પાછી આપવા જાઓ છો?

ચર્ચક ૨ : એટલે મારે બીજાં કોઈ કામ જ નથી તે દાળ આપવા-લેવા દોડ્યા કરું?

ગૃહિણી : કોઈ દોડવાનું કહેતું નથી, આ તો ઘરના વાંદા કરડવા દોડે છે તેનો વાંધો છે.

ચર્ચક ૨ : હવે દાળમાંથી વાળ નીકળે કે ગાળ, હું ચૂપ જ મરી રહીશ !

ગૃહિણી : રોજ જ બોલ-બોલ કરો છો, કોઈ દા'ડો તો કરી બતાવો.

ચર્ચક ૨ : એટલે તું ઇચ્છે છે કે હું મરી જાઉં?

ગૃહિણી : એવું ઇચ્છવા કોઈ નવરું નથી.

ચર્ચક-૨ : તું શું ઇચ્છે છે, હું વાંદા પીધે રાખું?

ગૃહિણી : ઘરનો વાંદો છે તો ચલાવતાં શીખો. તમને તો ગરોળી પણ હોટેલની જ ફાવે છે. ઘરની ગરોળી તો ખાવા દોડે છે.

ચર્ચક ૨ : આપણે ઉચ્ચવર્ણ છીએ. કોઈ વાર ઠીક છે, પણ રોજ જ વાંદો નીકળે તો મોઢું વંકાય કે નહીં?

ગૃહિણી : હવે બધાં બધું જ ખાતાં થઈ ગયાં છે. આજના જ સમાચાર છે કે ખુલ્લા ખોરાક પર ઉંદરો ફરતા હતા. તે ઉચ્ચ વર્ણ નહીં ખાતો હોય? રોજ જ નખરાં ના કરો. તાજો જ કિસ્સો સુરતનો કહું. એક રેસ્ટોરન્ટમાં એક પરિવારના પાંચ સભ્યો જમવા ગયા. પંજાબી શાક ખાધું તો જમ્યા પછી બધાં

સભ્યોને ફૂડ પૉઇઝનિંગ થઈ ગયું ને તેમાં પાંચ વર્ષની એક દીકરી ગુજરી ગઈ. તો. લોકો એ હોટેલમાં જવાનું છોડી દેશે? આ બધી તમારી જ વરણાગી છે, બાકી, બધું સારું-ખરાબ ખવાઈ જાય છે.

ચર્ચક ૨ : હા. હવે તો બધું જ ભેળસેળિયું થઈ ગયું છે.

ગૃહિણી : કાલનો જ એક કિસ્સો કહું. એક હોટેલમાં એક ગ્રાહકે વેજ બિરયાનીનો ઓર્ડર આપ્યો. બિરયાની તો આવી ગઈ, પણ પછી તેણે ધડાધડ ફોન કરવા માંડ્યા. (અંધકાર. સંગીત. પ્રકાશ થાય ત્યારે ગ્રાહક ફોન કરતો દેખાય.)

ગ્રાહક : હે ડુક્કરો! ફોન ઉપાડો ને ! ક્યાં મરી ગયા બધા? કોઈ ફોન જ ઉપાડતું નથી. ફોન કરી કરીને થાકી ગયો. હવે નહીં લાગે તો હોટેલ પર જ જઈશ. હેલ્લો. (ફોન પર હાથ દાબતાં) લાગ્યો ખરો. (ફોન પર) હેલ્લો, ક્યારનો ફોન કરું છું તો ઉપાડતા કેમ નથી?

અવાજ : સૉરી, સર !

ગ્રાહક : ખૂન કરીને સૉરી કહો તો ચાલશે?

અવાજ : થયું શું તે તો કહો, સાહેબ.

ગ્રાહક : મેં વેજ-બિરયાની મંગાવી તો મને ચિકન બિરયાની મોકલી આપી.

અવાજ : વી આર વેરી સૉરી, સર !

ગ્રાહક : વ્હોટ સૉરી? હું ઉચ્ચવર્ણનો છું, આજ સુધી નોન-વેજ મારા ઘરમાં આવ્યું નથી.

અવાજ : સર, હું વેજ-બિરયાની મોકલી આપું.

ગ્રાહક : તમે ઑર્ડર પર પૂરું ધ્યાન આપો. આ રીતે તો વેજને નોન-વેજ ને નોન-વેજને વેજ પહોંચતું રહેશે. આમને આમ તો નોન-વેજી વેજ થઈ જશે ને વેજ નોન-વેજી થઈ જશે. તમે તો વેજ બિરયાનીમાં પણ વાંદો, ગરોળી, ઉદર, કીડી, મંકોડા વીણી વીણીને નાંખશો.

અવાજ : તમને વેજ બિરયાની-

ગ્રાહક : હવે કંઈ મોકલશો નહીં. મને હજી ઊલટી થાય એવું લાગે છે.

અવાજ : સૉરી, સર !

ગ્રાહક : ઇટ્'સ ઓકે. (ફોન કટ કરે. એક્ઝિટ)

પ્રવક્તા : (પ્રેક્ષકોને) આ તો ઘરેલુ વાતો થઈ. હોટેલમાં શું થઈ શકે તે પણ જોઈ લો. થયું શું કે વાંદા પ્રકરણે આખા રાજ્યમાં વાંદાની કિંમત વધારી દીધી, એટલું જ નહીં, કીડી, મંકોડા, ઉદર, બિલાડી...બહુ મોંઘાં થઈ ગયાં. (જતાં જતાં એક અને બે ને ઉદ્દેશીને) હોટેલ સીન. (જાય. એક અને બે ટેબલ ગોઠવે. બંને સામસામે ગોઠવાય. વેઇટર આવીને પાણી મૂકી જાય. ચર્ચક-૧ અને ચર્ચક-૨ વાતો કરે)

ચર્ચક ૧ : યાર, જ્યારથી કોર્ટનું લાઇસન્સ પરત કરવાનું જજમેન્ટ આવ્યું છે, ત્યારથી વેજ હોટેલો પણ નોન-વેજ થઈ ગઈ છે.

ચર્ચક ૨ : પણ એવું કરવાનો લાભ શો? (પાણી પીએ ને સામે પણ આપે)

ચર્ચક ૧ : લાભ તો ખરો જ ને ! નામના વાંદા ગરોળી નાખે ને ચાર્જ નોન-વેજનો લેવાય-

ચર્ચક ૨ : નફો જ નફો.

ચર્ચક ૧ : ઍકઝેક્ટલી ! બધાંને જ રાતોરાત અબજોપતિ થવું છે.

ચર્ચક ૨ : થાય ને ! કોણ ના પાડે છે, પણ એ બધું લોકોના જીવ પર તો ના હોય ને !

ચર્ચક ૧ : તું આમ નેતાઓ જેવું ના બોલ. કોઈ સાંભળશે તો એના પક્ષમાં ખેંચી જશે.

ચર્ચક ૨ : કોઈ લઈ જતું હોય તો મારી તો ના જ નથી. પણ (આમતેમ જોતાં. કાનમાં કહેતો હોય તેમ) મને તો તું વેજ રેસ્ટોરન્ટમાં જ લાવ્યો છે ને?

ચર્ચક ૧ : ૧૦૦ પરસેન્ટ વેજ છે, ચિંતા ના કર.

ચર્ચક ૨ : આજની ટ્રીટ તારા તરફથી છે. હું પૈસા ઘરે મૂકીને આવ્યો છું. (હસે)

ચર્ચક ૧ : ચિંતા ના કર. શાંતિથી જમજે.

વેઇટર : (મોબાઇલ પર ઓર્ડર નોંધે. ટેબલ પર

કટકો મારે ને ઓર્ડર લેતાં) સર !

ચર્ચક ૧ : એક સ્વીટકોર્ન સૂપ. વન બાય ટુ.

વેઇટર : ઓકે. સ્વીટકોર્ન સૂપ વિથ કોક્રોચ ઓર રેડ એન્ટ?

ચર્ચક ૧ : પ્લેઇન સૂપ.

વેઇટર : ઇટ ઇઝ નોટ અવેલેબલ, સર !

ચર્ચક ૧ : કુછ ભી પ્લેઇન મેં હૈ યા નહીં ?

વેઇટર : કોક્રોચ કે સાથ પ્લેઇન હી આયેગા?

ચર્ચક ૨ : વિધાઉટ કોક્રોચ ચાહીએ.

વેઇટર : તો રેડ એન્ટ કે સાથ હી લે લિજિયે ના. વો ભી પ્લેઇન હી આયેગા.

ચર્ચક ૧ : ઓકે. ઓર્ડર બાદ મેં દેતે હૈ. અચ્છા, યે બતાઓ કિ યહાં કા ફેમસ ક્યા હૈ?

વેઇટર : કોક્રોચ વિથ ટોમેટો ક્રીમ, બટર વિથ ફ્લાય, મેથી મટન મલાઈ, નરગીસ કોફ્તા વિથ હાફ કોક્રોચ, વૈસે તો યહાં કા સબ કુછ ફેમસ હૈ.

ચર્ચક ૨ : બિના કોક્રોચ કા કુછ નહીં હૈ?

વેઇટર : હોટેલ કા નામ હી કોક્રોચ હૈ તો બિના કોક્રોચ કા કૈસે હોગા?

ચર્ચક ૧ : હોટેલ તો વંદન હૈના?

વેઇટર : વંદન કો ઈંગ્લિશ મેં vandan લિખા હૈ. લેકિન વાંદાન-સહી નામ હૈ. અગર યહ ગુજરાતી મેં લિખતે તો વેજ ગ્રાહક નહીં આતે.

ચર્ચક ૨ : તો બોર્ડ પર 'વાંદાન' લિખના ચાહીએ ના. યહ તો ચીટિંગ હૈ.

વેઇટર : સૉરી, સર ! લિજિયે માલિક ભી આ રહે હૈ. આપ ઉનસે હી બાત કર લિજિયે. મગર મેરા નામ મત લેના, સાહબ ! વરના મુઝે નોકરી સે હાથ ધોના પડેગા.

માલિક : વેલકમ, સર !

ચર્ચક ૧ : તમારે ત્યાં વાંદા સિવાયની કોઈ આઈટેમ જ નથી?

માલિક : હોટેલનું નામ જ એવું છે...તો શું કરીએ?

ચર્ચક ૨ : તો ગુજરાતીમાં પણ લખો ને -વાંદાન !

માલિક : તો આવે કોણ? વેજ ગ્રાહક એ બહાને હોટેલ સુધી આવે તો છે ! કેટલાક અહીં આવીને વાંદા સૂપ પીને જાય છે. કેટલાક તો અહીં આવીને નોન-વેજ પણ બની જાય છે.

ચર્ચક ૧ : તમને વેજને નોન-વેજ બનાવવાનું કામ સોંપાયું છે?

માલિક : એવું નથી, સાહેબો ! જેમણે ઘરમાં વેજ અને બહાર નોન-વેજ રહેવું છે તેમને 'વંદન' સપોર્ટ કરે છે. એમની પાસેથી પૈસા મળે છે એ સિવાય અમારો કોઈ સ્વાર્થ નથી. અહીં આવે એટલે કમ સે કમ સૂપ તો પીએ. એકવાર તમે સૂપ પીઓ એટલે બીજું પણ મન થાય છે.

ચર્ચક ૨ : એવું નથી, અમે પાણી પીને જ જઈએ છીએ.

માલિક : સૉરી, સર ! અમારે ત્યાંથી તમારે એમ ને એમ જવું પડે છે.

પ્રવક્તા : (એકદમ ધસી આવતાં) ઓ લલ્લુઓ જે નાટકમાં નથી લખ્યું તે શું કામ બોલ્યા કરો છો? (પ્રેક્ષકોને બતાવતાં) કમ સે કમ આ લોકોની તો દયા ખાવ. (પ્રેક્ષકોને હાથ જોડતાં) માફ કરજો, આ નાટક અહીં અટકાવીએ છીએ. એટલે એવું નથી કે એનો બીજો ભાગ આવવાનો છે. આ નાટક અહીં જ પૂરું થાય છે. 'તમને નાટક ગમ્યું હોય તો બીજાને કહેજો. ના ગમ્યું હોય તો અમને કહેજો.' સૌને શુભેચ્છાઓ. આભાર.

(પડદો)

નોંધ : આ નાટકનો કોઈ પણ પ્રકારે ઉપયોગ કરતાં પહેલાં લેખકની સંમતિ લેવી અનિવાર્ય છે.

૧, યુનિયનધારા, સર્જન સોસાયટી પાછળ,
મોદી-બંગલા, અઠવા લાઈન્સ,
સુરત - ૩૯૫૦૦૭
મો. ૯૩૭૭૯૩૯૧૨૩

ત્રણ કલાક

ડૉ. શૈલેશ ટેવાણી

સ્થળ:

(૧) દીવાનનું ઘર, (૨) રસ્તાનું દૃશ્ય (૩) ઘરનો ગાર્ડન (ઘરનું ફર્નિચર સાફ કરતાં નોકર રાજુ ગીત ગણગણે, વચ્ચે સોફા, ટિપોઈ, ટીવી અને ફલાવરવાઝ છે. ડાબેથી દાદર ચડી ઉપર જવાનો રસ્તો છે. જમણી તરફ કિચન અને બેડરૂમ છે.)

રાજુ : હમસે ભૂલ હો ગઈ, હમકા માફી દઈ દો... હમસે ભૂલ... હમકા... હમસે....

દીવાન : (ઉ.પંચાવન, નાઈટ્રેસમાં, ચા પીતાં પીતાં) એ..ઈ ટેણી, એ..ઈ ટકલુ. રાજુડી આ શું માંડ્યું છે સવારમાં? ઝડપથી કામ કર. મારે હમણાં ઑફિસે જવું છે. સાડા નવ આમ જ થઈ ગયા.

રાજુ : (નજીક આવી, સ્હેજ નમી) હમકા માફી દઈ દો સાહેબ. હમણાં બધા કામ ફટાફટ. રાજુ કા કમાલ. દેખો ધમાલ. કોઈ નહિ સવાલ.

દીવાન : એ..ઈ ધીમી ફટાકડી. ઝટ જા. મારું માથું ન ખા.

રાજુ : ઓ.કે. સર !

(બહારથી છાપું નાખવાવાળા ફેરિયાનો અવાજ 'છાપું...' શાકવાળાનો અવાજ 'સેવલો ગુવાર, જાંબુ જેવા બેંગણ, સસ્તામાં સસ્તું... એ...ઈ હાલો)

દીવાન : ખબર નહિ આ છાપાવાળો કેમ મોડો ગુડાતો હશે ને આ શાકવાળી સવારમાં આખી શેરી માથે લે છે. આ છાપામાં ચોરીઓના સમાચાર રોજ આવે છે. કોઈના પેટનું પાણી નથી હલતું. એ... લા એઈ રાજિયા. બાથરૂમમાં ગરમ પાણી મૂક. મારી શેવિંગ કિટ લાવ. નૅપ્કિન ક્યાં નાખ્યો? પાછો કહેશે હમકા માફી દઈ દો.

રાજુ : જી સાહેબ. હા, હા....

(ફોન રણકે, દીવાન મોબાઈલ હાથમાં લઈ ફરતાં ફરતાં વાત કરે. ક્યારેક ગુસ્સો. ક્યારેક વિવેક, ક્યારેક ચીડમાં બોલે.)

દીવાન : (મોબાઈલ પર) હા, વાત થઈ છે. ફી જમા થઈ ગઈ છે. તમે એકાઉન્ટ ચૅક કરો. ક્રેડિટ થાય તો મૅસેજ આવે ને? શું નથી આવ્યો? આ... બૅન્કવાળા પણ (હસે) ઠીક છે, કામ અમારું છે ને? અમારે તો કરવાનું જ ને? જુઓ, નહિ તો રોકડા આપીશ. જમા થાય તો પાછા આપજો. હવે સમજ્યા... ના, જી. હા.. હા.. થઈ જશે. ઓકે.

રોહિણી : (પ્રવેશતાં) મારા ઘરમાં બિરાજતા શ્રીનાથજી, યમુનાજી, મહાપ્રભુજી.... તૈયાર?

દીવાન : હવે રહેવા દે ને! પૂછવાનો ટાઈમ હવે મળ્યો? શ્રીનાથજી બધાના ઘટમાં છે જ. તું ગાઈશ નહિ તોય છે. અમે... સવારમાં કેટલા ટેન્શન લઈ બેઠા હોઈએ અને તને ચાનું પૂછવાનો સમય નથી. શ્રીનાથજી... ઓલો ટેણી, ટકલુ, હરામી હમકા માફી દઈ દો ગાવામાં મશગૂલ છે. હાળાંવ, આ ઘર છે કે શું?

રોહિણી : હશે. શાંત થાવ. લ્યો પ્રસાદ.

દીવાન : જોયું? હજુ ખબર નથી કે મારે નાહવાનું બાકી છે. આવ્યા લ્યો, પ્રસાદ.

રોહિણી : (ટિપોઈ પર વાટકી મૂકતાં) ઠીક છે, અહીં રાખું છું. મારા.. ઘરમાં... બિરાજતા શ્રીનાથજી....

દીવાન : (ગુસ્સામાં) ટળો અહીંથી...

(દૃશ્ય પરિવર્તન)

દીવાન : (નાના ગાર્ડનમાં ટહેલતાં, ગુસ્સાથી) (ફોન પર) અરે, જેને જ્યાં જવું હોય ત્યાં જાવ. મારી ફેક્ટરી બંધ નહિ થાય. કોણ ચલાવશે? અરે, કાળો ચોર ચલાવશે. તમે જાવ. આજથી જ છુટ્ટા અને... હા, એક ફદિયુંય નહિ આપું...

માળી : સાહેબ, આ ગુલાબનું શું કરશું? ટોપલા ભરાય તેટલાં ખીલ્યાં છે?

દીવાન : ભરાવ તારા માથામાં આ ગુલા..બ. ટળ અહીંથી.

માળી : પ...ણ હું તો... (માથું ખંજવાળતો જાય)

દીવાન : (ફોન પર) મેં એમને છૂટા કર્યા છે. કંપનીનો મામલો છે. તમે વકીલ છો તો કાયદેસર થાય તે કરો. આમ ધમકીની ભાષામાં વાત ન કરો. (ફોન કટ)

રોહિણી : (ગાર્ડનમાં આવતાં) અરે હજુ રેડી નથી થયા? ટેબલ પર નાસ્તો ઠંડો થાય છે. પારુને તેડવા જવાનું છે. એકઝામ છે. ડ્રાઇવર તૈયાર છે. ચાલો...

દીવાન : મને બક્ષી દેશો? (ગુસ્સામાં)

રોહિણી : શું થયું છે? કેમ, આમ?

દીવાન : (હાથ જોડી) કોઈ સવાલ નહિ, હવે કંઈ પૂછતી નહિ, (ઝડપથી આંખ મારે) તું ડ્રાઇવર સાથે જા. પારુને તેડી આવ. હું જાઉ છું. નાસ્તો તો થયા કરશે.

રોહિણી : પણ... પણ... આમ શું થયું છે? કેમ આમ કરો હાથ જોડવા જેવું શું થયું? કોનો ફોન હતો? ઑફિસ જવું પડે તેમ છે? કંઈ બોલો તો ખબર પડે.

દીવાન : પૂછો... પૂછો.. છત્રીસ પ્રશ્ન પૂરા ન થાય ત્યાં સુધી પૂછો. સવારમાં તૈયાર થાઉ એ પહેલાં પ્રસાદ લઈ આવ્યા. પ્રસાદ ન લીધો તો અપશુકન થયાં. ત્યાં આ ફોન માથે ચડ્યાં. હવે આ પારુને લેવા જવાનું. કર્યા તમારા નાસ્તા. હું તો જાઉ છું....

રોહિણી : (અંદર તરફ જતા દીવાનને) હા, હા, જજો પણ કંઈ કહેતા જાવ. મોડું થાય તો ચિંતા નહિ.

દીવાન : ચિંતા શું? અહીં જ પાછા ગુડાશું. ક્યાં જવાનું છે બીજે? હવે જવા દો... મને... (જાય)

દૃશ્ય

રોહિણી : (ટિપોઈ પર રાખેલા લૅમ્પપોસ્ટ નજીક સોફા પર કાંઈ ગૂંથતાં ગણગણે) હળવે હળવે હરજી મારે મંદિર આવો રે...
(વચ્ચે બબડાટ)
સવારના ગયા છે. નાસ્તો પણ કર્યો નથી. ફોન પણ નથી. પારુને પણ આવવામાં મોડું થયું, ડ્રાઇવરને ફોન કરું? - થોડીવાર રાહ જોઉ. નહિતર ફોન તો કરવો પડશે. (મોટેથી) રા...જુ... મારા માટે ચા લઈ આવ.

દૃશ્ય

(રોહિણી દીવાનખંડમાં ફોન પર ફોન કરતાં વ્યગ્ર થઈ આંટા મારે.)

રોહિણી : (મોબાઇલ લઈ) હલ્લો... વર્મા મે'મ! પારુ હજુ ઘરે આવી નથી. ડ્રાઇવર ફોન ઉપાડતો નથી. મે'મ સ્કૂલમાં બધું બરાબર છે? કંઈ થયું તો નથી? હલ્લો... હલ્લો...
(ગુસ્સામાં) હા, હા, કરે છે... ફોન કટ કરે છે. એમની કોઈ જવાબદારી ખરી કે નહિ? ડ્રાઇવરને વૉઇસ મૅસેજ છોડી દઉ, હા. અપરા ક્લાસટીચર છે તેને ફોન કરું..

રોહિણી : (ઊંચા શ્વાસે) અપરા મે'મ પારુ હજુ ઘરે નથી આવી. સ્કૂલમાં છે? નજીકમાં જ છે? ડ્રાઇવર આપને મળ્યો? શું? ક્યારની નીકળી ગઈ છે? પણ હજુ ઘરે તો નથી પહોંચી.

રોહિણી : (ફરી ડ્રાઇવરને) હલ્લો. શિવાજી! શિવા! સંભળાય છે? ઘરે કેમ પહોંચ્યા નથી? પારુ સાથે છે? શું કહ્યું? વચ્ચે ગાડી અટકાવી ફ્રેન્ડ જોડે વાત કરતી હતી? કોણ ફ્રેન્ડ? સીમા? તો ફરી ગાડીમાં ન બેઠી? હમણાં આવું છું કહીને રોડ ક્રોસ કરી ગઈ? તું ત્યાં જ ઊભો

છે? હું... હું.. આવું છું.
(ઝડપથી ઘર બંધ કરે. સ્કૂટર સુધી જાય. દીવાનને ફોન કરે, ઉપાડતા નથી. વોઇસ મૅસેજ કરે.)

રોહિણી : હલ્લો! તમે મારો પણ ફોન નથી ઉપાડતા? આ પારુ હજુ ઘરે આવી નથી. ડ્રાઇવર કહે ગાડી રોકાવી ફૂટપાથ ક્રોસ કરી સીમા સાથે ક્યાંક ગઈ. તમને ચિંતા નથી? પ્લીઝ ફોન કરો. હું સ્કૂટર લઈ જાઉ છું. સામે હા, શ્રીજી ક્રોસ રોડ, નવી લાઇન. પ્લીઝ ફોન કરો.

રોહિણી : (બબડાટ) ઘરમાં વાત કરવામાં વાંધો, હજાર ટેન્શન લઈ ફરે. આ જુવાન છોકરીની ચિંતા નથી. ક્યાં ગઈ હશે? શિવો પાછો ફોન પણ ન કરે... હે ભગવાન !
(સ્કૂટર સ્ટાર્ટ કરવાનો અવાજ. જાય)

દૃશ્ય

(દીવાન ઑફિસમાં મિસકોલ જુએ. રોહિણીનો વૉઇસ મૅસેજ સાંભળે તરત ફોન જોડે.)

દીવાન : હલ્લો... હલ્લો રોહી! ક્રૉસ રોડ પહોંચી ગઈ? પારુ મળી? ડ્રાઇવર છે? સીમાને પણ લઈ આવો. બંને છોકરીઓને જરા ખખડાવવી પડશે.

રોહિણી : સાંભળો તો? શિવો અહીં છે. ગાડી અહીં છે. ક્રૉસ રોડની બધી રેસ્ટોરન્ટ ચૅક કરી, લારીઓ જોઈ. સીમા કોઈ શોપમાં પણ નથી. પારુ પણ નથી.. તમે જલદી આવો પ્લીઝ... મને ડર લાગે છે..

દીવાન : હા, હું નીકળું છું. પોલીસને ફોન કર્યો છે. હમણાં ત્યાં પહોંચશે.

રોહિણી : પણ પોલીસને શું કામ? જરા જોવા તો દો...

દીવાન : અરે, છોકરીઓનાં અપહરણ, મર્ડર કંઈ કંઈ તું સાંભળતી, વાંચતી નથી?

રોહિણી : ઠીક છે, આવો...
(પોલીસની ગાડી પહોંચે છે. રોહિણી, જમાદાર, ડ્રાઇવર બધાં વાતચીત કરે છે. વાતાવરણ ઉગ્ર છે. પ્રેક્ષકોને આ બધાંના હાવભાવ જ દેખાય છે, આજુબાજુ લોકો એકઠા થઈ જાય છે. થોડીવાર પછી દીવાન આવી પહોંચે છે. બધી વાત પૂરી થાય પછી દીવાન-રોહિણી પોતાની કારમાં અને પાછળ પોલીસની કાર ફોલો કરે છે. આ બધું પરદા પાછળ સિલહઉટ ઈમેજમાં દેખાય છે. કેવળ છાયા ચિત્રમાં કાર પસાર થાય છે.)

દૃશ્ય

(દીવાનનું ઘર)

પોલીસ : તો... તમે સવારે નારાજ થઈને ગયા. મૅડમ ત્યારે શું કરતાં હતાં?

દીવાન : રાજુ નોકર 'હમકા માફી દઈ દો, ગાતો હતો. હું મારા કામને લઈ અપસેટ હતો. અને મે'મ 'મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી' ગાતાં હતાં.

પોલીસ : એટલે લગભગ તમારા અપસેટ થવા સિવાય બધું નોર્મલ હતું.

રોહિણી : હા, સાહેબ! આ બધું તો બધાંના ઘરમાં સામાન્ય. સવારે તો રોજ અમારે તનાતની થઈ જાય. હું આનંદમાં હોઉ અને તે ધંધાના વિચારમાં. કંઈ પૂછો તો સાહેબ ભડકે...

પોલીસ : અચ્છા, રોજ આ જ ડ્રાઇવર સ્કૂલે મૂકવા જાય છે? કેટલાં વર્ષથી? ક્યાંનો છે? પારુની ઉમર?

રોહિણી : હા, લગભગ ચાર વર્ષથી, ડ્રાઇવર નાસિકનો છે. પારુની ઉમર પંદર વર્ષ....

પોલીસ : (જરા ટીવી ઓન કરો, લોકલ ન્યૂઝ જુઓ...)

દીવાન : (ટીવી ઓન કરે છે.)

ટીવી ન્યૂઝ: શહેરના સમથળ ઉમ નજીક એક સ્કૂટી મળી આવી છે. બે છોકરીઓનાં સૅન્ડલ છે. એક પર્સ છે. અને મોબાઇલના ટુકડા છે. પોલીસ તપાસ કરી રહી છે.

રોહિણી : ઓહ...નો! સાહેબ, આ શું છે?

પોલીસ : અમે જાણતા હતા. એટલે જ ટીવી ઓન કરવા કહ્યું. અમારી બીજી ટીમ ત્યાં છે.

મિ. દીવાનનો ફોન આવ્યો અને બાબત જાણી એટલે અમે ક્રોસ રોડ આવ્યા. તમારા ઘરની, તમારી તપાસ જરૂરી હતી. હવે અમને કામ કરવા દો...

દીવાન : નો સર! એ મારી દીકરી ન જ હોય. એ કોઈ બીજો કેસ છે. પ્લીઝ.. બને તેટલું જલદી.. મા..રી પારુને...

પો.ઇન્સ. : (પહેલી વાર બોલ્યા માત્ર ઇશારા જેવું) ...કામ ડાઉન, લેટઅસ ઑપરેટ, કામ... ડા..ઉન.

રોહિણી : મા...રી પારુ... સાહેબ ના. ના. એ ન જ હોય.

(પડોશમાંથી રેવતી અને રમા દોડતાં આવે)

રેવતી : રોહિણી, ન્યૂઝ જોયા ? પારુ આવી ગઈ? સીમા સાથે હતી?

રમા : શિવાજી આવ્યો? ગાડી અહીં જ છે? (પોલીસને જોઈ) કંઈ બીજી ચિંતા ?....

રોહિણી : પ્લીઝ... પ્લીઝ હમણાં નહિ, હમણાં કંઈ પૂછો નહિ, મારો જીવ બળે છે. હે ભગવાન!

રેવતી : ખરું પણ લોકલ ન્યૂઝ ચેનલ કે છાપામાં તો ફોટો...

રોહિણી : રેવતી પ્લીઝ! હમણાં નહીં

(પોલીસ અને પોલીસ ઇન્સ્પેક્ટર કારમાં આમતેમ જોઈ ઝડપથી જતાં... જતાં...)

પો.ઇન્સ. : જરા સમથળ ડેમ પર જવું પડશે. અમારી બીજી ટીમનો ફોન છે. તમે સંભાળશો. ચિંતા ન કરશો. હું ખુદ જાઉ છું...

દીવાન : પણ... પણ...સાહેબ!

પો.ઇન્સ : હમણાં નહીં પ્લીઝ ! સમય બહુ ઓછો છે...

દૃશ્ય

(દીવાન સોફા પર માથે હાથ દઈ બેઠા છે. રોહિણી દીવાન ખંડમાં આંટા મારતાં ફોન પર ફોન કર્યે જાય છે. રેવતી અને રમા તેને જોવામાં અને પ્રેક્ષકોને ન સંભળાય તેમ ચુગલી કરવામાં પરોવાય છે. પ્રેક્ષકોને કશું સંભળાતું નથી. ઘરની મ્યુઝિક સિસ્ટિમ ચાલુ રહી ગઈ છે. કરુણ સંગીત વાગે છે. થોડીવાર પછી દીવાન ઊભા થઈ આ સિસ્ટિમની સ્વીચ ઑફ કરે છે. તેમનું ધ્યાન દરવાજા તરફ છે.)

(દરવાજાનો અવાજ)

પારુ અને

સીમા : હાય એવરીવન! આ શું છે બધું? કેમ આમ બેઠાં છો બધાં?

રોહિણી અને

દીવાન : (ઝડપથી... ખુશી અને આશ્ચર્ય સાથે) પા... રુ... સી...સીમા? તમે? તમે?

પારુ : પણ શું થયું છે?

રોહિણી : ફોન કરો. ફોન કરો પેલા ઇન્સ્પેક્ટર સાહેબ, છાપાવાળા... ન્યૂ..ઝ અરે! ક્યાં હતી પારુ?

દીવાન : સમજે છે શું ? આ ત્રણ કલાકમાં શું થઈ ગયું તને ખબર છે?

સીમા : (પારુને) અરે, રાજુએ કહ્યું નહિ હોય ?

પારુ : શાં...તિ. શાં...તિ. સાંભળો, ક્યાંથી નથી ગયા અમે આપણા 'હમકા માફી દઈ દો' વાળા રાજુનો ફોન હતો. તેના પપ્પાને હાર્ટએટેક..અમે સ્કૂલેથી જલદી હૉસ્પિટલ ગયા. શિવાને ન કહ્યું, કારણ કે, તમને કહે તો ચિંતા થાય. પપ્પા! મારા એકાઉન્ટમાં તમે સેકન્ડ ટર્મની ફીના પૈસા આપેલા તે ઉપાડી રાજુના પપ્પાને ઍડમિટ કર્યા. કલાક રોકાયા. હી ઈઝ આઉટ ઑફ ડેન્જર. ઑહ ગોડ સૉ...રી..

સીમા : માફ કરજો મોડું થયું.

રોહિણી : પણ તમે સારું કરવા જતાં શું શું થઈ ગયું?

દીવાન : તમારે કહેવું તો હતું....

સીમા-પારુ: હા, ત્રણ કલાક... ત્રણ... ત્રણ કલાક

(પડદો)

'પ્રેમમંગલ'
બી-૧૮૬, શાસ્ત્રીનગર (અજમેરા),
નાના મવા રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫
મો. ૯૮૨૫૬૩૧૩૦૪

ભાડાનું મકાન

દુર્ગેશ ઓઝા

પાત્રવરણી : મંગળદાસ : ઉંમર વર્ષ ૫૩. નિશાબહેન : મંગળદાસનાં પત્ની. ઉ.વ. ૫૦ વર્ષ. અલકા : મંગળદાસ-નિશાબહેનની પુત્રી. ઉ.વ. ૧૯. રણછોડ : અલકાનો ભાઈ. ઉ.વ. ૨૧, મોહનભાઈ : ઉ.વ. ૫૩. નેહાબહેન : મોહનભાઈનાં પત્ની. ઉ.વ. ૪૯. એક વૃદ્ધજન.

દૃશ્ય ૧: સ્થળ : શેરીનો રસ્તો. સમય : સવારના સાડા નવ.

(ઠોકર લાગતાં એક વૃદ્ધજન પડી જાય છે. મંગળદાસ પરિવાર ત્યાં દોડી જાય છે ને એમને ટેકો આપી ઊભા કરે છે. કાંઈ વાગ્યું નથી ને એવી પૂછપરછ કરે છે. મને સારું છે-એમ જણાવી એ વૃદ્ધજન આભાર માની આગળ જાય છે)

દૃશ્ય ૨. સ્થળ : મોહનભાઈ - નેહાબેનનું મકાન

(મંગળદાસ મકાનની ડોરબેલ વગાડે છે)

મોહનભાઈ : આવો આવો. તમે જ સોમનાથભાઈ ને?

મંગળદાસ : ના. હું રવિ કે સોમ નહીં પણ મંગળ. મંગળદાસ. તમારું આ મકાન મારે ભાડે લેવાનું છે એ બાબતે તમને જેમણે વાત કરી હતી એમનું નામ સોમનાથ.

મોહનભાઈ : અરે હા હા! આવો આવો. સોમનાથભાઈએ સોમ ને મંગળ.. બેય દી મને આ વાત કરી હતી. આજે બુધવાર સારો વાર. બુદ્ધિ ન હોય તોય આવી જાય. આવો બધાં. પધારો. નિરાંતે મકાન જોઈ લ્યો. (બધાં દીવાનખંડમાં બેસે છે)

મંગળદાસ : આમ તો અમે કાલે આવવાના હતા. શુભ કામ માટે ગુરુવાર સારો.

નિશાબેન : પણ બે દી જરૂરી કામ હોવાથી એમાં શુક્રવાર નહીં વળે એમ લાગ્યું.

મોહનભાઈ : સારું થયું. પાછું શનિ-રવિ અમારે થોડું કામ છે.

રણછોડ : આપણે મકાન જોવા આવ્યા છીએ કે અઠવાડિયાના વાર ગણવા? (ગીત ગાય છે) 'રવિ પછી તો સોમ છે, ત્રીજો મંગળદાસ.' (મંગળદાસ હસીને રણછોડ સામે જુએ) સોરી પપ્પા, તમારું નામ મંગળદાસ એટલે એમ ગવાઈ ગયું. 'રવિ પછી તો સોમ છે, ત્રીજો મંગળવાર, ચોથો બુધ, ગુરુ પાંચમો, છઠ્ઠો શુક્રવાર. શનિવાર તે સાતમો, છેલ્લો વાર ગણાય, એમ એક અઠવાડિયું, સાત વારનું થાય.'

નેહાબેન : વાહ વાહ! શું સુંદર કંઠ છે તારો દીકરા! (રણછોડ પોરસાય છે)

મંગળદાસ : દીકરા, ખોટા વખાણ સાંભળી ફૂલીને ફાળકો ન થા. ડોકી ન હલાવ. વળી ક્યાંક તને રગતરગ થઈ જશે. (મોહનભાઈને ઓળખાણ કરાવે) આ નિશા, મારી અર્ધાંગના. (નમસ્તેની આપ-લે થાય છે) આ મારી દીકરી અલકા. ને હમણાં જેણે ગાયું એ મારો દીકરો રણછોડ. એ ખરેખર બહુ સારો ગાયક છે.

મોહનભાઈ : ને તમે ઘરના નાયક. (નેહાબેન બધાંને પાણી આપે છે) જુઓ, હું મોહન. આ મારાં પત્ની નેહા. અમારી દીકરીનું નામ યાત્રા છે, જે સાપુતારાની યાત્રાએ ગઈ છે. (બધાં પાણી પીને ખ્યાલા ટ્રેમાં મૂકે છે)

અલકા : બહુ સરસ. યાત્રા તો કરવી જ જોઈએ. ફરે તે ચરે, ને બાંધ્યો ભૂખે મરે. (ત્યાં એક બિલાડી નીકળે છે) ભાઈ, આ બિલાડીનું બચ્ચું તો જો! કેવું સરસ છે! (બચ્ચાને હાથમાં લે છે. ભાઈબહેન એને પ્રેમથી પંપાળે છે)

રણછોડ : હા અલકા. પપ્પા, આપણે આને દૂધ પાઈએ તો?

મંગળદાસ : નેકી ઔર પૂછપૂછ? જીવદયા તો બહુ સારી.

રણછોડ : (દૂધની કોથળી લાવે છે) આ બચ્ચું કેવું ટેસથી દૂધ પીવે છે! (બિલાડીને) તું તારે નિરાંતે દૂધ પી હો! (મંગળદાસનાં સ્વજનો બિલાડીને પંપાળે. બિલાડી જાય છે) જોયું, બિલાડી કેવી ખુશ થઈને ગઈ! ને આપણનેય કેવી મજા પડી?

નિશાબેન : ભલાઈમાં બેયને આનંદ મળે છે એ કેવી મોટી વાત! વળી એમાં કોઈની હાર નહીં. બેયની જીત. આ જ સાચી રીત. (નેહાબેન ઘરની અંદર જાય છે)

મંગળદાસ : અમે નિરાંતે તમારું મકાન જોઈ લઈએ. જો મન માનશે તો..

મોહનભાઈ : બરાબર છે. ખરાઈ કર્યા વિના બીજા કોઈ માનવીની વાત ન માનવી. એ લોકોની તો એક, બે ને ત્રણ. સાંભળીએ જનનું ને કરીએ મનનું. પસંદ ન પડે તો ક્યાં કાંઈ ભેગું લઈ જવું છે? આ તો ચાર દીની ચાંદની. બાકી આ મકાન છે સરસ. જે એને લે, સમજો એની પાંચેય આંગળી ઘીમાં. હું આ મકાનની છઠ્ઠી જાણું છું.

અલકા : રણછોડ, પહેલાં સોમ, મંગળ, ને હવે ગણિત ચાલુ કર્યું આ મકાનમાલિકે. એ એકથી છ બોલી ગ્યા! હમણાં એ આપણને સાતમા આસમાનમાં લઈ જાય એ પહેલાં ચાલો જલદી મકાન જોઈ લઈએ, નહીંતર આ માણસ આપણને..! આજે આઠમ છે. સારો વાર છે.

રણછોડ : ન બોલ્યામાં નવ ગુણ...

મંગળદાસ : અરે દસ વાગી ગયા! હવે વાતોનાં વડાં ન કરો. પહેલા મકાન બરાબર જોઈ લ્યો.

મોહનભાઈ : હા હા, બધું જોઈ લ્યો. આ મકાનમાં ત્રણ રૂમ છે. એને કુલ ચાર બારણાં છે. ૧૨ બારી છે. (મોટેથી બોલે છે) ત્રણ ચોક બાર.

અલકા : ચોકોબાર? વાઉ..! મોંમાં પાણી આવી ગ્યું. કાકા, તમે મકાનના જ નહીં. સારા દિલના પણ માલિક છો! હજી મકાન જોયું પણ નથી ત્યાં તો અમારા માટે મસ્ત ચોક્બાર એટલે કે ચોકોબાર આઈસક્રીમ મંગાવો છો! આભાર, પણ કાકા, ત્રણ ચોકોબાર? અમે તો ચાર સભ્યો છીએ.

નિશાબેન : અરે અલકા, એ તો આંકનો પાડો બોલે છે. ત્રણ ચોકુ બાર. ચોકોબાર આઈસક્રીમ નહીં. તુંય શું અડદ સાથે મગ ભરડવા બેસી ગઈ?

મંગળદાસ : આઈસક્રીમને મૂકો તડકે.

રણછોડ : પપ્પા, તો તો એ પીગળી જાય.

મંગળદાસ : અરે હું એમ કહું છું કે આઈસક્રીમની વાત મૂકો. મકાનની વાત કરો.

મોહનભાઈ : ત્રણ આઈસક્રીમ, ભૂલ્યો, ત્રણ રૂમ ને ચાર બારણાં? તો ચોથું બારણું શેનું? ને એ સિવાય બાથરૂમ વગેરેમાં બારણાં જ નથી?

રણછોડ : ત્યાં બારણાં ન હોય એ તો સારું ને? આપણને ગીતો ગાવાની અનેક તકો મળશે. સ્વરની સાધના થશે.

મંગળદાસ : થશે નહીં. છે. એ તો બે વર્ષથી છે જ. (બધાં પોતાની સામે નવાઈભેર જુએ) અરે મોહનજી, મારા ભત્રીજાનું નામ સ્વર છે. બે વર્ષ પહેલાં સાધના નામની છોકરી સાથે એનાં લગ્ન થયાં. તો સાધના સ્વરની થઈ કે નહીં? બોલો થઈ?

મોહનભાઈ : થઈ. (ધીરેથી) આમાં તો મગજની કઢી થઈ જશે.

મંગળદાસ : શું..શું બોલ્યા તમે? ફરી બોલો તો!

મોહનભાઈ : અરે એ તો અહીં બાજુમાં એક હોટેલ છે એમાં ખીચડી-કઢી સારી મળે છે એટલે કઢી યાદ આવી ગઈ.

નિશાબેન : એ કઢી ખાવા કેટલે દૂર જવું પડે?

મોહનભાઈ : પગની કઢી થઈ જાય એટલું દૂર. અરે ના ના, હું તો મજાક કરતો હતો. અહીંથી પથરો ફેંકો એટલું જ દૂર છે.

રણછોડ : અરે પણ આમાં પેલી બારણાંની વાત તો દૂર જતી રહી!



મોહનભાઈ : કહું છું. જુઓ, ત્રીજો ઓરડો મોટો છે. એમાં મોટી વસ્તુઓ આરામથી આવી શકે એટલે એને બે મોટાં બારણાં છે. ને મેં ખાલી ઓરડાનાં જ બારણાં ગણાવ્યાં છે. ત્રણેય રૂમમાં બાથરૂમ છે ને એમાંય બારણાં છે, જે જૂનાં હોઈ બૅન્ડવાજાની જેમ વાગે છે. ટૂંકમાં સંગીત આ ઘરની રગરગમાં છે. (બધાં ચમકે. પોઝ..) અરે હું તો ખાલી મજાક કરતો'તો.

મંગળદાસ : આ ખાલી નહીં, ભરેલી મજાક હતી. (ઘર જુએ) ઓરડા તો સરસ છે. અરે! આ શું? આ એક ઓરડાની ચારેય દીવાલોના રંગ કેમ અલગ અલગ? લાલ, કાળો, લીલો ને ભૂરો! પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ચારેય દિશાના રંગ જુદા જુદા!

મોહનભાઈ : અમારે પહેલાં ચાર નોકર હતા. લાલો, કાળુ, લીલો, ને ભૂરો. એ લોકો તો હવે નથી. બિચારા બહુ ભલા માણસો.

મંગળદાસ : ઓહ! એ બધા પરમધામ પહોંચી ગયા? પ્રભુ એમના આત્માને શાંતિ..

મોહનભાઈ : શાંતિ શાંતિ. શાંતિ રાખો મંગળદાસ. તમે જે સમજો છો એવું નથી. એ હવે નથી એટલે એટલે કે મારા ઘરમાં નથી. એ હજી જીવે છે હો! એમને એમના વતનમાં સારું કામ મળી ગયું એટલે ચાલ્યા ગયા. તમેય શું ભલા માણસ?

અલકા : કાકા, તમે એમને બિચારા કીધા એટલે..! આમાં મારા પપ્પાનો વાંક નથી.

મોહનભાઈ : એ સારા માણસો હતા અ..અ. એટલે કે છે એટલે મેં આમ કહ્યું. અમારે ત્યાં એમણે સારું કામ કર્યું એટલે એમની યાદમાં આ ઓરડો ચાર રંગનો બનાવ્યો છે. ચતુરંગ. એક રૂમ ચાર રંગ. એક ફૂલ ચાર કાંટે. એક ચોકુ ચાર. ચાર સદાચાર.

નિશાબેન : વાહ! જે માણસ નોકર માટે આમ મરી પડતો હોય એ કેવો મહાન કે'વાય? મોહનભાઈ, તમારો સ્વભાવ તો ખૂબ જ માયાળુ છે. દયાળુ છે.

રણછોડ : દાળમાં કંઈક કાળું છે. (મોહનભાઈ ચમકે છે) હું...હું તો ખાલી ભરેલી મજાક કરતો'તો. (નેહાબેન કામ પતાવીને આવે છે.)

મોહનભાઈ : ને આ જુદા રંગો પાછળ (આંગળી ઊંચી કરે) એક ઊં..ચી ફિલસૂફી પણ સમાયેલી છે. રંગ જુદા, પણ આમ તો બધું એક જ.. આ બધા ખોટા ભેદ માણસે પાડી બધાને સાવ પાડી દીધા છે, બાકી તો એકમાં અનેક. અનેકમાં એક. એકનો વર્ગ કરો કે ઘન, જવાબ એક જ આવે.

અલકા : ક્યા બાત હૈ! અમારે ભણવામાં પણ આ વાત આવતી. ભક્તકવિ નરસિંહ મહેતાએ લખ્યું છે ને 'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.'

મોહનભાઈ : વાહ અલકા દીકરી વાહ! ને જુઓ, આ ઘરમાં બે માળિયાં છે, છ ગોખલા છે ને સીડીનાં ૧૨ પગથિયાં છે. ટૂંકમાં બે છક બાર. કોઈના ન વાગે બાર.

નેહાબેન : નિશાબેન, સોમનાથજી, તમે રસોડું તો જુઓ! હમણાં જ નવું કરાવ્યું.

રણછોડ : કાકી, મારા પપ્પાનું નામ સોમનાથ નહીં, પણ મંગળદાસ છે, ને આજે બુધવાર છે. (ગીત ગાય છે) રવિ પછી તો સોમ છે, ત્રીજો મંગળવાર..

મંગળદાસ : ને હું મંગળદાસ. રણછોડ, વળી તેં ચાલુ કર્યું? સાતેય વાર ક્રમવાર બોલી તું મારા પર શબ્દોનો વાર ન કર. ને તમે બધા વાર ન લગાડો. મકાન ઝટ જોઈ લ્યો. તમને વારંવાર આ કહેવાનું ન હોય. નેહાબેન, આ જગ્યા કેટલા વાર છે?

નેહાબેન : વાહ! તમે 'વાર' શબ્દના કેટકેટલા અર્થ બતાવ્યા! શબ્દ એક, એના અર્થ અનેક. આપણી માતૃભાષા ગુજરાતી આવી તો અનેક વિશેષતાઓથી સમૃદ્ધ છે.

અલકા : તો બોલો માતૃભાષાની.. (બધાં જય બોલાવે છે) જય માતૃભાષા ગુજરાતી.

મોહનભાઈ : મંગળદાસ, આ જગ્યા છે ૧૦૦ વાર ને ૮૦ વાર.

નિશાબેન : એટલે? આ કઈ જાતની માપણી છે?

મોહનભાઈ : આ માપણી નહીં, કાપણી છે. એમાં તો મગજની તાપણી થઈ ગઈ. વીસ વાર જમીન પચાવી પાડી છે. (બધાં ચમકે છે) અરે! અમે નહીં ભાઈસા'બ, આ બાજુવાળા બાબુભાઈએ. આમાં આપણું ફળિયું થોડું કપાઈ ગયું. ક્યારેક એ લોકો તરફથી પથ્થરબાજી થાય તો ગભરાવું નહીં. પથ્થરનો જવાબ ઈંટથી દેવો. અરે ગભરાવ નહીં. હું તો અમથી મશ્કરી..! બાબુભાઈ ને એનાં કુટુંબીજનો તો ભલાં છે. કોઈની મેથી મારે કે રાઈનો પહાડ કરે એવાં નથી. ટૂંકમાં ચિંતા હો જાયેગી નૌ દો ગ્યારહ.. નવ ને બે અગિયાર.

નિશાબેન : મકાનના ઉપલા માળે શું સુવિધા છે?

મોહનભાઈ : ઉપલો માળ ખાલી છે. હું મારી નહીં, મકાનની વાત કરું છું હો! (બધાં હસે છે) ઉપર બે ઓરડા છે પણ નીચે પૂરતી જગ્યા ને સુવિધા હોઈ એ ખાલી છે.

નેહાબેન : ને નિશાબેન, અહીંથી બજાર બહુ દૂર નથી. વળી કિશન લારીવાળો વાજબી ભાવે ને સારું શાક આપે છે. એનું શાક તાજું ને ભીનું જ હોય.

મોહનભાઈ : તે ભીનું જ હોય ને? બાબુભાઈનાં ઘરનાં શાક લઈ લે પછી એના ઘરમાંથી પાણીનાં બે ડબલાં ભરી કિશન શાક ઉપર પાણી ફેરવી દે એટલે ભીનું! એ આમ ભીનું સંકેલે છે, પાણી ફેરવી દે છે. મજાક કરું છું. કિશન તો સારો માણસ છે. શિયાળામાં એ અઠવાડિયામાં પાંચ વાર, ઉનાળામાં ત્રણ વાર ને ચોમાસામાં બે વાર શેરીમાં આવે છે. પાંચ, ત્રણ ને બે એટલે દસ.

નિશાબેન : દૂધવાળો તો રોજ આવે ને કે એ પણ આમ હપતે હપતે?

મોહનભાઈ : એ તો સાતેય દી આવે છે. કયારેક તો દીમાં ત્રણ-ત્રણ વાર! હા, બે-ત્રણ દી દૂધ વિના આવે નહીં તો એ રતુ દૂધવાળો નહીં. કોઈ બહુ જરૂરતમંદ વચ્ચેથી જ દૂધ માગે એટલે તમને આપવાનું દૂધ એ..!

નેહાબેન : ટૂંકમાં રતુ કરે જતું. પછી તમારા જેવા એને તતડાવે એટલે એ પાછો..! હા, ત્યારે ચા સવારને બદલે પછી છેક બપોરે મળે.

મંગળદાસ : નેહાબેન, આ તો બહુ સારું. આવા દૂધવાળાને તો પગે પડવું જોઈએ. ચાનું વ્યસન છોડાવે એ માણસ કાંઈ નાનો ન ગણાય. મને ખબર છે તમે બેઉ મજાક કરો છો. વળી હમણાં જ અમે બિલાડી માટે દૂધ લીધું. દૂધની ડેરી નજીક જ છે એ અમે જોઈ લીધું. એ કહો કે છાપાવાળો તો રોજ આવે છે ને?

મોહનભાઈ : હા, પણ સાતમાંથી ત્રણ દી છાપું મોડું વાંચવા મળશે. બીજા એક પડોશી ચંદનદાસ ક્યારેક વચ્ચેથી જ છાપું પડાવી લે છે. મફતચંદન. સાત ઓછા ત્રણ એટલે ચાર. (હસે છે) આ પણ મજાક જ હતી.

નિશાબેન : અમે સમજી ગયાં. ને પાણીનું કેમ છે? રોજ, કે એકાંતરે કે પછી...?

મોહનભાઈ : ઉનાળામાં રોજ એકાંતરે એક, શિયાળામાં રોજ બે, ને ચોમાસામાં ૨૪ કલાક. ચોમાસામાં ક્યારેક તો રોજ ૪૮ કલાક પાણી..

નિશાબેન : દિવસના કલાક જ ૨૪ હોય તો પછી ૪૮ કલાક કેવી રીતે! (મંગળદાસ પરિવાર ભીંત તપાસે, ઉપર-નીચે જુએ. પોઝ)

રણછોડ : આ મકાનની છત બહુ પાણીપ્રેમી હશે. વરસાદ આવે એટલે ઉપરનીચે, ચારેય બાજુથી ઘરમાં પાણી પાણી! (ગીત ગાય) 'પાની પાની રે.' 'પાની રે પાની તેરા રંગ કૈસા?' પાણી આમ ઓવરટાઇમ કરે એટલે થઈ ગયા ને ૪૮ કલાક?

નેહાબેન : એમનો કહેવાનો અર્થ એ છે કે પાણીની કોઈ સમસ્યા જ નથી. પાણી ધોધમાર.. ભૂલી, પૂરતું આવે છે.

મોહનભાઈ : આ ઘર પાણીદાર છે. ને દરેક બાથરૂમની બહાર એક ગેન્ડી, અંદર એક શાવર ને ત્રણ નળ. એક વત્તા એક વત્તા ત્રણ એટલે પાંચ. પંચ પરમેશ્વર.

અલકા : (ધીરેથી) આ માણસ તો વાતેવાતે આંકડાનો પંચ મારે છે. સંખ્યાની પાછળ આદુ ખાઈને પડ્યો છે. (મોટેથી) કાકા, ખોટું ન લાગે તો આપ શું કરો છો એ કહેશો? એટલે કે ધંધો? નોકરી?

મોહનભાઈ : હું શિક્ષક છું.

રણછોડ : વાહ! શિક્ષક તો બીજાં માબાપ ગણાય. ઊજળા ભણતર ને સંસ્કારોના ઘડતરમાં શિક્ષકનું પ્રદાન અમૂલ્ય. કાકા, તમે સો ટકા ગણિતના જ શિક્ષક હશો.

મોહનભાઈ : તમે જ્યોતિષી છો? તમને કેમ ખબર પડી કે?

રણછોડ : તમે આંકડા બોલીબોલીને ખબર લઈ નાખી. એ.. એ..એટલે કે ખબર પાડી દીધી, પણ હા કાકા, તમે મજાકિયા ને ભલા માણસ છો એટલે ગમ્યું. તમને મેં બનાવેલો તાજો ટુચકો સંભળાવું. ઈંગ્લેન્ડના બેન સ્ટોક્સ નામના ક્રિકેટરે ભારતના ક્રિકેટર શ્રેયસ અય્યરનો અઘરો કેચ કરી લીધો એટલે એક પ્રેક્ષકે તાળી પાડીને વખાણ કર્યા, 'વેલ કેચ બેન', તો બાજુમાં બેઠેલો પ્રેક્ષક બોલ્યો, 'બેન નહીં, ભાઈ. એ પુરુષ છે, સ્ત્રી નથી.' (બધાં ખડખડાટ હસે છે) હસે તેનું ઘર વસે. કાકા, તમે બેય મજાનાં માણસ ને તમારું ઘર પણ મસ્ત.

અલકા : ને આ ઘર વધુ એટલે ગમ્યું કે તમે સૌએ ફળિયામાં જાતજાતના ફૂલછોડ વાવ્યા છે. પર્યાવરણનું કરીએ જતન, તો ન થાય જીવસૃષ્ટિનું પતન.

નેહાબેન : નદી, દરિયો, ધરતી, આકાશ, ઝાડપાન.. કુદરત આપણને કેટલું બધું ને અમૂલ્ય આપે છે! એય ભેદભાવ કે સ્વાર્થ વિના.. ઝાડને પ્રેમ ને પાણી આપો તો એ આપણને પ્રાણવાયુ, ફૂલ, ફળ, છાંયડો વગેરે આપે છે. છોડમાં રણછોડ.

રણછોડ : હું છોડમાં નહીં, મકાનમાં છું.

નિશાબેન : અરે બેટા રણછોડ, તારી વાત નથી. એ તો રણછોડ એટલે કે ભગવાન શ્રીકૃષ્ણની વાત કરે છે ને ફૂલછોડનું મહત્ત્વ સમજાવે છે. (રણછોડ બોલવા જાય, એના મોઢે હાથ દઈને) કાંઈ બોલ મા. બધાં સમજી ગયાં કે તું પણ મજાક કરે છે. મોહનભાઈ, આ મકાનનું ભાડું કેટલું? જુઓ, અમે મધ્યમ વર્ગનાં છીએ.

મોહનભાઈ : ભાડું.. (વિચારે) રૂ. ૨૮૦૦૦.

નિશાબેન : રૂપિયા અઠ્ઠાવીસ હજાર?

મોહનભાઈ : હું ચાર માસનું ભાડું ભેગું બોલ્યો. સાત હજાર ગુણ્યા ચાર. માસિક ભાડું રૂ. ૭૦૦૦ જ છે. આ તો મજાક હતી. મને ભાડાનો મોહ નથી. કેટલાંક કુટુંબો એવાં કે જેમાં બધાં સાથે તો રહેતાં હોય, પણ છૂટક સવારીની રિક્ષામાં ભેગા બેઠેલા મુસાફરોની જેમ..! રિક્ષામાંથી ઊતરે એટલે સંબંધ પૂરો! મને તો એવો પરિવાર ગમે, જ્યાં હંમેશાં સ્નેહ ને સંપ હોય ને જે પોતાનું ઘર સમજી બીજાના ઘરને સાચવે.

અલકા : વાહ કાકા! નજીકના ક્રૂર પડોશી કરતાં દૂર રહેતો ભલો માણસ વધુ નજીક ગણાય! તમારું નામ મોહન. મોહન એટલે શ્રીકૃષ્ણ. નામ એવા ગુણ. જ્યાં મોહન હોય ત્યાં મોહ ન હોય! (બધાં તાળી પાડે છે)

નેહાબેન : અલકા દીકરી, વાહ! તેં કેવી મજાની વાત કરી!

મંગળદાસ : અમને મકાન ને તમારો સ્વભાવ, બેય પસંદ છે. તમે અમને બે વર્ષ માટે તમારું આ મકાન ભાડે આપશો? અમારે એની જરૂર છે.

નેહાબેન : જરૂર છે તો જરૂર આવો. આ મકાન તમને ભાડે આપ્યું, જાવ. આમ તો આખી જીવસૃષ્ટિ દેહરૂપી ભાડાના મકાનમાં જ રહે છે ને? આવરદા પૂરી એટલે જીવાત્માએ એ મકાન ખાલી કરી જવાનું જ છે. (બધાં પરસ્પર જુએ. તાળી પાડે)

નિશાબેન : વાહ નેહાબેન, વાહ! કેવી મોટી ને સાચી વાત કરી તમે!

મંગળદાસ : (નવાઈભેર) તમે આટલી જ વારમાં અમને રહેવાની હા પણ પાડી દીધી! અમારો સ્વભાવ, ગામમાં અમારી આબરૂ એ બધું તમારે જાણવું નથી?

મોહનભાઈ : માણસ બહારની વસ્તુઓ કે વાતોથી નહીં, પણ એના અંતરમનથી ઓળખાય છે. પેલા દાદા પડી જતા તમે સૌ તરત જ દોડી ગયાં, તમે એમને ઊભા કર્યા, એમના ખબરઅંતર પૂછ્યા, તમે બિલાડીને પ્રેમથી દૂધ પાઈ એને વહાલ કર્યું, તમે માણસ, માતૃભાષા, ફૂલછોડ અને સંગીતને પ્રેમ કરો છો એ બધું અમે જોયું એમાં અમે બધું જાણી લીધું.

નેહાબેન : ચોખા બરાબર બફાયા છે એ જાણવા બધા ચોખા જોવા ન પડે. એ માટે એના એક-બે દાણા પૂરતા છે. ઝાઝી વાતે ગાડાં ભરાય, શું સમજ્યાં? તમે બધાં પણ દિલનાં સારાં એટલે અમે આ મકાન તમને પ્રેમથી ભાડે આપ્યું, જાવ, પણ એમનેમ નહીં જવાય. (નાસ્તો લાવે) આ નાસ્તો કરો, ને દીકરા રણછોડ, ચોકોબાર આઇસક્રીમ પણ આવી ગયો છે હો! છ નંગ. આપણાં બધાં માટે. (બધાં નાસ્તો કરે)

મોહનભાઈ : જુઓ, આજે છે બુધવાર. આ મકાનમાં થોડી સાફસફાઈ જરૂરી છે. એ થઈ જાય પછી તમે રવિવારથી અહીં રહેવા આવી શકો છો.

રણછોડ : ધન્યવાદ. (ગીત ગાય છે) રવિ પછી તો સોમ છે, ત્રીજો..! (રણછોડ સહિત બધાં ખડખડાટ હસી પડે છે) (પડદો પડે છે)

૧, જલારામનગર, નરસંગ ટેકરી,
હીરો શોરૂમ પાછળ,
ડૉ. ગઢવીસાહેબના મકાન પાસે,
પોરબંદર. ૩૬૦૫૭૫.
મો. ૯૪૨૬૧૬૪૮૮૮.

ડ્રૉપઆઉટ ક્લબ

નમન મુનશી

પડદો ખૂલે છે ત્યારે સ્ટેજ પર ડાબી તરફ ખુરશી પર પ્રેમચંદ (૫૦-૫૨), પ્રતિભા (૩૫-૩૬), કલ્યાણી (૪૦), ઉર્વી (૩૧-૩૨) તેમજ અમરતભાઈ (૪૭) બેઠા છે. તેમના હાથમાં ચાના કપ છે (શક્ય હોય તો સાચે જ ચા આપવી, જે ધીમે ધીમે પિવાતી રહે).

પ્રેમચંદજી શહેરના જાણીતા ઉદ્યોગપતિ અને ડ્રૉપઆઉટ ક્લબના પ્રમુખ છે, પ્રતિભા બ્યૂટી-વિશેષજ્ઞ છે, કલ્યાણી જાણીતી પંચતારક હોટેલનાં શેફ છે.

(નોંધ- આ કાલ્પનિક નાટકનો ઉદ્દેશ ડ્રૉપઆઉટ - અડધેથી શાળા, કૉલેજ છોડી જવાની સમસ્યાને અને તે સમસ્યાનાં કારણોને સંબોધવાનો છે. ઘટનાઓ સ્ટેજના બીજા ભાગમાં ભજવાતી રહે છે).

પ્રેમચંદ : જેવા તેવા માણસો જોડાઈ ગયા છે...

અમરતભાઈ : એ, જેવા તેવા કોને કહે છે તું? હું અમરત છું... આ દેશનો પ્રખ્યાત નાગરિક...તારા જેવા પચ્ચાં માણસો સાથે લઈને ફરું છું...

પ્રેમચંદ : સોરી સોરી...હું મારા શબ્દો પાછા ખેંચું છું. બધાં હસી પડે છે.

ઉર્વી : વેલ અંકલ...આજે કેટલા નવા મેમ્બર આવવાના છે?

પ્રેમચંદ : આજે નવા પાંચ સભ્યો આપણી ક્લબમાં ઉમેરાવાના છે.

કલ્યાણી : ખૂબ જ ટૂંકા ગાળામાં આપણી ક્લબની સારી પ્રગતિ થઈ છે.

પ્રેમચંદ : હા, આપણી ક્લબના સભ્યોની સંખ્યા પાંચસો એકની થઈ જશે.

પ્રતિભા : તો મોડું શું કામ કરવું ! બોલાવો પાંચેયને... (અહીં ટાઇટલ સ્કોર થાય છે. સભ્યો થોડું હલનચલન કરતા રહે છે.)

***

પ્રેમચંદ : પ્લીઝ કમ ઈન,

સ્ટેજની જમણી તરફથી, પ્રેક્ષકોની ડાબી તરફથી ૧૭ થી ૨૦ વર્ષના પાંચ સ્ટુડન્ટ્સ (ત્રણ છોકરા અને બે છોકરી) પ્રવેશે છે. પ્રેયસ, અભી, મિતાલી, કરણ અને નિધિ.

પ્રેમચંદ : છોકરાઓ વેલકમ ટુ ડ્રૉપઆઉટ ક્લબ, તમને કલબના નવા સદસ્ય તરીકે આવકારવા ભેગા થયા છીએ. તમે તમારો પરિચય આપો તે પહેલાં અમારો ટૂંકમાં પરિચય આપી દઉ. હું પ્રેમચંદ પંચાલ, ડ્રૉપઆઉટ ક્લબનો પ્રમુખ, અને આ છે ક્લબના સભ્યો-પ્રતિભાજી, જાણીતાં બ્યૂટી વિશેષજ્ઞ છે, કલ્યાણીજી પંચતારક હોટેલનાં શેફ છે. ઉર્વીજી અને અમરતભાઈ પ્રતિષ્ઠાપ્રાપ્ત અરાજક તત્ત્વ છે.

નિધિ : હું નિધિ...કૉલેજના બીજા વર્ષમાં છું. સૉરી બટ...હું...ડ્રૉપઆઉટ નથી.

મિતાલી : તો શું કામ આવી?

પ્રતિભા : તો આ કલબમાં સામેલ ન થઈ શકે.

ઉર્વી : અહીં હાજર પણ ન રહી શકે.

નિધિ : તમે કહેતા હો તો ચાલી જાઉ. મને તો આ કરણ લઈ આવ્યો છે. કદાચ, હું આ બધાંની જેમ ડ્રૉપઆઉટ થવા બાબતે ડેમ સ્યોર નથી.

કરણ : નિધિ અત્યારે સંભવિત છે. ડ્રૉપઆઉટ થવા અંગે ફાઇનલ નિર્ણય પર પહોંચી નથી. તે થોડી અવઢવમાં છે, મને થયું કે આપણે તેને નિર્ણય કરવામાં સહાયક થઈશું.

પ્રતિભા : ઓકે...! સારી વાત છે.

અભી : હું એક બાબતે ચોક્કસ છું, કૉલેજ છોડવી એ કાયદેસરનો વિકલ્પ છે

પ્રેમચંદ : કૉલેજ છોડતાં કોઈને રોકી શકાય નહિ.

પ્રતિભા : ન જ રોકી શકાય. આપણું બંધારણ કે સુપ્રીમ

કોર્ટ પણ રોકી શકતું નથી.

પ્રેમચંદ : પ્રતિભા...આપણે આ લોકોને આવકારવા ભેગાં થયાં છીએ, ભાષણબાજી કરવા નહિ.

પ્રતિભા : તો મેં ક્યાં રોક્યા છે! આવકારો તમતમારે!

પ્રેયસ : કારકિર્દી શરૂ કરવા કૉલેજ-સ્નાતક થવું એ જ એકમાત્ર રસ્તો નથી.

કલ્યાણી : હું પણ એવું જ માનું છું.

મિતાલી : હાઈસ્કૂલ પછી સીધા કમાણી કરવાનો ઈરાદો રાખવો એ ખરાબ વિચાર નથી.

ઉર્વી : એમ તો હાઈસ્કૂલ પછી સીધા લગ્નના માંડવે કૂદકો મારવો પણ ખરાબ વિચાર નથી.

નિધિ : સીધા માંડવે જ પહોંચી ગયા હતા, કેમ?

ઉર્વી : રિઝલ્ટની પણ રાહ નહોતી જોઈ... મેં તો. આવેલો લાગ ચૂકે તેના પર લોકો થૂંકે!

અમરતભાઈ : લાગ...! એવાં તો શું હીરા-મોતી ટાંગ્યાં હતાં?

ઉર્વી : હું દેખાતી બહુ સુંદર... મારું બૉડી એકદમ ટકાટક... હાઈસ્કૂલની એટલે કે બારમાની પરીક્ષા આપી કે તરત લગ્નના માંડવે કૂદકો.

પ્રેમચંદ : હવે મુદ્દા પર આવીએ...? આ લોકોનો પરિચય મેળવીએ? તમે દરેક જણા એક લીટીમાં પરિચય આપો. પ્રેયસ, તું શરૂ કર...

પ્રેયસ : હું પ્રેયસ, સ્કૂલ ડ્રૉપઆઉટ.

અભી : હાય અભી. કૉલેજ છેલ્લા વરસમાં ડ્રૉપ કર્યું, હું કૉલેજમાં ખૂબ લોકપ્રિય રહ્યો છું.

મિતાલી : આઈ એમ મિતાલી. શાળા છોડી છે, ખૂબ જ સર્જનાત્મક રહી છું.

કરણ : કરણ હીઅર...! હમણાં જ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવ્યો છે પરંતુ કૉલેજ જતો નથી.

પ્રેયસ : નોકરીઓ માટે સ્નાતકની ડિગ્રીની જરૂર હોતી નથી ઈવન અમેરિકામાં પણ સાઠ ટકા નોકરીઓમાં ડિગ્રીની જરૂર નથી હોતી.

નિધિ : તેનો અર્થ એ કે ચાલીસ ટકા નોકરીઓમાં ડિગ્રીની જરૂર રહે છે.

પ્રેયસ : ચાલીસ વધારે કે સાઠ વધારે?

નિધિ : અફકોર્સ સાઠ જ વધારે, પણ તું જાણે છે ભવિષ્યે શું થવાનું છે?

પ્રેયસ : ભવિષ્યમાં કાંઈ નથી થવાનું...બસ...

ઘટના- પ્રેયસ

પ્રેયસ છેલ્લી પરીક્ષા આપી ઘરે આવે છે.

પ્રેયસ : મમ્મી...મારું આઈસક્રીમ ક્યાં છે?

રિતિકા : અત્યારે આઈસક્રીમ ક્યાંથી યાદ આવ્યું?

પ્રેયસ : નાનપણથી આજ સુધી દરેક છેલ્લી પરીક્ષા પછી તું મને આઈસક્રીમ ખવડાવે છે...

રિતિકા : ઓહ હા...પણ આજે હું ભૂલી ગઈ છું...

પ્રેયસ : એમ તું ભૂલી જાય તે કેમ ચાલે...!

રિતિકા : (થોડી ગુસ્સામાં) માણસ છું, ભૂલી જાઉં.

પ્રેયસ : ઓકે નો પ્રોબ્લેમ... લાવ પાંચસો રૂપિયા... હું જાતે ખાઈ લઈશ...

રિતિકા : પાંચસો-આટલા બધા રૂપિયાનું તું આઈસક્રીમ ખાઈશ?

પ્રેયસ : મારા ફ્રેન્ડ્સ પણ તો સાથે હશે ને...

રિતિકા : તારા ફ્રેન્ડ્સના પૅરન્ટ્સ નથી... કે તારે ખવડાવવું પડે?

પ્રેયસ : એ લોકો મને ખવડાવે છે તો મારે પણ ખવડાવવું પડે કે નહિ?

રિતિકા : ના તારે કોઈને ખવડાવવાનું નથી અને તારે કોઈનું ખાવાનું પણ નથી. આ લે પચાસ રૂપિયા તું જાતે જઈને છાનોમાનો ખાઈ લે...

પ્રેયસ : મમ્મી પચાસ રૂપિયામાં તો મારું એકલાનું પણ પેટ ન ભરાય...

રિતિકા : તો રહેવા દે...નથી ખાવું આપણે...

પ્રેયસ : કેમ મમ્મી? આજ સુધી તો બહુ ખુશ થતી હતી? આમ અચાનક...શું થયું મમ્મી? તું આજે આટલી ઉદાસ કેમ છે?

રિતિકા : પ્રેયસ, મારી જૉબ છૂટી ગઈ છે. હું તને આગળ ભણાવી નહિ શકું. હું તારી ફીસ એફોર્ડ નહિ કરી શકું...તારે કૉલેજ ડ્રૉપ કરવી પડશે. (પ્રેયસને આંખે અંધારાં આવી જાય છે, એને ભણવું હતું.)

પ્રેયસ : શું મારે કૉલેજ ડ્રૉપ કરવાની છે?

રિતિકા : બેટા, હું તને નહિ ભણાવી શકું... સોરી...

પ્રેયસ : મમ્મી, તું જ તો કહેતી હતી ભવિષ્યમાં હું ભણી ગણીને મોટો ઑફિસર બનીશ.

રિતિકા : મને આશા હતી જ કે તું મોટો ઑફિસર થઈશ. અત્યારે તો આપણા વર્તમાનનો સવાલ ઊભો થયો છે. કૉલેજ છોડીને...તારે પણ કોઈ કામ કરવું પડશે...

ઘટના બાદ

કલ્યાણી : કૉલેજમાં જવું એ મોટાભાગના પૅરન્ટ્સનું સંતાન માટે ધારી લીધેલું આગલું પગલું છે.

પ્રેયસ : જીવનનાં લક્ષ્યો સુધી પહોંચવા માટે તમને અનુભવની પણ જરૂર છે.

અભી : મારા દાદા, પપ્પાએ ડિગ્રી મઢાવીને દીવાલ પર લટકાવી રાખી છે. દીવાલના ઊખડી ગયેલા પોપડા ઢાંકવામાં કામ લાગે છે.

નિધિ : (આક્રોશિત) એ સામાન્ય ફોટા નથી... તારા પપ્પા અને દાદાની સિદ્ધિ છે... ડિગ્રી મેળવવાનો આશય ફક્ત આવક મેળવવા પૂરતો જ સીમિત નથી...ડિગ્રી એ ગર્વ છે...

અભી : તું અહીં ડિગ્રી પર ગર્વ લેવા આવી છે કે ડિગ્રી ન લેવાના નિર્ણય પર વિચાર કરવા?

કલ્યાણી : બેસ, બેસ. કૉલેજ ન જવાનું પસંદ કરવાથી મૂર્ખ, આળસુ, અવિવેકી નથી થઈ જતા.

પ્રેયસ – કૉલેજ છોડવી એ શ્રેષ્ઠ પસંદગી હોઈ શકે તેનાં ઘણાં કારણો છે. ભવિષ્ય આપણી સત્તામાં નથી હોતું. ભવિષ્યનો વિચાર કરવાનો કોઈ મતલબ નથી

નિધિ : ભવિષ્ય અનિશ્ચિત છે, પણ આજના પગલાં પર ભવિષ્ય આધાર રાખે છે.

પ્રેમચંદ : પ્રેયસ, તારી મમ્મી શું કરતી હતી? આઈ મીન, શેની જૉબ કરતી હતી...

પ્રેયસ : એક કંપનીમાં આર્ટિસ્ટ હતી...સાડી ડ્રેસની ડિઝાઈન ડ્રો કરતી હતી. હવે કમ્પ્યૂટર પર જ બધી ડિઝાઈન તૈયાર થઈ જાય છે.

નિધિ : વેલ, તું કૉલેજ છોડીને કયું કામ કરશે?

પ્રેયસ : હજી કાંઈ નક્કી નથી...

નિધિ : તું જો સવારે વહેલો ઊઠીને પેપર નાખવાનું કામ કરે અને બપોરે કૉલેજ જાય તો આવક અને અભ્યાસ, બંને સાથે થઈ શકે છે. તારી મમ્મીએ સાથ આપવાનું જ કહ્યું છે, બધી જવાબદારી તારા પર નથી નાખી.

પ્રતિભા : છી છી, પેપર નાખવા કોણ જાય?

નિધિ : કેમ, પેપર નાખવામાં શું ખોટું છે?

પ્રેયસ : એમાં વળી કેટલા રૂપિયા મળે?

નિધિ : તો ડ્રૉપઆઉટ થઈને લાખો રૂપિયા કમાઈ લઈશ એમ માની બેઠો છે?

પ્રેયસ : કેમ, આ કલ્યાણી મૅડમ નથી કમાતાં?

કલ્યાણી : બીજાના મહેલ જોઈને આપણું ઝૂંપડું નથી તોડી પડાતું.

પ્રેયસ : બીજાને જ્ઞાન આપવું સહેલું છે...તમને કોઈ વાસણ સાફ કરવાનું કહે તો?

કલ્યાણી : કરું... ખુશીથી કરું... ઇનફેક્ટ મેં ડ્રૉપઆઉટ થયા પછી પહેલું કામ વાસણ સાફ કરવાથી જ કર્યું હતું. મારા પડોસી એક રસોઈયા મહારાજ હતા, તેમને કૉન્ટ્રેક્ટ મળે ત્યારે હેલ્પરની જરૂર રહેતી. હું તેમની સાથે જતી અને વાસણો પણ સાફ કરતી...

પ્રેમચંદ : જરૂર ન હોય તેવાં ઓળખપત્ર મેળવવા માટે સમય, શક્તિ અને રૂપિયા શા માટે ખર્ચવાં? પ્રેયસ... તારી મમ્મી ઇચ્છે છે કે તું તેને ઘર ચલાવવામાં આર્થિક મદદ કરે. હવે ધારો કે આ છોકરી કહે છે પેપર નાખીને...

પ્રેયસ : હું પેપર નાખવા જવાનો નથી.

પ્રેમચંદ : ન જતો...પણ જાય તો જે થોડા રૂપિયા કમાય, એ તારી મહેનતથી કમાયેલા રૂપિયા, જેની તારી માને ઘર ચલાવવા માટે જરૂર છે, તે તું તારા જ ભણવા પાછળ ખર્ચી નાખશે તો તેં શું મદદ કરી તારી માને? તું તો મા પર બોજ જ રહ્યો ને? મને પણ ખબર ન હતી કે ભવિષ્ય શું છે. પણ આજે જો...

પ્રતિભા : મેં પણ કાંઈ જ્યોતિષને બતાવીને ભણવાનું નહોતું છોડ્યું ... મારી પાસે શાળા છોડવા માટેનાં કેટલાંક ચોક્કસ કારણો હતાં. પહેલું કારણ તો મને લેસનનો જ કંટાળો આવતો હતો. ભણવાનું મારે માટે બોજ સમાન હતું. ઘરેથી મણ-મણના કોથળા ઊંચકી સ્કૂલે જાઓ...સ્કૂલમાં તારા જેવી ચિબાવલી અને

ચિબાવલા સાહેબોનાં ભાષણો સાંભળો. કેટલું બોરિંગ હોય છે નહિ? મને પરીક્ષા આપવાનો જ કંટાળો આવતો હતો...

મિતાલી : હા...સાવ બોરિંગ હોય છે પરીક્ષાઓ... એવા કેટલાય દાખલાઓ છે, જેમના નામે કૉલેજ છોડી દેવાની દંતકથાઓ છે.

પ્રેમચંદ : આ બધા જ મહાન ડ્રૉપઆઉટ્સ છે.

મિતાલી : ઝકરબર્ગ, ગેટ્સ, જોબ્સ, ડેલ, ડીજેનરેસ, ઓપ્રાહ. આ પૃથ્વી ગ્રહ પરના સૌથી વધુ આર્થિક રીતે સફળ લોકો છે અને આ બધાએ કૉલેજ છોડી દીધી છે.

પ્રેમચંદ : દંતકથાઓ તેમના નામે જ છે જેમણે ભણવાનું છોડી દેવાનું ડૅરિંગ કર્યું છે.

નિધિ : મહાન લોકોનું અનુસરવાનું મહિમાગાન અને નિર્ણયનું મહિમામંડન, તેમની દંતકથાઓનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે. શાળા છોડવાનો, તેમના જુસ્સાને અનુસરવાનો અને તેમનાં સપનાંનો પીછો કરવાનો.. જો કે, તેઓ વાસ્તવમાં તો નિયમના અપવાદ છે.

કરણ : અપવાદ શેના? હકીકતે તેઓ સફળ છે.

નિધિ : સત્ય એ છે. તેઓ ખરેખર સફળ અપવાદ છે કે ભણતર છોડ્યા કે કૉલેજ ટાળ્યા પછી મહાનતા તરફ આગળ વધ્યા છે. દરેક સુપર-સફળ કૉલેજ ડ્રૉપઆઉટના સામે છેડે એવા હજારો સફળ લોકો ઊભા છે જેઓએ કૉલેજ પૂર્ણ કરી હોય. દંતકથાઓ ડિગ્રી સિવાય પણ ઘણું ઝૂંટવી લે છે.

મિતાલી : છેલ્લાં ત્રણ ત્રણ વરસથી કોણ ખવડાવશે અને કોણ ભણાવશે તે માટે ઝઘડા ચાલતા હતા...ખાક બેટી બચાવો, બેટી પઢાવો! છુટ્ટાં પડતાં માતા-પિતાઓ સંતાનોને છુટ્ટાં રખડતાં કરી દે છે...

ઘટના મિતાલી (માતા-પિતાના છૂટાછેડા)

નીતા : મને નથી લાગતું કે આપણે હવે વધારે વખત સાથે નહિ રહી શકીએ.

દીપક : આપણે ઘણાં વર્ષોથી સાથે નથી રહેતાં...

નીતા : તો અત્યારે શું કરીએ છીએ?

દીપક : એક જ ઘરમાં રહેવું, એને સાથે રહીએ છીએ એમ ન કહેવાય.

નીતા : મારી મજબૂરી છે એટલે જ મન મારીને, લાગણી દબાવીને પડી રહી છું.

દીપક : મન મારીને, લાગણી દબાવીને તો હું નિભાવી રહ્યો છું તને... તું તો તાગડધિન્ના જ કરી રહી છે.

નીતા : તાગડધિન્ના તું કરી રહ્યો છે મારી કમાણી પર...

દીપક : હું તો જાણે કમાતો જ નથી. તેનો જ તને અહંકાર આવી ગયો છે. હું જ મૂરખો હતો કે તને છૂટ આપી. ઘરે બેસાડી હોત તો આમ ચુ-ચપડ ન કરતી હોત!

નીતા : હું મૂરખી કે તારા જેવા જોડે લગ્ન કર્યાં...

દીપક : તો હવે આપણે બેઉ મૂરખાઓ પોતપોતાની ભૂલ સુધારી જ લઈએ...તું તારા રસ્તે જા અને હું મારા રસ્તે જાઉં...

નીતા : એમ કાંઈ સહેલાઈથી છોડવાની નથી, ખાધાખોરાકી લઈને જઈશ...છોડીશ નહિ...

દીપક : હા હા, મિતાલીને પણ સાથે લેતી જજે.

નીતા : મિતાલીને હું નથી લઈ જવાની...

દીપક : હા...પેલાએ ના પાડી હશે સાથે લાવવાની... મિતાલી મારા એકલાની છોકરી નથી...

નીતા : મારી એકલીની પણ ક્યાં છે? તું એમ જવાબદારીમાંથી છટકી શકે નહિ. બાર નેજા પાણી કેમ ઊતરે છે તેનું ભાન પડશે.

દીપક : મને તો પહેલીથી જ ખબર છે કે 'ઢ' છે. નવ નેજાં કહેવાય.

નીતા : તારી દીકરીના પહેરવા, ઓઢવા, ખાવાનાં નખરાં સામે તો નવ નેજા પાણીની કોઈ વિસાત નથી...એ તો મેં જ આજ સુધી સહન કર્યું છે. કોઈ બીજી હોત તો ક્યારની લાત મારીને ચાલી ગઈ હોત!

મિતાલી : બસ બસ...મમ્મી-પપ્પા તમે બંને પાછાં શરૂ થઈ ગયાં...? આ કકળાટ બંધ કરો.

નીતા : મેં છૂટાછેડાની પિટિશન કરી દીધી છે...

મિતાલી : વ્હોટ? ડિવોર્સ? મારું શું થશે?

નીતા : રાખશે આ તારો બાપ તને ખવડાવશે...

દીપક : હું નહીં, તારી મા રાખશે સાથે... આમ પણ ખાધાખોરાકી માગવાની જ છે.

નીતા : હું મારા માટે ખાધાખોરાકી માગી રહી છું...

દીપક : એકલા એકલા જલસા કરવા છે કેમ! જવાબદારીમાંથી છટકી જવું છે?

નીતા : આટલાં વર્ષો મેં જ તો જવાબદારી નિભાવી છે...કોણ તારું સગલું આવ્યું છે?

મિતાલી : ઓહ સ્ટોપ ઇટ...આઇ સે સ્ટોપ ઇટ... તમારા બંનેના ઝઘડાઓને લીધે મારું મન ભણવામાં પણ નથી લાગતું.

નીતા : તો છોડી દે...કોઈ તને કંકુચોખા ચોંટાડવા નથી આવવાનું.

દીપક : યસ...છોડી દે...ડ્રૉપ ઇટ રાઇટ નાઉ...

ઘટના પછી

મિતાલી રડે છે. સાથે બધાંની જ આંખમાં આંસુ તરી આવે છે. થોડી પળો પછી.

નિધિ : વેલ, કરણ તું કહીશ કે તારે ડ્રૉપઆઉટ કેમ થવું છે જ્યારે તારા પિતા ડૉક્ટર છે, તારી માતા પ્રોફેસર છે...તું સ્ટડીમાં પણ હોશિયાર છે. થ્રૂઆઉટ ડિસ્ટિંક્શન કે હાયર ડિસ્ટિંક્શન રહ્યો છે. તારી એવી કોઈ મજબૂરી પણ દેખાતી નથી. તો તારું નામ કેમ ડ્રૉપઆઉટમાં છે?

કરણ : (આક્રોશિત) એકસો દસ ટકા હું ડ્રૉપઆઉટ સ્ટુડન્ટ છું. મને પણ કંટાળો આવે છે.

નિધિ : ખોટી વાત છે, જો તને કંટાળો આવતો હોત તો તું થ્રુઆઉટ ડિસ્ટિંક્શન કે હાયર ડિસ્ટિંકશન રહ્યો જ ન હોત! જે આક્રોશ મને તારી આંખોમાં દેખાય છે તે બીજા કોઈ સ્ટુડન્ટમાં નથી દેખાયો...આ આક્રોશનું કોઈ બીજું જ કારણ છે.

કરણ : હા, હું મારાં માતાપિતા સાથે બદલો લેવા માગું છું. આખો દિવસ રૂપિયા રૂપિયા રૂપિયા... મારે ક્રિકેટર થવું છે અને તેઓ ક્રિકેટને કેરિઅર જ નથી માનતા. યાર લાઇફ મારી છે અને મારી લાઇફનું ડિસિશન એ લોકો લે છે.

નિધિ : ઓહ એમ વાત છે! તારાં માબાપ તને ક્રિકેટર નથી થવા દેતાં એટલે તારે એન્જિનિયર નથી થવું? એક માતા-પિતા આપણે માટે કેટલો ભોગ આપે છે?

કરણ : શું ભોગ આપે છે? બસ, ફી ભરીને છૂટાં...

નિધિ : કેમ કે, તું જન્મજાત પૈસાવાળો છે એટલે તને માતા-પિતાના સંઘર્ષની જાણકારી નથી. અને ખરેખર તો તું તારાં મા-બાપ સામે બદલો નથી લઈ રહ્યો, તારા જીવનનું નખ્ખોદ વાળી રહ્યો છે.

કરણ : શું બકવાસ કરે છે? હું મારા જ જીવનનું નખ્ખોદ...? મારું સ્વપ્ન ખોટું છે?

નિધિ : શું દરેક મૅચ એક જ ગ્રાઉન્ડ પર રમાય છે?

કરણ : ના, અલગ અલગ ગ્રાઉન્ડ પર...

નિધિ : ધેટ્સ ઇટ...તને સચિન...હાર્દિક જેવા ક્રિકેટરો દેખાય છે જેમણે ડ્રૉપઆઉટ થઈને નામ અને દામ કમાયાં છે, એની સામે એવા કેટલાય પ્લેયર્સ છે જેઓ ખેલાડી નથી થઈ શક્યા... ક્યારેક આપણા જીવનનું ગ્રાઉન્ડ પણ બદલવું પડે છે, સ્વપ્ન બદલવાં પડે છે.

કરણ : ટ્રાય એન્ડ ટેસ્ટિંગ વગર જ...?

નિધિ : વેલ... તું તારી કૉલેજ ક્રિકેટ ટીમનો મુખ્ય ખેલાડી છે, ખરું ને?

કરણ : (અચકાય છે) ના, કૉલેજમાં તો હજુ સિલેક્શન થયું જ નથી, હજી હમણાં જ તો ઍડમિશન થયું છે.

નિધિ : તો શાળાની ટીમનો મુખ્ય ખેલાડી હતો?

કરણ : ના...શાળામાં તો પૉલિટિક્સ એટલું રમાતું હતું કે...મેં ભાગ જ નહોતો લીધો.

નિધિ : અને તું નૅશનલ કે IPL ટીમનો ખેલાડી બનવાનું સ્વપ્ન જુએ છે...ખરું ને?

પ્રેમચંદ : આ છોકરી ડ્રૉપઆઉટ થયેલાઓનું અને થનારાઓનું અપમાન કરે છે.

પ્રતિભા : તો શું ક્યારની ચપડચપડ કરે છે !

નિધિ : વાહ પ્રેમચંદજી...! ડ્રૉપઆઉટ થવું સન્માનની વાત છે?

કરણ : ગ્રાઉન્ડ બદલવું અને સ્વપ્ન બદલવાં...તેં કયું ગ્રાઉન્ડ અને કયાં સ્વપ્ન બદલ્યાં?

ઘટના નિધિ

(પપ્પા રાજીવ, મમ્મી માનસી, નિધિ)

સાંજનો સમય છે, રાજીવ ઠાકર હંમેશ મુજબ દારૂનો ગ્લાસ ભરી બેઠો છે. માનસી શાક સમારી રહી છે. નિધિ બહારથી આવે છે.

માનસી : ચલ નિધિ, ફટાફટ વાસણ સાફ કરી દે, આજે વાસણ વધારે છે.

નિધિ : બે મિનિટ શ્વાસ તો લેવા દે, હજી તો ઘરમાં આવી નથી ને ચાલુ પડી ગઈ...

માનસી : હા, પણ પતાવી દેજે...

નિધિ : મમ્મી, મને બે ડ્રેસ તો અપાવો.

રાજીવ : હમણાં જ અપાવ્યા હતા, ફાટી પણ ગયા?

નિધિ : એક જ તો ડ્રેસ અપાવ્યો હતો, તેને પણ છ મહિના થઈ ગયા.

માનસી : તું એકલી નથી, બીજી બે પણ છે.

નિધિ : પેદા શું કામ કર્યા હતા ?

માનસી : ના જ પાડી હતી તારા બાપાને, એમને વારસદાર જોઈતો હતો. વારસદાર તો પેદા ન થયો... તું થઈ.

નિધિ : એમાં મારો વાંક? મમ્મી, હું કૉલેજમાં છું, મારી પાસે ફક્ત ત્રણ ડ્રેસ છે. જે વીકમાં બે વાર રિપીટ કરવા પડે છે.

માનસી : તો હવે તારે રોજ નવો ડ્રેસ પહેરવો છે ?

નિધિ : બીજી છોકરી પંદર દિવસમાં ડ્રેસ રિપીટ કરતી હોય છે. કમસે કમ અઠવાડિયા પછી રિપીટ કરવો પડે એટલા ડ્રેસ તો અપાવ.

રાજીવ : તેમના બાપાઓ પાસે દોલતના ભંડાર હશે. તારા બાપ પાસે નથી.

નિધિ : તેમના બાપાઓ રોજ દારૂ નથી પીતા...

માનસી : તારા પિતા સાથે આ રીતે વાત કરે છે?

નિધિ : તમે બંને કેમ સમજતાં નથી? હું એક છોકરી છું, હું ફક્ત બે ડ્રેસ માગું છું.

માનસી : બેટા, દર મહિને ડ્રેસ ખરીદવાની આપણી કેપેસિટી નથી.

નિધિ : રોજ દારૂ પીવાની કેપેસિટી છે!

રાજીવ : હા છે, રોજ દારૂ પીવાની કેપેસિટી મારી છે. જો એકનાં એક કપડાં પહેરીને કૉલેજ જવામાં શરમ આવતી હોય તો ભણવાનું છોડી દે.

નિધિ : પછી શું કરીશ ? મંદિરની બહાર ભીખ માંગીશ...તમારા માટે રોજ દારૂના પૈસા ભેગા કરવા!

***

અમરતભાઈ : તમે લોકો તો નસીબદાર છો...કે કોઈએ બારમું ધોરણ તો કોઈએ કૉલેજનાં પગથિયાં જોયાં છે. હું તો સૌથી વધારે અભાગિયો છું. હું તો ભણવા જ માગતો હતો....

અભી : કોણે રોક્યા હતા?

અમરતભાઈ : હીરાએ...આઠમા ધોરણમાં સત્યાસી ટકા... એઈટી સેવન પરસેન્ટ માર્ક્સ સાથે શાળામાં પહેલો આયો હતો...

નિધિ : ઓહ વેરી ગુડ...

અમરતભાઈ : શેનું ગુડ...નવમા ધોરણમાં માંડ મહિનો પસાર થયો ને...એક દિવસ વજ્રાઘાત થયો... બાપાએ કહી દીધું, કાલથી ભણવા નથી જવાનું... કારણ પૂછ્યું તો જવાબમાં ચાર પાંચ ધોલધપાટ પડી હતી... મને યાદ છે ત્રણ દિવસ પછી મારા ક્લાસટીચર મનુસાહેબ ઘરે આવ્યા હતા, મમ્મી પપ્પાને મળવા. મારી હિમ્મત નહોતી કે સાહેબની સામે જાઉં...છુપાઈને બધું જોયું.

ઘટના અમરતભાઈ

મનુસાહેબ : હું શાળાએથી આવું છું... નમસ્તે...

બાપા : શું કામ આવ્યા છો?

મનુસાહેબ : અમરત નથી દેખાતો?

બાપા : એ ઘરે હોય તો દેખાય ને...

મનુસાહેબ : ક્યાં ગયો છે? બીમાર તો નથી પડ્યો?

મમ્મી : ના ના સાહેબ એને કાંઈ નથી થયું...

બાપા : મારો અમરત પહેલવાન છે પહેલવાન...

મમ્મી : એના મિત્રોને મળવા ગયો છે.

મનુસાહેબ : તો અમરત ત્રણ-ચાર દિવસથી શાળાએ

કેમ નથી આવતો?

બાપા : એ હવે શાળામાં નહિ આવે.

મનુસાહેબ : કાં? કેમ નહિ આવે? મનુસાહેબે અમરતનાં મમ્મી તરફ જોયું.

મમ્મી : અમરતના બાપાએ તેને સુરત મોકલવાનું નક્કી કર્યું છે.

મનુસાહેબ : સુરત આગળ ભણવા માટે? ખૂબ સરસ, અમરત હોશિયાર છોકરો છે...

બાપા : હોશિયારીને શું ધોઈ પીવી છે? એ તો હીરા ઘસવા જશે...બહુ રૂપિયા છે હીરા ઘસવામાં...

મનુસાહેબ : પણ અમરતના જીવતરનું શું?

બાપા : રહેવાનું ખાવાનું હંધુંય શેઠના ખર્ચે છે.

મનુસાહેબ : ભણ્યો હોત તો કલેક્ટર બની ગયો હોત! સાહેબ દુખી થઈને બહાર નીકળી ગયા...

ઘટના પછી

અમરતભાઈ : બાપાએ હીરા ઘસવા સુરત મોકલી આપ્યો હતો. હીરામાં કમાણી જોઈને, એ સમયે મારા જેવા કેટલાય જુવાનિયાઓને ઉઠાડી ઉઠાડી સુરત ભેગા કરી દીધા હતા. અમારા ભણતરને હીરાની કમાણી ભરખી ગઈ... એક આખેઆખી પેઢી અભણ જ રહી ગઈ... નાની ઉંમરમાં આવક મળતી થઈ ગઈ હતી જે મારી અપેક્ષા કરતાં ખૂબ જ વધારે હતી. એક રૂમમાં આઠ આઠ જણાને સૂવાની અગવડ તો પડતી હતી, પણ એક તો શેઠના ખર્ચે હતું અને બીજું સગવડનું બહુ ભાન ન હતું.

ધીમે ધીમે કુમળી વયે અધધધ આવકની આડઅસર થવા માંડી, બચતની બુદ્ધિ નહિ એટલે થોડા ગામે મોકલ્યા અને ઝાઝા ઉડાડવા માંડ્યા...પાન-માવો, સિગારેટ અને સિનેમા પાછળ રૂપિયા ઉડાડ્યા કર્યા...

અને અચાનક હીરામાં મંદી આવી ગઈ નોકરી છૂટી ગઈ ને મોજશોખ, લત ને કારણે હું ક્યાંયમના રવાડે ચઢી ગયો... સ્કૂલ કે કૉલેજ છોડવી સહેલી છે...સાવ સહેલી.

પ્રેમચંદ : સ્કૂલ-કૉલેજ છોડવાથી...કે મંદીને કારણે બધા કાંઈ ક્રિમિનલ નથી બની જતા. મેં પણ હીરા ઘસવાથી જ શરૂઆત કરી હતી.

નિધિ : તમને તો રત્નકલાકાર કહેવાય છે...પથ્થરને ઘાટ આપીને...

અમરતભાઈ : રૂડું રૂપાળું નામ છે રત્નકલાકાર...મારા જેવા હજારો કલાકારો હીરાને ઘાટ આપે છે પણ જીવનને ઘાટ આપવાનું ચૂકી જાય છે.

***

કલ્યાણી : મને રતીભાર પણ અફસોસ નથી.

નિધિ : તમે ખૂબ જ સારી આવક ધરાવો છો એટલે અફસોસનું કારણ રહ્યું નથી?

મિતાલી : તમે એક સામાન્ય મજૂરણ...સોરી તમારો જ શબ્દ વાપરી રહી છું...એક મજૂરણમાંથી પંચતારક હોટેલનાં શેફ કેવી રીતે થયાં?

કલ્યાણી : ભણવાનું છોડી હું મજૂરી કરવા ગઈ ત્યારે હું હજારોની ઉપસ્થિતિ વચ્ચે એકલતા અનુભવતી હતી. મને સમજાવવાવાળું કોઈ ન હતું. હું ઓપન પ્લૉટોમાં એક ખૂણામાં આંસુઓ છુપાવીને વાસણો માંજતી...

અભી : એનો અર્થ એ નથી કે તમને ક્યારેય ડિગ્રી મેળવવાની તક મળશે જ નહિ. તક મળ્યે ડિગ્રી મેળવી શકાય છે.

કલ્યાણી : હું પણ એવું જ વિચારતી કે એક દિવસ હું કૉલેજ જઈશ, કૅમ્પસ મારી રાહ જોતું હશે પણ એ દિવસ ક્યારેય ન આવ્યો.

મિતાલી : શાળા છોડી દેવાનું રાતોરાત થતું નથી; તે હતાશા અને નિષ્ફળતાની લાંબા ગાળાની પ્રક્રિયા પછી આવે છે.

નિધિ : તે હતાશા અને નિષ્ફળતા...હાથે કરીને મુસીબતોને આમંત્રણ નથી આપતી? ઘણીવાર નોકરીની તકો મર્યાદિત અને આવક ઓછી થાય છે, જે ગરીબી અને અન્ય સામાજિક સમસ્યાઓ તરફ દોરી જાય છે.

ઉર્વી : ઘણા લોકોએ કહ્યું કે તેઓ કૉલેજ પર ખર્ચેલા પૈસાનો અફસોસ કરે છે.

નિધિ : તમને ક્યારેય ભણવાનું છોડવાનો અફસોસ

થયો છે?

ઉર્વી : પસ્તાવો થયો છે...ભયંકર પસ્તાવો. નવ વરસના લગ્નજીવનમાં એક દીકરો અને એક દીકરી આપીને સાથ છોડી ગયો પ્રતાપ... પતિના મૃત્યુ બાદ અભ્યાસની કિંમત જાણવા મળી ત્યારે મને લાગ્યું કે મેં મારું જીવન શરૂ થાય તે પહેલાં જ બરબાદ કરી દીધું હતું. મને પૈસાદાર પાત્રની લાલચમાં મમ્મી પપ્પાએ નાની ઉંમરમાં, પરણાવી દીધી હતી. હું પણ ખુશ હતી કે નોકર-ચાકર...રસોઈ કરનાર બધા જ હતા. મારે તો ફક્ત હુકમ જ કરવાનો હતો. થોડા સમયમાં જ માવા અને ગુટકાની લતને કારણે મારા પતિને કેન્સર થઈ ગયું...તેમની દવા પાછળ જે ઘસારો શરૂ થયો તે તેમની જિંદગી અને મારી બરબાદી સાથે પૂરો થયો. મારા પતિનું મૃત્યુ આકસ્મિક ન હતું...કદાચ તેમણે જાતે જ નોતર્યું હતું.

પ્રેયસ : હું કસમ ખાઉ છું...સમસ્યાથી ભાગીશ નહિ...સમસ્યાને પડકારીશ...

પ્રેમચંદ : ડોબો છે સાવ...સાવ તકલાદી માણસ.

પ્રતિભા : તો શું...એક પળમાં હું ડ્રૉપઆઉટ થઈશ અને આ ચિબાવલીએ બે-ચાર વાક્યો ટપકાવ્યાં તેમાં ટપકી ગયો.

નિધિ : પ્રતિભાજી, તમે કહ્યું કે તમને તો પરીક્ષા આપવાનો જ કંટાળો આવતો હતો. પણ જિંદગીએ તમારી ડગલે ને પગલે પરીક્ષા નથી લીધી?

પ્રતિભા : હા નિધિ...પરીક્ષાનું સ્વરૂપ જ બદલાયું હતું અને ત્યારે મારી સાથે કોઈ ન હતું. ન તો માર્ગદર્શક ટીચર કે ન તો સહાધ્યાયી મિત્રો...

કરણ : આઈ થિન્ક, હું ખોટો હતો...હું મારાં મા-બાપ સામે બદલો લેવાના ચક્કરમાં, તેમને દુ:ખ પહોંચાડવાના ચક્કરમાં એ વાત ભૂલી ગયો હતો કે છેવટે હું જ મારી આખી જિંદગી જોખમમાં મૂકી રહ્યો હતો. હા, ક્રિકેટ રમવાનું પણ છોડીશ નહિ. રમીશ પણ મારા નિજાનંદ માટે.

નિધિ : તે રાતે...આખી રાત રડી હતી...હું અહીં આવી ત્યારે અવઢવમાં જ હતી...ડ્રૉપઆઉટ થવું કે નહિ? મારી પાસે બે જ ઓપ્શન હતા...કાં કૉલેજ છોડી દઉં...કાં દારૂડિયા બાપ પાસે માગણી કરવાનું છોડી દઉં...મેં સંકલ્પ કર્યો છે...બાપ પાસે ફરી ડ્રેસ નહિ માગું... ભલે લોકો મશ્કરી કરે, મારી ડિગ્રીથી વધારે કાંઈ નથી. હું ઍટિટ્યૂડ બદલીશ, કાંઈક કરી બતાવવાનું ઝનૂન પેદા કરીશ. સંજોગો સામે હારવાને બદલે સંજોગોને જ ઈંધણ બનાવીશ. વર્તમાનના બે ડ્રેસ સામે ભવિષ્યના હજારો ડ્રેસનું બલિદાન આપી શકું એમ નથી. આઇ એમ હન્ડ્રેડ પરસેન્ટ સ્યોર...હું ડ્રૉપઆઉટ નહિ જ થાઉં...

પ્રેમચંદ : તમારામાંથી જેમને પણ ડ્રૉપઆઉટ થવું હોય તેને હું મદદ કરવા તૈયાર છું. હું તમને મારા કારખાનામાં કામ કરવાની તક આપીશ...

અમરતભાઈ : કારણ કે તને ઓછા પગારમાં વધુ મજૂરી કરતા માણસો મળી જાય. ડિગ્રી ન મેળવવાનું પસંદ કરવું ચોક્કસપણે જોખમી છે.

કલ્યાણી : આખી દુનિયામાં પંદર-વીસ જણા કૉલેજ ન જઈને સફળ છે તેનો અર્થ એ નથી કે કૉલેજ નહિ જનારા બધા સફળ જ થાય, ઊલટું સફળ થવાની શક્યતા જ સાવ ઘટી જાય એવું પણ બને.

ઉર્વી : હું બધા જ સ્ટુડન્ટ્સને બે હાથ જોડીને કહું છું... ભણવાનું છોડશો નહિ. અને વાલીઓને પણ કહીશ કે સારા અને પૈસાદાર પાત્રના મોહમાં દીકરીને ઉઠાડી, પરણાવી આડકતરી રીતે તેના જીવનમાં અંધકાર ફેલાવવામાં ભાગીદાર બનશો નહિ.

અમરતભાઈ : દેશની જેલ અને મૃત્યુદંડની સજા પામેલા કેદીઓમાં સ્કૂલ છોડી દેનારાઓ અપ્રમાણસર ટકાવારી ધરાવે છે. અમેરિકામાં ૮૨ ટકા કેદીઓ હાઈસ્કૂલ છોડી દેનારા છે.

નિધિ : પ્રેમચંદજી, હું તમને એક સવાલ પૂછું? તમારી જુદી જુદી કંપનીઓમાં આશરે કેટલા

માણસો કામ કરતા હશે?

પ્રેમચંદ : હજારેક ખરા...

નિધિ : વાહ! ભગવાન ન કરે...પણ જો મંદી આવે... ને છટણી કરવાનો વારો આવે તો પહેલી છટણી કોની થાય? તમે કોઈ એકાઉન્ટન્ટ વગર કંપની ચલાવી શકો? એન્જિનિયર વગર? પ્રેમચંદ પાસે કોઈ જવાબ નથી.

કલ્યાણી : ડિગ્રી મેળવ્યા પછી પણ ઓછું ભણેલાની તકો તો રહે જ છે, ઉપરથી ભણેલાની તકો વધે છે.

નિધિ : તમે ભણવાનું ડ્રૉપ કરવાનાં સાચાં કારણો, ખોટાં તારણો, તર્ક, વિતર્ક કરી કૉલેજથી આઉટ થવાને યથાર્થ ઠેરવો છો?

પ્રતિભા : ના, એ યથાર્થ તો નથી જ. આપણે આપણા અહંકારને પોષવા તેના સમર્થનમાં ગમે તેટલી દલીલો કરીએ, તે યથાર્થ તો નથી જ.

પ્રેમચંદ : હું મારી ભૂલ સ્વીકારું છું. મને એ વાતનો અફસોસ નથી કે હું ડ્રૉપઆઉટ છું. પરંતુ એ વાતનો અફસોસ જરૂર છે કે હું કૉલેજ ન જઈ શક્યો. લાઈફમાં રૂપિયા જરૂરી છે જ...ખૂબ જરૂરી છે જે હું ઘણા કમાયો છું. જે કદાચ હું સ્નાતક થઈને ન કમાઈ શક્યો હોત...હું હજી પણ સારું કરી રહ્યો છું. પણ, પણ મેં મારી જિંદગીનાં ચાર બહુમૂલ્ય વર્ષ ગુમાવ્યાં જ છે. આપણે કૉલેજને એક સંસ્કાર કહીએ છીએ કારણ કે તે એક યુવાન વ્યક્તિ તરીકે તમે કોણ છો તેની શરૂઆત તરીકે ઘડવામાં આવે છે. 'કૉલેજ ડ્રૉપઆઉટ' શબ્દ કમનસીબ લાંછન ધરાવે છે. આજે જ્યાં જાઉં છું ત્યાં મારી ઓળખાણ, જેમ નિધિએ કહ્યું તેમ નકારાત્મક દંતકથાના સિમ્બોલ તરીકે થાય છે. હું ખોટી રીતે ક્વોટ થાઉં છું...

પ્રતિભા : સૌથી અગત્યનું....કૉલેજ તમારા જીવનનાં શ્રેષ્ઠ ચાર વર્ષ હશે. કૉલેજ નહિ જવાથી ફક્ત ભણતર કે સ્નાતકની પદવી ગુમાવવી પડે છે એવુંય નથી. કૉલેજ ડ્રૉપઆઉટ એ જીવનનો એવો તબક્કો ચૂકવી દે છે જે એક જીવનમાં એક જ વાર મળે છે.

નિધિ : કૉલેજ સ્નાતકોની માંગ છે જ.

પ્રેમચંદ : કમાવવા માટે ડિગ્રીની જરૂર પડવાની છે કે નથી પડવાની તે જાણતા નથી, તેમ છતાં જીવનના રણસંગ્રામે પડતાં પહેલાં સ્નાતકરૂપી ઢાલ હાથમાં હશે તો ઝીંક ઝીલવી સરળ થશે.

અમરતભાઈ : મૂળે તો દૃષ્ટિકોણ મહત્ત્વનો છે. સમસ્યાથી ભાગવું કે સમસ્યા સાથે ભીડવું...ભણછોડ કહેવાવું કે ભણેશ્રી.

પ્રેમચંદ : હું મદદ કરીશ...ડ્રૉપઆઉટ થવામાં નહિ, ડ્રૉપઈન થવામાં.

નિધિ : બોટમ લાઈન એ છે કે જે લોકોએ તેમની કૉલેજ ડિગ્રીઓ મેળવી છે તેમની માંગ વધુ છે અને તેથી તેમની પાસે વધુ કારકિર્દી વિકલ્પો છે. બધાં એકસાથે બોલી ઊઠે:

Drop out Is Not Delicious! ડ્રૉપઆઉટ લિજ્જતદાર નથી.

ડ્રૉપઆઉટ કોઈ મહાગાથા નથી, મહાભૂલ છે.

ડ્રૉપઆઉટ નહીં, ડ્રૉપઈન થવાની જરૂર છે, માંહી પડે તે મહાસુખ માણે!

બી-૨/૭૦૨, સૂર્યમ્ રેસિડન્સી,
ટીજીબી રેસ્ટોરન્ટની પાછળ,
પાલ-અડાજણ,
સુરત - ૩૯૫૦૦૯
મો. ૯૫૧૦૧૯૫૬૨૨


૩૫૩
મોહનની મોરલીમાં રાધાના સૂર
ઉષા પાઠક
મો. ૯૪૨૭૨૩૨૦૩૬

વિક્રમોર્વશીયમ્
રાકેશ ઉજ્જૈનિયા
મો. ૯૭૨૪૩૬૬૮૩૭



ચાલ... ઊડતાં શીખીએ..
વિપુલ લહેરી
મો. ૯૮૨૪૧૭૩૦૩૦

સંધ્યાના પાલવે...

ચિરાગ ત્રિવેદી
મો. ૯૪૨૯૬૩૫૦૭૭

ક્ષણ માત્ર એક જ

યામિની વ્યાસ

પાત્રો

ધરતી : ગૃહિણી, ભૂતપૂર્વ નર્સ અને સમજદાર માતા.

વિશ્વ : ધરતીનો દીકરો, ગાથાનો પતિ, વ્યવસાયે આર્કિટેક્ટ / ડિઝાઈનર.

ગાથા : વિશ્વની પત્ની, પોતાના કામમાં વ્યસ્ત પણ અણીના સમયે અત્યંત કુશાગ્ર બુદ્ધિ ધરાવતી વહુ.

આલોક : ધરતીના પતિ, શિસ્તના આગ્રહી (નાનો રોલ).

આભા : ધરતીની ખાસ સહેલી, જે હતાશામાં આત્મહત્યાનો વિચાર કરે છે.

દૃશ્ય ૧

(સ્થળ : વિશ્વ અને ગાથાનો બેડરૂમ. આખો રૂમ અસ્તવ્યસ્ત છે. પેન્સિલો, કલર પેન્સિલો, ડ્રાફ્ટિંગ સપ્લાય, પેપર શીટો, ગ્રાફ પેપર, પીઝાના ખાલી બોક્સ, કૉફીના કપ બધે વેરવિખેર પડ્યાં છે. ગાથા મોઢા પર ઓશીકું ઢાંકીને ઘસઘસાટ ઊંઘી રહી છે. બાથરૂમમાંથી નાહીને વિશ્વ બહાર આવે છે. બરાબર એ જ સમયે ધરતી રૂમમાં પ્રવેશે છે.)

ધરતી : (રૂમની હાલત જોઈને આશ્ચર્ય અને હળવા ગુસ્સા સાથે) અરે, તમારી રૂમ તો જુઓ! આ શું અડ્ડો જમાવીને બેઠા છો?

વિશ્વ : (ધરતીના હોઠ પર આંગળી મૂકી, ધીમેથી એનો હાથ પકડી રૂમની બહાર લાવે છે અને દરવાજો બંધ કરે છે) શશશ... મમ્મી, ધીમે બોલ. ગાથા હજી હમણાં સવારે આઠ વાગ્યે જ સૂતી છે. આખી રાત એણે પ્રોજેક્ટના કામમાં જાગરણ કર્યું છે.

ધરતી : (ઘડિયાળ સામે જોતાં) અરે બેટા, સવારના દસ વાગવા આવ્યા! હું તો તમને લોકોને જગાડવા આવી હતી. કામવાળા બહેન પણ આ રૂમ જોઈને સફાઈ કર્યા વગર પાછાં ગયાં.

વિશ્વ : હા મમ્મી, ખબર છે. એને એકાદ વાગ્યે ચા બનાવીને ઉઠાડશું. ચાલ, અત્યારે તો મને તારા હાથની મસ્ત કડક-મીઠી ચા આપ. હું હમણાં નીચે આવું છું.

(વિશ્વ રૂમમાં પાછો જાય છે. ધરતી સ્ટેજની બીજી તરફ રસોડાના સેટ તરફ જાય છે. ચા મૂકતાં મૂકતાં એ સ્વગત બોલે છે.)

ધરતી : (સ્વગત) સમય સમયની વાત છે. આજે ગાથા આખી રાત જાગીને કામ કરે છે તો વિશ્વ એને સાચવે છે. મને તક મળી હોત તો હું પણ... હું પણ કાબેલ નર્સ હતી. લગ્ન પછી નોકરી છોડવાનું દબાણ નહોતું, પણ ઘર-પરિવારની અપેક્ષાઓ વચ્ચે ક્યારેક સવારે નાઈટ ડ્યૂટી કરીને આવું ત્યારે કોઈએ એમ ન કહ્યું કે 'ચા પીને સૂઈ જા'. બધાનાં ટિફિન કરીને જ બપોરે સૂવા મળતું. આખરે વિશ્વ અને વેદિકા માટે નોકરી છોડવી પડી. પણ હું મારી વહુ સાથે આવું નહીં થવા દઉં. વહુ હોય કે દીકરી, એનાં સપનાં પૂરાં થવાં જ જોઈએ.

(વિશ્વ નીચે આવે છે અને ડાઇનિંગ-ટેબલ પર બેસે છે.)

વિશ્વ : મમ્મી, ચાને કેટલી વાર? પપ્પા ઑફિસે ગયા?

ધરતી : (ચાનો કપ અને પ્લેટમાં મસાલા પૂરી આપતાં) લે, આ તારી કડકમીઠી ચા. અને તને તો ખબર છે ને, તારા પપ્પા તો પોણા દસે નીકળી જ જાય, ઉપર એક મિનિટ પણ ન થાય.

વિશ્વ : પપ્પા હજી પણ ગાથાથી નારાજ રહે છે ને?

ધરતી : જો વિશ્વ, ગાથા એના કામમાં અવ્વલ છે, પણ સામાજિક વ્યવહારમાં સાવ કાચી છે. તારા પપ્પાને એનું હંમેશ જિન્સ-શર્ટ પહેરવું કે પ્રસંગોમાં ન આવવું નથી ગમતું. પણ હું એમને સમજાવી લઉં છું કે હજી બાળકો થશે એટલે આપોઆપ સમજ આવી જશે. ગાથા જિદ્દી નથી, બસ એના વિચારોમાં સ્પષ્ટ છે.

વિશ્વ : (હસતાં હસતાં, મસાલા-પૂરી ચામાં બોળતાં) મમ્મી, ચામાં પૂરી બોળીને ખાવાનું તેં જ નાનપણથી

શીખવ્યું છે, એટલે મને બહુ ભાવે.

ધરતી : (વહાલથી વિશ્વના માથામાં ટપલી મારતાં) નાનપણવાળા! તારા બાળકો આવશે ને એનેય હું જ શીખવીશ. તું ને ગાથા તમતમારે તમારું કામ કરો, બાકી ઘર સાંભળવા હું બેઠી છું ને!

(અંધકાર)

દૃશ્ય : ૨

સ્થળ : ઘરનો લિવિંગ રૂમ.

દીકરી વેદિકાનો ફોન : (ધરતી વાત કરે) મમ્મી, ગુડ ન્યૂઝ. તું નાની બનવાની.

ધરતી : અરે વાહ. ખૂબ ખુશી થઈ. હું બધાંને આ સમાચાર કહું છું.

વેદિકા : પપ્પાને હું જ ફોન કરીશ. અને હા તારા જમાઈરાજે તો સાંજે મૂવી અને ડિનરનો પ્લાન બનાવ્યો છે. અફકોર્સ, વીથ ફૅમિલી. તમે બધાં તૈયાર થઈ જજો. બાય.

ધરતી : બાય બેટા.(ફોન મૂકતાં) વિશ્વ બેટા..તું મામા બનશે.

વિશ્વ : (ખુશખુશાલ) અરે વાહ મમ્મી ..ખરેખર ગુડ ન્યૂઝ... આજે તો પાર્ટી થઈ જાય.

ધરતી : એમાં કંઈ કહેવું પડે? ઉત્સાહી જમાઈરાજે સાંજે બંને ફૅમિલી માટે ગોઠવી પણ દીધી છે-મૂવી અને ડિનર.

વિશ્વ : ગુડ ગુડ. જીજુની તો વાત જ નહીં થાય.

(અંધકાર)

દૃશ્ય : ૩

(બધાં મૂવી અને ડિનર માટે બહાર જવાની તૈયારી કરી રહ્યાં છે. વિશ્વ અને ગાથા પણ તૈયાર થઈને નીચે આવ્યાં છે.)

ધરતી : (ગાથાને જોઈને ખુશ થતાં) અરે વાહ ગાથા! આજે તો તું બહુ મસ્ત તૈયાર થઈ છે. રૂપાળી તો તું છે જ.

વિશ્વ : જોયું મમ્મી, અમે તમારું પ્રોમિસ પાળ્યું ને? સમયસર તૈયાર થઈ ગયાં.

(નેપથ્યમાંથી ગાડીના હોર્નનો અવાજ આવે છે. વેદિકા અને એના સાસરીવાળા ગાડીમાં છે.)

ધરતી : ચાલો ચાલો, વેદિકાનાં સાસુમા બહાર ગાડીમાં રાહ જુએ છે. એમને ફિલ્મની એક મિનિટ પણ જાય એ ન પોસાય. તમે બધાં ગાડી તરફ જાવ, હું ઘર લૉક કરીને આવું છું. પપ્પા ઑફિસથી સીધા આવી જશે.

વિશ્વ : હા હું ગાડી કાઢું.

(એ બહાર જાય છે. ધરતી લૉક મારવા જાય છે ત્યાં જ એના હાથમાંથી ગાથા પર્સ પકડી લે છે. ધરતીના પર્સમાં મોબાઈલની રિંગ વાગે છે.)

ધરતી : બેટા ગાથા, હવે રહેવા દે. જેનો ફોન હોય એનો, આપણે મોડાં પડીશું તો બધાંને ખરાબ લાગશે. કોઈ સગુંવહાલું હશે તો પપ્પાને ફોન કરશે.

ગાથા : પણ મમ્મી, કોઈને અર્જન્ટ કામ હોય તો? એક મિનિટ, જોઈ તો લઉં... લો, સ્પીકર પર જ રાખું છું.

(ગાથા ફોન રિસીવ કરીને સ્પીકર ઓન કરે છે. ફોન પર ધરતીની સહેલી આભાનો રડમસ અને હતાશ અવાજ સંભળાય છે.)

આભાનો અવાજ : સાંભળ ધરતી... હું કંટાળી ગઈ છું, બહુ હતાશ થઈ ગઈ છું. મેં બહુ વિચાર્યું... હવે મારે નથી જીવવું. હું સ્યૂસાઇડ કરવા જઈ રહી છું!

ધરતી : (ગભરાઈ જતાં, ધ્રૂજતા અવાજે) આભા! આ શું બોલે છે તું? ખોટું પગલું ન ભરીશ! પણ થયું છે શું એ તો કહે?

આભાનો અવાજ : ના ધરતી, હવે કોઈ કાળે જીવવું શક્ય નથી. મને ઉદય (સ્વર્ગસ્થ પતિ)ની બહુ યાદ આવે છે. હું એની પાસે જઈ રહી છું. તને તારી આભાની આ છેલ્લી યાદ...

(એ જ સમયે ગાથા ખૂબ જ શાંતિથી અને ચપળતાથી પોતાના ખિસ્સામાંથી પોતાનો મોબાઈલ કાઢે છે અને કોઈને મૅસેજ/ફોન કરીને ધીમેથી કશુંક કહે છે. પછી એ તરત જ ધરતીના હાથમાંથી ફોન ખેંચી લે છે.)

ગાથા : (ફોનમાં ગભરાટનું નાટક કરતાં) હેલો, આભામાસી! પ્લીઝ સાંભળો, અમે અત્યારે સેવ લાઇફ હૉસ્પિટલમાં છીએ. વિશ્વનો બહુ મોટો અકસ્માત થયો છે! એ બહુ જ સિરિયસ છે! પ્લીઝ માસી, મમ્મી સાવ એકલી પડી ગઈ છે, તમારા ઘરની નજીક જ આ હૉસ્પિટલ છે, તમે જલદી ત્યાં પહોંચો... પ્લીઝ!

(ગાથા ફોન કાપી નાખે છે. ધરતી સ્તબ્ધ થઈને ગાથા સામે જુએ છે.)

ધરતી : ગાથા! આ શું ખોટું બોલી તું? વિશ્વ તો સાજોનરવો બહાર ગાડીમાં બેઠો છે!

ગાથા : (ધરતીનો હાથ પકડીને બહાર દોડતાં) મમ્મી, અત્યારે સવાલ પૂછવાનો સમય નથી. પ્લીઝ ગભરાશો નહીં, મારી સાથે ગાડીમાં બેસો.

દૃશ્ય : ૪

(સ્થળ : સેવ લાઈફ હૉસ્પિટલનો બહારનો ભાગ. દર્શકવિંગમાં બતાવી શકાય.)

(ગાથા, વિશ્વ, ધરતી આવે. ધરતી ચિંતિત છે.)

વિશ્વ : ગાથા, આ બધું શું છે? તું આપણી ગાડી મૂવી થિયેટરના બદલે હૉસ્પિટલ કેમ લાવી? અને રસ્તામાં તેં આભામાસી વિશે શી વાત કરી?

ગાથા : વિશ્વ, જા તું ગાડીમાં જ બેસ. મમ્મી, તમે મારી સાથે ઑપરેશન થિયેટર તરફ ચાલો.

(ગાથા અને ધરતી અંદર જાય છે. ત્યાં સામેથી આભા દોડતી આવે છે. એના ચહેરા પર ચિંતા અને આંખોમાં આંસુ છે.)

આભા : ધરતી! તું ઠીક છે ને? વિશ્વ ક્યાં છે? કેમ છે એ?

(ધરતી આભાને જોઈને વળગી પડે છે અને બંને ધોધમાર રડી પડે છે. આભા ગાથાને પણ વળગી પડે છે. એટલામાં વિશ્વ પણ ત્યાં આવી પહોંચે છે.)

આભા : (વિશ્વને સાજોનરવો જોઈને આશ્ચર્યથી) વિશ્વ? તું... તું તો સાજો છે? તો પછી ગાથાએ કેમ કહ્યું કે તારો અકસ્માત થયો છે?

ધરતી : (આભાને ઢંઢોળતાં) એ બધું છોડ આભા, તું મને કહે તને શું થયું હતું? તું આવો આત્મહત્યાનો વિચાર કેમ કરતી હતી?

આભા : (નીચું જોઈને, રડતા અવાજે) શું કહું ધરતી? મારી વહુ રીતિ... એ મને વારંવાર ટોકે છે કે 'તમે કેમ લાલ સાડી પહેરી? ચાંદલો કેમ કર્યો? રીત-રિવાજો હોય કે નહીં? અને આજે તો એણે હદ કરી નાખી. મને કહે, 'કાલે મારો ખોળો ભરાવાનો છે, તો તમે ધરતીમાસીને ત્યાં જતાં રહો અને હું પિયર જઈને પાછી આવું ત્યારે જ ઘરે આવજો.' હું સાવ એકલી પડી ગઈ હતી. ધરતી, મને જીવવાનો કોઈ મોહ નહોતો રહ્યો.

વિશ્વ : (ભાવુક થઈને) આભામાસી, આજે તો તમે અમારી સાથે ઘરે ચાલો. ફિલ્મ તો શરૂ થઈ ગઈ હશે, પણ આપણે સાથે ડિનર કરીશું.

ગાથા : વિશ્વ, તું આભામાસીને લઈને થિયેટર પર જા. હું રીતિને મળીને સીધી રેસ્ટોરાંમાં આવું છું. મારી સાથે હરિતા પણ આવશે.

ધરતી : હરિતા? એ વળી કોણ?

ગાથા : (સ્મિત સાથે) મમ્મી, હરિતા આભામાસીના ઘરની નજીક જ રહે છે. એ મારી અને વિશ્વની કૉલેજ ફ્રેન્ડ છે. જ્યારે આભામાસીનો ફોન કપાયો, ત્યારે મેં તરત હરિતાને ફોન કરીને આભામાસીના ઘરે મોકલી હતી. હરિતાએ જ આભામાસીને રસ્તામાં ફરી ફોન કરીને વિશ્વના અકસ્માતની વાત કન્ફર્મ કરી હતી, જેથી એમનું ધ્યાન આત્મહત્યાના વિચાર પરથી હટી જાય. એ જ આભામાસીને અહીં હૉસ્પિટલ સુધી ફોલો કરતી હતી.

ધરતી : (આશ્ચર્ય અને ગર્વથી ગાથા સામે જોઈ રહે છે) ગાથા... તને આ બધું આટલી ઝડપથી કેવી રીતે સૂઝ્યું?

ગાથા : (નમ્રતાથી ધરતીનો હાથ પકડીને) મમ્મી, હું અને હરિતા કૉલેજમાં 'અપમૃત્યુ નિવારણ ગ્રૂપ' (Suicide Prevention Group)માં સાથે હતાં. માણસ જ્યારે આત્યંતિક પગલું ભરવા જતો હોય ને, ત્યારે એની એ નકારાત્મક ક્ષણને ડાઈવર્ટ કરવી સૌથી મહત્ત્વની હોય છે. બસ, એ જ ક્ષણ સાચવવાની હોય, માસી...

(ગાથા આભા સામે જોઈને હસે છે અને નાટકનો મુખ્ય સંવાદ બોલે છે.)

ગાથા : "ક્ષણ ચૂક્યો, સદી જીવે!" જો એ એક ક્ષણ આપણે ન સાચવી હોત, તો આજે આખી જિંદગી પસ્તાવું પડત!

(ધરતી વહાલથી ગાથાને ભેટી પડે છે. આભાના ચહેરા પર નવું જીવન મળ્યાનો સંતોષ દેખાય છે. સ્ટેજ પર ધીમે ધીમે અંધારું થાય છે.)

(પડદો)

ઈ-૬-બી, પામ એવન્યુ, નંદનવન-૨ની બાજુમાં,
વ્હાઈટ હાઉસની સામે, વી.આઈ.પી. રોડ,
વેસુ, સુરત - ૩૯૫૦૦૭
મો. ૯૯૨૫૧૯૫૨૩૯

યશોધરા

ગિરિમા ઘારેખાન

પાત્રો

નીલેશ, અલકેશ, મિહિર, સુજન, કુશ - ઉમર ૧૯થી ૨૦ વર્ષ

કુંજલ - ૧૯થી ૨૦ વર્ષ

મેઘના, દેવાંગી, નીતા - કુંજલની સખીઓ - ઉમર ૧૯થી ૨૦ વર્ષ

પરિધાન- સૌએ કૉલેજિયન યુવાનો- યુવતીઓ પહેરે એવાં વસ્ત્રો પહેર્યાં છે.

દૃશ્ય - ૧

[પડદો ખૂલે છે ત્યારે નીલેશ, અલકેશ, મિહિર, સુજન અને કુશ એમની કૉલેજની બહાર એક ચાની લારી પાસે ઊભેલા છે અને ચાની ચૂસકીઓ લઈ રહ્યા છે.]

મિહિર - આપણી કૉલેજનો વાર્ષિકોત્સવ બહુ સરસ રહ્યો નહીં ? મજા આવી ગઈ.

અલકેશ - હા હો. બધી જ આઈટેમ્સ બહુ મસ્ત હતી. નાટક, ગરબા, ડાન્સ, કેટ-વૉક, ગીતો - બધું જ સુપર સે ઉપર. મને થાય છે કે આવતા વર્ષથી આપણે પણ એમાં ભાગ લેવો જોઈએ.

સુજન - હા યાર. આ વખતે તો આપણું કૉલેજનું પહેલું વર્ષ હતું એટલે બધું જોયું. ખબર પડી કે કેવા પ્રકારની આઈટેમ્સ રજૂ કરી શકાય.

નીલેશ - મને પણ એમ થાય છે કે ડાન્સ-બાન્સ કે ગાતાં ન આવડે તો કંઈ નહીં. પણ આપણે પાંચ જણા કેટ-વૉક તો કરી જ શકીએ. જો છોકરીઓ એ કરી શકે તો આપણે પણ કેમ મેલ મૉડલ્સની જેમ સ્ટેજ ઉપર રુઆબથી ન ચાલી શકીએ?

સુજન - યસ, યસ. વ્હાય નોટ ? મસ્ત, મૉડર્ન કપડાં પહેરવાનાં, આંખો પર ગોગલ્સ-બોગલ્સ લગાવીને, મસ્ત શૂઝ પહેરીને પેલી કૃતિની જેમ વટ પાડી દેવાનો. પછી જુઓ, છોકરીઓ કેવી આપણી પાછળ લટ્ટુ થઈને ફરે છે !

અલકેશ - પણ થોબડું ! મૉડલિંગ કરવા જેવું સુંદર થોબડું ક્યાંથી લાવશો ?

નીલેશ - થોબડા તો હમ સબકા અચ્છા હી હૈ. [અલકેશની સામે ઊભો રહીને એનાં ચશમાંમાં જોઈને વાળ ઉપર હાથ ફેરવે છે.]

સુજન - ગમે તે કહે યાર, પણ કૃતિ આજે લાજવાબ લાગતી હતી, હેં ને ? સ્ટેજ ઉપર છવાઈ ગઈ હતી.

અલકેશ - જો સુજન, કૃતિ ગોરી ખરી, ફેસ કટ પણ સારો. પણ સ્ટેજ ઉપર આવેલી બધી છોકરીઓમાં મને તો કોશા વધારે ગમી. શું એનું ફિગર છે ! અને મૉડલિંગમાં તો ફિગર જ વધારે અપીલ કરે.

મિહિર - જો, હરીફરીને પાછા આવી ગયા ને છોકરીઓની વાત ઉપર ?

સુજન - અરે દોસ્ત, કૉલેજના પહેલા વર્ષમાં છીએ. આ ઉમરે છોકરીઓની નહીં તો બીજા કોની વાતો કરીશું ? એકવાર અહીંથી બહાર ગયા પછી તો ચક્કી પીસિંગ એન્ડ પીસિંગ એન્ડ પીસિંગ. પણ મનમોજી મિહિરકુમાર, આજે તમે કેમ કંઈક જુદી જુદી વાતો કરો છો ? શું થયું છે ? કોઈ હસીના મગજમાં ભરાઈ ગઈ છે કે શું ? [મિહિર ચૂપ રહે છે. બધાં એની સામે જોયા કરે છે.]

અલકેશ - અરે બોલ યાર, જો મને લાગતું હતું એ મેં ના કહી દીધું ?

મિહિર - તમે પૂછો જ છો તો પછી તો પછી આજે સ્ટેજ ઉપર આવેલી બધી ફીમેલ્સમાં મને કોણ સહુથી વધારે અપીલ કરી ગયું એ કહી દઉ ? [બોલીને બધાં તરફ જોઈને ચૂપ થઈ જાય. બધાં ઉત્કંઠાથી એની તરફ જોયા કરે.]

અલકેશ - અરે બોલી દે ને મિહિરિયા ! એમાં ભાવ શું ખાય છે ?

મિહિર - તો પછી મારા પ્રમાણે તો ધ બેસ્ટ વોઝ આજના પ્રોગ્રામનાં મુખ્ય મહેમાન મિસિસ કુંજલબેન મહેતા. સિમ્પલ એન્ડ બ્યૂટીફૂલ.

બધાં એકસાથે - હેં ! કુંજલબહેન મહેતા !

સુજન - અરે, એ ઉમરલાયક બેનમાં તને શું ગમી ગયું ? નહીં નહીં તોય પચાસેકનાં તો હશે જ.

મિહિર - તે ઉમરને અને બ્યૂટીને શું લાગે વળગે? શેકસપિયરે ક્લીઓપેટ્રા માટે જે કહ્યું છે એ ભૂલી ગયો ? આપણે હમણાં જ તો ભણ્યા ! age cannot wither her, nor custom stale - -

કુશ - [ધીરેથી] to be exact, she is fifty one.

અલકેશ - લ્યો, આને તો એમની ઉમર પણ ખબર છે ને ! લે ભાઈ, તું એમને પહેલેથી જાણે છે કે શું ? આ મિહિરની જેમ તને પણ એ બહુ ગમે છે ?

કુશ - એ મારી મમ્મીનાં ફ્રેન્ડ છે. કૉલેજથી લઈને આજ સુધી એમની ફ્રેન્ડશિપ સરસ જળવાઈ રહી છે. મમ્મી હમણાં જ એમના એકાવનમા જન્મદિવસે એમને મળવા ગઈ હતી. અને મિહિર, એ મિસિસ નહીં પણ મિસ છે - મિસ કુંજલ મહેતા .

મિહિર - મિસ ! શું વાત કરે છે ! આટલી સુંદર સ્ત્રીએ લગ્ન નથી કર્યા ! અરેરે ! મને તો હતું કે જો એમને એકાદ છોકરી હોત તો-- ! અને આ ભાઈ તો કહે છે કે--

સુજન - અરે, કોઈ એકને પરણે તો બીજા બધાં વચ્ચે યુદ્ધ થઈ જાય એવું હશે - આમ્રપાલીની જેમ. અમને કાલે જ સરે ભણાવ્યું.

નીલેશ - હવે તમે બે તમારું ઈંગ્લિશનું અને ગુજરાતીનું જ્ઞાન પાથરવાનું રહેવા દો ને ! કુશ, તું કહે, આ સુજન કહે છે એવું હતું ?

કુશ - ના. એવું કશું ન હતું. પણ એ બહુ લાંબી વાત છે. બધાંને મોડું થશે.

નીલેશ - તે અહીં ઘેર જવાની ઉતાવળ કોને છે ? બીજી ચા હું મારા તરફથી પી લઈશ. હવે તો આ કુંજલબહેનની હિસ્ટ્રી જાણવી જ પડશે.

કુશ - તો સાંભળો. એ વખતે કુંજલ આન્ટી કૉલેજમાં ભણતાં હતાં. મારી મમ્મી મેઘના અને એ બંને ખાસ બહેનપણીઓ હતી. અત્યારે એમને જાણે છે એ કોઈને તો ખ્યાલ પણ ન આવે કે એ કૉલેજમાં કેવાં હતાં.

સુજન - કેવાં એટલે ?

દૃશ્ય - ૨

[કૉલેજના કંપાઉંડમાં કુંજલ એકદમ મૉડર્ન કપડામાં એની સખીઓ મેઘના, દેવાંગી અને નીતા સાથે ઊભેલી છે અને મજાક-મસ્તી કરી રહી છે.]

નીતા - જો કુંજુ, તારો પેલો આશિક આ તરફ જ આવી રહ્યો છે.

કુંજલ - મારો આશિક આ ? આ મુફલિસ ? અરે આવાને તો હું મારી જૂતી પણ ન આપું. એના શર્ટ કરતાં તો મારું નેઈલપેઈન્ટ મોંઘું છે.

દેવાંગી - અરે યાર, સાવ આવું ! બિચારો ક્લાસમાં પ્રોફેસર સામે જોવાને બદલે તારી સામે જોતો રહે છે. તારા ભરપૂર પ્રેમમાં હોય એવું લાગે છે. થોડોક તો ભાવ આપ એને !

કુંજલ - સાચું કહું, એની જેમ આખી સોસાયટી, આખી કૉલેજ, મારા પપ્પાના મિત્રોના દીકરાઓ, બધાં જ મારા પ્રેમમાં ગળાડૂબ હોય એવું લાગે છે. હું કેટલાને ભાવ આપું, બોલ ?

નીતા - યાર, તું છે જ એટલી સુંદર કે છોકરાઓ શું, છોકરીઓને પણ તારા ચહેરા ઉપરથી નજર ખસેડવાનું મન નથી થતું.

મેઘના - એ તો છે જ. બ્યૂટીમાં તો તું મિસ ઈન્ડિયાને પણ પાછળ નાખી દે. સાથે સાથે મને એક બીજું કારણ પણ લાગે છે.- આમાંના અમુક તો આ તારો ડ્રાઈવર રોજ તને જુદી જુદી મોટી ગાડીઓમાં મૂકવા આવે છે ને, એનાથી પણ અંજાઈ જતા હશે.

દેવાંગી - [હોઠ પર આંગળી મૂકીને] શશશશ. જો પેલો મયંક આ તરફ જ આવી રહ્યો છે. કુંજુ, તને શું કહેતો તો એ ?

કુંજલ - [હાથનો ઝટકો આપીને ચાળા પાડતી હોય

એવી રીતે] 'કુંજલ, આપણે એકવાર કૉફી પીવા જઈશું ? તમે કહો ત્યાં અને તમે કહો ત્યારે હું તમને મારી ગાડી લઈને લેવા આવી જઈશ.' મેં એને પૂછ્યું, 'ઓહો ! તમારી પાસે ગાડી પણ છે ? કઈ ?' તો બિચારો ઢીલો થઈ ગયો. થોડીવાર તો શબ્દો ગળી ગયો હોય એમ ઊભો રહ્યો. પછી કહે 'મારી એટલે, આમ તો મારા પપ્પાની. હમણાં જ નવી મારુતિ લીધેલી છે. તમને ગમશે.'

નીતા - પછી ?

કુંજલ - પછી શું ? જે આના જેવાં બધાંને કહેતી હોઉ છું એ આને પણ કહી દીધું- [નખરાં કરતાં] મારુતિની સીટો તો મને વાગે છે. મર્સિડીઝ લો ત્યારે કહેજો.

[બધી છોકરીઓ ખડખડાટ હસે છે.]

મેઘના - પણ કુંજલ, તને ખબર છે કૉલેજમાં એક છોકરો એવો પણ છે જેને નથી તારા રૂપની પરવા, નથી તારા પૈસાની પરવા. એક એ જ એવો છે જે તારી સામે એક નજર પણ નથી નાખતો.

કુંજલ - એ બ્લાઈન્ડ તો નથી ને ?

મેઘના - ના રે ના. મજાની મોટી મોટી કાળી આંખો છે. ઘઉવર્ણો રંગ અને ભૂખરા વાળ. ઊંચાઈ હશે પોણા છ ફૂટ જેવી. મસ્ત દેખાય છે. બધા પિરિયડ ભરે છે અને ફ્રી પિરિયડ હોય ત્યારે લાઇબ્રેરીમાં જતો રહે છે. એટલે તેં ક્યાંથી જોયો હોય ? કોઈ કોઈ વાર આપણે અહીં બેઠાં હોઈએ છીએ ત્યારે એની સાઇકલ લઈને અહીંથી નીકળે છે.

કુંજલ - મારું ધ્યાન કેમ નથી પડ્યું ? કોઈ નવો આવ્યો છે ?

મેઘના - હા. આ વર્ષે જ જૉઇન થયો છે. નમન નામ છે એનું. આપણાથી એક વર્ષ આગળ - લાસ્ટ ઇયરમાં છે. એના પપ્પાની સરકારી નોકરી હતી. પણ એમનું ઓચિંતું ડેથ થઈ ગયું એટલે એ અને એની મમ્મી સરકારી ક્વાર્ટર છોડીને અહીં એમના વતનમાં આવી ગયાં છે.

દેવાંગી - લે, આણે તો બધી તપાસ કરી લીધી છે ને ! અલી, તને ગમી ગયો છે કે શું ?

મેઘના - ના રે યાર. અમારે તો એવું ગમાડવાનું વિચારવાનું પણ નહીં. ગ્રેજ્યુએટ થઈને પપ્પા પરણાવે ત્યાં પરણી જવાનું. બીજી તરફ ચિત્ત જ નહીં રાખવાનું. આ તો મારા ભાઈના ફ્રેન્ડનો રિલેટિવ છે. ભાઈએ કહ્યું હતું કે કૉલેજમાં નવો છે, કંઈ જરૂર હોય તો મદદ કરજે. એટલે.

કુંજલ - પછી તેં મદદ કરી ?

મેઘના - ના. એણે ક્યારેય પૂછ્યું જ નથી. છોકરીઓ સાથે વાત જ નથી કરતો ને !

કુંજલ - હમમમ્. તો તો હવે એને વાત કરતો કરવો પડશે. એમ આપણી સામે ન જુએ, આ કુંજલ મહેતાની નોંધ જ ન લે એ તો કેવી રીતે ચાલે ? કૈંક નાટક તો કરવું પડશે. નમનને નમાવવો તો પડશે જ ને ? [કૈંક વિચારીને ચપટી વગાડતાં] કોઈ પણ સજ્જન છોકરો એની નજર સામે કોઈ છોકરી પડી જાય, એને વાગે, એ રડે, તો એની મદદ કર્યા વિના ન રહે. અને પછી તો મૅન વિલ બી મૅન. જોજો, થોડાક દિવસ પછી તો એ મારી આગળ-પાછળ ફરતો હશે. વર્ષ પૂરું થયા પહેલાં તો એ મને મૅરેજ માટે પૂછશે.

[મેઘના, દેવાંગી અને નીતા એકબીજાની સામે જુએ છે.]

નીતા - ચાલો યાર. બેલ વાગ્યો. ઈંગ્લિશનો પિરિયડ ભરવો પડશે.

[બધાં જાય છે]

દૃશ્ય - 3

[એક રેસ્ટોરન્ટમાં સામસામેની ખુરશીઓ પર નમન અને કુંજલ બેઠેલાં છે. નમન એકીટશે કુંજલની સામે જોઈ રહ્યો છે.]

કુંજલ - [થોડી મસ્તીથી] શું જુએ છે ?

નમન - તું સામે હોય ત્યારે કોઈ તારા વિના બીજું કંઈ જોઈ શકે ? તારી હાજરી જ મારા આખા અવકાશને ભરી દે છે.

કુંજલ - ખરેખર ? બોલવાનું તો કોઈ તારી પાસેથી શીખે, નમન. પણ મિસ્ટર રોમૅન્ટિક, આજે પહેલી જ વાર તેં મને કૉલેજની બહાર મળવા માટે બોલાવી. તો એક વાત પૂછવાનું મન થાય

છે. કૉલેજમાં નવો નવો આવ્યો ત્યારે તો તું મારી સામે પણ નહોતો જોતો.

નમન - સાચું કહું ? કૉલેજમાં આવ્યા પછી મને ઘણા બધાએ તારા ઘમંડી સ્વભાવની વાત કરી હતી. આપણે મિત્રો બન્યાં પછી પણ ઘણાએ ચેતવ્યો હતો કે એ ઘમંડી છોકરી કોઈની થઈ નથી અને કોઈની થશે નહીં. તારી પાછળ તો કેટલાય, ઈન ફૅક્ટ, બધા જ છોકરાઓ ગાંડા હતા. તો તું કહે કે તેં મારા જેવા સાઇકલ-સવારમાં શું જોયું કે તું--

કુંજલ - એ બધાને મારા રૂપમાં અને પૈસામાં જ રસ હતો. પણ પેલે દિવસે હું ફર્સ્ટ ફ્લોરના પગથિયા ઉપરથી પડી અને મને પગે મચકોડ આવી, ત્યારે તેં જ દોડતાં આવીને મારાં કપડાં સરખાં કર્યા હતાં અને મારો હાથ પકડીને મને ઊભી કરી હતી. એ વખતે આજુબાજુ હતા એ બધા છોકરાઓ જાણે મારાથી ડરતા હોય એમ દૂર ઊભા રહીને જોતા હતા. કોઈની મારી પાસે પણ આવવાની હિંમત નહોતી ચાલતી. પણ તેં જોયું કે મારાથી પગલું પણ નહોતું મંડાતું, એટલે તું મને ઊંચકીને મારી ગાડી સુધી મૂકી ગયો. છોકરીઓને આ જ તો ગમતું હોય છે. આપણે લગભગ મહિનાઓથી મળીએ છીએ, તેં એક પણ વાર મારો શારીરિક લાભ ઉઠાવવાનો પ્રયત્ન નથી કર્યો. ઊલટું કોઈ મારી ઉપર કંઈ ખરાબ કૉમેન્ટ કરે તો તેં તારા સ્વભાવ વિરુદ્ધ જઈને એ લોકો સાથે ઝઘડા પણ કર્યા છે. તું ક્યારેય મારી ગાડીમાં પણ બેસતો નથી. એ સમજી શકાય છે કે તું મને જ, મારામાં બેઠેલી કુંજલને જ પ્રેમ કરે છે, એના દેખાવને કે એના પૈસાને નહીં.

[નમન કુંજલનો હાથ પકડીને સ્મિત કરતો એની સામે જોઈ રહે છે.]

નમન - કુંજલ, હું આ શહેરની કૉલેજમાં આવ્યો ત્યારે મેં નક્કી કરેલું હતું કે હું માત્ર ભણવામાં જ ધ્યાન આપીશ. મારે ઝડપથી સારું ભણીને જલદી પગભર થવું છે. પપ્પાના પેન્શન ઉપર નથી રહેવું. પણ તું મળી પછી - - જો, તું અત્યારે જીવે છે એવી જિંદગી તો હું તને કદાચ ન આપી શકું, પણ પ્રેમ અને લાગણી આપવામાં મારા જેટલી અમીરી તને ક્યાંય જોવા નહીં મળે. મર્સિડીઝ નહીં તો મારુતિ તો જરૂર આપીશ. હવે વર્ષ પૂરું થશે એટલે મારે એમ. બી. એ. કરવા બીજી કૉલેજમાં, કદાચ બીજા શહેરમાં પણ જવું પડે. એટલે અત્યારની જેમ આપણે રોજ નહીં મળી શકીએ. પણ ક્યાંય જતાં પહેલાં હું એકવાર તને મારી મમ્મી સાથે મેળવવા માગું છું. આવીશ ને ? એ પૂછવા માટે જ હું તને આજે અહીં લઈ આવ્યો છું. મમ્મીની પણ ઇચ્છા છે કે મારા જતાં પહેલાં એકવાર અમારા ઘરમાં તારાં પગલાં પડે.

કુંજલ - [એકદમ હાથ છોડાવીને ઊભી થઈને ખડખડાટ હસતાં] શું કહ્યું ? હું તારા ઘેર આવું ? તારી મમ્મીને મળવા ? તને આવો વિચાર જ કેવી રીતે આવ્યો ? તમારા પુરુષોની આ જ તકલીફ. છોકરી સહેજ સારી રીતે બોલે એટલે પોતાની હેસિયત ભૂલી જાય. હું તારી જોડે પરણું એવો વિચાર જ તને કેવી રીતે આવે? તારી જીદને લીધે તારી સાઇકલ ઉપર એક દિવસ બેઠી હતી એમાં તો મારા શરીર ઉપર સૉળ ઊઠી ગયા હતા. હું તો-

નમન - [આઘાતથી થોડીવાર કંઈ બોલી નથી શકતો. પછી] તું આ શું કહે છે ? હમણાં થોડીવાર પહેલાં તું જે બોલી ગઈ એ બધું શું હતું ?

કુંજલ - [નફ્ફટાઈથી] મેં તો એટલું કહ્યું હતું કે મેં તારી સાથે મિત્રતા શું કામ કરી. હા, તું મને પ્રેમ કરે છે એવું મેં જરૂર કહ્યું, પણ એક પણ વાર મેં તને એવું કહ્યું કે આઇ લવ યુ ? સપનાં પણ હેસિયત જોઈને જોવાય. જા, જઈને તારી મમ્મીને કહેજે કે એ છોકરીનાં પગલાં તો શું, એનાં જૂતાં પણ આપણા ઘરમાં નહીં આવે. મિસ્ટર નમન શાહ, આ કુંજલ મહેતાને તમે શું માની બેઠા હતા ? મારે તો તમારો છોકરીઓ સામે નહીં જોવાનો ઘમંડ તોડવો હતો. પછી

તમારી કંપની, તમારી વાતો, ગમવા માંડી. તમારો સાથ ગમતો હતો. તું બીજા સામાન્ય છોકરાઓ કરતાં એકદમ અલગ હતો. મને ગમ્યો. એટલે મિત્રતા ચાલુ રાખી. પણ લગ્ન ? નેવર. ઓલ બેસ્ટ વિશિઝ ફોર યોર એમ. બી એ.

[ઊભી થઈને જતી રહે છે.]

દૃશ્ય - ૪

[કૉલેજના કમ્પાઉન્ડમાં કુંજલ દેવાંગી અને નીતા સાથે બેઠેલી છે. કપડાં એકદમ સાદાં પહેર્યાં છે. મોં ઉપર મેકઅપ નથી. આંખોની આજુબાજુ કાળાં કૂંડાળાં થઈ ગયાં છે.]

નીતા - કુંજલ, તને શું થઈ ગયું છે ? પરીક્ષા નજીક આવી એટલે આટલું ગંભીર થઈ જવાનું કે જાણે પોતાની જાતને જ બદલી નાખવાની ?

દેવાંગી - હા, આ તો જાણે અમારી પેલી મજાક-મશ્કરી કરતી, હસતી રમતી, કુંજલ જ નથી. તારો ચહેરો તો જો, કેવો થઈ ગયો છે !

કુંજલ કંઈ બોલ્યા વિના હવામાં તાકતી રહે છે. ત્યાં એ દૂરથી મેઘનાને આવતી જુએ છે અને એકદમ ઊભી થઈ જાય છે.

કુંજલ - મેઘના, કંઈ ખબર પડી ?

મેઘના માત્ર ડોકું હલાવીને હા પાડે છે.

કુંજલ - તો તું મને કહી દે યાર, નમન ક્યાં જતો રહ્યો છે ? એ તો કહેતો હતો કે એ જ્યાં ઍડમિશન લેવાનું નક્કી કરશે એ મને જણાવશે જ. પણ જણાવવાની ક્યાં વાત ? એ તો મારો ફોન પણ નથી ઉપાડતો. મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ છે.

નીતા - શું કર્યું તેં ? કંઈ એ તને પ્રેગ્નન્ટ કરીને તો--

કુંજલ - [નીતાને એક તમાચો મારી દે છે.] સ્ટોપ ઈટ યાર. હાઉ કેન યુ સે ધીસ ? એણે તો સામેથી ક્યારેય મારો હાથ પકડવાનો પણ પ્રયત્ન નથી કર્યો. હું મારા ઘમંડમાં એને, એના પ્રેમને, સમજી જ ન શકી. આઈ મિસ હિમ સો મચ.

દેવાંગી - મને કંઈ સમજાતું નથી. તેં તો માત્ર એક રમત તરીકે એની સાથે પ્રેમનું નાટક કર્યું હતું ને ?

કુંજલ - [રડતાં રડતાં] હા યાર, એના પ્રેમને ધુત્કારીને, એનું અપમાન કરીને, એને હડધૂત કરીને મારી જિંદગીમાંથી કાઢી મૂક્યા પછી મને ખબર પડી કે હું પણ એને એટલો જ પ્રેમ કરતી જ હતી. મેં એને એ બધું કહ્યું પછી પણ મને તો એમ જ હતું કે એ મને વિનંતીઓ કરશે, હાથ જોડશે. પણ એ તો કંઈ જ બોલ્યા વિના માત્ર મારી સામે જોતો બેસી રહ્યો હતો. એ વખતના એની આંખનાં આંસુ હજી મને સૂવા નથી દેતાં. મેઘના, તેં તારા ભાઈના દોસ્ત મારફત તપાસ કરાવી ? પ્લીઝ, પ્લીઝ મને કહે કે એ ક્યાં ગયો છે. હું એની પાસે જઈશ, એની માફી માગીશ.

મેઘના - હવે એ શક્ય નથી કુંજલ. એને માટે બહુ મોડું થઈ ગયું છે.

કુંજલ - એવું ન કહે, પ્લીઝ, યાર. મને તું એટલું જ કહે કે એ ક્યાં ગયો છે ? હું ગમે ત્યાંથી એને પાછો લઈ આવીશ. એ નહીં આવે તો હું એની પાસે પહોંચી જઈશ.

મેઘના - હવે નહીં એ પાછો આવી શકે કે નહીં તું એની પાસે જઈ શકે. એણે દીક્ષા લઈ લીધી છે અને સાધુ બનીને સંતોની સેવા કરે છે, એમની સાથે વિહાર કરે છે. એનું નામ પણ બદલાઈ ગયું છે. હવે ભૂલી જા એને. એ જતે જતે તને સુધારતો તો ગયો. હવે શાંતિથી તારાં મમ્મી-પપ્પા પરણાવે એ છોકરા સાથે પરણી જજે અને એને સુખી કરજે.

કુંજલ - ભૂલી જાઉ ? હું નમનને ભૂલી જાઉ ? તું નહીં સમજે. અરે એના બોલ દિવસ રાત મારા કાનમાં પડઘાયા કરે છે. એનો સ્નેહ, ન બોલાતો પ્રેમ, એની દરકાર, મારા લોહીમાં ભળી ગઈ હોય એવું લાગે છે, મેઘના. એના સિવાય-- ના, ના, આ બધું તમને કહ્યાનો કંઈ અર્થ નથી. યુ વૉન્ટ અન્ડરસ્ટેન્ડ, નો-વન વિલ અન્ડરસ્ટેન્ડ.

[હથેળીમાં મોં નાખીને બેસી જાય છે. હીબકાં ભરતી હોય એવું લાગે છે.]

મેઘના - કુંજલ, જો પેલા બધાં આ બાજુ જોઈ રહ્યાં છે. તારી જાતને સંભાળ.

નીતા - [દેવાંગીના કાનમાં] તને શું લાગે છે ? આને સાચેસાચ પ્રેમ થઈ ગયો હશે ?

[દેવાંગી ખભા ઉલાળે છે.]

કુંજલ - [ઊંચું જોઈને] જો મેઘના, હું કહું છું ને, મને કોઈ નહીં સમજે. તમે લોકો પણ નહીં. જાઓ, બધાં જતાં રહો. લીવ મી અલોન. [બૂમ પાડીને] જાઓ, જાઓ.

[હવામાં તાકતી બેસી રહે છે.]

દૃશ્ય - ૫

[પહેલા દૃશ્યમાં હતા એ જ સ્થળે એ જ નીલેશ, અલકેશ, મિહિર, સુજન અને કુશ ઊભેલા છે. બધા ચુપચાપ ઊભા છે અને કુશની સામે જોઈ રહ્યા છે.]

નીલેશ - ઓ માય ગૉડ ! આ તો કહાનીમાં ટ્વીસ્ટ આવી ગયો. કોઈ ફિલ્મની સ્ટોરી હોય એવું લાગે.

કુશ - હા, પણ અહીં ફિલ્મની જેમ હેપી એન્ડિંગ ન થયું.

મિહિર - પણ પછી એ બંને ક્યારેય મળ્યાં કે નહીં ?

કુશ - એ પછી કુંજલઆંટી જાણે આખેઆખાં બદલાઈ જ ગયાં. થોડા દિવસ પછી તો એમણે રડવાનું, કોઈની પાસે નમનના નામનો ઉલ્લેખ કરવાનું જ બંધ કરી દીધું. છેલ્લા વર્ષમાં એકદમ સિરિયસ થઈને ભણવા માંડ્યા. દરમ્યાન આટલા પૈસાવાળા ઘરની આવી સુંદર છોકરી, એટલે મોટામોટા ઉદ્યોગપતિઓને ઘેરથી એમને માટે માગાં આવતાં હતાં, પણ એમણે બધાંને જ ના કહેવા માંડી. ખૂબ સમજાવટ પછી પણ ન માન્યાં એટલે થાકીને, કંટાળીને, એમનાં મમ્મી-પપ્પાએ પણ સ્વીકારી લીધું કે એ લગ્ન નહીં જ કરે. આન્ટી એમ. એ. થયાં, પીએચ. ડી. થયાં, કૉલેજમાં નોકરી કરવા માંડ્યાં અને સાદગીથી એકલા રહેવાનું ચાલુ કરી દીધું. હવે તો એ પ્રિન્સિપાલ થઈ ગયાં છે. હા, નમનના મમ્મીની એમણે એ હતાં ત્યાં સુધી પૂરેપૂરી સંભાળ રાખી.

અલકેશ - વાહ ! કેવું સરસ !

કુશ - અત્યારે તો એ સંસારી સાધ્વીની જેમ રહે છે. દાન પણ ખૂબ કરે છે. હા, હજી ક્યારેક મમ્મી સામે રડી લે છે. કહે છે - 'નમન જિંદગીમાં ક્યારેક તો મને મળી જ જશે. ત્યારે હું પણ એને પૂછીશ કે હું તો અબૂધ હતી, પણ તું હું સમજું એટલી રાહ કેમ ના જોઈ શક્યો ? અને જો, પ્રેમ માત્ર તેં જ ન'તો કર્યો, મેં પણ એટલો જ કર્યો હતો. તેં મારે માટે થઈને સંસાર છોડ્યો તો મેં પણ યશોધરા બનીને તારી રાહ જોઈ છે. મેઘના, હું એ સંન્યાસીની યશોધરા છું.'

નીલેશ - અરે રે બિચારાં. કેવી જિંદગી હતી અને કેવી થઈ ગઈ !

અલકેશ - એ બધું થયું પ્રેમને માટે થઈને. એવો પ્રેમ જે એમને સમજાયો ત્યારે બહુ મોડું થઈ ગયું હતું.

[બધા ગંભીર થઈને ઊભા રહે છે.]

અલકેશ - [વાતાવરણ હળવું કરવું હોય એવી રીતે] અને આપણો આ સુજન, આજે કૃતિ ગમે અને કાલે કાવ્યા. આ નીલેશને આજે મોના ગમે અને કાલે સોના. બોલો, આવું છે અત્યારે તો. [એ બંનેને ધબ્બો મારીને] શીખો, અલ્યા શીખો, પ્રેમ આવો કરાય.

સુજન - તે પહેલાં તું એ છોકરીઓને કહે કે આજે સોહન ગમે અને કાલે રોહન, એવું ના કરે. પછી અમે શીખીશું.

મિહિર - હવે છોડ એ બધું. ગમે તે કહીએ, આ આગળની જનરેશન પાસે શીખવા જેવું તો બહુ છે યાર.

નીલેશ - સાચી વાત. એટલે જ એ લોકોની લાઈફમાં આપણા જેટલા પ્રૉબ્લેમ્સ ન હતા. શીખીશું. ચાલો એ વાત ઉપર બીજી ચા પી નાખીએ. અલ્યા બીજી પાંચ અડધી આવવા દેજે.

[પડદો પડે છે.]

૧૦, ઈશાન બંગલોઝ,
સુરધારા-સતાધાર રોડ,
મેપલ ટ્રી કૉમ્પ્લેક્સની સામે,
થલતેજ,
અમદાવાદ- ૩૮૦૦૫૪.
ફોન- ૮૯૮૦૨૦૫૯૦૯

સેટિંગ સેટિંગ

ધ્વનિલ પારેખ

[છએક વ્યક્તિઓનું ટોળું મંચ પર આવે. એમાં બધાં પુરુષો પણ હોય કે બધી સ્ત્રીઓ પણ હોય કે બંને ભેગાં પણ હોય. પાત્ર સંદર્ભે દિગ્દર્શક અનુકૂળ હોય એમ કરી શકે.]

વ્યક્તિ ૧ : સેટિંગ છે ભાઈ સેટિંગ છે ...

વ્યક્તિ ૨ : શેનું સેટિંગ? કેવું સેટિંગ? કંઈ સમજાય એવું બોલો ભાઈ.

વ્યક્તિ ૧ : સેટિંગ છે ભાઈ સેટિંગ છે ...

વ્યક્તિ ૩ : પાછું એનું એ જ.. આ ભાઈ પૂછે છે કે શેનું સેટિંગ છે તો સીધો જવાબ આપો ને...

વ્યક્તિ ૧ : કહ્યું ને એકવાર કે સેટિંગ છે ભાઈ સેટિંગ છે...

વ્યક્તિ ૪ : અલ્યા, પણ ફાટી મર ને કે શેનું સેટિંગ છે?

વ્યક્તિ ૫ : કોનું સેટિંગ છે?

વ્યક્તિ ૬ : કેવું સેટિંગ છે?

વ્યક્તિ ૨ : ક્યાં સેટિંગ છે?

વ્યક્તિ ૧ : ડોબાઓ, મૂર્ખાઓ, ગધેડાઓ, અક્કલના ઓથમીરો... આટલું સમજાતું નથી કે જ્યાં જુઓ ત્યાં સેટિંગ છે ભાઈ સેટિંગ છે. ક્યાં નથી સેટિંગ? અત્ર, તત્ર, સર્વત્ર , ઉપર નીચે બધે જ સેટિંગ છે. તમારો જન્મ થયો છે એ પણ કુદરતનું એક સેટિંગ જ છે... સમજ્યા ? એટલે બોલો બધા ....



બધા : સેટિંગ છે ભાઈ સેટિંગ છે ...
જ્યાં જુઓ ત્યાં સેટિંગ છે...

વ્યક્તિ ૨ : વાત તો તમારી સાચી લાગે છે, કે બધે સેટિંગ જ સેટિંગ છે...
[વ્યક્તિ ૩ ઊભો થઈને એક બાજુએ જાય છે. ત્યાં વ્યક્તિ ૪ એને પૂછે છે]

વ્યક્તિ ૪ : ક્યાં જઈ રહ્યા છો આ સેટિંગ છોડીને?

વ્યક્તિ ૩ : છોકરી જોવા જઈ રહ્યો છું ભાઈ.

વ્યક્તિ ૧ : જુઓ આ ભાઈ, છોકરી જોવા જાય છે ત્યાં પણ સેટિંગ જ હશે અથવા તો આ ભાઈ સેટિંગ કરીને આવશે.

વ્યક્તિ ૫ : છોકરી જોવા જાવ તો સેટિંગ છે...

વ્યક્તિ ૧ : આપણા સંબંધો પોતે જ એક સેટિંગ થઈ ગયા છે..
[વ્યક્તિ ૬ હવે ઊભી થઈને એક બાજુ જાય છે. વ્યક્તિ ૩ એને પૂછે છે]

વ્યક્તિ ૩ : હવે ભાઈ તમે આ સેટિંગ છોડીને ક્યાં જઈ રહ્યા છો?

વ્યક્તિ ૬ : હું નોકરી લેવા માટે જઈ રહ્યો છું ભાઈ.

વ્યક્તિ ૨ : જુઓ, આ ભાઈ નોકરી લેવા માટે જાય છે પણ ત્યાં નક્કી પહેલેથી સેટિંગ હશે જ નહીં તો આ ભાઈ પોતાનું સેટિંગ તો કરી જ નાખશે.

વ્યક્તિ ૪ : નોકરી લેવા જાવ તો સેટિંગ છે...

બધા : છોકરી જોવા જાવ તો સેટિંગ છે...
નોકરી લેવા જાવ તો સેટિંગ છે...
નોકરી... નોકરી...નોકરી ... સેટિંગ ... સેટિંગ

... સેટિંગ
છોકરી ... છોકરી...છોકરી ... સેટિંગ ... સેટિંગ ... સેટિંગ
નોકરી... સેટિંગ ... છોકરી... સેટિંગ...
['સેટિંગ છે ભાઈ સેટિંગ છે' બોલતાં ટોળું વિખરાય જાય. પછી એક વ્યક્તિ મંદિરમાં આરતી કરતી હોય અને બીજા ચાર જણા મંદિરમાં દર્શન કરવા લાઈનમાં ઊભા હોય.]

વ્યક્તિ ૧ : મંદિરમાં દર્શન માટે પણ આટલી મોટી લાઈન
વ્યક્તિ ૨ : હવે તો ભાઈ બધે જ લાઈન જ લાઈન હોય છે.
વ્યક્તિ ૩ : મોટા મંદિરમાં દર્શન કરવા હોય તો લાંબી લાઈનમાં ઊભા જ રહેવું પડે, છૂટકો નથી.
વ્યક્તિ ૪ : લાઈનમાં રહો અને દર્શન કરો - આ હવે સૂત્ર બની ગયું છે.
વ્યક્તિ ૧ : હા, ભાઈ સાચી વાત છે. આપણો નંબર ક્યારે આવશે એ ખબર પડતી નથી. બે કલાકથી તો લાઈનમાં ઊભો છું.
પૂજારી : શાંતિ રાખો, બહુ અવાજ કરો છો, દર્શન કરવા આવ્યા છો કે અવાજ કરવા?
વ્યક્તિ ૧ : દર્શન કરવા જ આવ્યા છીએ પણ દર્શન થાય એમ લાગતું નથી.
પૂજારી : થશે, બધું થશે, શાંતિ રાખો.
[ત્યાં વ્યક્તિ ૫ લાઈન તોડીને આગળ દર્શન કરવા માટે જાય છે.]
પૂજારી : આવો આવો સાહેબ, તમારા દર્શનથી અમે ધન્ય થયા ...
વ્યક્તિ ૨ : જોયું આ નવા ભગવાન ! આ કોઈ મોટો માણસ લાગે છે.
વ્યક્તિ ૩ : મોટો માણસ લાગે છે કે ખોટો માણસ લાગે છે.
વ્યક્તિ ૪ : ખોટી રીતે મોટો બની ગયેલો માણસ લાગે છે. વીઆઈપી છે વીઆઈપી...
વ્યક્તિ ૫ : મહારાજ, તમારા દર્શનથી, ભગવાનના દર્શનથી આજે હું ધન્ય થયો. જય હો કાળિયાનાથ..
[પૂજારી પ્રસાદ આપે છે. વ્યક્તિ પ્રસાદ લે છે. લાઈનમાં ઊભા રહેલા સહુ તરફ નમસ્કાર કરે છે અને પછી ખિસ્સામાંથી એક પૅકેટ કાઢીને પૂજારીને આપે છે અને નમસ્કાર કરીને જાય છે.]

પૂજારી : વાહ, કાળિયાનાથનો પ્રસાદ મને મળી ગયો.
વ્યક્તિ ૧ : આ પ્રસાદ એટલે સમજાય છે?
વ્યક્તિ ૨ : હાસ્તો... વીઆઈપીઓનું સેટિંગ ...
વ્યક્તિ ૩ : મોટો પ્રસાદ લાવો ને સેટિંગ કરો..
વ્યક્તિ ૪ : પૂજારી ખુશ રાખો ને સેટિંગ કરો..
વ્યક્તિ ૧ : દર્શન કરવા આવો તો સેટિંગ કરો..
સાલું કેવો જમાનો આવ્યો છે ભગવાનના દર્શન માટે પણ સેટિંગ..
[બધા ફરી ટોળે વળી જાય છે અને]
બધા : સેટિંગ છે ભાઈ સેટિંગ છે...
જ્યાં જુઓ ત્યાં સેટિંગ છે...
[ટોળું પાછું વિખરાય જાય અને ત્રણ જણા અલગ અલગ સ્કૂટર ચલાવવાનો અભિનય કરે. એક જણ ટ્રાફિક પોલીસ બને છે. ટ્રાફિક પોલીસ ત્રણે સ્કૂટર ચલાવનારને અટકાવે. ત્રણેને સાઈડ પર લઈ જાય.]

ટ્રાફિક પો. : [ત્રણેને વારાફરતી પૂછે છે]
ક્યાં જાય છે આટલી સ્પીડમાં ?
વ્યક્તિ ૧ : ઘરે જાઉ છું.
વ્યક્તિ ૨ : નોકરીએ જાઉ છું.
વ્યક્તિ ૩ : હૉસ્પિટલ જાઉ છું.
ટ્રાફિક પો. : આટલી સ્પીડમાં જાવ છો તો દંડ ભરવો પડશે.
વ્યક્તિ ૧ : સ્પીડ ક્યાં હતી અમે તો એકદમ સ્લો ચલાવતા હતા.
ટ્રાફિક પો. : તો એકદમ સ્લો ચલાવવું પણ ગુનો છે...
વ્યક્તિ ૨ : એવું કોણે કહ્યું?
ટ્રાફિક પો. : હું કહું એટલે ફાઈનલ...
વ્યક્તિ ૩ : તમે એટલે કોણ?
ટ્રાફિક પો. : સામું બોલે છે? વધારે દંડ ભરવો પડશે.
વ્યક્તિ ૧ : આ તો તમારી દાદાગીરી છે. હું હમણાં મારા પપ્પાને ફોન કરું છું.
ટ્રાફિક પો. : હું કોઈના બાપથી ડરતો નથી. તમારે જેને ફોન કરવો હોય એને કરો.

વ્યક્તિ ૧ : [ફોન જોડે.] પપ્પા આ ટ્રાફિક પોલીસને સમજાવો કે મને જવા દે.
[ફોન પોલીસને આપે]
ટ્રાફિક પો. : હલ્લો...!
વ્યક્તિ ૪ : જુઓ હું બિઝનેસમેન ઝવેરી બોલું છું. ઝવેરી બજારમાં મારી દુકાન છે. મારા દીકરાને જવા દો. જે સેટિંગ કરવું હોય તે કરો.
ટ્રાફિક પો. : સેટિંગની તો ક્યાં ના પાડું છું. આખી જિંદગી એ જ તો કર્યું છે.
[ફોન પાછો વ્યક્તિ ૧ને આપે.]
વ્યક્તિ ૧ : શું સેટિંગ કરવાનું છે?
ટ્રાફિક પો. : બસ, આપી દો ચા-પાણીના ..
વ્યક્તિ ૧ : [ખિસ્સામાંથી કાઢી એક પૅકેટ આપે.]
ટ્રાફિક પો. : આ પૅકેટ પહેલેથી આપી દીધું હોત તો તમારો ને મારો ટાઈમ બચ્યો હોત ને...
[વ્યક્તિ ૧ સ્કૂટર ચાલુ કરી જાય છે. વ્યક્તિ ૨,૩ જોયા કરે. બધા પાછા ટોળે વળે છે.]
બધા : સેટિંગ છે ભાઈ સેટિંગ છે...
જ્યાં જુઓ ત્યાં સેટિંગ છે...
મંદિરમાં જાવ તો .... સેટિંગ છે...
પોલીસ પકડે તો... સેટિંગ છે...
[ટોળું વિખરાય. એક માણસ બીમાર હોવાનો અભિનય કરે. ખાંસે છે. એની આસપાસ ત્રણ જણા છે.]
વ્યક્તિ ૨ : તબિયત તો બગડતી જાય છે ને ડૉક્ટર કશું સાંભળતા નથી.
વ્યક્તિ ૩ : હા, પણ બધે આ જ સ્થિતિ છે.
વ્યક્તિ ૪ : આ કોરોનાએ તો ભારે કરી. માણસ ટપોટપ મરી રહ્યા છે.
[ડૉક્ટર આવે છે.]
વ્યક્તિ ૨ : સાહેબ, આ ભાઈને હૉસ્પિટલમાં દાખલ કરવા પડશે, તબિયત વધારે ખરાબ છે.
ડૉક્ટર : તમને કેટલીવાર કહ્યું કે બેડ ખાલી નથી, જગ્યા નથી તો શું કામ મારું માથું ખાવ છો ?
વ્યક્તિ ૩ : સાહેબ, નહીં તો આ મરી જશે ...
ડૉક્ટર : તો હું શું કરું? મારા ઘરમાં રાખું જગ્યા નથી તો...? હૉસ્પિટલ આખી ભરેલી છે.
વ્યક્તિ ૪ : સાહેબ એક જગ્યા કરો, દયા કરો..
[વ્યક્તિ ૫ ખાંસે છે. જરા મોટો માણસ લાગે છે.]
ડૉક્ટર : આવો સાહેબ, આવો.. તમારી જ રાહ જોઈ રહ્યો છું.
વ્યક્તિ ૫ : બરાબર છે બધું? બધી વ્યવસ્થા થઈ ગઈ છે?
ડૉક્ટર : હા સાહેબ થઈ ગઈ છે. તમારે માટે તો અમારે બેડ ખાલી કરવી જ પડે, જગ્યા કરવી જ પડે.
વ્યક્તિ ૫ : હા, બહુ સમજદાર છો તમે...
[એક પૅકેટ કાઢીને ડૉક્ટરને આપે. ડૉક્ટર ખુશ થઈને જાય. એની પાછળ હસતી હસતી વ્યક્તિ ૫ જાય છે.]
વ્યક્તિ ૨ : કેવી રીતે સેટિંગ થયું તે જોયું તમે...
વ્યક્તિ ૩ : ને આ માણસ અહીં મરી રહ્યો છે એનું કંઈ નહીં..
વ્યક્તિ ૪ : ભાઈ, આ ખરેખર ગયો...
[બધા એની આસપાસ ભેગા થાય છે. એ વ્યક્તિ હવે જીવિત નથી]
વ્યક્તિ ૨ : [એકદમ દુઃખથી] જવા દો... આ ભાઈનું ભગવાન સાથે જુદું સેટિંગ હશે...
[બધા વ્યક્તિ ૧ને ઉઠાવીને લઈ જાય છે]
વ્યક્તિ ૨ : રામ બોલો ભાઈ રામ...
વ્યક્તિ ૩ : સેટિંગ છે...
વ્યક્તિ ૪ : રામ બોલો ભાઈ રામ...
વ્યક્તિ ૫ : સેટિંગ છે...
[બધા પાછા ટોળે વળે.]
બધા : સેટિંગ છે ભાઈ સેટિંગ છે...
માણસ જીવે તો .. સેટિંગ છે...
માણસ મરે તો.. સેટિંગ છે...
જ્યાં જુઓ ત્યાં સેટિંગ છે...
સેટિંગ છે... સેટિંગ છે... સેટિંગ છે...
[બધા જાય છે.]

બી-૪૦૩, હરિ આલય,
કેપિટલ આઈકોનની ગલીમાં,
સરગાસણ, ગાંધીનગર - ૩૮૨૪૨૧
મો. ૯૪૨૬૨૮૬૨૬૧

ઘરનું ઘરેણું – દીકરી

સંજીવ વોરા

પાત્રો

સૂત્રધાર, અનુજ, સ્નેહા, આસ્થા, સ્મૃતિ.

દીકરીના જન્મને આવકાર કે અવગણના,
સ્વીકાર કે તિરસ્કારના
સંવેદનશીલ વિષયને છેડતી
દામ્પત્ય-જીવનની
વ્યથા-કથા
એટલે... ઘરનું ઘરેણું દીકરી...

સુજ્ઞ સન્નારીઓ,

આજે વાત માંડવી છે કે જે સહુને સ્પર્શે છે. આખાયે સમાજના સંતુલનને અસર કરતી આ વાતને સહેજ પણ હળવાશથી લઈ શકાય એમ નથી. આ વિષયની યોગ્ય સમજણ કેળવીને પ્રત્યેક પરિવાર એનો તત્કાળ અમલ નહીં કરે તો આવનારા દિવસોમાં ભારે સામાજિક અવ્યવસ્થા અને અત્યાચાર થવાના સંજોગો ઊભા થશે.

કથા છે અનુજ દેસાઈ અને સ્નેહા દેસાઈના અત્યંત સુખી અને સમૃદ્ધ પરિવારની. માતા-પિતાના અપાર પ્રેમ અને પરિવાર ભૌતિક સુખ વચ્ચે ઊછરેલી આસ્થા એનું એક માત્ર સંતાન બે વર્ષ પહેલાં સમકક્ષ પરિવારના પુત્ર નિલય સાથે પરણીને આનંદ અને સંતોષ સાથે જીવન વ્યતીત કરતી આસ્થા, એના સાસરેથી પિતૃગૃહે કેટલાક દિવસ રોકાવા આવી રહી છે ત્યારે....

દૃશ્ય-૧

(વૈભવશાળી દીવાનખંડ-અનુજ અને સ્નેહા દેસાઈ આસ્થાના આગમનની રાહ જોતાં વાતો કરી રહ્યાં છે. વારે ઘડીએ ઘડિયાળ જોતાં ઉત્કંઠા-આતુરતાથી સમય પસાર કરે છે. ત્યાં જ કૉલબેલ રણકે છે – બંને સફાળા ઊભાં થઈ આનંદથી દરવાજા તરફ જાય છે – આસ્થાનો બૅગ-બિસ્તરા સાથે ઉમળકાભેર પ્રવેશ)

આસ્થા : હાય મમ્મી-હેલો પપ્પા... (બંનેને વારાફરતી ભેટે છે. આસ્થા પગે લાગે છે.)

સ્નેહા : અરે, આસ્થા બેટા... આવ બેટા આવ...

અનુજ : બહુ રાહ જોવરાવી બેટા તેં તો... ટ્રેન બહુ લેઇટ આવી નહીં? મારે આજે જ વળી એક પાર્ટી સાથે અગત્યની મિટિંગ હતી નહીંતર હું જ તને લેવા આવત.

આસ્થા : ઇટ્સ ઓકે પપ્પા... હવે હું કાંઈ નાની કીકલી થોડી છું... જુઓ આવી ગઈ ને એકદમ સલામત રીતે તમારી દીકરી...

અનુજ : હા હો બેટા... આમેય મારી દીકરી હવે તો એકદમ મેચ્યોર ને હોશિયાર થઈ ગઈ છે ને કાંઈ....

સ્નેહા : બેસ આસ્થા-થાકી ગઈ હોઈશ તું... હું પાણી લેતી આવું.

આસ્થા : હાશ... ટ્રેનમાં એસી કોચમાં આરામથી આવીએ તોય ઘર એ તો ઘર જ (સોફામાં બેસતાં)

અનુજ : નિલય જમાઈ કેમ છે? મનોજભાઈ અને રાગિણીબેન મજામાં ને?

આસ્થા : અરે એકદમ ફાઇન-નિલયને હમણાં ઑફિસમાં બહુ વર્ક રહે છે ને એના બૉસ હમણાં રજા પર છે એટલે એનો પર પ્રેશર થોડું વધારે છે બાકી તો એ જ મને મૂકવા આવત. પપ્પા-મમ્મીયે એકદમ લ્હેરમાં છે-

અનુજ : તો સારું... બાકી હમણાં વાઇરલ ઇન્ફેકશનનો બહુ વાયરો ચાલે છે. જોકે મનોજભાઈ અને રાગિણીબેન-બંને ખાવા-પીવામાં બહુ નિયમિત અને ચુસ્ત છે એટલે એને વાંધો ન આવે.
(સ્નેહા પાણી લઈને આવે છે.)

સ્નેહા : લે બેટા... સારું થયું આ તહેવારોની રજામાં તું આવી ગઈ તે. તું છે તો આપણે થોડી ખરીદીનું કામેય પતાવી દઈશું.

આસ્થા : હા... હા... ચોક્કસ.

અનુજ : ને સ્નેહા, પેલા મુકુલભાઈના દીકરાની બર્થડે ગિફ્ટ ને વિરાજ-અમુલને આપવાની મેરેજ

એનિવર્સરીની ગિફ્ટ પણ ભેગાભેગી લેતી જ આવજે. પછી વારેઘડીએ એમ બહાર નીકળાતું યે નથી. ને આસ્થા છે તો એને આમાં ખબરેય વધારે પડે.

આસ્થા : હા... પપ્પા મને ખાલી બજેટ કહી દેજો. બાકીનું બધું હું સંભાળી લઈશ.

સ્નેહા : ઓક્કે... ફાઈન બેટા... હજી તો તું રોકાવાની છે ને, પછી કાલ-પરમ દી શોપિંગ માટે જઈ આવીશું. સાચે આસ્થા, હમણાં તમે બેય સિંગાપોર-મલેશિયા જઈ આવ્યાં એના ફોટા લેતી આવી કે નહીં?

અનુજ : હા બેટા, એની તો વાત કર....

આસ્થા : અરે બહુ જ મજા આવી. એમનેમ વાત કરીશ તો મજા નહીં આવે... પેનડ્રાઈવમાં વીડિયો-ફોટા બધું લેતી આવી છું. પછી એ જોતાં જોતાં તમને કૉમેન્ટરી આપતી જઈશ. એમાં વધુ મજા આવશે. બાય ધ વે, હું થોડી ફ્રેશ થઈ જાઉં... પછી નિરાંતે વાતો કરીએ.

સ્નેહા : હા, તું તૈયાર થા.. તારો સામાન અંદરના રૂમમાં મૂકી દઉં... પછી ચા બનાવતી થાઉં...

(સ્નેહા-આસ્થાની ઍક્ટિઝટ, અનુજ છાપું ઉપાડી વાંચવામાં મશગૂલ થાય છે.) મંચ પર અંધકાર-ધીરેધીરે-

સૂત્રધાર : આસ્થા આવી. કઈ પત્નીને પિયરમાં ન ગમે? આખો દિવસ જૂની ફ્રેન્ડઝને મળવાનું-ફોન કરવાના-સગાં-સંબંધી-વડીલોને ત્યાં જવાનું, રાત્રે મમ્મી-પપ્પા સાથે હોટેલમાં ડિનર-..



એકલા જલસા...

પણ આ વખતે આસ્થા એક મહત્ત્વનાં સમાચાર મમ્મી-પપ્પાને આપવા આવી છે...

પાંચેક દિવસ પછીની એક સાંજે આસ્થા કહી દે છે.

આઇ એમ પ્રેગ્નન્ટ...

અને સાથે એમ કહી દે છે કે જો પ્રથમ સંતાન છોકરી છે તો એ એને જન્મ નહીં આપે... વાતાવરણમાં સન્નાટો છવાઈ જાય છે... પછી તો આ જ વિષય પર ઘરમાં વાતો અને ચર્ચા થતી રહી...

દૃશ્ય-૨

(સ્નેહા કંઈક ઘરકામ કરી રહી છે. અનુજ કોઈની સાથે થઈ રહેલી મોબાઈલ પરની વાત પૂરી કરવામાં છે. ઘરમાં આંટા મારતાં-મારતાં થોડીક સેકન્ડના આ દૃશ્ય પછી આસ્થાનો પ્રવેશ...)

આસ્થા : મમ્મી, બટ આય ડોન્ટ વોન્ટ બેબીગર્લ ઈન માય ફર્સ્ટ ડિલિવરી. નિલય તો કહે છે. પહેલું સંતાન છોકરો હોય કે છોકરી, શો ફેર પડે છે? પણ મને જ નથી ગમતું. મમ્મી, પેટમાં બેબી બોય હોત ને તો મેં તો એનું નામેય નક્કી કરી રાખેલું...

સ્નેહા : જિદ્દી છે જિદ્દી તું. નિલયકુમારને વાંધો નથી પછી તને શું પ્રૉબ્લેમ છે? તારી તબિયત પછીનાં કોમ્પ્લિકેશન્સનો વિચાર કર્યો છે તે ?

આસ્થા : કાંઈ ન થાય મમ્મી, ઘણાં આવું કરતાં જ હોય છે...

અનુજ : બેટા, અમે પણ તારા જેવો જ વિચાર કર્યો હોત ને, તો તું અત્યારે ન હોત. વિકલ્પ તો અમારી પાસે પણ હતો?

આસ્થા : ધેટ્સ ટ્રુ, બટ ધેટ ઈઝ ધ પાસ્ટ પપ્પા - એનું અત્યારે શું છે? અત્યારે જો ભાઈ હોત તો તમને એકલવાયું ન લાગત ને?

સ્નેહા : અમને ક્યારેય એકલાપણું લાગ્યું જ નથી આસ્થા, દિવસમાં બે-ત્રણ વાર ફોન અને વારતહેવારે તું આવતી જ રહે છે ને! દીકરો હોત તો કદાચ તારા જેટલું મળવા ન આવત એમ પણ બને...

અનુજ : અને, સ્નેહાને સ્ટેજ તાવ જેવું છે એવી ખબર પડી કે તરત તું કેવી દોડી આવેલી?

આસ્થા : પણ... દીકરીને તો જીવની જેમ જતન કરીને ઉછેરીએ-ને છેવટે તો પારકા હાથમાં જ સોંપવાની ને? થોડીક મોટી-સમજણ થાય-કૉલેજ જતી થાય કે ચિંતા મા-બાપની શરૂ... સતત ટેન્શન... પછી ઘર-ઘર કેવું મળે કોને ખબર! કરિયાવરમાં ઘર ખાલી થઈ જાય એટલું આપવું પડે... દેવું કરીને ય ઘી પીવું પડે... દીકરી વધુ ભણે તો છોકરા પસંદ ન કરે એટલે એમાય મર્યાદા... સામેવાળાને ત્યાં પગ ઘસતાં જવાનું અને જવાબની રાહ આપણે જોવાની. પરણ્યા પછી બધાને પૂછી પૂછીને કરવાનું. પતિ કહે તો જ નોકરી કરવાની. મોજ શોખ, ટાપટીપ બધું એની પસંદ પ્રમાણે જ કરવાનું.... એના કરતાં છોકરી ન જ હોય એ શું ખોટું?

સ્નેહા : ત્યાં જ તારી ભૂલ થાય છે બેટા... અમને તો એમ કે અમે ઑર્થોડોક્સ ગણાઈશું નવી પેઢી સામે... પણ તું આવું વિચારે છે એની મને બહુ જ નવાઈ લાગે છે. નિલયને પણ દીકરીના જન્મ સામે વાંધો નથી ત્યારે તારી આવી વિચારસરણી એ મોટો પ્રશ્નાર્થ છે આસ્થા...! ડોરબેલ ત્રણ-ચાર વાર સમયાંતરે વાગે છે. એ દરમિયાન સૂત્રધારનો સંવાદ-

સૂત્રધાર : અને આ છે સ્નેહાની ખાસ સખી અને આસ્થાની ફેવરિટ આન્ટી સ્મૃતિ મહેતા.

(અનુજ દરવાજો ખોલવા જાય છે-સ્મૃતિનો પ્રવેશ)

અનુજ : આવો... સ્મૃતિબેન... આવો... સમયસર આવ્યાં છો તમે... તમે જ આસ્થાને કાંઈક સમજાવો...

સ્નેહા : હા સ્મૃતિ, બેસ. આ આસ્થા જો ને... ઍબોર્શન કરાવવા માગે છે બોલ... કારણ શું ખબર છે! કહે છે કે મારે દીકરી નથી જોઈતી...હવે તું જ સમજાવ આને કાંઈક...

સ્મૃતિ : અરે, આસ્થા... શું વાત છે! તારી પાસેથી તો આવી આશા જ નો'તી. તું આટલું ભણેલી ગણેલી થઈને આવું વિચારે છે? હવે તો આ જમાનામાં છોકરા-છોકરી વચ્ચે એટલો ભેદ છે જ ક્યાં? કોઈ પણ વ્યક્તિ હોય, પણ એ જન્મે છે તો સ્ત્રીની કૂખેથી જ ને? તો પછી છોકરીની આટલી અવગણના કેમ?

અનુજ : હું એ જ કહું છું આસ્થાને સ્મૃતિબેન...! હવે તો દરેક ક્ષેત્રમાં પુત્રી પુત્ર સમોવડી જ થવા માંડી છે. હવેની નવી પેઢીને સારા-નરસાની બધી ખબર છે એટલે ગમે ત્યાં ભણે ગમે તે ભણે, એ એની કારકિર્દી પ્રત્યે પૂરી સભાન છે. એની લગીરેય ચિંતા કરવાની જરૂર નથી. કેટલીયે ઊંચી પોસ્ટ પર અત્યારે સ્ત્રી જોવા મળે છે. ઘર અને નોકરી બંનેને ન્યાય આપી શકે એટલી સક્ષમ છે સ્ત્રી, માત્ર એને થોડો સહકાર અને હૂંફની જરૂર હોય છે.

આસ્થા : પણ તોય દીકરી તો સાપનો ભારો જ કહેવાય છે ને?

સ્નેહા : સાપનો ભારો નહીં, બેટા... એ તો તુલસીનો ક્યારો છે.

સ્મૃતિ : આસ્થા, બધા જ જો તારી જેવું વિચારે, તો બધે પુરુષ ને પુરુષ જ જોવા મળે.. ને આજ સિલસિલો ચાલુ રહે તો એ બધાને પરણશે કોણ? સ્ત્રી હશે, તો સંતાનને જન્મ આપશે ને?

અનુજ : ને બેટા, મને એમ કહે કે આ આખીયે વાતમાં જન્મ લેનાર બાળકનો શો વાંક? માત્ર જેન્ડર બાયસને લીધે એક જીવની સમજણપૂર્વકની હત્યા? ખોટું છે આસ્થા-આ ખોટું છે...

આસ્થા : તમારી વાત થોડીક તો સાચી લાગે છે. છતાંય હકીકત એ પણ છે જ ને, કે સમાજમાં હજી પુરુષનું આધિપત્ય તો છે જ...

સ્નેહા : બેટા... સમાજમાં સંસારમાં સ્ત્રી અને પુરુષનું સહઅસ્તિત્વ જરૂરી છે. આધિપત્યની વાત એ આપણા વિચારોની નીપજ છે. બંને એકબીજા પર અવલંબિત છે અને એટલે તો આ કુદરતનો કારોબાર બરાબર ચાલે છે.

સ્મૃતિ : આસ્થા, પુરુષ અને સ્ત્રી બંનેની પ્રકૃતિ જ અલગ છે. બંનેને પોતાની આગાવી વિશેષતા અને વ્યક્તિત્વ છે. જે કામ સ્ત્રી કરી શકે તે પુરુષ ન કરી શકે અને જે કામ પુરુષ કરી શકે એ સ્ત્રી ન

કરી શકે. જગન્નિયંતાએ ગોઠવેલી આ શતરંજની અદ્ભુત રમત છે..

આસ્થા : પણ હજી મારું મન નથી માનતું. આઈ એમ નોટ કન્વીન્સ્ડ...

અનુજ : એમ નહીં સમજાય બેટા- ઝાકળની ભીનાશ અને પુષ્પની કુમાશ એકરૂપ થઈ હૃદયના ખલમાં ઘૂંટાવા માંડે ને, ત્યારે દીકરી જન્મે છે. દીકરી એ ઘરનું અજવાળું છે, ત્યાગનું પાત્ર છે અને સમજણનો દરિયો છે. સંવેદના અને સમર્પણનો પર્યાય એટલે જ દીકરી, બેટા... સંસ્કાર અને સંસ્કૃતિ જે જાળવી જાણે અને આપી પણે એ 'સ્ત્રીશક્તિ' છે.

સ્નેહા : પપ્પા સાચું કહે છે, બેટા... દીકરી પરણીને સાસરે જાય છે પણ એથી એ ભૂતકાળ નથી બનતી દીકરી સદાય વર્તમાન છે. દીકરો કદાચ ભ્રમ બની શકે-દીકરી હકીકત અને સચ્ચાઈ છે. દીકરો એ પ્રતીક્ષાનું ગદ્ય છે, તો દીકરી સંતોષનું પદ્ય છે. દીકરીનું ઘરમાં હોવું માત્ર એ પ્રત્યેક પરિવારનું જીવનસંગીત છે.

સ્મૃતિ : આસ્થા, થોડું વિચારી જો. જે વહાલ અને પ્રેમ તું તારાં પપ્પા-મમ્મીને કરે છે એવા જ હેતની હેલી તારા પર વરસાવવા તારા અંશ અને વંશનું સર્જન થઈ રહ્યું છે ત્યારે તું એનું વિસર્જન કરવા તૈયાર થઈ છે?

અનુજ : સ્નેહા અને સ્મૃતિ આન્ટી અને હું તારા પર એકધારા વરસી પડ્યાં નહીં? અમારો ઈરાદો તને નારાજ કરવાનો નથી બેટા, માત્ર તને સમજાવવાનો છે...

આસ્થા : (અનુજ-સ્નેહા-સ્મૃતિ વારાફરતી ત્રણે પાસે જઈ-આલિંગન કરી-આંખમાં થોડાં આંસુ સાથે-) પપ્પા-મમ્મી-આન્ટી, તમારી વાત સાચી છે. દીકરીનું મહત્ત્વ હવે સમજાય છે મને. તમે સૌએ મારી આંખનાં અંધારને દૂર કરી વિચારનું અજવાળું આપ્યું છે. તમે લોકોએ જે કાંઈ વાત કરી એ સોનાની લગડી જેવી છે. સાચવી-સંઘરી રાખવા જેવી છે. ઘરમાં દીકરી હોવી એ આશીર્વાદ છે એ સત્ય મને સમજાયું છે. હવે હું મારી દીકરીને જન્મ આપીશ-જરૂર આપીશ-

બધાં : રીયલી!!

(આસ્થા ફરીવાર બધાંને વારાફરતી ભેટે છે અને પગે લાગે છે)

અનુજ : થેન્ક્યૂ બેટા-આ વાત પર થઈ જાય મીઠું મોઢું.

આસ્થા : મને આશીર્વાદ આપો કે હું પણ મારી દીકરીની તમારી જેમ મા બનું. (સ્નેહાને પગે લાગતાં બોલે છે)

સ્મૃતિ : અનુજભાઈ, મીઠાઈ લેવા બહાર પછી જજો. મારા દીકરાને આજે એની કંપનીમાં પ્રમોશન મળ્યું એની ખુશાલીમાં મીઠાઈ આપવા જ અહીં આવી હતી. સારા કામમાં આવી મીઠાઈ.

(બધાં મીઠું મોઢું કરે છે...)

અનુજ : સ્નેહા, ચા મૂક યાર-હવે ખાંડ નહીં નાખ તોય ચા ગળી જ લાગશે-

(બધાં હસે છે.)

સૂત્રધાર : બેટી તારી આંખમાં ઝળકે સૂરજ-સોમ,
આંગળીઓનાં ટેરવે વસજો આખું વ્યોમ.
બેટી તારી માનીથી ઝરજો કુમકુમ રંગ,
તારા બંને હોઠ પર રહેજો હાસ્ય અભંગ.
બેટી તું અમ બાગનો મધમધતો છે છોડ,
જગતજનની પૂરી રહો તારા સઘળા કોડ.

અનુજ : સ્નેહા દેસાઈ પરિવારમાં આ વિષયની વાતે અલ્પવિરામ આવે છે. પણ સંસારચક્રમાં આની ચર્ચા-વાદ-વિવાદ-સંવાદ ચાલ્યા જ કરવાનાં પણ એક વાત નક્કી: ઘરનું ઘરેણું તો દીકરી જ રહેવાની...

૧૨/૧૩ નીલકંઠનગર, પ્રમુખ પાર્ક પાસે,
ઝાડેશ્વર રોડ, ઝાડેશ્વર
ભરૂચ ૩૯૨૦૧૧
મો. ૯૪૨૬૮૮૯૫૮૬



સદાય સંગાથે
દેશળ પગી
મો. ૯૧૦૬૪૨૦૭૨૯



યમુના તીરે
જય પંચોલી
મો. ૯૬૨૪૨૨૭૧૪૦



કાવ્ય સંપુટ

રઘુવીર ચૌધરી
રાજેન્દ્ર શુક્લ
માધવ રામાનુજ
વિનોદ જોશી
હરીશ મીનાશ્રુ
મનોહર ત્રિવેદી
રાજેશ વ્યાસ 'મિસ્કીન'
દલપત પઢિયાર
મણિલાલ હ. પટેલ
ધીરેન્દ્ર મહેતા
તુષાર શુક્લ
નીતિન વડગામા
રઈશ મનીઆર
કૃષ્ણ દવે
હર્ષદ ત્રિવેદી
યોગેશ જોષી
રમણીક સોમેશ્વર
મુસાફિર પાલનપુરી
બકુલેશ દેસાઈ
લલિત ત્રિવેદી
સંજુ વાળા
દિલીપ જોશી
અઝીઝ ટંકારવી
ઉર્વીશ વસાવડા
ડૉ. એસ. એસ. રાહી

કિશોર જિકાદરા
અનિલ ચાવડા
ભાવેશ ભટ્ટ
ડૉ. અશોક ચાવડા 'બેદિલ'
હરદ્વાર ગોસ્વામી
મનીષ પરમાર
સ્નેહી પરમાર
પ્રશાંત કેદાર જાદવ
રમેશ ઠક્કર.
મનીષ પાઠક 'રવેત'
સતીન દેસાઈ 'પરવેઝ દીપ્તિ ગુરુ'
કિસન સોસા
શિવજી રૂખડા
રક્ષા શુક્લ
વિવેક મનહર ટેલર
ડૉ. મનોજ જોશી 'મન'
દીપક ત્રિવેદી
પ્રજ્ઞા પટેલ
ડૉ. પ્રદીપ આઝાદ "ઇરત્"
તેજસ દવે
ભાવિન ગોપાણી
દર્શક આચાર્ય
રમણ વાઘેલા
ડૉ. મુકેશ જોષી
જયંતિ ધોકાઈ
પ્રશાંત સોમાણી
વિપુલ માંગરોલિયા 'વેદાંત'
પ્રતાપસિંહ ડાભી 'હાકલ'
જિગર ઠક્કર 'ગઝલનાથ'
કિરણસિંહ ચૌહાણ
મધુસૂદન પટેલ 'મધુ'
ઉમેશ જોષી

ડો.પ્રણવ ઠાકર - 'પાગલ'
જિગર જોષી 'પ્રેમ'
હાર્દિક વ્યાસ
ભરત વિંઝુડા
યોગેશ પંડ્યા
કુમાર જૈમિનિ શાસ્ત્રી
પુષ્કરરાય જોષી
કેતન પી. જોશી
હરજીવન દાફડા
ઉદયન ઠક્કર
મંગળ રાવળ 'સ્નેહાતુર'
દિનેશ દેસાઈ
મિલિન્દ ગઢવી
રિન્કુ રાઠોડ
ડૉ. મનહર ઠાકર
રમેશ પટેલ
ગણપત પટેલ "સૌમ્ય"
ગોવિંદ હરજી "દેવાંશુ"
પ્રદીપ રાવલ 'સુમિરન'
હરીશ જસદણવાળા
પારસ એસ. હેમાણી
ભગીરથ બ્રહ્મભટ્ટ
સોલંકી કરમસિંહ "આબાદ"પાલનપુરી
લતા હિરાણી
હરીશ ધોબી
રેણુકા દવે
ડૉ. ઘનશ્યામ દવે
વિજયસિંહ ચાવડા
મૃગાંક શાહ
પ્રવીણ સરવૈયા
અલકા નવીનચંદ્ર મહેતા
નટવર આહલપરા



અનોખી ભાત
મેહુલ શુક્લ
મો. ૯૮૯૮૩૩૩૧૧૧

જલમય જગ

રઘુવીર ચૌધરી

જલમય જગ ઝગમગ વરતાતું તરે ગગન
સકલજીવ છે શાન્ત એમની આંખ બને મને.

સર્ગ-વિસર્જન પ્રલય-પ્રણેતા દેવ શંભુને-
પૂછતાં માતા મહાભવાની નમી પ્રભુને.
ષણ્મુખને મંદાર ગમે ને ગણેશજીને વન.

પત્રપુષ્પના રંગ ઊઘડતા પતંગિયાંની પાંખે,
નાગ મણિધર વૃષ્ટિ જોતા રત્નકણી શી આંખે
લહર લહર ગંગાસાગરની નીરખે મૂળ વતન.

પવન પ્રકાશે વહે નદીના કાંઠા જળમાં ઝૂલે,
પર્વત-વાદળ-વાદળ-પર્વત અંતરિક્ષમાં ડોલે,
વસંત વરસે શ્રાવણ થઈ તરુપર્ણ પીએ છે જલ.
જલમય જગ.

એ-૬, પૂર્ણેશ્વર, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ - ૩૮૦૦૧૫
મો. ૯૪૨૮૫૧૦૪૩૮



ઝીલજો હો જી!

રાજેન્દ્ર શુક્લ

આભથી વરસે અમરતધાર,
કે અમરત ઝીલજો હો... જી...
આભથી વરસે અપરંપાર,
કે જળ તમે ઝીલજો હો જી...

જળનો ખળખળ વ્હેતાં જાય,
જળ તો નદીયુંમાં ઠલવાય,
નદીયું દરિયા ભેળી થાય,
કે જળ તમે બાંધજો હો જી...
કે પાળા બાંધજો હો જી...

જળ તો ખળખળ વ્હેતાં થાય,
જળ તો નદીયુંમાં ઠલવાય,
નદીયું દરિયા ભેળી થાય,
કે ઊંડો ઉતારજો હોજી...
કે કૂવા ગાળજો હોજી...
આભથી વરસે અમરતધાર,
કે અમરત ઝીલજો હો જી...
આભથી વરસે અપરંપાર
કે જળ તમે ઝીલજો હો જી...

જળની કરુણાનો નહિ પાર
જે કરુણા ઝીલજો હો જી...

એ-૪૨, રિવેરા હાઈટ્સ,
શેલ પેટ્રોલ પંપની સામે,
રિવેરા હાઈટ્સની ગલીમાં
આનંદનગર, પ્રહ્લાદનગર,
અમદાવાદ ૩૮૦૦૧૫
મો. ૯૪૦૮૭૩૯૨૨૧

ક્યારેક

માધવ રામાનુજ

ત્યારે
સાબરમતીમાં હતું એનું પોતાનું પાણી,
જ્યારે પહેલીવાર હું એના કિનારે આવ્યો!
પછી
ઉછીના લીધેલા અવસર જેવું
મારામાં જ ઊગતું રહ્યું છે. - કંઈક!
ક્યારે-
મારું પોતાનું મન કોઈ બીજાના વિચારોમાં
ડૂબી ગયું અને
ઉછીના લીધેલા અવસર જેવું, મારામાં જ
મ્હોરી રહ્યું છે કંઈક!
જ્યારે
કંઈ જ નહોતું મારી પાસે, ત્યારે
આ આખી દુનિયા મારી હતી-
હવે, ક્યારેક યાદ આવી જાય છે. એ સમય... ક્યારેક-
અને લાગે છે કે
હું તો થઈ ગયો છું રાંક!
કશું નથી મારી પાસે-
જે કશું નહોતું ત્યારે હતું...
હવે તો
ઘણું બધું છે, છતાં શૂન્ય છું ભીતરથી!
ક્યારેક કોઈ આવશે અને
આપી જશે મને, મારું પોતાનું એકાન્ત
જે-
કશું નહોતું ત્યારે હતું!

જે-૧૧, વિક્રમ એપાર્ટમેન્ટ,
શ્રેયસ ક્રૉસિંગ પાસે,
અમદાવાદ - ૩૮૦૦૧૫
મો. ૯૮૭૯૭૬૩૦૦૯

બેસ, મારી બાજુમાં...

વિનોદ જોશી

બેસ, મારી બાજુમાં બેસ,
આવી તો કંઈક મને વાગી છે હાલતાં ને ચાલતાં હજાર વાર ઠેસ...

પાટું મારો ને તોય પડછાયો કોઈ દિવસ અંગૂઠે લોહી નથી કાઢતો,

રોજ ઘાસ પૂળામાં બાંધનાર પોતાના શ્વાસ નથી દાતરડે વાઢતો;

સહુને દેખાડવાનું રજવાડું આપણુંય, મડદાને ઓઢાડી ખેસ...

પાણી ને પાણામાં ભેદ નથી ખાસ તોય જુદું છે વહેવું ને વાગવું,

ઊંઘમાંય બેઉ બંધ પોપચાંની પછવાડે આંખોએ રોજ પડે જાગવું;

ભીતરના આંચકાઓ ભંડારી, હેમખેમ રાખવાનો પોતાનો નેસ...

પ્રયાગ, ૩૨, શ્વેતકમલ સોસાયટી,
વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૮૨૫૯૮૯૭૩૭





ગઝલ

હરીશ મીનાશ્રુ

ભીંત સાથે કાન માંડી વાત સાંભળતા રહ્યા,
એ રીતે ખંડેરની વાતો મહીં ભળતા રહ્યા.

પ્રિયજનનું નામ કંડાર્યું હતું જેની ઉપર,
પથ્થરો એ ધીરે ધીરે જળમાં ઓગળતા રહ્યા.

પર્વતારોહી સમજતો'તો સતત જેને ચઢાણ,
ઢાળ શિખરથી તળેટીની તરફ ઢળતા રહ્યા.

શી રીતે આ રાતને પહોંચાડે પ્રાત:કાળ લગ,
મોતીના મૂઠા ભરી એ રાતભર દળતા રહ્યા.

જેમણે મંજિલ વિસારીને પડાવો પાથર્યા,
એમના પગ તો સતત વિશ્રામથી કળતા રહ્યા.

આગિયાની નાતમાં વટલાઈ ચાલ્યા એ બધા,
જે ઉછીના બે'ક શબ્દો લૈને ઝળહળતા રહ્યા.

એમણે મકતામાં નિજનું નામ ઓગાળી દીધું,
એ રીતે ખુદને સકળની સંગ સાંકળતા રહ્યા.

'સુમિરન', ૯/એ, સૌરભ્ય બંગલા,
વિનુકાકા માર્ગ, બાકરોલ, જિ: આણંદ - ૩૮૮૩૧૫
મો. ૯૮૨૪૫૧૧૯૬૧

વરસાદ, તડકો અને તું

મનોહર ત્રિવેદી

ઉગમણે તડકા પડે આથમણે વરસાદ,
તારામાં ભેળા થયા; કરું હું કોને બાદ?
તડકે ઝબકોળ્યા પછી છુટ્ટાં મૂકે વેણ,
પણ નજરુંને ઠારતાં ભીનાં તારાં ક્હેણ.
અરધે વગડે ધૂપ છે,અરધે વાદળછાંય,
વચ્ચે રૂડી નીતરે તારી ચંદન-કાય.
અંગૂઠે સૂરજ અડે માથે ઝૂકે મેહ,
ખેતરમાં ઘૂમી વળે તારો મબલખ નેહ.
લહલહતા આ મૉલમાં ઊડે પંખીગાન,
તડકે ત્યાં તૂટી પડ્યાં તારાં સૌ તોફાન.
શ્રાવણ સૂંઘે ચાસને, તડકા સૂંઘે ફૂલ,
સૈયર સૂંઘે સાયબો, ચતુરા, માંડો મૂલ.

D/૧૨૭, ગ્લોરિનાવેલી, કનકપુર હાઉસિંગ રોડ,
સચિન, જિ સૂરત, ૩૯૪૨૩૦
મો. ૯૩૨૭૭૩૯૦૬૮



એ કઈ રેખા?

રાજેશ વ્યાસ 'મિસ્કીન'

પેટ ભરીને આપે ભોજન, એ કઈ રેખા?
છોડાવે દુઃખનાં સૌ બંધન, એ કઈ રેખા?
ધ્રુવ અને પ્રહ્લાદ થવાના યોગ કયા છે,
પ્રભુ આપવા આવે દર્શન, એ કઈ રેખા?
દાદા ઝાંખી આંખે પુરાણો વાંચો છો,
ખરા પડે એ સઘળા વર્ણન, એ કઈ રેખા?
એક જ નજરે વાંચી લઉં જે હોય લખેલું,
એમ જ વાંચી શકું બધાં મન, એ કઈ રેખા?
ઘરથી ખાલી હાથે પાછું કોઈ જાય ના,
એવું હૈયું હોય અને ધન એ કઈ રેખા?
થાય આ બધું શું ચાલે છે એ સમજી લઉં,
ને સમજું હૈયાની ધડકન, એ કઈ રેખા?

૧, સરસ્વતી સોસાયટી
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
મો. ૯૪૨૬૫૯૪૯૩૯





માટી મારો વાસ છે...!

દલપત પઢિયાર

માટી મારો વાસ છે... !
માટી મારો શ્વાસ છે... !
માટી મારું મન છે,
માટી મારું અન્નજળ છે,
માટી મારો મોહ,
અને માટી મારું મૂળ વતન છે... !
હું માટીને અડું છું
અને ખોવાઈ ગયેલા મને
હું એમાં જ પાછો જડું છું... !

ઘડ્યાં કુંભારે :
કુલડી, કોડિયાં, ગોળી-ગાગર, ઘડો;
ઘાટ પાટ આકાર પછીનો
માટી મારો ધડો;
માટી મારો થડો... !
ઘડો ફૂટી ગયા પછીનું ઘર
મેં અહીંથી જોઈ લીધું છે :
બેસી પડે, - એ બીજા !
હા, હું માટી-વગો છું;
માટી-પગો નથી... !

૯૨૩-ગુજરાત હાઉસિંગ બોર્ડ,
સેક્ટર- ૨૭, ગાંધીનગર-૩૮૨૦૨૭
મો.૯૮૯૮૦૬૦૮૫૨

જનારાં

મણિલાલ હ. પટેલ

ચાલ્યાં ગયાં હાથ છોડાવીને-
જનારાં તો ક્યારનાંય દૂરસુદૂર
આમ તો, પાસે હતાં ત્યારેય સાથે ક્યાં હતાં?
સદાય સામે રહેવાનો સ્વભાવ એમનો, તે-
અભાવો વાવીને વેરાન ઉછેર્યા...
અજવાળે કેડી બનવાનું ને
અંધારે દીવો થવાનું વચન આપેલું
પણ સૂરજ આથમ્યા ને તેલ ખૂટ્યાં...
એમને જે જોઈતું તે મળી જતું ને એમ-
એમનું મન પછી પાછું વળી જતું...
નદીએ વ્હેણ બદલ્યાં ને એમણે નેણ
વ્યથાઓ-વેદનાઓ-દર્દ અને જખમો-
એમનાં વેણ અને કડવાં વખ કહેણ!
પાકતાંય લીંબોળી મીઠી ના જ થઈ
વ્હાલની વેળાઓ પાદરેથી જ પાછી વળી ગઈ...
જનારાં તો ચાલ્યાં ગયાં હાથ છોડાવીને
આંગળી અને નખની સગાઈ કાયમી ના થઈ...

'સહજ' બંગલો
શાસ્ત્રી માર્ગ, બાકરોલ રોડ
શાંતાબા બગીચા પાસે
નાના બજાર, વલ્લભ વિદ્યાનગર
આણંદ - ૩૮૮૧૨૦
મો. ૯૪૨૬૮૬૧૭૫૭





એકાકી દેવાલય

ધીરેન્દ્ર મહેતા

મંદિરો-મહાલયોના ઘુમ્મટો ગજવતા ઘંટનાદો...
ભવ્ય શિખરો પર ફરકતી ધજાઓ...
વિરાટ મૂર્તિઓ, દીપમાલાઓ...
શંખનાદો, આરતી-ઝાલર...
કેટકેટલું નિહાળ્યું...
પણ
રહીરહીને આવતું યાદ--
ગામને પાદર એકાકી ઊભેલું
નિર્જન દેવાલય...

જીવનછાયા, હોસ્પિટલ રોડ,
ભુજ(કચ્છ)૩૭૦૦૦૧
મો. ૮૯૮૦૦૧૧૦૨૫

૨૩ના મહિમાનું ગીત

તુષાર શુક્લ



સંતાનો USમાં હોય એ ન ભૂલે કદી
કાંટા પર આંકડો તેવીસનો
માળા કરે ને વળી માંગે, વજનિયું આ
આંકડો દેખાડે એકવીસનો.

તેવીસ તેવીસની બે બૅગમાં સમાવવાનો
યાદ અને સ્વાદનો કરિશ્મા
આજ સુધી ન્હોતો સમજાયો શું હોય છે આ
તેવીસના આંકડાનો મહિમા
સાચું તોલે જો આ વજનનો કાંટો
ભોગ બની જાય માબાપની રીસનો
માળા કરે ને વળી માંગે, વજનિયું આ
આંકડો દેખાડે એકવીસનો.

દીકરાની બૅગમાં છે મમ્મીનું હેત
અને દીકરીમાં ડેડીનું વ્હાલ
આમ તો મળે છે ત્યાં સઘળું પણ તોય છે આ
હેત અને વ્હાલની કમાલ
થેપલાના ડબ્બાથી ફેર શું પડે વળી
તેવીસ નહીં ને ચોવીસનો ?
માળા કરે ને વળી માંગે, વજનિયું આ
આંકડો દેખાડે એકવીસનો.

વસ્તુનું હોય છે વજન, એને તોલીએ તો
થઈ જાતી પળભરમાં જાણ
પણ હેત અને વ્હાલનું વજન કોણ કરશે
એની હૈયામાં થાય ખેંચતાણ
વજનકાંટો સીધો વાગે છે હૈયામાં
કંઠમાં રૂંધાતી એ ચીસમાં
માળા કરે ને વળી માંગે, વજનિયું આ
આંકડો દેખાડે એકવીસનો.

સાથે લઈ જાવાની બૅગ માટે નિયમમાં
તેવીસ કિલોની છે સીમા
એકમેકથી છે જેને સંતાડી રાખ્યાં એ
આંસુ સરે છે ધીમાં ધીમાં
ટહુકો બોલાવે હજી રહી રહીને
દાદીએ મોતી ભરેલા શો-પીસનો
માળા કરે ને વળી માંગે, વજનિયું આ
આંકડો દેખાડે એકવીસનો.

બૅગમાં જે આવે એથી કેટલું વધારે અહીં
રહી જાતું હોય છે વજન
પાછળ રહી જાતું તોય લાગે કે
હૈયામાં સંગાથે આવે વતન
રહી જાતી સુખડીની સોડમનો
હૈયા પર ભાર વધ્યો ભીંસનો
માળા કરે ને વળી માંગે, વજનિયું આ
આંકડો દેખાડે એકવીસનો.
વજનનો કાંટો આજ ઓછું તોલે અને
આંકડો દેખાડે એકવીસનો ?

૫૬, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯
મો. ૯૪૨૬૭૩૨૦૭૦

પરમ સનેહીનું પદ પામ્યો

નીતિન વડગામા

રામ-રટણના એ રણકારે પરમ સનેહીનું પદ પામ્યો.
રણઝણતા તંબૂરના તારે પરમ સનેહીનું પદ પામ્યો.
કૈંક જનમના પુણ્યપ્રતાપે ગમતા ગામે આવી પૂગ્યો,
પોથીના ઊઘડતાં દ્વારે પરમ સનેહીનું પદ પામ્યો.
અવર બધાયે આધારોને આથમતાં કંઈ વાર ન લાગે,
સતના સૂરજના આધારે પરમ સનેહીનું પદ પામ્યો.
ડહાપણનો દરિયો ડ્હોળ્યો પણ હાથ ન લાગ્યું ક્યાંય કશુંયે,
ભીની પાંપણના પલકારે પરમ સનેહીનું પદ પામ્યો.
કોઈ કદીયે બીજું ના ફરક્યું મારા મનના આંગણમાં,
કેવળ બસ એના જ વિચારે પરમ સનેહીનું પદ પામ્યો.
સ્થાવર-જંગમ મિલ્કતને ટેકે તો ત્યાં લગ ના પહોંચાયું,
ચપટીક શબ્દોના સથવારે પરમ સનેહીનું પદ પામ્યો.
ધૂપ બનીને મહેકે છે એ શબ્દોની સોડમ સઘળીયે,
ધખતી ધૂણીને અંગારે પરમ સનેહીનું પદ પામ્યો.

'તાંદુલ'
૨, સ્વાતિ સોસાયટી, આત્મીય કૉલેજ પાછળ,
કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫
(મો.) ૮૦૦૦૦૦૨૦૭



ગઝલ

દર્શા મનીઆર

થાકી હું ગયો વચ્ચે, અડધેથી ઉઠાવી લે,
મંજિલ! તું મને આજે રસ્તેથી ઉઠાવી લે.

આ વ્યસ્ત જગતમાંથી હળવેથી ઉઠાવી લે,
પાતાળમાં ખેંચી લે, આભેથી ઉઠાવી લે.

તે બાદ ચરણ મારાં ચાલેય ખરાં, જોજે !
આ બોજ જે મૂક્યો છે, માથેથી ઉઠાવી લે.

હા, આમ તો સરખાં છે, કાયાનાં ઉભય પડખાં,
એક ચીજ વધારાની ડાબેથી ઉઠાવી લે.

ચોમેર જે સૃષ્ટિ છે, પળવાર તો જોવા દે,
રસ્તા અને મંજિલને સામેથી ઉઠાવી લે.

મોતી નથી ગઠરીમાં, મોતી નથી મુઠ્ઠીમાં,
પાંપણ મેં સજાવી છે, આંખેથી ઉઠાવી લે.

સમજણ આ ઉછીની સૌ બસ પડદો બની ગઈ છે,
પડદો તેં ધર્યો છે તે, આડેથી ઉઠાવી લે.

હો પુષ્પ કે દીકરી હો, ખીલવામાં મુસીબત છે,
જેને એ ગમે છે, એ શાખેથી ઉઠાવી લે!

માણસની અવેજીમાં મહેમાન થશે પંખી
બસ નામની તક્તી તું ઝાંપેથી ઉઠાવી લે

૬-બી, રત્નસાગર એપાર્ટમેન્ટ,
ચાંદની ચોક પાસે,
પીપલોદ, સુરત-૩૯૫૦૦૭
મો. ૯૮૨૫૧૩૭૦૭૭

ડોસલા

(ગામડાઓમાં વૃદ્ધો માટે વપરાતો શબ્દ)

કૃષ્ણ દવે

ગામને પાદર વડલા હેઠળ ડોસલા બેસે દસ
એ'યને આખા ભવની વાતું કરતા રહેતા, ખેંચતા રહેતા, આયખાનો ઈ કસ

બગલાઓની પાંખ જેવી તો ચોરણી ઉપર કેડિયું માથે પાઘડી કાં તો ટોપી
ભરચોમાસે ટહુકી ઊઠે સીમ ઈ ટાણે ભાભલાઓનેય સાંભરી જાતી પોતપોતાની ગોપી

એ'યને વીતેલ કાળને જરાક ખોતરી એમાં ડોકિયાં કરી બોખલું હસી તાણતા રહેતા એકબીજાની નસ

ગામને પાદર વડલા હેઠળ ડોસલા બેસે દસ

ગોઠણે ટાઈટ પનિયું બાંધી ને બેસવાની ઈ જોઈને સ્ટાઈલ ઢળતા સૂરજનેય થાતું કે હાલને જરાક ઊતરી હેઠો બે'ક ઘડી તો બે'ક ઘડી પણ ભાભલાઓને મળતો આવું
વાયરાને પણ એમ થાતું કે ડાયરામાં શું થાય છે વાતું ? કાન કરીને સરવા ઘડીક હાલને હુંય સાંભળતો આવું

હોય ના છેલ્લી સાંજ ઈ રીતે ઊજવી લેતા, ખીજવી લેતા, ગટગટાવીને રોજ પી લેતા જિંદગી નામે રસ

ગામને પાદર વડલા હેઠળ ડોસલા બેસે દસ

શેરથી આવેલ પાંચ મોબાઈલ આંખ ફાડીને રહી ગ્યા જોતા એ'ય તડાકે તાળીઓ દેતા ડોસલા સાલાઓ આટલો બધો કેમનો કાઢે ટેમ ?
આપણા વગર કોઈ જીવી શકતું જ નથી એમ માનતા હોય ઈ ભલભલાના આંઈ આવીને ફટ્ ફૂટી જાય વ્હેમ

એ'ય પોતીકી મોજ મૂકીને રીલની ગુલામ થઈ જાતી ઈ પેઢીયું ને પણ સાવ મોઢામોઢ કહી દેતા કે બહુ થયું ભાઈ બસ.

ગામને પાદર વડલા હેઠળ ડોસલા બેસે દસ

એ-૨૦, આદર્શનગર,
પાવન કૉમ્પ્લેક્સ પાછળ
બોપલ-ઘુમા રોડ, ઘુમા
અમદાવાદ -૩૮૦૦૫૮
મો-૯૪૨૬૫૬૩૩૮૮



એક હવેલી ગીત

હર્ષદ ત્રિવેદી

અંદર એક હવેલી!
ધર્યો જઈને પાય ઉબરે, થઈ ગઈ નાર નવેલી!
અંદર એક હવેલી!

બધાં જાળિયાં એકસામટાં, અજવાળાને ચૂમે,
ઘાઘર, ચૂનર, ચૂડી-ચાંદલો, ઘૂમર ઘૂમર ઘૂમે;
સખી-સહેલી અચકોમચકો, પૂછે કાં રે એલી?
અંદર એક હવેલી!

છાજલીએથી ધૂળ રજોટ્યાં સપનાં ઊતર્યાં હેઠાં,
આંખોમાં જે નહીં સમાયાં, હોઠે જઈને બેઠાં;
શ્વાસ લિયે જ્યાં જરાક ઊંડે ઊઘડે આખી ડેલી!
અંદર એક હવેલી!

છતર પલંગે ચડવા, મેલ્યો બાજઠ રાતા રંગે,
અગન જીવમાં જાગી એની ફોરમ અંગે અંગે;
પરોઢ લગ માંડી ચોપાટું, સોગઠડે શું ખેલી!
અંદર એક હવેલી!

સુરતા એ/૧૧, નેમીશ્વરપાર્ક,
તપોવન સર્કલ, મેટ્રો સ્ટેશન સામે,
એસ.પી. રિંગ રોડ,
અમીયાપુર -૩૮૨૪૨૪.
મો. ૯૭૨૩૫૫૫૯૯૪





પાનખર ઉજવણી

યોગેશ જોષી

ઑન્ટારિયો
તથા અન્ય સરોવરોનું
અઢળક પાણી તો
ભર્યું ભર્યું પડ્યું છે ધરતીમાં.
મૂળિયાં વડે શોષીને
એ પાણી
કેમ પહોંચાડતાં નથી મેપલ-વૃક્ષો
એનાં પાંદડાંને ?
સુકાતાં જતાં પાનેપાનમાં
સોનેરી, રાતા, કથ્થઈ રંગો પ્રગટાવીને
આ વૃક્ષો
વ્યક્ત કરે છે શેનો ઉમળકો ?
ખરી જવાનો ?
અંતે
પાનેપાન
ખર્ ખર્ ખરખર ખરખર
ખેરવી દઈને
કેમ આ વૃક્ષો
બની ગયાં
બિહામણાં હાડપિંજર ?
હૅલોવિન ઊજવવા ?

ડી-૧૧૦૨, ફેલિસિયા- ૨,
આલોકરોડ, પ્રગતિનગર, નારણપુરા,
અમદાવાદ - ૩૮૦૦૧૩
મો. ૯૦૫૪૯૬૮૦૫૭

ગીત

રમણીક સોમેશ્વર

કોરા કાગળ ઉપર ખેતી.
એક તરફ દરિયો, બીજી પા ધખધખ થાતી રેતી,
કોરા કાગળ ઉપર ખેતી.

લઈ હલેસું દરિયો ખેડું ?
બોરડીએથી બોરાં વેડું ?
ખેતરમાં જઈ ઘાસ ઉખેડું ?
દશે દિશાને પૂછું, એકે દિશા કશું ના કહેતી,
કોરા કાગળ ઉપર ખેતી.

પૂછ્યુંગાછ્યું કામ ન આવે,
અરવ કશું સામે બોલાવે,
કાગળ પર તો કશું ન આવે,
મંદ હવાની લ્હેરખડી બસ, હળવે હળવે વહેતી,
કોરા કાગળ ઉપર ખેતી.

C/O ડૉ. દર્શના ધોળકિયા ,
ન્યૂ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે,
ભુજ - કચ્છ ૩૭૦૦૦૧
મો. ૯૪૨૯૩૪૨૧૦૦





ચિનગારી કોઈ...

મુસાફિર પાલનપુરી

જો થઈ ગયું છે પાપ તો પસ્તાવતાં તો શીખ!
એની કૃપાના દ્વારને ખોલાવતાં તો શીખ!
મળશે બધા ઉકેલ આ વેદીએ પ્રેમની-
સૌ સાનભાન ભૂલી અહીં આવતાં તો શીખ!
ખાલી ગયું છે કોણ આ દાતાર-દ્વારથી?
પહેલા જરીક હાથને લંબાવતાં તો શીખ!
એની મજા જ ઓર છે! એનો નશો જ ઓર-
ખાલી ભલે હો પ્યાલીઓ, ટકરાવતાં તો શીખ!
વળતો પ્રહાર કર નહીં એના પ્રહાર પર-
કંઈ એમ પણ હરીફને હંફાવતાં તો શીખ!
કરશે ઝૂકીને તુજને મિનારા સ્વયં સલામ,
પાયામાં તારી જાતને ધરબાવતાં તો શીખ!
ગઝલો તો આપોઆપ મુસાફિર પધારશે,
ચિનગારી કોઈ અંતરે પ્રગટાવતાં તો શીખ!

જૂના ડાયરા, સલેમપુરા,
પાસે, પાલનપુર
જિ. બનાસકાંઠા - ૩૮૫૦૦૧
મો. ૮૮૬૬૨૩૬૪૨૧

તેંડુલકર

બકુલેશ દેસાઈ

યાદ રાખો તો પીડા : નિયમ અફર,
મોજથી જીવી શકો સ્મરણો વગર.
ઘા નીંગળતો એટલે સગપણનું ઘર,
એ ખરજવું જાણવું..કાંડા ઉપર.
કોઈ સન્માને તો હું ધ્રૂજી ઊઠું!
માફ કરજો..હું નથી એવો નીડર.
જન્મ-દિવસ ક્યાં સુધી ઊજવાય, કો'?
શ્વાસની લાંબી..બહુ લાંબી સફર...
લોક મુજને ઓળખે જુદી રીતે :
'થઈ શક્યો નહિ તે જ આ તેંડુલકર'!
શ્વાસ, સપનાં ને ગઝલ મુજ ક્ષણજીવી,
મારે પણ ભઈ ક્યાં થવું અજરા-અમર!
સ્વપ્નમાં મેં સાચવ્યું બસ, ખંતથી...
કોણ જાણે કેવું હો તારું નગર?

સી/૫૦૧,દયાળજી પાર્ક,
પટેલવાડી પાસે, પેટ્રોલ પંપ પાસે,
હનીપાર્ક, અયોધ્યાનગરી સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો. ૭૪૩૩૦૫૩૯૮૦



આવૃત્તિમાં

લલિત ત્રિવેદી

પુનઃ આવૃત્તિમાં
પુનઃ એ વૃત્તિમાં

મતિ જાગૃતિમાં
રતિ આરતીમાં

મૂરત ઝંકૃતિમાં
ભગત સંગતિમાં

મતિભર ક્ષતિઓ
રતિમય ગતિમાં

તું થાપો, સતીમા
તું કંકુ, કૃતિમાં

શબદ રિદ્ધિસિદ્ધિ
શરણ ગણપતિમાં

દશાનન, ધરો શિર
હનુમાન જતિમાં

મા, તારા પ્રતાપે
કલમ પ્રાપતિમાં

ફરક શું ભગતને
પ્રતિમા, પ્રતિમાં

હું તો, બસ વતરણું
દિયો સદ્ગતિ, મા!

સગડ કેમ જડશે
નજરની બત્તીમાં?

ગુફામય ઉજાસો
છે ગુમ ઉત્પત્તિમાં

ગઝલ એકે એકવીસ
મળો શુભવતીમાં

પછી તો શું ભંગુર
જીવું સરસવતીમાં

લલિત, હો ગઝલ તું
તું હો શાશ્વતીમાં.

શિવકૃપા ૧, વૈશાલીનગર,
અંડરબ્રિજ પાસે,
રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
મો. ૯૮૭૯૭૫૦૪૫૦

એ વાત હવે કોને કહીએ..?

સંજુ વાળા

વેણની સુક્કી તળાવડીના કાંઠે
ભમ્મરયાળ પડતી કાંઈ જુદેરી ભાત
એ વાત હવે કોને કહીએ ?
સામટા હોવાની આરપાર ઝાંખી
છતાંય કયાંય જડતી ના પોતાની જાત
એ વાત હવે કોને કહીએ ?

વીણ્યા વીણ્યા રે ઝબૂકિયા ને ધોળે દી પેટાવ્યા દીવા ચોમેર
શોધી નિશાની ને શોધ્યા સગડ પણ મળ્યા નહિ ખતખબર, ખેર
પોપચે ઘેરાયેલ રાત હજી જાગે
જાળિયેથી ડોકાં કાઢે રે પરભાત
એ વાત હવે કોને કહીએ ?
છાતી પર આવીને બેસે પડકાર, પણ
માંહ્યલામાં સ્હેજે ના ભાળી તાકાત !
એ વાત હવે કોને કહીએ ?

ત્રમઝટ ઝીંકાય તો ઝીલી લેવાય આ તો ખાબક્યા વિનાનો ખાલી ડોળ
કોરાપણાના ખેદ ખતવી દઈ ખાતામાં વેઠવાની જાલિમ ઝકઝોળ
લાજ્યું લજામણીનું પાન કહે કોઈ
કોઈ કહે જાતે જ થઈ રહેવું રળિયાત !
એ વાત હવે કોને કહીએ ?
જાણે વલોવાવું કોને કહેવાય એ જ
જાણે કે પિંડે શું હોય પારિજાત !
એ વાત હવે કોને કહીએ ?

એ - ૭૭, આલાપ એવન્યુ
યુનિવર્સિટી રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
મો. ૯૮૨૫૫૨૭૮૧

ચિત્રોક્તિ

દિલીપ જોશી

પાગલ પતંગિયાઓ ખોબે ભર્યા કે એ તો મહેકે છે મોંઘેરાં ફૂલડે- ફૂલડે,
એક્ની એક સાંજ હો ને એક્નો એક બાંકડો હો
તોયે મજા છે, મજા લેતાં જો આવડે!....
ઘર હો કે રસ્તો કે નદીયું, સમંદર કે હોય પ્હાડ, વૃક્ષો કે ઝરણાં, ગગન,
સરખી લાગે છે બધી જીવન-ઘટમાળ એમાં સ્વપ્નો મઢો તો મળે મોતીનાં વન!
સૃષ્ટિનું સાચકલું તેજ જેણે ઝીલ્યું હો
ચૌદે બ્રહ્માંડ એના પગમાં પડે!.....
ટહુકે ટહુકામાં હો વેદની ઋચાઓ ને વાયરામાં વાંસળીના છલકાતા સૂર!
અડસઠ તીરથની રે જાતરા કરાવે છે ઝાલરનો રવ કેવો દૂર દૂર દૂર!
ચહેરા પર ખિલખિલતી રંગોળી ચીતરીને
આખુંયે પનઘટ જ્યાં હેલે ચડે!

૨, સૌ.યુનિ.કર્મચારી સોસાયટી, 'દિનકર',
ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી પાછળ,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫,
મો. ૯૪૨૮૨૦૦૨૦૨



પ્રેમમાં ના હોય કૈં એવી શરત

અઝીઝ ટંકારવી

રામ ના આવે હવે જલદી પરત,
એટલે મૂકે છે પાદુકા ભરત.

હાથતાળી છો તને દીધી ભલા,
ભાગ્યનું એવું જ છે જાગે તરત.

તું જ કેવળ તું રહે પોંખાયલો,
કેમ તું રાખી રહ્યો એવી મમત!

સ્હેજ સરખું તું હસે તો હું હસું,
પ્રેમમાં ના હોય કૈં એવી શરત.

તાપણું ખુદનું જતાં તું થરથરે,
કોઈ બીજાના દરદની પાડ લત.

શેખ, મીરાંના મદરસે લૈ દરસ,
થઈ શકે તો તારી અંદર થા તું રત.

આંબાવાડી બસસ્ટેન્ડ પાસે,
ગ્રીન પાર્ક, પાલેજ રોડ
ટંકારિયા, તા. જિ. ભરૂચ ૩૯૨૨૪૦
મો. ૯૯૯૮૧૮૬૨૨૫





સમયની ધૂળ લાગી છે

ઉર્વીશ વસાવડા

ન ઝાંખપનું બીજું કારણ, સમયની ધૂળ લાગી છે.
સંબંધો હોય કે દર્પણ, સમયની ધૂળ લાગી છે.

ઘણાં વરસો પછી જ્યારે હું મારા ગામમાં આવ્યો,
પડી ત્યારે તરત સમજણ, સમયની ધૂળ લાગી છે.

હતું ફળિયું તો એનું એ, અનુભૂતિ થઈ જુદી
પડી પગને ઘણી અડચણ, સમયની ધૂળ લાગી છે.

ઘણાં દૃશ્યોયે બદલાશે, ઘણા અર્થોયે બદલાશે,
નથી એનું કશું મારણ, સમયની ધૂળ લાગી છે.

હવે ચળકાટ એનો એ ફરી પાછો નહીં આવે,
ગમે તેવું ઘસો વાસણ, સમયની ધૂળ લાગી છે.

ઘણું શોધ્યા છતાં પગલી જડી ના કોઈ કેડી પર,
પછી કાઢ્યું અમે તારણ, સમયની ધૂળ લાગી છે.

૧૦૮, રાયજીનગર, પાંચમી શેરી
મોતીબાગ પાસે, જૂનાગઢ, ૩૬૨૦૦૧
મો. ૯૮૨૪૨૯૫૨૫૯



નથી તો નથી

ડો. એસ. એસ. રાહી

નથી ક્યાંય ઝરમર નથી તો નથી,
મને એ મયસ્સર નથી તો નથી.

ફક્ત કાંકરાની પ્રવર્તે છે આણ,
ભરેલું સરોવર નથી તો નથી.

હવે તીર-તલવાર હેઠાં મૂકો,
અહીં ઘાટ ખૈબર નથી તો નથી.

ખબર છે કે મ્હેકે છે તું માત્ર તું,
બગીચામાં અત્તર નથી તો નથી.

બધો પ્રેમ-ધિક્કાર આપ્યો તને,
કશું મારી ભીતર નથી તો નથી.

અળસિયાની માફક જીવું છું હજી,
સ્થિતિ એથી બદતર નથી તો નથી.

અમસ્તું જ માથું કપાવ્યું છે મેં,
શહીદી બરાબર નથી તો નથી.

મૌલાઈ કાઝીખાન સોસાયટી,
પ્લૉટ નં. ૩૮, દૂધની ડેરી સામે,
મોરબી રોડ, હળવદ - ૩૬૩૩૩૦
મો. ૯૩૭૩૧૩૭૯૫૨

જુબાની

કિશોર જિકાદરા

ઘણું મન થાય છે લખવા હજી લાંબી કહાની,
અને છે હાથમાં બસ સાવ ટાંચી જિંદગાની.

હવે તો કંપવા વ્યાપી ગયો છે ટેરવાં લગ,
અસર થઈને રહે છે આખરે તો બદદુઆની.

નથી બનતું કલમને કાગળો સાથે હવે ઝાઝું,
અને રુશનાઈથી આવી રહી છે બૂ દગાની.

કદી બે વેંત અધ્ધર ચાલતી'તી એ છટાથી,
નથી ભૂલ્યો હજી હું લેખિનીની ભરયુવાની.

નમ્યા ન્હોતા કમરથી અક્ષરો ખ્હેલાં કદીયે,
કલમ બુઢ્ઢી થયાની છે કદાચિત્ આ નિશાની.

નથી પામી શક્યા વાચક ગઝલના મર્મને,
ન મારા ભાવકોએ લાગણી મારી પિછાની.

નહીં તો હુંય બાઈજ્જત બરી થૈ જાત ત્યારે,
નથી તરફેણમાં ઓ દોસ્ત ! તેં દીધી જુબાની.

૧૪૨, સર્વોદયનગર,
સેક્ટર : ૩૦,
ગાંધીનગર -૩૮૨૦૨૧
મો : ૯૮૭૯૪૭૫૧૩૦



ગીત

અનિલ ચાવડા

જરાકે ખાંડ જૂની યાદની દેખાય ફળિયામાં,
તરત કીડીની માફક વસવસા ઊભરાય ફળિયામાં.

એ મારા ઘર ઉપર કબજાનો કાગળ લઈને આવ્યો છે,
ઘડીભર બાંધવા દીધી'તી જેને ગાય ફળિયામાં.

ખબર શું દ્વારને કે ઓરડામાં લાશ લટકે છે,
હરખથી માંડવો જે નામનો બંધાય ફળિયામાં.

નિહાળે છે ગલી આખીય એને અણગમા સાથે,
અગર જો આબરૂનાં માછલાં ધોવાય ફળિયામાં.

બિચારી પાંપણોએ ખૂબ રાખી છે તકેદારી,
ભૂલેચૂકેય ના આંખોથી કંઈ ઢોળાય ફળિયામાં.

ખબર છે ઘરને કે ક્યાં ક્યાં શું શું તૂટી ગયેલું છે,
અજાણ્યાને બધું સમથળ ભલે દેખાય ફળિયામાં.

ઊડે છે ઘરમાં તો રણ જેવી સૂકી રેતની ડમરી,
ને મુશળધાર ચોમાસાં સતત ઠલવાય ફળિયામાં.

સી-૩૦૩, અર્જુન વિલા,
કૃષ્ણા બંગલોઝ પાછળ,
આનંદ પાર્ટીપ્લૉટ નજીક,
જી.એસ.ટી. કૉસિંગ, ન્યૂ રાણીપ
અમદાવાદ-૩૮૨૪૮૦
મો. ૯૮૨૫૬૦૪૬૧૩

ગઝલ

ભાવેશ ભટ્ટ

નથી સબૂતની કોઈ મને જરૂર હજી,
સજા કરી છે એ માને છે બેકસૂર હજી.

ફરી ફરીને ફરી એટલે જ વાંચું છું,
બિચારા પત્રની મટતી નથી વલૂર હજી.

બધાને એમ થયું, નૂર છે આ ચહેરાનું,
ખસી જરાક ગયો હું, ને ત્યાં છે નૂર હજી !

તમારો પ્રેમ તમારી નજીક તો લાવ્યો !
તમારી મરજીથી રાખે છે દૂર દૂર હજી.

ગુણો અનાજની ગોદામમાં મૂકી તો ખરી !
તો કેમ બ્હાર નીકળતો નથી મજૂર હજી !

અજીબ સામ્ય રહ્યું મારું દેશની સાથે,
પરત ફર્યો નથી બેઉનો કોહિનૂર હજી !

હું પુલ ઉપરથી કૂદી જઈશ એમ સમજે છે,
મને નિહાળી નદી થાય ગાંડીતૂર હજી.

એચ-૫૦૩ સ્વામિનારાયણ કેસલ-૧
અર્જુન-આશ્રમની પાછળ,
ગ્રીન સીટી રોડ, નિર્ણયનગર,
અમદાવાદ-૩૮૨૪૮૧
મો. ૯૮૨૫૧૫૦૨૪૪

અવળચંડા મનનું ગીત

ડો. અશોક ચાવડા 'બેદિલ'

હે મનવા! શાને આટલી દોડ?
અંતે એક વિસામે જઈશું ન કશા કામની હોડ.
લોહી ભીતર તરતી રહેતી કામ-ક્રોધની હોડી,
શ્વાસ સ્થિર કરીને એને એક વાર જો છોડી.
પછી કહેજે તારી અંદર કેવો ખીલતો છોડ,
હે મનવા! શાને આટલી દોડ?
બહારની દુનિયાદારી પોકળ, અટકળ બાહરી હોવું,
ભીતરનું અજવાળું જોવા ભીતર ઊતરી જોવું.
તું જ સ્વયં જોડાશે, પહેલા અસ્તવ્યસ્તને જોડ,
હે મનવા! શાને આટલી દોડ?
મનની માયા મનથી જાણો તોય રહે અણજાણ,
મનની આગળ મનની પાછળ અજબગજબ ખેંચાણ.
મન મારવા મરી જવાથી પણ નહીં નીકળે તોડ,
હે મનવા! શાને આટલી દોડ?

'પીતાંબર નિવાસ'
૧૦, સૂર્યનગર સોસાયટી,
આશ્રય હોટલ સામે, ગાંધીઆશ્રમ,
અમદાવાદ-૩૮૦૦૨૭
મો. ૯૪૨૬૬૮૦૬૩૩





ઝરણાં રે

હરદ્વાર ગોસ્વામી

કોના પગલે પર્વત પરથી ઝરે સુગંધી ઝરણાં રે !
સાત સમંદર તરી જવાના કારણમાં છે તરણાં રે !

મેંય મને પીધો પરબારો ત્યારે સઘળી પ્યાસ બૂઝી,
કોરેકોરાં લાગે તારાં વરસાદી પાથરણાં રે !

દોથેદોથા સૂરજ ઊગે, તારાં ગમતાં કિરણો લઈ,
વાવી દેજો ગુલાબ વચ્ચે બે ચપટી ચાંદરણાં રે !

દોસ્ત ગઝલનો ભેટો થાશે એ જ ક્ષણોની મસ્તીમાં,
બે ટીપાં માટે પણ જ્યારે માંગો નભનાં ગરણાં રે !


દુશ્મનના બાળકની આંખે મેંય કવિતા વાંચી છે,
તારાં આંસુ તેં લૂછ્યાંનાં તને કદી સાંભરણાં રે !

દંતકથાની દૂંટીમાંથી સોનપરીનું મરડાવું,
છાતી ઠેકી ભાગી જાતાં ત્રણસો પાંસઠ હરણાં રે !

૪૨૧, ડ્રીમ સક્વેઅર,
નિર્ણયનગર ગરનાળા,
અખબારનગર પાસે,
અમદાવાદ-૩૮૦૦૧૩
મો. ૯૮૭૯૨૪૮૪૮૪


૩૯૩
રઘુવંશમ્
ડો. અશોક પટેલ
મો. ૭૫૭૪૮૮૩૦૦૦

પ્રમુખ પરમાર
મો. ૯૮૨૪૩૦૫૯૫૫



ખળખળ જળ
હેમાલી શાહ
મો. ૯૬૬૨૮૩૬૩૪૨

વાહ... વાહ...
મનીષ ચૌહાણ
મો.૯૮૨૪૦૮૯૯૮૦

સમજાય ના

મનીષ પરમાર

જિંદગીભર આંસુ પૂરું થાય ના,
વારતા મારી મને સમજાય ના.

આ દીવાલોમાં રહીને શું કરું ?
મૌન છે તો મૌન પણ પડઘાય ના.

પાણીમાં બાકોરું પાડું શી રીતે?
એમ પથ્થરવત્ હવા પણ જાય ના.

પથ્થરોએ સાચવી લીધું હતું-
કાચ જેવો કાચ પણ અથડાય ના.

સાવ કોરા બે જણાંના શ્વાસ છે.
ધોધમાર વરસાદમાં ભીંજાય ના

મુ. વાવડી (ગઢ) પો. ધરોઈ કૉલોની
જિ. મહેસાણા - ૩૮૪૩૬૦
મો. ૯૭૧૨૫૬૪૨૯૪





શરબતિયાં

સ્નેહી પરમાર

એના ઘરનાં પગથિયાં,
જાણે સૂતાં પતંગિયાં!

પડખેના ગુલમહોર રસિક,
લયમાં લેતાં લથડિયાં!

ફૂલોએ તો પૂછ્યું , હેં -
તમને કોણે સરજિયાં ?

છણકો કરી સામે બેઠાં,
'લ્યો તળાવના તરસિયા !'

ડાળી જાતે તૂટી ગઈ,
એ વીણે છે કરગઠિયાં!

મળ્યાં તો તાણી ગ્યાં સાથે,
ગાજ્યાં એવાં વરસિયાં!

'સ્નેહી', કેમ છો બોલ્યા ત્યાં-
ખારાં થ્યાં'તાં શરબતિયાં!

'હરિનામ', ગોકુલધામ-૨
બગસરા, જિ. અમરેલી ૩૬૫૪૪૦
મો. ૯૪૨૭૨૮૩૩૮૧

મીંઢળબંધા

પ્રશાંત કેદાર જાદવ

ઘોર અડાબીડ નિર્જન વનમાં
જોવાં પાળિયો, દેરી,
નીસર્યો મળવા માથે ઓઢી
રાત કાજળ ઘેરી.
વાળી પલાંઠી બેઠો ત્યાં તો બેઉ બેઠાં થયાં,
આંખો વાંચી, બોલ્યાં કેટલાં વ્હાણાં વીતી ગયાં.
કાળી માઝમરાતે ભરાણી
જાણે ગેબી કચેરી,
નીસર્યો મળવા...
માંડવો છોડી, મીંઢળબંધાં કોકની વ્હારે ચડ્યાં,
હાથમાં માથું મૂકી માથાં કાપ્યાં, લડ્યાં-પડ્યાં.
બ્હારના હોત તો જીતી જાત
(આ તો) ઘરનાં થ્યાં'તાં વેરી
નીસર્યો મળવા...
પહેલાં માર્યા, પછી એ બધ્ધાં, સિંદૂર-ચૂંદડી ચડાવે,
સદીઓ જૂનો, હાચ્ચો મરદતું, અમારાં ઘર ચણાવે.
અલોપ થ્યાં, અરે! જોતો રહી ગ્યો
ખમ્મા ઝાઝેરી
નીસર્યો મળવા માથે ઓઢી...

બી-૪૦૨, મણીભદ્ર એપાર્ટમેન્ટ,
સોમેશ્વરા પાર્ક-૩ પાસે, ગુલાબ ટાવર રોડ
થલતેજ, અમદાવાદ-૫૪
મો. ૯૮૨૫૪૦૯૦૨૭





ગઝલ

રમેશ ઠક્કર

છે નર્યું વેરાન આખા ભીતરે,
કોણ મારામાં છતાં પણ વિસ્તરે !

શુષ્ક તરણાની કરી પીંછી, અને-
એક પંખી રોજ માળો ચીતરે !

ખળભળે ક્યારેક આખી જાત આ,
ને પછી, એકાંતની પળ નીખરે!

જોતજોતામાં થયો બેહાલ તું,
વીંટળાયું સત્ય, જાણે ચીંથરે !

અવનવી ભાતો વડે ઝળકે ગઝલ,
શ્વાસને ગૂંથ્યા કરે, જો મિસરે !

૧૦ પારિજાત હોમ્સ.
'ખ', રોડ, શાન્તમ્ પાર્ટી પ્લોટ સામે,
સરગાસણ ચોકડી, ગાંધીનગર - ૩૮૨૪૨૧
મો. ૯૮૭૯૫૨૪૬૪૩.

બોલ્યું

મનીષ પાઠક 'શ્વેત'

ચોઘડિયું કાળ બોલ્યું,
કોણ સાલ્લું ગાળ બોલ્યું?

કેટલો આપું ખજાનો?
અંતમાં પાતાળ બોલ્યું.

વૃક્ષના અંતિમ સમયે,
પંખી ડાળેડાળ બોલ્યું.

આવતાં રહેજો અહીંયાં,
રણ મહીં વંટોળ બોલ્યું.

શહેરની સંધ્યા બતાવું !
ગામનું ચગડોળ બોલ્યું.

૧૩, નરોત્તમ પાર્ક,
અગ્રવાલ ટાવરની અંદર,
ભૂયંગદેવ ચાર રસ્તા, સોલા રોડ,
અમદાવાદ-૩૮૦૦૬૧
મો : ૯૮૨૫૦૪૬૬૮૪



ગઝલ

સતીન દેસાઈ 'પરવેઝ દીક્ષિ ગુરુ'

એક અટૂલી ગાગર એમાં કોણ ભરાયું?
તાકે ઘેલો કંકર એમાં કોણ ભરાયું?

સાવ જ સૂનું પાદર એમાં કોણ ભરાયું?
રમતું આંગણ, ઉંબર એમાં કોણ ભરાયું?

અંતરમાં છે મંત્ર સરીખી પરસાદી,
મમળાવે છે અક્ષર એમાં કોણ ભરાયું?

હું તું કે છે કોઈ મારા કે તારામાં?
પ્રશ્ન ઉકેલો સાદર એમાં કોણ ભરાયું?

જીવનભર આ જડચેતનના બે પિંડોને,
ઓઢાડે છે ચાદર એમાં કોણ ભરાયું?

જેણે સૌને બાંધી ત્યાગી ખાલી કીધાં,
નામ અગર હો ઈશ્વર એમાં કોણ ભરાયું?

બ્રહ્માંડોના ચશ્માંથી પણ કેમ પમાશે?
રજભર ધરતી અંબર એમાં કોણ ભરાયું?

જીવન આખું શોધી-શોધી થાકી જાશો,
છાયાએ બાંધ્યું ઘર એમાં કોણ ભરાયું?

મુક્તિ મારગ વહી જનારા શ્વાસે-શ્વાસે,
સર્વ ત્યજીને આખર એમાં કોણ ભરાયું?

કરજો નર્તન "પરવેઝ" પછી ભક્તિ તાલે,
ખોજો પહેરી ઝાંઝર એમાં કોણ ભરાયું?

૫૦૩, અક્ષર રિવાઈવલ ફ્લેટ, માથેરાન સોસાયટી પાસે
ભગવાનનગર ટેકરો, પાલડી, અમદાવાદ. ૩૮૦૦૦૭
મો. ૯૪૨૮૯૦૭૭૭૫

સ્વપ્નો, તરંગો

કિસન સોસા

યુવાનીનાં સ્વપ્નાં, તરંગો જરાના,
હતાં મીઠડાં રૂપ કેવાં હવાનાં !

રવે ઝાલરોના અજાનોના સાદે,
ભર્યા એમ કંઈ ખાલીપાઓ ખલાના!

પરિસ્થિતિ સૂસવી રહી છે પ્રવેગી,
રહ્યા ઊઠતા લીરેલીરા ધજાના!

ન'વો સંગ ઈશ્વર, ન સાથી, ન સ્નેહી,
રહ્યા આપણે સાવ નિર્જન સદાના!

હતી જિન્દગી તો હતા સર્વ રંગો,
મુસીબત હતી ને હતા દી' મજાના!

પ્રણામી મંદિર પાસે,
આંબેડકર ઉદ્યાન સામે,
મસ્જિદની ગલીમાં, નવીચાલ,
સૈયદપુરા, સુરત - ૩૯૫૦૦૩
મો. ૮૮૬૬૩૭૨૯૩૦





ઢોલિયો ઢાળું

શિવજી રૂખડા

લ્યો, ઓસરીમાં ઢોલિયો ઢાળું!
નેવાં પર કાગડો આવીને બોલ્યો ને ઘરનાં લોકો પણ કેવાં હરખાય,
ઓરડેથી નજરુંએ દોટું મેલીને ડેલીના આગળિયે ગઈ છે અથડાય,
આજ હૈયું પણ થાય હરખાળું,
લ્યો, ઓસરીમાં ઢોલિયો ઢાળું!
આવતલના અણસારે ઊભા સૌ બારસાખે ને મનભરી ગયાં મલકાય,
ફળિયામાં રૂમઝૂમ સાવરણો ફરતો ને પાણિયારે ગાગર છલકાય,
ચૂલા પર આંધણ થાય છે હૂંફાળું,
લ્યો, ઓસરીમાં ઢોલિયો ઢાળું!
પગલાંના પગરવમાં કોણ હશે પરોણાં, કોણ ક્યારે ડેલી ખખડાવશે,
સૌના તો મનમાં ઝંખનાઓ જાગી કે કોઈ આવી આંખ્યું મલકાવશે,
આંખ્યુંમાં અટકળનું થાય છે કૂંડાળું,
લ્યો, ઓસરીમાં ઢોલિયો ઢાળું!

આંખની હૉસ્પિટલ પાસે, અમરપરા,
બગસરા, જિ. અમરેલી ૩૬૫૪૪૦
મો. ૯૪૨૬૧૨૬૬૭૮

દિવસો આવ્યા

રક્ષા શુક્લ

અંધારે ઊઘડીને છાનું મલક્યા કરતી કળીઓને જીવતે ખરવાના દિવસો આવ્યા.
સૂરજ પૂછે, 'કાં મલકી?' ને અણધાર્યા મોં સંતાડી ડૂબી મરવાના દિવસો આવ્યા.

એણે થરથર થાતી ઊભી રાંક બિચારી કળીઓને ઓચિંતા કીધું, 'નામ લખાવો'
'છે ત્રેવડ તો કંકુ છાંટી, હથેળિયુંમાં હળને જોડી ગુલમ્હોરી ગજરાઓ વાવો.
હોય નહીં મુઠ્ઠીમાં જો ચીતરેલું કોઈ ઘર-આંગણ, શું વલખાં ને શું કરવો દાવો !
તોય અનાડી મનશા એને બાળે ભડભડ, પોઠ ભરીને કોઈ લથબથ વાદળ લાવો.

કાટમાળ થોડો ને ઝાઝી ભુતાવળને ખિસ્સે લઈ ગુપચુપ સરવાના દિવસો આવ્યા.
અંધારે ઊઘડીને છાનું મલક્યા કરતી કળીઓને જીવતે ખરવાના દિવસો આવ્યા.

કાલ સુધી કહેતો'તો, 'તું ના બોલ કશુંયે, શ્વાસ મને તારા પ્રિયે, સાંભળવા દે ને !'
હવે શ્વાસનું ડગુમગુ ને દીવે ખૂટ્યું તેલ તોય કાં દૂર દૂર દેખાતો, કહે ને ?'
છાતીની ડમરીમાં ફંગોળાતા કેવા ભાનસાન, તું પાગલ થઈ લ્હેરાતો, હેં ને ?
મુઠ્ઠીમાં સૌ ભેદ-ભરમ ને ચ્હેરા પર ચ્હેરો લઈ સરકું ધીમેથી, તો ઠીક રહે ને !

સાવ પછી તો સોપો, ને કીધા ન્હોતા એ ગુનાનું ભરણું ભરવાના દિવસો આવ્યા.
અંધારે ઊઘડીને છાનું મલક્યા કરતી કળીઓને જીવતે ખરવાના દિવસો આવ્યા.

૪૨૧, ડ્રીમ સ્ક્વેર,
નિર્ણયનગર ગરનાળા,
અખબારનગર પાસે,
અમદાવાદ-૩૮૦૦૧૩
મો. ૯૯૭૯૨૪૪૮૮૪



પીળી આંખડી ખૂલી

વિવેક મનહર ટેલર

લીલા વીલા ચહેરે પહેલી પીળી આંખડી ખૂલી,
‘આવ ઉનાળા,’ કહી ગરમાળે લગરીક લીધું ઝૂલી.

ફરકી, ફરકી, ફરકી આજે પ્રથમ સેર જ્યાં ફરકી,
‘સૂર્યદેવનું પાવન પગલું,’ કહીને કોયલ મરકી;
ક્યાંક ભૂલથી તૂટી ન જાયે પીળું ફૂલ એકાદું
ખિસકોલી એ ધ્યાન રાખતી બીજી ડાળ પર સરકી;
દેવચકલી પણ બે પળ માટે ખાવું-ગાવું ભૂલી.
‘આવ ઉનાળા,’ કહી ગરમાળે લગરીક લીધું ઝૂલી.

હવે ભલે ને ગ્રીષ્મના ડિલે ફૂટતી લૂની પાંખો,
હવે ભલે ને સૂરજદાદો કાઢે કરડી આંખો;
હવે ભલે ને તપતા રસ્તા બોલે, અમને સાંખો
હવે આ પીળો વાન થશે ન મોસમ સામે ઝાંખો,
ડગલે પગલે શહેરમાં ખૂલશે પીળી શીળી મઢૂલી.
‘આવ ઉનાળા,’ કહી ગરમાળે લગરીક લીધું ઝૂલી.

આયુષ્ય મેડી-કેર હૉસ્પિટલ અને કાર્ડિયાક સેન્ટર,
૪૭, સ્વીટી સોસાયટી, ભટાર રોડ,
સુરત - ૩૯૫૦૦૧.
મો. ૯૮૨૪૧૨૫૩૫૫





ક્યાંય ગતિ ના થાતી...

ડૉ. મનોજ જોશી ‘મન’

ક્યાંય ગતિ ના થાતી...
જીવથી શિવના રસ્તે દુનિયા સદીઓથી મૂંઝાતી !
ક્યાંય ગતિ ના થાતી.

કામ પ્રેમથી ચૂમે સૌને, ક્રોધ હૃદયથી ચાંપે,
મોહ અને માયા તો બંધન, છૂટે હાથે આપે !
અહમ્-અસૂયા આલિંગે ત્યાં વાત બધી વિસરાતી !
ક્યાંય ગતિ ના થાતી.

પોથીમાંથી વાત ઉપાડી મીઠું-મરચું છાંટે,
ધરમ-કરમને તોલે પંડિત એના નોખા કાંટે !
પાપ-પુણ્યનાં વમળો વચ્ચે જાત રહે ચકરાતી.
ક્યાંય ગતિ ના થાતી.

આકળવિકળ આરંભાઈ રૂમઝૂમ પગલે ચાલે,
જનમ-જનમથી અવિરત યાત્રા કેવી ફૂલેફાલે !
મુક્તિ પાસે આવી અંતે ત્યાં જ બધી અટવાતી !
ક્યાંય ગતિ ના થાતી...
જીવથી શિવના રસ્તે દુનિયા સદીઓથી મૂંઝાતી !
ક્યાંય ગતિ ના થાતી!

૧૦૧, શાંતિ કુંજ અૅપાર્ટમેન્ટ,
૭ પટેલ કૉલોની મેઈન રોડ,
દીપભવન પાછળ,
જામનગર-૩૬૧૦૦૮
ફોન નં- ૦૨૮૮ ૨૭૫૬૨૬૧

આપણે તો શૂન્યવત્...

દીપક ત્રિવેદી

શંખ હો કે ચક્ર હો આપણે તો શૂન્યવત્,
રેખ હો કે વક્ર હો આપણે તો શૂન્યવત્.

છળકપટના માર્ગમાં છદ્મવેશો અવનવા,
છદ્મ હો કે પદ્મ હો આપણે તો શૂન્યવત્.

એ કહે હું છું બધે પણ નથી કોઈ જગા,
અત્ર કે સર્વત્ર હો આપણે તો શૂન્યવત્.

ડાળ, થડ, જળ, જંગલો, પર્ણ મર્મર ઉદ્ગમે,
પુષ્પ હો કે પત્ર હો, આપણે તો શૂન્યવત્.

એ જ બોલું જે લખું સત્યની એ બાંધણી
તત્ર કે અન્યત્ર હો, આપણે તો શૂન્યવત્.

૧-નંદનવન પાર્ક,
૯ - સદ્ગુરુ બંગલો, ગોલ્ડન માર્કેટ પાછળ,
સાધુ વાસવાણી રોડ,, રાજકોટ - ૩૬૦૦૦૫,
મો. ૯૭૨૭૭૭૪૭૪૨



પ્રતીક્ષા

પ્રજ્ઞા પટેલ

આભના તે ગાભમાંથી વરસે તે વાદળી
વરસે છે હેતભરી હેલી,
ગામને પાદર આંખો ખોડીને, તરસ તેડીને
એમનેમ ઊભી છે એક ઘેલી...

રોજરોજ ખેતરમાં જાવું ને ઢેફાં પંપાળવાં
પૂછે તો ગાયને એ કાંય નથ કે'તી,
હજુ લટકે રે લીલાં તોરણ ઉજાગરાને પ્હેરી
મુંને તાક્યા કરે છે સૂની મેડી...

હાથ ઝાલી લાવ્યા'તા પરણ્યોજી પ્રેમથી
સંગમાં સુંવાળી મોજ ખેલી
આંખના ઈશારે બસ, આવજો જ કીધું
પણ ના લઈ ગ્યા મુંને ભેળી...

આ જીવતર બહુ આકરું, જોઈને વાટ ગઈ હારી
દિલાસા દઈ દઈને થાકી ગઈ છે ડેલી,
શ્રાવણનાં સરવડાં આવશે, ભેળા મેળાયે લાવશે
બહુ થ્યું હવે આવોને વીનવે છે ઘેલી...!
પરણ્યાજી, તમે ઝટ આવો ને હડી મેલી...!

આત્મન્, પ્લૉટ નં. ૧૬૮૭/૧,
સેક્ટર-૨ ડી,
ગાંધીનગર ૩૮૨૦૦૭
મો. ૯૮૨૫૪૩૮૩૯૪

કારણ વિના

ડૉ. પ્રદીપ આઝાદ "ઇશ્ક"

શોધ્યા કર્યો છે એક ચ્હેરો આભમાં કારણ વિના,
પાછો જડ્યો છે આયનાના બિંબમાં કારણ વિના.

ચાલ્યા કર્યો છે રાહ છેલ્લી પળ સુધી કારણ વિના,
પકડ્યા કર્યો છે હાથ પાછો હાથમાં કારણ વિના.

ફૂલ વસંતે ખીલતાં હરઋતુ મહીં કારણ વિના,
વરસ્યા કર્યો છે મેહુલો નિજ આંખમાં કારણ વિના.

શોધ્યા કર્યું છે નામને યુગથી બધે કારણ વિના,
વરસ્યા કર્યો છે સૂર પાવા કાનમાં કારણ વિના.

શોધ્યા કર્યાં છે સંબંધનાં બંધન બધાં કારણ વિના,
હરપળ બની ટહુક્યા કરે છે યાદમાં કારણ વિના.

દોડ્યા કર્યું છે જિંદગીભર લઈને જન્મ કારણ વિના,
દોડ્યા કર્યું અહર્નિશ નૂતન પલકમાં કારણ વિના.

પ્લૉટ નં. ૧૨૪૮/૧,
સેક્ટર-૭/ડી, ગાંધીનગર-૩૮૨૦૦૭
મો. ૯૮૨૪૦૦૩૧૪૦



ગઝલ

તેજસ દવે

પ્રેમ કર્યાની જફા નવી છે,
શરૂ થનારી બલા નવી છે.

બુઝાયો નૈ હજુય દીવો !
શિખાઉ છે ? શું હવા નવી છે ?

ઘર શણગારી, તેં ઘર છોડ્યું,
મને મળેલી સજા નવી છે.

ગરદન ઝૂકે ક્યાંક હજુયે
આ ખુમારી જરા નવી છે.

ઝાકળ ના છોડી જા ડાઘા,
ફૂલો પરની ત્વચા નવી છે.

આંખો બદલે ગાલે લાગ્યું ,
કાજળ માટે જગા નવી છે.

ઢાળ ઊતરતી જલ્દી જલ્દી
મારી સોનલ ૨.પા.નવી છે.

બંગ્લો નં-૧૩, મેઘના રો-હાઉસ,
મલ્ટિ સ્પેશ્યાલિટી હૉસ્પિટલ સામે,
ભવ્ય પાર્ક ફ્લેટની પાસે, બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૮
મો. ૯૯૦૪૩૮૪૭૬૯

ગઝલ

ભાવિન ગોપાણી



સમય સાથે ધીરે ધીરે થશે ઝાંખો, જતો રહેશે,
હતો આ ભ્રમ, હૃદય પરથી કદી ડાઘો જતો રહેશે.

હશે જે આંખ સામે આખરે એ રહી જશે સામે જ,
અચાનક પગ તળેથી એક દી રસ્તો જતો રહેશે.

હતી પહેલા ટકોરે બારણું નહીં ખોલવાની ટેવ,
મને ન્હોતી ખબર મોકો તરત પાછો જતો રહેશે.

ખરા-ખોટાની માથાકૂટમાં પડવું જ શા માટે ?
કોઈ લંબાવશે જો હાથ તો સિક્કો જતો રહેશે.

કદી વાદળ બની ભૂલા પડો આકાશમાં મારા,
ભલે વરસો નહીં તો ચાલશે, તડકો જતો રહેશે.

ઝઘડવું છે પરંતુ ફોન પર, ના રૂબરૂમાં નહીં,
હું એની આંખમાં જોઈશ અને ગુસ્સો જતો રહેશે.

જે સૌને ડૂબતો દેખાય છે, આભાસ છે એ તો,
ખરેખર સૂર્ય જ્યારે ડૂબશે, દરિયો જતો રહેશે.



તમે ઘર ભાંગવાની ટેવને જો છોડશો નહીં તો,
તમારા આંગણેથી પંખીનો માળો જતો રહેશે.

નથી રંગાવતો ભીંતો ફક્ત હું આ જ કારણથી,
બન્યો છે પોપડા ખરવાથી એ ચ્હેરો જતો રહેશે.

ભરોસો આમ તો વી.આઈ.પી. મહેમાન જેવો છે,
એ કાયમ આવશે મોડો અને વ્હેલો જતો રહેશે.

એ મારો મિત્ર વર્તે છે હવે સારા સમયની જેમ,
એ મારા ઘર તરફ વળશે નહીં, સીધો જતો રહેશે.

સમયસર આંસુ આવે આંખમાં એ પણ જરૂરી છે,
હશે ખાલી જો આંખો, આંખમાં કચરો જતો રહેશે.

નથી લાવી શકાયો બ્હાર તો અફસોસ શું કરવો ?
વધારે પાકશે એ શબ્દ જે ઊંડો જતો રહેશે.

૨૦, મહાવીર કૃપા, ગંગાધર સોસાયટી
સરદાર પટેલ હાઈસ્કૂલની સામે,
મણિનગર, અમદાવાદ- ૩૮૦૦૦૮
મો. ૯૮૨૫૬૯૮૬૨૮

હું માર્ગ શોધું

દર્શક આચાર્ય

તારા ચરણને ચહેરો ધારી હું માર્ગ શોધું,
ખુદને પછી અરીસો ધારી હું માર્ગ શોધું.

મિત્રોની સંગ પાછી વાતો પરીની કરવા,
મારા નગરનો કિલ્લો ધારી હું માર્ગ શોધું.

પંખીની જેમ સાંજે પાછા ફરી જવાને,
તારી ફળીનાં વૃક્ષો ધારી હું માર્ગ શોધું.

બેસીને સાથ તારી વહેતી પળોને જોવા,
વહેતા ઝરણને પહાડો ધારી હું માર્ગ શોધું.

ચરણોને આજ તારા આંસુથી ધોવા કાજે,
વ્હેતી નદીનો કાંઠો ધારી હું માર્ગ શોધું.

૧૦, કવિતા, અંકુર સોસાયટી,
નવા જંકશન રોડ,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧
મો: ૭૬૦૦૩૬૫૨૧૦



એમ જ ખરતાં પાન

રમણ વાઘેલા

એમ જ ખરતાં પાન.
આમ ઘડીક એ ધ્યાન ધરે, ઘડીમાં ગણગણતાં એ ગાન,
એમ જ મર્મરતાં પાન.

અજવાળું હો કે અંધારું આસપાસમાં ઝૂમે,
કદી વળી વંટોળ વાય તો સંગ ધૂળમાં રુમે.
ખરા બપોરે સૂરજ સામે તડકા વચ તગતગે,
એમ જ હરફરતાં પાન,
એમ જ ખરતાં પાન.

દેહ પર લીસી રેખાઓનું સહેજે નહીં ગુમાન,
કોમળ અંગુલિ સ્પર્શે ત્યારે ઊઘડે લીલપનું ભાન,
ટોચથી ભીતર વહેતાં વહેતાં દાંડી ઝીલે સન્માન.
એમ જ સળવળતાં પાન,
એમ જ ઠરતાં પાન.

આજ-કાલ ને કાલ-આજથી પૃથ્વી હરફર ફરે,
વનવાસીના કૂબે કૂબે, સરિતાજળ ખળખળ થૈ કલકલે.
પાંદડા ઉપર કીડીબાઈની કાયા જાણે હો નાવની સો ગજ શાન
એમ જ ઝળહળતાં પાન,
એમ જ સરતાં પાન.

એમ જ ખરતાં પાન.
આમ ઘડીક એ ધ્યાન ધરે, ઘડીમાં ગણગણતાં એ ગાન
એમ જ તરવરતાં પાન,
એમ જ ખરતાં પાન.

પ્લૉટ નં. ૬૫૨/૨,
સેક્ટર-૮, સિદ્ધાર્થ પાર્ક,
ગાંધીનગર ૩૮૨૦૦૭
મો.૬૩૫૮૭ ૪૦૬૧૬

શ્વાસની સોગાત

ડો. મુકેશ જોષી

શ્વાસની સોગાત લઈ ઊભા છીએ;
વાદળું થઈ આશ લઈ ઊભા છીએ!

ના કરું, ને ક્યાંક તૂટી જાય તો?
પાતળી એ વાત લઈ ઊભા છીએ!

એક પણ કટકો સવારે ના મળે;
ભાંગતી એ રાત લઈ ઊભા છીએ.

નાસમજ કંઈ ઈશ એવો હોય ના;
એ જ તો વિશ્વાસ લઈ ઊભા છીએ.

ઈશ પાસે બેસવાયે જઈ શકું;
એટલી ઓકાત લઈ ઊભા છીએ.

એક ચમચી આ દવાથી શું વળે?
દર્દનો વસ્તાર લઈ ઊભા છીએ.

બારણે તોરણ નથી તો શું થયું?
હાથમાં તો જાન લઈ ઊભા છીએ!

ચાર જણ ભેગા મળી ઉપાડશે;
એટલો સંગાથ લઈ ઊભા છીએ.

કાફિયામાં ક્યાં સમજ ઝાઝી પડે?
સ્હેજ ચપટી પ્રાસ લઈ ઊભા છીએ.

આમ છું પથ્થર છતાં નમતાં બધાં;
ઈશનો આકાર લઈ ઊભા છીએ!

શિવસદન
પ્લૉટ નં. ૭૬૨/૨ જાગૃતિ પાર્ક સોસાયટી
સેક્ટર નં. ૩૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧
મો. ૯૯૨૫૦૦૨૪૩૫



અકળામણ

જયંતિ ઘોકાઈ

શબ્દોના સાગરને હું ખૂંદતો રહું ને
અરથોના કિનારા હજુ દૂર દૂર કાં?
શબ્દોના શણગાર સજી નીકળું હું બા'ર જ્યાં
અરથોના અસવાર જાય આમ દૂર કાં?
શબ્દોના શાયરને હું મળ્યો તો ખાસ ત્યારે
અરથોની અકળામણ મળી કૈંકવાર કાં?
શબ્દોનો સંગાથ છોડી દઉ પળવાર ત્યાં
અરથોના અરીસા અરે આમ હસે કાં ?

જવાહર રોડ, ઓખા,
જિ. દેવભૂમિ દ્વારકા - ૩૬૧૩૫૦
મો. ૮૧૨૮૭૪૩૨૯૩

ગઝલ

પ્રશાંત સોમાણી

યાદીમાં કોઈ એક જ વ્યક્તિ છે ખાસમાં,
જેની છબી વસી ગઈ છે મારા શ્વાસમાં.

બસ ચાહું છું તો ચાહું છું માની લો વાતને,
કારણ નહીં મળે કશું ઊંડી તપાસમાં.

સુગંધ એમની જુઓ આવે છે ક્યાંકથી,
આવ્યાં નથી ને એ જ કશે આસપાસમાં?

તસ્વીરમાં તમે મને ના શોધશો કદી,
તમને મળીશ ગીત-ગઝલ કેરા પ્રાસમાં.

ઈચ્છા કદી કહી ના શક્યો આપને 'પ્રશાંત',
શું આવશો તમે કદી મારા નિવાસમાં?

આઈ - ૧૩૩, અભિનંદન પૅલેસ,
શિલ્પાપાર્ક સોસાયટી,
રંગ અવધૂત સોસાયટી પાસે,
માતાવાડી, લંબે હનુમાન રોડ
સુરત - ૩૯૫૦૦૬
ફોન :- ૭૪૦૫૧૩૭૦૦૧





ગઝલ

વિપુલ માંગરોલિયા 'વેદાંત'

અંત પરથી આદરે, એવાય લોકો હોય છે;
ભીડમાં જે ના ભળે, એવાય લોકો હોય છે;

યાદમાં તો ઠીક છે કે કોઈ પણ આવી શકે,
સામે હો ને સાંભરે, એવાય લોકો હોય છે.

વાત છાની રાખવા તું કાનમાં બોલે છે, પણ-
મૌનને પણ સાંભળે, એવાય લોકો હોય છે.

કોઈ ઘરડાઘરની માને રાહ દેખાડે, અને-
માટીને પણ મા ગણે, એવાય લોકો હોય છે.

શોધવા ભટકે કિનારો કોઈ ભવસાગરમાં, પણ-
નાવ મધ્યે લાંગરે એવાય લોકો હોય છે.

૫૭, હેપી બંગલોઝ,
હેપી પૅલેસની બાજુમાં,
ત્રિકમનગર,
લંબે હનુમાન રોડ,
સુરત-૩૯૫૦૦૬
મો. ૯૮૨૫૧૩૨૬૧૦

કથા સત્યકામ જાબાલની

પ્રતાપસિંહ ડાભી 'હાકલ'

કથા કહું સત્યકામ જાબાલ
કોણ પિતા ને ગોત્ર કયું એ લખ્યું ન જેને ભાલ

જ્ઞાનપિપાસા લઈ આવી છે હરિદ્રુમને આરે
ઋષિ ગૌતમને જન્મ તણો એ ભેદ કહે વિસ્તારે
બ્રાહ્મણ સાચો એ જ નિરંતર ચલે સત્યની ચાલ
કથા કહું સત્યકામ જાબાલ

ચતુ:શતક ધેનુ લઈ નીસર્યો ગુરુનાં એક વચનમાં
સહસ્ર થાય ગણના એ રાહે વરસો વીત્યાં વનમાં
વાયુ, અગ્નિ, હંસ ને જલમર્ગે ધર્યો જ્ઞાનનો ફાલ
કથા કહું સત્યકામ જાબાલ

વાયુ વૃષભનું રૂપ ધરી કહે, સત્યકામ તું સૂણજે
સહસ્ર થઈ છે ગણના પૂરી, જ્ઞાન ઊંડે આ ધરજે
ચતુર્દિશાઓ ઈશ્વરઅંશી, બોલે કરી વહાલ
કથા કહું સત્યકામ જાબાલ

ચતુષ્ભાગ ગૂઢ જ્ઞાનનો બીજો અગ્નિ કહી સમજાવે
સમુદ્ર, પૃથ્વી, આકાશ, વાયુ સૌ ઈશ્વર અંશ કહાવે
હજુ બીજો ચતુ:ભાગ કહેશે હંસ ઊડીને હાલ
કથા કહું સત્યકામ જાબાલ

પ્રકાશમાન જે ચાર પદાર્થો ઈશ્વર સમ એ સમજો
સૂર્ય, ચંદ્ર, વીજળી, અગ્નિને અંશ ગણી ઉર ધરજો
પ્રાણ કહેશે અંતિમ ભાગે જે કંઈ બચ્યો ખયાલ
કથા કહું સત્યકામ જાબાલ

પ્રાણદેવને રૂપ પધારી જલમર્ગે કહ્યું આગળ
પ્રાણ, આંખ, મન, કાન એ સર્વે ઈશ્વરઅંશી સાંકળ
ગૂઢ જ્ઞાનનું ભાથું લઈને પરત ફરે ઋષિબાલ
કથા કહું સત્ય કામ જાબાલ

મુખ પર તેજ ચમકતું ભાળી ગૌતમ ઋષિ એ જાણે
બ્રહ્મજ્ઞાન નિશ્ચે છલકાતું એ જાબાલ પ્રમાણે
"ગુરુમુખે ફરી જ્ઞાન સૂણું" એ હઠની ધરતો ઢાલ
કથા કહું સત્યકામ જાબાલ

ગૌતમ ઋષિએ ગુરુશિષ્યની ગરિમા એમ ઉજાળી
સત્યકામને બ્રહ્મજ્ઞાન એ દીધું વિના કણ ચાળી
છાંદોગ્યના કથાસારનો માણો સૌ સૂર-તાલ
કથા કહું સત્યકામ જાબાલ

૨૬, બાલાજી વિલા પાર્ટ-૧,
ટી.પી નં ૪૪, ચાંદખેડા,
અમદાવાદ-૩૮૨૪૨૪
મો. ૭૫૭૪૯૫૦૦૮૧



ગઝલ

જિગર ઠક્કર 'ગઝલનાથ'

તું કહી દે કે હું આનું શું કરું ?
તું નથી,તો ખાલીપાનું શું કરું?

ડર ઉઘાડેછોગનો લાગે અગર,
તો જમાનાથી હું છાનું શું કરું?

આંસુને રોકી જ રાખ્યાં છે હજી,
તો હવે આંખોને બહાનું શું કરું?

લાગણી ખુદ તરફડે ઝંખ્યા પછી,
તો પ્રણયના કાયદાનું શું કરું?

અન્યની સાથે કલમ પરણે નહીં,
તો કહો હું દાયજાનું શું કરું ?

તું નથી પાસે અગર તો શું કરું ?
તું કહી દે, આયખાનું શું કરું ?

વ્હાલ સાથે તે જ આપ્યો'તો મને,
બોલ તારા વાયદાનું શું કરું ?

૩, સેવન હેવન એપાર્ટમેંટ,
સાંઈબાબા મંદિર સામે,
નારાયણનગર રોડ, પાલડી,
અમદાવાદ ૩૯૦૦૦૭
મો. ૭૫૭૪૦૦૧૦૦૮

સન્માન બીજે જાય છે

કિરણસિંહ ચૌહાણ

ધ્યાનમાં બેસો છો ત્યારે ધ્યાન બીજે જાય છે,
એ જ કારણથી બધાં વરદાન બીજે જાય છે.

સુખને જે બીજે જતાં જોઈને દુખી થઈ ગયાં,
એય રાજી થાય જો તોફાન બીજે જાય છે.

તારી વાતોથી વધુ રસપ્રદ હશે બીજાની વાત,
નહીં તો શા માટે બધાના કાન બીજે જાય છે?

લાગણીવશ ભૂલ પ્રત્યે ધ્યાન મેં દોર્યું હતું,
ત્યારથી મળતું'તું એ સન્માન બીજે જાય છે.

જેને માટે આપ્યું એની સ્થિતિ તો બદલાઈ નહિ,
એટલે શંકા પડી કે દાન બીજે જાય છે.

૧૦૦, શાંતિકુંજ સોસાયટી,
પાલનપુર જકાતનાકા, સુરત-૯
મો. ૮૧૪૧૦૩૩૩૧૦



એ પણ રજવાડું છે

મધુસૂદન પટેલ 'મધુ'

પહેલા, બીજા, ત્રીજા સુખના સરવાળાથી જન્મે અનહદ હાશ અને આ હૈયું જો હરખાય તો એ પણ રજવાડું છે, અને આપણે કશું બોલીએ નહીં છતાંયે સંતાનો બસ એક નજરમાં સઘળું સમજી જાય તો એ પણ રજવાડું છે.

કેવળ સંતો નહીં, ઘણા સંસારી કહે છે : અરે! પેટનો ખાડો સંતોષાય તો એ પણ રજવાડું છે,

દવા, દુવા ને દલીલ-દાવા જેવા શબ્દો સંભવ છે કે ભૂલા પડે પણ ફળિયેથી ફંટાય તો એ પણ રજવાડું છે.

અરે! કોઈને જોતાં વેંત જ, જનમ પૂર્વથી થાતી ધકધક ખળખળમાં પલટાય તો એ પણ રજવાડું છે,

આજ વાતને જરા લડાવી લાડ કહું તો, એફોર્ડેબલ ઉજાગરાથી આંખલડી રંગાય તો એ પણ રજવાડું છે.

કંકુ-ચોખા અને ફૂલની પાંખડિયુંના વિચાર પહેલાં, વાટ નીરખતી આંખડિયું પથરાય તો એ પણ રજવાડું છે,

આ યુગમાં પણ કાગ-ભરોસે ઉબર ઊભી, ઊંચી નજરું ફળિયું ઠેકી શેરી લગ લંબાય તો એ પણ રજવાડું છે.

ફળિયે લીલાછમ્મ ઝાડનાં મહા મહિનામાં પાન ખરે ને ચીડ ચડે કે કોણ વાળશે કચરો, એવા યુગમાં વ્હાલા!

ખિસકોલી શા કામ બાબતે કદર થાય ને રામપણાની મહોર જેવું કોઈ રાજી થાય તો એ પણ રજવાડું છે.

ઉદાસીઓના ટોળા વચ્ચે એક મિત્રની યાદ આવતાં કેવળ એનું નામ જપંતાં ઉભડક હૈયે ઊભા હોઈએ,

ને પાછળથી એ જ મિત્રનો ધબ્બો પડતાં, અડધીપડધી ગાળ નીકળે, આખી ચા ઢોળાય તો એ પણ રજવાડું છે.

ચાકરધાડું, ચકલી, ફળિયું ને રજવાડું જેવા શબ્દો ર.પા. સા'બના સિમ્પલ, સોબર છતાં સુન્દરમ્ હૃદયકુંજથી, મધુમિયાંના ફળિયે થોડું પાણી પીને નવા જગતના ચોકે રમતાં, હર દિલમાં પડઘાય તો એ પણ રજવાડું છે.

સી-૧૨૦૨, કામેશ્વર ઈલાઈટ-૧૪૦,
પ્રેમચંદનગર પાસે,
જજીસ બંગલા રોડ, બોડકદેવ,
અમદાવાદ - ૩૮૦૦૧૫
મો. ૯૨૨૭૫૧૦૮૭૨

તાન્કા....

ઉમેશ જોષી

ભરબપોરે
ઊંટ વિસામો ખાય
વૃક્ષના છાંયે,
રણ ગયો છે ભૂલી
નગરમાં આવતાં.

સાંજ સમૂળી
પાંખમાં ભરી ઊડ્યાં
ટોળાં પંખીનાં,
હતું ખુલ્લું પિંજર
રઢિયાળી રાતનું.

જીવન જેવો
નથી મળતો અર્થ
શબ્દો પાસેથી,
થીજી ગયું ટેરવે
રેશમિયું કવન.

ઝગમગતું
રજવાડું હોય છે
સૌના મનમાં,
છતાં ધીંગાણું ઝંખે
ટીંગાતી તલવાર

૫ બ્રહ્મેશ્વરનગર, બ્રાહ્મણ સોસાયટી
અમરેલી - ૩૬૫૬૦૧
મો. ૯૮૭૯૫૬૬૫૯૦

હું શું કહું!

ડો. પ્રણવ ઠાકર - 'પાગલ'



ખાલીપણાનો ભાર છે, હું શું કહું?
મારી કથાનો સાર છે, હું શું કહું?
હું સાવ તૂટી જાત એ ના હોત જો,
એનું સ્મરણ આધાર છે, હું શું કહું?
બસ પ્રેમ કરવો પણ, ન એને ઝંખવો,
બાકી બધો વ્યવહાર છે, હું શું કહું?
એ દૂરથી પણ સાદ કરતી સ્નેહથી,
પાયલ થકી ઝણકાર છે, હું શું કહું?
હા, સ્હેજ આઘેથી બધું જોયા કરો,
આ વ્યર્થ જે સંસાર છે, હું શું કહું?
ખાલીપણાને ધ્યાનથી સમજ્યો 'પ્રણવ'
ત્યાં શૂન્યનો સ્વીકાર છે, હું શું કહું?

ફ્લૅટ નં-૩૦૩(સી/૩૦૩)
સી.વિંગ, શિવ ઓર્કિડ
ગોકુલ હોટલ પાસે,
વિમલનાથ સોસાયટી પાછળ,
સુરેન્દ્રનગર ૩૬૩૦૦૧
મો. ૯૮૭૯૬૮૪૯૦૬

ગઝલ

જિગર જોષી 'પ્રેમ'

બધે ભાગ લીધો અને વળી કરી છે બધે હરીફાઈ પણ,
નથી ભોળપણ કશા કામનું ; નથી કામની ચતુરાઈ પણ.

ભલે પાર કીધું તળાવને; ભલે કાઢી જોયો નદીનો તાગ,
જુઓ સહુની આંખે ચઢી પીડા, ભલે તળિયે જઈને લપાઈ પણ.

કરી જોઉં છું હજી પણ મનન; નથી સાથ દેતું છતાંય મન,
આ જનમ તો કપરો જનમ રહ્યો; નડે છે હવે શરીરાઈ પણ.

હતું શું અને હવે શુંય છે; હવે એની ક્યાં છે ફિકર કશી,
જે પડ્યું છે કોઠે, પીડે નહીં; નથી દેતી સુખ આ નવાઈ પણ.

કોઈ વાર એવું થયું 'જિગર' કે ડગીમગી ગયો છે પહાડ,
કોઈ વાર એવું થયું 'જિગર' કે ન ટસની મસ થઈ રાઈ પણ.

૫૯-ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ,
સવાણી કિડની હૉસ્પિટલ સામે,
રાજકોટ - ૩૬૦૦૦૫
મો. ૯૯૨૫૧૫૭૪૭૫





તેજ નજર
જિજ્ઞેશ ગોંડલિયા
મો. ૯૮૨૫૨૮૬૪૦૧


વન લતા
પ્રશાંત પટેલ
મો. ૯૪૨૭૫૫૪૧૪૬



વહાણવટું
કમલ ગોસ્વામી
મો. ૯૩૨૭૮૦૦૯૮૭




હું હજી ઊભો જ છું...

હાર્દિક વ્યાસ

આપણી વચ્ચે થયેલા રોજ આંદોલિત થતા સંવાદનો આધાર લઈને હું હજી ઊભો જ છું.
કોઈએ શીખવ્યો નથી, કક્કો કદી ઘૂંટ્યો નથી એનો ફરી ઉચ્ચાર લઈને હું હજી ઊભો જ છું.
ગામના ફૂટી ગયેલાં દર્પણોના મોક્ષ માટે એ અજાણ્યા શહેરથી પ્રતિબિંબ લઈને આવે છે,
માર્ગમાં ભૂલા પડેલા હોઠના ઉદ્ગાર વાંચી, દૃશ્યનો સૂનકાર લઈને હું હજી ઊભો જ છું.
આરતીના નાદમાં ખોવાય છે હોવાપણું ને શંખનાદે ઓગળે છે દેહનાં સૌ બંધનો,
એક પંક્તિમાં સતત રમમાણ રહેતાં મંજીરાંનો વૈભવી રણકાર લઈને હું હજી ઊભો જ છું.
હું ધરાથી વિસ્તરી આકાશમાં વ્યાપી રહ્યો છું, હું ક્ષિતિજો પાર ઉદ્ભવતું સુરીલું ગાન છું.
તેં મને પ્રગટાવવા દીવો કર્યો, શ્લોકો ભણ્યા તો જ્યોતનો અવતાર લઈને હું હજી ઊભો જ છું !
આ સમયને પાર કરવા પળ ઉપર પણ ગોઠવી હું સાત જન્મોની સફર ઉકેલવા મથતો રહું,
જેટલાં જેવાં મળ્યાં એ જન્મનાં છળ ભોગવીને આ જન્મનો સાર લઈને હું હજી ઊભો જ છું.
તે ભલે પિંજરની અંદર પાંખનો મહિમા કરીને પાંખની પૂજા કરીને પાંખને ઈશ્વર ગણી ;
આભને તરસી રહેલી ચાંચનો સ્વર સાંભળીને પાંગળો સંચાર લઈને હું હજી ઊભો જ છું .
કોઈ ખૂણામાં પડેલી રંગભેદે ત્રસ્ત રહેતી વાંસળીના છિદ્રમાં હું ફૂંક થઈ પડઘાઉ છું,
રાગમાં, આરાધમાં, ને આગવી સર્જનકલામાં શ્વાસનો અણસાર લઈને હું હજી ઊભો જ છું.
"હું નથી"થી આદરી "હું છું" અને "હું કોણ છું?" એ પ્રશ્નનો ઉત્તર ભવોભવ શોધવા ભમતા રહ્યા,
હું મને ભરવા ચહું છું એક ખાલી પાત્રમાં ને વાયુનો આકાર લઈને હું હજી ઊભો જ છું...!

વૃંદાવન પાર્ક ૩,
એસ.ટી. ડિવિઝન સામે,
રામેશ્વર મહાદેવ મંદિરવાળી શેરી,
લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧
મો. ૯૮૨૫૪૧૫૬૯૫



ગઝલ

ભરત વિંઝુડા

તને ન મેળવી શકવાની પણ હતાશા છે,
ગઝલ રચાય છે, એમાંય મોહમાયા છે.

તનેય હોય છે એવી રીતે જ બે બાજુ,
નદી છે એક અને એને બે કિનારા છે.

પડ્યા કરે છે ઉપરથી નીચે શિલાઓ કંઈ,
પહાડ કોણ કહે છે હજીય આખા છે!

દઈને નામ હું બદનામ નહીં કરું એને,
મનેય પ્રેમ કરે એવી એક જનાના છે.

શિકાયતો જ બધી માત્ર ધ્યાનમાં આવે,
કર્યા ન હોય હજી એવા કંઈ ખુલાસા છે.

'રામકૃપા', ખાદી કાર્યાલય પાસે,
સાવરકુંડલા, જિ. અમરેલી - ૩૬૩૫૧૫
મો. ૯૪૨૬૪૫૬૯૩૪



ગીત

યોગેશ પંડ્યા

ઝાડવેથી ટપ્પ દઈ પાંદડું ખરે.. એમ આયખેથી ખરી જતાં વરસો..
જો જો હો જીવતરના ઝળહળ સૂરજ ! તમે અધવચ્ચે એમ ના આથમશો
જીવતરનો કાંઠો ને શ્વાસોની નાવ,
વળી રાત-દિન તરસે છે ભીના અભાવ,
રેશમિયા ઘાવમાં કળતાં રહે કાળજાં,
તોય હજી ઊભા ભૂતકાળના લગાવ !

દોમદોમ રજવાડા જેવા ઓ દિવસો રે! રાત દી એવા સાંભરશો..
સાંજુકના સૂરજ શા આથમતા ઓરતા,
સ્મરણો તો હૈયાની આગવણ ફંફોળતાં,
ડૂબી'ગ્યા આયનામાં જોવાના દિવસો
આંખોમાં બૂઝતી એ શગને સંકોરતાં,
નંદવાતાં જાય મારાં સપનાં તમામ હવે દર્પણને ક્યાં લગી ધરશો?

કાયાની કોટડીમાં અંધારું થાય
કોઈ આવે છે લેવાને એવા ભણકારા,
રૂંધાતી નાડીઓ ને ડચકાતી કાય છે,
છુપ્યા છુપાય નહીં કાળ તણા અણસારા,
વીંધાતો જાય છે એક પછી એક મારા શ્વાસોનો નમણો આ નકશો..

૧૪૧, શિવનગર (જૂના), તળાજા રોડ,
કામધેનુ મરચાવાળી ગલી,
ભાવનગર - ૩૬૪૦૦૨
મો. ૯૨૬૫૦ ૬૮૫૨૭.

રમ્યો છું

કુમાર જૈમિનિ શાસ્ત્રી

ગમ ને ખુશીઓના રંગો ઘોળીઘોળી રમ્યો છું,
એકલતાની હર મોસમમાં હોળીહોળી રમ્યો છું.

સહજ મળ્યું તે અપનાવીને, જતું રહ્યું તે વિસરાવીને,
હોવાના સમદરમાં ડિલને ચોળીચોળી રમ્યો છું.

સરખેસરખું રમનારું પણ કો' ના મળ્યું જન્મારે
એકલપંડે નિજની સાથે ટોળીટોળી રમ્યો છું...

'કોઈ અચાનક જતું રહ્યું' ના ખાલીપાની વચ્ચોવચ
એકલતાનો આસવ ખુદ પર ઢોળીઢોળી રમ્યો છું.

સૃષ્ટિમાં આવીને પાછું કોઈના માથે પડવાનું,
એવા એક જણને સૃષ્ટિમાં ખોળીખોળી રમ્યો છું.....

૧૦૧, સુજય ફ્લેટ્સ, શાશ્વત ફ્લેટ જોડે,
બોડકદેવ મ્યુનિસિપલ ઑફિસ સામે,
મ્યુનિસિપલ બગીચાની પાસે,
જજીસ બંગલો, બોડકદેવ, વસ્ત્રાપુર,
અમદાવાદ - ૩૮૦૦૫૪
મો. ૯૪૨૮૫૫૦૫૪૩





પંખી ઊડ્યું પાંખાળું

પુષ્કરરાય જોષી

હે જી! મારું ભાયગ કેવું ભમરાળું!
કે આ પંખી ઊડ્યું પાંખાળું,
ભરડો લૈને ભીંસે છે ભીંતો,
હૈયાને મારી તાળું.....

અંધ સરીખો હું ખુદને ફંફોળું,
પણ ક્યાંયે હાથ ન લાગું;
રાત દિવસની ભાંગીને ભ્રમણા,
શું ઊંઘું કે શું જાગું?
મનમાં ઠસોઠસ ભરી મુરાદોને
કેમ કરીને હું ટાળું?.....

જીવન જાણે ધગધગતી ભઠ્ઠી,
રોજ બળીને થઉ ખાક;
ત્રાટક્યાં તીડ અરે! ઓચિંતાં રે!
ઉજાડ્યો ઊભો આ પાક,
ખંભે નાખી તનને વેંઢારું,
લેખ લખ્યા શેં ટાળું?.....

૪૭૯, ગુજરાત હાઉસિંગ બોર્ડ,
કણકોટ પાટિયા, કાલાવડ રોડ,
રાજકોટ -૩૬૦૦૦૫
મો. ૯૯૨૫૧૬૫૧૬૪

ગીત

કેતન પી. જોશી

પથ્થર કાજે પથ્થર થઈને પથ્થરને મેં પૂછ્યું'તું,
એલા સહેજ ડાબે ક્યાંય દુખ્યું'તું?

પથ્થરમાં પણ ફૂટે કૂંપળ, પથ્થરને પણ સ્પંદન,
પથ્થરમાંથી ઈશ ઊઘડે એ જ પથ્થરને વંદન,
ભીની આંખે પથ્થર પૂછે- "કોઈએ આંસુ લૂછ્યું'તું?"
એલા સહેજ ડાબે તને દુખ્યું'તું?

રામનામ લખીને માથે જળસમાધિ લીધી,
સંસ્કૃતિની લાજ રાખી, છે પથ્થરની આ સિદ્ધિ,
ચરણનો એ સ્પર્શ પામવા હરખભેર કોઈ ડૂબ્યું'તું,
એલા સહેજ ડાબે ક્યાંય દુખ્યું'તું?

પથ્થરની આ પાટીમાં, પથ્થરને શિક્ષણ આપો,
પથ્થરથી જ અગ્નિ પ્રગટે હવનકુંડમાં સ્થાપો,
વૃક્ષની ડાળે, માણસ ઉપર ..કોઈ એને પૂછ્યું'તું?
એલા સહેજ ડાબે ક્યાંય દુખ્યું'તું ?

અશોકનો એ શિલાલેખ ને ગરવો ગઢ ગિરનાર,
છે છુપાયો પાયામાં, ના દે કદી અણસાર,
પાદરે થઈ પાળિયો કફન ઓઢી કોઈ સૂતું'તું,
એલા સહેજ ડાબે ક્યાંય દુખ્યું'તું?

બ્લોક નંબર -૫૦
અવધ રેસિડન્સી, ચિતલ રોડ
અમરેલી -૩૬૫૬૦૧
મો. ૮૧૬૦૩૦૪૮૪૪

એની લટમાં

હરજીવન દાફડા

પટમાંથી ઘટમાં જઈ પાછાં પટમાં દરસે,
ધરતીઢંકાં બીજ ફરીને વટમાં દરસે.
સો સૂરજનું અજવાળું પણ ઓછું લાગે,
એવી ઝળહળ આભા એની લટમાં દરસે.
કલ્પનના કિલ્લાઓ પર જઈ શું કરવાનું ?
નૂર અમૂલખ આલમનું પરગટમાં દરસે.
નીરખવા - પારખવાની કળથી જોયું તો,
હરિ, શ્વાસની હળવીશી આહટમાં દરસે.
સાવ અજાણી આંખો ક્યાંથી ઓળખવાની ?
હોય પ્રતીતિ પૂરણ તો ઘટઘટમાં દરસે.

"સાહેબ" ૭, દ્વારકેશ નગર,
વેસ્ટર્ન પાર્ક પાસે, ચિત્તલ રોડ,
અમરેલી - ૩૬૫૬૦૧
મો. ૯૯૭૯૦૫૧૨૭૩



સૉક્રેટિસની ઉક્તિ

ઉદયન ઠક્કર

(સૉક્રેટિસે કોટડીમાં અંતિમ દિવસે, ઈસપની વાર્તાઓ
પર આધારિત કવિતા રચી હતી-- 'ફીડો,' લેખક પ્લેટો.)
વિચારને હું અઢેલી જરાક બેઠેલો
ત્યાં મારી કોટડીમાં આવ્યો એક ઠીંગુજી
વળેલા પાય, વળી કાળી, કૂબડી કાયા
શું કોઈ હોઈ શકે મારાથીય કદરૂપું?

પછી તો ધીરે રહી એક કાચબો આવ્યો
લઈને પીઠ પરે, સૂઈ ગયેલા સસલાને
પગેરું દાબતું આવી પહોંચ્યું એક શિયાળ
ને સાથે કાગડોયે ચાંચમાં લઈ પૂરી
સૂતેલા સિંહની પૂંછડીએ દોડ્યો ઉંદરડો
ટિંગ! કૂકડીએ ઈંડું મૂક્યું સોનાનું

બધાંએ કૂબડાને ફૂલહાર પહેરાવ્યો
હજી હું જોઉં ન જોઉં, ત્યાં સૌ અલોપ થયાં!

વિચારે હું ચડ્યો કે કોણ આ હશે?
ઈસપ?
ને એને મળવા જે આવી તે...
વારતાઓ હશે?



મને થયું કે બધી આમતેમ રઝળે છે
વસાવું એમને હું લાવ, મારાં કાવ્યોમાં

કવિતા ક્યાં? અને આ મારા જેવો ફિલસૂફ ક્યાં?
મેં કાવ્ય માટે પૂરી જિંદગી શું શું ન કહ્યું?
કે એ નકલની નકલ છે, એ જૂઠું બોલે છે
ને મારા શિષ્યે તો આદર્શ દેશ એને કહ્યો
કે જ્યાં ન હોય કવિઓ!
હું આરે આવીને આયુષ્યના
રચું કાવ્યો?

સરી ત્યાં આવી પરી વાયરાના હિલ્લોળે
જરીક પાંપણે બેઠી
જરીક આંગળીએ
દશે દિશામાં થયા નાના, નમણા વિસ્ફોટો
ને મારી કોટડી કાળી, ઝબૂકવા માંડી
મેં વારતાને લડાવીને લાડ બોલાવી
ને મારી પંક્તિઓમાં હળવે હળવે ઝુલાવી

***

થઈશ મુક્ત હું આજે આ કોટડીમાંથી
કરીશ એંઠી હું આજે પિયાલી અમૃતની

હવે જો કોઈ પૂછે તો તમે કહી શકશો--
રચી ગયો હતો એક કાવ્ય પણ
આ સૉક્રેટિસ

લક્ષ્મી નિવાસ, ત્રીજો માળ
કાશીબાઈ નારંગી રોડ
ગામદેવી,
મુંબઈ ૪૦૦૦૦૭
મો. ૯૮૨૦૦૮૬૪૫૮

પણે ઊંડે મારી

મંગળ રાવળ 'સ્નેહાતુર'

(શિખરિણી / સોનેટ)
સવારે પ્રાચીમાં મૃદુલ મનથી વાયુ મુજને ;
કહે છે તારે તો સ્થગિત બનવું ના ન જરીએ.
અને તું ઊર્જાથી સકળ દુનિયાને અવનવું
બતાવી દીયો તો પથ ઊજવશે પાછળ બધે !

બપોરી વેળાએ સફર કરવા નાવ પર હું ;
જતો ત્યારે ત્યાં કો' હળુક દઈને સાવ પડખે
કહે બેસો જૈએ, જરી ન ડર રાખો ન મુજનો
તમારી થૈને હું જીવનભર યાદે સળવળું !

પડે રાત્રી ને ત્યાં સકળ સમણાં નીત તડપી
કહે તું તારામાં સમજ વણતું પાઠ ભણવા.
કશું ના સંગાથે : જૂઠ જરઠ માયા જગતની
જગાડી લે શ્વાસે અનુપમ તાણો દોર વિભુનો !

મને વૈચારું ને ઊણપ પડછાયે પ્રજળતી
પણે ઊંડે મારી અસલ રવની ઋત્વ ઢળતી !

સિકોતર સેવાંશ, રમ્ય રોચક પંચવટી,
અયોધ્યાનગર અંબાલા,
મુ.પો.અંબાલા, તા.બહુચરાજી
જિ.મહેસાણા (ઉ.ગુ.) ૩૮૪૪૧૫
મો.૯૭૨૭૫૮૭૭૧૦



જીવન પતંગ જેવું

દિનેશ દેસાઈ

આંખો પતંગ, જુલ્ફો રેશમી દોર છે;
આંખો લડાવશું, બે આંખમાં જોર છે.

લાગ્યા નજર-નજરના પેચ, તો સમજો;
આકાશ આંખમાં ને બ્હાર કલશોર છે.

ધાબું ભરી ભરી પીધા કરી છે સતત,
છું ચોર તો, નજર એનીય ચિત્તચોર છે.

એ ફીરકી બનીને, ઢીલ દેતી રહી,
ઊડે પતંગ, પાલવ રેશમી કોર છે.

ઊંચે જવાય દે, કાપી જ નાખે પછી,
ધાબા ઉપર છવાયો એમનો શોર છે.

કાબૂ કમાન પર ક્યાંથી રહે પવનમાં,
આપ્યો પતંગને આખર છૂટો દોર છે.

ને પેચ લાગવા દે, ભાર દોરી ભલે;
ખેંચી જ કાઢવાનો એમનો તોર છે.

દુપટ્ટોય આંગળીએ બાંધશે જાળવી,
એ લાગણી સદા ગુલફામ - ગુલમ્હોર છે.

દસ્તૂર પતંગનો, ઊડતા સુધીની ગરજ,
ફાટી ગયા પછીની જિંદગી ઓર છે.

નમતો પતંગ હો તો વજનિયું બાંધવું,
આ શીખ જિંદગીની, આમ શિરમોર છે.

જીવન પતંગ જેવું, જે ચઢે, ઊતરે,
સૂરજ ઢળી જશે, નમતોય આ ખ્હોર છે.

બી/૧૦૪, શાયપ્રમ, સફલ પરિસર રોડ,
સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૭
મો. ૮૩૨૦૪૧૯૦૭૭

ગઝલ

મિલિન્દ ગઢવી

કોઈ રહ્યું ન સાથ, તો માળા કરી લીધી,
કરવી'તી ખુદથી વાત, તો માળા કરી લીધી!

લોકો બધાય વ્યસ્ત હતા કામકાજમાં,
મારે હતી નિરાંત, તો માળા કરી લીધી!

એની સભાના દ્વાર પર રોકીને કોઈએ,
પૂછી જો લાયકાત, તો માળા કરી લીધી!

કોઈએ કર્યા વખાણ તો તારે ચરણ ધર્યા,
કોઈએ કહ્યા ખરાબ, તો માળા કરી લીધી!

ના થઈ શક્યા કબીર કે મીરાં ન થઈ શક્યા,
ટૂંકી પડી વિસાત, તો માળા કરી લીધી!

બીજું કશું ન આવડ્યું અમને ઈલાજમાં,
આવી તમારી યાદ, તો માળા કરી લીધી!

૬૦૪, ઈસ્કોન પ્લેટિનમ એપાર્ટમેન્ટ,
મોતી પૅલેસ ટાઉનશિપ,
મધુરમ્, જૂનાગઢ - ૩૬૨૦૧૫
મો.. ૯૫૮૬૫૯૯૬૯૯





સ્વયંની શોધમાં...

રિન્કુ રાઠોડ

સ્વયંની શોધમાં જ્યારે અમે દર્પણ સુધી આવ્યાં.
ઘણાંના હાથ આપોઆપ ત્યાં પથ્થર સુધી આવ્યા.

તમારે કાજ લેવાયો હતો અંગૂઠો કોઈનો,
તમે એ જાણો છો તોપણ કવચ કુંડળ સુધી આવ્યા.

અમુક ગ્યા'તા અયોધ્યા ને અમુક લંકાય જઈ આવ્યા,
અને સહુ આખરે રાજા જનકના હળ સુધી આવ્યા.

અવાચક છે હજુ જેને થયાં છે રૂપનાં દર્શન,
નહીં જોનાર તો લાંબાલચક વર્ણન સુધી આવ્યા.

જતી રહી છે બધી જાહોજલાલી વ્હેણ બદલાતાં,
હતાં લોથલ, થયાં લખપત ને અંતે રણ સુધી આવ્યાં.

બ્લૉક ૭/૩૦૧
ચંદ્રશેખર આઝાદનગર,
સેક્ટર - ૬
ગાંધીનગર - ૩૮૨૦૦૬
મો. ૯૦૯૯૫૩૯૧૭૧

ચડતી અને પડતી

ડૉ. મનહર ઠાકર

ભરતી પછીની ઓટથી સાગર ઘણો પછડાય છે,
ચડતી પછી પડતી હવે એ વાત ત્યાં પડઘાય છે.

મોજાં ઉપર મોજાં ચડે, આંધી ઉપર આંધી ઘણી,
મઝધાર પણ અટકી પડે ને સ્હેજમાં અથડાય છે.

દોડે જુઓ ને કેટલું ધસમસ થતી એ પહાડથી,
નદીયું હવે દરિયો થવાને સામટી ઠલવાય છે.

સરતી જતી આ જિંદગીનો શો ભરોસો છે ભલા ?
જ્યાં જ્યાં ચડે, ત્યાં ત્યાં પડે એવી દશા સર્જાય છે.

કુદરત તણો જે ક્રમ હમેશાં હોય છે સચરાચરે,
પામી શકે ના માનવી તો આખરે અટવાય છે.

૪૦, શ્રીનાથજીનગર-૩,
ભરતનગર પાછળ, ભાવનગર : ૩૬૪૦૦૨
મો. ૯૪૨૬૮૫૧૨૯૦



મારો અવાજ

રમેશ પટેલ

યત્ન કરવા છતાં તમે
મારો અવાજ દાટી ન શકો.
મોહંજો-દડો અને હડપ્પાની ખંડિત દીવાલ પર
હજી આજેય
ઇતિહાસ બની પડઘાતો રહ્યો છે મારો અવાજ!
રામાયણ, મહાભારત, વેદ, ઉપનિષદોના શબ્દે શબ્દે સંભળાતો
મારો અવાજ.
પારિજાતની આંગળી પકડીને નીકળી પડેલો સુવાસિત મારો અવાજ.
ટહુકાના ખભે હાથ મૂકી ઋતુઓની આરપાર નીકળી ગયો છે...
પર્વતો પર અભિષેક કરતાં વાદળાં સાથે સદીઓથી વહેતો મારો અવાજ.
ભૂખ્યા લોકોનો જઠરાગ્નિ શાંત પાડવા
ચંદ્રની ચમકતી થાળીમાં-
તારાઓ અને નક્ષત્રો પીરસતો મારો અવાજ!
પર્વતોનાં પગથિયાં ઊતરતો ઝરણાંનો કિલકિલાટ કરતો
મારો અવાજ.
ઉદધિના જલતરંગે તરંગાતો, ગાતો...
ઘૂઘવતો, ઊછળતો
રહેશે મારો અવાજ!
યત્ન કરવા છતાં દાટી
ન શકો તમે...!

'પ્રાંજલ', ૩૦, આનંદવાટિકા સોસાયટી,
સરદાર પુલ પાસે, અડાજણ રોડ,
સૂરત- ૩૯૫૦૦૯
મો. ૯૮૨૫૧૦૦૨૫૫

જોઈએ

ગણપત પટેલ " સૌમ્ય "

બંધ છે એ દ્વાર ખોલી જોઈએ
શક્યતાને સ્હેજ ખોળી જોઈએ.

મૂળ એનાં કેટલાં ઊંડા હશે ?
માણસોને ચાલ ! ખોદી જોઈએ.

હા, કદાચિત્ ભીડમાં જોવા મળે,
માનવી એકાદ શોધી જોઈએ.

લઈ અલગ પીંછી અને રંગો થકી,
માનવીનું ચિત્ર દોરી જોઈએ.

હાથમાં શાંતિ, અમનનું શસ્ત્ર લઈ,
આ નકામાં યુદ્ધ રોકી જોઈએ.

નભ-ધરા વચ્ચે સફર શું હોય છે ?
એક ઝાકળને જ પૂછી જોઈએ.

લાવ તારો હાથ મારા હાથમાં
"સૌમ્ય" નૂતન માર્ગ ખોળી જોઈએ.

૫૦/ ત્રિશલાકુટિર સોસાયટી,
ઝાયડસ હૉસ્પિટલ રોડ, થલતેજ,
અમદાવાદ -૩૮૦૦૫૯
મો. ૯૮૨૫૨૦૪૧૩૭

ગામનું લોહી

ગોવિંદ દરજી "દેવાંશુ"

(મંદાકાંતા)
જાઉં પાછો વતન હરખે યાદ ભીની સતાવે ,
પાકા માર્ગે નજર પડતી ખુશ ત્યાં થૈ જવાતું.
જોયું દોડે ઝટપટ અહો ! વાહનો શું અનોખાં !
લોકો જાણે ધનિક ? પણ ના, ઉરથી દૂર લાગે.

સૂકાં સૂકાં હૃદય નીવડ્યાં નેહ જાણે મળે ના
આખો દા'ડો કલરવ કરે એ ફળી ક્યાં ગઈ લ્યા?
વાલીમાનું ઘર છલકતું વ્હાલનું વ્હેણ જાણે !
રે ! રે ! પ્યારી જળવિણ નદી રેત ખૂંચે જ આંખે !

છેલ્લે જોઉં વડ વતનનો ઉર ના ઉરે માયે !
ખાધેલા કૈં અતિ ઉમળકે ઓહ ! ટેટા રસાળા.
એ તો સાક્ષી જનજનતણો પેઢીઓનીય પેઢી
પાછો શ્હેરે તરત વળતો રંજ ઉરે છવાતો!

શહેરે ફૂટે મુજ વતનની વાત જાણે યુગોની!
ક્યાંથી ભૂલું ? સગપણ કદી ગામના લોહી સાથે .

સી-૫ તુલસીકુંજ સોસાયટી,
વૈભવહૉલની પાસે, ઘોડાસર,
અમદાવાદ - ૩૮૦૦૫૦
મો. ૯૪૨૮૧૧૮૦૦૭



અભરે ભરેલું આંગણું

પ્રદીપ રાવલ 'સુમિરન'



લોકો લખે છે ને લખું છું હું પણ,
ચાદર કબીરી, લ્યો વણું છું હું પણ!
કાગળ - કલમનાં બે ચક્કો છે ચાલુ,
દરણું શબદનું બસ દળું છું હું પણ!
મોલાત છે મબલક અમારી ભાષા,
કૂંપળ કક્કાની જો લખું છું હું પણ!
બારાક્ષરી તો બહુ જ અઘરી છે ભૈ,
એકાક્ષરી 'ઓઉમ્' ભણું છું હું પણ!
દુનિયા ચણે કાયમ દીવાલો કાળી.
ગઢ પ્યારનો પાકો ચણું છું હું પણ!
હું, લાકડી, ચશ્માં અને શબ્દો છે-
અભરે ભરેલું આંગણુ છું હું પણ!
અખબારની અવસાન નોંધો વાંચી-
વેઢા મનોમન, લ્યો ગણું છું હું પણ

'મા' મંગલમૂર્તિ, બ્લોક નં. ૫,
૩, સૂર્યોદય સોસાયટી, સેન્ટ મેરી સ્કૂલની સામે,
કાલાવાડ રોડ, રાજકોટ
મો. ૯૪૨૮૩૪૫૯૦૮



આભ કેવળ

હરીશ જસદણવાળા

આભ કેવળ ગીત ગાતું પાંખના રે,
આજ પંખી પાઠ વાંચે ઝાડના રે.

જ્યાં વિરહની વેદના ઘેરી વળે ત્યાં,
કોઈ ગોપી જાપ જપતી શ્યામના રે!

પથ્થરોને આવવાની છે મનાઈ,
જો નગરમાં ઘર બન્યા છે કાચના રે.

રાતનો વૈભવ ઘણો દેખાય છે ને,
ઝળહળે છે તારલાઓ યાદના રે!

આમ સામે પાર જાવાનું ય હરિને,
આજ નાવિક દામ ના લે નાવના રે!

એ-૫, શિવમ પાર્ક શેરી-૪
મહાદેવ મંદિર પાસે
આજી ડેમ સર્કલ રાજકોટ - ૩૬૦૦૦૩
મો. ૯૯૦૯૪૭૬૮૪૯

કાવ્ય

પારસ એસ. હેમાણી

પળ બે પળમાં નિર્ણય લીધો,
જઈને તળમાં નિર્ણય લીધો.

રણમાં પહોંચીને લાગ્યું કે,
ઉતાવળમાં નિર્ણય લીધો.

અંધારે પણ અજવાસ થયો,
શું ઝળહળમાં નિર્ણય લીધો?

નિર્ણય લેવો અઘરો લાગે,
લ્યો, અટકળમાં નિર્ણય લીધો.

રોમેરોમે ઝાકળ બાઝી,
જઈ વાદળમાં નિર્ણય લીધો.

સુખમાં આળોટીને પારસ,
ગંગાજળમાં નિર્ણય લીધો.

હેમાણી હૉસ્પિટલ,
કાન્તા સ્ત્રી વિકાસગૃહ નજીક,
ભક્તિનગર સોસાયટી,
રાજકોટ- ૩૬૦૦૦૨
મો. ૯૯૦૪૯૦૦૦૫૯

શેઢે ઊભો...

ભગીરથ બ્રહ્મભટ્ટ

શેઢે ઊભો સરગવો ને ખેતર વચ્ચે તલી
સરગવો તો ખાસ્સો ઊંચો તલી કુમળી કલી
તેર વરસની તલી તરસતી
સત્તર બ્હોરોએ
ધવલ ફૂલોની કામણ કાયા
નીરખ્યા કરતો તે
શેઢા પરથી નજર વછૂટી ખેતર વચ્ચે ચલી
શેઢે ઊભો સરગવો ને ખેતર વચ્ચે તલી
કાયા ઉપર પાસપાસમાં
ગાંઠો ફૂટતી કૈં
ખેતર ઊભી તલી બ્હેની
શેઢા સાથે ગૈ
નેહનજરિયાં એકમેકને મનથી મબલખ મલી
શેઢે ઊભો સરગવો ને ખતર વચ્ચે તલી
સરગવે કંઈ સિંગો નાચે
નાચે તા તા થેઈ
કાન ભરીને તલી સાંભળે
ગાંડી ઘેલી થૈ
કા'ન સરગવે રાધા થઈને તલી હેતથી ઢળી
શેઢે ઊભો સરગવો ને ખેતર વચ્ચે તલી

પ્લૉટ નં. ૮૬૪, 'ગ્રેસ' બંગલો,
સરદારનગર સોસાયટી પાસે,
મહાદેવ વિસ્તાર,
વલ્લભ વિદ્યાનગર.
મો. ૯૮૭૯૫૨૩૨૭૬

ઝીલોજી

લતા હિરાણી

પ્રગટી પ્રગટીને પાંગરતાં, અજવાળાં કોઈ ઝીલોજી
સૂરજનાં પગલાં સાચવતાં, અજવાળાં કોઈ ઝીલોજી
પહાડની ટોચે પથરાતાં, અજવાળાં કોઈ ઝીલોજી
ખીણ ખીણ ખમકારા કરતાં, અજવાળાં કોઈ ઝીલોજી
લયનાં ફૂલોને ખીલવતાં, અજવાળાં કોઈ ઝીલોજી
સૂરની નમણાશો પાથરતાં, અજવાળાં કોઈ ઝીલોજી
કળી-કળીના રોમ ચમકતાં, અજવાળાં કોઈ ઝીલોજી
પાન-પાનમાં ગાન છલકતાં, અજવાળાં કોઈ ઝીલોજી
દૂર-પાસની લીલા જોતાં, અજવાળાં કોઈ ઝીલોજી
ખુદને શિખવાડે એ ખોતાં, અજવાળાં કોઈ ઝીલોજી
એકલદોકલતામાં વસતાં, અજવાળાં કોઈ ઝીલોજી
શૂન્ય એકતારામાં બજતાં, અજવાળાં કોઈ ઝીલોજી

એ/૮૩ ગોયલ પાર્ક એપાર્ટમેન્ટ,
લાડ સોસાયટી સામે, સંદેશ પ્રેસ રોડ,
વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦૦૧૫
મો. ૯૯૭૮૪૮૮૮૫૫



ગઝલ

સોલંકી કરમસિંહ "આબાદ" પાલનપુરી

દુર્દશા તારો ઘણો આભાર છે,
શબ્દથી મારો હવે ઉદ્ધાર છે.

નામ એનો નાશ એ એક સત્ય છે,
મૃત્યુનો એથી જ તો સ્વીકાર છે.

ખોટી જગ્યાએ જતાવી એમને,
લાગણીઓ એટલે લાચાર છે.

જિંદગી સહુનેય વ્હાલી છે સદા,
મોત માટે કોણ અહીં તૈયાર છે?

તોય અજવાળે છે જગને કાયમી,
સૂર્યને ના કોઈ પણ આધાર છે.

મારી ખામીઓ બતાવે છે મને,
શત્રુઓનો એથી બસ આભાર છે.

કોઈને ના કામ લાગે જે કદી,
જિંદગી "આબાદ" ધિક્કાર છે.

ગામ-મોટા, તા. પાલનપુર
જિ-બનાસકાંઠા
પિન-૩૮૫૫૧૦
મો. ૯૯૭૮૪૬૭૮૦૬.

મારી વાત

હરીશ ધોબી

આટલેથી અટકતી નથી મારી વાત
ખલનાયકના ચહેરા જેવું આ શહેર
ધસી આવે છે મારી સામે પ્રતિપળ
હું 'ક્ષમા વીરસ્ય'નું સૂત્ર ગોખતો
બેસી રહ્યો છું નતમસ્તકે
પણ
આટલેથી જ અટકતી નથી મારી વાત
તમને કેમ કરીને સમજાવું
કે મારા જમણા હાથની આંગળીઓમાં
કેટલાં અશ્વસૈન્ય હણહણી રહ્યાં છે
અને તેથી જ હું ચૂપ છું
પણ
તેથી શું થાય ?
કદાચ... કવિતા!
પણ
તે પછી પણ
પ્રશ્ન તો રહે છે જ શેષ ટકવાનો
અને તેથી જ મિત્રો
આટલેથી અટકતી નથી મારી વાત...

ગાયત્રીનગર સોસાયટી,
કેનરા બૅંકની બાજુમાં,
ડેરોલ સ્ટેશન રોડ,
મુ.પો.તા. કાલોલ,
જિ. પંચમહાલ - ૩૮૯૩૩૦
મો. ૯૯૨૪૪૭૨૩૮૫



ધારણા

રેણુકા દવે

સખી, અમે છોડી છે સઘળીયે ધારણા,
આવે કો ફૂલ લઈ આવે લઈ કંટક, એ પળ પળનાં લઈશું ઓવારણાં.
સખી, અમે છોડી છે સઘળીયે ધારણા.
ધારણામાં નીરખે સૌ ખુદનો આનંદ અને રાખે દુ:ખ દર્દને અલાયદા
આપણ તો એટલું જ ધારીએ કે આપણા જ દેખાતા આપણને ફાયદા.
સુખ-દુખને હોય સખી પોતાના કામ એનાં હેતેથી કરીએ વધામણાં ..
સખી, અમે છોડી છે સઘળીયે ધારણા.
ધારણાનાં સઘળાંયે વસ્ત્રો ઉતારીને પળપળના જળમાં જઈ ન્હાવું,
સારું ખોટું તો નર્યો આપણો જ વહેમ, એમાં શાને રે રોવું હરખાવું ?
કુદરતના હાથોમાં સોંપી દઉં જાત એને કરવા દઉં એની વિચારણા ..
સખી, અમે છોડી છે સઘળીયે ધારણા.

બ્લોક - બી, ફ્લૅટ નંબર - ૫૦૧
સુકીર્તિ પાર્ક, કનકકલા - ૨ ની પાછળ,
કંચનભૂમિ ફ્લૅટની બાજુમાં, સેટેલાઈટ
અમદાવાદ - ૩૮૦૦૧૫
મો. ૯૮૭૯૨૪૫૯૫૪

તડકે...

ડૉ. ઘનશ્યામ દવે

લીલી, સૂકી ધરતી આખી, બળબળતી આ તડકે,
તરફડતું આ આખું વિશ્વ, અહંઅગ્નિમાં બળતું ભડકે.
પ્રકૃતિ તો સર્વવ્યાપી છે, જડ ચેતનમાં ચળકે,
અહીં તમારી કોને પડી છે, વાત સ્વયંની બધે જ છલકે.

હું જ શૂન્ય ને હું જ હિમાલય, વાત બધે છે રણકે...
કરો સરવાળો કે ગુણાકાર,
વાત પોતાની બાદબાકીએ અટકે.
પોતાના વર્તુળમાં અફળાઈ, માણસ કેવો મલકે...
અહીં તમારી કોને પડી છે, વાત સ્વયંની બધે જ છલકે.

હથેળીનું નેજવું ધરી..થોડું દૂર જુઓ તો ખરા,
વડલા નીચે ભાદરવાનો ભીંડો, ઊંચો થઈ થઈને,
વડને કહેતો ખસી જવાનું તડકે.
ગયો ભાદરવો ને બળી સુકાયો, અડિયલ ભીંડો તડકે...
અહીં તમારી કોને પડી છે, વાત સ્વયંની બધે જ છલકે.

સ્વયં બળે ને બાળે અવરને, માનવની આ જાત ઓળખને.
ઈર્ષ્યાના અગ્નિકુંડમાં યા હોમ કરીને કૂદે,
પછી સૌ બળે છે ભડકે, પોતપોતાના તડકે..
અહીં તમારી કોને પડી છે, વાત સ્વયંની બધે જ છલકે.

એ-૪૦૨, ચાણક્ય એપાર્ટમેન્ટ
દ્વારકાધીશ માર્કેટ પાછળ,
નેહરુ પાર્ક, જૂનાગઢ
મો. ૯૯૨૪૨૨૮૬૨૭

આભના રે...

વિજયસિંહ ચાવડા

આભના રે આયખામાં ઝાકળ વરતાય પછી
રંગભીની ધરતી પર રાધા પ્રગટાવજો.

એકવાર પાછું ફરી ગોકુળ વસે તો
મારા સમણાનો સાંવરિયો શ્યામ ત્યાં બનાવજો.

વાંસળીના સૂર મહીં રમતું મેલાશે પછી
કૂણેરું નામ એક રાધા.

છલોછલ કોલ મહીં છલકાશે એકવાર
જોબનિયા ઓરતા ના વાદા.

વાટી રે વાટીને પછી પીછેલી રાતનું
ગુલાબી ઘેન રે ઉતારજો...

નદીયું અવાવરી ને ઊછળતાં અંતરનાં
લળી લળી સ્પંદન પલાળશું.

કાંઠે કાલિંદીને ડાળીએ કદંબની
રમઝટ રાસની મઢાવશું.

વિરહિણી વેદનાનો સૂનોસમ ખાલીપો
બથ ભરી હૈયું પસવારજો.

એકવાર પાછું ફરી ગોકુળ વસે તો
મારા સમણાનો સાંવરિયો શ્યામ ત્યાં બનાવજો...

૧૧, સિદ્ધેશ્વરી વિલા,
પેથાપુર-મહુડી રોડ,
પેથાપુર, ગાંધીનગર
મો. ૯૪૨૬૦૪૮૪૪૭

તમે જતા રહેશો પછી...

મૃગાંક શાહ

તમને એમ છે કે, તમે જશો પછી, તમારા લોકો બહુ જ જીવ બાળશે,
પણ બહુ જલ્દી, ભીંત પર લટકાવેલા તમારા ફોટા ઉપર ધૂળ જામશે.

તમને એમ છે કે, તમે જશો પછી, તમારી કવિતાઓને સૌ વધાવશે,
પણ બધા તો તરત જ, તમારા કવિતાનાં પુસ્તકોને પસ્તીમાં નાખશે.

તમને એમ છે કે, તમે જશો પછી, લોકો તમારા કામને બહુ વખાણશે,
પણ બધા એને બદલે, તમે જે ભૂલો કરી એને જ કાયમ યાદ રાખશે.

તમને એમ છે કે, તમે જશો પછી, બધા જ તમારી આરતી ઉતારશે,
પણ બધા પોતાની નિષ્ફળતાને ઢાંકવા, તમારી ઉપર આળ લગાવશે.

તમને એક બહુ જ અગત્યની વાત, આ દુનિયામાં કોણ સમજાવશે?
કે તમે જતા રહેશો ને, એ પછીય આ દુનિયા રાબેતા મુજબ જ ચાલશે.

૮-બી, પ્રફુલ કૉલોની,
અકોટા ડી-માર્ટની સામે,
અકોટા, વડોદરા - ૩૯૦૦૦૭.
મો. ૯૮૯૮૨૪૮૬૬૪.



મારી દિવાળી

પ્રવીણ સરવૈયા

કોઈ ગોતી દ્યો આવી દિવાળી,
મા શણગારતી મારી દિવાળી.
પાદરથી ગોરમટી લઈ આવતી માડી ને
ઘર સામે ગારિયું પલાળતી,
ગાર્યુના પીંડા પર આંગળિયું થાપીને
દીવાલે ભાત્યું ચીતરતી.
આમ ખોરડું દેતી'તી ઉજાળી,
મા શણગારતી મારી દિવાળી.
ઉંબર પર લીંપણ ને ગૂંપણ ને કંકુના
સાથિયાઓ ભીંત્યે શોભાવતી,
ટોડલિયે દીવડા બે મૂકીને ઘર આખું
ખોબે ને ખોબે અજવાળતી.
એમ અંધારાં કાઢતી પંપાળી,
મા શણગારતી મારી દિવાળી.
ઘર આખાને દિવાળી લાવવાની વેતરણમાં,
રાત-દી ને કામે વળગાડતી,
બે છેડા ભેગા કરવાની મથામણમાં
સરવાળે પીડા લખાવતી.
એમ વેદનાને મનમાં હતી પાળતી,
મા શણગારતી મારી દિવાળી.
બેન્યુંનાં આણાં પરિયાણાંની ઉપાધિ
આવતી'તી સામે ને સામે,
ઝાઝેરી દોડધામને કારણે જ લાજ
એની રાખી હતી ઘનશ્યામે.
રામ બાજીને લેજો સંભાળી,
એમ શણગારજો મારી દિવાળી.

'હરિવંશમ્', ૫૭૬૧/બી,
પ્રમુખસ્વામીનગર,
વિદ્યાધીશ સ્કૂલની પાસે,
કાળિયાબીડ, ભાવનગર ૩૬૪૦૦૨.
મો. ૯૯૭૯૦૩૩૩૯૩

મારે કામ રહે છે આવું....

અલકા નવીનચંદ્ર મહેતા

મારે કામ રહે છે આવું...
અંધારા આંગણિયે દીવા પ્રેમતણા પ્રગટાવું,
ચાલ, તને હું અજવાળાનો અર્થ નવો સમજાવું,
હું સૌનાં દિલ બહેલાવું,
મારે કામ રહે છે આવું....
દર્દ ટળે દુખિયાનાં એવા માર્ગ નવા અપનાવું,
જરૂર પડે તો ઈશને પણ હું અંગૂઠા પકડાવું,
નવરા બેઠાં સમણાં વાવું,
મારે કામ રહે છે આવું....
ઘાવ રુઝાવી દે એવો હું શીતળ મલમ લગાવું,
નાસીપાસ થયેલા હૈયે ઉમંગ પુનઃ જગાવું,
આધાંને હું ઓરાં લાવું,
મારે કામ રહે છે આવું....
હક તો હું ક્યારેય કરું નૈ, કેવળ ફરજ બજાવું,
અમરત રાખું સૌના કાજે, વિષને ખુદ ગટકાવું,
સૌને સાચો રાહ બતાવું,
મારે કામ રહે છે આવું...
ધર્મ, વર્ગ ને વર્ણ ભૂલીને માનવધર્મ બજાવું,
સમય અને શ્રદ્ધાના સંગે, દુનિયા નવી રચાવું,
ઈચ્છા છે કે નવયુગ લાવું,
મારે કામ રહે છે આવું...

પ્લૉટ નં. ૫૫૯/એ-૩,
વાસ્તુનિર્માણ સોસાયટી,
સેક્ટર ૨૨, ગાંધીનગર - ૩૮૨૦૨૨
મો. ૯૯૨૫૨૩૯૩૧૪



ફાવશો નહીં

નટવર આહલપરા

વહેતી હવામાં હાથને લ્હેરાવશો નહીં,
મૂંગા રહીને આપ અહીં ફાવશો નહીં.

ઊંચી દીવાલો વચ્ચે રહો લ્હેરથી રહો,
દેજો હવાને વ્હેવા, બોલાવશો નહીં.

લોહી જ જોશે એવું નથી શાહી ચાલશે,
કિન્તુ નદીની રેતમાં લલચાવશો નહીં.

કાગળ એ કોઈ દરિયો નથી કે ડૂબી જશો,
એ દોસ્ત ! ઠાલા શ્વાસને શરમાવશો નહીં.

તો પણ કર્યાં મેં ઇંતજાર દિલ મનાવવાને,
મુજને ખબર હતી કે તમે આવશો નહીં.

'શ્રી પવનતનય', ૧૦૧, એસ્ટર ફ્લેટસ,
આર્યલેન્ડની નજીક, સ્પીડવેલ હાઈટની પાછળ,
મવડી એરિયા, રાજકોટ - ૩૬૦૦૦૫
મો. ૯૯૭૪૦૦૯૦૪૨


મનમોહિની
નલીન સૂચક
મો. ૯૪૨૭૨૫૨૨૦૪



પ્રકાશક : માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લિથોપ્રેસ, અમદાવાદ